તેથી હું, પંકજકુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં હથિયાર પરવાનેદારોએ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૯ થી ૫મી જાન્યુઆરી ૨૦૦૦ સુધી હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા નહિ. તથા સાથે રાખવા નહિ. હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે જાહેર ફરજ બજાવતી વ્યકિતઓ કે જેને જાતે અથવા તેના ઉપરી અધિકારીની સુચના અનુસાર આવું કોઈપણ હથિયાર જોડે રાખવું એ તેની કાયદાકીય ફરજનો ભાગ જ હોય,

INDEX

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આજરોજ તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/રજિ.નં.-સીઆરપીસી/૧૪૪/રજી નં.૬૬/૯૯.- વાપી નગરપાલિકાની સામાન્ય ચુંટણી તથા વલસાડ નગરપાલિકાની વોર્ડ નં. ૫ ની પેટા ચુંટણી આગામી તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૦૦ ના રોજ યોજાનાર છે. આ ચુંટણીના સરળ સંચાલન, આચાર સંહિતાની સુચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે, મતદાન મથકની આસપાસના વિસ્તારની અંદર તેમજ મતગણતરીના દિવસે મત ગણતરી કેન્દ્રના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

તેથી હું, પંકજકુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વાપી નગરપાલિકા તથા વલસાડ નગરપાલિકા વિસ્તારમાં મતદાનના દિવસે તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૦૦ ના રોજ મતદાન મથકની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર તેમજ મત ગણતરીના દિવસે તારીખ ૪થી જાન્યુઆરી, ૨૦૦૦ ના રોજથી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી મત ગણતરી કેન્દ્રના સમગ્ર વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચે જણાવેલ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા ચૂંટણી ફરજ પરના તમામ અધિકૃત વ્યક્તિઓ તથા ચૂંટણી સાથે સંકળાયેલ પોલીસ અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા ચુંટણી અધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૩) ચૂંટણી પંચ દ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ.

આજરોજ તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

નં. ડીસીબી / એમએજી / સીઆરપીસી/૧૪૪/રજિ. નં. ૬૭/૯૯.— વાપી નગરપાલિકાની સામાન્ય ચુંટણી તથા વલસાડ નગરપાલિકાના વોર્ડ નં. ૫ ની પેટા ચુંટણી યોજાનાર છે, તે સમયે જિલ્લાના પ્રજાજનો પોતાની માંગણી કે રજુઆતો પરત્વે વ્યકિતગત કે સમુહમાં જાહેરમાં ધરણાના કાર્યક્રમો, ઘેરાવોના કાર્યક્રમો અથવા ઉપવાસ ઉપર જવાના કાર્યક્રમો યોજાતાં કાયદો અને વ્યવસ્થા જાળવવા આવા કૃત્યો અટકાવવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી અને ઈષ્ટ જણાય છે તેવો મારો અભિપ્રાય છે.

તેથી, હું, પંકજકુમાર, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે વલસાડ જિલ્લાના વાપી નગરપાલિકા વિસ્તાર તથા વલસાડ નગરપાલકાના વિસ્તાર તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૦ સુધી કોઈ વ્યકિતગત અથવા સમુહમાં જાહેરમાં ધરણા ધરવા, ઘેરાવો કરવા તેમજ ઉપવાસના કાર્યક્રમ રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯ નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

પંકજ કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

હુકમ

નંબર એમએજી/વશી/૩૭૫૮/૯૯.—સને ૧૯૭૩ ના (સને ૧૯૭૪ નો બીજો એક્ટ) ફોજદારી અધિનિયમની કલમ-૧૭૪(૪) થી મળેલ અધિકારની રૂએ હું એચ. બી. વરિયા, જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા આથી નીચે જણાવેલ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને તેમની સામે જણાવેલ વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૭૪ ના અધિકાર તેઓ હવાલો સંભાળે ત્યાં સુધીના સમય માટે આપું છું.

અ. નં.	નામ અને હોદ્દો	કાર્યક્ષેત્રનો વિસ્તાર
૧	શ્રી આર. પી. આયર નાયબ મામલતદાર (મહેસુલ) વ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, મહેસાણા.	મહેસાણા તાલુકો

મહેસાણા, તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૯.

એચ. બી. વરિયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ ,મહેસાણા.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

વાંચ્યો :

(૧) રાજ્ય ચૂંટણી પંચ ગાંધીનગરના હુકમ નં. એસઈસી. ઈએલસી. સીઓસી. ૧૬/૧૯૯૯ તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૯ના પારા-૬

હુકમ

ક્રમાંક એમ.એ.જી. ૪૭૫. ચટણ. વશી. ૬૧૦૧ થી ૬૧૧૪.— ગુજરાત રાજ્ય ચુંટણી પંચ ગાંધીનગર દ્વારા રાજપીપલા નગરપાલિકાની આગામી સામાન્ય ચુંટણી તારીખ ૨જી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ યોજનાર છે. ચુંટણી અગાઉથી કામગીરી શરૂ થઈ જાય છે.

INDEX

અને તેના કારણે વાતાવરણમાં ઉત્સાહ ઉશ્કેરાટ અને તાણની અસર વર્તાય છે ચુંટણીઓ મુકત વાતાવરણમાં યોજાય તે જરૂરી છે. જેથી સામાન્ય નાગરિક ભયમુકત થઈને હળવી મનોદશામામાં રહીને પોતાનો મત આપવા જઈ શકે. આ સમય દરમ્યાન હથિયારો સાથે ફરતા માણસો ભયનું વાતાવરણ સર્જી શકે છે. અને શકય છે કે એના કારણે તંગદિલી પણ ઉભી થાય.

ઉપર્યુકત હકીકત ધ્યાને લેતાં નર્મદા જિલ્લામાં રાજપીપલા નગરપાલિકાની ચુંટણીઓ મુકત અને ન્યાયી ચુંટણી યોજાય અને લોકો તેમનો મત ભય મુકત રીતે આપી શકે તે માટે હેતુથી રાજપીપલા નગરપાલિકા વિસ્તાર તથા વડીયા ગામનો વિસ્તારમાં આવેલ તમામ હથિયારોના પરવાનેદારોને (ફાયર આર્મ્સ) હથિયારો સાથે ફરવા ઉપર પ્રતિબંધ મુકવાની આવશ્યકતા જણાય છે.

જેથી હું ર. ન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરુ છું કે (૧) નર્મદા જિલ્લા ના રાજપીપળા નગરપાલિકા વિસ્તાર તથા વડીયા ગામ વિસ્તાર કોઈપણ વ્યકિતને શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ (૨) ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી જાહેર માં હરવું ફરવું નહિ તથા આ બાબતે સક્ષમ અધિકારી જે હુકમ કરે તેનું યોગ્ય રીતે પાલન કરવુ અને પોતાનુ હથિયાર અન્ય કોઈ વ્યકિતને આપવું નહી કે હથિયાર સાથે જાહેરમાં ફરવા દેવા નહી.

નગરપાલિકા રાજપીપલાની ચુંટણી પ્રક્રિયા શરુ થઈ ગયેલ હોય અને ચુંટણીનો સમય બધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોઈ અને યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોય અને સુનાવણી રાખી શકાય તેમ ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુંકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ (૨) હેઠળ જાહેર કરું છું.

આ હુકમ તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૯ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણમાં લીધુ :—

(૧) રાજય ચૂંટણી પંચ ગાંધીનગરના હુકમ નં. એસઈ.સીઓસી. ૧૭.૧૯૯૯ તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૯.

(૨) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ ૧૭(૩)(ખ).

હુકમ

ક્રમાંક એમ.એ.જી. વશી. ૬૧૧૫ થી ૬૧૩૧.—ગુજરાત રાજય ચૂંટણી પંચ દ્વારા રાજપીપલા નગરપાલિકાની સામાન્ય ચુંટણી તારીખ ૨જી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ યોજાનાર છે. નર્મદા જિલ્લામાં રાજપીપલા નગરપાલિકાની ચુંટણીનું કાર્ય સરળતાથી અને શાંતિપુર્વક રીતે પુરુ થાય તથા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં લેતાં જાહેર સુલેહશાંતિ અને સુરક્ષની જાળવણી માટે રાજપીપલા નગરપાલિકા વિસ્તાર તથા વડીયા ગામ વિસ્તારમાં આપેલ અગ્નિ શસ્ત્રોના પરવાનો દારો પાસેથી તેમના અગ્નિ શસ્ત્રો પોલીસ સ્ટેશને જમા કરાવવાનો આદેશ આપવાનું જરૂરી જણાય છે. વાસ્તે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ ૧૭ (૩) (ખ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું ર. ન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટેટ, નર્મદા) રાજપીપલા આપના પરવાના હેઠળનુ અગ્નિ શસ્ત્ર તથા (દારૂગોળો હુકમ મળ્યેથી તાકીદે નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી અધિકૃત પહોંચ મેળવી લેવા આદેશ ફરમાવુ છું. જો આપને આ આદેશ સામે કોઈ વાંધો હોય તો આ આદેશ મળ્યે દિન-૭માં અત્રે રજુ કરવો આપના વાંધા બાબત આપની રજુઆત સાંભળી ગુણદોષ ધ્યાને લઈ આખરી નિર્ણય લેવામાં આવશે. જો તેમ કરવામાં ચુક થશે તો આપને કાંઇ કહેવુ નથી. તેવું માનવામાં આવશે. અને આપને આપનું હથિયાર આ આદેશ મુજબ નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે. પરવાનેદાર શસ્ત્ર તથા કારતુસો પોલીસ સ્ટેશનમાં જમા કરાવવામાં કસુર કરેલાનું માલમ પડશે તો પરવાનેદાર વિરૂધ્ધ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ હેઠળ કાનુની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો. જમા થયેલ ઉકત હથિયાર ચુંટણી પ્રક્રિયા પુરી થયા બાદ એટલે કે તારીખ ૧૦મી જાન્યુઆરી ૨૦૦૦ પછીના એક અઠવાડીયામાં પરત મેળવી લેવા.

નર્મદા, રાજપીપલા, તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૯.

અગ્નિશસ્ત્રો જમા કરાવવાપાત્ર વ્યકિતઓના નામની યાદી :
રાજપીપલા શહેર તથા વડીયા ગામના પરવાનેદારો :

અ.નં.	પરવાનેદારનું નામ સરનામું	લાયસન્સ નંબર
૧	૨	૩
૧	પ્રવિણસિહ રામસિહ રાજ રાજપૂત ફળીયા, રાજપીપલા.	૧૩૨
૨	સાહેબખાન સાહેબ અલીખાન પઠાણ કાલીકા મંદિર પાસે, સિંધીવાડ રાજપીપલા.	૧૩૮
૩	આસીફખાન તોફીકખાન બલુચી સીંધીવાડ, રાજપીપલા.	૧૩૯
૪	ફારૂકખાન ઉસ્માનખાન બલુચી સીંધીવાડ, રાજપીપલા.	૧૪૨
૫	પ્રભુભાઈ શંકરભાઈ ભૈયા રે. નવાફળિયા મોતીબાગ, રાજપીપલા.	૧૪૫
૬	મહેન્દ્રસિંહ દેવાસિહ રાવલજી રે. સીવીલ હોસ્પીટલ સામે, રાજપીપલા.	૧૪૬
૭	ગોહિલ જયસિહ હિરાસિહ રાજપીપલા, તા. નાંદોદ.	૧૪૭/૯૭
૮	દલીપસિંહ કમાન્ડો રે. રામવિલા, રાજપીપલા.	૪૭૨
૯	ચંદ્રકાન્ત રતનલાલ ગાંધી સ્ટેશન રોડ, રાજપીપલા.	૪૭૩
૧૦	આઈ. જે. મન્સુરી રે. કસ્બાવાડ નસીમ મંઝિલ, રાજપીપલા.	૫૨૧
૧૧	ધર્મેન્દ્રસિહ રત્નસિહ ગોહેલ રાજેન્દ્ર સોસાયટી, રાજપીપલા.	૫૨૫
૧૨	યોગેન્દ્રસિંહ રત્નસિંહ ગોહિલ રાજેન્દ્ર સોસાયટી, રાજપીપલા.	૫૩૩
૧૩	કલીમઉીન એમ. કુરેશી સ્ટેશન રોડ રાજપીપલા.	૧૦૫/૮૫
૧૪	વિજયાપાલસિહ કાલચંદ્ર રાધાકૃષ્ણ મંદિર પાસે, રાજપીપલા.	

૧	૨	૩
૧૫	વિનોદભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતિ માતૃછાયા સ્ટેશન રોડ રાજપીપલા.	૫૩/૯૫
૧૬	રણધિરસિંહ દલિપસિંહ કર્નલ રે. રામવિલા, રાજપીપલા.	૩૮/૯૦
૧૭	સબ્બીરહુસેન ઈબ્રાહીમ શેખ રે. દોલત બજાર, તા. રાજપીપલા.	૧૨૮
૧૮	ઉસ્માનખાન જે. ખત્રી, રાજપીપલા	૩૪૯
૧૯	યાસીનખાં અલ્લારખાં પઠાણ સીંધીવાડ, રાજપીપલા.	૧૮૯
૨૦	ભારતસિંહ મોહનસિંહ માંગરોલા પ્રમોદવિલા, રાજપીપલા.	૪૮/૯૩
૨૧	અફજલખાન અનવરખાન પઠાણ આરબ ટેકરી, રાજપીપલા.	૫૨/૯૫
૨૨	જરીરઅદી નસરવાનજી કોન્ટ્રાકટર લીલવાઢોળ, રાજપીપલા.	૪૦/૯૧
૨૩	ઈમ્તીયાજી હાફીજી એકમદ બલુચી રે. સીંધીવાડ, રાજપીપલા.	૧૪૬
૨૪	ધનજીભાઈ એમ. પટેલ રાજેન્દ્રનગર સોસાયટી, રાજપીપલા.	૩૩૩
૨૫	ભૂપતસિંહ રતનસિંહ રાજપૂત ફળિયા, રાજપીપલા.	૧૫
૨૬	શ્રીમતી મીનાબેન એ. કોન્ટ્રાકટર રે. લીલવા ઢોળ, રાજપીપલા.	૬૨
૨૭	ખાનમહમંદ બહેરામખાન બલુચી રે. સીંધીવાડ, રાજપીપલા.	૭૬
૨૮	મસીરખાન હમીદખાન પઠાણ સીંધીવાડ, રાજપીપલા	૯૧
૨૯	કાસમખાન જેખાન સિંધીવાડ, રાજપીપલા.	
૩૦	સાહેદ અલીખાન અંદાજખાન પઠાણ રે. રાજપીપલા.	૩૯૩
૩૧	જાલિમ એહમદ કાસમખાન રે. સીંધીવાડ, રાજપીપલા.	૩૮૭
૩૨	પ્રિન્સીપાલશ્રી, છોટુભાઈ પુરાણી, રાજપીપલા.	૨
૩૩	મનહરલાલ એમ. શેઠ, રાજપીપલા	૪૦૦
૩૪	આર. કે. દુલીપસિંહ રામવિલા-રાજપીપલા.	૪૭૨
૩૫	મકસુદખાન ઉસ્માનખાન બલુચી રાજપીપલા સિંધીવાડ.	૫૩૫
૩૬	સિકંદરખાન રામશેરખાન પઠાણ આરબ ટેકરા રાજપીપલા	૫૪૨
૩૭	વેચાણભાઈ મથુરગાઈ વસાવા રે. લાલ ટાવર પાસે, રાજપીપલા.	૫૪૬
૩૮	અબ્લદુ લતીફ મહંમદ ઈશાક શેખ રે. આરબ ટેકરા, રાજપીપલા.	૫૨૨
૩૯	ધર્મેન્દ્રસિંહ રત્નસિંહ મહીડા, રાજપીપલા	૫૨૯
૪૦	રફીક એહમદ ઉસ્માનખાન બલુચી રે. સિંધીવાડ, રાજપીપલા.	૫૩૦
૪૧	વિજયસિંહ ગુલાબસિંહ પરમાર રાજપૂત ફળિયા, રાજપીપલા.	૫૩૨
૪૨	નાસિરખાન હૈદરખાન ભલુચી સિંધીવાડ, રાજપીપલા.	૫૩૩
૪૩	નુરમહમંદ રસુલભાઈ શેખ નવા ફળિયા, રાજપીપલા.	
૪૪	ધર્મેન્દ્રકુમાર ચંદુભાઈ દેશમુખ રે. મહા વિદ્યાલય રોડ, રાજપીપલા.	૩/૯૯
૪૫	જયેશકુમાર મગનલાલ પટેલ રે. સ્ટેશન રોડ, રાજપીપલા.	૪/૯૯
૪૬	ડૉ. દર્શનાબેન ચંદુભાઈ દેશમુખ રે. મહાવિદ્યાલય રોડ, રાજપીપલા.	૫/૯૯
૪૭	શ્રીમતિ મંજુલાબેન ભારતસિંહ માંગરોલા કોલેજ રોડ, રાજપીપલા.	૬/૯૯

નર્મદા રાજપીપળા, તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૯.

વાંચ્યો :

(૧) ગુજરાત રાજ્ય ચુંટણી પંચ ગાંધીનગરના હુંકમ નંબર : ૮.કટ-આઉટ પડદાનાં પ્રદર્શન વગેરે પર નિયંત્રણ તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૫.

(૨) મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ધક) મુજબ

હુકમ

ક્રમાંક એમ.એ.જી. વશી. ग ૬૧૩૨ થી ૬૧૪૫.—ગુજરાત રાજય ચુંટણી પંચ ગાંધીનગર દ્વારા રાજપીપળા નગરપાલિકા ની આગામી સામાન્ય ચુંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ તારીખ ૨જી જાન્યઆરી ૨૦૦૦ના રોજ મતદાન થનાર છે. આ ચુંટણીમાં ઠરાવેલ ખર્ચની મર્યાદા ઉપર અસરકારક અંકુશ મુકવાનાં હેતુસર તથા મુકત અને ન્યાયી ચૂંટણી યોજાય તથા ચુંટણી સમય દરમ્યાન સામાન્ય જનતાને તથા વાહન ચાલકોને વાહન વ્યવહારની સમસ્યા નડે નહી અને મોટા બેનર્સ, કટઆઉટ, હોર્ડીંગ્સ વગેરે દ્વારા વાહન ચાલકનું ધ્યાન આવા ધ્યાનાકર્ષક વસ્તુઓ, તરફ જવાનાં કારણે અકસ્માત થવાનો સંભવ પણ રહે છે. તે શકયતાના નિવારણ હેતુથી નીચે મુજબ હુકમ કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું ર. ન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપળા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(અધક)થી મને મળેલ સત્તાની રૂએ હુંકમ કરું છું કે,

(અ) રાજપીપલા નગરપાલિકાની સામાન્ય ચુંટણી લડતા ઉમેદવારો લેખીત અધિકાર પત્ર, સિવાય કોઈપણ પ્રકારના કટઆઉટ, હોર્ડીંગ, ભીંતપત્રો ધજાપતાકા, પડદા ,કે વર્તમાનપત્રોમાં જાહેરાત આપી શકશે નહી;

(બ) આવી પરવાનગી આપતાં પહેલાં સરકારના કે સ્થાનિક સ્વરાજની સત્તાઓનાં સક્ષમ પ્રાધિકારીઓને ઝીણવટભરી તપાસ કરી ખાતરી કરવાની રહેશે કે જે સ્થળે આવું સાહત્ય પ્રદર્શનર્શિત કરવા માંગે છે તેને કારણે સામાન્ય પ્રજાજનની સલામતી કે સુરક્ષિતતાને તેવુ પ્રદર્શન બાધક નીવડતુ નથી તેમજ આવા પ્રદર્શનનાં કારણે કોઈ ટ્રાફીકનો કોઈ ભય ઉપસ્થિત થતો નથી. સક્ષમ અધિકારીએ જે કિસ્સામાં ઉમેદવારને લેખીત અધિકાર પત્ર જરૂરી તેવો મેળવવામાં આવ્યો છે કે કેમ તેની પણ ખાતરી કરવાની રહેશે;

(ક) આવા મોટા બેનર્સ, કટઆઉટસ હોર્ડીંગ વગેરે મુખ્ય માર્ગ પર, ચાર રસ્તાપર, સરકારી મકાનો પર કે મીલ્કતો પર, વીજળી કે ટેલીફોનનાં થાંભલા પર મુકવામાં આવ્યું હોય તો સંબંધકર્તા વિભાગ ના અધિકારીઓની લેખીત મંજૂરી મેળવવી. જો આવી મંજુરી સિવાય કોઇ બેનર્સ, કટઆઉટ હોર્ડીંગ વગેરે પ્રદર્શિત કરવામાં આવ્યું હોય તો તે તાકીદે ચુંટણી લડતા ઉમેદવારે પોતાનાં ખર્ચ અને જોખમે તાત્કાલિક દર કરાવવાનું/તોડી પાડવાનું રહેશે;

(ડ) કટ આઉટ, પાટીયા બેનર, વગેરે કોઇ જ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી/ચુંટણી અધિકારી જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

આ હુંકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૩ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી જાન્યુઆરી ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૮મી ડીસેમ્બર-૧૯૯૯ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચ્યો :

(૧) રાજય ચૂંટણી પંચ ગાંધીનગરના હુકમ નંબર ૧/ઈએલઈસી-સીઆસી-લાઉડ સ્પીકર તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૯.
(૨) મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) આર (૩) મુજબ.

હુકમ

ક્રમાંક એમ.એ.જી./વશી. ગ ૬૧૪૬ થી ૬૧૫૯.—ગુજરાત રાજય ચુંટણી પંચ ગાંધીનગર દ્વારા રાજપીપલા નગરપાલિકાની તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૦૦ ના રોજ થનાર સામાન્ય ચુંટણીનો કાર્યક્રમ જાહેર કરેલ છે. રાજય ચુંટણી પંચે રાજકીય પક્ષો તથા સરકારી તંત્ર વગેરે માટે આચાર સંહિતા અમલમાં મૂકી છે.

રાજય ચુંટણી પંચ ગાંધીનગરના વંચાણે લીધા આમુખ (૧) થી આપવામાં આવેલ આદેશ મુજબ ચુંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર વ્યાજબી નિંયંત્રણ રાખવા જણાવેલ છે.

ચુંટણી પ્રક્રિયા દરમ્યાન ચુંટણી લડતા ઉમેદવારો અને તેમના ટેકેદારો, કાર્યકર્તાઓ, તથા સમર્થકો ચુંટણી પ્રચાર માટે ઝુબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ સભાના ચોક્કસ સ્થળે તથા ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન, રીક્ષા, સ્કુટરો, સાયકલ વગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવે છે. જે ખુબ જ ઉંચા અવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકર સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં વહેલી સવારથી મોડી રાત સુધી ફરે છે. આનાં કારણે થતા ઘોંઘાટથી સામાન્ય જનજીવન અને ખાસ કરીને વૃધ્ધો, બીમાર તથા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી પડે છે. અને અવાજના પ્રદુષણથી ખુબ જ હેરાન થવું પડે છે. જેથી રાજપીપલા નગરપાલિકાની સામાન્ય ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરનો ઉપયોગ સંયમપૂર્વક થાય અને નાગરિકોને મુશ્કેલીઓનો ખ્યાલ રખાય તે હેતુથી વ્યાજબી નિયંત્રણ મુકવું આવશ્યક જણાય છે.

વાસ્તે હું ર. ન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપલા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) આર (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરં છું.

(૧) ચુંટણી જાહેરાતની તારીખથી શરૂ થતાં અને પરિણામ આવતા સુધીનાં સમય દરમ્યાન રાજપીપલા નગરપાલિકાની ચુંટણી લડતા ઉમેદવારો લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૯-૦૦ કલાક સુધી કરી શકશે.

(૨) કેટલીકવાર ચુંટણી લડતા ઉમેદવારો, પક્ષો, કે તેમના ટેકેદારો લાઉડ સ્પીકર વાહનમાં લગાડી વાહન ચાલતું જાય તેમ તેનો ઉપયોગ કરતા હોય છે. આ રીતનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૯-૦૦ કલાક સુધીમાં થઈ શકશે. આ સમય સિવાયનાં સમય દરમ્યાન જો ઉપયોગ કર્યો હશે તો તે માટેની સક્ષમ અધિકારીની લેખીત મંજૂરી મેળવવાની રહેશે. લેખીત મંજૂરી મેળવી નહી હશે તો લાઉડ સ્પીકર તથા તેના એમ્પલીફાયર તથા અન્ય સાધનો જપ્ત કરવામાં આવશે.

(૩) કોઈપણ જાહેર સભામાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૯-૦૦ કલાક સુધી જ કરી શકાશે. જો કોઈપણ સંજોગોમાં રાત્રીના ૨૨-૦૦ કલાક પછી ઉપયોગ માટેની પરવાનગી આપવામાં આવે તો પરવાનગી આપનાર સક્ષમ અધિકારીશ્રીએ ખાતરી કરવાની રહેશે. કે જાહેર શાંતિને ખલેલ પહોંચતી નથી.

(૪) ચૂટણી લડતા ઉમેદવાર, રાજકીય પક્ષ, તથા તેના ટેકેદારોએ લાઉડ સ્પીકર કોઈ ચાલતા વાહનો પર લગાડી ઉપયોગ કરવા માંગતા હશે તો ક્યું વાહન એટલે કે ટ્રક છે. ટેમ્પો છે, મોટર ટેક્સી છે, રીક્ષા છે કે સાયકલ રીક્ષા છે. તેના રજીસ્ટ્રેશન અને અન્ય આેળખ નંબર સક્ષમ અધિકારીને જણાવવાનાં રહેશે. આવા વાહનો ઉપર સક્ષમ અધિકારીએ પરવાનગી આપી હશે તે પરવાનગી પણ આમ જનતા જોઈ શકે તે રીતે વાહન પર લગાડવાની રહેશે. આ પ્રકારની પરવાનગી સિવાય જો લાઉડ સ્પીકરનો ઉપયોગ થયો હશે તો લાઉડ સ્પીકર તથા તેના જોડાણ જપ્ત કરવામાં આવશે.

ઉકત આદેશોનો ચુસ્તપણે અમલ કરાવવાની જવાબદારી સક્ષમ લાઉડ સ્પીકરનો ઉપયોગ માટે રાજય સરકારની મંજૂરી આપનાર સક્ષમ અધિકારીની અને સ્થાનિક પોલીસ સત્તાધિકારીની રહેશે.

આ હુકમ ચુંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી એટલે કે તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આ હકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્રે થશે.

આજ તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી મુજબ.

ક્રમાંક : એમ.એ.જી. વશી. ૬૧૬૦ થી ૬૧૭૪.—ગુજરાત રાજય ચૂંટણી પંચ ગાંધીનગર દ્વારા રાજપીપલા નગરપાલિકાની તારીખ ૨જી જાન્યુઆરી ૨૦૦૦નાં રોજ થનાર સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરેલ છે. રાજય ચુંટણી પંચે આચાર સંહીતા અમલમાં મુકી છે.

રાજપીપલા નગરપાલિકાના મતદાનના દિવસે ચૂંટણીનાં મતદાન મથકની ૨૦૦મીટરની ત્રિજયામાં સર્વે ચુંટણી લડતા ઉમેદવારો મત.

INDEX

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન, વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારાઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદના અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ -૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨ માં) ની કલમ-૩૭ (૩) મુજબનો :

નંબર ડીસી/પીઓએલ / એમએજી / એસ. આર. ૬૨/૯૯.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું લલિત પાડલીઆ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨ માંથી) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૯ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૦૦ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

લલિત પાડલીઆ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૮ (૨) (ખ) મુજબનો.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ/રજિ. ૬૨/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨ ની કલમ-૩૮ (૨) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી વાપી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૧૯૯૯ તથા વલસાડ નગર પાલિકાના વોર્ડ નં. ૫ ની પેટા ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન ચૂંટણીની આચારસંહિતાને ધ્યાનમાં રાખતાં લાઉડ સ્પીકરનો ઉપયોગ ઉપર જાહેર હેતુસર ચૂંટણીના સરળ સંચાલન માટે તથા જાહેર જનતાને ઘોંઘાટ ન થાય તે માટે ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે વાહન ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ વાગ્યાથી સાંજના ૧૯-૦૦ કલાક સુધી જ કરવો. વાપી નગરપાલિકા, વલસાડ નગરપાલિકાના કોઈપણ વિસ્તારમાં સવારના ૮-૦૦ વાગ્યા પહેલાં અને સાંજના ૧૯-૦૦ વાગ્યા પછી લાઉડ સ્પીકરોના ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે ઉપયોગ કરવા તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૯ થી ૫મી જાન્યુઆરી ૨૦૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું. જાહેર મીટીંગ અથવા સરઘસના હેતુ માટે સ્થિર પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સ[illegible]રના ૮-૦૦ વાગ્યાથી સાંજના ૧૯-૦૦ કલાક ઉપરાંત વધારાના સમયમાં કરવાનો હોય તો આ બાબતે અધિકૃત અધિકારીશ્રીની પરવાનગી મેળવી લેવાની રહેશે.

INDEX

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(અ) ફરજ ઉપરના મદદનીશ ચુંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચુંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ.
(બ) સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતા અધિકારીશ્રીઓ અથવા તેઓને મદદ કરતા એજન્સીઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈ અધિનિયમ ૨૨ મો) ની કલમ-૧૩૬ મુજબ ત્રણ મહિના સુધીની કેદની સજા અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબ.

નંબર ડીસીબી / એમએજી / રજિ. ૬૩/૯૯.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૩(૧)(ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી વાપી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા વલસાડ નગરપાલિકાના વોર્ડ નં. ૫ ની પેટા ચૂંટણી તથા ચૂંટણીની આચાર સંહિતાની સુચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુક્ત અને ન્યાયી વાપી નગરપાલિકાની સામાન્ય ચુંટણી તથા વલસાડ નગરપાલિકાની પેટા ચૂંટણી માટે જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ વાપી નગરપાલિકાની તેમજ વલસાડ નગરપાલિકા વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળ કે રાજકીય બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી વાપી નગરપાલિકાની સામાન્ય ચુંટણીના તથા વલસાડ નગરપાલિકાના વોર્ડ નં. ૫ ના ભાવિ ઉમેદવારોને તારીખ ૨૨મી ડિસેમ્બર. ૧૯૯૯ થી ૫મી જાન્યુઆરી, ૨૦૦૦ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બંને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ચૂંટણી પ્રચાર માટે ફરતાં વાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડ સ્પીકર સાથેના વાહનો પરત્વે તેની પરવાનગી પત્ર કે જે પરવાનગી નંબર તારીખ સહીતનો (વાહનના કાચ ઉપર લગાડેલ) તો જ કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવ્યે રજૂ કરવાની રહેશે.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (ખ) જોગવાઈનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બંને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૩) (ઘ) (ખ).

નંબર ડીસીબી / એમએજી / રજી. નં. ૬૪/૯૯.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ-૨૨ ની કલમ ૩૩ (૩) (ઘ) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી વાપી નગર પાલિકાની સામાન્ય ચૂંટણી તથા વલસાડ નગર પાલિકા વોર્ડ નં. ૫ ની પેટા ચુંટણીની આચાર સંહિતા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ ની સુચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે, મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે, જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ વાપી નગરપાલિકા વિસ્તારમાં તેમજ વલસાડ નગરપાલિકા વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી નગર પાલિકાની સામાન્ય ચૂંટણીના ભાવિ ઉમેદવારોને તારીખ ૨૨મી-ડિસેમ્બર, ૧૯૯૯ થી ૫મી જાન્યુઆરી, ૨૦૦૦ કે જે ૧૫ દિવસ કરત વધુ નથી એવા બન્ને દિવસો સુધ્ધા નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(અ) કટઆઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહીં એટલે કે સરકાર, મ્યુનિસિપાલીટી કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાઓ (આવી-જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહીં).

(બ) જો કટઆઉટ / હોર્ડીંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઈએ.

૧. હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ × ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહીં.

૨. કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહીં.

૩. રાજકીય પક્ષ / ઉમેદવારે ખાનગી જગ્યામાં કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનર વિગેરે મુક્યા હશે તે જગ્યાના માલીકીની લેખિત મંજુરી લીધેલ હોવી જોઈએ. આ મંજુરી ચૂંટણી અધિકારી / પોલીસ અધિકારી જ્યારે માંગશે ત્યારે રજુ કરવાની રહેશે.

૪. કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનર વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ ચૂંટણી અધિકારી અને પોલીસ અધિકારીને કરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ જે તે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકેલ હોય તદ્નુસાર ઉમેદવારોના ચુંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાનો રહેશે.

૬. ખાનગી મિલ્કતામાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુસાર સબંધિત સત્તાધિકારીની પરવાનગી જરુરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જોઈએ.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૩) (ઘ) (ખ) જોગવાઈનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

INDEX

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૫/૧૯૯૯.—આગામી તારીખ ૨૫મી ડીસેમ્બર ૧૯૯૯ના રોજ ખ્રિસ્તી લોકો ક્રિસમસની ઉજવણી અંગે દેવળોમાં ભેગા થઇ પ્રાર્થના તથા મનોરંજનના કાર્યક્રમોનું આયોજન કરનાર હોઇ તેમજ વનવાસી સંગઠનો તથા હિન્દુ સંગઠનો દ્વારા હિન્દુ લોકોને ભેગા કરી હિન્દુ મહાસભાનું આયોજન થવાની સંભાવના હોઇ નવસારી જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી નવસારી જિલ્લાના (નવસારી નગરપાલિકા વિસ્તાર સિવાય) સમગ્ર વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવું જરૂરી જણાય છે.

નવસારી જીલ્લામાં (નવસારી નગરપાલિકા વિસ્તાર સિવાય) સમગ્ર નવસારી જીલ્લામાં તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૯૯ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૯ ના સમય દરમ્યાન ઘર્ષણ થવાથી અને જાહેર સુલેહ શાંતનો ભંગ થવાની સંભાવનાઓ નકારી શકાય નહી જેથી નવસારી જીલ્લામાં (નવસારી નગરપાલિકા વિસ્તાર સિવાય) સમગ્ર વિસ્તારમાં (બંને દિવસો સુધ્ધા) ૨૪-૦૦ કલાક સુધી ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવા પર હું કિરીટ કે. દુધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવું છું.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉનહોલ, સ્મશાન યાત્રા કે એસ.ટી બસમાં મુસાફરી કરવાં માંગતા મંદિર મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૨) જીલ્લા મેજિસ્ટ્રેટ કે જીલ્લા પોલીસ અધિકારીશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

(૩) આ અર્થે કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ અધિકારીઓ.

આજરોજ તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૯૯ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

કિરીટ કે. દૂધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રે ટ,
નવસારી,

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨ માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ

નં. ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭ (૩) / વશી / ૮૪૨૭/૩૨/૯૯.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવારનવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨ માં) ની કલમ-૩૭ની પેટા-કલમ (૩) થી મારી સત્તાની રૂઈએ હું, એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૦ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર

(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા સે. ૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેની પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૯ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

———

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ / જાહેરનામું/ ૩૭ (૧) વશી-૮૪૩૩ થી ૩૮ / ૯૯.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાટર્સ શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોય કાયદો-વ્યવસ્થાની પરિસ્થિત જળવાઈ રહે ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોય કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સૂલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૯ કલાક ૦૦-૦૦ થી તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૦ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છુ.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્યની ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, સે. ૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કપાઉન્ડ સિવાયનો)

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કપાઉન્ડ સિવાયનો).

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિવિધ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહી.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર જેઓને શારીરિક અશક્તિ છે તેવા કારણોસર લાકડી / સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ મારા સહી-સિક્કા કરી આપ્યા.

એસ. એલ. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

ક્રમાંક એમઓજી. અખબારી યાદી. વશી. ૬૧૭૫ થી ૬૧૮૪.—રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નગરપાલિકાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ તારીખ ૨જી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ મતદાન થનાર છે.

રાજપીપલા નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારો તરફથી પ્રચાર માટે, હેન્ડ બીલ, પ્લેકાર્ડ, પોસ્ટર વગેરે સાહિત્ય છાપવા અંગેનાં નિયમો ચૂંટણી પંચે બનાવેલ છે. અને તે મુજબ કોઈ પ્રિન્ટીંગ પ્રેસ તરફથી આવુ સાહિત્ય જ્યારે જ્યારે છાપવામાં આવે ત્યારે ત્યારે જે તે પ્રેસનાં માલીક કે મુદ્રક આવા સાહિત્ય પર ઉપર પોતાનું નામ, મુદ્રકનું નામ, સરનામું તથા છાપેલા સાહિત્યની સંખ્યા દર્શાવવાનું ફરજીયાત છે.

લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ ૧૯૫૧ની કલમ ૧૨૭(અ) હેઠળ આવુ સાહિત્ય છાપનાર તેની દશ (૧૦) નકલ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદાને મોકલી આપવાની હોય છે. તેમજ તે અંગે ફોર્મમાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને લેખીતમાં જાહેરાત કરવાની હોય છે. આ સુચનાનો

INDEX

તમામ પ્રીન્ટીંગ પ્રેસનાં માલીકો, મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ સુચનાઓનો ભંગ કરનાર સામે છ માસની જેલની સજા અથવા રૂપિયા બે હજારનો દંડ અથવા બંને પ્રકારની સજાઓ થઈ શકે છે.

પ્રેસ અને પુસ્તક રજિસ્ટ્રેશન અધિનિયમ-૧૮૬૮ અંતર્ગત જિલ્લામાં કોઈપણ પ્રીન્ટીંગ પ્રેસનાં માલીકો, મુદ્રકોએનું રજિસ્ટ્રેશન જિલ્લા મેજિસ્ટ્રેટે, પાસે કરાવવું ફરજીયાત છે. આવા રજિસ્ટ્રેશન કરાવ્યા વગરનું પ્રેસ ચાલુ કરવા ગુનાને પાત્ર ઠરે છે.

વધુમાં કોઈપણ પ્રીન્ટીંગ પ્રેસનાં સ્થળ બદલાયથી કે પ્રેસનાં માલીકમાં ફેરફાર થાય તો તે બદલનો એકરારપત્ર વિગતો ભરી એકરાર કરવો કાયદા હેઠળ ફરજીયાત છે.

ચૂંટણીનાં કામ સંબંધે છાપવામાં આવતાં પોસ્ટરો વગેરે સંબંધી છાપકામની વિગતો દર્શાવવા માટેની ફોર્મ જે તે તાલુકાનાં મામલતદાર શ્રીની કચેરીમાં મળી શકશે.

રાજપીપલા, તારીખ ૧૮મી ડીસેમ્બર ૧૯૯૯.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી / વશી / ૬૨૧૫ થી ૬૨૩૩.— નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ-પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં-અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હુ એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂં ફરમાવું છું. કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯ થી તારીખ ૪થી જાન્યુઆરી, ૨૦૦૦ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારિરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી, પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી એકઠા કરવા નહી. તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિયો અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો. પોકારવા નહિ અસ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવ ભાવ કરવા નહી તથા તેવા ચિત્રો પ્રતિકા પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બનાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યક્તિને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કામ કરતી કોઈ વ્યક્તિઓને. કે જેને તેના ઉપરી અધિકારી એ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારી ને જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિઓને,

અનુસુચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો

ક્રમાંક એમ.એ.જી / વશી / ૬૨૬૪ થી ૬૨૫૨.— નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસની મનાઈ ફરમાવું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના) મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા (રાજપીપળા) આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯ થી ના દિવસ સવારના ૦૦--૦૦ કલાકથી તારીખ ૪ થી જાન્યુઆરી, ૨૦૦૦ ના રોજ સાંજનાં ૨૪--૦૦ સુધી (બન્ને દિવસો સુધી) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અવા રોજગારમાં હોય તે વ્યક્તિઓ

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લઘન કરનાર મુંબઈ પોલીસ અધિ-નિયમ-૧૯૫૧ ની કલમ ૩૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ નાં ૪૫ માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ (૧ અને (૨ કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./ વશી / ૬૧૯૩ થી ૬૨૧૪.— તાજેતરમાં નાતાલ, ઈસુનુ નવું વર્ષ, રમઝાન ઈદને અને મકરસંક્રતિ જેવા ધાર્મિક તહેવારો આવતા હોઈ જાહેર સુલેહશાંતિનો ભંગ થવાનો સંભવ છે. સમગ્ર જિલ્લામાં કોમી એખલાસ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ બને નહીં. તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર ન પહોંચે અને આથી જાહેર સુલેહશાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવાનું ઈચ્છનીય છે એવો મારો અભિપ્રાય છે.

સબબ હું, એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપળા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ (૧) અને (૨) હેઠળ મને મળેલ સત્તાની રુએ સમગ્ર નર્મદા જિલ્લામાં ૪ (ચાર) થી વધુ વ્યકિતઓએ એક સાથે એકત્રિત થવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેના ફરજ ઉપરના પોલીસ / હોમગાર્ડ / ગ્રામરક્ષક દળના કર્મચારી તથા અધિકારી.

(૨) લગ્ન, વરઘોડો, સ્મશાન યાત્રામાં જોડાયેલ વ્યકિત.

ઉપરોકત હુકમ તારીખ ૨૦ મી ડિસેમ્બર, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર વ્યકિતને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના નામો) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ આદેશની નિયમોનુસાર પ્રસિધ્ધિ કરવી.

આજ તારીખ ૨૦મી ડીસેમ્બર, ૧૯૯૯ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપળા.

Supple. C. G. I-B 3

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLI] THURSDAY, JANUARY 20,/ 2000/ PAUSA 30, 1921 [No. 3

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaintng only to the Supplement to the Central Gazette.	106-337
Part-I-A	Order and Notification, (other than those published in Part IV-B) order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Act, pertaining only to Supplement to the Central Gazette.	3
Part I-B	Government Notifications published under Land Acquisitions Act only.	19-34
Part I-L	Notification, Order and Award other than those published in Parts I, IV-A, IV-B and IV-C, under (Central Industrial) Disputes Act and Gujarat Industrial Relations Act.	237-815

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS ETC.

BY DISTRICT JUDGE

Notification

No. 3728 of 1999.—In accordance with the provision contained in Para-625 of Civil Manual, Volume I, 1960, the District Judge, Panch Mahals, at Godhra is pleased to notify the following Holidays to be observed in the YEAR-2000.

The District Court and all the Subordinate Courts in the Panch Mahals District shall remain closed on these days.

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calendar	Day
1	2	3	4
1	Makar Sankranti	14th January 2000	Friday
2	Republic Day	26th January 2000	Wednesday
3	Maha Shivratri	4 th March 2000	Saturday
4	Bakri-Id-(Id-Ul-Aza)	17th March 2000	Friday
5	Holi-2nd Day (Dhuleti).	20th March 2000	Monday
6	Chetichand	6th April 2000	Thursday
7	Ram Navmi	12th April 2000	Wednesday
8	Dr. Baba Seheb Ambedkar's Birthday	14th April 2000	Friday
9	Good Friday	21st April 2000	Friday
10	Bhagvan Shri Parshuram Jayanti	6th May 2000	Saturday
11	Id--e-Milad-Un Nabi (Prophet Mohammad's Birthday).	15th June 2000	Thursday
12	(1) Raksha Bandhan	15th August 2000	Tuesday
	(2) Independence Day	15th August 2000	Tuesday
13	Parsi New Year Day	21st August 2000	Monday
14	Janmashtami (Krishna Jayanti)	23rd August 2000	Wednesday
15	Samvantsari (Chaturthi Paksha)	2nd September 2000	Saturday
16	Mahatma Gandhi's Birthday	2nd October 2000	Monday
17	Dussehra	7th October 2000	Saturday
18	Diwali (Extra)	24th October 2000	Tuesday
19	Diwali (Extra)	25th October 2000	Wednesday
20	Diwali	26th October 2000	Thursday
21	Diwali (Extra)	27th October 2000	Friday
22	Diwali-New Year Day	28th October 2000	Saturday
23	Diwali (Extra)	30th October 2000	Monday
24	Sardar Vallabhbhai Patel's Birthday	31st October 2000	Tuesday
25	Guru Nanak's Birthday	11th November 2000	Saturday
26	Christmas Day	25th December 2000	Monday
27	Ramzan-Id-(Id-Ul-Fitra)	28th December 2000	Thursday

Note :1. Ramzan-Id (Id-Ul-Fitra) 9th January 2000 (2) (i) Mahavir Jayanti 16th April 2000 (ii) Maharra 16thApril 2000 (3) BhaiBij 29th October 2000 have not been notified as they fall on Sunday.

2. If any of the Muslim Holidays notified above does not fall on the day notified, the Muslim Government Servants may be granted Optional Holidays on that day.

3. In addition to the Holidays notified above, Government Servants may avail of maximium of any two holidays on the festival occassions mentioned in Government of Gujarat, GAD Notification No. GS/99-45--PHD/ 1099/3535/GH, dated 3rd December 1999, at their option and irrespective of their religious denomination. Permission for availement of those optional holidays should however be applied for in advance and will normally be granted by the office competent to, grant casual leave, with the due regard to exigencies of Government work. This leave of two days taken by Government Servants at their option on the festival of their choice will not be debited in their casual leave account.

Godhra, 18th December 1999.

J. C. UPADHYAYA,
District Judge,
Panch Mahal's at Godhra.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

ક્રમાંક ૩૭૨૮ સને ૧૯૯૯.—સીવીલ મેન્યુઅલ વોલ્યુમ નં. ૧-૧૯૬૦ના ફકરા નં. ૬૨૫ અન્વયે પંચમહાલ જિલ્લાની તમામ અદાલતોમાં સને-૨૦૦૦માં નીચેના દિવસો જાહેર રજા તરીકે પાળવામાં આવશે અને તે તમામ દિવસોએ તમામ અદાલતો બંધ રહેશે.

અનુ. નંબર	જાહેર રજાનું નામ	અંગ્રેજી કેલેન્ડર મુજબ તારીખ	વાર
૧	મકરસંક્રાન્તિ	૧૪મી જાન્યુઆરી ૨૦૦૦	શુક્રવાર
૨	પ્રજાસત્તાક દિન	૨૬મી જાન્યુઆરી ૨૦૦૦	બુધવાર
૩	મહાશિવરાત્રી	૪થી માર્ચ ૨૦૦૦	શનિવાર
૪	બકરી-ઈદ (ઈદ-ઉલ-અઝા)	૧૭મી માર્ચ ૨૦૦૦	શુક્રવાર
૫	હોળી-બીજો દિવસ (ધુળેટી)	૨૦મી માર્ચ ૨૦૦૦	સોમવાર
૬	ચેટીચંદ	૬ઠ્ઠી એપ્રિલ ૨૦૦૦	ગુરૂવાર
૭	રામનવમી	૧૨મી એપ્રિલ ૨૦૦૦	બુધવાર
૮	ડૉ. બાબા સાહેબ આંબેડકરનો જન્મદિન	૧૪મી એપ્રિલ ૨૦૦૦	શુક્રવાર
૯	ગુડ ફ્રાયડે	૨૧મી એપ્રિલ ૨૦૦૦	શુક્રવાર
૧૦	ભગવાનશ્રી પરશુરામ જયંતી	૬ઠ્ઠી મે ૨૦૦૦	શનિવાર
૧૧	ઈદ-એ-મિલાદ-ઉન્નબી (મહંમદ પયગંબરનો જન્મ-દિન)	૧૫મી જુન ૨૦૦૦	ગુરૂવાર
૧૨	(૧) રક્ષાબંધન (૨) સ્વાતંત્ર દિન	૧૫મી ઓગષ્ટ ૨૦૦૦	મંગળવાર
૧૩	પારસી નૂતન વર્ષ દિન	૨૧મી ઓગષ્ટ ૨૦૦૦	સોમવાર
૧૪	જન્માષ્ટમી (કૃષ્ણ જયંતી)	૨૩મી ઓગષ્ટ ૨૦૦૦	બુધવાર
૧૫	સંવત્સરી (ચતુર્થી પક્ષ)	૨જી સપ્ટેમ્બર ૨૦૦૦	શનિવાર
૧૬	મહાત્મા ગાંધીનો જન્મ-દિન	૨જી ઓક્ટોબર ૨૦૦૦	સોમવાર
૧૭	દશેરા	૭મી ઓક્ટોબર ૨૦૦૦	શનિવાર
૧૮	દિવાળીની રજાઓ (વધારાની)-૨	૨૪મી ઓક્ટોબર ૨૦૦૦	મંગળવાર
૧૯	,, ,, ,,	૨૫મી ઓક્ટોબર ૨૦૦૦	બુધવાર
૨૦	દિવાળી	૨૬મી ઓક્ટોબર ૨૦૦૦	ગુરૂવાર
૨૧	દિવાળી (વધારાની)	૨૭મી ઓક્ટોબર ૨૦૦૦	શુક્રવાર
૨૨	દિવાળી-નૂતન વર્ષ દિન	૨૮મી ઓક્ટોબર ૨૦૦૦	શનિવાર
૨૩	દિવાળી (વધારાની)	૩૦મી ઓક્ટોબર ૨૦૦૦	સોમવાર
૨૪	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન	૩૧મી ઓક્ટોબર ૨૦૦૦	મંગળવાર
૨૫	ગુરનાનકનો જન્મદિન	૧૧મી નવેમ્બર ૨૦૦૦	શનિવાર
૨૬	નાતાલ	૨૫મી ડીસેમ્બર ૨૦૦૦	સોમવાર
૨૭	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફીત્ર)	૨૮મી ડીસેમ્બર ૨૦૦૦	ગુરૂવાર

નોંધ:(૧) (૧) રમઝાન-ઈદ (ઈદ-ઉલ-ફીત્ર) તારીખ ૯મી જાન્યુઆરી ૨૦૦૦, (૨) (i) મહાવીર જયંતી- તારીખ ૧૬મી એપ્રિલ ૨૦૦૦ (ii) મોહરમ- તારીખ ૧૬મી એપ્રિલ ૨૦૦૦, (૩) ભાઈ-બીજ ૨૯મી ઓક્ટોબર ૨૦૦૦નાં દિવસો રવિવારે આવતા હોવાથી તહેવારોને રજા તરીકે જાહેર કરેલા નથી.

(૨) ઉપર જાહેર કરેલી મુસ્લીમોની કોઈપણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લીમ કર્મચારીઓને મરજીયાત રજા આપી શકાશે.

(૩) ઉપર જાહેર કરેલ રજાઓ ઉપરાંત ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક નં. ગસ/૯૯-૪૫-પીએચડી/૧૦૯૯/જીઓચ, તારીખ ૩જી ડીસેમ્બર ૧૯૯૯માં જણાવ્યા પ્રમાણે સરકારી કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મીક સંપ્રદાયના બાધ વિના ઉપર જણાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ બે -મરજિયાત રજાઓ ભોગવી શકશે. આવી મરજીયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈશે અને સામાન્ય રીતે પરચુરણ રજા મંજુર કરનાર યોગ્ય અધિકારી સરકારી કામકાજની અગત્યતા જોઈને પરવાનગી આપશે. સરકારના કર્મચારીઓએ તેમની પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલી રજા તેમના પરચુરણ રજાઓના હિસાબોમાં ઉધારવામાં આવશે નહીં.

ગોધરા, તારીખ ૧૮મી ડીસેમ્બર ૧૯૯૯.

જે. સી. ઉપાધ્યાય,
જિલ્લા ન્યાયાધિશ,
પંચમહાલ, ગોધરા.

INDEX

Notification

No. B.8/1/ADM/45/2133 / of 1999.—In accordance with the provisions contained in Para 625 of Civil Manual Vol. I, 1960 the District Judge,. Mahesana is pleased to notify the following Holidays to be observed in the Year-2000. The District Court and all Courts subordinate to it in the Judicial District of Mahesana shall remain closed on those days :

Sr. No.	Name of the Holiday	Date according to Gregorian Calendar.	Day
1.	Makar Sankranti	14th January 2000	Friday
2.	Republic Day	26th January 2000	Wednesday
3.	Maha Shivratri	04th March, 2000	Saturday
4.	Bakri-Id (Id-Ul-Aza)	17th March, 2000	Friday
35.	Holi-2nd Day (Dhuleti)	20th March 2000	Monday
6.	Chetichand	06th April 2000	Thursday
7.	Ram Navmi	12th April 2000	Wednesday
8.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April 2000	Friday
9.	Good-Friday	21st April 2000	Friday
10.	Bhagvan Shri Parshuram Jayanti	06th May, 2000	Saturday
11.	Id-e-Milad-Un-Nabi (Prophet Mohamed's Birthday)	15th June, 2000	Thursday
12.	(1) Raksha Bandhan	15th August 2000	Tuesday
	(2) Independence Day	15th August 2000	Tuesday
13.	Parsi New Year Day (Parsi Sahenshahi)	21st August, 2000	Monday
14.	Janmashtami (krishna Jayanti)	23rd August, 2000	Wednesday
15.	Samvantsari (Chaturthi Paksha)	02nd September 2000	Saturday
16.	Mahatma Gandhi's Birthday	02nd October 2000	Monday
17.	Dusshera	07th October, 2000	Saturday
78.	Diwali (Extra)	25th October, 2000	Wednesday
19.	Diwali	26th October, 2000	Thursday
20.	Diwali (Extra)	27th October, 2000	Friday
21.	Diwali-New Year Day	28th October, 2000	Saturday
22.	Diwali (Extra)	30th October, 2000	Monday
23.	Sardar Vallabhbhai Ptatel's Birthday	31st October, 2000	Tuesday
24.	Diwali (Extra)	01st November, 2000	Wednesday
25.	Guru Nanak's Birthday	11th November 2000	Saturday
26.	Christmas	25th December 2000	Monday
27.	Ramzan-Id (Id-Ul-Fitra)	28th December 2000	Thursday

Note : (1) The following days have not been notified as public Holidays as they fall on Sunday.

1.	Ramzan-Id (Id-Ul-Fitra)	09th January, 2000
2.	(1) Mahavir Jayanti (Janmkalyanaka)	16th April, 2000
	(2) Muharram	16th April, 2000
3.	Bhai Bij	29th October, 2000

Note : (2)
In addition to the Holidays notified above Government Servants may avail of maximum of any two of the holidays on the festival occasions at their option and irrespective of their religious denomination, out of the list of Optional Holidays declared vide. Government Notification No. GAD/No. GS/99-45/PHD/1099/3535/GH, dated 03rd December, 1999. Permission for availment of those Optional Holidays should however, be applied for in writting in advance and will normally be-granted by the officer competent to grant casual leave with due regard to exigencies of the Court work which shouldnotbe affected in any way whatsoever. This leave of two days taken by Government Servants at their option on the festival of their choice which is not be debited to their Casual Leave Account.

Note : (3)
If any of the Muslim festival notified above, does not faill on the day notified, the Muslim servants of Government who choose the particular holidays may be granted an optional holidays on the day on which the festival actually falls, in lieu of a holiday on the day notified.

Mahesana, 17th December, 1999.

H. H. MEHTA,
District Judge,
Mahesana.

INDEX

જાહેરનામું

નંબર બી. ૮/૧/વહીવટ / ૪૫/૨૧૩૩/૧૯૯૯.— સીવીલ મેન્યુઅલ ભાગ-૧ સને ૧૯૬૦ ના ફકરા ૬૨૫ અન્વયે સને ૨૦૦૦ ના વર્ષ માટે મહેસાણા ડીસ્ટ્રીકટ જજશ્રી, નીચે જણાવેલ જાહેર રજાઓ પાળવાનું જાહેર કરે છે તે દિવસોએ મહેસાણા જિલ્લાની ડીસ્ટ્રીકટ કોર્ટ અને તેના તાબાની બધી કોર્ટો બંધ રહેશે.—

અનુ. નંબર	રજાનું નામ	ગ્રેગેરીયન કેલેન્ડર પ્રમાણેની તારીખ	દિવસ
૧	૨	૩	૪
૧	મકર સક્રાંતિ ...	૧૪મી જાન્યુઆરી, ૨૦૦૦	શુક્રવાર
૨	પ્રજાસત્તાકદિન	૨૬મી જાન્યુઆરી, ૨૦૦૦	બુધવાર
૩	મહા-શિવરાત્રી	૪થી માર્ચ, ૨૦૦૦	શનિવાર
૪	બકરી-ઈદ (ઈદ-ઉલ-અઝા)	૧૭મી માર્ચ, ૨૦૦૦	શુક્રવાર
૫	હોળી-બીજો દિવસ (ધૂળેટી)	૨૦મી માર્ચ, ૨૦૦૦	સોમવાર
૬	ચેટીચાંદ	૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૦	ગુરૂવાર
૭	રામ નવમી	૧૨મી એપ્રિલ, ૨૦૦૦	બુધવાર
૮	ડૉ. બાબા સાહેબ આંબેડકરનો જન્મ દિવસ	૧૪મી એપ્રિલ, ૨૦૦૦	શુક્રવાર
૯	ગુડ ફ્રાઈડે	૨૧મી એપ્રિલ, ૨૦૦૦	શુક્રવાર
૧૦	ભગવાન શ્રી પરશુરામ જયંતિ	૬ઠ્ઠી મે, ૨૦૦૦	શનિવાર
૧૧	ઈદે-મીલાદ-ઉન-નુબી (મહંમદ પયગમ્બરનો જન્મ દિવસ)	૧૫મી જુન, ૨૦૦૦	ગુરૂવાર
૧૨	(૧) રક્ષાબંધન (૨) સ્વાતંત્ર દિવસ	૧૫મી ઓગષ્ટ, ૨૦૦૦	મંગળવાર
૧૩	પારસી નવું વર્ષ (પારસી શહેનશાહી)	૨૧મી ઓગષ્ટ, ૨૦૦૦	સોમવાર
૧૪	જન્માષ્ટમી (કૃષ્ણ જયંતિ)	૨૩મી ઓગષ્ટ, ૨૦૦૦	બુધવાર
૧૫	સંવત્સરી (ચતુર્થ પક્ષ)	૨જી સપ્ટેમ્બર, ૨૦૦૦	શનિવાર
૧૬	મહાત્મા ગાંધીનો જન્મ દિવસ	૨જી ઓક્ટોબર, ૨૦૦૦	સોમવાર
૧૭	દશેરા	૭મી ઓક્ટોબર, ૨૦૦૦	શનિવાર
૧૮	દિવાળી (વધારાની)	૨૫મી ઓક્ટોબર, ૨૦૦૦	બુધવાર
૧૯	દિવાળી	૨૬મી ઓક્ટોબર, ૨૦૦૦	ગુરૂવાર
૨૦	દિવાળી (વધારાની)	૨૭મી ઓક્ટોબર, ૨૦૦૦	શુક્રવાર
૨૧	દિવાળી - નૂતન વર્ષ	૨૮મી ઓક્ટોબર, ૨૦૦૦	શનિવાર
૨૨	દિવાળી (વધારાની)	૩૦મી ઓક્ટોબર, ૨૦૦૦	સોમવાર
૨૩	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ દિવસ	૩૧મી ઓક્ટોબર, ૨૦૦૦	મંગળવાર
૨૪	દિવાળી (વધારાની)	૧લી નવેમ્બર, ૨૦૦૦	બુધવાર
૨૫	ગુરનાનકનો જન્મ દિવસ	૧૧મી નવેમ્બર, ૨૦૦૦	શનિવાર
૨૬	નાતાલ	૨૫મી ડીસેમ્બર, ૨૦૦૦	સોમવાર
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	6	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1098-1278

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ ૧ હેઠળ.

ક્રમાંક નંબર ઉ/ગપક/વશી//એસ.બી./જાહેરનામું/૩/૨૦૦૦.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું કે. એન. શર્મા, આઈ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૦ કલાક ૦૦--૦૦ થી તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૦ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધમી. પદાર્થો લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેકવાના અથવા નાંખવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની , તો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નિતીનો ભંગ થતો હોઈ અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા નિશાની ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાંની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હુકમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને

(૨) પોલીસ કમિશ્નર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૦ નાં રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર, સુરત શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા.

જાહેરનામું

નંબર ઉ/ગપક/ફા. પ્રે./૧૮૪૬-૨૦૦૦ તારીખ ૧૮મી જાન્યુઆરી ૨૦૦૦:— સને ૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૪) મુજબ જાહેર નામું સુરત શહેર પોલીસ ખાતા હસ્તકના ઉમરા ગામ નજીક ફાયરીંગ બટ સર્વે નંબર ૯૪, ૯૫ ૯૬, અને સર્વે નંબર ૮ ની વચ્ચે આપેલી જમીન ઉપર તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦ થી તારીખ ૨૮મી જાન્યુઆરી ૨૦૦૦ સુધી પોલીસ હેડ ક્વાર્ટર ખાતે અત્રેના પોલીસ અધિકારી કર્મચારીઓ વાર્ષિક ફાયરીંગ કરનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ ની મુંબઇ અધિનિયમ કલમ-૩૭ (૪) પ્રતિબંધી હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી છે.

આથી હું નાયબ પોલીસ કમિશનરશ્રી સુરત શહેરના હુકમ નંબર એમએસીબી-૧-૧૯૮૮-૨૯૦૬૫/તારીખ ૧૪મી નવેમ્બર ૧૯૮૮ મુજબ સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૪) મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત જીલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉમરા ગામની નજીક આવેલ સર્વે નંબર ૯૪, ૯૫, ૯૬ સર્વે નંબર વચ્ચે આપેલ પોલીસ ફાયરીંગ બટની જમીન ઉપર તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦ થી ૨૮મી જાન્યુઆરી ૨૦૦૦ દિન-૯ સુધી અત્રેના પોલીસ અધિકારી કર્મચારીઓનું વાર્ષિક ફાયરીંગ હોવાથી આજુબાજુના રહીશો તથા બહારના કોઇ પણ અનઅધિકૃત વ્યકિતઓએ ઉપરોકત તારીખો દરમ્યાન સવારના ૬-૦૦ થી સાંજના કલાક ૧૮-૦૦ સુધી આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહીં તેમજ તે હદમાં આવેલ તાપી નદીમાં હોડી ફેરવવી નહી કે માછલા પકડવા નહી તેમજ હોડી ઉભી રાખવી નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈસમોને ઇ. પી. કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી જાન્યુઆરી ૨૦૦૦ ના મારી સહી સિકકા કરી આપેલ છે.

એમ. સેકર
નાયબ પોલીસ કમિશનર,
(વહીવટ) સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

No. ADM/77 of 2000.—In accordance with in Para 625 of Chepter XXXI Of Civil Manual Vol. I, 1960 the District Judge,. Kheda At Nadiad is pleased to notify the Holidays as show below to be observed in the Year-2000. The District Court Kheda At Nadiad and all subordinate Courts to it in Judicial District of Kheda shall remain closed on those days :

Sr. No.	Name of the Holiday	Date according to Gregarian Calendar.	Day
1	Makar Sankranti	14th January 2000	Friday
2	Republic Day	26th January 2000	Wednesday
3	Maha-Sud-Purnima (Sakar Varsa)	19th February 2000 (OnlyFor Court at Nadiad Head Quarter)	Saturday
4	Maha Shivratri	04th March, 2000	Saturday

INDEX

1	2	3			4
5	Bakri-Id (Id-Ul-Aza)	17th	March,	2000	Friday
6	Holi-2nd Day (Dhuleti)	20th	March	2000	Monday
7	Chetichand	06th	April	2000	Thursday
8	Ram Navmi	12th	April	2000	Wednesday
9	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th	April	2000	Friday
10	Good-Friday	21st	April	2000	Friday
11	Bhagvan Shri Parshuram Jayanti	06th	May,	2000	Saturday
12	Id-e-Milad-Un-Nabi (Prophet Mohamed's Birthday)	15th	June,	2000	Thursday
13	(1) Raksha Bandhan	15th	August	2000	Tuesday
	(2) Independence Day	15th	August	2000	Tuesday
14	Parsi New Year Day (Parsi Sahenshahi)	21st	August,	2000	Monday
15	Janmashtami (krishna Jayanti)	23rd	August,	2000	Wednesday
16	Samvantsari (Chaturthi Paksha)	02nd	September	2000	Saturday
17	Mahatma Gandhi's Birthday	02nd	October	2000	Monday
18	Dusshera	07th	October,	2000	Saturday
19	Diwali (Extra)	24th	October,	2000	Tuesday
20	Diwali (Extra)	25th	October,	2000	Wedneday
21	Diwali	26th	October,	2000	Thursday
22	Diwali (Extra)	27th	October,	2000	Friday
23	Diwali -New Year Day	28th	October,	2000	Saturday
24	Diwali (Extra)	30th	October,	2000	Monday
25	Sardar Vallabhbhai Ptatel's Birthday	31st	October,	2000	Tuesday
26	Guru Nanak's Birthday	11th	November	2000	Saturday
27	Christmas	25th	December	2000	Monday
28	Ramzan-Id (Id-Ul-Fitra)	28th	December	2000	Thursday

Note : (1) The following public Holidays have not been notified as Public Holidays on account of

1.	Ramzan-Id (Id-Ul-Fitra)	09th	January,	2000
2.	(1) Mahavir Jayanti (Janmkalyanaka)	16th	April,	2000
	(2) Muharram	16th	April,	2000
3.	Bhai Bij	29th	October,	2000

as they fall on Sunday.

Note : (2)

In addition to the Holidays notified above Members of the staff may avail of maximum of any two (2) holidays on the festival occasions at their option and irrespective of their religious denomination, out of the list of Optional Holidays declared For the Year—2000. Permission for availment of those Optional Holidays should however, be applied for in writting in advance and will normally be granted by the officer competent to grant casual leave with due regard to the exigencies of the function of the Court and of the office work These leave of two days taken by Government Servants at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

Note : (3)

If any of the Muslim Holiday Notified above does not fall on the day notified, the Muslim Government servants may be granted an optional holidays holidays on the day on which the holiday is actually observed.

4. In the list of the above Holiday 19th February 2000 (Third. Saturday) has been declared as Holiday on account of Maha Sud Purnima Sakar Varsha fair celebrated in Santram Mandir at Nadiad for the Courts established at Nadiad Head quarter only and in lieu their of the courts at Nadiad Head quarter 26th february 2000 (4th Closed Saturday) shall be working day.

Kheda At Nadiad., 12th January, 2000.

M. D. SHAH,
District Judge,
Kheda At Nadiad.

INDEX

BY THE DISTRICT MAGISTRATE

Order

Order requiring the presence of detenue under section -8 of the Gujarat Prevention of Anti-social Activities Act 1985.

No. PASA/4/1999.—Whereas a Detention Order No. PASA/4/1999 has been made by me in respect of Shri Mahendra Budhiyabhai Chaudhary, R/o. Village-Umarvav, Taluka Vyara, District Surat on 27th August 1999.

Whereas it is reported that the said Shri Mahendra Budhiyabhai Chaudhary is absconding or concealing himself to avoid the service of the above detention order.

Now therefore, under the powers vested in me under section-8 of the Gujarat Prevention of Anti-social Activities Act-1985. I, Smt, Sangeeta Singh, IAS. District Magistrate, Surat hereby require the said Shri Mahendra Budhiyabhai Chaudhary who is stated to be belonging to village-Umarvav, Taluka Vyara District Surat to appear at Police Station, Vyara, District-Surat or at the office of the District Superintendent of Police, Surat Rural, Chowk Bazar, Killa, Surat within fifteen days of the date of publication of this order in the official gazette.

Issued under my seal and approval on this 28th September. 1999.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ પ્રતિબંધક ધારા--૧૯૮૫ ના કલમ-૮ હેઠળ અટકાયતીને હાજર થવાનો

નંબર પાસા / ૪/૯૯.— અત્રેનાં હુકમ નંબર : પાસા / ૪/૯૯, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૯ અન્વયે શ્રી મહેન્દ્રભાઈ બુધીયાભાઈ ચૌધરી, રહેવાસી : ઉમરવાવ નજીક, તાલુકો : વ્યારા, જિલ્લો : સુરતનો અટકાયતી હુકમ કરવામાં આવેલ છે.

ઉપરોકત હુકમના અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે શ્રી મહેન્દ્રભાઈ બુધીયાભાઈ ચૌધરી તેઓ ભાગી ગયા છે અથવા તેમના ઉપર ઉપરોકત હુકમનો અમલ ન થઈ શકે તે માટે નાંસતા સંતાતા ફરે છે.

જેથી હું સંગીતા સિંહ, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ પ્રતિબંધક ધારો--૧૯૮૫ ની કલમ--૮ અન્વયે મને મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે ઉપરોકત શ્રી મહેન્દ્રભાઈ બુધીયાભાઈ ચૌધરીએ વ્યારા પોલીસ સ્ટેશનમાં અથવા જિલ્લા પોલીસ અધિકારી સુરત ગ્રામ્યની કચેરી ચોકબજાર કિલ્લામાં સુરત મુકામે આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૫ માં હાજર થવું.

મારી સહી અને સિક્કો તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૯ના રોજ કરી આપ્યો.

Order

Order requiring the presence of detenue under Section 3 (2) and 7 (*1*) (b) of prevention of Black Marketing and Maintenance of supplies of Essential Commodities Act, 1980 No. PRV / PP / Tapasani / Atak / Rg. 12/99.

Whereas a detention Order No. PRV/PP/TAPASANI / ATAK / Rg. 12/99, dated 24th December 1999 has been made by me in respect of Shri Tilakraj Chananmal Sahani, Residence of 8/305/108, Kotasfil Road, Near Math, Surat. Where is it is reported that Shri Tilakraj Chananmal Sahani, Residence of 8/305/108, Kotasfil Road, Near Math, Surat is concealing himself to avoid the service of the above said detention order.

Now, therefore under the power vested in me under section 3 (2) and 7 (1) (b) of Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980. I Sangeeta Singh, District Magistrate, Surat hereby require the said Shri Tilakraj Chananmal Sahani, residence of 8/305/108, Kotasfil Road, Near Math, Surat to appear before the Commissioner of Police, Surat with in a week (7 days) of the date of publication of this order in the Official Gazette.

Given under my hand and seal this 7th day of February, 2000.

હુકમ

આવશ્યક ચીજ વસ્તુઓના કાળા બજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતનાં અધિનિયમ, ૧૯૮૦ની કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) હેઠળ અટકાયતીને હાજર થવાનો હુકમ નંબર પરવ/પીપી/તપાસણી/અટક/રજી. નં. ૧૨/૯૯.

અત્રેના હુકમ નંબર પરવ / પીપી/તપાસણી/અટક/રજી./૧૨/૯૯ તારીખ ૨૪મી ડીસેમ્બર ૧૯૯૯ થી શ્રી તિલકરાજ ચાનનમલ સહાની રહે. ૮/૩૦૫/૧૦૮ કોટસફીલ રોડ મઠની સામે સુરતનો અટકાયતનો હુકમ કરવામાં આવેલ છે અને ઉપરોકત હુકમના અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે શ્રી તિલકરાજ ચાનનમલ સહાની રહે. ૮/૩૦૫/૧૦૮ કોટસફીલ રોડ મઠની સામે સુરતને અટકાયત હુકમની બજાવણી કરવા સતત પ્રયત્નો કરતાં અત્રેનાં હુકમનો અમલ ન થઈ શકે તે માટે સદરહુ વ્યકિત છુપાતી ફરે છે.

જેથી હું સંગીતાસિંહ, જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત મને આવશ્યક ચીજ વસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ ની કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે ઉપરોક્ત શ્રી તિલકરાજ ચનનમલ સહાની રહે. ૮/૩૦૫/૧૦૮ કોટસફીલ રોડ, મઠની સામે સુરતના છે. તેમણે પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર રૂબરૂ આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭ માં હાજર થવું.

મારી સહી તથા સિકકો તારીખ ૭મી ફેબ્રુઆરી ૨૦૦૦ના રોજ કરવામાં આવેલ છે.

INDEX

ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉંમરગામ જિલ્લા વલસાડનાં ૨ કી. મી. વિસ્તારમાં તારીખ ૧૧મી જાન્યુઆરી ૨૦૦૦ થી તારીખ ૨૫મી જાન્યુઆરી ૨૦૦૦ સુધીના સમય સવારે ૭-૦૦થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારના કોઈ અનધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની **કલમ-૩૭(૧)** અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/ એમએજી/બીપીએ/રજી. નં. ૫/૨૦૦૦.—મુંબઈ **પોલીસ અધિનિયમ-(સને** ૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭ (૧) પ્રમાણે **મને મળેલ** સત્તાની રૂએ હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી પ્રજાસત્તાક દિન પૂર્વેની સ્થિતિને અનુલક્ષીને **જિલ્લામાં જાહેર** શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ **જાળવવા સારું જરૂરી** જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૧મી જાન્યુઆરી ૨૦૦૦ થી તારીખ ૫મી ફેબ્રુઆરી ૨૦૦૦ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું:—

કૃત્યો : —

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યક્તિઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યતિઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મા) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને સદરહુ વિસ્તારમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું હું આથી ફરમાવું છું.

આજરોજ તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો.

નં. ડીસીબી/એમએજી / બીપીએ / રજી.૬ / ૨૦૦૦.—જિલ્લામાં આગામી પ્રજાસત્તાક દિન તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારુ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૨૧મી જાન્યુઆરી ૨૦૦૦ થી ૫મી ફેબ્રુઆરી ૨૦૦૦ સુધી (બંને દિવસ સુધ્ધા) અનઅધિત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી. સરઘસ કાઢવું નહીં

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા કે એસ.ટી.બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ ,દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આથી હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફરમાવું છું કે, આ હુકમ વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરી બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજરોજ તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / રજિ. ૧ / ૨૦૦૦—મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું કિરીટ કે. દુધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, નવસારી જિલ્લાની સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૦૦ થી તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૦ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) કોઈપણ સ્ટોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા મશાલ લઈ જવાની. વ્યક્તિઓ અથવા તેના શબ અથવા પુતળા દેખાડવાની.

(જ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવા ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા અને પ્લે બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવાની અથવા ફેલાવો કરવાની.

અપવાદ :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગરૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેનું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઈ, તેવા પોલીસ અધિકારીને જે તે શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે, અને દંડની પણ સજા થશે.

હું આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમા સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને સદરહું વિસ્તારમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું

આજરોજ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે

કિરીટ કે. દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે.

ક્રમાંક એમએજી-વશી-૫૩.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર માં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂરી જણાયું છે.

જેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૦ નાં દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૦ નાં રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનૂસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો" :—

વધુમાં હું આદેશ કરું છું કે, આ **હુકમ નીચેનાને લાગુ પડશે નહિ :—**

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરશકદળની વ્યકિતઓને
(૩) કોઈ લગ્નના વરઘોડાને
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ નાં ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી જાન્યુઆરી, સને ૨૦૦૦ ના દિવસે મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ- નંબર-૨૨) ની કલમ ૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૨/૨૦૦૦.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું લલિત પાડલીઆ અધિક, જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૯મી જાન્યુઆરી ૨૦૦૦ થી તારીખ ૨જી ફેબ્રુઆરી ૨૦૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફર[illegible]

INDEX

Order

Order requiring the presence of detenue under Section 3 (2) and 7 (*1*) (*b*) of prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980 No. PRV/PP/Tapasani/Atak/Rg. 13/99.

Whereas a detention Order No. PRV/PP/TAPASANI / ATAK /Rg. 13/99, Dated 24th December, 1999 has/been made by me in respect of Shri Bhaveshkumar Ravjibhai Patel, Residence of Chetan Appartment, Ground floor, Dakal Pole, Rander, Surat. Where is it is reported that Shri Bhavesh Kumar Ravjibhai Patel, Residence of Chetan Appartment, Ground floor, Dakal Pole, Rander, Surat is concealing himself to avoid the service of the above said detention order.

Now therefore under the power vested in me under Section 3 (2) and 7 (*1*) (*b*) of Prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980. I, Sangeeta Singh, District Magistrate, Surat hereby require the said Shri Bhaveshkumar Ravjibhai Patel, Residence of Chetan Appartment, Ground Floor, Dakal Pole, Rander, Surat to appear before the Commissioner of Police, Surat with in a week (7 days) of the date of publication of this order in the Official Gazette.

Given under my hand and seal this 7th day of February 2000.

SANGEETA SINGH,
District Magistrate, Surat.

હુકમ

આ આવશ્યક ચીજ વસ્તુઓના કાળા બજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતનાં અધિનિયમ, ૧૯૮૦ની કલમ ૩ (૨) અને ૭ (૧) (બી) હેઠળ અટકાયતી હાજર થવાનો હુકમ નંબર પરવ/પીપી/તપાસણી/અટક/રજી. નં. ૧૩/૯૯.

અત્રેના હુકમ નંબર પરવ/પીપી/તપાસણી/અટક/રજી. ૧૩/૯૯ તારીખ ૨૪મી ડીસેમ્બર ૧૯૯૯ થી ભાવેશકુમાર રાવજીભાઇ પટેલ, રહે. ચેતન એપાર્ટમેન્ટ ગ્રાઉન્ડ ફ્લોર દકાળ પોળ રાંદેર સુરતનો અટકાયતનો હુકમ કરવામાં આવેલ છે. અને ઉપરોક્ત હુકમના અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે શ્રી ભાવેશકુમાર રાવજીભાઇ પટેલ, રહે, ચેતન એપાર્ટમેન્ટ ગ્રાઉન્ડ ફ્લોર દુકાળ પોળ રાંદેર સુરતને અટકાયત હુકમની બળજાવણી કરવા સતત પ્રયત્નો કરતા અત્રેના હુકમનો અમલ ન થઇ શકે તે માટે સદરહુ વ્યકિત છુપાતી ફરે છે.

જેથી હું સંગીતાસિહ, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત અને આવશ્યક ચીજ વસ્તુઓના કાળાબજાર થતાં અટકાવવા અને પુરવઠા જાળવવા બાબતનાં અધિનિયમ, ૧૯૮૦ની કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે ઉપરોક્ત શ્રી ભાવેશકુમાર રાવજીભાઇ પટેલ, રહે. ચેતન એપાર્ટમેન્ટ ગ્રાઉન્ડ ફ્લોર દકાળ પોળ રાંદેર સુરતનાએ તેમણે પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર રૂબરૂ આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭માં હાજર થવું.

મારી સહી તથા સિક્કો તારીખ ૭મી ફેબ્રુઆરી ૨૦૦૦ ના રોજ કરવામાં આવેલ છે.

સંગીતા સિહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ના કલમ-૩૩ (૧) (સી) અન્વયેનો.

નંબર પી.ઓ.એલ. / રીક્ષા-સ્ટેન્ડ / હિંમતનગર / ૯૯.— સને-૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ખંડ (સી) મુજબ બહાર પાડવા વિચારે જાહેરનામા નીચેના ઉક્ત કલમ-૩૩ ની પેટા કલમ-૬ મુજબ તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવા તમામની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે સરકારી રાજ્યપત્રમાં તે પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ પુરા થયાં બાદ સાબરકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ ઉક્ત ખરડો વિચારવામાં લેશે.

સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ પુરા થયા પહેલાં આ હુકમના ખરડા સંબંધ કોઈપણ વ્યકિત તરફથી લેખીત વાંધા કે સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સાબરકાંઠાને મળશે તો તે વિચારણામાં લેવામાં આવશે.

જાહેરનામાનો ખરડો

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ખંડ (સી) અન્વયે મળેલા અધિકારની રૂએ હું મનોજ અગ્રવાલ, (આઈ. એ. એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ સાબરકાંઠા, હિંમતનગર, હિંમતનગર નગર પાલિકા વિસ્તાર માટે. ઓટોરીક્ષા નીચે જણાવેલ જગ્યાએ તેમની સામે જણાવેલ સંખ્યામાં ઉભી રાખવાનું સ્ટેન્ડ નક્કી કરવા આદેશ કરું છું.

અનુ. નંબર	વિસ્તાર	જગ્યાનું નામ	રીક્ષા-સંખ્યા
૧	૨	૩	૪
૧	સેન્ટ્રલ બસ સ્ટેન્ડ	રાજેન્દ્ર કલબની આગળ ખુલ્લી-જગ્યામાં.	૧૦
૨	એસ. ટી. બસ સ્ટેન્ડ-	શિવમ કોમ્પલેક્ષ આગળ	૧૦
૩	ન્યાય મંદિર વિસ્તાર	રાજકમલ બિલ્ડીગ પેરેમાઉન્ટ--હોટલની સામે.	૫
૪	મોતીપુરા વિસ્તાર	કડીવાલા પેટ્રોલ પંપ મોતીપુરા--સામે.	૫
૫	મહાવીરનગર વિસ્તાર	લક્ષ્મીનારાયણ સોસાયટીના નાકા ઉપર.	૫
૬	મહાવીરનગર	ગાયત્રી મંદિર	૫
૭	સહકારી જીન વિસ્તાર	સહકારી જીન ૪ રસ્તા નેશનલ હાઈ--વે નં. ૮ ની બાજુમાં.	૫
૮	સાબરડેરી વિસ્તાર	બારોટની હોટલ પાસેની જગ્યામાં	૫
૯	મહેતાપુરા વિસ્તાર	સિધ્ધાર્થનગર મરઘા કેન્દ્રની--બાજુમાં	૫
૧૦	ગોકુલનગર વિસ્તાર	બળવંતપુરા સાઈડ	૫
૧૧	મહાવીરનગર વિસ્તાર	અંબાજી ચોક, પોલીસ ચોકી સામે	૧૦
૧૨	શારદાકુંજ સોસાયટી વિસ્તાર.	રામેશ્વર મંદિર (સ્મશાનગૃહની બાજુ).	૫
૧૩	નવા માર્કેટયાર્ડ--વિસ્તાર.	માર્કેટયાર્ડની ખુલ્લી જગ્યામાં	૫

ઉપરોક્ત હુકમનું ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં) ની કલમ-૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૩ ના ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

મનોજ અગ્રવાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નો કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએચ/વશી-૧૫૧-.૦/૨૦૦૦.--મુંબઇ પોલીસ ૧૯૫૧ સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું દિનેશ જે. બરડા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ આગામી રમઝાન ઈદ તથા મકર સંક્રાંતિના તહેવાનો તથા પ્રવર્તમાંન પરિસ્થિતિને આનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૭મી જાન્યુઆરી ૨૦૦૦ (બંને દિવસો સહીત) ના સમયગાળા માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક ચપ્પુ છરી, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) કોઈપણ ક્ષયથધમી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કઠા કરવાની તથા તૈયાર કરવની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિત્રકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતના

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈપણ ખંડનોં ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૭મી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ મારી સહી કરી સીકકો કરી આપેલ છે.

જાહેરનામું.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૨) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએચ/ વશી-૧૬૧-૭૦/ ૨૦૦૦ :--જિલ્લામાં આગામી દિવસોમાં આવતા રમજાન ઈદ તથા મકરસંક્રાંતિના તહેવારોને તથા પ્રવર્તમાન પરિસ્થિતિને આનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતાં મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું દિનેશ જે બરડા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ ફરમાવું છું કે ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૭મી જાન્યુઆરી ૨૦૦૦ થી તારીખ ૨૧મી જાન્યુઆરી ૨૦૦૦ (બને દિવસો સહિત) ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી. કે સરઘસ કાઢવું નહીં તે ચાર કરતા વધુ વ્યકિત ઓ એકત્ર ભેગા થવું નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાઘ હોય તેવી વ્યકિતઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને

(૪) મંદિર મસ્જિદ દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યકિતઓ

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ (૩) યથા ૨થચા ટો દાઝ. અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૭મી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ મારી સહી કરી સીકકો કરી આપેલ છે.

દિનેશ જે. બરડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ડાંગ આહવા.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તાલીમ/રજી. નં. ૪/૨૦૦૦. જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડના પત્ર નંબર હથર/સીબી-૨/વા. ફા./૩૦૬૧/૨૩૮/૨૦૦૦તારીખ ૭મી જાન્યુઆરી ૨૦૦૦ થી જણાવ્યાનુસાર જિલ્લાના પોલીસ અધિકારીઓ કર્મચારીઓનો ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ

INDEX

જે વાસ્તે હું, આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ -૩૩(૧) (બી) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તારીખ ૧૦મી જાન્યુઆરી ૨૦૦૦થી તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦ (બંને દિવસો સુધ્ધાં) દરમ્યાન સુરત (ગ્રામ્ય) જિલ્લા વિસ્તારમાં (પોલીસ કમિશ્નર. સુરત શહેર વિસ્તાર સિવાય) કોઈપણ વ્યકિતએ જાહેર રસ્તા જગ્યાઓ ઉપર પતંગો ઉડાડવા નહી. તેમ હાથમાં લાંબા ઝડા, વાંસ, વિગેરે લઈ કપાયેલા પતંગો કે દોરા મેળવવા જાહેર રસ્તા અથવા જગ્યાઓમાં દોડા-દોડ કરવી નહી કે હરવું ફરવું નહી. તેમ ટેલીફોનના કે ઈલેકટ્રીકના તાર ઉપર લંગર (દોરી) નાંખવાનું કૃત્ય કરાવવું નહીં.

સ્પષ્ટીકરણ.—રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

આ હુંકમનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૭મી જાન્યુઆરી-૨૦૦૦ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ન મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ન ૨૨માં) કલમ-૩૭(૩) મુજબનું.

નં. પલસ/વશી/ ૬૦ તથા ૬૧ થી ૭૦/૨૦૦૦.—આગામી તા. ૯મી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ મુસ્લિમોનો 'રમઝાન ઈદ' નો તહેવાર તથા તારીખ ૧૪મી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ હિદુઓનો 'મકરાંક્રાંતિ' ના તહેવારની ઉજવણી થનાર હોઈ સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતના હકુમત હેઠળના સુરત (રુરલ) જિલ્લામાં જાહેરશાંતિ અને સલામતી જાળવવા સારુ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂર જણાયું છું.

વાસ્તે હુ, આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨)માની કલમ-૩૭ની પેટા-૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જિલ્લામઃ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજથી તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો શુધ્ધાં) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી. કે સરઘસ કાઢવું નહી. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી. અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ

૧. આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમાં, ટાઉનહોલ, સ્મશાન-યાત્રા કે એસ.ટી. બસમાં મુસાફરી કરવા માગતાં મસ્જિદ દેવળમ પ્રાર્થના માટે જતી બોનોફાઈડ વ્યકિતઓએ લાગુ પડશે નહીં

૨. એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવનગી મેળવીને ભરાતી સભ લાગુ પડશે નહીં

૩. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારી મુંબઈ પોલીસ અધિનિયમ ૯૫ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ--૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) (૨) મુજબ.

નંબર પલસ/વશી/જાહરનામું /૬૦ તથા ૬૧ થી ૭૦-૨૦૦૦.—આગામી તારીખ ૯મી જાન્યુઆ ૨૦૦૦ના રોજ મુસ્લિમોનો 'રમઝાન ઈદ' નો તહેવાર તથા [illegible] ખ ૧૪મી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ હિદુઓનો 'મકરસં ાન્તી' ના [illegible] જવણી કરનાર હોઈ સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાની જરૂર છે તેવું મને જણાયું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમ) ની કલમ-૩૭ ૫ની પેટા કલમ-૧ અને ૨ અન્વયે મળેલ અધિકારની રૂએ હુ, શ્રી આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું કે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૦૦ થી તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦ (બંને દિવસો સુધ્ધાંત) સુધી કોઈપણ વ્યકિતએ.

(ક) શસ્ત્રો, દંડો, તલવાર, ઘોકા, બંદૂક, છરા, લાકડા કે લાકડી, લાઠી શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયધર્મી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંક-વામાં કે ધકેલવામાં શસ્ત્રો અથવા સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃત્તિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તેમજ તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુ તૈયાર કરવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વાડા કે તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારી જેને શારીરિક અશકિતને કારણે લાકડી લાઠી લઈ જવાની પર-વાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, વિસ્તાર સિવાય)

આ જાહેરનામા કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૪થી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ શેરુલા/વશી. ૭૩૫૨, ૭૫૪૮/૯૯, ૭૫૯૯/૯૯.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે સી.આઈ.એસ.એફ. યુનીટ યુ.ટી.પી.એસ. ઉકાઈના જવાનો તથા સી.આઈ.એસ.એફ. યુનિટ કે.જી.પી.પી. કવાસ સુરતનો અર્ધ વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૦ થી તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦ સુધી શેરુલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારુ હું આર. જે. માકડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરુલ ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૦ થી તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઇ સદરહું વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઈ પણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર-ઢાંખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૦ થી ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળ.

નંબર પલસ / ફાયરીંગ શેરુલા / વશી-૩૭૬/૨૦૦૦.— સુરત-જિલ્લાના ઉકાઈ ખાતેની રાષ્ટ્રીય અનામત પોલીસ દળ જુથ-૧૦ની-કચેરીનાં યુનિટનાં જવાનોનો વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૨૫મી જાન્યુઆરી ૨૦૦૦ થી ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૦ સુધી શેરુલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હું આર. જે. માંકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરુલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૦ થી ૫ મી ફેબ્રુઆરી, ૨૦૦૦ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારમા આજુબાજુ રહેતા તથા બહારની કોઈ પણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતાં ઢોરઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૦થી તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૦ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૦નાં રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

આર. જે. માકડીયા,
અધિક. જિલ્લા મેજિટ્રેસ્ટ, સુરત.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ.

નં. ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)/વશી-૩૭૧ થી ૮૦/-૨૦૦૦.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોય કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું એસ. એલ. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ--૩૭(૧)થી મને મળેલ સત્તાની રુંઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૩મી જાન્યુઆરી ૨૦૦૦ કલાક ૦૦.૦૦ થી તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૦૦ કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્ય નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ—૩ થી ઘ—૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ—૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, સે. ૨૧, ૨૨ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

INDEX

કૃત્યો:—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદૂક ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઇપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનુ હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણુ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છુ તેમજ લાકડી લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

(૨) કોઇપણ રીતે શરીરને હાનિકારક એવો કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડાવવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમીશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ : આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જે ઉપરી અધિકારીઓએ આવું કોઇપણ હથીયાર સાથે લઇ જવાનું ફરમાવ્યુ હોય અથવા કોઇપણ હથીયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડવા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જીલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારીએ અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઇપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ ૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ નંબર-૨૨) માંની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર ડી.સી./ પીઓએલ/ એમએજી/ એસ.આર ૩/ ૨૦૦૦.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, લલિત પાડલીયા, આ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઇ અધિનિમય નંબર ૩૩માંની અધિનિયમ ન કલમ-૨૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવુ છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૯મી જાન્યુઆરી ૨૦૦૦ ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨જી ફેબ્રુઆરી ૨૦૦૦ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવુ નહી.

અનુસૂચિ : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકૂમત સિવાયનો વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો ગલીઓ તથા પેટા ગલીઓના પણ સમાવેશ થાય છે.

અપવાદ: હુ આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા (ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયગમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

લલીત પાડલીઆ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક : એમ.એ.જી. વશી./૧૪૬ થી ૧૬૩.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં અધિનિયમની કલમ-૩૫૧ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હુ બી. ડી. નીનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સાર ફરમાવું છું, કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી જાન્યુઆરી ૨૦૦૦ થી તારીખ ૪થી ફેબ્રુઆરી ૨૦૦૦ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવુ બીજુ કોઇ સાધન સાથે લઇ જવુ નહિ.

INDEX

(૨) કોઈપણ ક્ષયકારી, પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનીકારક પ્રવાહી રસાયતણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાનાં કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ. તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો, પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવુ નહી.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ તેવા હાવ ભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો પ્રતિકા, પોષ્ટ-કાર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બનાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવુ કોઈપણ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યુ હોય, અથવા આવુ કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારી ને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને,

અનુસુચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધી ની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની સજા પણ થશે.

આજ તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

બી. ડી. નીનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

જાહેરનામું.

સન ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) મુજબ.

નંબર ઉ/મકમ/પલસ/મસજ/વશી/૧૭૭.—આગામી તારીખ ૨૬મી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી થનાર છે. સદર રાષ્ટ્રીય તહેવારની ઉજવણી સંદર્ભમાં કાયદો છે. અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય અને વાતાવરણ શાંતિમય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૪મી જાન્યુઆરી ૨૦૦૦ થી તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૨૦૦૦ (બંને દિવસો સહીત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવા નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, થી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૨૪મી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(બી) મુજબનું.

નંબર પલસ/મકર સંક્રાંતિ/વશી. ૧૩૧/૨૦૦૦.—તારીખ ૧૪મી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ મકર સંક્રાતિનો જાહેર તહેવાર આવતો હોઈ. આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો રસ્તા ઉપર પતંગો ઉડાડે છે. કપાયેલ પતંગો તથા દોરો વિગેરે મેળવવા હાથમાં લાકડાના ઝંડા, વાંસ વિગેરે રાખી જાહેર રસ્તા, ગલીઓ, શેરીઓમાં દોડા-દોડી કરતા હોય છે જેને કારણે ટ્રાફીકને અડચણ ઉભી થાય છે. અને ગંભીર અકસ્માત થવાનો પણ સંભવ રહે છે. સુલેહભંગ થવાની પણ શકયતા ઉભી થાય છે. જેથી જાહેર સલામતી ખાતર આવી રીતે જાહેર રસ્તાઓ ઉપર પતંગ ઉડાવવા હાથમાં ઝંડા તથા વાંસા અને અન્ય વસ્તુઓ લઈ રસ્તાઓમાં દોડાદોડ કરી, પતંગો લુંટવા ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

INDEX

(૪) ચ—૫ થી છ—૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ—૫ થી છ—૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષર ધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૬) છ—૬ થી જ—૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામુ ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર જેઓને શારિરીક અશક્તિ છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસકીસ્સા તરીકેની પરવાનગીને.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૫૯-ના જપમાંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૪મી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ મારા સહી-સીક્કા કરી આપ્યાં.

એસ. એલ. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૫(૧) મુજબ.

નં. એમએજી-વ. ૨૬૭ થી ૨૯૭-૨૦૦૦.—ગુજરાત રાજ્ય ગાંધીનગર તાલુકાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કોર્ટ તરફથી લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, તાલુકામાં આવેલ સે. ૨૧ પોલીસ સ્ટેશન તરફથી આ કોર્ટમાં બીનવારસી મુદ્દામાલ તરીકે જેવી કે સાયકલ, લ્યુના સ્કુટર મોટર સાયકલ વિગેરે ચીજવસ્તુઓ નિકાલ કરવા જણાવેલ છે. જે અંગે અસલ માલિકના હક્ક દાવા માટે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૫(૧) મુજબ આ કોર્ટનાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર ~~૧૯૯૯~~ થી જાહેરનામુ બહાર પાડી જાહેરનામાની તારીખથી ત્રણ માસમાં હક્કદાવા રજુ કરવા જણાવેલ. આમ છતાં નિયત મુદતમાં કે તે પછી પણ કોઈ ચીજવસ્તુઓ માટે હક્કદાવાની રજુઆત થયેલ નથી. આથી તમામ મુદ્દામાલ બીનવારસી, ઠરાવી તે જાહેર હરાજી આ કોર્ટ દ્વારા તારીખ ૨૮મી જાન્યુઆરી ૨૦૦૦ ને શુક્રવાર બપોરનાં ૧૨.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. હરાજીમાં ઉંચી માંગણી કરનારને તુરતજ તમામ રકમ ભરપાઈ કરવાની રહેશે. હરાજી માટેની ચીજવસ્તુઓ હરાજીનાં સમયે અને સ્થળે જોઈ શકાશે.

હરાજીનું સ્થળ : સેકટર-૨૧ પોલીસ સ્ટેશન, ગાંધીનગર.

ગાંધીનગર, તા. ૧૮મી જાન્યુઆરી ૨૦૦૦.

સી. એલ. પટેલ,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
અને મામલતદાર,
ગાંધીનગર.

સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ-મકપ-પલસ-વશી-૧૨/૨૦૦૦.— ગોધરા નગર પાલિકાના પ્રમુખ / ઉપ-પ્રમુખની ચુંટણી બાદ ગોધરા શહેરમાં ઉભી થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લા પોલીસ અધિકારીશ્રી પંચમહાલ ગોધરાએ તેમના પત્ર નં. એલ. આઈ. બી. / જાહેરનામું / ૨૨/૨૦૦૦, તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૦ મુજબ ગોધરા ટાઉનમાં ચોક્કસ વિસ્તારોમાં અશાંતિ અને તનાવ ભરી સ્થિતિ હોય અને દરરોજ રાતના ૨૧-૦૦ થી ટોળાઓ ભેગા થઈ પથ્થરમારો કરતાં હોય લોકોના જાનમાલ જોખમ અને ભયમાં મુકાય અને જાહેર સુલેહ શાંતી જોખમાય તેવી પુરેપુરી શકયતાઓ રહેલી છે. જેથી લોકોના જાનમાલ જોખમ અને ભયમાં ન મુકાય અને જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે એવી રીતે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા અને તેને અંકુશમાં લેવાનું અને ઝડપી ઉપાયો યોજવાનું ઈચ્છનીય જણાય છે.

તેથી હું, સંજય પટ્ટણી (જી. એ. એસ.) સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ શ્રી ગોધરા પ્રાંત, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રુઈએ આથી ફરમાવું છુ, કે ગોધરા શહેરના નીચે આપેલ અનુસુચિમાં નિર્દેશેલા વિસ્તારોમાં કોઈ પણ ઈસમોએ તેમાં અવરજવર કરનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસુચિમાં નીર્દેશ કરેલ વિસ્તાર પુરતું તે અનુસુચિમાં-- દર્શાવિલ મુદત દરમ્યાન તે વિસ્તારોની અંદર આવેલ કોઈપણ માર્ગ જાહેર રાહદારી રસ્તો રાજમાર્ગ, શેરી ગલી, પેટા ગલીમાં ચારથી વધુ માણસો ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અનુસુચિ

અનુ. નંબર	વિસ્તારનું વર્ણન	મુદત
(૧)	પોલીસ ચોકી નં. ૨ નો ફક્ત બાદશાહ હોટલ અને મીઠી ખાન મહોલ્લાનો-- ૨૦૦૦થી વિસ્તાર.	તારીખ ૨૩-૧-૨૦૦૦ થી
(૨)	પોલીસ ચોકી નં. ૩ નો સમગ્ર વિસ્તાર જેમાં પોલનબજાર, વાલીફળીયા નંબર ૧, ૨, ૩, મુજાવર રોડ, મોહંમદી મહોલ્લો.	૬-૨-૨૦૦૦ સુધી.
(૩)	પોલીસ ચોકી નં. ૪ નો સમગ્ર વિસ્તાર જેમાં ગોયા મહોલ્લા, શિકારી મહોલ્લા, બેઠકમંદિર પાછળનો વિસ્તાર, નિલમ હોટલ સામેનો વિસ્તાર.	
(૪)	પોલીસ ચોકી નં. ૭ નો સમગ્ર વિસ્તાર જેમાં સીંગલ ફળીયા, વેજલપુર રોડ, સાતપુરા ઓઢા. વચલા ઓઢા.	

આ હુકમ ફરજપરની પોલીસના તથા ફરજ પરના સરકારી કર્મચારીઓને લાગુ પડશે નહી.

આજ તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

સંજય પટ્ટણી,
સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, પ્રાંત-ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notification issued by the District Registrar, Co-operative Societies Ltd. of *Gujarat Government Gazette* Part I should be *read* to have been published in issue No. 6, of *Gujarat Government Gazette*, Part I, dated 10th February 2000 and for pages RJT- 1 to RJT 163, (in 1 set) *read* page Nos. 570 to 732.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ લી. દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ I માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૦ ફેબ્રુઆરી ૨૦૦૦ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ I ના અંક ૬માં પ્રસિદ્ધ થયેલ છે તેમ વાંચવું અને પાના આર.જે.ટી. ૧ થી આર.જે.ટી. ૧૬૩ (૧-બંચમાં) ને પાન નંબર ૫૭૦ થી ૭૩૨ વાંચવા.

Vadodara, 10th February 2000.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ઘ-૧૨૫૭૬/નધણ/૪૭૬૬૩/૧૭૪૫/૮૮૫૬/સને ૧૯૮૮.- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, કૃણાલી એપાર્ટ. કો. ઓપ. હાઉસીંગ લી., સ્થળ : અમદાવાદ શહેર, તાલુકે : સીટી, જિલ્લો : અમદાવાદને હવે ૧૯૬૨ના ગુજરાતના કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-(૧) (અ) મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, ૯ માહે ઓગષ્ટ, સને ૧૯૮૮.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વાંચ્યો :

૧. આ કચેરીનો ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૭૨/ઘ-૧/૪૭૩/ તા. ૧૪-૩-૮૮.

૨. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. : ફડચ/૦૧/ધ-૨/૮૪૮/૧૯૯૧.—ધી ન્યુ સીવીલ કો.ઓપ. કે. સ્ટોર્સ લી. અમદાવાદ નોંધણી ક્રમાંક : તારીખ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે. સંસ્થા જે ઉદ્દેશો માટે નોંધાયેલ છે તે ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટિ સભ્યોને મંડળીના કામકાજમાં રસ નથી સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળીના પેટા નિયમોની જોગવાઈને આધિન જે તે કાર્ય વિસ્તાર પુરતાં મર્યાદિતને આધિન નોંધાયેલ છે. તે મુજબ કામગીરી નથી.

ઉપરોકત કારણોસર સંસ્થાને શા માટે ફડચામાં ન લઈ જવી તથા ફડચા અધિકારીની નિમણૂંક શા માટે ન કરવી તે સબબ અત્રેની કચેરીએથી તારીખ ના રોજ ક્રમાંક : થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત યા મૌખિક કોઈ રજુઆત થયેલ નથી. જેમાં થયેલ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) અન્વયે ધી ન્યુ સીવીલ કો. ઓપ. ક. સ્ટોર્સ લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે નિમણૂંક કરવામાં આવે છે.

આ હુકમથી એક માસની અંદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજુઆત નહીં થાય તો મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમદાવાદના નોંધણી ક્રમાંક ધ-૮૭૪૦, તારીખ ૩જી જુન, ૧૯૮૧.

(૨) સકળ કો. ઓ. હાઉસીંગ લી., અમદાવાદની વિભાજન બાબતેની દરખાસ્ત.

(૩) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૭-૧૮ ૨૦ અને ૯.

પ્રસ્તાવના

જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., અમદાવાદના નોંધણી ક્રમાંક ધ-૮૭૪૦ તારીખ ૩જી જુન, ૧૯૮૧ થી સકળ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદની નોંધણી થયેલી છે. જેને સદર મંડળીએ વિભાજનથી વીસ મંડળીઓમાં રચના કરવા તેમના નામ સામે જણાવેલ નીચે મુજબની જમીન ફાળવેલ છે.

INDEX

(૧)	સકળ કો. ઓ. હાઉસીંગ સોસાયટી,	વિ-૧	મોજે-વેજલપુર-વિસ્તારના સર્વે નંબર ૫૦૨/અ/૧નીકુલ્લે-૨૭૦૦ ૨૭૦૦-૨૮ સ.ચો.મીટર જમીન.
(૨)	સકળ	વિ-૨	,,
(૩)	,,	વિ-૩	,,
(૪)	,,	વિ-૪	,,
(૫)	,,	વિ-૫	,,
(૬)	,,	વિ-૬	,,
(૭)	,,	વિ-૭	,,
(૮)	,,	વિ-૮	,,
(૯)	,,	વિ-૯	,,
(૧૦)	,,	વિ-૧૦	,,
(૧૧)	,,	વિ-૧૧	,,
(૧૨)	,,	વિ-૧૨	,,
(૧૩)	,,	વિ-૧૩	,,
(૧૪)	,,	વિ-૧૪	,,
(૧૫)	,,	વિ-૧૫	,,
(૧૬)	,,	વિ-૧૬	,,
(૧૭)	,,	વિ-૧૭	,,
(૧૮)	,,	વિ-૧૮	,,
(૧૯)	,,	વિ-૧૯	,,
(૨૦)	,,	વિ-૨૦	,,

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૭ (૨) અનુસાર વૈધાનીક કાર્યવાહી કર્યા અંગેની માહીતી મંડળીએ પૂરી પાડેલ છે. જે મંડળીની દરખાસ્ત સંપૂર્ણ વિગતે અને વિભાજનની યોજના સહીત રજુ થયેલ છે.

સબબ મંડળીની દરખાસ્ત રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૭(૧)(ગ) મુજબ સદરહું મંડળીનું એક મંડળીમાંથી વીસ મંડળીઓમાં વિભાજન કરવા છેવટની જુમંરી આપતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૭(૧) અન્વયે પ્રાપ્ત થતી સત્તાની રૂએ હું એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ એક મંડળીમાંથી નીચેની વીસ મંડળીઓમાં વિભાજન કરવાની મંજૂરી આપું છું.

(૧)	સકળ કો.ઓ.સો.લી., વેજલપુર, અમદાવાદ	વિ-૧,	ધ/૧૪૬૬૦	૧૭-૭-૧૯૯૧
(૨)	,,	વિ-૨,	ધ. ૧૪૬૬૧	,,
(૩)	,,	વિ-૩,	,, ૧૪૬૬૨	,,
(૪)	,,	વિ-૪,	,, ૧૪૬૬૩	,,
(૫)	,,	વિ-૫,	,, ૧૪૬૬૪	,,
(૬)	,,	વિ-૬,	,, ૧૪૬૬૫	,,
(૭)	,,	વિ-૭,	,, ૧૪૬૬૬	,,
(૮)	,,	વિ-૮,	,, ૧૪૬૬૭	,,
(૯)	,,	વિ-૯,	,, ૧૪૬૬૮	,,
(૧૦)	,,	વિ-૧૦,	,, ૧૪૬૬૯	,,
(૧૧)	,,	વિ-૧૧,	,, ૧૪૬૭૦	,,
(૧૨)	,,	વિ-૧૨,	,, ૧૪૬૭૧	,,
(૧૩)	,,	વિ-૧૩,	,, ૧૪૬૭૨	,,
(૧૪)	,,	વિ-૧૪,	,, ૧૪૬૭૩	,,
(૧૫)	,,	વિ-૧૫,	,, ૧૪૬૭૪	,,

	સકળ કો.ઓ.લી વેજલપુર, અમદાવાદ			
(૧૬)	,,	વિ-૧૬,	,, ૧૪૬૭૫	૧૭-૭-૯૧
(૧૭)	,,	વિ-૧૭,	,, ૧૪૬૭૬	,,
(૧૮)	,,	વિ-૧૮,	,, ૧૪૬૭૭	,,
(૧૯)	,,	વિ-૧૯,	,, ૧૪૬૭૮	,,
(૨૦)	,,	વિ-૨૦,	,, ૧૪૬૭૯	,,

સદરહું વિભાજન થી અસ્તિત્ત્વમાં આવતી આ વીસ મંડળીઓની સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ અન્વયે નોંધણી કરવામાં આવે છે. તથા આજ અધિનિયમની કલમ ૨૦ (૧) હેઠળ સકળ કો. ઓ. હા. સોસાયટી લી., વેજલપુર, અમદાવાદ નોંધણી ક્રમાંક ધ-૮૭૪૦ તારીખ ૩જી જુન, ૧૯૮૧ ને આથી હું રદ કરું છું. તેમજ આજ અધિનિયમની કલમ ૨૦(૩) મુજબ આ હુકમ ની તારીખ થી હાલની સકળ કો. ઓ. હા. સો. લી., અમદાવાદ નોંધણી ક્રમક ૮૭૪૦, તારીખ ૩જી જૂન, ૧૯૮૧ ને આથી વિસર્જીત થયેલી તેમજ સંસ્થાપીત મંડળી તરીકે અસ્તિત્ત્વમાં હોતી બંધ થયેલી જાહેર કરું છું.

અમદાવાદ, તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમદાવાદ
- (૧) જયકમલ કો.ઓ.હા.સો.લી. ના નોંધણી ક્રમાંક : ધ-૭૦૧૧, તારીખ ૫મી એપ્રિલ, ૧૯૭૮
- (૨) લાલભાઈપાર્ક કો.ઓ.હા.સો.લી. નો નોંધણી ક્રમાંક : ધ-૫૯૦૮ તારીખ ૧લી માર્ચ, ૧૯૭૫
- (૩) કસ્તુરભાઈપાર્ક કો.ઓ.હા.સો.લી. ના નોંધણી ક્રમાંક : ધ-૫૯૦૭, તારીખ ૧લી માર્ચ ૧૯૭૫.

(૨) (૧) જયકમલ કો.ઓ.હા.સો.લી. (૨) લાલભાઈપાર્ક કો.ઓ.હા.સો.લી. અને (૩) કસ્તુરભાઈપાર્ક કો.ઓ.હા.સો.લી., અમદાવાદની સંયોજનની દરખાસ્ત.

(૩) સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૭, ૧૮, ૨૦ અને ૯

પ્રસ્તાવના

જા. નં. : નધણ/ક-૩/૮૪૩/૧૪૭૩/૯૧.—જિલ્લા રજિસ્ટ્રાર, સં મં., અમદાવાદના નોંધણી ક્રમાંક : ધ-૭૦૧૧, તારીખ ૫મી એપ્રિલ, ૧૯૭૮ થી જયકમલ કો.ઓ.હા.સો.લી., ધ-૫૯૦૮ તારીખ ૧લી માર્ચ ૧૯૭૫ થી લાલભાઈપાક કો.ઓ.હા.સો.લી. અને ધ-૫૯૦૭ તારીખ ૧લી માર્ચ, ૧૯૭૫ થી કસ્તુરભાઈ પાર્ક કો. ઓ.હા.સો લી., અમદાવાદની નોંધણી થયેલ છે. જેને સદર મંડળીઓએ સંયોજનથી એક મંડળીમાં રચના કરવા તેના નામ સામે જણાવેલ નીચે મુજબની જમીન ફાળવેલ છે.

(૧) સામ્રાજય કો.ઓ.હા.સો.—	મોજે મેમનગર વિસ્તારના સર્વે નં. ૨૦૬/૩ તથા ૨૦૬/૪, ટી.પી.નં. ૧, ફા. પ્લોટ નં. ૬ અને ૮ તથા સબ પ્લોટ નં. ૧, ૨/૨ ની કુલ જમીન ૧૧,૨૬૨ ચો. વાર.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૭ (૨) અનુસાર વૈધાનિક કાર્યવાહી કર્યા અંગેની માહિતી મંડળીએ પૂરી પાડેલ છે. જે મંડળીની દરખાસ્ત સંપૂર્ણ વિગતે અને સંયોજનની યોજના સહિત રજુ થયેલ છે.

સબબ મંડળીની દરખાસ્ત ગ્રાહ્ય રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૭ (૧) (ક) મુજબ સદરહુ ત્રણ મંડળીઓમાંથી

INDEX

એક મંડળીમાં સંયોજન કરવા છેવટની મંજુરી આપતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૭ (૧) અન્વયે પ્રાપ્તથતી સત્તાની રૂએ હું એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ ત્રણ મંડળીઓમાંથી નીચેની એક મંડળીમાં સંયોજન કરવાની આથી મંજુરી આપુ છું.

(૧) સામ્રાજ્ય કો.ઓ.હા.સો.લી. મેમનગર, અમદાવાદ. ઘ-૧૪૬૫૮ / તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૧.

સદરહુ સંયોજનથી અસ્તિત્વમાં આવતી આ એક મંડળીની સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવે છે, તથા આજ અધિનિયમની કલમ-૨૦ (૧) હેઠળ (૧) જયકમલ કો.ઓ.હા.સો.લી. નોંધણી ક્રમાંક : ઘ-૭૦૧૧, તારીખ ૫મી એપ્રિલ, ૧૯૭૮ તથા (૨) લાલભાઈ પાર્ક કો.ઓ.હા.સો.લી. નોંધણી ક્રમાંક : ઘ-૫૯૦૮, તારીખ ૧લી માર્ચ, ૧૯૭૫ અને (૩) કસ્તુરભાઈ પાર્ક કો.ઓ.હા.સો. લી. નોંધણી ક્રમાંક : ઘ-૫૯૦૭ તારીખ ૧લી માર્ચ, ૧૯૭૫, મેમનગર, અમદાવાદની નોંધણી આથી હું રદ કરું છું, તેમજ આજ અધિનિયમની કલમ-૨૦ (૩) મુજબ આ હુકમની તારીખથી હાલની (૧) જયકમલ કો.ઓ.હા.સો.લી., મેમનગર, અમદાવાદ નોંધણી ક્રમાંક : ઘ-૭૦૧૧ તારીખ ૫મી એપ્રિલ, ૧૯૭૮ (૨) લાલભાઈપાર્ક કો.ઓ.હા.સો.લી., મેમનગર, અમદાવાદ નોંધણી ક્રમાંક : ૫૯૦૮ તારીખ ૧લી માર્ચ, ૧૯૭૫ અને (૩) કસ્તુરભાઈપાર્ક કો.ઓ.હા. સો., લી, મેમનગર, અમદાવાદ નોંધણી ક્રમાંક : ઘ-૫૯૦૭ તારીખ ૧લી માર્ચ, ૧૯૭૫ ને આથી વિર્સજીત થયેલી તેમજ સંસ્થાપીત મંડળી તરીકે અસ્તિત્વમાં હોતી બંધ થયેલી જાહેર કરું છું.

અમદાવાદ, તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૧.

વંચાણેલીધા :—

(૧) આ કચેરીનો તારીખ ૨૭મી ઓગષ્ટ, ૧૯૮૭ નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક ફડચ / ૦૪૯ / ઘ-૧ / ૨૭૭૨.

(૨) સહ. અધિ. (ફડચો) નં. ૧ લગત સદર કચેરીનો તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧ નો પત્ર ક્રમાંક ફડચ / ફ-૧ / ૨૪ સને ૯૧.

(૩) ગુ. સ. મં. ઓના અધિ. ૧૯૬૧ની કલમ ૨૦(૧) ની જોગવાઈ.

હુકમ

જાવક નંબર ફડચ / ૦૪૯ / ઘ-૧ / ૧૭૮/૯૧.— ધી અમદાવાદ મ્યુનિ. સ્વીપર્સ કો. ઓપ. ક્રેડીટ સો. લી., અમદાવાદની નોંધણી ક્રમાંક સે. ૧૦૯૨૨ તારીખ ૨જી એપ્રિલ, ૧૯૬૯ થી કરવામાં આવેલ હતી. જેને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૨૭મી ઓગષ્ટ, ૧૯૮૭ ના હુકમ ક્રમાંક ફડચ / ૦૪૯ / ઘ-૧ / ૨૭૭૨ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેની ફડચાની કાર્યવાહી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ. ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદર અધિ. ની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૮૭ નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક ફડચ / ૦૪૧ / ઘ-૧ / ૨૯૧૨/૮૭.

(૨) સહકારી અધિકારી (ફડચો) નં. ૧ લગત સદર કચેરીનો તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧નો પત્ર ક્રમાંક ફડચ / ફ-૧ / ૨૨ સને ૯૧.

(૩) ગુ. સ. મં. ઓના અધિ. ૧૯૬૧ ની કલમ ૨૦(૧) ની જોગવાઈ.

હુકમ

જાવક નંબર ફડચ / ૦૪૧ / ઘ-૧ / ૧૭૯/૯૧.— ધી નવચેતન હાઈસ્કુલના કર્મચારીઓની શરાફી સ. મં. લી., અમદાવાદની નોંધણી ક્રમાંક સે. ૧૨૪૪૪ તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૪ થી કરવામાં આવેલ હતી. જેને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદના તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૮૭ ના હુકમ ક્રમાંક ફડચ / ૦૪૧ / ઘ-૧ / ૨૯૧૨/૮૭ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કાર્યવાહી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહું અધિ. ની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૮૯નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક ફડચ / ૦૧૩૦ / ઘ-૧ / ૧૮૧૯/૮૯.

(૨) સહકારી અધિકારી (ફડચો) નં. ૧ લગત સદર કચેરીનો તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૯૧ નો પત્રકમાંક : ફડચ / ફ-૧ / ૧૩/ /સને ૧૯૯૧.

(૩) ગુ. સ. મં. ઓના અધિ. ૧૯૬૧ની કલમ ૨૦(૧) ની જોગવાઈ.

હુકમ

જાવક નંબર ફડચ / ૦૧૩૦ / ઘ-૧ / ૧૭૯/૯૧.— ધી કૈલાસ ગ્રાહક સહકારી ભંડાર લી, બહેરામપુરા અમદાવાદની નોંધણી નં.- ભ. ૨૭૧૫ સને ૧૯૭૩ થી રજિસ્ટર કરવામાં આવેલ હતી જેને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના હુકમ ક્રમાંક ફડચ / ૦૧૩૦ / ઘ-૧ / ૧૮૧૯/૮૯ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૮૯ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કાર્યવાહી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ. ૧૯૬૧ ની કલમ ૧૧૪/(૨) અન્વયે આથી સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

INDEX

વંચાણે લીધા :

૧ આ કચેરીનો તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૦ નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૨૬૬/ઘ-૧/૪૪૦/૯૦

૨ સહકારી અધિકારી (ફડચો) નં. ૧ લગત સદર કમીટનો તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૧ નો પત્ર ક્રમાંક ફડચ/-ફ-૧/૯૨.

૩ ગુ.સ. મ. ઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦(૧) ની જોગવાઈ.

હુકમ

જા. નં. ફડચ/૦૨૬૬/ઘ-૧/૨૧૮/૯૧:—ધી પાલડી સત્યમ કો.ઓ. ઓપ. હાઉસીંગ સો. લી. એ વાદની નોંધણી ક્રમાંક ઘ-૧૦૭/૫ તા તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૮૩ થી રજીસ્ટર કરવામાં આવેલ હતી જેને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના હુકમ ક્રમાંક ફડચ/૦૨૬૬/ઘ-૧/૪૪૦/૯૦ તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૦ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કાર્યવાહી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અન્વયે સમાપ્તી જાહેર કરવામાંઆવે છે. અને સદર હુ. કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

વંચાણે લીધા

૧ મદદ જીલ્લા રજીસ્ટ્રારશ્રી અ.મ.(ગ્રાહક) અમદાવાદનો તારીખ ૩૦મીજાન્યુઆરી ૧૯૯૧નો મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ભલામણ અહેવાલ

૨ મંડળીની તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૮૯ ની વા. સા. સભાના ઠરાવ નં ૩-૪ ની વિગત

૩ ગુ.રા. સ. મં. ઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈ.

જા નં /ફડચ/૦૧/ઘ-૧/૨૩૩/૯૧.—ધી કલ્પતરૂ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ, રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૯ અન્વયે નોંધાયેલ ગ્રાહક સહકારી ભંડાર છે, જેનો રજી. નં. ૨૯૨૫ તારીખ ૨જી માર્ચ ૧૯૭૮ છે.

સંદર્ભ (૧) થી મદદ જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સ. મં. (ગ્રાહક) અમદાવાદ તરફથી જણાવ્યા મુજબ સદર ભંડાર હાલમાં કામગીરી કરતો નથી તેમજ ભંડાર ચલાવવામાં મંડળીના સભાસદોને રસ નથી તેથી મંડળી ની તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૮૯ ની વા. સા. સભામાં ઠરાવ નંબર ૩ થી મંડળીની કામગીરી બંધ કરી ઠરાવ નંબર ૪થી મંડળીના શેરની રકમ વહેચણી કરવા ઠરાવેલ છે. ઉપરોકત કારણો જોતાં મંડળીને વધુ સમય ચાલું રાખવી હિતાવહ નથી જેથી આટોપી લેવા નીચે મુજબનો હુકમ કરવાનું ઉચિત જણાય છે.

ફડચાનો અંતિમ હુકમ.

હુ એન. એસ. જોષી જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) (ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ ધી કલ્પતરૂ કો. ઓપ. ગ્રાહક ભંડારથી અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું સદર મંડળીના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહ અધિકારી નં. ૨ ને સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

એન. એસ. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૭૧/ઘ-૧/૮૭૧/૧૯૯૦

(૨) ફડચા અધિકારી ધી જગતપાર્ક કન્ઝુમર્સ કો.ઓ.સો.લી. તથા સહકારી અધિકારી (ફડચા)-૧ લગત આ કાર્યાલયના તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૧ ના દરખાસ્ત ક્રમાંક ફડચ/ફ-૧/૩૧૧/૯૧

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ઘર/૯૩૭/૯૧.

ધી જગતપાર્ક કન્ઝુમર્સ કો.ઓ. સો. લી. અમદાવાદની નોંધણી ભ-૩૩૪૬ તારીખ ૭મી મે, ૧૯૮૪ થી થયેલ હતી. જેને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૦ ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૭૧/ઘ-૧/૮૭૧/૯૦ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨૩મી ઓગષ્ટ, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૧ ના હુકમ નં. ફડચ/૦૧/ઘ-૧/૪૭૬ ફડચાનો વચગાળાનો હુકમ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

જા.નં. ફડચ/૦૧/ઘ-૧/૯૫૨/૧૯૯૧.

ધી અમર મજુર કામદાર સહકારી મંડળી નોંધણી નંબર— તા.—

૧. મંડળી ઘણા સમયથી કામકાજ કરતી નથી. અને સ્થગિત અવસ્થામાં છે. મંડળી જે ઉદ્દેશ માટે નોંધાયેલ તે ઉદ્દેશ મુજબ કામ કરતી નથી. મંડળીના સભ્યો કે કમીટીના સભ્યોને મંડળીના કામકાજમાં રસ નથી.

ઉપરોકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેની કચેરીએથી તારીખ ૯મી એપ્રિલ, ૧૯૯૧ ના રોજ ફડચાનો વચગાળાનો હુકમ કરેલ અને હુકમની તારીખથી એક માસમાં મંડળીને જરૂરી રજુઆત કરવા તક આપવામાં આવેલ તે મુજબ મંડળી તરફથી કોઈ લેખિત કે મૌખિક રજુઆત કરેલ નથી જેથી અત્રેથી કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવા રહે. આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું એન. એસ. જોષી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ (ઝ) અન્વયે અમર મજુર કામદાર સહકારી મંડળી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી ફડચા અધિકારી ફડચો લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે.

એચ. એમ. સૈયદ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G — A 14—E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLI] THURSDAY, APRIL 20, 2000/ CAITRA 31, 1922 [No. 16

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part I	Government Notifications Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	951-972
Part-I-A	Order and Notification, (other than those published in Part IV-B) order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Act, pertaining only to Supplement to the Central Gazette.	16
Part I-B	Government Notifications published under Land Acquisitions Act only.	205-223
Part I-L	Notification, Order and Award other than those published in Parts I, IV-A, IV-B and IV-C, under (Central Industrial) Disputes Act and Gujarat Industrial Relations Act.	2739-2784

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉગપક/ટફક/ભારે વાહનો / રીંગરોડ / ૮૫૨/૨૦૦૦.—સુરત શહેરમાં વિસ્તારમાં રીંગરોડ પર ટેક્ષટાઈલ માર્કેટ નજીક સુરત મહાનગર પાલિકા દ્વારા ફ્લાય ઓવરબ્રીજ બનાવવાનું કામ હાલમાં ચાલુ છે. જેને લઈને રીંગરોડ પર ભારે વાહન-વ્યવહારના કારણે બ્રીજ બનાવવાની કામગીરીમાં ઘણીજ અડચણ ઉભી થાય છે. તથા અવારનવાર ટ્રાફિક જામ થઈ જવાથી ટ્રાફિક નિયમનમાં મુશ્કેલી ઉભી થાય છે.

રીંગરોડ ઉપર ટ્રાફિક નિયમન સરળતાથી થાય તેમજ જાહેર જનતાને ટ્રાફિકની દૃષ્ટિએ મુશ્કેલી ન થાય તે માટે હું કે. એન. શર્મા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના સમય માટે "ભારે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૧. મજુરાગેટથી દિલ્હીગેટ સુધી સવારના કલાક ૦૯-૦૦ થી ૧૩-૦૦ સુધી તથા સાંજના કલાક ૧૬-૦૦ થી ૧૯-૦૦ સુધી પ્રતિબંધ.

ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અપવાદ :—

સરકારી આવશ્યક સેવાના વાહનો, ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ વાહનો તથા આઈ.ઓ.સી. (ભારત પેટ્રોલીયમ) ના ટેન્કરો, એસ.ટી. બસો તથા સ્કુલ બસોને મુકિત આપવામાં આવે છે.

આજરોજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

Read : (1) Hon'ble High Court Letter No. C/2103, 2000 Dtd. 29-3-2000.

No. ADM/541/of 2000 :— Under paragraphs 629, page 265 of chapter XXXI, of Civil Manual, Volume-I, 1960 the District Judge, Kheda at Nadiad directs the closing of all the Civil courts of the Judicial District of Kheda for the Annual summer Vacation, for a period of Five weeks, commencing from Monday the 8th May 2000 to Sunday the 11th June, 2000, both days inclusive, and one week from Wednesday, 1st Novembe, 2000 to 7th November 2000, both days inclusive, suffixing Diwali Holidays as approved under High Court Letter cited in preamble.

The offices of the Nazir and the Record keeper of the District court Kheda at Nadiad, and the office of the Nazirs of the subordinate civil courts in the District will remain open duiring the vacation on working days.

Kheda at Nadiad, March, 31st 2000.

M. D. SHAH,
District Judge.
Kheda at Nadiad.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યું—નામદાર સરકારશ્રીના ગૃહ વિભાગનાં પરિપત્ર ક્રમાંક : એચઆરસી/૧૦૯૪/જીઓઆઈ/૧૧૨/ન, તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૭, પેરા-૫.

હુકમ

નંબર ડીસીબી/એપએજી/જેલમૃત્યું/૨૦૦૦.—જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરતનાં પત્ર નં. એપએજી/મેજિ. ઈન્ક/વ-૪૭૫૨/૯૯, તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૯ અને તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૯ તથા તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૦ અન્વયે જિલ્લા જેલ સુરતના કાચાકામના આરોપી શૈલેષભાઈ મોતીભાઈ પટેલ રે. ઓજલ માછીવાડ જલાલપોરનું સીવીલ હોસ્પિટલ, સુરત ખાતે સારવાર માટે મોકલવામાં આવેલ જ્યાં મજકુર અંદરના દર્દી તરીકે દાખલ હતાં તેઓનું તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૯ નાં રોજ આશરે સાંજે ૫-૩૦ કલાકે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજેલ છે. તો સદરહું બાબતે આ સંદર્ભે કયાં કારણોને લઈને સદરહું કેદીનું મૃત્યુ થયેલ છે. તેની મેજિસ્ટ્રીયલ તપાસ કરવાનું આવશ્યક જણાતા હું આર. આર. ચૌહાણ જી.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લો નવસારી આથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, નવસારીને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૭૬ હેઠળ તપાસ કરી તપાસનો અહેવાલ ચાર અઠવાડિયામાં હમોને રજુ કરવા હુકમ કરું છું.

આજરોજ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આ હુકમ બહાર પાડવામાં આવ્યો.

હુકમ

નંબર ડીસીબી/એમએજી/જેલમૃત્યુ/૨૦૦૦.— જિલ્લા પોલીસ અધિકારીશ્રી નવસારીનાં પત્ર નં. આરબી/૧૦/૨૦૦૦ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૦ ના જણાવ્યા મુજબ વિનોદભાઈ છોટુભાઈ પટેલ રહે. નવસારી પોલીસ સ્ટેશન કસ્ટડી નવસારી ખાતે તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૦ નાં રોજ ૧૦-૩૦ કલાકે મૃત્યુ થયેલ છે.

આ બનાવ સંદર્ભે કયા કારણોને લઈ સદરહું ઈસમનું મૃત્યુ થયેલ છે. તેની મેજિસ્ટ્રીયલ ઈન્કવાયરી તપાસ કરવાનું આવશ્યક જણાતાં હું આર. આર. ચૌહાણ જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લો નવસારી આથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૭૬ હેઠળ તપાસ કરી તપાસનો અહેવાલ પાંચ (૫) અઠવાડિયામાં હમોને રજુ કરવા હુકમ કરું છું.

આજરોજ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આ હુકમ બહાર પાડવામાં આવ્યો.

આર. આર. ચૌહાણ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું.

નંબર ડીસીબી/એમએજી / રજી. નં. ૧૫/૨૦૦૦.—આધુનિક જમાનામાં "વિજળી" એ જીવન જરૂરીયાતનું અભિન્ન અંગ બની ગયેલ છે. પરંતુ વિજળીના ઉપયોગ માટે ટ્રાન્સમીશન અને ડીસ્ટ્રીબ્યુશન તબકકે જો પુરતી કાળજી ન લેવાય તો વીજળીના શોકથી માણસ અને અન્ય જીવજંતુ માત્ર પળભરમાં જાન ગુમાવી શકે છે. વલસાડ જીલ્લામાં ગુજરાત વિદ્યુત બોર્ડ મારફત તમામ વીજળી ગ્રાહકોને વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે. અને તે માટે સમગ્ર જીલ્લામાં ગુજરાત વિદ્યુત બોર્ડ તરફથી સબ-સ્ટેશનો ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોરમર હાઈટેન્શન લાઈન લો વેન્સન લાઈન વગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાયેલ છે- ઉપરોકત માળખાગત

INDEX

સુવિધાઓ મારફત નાના મોટા તમામ વીજગ્રાહકોને ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા ઇન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની જોગવાઈઓના અનુસંધાને સલામતીના તમામ પગલાઓ લઈ વીજ કનેકશનો આપવામાં આવે છે.

અધિક્ષક ઈજનેરશ્રી (સં. અને નિ.) ગુજરાત વિદ્યુત બોર્ડ વલસાડની દરખાસ્ત મુજબ ઉપરોકત જોગવાઈઓનો અમલ કર્યા સિવાય વીજ કનેકશનો આપવામાં આવે કે મેળવવામાં આવે, તો વીજ ગ્રાહક તેમજ તેની આજુબાજુ વસ્તીમાં રહેતી અન્ય કેટલીક વ્યકિતઓને વીજ પ્રવાહ થકી જાનનું જોખમ અને અકસ્માતનો ભય ઉભો થાય તેમ બને છે. અને તેથી જાહેર હીત અને સલામતી જોખમાય છે. અને તેથી જાહેર હિતમાં ગેરકાયદેસરના વીજ કનેકશનો તેમજ જીવતા વાયરોમાંથી લંગર નાંખીને અનઅધિકૃત રીતે વીજ પુરવઠો મેળવતાં વ્યકિતઓ સંસ્થાઓને તેમ કરતાં અટકાવવાનું નિયમ કરવાનું અનિવાર્ય જણાય છે.

સબબ, ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ- ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલી સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ જીલ્લો, વલસાડ. આથી ફરમાવું છું કે, વલસાડ જીલ્લામાં ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની જોગવાઈઓ વિરુધ્ધ કોઈપણ વ્યકિત સંસ્થા, પેઢી, કંપનીએ જીવતા વાયરોમાંથી લંગર નાખીને અન્ય કોઈપણ અનઅધિકૃત વીજ જોડાણ કે પુરવઠો મેળવવો નહી.

આ જાહેરનામાના હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના ૪૧માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

સદરહું જાહેરનામાની વર્તમાનપત્રો મારફત બહોળી પ્રસિધ્ધિ કરવી.
સદરહું જાહેરનામું તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૪મી માર્ચ, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરવામાં આવેલ છે.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમજી/બીપીએ/રજી. નં. ૧૬/૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ, આગામી ચેટીચાંદ, રામનવમીના તહેવાર પૂર્વેની સ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૦ થી તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૦૦ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મા) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને સદરહુ વિસ્તારમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું હું આથી ફરમાવું છું.

આજ રોજ તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૦ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમજી/બીપીએ/રજી. નં. ૧૭/૨૦૦૦.—જિલ્લામાં આગામી ચેટીચાંદ, રામનવમીના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુ-લક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવા-ની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ -૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૦થી તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૦૦ સુધી (બંને દિવસ સુધ્ધાંત) અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘાડા કે સ્મશાનયાત્રા કે એસ ટી બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આથી હું, શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફરમાવું છું કે આ હુકમ વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરી બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજ રોજ તારીખ ૨૭મી માર્ચ ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/ તાલીમ/રજી. નં. ૧૮/૨૦૦૦-કમાન્ડન્ટ એકઝીકયુટીવ ઓફીસરશ્રી, કોસ્ટલગાર્ડ એર સ્ટેશન દમણનાં પત્ર નં. ૩૧૧/૨, તારીખ ૨૭મી માર્ચ ૨૦૦૦ થી જણાવ્યાનુસાર સ્ટાફનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ, તાલુકા ઉમરગામ, જિલ્લા વલસાડનાં ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૨૭મી માર્ચ ૨૦૦૦ થી ૩૧મી માર્ચ ૨૦૦૦ સુધી સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦કલાક સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારનાં કોઈ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખર ને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને લાગુ પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી માર્ચ ૨૦૦૦ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૩૪/૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કિરીટ કે. દુધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી ચેટીચાંદ, રામનવમી, અને મહોરમ (તાજીયા)નાં તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરરી જણાતા ફરમાવું છું કે, તારીખ ૫મી એપ્રિલ ૨૦૦૦ થી તારીખ ૧૮મી એપ્રિલ ૨૦૦૦ સુધી (બંને દિવસો શુધ્ધા)ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા મશાલ લઈ જવાની,

(ચ) લોકોને ગુમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા અને પ્લે બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવાની અથવા ફેલાવો કરવાની,

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોપ્યા બદલ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઈ તેવા પોલીસ અધિકારી જે તે શારિરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૦નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે.
કાઢેલો.

ક્રમાંક એમ એ જી / વશી ૧૪૬૦.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું રાજદેવસિંહ, ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨ જી એપ્રિલ, ૨૦૦૦નાં દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૦ નાં રાત્રીનાં ૨૪-૦૦ કલાક (બંન્ને દિવસો સુધ્ધા) સુધી.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ટોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો-- અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ.

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો-- પત્રિકા પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ તથા સરકારી રેકર્ડ નોટીસો પરિપત્ર ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ;

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ કે જે શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ભરૂચ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજરોજ તારીખ ૧ લી એપ્રિલ, ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

કલેકટર દ્વારા

વાંચનમાં લીધું :—

૧ અત્રેની કચેરીના હુકમ નંબર એસયુપી/કેરોસીન/ભાવ/વશી/૯૭/તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૭.
૨ અત્રેની કચેરીના હુકમ નંબર એસયુપી/કેરોસીન/ભાવ વશી/૨૧૬૨ થી ૨૧૮૨/૯૯ તારીખ ૧૫મી જુન ૧૯૯૯.
૩ સેક્રેટરીથી પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશનના વલસાડની ટ્રા. ખર્ચ વધારા માટેની અરજી તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૯ તથા તારીખ ૨૪મી જાન્યુઆરી ૨૦૦૦.
૪ સરકારશ્રીના અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાં. બા. વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક કસન/૧૬૯૮/૧૦૮૬/બ, તારીખ ૧૦મી મે ૧૯૯૯.
૫ સરકારશ્રીના અન્ન નાગરીક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક કસન/૧૦/૨૦૦૦/૫૬૩/બ, તારીખ ૨૩મી માર્ચ ૨૦૦૦
૬ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી. સુરતના ચીફ ડીવીઝનલ મેનેજરશ્રીનો ફેકસ પત્ર નંબર એસડીઓ/એ/૧૦૦૦, તારીખ ૨૩મી માર્ચ ૨૦૦૦.
૬ હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લી., વાપીનુ બીલ તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૦.
૮ ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈસ ઓર્ડર-૧૯૯૩

હુકમ

નંબર કમકવ/એસયુપી/કસન/ભાવવધારો/વશી/૨૩૩૬ થી ૨૩૭૧/૨૦૦૦.—આમુખ-૧માં દર્શાવેલ હુકમથી વલસાડ જીલ્લા માટે જાહેર વિતરણ વ્યવસ્થા યોજના હેઠળ ટ્રાન્સપોર્ટ ખર્ચમાં વધારો કરી કેરોસીનના ભાવ નકકી કરવામાં આવેલ છે.

આમુખ-૨માં દર્શાવેલ હુકમથી કેરોસીનના એક્ષ ડેપો રેઈટમાં ઘટાડો થતાં તે મુજબ કેરોસીનના ભાવ નક્કી કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર તરફથી તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૯ થી ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવેલ છે જેને કારણે ટ્રાન્સપોર્ટ ખર્ચમાં વધારો થતાં પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશન વલસાડે તેમની તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૯ તથા ૨૪મી જાન્યુઆરી ૨૦૦૦ ની અરજીથી ટ્રાન્સપોર્ટ ચાર્જમાં ૩૦ ટકા વધારો કરી આપવા રજુઆત કરેલ છે.

આમુખ-૪માં દર્શાવેલ સરકારશ્રીના તારીખ ૧૦મી મે ૧૯૯૯ ના ઠરાવની જોગવાઈ અનુસાર અત્રેના જીલ્લામાં કેરોસીન પરિવહન દર નક્કી કરવા માટેની જીલ્લાં કક્ષાની સમીટીની રચના કરવામાં આવેલ છે. સમિતિએ તારીખ ૨૮મી માર્ચ ૨૦૦૦ ની મીટીંગમાં એસોસીએશનની ટ્રાન્સપોર્ટ ખર્ચ વધારાની માંગણી અંગેની રજુઆત તથા અમદાવાદ, મહેસાણા, રાજકોટ તથા સુરેન્દ્રનગર જીલ્લાઓમાં નક્કી કરવામાં આવેલ ટ્રાન્સપોર્ટ ભાડા અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી. અન્ય જીલ્લાઓની તુલનાત્મક ગણત્રી કરતાં એસોસીએશનની માંગણી સામે હાલના ટ્રાન્સપોર્ટ ચાર્જીસના દરમાં ૧૫ ટકા મુજબનો વધારો આપવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ છે.

આમુખ-૫ માં દર્શાવેલ સરકારશ્રીના તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૦ ના પત્રમાં જણાવ્યાં મુજબ સદરહુ પત્ર સાથે સામેલ એસ.એલ.સી. ગુજરાત તથા ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી ઈન્ડીયન આઈલ કોર્પોરેશન લી, ના તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૦ ના પત્ર ક્રમાંક જી.એસ.ઓ. / એસ. / ૦૦૪ તથા તેની સાથેના એનેક્ષ્ચરમાં દર્શાવ્યા મુજબ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૦ થી અમલમાં આવે તે રીતે કેરોસીનના ભાવમાં વધારો કરવામાં આવેલ છે.

એનેક્ષ્ચરમાં દર્શાવ્યા મુજબ વાપી ડેપોના ભાવમાં નીચે મુજબ વધારો જાહેર કરવામાં આવેલ છે :

	સપ્લાય પોઈન્ટ	તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૦ પહેલાં.	તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૦ ના રોજ.	વધારો
(૧)	વાપી	૨૩૨૦.૪૨	૫૧૫૨.૨૯	૨૮૩૧.૮૭
(૨)	વાપી	૨૩૩૫.૮૨	૫૧૫૨.૨૯	૨૮૧૬.૪૭

ઉપર અ. નં. ૧ માં દર્શાવ્યા મુજબ સરકારશ્રી તરફથી ૨૮૩૧.૮૭ પ્રતિ કિ. લી. ભાવ વધારો થયેલ છે, પરંતુ વાપી ડેપોના આમુખ-૭ માં દર્શાવેલ બીલ મુજબ રૂા. ૨૮૧૬.૪૭ નો ભાવ વધારો આપવાનો થાય છે.

આમ એક વાપી ડેપોના કેરોસીનના ભાવમાં થયેલ વધારો તથા પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશનની ટ્રાન્સપોર્ટ ભાડા વધારાની માંગણીને ધ્યાને લઈ આમુખ-૨ થી બહાર પાડવામાં આવેલ જાહેરનામાંથી નક્કી કરવામાં આવેલ ભાવોમાં જરૂરી ફેરફાર કરી કેરોસીનના ભાવ વધારા પ્રમાણે તથા દર નક્કી કરી હાલના ટ્રાન્સપોર્ટ ચાર્જના દરમાં ૧૫ ટકા જેટલો વધારો આપી નવેસરથી કેરોસીનના જથ્થાબંધ તેમજ છૂટક વિતરણ ભાવો નક્કી કરી આપવાના થાય છે.

આથી હું પંકજ કુમાર, આઈ. એ. એસ. કલેક્ટર, વલસાડ, ધી કેરોસીન ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસીસ ઓડર ૧૯૭૦ની કલમ ૩ હેઠળ મળેલ સત્તા અને અધિકારની રૂએ ટેબલ-એ, ટેબલ-બી માં જણાવેલ વલસાડ જિલ્લાના સેન્ટરો માટે કેરોસીનના જથ્થાબંધ તેમજ છૂટક ભાવોમાં તારીખ ૧ લી એપ્રિલ, ૨૦૦૦ થી અમલમાં આવે તે રીતે નીચે દર્શાવેલ શરતોને આધિન ભાવો નક્કી કરવા હુકમ કરું છું.

શરતો :

(૧) જથ્થાબંધ વિક્રેતાઓ માટેના ટેબલ-એ માં નિર્દિષ્ટ કરેલા ભાવ સ્થાનિક જકાત સિવાયના છે, જેથી જેમના તરફથી સ્થાનિક જકાત ભરવામાં આવતી હોય તેઓ મ્યુનિસીપાલીટી / નગરપંચાયત / ગ્રામ પંચાયતે ઠરાવેલ જકાત અનુસાર સ્થાનિક જકાત ચઢાવી વેચાણ કરી શકશે.

(૨) જ્યારે જ્યારે એજન્ટ તરફથી છૂટક વિક્રેતાઓને દુકાન બેઠા કેરોસીનનો પુરવઠો આપવામાં આવે ત્યારે નીચે જણાવ્યા મુજબનો હોમ ડીલીવરી ચાર્જ મ્યુનીસીપાલીટી / નગરપંચાયત / ગ્રામ પંચાયત વિસ્તાર માટે વેપારીઓ પાસેથી ૧ કિ. લી. ના એટલે કે ૧૦૦૦ (એક હજાર લીટરના) અલાયદા વસુલ કરી શકશે.

				રૂપિયા
(૧)	૧ થી ૧૦ કિ. મી. ના અંતર માટે	...	...	૧૭૮-૦૦
(૨)	૧૧ થી ૨૦ કિ. મી. ના અંતર માટે	...	...	૧૯૦-૦૦
(૩)	૨૧ થી ૩૦ કિ. મી. ના અંતર માટે	...	...	૨૦૭-૦૦
(૪)	૩૧ થી ૪૦ કિ. મી. ના અંતર માટે	...	...	૨૧૮-૦૦
(૫)	૪૧ થી વધુ કિ. મી. ના અંતર માટે	...	...	૨૩૬-૦૦

INDEX

(૩) છૂટક વિક્રેતાઓ કે ફેરીયાઓ જકાત અલગ વસુલ કરી શકશે નહિ.

(૪) ઉપરોકત નક્કી કરેલ ભાવોથી ડીલર / જથ્થાબંધ વિક્રેતા / છૂટક વિક્રેતા / ફેરીયાઓ વધારે ભાવ લઈ શકશે નહિ.

(૫) કેરોસીનનો વેપાર કરવા ડીલર / જથ્થાંબંધ વિક્રેતા / છૂટક વિક્રેતાએ પોતાની દુકાનના પ્રવેશદ્વાર આગળ ભાવ તથા જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. ફેરીયાઓએ પોતાની લારી ઉપર છૂટક વેચાણ ભાવ પ્રદર્શિત કરવાનો-રહેશે-

(૬) ઉપરોકત મુકરર કરેલ ભાવોથી વધુ ભાવો લેનાર સામે આવશ્યક ચીજ વસ્તુ ધારા- -૧૯૫૫ અન્વયે કાયદાની કોર્ટમાં ધારાકીય જોગવાઈ અનુસાર ફોજદારી પગલાં લેવામાં આવશે.

(૭) ટોલટેક્ષ વાપી ટોલનાકા પરથી ક્રોસ કરીને વાપી ડેપોથી જે ડીલરો જથ્થો ઉપાડતા હોય તેમને જ મળવાપાત્ર રહેશે, જ્યારે ટોલટેક્ષ બંધ થાય ત્યારે આપોઆપ પ્રતિ કિ. લી. રૂા. ૨-૫૦ પૈસા નો વધારાનો ખર્ચ પરત ખેંચી લેવાનો રહેશે.

ટેબલ— "એ"

પેટ્રોલીયમ કંપનીના અધિકૃત એજન્ટોએ / હોલસેલરો / રીટેઈલરો / સબ-ડીલર્સોએ જથ્થાંબંધ વાપરનારાઓ અને છુટક વેપારીઓ અને ફેરીયાઓને એક કીલો-લીટર અને ૨૦૦ (બસો) લીટર એટલે કે એક બેરલના વેચાણ આપવાના કેરોસીનના ભાવો.

અનુ. નંબર	વિગત	વાપી ડેપોથી એજન્ટના ધંધાના સ્થળેથી સપ્લાય સ્થળે લાવવાના કેરોસીનના ગુરૂત્તમ ભાવ			
		ધરમપુર	વલસાડ ઉંમરગામ	પારડી	વાપી
૧	૨	૩	૪	૫	૬
(૧)	૧૦૦૦ લીટર એટલે કે ૧ કી. લી. ના જથ્થાબંધ વેચાણ આપવાના ભાવ	૫૫૭૭.૦૯	૫૫૫૯.૦૯	૫૫૩૧.૮૯	૫૫૧૯.૮૯
(૨)	૨૦૦ લીટર એટલે કે એક બેરલના ભાવ.	૧૧૧૫.૪૦	૧૧૧૧.૮૦	૧૧૦૬.૨૦	૧૧૦૩.૮૦

ટેબલ— "બી"

અધિકૃત હોલસેલરો, સબડીલર્સ, રીટેઈલર્સ, ફેરીયાઓએ એજન્ટના ધંધાના સ્થળેથી જુદા જુદા અંતર માટે દીવાબત્તી તથા રાંધવાના હેતુ માટે વાપરનાર ગ્રાહકોને કેરોસીનના છૂટક વેચાણ આપવાનો એક લીટરના ભાવ.

અનુ. નંબર	વિગત	એજન્ટના ધંધાના સ્થળેથી જુદા જુદા અંતર માટે છૂટક કેરોસીનનો વેચાણ આપવાનો ગુરૂત્તમ એક લીટરનો ભાવ (વાપી ડેપોથી)			
		ધરમપુર	વલસાડ ઉંમરગામ	પારડી	વાપી
૧	૨	૩	૪	૫	૬
(૧)	મ્યુનીસીપાલીટી / નગર પંચાયત સ્થાનિક વિસ્તાર માટે તથા ૦ થી ૧૦ કિ. મી. ના અંતરે	૫.૯૦	૫.૯૦	૫.૮૫	૫.૮૫
(૨)	૧૦ કી. મી. થી ઉપર ૨૦ કી. મી. સુધીના અંતર માટે.	૫.૯૦	૫.૯૦	૫.૯૦	૫.૮૫
(૩)	૨૧ કી. મી. થી ઉપર ૩૦ કી. મી. સુધીના અંતર માટે.	૫.૯૫	૫.૯૦	૫.૯૦	૫.૯૦
(૪)	૩૧ કી. મી. થી ઉપર ૪૦ કી. મી. સુધીના અંતર માટે.	૫.૯૫	૫.૯૫	૫.૯૦	૫.૯૦
(૫)	૪૧ કી. મી. થી ઉપરના કી. મી. સુધીના અંતર માટે.	૫.૯૫	૫.૯૫	૫.૯૦	૫.૯૦

INDEX

ઉપરોકત મુક્કર કરેલ ભાવો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦ થી અમલી બને છે. જેથી અત્રેની કચેરીએથી પ્રસિધ્ધ હુકમ નંબર એસ યુ પી / કેરોસીન ભાવ / વશી-૨૧૯૨ થી ૨૧૯૨/૯૯, તારીખ ૧૪મી જુન, ૧૯૯૯ થી મુક્કર થયેલ કેરોસીનના વેચાણ આપવાના ગુરૂત્તમ ભાવો રદ થયેલા ગણાશે, પરંતુ અગાઉ નક્કી કરેલ ભાવો અંગે જે કોઈ ગુન્હાઓ બનેલા હશે. તેને આ હુકમથી કોઈ અસર થશે નહિ.

વલસાડ, તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૦.

પંકજ કુમાર,
કલેકટર, વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :—

(૧) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત અમદાવાદના ક્રમાંક :ઘ'૧૧૦૧૦ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૮૩.

(૨) રત્નદીપ વટવા કો. ઓ.હા.સો.લી. અમદાવાદનાં વિભાજન બાબતે તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૦નાં રોજની દરખાસ્ત

(૩) સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ-૧૭, ૧૮, ૨૦, અને ૯.

પ્રસ્તાવના

જા. નં. નધણ/૩-૩/૭૬૧/૩૪૭.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. જિલ્લા પંચાયત અમદાવાદના નોંધણી ક્રમાંક :ઘ' ૧૧૦૧૦ તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૦ થી રત્નદીપ વટવા કો.ઓ. હા. સો. લી. અમદાવાદની નોંધણી થયેલી છે. જેને સદર મંડળીએ વિભાજનથી બે મંડળીમાંની રચના કરવા તેમના નામ સામે જણાવેલ નીચે મુજબની જમીન ફાળવેલ છે.

૧	રત્નદીપ વટવા કો.ઓ.હા.સો.લી.	મોજે વટવા સર્વે નં. ૮૧૪/૨ પૈકી ફા. પ્લોટ નં. ૭૭ ટી. પી. નં. ૧૦૬ની ૯૮૦૧ ચો. વા. જમીન
૨	રત્નદીપ ઈસનપુર કો.ઓ.હા.સો. લી.	મોજે દાણીલીમડાના સર્વે નં. ૭૨પૈકી ફા. પ્લો. નં. ૩૮૯ ટી. પી. નં. ૩૭ ૧૪૨૦૦ ચો. વા. જમીન.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૭ (૨) અનુસાર વૈધાનીક કાર્યવાહી કર્યા અંગેની માહિતી મંડળીએ પુરી પાડેલ છે. જે મંડળીની દરખાસ્ત સંપૂર્ણ વિગતે અને વિભાજનની યોજના સહિત રજુ થયેલ છે.

સબબ મંડળીની દરખાસ્ત ગ્રાહય રાખી ગુજરાત સ. મં. ઓના અધિનિયમ-૧૭ (૧)(ગ) મુજબ સદરહુ મંડળીનું એક મંડળીમાંથી બે મંડળીમાંના વિભાજન કરવા છેવટની મંજુરી આપતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

સને ૧૯૬૧ના ગુજરાત સ. મં. ઓના અધિનિયમની કલમ ૧૭(૧) અન્વયે પ્રાપ્ત થતી સત્તાની રૂએ હું એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર) અમદાવાદનું નીચેની બે મંડળીઓમાં વિભાજન કરવાની આથી મંજુરી આપું છું.

૧	રત્નદીપ વટવા કો.ઓ.હા.સો.લી. વટવા, અમદાવાદ	'ઘ'૧૪૩૩૫/તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૧
૨	રત્નદીપ ઈસનપુર કો. ઓ. હા. સો.લી.ઈસનપુર, અમદાવાદ.	'ઘ'૧૪૩૩૬/તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૧.

સદરહુ વિભાજનથી અસ્તીત્વમાં આવતી આ બે મંડળીઓની સને ૧૯૬૧ના ગુજરાત સ. મં. ઓના અધિનિયમની કલમ'૯' અન્વયે નોંધણી કરવામાં આવે છે. તથા આજ અધિનિયમની કલમ-૨૦(૧) હેઠળ હાલની રત્નદીપ વટવા કો. ઓ. હા સો. લી. અમદાવાદની નોંધણી ક્રમાંક :૧૧૦૧૦ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૮૩ને આથી રદ કરું છું. તેમજ તેજ અધિનિયમની કલમ-૨૦ (૩) મુજબ આ હુકમની તારીખથી હાલની રત્નદીપ વટવા કો. ઓ.હા.સો.લી. અમદાવાદના નોંધણી ક્રમાંક :ઘ-૧૧૦૧૦ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૮૩ને વિસર્જિત થયેલ તેમજ સંસ્થાપિત મંડળી તરીકે અસ્તીત્વ માં હોતી બંધ થયેલી જાહેર કરું છું.

અમદાવાદ, તારીખ ૨જી માર્ચ ૧૯૯૧.

વંચાણે લીધા

(૧) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના ક્રમાંક-ઘ-૯૮૧૧, તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૮૨.

(૨) હરિપ એપા. (પાલડી) કો. ઓ. હા. સોસાયટી લી. અમદાવાદ વિભાજન બાબતે તારીખ ૫મી ફેબ્રુઆરી ૧૯૯૧ ના રોજની દરખાસ્ત.

(૩) સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૭/૧૮/૨૦ અને ૯.

પ્રસ્તાવના

જા. નં. નધણ/૩-૩/૭૮૦/૫૭૬/૯૧.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના નોંધણી ક્રમાંક: ઘ-૯૮૧૧ તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૮૨ થી હરિપ એપા. (પાલડી) કો. ઓ.હા.સો.લી. અમદાવાદની નોંધણી થયેલી છે જેને સદર મંડળીએ વિભાજનથી બે મંડળીમાંની રચના કરવા તેમના નામ સામે જણાવેલ નીચે મુજબની જમીન ફાળવેલ છે.

(૧)	હરિપ એપા. (પાલડી) કો.ઓ. હા.સો.લી. વિભાગ-૧.	મોજે પાલડી સર્વે નં ૮૪/૪ પૈકી, ફા. પ્લોટ નં: ૧૪૬ ટી. પી. નં. ૬ની ૧૨૭૯ચો. મીટર જમીન.
(૨)	હરિપ એપા. (પાલડી) કો.ઓ. હા.સો.લી. વિભાગ-૨.	મોજે પાલડીના સર્વે નં.૮૪/૪ પૈકી ફાઈનલ પ્લોટ નં. ૧૪૬ ટી. પી. સ્કીમ નં. ૬ ૮૪૫ ચો. મીટર જમીન.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૭(૨) અનુસાર વૈધાનીક કાર્યવાહી કર્યા અંગેની માહીતી મંડળીએ પુરી પાડેલ છે. જે મંડળીની દરખાસ્ત સંપુર્ણ વિગતે અને વિભાજનની યોજના સહિત રજુ થયેલ છે.

INDEX

સબબ મંડળીની દરખાસ્ત ગ્રાહ્ય રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૭(૧) (ગ) મુજબ સદરહુ મંડળીનું એક મંડળીમાંથી બે મંડળીમાના વિભાજન કરવા છેવટની મંજૂરી આપતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

હુકમ

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૭(૧) અન્વયે પ્રાપ્ત થતી સત્તાની રુએ હું એન. એસ. જોષી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, નીચેની બે મંડળીઓમાં વિભાજન કરવાની આથી મંજુરી આપુ છું.

(૧) હરિષ એપા. (પાલડી) કો.ઓ. ઘ-૧૪૩૩૮/તા. ૧૨મી માર્ચ હા. સો. લી. વિ-૧ શાંતીવન ૧૯૯૧
પાસે, પાલડી અમદાવાદ-૭

(૨) હરિષ એપા.(પાલડી)કો.ઓ. ઘ-૧૪૩૩૯/તા. ૧૨મી માર્ચ હા. સો. લી વિ-૨ શાંતીવન ૧૯૯૧
પાસે, પાલડી અમદાવાદ-૭

સદરહુ વિભાજનથી અસ્તીત્વમાં આવતી આ બે મંડળીઓની સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે નોંધણી કરવામાં આવે છે. તથા આજ અધિનિયમની કલમ-૨૦ (૧) હેઠળ હાલની હરિષ એપા. (પાલડી) કો.ઓ. હા.સો.લી. અમદાવાદની નોંધણી ક્રમાંક ઘ-૯૮૧૧ તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૮૨ ને આથી રદ કરું છું તેમજ તેજ અધિનિયમની કલમ-૨૦(૩) મુજબ આ હુકમની તારીખથી હાલની હરિષ એપા. (પાલડી) કો.ઓ.હા.સો.લી. અમદાવાદના નોંધણી ક્રમાંક :ઘ-૯૮૧૧/ તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૮૨ને વિસર્જિત થયેલ તેમજ સંસ્થાપિત મંડળી તરીકે અસ્તીત્વમાં હોતી બંધ થયેલી જાહેર કરું છું

અમદાવાદ, તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૧.

વંચાણે લીધા.

૧ આ કચેરીના તારીખ ૮મી ફેબ્રુઆરી ૧૯૯૦નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ/૧૧૮/૯૦.

૨ સહકારી અધિકારી શ્રી (ફડચો) નં-૧ લગત સદર કચેરીનો તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૨નો પત્ર નં. ફડચ/ફ-૧/૩૭/૯૧.

૩ ગુ.રા. સહ. મંડળીઓના અધિનિયમ ૧૯૬૧નાં કલમ-૨૦ (૧) ની જોગવાઈ

હુકમ

જા નં ફડચ/૦૧/ઘ-૧/૨૩૫/૯૧.—ધી ગીરનાર સ્કુટર એમ્પ્લો. કો. ઓ. સો. લી. અમદાવાદની નોંધણી ક્રમાંક ૧૩૪૮૪ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૭૬ ની રજીસ્ટર કરવામાં આવેલ હતી. જેને જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૧૧૮/૯૦ તારીખ ૮મી ફેબ્રુઆરી ૧૯૯૦ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવેલ છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૧.

વંચાણે લીધા :

૧. આ કચેરીના તારીખ ૬ઠ્ઠી જુલાઈ ૧૯૮૭નો ફડચાનો અંતિમ હુકમ ફડચ/૧૫૩/ઘ-૧/૨૫૫૧.

૨ સહકારી અધિકારીશ્રી (ફડચો-૧) લગત કચેરીના તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૧ ના પત્ર નંબર ફડચ/ફ-૧/૮૦/૯૧.

૩. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

હુકમ

જા નં. ફડચ/૧૫૩/ઘ-૧/૩૬૨/૯૧/૩૯૫૩.—ધી સુંદર કન્ઝ્યુમર્સ કો. ઓપ. સો લી. કુબેરનગર, અમદાવાદની નોંધણી સી-૩૩૬૨ તા. ૩૦મી સપ્ટેમ્બર ૧૯૫૭ થી રજીસ્ટર કરવામાં આવેલ હતી જેને જિલ્લા રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના હુકમ ક્રમાંક ફડચ/૧૫૩/ઘ-૧/૨૫૫૧/તારીખ ૬ઠ્ઠી જુલાઈ ૧૯૮૭ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓમાં અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવેલ છે. અને સદરહું કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૧.

વંચાણે લીધા

(૧) આ કચેરીના તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૧૯૮૭ના અંતિમ હુકમ નંબર-સકક-૦૧/અ/૧૯૦/૩૪૩

(૨) ફડચા અધિકારીશ્રી ધી મહીલા કન્ઝ્યુમર્સ કો. ઓપ. સો.લી. ના તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૯ના પત્ર નં. ફડચ/ફ-૧/૬૯/ ૯૦થી નોંધણી રદની દરખાસ્ત.

(૩) રજિસ્ટારશ્રી સ. મં. ગુ. રા. ગાંધીનગર તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૧ના નાણાંકીય બુક એડજેસ્ટમેન્ટ ક્રમાંક ગસભ/૧૬૮૪/ /છ/ ૩૦૩/૯૧ થી રૂા. ૩૫૦૦.૦૦ સરકારી લ્હેણાની માંડવાળનો પત્ર.

(૪) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦(૧) ની જોગવાઈ.

હુકમ

જા. નં. ફડચ/૧૯૦/ઘ/૩૬૩/૯૧/૩૮૦૬.—ધી મહીલા કન્ઝ્યુમર્સ કો. ઓપ. સો. લી. અમદાવાદની નોંધણી સી ૩૫૨૪ તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૫૯ થી રજીસ્ટર કરવામાં આવેલ હતી. જેને જિલ્લા રજિસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના હુકમ ક્રમાંક સકક/૦૧/અ/૧૯૦/૩૪૩ તા. ૧૩મી ફેબ્રુઆરી ૧૯૮૭થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ ૧૧૪(૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવેલ છે અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૧.

INDEX

વંચાણે લીધા :—

૧ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના ક્રમાંક ઘ-૭૦૧૫ તારીખ ૧૮મી એપ્રિલ ૧૯૭૮.

૨ નશેમન ગર્વમેન્ટ સરવન્ટ કો. ઓ. હા, સો.લી. અમદાવાદના વિભાજન બાબતે તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૧ ના રોજની દરખાસ્ત

૩ સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯૬૧ ની કલમ-૧૭ ૧૮, ૨૦ અને ૯.

પ્રસ્તાવાના :

જા નં નધણ/ક-૩/૮૦૪/૫૪૮/૫૦૭૨ /૯૧.—જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના નોંધણી ક્રમાંક ઘ-૭૦૧૫ તારીખ ૧૮મી એપ્રિલ ૧૯૭૮ થી નશેમન ગર્વમેન્ટ સરવન્ટ કો. ઓ. હા. સો. લી. અમદાવાદની નોંધણી થયેલી છે. જેની સદર મંડળીએ વિભાજનથી ત્રણ મંડળીઓને રચના કરવા તેમના નામ સામે જણાવેલ નીચે મુજબની જમીન ફાળવેલ છે.

૧ અવની ટાવર્સ કો. ઓ. હા. સો. લી.	મોજે વાસણાના સર્વે નં. ૧૫૭ પૈકી ફાઈનલ પ્લોટ નંબર ૬૩૪ સબ પ્લોટ નં. ૧ ટી. પી. સ્કીમ નં-૨૧ ની ૧૬૪૭ ચો. મી. જમીન.
૨ કલ્પના પાર્ક કો. ઓ. હા. સો લી.	મોજે વાસણાના સર્વે નં. ૧૦૯/૨ પૈકી ફાઈનલ પ્લોટ નં. ૨૦ ટી. પી. સ્કીમ નં. ૨૬ની કુલ ૮૭૫૫ ચો. મી. જમીન
૩ કલ્પના એવન્યુ કો. ઓ. હા. સો. લી.	મોજે વાસણાના સર્વે નં ૧૫૭ પૈકી ફાઈનલ પ્લોટ નં.૬૩૪ સબ પ્લોટ નં. ૨ ટી. પી. સ્કીમ નંબર ૨૧ ની કુલ ૧૬૪૭ ચો.મીટર જમીન

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૭ (૨) અનુસાર વૈધાનિક કાર્યવાહી કર્યા અંગેની માહિતી મંડળીએ પૂરી પાડેલ છે જે મંડળીની દરખાસ્ત સંપૂર્ણ વિગતે અને વિભાજનની યોજના સહીત રજુ થયેલ છે.

સબબ મંડળીની દરખાસ્ત ગ્રાહ્ય રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૭ (૧) (ગ) મુજબ સદર હુ મંડળીનું એક મંડળીમાંથી ત્રણ મંડળીઓમાં વિભાજન કરવા છેવટની મંજુરી આપતો નીચે મુજબનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૭ (૧) અન્વયે પ્રાપ્ત થતી સત્તાની રૂએ હું એન. એસ. જોષી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ નીચેની ત્રણ મંડળીઓનું વિભાજન કરવાની આથી મંજુરી આપુ છું.

૧ અવની ટાવર્સ કો. ઓ. હા. સો.લી, શ્રેયસ ઘ-૧૪૩૪૨/ ક્રોસીંગ પાસે આંબાવાડી અમદાવાદ-૧૫ તા. ૨૨-૪-૧૯૯૧

૨ કલ્પના પાર્ક કો. ઓ. હા. સો.લી. જયદીપ ઘ-૧૪૩૪૩/ ટાવર્સ સામે, પાલડી, અમદાવાદ-૭ તા. ૨૨-૪-૧૯૯૧

૩ કલ્પના એવન્યુ કો. ઓ. હા. સો.લી. શ્રેયસ ઘ-૧૪૩૪૪/ ક્રોસીંગ પાસે, આંબાવાડી અમદાવાદ-૧૫ તા. ૨૨-૪-૧૯૯૧

સદરહુ વિભાજનથી અસ્તીત્વમાં આવતી આ ત્રણ મંડળીઓની સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ- ૯ અન્વયે નોંધણી કરવામાં આવે છે તથા આજ અધિનિયમની કલમ-૨૦ (૧) હેઠળ હાલની નશેમન ગર્વમેન્ટ સર્વન્ટ કો. ઓ. હા. સો. લી. અમદાવાદની નોંધણી ક્રમાંક ઘ-૭૦૧૫ તારીખ ૧૮મી એપ્રિલ ૧૯૭૮ને આથી રદ કરૂ છું તેમજ તેજ અધિનિયમની કલમ-૨૦(૩) મુજબ આ હુકમની તારીખથી હાલની નશેમન ગર્વમેન્ટ સર્વન્ટ કો.ઓ.હા.સો.લી.અમદાવાદ ના નોંધણી ક્રમાંક ઘ-૭૦૧૫ તારીખ ૧૮મી એપ્રિલ ૧૯૭૮ ને વિસર્જીત થયેલ તેમજ સંસ્થાપીત મંડળી તરીકે અસ્તિત્વમાં હોતી બંધ થયેલી જાહેર કરૂ છું.

અમદાવાદ, તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૧.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૮૪નાઅં હુકમ નંબર ફડચ/૧૮૮/ગ/૨૦૬૬/૮૪

(૨) ફડચા અધિકારીશ્રી ધી અનુપમ ગ્રાહક સહકારી ભંડાર લી. ના તારીખ ૨૫મી માર્ચ ૧૯૯૧ ના પત્ર નં ફડચ/૧/૭૯/૯૧ થી નોંધણી રદની દરખાસ્ત

(૩) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦(૧) ની જોગવાઈ.

હુકમ

જા. નં. ઉખાસ/ફડચ/૧૮૮/ઘ-૧/૪૫૭/૯૧/૫૨૫૯.—ધી અનુપમ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદની નોંધણી ભ-૨૯૧૨ તારીખ ૨૫મી જુન ૧૯૭૧ થી રજીસ્ટર કરવામાં આવેલ હતી. જેને જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના હુકમ ક્રમાંક ફડચ/૧૮૮/૦૧/૨૦૬૬/૮૪ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ -૧૯૬૧ની કલમ ૧૧૪(૨)(૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવેલ છે. અને સદરહું કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨૩મી એપ્રિલ ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૮ ના અંતિમ હુકમ નંબર ફડચ/૭૩/ઘ-૧/૧૫૭૧/૮૮

(૨) ફડચા અધિકારીશ્રી ધી અદ્યતન આદર્શ ગ્રાહક સહકારી ભંડાર લી. ના તારીખ ૧લી મે ૧૯૯૧ ના પત્ર નં. : ફડચ/ફ-૧/૧૧૦/૯૧ થી નોંધણી રદની દરખાસ્ત.

(૩) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

હુકમ

જા. નં. : ફડચ/૦૧/ઘ-૧/૫૬૬/૯૧.—ધી અદ્યતન આદર્શ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદની નોંધણી ભ-૧૨, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૬૨ થી રજિસ્ટ્રાર કરવામાં આવેલ હતી. જેને જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના હુકમ ક્રમાંક : ફડચ/૭૩/ઘ-૧/૧૫૭૧/૮૮ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવેલ છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૭મી મે, ૧૯૯૧.

એન. એસ. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

INDEX

વંચાણે લીધા :—

(૧) આ કચેરીની તારીખ ૨૧મી મે, ૧૯૯૧ ક્રમાંક.......... કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

જાવક નંબર ફડચ/૦૧/ઘ-૨/૧૦૧૮/૧૯૯૧.—ધી ન્યુ સીવીલ કો. ઓપ. હા. સો. લી., નોંધણી ક્રમાંક જી-૭૫૬૮, તારીખ .... થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે. સંસ્થા જે ઉદ્દેશો માટે નોંધાયેલ છે તે ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટિ સભ્યોને મંડળીના કામકાજમાં રસ નથી સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળીના પેટા નિયમો ની જોગવાઈને આધિન જે તે કાર્ય વિસ્તાર પુરતાં મર્યાદિતને આધિન નોંધાયેલ છે. તે મુજબ કામગીરી નથી.

ઉપરોકત કારણોસર સંસ્થાને, શાં માટે ફડચામાં ન લઈ જવી તથા ફડચા અધિકારીની નિમણુંક શાં માટે ન કરવી તે સબબ અત્રેની કચેરી એથી તારીખ ૨૧મી મે, ૧૯૯૧ ના રોજ ક્રમાંક .... થી કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત યા મૌખિક કોઈ રજુઆત થયેલ નથી. રજુઆત લેખિત-મૌખિક તારીખ .... થી થયેલ છે જેમાં .... થયેલ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી, અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે

વચગાળાનો હુકમ

હું એચ. એમ. સૈયદ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) .... અન્વયે ધી ન્યુ સીવીલ કો. ઓ હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની સદરહું કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે.

આ હુકમથી એકમાસની અંદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજુઆત નહીં થાય તો મંડળી ને ફડચામાં લઈ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧ /૧૯૧ /૧૯૫ /૯૧.

(૨) સહ. અધિ. ફડચા-૧ ની તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૧ ની પુન : જીવિતની દરખાસ્ત.

(૩) ગુજરાત સ. મં. ઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯ ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં : ફડચ/૦૧/ઘ-૨/૧૦૭૦/૯૧.—ધી કલ્પતરૂ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ એ ગુજરાત સ મં. ઓના અધિનિયમ-૧૯૬૧ કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે. તેનો રજિ .નં. ભ-૨૯૨૫/૭૮ છે.

સંદર્ભ (૧) થી સદરહું મંડળીને તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૧/૧૯૫ થી ફડચામાં લઈ જવાને અંતિમ હુકમ કરવામાં આવેલ હતો જેના અનુસંધાને ફડચા અધિકારીએ મંડળીનો ચાર્જ તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૧ ના રોજ મળેલ છે.

ફડચા મંડળીના પ્રમુખશ્રીએ ફડચા મંડળીની કમિટિવાળી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૧ ના રોજ મજકૂર મંડળીને પુન : જીવિત કરવા બાબતે અત્રે અનુમાન કરતાં જણાવેલ છે. કે મંડળીના કારોબારી સભ્યો તથા અન્ય સભાસદો જીવન-જરૂરિયાતની ચીજ-વસ્તુઓ મળી શકે તે હેતુથી થોડોક સમય ફાળવી મંડળીને પુન : જીવિત કરવા અરજ કરેલ છે.

સંદર્ભ (૨) થીજતા ફડચા અધિકારીએ મંડળીની વિનંતી ધ્યાનમાં લેતા નવા સભાસદો ઉભા કરી નવી કમિટીની રચના કરી મંડળીને પુન : કાર્યરત કરવાની ખાત્રી આપતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯ (ખ) મુજબ મંડળીને પુન : જીવિત કરવા કેટલીક શરતોને આધીન રહીને પુન : જીવિત કરવા ભલામણ કરેલ છે. જે ધ્યાનમાં લેતાં નીચે મુજબનો હુકમ કરવાનું મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું એચ. એમ. સૈયદ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૯ (ખ) મુજબ મળેલ સત્તાની રૂએ ધી કલ્પતરૂ સહકારી ગ્રાહક ભંડાર લી., અમદાવાદને નીચેની શરતોને આધીન રહીને પુન :જીવિત કરવા માટેનો હુકમ કરવામાં આવે છે.

શરતો

(૧) મંડળીને પુન : જીવિત થયેથી શેરભંડોળ સભાસદો તથા કાર્યક્ષેત્ર વધારવા પ્રયત્નો કરવા.

(૨) મંડળીએ પુન : જીવિત થયેથી નવી કારોબારીની રચના કરી જીવન જરૂરી ચીજ-વસ્તુઓનું વિતરણ કરવાની પ્રવૃત્તિ સહકારી ધોરણે આદરવી.

(૩) મંડળીના જે ઉદ્દેશો છે તે ઉદ્દેશો બર લાવવા સારું બેંક તેમજ અન્ય પાસેથી ધિરાણ મેળવીને પણ પ્રગતિ કરવી.

(૪) ઉદ્દેશો બર લાવવામાં મંડળી નિષ્ફળ જશે તો ખાતાના ઓડિટર મારફતે ઓડીટ કરાવી યા ઈન્સ્પેકશન ખાતાના કર્મચારી / અધિકારી મારફતે કરાવી રીપોર્ટ મળેથી પુન : ફડચાની કાર્યવાહી હાથ ધરાશે.

(૪) ઉપર મુજબની શરતોનું ચૂસ્તપણે પાલન થાય તે સારૂ તેની પ્રગતિની વિગતો બે માસમાં અત્રે આપવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) શ્રી રજિસ્ટ્રાર સ. મં. ગુ. રા., ગાંધીનગર નો પત્ર ક્રમાંક ઘરમ-ત-૪ / ૦૨/૯૫/૯૦, તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૧

(૨) આ કચેરીના તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૦ ક્રમાંક નોટીસ ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૧

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઈ

INDEX

જાવક નંબર ફડચ / ૦૧ /ઘ-૨ / ૧૦૭૧/૧૯૯૧.— ધી સીતાનગર કો.-ઓપ. હા. સો. લી., નોંધણી ક્રમાંક ૪૨૧૨ તારીખ ૧૪મી ડિસેમ્બર ૧૯૭૦ થી સહકારી કાયદાની હેઠળ નોંધાયેલ છે. સંસ્થ જે ઉદ્દેશો માટે નોંધાયેલ છે તે ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટિ સભ્યને મંડળીના કામકાજમા રસ નથી. સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળીના પેટા નિયમોની જોગવાઈને આધિન જેતે કાર્યવિસ્તાર પુરતા મર્યાદિત નોંધાયેલ છે. અને તે ઉદ્દેશો મુજબ કામગીરી કરતા નથી.

ઉપરોકત કારણસર સંસ્થાને શાં માટે ફડચામાં ન લઈ જવી તથા ફડચા અધિકારીની નિમણુંક શાં માટે ન કરવી તે સબબ અત્રેની કચેરીએથી તારીખ ઉપર મુજબ ના રોજ ક્રમાંક .... થી નોટીસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત યા મૌખિક કોઈ રજુઆત થયેલ નથી રજુઆત લેખિત કે મૌખિક તારીખ .... થયેલ છે. જેમાં ....થયેલ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું એચ. એમ. સૈયદ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭(૧) .... અન્વયે ધી સીતાનગર કો. ઓપ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, શહેર અમદાવાદનો સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે નિમણુક કરવામાં આવે છે. આ મુજબની એક માસની અંદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજઆત નહી થાય તો મંડળી ને ફડચામાં લઈ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ; તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) વિક્રમ કો. ઓપરેટીવ બેંકને કાલુપુર કોમર્શીલ કો. ઓપરેટીવ બેંક લી., અમદાવાદ સાથે સંયોજિત કરવાની યોજના.

(૨) વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી , અમદાવાદની ખાસ સાધારણ સભાનો તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૯૧ નો ઠરાવ.

(૩) ધી કાલુપુર કોમર્શલ કો. ઓપરેટીવ બેંક લી , અમદાવાદની ખાસ સાધારણ સભાનો તારીખ ૨૧મી મે, ૧૯૯૧નો ઠરાવ.

(૪) રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા, અમદાવાદનો પત્ર ક્રમાંક આર. આઈ. એચ /૯(૨૭૦) ૧૯૯૧--૯૨, તારીખ ૮મી ઓગષ્ટ ૧૯૯૧ નો પત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧, કલમ ૧૭, ૧૮.

પ્રસ્તાવના

ક્રમાંક અપણ / નસબ / ૧/ચ/૧૦૧૭/૯૧.— વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી , અમદાવાદ, શરુઆતમાં આદર્શ કો. ઓપરેટીવ બેંક લી., અમદાવાદ રજિસ્ટર નંબર ૧૨૪૪૮, તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૬૪ થી સહકારી કાયદા ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. વિક્રમ કો. ઓપ. બેંકની કથળતી જતી આર્થિક સ્થિતિ, સહકારી બેંકીંગ પ્રવૃત્તિના હીત તથા થાપણદારો, સભાસદો અને બેંકના સમગ્ર હીતને ધ્યાનમાં લેતાં કાલુપુર કોમર્શ્યલ સહકારી બેંક સાથે સ્વૈચ્છિક રીતે સંયોજિત થવાની દરખાસ્ત તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૦ ની મીટિંગમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા, અમદાવાદ ડીસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેંક લી , કાળુપુર કોમર્શ્યલ કો. ઓપરેટીવ બેંક લી., અને સહકારી ખાતાના પ્રતિનિધિઓ સમક્ષ રજુ થયેલ અને કાળુપુર કોમર્શ્યલ કો. ઓપરેટીવ બેંક સાથે વિક્રમ કો. ઓપરેટીવ બેંકને સંયોજિત કરવાની યોજનાને સાથે સામેલ એનેક્ષર "એ" મુજબ સર્વાનુમતે મંજુરી આપવામાં આવેલ.

વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી., અમદાવાદ તથા કાળુપુર તથા કાળુપુર કોમર્શ્યલ કો. ઓપરેટીવ બેંક અમદાવાદે સંબંધિત સભ્યોને આ સંબંધમાં નોટીસો મોકલાવેલ છે. તથા વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી., તરફથી તારીખ ૬ ઠ્ઠી મે, ૧૯૯૧ ની તથા કાળુપુર કોમર્શલ કો. ઓપરેટીવ બેંક લી , અમદાવાદ તરફથી તારીખ ૨૧મી મે, ૧૯૯૧ ના રોજ ખાસ સાધારણ સભામાં વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી. ને કાળુપુર કોમર્શલ કો. ઓપરેટીવ બેંક અમદાવાદ સાથે સંયોજિત કરવા સર્વાનુમતે ઠરાવ થયેલ છે અને કોઈપણ જાતના વાંધા, કોઈપણ સભ્યો તરફતથી ઉપસ્થિત થયેલ નથી.

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા, અમદાવાદના પત્ર ક્રમાંક આર.ઈ.એચ. (૯)-(૨૭૦)-૧૯૯૧--૯૨, તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૧ ના પત્રથી વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી., અમદાવાદને કાલુપુર કોમર્શ્યલ કો. ઓપરેટીવ બેંક લી., અમદાવાદ સાથે સંયોજિત કરવા ની મંજૂરી આપેલ છે. જેથી હવે વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી., ને કાલુપુર કોમર્શ્યલ કો. ઓપરેટીવ બેંક લી., સાથે સંયોજન કરતો નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

હુકમ

હું, એચ. એમ. સૈયદ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, શહેર અમદાવાદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧- અન્વયે મને મળેલ સત્તાની રૂએ સહકારી અધિનિયમ સને ૧૯૬૧ ની કલમ ૧૭ અન્વયે અને કલમ ૧૧૫ (એ((૨) ની શરતો પૂર્ણ થતી અને વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી., અમદાવાદે તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૯૧થી ધી કાલુપુર કોમર્શ્યલ કો. ઓપરેટીવ બેંક લી., ની તારીખ ૨૧મી મે, ૧૯૯૧ની ખાસ સાધારણ સભાએ મંજુર કરેલ સંયોજનની યોજના અને નીચે સૂચવેલ સુધારાને આધિન રહીને વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી., અમદાવાદને ધી કાલુપુર કોમર્શ્યલ કો. ઓપરેટીવ બેંક લી., સાથે તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના બેકીંગ સમય પૂરે થયાથી સંયોજન કરવાનો હુકમ કરું છું.

સંયોજન યોજના કરવાના રહેતા સુધારા :

Scheme for amalgamation.

Modification of paragraphs 5.6 of the scheme as under :

Add the following at the end of the paragraphs For a period of 5 years, subject to review there after which has formal approved of this office.

2 Para 5.7 (iii) of the draft scheme that the borrower member of the transferor bank will not to made to purchase additional shares so as to ensure compliance with linking of shave linking to borrowing.'

અમદાવાદ, ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

સંદર્ભમાં વાંચ્યો :—

(૧) આ કચેરીના હુકમ ક્રમાંક અષણ / નસબ / ચ / ૧ / ૧૦૧૭/૯૧, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧

(૨) રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાનો આર. ઈ. એચ. ૯(૨૭૦) ૧૯૯૧-૧૯૯૨, તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૧ નો પત્ર.

આમુખ

ક્રમાંક અષણ / નસબ / ૦૧ / ચ / ૧૦૧૮/૯૧.— આ કચેરીના હુકમ ક્રમાંક અષણ / નસબ / ૧ / ચ / ૧૦૧૭, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ થી વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી., અમદાવાદને ધી કાલુપુર કોમશ્યંલ કો. ઓપરેટીવ બેંક લી., સાથે સંયોજન કરવાનો હુકમ કરવામ આવેલ છે. જેથી હવે વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી., અમદાવાદની નોંધણી રદ કરવાની રહે છે. આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. એમ. સૈયદ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, શહેર- અમદાવાદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ અન્વયે મને મળેલ સત્તાની રુએ વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી., અમદાવાદનું ધી કાલુપુર કોમર્શલ કો. ઓપરેટીવ બેંક લી., સાથે સંયોજન આ કાર્યાલયના હુકમ ક્રમાંક અષણ / નસબ / ૧-ચ / ૧૦૧૭ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૨૦(૧) અને ક-૧૧૫-અ ની શરતો પૂર્ણ થવા અન્વયે વિક્રમ કો. ઓપરેટીવ બેંક લી., (આદર્શ કો. ઓપરેટીવ બેંક લી., અમદાવાદ) નોંધણી ક્રમાંક ૧૨૪૪૮, તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૭૪ ની નોંધાણી આથી રદ કરું છું અને ઉકત કાયદાની કલમ ૨૦(૩) અન્વયે સદર સહકારી બેંક તરીકે વિસર્જીત થયેલ અને સંસ્થાપિત થયેલી બેંક તરીકે તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ થી અસ્તિત્ત્વમાં હોવી બંધ જાહેર કરું છું.

અમદાવાદ, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

સંદર્ભ વાંચ્યો :

૧. રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજય ગાંધીનગરના હુકમ ક્રમાંક-નસબ/૦૭૫૭/બ/૮૯૨/૯૧, તારીખ ૨૬મી જુન ૧૯૯૧

આમુખ

જા. નં. નસબ/૦૧/ચ-૧/૧૦૩૦/૯૧/૧૫૩૧૫ :—રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરના ઉકત સંદર્ભ-૧માં નિદેશ કરેલ હુકમ અન્વયે ધી સીટી કો. ઓ. બેંક લી. અમદાવાદ નોંધણી ક્રમાંક નં. સે. ૧૬૨૫૮/૧૯૭૯ તારીખ ૩જી જુલાઈ ૧૯૭૯નું ધી ડેવલપમેન્ટ કો. ઓ. હા. બેંક લી. મુંબઈ સાથે આ સંયોજન કરવામાં આવેલ છે જેથી હવે ધી સીટી કો. ઓ. બેંક લી. અમદાવાદની નોંધણી રદ કરવાની રહે છે. આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એચ. એમ. સૈયદ, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (શહેર), અમદાવાદ ગુજરાત સહકારી મંડળીઓ ના અધિનિયમ સને ૧૯૬૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ધી સીટી કો. ઓ. બેંક લી. અમદાવાદનું ઉકત સંદર્ભ-૧માં જણાવેલ હુકમથી ધી ડેવલપમેન્ટ કો. ઓ બેંક લી. મુંબઈ સાથે સંયોજન થવાથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ ની કલમ ૨૦ (૧) અન્વયે ધી સીટી કો. ઓ. બેંક લી. અમદાવાદ નોંધણી નં. સે. ૧૬૨૫૮/૧૯૭૯ તારીખ ૩જી જુલાઈ ૧૯૭૯ ની નોંધણી આથી રદ કરૂ છું અને ઉકત કાયદાની કલમ-૨૦ (૩) અન્વયે સદર સહકારી બેંક તરીકે વિસર્જીત થયેલ અને સંસ્થાપિત થયેલી બેંક તરીકે અસ્તિત્વમાં હોતી બંધ થયેલી જાહેર કરૂ છું.

અમદાવાદ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૧.

વંચાણે લીધા :

૧. આ કચેરીના તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૮૬ ના ફડચાના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૧/ધ-૧/૧૨૦૯/૮૬.

૨. સહકારી અધિકારી ફડચ/૨ની તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૧ નોંધણી રદ **ની. દરખાસ્ત.**

૩. ગુજરાત સહકારી મંડણી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

હુકમ

જા. નં. ફડચ/૧/ધ-૨/૧૧૧૨/૯૧—૧૫૪૫૮ ધી વિષ સહકારી ગ્રાહક ભંડાર લી. મેઘાણીનગર, અમદાવાદને નોંધણી ક્રમાંકના **ભ-૩૩૮૪-તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૮૪ થી રજીસ્ટર કરવામાં આવેલ, જેને જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદના તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૮૬ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૪૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર** કરવામાં આવે છે અને સદરહું કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૧.

વંચાણે લીધા :

૧. શ્રી સહકારી અધિકારી (ગ્રાહક) અમદાવાદના પત્ર ક્રમાંક તારીખ ૨૧મી એપ્રિલ ૧૯૮૯

૨. આ કચેરીના તારીખ ૨૭મી ઓગસ્ટ ૧૯૯૦, ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૦, ૩૦મી ઓગસ્ટ ૧૯૯૧ ક્રમાંક ફડચ/૮૧/ધ-૨/૯૩૭/, ફડચ/૮૧/ધ-૨/૧૧૦૯, ફડચ/૮૧/ધ-૨/૯૬૫ ની નોટીસ

૩. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૧૧૮/૧૯૯૧/૧૫૪૬૬ :—ધી પ્રિયદર્શીની સહકારી ગ્રાહક ભંડાર લી. નોંધણી ક્રમાંકની જા-૩૫૨૧, તારીખ ૧૯૮૭ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે. સંસ્થા જે ઉદેશો માટે નોંધાયેલ છે તે ઉદેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટી સભ્યને મંડળીના કામકાજમાં રસ નથી. સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળીના પેટા નિયમોની જોગવાઈને આધિન જે તે કાર્યવિસ્તાર પુરતા મર્યાદિતને આધિન નોંધાયેલ છે અને તે ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.

ઉપરોકત કારણસર સંસ્થાને શા માટે ફડચામાં ન લઈ જવી તથા ફડચા અધિકારીની નિમણુંક શા માટે ન કરવી તે સબબ અત્રેની કચેરીએથી તા. ઉપર મુજબ ના રોજ ક્રમાંક ઉપર મુજબથી રૂબરૂ રજુઆત માટે નોટીસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત યા મૌખિક કોઈ રજૂઆત થયેલ નથી. રજુઆત લેખિત કે તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૧ થી થયેલ છે જેમાં થયેલ રજુઆત ગ્રાહય રાખવામાં આવતી નથી અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો હુકમ

હું એચ. એમ. સૈયદ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૯૧ ની કલમ-૧૦૭ (૧) અન્વયે ધી પ્રિયદર્શીની સહકારી ગ્રાહક ભંડાર લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) (૨) લગત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની સદરહું કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. આ મુજબની એક માસની અંદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજુઆત નહી થાય તો મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૧.

એચ. એમ. સૈયદ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
અમદાવાદ.

નં. ઉખસ/નધણ/ક-૩/સિદ્દૂ/૨૪૧૭૪/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી ત્રિવેણીપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ત્રિવેણીપુરા, તાલુકો દસ્ક્રોઈ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૧૭મી મે ૧૯૯૧.

નંબર ઉખસ/નધણ//૩૯૬/ક-૩/૧૧૫૧૬/૨૦/૩૦/૯૧—.આથી જાહેર કરે છે કે આદર્શ ગ્રાહક સહકારી ભંડાર લી મર્યાદિત સ્થળ વિરમગામ તાલુકો વિરમગામ જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ ને ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૩૧મી જૂલાઈ ૧૯૯૧.

નંબર ઉખસ/નધણ/ક-૩/૮૪૪/સે/૨૪૧૭૦/૯૧.—આથી જાહેર કરે છે કે રીબડી કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સ. મં. લી. મર્યાદીત સ્થળ રીબડી, તાલુકો વિરમગામ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૧.

નંબર ઉખસ/નધણ/ક-૩/૮૪૬/સે/૨૪૧૭૧/૯૧.—આથી જાહેર કરે છે કે ધીવાસણા (કુણપુર) ગ્રુપ કોટન સેલ જીનીંગ પ્રેસીંગ સમેલી મર્યાદિત સ્થળ વાસણા ૧(કુણપુર) તાલુકો વિરમગામ જીલ્લો અમદાવાદ

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

અમદાવાદ, તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૧.

નંબર ઘઉખસ/નધણ/ક-૩/૮૯૯/સિદૂ/૨૪૧૭૨/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી મોતીપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી મર્યાદિત સ્થળ મોતીપુરા, તાલુકો સાણંદ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૮મી મે, ૧૯૯૧.

નંબર ઉખસ/નધણ/ક-૩/૯૨૦/સિદૂ/૨૪૧૭૩/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી દંતાલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી મર્યાદિત સ્થળ દંતાલી, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૧૫મી મે ૧૯૯૧.

નંબર ઉખસ/નધણ/ક-૩/૧૨૩૦/સે/૨૫૮૨૧/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી કાવિઠા સરદાર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કાવિઠા, તાલુકે ધોળકા જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગસ્ટ ૧૯૯૧.

નંબર ઉખસ/નધણ/ક-૩/૧૨૩૨/ઉ/૫૪૨૨/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી અર્બુદા મજૂર કામદાર સહકારી મંડળી લી, મર્યાદિત સ્થળ અડાલજ, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગસ્ટ ૧૯૯૧.

નંબર ઉખસ/નધણ/૩૯૫/ક-૩/૧૨૬૨/ભ/૨૦૩૧/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી લક્ષ્મી સહકારી ગ્રાહક ભંડાર લી. મર્યાદિત સ્થળ સ્થળ વિરમગામ, તાલુકો વિરમગામ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૧.

નં. ઉખસ/નધણ/૪૨૭/ક-૩/૧૨૦૨/સે/૨૫૮૯૨/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રીકૃષ્ણગૃપ સહકારી ખેત ઉત્પાદન અને રૂપાંતર સ. મંડળી લી. મર્યાદિત સ્થળ, કટોસણ રોડ, તાલુકો વિરમગામ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૧.

નં. ઉખસ/નધણ/૪૧૦/ક-૩/૧૨૧૪/ઉ/૫૪૨૩/૯૧.—આથી જાહેર કરે છે કે ધી કરૂણેશ મજૂર કામદાર સ.મં, લી. મર્યાદિત સ્થળ આલમપુર, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૧.

નં. ઉખસ/નધણ/ક-૩/૧૨૨૦/સે/૨૫૮૨૩/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી છનીયાર દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ છનીયાર, તાલુકો વિરમગામ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૧.

નં. ઉખસ/નધણ/ક-૩/૧૨૨૨/સે/૨૫૮૨૪/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી હડમતાળ દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ હડમતાળ, તાલુકો ધંધુકા, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

નં. ઉખસ/નધણ/ક-૩/સે/૨૫૮૨૫/૯૧.—આથી જાહેર કરે છે કે ધી ધાકડી ગૃપ કો. ઓ. કોટનસેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સો. લી. મર્યાદિત સ્થળ ધાકડી, તાલુકો વિરમગામ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

નં. ઉખસ/નધણ/ક-૩/૧૨૮૯/ઉ/૫૪૨૪/૯૧.—આથી જાહેર કરે છે ગાંધીનગર જિલ્લા મજુર કામદાર સ. મં. લી. મર્યાદિત સ્થળ સરઢવ, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ની ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૧.

નંબર ઉખસ/નધણ/૩૯૨/ક-૩/૯૭/સેતે/ ૨૪૧૬૨/ ૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી કડાદરા ગૃપ તેલીબીયાં ઉત્પાદકોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કડાદરા, તાલુકો દહેગામ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૧.

નંબર ઉખસ/નધણ/૩૯૮/ક-૩/૧૩૯/સેતે/૨૪૧૬૩/૯૧.—આથી જાહેર કરે છે કે ધી કોલવડી ગૃપ તેલીબીયાં ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ કોલવડા, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

નંબર ઉખસ/નધણ/૪૦૩/ક-૩/૨૦૯/સે/૨૪૧૬૫/૯૧.—આથી જાહેર કરે છે કે અંબર કો. ઓ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી. મર્યાદિત સ્થળ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૭મી માર્ચ, ૧૯૯૧.

નં. ઉખસ/નધણ/ક-૩/૭૨૮/સેદૂ/૨૪૧૬૬/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી નભોઈ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ નભોઈ, તાલુકો ધંધુકા, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૧.

નં. ઉખસ/નધણ/ક-૩/૭૫૦/ઉ/૫૪૨૦/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી વિશ્વકર્મા કુશળ મજુર કામદાર સ. મં. લી. મર્યાદિત સ્થળ કાળી (ડી કેબીન), તાલુકો દસક્રોઈ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૧.

નં. ઉખસ/નધણ/૪૮૨/ક-૩/૭૬૨/ઉ/૫૪૨૧/૯૧—આથી જાહેર કરે છે કે શ્રી એકતા મજુર અને કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ચાંદખેડા, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

અમદાવાદ, તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૧.

નં. ઉખસ/નધણ/૩૯૧/ક-૩/૭૬૩ /સેદૂ/૨૪૧૬૭/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી લીંબડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ લીંબડ, તાલુકો વિરમગામ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

અમદાવાદ, તારીખ ૨૫મી માર્ચ ૧૯૯૧.

INDEX

નં. ઉખસ /નધાણ/૪૦૧/ક-૩/૭૬૫/સેદૂ/૨૪૧૬૮/૯૧.—આથી જાહેર કરે છે કે શ્રી મહાદેવપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મહાદેવપુરા, તાલુકો વિરમગામ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ
(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ધ્રખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૮/૯૬/ગ્રી, તારીખ ૨૭મી મે, ૧૯૯૧.
(૩) રજિસ્ટ્રારશ્રી સ.મં.ગુ.રા. અમદાવાદના હુકમ ક્રમાંક : ખસચ/૨-ક/૩૯૬૫, તારીખ ૧૮મી જુન, ૧૯૭૬.
(૪) અત્રેના કાર્યાલયની કારણદર્શક નોટીસ તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૦.
(૫) અત્રેના કાર્યાલયના વચગાળાના આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/ચ-૩/૨૮૨, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧.

ફડચાનો અંતિમ આદેશ

જા. નં. : ઉખસ/ફડચ/ચ ૩/૪૨૦/૯૦.—ધી સ્પોર્ટસમેન કો. ઓ. કન્ઝુ સ્ટોર્સ લી. તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર જેનો નોંધણી ક્રમાંક : ભ-૩૦૩૦. તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૮૦ થી નોંધાયેલી સધકારી મંડળી છે તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક : (૫ મુજબના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ચ-૩/૨૮૨, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઈ વાંધો, વિરોધ કે રજુઆત કરી હોય તે આદેશ થયાની એક માસની અંદર કરવા જણાવેલ મંડળીને વચગાળ નો આદેશ પ્રાપ્ત થઈ ગયેલ છે. અને મંડળી તરફથી કોઈ વાંધા-વિરોધ રજૂ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પૂર્વે મંડળીને સાંભળવાની વંચાણે લીધા ક્રમાંક (૪) મુજબની નોટીસથી તક આપવામાં આવેલા મંડળીને સાંભળવાની અપાયેલ તક અન્વયે મંડળી તરફથી કોઈ વાંધા વિરોધ કે રજઆત થયેલ નથી. વંચાણે લીધ ક્રમાંક (૫) ના વચગાળાની આદેશમાં મંડળીને આટોપી લેવાનો આદેશ કરવાચાં જે સંજોગો દર્શાવાયેલ છે તે સઘળા અસ્તિત્ત્વમાં હોવા ખાત્રી થવાથી અને મંડળી આટોપી લેવ નું અનિવાર્ય હેવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે

'અંતિમ આદેશ'

આથી હું, શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (રૂરલ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂઈએ ધી સ્પોટર્સમેન કો. ઓ કન્ઝુ. સ્ટોર્સ લી. મુ. ગાંધીનગર તાલુકો, ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર કે જે નોંધણી નંબર : ભ-૩૦૩૦, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૮૦થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ, ૧૯૬૧ની કચમ-૧૦૭ (૩) મુજબના કારણોસર આટોચી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક : (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરું છું.

અમદાવાદ, તારીખ ૨૧મી મે, ૧૯૯૧.

વંચાણમાં લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૨૯મી જુલાઈ ૧૯૮૬ ના ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/ચ-૩/૪૧૭/૮૬.
(૨) અત્રેની કચેરીના તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૭ ના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/ચ ૩ ૧૧૭/૮૭
(૩) ફડચા અધિકારી નં. ૧ નો મંડળીને પુન : જીવિત કરવા બાબત તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૮૪ અન્વયે અહેવાલ.
(૪) ધી અમદાવાદ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ નો તારીખ ૪થી જુન, ૧૯૯૦ ક્રમાંક : દૂધ પ્રા /આર /નોંધણી ક : ૨/૯૦/૯૧/૧૩૩, અન્વયે મંડળીને પુન : જીવીત કરવા બાબત ભલામણપત્ર
(૫) મંડળીને સભ્યોનું મંડળીને પુન : જીવિત કરવા બાબત નિવેદન

પ્રસ્તાવના

જા. ન : ઉખસ/ફડચ/ચ-૩/૫૯૯—ધી બારરોલી (કાદી) દૂધ ઉત્પાદક સ. મં. લિ., મુ બારટોલી (કાઠી), તા દહેગામ, જિલ્લો : અમદાવાદને અત્રેના ઉકત વંચાણે લીધા કોલમ નં. (૧) તેમજ (૨) અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ મંડળી સ્થગિત અવસ્થામાં હોવાથી મંડળીને ફડચામાં લઈ જવામાં આવેલ ઉકત વંચાણે લીધા કોલમ નં (૩) અન્વયે ફડચા અધિકારીશ્રીને (૧) ની રજુઆત અન્વયે મંડળી ચાલુ કરવામાં આવેલ છે. કોલમ નં. ૪ અન્વયે મંડળી તરફથી દૈનિક આશરે ૮૦ લીટર દૂધ એકત્રિત કરવામાં આવે છે મંડળીને પુન : જિવિત કરવા ધી અમદાવાદ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘે ભલામણ કરેલ છે. વંચાણમાં લીધા કોલમ નં (૫) અન્વયે મંડળીના સભ્યોને મંડળી ચલાવવામાં રસ હોવાથી તેમના ગામના ખાનગી વહેપારીઓ ખેડૂતોનું શોષણ ન કરે તે હેતુથી મંડળીને પુન : જીવીત કરવા નિવેદન આપેલ છે.

ઉકત મુજબ વંચાણે લીધા કોલમ નં. (૪) તેમજ (૫) મુજબ રજૂઆત થતા મંડળી એક અર્ધ એકમ તરીકે કામ કરી શકે તેમ જણાતા ધી બારડોલી (કાદી) દૂધ ઉત્પાદક સ. મં. લિ સહકારી કાયદાની કલમ-૧૦૭ અનુસાર ફડચામાં લઈ જવા પાત્ર થતી નથી. તેથી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૯ અન્વયે પુન : જીવીત કરવા નીચે મુજબ હુકમ કરું છું.

પુન : જીવીત કરવા અંગે હુકમ :

આથી હું શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (રૂરલ), અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ પ્રસ્તાવનામાં દર્શાવેલ વિગતે ધી બારડોલી (કાઢી) દૂધ ઉત્પાદક સ. મં. લિ. ને અત્રેથી મંડળીને ફડચામાં લઈ જવા તારીખ ૨૯મી માર્ચ, ૧૯૮૬ના રોજ કરેલ વચગાળાનો આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/ચ-૩/૪૧૪ તેમજ તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૮૭ ના રોજ કરેલ અંતિમ આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/ચ-૩/૧૧૭/૮૭ રદ કરવા તેમજ સહકારી કાયદાની કલમ-૧૯ અન્વયે મંડળીને પુન : જીવીત કરવા હુકમ કરું છું.

અમદાવાદ, તારીખ ૨૮મી જૂન, ૧૯૯૧.

વંચાણમાં લીધા :—

(૧) સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ
(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : લખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૪૪૯૬ તારીખ ૨૭મી મે, ૧૯૬૮
(૩) રજિસ્ટ્રારશ્રી સ મં ગુ રા ગાંધીનગરના તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૧ પત્ર ક્રમાંક ધરમ/૦૯૪/૧૬૪/ઝ/૮૦૯ અન્વયે સુચના
(૪) અત્રેની તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૧ તેમજ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ની કારણદર્શક નોટીસ.

INDEX

ઉપર દર્શાવેલ ક્રમાંક-૩ થી નીચે સહી કરનારને આપેલ સુચના મુજબ ધી જયબળીયાદેવ કો. ઓ. હાઉસીંગ સો. લિ. મુ. ઢેઢાલ, તા. ધોળકા જિ. અમદાવાદની સહકારી કાયદાની કલમ-૬ (૧) ની જોગવાઈઓને ધ્યાનમાં લીધા સિવાય આપની મંડળીની નોંધણી કરવામાં આવી છે. જે સહકારી કાયદાની કલમ-૧૦૭ (૧) (ખ) (૪) ની જોગવાઈ મુજબ ફડચામાં લઈ જવા પાત્ર થાય છે."

ઉકત સંજોગોને ધ્યાનમાં લેતા ઉકત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે

વચગાળાનો આદેશ

જાવક નંબર ફડચ/ચ-૩/૯૪૮/૯૧.—આથી હું શ્રી એ. વી. મછાર જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મં.(રૂરલ) અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ ધી જયબળીયાદેવ કો. ઓ. હાઉસીંગ સો. લિ. મુ. ઢેઢાલ, તા. ધોળકા, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ઘ-૧૨૧૮૩ તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૮૬ છે તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરું છું અને આજ અધિનિયમની કલમ ૧૦૮ (૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી નં. (૧), શ્રી વી. ડી. મારૂ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (રૂરલ) અમદાવાદને ફડચા અધિકારી તરીકે નિયુકત કરું છું આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે. મંડળીએ જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો નીચે સહી કરનારને આ આદેશ થયાની તારીખથી માસ-એકમાં લેખિત મૌખિક / રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા આથી તક આપવામાં આવે છે ઉકત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈ ખુલાસો કે રજુઆત થશે નહીં તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ

(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં. ઘખ/ડીડીસી/૧૧૬૩/૭૨૮૬/બી, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમિશનરશ્રી અને રજિસ્ટ્રારશ્રી, સહ-મંડળીઓ ગુ. રા. અમદાવાદના તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬ ના હુકમ નંબર એડી/એમ-૧.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં ૧ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ નો અહેવાલ

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૨૭૫.—ધી સંયુકત ખેતી નિયામક ઈ. પ્રો. ના કર્મચારી કે. સ. ભા. લિ તા ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર કે જેનો નોંધણી નંબર સે-૧૪૩૧, તારીખ ૧લી માર્ચ, ૧૯૮૨ થી નોંધાયેલી સહકારી મંડળી છે સદરહું મંડળીને અત્રેની કચેરીનાં હુકમ નં ઉખસ/ફડચ/ચ-૩ તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૦ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અત્રેના ૭૪૫ ના આદેશ થી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલ છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આદેશ

આથી હું શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક ૧ અને ૨ તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ધી સંયુકત ખેતી નિયામક ઈ. પ્રો. નાં કર્મચારી ક્રેડીટ સં ભં. લિ. તા. ગાંધીનગર, જિલ્લો, ગાંધીનગર કે જેનો નોંધણી નંબર સે-૧૪૩૧ તારીખ ૧લી માર્ચ, ૧૯૮૨ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરું છું

અમદાવાદ, તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં ઘખ/ડીડીસી /૧૧૬૩ ૭૨૮૬ બી, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમીશનરશ્રી અને રજિસ્ટ્રારશ્રી સહી મંડળી ઓ. ગુ. રા. અમદાવાદ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬ ના હુકમ નંબર એડી / એમ-૧.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં.-૨ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ નો અહેવાલ

જા.નં. ઉખસ / ફ઼ા.ચ. / ધ-૩ / ૨૭૬ ધી કાળીગ્રાહકસં. મં. લી., તાલુકો દસ્ક્રોઈ, જિલ્લો અમદાવાદ, કે જેનો નોંધણી નંબર ૨૯૩૪ તારીખ ૭મી માર્ચ, ૧૯૭૩ થી નોંધયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અત્રેની કચેરીનાં હુકમ નં. ઉખસ / ફડચા / ચ-૩ / ૨૧૫, તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૮૭ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચા ની કાર્યવાહી અત્રેના તારીખ ....ના આદેશથી સમાપ્ત--થયેલી જાહેર કરેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણસભા મળી ગયેલ છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળી ની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આદેશ

આથી હું શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક ૧ અને ૨ તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ ૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ધી કાળીગ્રાહક સં. મં. લિ., તારીખ તાલુકો દસ્ક્રોઈ, જિલ્લા અમદાવાદ કે જેનો નોંધણી નંબર ૨૯૩૪ તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૮૭ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂ છું

અમદાવાદ, તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૧.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૨૦ ની જોગવાઈઓ

(૨) ખેતીવાડી અને સહકાર ખાતા ના પત્ર નં. ઘખ / ડી ડી સી / ૧૧૬૩ / ૭૨૮૬ / બી, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકારી કમીશનર અને રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ. ગુજરાત રાજ્ય અમદાવાદના હુકમ નંબર એ ડી એમ / ૧, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નંબર ૧ નો તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ નો અહેવાલ.

INDEX

જાવક નંબર ઉખસ / ફડચ / ચ ૩ / ૨૭૭/૯૧. — આથી ધી ટીંટોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીલિ., ટીંટોડા, મુકામ ટીંટોડા, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર જે નોંધણી નંબર સં. ૧૪૨૭૯ તા. ૧૯૭૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અત્રેની કચેરી ના હુકમ નંબર ઉખસ / ફડચ / ચ ૩ / ૩૮૪, તારીખ ૨૯મી માર્ચ, ૧૯૮૪ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અત્રેના તારીખ .... ના આદેશથી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે સદર હું મંડળીની જેછેલ્લી સાધારણસભા મળી ગયેલી છે અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે જેથી સદરહું મંડળીની નોંધણી રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આદેશ

હું શ્રી એ. ડી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ફરલ), અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક ૧ તથા ૨ મુજબના સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૨૦ થી મને મળેલ અધિકારની રૂઈએ ધી ટીંટોડા દૂધ ઉત્પાદક સહ. મં. લિ., મુકામ ટીંટોડા, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર, કે જેનો નોંધણી નંબર સ ૧૪૨૭૯ તા. ૧૯૭૬ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરું છું

અમદાવાદ, ૨૬મી માર્ચ, ૧૯૯૧.

વંચાણમાં લીધા :—

(૧) સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ ૧૦૭ અને કલમ ૧૦૮ ની જોગવાઈઓ

(૨) સરકારશ્રીના ખેતીવન અને સહકારી વિભાગના ઠરાવ ક્રમાંક ઘખ / ૨૭૭ / ડી ડી સી / ૧૧૬૮ / ૧૪૪૯૬, તારીખ ૨૭મી મે, ૧૯૬૮

(૩) સબ ઓડીટરશ્રી સહકારી મંડળીઓ, દહેગામ નો અન્વેષણ અહેવાલ તથા અત્રેની કચેરીના ગ/૨ ટેબલ ની તારીખ ૨૭મી ઓગસ્ટ, ૧૯૮૭ ના કચેરી નોંધ.

(૪) અત્રેની તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૮૭ તેમજ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૦ ની કારણદર્શક નોટીસ.

ક્રમાંક ઉખસ / ફડચ / ચ-૩ / ૨૮૧/૯૧.— ઉપર દર્શાવેલ ક્રમાંક-૩ થી નીચે સહી કરનાર ને ધ્યાન ઉપર આવ્યાં મુજબ ધી કોબા ગાયત્રી કો. ઓ. હાઉસીંગ સો. લી., મુકામ કોબા, તાલુકા ગાંધીનગર, મંડળી ના નોંધાયેલ પેટા કાયદા મુજબના ઉદ્દેશો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે, અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી, જે નીચે દર્શાવેલ સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીના ઓડીટવર્ગ (ડ) છે.

(૨) મંડળી સ્થગિત અવસ્થા માં છે કોઈ કામકાજ કરતી નથી.

(૩) મંડળીએ જમીન ખરીદેલી નથી.

(૪) મંડળીના સભ્યોને કામકાજમાં રસ નથી.

ઉપરના સંજોગોને ધ્યાનમાં લેતા ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ ૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા નીચે મુજબ આથી આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી (ફરલ) અમદાવાદ અને મળેલા અધિકારની રૂઈએ ધી કોબા ગાયત્રી કો. ઓ. હાઉ. સો. લિ., મુકામ કોબા, તાલુકા ગાંધીનગર, કે જેનો નોંધણી ક્રમાંક ઘ-૯૪૨૪, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૮૨ છે, તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરું છું. અને આજ અધિનિયમ ની કલમ ૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગરી સાથે ફડચા અધિકારી નં. ૧ શ્રી વી. ડી. મારૂ લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ફરલ), અમદાવાદને ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરું છું, આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ મંડળીએ જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હશે તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાની તારીખ થી માસ એકમાં લેખિત મૌખિક / રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈ પણ ખુલાસો કે રજુઆત થશે નહીં તો મુદત વીત્યે થી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧.

વંચાણમાં લીધા :

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ—૧૦૭ અને કલમ-૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : દાખ/૨૭૭/ડી.વી.સી./૧૧૬૮/૫૪૪૯૬/તારીખ ૨૭મી મે ૧૯૬૮

(૩) ધી સ્પોટમેન કો. ઓ. કન્ઝુ. સ્ટોર્સ તારીખ ૨૭મી ઓગસ્ટ ૧૯૮૯ના પત્ર અન્વયે અત્રેની કચેરીના ગ-૨ હેઠળની નોંધ

(૪) અત્રેની તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૪ની કારણદર્શક નોટીસ.

ક્રમાંક ઉખસ/ફડચ/ચ-૬૩/ ૨૮૨/ઉપર દર્શાવેલ ક્રમાંક-૩થી નીચે સહી કરનાર ને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી સ્પોટ સમેન કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લી. મુકામ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર મંડળી ના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે, અને આથિક રીતે ટકી શકે તેમ નથી જે નીચે દર્શાવેલ સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળી છેલ્લા બે વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીના વહીવટદારો સ્ટોર્સના સંચાલનમાં રસ લેતા નથી.

(૩) બોર્ડ મીટીંગમાં તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૦થી જરૂરી ઠરાવ થયેલ છે.

(૪) મંડળીની સાધારણ સભામાં કોઈ સભ્યો હાજર રહેતા નથી.

(૫) મંડળી ચાલુ કરવાના પ્રયત્નોમાં મંડળીને કોઈ પ્રતિકારકતા જણાતી નથી.

ઉપરના સંજોગોને ધ્યાનમાં લેતાં ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા નીચે મુજબ આથી આદેશ કરવામાં આવે છે

વચગાળાનો આદેશ

આથી હું શ્રી એ. વી. મછાર જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (ફરલ) અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ ધી સ્પોટમેન કો. ઓ. કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લી. મુકામ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, કે જેનો નોંધણી ક્રમાંક ભ-૩૦૩૦ તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૮૦

INDEX

છે, તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂ છું સને આજ અને અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારી નં. -૨ શ્રી જે.એમ. પટેલ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (રૂરલ) અમદાવાદને ફડચા અધિકારી તરીકે નિયુકત કરૂ છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારે તે નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે. મંડળીએ જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશથી થયાની તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરતા આથી તક આપવામાં આવે છે. ઉકત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો કે રજુઆત થશે નહીં તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૧

એ. વી. મછાર
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (રૂરલ) અમદાવાદ.

વંચાણે લીધા :—

(૧) શ્રી સબ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૯ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૦ સુધીના ઓડીટની તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૧ ની નોંધ મંડળીને ફડચામાં લઈ જવા બાબતે.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ઘ(ખ)-૨૭૭-ડી ડી સી-૧૧૬૮-૧૮૪૯૬-બી, તારીખ ૨૭મી મે ૧૯૬૮

(૩) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક નંબર ફ-૮૬૯૦ જા નં સેન્ટ્રલ નંબર ઉખસ/ફડચ/૪૫૩/૫૯/૧૦૩૮/૧૯૯૧.—ધી ઉમરકોટ આદિવાસી સામુદાયિક ખેતી સહકારી મંડળી લી. મુકામ ઉમરકોટ તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા, કે જેની નોંધણી નંબર ખે-૨૫૫૨ તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૮૨, શ્રી મ.જિ.ર.સ.મં. (જિ. પં.), પાલનપુરની ઓફિસે નોંધવામાં આવી હતી. સદર મંડળીને ફડચામાં મૂકતો વચગાળાનો આદેશ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/(ગ)/૫૮૧ પાલનપુર, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૧ થી કાઢવામાં આવેલ હતો તેના અનુસંધાને હવે સદર મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા પાલનપુરની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. રજિસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના પરિપત્ર નંબર ફડચ/(૭અ) ૬૪૧૯, તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૬૮થી નક્કી થયેલ દરોએ ફડચા અધિકારીએ ફડચાની ફી આકારવાની રહેશે અને તેઓએ ફડચાની કામગીરી આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૪થી જૂન, ૧૯૯૧.

વંચાણે લીધા :

(૧) શ્રી સબ-ઓડીટર સહકારી મંડળીઓ (રૂરલ) (દૂધ) વડગામનો તારીખ ૧લી જુલાઈ થી ૧૯૮૯ તારીખ ૩૦મી જૂન ૧૯૯૦, સુધીના ઓડિટ તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૧ની નોંધ મંડળીને, ફડચામાં લઈ જવા બાબતે.

(૨) સરકારશ્રીના ખેતી વાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ઘ(ખ) ૨૭૭/ડી ડી સી ૧૧૬૮-૧૮૪૯૬ બી તારીખ૨૭મી મે ૧૯૬૮.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ

હુકમ

ક્રમાંક નંબર ફ. ૮૬૯૨ જા. નં. સેન્ટ્રલ નંબર ઉપસ ફડચ-૪૫૫/ગ/ઉખસ / ૧૦૪૦ / ૧૯૯૧.— ક્રમાંક નંબર ફ. ૮૬૯૩ ધી ઈસ્લામપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ ઈસ્લામપુરા તાલુકો વડગામ, જિલ્લો બનાસકાંઠા કે જેની નોંધણી નંબર સે. ૧૧૯૭૧ તારીખ ૨૫મી જૂન ૧૯૭૩ શ્રી મ. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પાલનપુરની ઓફિસે નોંધવામાં આવી હતી. સદર મંડળીને ફડચામાં મૂકતો વચગાળાનો આદેશ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/(ગ)૬૧૯૫, પાલનપુર તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૧ થી કાઢવામાં આવેલ હતો તેના અનુસંધાને હવે સદર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો પાલનપુર ની સદર કાયદા, ની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. રજિસ્ટારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદના પરિપત્ર નંબર ફડચ (૭અ) ૬૪૧૯, તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૬૮થી નક્કી થયેલ દરોએ ફડચા અધિકારીએ ફડચાની ફી આકારવાની રહેશે અને તેઓએ ફડચાની કામગીરી આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૪થી જૂન ૧૯૯૧.

વંચાણે લીધા : —

(૧) શ્રી સબ ઓડીટર સહકારી મંડળીઓ પાલનપુરનો તારીખ ૧લી જુલાઈ ૧૯૮૯ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૦ સુધીના ઓડીટની તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૧ની નોંધ મંડળીને ફડચામાં લઈ જવા બાબતે.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ઘ(ખ) ૨૭૭ ડી.ડી.સી. ૧૧૬૮-૧૮૪૯૬બી તારીખ ૨૭મી મે ૧૯૬૮

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક નંબર ફ. ૮૬૯૧/ફડચ-સેન્ટ્રલ નંબરઉખસ/૪૫૪/ગ/૧૦૩૯/૧૯૯૧ધી જાસોર સામુદાયીક ખેતીસહકારી મંડળી લી.મુકામ ઈકબાલગઢ તાલુકો પાલનપુર જિલ્લો બનાસકાંઠા કે જેની નોંધણી નંબર ખે-૨૫૫૧ તારીખ ૨૩મી ઓગસ્ટ ૧૯૮૨ શ્રી મ. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પાલનપુર ની ઓફિસે નોંધવામાં આવી હતી સદર મંડળીને ફડચામાં મૂકતો વચગાળાનો આદેશ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/(ગ)૫૯૦ પાલનપુર તા ૧૨મી માર્ચ ૧૯૯૧ થી કાઢવામાં આવેલ હતો તેના અનુસંધાને હવે સદર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના

કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો (ન.જ.) પાલનપુર ની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. રજિસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના પરિપત્ર નંબર ફડચ (૭અ) ૬૪૧૯ તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૬૮થી નક્કી થયેલ દરોએ ફડચા અધિકારીએ ફડચાની ફી આકારવાની રહેશે અને તેઓ એ ફડચાની કામગીરી આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૪થી જૂન ૧૯૯૧

બી. વી. પુરલીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

નં. નધણ/ફ/સે-૧૦૭૪૭/ગ/૧૨૯૩/૧૯૯૧.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી વી. આર. વિદ્યાલય, પાલનપુરના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સ.મં.લી. મર્યાદિત સ્થળ પાલનપુર, તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા,

સને ૧૯૬૨નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૧.

વંચાણમાં લીધા :—

(૧) શ્રી ફડચા અધિકારીશ્રી રાહ ગ્રુપ સેવા સહકારી મંડળી લી. તાલુકો થરાદ, અને જુનીયર ઓફીસર ધી બનાસકાંઠા જિલ્લા સહકારી બેંક લી. પાલનપુરનો પત્ર ક્રમાંક ૩૩/ફડચા/૯૩ તારીખ ૧૮મી જૂન ૧૯૯૧

(૨) શ્રી સહકારી મંડળી લી. ,(ફડચામાં)ની અંતિમ સાધારણ સભાના ઠરાવ નં. તારીખ

હુકમ

નંબર ફ-૭૨૧૯ / સેન્ટ્રલ નંબર ઉખસ ફડચ/૨૬૨/ગ/૧૩૫૮/સને ૧૯૯૧ તારીખ ૨૩મી નવેમ્બર ૧૯૯૧.—ધી રાહ ગ્રુપ સેવા સહકારી મંડળી લી. ગામ રાહ, તાલુકો થરાદ જિલ્લો બનાસકાંઠા કે, જે તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૫૮ના રોજ નોંધણી નંબર ૨૬૬૦૫ થી નોંધવામાં આવી હતી અને જે શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ પાલનપુરના હુકમ નંબર-ફ-૭૨૧૯ના ૨૩મી નવેમ્બર ૧૯૮૧થી આટોપી ના લેવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીમાં સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નંબર સને ૧૯૬૨)ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૧.

વંચાણમાં લીધા : —

(૧) શ્રી ફડચા અધિકારી ધી ટોટાણા સેવા સહકારી મંડળી લી તા. કાંકરેજ અને જુનીયર ઓફીસર ધી. બ. કો. જિ.મ.સ. બેંક લી. પાલનપુરનો પત્ર ક્રમાંક ૩૨/ફડચ /૫૩૩ તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૧.

(૨) શ્રી સહકારી મંડળી લી. (ફડચામાં) ની અંતિમ સાધારણ સભાના ઠરાવ નં. તારીખ

હુકમ

નં. ફ-૭૫૧૧/ફડચ/સેન્ટ્રલ નંબર ઉખસ//૩૧૮/ગ/૧૦૨૧/સને ૧૯૯૧ તારીખ ૩૧મી માર્ચ ૧૯૮૩.—ધી ટોટાણા સેવા સહકારી મંડળી લી ગામ કોટાણા તાલુકો કાંકરેજ, જિલ્લો બનાસકાંઠા કે, જે તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૫૭ના રોજ નોંધણી નંબર ૨૪૯૫ થી નોંધવામાં આવી હતી અને જે શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ પાલનપુરના હુકમ નંબર-ફ/૭૫૧૧ તારીખ ૩૧મી માર્ચ ૧૯૮૩ થી આટોપી લેવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીમાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નંબર સને ૧૯૬૨)ની કલમ-૧૧૪(૨) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૪મી મે ૧૯૯૧.

વંચાણમાં લીધા :—

(૧) શ્રી ફડચા અધિકારી ધી ઉંબરી સેવા સહકારી મંડળી લી તા. કાંકરેજ અને જનીયર ઓફીસર ધી બ.કાં.જિ.મ.સ. બેંક લી. પાલનપુરનો પત્ર ક્રમાંક : ૩૨/ફડચ/૫૩૨ તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૧

(૨) શ્રી સહકારી મંડળી લી. ની અંતિમ સાધારણ સભાના ઠરાવ નં. તારીખ

હુકમ

ક્રમાંક : ફડચ/૨૬૫ / ગ/૧૦૨૦ સને ૯૧ નં : ફ-૭૨૦૮ તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૮૧ —સેન્ટ્રલ નંબર ઉખસ ધી ઉંબરી સેવા સહકારી મંડળી લી ગામ ઉંબરી તાલુકો કાંકરેજ જિલ્લો બનાસકાંઠા કે, જે તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૫૫ ના રોજ નોંધણી નંબર-૨૦૮૮૪ થી નોંધવામાં આવી હતી અને જે શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાલનપુરના હુકમ નંબર : ફ-૭૨૦૮, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૮૧ થી આટોપી લેવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીમાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નંબર સને ૧૯૬૨) ની કલમ-૧૪૪ (૨) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૪મી મે, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારીશ્રી (ગ્રાહક)ની તારીખ ૨જી માર્ચ, ૧૯૯૧ની દરખાસ્ત.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ઘ(ખ)-૨૭૭-ડી ડી સી -૧૧૬૮-૧૮૪૯૬-બી તારીખ ૨૭મી મે, ૧૯૬૮.

(૩) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ

હુકમ

ક્રમાંક નંબર : ફ-૮૯૮૯જા નં. સેન્ટ્રલનંબર ઉખસ/ફડચ/૪૫૨/૦૧-૧૦૨૩/૧૯૯૧.—ધી મ્યુચ્યુઅલ કો. ઓપ. કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લી. મુકામ પાલનપુર, તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા કે જેની નોંધણી નંબર ૩૭૬ તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૬૪ શ્રી મ. જિ. ર. સ. (ં, પાલનપુરની ઓફિસે નોંધવામાં આવી હતી સદર મંડળીને ફડચામાં મૂકતો વચગાળાનો આદેશ અત્રેની કચેરીના જા નં ફડચ/૦૧/(ગ)/૬૨૦ પાલનપુર તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૧ થી કાઢવામાં આવેલ હતો તેના અનુસંધાને હવે સદર મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકાર મંડળીઓના કાયદાની કલમ-૧૦૭

INDEX

અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે, અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા (નવી જગ્યા) પાલચપુરની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના પરિપત્ર નંબર : ફડચ (૭અ)-૬૪૧૯, તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૬૮થી નક્કી થયેલ દરોએ ફડચામાં અધિકારીએ ફડચાની ફી આકારવાની રહેશે અને તેઓ એ ફડચાની કામગીરી આ ુકમની તારીખથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૨૪મી મે, ૧૯૯૧.

વંચાણમાં લીધા :—

(૧) ચેરમેનશ્રી ધી બનાસ બેંક કર્મચારીઓની સહકારી ગૃહ મંડળી લી. પાલનપુરની તારીખ ૨જી મે, ૧૯૯૧ ના પત્રથી મોકલી આપેલ દરખાસ્ત.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નં. ઘ (ખ)/૨૭૭/ડી ડી સી -૧૧૬૮-૧૮૪૯૬-બી, તારીખ ૨૭મી મે, ૧૯૬૮.

(૩) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

આમુખ

ક્રમાંક ફ-૮૬૮૮ : ઉખાસ/ફડચ/૪૫૧/૦૧/ગ/૧૦૨૧/૯૧.– ધી બનાસ બેંક કર્મચારીઓની સહકારી ગુહ મંડળી લી. પાલનપુર જિલ્લો બનાસકાંઠા કે જે નોંધણી નંબર-ઘ-૭૯૭, તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૬૭ થી નોંધવામાં આવેલ છે. જેને ફડચામાં લઈ જવા અંગે ધી બનાસ બેંક કર્મચારીઓની સહકારી ગૃહ મંડળી લી. પાલનપુરે તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૧ ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૪ થી મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા અંગે સર્વાનુમતે ઠરાવ કરેલ છે. મંડળીમાં કુલ ૧૧ સભ્યો છે. મંડળીએ જમીન સંપાદન ખાનગી રાહે વેચાતી લઈ કરેલ હતી અને તેમાં કોઈપણ જાતનો સરકારી લાભ મેળવેલ નથી. મંડળીના સભ્યોએ ખાતાકીય લોન મેળવી જમીન ઉપરનું બાંધકામ કરેલ છે જે લોન પુરીપુરી ભરપાઈ થયેલ છે મંડળી પાસે કોઈ સંસ્થા, બેંક, કે સરકારશ્રીનું દેવુ કે લ્હેણુ બાકીમાં નથી આ સંજોગોમાં મંડળીએ ઉકત તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૧ ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૪ થી મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા સર્વાનુમતે ઠરાવ કરેલ છે ઉકત હકીકત જોતાં મંડળી ફડચામાં લઈ જવી યોગ્ય જણાઈ છે. જેથી સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી વી. એન. ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ પાલનપુર જિલ્લો બનાસકાંઠા ઉપરોકત સરકારશ્રીનાં હુકમથી અને હોદ્દાની રૂએ મળેલ સત્તાની રૂએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અન્વયે ધી બનાસબેંક કર્મચારીઓની સહકારી ગૃહ મંડળી લી. પાલનપુર કે જે નોંધણી નંબર ઘ-૭૯૭ તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૬૭ થી નોંધવામાં આવેલ છે જેને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો (નવી જગ્યા), પાલનપુરની સહકારી કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણૂંક કરું છું.

ફડચા અધિકારીએ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

(૧) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના પરિપત્ર નં ફડચ/૭-અ-૬૪૧૯ તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૬૮ થી નક્કી કરેલ દરોએ ફડચા અધિકારીએ ફડચા ફી આકારવાની રહેશે અને ફડચાની કામગીરી આ હુકમથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

(૨) અધિક રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નં : નધણ/૪૨૭/ઝ-૧૦૯૩-૯૧, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧ માં જણાવ્યા મુજબ

(અ) સહકારી ગૃહ મંડળીની ફડચાની કાર્યવાહી પુરી થતાં વિસર્જીત થતી મંડળી સભ્યોનું નોન ટ્રેડીંગ કોર્પોરેશન એકટ હેઠળ એસોસીએશન અથવા સોસાયટી રજિસ્ટ્રેશન એકટ-૧૮૬૦ અન્વયે સંસ્થાની રચના કરી, તેને નોંધાવવાની રહેશે.

(બ) ઉપર મુજબ એસોસીએશન અથવા સંસ્થા રચાયા બાદ તેને મંડળીના સભ્યો માટે ઉભી કરેલ સવલતો માટેની મિલકતો જેવી કે કોમન પ્લોટ, કોમન પ્લોટ ઉપર બાંધવામાં આવેલ બાંધકામ, પાણીની ટાંકી, રસ્તાઓ, વિગેરેની તબદીલી કરવાની રહેશે આવી મિલ્કતોનું વેચાણ કરી શકાશે નહી.

પાલનપુર, તારીખ ૨૪મી મે, ૧૯૯૧.

નંબર ઉખાસ / નધણ / સે /દુધ/૨૪૯૪૯/ગ/૧૦૦૭ / ૧૯૯૧.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે ધી હેડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : હેડા, તાલુકો : દાંતા, જિલ્લો : બનાસકાંઠા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૨૪મી મે, ૧૯૯૧.

નં. ઉખાસ / નધણ / સે-દુધ/૨૪૯૫૦/ગ/૧૨૭૭/૧૯૯૧.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, આથી જાહેર કરે છે કે ધી વડનગર દુધ ઉત્પાદક સહકારી મંડળી, વડનગર, મર્યાદિત સ્થળ : વડનગર, તાલુકો : રાધનપુર, જિલ્લો : બનાસકાંઠા

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૧.

વંચાણમાં લીધા :—

(૧) શ્રી ફડચા અધિકારી ધી જુની સેધલી મજુર કામદાર સહકારી મંડળી લી., અને સહકારી અધિકારી ફડચો (નવી જગ્યા) પાલનપુરનો પત્ર ક્રમાંક ૬૯૦/૨૧/૯૧, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૧.

(૨) શ્રી..................સહકારી મંડળી લી., (ફડચામાં) ની અંતિમ સાધારણ સભાના ઠરાવ નં .... તારીખ..... ....

INDEX

હુકમ

સેન્ટ્રલ નંબર ઉખસ/ફડચ/૩૮૪/ગ/૩૮૦/૧૯૯૧.—નં. ફ-૮૫૨૫ તારીખ ૨૩મી જુન, ૧૯૮૭ધી જુની સેંધલી મજુર કામદાર સહકારી મંડળી લી. ગામ જુની સેંધલી, તાલુકો વડગામ, જિલ્લો બનાસકાંઠા કે, જે તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૮૩ ના રોજ નોંધણી નંબર ઉ-૫૪૮૪ થી નોધવામાં આવી હતી અને જે શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાલનપુરના હુકમ નંબર ફ-૮૨૨૫, તારીખ ૨૩મી જુન, ૧૯૮૭ થી આટોપી લેવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીમાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નંબર સને ૧૯૬૨) ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧..

વંચાણમાં લીધા :—

(૧) શ્રી ફડચા અધિકારી ધી ભીમબોરડી સેવા સહકારી મંડળી લી, ના દિઓદર અને સહકારી અધિકારી ફડચો, પાલનપુરનો પત્ર ક્રમાંક ૬૬૦/૧૬/૯૧, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૧.

(૨) શ્રી ....સહકારી મંડળી લી, (ફડચામાં) ની અંતિમ સાધારણ સભાના ઠરાવ નં ....તારીખ..............

હુકમ

સેન્ટ્રલ નંબર ઉખસ/ફડચ/૩૦૪/ગ/૩૮૧/૯૧.—નંબર ફ / ૭૨૪૮, તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૮૭ ધી ભીમબોરડી સેવા સહકારી મંડળી લી., ગામ ભીમબોરડી, તાલુકો દિઓદર, જિલ્લો બનાસકાંઠા કે, જે તારીખ ૩૧મી મે, ૧૯૬૯ ના રોજ નોંધણી નંબર ૨૯૬૫૫ થી નોંધવામાં આવી હતી અને જે શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાલનપુરના હુકમ નંબર ફ / ૭૨૪૮, તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૮૨ થી આટોપી લેવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીમાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નંબર સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧.

વી. એન. ત્રિવેદી,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
પાલનપુર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—GA-14-B

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLI] THURSDAY, APRIL 27, 2000 / VAISAKHA 7, 1922 [No. 17

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	973-1130	**Part I-B**-Government Notifications published under Land Acquisition Act only.	224-232
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-L under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	17	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	2786-2787

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ -૧ હેઠળનું.

ક્રમાંક ઉગપક/એસ બી / જાહેરનામું/૮/ ૨૦૦૦.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું કે. એન. શર્મા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૫મી એપ્રિલ ૨૦૦૦ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી એપ્રિલ ૨૦૦૦ કલાક. ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની;

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની;
(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની;
(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટવેલી મશાલ લઈ જવાની;
(ચ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;
(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા નિશાની ચિન્હો તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર—સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અપવાદ—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, તેમનો ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૦નાં રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું.

નંબર ઉગપક/પોકમી/ટફક/ચાર ચક્રિવાહનો/રીંગરોડ/૧૩૩૬/૨૦૦૦.—સુરત શહેર વિસ્તારમાં રીંગરોડ ઉપર આવેલ ટેક્ષટાઈલ માર્કેટ પાસે, સુરત મહાનગર પાલીકા દ્વારા ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામકાજ અંતિમ તબકકામાં છે. સુરત મહાનગર પાલીકા તરફથી થયેલ રજુઆત મુજબ રીંગ રોડ, સુરત મોટર્સ પાસે આવેલ ફાતેમાબીબીની દરગાહ પાસેનો રસ્તો આ કામકાજ પુરૂ થતા સુધીમાં ઘણોજ સાંકડો થઈ જાય તેમ છે અને તેના લીધે પણ ટ્રાફીક જામ થવાની શકયતા છે.

રીંગરોડ ઉપર ટ્રાફીક નિયમન સરળતાથી થાય તેમજ જાહેર જનતાને ટ્રાફીકની દષ્ટિએ મુશ્કેલી ન થાય તે માટે હું, કે. એન. શર્મા, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ કમેલા દરવાજાથી સહારા દરવાજા સુધીના રસ્તા ઉપર રસ્તાની ડાબી બાજુએ તમામ પ્રકારના ચાર ચક્રિ વાહનો ચલાવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કમેલા દરવાજાથી આગળ જવા માંગતા ચાર ચક્રિ અને તેથી મોટા વાહનોએ કમેલા દરવાજાથી જમણી તરફ વળી, આંજણા રેલ્વે લાઈન નીચેના ગરનાળામાં થઈ નવી એ. પી. એમ. સી. માર્કેટ પાછળના રસ્તા ઉપર થઈ પુણા કુંભારીયા રોડ ઉપરથી આગળ જઈ શકશે.

આજ રીતે ઉધના દરવાજાથી સુરત રેલ્વે સ્ટેશન તરફ જતા ચાર ચક્રિવાહનોએ મજુરાગેટથી ક્ષેત્રપાળ મંદિર, નવાસારી બજાર ભાગળ થઈ અથવા તો રતન ટોકીઝથી સલાબતપુરા પોલીસ સ્ટેશન થઈ બેગમપુરા ઋષભ પેટ્રોલ પંપથી સલાબતપુરા થઈ બેગમપુરા તથા ખૈબર રેસ્ટોરન્ટથી નાની બેગમવાડી થઈ સહારા દરવાજા થઈ દીલ્હી ગેટથી સ્ટેશન જઈ શકશે, ભારે વાહનો આ રસ્તે જઈ શકશે નહી.

આ ઉપરાત ભારે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું નંબર ઉ/ગપક/ટફક/ભારે વાહન રીંગરોડ/૮૧૨/૨૦૦૦ તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૦ નું પણ અમલમાં છે. જેમાં ભારે વાહનોને કલાક ૯-૦૦ થી ૧૩-૦૦ તથા ૧૬-૦૦ થી ૧૯-૦૦ સુધી મજુરાગેટથી દિલ્હી ગેટ સુધી પ્રતિબંધ ફરમાવેલ છે. આ ભારે વાહનો કલાક ૧૩-૦૦ થી ૧૬-૦૦ દરમ્યાન તથા ૧૯-૦૦ થી ૯-૦૦ દરમ્યાન કમેલા દરવાજાથી સહારા દરવાજા સુધી પ્રવેશી શકશે નહી. આ ભારે વાહનોએ પણ આ સમય દરમ્યાન કમેલા દરવાજાથી જમણી તરફ વળી આંજણા રેલ્વે લાઈન નીચેના ગરનાળામાં થઈ નવી એ. પી. એમ. સી. માર્કેટ પાછળના રસ્તા ઉપર થઈ પુણા કુંભારીયા રોડ થઈ સહારા દરવાજા ગરનાળા થઈ દિલ્હી ગેટ જઈ શકશે.

ઉપરોકત જાહેરનામું તારીખ ૮મી એપ્રિલ ૨૦૦૦ થી તારીખ ૨૨મી મે ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

ઉપરોકત જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અપવાદ :

સરકારી આવશ્યક સેવાના વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ વાહનોને મુકિત આપવામાં આવે છે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY I/C DISTRICT JUDGE

Read : High Court Letter No. C. 2103/2000, dated 4th March, 2000.

Notification

જા. નં. "ઉખસ"/ફડચા/૮૫૭૭/૦૧/ઘ-૧/૭૧-૧૯૮૯- ધી રેવાકાંઠા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મુ. માંડવા તા. ડભોઈ જે તા. ૨૮-૧૧-૭૭ના નોંધણી ક્રમાંક સે-૧૫૧૧૯થી નોંધવામાં આવી હતી. તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક) મુજબ સદરહુ વચગાળાનો આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવેછે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૧૩-૧-૮૯

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ ક્રમાંક વહટન૦૧/ચ-૧/૪૮૫૫-૪૯૦૫/૮૮ તારીખ ૨૫-૮-૮૮

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૩) અર્ચના કો. ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ વડોદરાના મંજુર થયેલા પેટા નિયમોની જોગવાઈઓ.

(૪) સરકારશ્રીના સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરના તા. ૨૨-૩-૮૪ના ક્રમાંક હ-૨૮-૮૪/ડીડીસી-૧૮૮૨/૭૪૨૫ થી બહાર પાડેલ જાહેરનામું.

(૫) અર્ચના કો. ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડના સભ્યશ્રી બેચરભાઈ મકનાભાઈ કંથારીયા તથા ૧૩ સભ્યોની સહીથી આવેલ તા. ૧૨-૧૨-૮૪નો પત્ર તથા તે અંગે મંડળીએ આપેલ તા. ૬-૧-૮૫નો જવાબ.

(૬) ગુજરાત સ્ટેટ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદનો સંમતીપત્ર તા. ૧૧-૧-૮૯.

ક્રમાંક ઉખસ/વહટ/૦૧/ચ-૧/૭૮/૮૮-૮૯ અર્ચના કો. ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ વડોદરા ઠે. નિઝામપુરા છાણીરોડ વડોદરાને આમુખ(૧)થી અત્રેની કચેરીથી કારણદર્શક નોટીસ દરેક કમીટી સભ્યોને રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી પાઠવેલ હતી જેની રૂબરૂ સુનાવણી અત્રેની કચેરીમાં તારીખ ૧૨-૯-૮૮ના રોજ રાખવામાં આવેલ

INDEX

મંડળી તરફથી પ્રમુખશ્રી મણીભાઈ બાભાઈભાઈ (૨) શ્રી રાવજીભાઈ કાળીદાસ (૩) શ્રી અંબાલાલ પ્રભુદાસ (૪) શ્રી યશવંતભાઈ કલ્યાણભાઈ તથા શ્રી સોમાભાઈ જેઠાભાઈ હાજર રહેલા હતા. અને શ્રી મણીલાલ બી પરમાર તથા અન્ય ચાર સભ્યોએ લેખીત જવાબ તા. ૧૨-૯-૮૮ના રોજ રજુ કર્યો લેખીત જવાબ સિવાય સુનાવણી વખતે બીજુ કાંઈ કહેલ નથી.

લેખીત જવાબમાં જે મુદ્દા રજુ થયેલ છે તે સંદર્ભમાં નીચે સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) નોટીસ કાયદેસર મળેલ અધિકારની રૂએ આપવામાં આવેલી છે.

(૨) મુદ્દા-૫ અંગે જણાવવાનું કે બોર્ડ ઓફ નોમીનીએ મનાઈ હુકમ આપેલ છે અને તેમની હાજરીથી કમીટીની મીટીંગ બોલાવવા સુચના આપેલ છે તે રીતનો ઉલ્લેખ થયેલ છે.

(૩) મુદ્દા નંબર-૯માં જે કારણો આપવામાં આવેલ છે તે વજુદ વગરના જવાબ છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૪) મુદ્દા નંબર-૧૦ની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. આમાં કોઈ કાનુની ગુચ નથી મીટીંગ બોલાવવા ઉપર કોઈ મનાઈ હુકમ અપાયેલ નથી.

(૫) મુદ્દા નંબર-૧૧ની રજુઆત યોગ્ય જણાતીનથી જેથી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

જ્યારે શ્રી સોમાભાઈ જેઠાભાઈ ડાભી તરફથી તા. ૧૨-૯-૮૮ના રોજ લેખીત જવાબ ૨૦ સભ્યોની સહીથી રજુ કર્યા તેમજ રૂબરૂમાં રજુઆત કરી કે વ્ય. કમીટીની બેઠકો બોલાવવામાં આવતી નથી અને અમો હાજર રહી શકતા નથી જેથી જે કંઈ કાર્યવાહી મંડળીમાં થાય છે તેનાથી અમો અજાણ રહીએ છીએ. જેથી તા. ૨૫-૮-૮૮ના રોજ જે કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે તેની સાથે અમારે કોઈ નીસ્બત રહેતી નથી. વહીવટદારની નિમણુંક થાય તેમાં અમો સંમત નથી કારણ કે અમોએ પહેલાં ખાસ સાધારણ સભા તા. ૧૪-૨-૮૮ના રોજ બોલેવેલી અને સાધારણ સભા તા. ૨૪-૭-૮૮ના રોજ બોલાવેલી તેની લેખીત જાણ અત્રેની કચેરીએ કરેલ છે તેમ જણાવેલ છે.

પરંતુ આમુખ-(૩)માં જણાવ્યા પ્રમાણે મંડળીએ તેના મંજુર થયેલા પેટા નિયમની જોગવાઈઓ પ્રમાણે કામગીરી કરેલ નથી જેથી આમુખ-(૪)માં જણાવ્યા પ્રમાણે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે રજીસ્ટ્રારશ્રીના અધિકારો જીલ્લા રજીસ્ટ્રારશ્રીને સુપ્રત કરાયેલ છે જેને ધ્યાનમાં લઈને કાળજીપુર્વકની વિચારણાને અંતે કરેલ નિર્ણય અનુસાર આમુખ-(૫)માં જણાવેલ સભ્યશ્રીઓની રજુઆતના પત્રોને ધ્યાનમાં લેતા મંડળીને વહીવટમાં લઈ જવા નીચે પ્રમાણેના કારણો જણાય આવેલ છે.

(૧) શ્રી બેચરભાઈ મકનભાઈ કંથારીયા તથા ૧૩ અન્ય મંડળીના સભ્યોની સહીથી જીલ્લા રજીસ્ટ્રારશ્રીને તા. ૧૨-૧૨-૮૪ના લેખિત અરજી કરી વહીવટદાર નીમવાની માંગણી કરવામાં આવેલી કારણ કે વાર્ષિક સાધારણ સભા તા. ૧૯૮૩-૮૪ના વર્ષની બોલાવેલ નથી અને સંસ્થાનો વહીવટ બરાબર ચાલતો ન હોઈ સભ્યો હેરાન થાય છે તે અમો સંસ્થા તરફથી તા.૬-૧-૧૯૮૫ના પત્રથી સંસ્થા તરફથી જવાબ આપવામાં આવેલ છે પરંતુ સહીથી જ સંસ્થાના વહીવટમાં અસંતોષ ઉભો થયાનું જણાયેલ છે.

(૨) લવાદ મુદ્દાના નંબર-૨ ૧૩૩૬/૮૬માં બોર્ડ ઓફ નોમીનીઝ તરફથી પ્રતિવાદી મંડળીએ તારીખ ૩૦-૯-૮૬ની વાર્ષિક સાધારણ સભા બોલાવી કોઈપણ કાર્યવાહી કરવી કરાવવી નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી મંડળીને આપવામાં આવેલ છે. પરંતુ જો પ્રતિવાદી મંડળી જિલ્લા રજીસ્ટ્રારશ્રીની પેટા કાયદા મુજબ મુદત વધારવાની મંજુરી લઇ કાયદેસરની ૧૫ દિવસની ક્લીયર નોટીસ આપતો એજન્ડા પ્રસિદ્ધ કરી મીટીંગ બોલાવે તો આ હુકમનો બાધ રહેશે નહી એવો ઉલ્લેખ કરેલ છે. સંસ્થાના પેટા નિયમની કલમ-૩૭ અન્વયે મંડળીના હીસાબ કરવાની તારીખથી ત્રણ મહીનાની મુદત દરમ્યાન વાર્ષિક સામાન્ય સભા બોલાવવાની રહે છે. આમ છતાં સને ૧૯૮૫-૮૬ અને ત્યારબાદ સંસ્થાએ વાર્ષિક સામાન્ય સભા સંસ્થાને મનાઈ હુકમ મળેલ છે તે કારણોસર બોલાવેલ નથી. જે મનાઈ હુકમ તા. ૩૦-૯-૮૬ની વાર્ષિક સાધારણ સભા નહી બોલાવવા અંગે કોઇ મનાઈ હુકમ મળ્યો હોઈ તેમ જણાતુ નથી આમ એક યા બીજા કારણોસર વાર્ષિક સાધારણ સભા બોલાવવામાં વ્ય. કમીટી સભ્યશ્રીઓ નિષ્ક્રીય રહ્યા હોવાનુ જણાય છે.

(૩) લવાદ હુકમ મુકદમા નંબર-૨૭/૮૭માં વાદીઓને વ્ય કમીટી મીટીંગના એજન્ડાની લેખીત જાણ કર્યા સિવાય અને તેમની સહીઓ મેળવ્યા સિવાય વ્ય. કમીટીની કોઈ મીટીંગ ભરવી ભરાવવી નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદીઓ સામે આપવામાં આવેલ છે. આમ છતાં એક પણ વ્ય. કમીટીની મીટીંગ ત્યારબાદ બોલાવવામાં આવેલ નથી બોર્ડ ઓફ નોમીની તરફથી જે મનાઈ હુકમ આપવામાં આવેલ છે તે શરતી છે પરંતુ ત્યારબાદ ત્યાં કમીટીની બેઠક નહી બોલાવવા અંગે કોઇ આદેશ આપ્યાનું જણાયેલ નથી. સંસ્થાના પેટા નિયમની કલમ ૫૮ અનુસાર વ્ય. કમીટીના અધિકૃત સભ્યો સમીતીની મીટીંગ બોલાવવામાં નિષ્ફળ ગયાનું જણાય છે.

(૪) ઉપરોક્ત વિગતો હાલમાં સાધારણ સભા અથવા વ્ય. કમીટીની મીટીંગો સંસ્થા બોલાવવામાં આવતી નથી અને પરીણામે સભ્યોમાં તીવ્ર અસંતોષ ઉભો થયો હોવાનું જણાય છે. સંસ્થાના ઉક્ત વ્ય. કમીટીની સભ્યશ્રીઓએ અને હોદેદારોએ મંડળીના કાયદા કાનુન અને પેટા નિયમોમાં લાદવામાં આવેલ રોજનું પાલન કરેલ નથી. તેમજ નિષ્ફળ ગયાનું જણાઈ આવેલ છે. તેમ પ્રથમદર્શનીય રીતે જણાય છે.

આમ ઉપર મુજબની હકીક્તોને ધ્યાનમાં લઈને અને સભાસદોના હીતને ધ્યાનમાં લઇ મંડળીમાં વહીવટદાર નીમવાની આવશ્યક્તા રહેતી હોવાનું જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: હુ ક મ:-

આથી હું સી.એમ. દલાલ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના

INDEX

કાયદાની કલમ-૮૧ હેઠળ અર્ચના કો. ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડની નિઝામપુરા છાણીરોડ, વડોદરાની વ્ય.કમીટીને પ્રથમ તબકકે એક વર્ષ માટે દૂર કરવાનો હુકમ કરૂ છું. અને ઉપરોક્ત મંડળીના વહીવટદાર તરીકે શ્રી એચ. એમ. કીકાણીની નિમણુંક ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે વહીવટદાર તરીકે કરૂં છું.

ઉપરોક્ત વહીવટદારની નિમણુંક નીચેની શરતોને આધીન કરવામાં આવે છે.

(૧) મંડળીમાં રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાના રહેશે.

(૨) વહીવટદારની નિમણુંક દરમ્યાન તેઓ મંડળીની વ્ય. કમીટીની તમામ અધિકારો ભોગવશે અને મંડળીની તમામ કામગીરી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાની દેખરેખ હેઠળ કરશે.

(૩) સભાસદો પાસે બાકી પડતી લોન હપ્તાની રકમ વસુલ કરવાની સભાસદોના હીસાબો વ્યવસ્થિત રાખવાની કામગીરી પ્રથમ તબક્કે હાથધરવી અને સભાસદોના હીતમાં કામગીરી કરવાની રહેશે.

(૪) વહીવટદારે દરમાસે મંડળીનો પ્રગતિ રીપોર્ટ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાને મોકલવાનો રહેશે.

(૫) વહીવટદારને માસીક રૂપીયા ૩૦૦-૦૦ અંકે રૂપીયા ત્રણસો પુરા મહેનતાણા તરીકે નક્કી કરવામાં આવે છે. જેનો ખર્ચ મંડળીમાંથી પાડવાનો રહેશે.

(૬) વહીવટદારે મંડળીના સ્થળે હાજર રહેવાનો સમય નક્કી કરવાનો રહેશે.

વડોદરા, તા. ૧૬-૧-૮૯

(સી.એમ. દલાલ)
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા

વાંચનમાં લીધુ :-

(૧) અત્રેની કચેરીના જા.નં. સકક/૬૧-ગ/૮૬૬ તા. ૧૩-૧૨-૮૯થી કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે નિમણુંકની અપાયેલ કારણદર્શક નોટીસ.

જા.નં. ઉખસ/સકક/૬૧-ગ/૧૭/૧૯૮૯- સુખાલા સેવા સહકારી મંડળી લી. સુખાલા તા. ધરમપુર જી. વલસાડની વ્ય. કમીટીએ સહકારી કાયદા, કાનૂન અને પેટાનિયમથી તેમના ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં વારંવારની કસૂરતા કરી છે. તેમજ નિષ્ક્રીયતા અને બેદરકારી બતાવવામાં આવી છે. વ્યવસ્થાપક સમિતિ સંસ્થાના સંચાલન કરવામાં તથા પ્રગતિ સાધવામાં રસ દાખવતી નથી. પરિણામે સંસ્થાનું અસ્તિત્વ જોખમમાં મૂકાયેલ છે. તેમજ આર્થિક સધ્ધરતા નબળી પડી હોવા અંગે નીચેની વિગતોથી જણાય છે.

(૧) મંડળી સ્થગિત હાલતમાં છે વ્યવસ્થાપક કમીટી નિયમિત મળતી નથી મંત્રી નિયમિત હાજર રહી મંડળની કામગીરી ચલાવતા નથી. ફક્ત સેલ્સમેન સસ્તા અનાજની દુકાનનો માલ લાવી વેચાણ કરે છે.

(૨) મંડળીમાં સભાસદો પાસે મોટી રકમનું ધિરાણ બાકી પડે છે.

(૩) મંત્રી કે કમીટી સભ્યો વસૂલાતની કાર્યવાહી કરવામાં સદંતર નિષ્ક્રીય ગયોલા છે મંત્રી અનામત ખાતે ઉધારી રૂા. ૨૪,૫૦૦/- જેટલી રકમ સિલક ઘટાડી પોતાના અંગત કામમાં વાપરી ગયા છે. આ મંડળીને તા. ૨૩-૮-૮૮ના રોજ પુનઃજીવીત અર્થક્ષમ બનાવવાના કાર્યક્રમ હેઠળ વ્યવસ્થાપક કમીટીની મીટીંગ રાખેલ પરંતુ તે મીટીંગમાં પણ કમીટી સભ્યો કોઈ નિર્ણય લઈ શકેલ નહિ.

(૪) મંડળી પાસે નીચે મુજબની બેન્કની સગવડો બાકી પડે છે. અને તે લાંબા સમયથી મુદતવીતી થયેલ છે.

ટૂંકી મુદત લોન	રૂા. ૩૯,૪૭૧-૦૦
મધ્યમ મુદત લોન	રૂા. ૬૫,૦૦૦-૦૦
પુનઃવશન મુદત લોન મુદત	રૂા. ૨,૮૯,૯૪૫-૦૦
પુનઃવશન મુદત લોન મુદત	રૂા. ૧૧,૮૮૦-૦૦
પુનઃવશન મુદત લોન મુદત	રૂા. ૭,૬૦૦-૦૦
પુનઃવશન વ્યાજ લોન	રૂા. ૬૬,૪૦૧-૦૦
પુનઃવશન વ્યાજ લોન	રૂા. ૫,૩૬૦-૦૦
પુનઃવશન વ્યાજ લોન	રૂા. ૧,૯૮૦-૦૦
	રૂા. ૪,૮૭,૬૩૭-૦૦

તથા ચઢત વ્યાજ મુદતવીતી બાકી પડે છે આમ આ મંડળી પાસે બેન્કના મોટા લેણાં મુદતવીતી છે.

(૫) મંડળીમાં તા. ૩૦-૬-૮૮ના સમય સુધીમાં રૂા. ૧,૭૯,૦૫૬-૯૧ પૈસાની મોટી ખોટ છે. મંડળીના તમામ ફંડ ખોટમાં ઘસાઈ ગયેલા છે.

સભાસદો પાસે નીચે મુજબની બાકી પડે છે.

(૧)	મધ્યમ મુદત લોન	રૂા. ૮૦૦-૦૦
(૨)	પુનઃવશન ધીરાણ	રૂા.૨,૩૧,૧૨૧-૯૨
(૩)	પુનઃવશન વ્યાજ ધીરાણ	રૂા. ૯૭,૧૨૧-૧૮
(૪)	મોસમી ધીરાણ જુનું	રૂા. ૪,૭૨૪-૨૪
		રૂા. ૩,૩૩,૭૬૭-૩૪

તથા ચઢત વ્યાજ બાકી પડે છે.

(૬) મંડળીના છેલ્લા ઓડીટ મેમાઓની સંપૂર્ણ દુરસ્તી કરી દુરસ્તી અહેવાલ તૈયાર કરેલ નથી.

(૭) મંડળીનું સંચાલન પેટા કાયદા મુજબ થતું નથી. પેટા કાયદાઓની મહત્વની જોગવાઈઓનો ભંગ થાય છે.

INDEX

(૮) મંડળીની ખોટનું પ્રમાણ દિન-પ્રતિદિન વધતુ જાય છે મંડળી બિનઅર્થક્ષમ બનેલ છે.

(૯) ના. સરકારશ્રી કે અન્યના બાકી લેણાં ભરપાઈ કરવા કોઈ આયોજન કરેલ નથી કે કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી.

(૧૦) મંડળીને અર્થક્ષમ બનાવવા માટે કે મંડળીને પુનઃજીવીત કરવાના કાર્યક્રમ અંગે સંચાલકો નિષ્ક્રીય રહેલ છે.

(૧૧) રાષ્ટ્રીય અનાજ ઉત્પાદન વૃદ્ધિના કાર્યક્રમ અન્વયે સભાસદોની પાક ધિરાણ નથી તેમજ ડાંગર ખરીદી અંગે કોઈ વ્યવસ્થા કે સગવડ કરેલ નથી.

ઉપર મુજબની હકીકતોથી સ્પષ્ટ જણાયેલ છે કે ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, કાનૂન તથા પેટા નિયમથી વ્યવસ્થાપક કમીટી ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. પરિણામે મંડળીમાં સભાસદ તેમજ સરકારશ્રીનું હિત જોખમમાં મૂકાયેલ છે, અને આવી પરિસ્થિતિનું નિર્માણ થતાં મંડળીનો વહીવટ કથળી જવા પામેલ છે.

તે અંગે અત્રેની કચેરીએથી તા. ૧૩-૧૨-૮૮ રજી. એ.ડી. પત્ર ક્રમાંક સવન/૬૧-ગ/૮૬૬થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ જે પૈકી શ્રી છનાભાઈ ગોવનભાઈ મૃત્યુ પામેલ હોવાના શેરા સાથે ટપાલ નોટીસ પરત આપેલ છે. જ્યારે અન્ય વ્યવસ્થાપક સમિતિના સભ્યો તરફથી લેખિતમાં કે રૂબરૂમાં ખુલાસો કે સ્પષ્ટતા કરેલ ન હોય નીચે મુજબનો આદેશ મંડળીના વ્યવસ્થાપક કમીટીના સભ્યોને આથી ફરમાવવામાં આવે છે.

-: આ દે શ :-

હું પી. પી. ઉપાધ્યાય જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ સાથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ૧૯૬૧ની કલમ ૮૧(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ, સુખાલા સેવા સહકારી મંડળી લી. સુખાલા તા. ધરમપુર જી. વલસાડના નીચે જણાવેલ સભ્યોને વ્યવસ્થાપક કમીટી પદેથી અને તે અન્વયે તમામ હોદા પરથી દૂર કરી સદર અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વલસાડ જીલ્લા સહકારી બેંક લી. વલસાડની વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમણુંક કરૂં છું.

શરતો :-

(૧) સદર નિમણુંક પ્રથમ તબક્કે મંડળીનો ચાર્જ અખત્યાર કરે તે તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે.

(૨) નિમણુંકના સમય દરમ્યાન વહીવટદાર વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો મંડળીના પેટા નિયમો અને સહકારી મંડળીઓના અધિનિયમની અને નિયમો અન્વયે ભોગવશે. મંડળીના નામે મંડળીના હિતમાં તમામ કામગીરી વખતો-વખત ખાતાની દોરવણી મુજબ કરશે.

(૩) વહીવટદારે પ્રતિમાસે માસિક પ્રગતિ અહેવાલ સંપૂર્ણ વિગતે નિયમિત રીતે મોકલવાનો રહેશે.

(૪) વહીવટદારે ઓડીટ નોંધમાં સૂચવેલ મુજબના પગલાંઓ તથા આગળ ઉપર ટાંકેલ કારણદર્શક નોટીસના મુદ્દાઓ મુજબની દુરસ્તીના સક્રિય પગલાંઓ લેવાના રહેશે. તેમજ તે અંગેની કાર્યવાહીનો અહેવાલ દર માસે અત્રે મોકલવાનો રહેશે.

(૫) વહીવટદારે તેમની પદાવિધિ પૂરી થયેથી અથવા સમાપ્ત થયેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧(૪) મંડળીની ઉપવિધિ અન્વયે નવી સમિતિની રચના કરવા માટે ગોઠવણ કરવાની રહેશે.

(૬) વહીવટદાર તરીકેની નિમણુંકનો હવાલો સંભાળ્યા બાબતનો વિગતવાર ચાર્જ રીપોર્ટ ચાર્જ યાદીની નકલસહ અત્રેની કચેરીએ કરવાની રહેશે.

(૭) સદર નિમણુંક અંગે વધુ શરતો આમેજ કરવાનું જરૂરી લાગે અથવા સુધારો વધારો કરવાનું જરૂરી બને તેમ કરવામાં આવશે.

સદર મંડળીની ચાલુ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોના હોદ્દા અને કમીટી સભ્યપદ આથી ખાલી જાહેર કરૂં છું.

(૧) શ્રી ઉત્તમભાઈ સુરજીભાઈ પટેલ
(૨) શ્રી ઘેલાભાઈ મંગાભાઈ પટેલ
(૩) શ્રી પ્રેમાભાઈ રમછોડભાઈ પટેલ
(૪) શ્રી લલ્લુભાઈ નરસીંહભાઈ પટેલ
(૫) શ્રી છનાભાઈ ગોવનભાઈ પટેલ
(૬) શ્રી ભાયજુભાઈ જાનુભાઈ પટેલ
(૭) શ્રી નેમલાભાઈ બાવનભાઈ પટેલ
(૮) શ્રી શંકરભાઈ જીવલાભાઈ પટેલ
(૯) શ્રી જેરામભાઈ મંછુભાઈ પટેલ

વલસાડ, તા. ૧૬-૧-૮૯

(પી. પી. ઉપાધ્યાય)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ

નં. ઉખસ/નધણ/૦૧/ઘ-૩/૫૫/ઘ./૧૨૮૬૦/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી મૃદંગ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૮-૧-૧૯૮૯

INDEX

નં. ઉખસ/નધણ/૦૧/ઘ-૩/૮૮/સે./૨૩૫૧૧/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી મહાલક્ષ્મી મર્કન્ટાઈલ કો. ઓપ. બેંક લી. કર્મચારી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ ડભોઈ તાલુકો ડભોઈ જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧-૨-૧૯૮૯

નં. ઉખસ/નધણ/૦૧/ઘ-૩/૮૯/ભ./૩૭૫૧/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે ટેલીકોમ કો. ઓપ. કેન્ટીન સોસાયટી લી. અલકાપુરી મર્યાદિત સ્થળ અલકાપુરી તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧-૨-૧૯૮૯

<u>વંચાણે લીધો :-</u>

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૩, વડોદરા લગત જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. વડોદરાનો તા. ૨૯-૧૨-૮૮ નો પત્ર.

-: હુકમ :-

જા. નં. "ઊખસ"/ફડચા/૦૧/ચ-૧/૧૫૧/૧૯૮૯- ધી છોટાઉદેપુર (શહેર)સરકારી કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. છોટાઉદેપુરની નોંધણી ક્રમાંક સે.-૧૫૧૦૪ તા. ૨૨-૮-૮૭ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ નં. ફડચ/ફ-૮૫૬૧/૦૧/ચ-૧/૪૬૩૦/૪૦/૮૧ તા. ૩-૮-૮૮થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૧-૨-૮૯

<u>વંચાણે લીધો :-</u>

(૧) આ કાર્યાલયનો તા. ૭-૬-૮૮ નો ક્રમાંક ફડચા/૦૧/ચ-૧/૧૬૯૬-૧૭૦૪/૮૮નો વચગાળાનો ફડચાનો હુકમ.

-: અંતિમ હુકમ :-

જા. નં. "ઊખસ"/ફડચા/૮૫૭૮/૦૧/ચ-૧/૧૫૪/૧૯૮૯- ધી ગરધીયા મરઘા ઉછેર સહકારી મંડળી લી. મુ. ગરધીયા તા. સાવલી જે તા. ૩૦-૬-૮૦ના નોંધણી ક્રમાંક ઉ-૭૭૩૧થી નોંધવામાં આવી હતી. તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક) મુજબ સદરહુ વચગાળાનો આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૨-૨-૮૯

<u>વંચાણે લીધો :-</u>

(૧) આ કાર્યાલયનો તા. ૨૩-૫-૮૮નો ક્રમાંક ફડચા/૦૧/ચ-૧/૧૫૯૧-૯૪/૮૮નો વચગાળાનો ફડચાનો હુકમ.

-: અંતિમ હુકમ :-

જા. નં. "ઊખસ"/ફડચા/ફ-૮૫૭૯/૦૧/ચ-૧/૧૫૫/૮૯- ધી જવાહર કન્ઝયુમર્સ કો. ઓપ-સ્ટોર લી. મુ. ચલામલી તા. પાવી જેતપુર જે તા. ૨૧-૭-૬૫ના નોંધણી ક્રમાંક ભ-૪૨૧થી નોંધવામાં આવી હતી. તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક) મુજબ સદરહુ વચગાળાનો આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૧ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૨-૨-૮૯

નં. ઉખસ/નધણ/૦૧/ધ-૩/૯૨/ધ./૧૨૮૬૧/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે શીતલ એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નાગરવાડા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૪-૨-૧૯૮૯

વંચાણે લીધો :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨, વડોદરા લગત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાનો ની તા. ૨૮-૭-૮૮ની નોંધણી રદની દરખાસ્ત.

-: હુકમ :-

જા. નં. "ઊખસ"/ફડચા/૦૧/ચ-૧/૧૬૮/૧૯૮૯- થી બોરબાર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. બોરબાર તા. ડભોઈની નોંધણી ક્રમાંક સેદુ.-૧૨૧૦૮ તા. ૨૯-૧-૭૦થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ નં. ફડચ/ફ-૮૦૬૦/૦૧/ધ-૧/૧૬૪૫-૫૩/૮૭ તા. ૧૨-૧૦-૮૭થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૬-૨-૮૯

વંચાણે લીધો :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨, લીમપુરા (તલાવ) ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. લીમપુરા તા. તીલકવાડા જી. વડોદરા નો તા. ૨૮-૭-૮૮ નો પત્ર.

-: હુકમ :-

જા. નં. "ઊખસ"/ફડચા/૦૧/ચ-૧/૧૬૯/૮૯- થી લીમપુરા (તલાવ) ખેતી પિયત સહકારી મંડળી લી. ની નોંધણી ક્રમાંક ખે.-૨૩૫૬ તા. ૧૬-૨-૭૯થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ નં. ફડચ/ફ-૮૦૭૧/૦૧/ધ-૧/૧૪૪૭-૫૫/૮૭ તા. ૧૩-૧૦-૮૭થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૬-૨-૮૯

વંચાણે લીધો :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨, અઘોર દત્તા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. વડોદરાની તા. ૩૧-૧૨-૮૮ની નોંધણી રદની દરખાસ્ત.

-: હુકમ :-

જા. નં. "ઊખસ"/ફડચા/૦૧/ચ-૧/૧૭૦/૮૯- થી અઘોર દત્તા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરાની નોંધણી ક્રમાંક ઘ-૧૦૯૫૭ તા. ૭-૭-૧૯૮૩થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ નં. ફડચ/ફ-૮૦૭૮/૦૧/ધ-૧/૧૮૧૧-૧૯/૮૭ તા. ૧૩-૧૦-૮૭થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૬-૨-૮૯

વંચાણે લીધો :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૩, વડોદરા લગત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાનો ની તા. ૨૯-૧૨-૮૮ની નોંધણી રદની દરખાસ્ત.

-: હુકમ :-

જા. નં. "ઊખસ"/ફડચા/૦૧/ચ-૧/૧૭૧/૮૯- થી વલણ નાગરીક સહકારી મંડળી લી. ની નોંધણી ક્રમાંક સે.-૧૨૦૨૮ તા. ૨૬-૩-૭૩થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ નં. ફડચ/ફ-૮૫૬૨/૦૧/ચ-૧/૪૬૪૧-૫૧/૮૮ તા. ૩--૮-૮૮થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૬-૨-૮૯

INDEX

વંચાણે લીધો :-

(૧) આ કાર્યાલયનો તા.૧૦-૬-૮૮નો ક્રમાંક ફડચા/૦૧/૧૯૦૯-૧૭/૮૮નો વચગાળાનો ફડચાનો હુકમ.

-: અંતિમ હુકમ :-

જા. નં. ''ઊખસ''/ફડચા/ફ-૮૫૮૦/૦૧/ચ-૧/૧૭૨/૮૯- ધી સુલેમાની કન્ઝ્યુમર્સ કો. ઓપ-સ્ટોર્સ લી. મુ. વડોદરા તા. વડોદરા જે તા. ૨૭-૨-૧૯૬૭ના નોંધણી ક્રમાંક ભ-૪૬૨થી નોંધવામાં આવી હતી. તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક) મુજબ સદરહુ વચગાળાનો આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૧ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૬-૨-૮૯

વંચાણે લીધો :-

(૧) આ કાર્યાલયનો તા. ૧૧-૩-૮૭નો ક્રમાંક ફડચા/૦૧/ઘ-૧/૪૯૦/૮૭નો વચગાળાનો ફડચાનો હુકમ.

-: અંતિમ હુકમ :-

જા. નં. ''ઊખસ''/ફડચા/ફ-૮૫૮૧/૦૧/ચ-૧/૧૭૩/૮૯- ધી કાલીકા સીમાન્ત ખેડૂતોની ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. મોટી શેરખી તા. વડોદરા જે તારીખ ૧૯-૬-૭૮ના નોંધણી ક્રમાંક ખે.-૨૩૯૮થી નોંધવામાં આવી હતી. તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક) મુજબ સદરહુ વચગાળાનો આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવેછે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૨૨-૧૨-૮૬

વંચાણે લીધો :-

(૧) વહીવટદાર શ્રી આઈ. જે. દેસાઈ નો પત્ર તા. ૧૩-૯-૮૮નો પત્ર

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક વહટ/૦૧/ઘ-૧/૧૩૨૯/૩૧/૮૭ તા. ૧૦-૯-૮૭નો પત્ર.

-: હુકમ :-

આથી હું શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાને મળેલ અધિકારની રૂએ સના ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ સહારા કો. ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ ઠે. કારેલીબાગ વડોદરાના વહીવટદાર શ્રી આઈ. જે. દેસાઈનો તા. ૧૩-૯-૮૮ના પત્રથી જણાવ્યા પ્રમાણે તેઓ મંડળીના વહીવટદાર તરીકે ચાલુ રહેવા માંગતા ન હોઈ તેમની જગ્યયાએ શ્રી વી. આર. દેસાઈની મંડળીના વહીવટદાર તરીકે નીમણુંક કરવામાં આવે છે. વહીવટદાર તરીકેનો તેઓ ચાર્જ સંભાળે તે તારીખથી માસિક રૂપિયા ૩૦૦/- અંકે રૂપિયા ત્રણસોના મહેનતાણાથી નીચેની શરતોએ આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અત્રેનો ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) મંડળીનો વહીવટ કાયદા-કાનુન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૩) વહીવટદારે માસિક પ્રગતિ રિપોર્ટ નિયમિત તથા અત્રેની કચેરી તરફથી મંગાવવામાં આવે તે માહિતી સમયસર પૂરી પાડવાની રહેશે.

(૪) વહીવટદારે મંડળીના સભાસદોના હીતમાં કામગીરી કરવાની રહેશે તેમજ મંડળીના કાર્યાલય ઉપર નિયત કરવામાં આવે તેવા સમયે નિયમીત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૨૨-૧૨-૮૬

વંચાણે લીધા :-

(૧) ધવલપાર્ક ઈન્ડસ્ટ્રીયલ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ વડોદરાના સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરતો અત્રેનો તા. ૧૩-૬-૮૮નો હુકમ ક્રમાંક/વહટ/૦૧/ચ-૧/૧૯૮૧-૯૩/૮૮.

(૨) અત્રેના ઉક્ત(૧)માં જણાવેલ હુકમ સામે અપીલ અરજી થતાં તે સદર્ભમાં અધિક રજીસ્ટ્રારથી(અપીલ) સ.મં.ગુ.રાજ્ય ગાંધીનગરના તારીખ ૩૧-૧-૮૯ના પત્ર ક્રમાંક-૨૬૬/૪૭૩૯/ક/૧૯૫/૮૯ સાથે સામેલ થઈ આવેલ તા. ૨૭-૧-૮૯નો હુકમ.

ક્રમાંક/વહટ/૦૧/ચ-૧/૨૦૯/૧૯૮૯ ધવલપાર્ક ઈન્ડસ્ટ્રીયલ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. ઠે. વિશ્વામીની રોડ, વડોદરાના સભાસદ શ્રી નરેન્દ્ર આર. ભટ્ટ અને અન્ય ૩૧ સભ્યોની સહીવાળી અત્રેની કચેરીથી

INDEX

કરવામાં આવેલ અરજીના સદર્ભમાં અરજીમાં દર્શાવેલ કારણો સબબ અત્રેના હુકમથી મંડળીના કાયદાની કલમ-૮૧ અન્વયે વહીવટદારની નિમણુંક કરવામાં આવેલ જે હુકમ સામે અપીલ થતાં અધિક રજીસ્ટ્રારશ્રી સ. મં. ગુ. રાજ્ય ગાંધીનગરના તા. ૭-૧૧-૮૭ના હુકમથી સદરહુ કેસમાં યોગ્ય કારણો સહીત વિગતે કારણદર્શક નોટીસ આપી વ્યવસ્થાપક સમીતીના સભ્યોને સાંભળી કાયદાનુસાર યોગ્ય તે નિર્ણય લેવા માટે સદરહુ કેસ ફેર તપાસ માટે રીમાન્ડ કરવામાં આવેલ તે સદર્ભમાં અત્રેના તા. ૫-૧૨-૮૭ના હુકમથી મંડળી મજકુરમાં સહકારી કાયદાની કલમ-(ઘ) હેઠળ કસ્ટોડીયન તરીકે શ્રી આઈ. જે. દેસાઈની નિમણુંક કરવામાં આવેલ જે હુકમ સામે હરેન્દ્રપ્રસાદ ચુનીલાલ દિક્ષીત તથા અન્ય તરફથી રીવીજન અરજી કરવામાં આવતા અધિક રજીસ્ટ્રારશ્રી(અપીલ) સ. મં. ગુ. રાજ્ય ગાંધીનગરના તારીખ ૧-૨-૮૮ના હુકમથી મંડળી મજકુરમાં કસ્ટોડીયન તરીકે અત્રેના ઉક્ત તારીખ ૫-૧૨-૮૭ના હુકમથી નિમણુંક આપવામાં આવેલ શ્રી આઈ. જે. દેસાઈના સ્થાને અન્યની નિમણુંક કરવા જણાવતા અત્રના તારીખ ૧૮-૨-૮૮ના હુકમથી શ્રી આઈ. જે. દેસાઈના સ્થાને શ્રી સી. સી. જોષીની કસ્ટોડીયન તરીકે નિમણુંક કરવામાં આવેલ.

અધિક રજીસ્ટ્રારશ્રી (અપીલ) સ. મં. ગુ. રાજ્ય ગાંધીનગરના તારીખ ૧-૨-૮૮ ના હુકમથી મંડળી મજકુરમાં સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયેની કાર્યવાહી બે વર્ષમાં પુર્ણ કરવાની સુચના થઈ આવતા અત્રેથી તા. ૧૫-૨-૮૮ના પત્રથી મંડળીના તમામ કમીટી સભ્યોને કારણદર્શક નોટીસ પાઠવી તા. ૭-૩-૮૮ના રોજ સુનાવણી રાખવામાં આવેલી હતી અને તેમાં થયેલ રજુઆતોને આધીન અત્રેના ઉક્ત આમુખ-(૧)માં જણાવેલ તા. ૧૩-૬-૮૮ના હુકમથી મંડળીમાં સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે વહીવટદાર તરીકે શ્રી સી. સી. જોષીની નિમણુંક એક વર્ષ માટે કરવામાં આવેલ. જે હુકમથી નારાજ થઈ હરેન્દ્રપ્રસાદ ચુનીશંકર દીક્ષીત તથા અન્યો દ્વારા અધિક રજીસ્ટ્રારશ્રી (અપીલ) સ. મં. ગુ. રાજ્ય ગાંધીનગર સમક્ષ અપીલ નં. ૬૬/૮૮ નોધવામાં આવેલ જે પરત્વે ઉક્ત આમુખ નં. ૨માં જણાવેલ તેઓશ્રીના તારીખ ૨૭-૧-૮૯ ના હુકમથી મંડળી મજકુરમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરતો અત્રેનો તા. ૧૩-૬-૮૮નો હુકમ રદ કરવામાં આવેલ છે. અને મંડળીના તથા સભ્યોના હીતમાં ખાસ સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૭૪(ઘ) હેઠળ કાર્યવાહી કરવા સુચના થઈ આવેલ છે જેને અનુલક્ષીને મંડળી મજકુરમાં પ્રમુખ તથા મંત્રી તરીકે અનુક્રમે શ્રીમતી કોકીલાબેન જશભાઈ પટેલ અને શ્રી હીરાભાઈ પટેલ ચૂંટાયેલા છે કે શ્રી હરેન્દ્રપ્રસાદ ચુનીશંકર દીક્ષીત અને શ્રી બાબુભાઈ ભગુભાઈ નાયક ચૂંટાયેલા છે તે અંગેનો વિવાદ નામદાર બોર્ડ ઓફ નોમીનીઝ વડોદરા સમક્ષ લવાદ કેસ નં. ૧૩૦૫/૮૬ ચાલે છે અને તે સબબ શ્રીમતી કોકીલાબેન જશભાઈ પટેલ અને શ્રી હીરાભાઈ શામજીભાઈ પટેલ મંડળી મજકુરમાં હોદ્દેદારો તરીકે કોઈ કાર્યવાહી કરે/કરાવે નહી તેવો મનાઈ હુકમ આપેલ છે. જે હાલ ચાલુ છે. આમ મંડળીના ધોરણસર ચૂંટાયેલા પ્રમુખ/મંત્રી અંગે હાલના તબક્કે અનિશ્ચિતતા પ્રવર્તે છે તે સંજોગોમાં નામદાર બોર્ડ ઓફ નોમીનીઝ, વડોદરાના ક્ષેત્રાધિકાર હેઠળના વિષય અંગેનો કાયદેસરના પ્રમુખ/મંત્રી બાબતે લવાદ કેસ સબબ જરૂરી હુકમ થાય તે દરમ્યાન મંડળીનો વહીવટ વ્યવસ્થિત અને સરળતાથી ચાલી શકે અને મંડળીના સભાસદોનું હીત જળવાય તે માટે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી કાયદાની કલમ-૭૪(ઘ)(૧)હેઠળ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

-: હુ કુ મ:-

આથી હું સી.એમ. દલાલ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા મને મળેલ અધિકારની રૂએ ધવલપાર્ક ઈન્ડસ્ટ્રીયલ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. ઠે. વિશ્વામીત્રી રોડ, માજલપુર વડોદરાના વહીવટ માટે પ્રથમ તબક્કે ૩૧-૧૨-૮૯ સુધી અથવા મંડળીના ચૂંટાયેલા હોદ્દેદારો સંબંધમાં નામદાર બોર્ડ ઓફ નોમીનીઝ વડોદરા સમક્ષ લવાદ કેસ નં. ૧૩૦૫/૮૬ અંગે જે કોઈ નિર્ણય થઈ આવે તે અનુસાર નવી વ્યવસ્થાપક કમીટીની ચૂંટણી થાય તે સમય આ બેમાંથી જે વહેલુ હોય તેટલી મુદત માટે નીચે જણાવેલ શરતોએ શ્રી સી. સી. જોષીની મંડળીના કસ્ટોડીયન તરીકે નિમણુંક કરૂં છું.

<u>શરતો :-</u>

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ કસ્ટોડીયનનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) કસ્ટોડીયનની નિમણુંકની મુદત દરમ્યાન કસ્ટોડીયન વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવશે અને મંડળીની તમામ કામગીરી બાબતે વખતો વખત જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાની દેખરેખ અને સંમતી હેઠળ રહેશે.

(૩) કસ્ટોડીયનના મહેનતાણા અંગે પ્રતિક રૂપે માસીક રૂા. ૫૦૦/- અંકે રૂપીયા પાંચસો પુરા નક્કી કરવામાં આવેલ છે.

(૪) કસ્ટોડીયનને મંડળીનો માસિક અહેવાલ નિયમીત મોકલવાનો રહેશે.

(૫) મંડળીના કસ્ટોડીયન તરીકેના ચાર્જ દરમ્યાન મંડળી અને સભાસદોના હીતમાં કામગીરી હાથ ધરવી અને મંડળીના સ્થળે હાજર રહેવાનો સમય નક્કી કરવાનો રહેશે.

(૬) મંડળીનો વહીવટ ચૂંટાયેલા કમીટીને સુપ્રત થાય તે દિશામાં પ્રયત્નો હાથ ધરવાના રહેશે.

વડોદરા, તા. ૨૨-૨-૮૯

<u>વંચાણે લીધા :-</u>

(૧) માનદ મંત્રીશ્રી રાજનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરાના જા. નં. ૩૮૯ તા. ૩૧-૧૨-૮૭ના પત્ર સાથે આવેલ ઠરાવ.

(૨) પ્રમુખ/મંત્રી રાજનગર કો. ઓપ. હાઉસીંગ સો. લી. વડોદરાના જા. નં. ૪૨૨ તા. ૨૫-૩-૮૮થી આવેલ પત્ર.

(૩) રાજનગર કો. ઓપ. હાઉસીંગ સો. લી.ના ૬ કમીટી સભ્યશ્રીઓની તા. ૧૯-૯-૮૮થી આવેલ પત્રો.

(૪) રાજનગર કો. ઓપ. હાઉસીંગ સો. લી.ડોદરાના જા. નં. ૪૦૨ તા. ૧૨-૯-૮૮થી આવેલ પત્ર. સાથેનો ઠરાવ.

INDEX

ક્રમાંક/વહટ/૦૧/ચ-૧/૨૪૮/૧૯૮૯ રાજનગર કો. ઓપ. હાઉસીંગ સો. લી. ઠે. મકરપુરા રેલ્વે સ્ટેશન સામે માણેજા વડોદરાને આમુખ(૧)માં જણાવ્યા પ્રમાણે મંડળીમાં વહીવટદાર નીમવા માટે લેખીત રજુઆત કરેલ છે જેના ઠરાવ નં.-૬ તા. ૨૮-૧૨-૮૭થી ઝેરોક્ષ નકલમાં મંડળીમાં નીચેના કારણોસર વહીવટદાર નીમવા માટે જણાવેલ છે.

(૧) સને ૧૯૮૭-૮૮ના વર્ષ માટે વ્ય. કમીટીમાં આવવા માટે કોઈ સભાસદ તૈયાર નથી કારણ કે માજી હોદ્દેદારો તરફથી કરવામાં આવેલા ગેર વહીવટ તથા સદર ગેર વહીવટ ચોકસી અહેવાલ મુજબ જાહેર થઈ ગયો હોવાથી સભ્યોને કનડગત તથા હેરાનગતી થાય તેની બીકને કારણે કોઈ સભાસદ કમીટીમાં આવવા રહેવા/તૈયાર નથી આથી સદર ગેર વહીવટ દૂર થાય અને માજી હોદ્દેદારો પાસેથી તે મુજબ રકમો વસુલ થાય તે સોસાયટીના હીતમાં હોવાથી સરકાર તરફથી સ્વતંત્ર તથા બીન પક્ષીય રીતે પ્રમાણીક પણે આગળનો વહીવટ પણ ચાલે તે હેતુથી સરકારી મંડળીઓમા કાયદા હેઠળ વહીવટદારની નિમણુંક કરવા ઠરાવેલ છે. ત્યારબાદ આમુખ-(૨)માં જણાવ્યા પ્રમાણે મંડળીના પ્રમુખ/મંત્રીશ્રી તરફથી તા. ૩૧-૧૨-૮૮ના પત્રના અનુસંધાનમાં મંડળીમાં વહીવટદાર મૂકવા જણાવેલ હતું તેમજ આમુખ-(૩)માં જણાવ્યા પ્રમાણે તા.૧૯-૯-૮૮ના રોજથી ૬ કમીટી સભ્યોએ અલગ પત્રો દ્વારા લેખીત મંડળીમાં વહીવટદાર નીમવા માટેની સંમતી આપેલ છે ત્યારબાદ આમુખ-(૪)માં જણાવ્યા પ્રમાણે તા. ૧૨-૯-૮૮ના પત્ર સાથે ઠરાવ નં.-૪ તા.૨-૯-૮૮ની ઝેરોક્ષ નકલમાં ફરીથી નીચેના કારણોસર મંડળીમાં વહીવટદાર નીમવા માટે જણાવેલ છે.

(૧) મંડળીની વાર્ષિક સાધારણ સભા બોલાવવાની મુદત થઈ ગયેલ છે તેના અનુસંધાનમાં ચર્ચા કરીને એવું ઠરાવવામાં આવે છે. જે ગત વર્ષે સાધારણ સભા તા. ૨૮-૧૨-૮૭ના રોજ ગુજરાત હાઉસીંગ ફાઈનાન્સના પ્રતિનિધિઓની હાજરીમાં ઠરાવ નં.-૬થી સોસાયટીમાં વ્ય. કમીટીની નિમણુંક થયેલ નથી અને સોસાયટીનો વહીવટ નિષ્પક્ષ સ્વતંત્ર રીતે થાય અને સભ્યોને કોઈ તકરારની કનડગત ના થાય અને તે માટે વહીવટદાર નીમવા માટેની માંગણી કરવામાં આવેલ છે જેથી સને ૧૯૮૮-૮૯ના વર્ષની સાધારણ સભા બોલાવાની હિતાવહ નથી અને તેની જરૂર પણ ન હોવાથી વાર્ષિક બોલાવવાનું મુલત્વી રાખવાનો ઠરાવ કરવામાં આવેલ છે તેમજ સોસાયટીના સભ્યોમાં જે સભ્યો સોસાયટીનો વહીવટ કરવામાં રસ ધરાવતા હોય એવા સાત સભ્યો પોતાની વ્ય. કમીટી બનાવીને તેની દિવસ-૧૫માં હાલના પ્રમુખ/મંત્રીને લેખીત જાણ કરવા ઠરાવેલ છે.

આમ ઉપરોક્ત જણાવેલ કારણોની વારંવાર રજુઆતોને ધ્યાનમાં લઈને અને સભાસદોના આર્થિક વિકાસ માટે તેમજ સભાસદોના હીતને ધ્યાનમાં લઈને મંડળીના મંજુર થયેલ પેટા-નિયમ કાયદા કાનુનની જોગવાઈ મુજબ વ્ય. કમીટી મંડળીનો વહીવટ યોગ્ય રીતે ચલાવી શકેલ નથી એવું પ્રથમ દર્શનીય રીતે જણાય આવેલ છે જેને ધ્યાનમાં લઈને તથા વ્ય. કમીટી સભ્યશ્રીઓ તરફથી માંગણી થતાં મંડળીમાં વહીવટદાર નીમવાની આવશ્યક્તા રહેતી હોવાનું જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: હુ ક મઃ-

આથી હું સી.એમ. દલાલ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧ હેઠળ રાજનગર કો. ઓપ. હાઉસીંગ સો. લી. વડોદરાની વ્ય. કમીટીને દૂર કરવાનો હુકમ કરવામાં આવે છે અને ઉપરોક્ત મંડળીના વહીવટદાર તરીકે મેનેજર ગુજરાત સ્ટેટ કો-ઓપ. હાઉસીંગ ફાઈનેન્સ સોસાયટી લી. અમદાવાદની ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષ સુધી વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત વહીવટદારની નિમણુંક નીચેની શરતોએ કરવામાં આવે છે.

(૧) મંડળીમાં રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાના રહેશે.

(૨) વહીવટદારની નિમણુંક દરમ્યાન તેઓ મંડળીની વ્ય. કમીટીની તમામ અધિકારો ભોગવશે અને મંડળીની તમામ કામગીરી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાની દેખરેખ હેઠળ કરશે.

(૩) સભાસદો પાસે બાકી પડતી લોન હપ્તાની રકમ વસુલ કરવાની સભાસદોના હીસાબો વ્યવસ્થિત રાખવાની કામગીરી પ્રથમ તબક્કે હાથધરવી અને સભાસદોના હીતમાં કામગીરી કરવાની રહેશે.

(૪) વહીવટદારે દરમાસે મંડળીનો પ્રગતિ રીપોર્ટ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાને મોકલવાનો રહેશે.

(૫) વહીવટદારને માસીક રૂા. અંકે રૂપીયા પુરા મહેનતાણા તરીકે નક્કી કરવામાં આવે છે. જેનો ખર્ચ મંડળીમાંથી પાડવાનો રહેશે.

(૬) વહીવટદારે મંડળીના સ્થળે હાજર રહેવાનો સમય નક્કી કરવાનો રહેશે.

વડોદરા, તા. ૨૭-૨-૮૯

વંચાણે લીધો :-

(૧) બરોડા સેન્ટ્રલ કો-ઓપ. બેન્ક લી. ના જા. નં. ૮૭૯૨ તા. ૩૦-૧૨-૮૬થી આવેલ પત્ર સાથે બોર્ડ ઓફ ડીરેક્ટર્સની તા. ૨૪-૧૧-૮૬ના રોજ મળેલ મિટિંગના ઠરાવ નં. ૮(૨) વંચાણે લીધા.

(૨) અત્રેની કચેરીના કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ઘ-૧/૪૮૨ તા. ૧૧-૩-૮૭.

ક્રમાંક/વહટ/૦૧/ચ-૧/૨૫૦/૮૯- વાસણા સેવા સહકારી મંડળી લી. મુ. વાસણા તા. સંખેડા જી. વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધાયેલી સહકારી સંસ્થા છે મંડળી પાસેથી બેંક લોન રૂા. ૬૪૨૨૩-૦૦પૈકી રૂા.૩૫૧૮૨-૦૦, મુ. વીતી તથા વ્યાજ રૂા. ૫૩૮૯૪-૧૧ પૈસા જેટલી રકમ વસુલ કરવાની બાકી પડે છે છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૯૫૦૯-૦૦ની વસુલાત કરી બેંક લોન ખાતે ફક્ત રૂા. ૪૬૮૮-૦૦ જમા કરાવેલ છે. વસુલાત તફાવત રૂા. ૪૮૨૧-૦૦ અન્ય

ઉપયોગમાં વાપરી નાંખેલ છે. સભાસદ ધીરાણ રૂા. ૬૮૦૦૪/- પૈકી રૂા. ૩૯૬૬૩/- મુ. વીતી તથા વ્યાજની મોટી રકમ વસુલ કરવાની બાકી પડે છે સારા વર્ષોમાં પણ વસુલાત ઘણી નબળી આવેલ છે. ૨૪ મુ. વીતી બાકીદારો ઉપર દાવા કરવા કાર્યવાહી કરેલ નથી મંડળી સને ૮૩-૮૪થી અત્યાર સુધી દાવા કરવા માટે પાંચ ઠરાવો કરી બેંકને બાંહેધરી આપેલ છે. પરંતુ તેનો બીલકુલ અમલ કરેલ નથી વ્ય. કમીટી સભ્યોને વસુલાતમાં બીલકુલ રસ નથી. મંડળીના ધીરાણની મોટા ભાગની રકમો પ્રમુખ/મંત્રી અને તેમના સગાઓ સહીત પાંચ ઈસમો પાસે રૂા. ૪૧૧૨૯/- બાકી છે. તેમજ પ્રમુખ સહીત ત્રણ કમીટી સભ્યો પાસેથી રૂા. ૧૦૨૮૦/- પૈકી રૂા. ૫૮૭૦/- બાકી પડે છે જેથી દાવા કરવાની બાંહેધરીનો અમલ કરવામાં આવતો નથી.મંડળીના મંત્રી પાસે રૂા. ૧૦૪૯૨/- પૈકી રૂા. ૩૧૫૦/- મુ.વીતી બાકી પડે છે મંત્રી નામના છે. હિસાબી દફતરના જાણકાર નથી દફતર બીજાની પાસે લખાવામાં આવે છે મંડળીની છેલ્લા ચાર વર્ષથી નબળી વસુલાતના કારણે ઓડીટ વર્ગ ''ક'' છે કામકાજ ખોટમાં છે. રૂા. ૮૩૬૦-૭૫ પૈસા જેટલી ખોટ છે શેરભંડોળ ૫૦% ખોટમાં રોકાયેલ છે ઉત્તરોત્તર ખોટનું પ્રમાણ વધતું જાય છે મંડળીના વહીવટકર્તાઓની ઘણી નિષ્કાળજીના કારણે વહીવટ કથળી ગયેલ છે મંડળી સ્થગીત દશામાં છે. વસુલાત માટેના બીલકુલ પ્રયાસો કરવામાં આવતા નથી મંડળીના નીચે મુજબના વ્ય. કમીટી સભ્યોની મુ. વીતી રકમ બાકી છે.

	ધીરાણ રકમ	પૈકી મુ.વીતી બાકી રકમ
(૧) શ્રી વજેસીંહ રામસીંહ મોઢેડા પ્રમુખ	રૂા. ૮૫૨૦/-	૪૨૭૦/-
(૨) શ્રી મહંમદભાઈ શાહબુદીન શેખ ક.સભ્ય	૧૭૦/-	૬૩/-
(૩) શ્રી છગનભાઈ તુરલભાઈ ગીજર "	૧૬૦૦/-	૧૬૦૦/-
(૪) શ્રી માધવસીંહ નરપતસીંહ મોઢેડા મંત્રી	૧૦૪૯૨/-	૪૯૫૦/-

આ અંગેની નોટીસ એત્રેની કચેરીના જા. નં. વહટ/ઘ-૧/૪૮૨ તા. ૧૧-૩-૮૭થી તમામ વ્ય. કમીટી સભ્યોને રજી. પોસ્ટ એડી.થી આપવામાં આવેલ હતી. જેના અનુસંધાને તા. ૩-૪-૮૭ના રોજ અત્રેની કચેરીએ રૂબરૂ સુનાવણી રાખેલ હતી. પરંતુ મંડળીના પ્રમુખ/મંત્રી કે કોઈ વ્ય. કમીટી સભ્યો હાજર રહેલ ન હતા. ત્યારબાદ તા. ૪-૧-૮૮, ૨૫-૮-૮૮ અને તા. ૪-૧૦-૮૮ના રોજ અત્રેની કચેરીએ રૂબરૂ સુનાવણી રાખેલ હતી પરંતુ કોઈ વ્ય. કમીટી સભ્ય અત્રેની કચેરીએ હાજર રહેલ નથી.

ઉપરોક્ત સંજોગોમાં મંડળીનો વહીવટ મંડળીની વ્ય. કમીટીના હાથમાં સલામત નથી આવા સંજોગોમાં મંડળીનો વહીવટ કથળી ગયેલ હોવાથી વ્ય. કમીટી પોતાની બંધારણીય ફરજોનું પાલન કરવામાં ભારોભાર ઉપેક્ષા સેવેલી હોય તથા વ્ય. સમીતીના સભ્યોને મંડળીના કામકાજમાં રસ જણાતો ન હોવાથી અને વસુલાતમાં નિષ્કાળજી રાખેલ હોવાથી ઉપરાંત પેટા-નિયમ તેમજ કાયદા કાનુન મુજબ કામકાજ કરતી ન હોવાથી વ્ય. સમીતીને બરતફ કરવા અને વહીવટદારની નીમણુંક કરવા આવશય હોવાથી નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

-: હુ ક મ:-

હું શ્રી સી. એમ. દલાલ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧ હેઠળ પ્રાપ્ત અધિકાર મુજબ વાસણા સેવા સહકારી મંડળી લી. મુ. વાસણા તા. સંખેડા જી. વડોદરાની વ્ય. સમીતીને પ્રથમ તબક્કે વહીવટદાર મંડળીનો વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દૂર કરવાનો હુકમ કરવામાં આવે છે અને મજકુર કાયદાની કલમ-૮૧(૧)(બ) અન્વયે મંડળીનો વહીવટ કરવા માટે વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો-ઓપ. બેન્ક લી. સયાજીગંજ વડોદરાની નીમણુંક કરૂ છું.

(૧) મંડળીમાં રોજબરોજના કામકાજ અંગેના ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ તેઓએ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો છે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદાર મંડળીની વ્ય. સમીતીના તમામ અધિકારો ભોગવશે અને મંડળીના હીતમાં તમામ કામગીરી વખતો વખત જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ વડોદરાની દેખરેખ અને સંમતી હેઠળ રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાં તરીકે પ્રતિકરૂપે માસીક રૂા. ૨૫/- અંકે રૂપીયા પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદાર દર માસે મંડળીનો માસીક પ્રગતિ અહેવાલ તથા હિસાબ આ જણાવ્યે નિયમિત મોકલવાનો રહેશે તેમજ મંડળીના સ્થળે હાજર રહેવાનો સમય નક્કી કરવાનો રહેશે.

વડોદરા, તા. ૨૭-૨-૮૯

<u>વંચાણે લીધો :-</u>

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૧, દામાપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. દામાપુરાની તા. જી. વડોદરાની તા. ૨૯-૭-૮૮ની નોંધણી રદની દરખાસ્ત.

-: હુકમ :-

જા. નં. ''ઊખસ''/ફડચા/૦૧/ચ-૧/૪૬૨/૮૯- ધી દામાપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ની નોંધણી ક્રમાંક સેદુ.-૨૮૦૭ તા. ૮-૪-૬૮થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ નં. ફડચ/ફ-૮૦૨૯/૦૧/ઘ-૧/૩૯૭/૮૬ તા. ૨૮-૨-૮૬થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૭-૩-૮૯

INDEX

વંચાણે લીધો :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૧, તુલસીગામ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. તુલસીગામ તા. સાવલી જી. વડોદરાની તા. ૨૧-૧૨-૮૭ની નોંધણી રદની દરખાસ્ત.

-: હુકમ :-

જા. નં. ''ઊખસ''/ફડચા/૦૧/ચ-૧/૬૪૯/૮૯- ધી તુલસીગામ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ની નોંધણી ક્રમાંક સેદુ.-૧૯૮૧૦ તા. ૪-૧૨-૮૨થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ નં. ફડચ/ફ-૮૦૫૯/૦૧/ઘ-૧/૧૬૩૫-૪૪/૮૭ તા. ૧૨-૧૦-૮૭થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૧૮-૩-૮૯

વંચાણે લીધો :-

(૧) અત્રેની કચેરીના કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ઘ-૧/૪૩૪ તા. ૨-૩-૮૭.

(૨) પ્રમુખ/મંત્રી રાજબોડેલી ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી.નો તા. ૧૨-૩-૮૭ના પત્ર સાથે ઠરાવ નં.-૪

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક વહટ/૦૧/ઘ-૧/૫૪૨ તા. ૩૧-૩-૮૭.

(૪) ધી બરોડા સેન્ટ્રલ કો-ઓપ. બેન્ક લી. સંયાજીગંજ વડોદરાના જા. નં. ૧૨૮૬૯ તા. ૧-૫-૮૭

(૫) પ્રમુખ/તેમજ કમીટી સભ્ય રાજબોડેલી ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી.નો તા. ૨૬-૯-૮૭નો પત્ર.

(૬) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક વહટ/૦૧/ઘ-૧/૮૧૩/૮૭ તા. ૨૦-૬-૮૭.

(૭) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક વહટ/૦૧/ચ-૧/૨૨૧૦-૧૭/૮૭ તા. ૧૬-૧૨-૮૭.

(૫) પ્રમુખ રાજબોડેલી ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી.નો તા. ૪-૧-૮૮નો પત્ર.

ક્રમાંક/વહટ/૦૧/ચ-૧/૬૬૩/૮૯- રાજબોડેલી ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. રાજબોડેલી તા. પાવી જેતપુરને આમુખ(૧)થી દરેક વ્ય. કમીટી સભ્યોને બાય રજી. પોસ્ટ એડી.થી નોટીસ પાઠવેલ હતી. જેના અનુસંધાને આમુખ (૨)થી મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીએ અત્રેની કચેરીએ લેખીત રજુઆત કરતાં આમુખ (૩)માં જણાવ્યા પ્રમાણે અત્રેની કચેરીએ તા. ૯-૪-૮૭નાં રોજ રૂબરૂ સુનાવણી રાખેલ હતી. જે વખતે મંડળીના (૧) પ્રમુખશ્રી મોહનભાઇ લલ્લુભાઇ પટેલ (૨) મંત્રીશ્રી પરસોત્તમભાઇ હરજીભાઇ (૩) કમીટી સભ્યશ્રી હીંમતસીંહ ખુમાનસીંહ હાજર રહેલ હતા જેઓએ નીચે મુજબની રજુઆત કરેલ હતી.

ઉપરા ઉપરી સતત બે વર્ષ નબળા જવાથી વસુલાત હાલમાં પૂર્ણ ભરી શકાય તેમ નથી. જેથી મુ. વીતી બાકીનું પ્રમાણ વધારે છે. તેમજ તેની બરોડા સેન્ટ્રલ કો-ઓપ. બેન્ક લી.ની લોન સાથે બાકી છે.

(૨) મંડળીમાં જે કોઇ મુ.વીતી બાકીદાર છે તે દરેક સામે કલમ-૧૦૬ના કાગળો તમામ અત્રે એક માસમાં રજુ કરીશું તેની ખાત્રી આપીએ છીએ.

(૩) બેંક ઓફ બરોડામાં મંડળીનું હવે કોઇ ખાતું નથી અને દરેક વ્યવહાર જીલ્લા સહકારી બેંક સાથે કરવાનું રાખીશું.

(૪) મંડળી તરફથી હવે કોઇને શેરની રકમ પરત આપીશું નહિ.

તો ઉપરોક્ત પરિસ્થિતિ તેમજ ચાલુ નબળુ વર્ષ ધ્યાનમાં લઇને વહીવટદારની નીમણુંક કરવા જણાવેલ હતું.

ત્યારબાદ આમુખ (૪)થી બરોડા સેન્ટ્રલ કો-ઓપ. બેન્ક લી. વડોદરાએ અત્રેની કચેરીએ મંડળીમાં વહીવટદાર નીમવાની લેખીત રજુઆત કરતાં આમુખ(૫)થી અત્રેની કચેરીએ તા. ૧-૭-૮૭ના રોજ રૂબરૂ હાજર રહેલ ન હતું. પરંતુ આમુખ (૬)થી મંડળીના પ્રમુખ તેમજ કમીટી સભ્યોની રજુઆતમાં જણાવેલ હતું કે મંડળીના મંત્રીશ્રી પુરૂષોત્તમભાઇ હરજીભાઇનું એકાએક તા. ૨૬-૫-૮૭ના રોજ અવસાન થયું હોવાથી તેમજ નવા મંત્રીની નીમણુંક કરવાની અને હીસાબી ચોપડા ગોઠવવાનું બાકી હોય બીજી મુદ્દતની માંગણી કરેલ હતી. જેના અનુસંધાને આમુખ (૭)થી અત્રેની કચેરીએ તા. ૪-૧-૮૮ના રોજ રૂબરૂ સુનાવણી રાખેલ હતી. જે વખતે મંડળી તરફથી પ્રમુખશ્રી મોહનભાઇ લલ્લુભાઇ પટેલ તથા વ્ય. કમીટી સભ્યશ્રી દિનુભાઇ રામદાસભાઇ પટેલ હાજર રહેલ હતા. જ્યારે બેંક તરફથી સીનીયર ઈન્સ્પેક્ટરશ્રી દેસાઈ હાજર રહેલ હતા. જે વખતે મંડળીના પ્રમુખશ્રીએ રજુઆત નીચે મુજબની કરેલ હતી.

દુષ્કાળની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને વસુલાત કરવા બેંકને સહકાર આપીશું તથા તા. ૩૧-૩-૮૮ સુધીમાં મુ.વીતી બાકીદારો સામે દાવાની કાર્યવાહી કરવા ખાત્રી આપીએ છીએ મંડળીનું ઈન્સ્પેકશન માસ-૧માં કરવાની ખાત્રી આપીએ છીએ.

ત્યારબાદ બરોડા સેન્ટ્રલ કો-ઓપ. બેંક લી.ના જા.નં. ૧૯૬૯૮ તા. ૧૮-૬૮૮થી અત્રેની કચેરીએ લેખીત રજુઆત કરતાં જણાવેલ કે મંડળીએ તા. ૯-૪-૮૭ અને તા. ૪-૧-૮૮ના રોજ કરેલ રજુઆતના સંદર્ભમાં કોઇપણ જાતનો અમલ કરેલ નથી.

ઉપરોક્ત સંજોગોમાં મંડળીનો વહીવટ મંડળીની વ્ય. કમીટીના હાથમાં સલામત નથી આવા સંજોગોમાં મંડળીનો વહીવટ કથળી ગયો હોવાથી વ્ય. કમીટી પોતાની બંધારણીય ફરજોનું પાલન કરવામાં ભારોભાર

INDEX

ઉપેક્ષા સેવેલી હોય તથા વ્ય. સમીતીના સભ્યોને મંડળીના કામકાજમાં રસ જણાતો ન હોવાથી ઉપરાંત પેટા-નિયમ તેમજ કાયદા-કાનુન મુજબ કામકાજ કરતી ન હોવાથી વ્ય. સમીતીને બરતફ કરવા અને વહીવટદારની નીમણુંક કરવા આવશય હોવાથી નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

-: હુ ક મ:-

હું શ્રી સી. એમ. દલાલ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧ હેઠળ મને પ્રાપ્ત અધિકાર મુજબ રાજબોડેલી ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. રાજબોડેલી તા. પાવી જેતપુર જી. વડોદરાની વ્ય. સમીતીને પ્રથમ તબક્કે વહીવટદાર મંડળીનો વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દૂર કરવાનો હુકમ કરવામાં આવે છે અને મજકુર કાયદાની કલમ-૮૧(૧)(બ) અન્વયે મંડળીનો વહીવટ કરવા માટે વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો-ઓપ. બેન્ક લી. સયાજીગંજ વડોદરાની નીમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીમાં રોજબરોજના કામકાજ અંગેના ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ તેઓએ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો છે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદાર મંડળીની વ્ય. સમીતીના તમામ અધિકારો ભોગવવો અને મંડળીના હીતમાં તમામ કામગીરી વખતો વખત જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ વડોદરાની દેખરેખ અને સંમતી હેઠળ રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાં તરીકે પ્રતિકરૂપે માસીક રૂા. ૨૫/- અંકે રૂપીયા પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદાર દર માસે મંડળીનો માસીક પ્રગતિ રિપોર્ટ તથા હિસાબ આ કાર્યાલયે નિયમિત મોકલવાનો રહેશે.

વડોદરા, તા. ૨૩-૩-૮૯

વંચાણે લીધો :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. - ૨, નહારપુરા ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. નહારપુરા તા. સાવલી જી. વડોદરાની તા. ૧૪-૩-૮૮ની નોંધણી રદની દરખાસ્ત.

-: હુકમ :-

જા.નં."ઊખસ"/ફડચા/૦૧/ચ-૧/૭૬૮/૮૯-ધી નહારપુરા ખેતી પિયત સહકારી મંડળી લી.ની નોંધણી ક્રમાંક ખે.-૩૮૦ તા.૩-૧૧-૮૧થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ નં. ફડચ/ફ-૭૨૬૫/૦૧/વ-૧/૨૩૯૫ તા. ૧૪-૧૨-૮૧થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૫-૪-૮૯

નં. ઉખસ/નધણ/૦૧/ઘ-૩/૨૪૬/સે./૨૩૫૧૬/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી જલારામ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૩-૪-૧૯૮૯

નં. ઉખસ/નધણ/૦૧/ઘ-૩/૨૫૦/ઘ./૧૨૮૬૨/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી વડોદરા શહેર સ્વાતંત્ર સેનાની ગૃહ નિર્માણ મંડળી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૦-૪-૧૯૮૯

નં. ઉખસ/નધણ/૦૧/ઘ-૩/૨૬૬/સે./૨૩૫૧૭/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી ગુજરાત કાર્બન ઓફીસ સ્ટાફ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૬-૪-૧૯૮૯

નં. ઉખસ/નધણ/૦૧/ઘ-૩/૨૭૫/ઘ./૧૨૮૬૩/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી ગજાનંદ એપાર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧-૫-૧૯૮૯

નં. ઉખસ/નધણ/૦૧/ઘ-૩/૨૯૯/ઘ./૧૨૮૬૪/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી દત્ત નિવાસ એપાર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧-૫-૧૯૮૯

INDEX

નં. ઉખસ/નધણ/૦૧/ઘ-૩/૨૯૨/ઘ./૧૨૮૬૬/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી વૈશ્નોદેવી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨-૫-૧૯૮૯

નં. ઉખસ/નધણ/૦૧/ઘ-૩/૩૦૪/ઘ./૧૨૮૬૫/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી શારદાપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨-૫-૧૯૮૯

વંચાણે લીધો :-

(૧) આ કાર્યાલયનો તા. ૮-૬-૮૮ નો ક્રમાંક ફડચા/૦૧/ચ-૧/ ૧૭૩૪-૪૨/૮૮નો વચગાળાનો ફડચાનો હુકમ.

-: અંતિમ હુકમ :-

જા. નં. ''ઊખસ''/ફડચા-ફ/૮૫૮૨/૦૧/ચ-૧/૯૮૪/૮૯- ધી કલ્યાણ કુઇ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. કલ્યાણ કુઇ તા. પાદરા જે તા. ૩૦-૧૦-૧૯૩૦ના નોંધણી ક્રમાંક ઉ-૧૭૧૫૨થી નોંધવામાં આવી હતી. તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક) મુજબ સદરહુ વચગાળાનો આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવી નથી સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૩ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૪-૫-૮૯

વંચાણે લીધો :-

(૧) આ કાર્યાલયનો તા. ૮-૬-૮૮ નો ક્રમાંક ફડચા/૦૧/ચ-૧/ ૧૭૩૪-૪૨/૮૮નો વચગાળાનો ફડચાનો હુકમ.

-: અંતિમ હુકમ :-

જા. નં. ''ઊખસ''/ફડચા-ફ/૮૫૮૨/૦૧/ચ-૧/૯૮૪/૮૯- ધી ખલીપુર સેવા સહકારી મંડળી લી. મુ. ખલીપુર તા. વડોદરા જે તા. ૩૧-૧-૭૫ના નોંધણી ક્રમાંક સે-૧૩૨૬૩થી નોંધવામાં આવી હતી. તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક) મુજબ સદરહુ વચગાળાનો આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવી નથી સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૪-૫-૮૯

(સી. એમ. દલાલ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ વડોદરા.

નં. ઉખસ/નધણ/૦૧/ઘ-૩/૩૦૭/સે./૨૩૫૧૮/૮૯- જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે વાંકળ વિકાસ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૦-૫-૧૯૮૯

વંચાણે લીધો :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨, ગરધીયાં મરઘા ઉછેર સહકારી મંડળી લી. મુ. ગરધીયાં તા. સાવલી જી. વડોદરાની તા. ૨૯-૧૦-૮૮ની નોંધણી રદની દરખાસ્ત.

-: હુકમ :-

જા. નં. ''ઊખસ''/ફડચા/૦૧/ચ-૧/૧૧૦૫/૮૯- ધી ગરધીયાં મરઘાં ઉછેર સહકારી મંડળી લી.ની નોંધણી ક્રમાંક ઉ-૭૭૩૧ તા.૩૦-૬-૮૦થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમથી નં. ફડચ/ફ-૮૫૭૮/૦૧/ચ-૧/૫૪/૮૯ તા. ૨-૨-૮૯થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું

INDEX

રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૮-૬-૮૯

વંચાણે લીધો :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૧, ફલોડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ફલોડ તા. વાઘોડીયા જી. વડોદરાની નોંધણી રદની દરખાસ્ત.

-: હુકમ :-

જા. નં. ''ઊખસ''/ફડચા/૦૧/ચ-૧/૧૧૦૬/૮૯- ધી ફલોડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ની નોંધણી ક્રમાંક સેદુ.-૧૩૫૬ તા. ૨૯-૪-૭૫થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ નં. ફડચ/ફ-૮૦૦૧/૦૧/ઘ-૧/૪૦૬ તા. ૧૬-૪-૮૫થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૮-૬-૮૯

(એસ.એસ. ચૌહાણ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ વડોદરા.

વંચાણે લીધો :-

(૧) મેનેજર, સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરના પત્ર ક્રમાંક એચ.ઓ. લોન્સ/વહટ/૩૦/૧૨૮૨૯ તા.૧૧-૧-૮૮
(૨) મેનેજર, સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરના પત્ર ક્રમાંક એચ.ઓ. લોન્સ/વહટ/૩૦/૧૬૧૬૭ તા. ૨૦-૨-૮૮ તથા સાથેના એક્ઝી. કમીટીના તા. ૧૬-૨-૮૮ના ઠરાવ નંબર-૧૦.
(૩) અત્રેની કચેરીની તા. ૧-૧૧-૮૮ના રોજ ફેરફાર મંજુરીની નોંધ.

સુધારો :-

ક્રમાંક ફડચ/ફ/૮૪૦૭/૦૧/ખ/૨/૮૯ તા. ૩૧-૧૨-૮૭ આથી હું એલ. એસ. બાવા જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સાબરકાંઠા હિંમતનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ધી ઓનેસ્ટ પરસ્પર જવાબદારીવાળી નાગરિક સહકારી શરાફી મંડળી લી. મોડાસનની નં. ૧૫૮૦૦ તા. ૫-૮-૭૮ અત્રેના હુકમ ક્રમાંક ફડચ/ફ/૮૪૦૭/૦૧/ખ/૨૯૬૨ તા. ૩૧-૧૨-૮૭થી કરેલ મંડળીને ફડચાના અંતિમ આદેશમાં નીચે મુજબ સુધારો કરૂ છું.

ઉક્ત પારામાં સુચવાયેલ મંડળીના ફડચાના અંતિમ આદેશના પેરા બેમાં સદરહુ સંસ્થાના ફડચા અધિકારી તરીકે આસી. મેનેજર, (લોન્સ) ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંક કરવામાં આવેલ છે. તેના સંદર્ભે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંક કરૂ છું.

ફડચા અંગેની કામગીરીની શરતો અને બોલીઓ અત્રેના હુકમ ક્રમાંક ફડચ/ફ/૮૪૦૭/૦૧/ખ/૨૯૬૨ તા. ૩૧-૧૨-૮૭માં જણાવ્યા મુજબ યથાવત રહેશે.

હિંમતનગર, તા. ૨-૧-૮૯

વંચાણે લીધા :-

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચો) હિંમતનગરનો તા. ૨-૨-૮૯ના પત્ર નં. ફડચ/૦૧/ખ/૭૫-૮૯
(૨) અત્રેની કચેરીનો હુકમ નં. ફડચ/ફ/૭૩૪૨/૦૧/ઘ/૩૭૬ તા. ૨૮-૨-૮૯
(૩) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧
(૪) આ કાર્યાલયની તા. ૨૮-૨-૮૯ની મંજુર થયેલ નોંધ.

આલોચના :-

નંબર પીઓએલ/ પ્રતિબંધ / વશી-૧૮૬૪/૨૦૦૦.—ચોમાસાની સીઝન દરમિયાન માછલીઓ પ્રજનનની પ્રક્રિયા કરે છે. આ પ્રક્રિયાને કારણે પર્યાવરણની સમતુલા જળવાતી હોઈ, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, હિંમતનગરે જિલ્લામાં આવેલ ગામતળાવો, સિંચાઈ તળાવો, જળાશયો, નદીઓ તથા નિકાસના ધરાઓમાં ગેરકાયદેસર માછીમારી કરવા ઉપર તારીખ ૧૬મી જુન, ૨૦૦૦ થી ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૦ દરમિયાન પ્રતિબંધ મુકવા દરખાસ્ત કરેલ છે. જેથી બિયારણ તથા પર્યાવરણને કોઈ વિપરીત અસર થાય નહીં.

વાસ્તે હું વી. થીરૂપુગલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિંમતનગર. સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ) થી મળેલ સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતી નદીઓ, ગામતળાવ, સિંચાઈ તળાવો, જળાશયો તથા નિકાસના ધરાઓ વિગેરેમાંથી તારીખ ૧૬મી જુન, ૨૦૦૦ થી ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૦ના સમયગાળા દરમિયાન કોઈપણ ઈસમે જંતુનાશક કે ઝેરી પ્રવાહી સ્ફોટક પદાર્થો નાંખી કે અન્ય કોઈ રીતે બિન અધિકૃત માછીમારીની પ્રક્રિયા કરવી નહીં કે કરાવવી નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર કોઈપણ વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ઈ.પી.કો. કલમ-૧૮૮ ની જોગવાઈઓ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી મે, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વી. થી. રૂપુગલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ ૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.પી.એ. ૬/૨૦૦૦.—માહે જુન-૨૦૦૦ના માસમાં ઈદે મીલાદનો તહેવાર આવતો હોઈ લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, છરી, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવુ કંઈપણ સાધન સાથે લઈ જવુ નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતીનો ભંગ થતો હોય તેવું કરવાનુ નહી.

INDEX

વાસ્તે હું એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મના કરૂ છું. આ હુકમ તા. ૧લી જુન ૨૦૦૦ થી તા. ૩૦મી જુન ૨૦૦૦ સુધી બંને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવુ કંઈપણ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૨૯મી માહે મે, સને ૨૦૦૦ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

ક્રમાંક એમ.એ.જી./વશી. /૧૩૩૬ થી ૧૩૫૨.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એન. કે. ડામોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું, કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧લી જુન ૨૦૦૦ થી તારીખ ૧૫મી જુન ૨૦૦૦ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવુ નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી, પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ. એકઠા કરવા નહિ. તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા સબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવુ નહી.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવું નહિ તેવા હાવભાવ કરવા નહિ, તથા તેવા ચિત્રો પ્રતિક પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ બનાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારી એ આવું કોઈપણ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યું હોય, અથવા આવુ કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારી ને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૩૦મી મે ૨૦૦૦ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક : એમ. એ. જી.વશી.૧૩૫૩ થી ૧૩૬૯.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનુ મને જરૂર જણાય છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું એન. કે. ડામોર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા (રાજપીપળા) આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧લી જુન ૨૦૦૦ થી ના દિવસ સવારના ૦૦-૦૦ કલાકથી તા. ૧૫મી જુન ૨૦૦૦ના રોજ સાંજનાં ૨૪-૦૦ સુધી (બંન્ને દિવસો સુધી)ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવુ છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

INDEX

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦નાં ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી મે, ૨૦૦૦ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા.

જાહેરનામું

સને ૧૯૫૧નો મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું.

નંબર મકમ-પલસ-મજસ-વશી-૧૯૧૦ થી ૧૯૪૦.—આગામી તા. ૧૫મી જુન, ૨૦૦૦ના રોજ ઈદ-એ-મિલાદ તહેવારની ઉજવણી થનાર હોઈ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલિસ અધિનિયમની -૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું કે. આઈ. વસાવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદ આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ જિલ્લામાં તા. ૧૨મી જુન, ૨૦૦૦ થી ૧૮મી જુન, ૨૦૦૦(બંને દિવસો સહીત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા,બંદૂક, છરો,લાકડી કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહી,.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેકવાની ધકેલવાના યંત્રો સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવાં નહી. તથા તૈયાર કરવા નહી. મનુષ્યો અથવા શબો અથવા આકૃતીઓ અથવા પૂતળાં દેખાડવાં નહી. અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાં નહી. અસ્લીલ ગીતો ગાવાં નહી.

(ચ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવું નહી. તેવા હાવભાવ કરવા નહી. તેવી ચેષ્ટા કરવી નહી. અથવા તેવા પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી. બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.
(૧) સરકારી નોકર કે, કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપર અધિકારીઓ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું હથીયાર લઈ જવાની ફરજ હોય, પોલિસ સબ ઈન્સ્પેકટરશ્રી થી નીચેની પાયરીના હોય તેવા અધિકારીએ જે તે શારિરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને

આજરોજ તારીખ ૬ઠ્ઠી જુન, ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપવામાં આવ્યો.

કે. આઈ. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તાલીમ/રજી. નં. ૨૬/૨૦૦૦.—કમાન્ડીંગ ઓફિસર, કોસ્ટલ ગાર્ડ એર સ્ટેશન દમણનાં પત્ર નં. ૩૧૧/૨, તા. ૨જી જુન, ૨૦૦૦થી જણાવ્યાનુસાર વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે આથી કોઈપણ વ્યકિતને કે પશુઓને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધી માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ ૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉમરગામ જિલ્લા વલસાડનાં ૨ કી.મી. વિસ્તારમાં તારીખ ૧૨મી જુન, ૨૦૦૦ અને તારીખ ૧૩મી જુન, ૨૦૦૦નાં રોજ સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારનાં કોઈ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી જુન, ૨૦૦૦ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલ્લા/વશી/૨૧૩૯/૨૦૦૦.—રાજ્ય અનામત પોલીસ દળ જૂથ વાવ-૧૧ ના યુનિટની એકટીવ કંપનોઓ તથા હેડકવાર્ટર કંપનીના જવાનોનુ ૨૦૦૦ વર્ષની ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૨૦મી મે, ૨૦૦૦ થી તારીખ ૩૦મી મે, ૨૦૦૦ સુધી શેરૂલ્લા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હું આર. જે. માંકડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારીની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલ્લા ફાયરીંગ બટ ઉપર તારીખ ૨૦મી મે, ૨૦૦૦ થી તારીખ ૩૦મી મે, ૨૦૦૦ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ રાખેલ હોઈ સદરહુ વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતાં ઢોર-ઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૨૦મી મે, ૨૦૦૦ થી તારીખ ૩૦મી મે, ૨૦૦૦ સુધી પ્રવેશ કરવો નહી. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

INDEX

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી મે, ૨૦૦૦ ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૯૯ (૧) (બી).

નંબર પલસા/૨૧૯૯/૨૦૦૦.—સુરત જિલ્લામાં આવેલ પલસાણા તાલુકાના બગુમરા-ગંગાધરા વચ્ચે નેશનલ હાઈવે નં. ૬ આગળ ફાટક નં. ૧૭ (એ) ની (સમારકામ) કરવાની કામગીરી તારીખ ૨૯મી મે, ૨૦૦૦ થી ૩૦મી મે, ૨૦૦૦ સુધી રાખી હોવાથી સદરહુ મે ૨૦૦૦ સુધી રાખી હોવાથી સદરહુ રેલ્વે ફાટક નં. ૧૭ (એ) વાહન વ્યવહાર માટે બંધ રાખવાની જરૂર છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલા અધિકારની રૂએ હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે સુરત જિલ્લામાં આવેલ બગુમરા-ગંગાધરા વચ્ચે નેશનલ હાઈવે નં. ૬ રેલ્વે ફાટક નં. ૧૭ (એ) નું સમારકામ તારીખ ૨૯મી મે, ૨૦૦૦ થી તારીખ ૩૦મી મે, ૨૦૦૦ સુધી સવારે ૬-૦૦ કલાકથી સાંજે ૧૯-૦૦ કલાક સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ કરવાનો આથી હુકમ કરું છું. આ સમય દરમ્યાન સુરત-બારડોલી વચ્ચેના ટ્રાફીક નીચે મુજબના રૂટ ઉપરથી ડાયવર્ઝન કરી શકાશે.

(૧) કડોદરાથી બારડોલી જતા ટ્રાફિકને દસ્તાન ફાટકથી ડાબી બાજુવાળી હલધરૂ થઈ, મોતા થઈ, ગંગાધરા રેલ્વે સ્ટેશનના પશ્ચિમે આવેલ ફાટક ઉપરથી પસાર કરવા મુખ્ય માર્ગ ઉપર જઈ શકાશે તેમજ મોતાથી સીધા બારડોલી થઈ જઈ શકાશે.

(૨) બારડોલીથી સુરત આવતા ટ્રાફીકને સુરત જકાત નાકાથી મોતા થઈ વિહાણ ચાર રસ્તા થઈ કામરેજ થઈ સુરત તરફ મોકલી શકાશે તેમજ બારડોલીથી ગંગાધરા ચાર રસ્તા અને ત્યાંથી ડાબી બાજુ વાયા એના થઈ પલસાણા થઈ સુરત તરફ જઈ શકાશે.

અપવાદ.—ફરજ ઉપરના સરકારી કે રેલ્વેના વાહનો અગ્નિશામકો એમ્બ્યુલન્સનાં વાહનોને આ હુકમમાંથી મુક્તિ આપવામાં આવે છે.

આજ તારીખ ૨૫મી મે, ૨૦૦૦ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

નંબર એમએજી/વશી/૨૩૫૦ થી ૨૩૯૯ / ૨૦૦૦.—આધુનિક જમાનામાં "વીજળી" એ જીવન જરૂરીયાતનું અભિન્ન અંગ બની ગયેલ છે. પરંતુ વીજળીના ઉપયોગ માટે ટ્રાન્સમીશન અને ડીસ્ટ્રીબ્યુશનના તબક્કે જો પુરતી કાળજી ન લેવાય તો વીજળીના શોકથી માણસ અને જીવજંતું માત્ર પળભરમાં જાન ગુમાવી શકે છે. સુરત જિલ્લામાં ગુજરાત વિદ્યુત બોર્ડ મારફત તમામ વીજ ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. અને તે માટે સમગ્ર જિલ્લામાં ગુજરાત વિદ્યુત બોર્ડ તરફથી સબ સ્ટેશનો ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર હાઈટેન્શન, લાઈન લો ટેન્શન લાઈન વિગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાયેલ છે. ઉપરોક્ત માળખાગત સુવિધાઓ મારફત નાના મોટા તમામ વીજ ગ્રાહકોને ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એક્ટની જોગવાઈઓના અનુસંધાને સલામતીના તમામ પગલાંઓ લઈ વીજ કનેકશનો આપવામાં આવે છે.

અધિક્ષક ઈજનેરશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, સુરતની દરખાસ્ત મુજબ ઉપરોક્ત જોગવાઈઓનો અમલ કર્યા સિવાય વીજ કનેકશનો આપવામાં આવે કે મેળવવામાં આવે તો વીજગ્રાહક તેમજ તેની આજુબાજુ વસ્તીમાં રહેતી અન્ય કેટલીક વ્યક્તિઓને વીજપ્રવાહ થકી જાનનું જોખમ અને અકસ્માતનો ભય ઉભો થાય તેમ બને છે. અને તેથી જાહેર હિત અંગે સલામતી જોખમાય છે. અને તેથી જાહેર હિતમાં ગેરકાયદેસરના વીજ કનેકશનો તેમજ જીવતા વાયરોમાંથી લંગર નાંખીને કે પથ્થર બાંધીને અનઅધિકૃત રીતે વીજપુરવઠો મેળવતાં વ્યકિતઓ / સંસ્થાઓને તેમ કરતાં અટકાવવાનું અનિવાર્ય પણે જરૂરી છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે સુરત જિલ્લામાં ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એક્ટની જોગવાઈઓ વિરૂધ્ધ કોઈપણ વ્યકિત સંસ્થા પેઢી કંપનીએ જીવતા વાયરોમાંથી લંગર નાખીને કે અન્ય કોઈપણ રીતે અનાધિકૃત વીજ જોડાણ કે પુરવઠો મેળવવો નહીં.

આ જાહેરનામાના હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ના ૪૧ માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

સદરહુ જાહેરનામું તારીખ ૨૯મી જૂન, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૩૦મી મે, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કો કરીને સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલ્લા/વશી ૨૦૩૮ થી ૨૩૪૧ / ૨૦૦૦.—કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ ઉકાઈ ઓ. એન. જી. સી. હજીરાંનાં પોલીસ કર્મચારીઓનો સને ૨૦૦૦ ના વર્ષનો ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૨૧મી જૂન, ૨૦૦૦ થી તારીખ ૨૪મી જૂન, ૨૦૦૦ સુધી શેરૂલ્લા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સાલામતી સારૂં હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ-શેરૂલ્લા બટ ફાયરીંગ બટ ઉપર તારીખ ૨૧મી જ

INDEX

તારીખ ૨૪મી જુન ૨૦૦૦ સુધી ગોળીબાર પ્રેક્ટીસનો કાર્યક્રમ રાખેલ હોઈ સદરહુ વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અન-અધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતી ઢોર-ઢાંખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુની ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૨૧મી જુન ૨૦૦૦ થી તારીખ ૨૪મી જુન ૨૦૦૦ સુધી પ્રવેશ કરવો નહીં. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જુન ૨૦૦૦ ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ / શેરૂલ્લા / વશી/૨૧૮૯/૨૦૦૦.—સુરત જિલ્લાનાં ઉકાઈ ખાતે સી. આઈ. એસ. એફ. યુનિટ ઉકાઈના જવાનોનો સને ૨૦૦૦ નાં વર્ષનો ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧૫મી જુન ૨૦૦૦ થી તારીખ ૧૭મી જુન ૨૦૦૦ સુધી શેરૂલ્લા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારું હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારીની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલ્લા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૫મી જુન ૨૦૦૦ થી તારીખ ૧૭મી જુન ૨૦૦૦ સુધી ગોળીબાર પ્રેક્ટીસનો કાર્યક્રમ રાખેલ હોઈ સદરહુ વિસ્તારમાં આજુબાજુ રહેતા તથા બહારની કોઈ પણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતાં ઢોરઢાંખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૫મી જુન ૨૦૦૦ થી તારીખ ૧૭મી જુન ૨૦૦૦ સુધી પ્રવેશ કરવો નહી. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જુન, ૨૦૦૦ ના રોજ સહી-સિક્કો કરી આપ્યો.

આર. જે. માકડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કલેકટર દ્વારા

જાહેરનામું

ક્રમાંક મકમ/ટેનન્સી/વશી/૧૧૮૩/૨૦૦૦.—આથી સને ૧૯૪૮ ના મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનના અધિનિયમ ક્રમાંક : ૬૭ ની પેટા કલમ-૧ અને ૨ ના અધિકારો કે જે રાજ્ય સરકારના મહેસુલ અને ખેતીવાડી વિભાગના જાહેરનામા ક્રમાંક ટીએનસી/૧૦૬૪/૯૬૫૯૨/જ, તારીખ ૯મી ઓકટોબર, ૧૯૬૪ થી કલેકટર સુરતને સુપરત કરવામાં આવેલ છે. તેની રૂએ હું સંગીતા સિંહ (આઈ.એ.એસ.) કલેકટર, સુરત નીચે જણાવેલ પરિશિષ્ટના અધિકારો મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનના અધિનિયમ-૧૯૪૮ ના ધારા અંગે તમામ અધિકારો અને ફરજ બજાવવા નિયુકત કરૂ છું.

અનુ. નંબર	અધિકારીનો હોદ્દો	જાહેરનામાથી આપેલ ક્ષેત્રાધિકારનો તાલુકો	મુખ્ય મથક
૧	૨	૩	૪
(૧)	વધારાના મામલતદાર અને કૃષિપંચશ્રી (ગણોત) ચોર્યાસી.	સુરત સીટી તાલુકો	સુરત

આ હુકમનો અમલ ચોર્યાસી તાલુકાનું વિભાજન થતાં સુરત સીટી તાલુકો, તારીખ ૧લી મે, ૧૯૯૮ થી અમલમાં આવ્યો ત્યારથી કરવાનો રહેશે.

સુરત, તારીખ ૧લી મે, ૨૦૦૦.

સંગીતા સિંહ,
કલેકટર, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar of Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part I, should be *read* to have been published in issue No. 24 of *Gujarat Government Gazette*, Part I, dated 15th June, 2000 and for pages 63 to 133 (in 1 set) *read* page Nos. 1402 to 1473.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે તારીખ ૧૫મી જુન ૨૦૦૦ના ગુજરાત રાજ્યના ભાગ-૧ ના અંક ૨૪માં પ્રસિદ્ધ થયેલ છે તેમ વાંચવું. અને પાના ૬૩ થી ૧૩૩ (૧-બંચમાં) ને પાન નંબર ૧૪૦૨ થી ૧૪૭૩ વાંચવા.

Vadodara, 15th June, 2000.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department
Vadodara.

INDEX

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ

નંબર સા/૨૧૧૬/નધણ/૪૪૨/ક-૩/૧૯૮/૧૯૯૨,—આથી જાહેર કરે છે કે અમીન વાહન વાહક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ધોલકા તાલુકો ધોલકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨.

નંબર ઉખસ/નધણ/ક-૩/૨૯૩/એ/૨૫૮૩૧/૧૯૯૨.— આથી જાહેર કરે છે કે મામાકાના દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મામાકાના, તાલુકો દસક્રોઈ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૨.

નંબર ઉખસ/નધણ/ક-૩/૨૯૫/સે/૨૫૮૩૨/૯૨.—આથી જાહેર કરે છે કે પટેલપુરા (ધારીસણ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પટેલપુરા (ધારીસણ) તાલુકો દહેગામ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના) કાયદો ૧૯૬૧ કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૨.

નંબર ઉખસ/નધણ/ક-૩/૨૯૭/સે-૫૮૩૩/૯૨.—આથી જાહેર કરે છે કે ભમાસરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભમાસરા, તાલુકો ધોળકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૨.

નંબર ઉખસ/નધણ/ક-૩/૨૯૯/સે૫૮૩૪/૧૯૯૨.—આથી જાહેર કરે છે કે ભીમનાથ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભીમનાથ, તાલુકો ધંધુકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૨.

નંબર ઉખસ/નધણ/ક-૩/૩૦૧ સે-૨૫૮૩૫/૧૯૯૨.—આથી જાહેર કરે છે કે ચેખલારાણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.મર્યાદિત સ્થળ ચેખલારાણી, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૨.

નંબર સે/૨૫૮૩૮/ઉખસ/નધણ/ક-૩/૩૪૦/૧૯૯૨.—આથી જાહેર કરે છે કે કોઠિયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કોઠિયા, તાલુકો દસક્રોઈ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ નીકલમ-૨૦ ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં. દખ/ડીડીસી/૧૧૬૩/૭૨૮૬/બી, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમિશનર અને રજિસ્ટ્રારશ્રી સ. મં. ગુજરાત રાજ્ય અમદાવાદના હુકમ નંબર : એડીએમ/૧/તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નંબર-૨નો તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૯૧નો અહેવાલ.

જા. નં. : ઉખસ/ફડચ/ચ-૩/૩૩૩/૮૯.—આથી ધી સવગણ ગ્રાહક સહકોરી ભંડાર મુકામ : સવગણ, તાલુકો : ધંધુકા, જિલ્લો : અમદાવાદ જે નોંધણી નંબર : ભ-૩૩૩૩ તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૮૨ થી નોંધાયેલી સહકારી મંડળી છે. સદરહું મંડળીને અત્રેની કચેરીના હુકમ નંબર : ઉખસ/ફડચ/ચ-૩/૨૮૩, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અંગેના તારીખ.........ના આદેશથી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે. સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આદેશ

હું શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ફડચ), અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક : ૧ તથા ૨ મુજબના સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ થી મને મળેલ અધિકારની રૂઈએ ધી સવગણ ગ્રાહક સહકારી ભંડાર મુકામ : સવગણ તાલુકો : ધંધુકા, જિલ્લો : અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : નંબર-ભ-૩૩૩૩ તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૮૨ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૨.

નં. સે/૨૫૮૩૭ /ઉખસ/નધણ/ક-૩/૩૨૫/૯૨.—આથી જાહેર કરે છે કે, ગોધાવી મહિલા દૂધ ઉત્પાદક સંઘ સ. મં. લી. મર્યાદિત સ્થળ ગોધાવી, તાલુકો સાણંદ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧)ની કલમ ૯-અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૨.

INDEX

નં. સે/૨૫૮૩૬/ઉખસ/નધણ/ક-૩/૩૨૩/૯૨.—આથી જાહેર કરે છે કે, નવાપુરા મહિલા દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ નવાપુરા, તાલુકો સાણંદ, જિ. અમદાવાદ.

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૦મી માર્ચ, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્રનં. : ઘખ/ડીડીસી-૧૧૭૩/૭૨૮૬/બી, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમીશનર અને રજીસ્ટ્રારશ્રી સ. મં. ગુજરાત રાજ્ય અમદાવાદના હુકમ નંબર : એડીએમ/૧, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નંબરના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૨ નો અહેવાલ.

જા. નં. : ઉખસ/ફડચ/ચ-૩/૬૮૭/૮૯.—આથી ધી ભાગીરથી કો.ઓ. હા. સો લી. મુકામ : ગાંધીનગર, તાલુકો : ગાંધીનગર જિલ્લો : ગાંધીનગર જે નોંધણી નંબર : ઘ-૧૩૬૨૮ તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૮૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અત્રેની કચેરીના હુકમ નંબર : ઉખસ/ફડચ/ચ-૩/૧૪૧ તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અંગેના તારીખ.......................... ના આદેશથી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળીની નોંધણી રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આદેશ

હું શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ(રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક : ૧ તથા ૨ મુજબના સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ થી મને મળેલ અધિકારની રૂઈએ ધી ભાગીરથી કો.ઓ.હા. સો લી., મુકામ : ગાંધીનગર, તાલુકો : ગાંધીનગર જિલ્લો : ગાંધીનગર કે જેનો નોંધણી નંબર : ઘ-૧૩૬૨૮ તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૮૮ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં. ઘખ / ડી.ડી.સી. / ૧૧૬૩ / ૭૨૮૬ / બી, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમિશનર અને રજિસ્ટ્રાર શ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદ ના હુકમ નંબર એ.ડી. એમ. / ૧ / તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નંબર ૧, ના તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૨ નો અહેવાલ

જાવક નંબર ઉખસ / ફડચ / ચ-૩ / ૩૮૮/૯૨.— આથી ધી—જીવનજ્યોત કો. ઓ. હા. ઉ. સો. લી., મુકામ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર જે નોંધણી નંબર ૧૩૫૦૫ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૮૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીનેઅત્રેની કચેરી ના હુકમ નંબર ઉખસ / ફડચ / ચ-૩/ ૧૧૪, તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અંગેના તારીખ.............. ના આદેશ થી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળીની નોંધણી રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આદેશ

હું શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક ૧ તથા ૨ મુજબના અને સને ૧૯૬૧ નાગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૨૦ થી મને મળેલ અધિકારની રૂઈએ ધી જીવન જ્યોત કો. ઓ. હા. સો., મુકામ ગાંધીનગર, તાલુકા ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર કે જેના નોંધણી નંબર ઘ—૧૩૫૦૫ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૮૮ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતા ના પત્ર નં. ઘખ / ડી.ડી.સી. / ૧૧૬૩ / ૭૨૮૬ / બી, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમીશનર અને રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદ ના હુકમ નંબર એ.ડી.એમ. / ૧ / તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નંબર ૧નો તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૨નો અહેવાલ.

જાવક નંબર ઉખસ / ફડચ / ચ-૩ / ૩૮૬/૯૨.— આથી ધી સિધ્ધેશ્વરી કો. ઓ. હા. સો. લી., મુકામ ગાંધીનગર, તાલુકો-ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર જે નોંધણી નંબર ૧૩૫૮૪, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૮૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અત્રેની કચેરી ના હુકમ નંબર ઉખસ / ફડચ / ચ-૩ / .... તારીખ.............. થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અંગેના તારીખ................. ના આદેશથી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળીની નોંધણી રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આદેશ

હું શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક ૧ તથા ૨ મુજબના સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ થી મને મળેલ અધિકારની રૂઈએ ધી સિધ્ધેશ્વરી કો. ઓ. હા. સો. લી., મુકામ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર કે જેનો નોંધણી નંબર ૧૩૫૮૪ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૮૮ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨.

INDEX

વંચાણે લીધાં:-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ની જોગવાઈઓ.
(૨) ખેતીવાડી અને સહકાર ખાતાના પત્ર નં. ઘખ/ડી ડીસી. ૧૧૬૩/૭૨૮૬/બી, તા. ૩૦મી ડીસેમ્બર, ૧૯૬૫.
(૩) સહકાર કમીશ્નર અને રજિસ્ટ્રાર શ્રી સ. મં. ગુજરાત રાજ્ય અમદાવાદના હુકમ નંબર એડીએમ/૧/ તા. ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬.
(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નંબર નો તા. નો અહેવાલ.

જા. નં. ઉખસ/ફડચ/ચ-૩/૩૮૫.—આથી ધી અવિનાશ કો. સો. હાઉસીંગ સો. લિ. મુ. ગાંધીનગર, તા. ગાંધીનગર, જિ. ગાંધીનગર જે નોંધણી નંબર ધ-૧૩૫૧૬ તા. ૩૦મી ડીસેમ્બર ૧૯૮૮થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અત્રેની કચેરી ના હુકમ નંબર ઉખસ/ફડચ/ચ-૩/૧૪૦ તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. તેમજ આ મંડળીની ફડચાની કાર્યવાહી અંગેના તા. ના આદેશથી સમાપ્ત થયેલી જાહેર કરેલ છે. સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલી છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહુ મંડળીની નોંધણી રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આદેશ

હું શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક ૧ તથા ૨મુજબ નાં સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦થી મને મળેલ અધિકારની રૂઈએ ધી અવિનાશ કો. હા. સો. મં. લી. મુ. ગાંધીનગર તા. ગાંધીનગર જિ. ગાંધીનગર કે જેના નોંધણી નંબર ધ-૧૩૫૧૬ તા. ૩૦મી ડીસેમ્બર ૧૯૮૮ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂ છું.

અમદાવાદ, તા. ૩૧મી માર્ચ, ૧૯૯૨.

નંબર ઉખસ/નધણ/૪૫૧/ક-૩/૪૮૬/સે/૨૫૮૩૯/૯૨.—આથી જાહેર કરે છે કે, વિરાવત દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વિરાવત, તાલુકો દસકોઈ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૪મી મે ૧૯૯૨.

નંબર ઉખસ/નધણ/ક-૩/૫૦૦/ભ/૨૦૩૩/૯૨.—આથીજાહેર કરે છે કે, ભાગ્યોદય આદર્શ ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ ધોળકા, તાલુકો ધોળકા, જિલ્લો અમદાવાદ,

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૮મી મે, ૧૯૯૨.

એ. વી. મછાર,
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (રૂરલ), અમદાવાદ.

નંબર નધણ/ સે-દૂધ/૨૪૯૫૨/ગ/૨૭૪૬/૯૧.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી સવાઈપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સવાઈપુરા, તાલુકો દાંતા, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તા. ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૧.

નંબર નધણ/ભં-૩૨૧/ગ/૨૭૪૫/૧૯૯૧.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી લક્ષ્મી ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ પાલનપુર, તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તા. ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) ધી પુષ્પાવતી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., પાલનપુરની તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૧ ની ખાસ સાધારણ સભાનો ઠરાવ નં. ૨.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ઘ (ખ) ૨૭૭ ડી. ડી. સી. ૧૧૬૮/ ૧૮૪૯૬/બી, તારીખ ૨૭મી મે, ૧૯૬૮.

(૩) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

હુકમ

સેન્ટ્રલ ક્રમાંક નં. ફ-૮૬૯૯/ઉખસ/ફડચ/૪૭૦/ગ/૦૬/૧૯૯૨.—ધી પુષ્પાવતી કો. ઓપરેટીવ હાઉસીંગ સહકારીમંડળી લી., મુકામ-પાલનપુર, તાલુકો પાલનપુર, જિલ્લો બસ સકાંઠા કે જેની નોંધણી નંબર ઘ-૭૮૭૯, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૦ શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, પાલનપુર ની ઓફિસે નોંધવામાં આવી હતી. હવે સદર મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો, પાલનપુર ની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય અમદાવાદના પરિપત્ર નંબર ફડચ (૭ અ) ૬૪૧૯, તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૬૮ થી નક્કી થયેલ દરોએ ફડચા અધિકારીએ ફડચાની ફી આકારવાની રહેશે અને તેઓ એ ફડચાની કામગીરી આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

આ ઉપરાંત અધિક રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નં. નધણ/૪૨૭/ઝ/૧૦૯૩/૯૧, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧માં જણાવેલ જોગવાઈઓનું ફડચા અધિકારીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૨.

INDEX

નંબર ઉખસ / નધણ / સે-દુધ / ૨૪૯૫૩ / ગ / ૨૫૦/૧૯૯૧.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી ઉજનવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ઉજનવાડા, તાલુકો દિયોદર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૨.

નંબર ઉખસ / નધણ / સે-દુધ / ૨૪૯૫૪ / ગ / ૨૫૧/૧૯૯૨.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી બેડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ બેડા, તાલુકો દિયોદર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૨.

નંબર નધણ / સે / તે / ૨૫૬૧૦ / ગ / ૨૭૮/૧૯૯૨.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી માલણ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ માલણ, તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૨.

વંચાણમાં લીધા:-

(૧) ઓડિટરશ્રી સહકારી મંડળીઓ પાલનપુર તરફથી આવેલ તારીખ ૧/૭/૧૯૮૯ થી તારીખ ૩૦/૬/૧૯૯૦ સુધીના મંડળીના ઓડીટની તારીખ ૨૧/૧/૧૯૯૧ની મંડળીને ફડચામાં લઈ જવા અંગેની નોંધ.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નં. ઘ(ખ) /૨૭૭/ડી.ડી.સી/૧૧૬૭/૧૮૪૯૬/બી, તા. ૨૭મી મે, ૧૯૬૮.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) આ કચેરીની તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ની કારણદર્શક નોટિસ.

(૫) આ કચેરીનો તા. ૧૯મી માર્ચ, ૧૯૯૧નો મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ ફડચ--૦૧-ગ-૬૨૨-૯૧.

(૬) આ કચેરીની અંતિમ નોટીસ તા. ૧લી ઓકટોબર, ૧૯૯૧ તથા તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૧.

આમુખ

સેન્ટ્રલ નંબર : ઉખસ/ફડચ/૪૭૪/ગ/૩૩૮/૯૨.—ધી રતનપુર સેવા સહકારી મંડળી લી. મુ. રતનપુર, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા કે જે નોંધણી નંબર સે-૧૧૯૭૦ તા. ૨જી મે, ૧૯૭૩થી નોંધવામાં આવેલ છે. જેને ફડચામાં લઈ જવા અંગે આમુખ નં. ૧ માં જણાવેલ પત્રથી ઓડિટર સહકારી મંડળીઓ પાલનપુરે સદર મંડળીને ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ કરેલ છે. જેના સંદર્ભમાં આમુખ નં. ૪માં જણાવેલ કારણદર્શક નોટિસ રજિસ્ટર પોસ્ટ એ.ડી. થી બજવણી કરી મંડળીના કાર્યવાહકોને રૂબરૂ રજુઆત સારૂ તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૧ના રોજ બોલાવેલ. મંડળીને ઉકત નોટિસની બજવણી થયેલ છે. તેમ છતાં મંડળી તરફથી કોઈ હોદ્દેદાર ઉકત તારીખે હાજર રહેલ નથી. તેમજ લેખીત રજુઆત પણ કરેલ નથી. ત્યારબાદ આમુખ નં. ૫ના આદેશથી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કાઢવામાં આવેલ. આ આદેશ સામે મંડળીના મંત્રીશ્રી લીલાભાઈ દેસાઈએ તેમના તા. ૧૮મી એપ્રિલ, ૧૯૯૧ના પત્રથી "મંડળીના પ્રમુખશ્રી ચુંટણીમાં વ્યસ્ત હોઈ રજુઆત કરવા આવેલ નથી. અને તેઓશ્રીની સુચના મુજબ બે માસની મુદત માગવામાં આવેલ હતી". જે મુજબ તેઓશ્રીને બે માસની મુદત આપવામાં આવેલ હતી. મંડળીએ માંગેલ બે માસની મુદત પૂર્ણ થયા બાદ આ કચેરીના તા. ૧લી ઓકટોબર, ૧૯૯૧ના પત્ર નં. ફડચ-૦૧-ગ-૨૧૩૫-૯૧ થી અંતિમ નોટિસ પાઠવી રૂબરૂ રજુઆત માટે આ કચેરીએ તા. ૧૪મી ઓકટોબર ૧૯૯૧ના રોજ બોલાવેલ જે સામે મંડળીના મંત્રી ઉકત મુદતે હાજર રહી જણાવેલ છે કે મંડળીના પ્રમુખશ્રી હરિસિંહજી પ્રતાપજી ચાવડા-દિલ્હી રોકાયેલ છે. તેઓ મુદતે હાજર રહેલ નથી અને ફરીથી નવી મુદત આપવા અને પ્રમુખશ્રી દિલ્હીથી આવ્યાં બાદ આ અંગેની જાણ કરવામાં આવશે. તેમ તેઓએ જણાવેલ છે. મંડળીના મંત્રીશ્રીની ઉકત રજઆત મુજબ આ કચેરીના પત્ર નં. ફડચ-૦૧-ગ-૨૭૩૮-૯૧, તા. ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૧થી ફરીથી અંતિમ નોટિસ પાઠવી. રૂબરૂ રજુઆત માટે આ કચેરીએ તા. ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૨ના રોજ બોલાવેલ નોટિસની મંડળીને બજવણી થયેલ છે. પરંતુ ઉકત મુદતે મંડળી તરફથી કોઈ હોદ્દેદાર હાજર રહેલ નથી તેમજ લેખિત રજુઆત પણ કરેલ નથી.

ધી રતનપુર સેવા સહકારી મંડળી લી. તા. પાલનપુર છેલ્લાં પાંચ વર્ષથી સ્થગિત છે. મંડળીમાં નવીન ધિરાણ ખાતર-બિયારણ-વિતરણની પ્રવૃત્તિ સદંતર બંધ છે. મંડળીનો છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે. મંડળીમાં સભ્ય સંખ્યા ૮૧ છે. મંડળીમાં સભ્ય સંખ્યામાં કોઈ વૃદ્ધિ થયેલ નથી. મંડળીએ પાછલી પાંચ ઓડીટનોંધોની દુરસ્તી કરવામાં આવેલ નથી. સંસ્થામાં વ્યવસ્થાપક કમિટિની બેઠકો નિયમિત મળતી નથી. સંસ્થામાં માનદ મંત્રી તરીકે રતનપુર લોકનિકેતન સંસ્થા દ્વારા નિયુકત શિક્ષકશ્રી ફરજ બજાવે છે. અને તેઓ મંડળીમાં પુરેપુરું ધ્યાન આપતા નથી. મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ નથી. આમ મંડળી અર્થક્ષમ રીતે કામકાજ કરી શકે તેવી કોઈ શકયતાઓ જણાતી નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાય છે. આથી સદર મંડળીને ફડચામાં લઈ જવા નીચે મુજબનો અંતિમ આદેશ કાઢવામાં આવે છે.

અંતિમ આદેશ

હુકમ ક્રમાંક ફ. ૯૧૦૩ તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨.—ધી રતનપુર સેવા સહકારી મંડળી લી. તા. પાલનપુર, જિ. બનાસકાંઠા જે નોંધણી નંબર સે-૧૧૯૭૦ તારીખ ૨જી મે, ૧૯૭૩થી નોંધવામાં આવેલ છે. સદર મંડળીને ફડચામાં લઈ જવી જરૂરી જણાય છે. આથી હુ શ્રી વી. એન. ત્રિવેદી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાલનપુર ઉપરોકત સહકારશ્રીના હુકમથી અને હોદ્દાની રૂએ મળેલ અધિકાર અન્વયે સને. ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ અન્વયે ધી રતનપુર સેવા સહકારી મંડળી લી. મુ. રતનપુર, તા. પાલનપુરને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરું છું. અને મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો પાલનપુરની સદર અધિનિયમની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણુંક કરું છું. રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નં. ફડચ/૭/અ/૬૪૧૯/ તા. ૧૧મી નવેમ્બર, ૧૯૬૮થી નક્કી કરેલ દરોએ ફડચા અધિકારીએ ફડચા ફી આકારવાની રહેશે. અને તેઓએ ફડચાની કામગીરી આ હુકમથી ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨.

INDEX

નંબર નધણ / સે / તે / ૨૫૬૧૬ / ગ / ૫૧૫/૧૯૯૨.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે ધી ભાંડોત્રા જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભાંડોત્રા, તાલુકો ધાનેરા, જિલ્લો બનાસકાંઠા સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૪થી માર્ચ, ૧૯૯૨.

નંબર નધણ / સે / તે / ૨૫૬૨૨ / ગ / ૫૨૫/૧૯૯૨.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે ધી સદરપુર જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સદરપુર, તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-- ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૫મી માર્ચ ૧૯૯૨.

નંબર નધણ / સે / તે / ૨૫૬૧૪ / ગ / ૩૫૪/૧૯૯૨.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે ધી મોટા જામપુર જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મોટા જામપુર, તાલુકો કાંકરેજ, જિલ્લો બનાસકાંઠા સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૨૫ મી ફેબ્રુઆરી ૧૯૯૨.

નંબર નધણ / સે / તે / ૨૫૬૧૫ / ગ / ૪૭૬/૧૦૦૨.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી કબોઈ જુથ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કબોઈ, તાલુકો કાંકરેજ, જિલ્લો બનાસકાંઠા સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૨.

નંબર નધણ / સે / તે / ૨૫૬૧૭ / ગ / ૫૧૬/૧૯૯૨.—જિલ્લા-રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે ધી પેપોળ જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પેપોળ, તાલુકો વડગામ, જિલ્લો બનાસકાંઠા સને-૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો) ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૪થી માર્ચ, ૧૯૯૨.

નં. નધણ/સે-તે/૨૫૬૨૦/ગ/૫૨૪/૧૯૯૨.—જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી વરનોડા જુથ તેલીબિયાં ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ વરનોડા, તા. ડીસા, જિલ્લો બનાસકાંઠા. સને ૧૯૬૨નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તા. ૫મી માર્ચ ૧૯૯૨.

નં. નધણ/સે-તે/૨૫૬૨૧/ગ/૫૨૩/૧૯૯૨.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, આથી જાહેર કરે છે કે ,ધી ખરોડીયા, જુથ તેલીબિયાં ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ ખરોડીયા, તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા સને ૧૯૬૨નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી .

પાલનપુર, તારીખ ૫મી માર્ચ ૧૯૯૨.

નં. નધણ/સે-તે/૨૫૬૧૯/ગ/૫૨૨/૧૯૯૨.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે ધી મોરીયા જુથ તેલીબિયાં ઉત્પાદન સ. મં. લી.મર્યાદિત સ્થળ :
તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૫મી માર્ચ, ૧૯૯૨.

નં. નધણ/સે-તે/૨૫૬૧૮/ગ/૫૨૧/૧૯૯૨.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી ધનિયાવાડા જુથ તેલીબિયાં ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ ધનિયાવાડા, તાલુકો ધાનેરા, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૫મી માર્ચ, ૧૯૯૨.

નં. નધણ/ઘ-૧૦૬૬૫/ગ/૫૨૦/૧૯૯૨.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી ગોકુળનગર કો. ઓપ. હાઉસીંગ સો. લી., પાલનપુર મર્યાદિત સ્થળ પાલનપુર, તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૫મી માર્ચ, ૧૯૯૨.

નં. નધણ/સે/૧૦૯૫૦/ગ/૫૪૭/૧૯૯૨.—આથી જાહેર કરે છે કે ધી ભીલડી નાગરિક શરાફી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભીલડી, તાલુકો ડીસા, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

પાલનપુર તારીખ ૯મી માર્ચ ૧૯૯૨.

INDEX

નં. ઉખસ/નધણ/સે/દુધ/૨૪૯૫૬ / ગ / ૫૭૬/૧૯૯૨.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે ધી જાળીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. જાળીયા, મર્યાદિત સ્થળ જાળીયા, તાલુકો કાંકરેજ, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગ્જુરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપર, તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૨.

નં. ઉખસ/નધણ/સે/દધ/૨૪૯૫૫/ગ/૫૭૫/૧૯૯૨.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે ધી રાજપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. રાજપુર, મર્યાદિત સ્થળ રાજપુર, તાલુકો કાંકરેજ, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર. તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૨.

નં. નધણ/ધ/૧૦૬૬૬/૮૫૯૩/૧૯૯૨.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી વિશ્વકર્મા કો. ઓ. હાઉસીંગ સો. લી., ડીસા, મર્યાદિત સ્થળ ડીસા, તાલુકો ડીસા, જિલ્લો : બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૨.

નં. ઉખસ/નધણ/સે/દુધ/૨૪૯૫૭/ગ/૬૦૧/૧૯૯૨.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી ખાણોદર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ખાણોદર, તાલુકો દિયોદર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૨.

વિ. એન. ત્રિવેદી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

વંચાણે લીધા :—

(૧) આ કાર્યાલયના આદેશ નં. ફડચ/૦૧/ખ-૩/૬૨, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૮૫.
(૨) શ્રી સ.અ.(ફડચા) લગત જિ.ર.સ.મં. ભરૂચના પત્ર ફડચ/૦૧/૪/૩૨૬/ચાર્જ તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૮૫.
(૩) બીજા જોઈન્ટ જ્યુડીશીયલ મેજિ., રાજપીપલાના તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૮૭ નો હુકમ.
(૪) અત્રેના કાર્યાલય તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૮૭ ના નં. ફડચ/૦૧/ખ-૩/૩૫૬.
(૫) શ્રી સ. અ. ફડચા લગત જિ. ર. સ. મં. ભરૂચ નં. : ફડચ/૦૧/આ. અન. હુ ૧૬ તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨.
(૬) શ્રી રજિ., સ. મં., ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૮૯ નં. ફડચ/૧૯૦/ખ/૧૮૦૧ ને પરિપત્ર.

સુધારો

નં. સે.ન./ઉખસ/ફડચ/૦૧/ખ ૩/૧૮/સને ૧૯૯૨.—ધી નંદનવન ખેતી પી. સ. મં. લી. સુકા, તાલુકો નાંદોદને અત્રેના તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૫ ના નંબર ફડચ/૦૧/ખ ૩/૬૨ થી ફડચામાં લઈ જવાને હુકમ થયેલ હતો અને સ. અ. (ફ) ૧ ની નિમણુંક કરી હતી.

સ.અ.ફ. ૧ ની મંડળીના વહીવટ કર્તા તરફથી ચાર્જ સુપ્રત કરતા તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૮૫ સ.અ.ફ. ૧ એ કલમ-૧૪૭ (૧) અન્વયે મંડળીને ચાર્જ મેળવવાની દરખાસ્ત કરતા અત્રેથી મેજિ. બીજા જોઈન્ટ જ્યુ. મેજિ. રાજપીપલા કોર્ટમાં મંડળીની કેસ નં. ૧૩૫૩ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૬ થી કેસ દાખલ કરેલ કોર્ટમાં કેસ ચાલી જતાં તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૮૭ ના રોજ મંડળીના ચેરમેનશ્રીએ રૂા. ૧૦૦ ના દંડ સહિત ચાર્જ સુપ્રત કરવા હુકમ થયેલ તે મુજબ તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૮૭ ના સ.ફ. ૧ ને ચાર્જ મેળવવા અત્રેથી હુકમ કરેલ હતો. અને સ.અ. (ફ) ની ચાર્જ મેળવેલ હતો.

તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ સ.ફ. એ અંતિમ આદેશનુ સુધારો કરવા દરખાસ્ત કરતા.

મુળ અંતિમ આદેશની ફડચ/૦૧/ખ-૩/૬૨/૮૫ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૫ છે. તેને બદલે નામ. રાજપીપલાના કોર્ટના તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૮૭ ના હુકમની તારીખ ગણવાની થાય છે.

ઉપરોકત વંચાણમાં લીધેલા પત્રાંક ૧ થી ૬ ને લક્ષમાં રાખી અંતિમ આદેશની તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૮૭ ગણાવા સુધારો કરવામાં આવે છે.

સદર મંડળીની ફડચાની કામગીરી તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૨ સુધીમાં પુર્ણ કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨.

વાંચ્યો :—આ કચેરીના યાદી ક્રમાંક : નધણ/૦૧/ક ૨/૨૦૭ તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૨.

હુકમ

ક્રમાંક નધણ/૦૧/ક ૨/૨૦૮/૧૯૯૨.—સને ૧૯૬૧ ના સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૩ (૨) અન્વયે મળેલ સત્તાની રૂએ ધી શહેરાવ દૂધ ઉત્પાદક સ. મં. લી., શહેરાવ તાલુકો નાંદોદ, જિલ્લો ભરૂચના પેટા નિયમ ૧ નો સુધારો સંદર્ભમાં જણાવેલ યાદી મુજબ કરવામાં આવેલ છે. તેમાં મંડળીનું હાલ જે નામ "ધી શહેરાવ દૂધ ઉત્પાદક સ.મં. લી. શહેરાવ" છે તેને બદલે "શ્રી ચામુંડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. શહેરાવ, તાલુકો નાંદોદ, જિલ્લો ભરૂચ નો સુધારો કલમ ૧૫ (૨) અન્વયે જાહેર કરવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૨.

એન. એ. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

INDEX

વંચાણે લીધા :

(૧) આ કચેરીના અંતિમ આદેશ નંબર ફડચ/૧/ખ ૧/૯-૧૫ તારીખ ૨૩મી ડીસેમ્બર ૧૯૮૭.

(૨) આ કચેરીનો તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૧નો આદેશ ક્રમાંક ફડચ/૧/ખ-૧/૪૩નો હુકમ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪.

(૪) જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (સુગર) જુનાગઢના તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૧ ના ક્રમાંક ફડચ/ગ-૧/૩૧૪/૧૪૭૩ નો પત્ર.

હુકમ

ક્રમાંક ફડચ/૧/ક ૧/૫.—શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી ધોરાજી. જીલ્લો રાજકોટને આ કચેરીના તારીખ ૨૩મી ડીસેમ્બર ૧૯૮૭ ના ક્રમાંક ફડચ/૧/અ ૧/૯૧૫ થી ફડચામાં લઈ જવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે સંયુકત રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ફડચા) ની નિમણુંક કરી ફડચાની કામગીરી સહકારી કાયદામાં નિયત કરેલ સમયમાં પૂર્ણ કરવા આદેશ કરવામાં આવેલ. આ કામગીરી સહકારી કાયદાની કલમ ૧૧૪ (૧) મુજબ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવી જોઈએ. જે કામગીરી સમયસર પૂર્ણ નહી થતાં આમુખ-૨માં જણાવેલ તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૧ ના આદેશથી એકવર્ષનો મુદત વધારો એટલે કે, તારીખ ૨૩મી ડીસેમ્બર ૧૯૯૦ થી ૨૩મી ડીસેમ્બર ૧૯૯૧નો મુદત વધારો મંજુર કરવામાં આવેલ.

આમુખ ક્રમાંક ૪અન્વયે જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુગર, જુનાગઢ કે જેઓ, તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૧થી આ મંડળી ફડચા અધિકારીનો ચાર્જ સંભાળતા હોઈ ફડચાની કામગીરી જે ચાલુમાં છે તે આટોપી લઈ પૂરી કરવામાં સમય લાગે તેમ હોઈ વધુ એક વર્ષ માટેની મુદત આપવા માંગણી કરેલ છે. જે વિચારણામાં લઈ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૧૪ (૧) ની જોગવાઈને ધ્યાનમાં લઈ અમોને મળેલ સત્તાની રૂએ આ મંડળીની ફડચાની કામગીરી પૂર્ણ કરવા માટે વધુ એક વર્ષની મુદત એટલે કે તારીખ ૨૩મી ડીસેમ્બર ૧૯૯૧થી ૨૩મી ડીસેમ્બર ૧૯૯૨ સુધીની મુદત લંબાવી આપવામાં આવે છે.

ઉપરોકત લંબાવી આપવામાં આવેલ સમયમાં ફડચાની કામગીરી પૂરી કરવાની રહેશે.

ગાંધીનગર, તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૨.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો તારીખ ૧૬મી ડીસેમ્બર, ૧૯૮૭નો ક્રમાંક ફડચ/૨અ-૧/૮૪૯/૮૭ નો અંતિમ આદેશ.

(૨) આ કચેરીની તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૧ ની ક્રમાંક ફડચ/૨/અ ૧/૪૨/નો હુકમ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૧૪

(૪) જીલ્લા રજીસ્ટ્રાર,સહકારી મંડળીઓ, સુગર, જુનાગઢનો તારીખ ૨૦મી ડિસેમ્બર ૧૯૯૧ નો ક્રમાંક ફડચ/ગ-૧/૩૧૫/૧૪૭૧/૯૧નો પત્ર.

હુકમ.

ક્રમાંક ફડચ/૨/ક-૧/૮૩/૯૨.—શ્રી સિધ્ધેશ્વર ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી (ફડચામાં) માખજીયા, તાલુકા તળાજા, જીલ્લો ભાવનગરને આ કચેરીનાં તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૮૬ ના ક્રમાંક ફડચ/૨/અ-૧ ૮૪૯ ના અંતિમ આદેશથી ફડચામાં લઈ જઈ ફડચા અધિકારીની નિમણુંક કરી ફડચાની કામગીરી તેના નિયત સમયમાં પૂરી કરવા જણાવાયેલ છે.

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) ની જોગવાઈ મુજબ ફડચામાં ગયેલ મંડળીની ફડચાની કામગીરી હુકમની તારીખથી ત્રણ વર્ષમાં સમાપ્ત કરવી જોઈએ જે તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૮૭થી તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૦ થાય. ફડચાની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ નહી થવાથી ક્રમ-૨માં જણાવેલ હુકમથી વધુ એક વર્ષની મુદત લંબાવી આપવામાં આવેલ ઉપર ક્રમ-૪માં જણાવેલ કચેરીના અધિકારી તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૧ થી આ મંડળીના ફડચા અધિકારી છે તે તેઓના તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૧ ના પત્રથી વિગતોએ ફડચાની કામગીરી હજુ ચાલુ છે જેથી તેને આટોપી લેવામાં હજુ સમય જોઈશે જેથી તેઓએ મુદત વધારાની માંગણી કરેલ છે જે વિગતોએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) ની જોગવાઈને ધ્યાનમાં લઈને અમોને થયેલ સત્તાની રૂએ આ મંડળીની ફડચાની કામગીરી પૂર્ણ કરવા માટે હાલ તુરત વધુ એક વર્ષની મુદત (એટલે કે તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૧ થી તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૨ સુધીનો લંબાવી આપવામાં આવે છે.

આ લંબાવી આપેલ સમય મર્યાદામાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ગાંધીનગર, તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૨.

એ. જી. મુકિમ,
ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

વંચાણમાં લીધા :—

(૧) ભુરાકુઈ પાટીદાર પિયત સ. મં. લી. ભુરાકુઈ તા. પેટલાદને ફડચામાં લઈ જવાનો હુકમ ક્રમાંક : ઉખસ/કજ/ફડચ/ગ-૨/૩૦૩૧/૯૨ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૧.

(૨) સહકારી અધિકારી ફડચા નં. ૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદનો તારીખ ૮મી ડિસેમ્બર ૧૯૯૧ નો પત્ર નં. ફડચ/૦૧/જ/૬૩૨/૯૧.

સુધારા હુકમ

જા. નં. ઉખસ/ક-જ/ફ ડચ/ગ-૨ /૩૯૧૩/૯૧.— ઉપરોકત આમુખ નં. ૧ અને ૨ વંચાણે લેતાં અત્રેની કચેરીના તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૧ ના હુકમથી ભુરાકુઈ પાટીદાર પિયત સહકારી મંડળી લી. મુકામ, ભુરાકુઈ તાલુકો પેટલાદ, નોંધણી નંબર એ -૬૪ તારીખ ૪થી માર્ચ ૧૯૧૭ થી નોંધવામાં આવેલ મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવેલ છે. જેમાં આમુખ નં. ૨ તરફથી જણાવ્યા અનુસાર ફડચામાં લઈ જવામાં આવેલ મંડળીનું નામ "ભુરાકુઈ પાટીદાર પંપ સહકારી મંડળી લી. તાલુકો પેટલાદ કે જેનો નોંધણી નંબર એફ -૨૮૧ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૮૮ છે. જે સુધારો વંચાણમાં લેવા વિનંતી છે.

નડીઆદ, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૧.

INDEX

વંચાણે લીધા :—

(૧) સબ-ઓડીટર, લગત સ્પેશલ ઓડીટર, સહકારી મંડળીઓ (નવી જગ્યા) મહેમદાવાદ ના-જાવક નંબર ઓપણ--૧૬૬--૩૮૦ ૧૯૯૦ તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૦ ના તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૮૯ થી તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૦ ના સમયના ઓડીટનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જાવક નંબર ચ.ક.સ.--૩૦૪૨--ચ--૨૮૨ '૯૦ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૦ ની રજી.પો. એ. ડી. થી પાઠવેલ નોટીસ.

(૩) અત્રેની કચેરીના જાવક નંબર ચ.ક.સ.--૩૦૪૨--ખ--૨૧૫૪ / ૧૯૯૧ તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૯૧ ની રજી. પો. એ. ડી. થી પાઠવેલ કારણ દર્શક--નોટીસ.

(૪) અત્રેની કચેરીના જાવક નંબર ચ.ક.સ.--૩૦૪૨--ખ-૨૫૫૬ / ૧૯૯૧, તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ની છેલ્લી તકની રજી. પો. એ. ડી. ની નોટીસ.

(૫) અત્રેની કચેરીની મંજુર થયેલ નોંધ.

ક્રમાંક ઉ.ખ.સ. / સ.વ.ન. / ૦--૧૪ / ખ / ૩૩૨૨ / ૧૯૯૧.—ધી મહેમદાવાદ તાલુકા હરિજન સંયુક્ત ખેતી સહકારી મંડળી લિ., મહેમદાવાદ, તાલુકા મહેમદાવાદ, જિલ્લો ખેડા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ--૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ--કરવામાં આવેલ છે) સદરહું સંસ્થાનો વહીવટ સંસ્થાના મંજુર--થયેલ પેટા--નિયમો તથા સહકારી કાયદા કાનુનની જોગવાઈઓ અનુસાર કરવાનો હોય છે.

સદરહુ સંસ્થાનું તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૮૯થી તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૦ ના સમયનું વૈધાનિક અન્વેષણ સબ ઓડીટર લગત સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ (નં. ૪) મહેમદાવાદ તરફથી હાથધરી પૂર્ણ કરવામાં આવેલ છે. ઉક્ત સંસ્થા અન્વેષણ સમય દરમ્યાન સંસ્થાના કાર્યવાહકો તરફથી તેમના ઉપર લાદવામાં આવેલ પેટા-નિયમથી નિયુક્ત કર્યા પ્રમાણેની ફરજો અને જવાબ-દારીઓ અદા કરવામાં નિષ્કાળજી દાખવેલ છે. અને સહકારી કાયદો અને કાનુન તથા નિયમોનુંસારની સંસ્થાની કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબના છે.

મુદ્દા નંબર ૧ :—

મંડળીના પેટા નિયમ ૫ (૧) તથા ૬(૪) નો ભંગ કરીને પ્રમુખ-શ્રીએ સભાસદ અરજીઓ લીધા સિવાય તથા વ્યવસ્થાપક કમિટીમાં ઠરાવ કર્યા સિવાય ૧૧ સભાસદો દાખલ કરેલ છે.

મુદ્દા નંબર ૨ :—

તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૮૯ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં. ૮/૩ થી મંડળીની હાથ ઉપરની સિલક રૂા. ૮૦૦૦/-- રાખવા મંડળીના પ્રમુખશ્રીએ નક્કી કરેલ છે. પરંતુ નિયમ મુજબ જામીનો લેવામાં આવેલ નથી. અને પેટા નિયમની જોગવાઈ વિરૂધ્ધનો ઠરાવ કરી, પેટા-નિયમનો ભંગ કરેલ છે.

મુદ્દા નંબર ૩ :—

સંસ્થાના નોંધાયેલ સરનામામાં થયેલ ફેરફાર બાબતની ખાતાકીય મંજૂરી મેળવેલી નથી.

મુદ્દા નંબર ૪ :—

મંડળીમાં સરકારશ્રી તરફથી નિમાયેલ પ્રતિનિધિઓને સંસ્થાની વ્યવસ્થાપક કમિટીની સભા બાબતે એજન્ડા મોકલી જાણ કરવામાં આવતી નથી. અને મનસ્વી વહીવટ ચલાવવામાં આવેલ છે, તથા વ્યવસ્થાપક કમિટીની મંજૂરી મેળવ્યા સિવાય તથા વાર્ષિક સાધારણ સભાની બહાલી મેળવ્યા સિવાય મંડળીનામાં કોઈ ઉપજ ન હોવાથી જમીન વેચાણ કરવા અંગે તારીખ ૨૮ મી એપ્રિલ, ૧૯૮૯ ના ઠરાવ નંબર ૪ થી બેન્કના એજન્ટ તથા પ્રમુખને સત્તા આપવાનો ઠરાવ કરી મનસ્વી નિર્ણય લેવામાં આવેલ છે. જે અત્યંત ગંભીર બાબત જણાયેલ છે.

મુદ્દા નંબર ૫ :—

મંડળીની દેખરેખ કમિટીમાં પેટા નિયમ ૩૧ નો ભંગ કરીને ૪ (ચાર) વ્યવસ્થાપક કમિટી સભ્યો તથા ૨ ખેતીવાડી સહકાર ખાતાના બદલે મંડળીના ૪ સભ્યોની નિમણુંક કરી છે. આમ પેટા નિયમ ૩૨ ની જોગવાઈ ૧ થી ૪ ના ભંગ કરેલ છે.

મુદ્દા નંબર ૬ :—

તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૧૯૮૯ ની વાર્ષિક સાધારણ સભાના કામમાં પેટા નિયમોમાં જણાવ્યા મુજબના કામોની કામગીરી કરવામાં આવેલ નથી.

મુદ્દા નંબર ૭ :—

સંસ્થાને મળેલ જમીનનો પેટા--નિયમ મુજબ કબજો લેવા બાબત.

મુદ્દા નંબર ૮ :—

સંસ્થાએ જમીન વિકાસ બેન્ક તરફથી બેન્ક લોન મેળવી ટ્રેકટર મેળવેલ છે. લોનની રકમ ભરપાઈ કરેલ નથી. જેની વસુલાત માટેની કોઈ કાર્યવાહી સંસ્થા તરફથી થયેલ નથી. ટ્રેકટર છેલ્લા ૩ વર્ષથી બંધ હાલતમાં પડી રહેલ છે જે અંગેની કોઈ કાર્યવાહી કરેલ નથી.

મુદ્દા નંબર ૯ :—

સંસ્થા તરફથી પેટા નિયમ ૩૧, ૩૨, ૩૩, ૩૪ (૧) થી (૪) ૧૯ (૧) થી (૧૧) ૨૫ (૬) ૪૦, ૯(ખ), ૧૧, ૧૩, ૨૯(૭) નો ભંગ કરેલ છે.

મુદ્દા નંબર ૧૦ :—

ઓડીટ સમય દરમ્યાન તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૦ ના સમયના સરવૈયા મુજબ રૂા. ૬૯ ૬૪૯.૭૧ પૈ. ની ખોટ સામે અનામત દેવાની રકમ રૂા. ૩૬૧૯૪.૯૭ પૈ. છે. અને બાજરી બિયારણ માટે લાવેલ જેની સામે કાંઈ આવક બતાવેલ નથી. અને તેના કારણમાં-વરસાદ વધુ પડતો હોવાથી (થવાથી) બાજરી પાકેલ નથી. તેમ જણાવેલ છે.

INDEX

આમ ઉપરની વિગતોને લક્ષમાં લઈ સંસ્થાના જવાબદાર હોદ્દેદારોને આમુખ-૨ માં જણાવેલ નોટીસથી મુદ્દા નંબર ૧ થી ૧૦ ની વિગતવાર માહિતી સાથે સ્પષ્ટતા ઓ માગવામાં આવેલ હતી. જેના સંદર્ભમાં કોઈ પ્રત્યુત્તર કે રજુઆત સંસ્થા તરફથી કરવામાં ન આવતાં આમુખ ૩ માં જણાવેલ પત્રથી કારણદર્શક નોટીસ પણ મંડળીના તમામ--વ્યવસ્થાપક કમિટી સભ્યોને પાઠવવામાં આવેલ હતી. અને તેમાં

ઉકત મુદ્દા નંબર ૧ થી ૧૦ બાબતે યોગ્ય રજુઆત આધાર પુરાવા સાથે લેખિતમાં કરવા જણાવેલ હતું. તેમજ જરૂર જણાય રૂબરૂમાં રજુઆત માટે તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૧ ના રોજ હાજર રહી રજુઆત માટેની સુનાવણીની તક આપવામાં આવેલી હતી. તે સમયે પણ કોઈ હોદ્દેદારોએ હાજર રહી લેખિતમાં કે રૂબરૂમાં હાજર રહી આધાર પુરાવા સાથે રજુઆત કરેલી નથી. તેથી ન્યાયના હિતમાં આમુખ ૪ માં જણાવ્યા મુજબની આખરી અને છેલ્લી તક આપી રજુઆત માટે સંસ્થાના ચેરમેનશ્રીને નામજોગ પત્ર લખવામાં આવેલ હોવા છતાં કોઈ રજુઆત આજદિન સુધી લેખિત કે રૂબરૂમાં આવી કરી જવામાં આવેલ ન હોવાથી સંસ્થાના હોદ્દેદારોને કોઈ-રજુઆત કરવાની નથી. તેમ માનવાને પુરતા કારણો રહે છે અને તે ધ્યાનમાં લઈ નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

આથી હું એમ. જી. રાવન, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નડીઆદ મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ-નિયમની કલમ ૮૧ હેઠળ મળેલ અધિકારની રૂઈએ શ્રી મહેમદાવાદ તાલુકા હરિજન સંયુકત ખેતી સહકારી મંડળી લી. મુકામ મહેમદાવાદ, તાલુકો મહેમદાવાદ, જિલ્લો ખેડાની હાલની વ્યવસ્થાપક કમિટીને તેમના હોદ્દા ઉપરથી દુર કરી સબ--ઓડીટર લગત સ્પેશ્યલ ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (નવી જગ્યા) મહેમદાવાદના તારીખ ૨૦ મી જુલાઈ, ૧૯૯૦ ના ખાસ અહેવાલના મુદ્દા નંબર ૧ થી ૧૦ લક્ષમાં લઈ તેમની જગ્યાએ વહીવટદાર તરીકે શ્રી એમ. એસ. સૈયદ મુકામ મહેમદાવાદ, તાલુકો મહેમદાવાદ જિલ્લો ખેડાની નિમણુંક કરૂ છું. વહીવટદારની નિમણુકના સમય ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષનો રહેશે. જરૂર પડે મુદત--વધારાની માંગણીની કારણો સહિતની દરખાસ્ત અત્રેની કચેરીએ મોકલી આપવાની રહેશે.

નડીઆદ, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) સ્પેશલ ઓડીટર સહકારી મંડળીઓ નડીઆદના જાવક નંબર આષણ / ૧૯૨ / ૯૦, તારીખ ૨૨ મી ઓગસ્ટ, ૧૯૯૦ નો ખાસ અહેવાલ.

(૨) ચકલાસી સેવા સહકારી મંડળી લી. ની તારીખ ૫ મી જુન, ૧૯૯૦ ની વ્યવસ્થાપક કમિટીની સભાના ઠરાવ નં. ૮ માં વહીવટદાર નિમવાની માંગણી કરતો ઠરાવનો પત્ર.

(૩) અત્રેની કચેરીના જાવક નં. ચકસ / ૩૦૩૫ / ખ / ૫૪૭, તારીખ ૧૦ મી એપ્રિલ, ૧૯૯૧ ની રજિસ્ટર્ડ પોસ્ટ એ. ડી. પત્રથી પાઠવેલ કારણ દર્શક નોટીસ.

(૪) ચકલાસી સેવા સહકારી મંડળી લી., ના જાવક નંબર ૪૩૯/૯૦--૯૧, તારીખ ૧૬ મી મે ૧૯૯૧ ની રજુઆત.

(૫) તારીખ ૧૫ મી એપ્રિલ, ૧૯૯૧ ના રોજની મંડળીના ૨ વ્યવસ્થાપક સભ્યોની તથા ૨૭ મી મે, ૧૯૯૧ નીં મંડળીના ૭ વ્યવસ્થાપક કમિટિ સભ્યોની રજુઆત

(૬) અત્રેની કચેરીના જાવક નંબર ચકસ / ૩૦૩૫ / ખ / ૨૬૪૧, તારીખ ૩૧ મી ઓગસ્ટ, ૧૯૯૧ ના રોજનો વહીવટદાર તરીકે કામ કરવાની ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી., નડીઆદની સંમતી માંગતો પત્ર.

(૭) તારીખ ૩૧ મી ઓગસ્ટ, ૧૯૯૧ ના રોજ સંસ્થાને આપવામાં આવેલી રજુઆત માટેની તકનો પત્ર.

(૮) ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી., નડીઆદના જાવક નંબર વ / ૪૪ / ૧૭૪૮૬, તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૧ નો વહીવટદાર તરીકે કામ નહીં કરવા બાબતનો સમંતિ પત્ર.

જાવક નંબર ઉ.ખ.સ. / સવન / ૦૧૩ / ખ / ૩૩૩૩/૧૯૯૧.—ધી ચકલાસી સેવા સહકારી મંડળી લી., મુકામ ચકલાસી, તાલુકો ચકલાસી, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડાની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ અને ૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સદરહું સંસ્થાનો વહીવટ તેના મંજુર થયેલ પેટા નિયમો તથા સહકારી કાયદા કાનુન અને નિયમોની જોગવાઈઓને આધિન રહીને કરવાનો હોય છે.

સદરહુ સંસ્થાનું તારીખ ૧ લી જુલાઈ ૧૯૮૮ થી ૩૦ મી જૂન ૧૯૮૯ ના સમયનું વૈધાનિક અન્વેષણ સ્પેશ્યલ ઓડીટર સહકારી માંડળીઓ, નડીઆદ તરફથી હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. સદર અન્વેષણ સમય દરમ્યાન સંસ્થાના કાર્યવાહકો તરફથી તેમના ઉપર પેટા નિયમથી લાદવમાં આવેલ ફરજો અને જવાબદારીઓ બજાવવામાં નિષ્કાળજી દાખવેલ છે. અને સહકારી અને સહકારી કાયદા કાનુન અને પેટા નિયમો મુજબ સંસ્થાની કામગીરી બજાવવામાં નિષ્ફળ ગયેલ છે. જે અંગેનો ખાસ અહેવાલ આમુખ ૧ માં જણાવ્યા મુજબનો અત્રેની કચેરીએ મોકલી આપેલ ઘટતી કાર્યવાહી કરવા સારુ નીચેના મુદ્દાઓ તરફ આ કચેરીનું ધ્યાન દોરવામાં આવેલ છે.

મુદ્દા નંબર (૧) સંસ્થાના પેટા 'નિયમ ૭ (૨) તથા ૪૧(૪) માં સુચવ્યા મુજબ મુદતવીતી બાકીદાર વ્યવસ્થાપક કમિટિમાં હોવાં છતાં કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.

(૨) લાગલગાટ ૪ વખત વ્યવસ્થાપક કમિટિ સભ્ય બેઠકમાં ગેર-હાજર રહેવા છતાં ૨ વ્યવસ્થાપક કમિટિ સભ્યોને સામે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.

(૩) મંડળીએ કરેલી કરજ ધીરાણની કાર્યવાહી સામે તેની વસુલાત માટેની કોઈ કામગીરી હાથ ધરેલી નથી.

(૪) પેટા નિયમ ૪૪ (૧૦) માં જણાવ્યા મુજબની હિસાબોની ચકાસણીની જવાબદારી વ્યવસ્થાપક કમિટિએ અદા કરી નથી.

(૫) મંડળીની જરુરીયાતની ખાત્રી કર્યા સિવાય ખરીદી કરી સંસ્થાને આર્થિક નુકશાનીમાં ઉતારેલ છે.

INDEX

(૬) પેટા નિયમ ૪૪ (૧) માં જણાવ્યા મુજબ સ્ટોક પત્રક મુજબની ચકાસણી કરવાની ફરજ બજાવેલ નથી.

(૭) સંસ્થાના અન્વેષણનો દુરસ્તી રિપોર્ટ તૈયાર કરી સબંધિત ઓડીટરને મોકલી આપવા બાબતે નિષ્કાળજી રાખવામાં આવેલ છે.

(૮) સંસ્થાની કામગીરી કાયદા કાનુન અને પેટાનિયમ મુજબની નહી ચલાવતાં પેટા નિયમ ૬૭ માં થાપણ ઉપર વધુ વ્યાજ (બેન્કના વ્યાજના દર કરતાં) ચુકવી સંસ્થાને આર્થિક નુકશાનમાં ઉતારેલ છે.

(૯) વ્યવસ્થાપક કમિટિએ પેટા નિયમથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્કાળજી દાખવેલ છે.

(૧૦) પેટા નિયમ ૪૫ (૯) માં ખર્ચના વાઉચરો મંજુર કરવાની સત્તા કોઈને સુપ્રત ન કરતાં ખર્ચ ઉપર કોઈ નિયંત્રણ રાખવામાં આવેલ નથી.

(૧૧) અન્વેષણ નોંધમાં જણાવેલ ખામીઓનું વારંવાર પુનઃવર્તન થવા છતાં તે અંગેની કોઈ નક્કર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.

(૧૨) ઉધાર માલ વેચવાની પેટા નિયમમાં કોઈ જોગવાઈ ન હોવા છતાં સંસ્થાએ વ્યકિતઓને આર્થિક નુકશાનમાં ઉતારેલ છે.

(૧૩) પેટા નિયમાં કોઈ જોગવાઈ નહીં હોવા છતાં કેટલીક રકમો ખોટી રીતે માંડવાળ કરી સંસ્થાને આર્થિક નુકસાનમાં ઉતારેલ છે.

(૧૪) પેટ-નિયમ ૪૪(૧૩) માં જણાવ્યા મુજબ વેપાર માટેની ચીજોની ખાસ જરૂરીયાતની ખાત્રી કર્યા સિવાય માલની ખરીદી કરી વ્યવસ્થાપક કમિટિ જવાબદારી વ્યવસ્થાપક કમિટિએ નિભાવેલ ન હોવાથી બંધ સ્ટોક વધતો રહેલ છે.

(૧૫) અગાઉના ઓડીટ નોંધમાં જણાવ્યાનુંસાર મંડળીએ બાંધકામમાં કરેલ ખર્ચની ખાતાકીય મંજુરી મેળવેલ નથી.

આમ, ઉપરોકત મુખ્ય નં. ૧થી ૧૫માં જણાવેલ વિગતોનું વિવરણ જેને ધ્યાનમાં લેતાં તથા સંસ્થાની તા. ૫મી જુન ૧૯૯૦ની વ્યવસ્થાપક કમિટિની સભાના ઠરાવ નં. ૮ આમુખ-૨માં જણાવ્યાનુંસાર સંસ્થામાં વહીવટદાર નિમવા બાબતે અત્રેની કચેરીના જા.નં. ચકસ/૩૦૭૫/ખ/૫૪૭/તા. ૫મી એપ્રિલ, ૧૯૯૧થી આમુખ-૩માં જણાવ્યા મુજબની રજિસ્ટર્ડ પોસ્ટ એડીથી સંસ્થાના જે તે સમયના વ્યવસ્થાપક કમિટી સભ્યોને કારણ દર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી (ટપાલ મળ્યા બદલની પહોંચો આ કામની ફાઈલમાં રાખવામાં આવેલ છે) અને તેમાં નોટીસ મળ્યાની દિન-૧૫ની અંદર લેખિત રજુઆત કરવાનું જણાવેલ હતું. અને જરૂરી જણાય તો રૂબરૂમાં રજુઆત માટે તા. ૧૫મી એપ્રિલ ૧૯૯૧ના રોજ સુનાવણી માટેની યોગ્ય તક ન્યાય ના હિતમાં આપવામાં આવેલ હતી. જેના જવાબમાં તા. ૧૫મી એપ્રિલ, ૧૯૯૧ના રોજ રૂબરૂ હાજર થઈ સંસ્થાના ૨ સદર વ્યવસ્થાપક કમિટિ સભ્યોની તથા તા. ૨૭મી મે ૧૯૯૧ના રોજ લેખિતમાં મોકલી આપેલ ૬ વ્યવસ્થાપક કમિટિ સભ્યોની રજુઆતમાં ઉપરોકત મુદ્દાઓ અનુ. ૧ થી ૫માં જણાવેલી વિગતોએ ઘટતી કાર્યવાહી કરી જરુરી સ્પષ્ટતાઓ વિગતવાર મોકલી આપવા ખાત્રી આપેલ છે. તે મુજબ કોઈ મુદ્દાની વાસ્તવિક દુરસ્તી કરી અત્રેની કચેરીએ જાણ કરી નથી.

આમ છતાં સંસ્થાને તા. ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૧ના રોજ ઉપરોકત મુદ્દાઓની દુરસ્તી મોકલી આપવા ન્યાયના હિતમાં દિન-૭ની મુદત આપી જાણુ કરવામાં આવ્યા છતાં સંસ્થા તરફથી કોઈ સંતોષકારક પ્રત્યુત્તર અત્રે પાઠવેલ નથી. આમ, સમગ્ર વિવિરણને ધ્યાનમાં લઈ સંસ્થાની વ્યવસ્થાપક કમિટિને દુર કરી વહીવટદાર નિમવા માટેનો નીચે મુજબનો હુકમ કરુ છું.

હુકમ

આથી હું, એમ. જી. રાવત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નડીઆદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ મળેલ અધિકારની રુઈએ શ્રી ચકલાસી સેવા સહકારી મંડળી લી. મુ. ચકલાસી, તા. નડીઆદ, જિ. ખેડાની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેની જગ્યાએ વહીવટદાર તરીકે શ્રી આર. ઓ. પટેલ ઠે. દ. ચકલા, મુ. તા. નડીઆદ, જિ. ખેડાની નિમણુંક કરૂં છું. વહીવટદારની, નિમણૂંકનો સમય ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષનો રહેશે. જરુર પડયે મુદત વધારાની માંગણી કરતી દરખાસ્ત કારણો સહિતની અત્રેની કચેરીએ મોકલી આપવાની રહેશે.

નડિઆદ, તા. ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૧.

વંચાણે લીધા:-

(૧) તા. ૧૦મી ઓકટોબર, ૧૯૯૧ તથા તા. ૧૨મી નવેમ્બર, ૧૯૯૧ના રોજની મંડળીના સભાસદોની મંડળીમાં વહીવટદાર નિમવા અંગેની અરજીઓ.

(૨) પોરડા (સૈયાંત) દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. પોરડા (સૈયાંત) તા. ઠાસરા જિ. ખેડાના તા. ૧૩મી નવેમ્બર, ૧૯૯૧ના રોજનો પત્ર.

(૩) અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારી (દૂધ) ની સદર સંસ્થાની તા. ૧૩મી નવેમ્બર, ૧૯૯૧ની મુલાકાત અને સંસ્થા બંધ હોવાથી વહીવટદારની નિમાણુક અંગેની ભલામણ.

૪) તા. ૨જી ડીસેમ્બર, ૧૯૯૧ના રોજનો ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિ. આણંદના જા. નં એમ. પી. વહીવટદાર ૯૫૧૯નો સંઘ વહીવટદાર તરીકે કામ નહી કરવા અંગેનો પત્ર.

૫) અત્રેની કચેરીની મંજુર થયેલી નોંધ.

ક્રમાંક સ.વ.ન. ૦-૧૨-ખ-૩૩૨૧-૧૯૯૧.—ધી પોરડા (સૈયાંત) દધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ,. પોરડા (સૈયાંત) તા. ઠાસરા જિ. ખેડાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સદરહુ સંસ્થાના સભાસદો તરફથી આમુખ-૧માં તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૧ તથા તા. ૧૨મી નવેમ્બર ૧૯૯૧ના રોજની સંયુકત અરજીઓ કરી સંસ્થાની વ્યવસ્થાપક કમિટીને હોદ્દા ઉપરથી દૂર કરી વહીવટદાર નિમવામાંગણી કરેલ છે. અને ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિ. આણંદના તા. ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૧ના જા. નં. એમ. પી. વહીવટ-૬૦૧૧ ના પત્રમાં સદર મંડળી ઘણા સમયથી બંધ છે. તે શરૂ કરવા માટે આપના તરફથી વહીવટદારની નિમણુંક થાય તેમ જણાવેલ છે. તથા તા. ૧૩મી નવેમ્બર, ૧૯૯૧ના રોજની અત્રેની કચેરીના ક્ષેત્રગામી' કર્મચારીની રૂબરૂ મુલાકાત આમુખ-૩માં જણાવ્યા મુજબ મંડળી ઘણા સમયથી બંધ હાલતમાં હોઈ વહીવટદાર નિમવા કરેલી ભલામણ મુજબની કાર્યવાહી કરવા જણાવેલ છે. આમ સમગ્ર હકીકતને લક્ષમાં લઈ ન્યાયના હેતુસર તટસ્થ વહીવટ માટે સંસ્થાની હાલની વ્યવસ્થાપક કમિટીને દૂર કરી તેની જગ્યાએ સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ નીચે પ્રમાણેનો હકમ કરૂ છું.

INDEX

હુકમ

આથી હું અમ. જી. રાવત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ મળેલ અધિકારની રૂઈએ ઉપરોકત વિવરણ ને ધ્યાને લઈને મંડળીની હાલની વ્યવસ્થાપક કમિટીને દૂર કરી તેની જગ્યાએ મંડળીનો વહીવટ ચલાવવા શ્રી જયંતિભાઈ કેશવલાલ શાહ ઠે. ૭ જલારામપાર્ક ભાલેજરોડ ઈન્દીરા ગાંધી માર્ગ મુ.તા. આણંદ જિ. ખેડાની વહીવટદાર તરીકે નિમણુંક કરૂ છું. વહીવટદાર ની મુદત ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષની મુદતની રહેશે વધુ મુદતની જરૂર પડે કારણો સહિત દરખાસ્ત અત્રેની કચેરીએ મોકલી મુદત વધારો માગવાનો રહેશે.

નડીઆદ, તા. ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૧.

વંચાણે લીધા :—

(૧) જા. નં. આખસ/૦૧/સ્પે. રિપોર્ટ/૯૦ તા. ૧લી ઓકટોબર ૧૯૯૦નો ઓડીટર ગ્રેડ-૧(દુધ) આણંદનો વહીવટી ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા. નં. ચકસ/૩૧૧૭/ખ/૩૨૦ તા. ૮મી માર્ચ, ૧૯૯૧ના રોજની રજિસ્ટર્ડ પોસ્ટ એડીથી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીની મંજુર થયેલ નોંધ મુજબ.

ક્રમાંક ઉખાસ/સવન/૦૩/ખ/૨૨/૧૯૯૧.—ધી લીંગડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. લીંગડા, તા. આણંદ, જિ. ખેડાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેના આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદર સંસ્થાના તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૦થી ૩૦મી જુન, ૧૯૯૦ના સમયનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૧(દુધ) આણંદ તરફથી હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. સદર સમય દરમ્યાન જણાઈ આવેલ અનિયમિતતાઓ બાબતે આમુખ-૧માં જણાવ્યા મુજબ વહીવટી ખાસ અહેવાલ અત્રે મોકલી આપી મંડળીની વ્યવસ્થાપક કમિટિ મંડળીના પેટાનિયમ મુજબ નક્કી થયેલ ફરજો અને જવાબદારીઓ બજાવવામાં બેદરકારી રાખતી હોવાનું જણાવી મંડળીમાં વહીવટદાર નિમવા ભલામણ કરેલ છે.

સદર ઓડીટ સમય દરમ્યાન ઓડીટરે જણાવેલ મુદ્દાઓ નીચે મુજબના છે.

(૧) વ્યવસ્થાપક કમિટિના સભ્યો મંડળીના પેટાનિયમ મુજબ ની નક્કી કરવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ બજાવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સંસ્થા બંધ થઈ ગયેલ છે.

(૨) ઓડીટ ખામીઓની દુરસ્તી અહેવાલ મોકલી આપવાની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૩) ઓડીટ સમય દરમ્યાન વ્યવસ્થાપક કમિટિની એક પણ બેઠક મળી નથી. તેમજ તે બાબતે કોઈ સક્રિય પગલાં લીધેલ નથી.

(૪) મંડળીનું દફતર વ્યવસ્થિત રાખવામાં આવતું નથી.
(૫) પેટાનિયમ ૩૮, ૩૯ અને ૪૦ની અવગણના થાય તેવી રીતે વહીવટ ચલાવે છે.

આમ ઉપરોકત મુદ્દાઓની લેખિતમાં રજુઆત માટે આધાર-પુરાવા સહિત આમુખ-૨માં જણાવ્યા મુજબની કારણદર્શક નોટીસ રજિસ્ટર્ડ પોસ્ટ એડીથી પાઠવવામાં આવેલ હતી. અને તેમાં રુબરુમાં આવી રજુઆત કરવી હોય તો તેમને સુનાવણી માટે તા. ૧૫મી એપ્રિલ, ૧૯૯૧ના રોજ બોલાવવામાં આવેલ હતાં. આમ છતાં સંસ્થા તરફથી લેખિતમાં કે રુબરુમાં આવી રજુઆત કરવામાં આવેલ નથી.

ઉપરની વિગતો ધ્યાનમાં લઈ મંડળીની હાલની વ્યવસ્થાપક કમિટિ દુર કરી વહીવટદારની નિમણુંક કરવા અંગેનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હુ એમ. જી. રાવત. જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, નડીઆદ, મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ મળેલ અધિકાર ની રુઈએ ધી લીંગડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. લીંગડા, તા. આણંદ, જિ. ખેડાની હાલની વ્યવસ્થાપક કમિટિને દુર કરી તેની જગ્યાએ વહીવટદાર તરીકે શ્રી બી. એ. પઠાણ મુ. નડીઆદ, તા. નડીઆદ, જિ. ખેડાની નિમણુંક કરુ છું. મહેનતાણું હવે પછી નક્કી કરવામાં આવશે.

નડીઆદ, તા. ૮મી જાન્યુઆરી, ૧૯૯૨.

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સવન. ૦૧-ખ-૨૮૨૨ તા. ૩જી ડીસેમ્બર ૧૯૮૭નો કસ્ટોડીયન કમિટીની નિમણૂંકનો હુકમ.

(૨) દિવ્યજયોત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુ. નડીઆદ તા. નડીઆદ જિ. ખેડાના તા. ૨૫મી ઓકટોબર ૧૯૯૧નો પત્ર કસ્ટોડીયન કમિટી ના સભ્યોની ખાલી પડેલી જગ્યાએ નિમણૂક કરવા બાબત.

(૩) અત્રેની કચેરીની મંજુર થયેલી નોંધ.

ક્રમાંક. સવન/૦૨૧/ખ/-૪૧૮/૧૯૯૨.—ધી દિવ્યજયોત કો. ઓ. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. નડીઆદ તા. નડીઆદ જિ. ખેડામાં આમુખ-૧માં જણાવ્યાનુસાર ૯ સભ્યોની કસ્ટોડીયન કમિટીની નિમણૂંક કરવામાં આવેલ હતી. પરંતુ તા. ૨૫મી ઓકટોબર ૧૯૯૧ની આમુખ-૨માં જણાવ્યા મુજબની સંસ્થા એ જણાવ્યાનુસાર કસ્ટોડીયન કમીટીની મીટીંગના ઠરાવ નં. ૬માં ઠરાવ્યાનસાર કસ્ટોડીયન કમિટીના સભ્યો સર્વશ્રી રજનીકાંત બી. સુથારે સભ્યપદેથી રાજીનામું આપતા ખાલી પડેલ જગ્યા તથા બે જગ્યાઓ સર્વશ્રી ચંદુભાઈ છોટાભાઈ પટેલ અને જયંતિભાઈ સોસાભાઈ પટેલની અગાઉની ખાલી પડેલી જગ્યાઓ મળી કુલ-૩ જગ્યાઓ નવી નિમણુંક થી ભરવાની થતાં તા. ૧૯મી ઓકટોબર ૧૯૯૧ની વ્યવસ્થાપક કમિટીની સભાના ઠરાવ નં. ૬માં જણાવ્યાનુસાર તથા વાર્ષિક સાધારણ સભાએ કરેલ ભલામણ મુજબ નીચે મુજબના સભ્યોને ખાલી પડેલી ૩ કમિટીના સભ્યોને સ્થાને નવેસરથી કસ્ટોડીયન કમિટીના સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવે છે.

અ.નં.	નામ
૧	શ્રી કાહગિરી મોતગિરી ગોસ્વામી
૨	શ્રી હર્ષદરાય એસ. દવે
૩	શ્રી શિરીલભાઈ એફ. રાઠોડ

નડીઆદ તા. ૧૮મી માર્ચ, ૧૯૯૨.

INDEX

વંચાણે લીધા :

(૧) ઓડીટર સહકારી મંડળીઓ ગ્રેડ-૧ -દૂધ(પેટલાદના જા.નં. ઓલ્યુ/ડી ૬૦-૫૮ ૧૯૯૧ તારીખ ૧લી જુલાઈ ૧૯૯૧ ના પત્રનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જાવક નંબર ચકસ/૦૧-ગ-૧ ૩૪૯૬ ૧૯૯૧ તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૧ ના સંસ્થાના સંચાલકોને પાઠવવામાં આવેલ રજી. પો. એ. ડી. નો નોટીસ.

(૩) અત્રેની કચેરીના જાવક નંબર ચકસ/૩૨૭૫-ખ-૩/૧૯૯૨ તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૨ના પત્રથી અરજી પો.એ.ડી.થી પાઠવવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૪) સંસ્થાના તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૨ ના પત્રથી કરવામાં આવેલી રજૂઆતો.

(૫) અત્રેની કચેરીની મંજુર થયેલ નોંધ

નંબર ઉખસ/સવન / ૦૨૮/ખ/૫૩૭૯/૨—દંતાલી (પી) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. દતાલી (૧) તાલુકા પેટલાદ જીલ્લો ખેડા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી અધિનિયમ હેઠળ નોંધાયેલી દૂધ ઉત્પાદકોની સહકારી સંસ્થા છે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવશે સદરહુ સંસ્થાનો વહીવટ સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ સંસ્થાના મંજુર થયેલ પેટા નિયમ તથા સહકારી કાયદા કાનૂનની જોગવાઈ કરવાને ધ્યાનમાં રાખો નિયમોનુસાર કરવાનો હોય છે.

સદર સંસ્થાનું તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૧ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૧ ના સમયનું વૈધાનિક અન્વેષણ સહકારી મંડળીઓ ગ્રેડ-૧ દુધ પેટલાદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે સદર અન્વેષણ સમય દરમ્યાન જણાઈ આવેલ વહીવટી અનિયમિતતાઓ બાબતે સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળની કાનૂની કાર્યવાહી કરવા અત્રેની કચેરીને ભલામણ કરેલ છે. અને તે અંગેનો ખાસ અહેવાલ આમુખ-૧માં જણાવ્યા મુજબનો અત્રેની કચેરીને મોકલી આપેલ છે તેમજ સહકારી કાયદાની કલમ-૮૧ (૧) ની જોગવાઈ અનુસાર સંસ્થાનો વ્યવસ્થાપક સમિતી સહકારી કાયદા કાનૂન અને નિયમોનું સારથી તેમનાપર લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ થયેલ છે જે બાબત પ્રસ્તુત હિસ્સામાં સાબિત થાય છે.

આમ ઉપરની વિગતો ધ્યાનમાં લઈ સંસ્થાની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી તેમનો જવાબ જગ્યાએ વહીવટદારની નિમણુંક અંગેની કાનૂની કાર્યવાહીના આરંભમાં આમુખ-૨માં જણાવ્યા પ્રમાણે સંસ્થાના સંચાલકોને રજી. પો. એ. ડી. થી નોટીસ આપી તેમનું ધ્યાન દોરી જણાવવામાં આવેલ હતું કે ઓડીટરના જણાવ્યા મુજબ સંસ્થાની વહીવટી અનિયમીતતાઓ બાબતે જો કાઈ રજૂઆત કરવી હોય તે લેખિતમાં અગરતો રૂબરૂમાં આવી આધાર પુરાવા સાથે કરી દિન-૭માં જણાવવામાં આવેલ હતું તે સમયે સંસ્થા સંચાલકો તરફથી કોઈ રજૂઆત કરવામાં નહી આવતા અત્રેની કચેરીના આમુખ-૩ અને ૪માં જાણાવ્યાનુસાર અનુક્રમે કારણદર્શક નોટીસ આપી ન્યાયના હિતમાં તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૨ના રોજ રૂબરૂ હાજર રહેવાની જાણ કરવામાં આવતા સંસ્થા તરફથી તેમના તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૨ ના પત્રથી લેખિતમાં કરેલી રજુઆત જોતા મુદ્દા નંબર ૧ અને ૨માં જણાવેલ છે કે ધર્માદા ફંડની રકમ વાપરવા માટે જીલ્લા સહકારી સંઘ પાસેથી જરૂરી મંજુરી માંગેલ છે જે મળ્યાથી જાંણ કરવામાં આવશે જે અત્રેની જાણ આજાદિન સુધી કરવામાં આવેલ નથી મુદ્દા નંબર ૩ અને ૪ બાબતે સંસ્થાના મંત્રી શ્રી તાલીમમાં હોવાથી જરૂરી આધાર પુરાવા રજુ કરવામાં આવેલ નથી તેથી રજુઆત યોગ્ય જણાતી નથી કારણ કે કોઈ કર્મચારી તાલીમમાં હોય તો તેનો હવાલો અન્ય કર્મચારીને સોપવો જાહેરમાં અત્રેનું માનવું છે આમ આમુખ ૩માં જણાવ્યા મુજબનો એક વધુ તક આપવામાં આવેલ હોય છતા કોઈ પ્રત્યુતર અત્રે મોકલી આપેલ નથી આમ તમામ વિવેચન ધ્યાનમાં લઈ કાનૂની કાર્યવાહી કરવી જરૂરી જણાય છે તો નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખી સંસ્થાની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી તેની જગ્યાએ વહીવટદારનો નિમણુંક કરવી તે સંસ્થાના તથા સભાસદોના હિતમાં વ્યાજબી જણાય છે.

મુદ્દા નંબર ૧ સંસ્થાની તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૦ ના રોજ ભરવામાં આવેલ વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં ૧૧ મુજબ તારીખ ૭મી નવેમ્બર ૧૯૯૧ ના રોજ રૂા. ૬૦૦૦ ધર્માદા ફંડમાંથી ગ્રામ પંચાયત હવાલાને પાવતી નંબર ૭૬ થી વીજળીના બીલ ભરવા માટે આપેલ છે જેથી મંજુરી સહકારી સંઘની મેળવવામાં આવેલ નથી તથા મેળવેલ હોય તો તેની જાંણ કરવામાં આવેલ નથી અને સંઘે જણાવેલ છે કે લાઈટ બીલ ભરવા ધર્માદા ફંડમાંથી નાણાં આપી શકાય નહી જે પરત મેળવવા.

મુદ્દા નં. ૨ સંસ્થાની તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૦ ના રોજ ભરવામાં આવેલ વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નંબર ૧૦મુજબ બાલમંદિરના બાળકોને દૂધ આપવા અંગે થનાર ખર્ચ ધર્માદા ફંડમાંથી કરવું અને તે અંગેની જરૂરી મંજૂરી સહકારી સંઘ પાસેથી મેળવી લેવા બાબત.

મુદ્દા નંબર ૩ મંડળીનું જાજરૂ તથા નવા કુવાનું બાંધકામ કરવા બાબતે પણ તારીખ૩૧મી ડીસેમ્બર ૧૯૮૯ ની વ્યવસ્થાપક-કમિટી સભાના ઠરાવ નંબર ૬માં ઠરાવાનુસાર રૂા. ૫૭૦૦/- તારીખ ૧૪મી નવેમ્બર ૧૯૯૦ ના રોજથી રઘુવીરભાઈ જોસેફભાઈને ચૂકવવામાં આવેલ છે જે અંગે ખાતાકીય મંજૂરી મેળવેલ નથી તથા બાંધકામ બાબતે કોઈભાવ પત્રકો પણ મંગાવેલ નથી.

મુદ્દા નંબર ૪ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૧ ના રોજથી વ્યવસ્થાપક કમિટી વતી સભાના ઠરાવ નં. ૭ થી દતાલી ગામના તલાવથી વરસાદ પડવાથી તરીજતા નવા રીપેરીંગ અંગે રૂા. ૨૫૦ નો ખર્ચ કરેલ છે જે અંગે કોઈ ભાવ પત્રક મેળવવામાં આવેલ નથી અને આ અંગે સક્ષમ અધિકારીની મંજુરી મેળવવામાં આવેલ નથી

આમ ઉપરની તમામ વિગતો તથા નિર્દિષ્ટ કરેલ છાણાવટોને ધ્યાનમાં લઈ સદરહુ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા અંગે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી દંતાલી (પી) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. દંતાલી (૧) તાલુકા પેટલાદ જિલ્લો ખેડાની વ્યવસ્થાપક સમિતિ ઉપર કાયદા કાનૂન અંગે પેટા નિયમ અન્વયે લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં શકિતમાંન ન હોવાથી મંડળીના વહીવટ ચલાવવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧(૧) હેઠળ મને મળેલ અધિકારને રૂઈએ હુ એમ. જી. રાવત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદ આથી મંડળીની હાલની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેની જગ્યાઓ શ્રી બી. એન. પઠાણ ઠેકાણું : તવ્વકલ સોસાયટી મુકામ તાલુકા બોરસદ જિલ્લો ખેડાની મંડળીનું કામકાજ ચલાવવા માટે વહીવટદાર તરીકે નિમણુંક કરુ છું વહીવટદાર પોતે જે તારીખથી સદર મંડળીના તમામ વહીવટ પોતાને હસ્તક લેશે તે તારીખથી એક વર્ષ સુધીના સમય માટે વહીવટ ચલાવશે વહીવટદારનું મહેનતાણું હવે પછી નક્કી કરવામાં આવશે જે અંગેનો ખર્ચ મંડળીએ ભોગવવાનો રહેશે.

નડીઆદ, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨.

INDEX

વંચાણે લીધા :—

(૧) ઓડીટર, સહકારી મંડળીઓ, બોરસદના જા.નં. : અષણ-૦૧-સ્પે.રિ. ૩૮૪'-૧૯૯૦, તારીખ ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૦ના પત્રથી મોકલી આપેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના ધરમ-૦૧-ચ-૧૫૩૫-૧૯૯૦ તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૯૦ ના પત્રથી સંસ્થાના સંચાલકોને પાઠવેલ રજિ. પો. એ. ડી. ની નોટિસ.

(૩) અત્રેની કચેરીના જા. નં. : સવન-૦૮-ખ-૧૯૪૪-૧૯૯૧ તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૧ ના રોજથી સંસ્થાના વ્ય. ક. ના સભ્યોને પાઠવવામાં આવેલ રજિ. પો. એ.ડી. ની કારણદર્શક નોટિસ.

(૪) અત્રેની કચેરીના જા. નં. : સવન-૦૮-ખ-૨૫૨૫-૧૯૯૧ તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના પત્રથી રજિ. પો. એ.ડી.થી પાઠવેલ છેલ્લી રજુઆત માટે આવતો પત્ર.

(૫) અત્રેની કચેરીની મંજુર થયેલ નોંધ.

ક્રમાંક : ઉખસ/સવન/૦૮/ખ/૫૩૯/૧૯૯૨.—ધી જય અંબે કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. મુકામ : ધર્મજ, તાલુકો : પેટલાદ, જિલ્લો : ખેડા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી અધિનિયમ હેઠળ નોંધાયેલી સહકારી ગૃહ મંડળી છે. (જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સદરહું સંસ્થાનો વહીવટ સહકારી અધિનિયમ હેઠળ સંસ્થાના મંજુર થયેલ પેટા નિયમ તથા સહકારી કાયદા કાનૂનની જોગવાઈઓને ધ્યાનમાં રાખી નિયમોનુસાર કરવાનો રહે છે.

સદર સંસ્થાનું તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૫ થી ૩૦મી જુન, ૧૯૮૯ ના સમયનું વૈધાનિક અન્વેષણ ઓડીટર, સહકારી મંડળીઓ, બોરસદ તાલુકો : બોરસદ, જિલ્લો : ખેડા તરફથી પૂર્ણ કરેલ છે. સદર અન્વેષણ સમય દરમ્યાન જણાઈ આવેલ વહીવટી અનિયમિતતાઓ બાબતે સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ કાનુની કાર્યવાહી કરવા માટે અત્રેની કચેરીનું ધ્યાન દોરેલ છે. તથા સહકારી કાયદાની કલમ ૮૧ (૧) ની જોગવાઈ અનુસાર સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ સહકારી કાયદા-કાનૂન અને નિયમોનુસારની તેમના ઉપર લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં પણ નિષ્ફળ ગયેલ છે. જે બાબત પ્રસ્તુત કિસ્સામાં સાબિત થાય છે.

આમ ઉપરની વિગતો ધ્યાનમાં લેતાં સંસ્થાની વ્ય. ક. ને દૂર કરી તેની જગ્યાએ વહીવટદારની નિમણૂંક અંગેની કાનૂની કાર્યવાહીના આરંભમાં આમુખ-૨ માં જણાવ્યા પ્રમાણેની સંસ્થાના સંચાલકોને રજિ. પો. એ. ડી. થી નોટીસ આપી તેમનું ધ્યાન દોરી જણાવવામાં આવેલ હતું કે ઓડીટરના જણાવ્યા મુજબની સંસ્થાની વહીવટી અનિયમિતતાઓ બાબતે જે કોઈ રજુઆત કરવી હોય તે લેખિતમાં અગર તો રૂબરૂમાં આધાર પુરાવા સાથે કરી જવા માટે તારીખ ૨૬મી નવેમ્બર ૧૯૯૦ ના રોજની તક આપવામાં આવેલ હતી. તે સમયે અત્રેની કોઈ સંસ્થાના સંચાલકો તરફથી કોઈ લેખિતમાં કે રૂબરૂમાં આવી રજુઆત કરવામાં આવેલ નથી. આમ આમુખ નં. ૩ અને ૪ માં જણાવ્યા મુજબ અને ન્યાયના હિતમાં ફરીથી તકો આપવા છતાં કોઈપણ જાતની રજુઆત લેખિતમાં કે રૂબરૂમાં સંસ્થાના સંચાલકો તરફથી કરવામાં આવેલ ન હોવાથી કાનૂની કાર્યવાહી કરવી જરૂરી જણાયેલ હોંઈ નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખી સંસ્થાની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેની જગ્યાએ વહીવટદારની નિમણૂંક કરવી સંસ્થાના તથા સભાસદોના હિતમાં વ્યાજબી જણાય છે.

મુદ્દાઓ :—

(૧) સંસ્થાના શરૂથી તારીખ ૩૦મી જુન ૧૯૮૫ ના સમયના થયેલ ઓડીટ નોંધની દુરસ્તી કરવામાં આવેલ નથી.

(૨) મંડળીના સંચાલકો તરફથી વ્ય. ક. સભ્યોને પે. નિ. મુજબની ફરજો અને જવાબદારીઓ બજાવવામાં નિષ્ફળ ગયેલ છે અને જેમાંથી સંસ્થાનું વહીવટીતંત્ર કથળી ગયેલ છે.

(૩) તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૭૮ પછીથી સંસ્થાની એકપણ વ્ય. ક. ની સભાઓ પે. નિ. મુજબની મળેલ નથી તેમજ કોઈ કામકાજ થતું નથી.

(૪) સને ૧૯૭૭-૭૮ ના વર્ષ પછીના વર્ષની સંસ્થાની વા. સા. સભા મળેલ નથી. સભ્યોનું કોઈ હિત જળવાતું હોય તેમ જણાતું નથી.

(૫) સંસ્થાએ મેળવેલ જુદી જુદી નાંણાકીય સંસ્થાએ લોનની રકમના હપ્તા સભ્યો પાસેથી વસુલ કરવામાં આવેલ નથી. તેમજ લોન ભરવામાં આવતી નથી.

(૬) લોનની વસુલાત માટે સંસ્થાના કર્મચારીઓ/હોદ્દેદારો તરફથી કોઈ જ પ્રયાસ કરવામાં આવતા નથી અને તેઓ બિલકુલ નિષ્ક્રિય જણાયેલ છે.

(૭) ૧૩ મકાનોના બાંધકામ પૂર્ણ થયેલ છે. બાકીના મકાનોના બાંધકામ અપૂર્ણ છે. વ્ય. ક. સભ્યો મુદતવીતી બાકીદાર છે.

ઉપરની તમામ વિગતો તથા છણાવટ કરવામાં આવેલ માહિતીને ધ્યાનમાં લઈને સદરહુ મંડળીમાં વહીવટદારની નિમણૂંક અંગે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી જય અંબે કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. મુકામ : ધર્મજ તાલુકો : પેટલાદ જિલ્લો : ખેડાની વ્યવસ્થાપક સમિતિ ઉપર કાયદા-કાનૂન અને પેટા નિયમ અન્વયે લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ ઉપરોકત કારણોસર અદા કરવામાં શકિતમાન નહી હોવાથી મંડળીનો વહીવટ ચલાવવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ (૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એમ. જી. રાવત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદ આથી મંડળીની હાલની વ્યવસ્થાપક સમિતિને દૂર કરી તેની જગ્યાએ શ્રી બી. એમ. પઠાણ ઠે. : તવ્વકલ સોસાયટી મુકામ તાલુકો : બોરસદ જિલ્લો : ખેડાની મંડળીનું કામકાજ ચલાવવા માટે વહીવટદાર તરીકે નિમણૂંક કરુ છું. વહીવટદાર પોતે જે તારીખથી સદર મંડળીનો તમામ વહીવટ પોતાને હસ્તક લેશે તે તારીખથી એક વર્ષ સુધીના સમય માટે વહીવટ ચલાવશે. વહીવટદારનું માસિક મહેનતાણું હાલના તબકકે રૂા. ૫૦૦ મંજુર કરવામાં આવે છે જે અંગેનો ખર્ચ મંડળીએ ભોગવવાંનો રહેશે.

નડીઆદ, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨..

વંચાણે લીધા :—

(૧) ઓડીટર સહકારી મંડળીઓ (ન. જ.) આણંદના જાવક નંબર અષણ/૦૧/૪૫૪/૧૯૯૧ તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૧ ના પત્રથી મોકલી આપેલ ખાસ વહીવટી અહેવાલ.

INDEX

(૨) અત્રેની કચેરીના જાવક નંબર ખતમ / ૦૧ / ચ / ૧૧૧૫ /૧૯૯૧ તારીખ ૯ મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના પત્રથી પાઠવેલ સંસ્થા સંચાલકોને નોટીસ.

(૩) અત્રેની કચેરીના જાવક નંબર સવન / ૦૧ / ખ / ૮૯/ ૧૯૯૨ તારીખ ૧૮ મી જાન્યુઆરી, ૧૯૯૨ ના રજિસ્ટર પોસ્ટ એ. ડી. થી પાઠવેલ સંસ્થાના સંચાલકોને કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીની મંજુર થયેલ નોંધ.

ક્રમાંક ઉખસ / સવન / ૦.૩૦ / ખ / ૫૪૨/૧૯૯૨.—ધી બોરસદ તમાકું ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ તાલુકો બોરસદ, જિલ્લો ખેડાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે (જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદરહુ મંડળીનો વહીવટ તેના મંજુર થયેલા પેટા-નિયમ તથા સહકારી કાયદા કાનૂનની જોગવાઈ ખાતે આધિન રહીને કરવાનો રહે છે.

સદર સંસ્થાના તારીખ ૧ લી જાન્યુઆરી ૧૯૮૭ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૮૭ ના સમયનું વૈધાનિક અન્વેષણ ઓડીટર સહકારી મંડળીઓ (ન. જ.) આણંદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર અન્વેષણ સમય દરમ્યાન જણાઈ આવેલ વહીવટી અનિયમિતતાઓ બાબતે તેમના જાવક નંબર અપણ / ૦૧./ ૪૫૪ / ૧૯૯૧ તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૧ ના પત્રથી આમુખ-૧ માં જણાવ્યા મુજબનો ખાસ વહીવટી અહેવાલ મોકલી આપી અત્રેની કચેરીનું ધ્યાન દોરી સહકારી કાયદાનો કલમ ૮૧ હેઠળની કાર્યવાહી કરવા સૂચન કરેલ છે. જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

મુદ્દા નંબર ૧ :—

સંસ્થાની વ્યવસ્થાપક કમિટિએ સંસ્થાનું સંચાલન પેટા નિયમ મુજબ કરેલ નથી.

મુદ્દા નંબર ૨ :—

વ્યવસ્થાપક કમિટિના એકજ કુટુંબની વ્યકિતઓએ પ્રતિનિધિત્વ ધારણ કરેલ છે.

મુદ્દા નંબર ૩ :

વ્યવસ્થાપક કમિટિ સભ્યો પેટા નિયમ માં નિયત કર્યા મુજબના શેર ધારણ કરતાં ન હોવા છતાં વ્ય. ક. સભ્યો તરીકે ચાલુ રહેલ છે. (જે ગેરલાયક છે).

મુદ્દા નંબર ૪ :

સંસ્થાના ચેરમેનશ્રીએ સંસ્થાનો વહીવટ એક હથ્થું ચલાવેલ છે.

મુદ્દા નંબર ૫ :

વ્યવસ્થાપક કમિટિની બેઠકો નિયમિત મળતી નથી.

મુદ્દા નંબર ૬ :

પેટા-નિયમ વિરુધ્ધ ખાતરનું ઉધાર વેચાણ કરેલ છે.

મુદ્દા નંબર ૭ :

માનદ મંત્રીશ્રીનો વ્યવસ્થાપક કમિટિમાં સમાવેશ કરેલ નથી. અને તેઓનું જામીન ખત મેળવેલ નથી.

મુદ્દા નંબર ૮ :

સંસ્થાના આ અગાઉના ઓડીટનો દુરસ્તી કરવામાં આવેલ નથી.

મુદ્દા નંબર ૯ :

તારીખ ૨૮ મી સપ્ટેમ્બર, ૧૯૮૭ ની વાર્ષિક સાધારણ સભામાં વ્યવસ્થાપક કમીટીની નિયુકિત અંગેનો નોંધ લીધેલ નથી.

આમ ઉપરની વિગતો જોતાં મંડળીમાં વહેલામાં વહેલી તકે મંડળીનું સંચાલન કરી શકે તેવા વહીવટદારની નિમણૂક કેમ ન કરવી. તેના અનુસંધાનમાં સંસ્થાને અત્રેની કચેરીના આમુખ- ૨ માં જણાવ્યાનુસારની રજી. પો. એ. ડી. સંસ્થાના સંચાલકોને નોટીસ આપી તા. ૨૩મી સપ્ટેમ્બર. ૧૯૯૧ના રોજ રૂબરૂ હાજર રહી જરૂરી આધાર પુરાવા સાથે રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. તે દિવસે સંસ્થાના જવાબદાર હોદ્દેદારો કે સંચાલકો તરફથી હાજર રહી કોઈ લેખિતમાં કે રૂબરૂમાં રજુઆત કરવામાં આવેલ નથી. જેના જવાબમાં અત્રેની કચેરીના આમુખ-૩માં જણાવ્યાનુસારની રજી. પો. એ. ડી. થી ન્યાયના હિતમાં વધુ એક તક સાંભળવાની કે રૂબરૂમાં રજૂઆત કરવાની તક આપી. તા. ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૨ના રોજ હાજર રહેવાનું જણાવવામાં આવેલ હતુ. જેના સંદર્ભમાં સંસ્થાના જા. નં. તા. ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૦ના રજી. પો. એ.ડી. ના પત્રથી અનિવાર્ય કારણોસર કોઈ હાજર રહેનાર નથી, અને બીજી મુદત આપવામાં આવેલ હતી. જેના અનુસંધાને અત્રેની કચેરીના જા. નં. સ. વન.૦૧-ખ-૨૨૭ તા. ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના પત્રથી તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ રૂબરૂ હાજર રજૂઆત કરવાની તક આપવામાં આવેલ હોઇ સંસ્થાના ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૨નો રજી. પો. એ. ડી. નો પત્ર તા. ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ મળેલ હતો. પરંતુ અત્રેથી પાઠવવામાં આવેલ નોટીસમાં જણાવેલ સમયે અને તારીખે કોઈ હાજર રહેલ ન હતું. ઉપરોકત તા. ૧૮ મી ફેબ્રુઆરી, ૧૯૯૨ની રજૂઆત જોતાં સંસ્થાએ જણાવેલ છે કે, સંસ્થાએ કોઈ સરકારી લોન, શેરફાળો કે સહાય મેળવેલ નથી. અને સંસ્થા હાલમાં બંધ હાલતમાં છે. જેથી વહીવટદાર નિમવો નહી. પરંતુ સંસ્થાના ઓડીટ સમય દરમ્યાન જણાઇ આવેલ વહીવટી ગેરરીતિઓના સંદર્ભમાં સંસ્થાએ કોઈ વાસ્તવિક રજૂઆત તેમના પત્રમાં કરી નથી. અને ફકત ઉપર મુજબની જ રજુઆત કરેલ છે. જે ગ્રાહ્ય રાખી શકાય નહીં. સંસ્થાના જણાવ્યાનુસાર સંસ્થામાં ભવિષ્યમાં નાણાંકીય જોગવાઈઓ થશે. તો સંસ્થા પે. નિ. મુજબ કામગીરી હાથ ધરશે. જેથી સંસ્થા હાલમાં બંધ અવસ્થામાં હોઈ સંસ્થાના સંચાલકોને તથા હોદ્દેદારોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી. અને સંસ્થાની કાર્યવાહી કાયદાકાનૂન અને પેટાનિયમ મુજબ કરવામાં આવતી નથી. જેથી ઉપરની પરિસ્થિતિ ધ્યાનમાં લઈ સંસ્થામાં સરકારી કાયદાની કલમ ૮૧(૧)ની જોગવાઈ મુજબ સંસ્થાનો વ્યવસ્થાપક સમિતિ સહકારી કાયદાકાનુન અને તે જ ઉપનિયમોમાંથી તેમના ઉપર મુકેલી ફરજો અને જવાબદારીઓ બજાવવામાં નિષ્ફળ ગયેલ છે. તે બાબત પણ પ્રસ્તુત કિસ્સામાં સાબિત થાય છે. આમ મંડળીના તથા સભાસદોના હિતમાં વહીવટદારની નિમણૂંક કરવાનુ વ્યાજબી જણાય છે. જેથી તમામ વિગતો ધ્યાનમાં લઇ સદરહુ મંડળીના વહીવટદારની નિમણૂંક અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

ધી બોરસદ તમાકુ ઉત્પાદકોની સહકારી મંડળી લી. મુ. તા. બોરસદ, જિ. ખેડાને વ્યવસ્થાપક સમિતિ તેના ઉપર કાયદા-કાનૂન અને પેટાકાયદા અન્વયે મળેલ ફરજો અને જવાબદારીઓ ઉપરોકત કારણોસર બજાવવામાં શકિતમાન નહીં હોવાથી તથા સદરહુ સંસ્થાને વહીવટ ચલાવવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હુ શ્રી એમ. જી. રાવત જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ નડીઆદ. આથી મંડળીના હાલની વ્યવસ્થાપક સમિતિને દૂર કરીને તેની જગ્યાએ શ્રી બી. એમ. પઠાણ ઠે. તવાકલ સોસા. મુ. બોરસદ, તા. બોરસદ, જિ. ખેડાની મંડળીનું કામકાજ ચલાવવા માટે વહીવટદાર તરીકે નિમણુંક કરૂ છું. વહીવટદાર પોતે જે તારીખ થી સદર મંડળીનો આમ વહીવટ પોતાને હસ્તક લેશે તે તારીખથી એક વર્ષ સુધીના સમય માટે વહીવટ ચલાવશે. વહીવટદારના મહેનતાણા અંગેનો હુકમ હવે પછી કરવામાં આવશે. જે અંગેનો ખર્ચ મંડળીએ કરવાનો રહેશે.

નડીઆદ, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના જા. નં. સ.વ.ન.-૦૧-ખ-૧૯૧૪-૧૯૮૯ તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૮૯ નો હુકમ.
(૨) મે. અધિક રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના ક્રમાંક : ધરમ-૦૯૩-ઝ-૮૭૫-૧૯૯૨, તારીખ ૨જી એપ્રિલ, ૧૯૯૨ નો પત્ર,
(૩) અત્રેની કચેરીની મંજુર થયેલ નોંધ.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./સ.વ.ન./૦૪૦/ખ/૪૨૮ / ૧૯૯૨.—આમુખ નં. ૧ માં દર્શાવેલ આ કચેરીના તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૮૯ ના હુકમથી ધી ઉષા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. આણંદ તાલુકો આણંદ, જિલ્લો ખેડામાં સહકારી કાયદાની કલમ-૭૪ (ઘ) હેઠળ કસ્ટોડીયન તરીકે શ્રી એચ. એમ. મિસ્ત્રી, મુકામ : આણંદ તાલુકો આણંદ, જિલ્લો : ખેડાની નિમણુંક કરવામાં આવેલ હતી. શ્રી મિસ્ત્રીએ સદરહુ મંડળીનો ચાર્જ આજદિન સુધી સંભાળેલ નથી

આમુખ-૨ માં મે. અધિક રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તારીખ ૨જી એપ્રિલ, ૧૯૯૨ ના પત્રથી ઉપર મુજબના હુકમમાં નીચે મુજબનો વહીવટી અનુકુળતાએ ફેરફાર કરીને ઉષા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. મુકામ : આણંદ, તાલુકો : આણંદ જિલ્લો : ખેડાના શ્રી એચ. એમ. મિસ્ત્રીની જગ્યાએ શ્રી બી. એ. પઠાણ ઠે. ગાજીપુર,વાડા મુકામ : નડીઆદ, જિલ્લો : ખેડાની નિમણુંક કરવામાં આવે છે. અને તેઓશ્રીનું માસિક મહેનતાણું અગાઉથી નક્કી કર્યા મુજબ રૂપિયા ૪૦૦ (અંકે રૂપિયા ચારસે) પુરા ચાર્જ સંભાળ્યા તારીખથી નક્કી કરૂ છું. ચાર્જ સંભાળ્યા તારીખથી સદર નિમણુંક એક વર્ષ સુધીની રહેશે. અને ત્યારબાદ કારોબારીની પેટા નિયમોનુસાર રચના કરી વહીવટ પરત કરવાનો રહેશે. અને જરૂર પડે ઠરાવ કરી મુદત વધારો માંગવાનો રહેશે.

નડીઆદ, તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના જા. નં. : સ.વ.ન.-૦૧૬-ખ-૮૮-૧૯૯૨ તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૨નો હુકમ.
(૨) અત્રેની કચેરીના જા. નં. : સ.વ.ન.-૦૧૬-ખ ૬૨૨-૯૨ તારીખ તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૨ નો મહેનતાણું નક્કી કરતો હુકમ.
(૩) સંસ્થાના વહીવટદારશ્રી જે.કે. શાહની તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૨ ની મહેનતાણાં અંગે તથા કામગીરી અન્વયે સુપ્રત કરવા અંગેનો સંમતિપત્ર.
(૪) સંસ્થાના વહીવટદારશ્રીનો તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૯૨ ના પત્રથી થયેલ રજુઆત.
(૫) અત્રેની કચેરીની મંજુર થયેલ નોંધ.

હુકમ

ક્રમાંક સવન-૦૧૬-ખ-૯૨૭-૧૯૯૨.—આમુખ નં. ૧ માં દર્શાવેલ આ કચેરીના હુકમ ક્રમાંક : સ.વ.ન.-૦૧૬/ખ-૮૮-૧૯૯૨, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૨ ના હુકમથી ધી એલીકોન એમ્પ્લોઈઝ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ. મુકામ : વલ્લભ વિદ્યાનગર, તાલુકો : આણંદ જિલ્લો : ખેડામાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે શ્રી જે. કે. શાહ મુ.તા. : આણંદ, જિલ્લો : ખેડાની નિમણુંક કરવામાં આવેલ હતી. જેનો ચાર્જ શ્રી શાહે તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૨ ના રોજ સંભાળેલ છે.

આમુખ-૨ માં જણાવ્યા મુજબ હુકમ ક્રમાંક : સ.વ.ન.-૦૧૬-ખ-૬૨૨-૯૨, તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૨ થી વહીવટદારશ્રીનું મહેનતાણું નક્કી કરતો હુકમ કરવામાં આવેલ હતો. આમુખ-૩ અને ૪ થી વહીવટદાર તરફથી થયેલ રજુઆત અનુક્રમે તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૨ તથા તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૨ ના પત્રો ધ્યાને લઈ વહીવટદારની નિમણુંકનો હુકમ આમુખ-૧ માં જણાવ્યા મુજબના હુકમમાં નીચે મુજબનો વહીવટી અનુકુળતાએ ફેરફાર કરીને એલીકોન એમ્પ્લોઈઝ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લિ. વલ્લભવિદ્યાનગર, તાલુકો : આણંદ, જિલ્લો : ખેડાના શ્રી જે. કે. શાહની જગ્યાએ શ્રી બી. એમ. પઠાણ ઠે. તવકલ સોસાયટી મુ.તા. : બોરસદ, જિલ્લો : ખેડાની નિમણુંક કરવામાં આવે છે. તેઓશ્રીનું માસિક મહેનતાણું અગાઉથી નક્કી કર્યા મુજબ રૂા. ૧૫૦૦ (અંકે રૂપિયા એક હજાર પાંચસો) પુરા ચાર્જ સંભાળ્યા તારીખથી નક્કી કરું છું. ચાર્જ સંભાળ્યા તારીખથી સદર નિમણુંક એક વર્ષ સુધીની રહેશે. અને ત્યારબાદ કારોબારીની પેટા નિયમોનુસાર રચના કરી વહીવટ પરત કરવાનો રહેશે. જરૂર પડે ઠરાવ કરી મુદત પૂર્ણ થતાં પહેલાં મુદત વધારો માંગવાનો રહેશે.

નડીઆદ, તારીખ ૧૬મી મે, ૧૯૯૨.

વંચાણમાં લીધા.—ઘઉંઆ સેવા સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો આ કાર્યાલયનો હુકમ ક્રમાંક : ઉ.ખ.સ. ક.જ./ફડચ/ખ/૧૧૨૦/૮૩, તારીખ ૯મી મે, ૧૯૮૩.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ-૨/૧૩૬૪/૯૨.—ઘઉંઆ સેવા સહકારી મંડળી લી. મુકામ : ઘઉંઆ, તાલુકો કપડવંજ, જિલ્લો : ખેડાને આ કાર્યાલયના હુકમ ક્રમાંક : ઉ.ખ.સ./ક.જ./ફડચ/ખ/૧૧૨૦/૮૩ તારીખ ૯મી મે, ૧૯૮૩ થી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ

જવામાં આવી હતી અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીઆદની ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. વહીવટી અનુકુળતાને લક્ષમાં લઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારની રૂઈએ ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીઆદની નિમણૂંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત સદર કચેરી નડીઆદની નિમણૂંક કરૂં છું.

નડીઆદ, તારીખ ૧લી જુન, ૧૯૯૨.

એમ. જી. રાવત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીઆદ.

વંચાણે લીધો :—સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણા કે જેઓ ના ફડચા અધિકારી છે તેઓના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૪૨૫ તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૧ થી ધી અન્નપૂર્ણા કન્ઝયુમર્સ કો.ઓપ. સ્ટોર્સ લી. મુકામ કડીની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધી.

હુકમ

ક્રમાંક : ઉખસ-ફડચ-૦૧-ચ-૩૬૭૩-૯૧.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી અન્નપૂર્ણા કન્ઝયુમર્સ કો.ઓ. સ્ટોર્સ લી. મુકામ : કડી, તાલુકો : કડી, જિલ્લો : મહેસાણા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર : ભ-૩૦૯૯ તારીખ ૨૯મી ઓગષ્ટ ૧૯૮૮ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જા. નં. : ઉ/ફ/૦૧/ચ/૮૮૯૩/૧૩૫૮ તારીખ ૪થી મે, ૧૯૯૧ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી ફડચા-૧ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૪૨૫-૯૧ તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૧ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળીના નામે ધી અન્નપૂર્ણા કન્ઝયુમર્સ કો.ઓપ. સ્ટોર્સ લી. મુ.તા. : કડી ની નોંધણી રદ કરતો હુકમ કરુ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૧.

ભી. દુ ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ ક્રમાંક ઉખસ/ -ફડચા-૦૧-ચ-૨૨૪૧-૯૧ તારીખ ૪થી જુલાઈ ૧૯૯૧

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧-ચ-૬૬૩/૯૨—ધી ગોપાલપાર્ક કો. ઓ. હા.. સો. લી. મુકામ આહવા, તાલુકા વિજાપુર જીલ્લા મહેસાણા મે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર ૫-૨૭૯૬ તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૬૭ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે' ઉક્ત મંડળીનું અન્વેષણ તારીખ ૧લી જુન જાન્યુઆરી ૧૯૮૯ થી ૩૧મી ડિસેમ્બર ૧૯૮૯ સુધીનું તે જ કાયદા ની કલમ-૮૪ હેઠળ કરવામાં આવેલ છે અને અન્વેષણ નોંધ ઉપરથી નીચે મુજબના મુદ્દા ધ્યાન ઉપર આવેલ છે.

(૧) મંડળીએ છેલ્લા ત્રણ ઓડીટ નોંધણી દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળીની વાર્ષિક સાધારણ સભા છેલ્લે તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૮૨ પછી મળેલ નથી તથા એક પણ વ્ય. કમીટીની મીટીંગ મળેલ નથી.

(૩) સરકારશ્રીની ઓડીટ ફી છેલ્લા પાંચ વર્ષ ઉપરાંતની ભરવાની બાકી છે.

(૪) મંડળી ઘણા સમયથી બંધ હાલતમાં છે.

ઉપરના કારણોસર સદર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવાની આવશ્યકતા જણાતાં સદર સંસ્થાને અત્રેના પત્રક ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ગ-૨૨૪૧-૯૧ તારીખ ૪થી જુલાઈ ૧૯૯૧ થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતા આર. પી. એ. ડી થી હુકમ મોકલી આપેલ હતો. પરંતુ કવર કોઈ લેનાર ન હોઈ પરત આવેલ હતું. ત્યાર પછી અત્રેના પત્રક ક્રમાંક ફડચ-૦૧-ચ-૩૪૫૪-૯૧ તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૯૧થી અન્ડર પોસ્ટ સર્ટી. થી વચગાળાનો હુકમ મોકલી આપી દિવસ-૩૦માં જે કોઈ વાંધા હોય તો રજુ કરવા જણાવેલ છતાં આજદિન સુધી કોઈ રજુઆત થયેલ નથી. તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૮૨ ના રોજ વાર્ષિક સાધારણ સભા બોલાવી મંડળીને ફડચામાં લઈ જવ માટે ઠરાવેલ હોઈ સંસ્થા ચલાવવા સભાસદો અને કાર્યવાહકોને રસ ન હોઈ ફડચાનો હુકમ કરવામાં આવે છે અધિક રજીસ્ટ્રારથી, સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક નધણ-૪૨૭/૪૪/૧૦૯૩/૯૧ તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧ થી જણ વ્યા પ્રમાણે સત્તાઓની ફડચા અધિકારીશ્રીએ સમય પૂર્વક ઉપયોગ કરવાનો રહેશે. જેનો સારભાગ નીચે મુજબ છે. આ જોગવાઈઓ ફરજીયાત હોઈ તેનો ભંગ ન થાય તે જોવાનું રહે છે.

૧ દરેક વસાહત યુનિટ વસાહત એકમમાં ઓછામાં ઓછાં ૧૦ ટકા જેટલા વિસ્તાર કોમન પ્લોટ તરીકે રાખવાનો રહે છે. તે મુજબ કોમન પ્લોટ રાખવામાં આવેલ હોય છે. આવા કોમન પ્લોટમાં રસ્તાઓ અને માર્જીન તેમજ એપ્રોચ રસ્તાઓનો સમાવેશ થતો નથી આવા કોમન પ્લોટનો ઉપયોગ ફક્ત ગ્રાઉન્ડ ફ્લોઓરના લેવલ સુધીનું બાંધકામ કરવાની મર્યાદામાં સભ્યોના સામાન્ય પ્રકારના ઉપયોગ માટે ૧/૬ જેટલી વિસ્તારમાં બાંધકામમાં ઉપયોગ કરી શકાય તેવી જોગવાઈ થયેલી છે. જ્યારે બાકીનો કોમન પ્લોટ ખુલ્લો રાખવાનો હોય છે. કોઈ કાયદા અન્વયે નોંધાયેલ સંસ્થા હોય તેવી સંસ્થાઓના કિસ્સામાં જાહેર હિતમાં ટાઈન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ હેઠળ નિમાયેલ મુખ્ય અધિકારી તે અંગેના કારણો લેખિતમાં નોંધી છટછાટ અથવા રદ કરી શકે છે. તેથી આવા કિસ્સામાં તેમની મંજુરી મેળવ્યા બાદ જ તેની નિકાલ કરી શકાય તે જોવાનું રહે છે આમ ઉપર જણાવ્યા મુજબ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ની સમાન ઉપયોગની મિલ્કતો અંગેની જોગવાઈઓ ફરજીયાત સ્વરૂપની હોવાથી સહકારી મંડળીઓના કિસ્સામાં ફડચા અધિકારી તેના સભ્યોના સામાન્ય સમાન ઉપયોગ માટે જણાવવામાં આવેલ અથવા ઉભી કરાયેલ સ્થાવર મીલ્કતનો વેચાણ કરી નિકાલ કરી શકશે નહી મિલ્કતો ફડચા અધિકારીએ મંડળીના તમામ સભ્યોના ઉપયોગ માટે તેઓને તબદીલ કરવાની રહે છે આમ ઉક્ત વિગતોને ધ્યાનમાં રાખી ફડચાની કામગીરી કરવાની રહેશે.

INDEX

હુકમ

ધી ગોપાલપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. માન્સા તાલુકા વિજાપુર, જીલ્લા મહેસાણા, મે મુજરાત સહકારી મંડળીઆના અધિનિયમ, ૧૯૬૧ની નોંધણી નંબર ધ-૨૭૯૬, તારીખ ૩૦મી ઓગસ્ટ, ૧૯૬૭ થી નોંધાયેલ સંસ્થા છે. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) એ-સી-બી-૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરું છું.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાની સદર ફડચાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરૂ છું મહેનતાણાની રકમ સવે સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે.

સહકારી ગૃહ મંડળીની ફડચાની કાર્યવાહી પુરી થતાં વિસર્જીત થતી મંડળી સભ્યોનું નોન ટ્રેડીંગ કોપેરિશન એકટ હેઠળ એસોસીએશન અથવા સોસાયટીઝ રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ અન્વયે સંસ્થાની રચના કરી તેને નોંધાવવાની રહેશે.

ઉપર મુજબ એસીસીએશન અથવા સંસ્થા રચાયા બાદ તેને મંડળીના સભ્યશ્રી ઉભી કરેલ સવલતો માટેની મિલ્કતો જેવી કે કોમન પ્લોટ, કોમન પ્લોટઉપર બાંધવામાં આવેલ બાંધકામ પાણીની ટાંકી, રસ્તાઓ વિગેરેની તબદીલી કરવાની રહેશે. આવી મિલ્કતોનું વેચાણ ફડચા અધિકારી કરી શકશે નહી. આમ અધીક રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ગુજરાત રાજય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક નધણ-૪૨૭-ગ-૧૦૯૩-૯૧ તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧ના પત્રમાં જણાવેલ જોગવાઈઓનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મહેસાણા, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૨.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ ક્રમાંક ઉખાસ-ફડચ-૦૩૫-ચ-૨૭૪૧-૯૧,-તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

પ્રસ્તાવના.

ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ-૬૬૪-૯૨ .—ધી સહયોગ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મુ. સેદ્રાણા, તાલુકા સિધ્ધપુર, જીલ્લે મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નં. ખે-૩૦૬૩ તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૮૮થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉકત મંડળીનું અન્વેષણ સબ ઓડીટર સહકારી મંડળીઓ, સિધ્ધપુર એ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૦થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૦ સુધીનું કરેલ છે અને નીચે મુજબની ક્ષતિઓ ઉપસ્થિત થયેલ છે.

૧. સંસ્થાની શરૂથી તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૯ સુધીના અન્વેષણની દુરસ્તી મોકલાવેલ નથી.

૨. સંસ્થામાં સંસ્થાનું દફતર મિલ્કતોની યોગ્ય જવાબદારીઓ નકકી થવામાં નથી તેમજ હિસાબી કામકાજની જવાબદારી નકકી કરવામાં આવેલ નથી.

૩. અન્વેષણ દરમ્યાન વ્યવસ્થાપક કમીટીની બેઠક મળેલ નથી.

૪. સને ૧૯૮૯-૯૦માં સાધારણ સભા મળેલ નથી.

૫. સંસ્થાએ ઉદ્દેશો પ્રમાણે પ્રવૃત્તિ કરતી નથી સંસ્થાના ટયુબવેલમાં પાણી સંસ્થા ચલાવવા માટે સભાસદોને જરા પણ રસ રૂચી અને વલણ નથી.

૬. સંસ્થામાં તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૦ના રોજ શેર ભંડોળ રૂા. ૩૧૫૦૦/-છે જયારે જેની સામે ખોટ રૂા. ૫૭૫૦૦-૦૫ છે એટલે કે રૂા. ૨૬૦૦૦-૦૫ ચોખ્ખી એકત્રિત ખોટ છે.

૭. સંસ્થામાં તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૦ ના રોજ રૂા. ૧૦૩૬૫૪/- જમીન વિકાસ બેંકનું વ્યાજ ભરવા અનામત મુકેલ છે. જયારે ૧૪૧૦૩૨/- જમીન વિકાસ બેંક લોન ભરપાઈ કરવાની બાકી છે.

ઉપરના મુદ્દાઓ સંબંધે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં સદર મંડળી પેટા નિયમ મુજબ કામગીરી કરતી નથી અને સ્થગિત રહેતી હોઈ અત્રેની કચેરીના પત્રક ક્રમાંક ઉખસ-ફડચ- ૦૩૫-ચ-૨૭૪૧-૯૧ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૧થી વચગાળાનો હુકમ કરવામાં આવેલ નથી જેની સામે દિન-૩૦માં રજુઆત કરવા જણાવેલ છતાં મંડળીના કાર્યવાહકો તરફથી કોઈ રજુઆત થયેલ નથી. મંડળીને આવા સંજોગોમાં ચાલુ રાખવી હિતાવહ ન જણાતાં મંડળીને આટોપી લેવા માટે મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

ધી સહયોગ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મુ. સેદ્રાણા તાલુકા સિધ્ધપુર જીલ્લો મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ નીચે નોંધણી નંબર ખે-૩૦૬૩ તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૮૮ થી નોંધવામાં આવી હતી. ઉકત જણાવેલ કારણોં ધ્યાનમાં લઈ મંડળીને ગુજરાત મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) એ, સી, ૨, ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હકમ કરૂ છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે ફડચાનું કામકાજ શકય હોય તો ત્રણ વર્ષ પહેલાં પુરૂ કરવાનું રહેશે.

મહેસાણાં, તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૨.

વંચાણે લીધો : શ્રી ફડચા અધિકારી અને સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાધી જી. આઈ. ડી. સી. કો. ઓ. કન્ઝુમર્સ સો. લી. મુ. તા. કલોલના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૪૬૪-૯૧, તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૧, થી નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધી.

હુકમ

ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ-૪૪૧-૯૨ .— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી જી.આઈ ડી. સી. કો. ઓ. કન્ઝુમર્સ સો. લી. મુકામ કલોલ, તાલુકા કલોલ, નોંધાયેલ સંસ્થા છે સદર સંસ્થા નોંધણી નં. એમ-૩૦૯૫, તારીખ ૨૮મી માર્ચ, ૧૯૮૭ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ

INDEX

આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ/ફ/૦૧/ચ/૧૩૫૭, તારીખ ૪થી મે, ૧૯૯૧ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૪૬૪--૧૯૯૧, તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૧થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી જી.આઈ.ડી. સી. કો. ઓ. કન્ઝુમર્સ સો. લી. મુકામ તાલુકા કલોલની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩જી માર્ચ, ૧૯૯૨.

વંચાણે લીધો : શ્રી સહકારી અધિકારી ફડચો-૩ અને ફડચા અધિકારી ભાઉપુરા મજુર સહકારી મંડળી લી. ભાઉપુરા, તાલુકા કલોલ, જીલ્લો મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩-૫૧૪-૯૧ તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧ થી ભાઉપુરા મજુર સહકારી મંડળી લી. ભાઉપુરા, તાલુકા કલોલની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધી.

હુકમ

ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ-૪૪૭-૯૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી ભાઉપુરા મજુર સહકારી મંડળી લી. મુકામ ભાઉપુરા તાલુકા કલોલ,જીલ્લો મહેસાણા, નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નં. ૭૦૪૬, તારીખ ૧૭મી ડીસેમ્બર, ૧૯૮૨થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ-ફડચ-૮૬૧૬-છ-૨૮૯૧ તારીખ ૮મી મે, ૧૯૮૯ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણા તરફથી તેઓના પત્રક ક્રમાંક ફડચ-૦૧-૩-૫૧૪-૯૧ તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ભાઉપુરા મજુર સહકારી મંડળી લી. મુકામ ભાઉપુરા, તાલુકા કલોલની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩જી માર્ચ, ૧૯૯૨.

ર. જ. બારભાયા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના ખેતી વન અને સહકાર ખાતાના હુકમ ક્રમાંક : કખ-૬૦-ડીપીપી-૧૧૬૨-૪૩૯૦૫, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૬૫.

(૨) રજિસ્ટ્રારશ્રી સ. મં. ગુ. રા. અમદાવાદના પરિપત્ર નં. સકક-૧૧-અ-૪૨૮૫-૧૯૬૬, તારીખ ૧૬મી જુન. ૧૯૬૬.

(૩) આ કચેરીના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૮૨૯૭/૦૧-જ-૪૫૯ તારીખ ૧૫/૧૭મી ફેબ્રુઆરી, ૧૯૮૮.

(૪) શ્રી ફડચા અધિકારી ધી કલોલ પરાના ખેડૂતોની વિ. કા. સહ. મંડળી લી. અને આસી. સીની. ઈન્સ્પેકટર ધી મહેસાણા ડી સે. કો. ઓ બેંક લી. મહેસાણાના પત્ર ક્રમાંક : ૭૬/લોન/ફડચો-૪૫૭ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૧.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૯.

(૬) ૧૯૬૫ના ગુજરાત સહકારી મંડળીઓના નિયમન નં. ૧૦.

પ્રસ્તાવના

ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ચ/૫૫૧/૯૨.— ધી કલોલ પરા વિસ્તાર ખેડૂત વિ. કા. સહકારી મંડળી લી. (ફડચામાં) મુકામ : કલોલ, તાલુકો : કલોલને આ કચેરીના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૮૨૯૭/૦૧/જ-૪૫૯ તારીખ ૧૫/૧૭મી ફેબ્રુઆરી ૧૯૮૮ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૨ મહેસાણાની નિમણૂંક કરવામાં આવેલ. પછી અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ચ-૩૭૩૦ તારીખ ૮મી નવેમ્બર, ૧૯૯૦ થી ફડચા અધિકારી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ની નિમણૂંક કરવામાં આવેલ હતી. જે આધારે તેઓએ મંડળીના દફતરનો હવાલો સંભાળી લીધેલ હતો. અને તેઓશ્રીએ તેમના પત્ર ક્રમાંક : ૭૬/લોન ફડચો-૪૫૭/તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૧. થી નીચેની વિગતો સહ મંડળીને પુન : જિવીત કરવા સારું દરખાસ્ત આ કચેરીએ મોકલી આપેલ છે. મંડળીને પુન : જિવીત કરવા સારું મંડળીના સભાસદોએ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ લેખિત અરજી કરી મંડળીને પુન : જિવીત કરવા માટે માંગણી કરેલ છે. ખાસ સાધારણ સભા તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૧ ના રોજ મળી હતી. ગ્રામજનોને જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ બીયારણ ખાતર ધીરાણ મેળવી શકાય તે માટે સદર મંડળીને ચાલુ કરવા માટે સર્વાનુમતે ઠરાવ કરેલ છે. મંડળીને અર્થક્ષમ બનાવવા માટે પ્રોગ્રામ પ્રમાણે પેટા નિયમ મુજબ ધોરણે પરીપૂર્ણ કરવા જણાવેલ છે. અને તે સર્વને અનુલક્ષી મંડળીને પુન : જિવીત કરવા માટે ફડચા અધિકારીશ્રી એ પણ સ્પષ્ટ અભિપ્રાય સહ દરખાસ્ત અત્રે કરેલ છે. તે સર્વને અનુલક્ષી નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

આથી હું ભી. દુ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા મને મળેલ અધિકારને અનુલક્ષી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૯ અન્વયે શ્રી કલોલ પરા વિસ્તારના ખેડૂતોની વિ. કા. સહકારી મંડળી લી. (ફડચામાં) ને આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાનમાં લેતાં પુન : જિવીત કરતો હુકમ કરું છું.

આ મંડળીનો મૂળ નોંધણી નંબર અને તારીખ ચાલુ રાખવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૨.

INDEX

વંચાણે લીધો :—શ્રી ફડચા અધિકારી, ધી ડેડીવાડા સેવા સ.મં.લી., અને સહકારી અધિકારી ફડચો-૩, ના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૩-૫૨૦-સને ૧૯૯૧ તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૧ થી નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધી.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ (૧) મુજબ.

હુકમ

ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧-ચ-૫૬૮-૯૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી ડેડીવાડા સેવા સહકારી મંડળી લી. મુકામ : ડેડીવાડા, તાલુકો : ચાણસ્મા, નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થાની નોંધણી નં. ૨૭૩૮૭ તારીખ ૯મી નવેમ્બર, ૧૯૫૯ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, મહેસાણાની કચેરીના જા. નં. : ઉખસ/ફડચ-૮૬૧૪-છ-૨૭૬૭-૮૯, તારીખ ૨૧મી ઓક્ટોબર, ૧૯૮૯ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારી શ્રી સહકારી અધિકારી ફડચો ૩, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૩-૫૨૦-૯૧, તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૧થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ : (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ડેડીવાડા સેવા સહકારી મંડળી લી. મુકામ ડેડીવાડા, તાલુકે : ચાણસ્માની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૨.

વિષય :-ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મંડળીને આટોપી લેવા બાબત.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ-ફડચ-૦૧-ગ-૫૨૨/૧૯૯૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ સંડેસરી જુથ બટાકા શાકભાજી ઉગાડનાર પછાત વર્ગની સ. મં. લી. સિધ્ધપુર એ નોંધણી નં. સે-૧૫૮૦૪ તારીખ ૯મી મે, ૧૯૭૮થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. તે જ કાયદાની કલમ-૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ તથા મંડળીના નોંધાયેલ પેટા-કાયદા મુજબ તેના ઉપર નાખવામાં આવેલી ફરજો અને તેને મળેલ અધિકારોનો ઉપયોગ કરેલ નથી. જેની નીચે દર્શાવેલ હકિકત ઉપરથી જણાઈ આવે છે.

૧. સંસ્થાનો છેલ્લા બે વર્ષનો ઓડીટ વર્ગ-ડ- છે.

૨. સંસ્થાની પ્રવૃત્તિના કાર્યોને સક્રિય બનાવવા વ્યવસ્થાપક કમીટીની બેઠકો નિયમિત મળતી નથી. વર્ષમાં ફક્ત ત્રણ વ્યવસ્થાપક કમીટીની બેઠકો મળેલ છે.

૩. સંસ્થાના કાર્યવાહકો તેમજ તમામ સભાસદોને સંસ્થા ચાલુ રાખવા સબબે રસ જણાતો નથી.

૪. સંસ્થા સને ૧૯૮૯-૯૦ ના વર્ષની તપાસણી દરમ્યાન સ્થગિત અવસ્થામાં જણાઈ છે.

ઉપરની હકિકતો ધ્યાને લેતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની રૂએ અથવા તે મુજબ તેના ઉપર નાખવામાં આવેલ ફરજોનું પાલન કરવામાં બિલકુલ રસ જણાતો નથી. જેના હિસાબે મંડળીને અત્રેથી પત્ર નં. ખતમ-૦૧ ગ-૧૧૬૦-૯૧ તારીખ ૭મી સપ્ટે, ૧૯૯૧ થી ફડચામાં લઈ જવા અંગે કારણદર્શક નોટીસ આપવામાં આવેલ તે સંદર્ભે સંસ્થાએ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના પત્ર સાથે ના સાધારણ સભાના ઠરાવ નં.૧૦ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૧થી ઠરાવી મંડળીને ફડચામાં ન લઈ જવા સ્વ-બચાવમાં કારણો જણાવેલ છે કે, છેલ્લા બે ત્રણ વર્ષથી પાળવો પાઠાતરો વરસાદ નહી થવાથી નદીના પટમાં પાણીનો પ્રવાહ સુકાઈ જવાથી બટાકા-શાકભાજી નું વાવેતર થઈ શક્યું નથી. તથા ચાલુ સાલે બટાટા વિ. નું ઉચ્ચકક્ષાનું બિયારણ લાવી મંડળીના સભાસદોને પુરૂ પાડવાનું કાર્ય ચાલુ કરવા ઠરાવેલ છે. જે સંસ્થાની રજુઆત સંદર્ભે અત્રેની તા. ૧૩મી નવેમ્બર, ૧૯૯૧ના પત્રથી સંસ્થાએ કરેલ પ્રગતિની વિગતો આપતા સંસ્થાએ તા. ૩૦મી નવેમ્બર, ૧૯૯૧ના પત્રથી પણ મંડળીને ચાલુ રાખવા બાબતે મંડળીએ કામગીરી શરૂ કરી કોઈ ઠોસ રજુઆત કરેલ નથી. સંસ્થાના જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ વર્ષ થી વરસાદ નહીં થવાના કારણે કામગીરી કરી શકેલ નથી પરંતુ ૧૯૭૮માં નોંધાયેલ છે. પરંતુ નોંધાયા બાદ જ કોઈ કામગીરી કરેલ નથી. આમ કરેલ રજુઆત વ્યાજબી અને સત્ય જણાતી નથી આમ મંડળીને ચાલુ રાખવી હિતાવહ જણાતી ન હોઈ મંડળીને આટોપી લેવા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

વચગાળાનો હુકમ

ધી સંડેસરીજુથ બટાટાશાકભાજીઉગાડનાર પછાત વર્ગની સહકારી મંડળી. લી. સંડેસરી, મુ. લુખાસણ, તા. સિધ્ધપુર નોંધણી સે-૧૫૮૦૪ તારીખ ૯મી મે, ૧૯૭૮ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭, ૧(ગ) ૧-૪ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું. મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧)હેઠળ નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખથી એક માસ સુધીમાં આ કચેરીને મોકલી આપવાનો રહેશે.

મહેસાણા, તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૨.

ભી. દુ. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધો :—ફડચા અધિકારી અને સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા ધી ગૌતમનગર કો. ઓપ. હાઉસીંગ સો. લી. મુકામ : સાન્થલ, તાલુકો : મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૫૦-૯૨, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૨. થી નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધી.

હુકમ

ક્રમાંક : ઉખસ-ફડચ-૦૧-ચ-૯૭૮-૯૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી ગૌતમનગર કો.ઓપ. હા.સો.લી., મુકામ : સાન્થલ, તાલુકો : મહેસાણાથી નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નં. : ૩૪૩૯ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૭૪ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારીમંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસ

INDEX

જા. નં. ઉખાસ/ફ/૦૧/ચ/૨૮૯૫, તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચા-૧, તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૫૦-૯૨, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૨ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકાર અન્વયે સદર મંડળી નામે ધી ગૌતમનગર કો.ઓપ.હા.સો.લી., મુકામ : સાન્થલ, તાલુકો : મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૫મી મે, ૧૯૯૨.

વંચાણે લીધા:-

ફડચા અધિકારી અને સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાના ક્રમાંક :ફડચ-૦૧-૪૮-૯૨ તા. ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૨થી જાસ્કા ગામ પિયત વિસ્તાર પાણી વહેંચણી માટેની સ. મં. લી. મુ. જાસ્કા, તા. ખેરાળુની, નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધી.

હુકમ

જા. નં. ઉખાસ-ફડચ-૦૧-ગ-૯૭૭/૯૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી જાસ્કા ગામ પિયત વિસ્તાર પાણી વહેચણી માટેની સ. મં. લી. મુ., જાસ્કા, તા. ખેરાળુ, નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ખે-૨૧૯૩ તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૮૩થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નં. ઉ/ફ/૦૧/ગ/૧૨૧૧ તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૧થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક :ફડચ-૦૧-૪૮-૯૨ તા. ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૨થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારી અન્વયે સદર મંડળી નામે ધી જાસ્કા ગામ પિયત વિસ્તાર પાણી વહેંચણી માટેની સ.મં. લી. મુ. જાસ્કાની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૫મી મે, ૧૯૯૨.

વંચાણે લીધો:-

ફડચા અધિકારી, સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણા ધી ધનપુરા (ઘાંટ) આદર્શ કો. ઓપ. હા. સો. લી. મુ. ધનપુરા તા. વિજાપુરના પત્ર ક્રમાંક: ફડચ-૦૧-૩-૬૧૪-૯૨ તા. ૧૬મી માર્ચ ૧૯૯૨ થી નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધી.

હુકમ

જા. નં. ઉખાસ-ફડચ-૦૧ ચ-૯૭૬-૯૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ધનપુરા (ઘાંટુ) આદર્શ કો. ઓપ. હા. સો. લી. મુ. ધનપુરા (ઘાંટુ) તા. વિજાપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નં. ૫૧૮૯ તા. ૧૯મી એપ્રિલ, ૧૯૭૫થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., મહેસાણાની કચેરીના જા. નં. ઉ/ફ/૦૧/ચ/૮૮૮૫/૭૯ તા. ૪થી માર્ચ ૧૯૯૧થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, ફડચા અધિકારી, ફડચો-૩, તરફથી તેઓના પત્ર ક્રમાંક: ફડચ-૦૧-૩-૬૧૪/૯૨ તા. ૧૬મી માર્ચ, ૧૯૯૨થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારી અન્વયે સદર મંડળી નામે ધી ધનપુરા(ઘાંટુ) આદર્શ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ મુ. ધનપુરા, (ઘાંટુ) તા. વિજાપુરની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૫મી મે, ૧૯૯૨.

વંચાણે લીધા:-

(૧) શ્રી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ના કાયદાની કલમ ૮૧ની જોગવાઈઓ.

(૨) શ્રી માણસા ખેડૂત ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. માણસા, તા. વિજાપુર, જિ. મહેસાણા ઉપર ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧/૧/ખની જોગવાઈઓ અન્વયે વહીવટદારની નિમણુકનો કરેલ અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક સવન/૦૧/ધ/૩૫૭૪ તારીખ ૯મી નવેમ્બર, ૧૯૭૮.

(૩) મંડળીના સભાસદો તરફથી તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૧ તથા ૧૩મી મે, ૧૯૯૨ના પત્રથી મંડળીઓ વહીવટ પરત સોંપવા મળેલ અરજી.

પ્રસ્તાવના

ક્રમાંક . સવન/૦૧/ચ/૯૨૧/૧૯૯૨.—ધી માણસા ખેડૂત વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. માણસા, તા. વિજાપુર, જિ. મહેસાણા. નોંધણી નંબર ૧૨૬૩૦ તારીખ ૪થી મે, ૧૯૪૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીમાં થયેલ ગંભીર પ્રકારની નાણાંકીય ગેર-રિતીઓ અને ઉભી થયેલ ગેરવ્યવસ્થાથી મંડળી આર્થિક નુકશાનમાં મુકાઈ ગયેલ હતી. અને તેના કારણે સંસ્થા અને સભાસદોના હિતો જોખમાતાં સંસ્થામાં થતી વારંવારની ગંભીર પ્રકારની ગેરરીતિ-ઓને લક્ષમાં લઈ તથા વ્યવસ્થાપકો અને હોદ્દેદારોએ દાખવેલ વારં-વાર ગંભીર પ્રકારની નિષ્કાળજીને લક્ષમાં લઈ સંસ્થાની વ્યવસ્થાપક સમિતિને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧(૧) અન્વયે આ કચેરીના તારીખ ૯મી નવેમ્બર, ૧૯૭૮ના હુકમ ક્રમાંક સવન/૦૧/ધ/૩૫૭૩થી બરતરફ કરી તેની જગ્યાએ વહીવટદાર-ની નિમણુંક વંચાણ-૨ મુજબ કરવામાં આવેલ હતી. અને તે જગ્યા-નો ચાર્જ સહકારી અધિકારી ગ્રેડ-૧ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાએ સંભાળેલ.

INDEX

આ સંસ્થામાં વહીવટદારની નિયુકતી થયે ચાર વર્ષનો સમય ગાળો તારીખ ૯મી નવેમ્બર, ૧૯૮૨ ના રોજ પુરો થયેલ હતો. પરંતુ સંસ્થાના અને સભાસદોના શ્રેષ્ઠ હિતોને લક્ષમાં રાખી તથા સંસ્થામાં થયેલ ગેરરિતીઓમાં સંડોવાયેલ સંસ્થાના વ્યવસ્થાપકો અને હોદ્દારો સામે ચાલતા પોલીસ કેસો અને તે લગતી અપીલો ~~કોર્ટ~~- કોર્ટમાં ચાલુ હોઇ તેમજ સહકારી કાયદાની કલમ-૯૩ અન્વયે કરાયેલ તપાસના હુકમો સામે સબંધકર્તા જવાબદાર વ્યવસ્થાપકો અને હોદ્દારોએ કરેલ કાનુની કાર્યવાહી ના અવરોધાય તેમજ તે કેસોમાં મંડળી તરફી યોગ્ય રજુઆતો અને પુરાવાઓ કોર્ટ સમક્ષ સહજ રીતે રજુ થાય તે બાબત ધ્યાને રાખી સંસ્થામાં વહીવટદારની મુદત વધારવામાં આવેલ હતી. છેલ્લે આ મંડળીને કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ૯મી નવેમ્બર, ૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક ઘખ/૯૪/૯૧ વસમ/૧૦૭૮/એમ/ ૮૯૩૯/ખ થી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૬૧ની જોગવાઈ અન્વયે નામદાર ગુજરાત સરકારે આથી ઉકત મંડળીને ઉકત અધિનિયમની કલમ-૮૧ને પેટા કલમ (૧) (ખ)ની જોગવાઈઓમાંથી મુકિત આપેલ છે. જેથી નિમાયેલ વહીવટદાર ઉકત મંડળીનો વહીવટ તા. ૯મી નવેમ્બર, ૧૯૯૨ સુધી ચલાવી શકે.

પરંતુ આમુખ નંબર-૩માં જણાવેલ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૧ તથા ૧૩મી મે, ૧૯૯૨ના પત્રથી મળેલ સભાસદોની અરજીઓની વિગત ધ્યાને લેતાં તેમજ વહિવટદારની કામગીરીની સમીક્ષા તેમજ મુલ્યાંકન કરતાં નીચેની હકિકતો જણાય છે. મંડળીના વહીવટમાં ગરબડ થયા પછી જો વહીવટદાર નીમાયેલ હોય તો કરવામાં આવેલ પોલીસ કેસ અને લવાદી દાવા અંગેની કાર્યવાહી યોગ્ય રીતે અને ઝડપથી કરવાની રહે. જેથી મંડળીના નાણાં યોગ્ય રજુઆતના અભાવે માંડી વાળવા ના પડે કે તહોમતદારો નિર્દોષ છૂટી ન જાય. મંડળી ચૌદ વર્ષથી વહીવટ હેઠળ હોવા છતાં આ હેતુ બર આવી શકેલ નથી. અને પરિસ્થિતિમાં કોઇ જ ફરક પડેલ નથી. તે સંજોગોમાં લાખ્ખો રૂપિયાનું ઉથલો કરતી સદર મંડળીને લાંબા સમય સુધી વહીવટ હેઠળ રાખવી ઉચિત જણાતું નથી. તેમજ મંડળીના સભાસદો તથા આમ જનતા લોકશાહી પ્રક્રિયાથી વંચિત ન રહે માટે હવે આ મંડળીનો વહીવટ તેની ચૂંટાયેલી વ્યવસ્થાપક સમિતિને સુપરત કરી દેવાનું યોગ્ય જણાય છે. ઉકત સંજોગો હેઠળ વહીવટદારની વ્યવસ્થા સમાપ્ત કરી મંડળીનો વહીવટ યોગ્ય રીતે રચાયેલી નવી સમિતિને સોંપવા નીચે પ્રમાણે હુકમ કરું છું.

હુકમ

હું, આર. જે. બારભાયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ,-૧૯૬૧ની કલમ- ૮૧(૩) હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી માણસા ખેડૂત ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. માણસા તા. વિજાપુર જિ. મહેસાણામાં વહીવટદારથી વહીવટ ચલાવવાની વ્યવસ્થા તા. ૩૦મી જુન, ૧૯૯૨ના રોજ સમાપ્ત કરું છું. અને કલમ-૮૧(૪) હેઠળ વહીવટદારશ્રીને મંડળીના ઉપ નિયમો અનુસાર નવી સમિતિની રચના કરવા, ગોઠવણ કરવા અને રચાયેલ સમિતિને વહીવટ સોંપી દેવા હુકમ કરું છું.

મહેસાણા, તારીખ ૧૬મી મે, ૧૯૯૨.

———

વંચાણે લીધા.—આ કચેરીનો વચગાળાનો આદેશ પત્ર ક્રમાંક : ઉખસ/ ફડચ-૦૧-ગ-૧૪૮૬-૯૧, તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૧.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ-૦૧-ગ-૯૮૦૫/૧૨૨૩-૯૨.—ધી પીપળદર તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ પીંપળદર, તાલુકો ખેરાલું જિલ્લો મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ- ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. આ સંસ્થાનો નોંધણી નંબર સે-ર્ત/૧/૨૨૨૫૧ તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૮૬ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. તેજ કાયદાની કલમ ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ તથા મંડળીના નોંધાયેલા પેટા- કાયદા મુજબ તેના ઉપર નાખવામાં આવેલી ફરજો અને તેને મળેલ અધિકારોનો ઉપયોગ કરેલ નથી જેની નીચે દર્શાવેલ હકિકત ઉપરથી જણાઈ આવે છે.

(૧) સંસ્થાનો ઓડિટ વર્ગ "ડ" છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ નોંધની ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરી દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી.

(૩) સંસ્થાએ છેલ્લા બે વર્ષથી તેના ઉદેશ મુજબ તેલીબીયાં ખરીદીનું કામકાજ કરેલ નથી.

(૪) વ્યવસ્થાપક સમિતિની બેઠકો દર માસે નિયમિત મળતી નથી. તપાસના સમયમાં માત્ર એક બેઠક મળેલ છે.

ઉપરની વિગતો ધ્યાને લેતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિ- નિયમ-૧૯૬૧ ની રૂએ અથવા તે મુજબ તેના ઉપર નાખવામાં આવેલ ફરજોનું પાલ કરવામાં બિલકુલ રસ જણાતો નથી જેના હિસાબે મંડળીને અત્રેથી પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ગ/૧૪૮૩/૯૧ તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૧ થી ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરી સદર હુકમ સામે જે કોઈ રજુઆત કરવી હોય તે રજુઆત કરવા માટે દિવસ-૩૦ માં જે કંઈ વાંધો કે વિરોધ હોય તે નોંધાવવા જણાવેલ છતાં આજ દિન સુધી કોઈ રજુઆત કરેલ નથી માટે સદર મંડળી ચલાવવા માટે કાર્યવાહકોને રસ નથી. તેવું ફલિત થાય છે તો મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

ધી પીંપળદર તેલિબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ પીંપળદર, તાલુકો ખેરાલુ, જિલ્લો મહેસાણા નોંધણી નં. સે-નેબ- ૨૨૨૫૧, તારીખ ૧૧મી માર્ચ, ૧૯૮૬ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ- નિયમની કલમ-૧૦૭ (૧) (ગ) ૧-૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરું છું. તથા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની નિમણૂંક કરું છું.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરું કરવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૩જી જુન, ૧૯૯૨.

———

INDEX

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ-૨૨૪૭-૯૧ તારીખ ૪થી જુલાઇ, ૧૯૯૧.

પ્રસ્તાવના :

ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ-૯/૮૦૪/૧૨૨૨ —ધી ગોપાલક વિ. કા. સહકારી મંડળી લી. મુ. સોજા, તાલુકા કલોલ, જીલ્લો મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧હેઠળ નોંધણી નંબર ૯૯૧૭, તારીખ ૨જી માર્ચ, ૧૯૬૭થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉકત મંડળીનું ઓડીટ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૦ થી ૩૧મી ડિસેમ્બર ૧૯૯૦ સુધી સબ-ઓડીટર સહકારી મંડળી કાલોલ એ તેજ કાયદાની કલમ-૮૨ અન્વયે કરેલ હતું. અન્વેષણ સમય દરમ્યાન નીચે મુજબની ખામીઓ ઉપસ્થિત થયેલ છે.

૧. સંસ્થા નોંધાણી થયેલ ૨૩ વર્ષ થયેલ છે. છતાં સભ્ય સંખ્યામાં કોઇ વધારો થયેલ નથી. તેથી સ્પષ્ટ થાય છે કે મંડળીના કાર્યવાહકોને મંડળીની પ્રવૃત્તિમાં રસ નથી.

૨. સંસ્થાએ મંડળીના પેટા—કાયદામાં જણાવેલ ઉદ્દેશ પ્રમાણે કોઇ કામગીરી થયેલ નથી.

૩. મંડળી સતત ખોટ કરેલ છે અને મંડળી છેલ્લા બે વર્ષથી "ડ" વર્ગ ધરાવે છે.

આમ ઉપરોકત કારણોસર મંડળીને સહકારી કાયદાના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ફડચામાં લઇ જવા માટે આવશ્યકતા જણાતી હોઇ મંડળીને ફડચામાં લઇ જવા માટે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ-૨૨૪૭-૯૧, તારીખ ૪થી જુલાઇ ૧૯૯૧ થી વચગાળાનો હકમ આર. પી. એ. ડી. થી મોકલી દિન-૩૦માં જે કોઇ વાંધો કે વિરોધ હોય તે અંગે રજુઆદ્ય કરવા જણાવ્યા છતાં આજદિન સુધી મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોવાથી મંડળીને ચાલુ રાખવા માટે કાર્યવાહકો કાર્યવંત નથી અને પેટા નિયમ મુજબ મંડળીના ઉદ્દેશ પ્રમાણે કામગીરી થતી ન હોવાથી મંડળીને ફડચામાં લઇ જતો નીચે મુજબનો હકમ કરૂ છું.

હુકમ

ધી ગોપાલક વિ. કા. સહકારી મંડળી લી. મુ.સોજા, તાલુકા કલોલ, જીલ્લા મહેસાણાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની એ નોંધણી નં. ૯૯૧૭ તારીખ ૨જી માર્ચ ૧૯૬૭ થી નોંધવામાં આવી હતી ઉપર પ્રસ્તાવનામાં નિર્દિષ્ટ કરેલ કારણોસર સદર મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) (એ) (સી) ૨ અને ૪ અન્વયે ફડચામાં લઇ જવા હકમ કરૂ છુ ઘથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાંપુરૂ કરવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૩જી જૂન ૧૯૯૨.

ર. જ. ભારભાયા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

વંચાણે લીધો :

૧ ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક ગોધરાની તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૧ નો પત્ર નં. એસયુપી વહીવટ/૩૭/૪૬૨.
૨ અત્રેની કારણદર્શક નોટીસ નંબર સવન/૧૯/ચ/૧૩૫૬/તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૧.

પ્રસ્તાવના

જા. નં. સધન/૧૯/ચ/૭૭/૯૨. —ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાએ તેના આમુખ-૨માં જણાવેલ પત્રથી જણાવેલ છે કે ધી ટીંબા સેવા સહકારી મંડળી લી. તાલુકા ગોધરા, જિલ્લો પંચમહાલ સ્થગીત અવસ્થામાં છે અને મંડળી છેલ્લા કેટલાંક વર્ષોથી એકધારી ખોટ કરી રહી છે ૩૦મી જુન ૧૯૯૧ ના સરવૈયા મુજબ એકત્ર ખોટ રૂા. ૧૦,૯૯,૭૩૧-૦૦ રહે છે. ૯૦-૯૧ ના વર્ષમાં રૂા. ૨,૫૦,૯૩૩ નો જે નફો થયેલ છે જે સરકારશ્રીના દેવા રહીત યોજનાનો લાભ મળવાથી તેની વસુલાત આવવાથી થયેલ છે મંડળીમાં શેર ભંડોળ તથા અન્ય ફંડો મળી કુલ રૂા. ૧,૯૪,૩૮૨/- ના ફંડો છે જે તમામ ફંડો ખોટમાં ચવાઇ ગયા છે. મંડળીઓના સભાસદો પાસે તમામ પ્રકારના ધીરાણ બાકી રૂા. ૨,૭૨,૬૩૪-૦૦ જેની સામે બેંકની લોન રૂા. ૧૩,૫૨,૮૮૪-૦૦ બાકી પડે છે. બેંકની લોન સામે મંડળીના સભાસદો પાસે લેણું ઘણુંજ ઓછું છે. જે ધ્યાનમાં લેતાં કરજ ધિરાણની વસુલાતમાંથી બેંક દેવું ભરપાઇ થઇ શકે તેમ નથી અને મંડળીના વ્યવસ્થાપક કમીટીના સભ્યો મંડળીના વસૂલાત પ્રત્યે ધ્યાન આપતા નથી પરિણામે વસૂલાતની કામગીરી સ્થગીત છે અને જે કાંઈ વસૂલાત આવે અને તેનાથી થતી આવક મંડળીના વહીવટી ખર્ચમાં વપરાય જાય છે પરિણામે દિન પ્રતિદિન ખોટનું પ્રમાણ વધતુ જાય છે અને બેંકના લેણા જોખમમાં થતા જાય છે ઉકત બાબતે મંડળીના તમામ વ્યવસ્થાપક કમીટીના સભ્યો ને તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૧ ના રોજ નોટીસ આપી તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૯૧ ના રોજ અત્રેના કાર્યાલયે ઉપસ્થિત રહી રજુઆત કરવા જણાવેલ તેના અનુસંસ્થાને મંડળીના ચેરમેનથી તખતસિહ ઉદેસિહ ઠાકોર તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૯૧ ના રોજ રૂબરૂ હાજર થઇને જણાવેલ છે કે મંડળીની તારીખ ૧૪મી નવેમ્બર ૧૯૯૧ ની વ્યવસ્થાક કમીટી એ ઠરાવ નં ૨થી મંડળીમાં વહીવટદાર નહી નીમવા ભલામણ કરેલ છે અને અન્ય વ્યવસ્થાપક કમીટી સભ્યોને નોટીસના સંદર્ભમાં જે ઠરાવ કરેલ છે તે સિવાય બધુ કઇકહેવાનું નહી હોવાથી હાજર રહયા નથી તેવું લેખિત જવાબમાં જણાવેલ છે આ તમામ બાબતો જોતા વ્યવસ્થાપક કમીટી જે સત્તા બેદરકાર રહી છે તે વસુલાત કરી મંડળીના સ્થિતિ સુધારી શકે તેમ જણાતું નથી મંડળીના પોતાના ફંડોનું ધોવાણ થઇ ગયું છે બેકનું લેણું જોખમાયું છે કમિટી ગુજરાત સહકારી સહકારી મંડળીઓના અધિનિયમ નિયમો તથા ઉપાનિયમોથી તેના ઉપર મુકેલી ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે અને થી મંડળીના હિતને નુકશાન પહોચ્યુ છે. આ સંજોગોમાં મંડળીની વ્યવસ્થાપક સમિતિને દૂર કરી વહીવટદારની નિમણુંક કરવી જરૂરી જણાતા નીચે મુજબનાં હુકમ કરવામાં આવે છે

હુકમ

હુ નીચે સહી કરનાર શ્રી એસ. સી. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ગોધરા ગુજરાત સહકારી મંડળીઓના અધિ-નિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ

INDEX

ધી ટીંબા સેવા સહકારી મંડળી લી. ટીંબા તાલુકા ગોધરા જિલ્લા પંચમહાલની વ્યવસ્થાપક સમિતિને દૂર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાની નિમણુંક નીચેની શરતોને આધિન કરૂ છું:—

(૧) મંડળીના વહીવટદારની મુદત હુકમની તારીખથી બે વર્ષ સુધીની રહેશે.

(૨) વહીવટદારે સદરહુ મંડળીનો તમામ ચાર્જ તુરતજ મંડળીની વ્યવસ્થાક સમિતિ પાસેથી મેળવી તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

(૩) આ કચેરી તરફથી વખતો વખત આપવામાં આવતી સૂચનાઓને આધિન મંડળીનો વહીવટ કરવાનો રહેશે.

(૪) વહીવટ સંભાળ્યા તારીખથી વહીવટદાર તરીકે કરેલ કામ કામગીરીની માસિક પ્રગતિ અહેવાલ દર મહિને નીયમીત રીતે આ કચેરીને મોકલવાનો રહેશે.

(૫) વહીવટદારે મહેનતાણાં પેટે કોઇ ખર્ચ મંડળીમાં પાડવાનો રહેશે નહી.

ગોધરા, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૨.

વાંચ્યો :

(૧) આ કચેરીનો હુકમ નં. સકક / ૦૧/ખ/૧૨૧/૯૧, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૧.

(૨) શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી (પંચાયત) ગોધરાના હુકમ નંબર જી. પં./સહકાર/ક/વશી/૨૬૮૪-૯૦, તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૧.

પ્રસ્તાવના

જાવક નંબર સકક/૦૫/ચ/૧૪૪.—ધી સંજેલી મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. તાલુકા ઝાલોદ જીલ્લા પંચમહાલનો વહીવટ ચલાવવા માટે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪ (ડી) હેઠળ કસ્ટોડીયન તરીકે ધી પંચમહાલ જીલ્લા સહકારી બેંક લી. સંજેલી શાખાના ઇન્સ્પેકટરશ્રી કે. કે. શાહની નિમણુંક અત્રેના આમુખ-૧ માં જણાવેલ હુકમથી કરવામાં આવેલ છે. શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી (પંચાયત) ગોધરાના આમુખ-૨ માં જણાવેલ હુકમથી સદરહુ મંડળીનું વિભાજન કરતો હુકમ કરી જુની મંડળીની નોંધણી હુકમની તારીખે એટલે કે તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૧ થી રદ કરવામાં આવેલ છે આ સંજોગોમાં જુની મંડળીનું અસ્તીત્વ ચાલુ રહયું ન હોઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એસ. સી. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી લી. ગોધરા ધી સંજેલી મોટા કદની ખેતી વિષયક વિ.વિ.કા. સહકારી મંડળી લી, સંજેલી તાલુકા ઝાલોદ જીલ્લા પંચમહાલના કસ્ટોડીયન તરીકે આમુખ-૧માં જણાવેલ હુકમથી જે નિમણુંક કરેલી હતી નિમણુંક મંડળીનું વિભાજન થયાના હુકમની તારીખથી રદ કરૂ છું.

ગોધરા, તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૨,

એસ. સી. રાઠોડ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગોધરા.

વાંચ્યુ.

(૧) અત્રેના કાયદાઓની તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૮૧ના હુકમ ક્રમાંક ફડચ-સે-૯૮૭૫-૭૩૦.

(૨) ફડચા અધિકારીશ્રીનો તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૨નો અહેવાલ.

જાવક નંબર ઉખસ/ફડચ/સે/૯૮૭૫/૪૦/૧૦૦.—માણ કચ્છ સેવા સહકારી મંડળી લી. માણ કચ્છ તાલુકા ચીખલી જીલ્લો વલસાડ કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે-૯૮૭૫, તારીખ ૧૮મી ડીસેમ્બર, ૧૯૫૪ થી થયેલ છે જેને અત્રેના આમુખ ૧ના તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૮૧ના હુકમથી આટોપી લેવા ફડચામાં લઇ જવા હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી (ફડચા-૧) ની નિમણુંક કરેલ ફડચાની કાર્યવાહી નિર્ધારીત સમયમાં પૂરી કરવા ફડચા અધિકારીનું અત્રેથી વારંવાર ધ્યાન દોરવામાં આવેલ છે ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ ૧૧૪ (૧) હેઠળ ફડચા ના કાર્યવાહી નિર્ધારીત સમયમાં પૂર્ણ કરેલ નથી તેમજ એજ કાયદાની કલમ ૧૧૪ (૧) ની જોગવાઇમાંથી કલમ-૧૬૧ અન્વયે ફડચાની કાર્યવાહી અંગે મુદત વધારી મુકિત મેળવેલ નથી આમુખ ૨નાં ફડચા અધિકારીના અહેવાલના વિગતે ફડચાની તમામ કાર્યવાહી પૂર્ણ થવામાં છે. ફકત કલમ-૧૧૦ હેઠળની વસુલાત બાબતોની કાર્યવાહી હાઇકોર્ટ તરફથી ચાલુ છે.

હુકમ

માણ કચ્છ સેવા સહકારી મંડળી લી. માણ કચ્છ તાલુકા ચીખલી જીલ્લો વલસાડ કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે-૯૮૬૫, તારીખ ૧૮મી ડીસેમ્બર ૧૯૫૪ થી થયેલ છે જે ને અત્રેના આમુખ-૧ના તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૮૧ના હુકમથી આટોપી લેવામાં ફડચામાં લઇ જવામાં આવેલ છે. જેની સાત વર્ષની અવધી પૂરી થયેલ છે. તેવા સંજોગોમાં મંડળીની ફડચાની કાર્યવાહી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના કાયદાની કલમ-૧૧૪ (૧) હેઠળ સમાપ્ત થયેલ જાહેર કરૂ છું અને એજ કાયદાની કલમ-૧૧૫ હેઠળની કાર્યવાહી કરવા આદેશ આપુ છું.

વલસાડ, તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૨.

વંચાણે લીધું :

(૧) અત્રેની કચેરીની તારીખ ૩૧મી જુલાઇ, (૧૯૯૧ની કારણદર્શક નોટીસ ક્રમાંક સવન/૭૧-ખ-૬૮૫.

જાવક નંબર સવન-૭૧-ખ-૯૦-૯૨.—શ્રી વલસાડ જીલ્લા જંગલ મંડળીઓનો સહકારી સંઘ લી. ધરમપુર તાલુકા ધરમપુર જીલ્લો વલસાડની વ્યવસ્થાપક કમીટીએ સહકારી કાયદા કાનૂન અને સંઘના પેટા નિયમ થી તેમના ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં વારંવારની કસૂરતા કરી છે. તેમજ નિષ્ક્રિયતા અને બેદરકારી દાખવવામાં આવી છે. વ્યવસ્થાપક સમિતિએ સંસ્થાના સંચાલન કરવામાં પુન: કાર્યવંત બનાવવા સક્રીય રસ દાખવતી નથી. પરિણામે સંસ્થાનું અસ્તિત્વ જોખમાયેલ છે. તથા આર્થિક સધ્ધરતા નબળી પડી હોવા અંગે નીચેની વિગતોથી ફલીત થાય છે:—

(૧) સને ૧૯૮૪-૮૫ થી ઓડીટ નોંધની યોગ્ય દુરસ્તી થયેલ નથી.

(૨) વ્યવસ્થાપક સમિતિની બેઠક પેટા-નિયમ અનુસાર નિયમિત મળતી નથી.

(૩) બેંક તેમજ અન્ય દેવા ભરપાઇ કરવા અંગે કોઇ આયોજન કરેલ નથી. પરિણામે સંઘ બીન અર્થક્ષમ બનેલ છે.

(૪) ઉદ્દેશો અનુસારની કામગીરી કરતી બંધ થયેલ છે.

(૫) હિસાબી કામગીરી સ્થગિત થયેલ છે.

(૬) વ્યાજના ભારણના કારણે સંસ્થાની મુડી ચવાઇ ગયેલ છે.

(૭) બાકી લેણાંની વસૂલાત અંગે કોઇ કાયદાકીય કાર્યવાહી કરેલ નથી .

(૮) વ્યવસ્થાપક કમીટીના સભ્યોને સંસ્થા ફરી શરૂ કરવામાં રસ નથી.

(૯) સંસ્થાના વહીવટી કામકાજ અને હિસાબી કામકાજ ઉપર દેખરેખ રાખવામાં સંપુર્ણ નિષ્કાળજી રાખેલ છે. અને તેથી સંઘને નુકશાન થયેલ છે.

(૧૦) વર્ષાન્તે સાધનાસરંજામ તેમજ હાથ પરની સિલકની ચકાસણી કરવામાં આવેલ નથી.

(૧૧) સંસ્થા તરફથી રાખવામાં આવેલ બાંધકામની કામગીરી પોતે ન કરતાં પેટા કોન્ટ્રાકટથી આપી સભાસદો સહીત મંડળીના આર્થિક હીતને નુકશાન પહોંચાડેલ છે.

ઉપર મુજબની હકીકતોથી સ્પષ્ટ જણાવેલ છે કે, ગુજરાત સહકારી મંડળીઓના કાયદા, કાનૂન તથા સંઘના પેટા નિયમથી સંસ્થાના વ્યવસ્થાપક કમીટીના સભ્યો ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. પરિણામે સંસ્થાના સભાસદો તેમજ સરકારશ્રીનું હીત જોખમાયેલ છે. અને આવી પરિસ્થિતિનું નિર્માણ થતાં સંસ્થાનો વહીવટ કથળી જવા પામેલ છે. જે અંગે અત્રેની કચેરીઓથી વંચાણ હેઠળની તારીખ ૩૧મી જુલાઇ, ૧૯૯૧ ની કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. અને જેની સુનાવણી તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૧ ના રોજ રાખેલ, જે વેળા નવ પૈકીના ૬ કમીટી સભ્યો હાજર રહેલ અને ઉકત નોટીસ અન્વયે રજુઆત કરી તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૯૧ સુધીમાં સંઘની વાર્ષિક સાધારણ સભા મેળવી તે દ્વારા વિગતે રજુઆત મેળવી અહેવાલ રજુ કરી શકાય તે માટે ત્યાં સુધી કલમ-૮૧ હેઠળ આગળની કાર્યવાહી મુલતવી રાખવા માટે અત્રેના તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૨ ના પત્ર ક્રમાંક સવન/૭૧/ખ/૧૧થી પુન: સુનાવણી અંગે તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૨ નકકી કરેલ, આ પત્રથી કાકડભાઇ જાનકાભાઇ પવાર મૃત્યુ પામેલ હોવાના શેરા સાથે પરત આવેલ છે. તેમજ તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૨ ના રોજ રાખેલ સુનાવણી વેળા અત્રેની વંચાણ હેઠળની તારીખ ૩૧મી જુલાઇ, ૧૯૯૧ ની કારણદર્શક નોટીસ જે વ્યવસ્થાપક કમીટીના સભ્યોને બજાવેલ તેવા તે પૈકી નીચે મુજબના નવા વ્યવસ્થાપક કમીટીના સભ્યો નિમણુંક પામતાં હાજર રહેલ છે:—

(૧) શ્રી ચિન્તુભાઇ બજનભાઇ ગાવિત.
(૨) શ્રી તુકારામભાઇ ધવડુભાઇ વાઘેરા.
(૩) શ્રી બુધીયાભાઇ ઝોલુભાઇ પઢેર.

જ્યારે તેવા નવા વરાયેલા વ્યવસ્થાપક કમીટીના સભ્યો પૈકી નીચે મુજબ નાઓ રજુઆત માટે હાજર રહેલ નથી:—

(૧) શ્રી માધુભાઇ કાશીરામ ભુસારા
(૨) શ્રી ભાણાભાઇ વેસ્તાભાઇ પટેલ

તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૨ ના રોજ રૂબરૂ માં જે લેખિતમાં રજુઆત કરેલ છે. તે રજુઆતમાં અત્રેની તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૧ ની વંચાણ હેઠળની કારણદર્શક નોટીશ આપેલ તેવા નવ વ્યવસ્થાપક કમીટીના સભ્યોએ સહી કરેલ છે. અને તેવી રજુઆતમાં સંઘએ ઉદ્દેશો અનુસારની કામગીરી ન કરી બીન અર્થક્ષમતા બન્યાનું અનુમોદન આપેલ છે. તેમજ તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૯૧ ના રોજની સુનાવણી વેળા તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૯૧ સુધીમાં સંઘની વાર્ષિક સાધારણ સભા મેળવી ઉકત નોટીશ અન્વયે જરૂરી ખુલાસો પ્રાપ્ત કરી તેમજ સંઘને પુન: કાર્યવંત બનાવવાનો કાર્યક્રમ રજુ કરીને અહેવાલ સાદર કરવા જણાવેલ પરંતુ તેવો કોઈ અહેવાલ ઠરાવના રૂપે રજુ થયેલ નથી કે તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૨ના લેખિત નિવેદનમાં કોઈ નક્કર વાસ્તવિક યોગ્ય રજુઆત થયેલ નથી.

સુનાવણી સમયગાળા દરમ્યાન સંઘનું તારીખ ૧લી ઓકટોબર, ૧૯૮૯ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ સુધીનું ઓડીટ હાથ ધરાયેલ. જે ઓડીટ નોંધમાં પણ અત્રેની તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૧ ની વંચાણવાળી કારણદર્શક નોટીશના મુદ્દાઓને સંઘની વ્યવસ્થાપક કમીટીની નિષ્ક્રીયતા, નિષ્ફળતાને સમર્થન મળેલ છે. તેટલું જ નહિ, પરંતુ સંઘની કારોબારીએ તેની ફરજો પેટા-નિયમ અનુસાર નિયત ધોરણે બજાવેલ ન હોય તેમજ દેવા લેણાં અંગે સક્રિય અને કાયદેસરની કાર્યવાહી કરેલ ન હોય, અને સંઘની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ દાખવેલ ન હોય ઓડીટ વર્ગ "ક" માંથી ઉતારી ઓડીટ વર્ગ "ડ" આપેલ છે. તેમજ સંઘની આર્થિક સ્થિતિ જોતાં તેમજ જવાબદારીઓ જોતાં અત્રેની ઉકત તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૧ ની વંચાણવાળી કારણદર્શક નોટીશનો ઉલ્લેખ કરી સંઘનો વહીવટ તેની ચૂંટાયેલ કમીટી દ્વારા ચલાવવા દેવો સંઘના હિતમાં ન હોવાનું મંતવ્ય આપતાં અત્રેની તેવી નોટીશને વધુ સમર્થન મળેલ છે. અને જે રજુઆતો થયેલ છે. તે વ્યાજબી સાચી તેમજ સંઘનાં હિતમાં ન હોવાની હકીકત જણાવે છે.

ઉપરોકત બાબતો ધ્યાનમાં લેતાં નીચે મુજબનો આદેશ સંઘના વ્યવસ્થાપક કમીટીના સભ્યોને આપી ફરમાવવામાં આવે છે.

આદેશ

હું શ્રી કે. જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, સને ૧૯૬૧ ની કલમ-૮૧ (૧) હેઠળ મને છમળેલ સત્તાની રૂએ શ્રી વલસાડ જિલ્લા જગલ મંડળીઓના સહકારી સંઘ લી. ધરમપુર તાલુકો: ધરમપુર જિલ્લો વલસાડ (કે જેનો નોંધણી ક્રમાંક ઉ-૪૮૫, તારીખ ૧૧મી માર્ચ ૧૯૬૫) ના નીચે જણાવેલ સભ્યોને વ્યવસ્થાપક કમીટી પદેથી અને તે અન્વયેના તમામ હોદા પરથી દર કરી સદર અધિનિયમની કલમ-૮૧ (૧) હેઠળ વલસાડ જિલ્લા સહકારી બેંક લી. વલસાડની સંઘના વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમણૂંક કરૂં છું.

શરતો :—

(૧) સદર નિમણુંક પ્રથમ તબકકે સંઘનો ચાર્જ અખત્યાર કરી તે તારીખથી એક વર્ષ સુધીની મુદત માટે અમલમાં રહેશે.

INDEX

(૨) નિમણૂંકના સમય દરમ્યાન વહીવટદાર વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો સંઘના પેટા—નિયમો અને સહકારી મંડળીઓના કાયદા કાનુન અન્વયે ભોગવશે. સંઘના નામે તથા સંઘના હિતમાં તમામ કામગીરી વખતોવખત ખાતાની દોરવણી મુજબ કરશે.

(૩) વહીવટદારે પ્રતિમાસે નિયત પ્રગતિ અહેવાલ સંપૂર્ણ વિગતે નિયમિત રીતે અત્રે મોકલવાનો રહેશે.

(૪) વહીવટદારે ઓડીટ નોંધમાં સુચવેલ મુજબના પગલાંઓ તથા આગળ ઉપર ટાંકેલ કારણદર્શક નોટીસના મુદ્દાઓ મુજબની દુરસ્તીના સક્રિય પગલાંઓ લેવાના રહેશે. તેમજ તે અંગેની થયેલ કાર્યવાહીનો અહેવાલ દર માસે અત્રે મોકલવાનો રહેશે.

(૫) વહીવટદારે તેમની પદાવિધિ પુરી થયેથી અથવા સમાપ્ત થયેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ (૪) હેઠળ મંડળીની ઉપવિધિ અન્વયે નવી સમિતિની રચના કરવા માટે ગોઠવણ કરવાની રહેશે.

(૬) વહીવટદાર તરીકેની નિમણૂંકનો હવાલો સંભાળ્યા બાબતનો વિગતવાર ચાર્જ રીપોર્ટ ચાર્જ યાદીસહ અત્રેની કચેરીએ કરવાનો રહેશે. સદર નિમણૂંક અંગે વધુ શરતો સામેલ કરવાનું જરૂરી લાગે અથવા સુધારો કરવાનું જરૂરી બને તેમ કરવામાં આવશે.

સદર સંઘની ચાલુ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોના હોદ્દા અને કમીટી

સભ્યપદ આથી ખાલી જાહેર કરું છું.

(૧) શ્રી માધુભાઈ બાપુભાઈ રાઉત
મુ. પો. વારોલી, તલાટ તા. ધરમપુર.

(૨) શ્રી ચિન્તુભાઈ બજનભાંઈ ગાવિત
મુ. પો. સૌઢા, તા. વાંસદા.

(૩) શ્રી તુકારામભાઈ ધવલભાઈ વાઘેરા
મુ. પો. કપરાડા, તા. ધરમપુર.

(૪) શ્રી કલ્યાણભાઈ કીકાભાઈ ગરાસીયા
મુ. પો. શેરીમાળ, તા. ધરમપુર.

(૫) શ્રી છગનભાઈ રમતાભાઈ પટેલ
મુ. પો. ભીનાર, તા. વાંસદા.

(૬) શ્રી બુધીયાભાઈ ઝોલભાઈ પઢેર
મુ. પો. ખડકવાળ, વાયા નાની વહીયાળ, તા. ધરમપુર.

(૭) શ્રી વલ્લભભાઈ ભગાભાઈ પટેલ
મુ. પો. ધરમપુર, તા. ધરમપુર.

(૮) શ્રી માધુભાઈ કાશીરામ ભૂસારા
મુ. વિરક્ષેત્ર, પો. બારપુડા, તા. ધરમપુર.

(૯) શ્રી ભાણાભાઈ વેસ્તાભાઈ પટેલ
મુ. પો. સુખાલા, તા. ધરમપુર, વાયા વાપી.

(૧૦) શ્રી ગંજુભાઈ ભાપલુભાઈ જાદવ
મુ. પો. કણધા, તા. વાસદા.

(૧૧) શ્રી નાનાભાઈ કાકડભાઈ ખાંટરા
મુ. પો. વારોલી, તલાટ, તા. ધરમપુર.

વલસાડ, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૨.

વાંચ્યુ :-

(૧) મંડળીની તા. ૨૬મી ડીસેમ્બર, ૧૯૯૧નાં તથા તા. ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૨નાં પત્રવાળી દરખાસ્ત.

ક્રમાંક ફડચ/ઘ-૯૯૮૬/ક-૭/૨૩૪/૯૨.—ગુરૂકૃપા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. કોલક, તા. પારડી, જિ. વલસાડની નોંધણી સહકારી કાયદા હેઠળ ગૃહ મંડળી તરીકે નોંધણી ક્રમાંક ઘ-૯૯૮૬, તા. ૩જી ફેબ્રુઆરી, ૧૯૮૪થી થયેલ છે. મંડળીની રચનાંનો મુખ્ય હેતુ સભાસદોને જમીન મેળવી આપી રહેઠાણો પૂરો પાડવાનો હતો. પરંતુ મંડળીની તા. ૧૬મી ડીસેમ્બર ૧૯૯૧નાં રોજ મળેલ સામાન્ય સભાનાં ઠરાવ નં-૧થી મંડળીની રચના થયા પછી લાંબા સમય સુધી તેનાં હેતુઓ બર ન થતાં મંડળીનું વિસર્જન કરવાનું ઠરાવેલ છે. તેમજ મંડળીની તા. ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૨નાં રોજ મળેલ કારોબારી સમિતિની મીટીંગમાંનાં ઠરાવ નં. ૧થી ઉક્ત સામાન્ય સભાના ઠરાવને ધ્યાને લઈ તેમજ મંડળીએ ખરીદેલ જમીન સભાસદોનાં રહેઠાણો માટે પૂરતી ન હોઇ તથા સભાસદોએ નોંધણી બાદ બાંધકામ ફાળો, મકાન ફાળો વગેરે પણ આપેલ ન હોઇ તથા સભાસદો પોતે કે મંડળી મકાનો બાંધી રહેઠાણ માટે આપી શકવા અસમર્થ હોઇ નોંધણીનો હેતુ પૂરો કરી શકે તેમ ના હોઇ મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા ઠરાવેલ છે.

આદેશ

શ્રી ગુરૂકૃપા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. ના કોલક તા. પારડી, જિ. વલસાડ, ની નોંધણી સહકારી મંડળીઓનાં કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ઘ-૯૯૮૬ તા. ૩જી ફેબ્રુઆરી ૧૯૮૪થી થયેલ છે. મંડળીની તારીખ ૧૬મી ડીસેમ્બર, ૧૯૯૧નાં રોજ મળેલ સામાન્ય સભાના ઠરાવ નં.-૧ થી મંડળીનો નોંધણીનો હેતુ બર આવેલ ન હોઇ મંડળીનું વિસર્જન કરવાનું ઠરાવેલ છે.

આથી સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. જે. જોષી જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ વલસાડ સદર મંડળીને નીચેનાં કારણોસર ઉક્ત કાયદાની કલમ-૧૦, (૧)ના ખંડ (ખ) (ગ) (૨)(૪) હેઠળ ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ આપુ છુ. અને આજ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી (ફડચા-૧)ની નિમણુંક કરું છ

(૧) મંડળી નોંધણીનો હેતુ ઉદ્દશ બર લાવવામાં નિષ્ફળ ગયેલ છે.

(૨) સંચાલકો સભાસદો મંડળીને પુન : કાર્યવંત બનાવવા અસમર્થ છે.

(૩) સહકારી કાયદા કાનૂન તથા મંડળીનાં પેટા-નિયમોનું પાલન થતું નથી.

વલસાડ, તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨,

INDEX

વંચાણે લીધું:-

(૧) અત્રેની કચેરીની તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૨ ની કારણદર્શક નોટીશ ક્રમાંક સવન/૭૨/ખ-૩૯.

(૨) નાયબ રજિસ્ટ્રારશ્રી સ. મં. ગુ. રાજ્ય, ગાંધીનગરના પત્ર નં. ગસભ-૦૧-છ-૩૨૧, તા. ૪થી એપ્રિલ ૧૯૯૧.

જા. નં. ઉબસ/સવન-૭૨-ખ-૧૧૮-૧૯૯૨.—ભીનાર વિભાગ પોલ્ટ્રી ફાર્મર્સ સહકારી મંડળી લી. ભીનાર, તા. વાંસદા, જિ. વલસાડની વ્યવસ્થાપક કમીટીએ સહકારી કાયદા કાનૂન અને મંડળીના પેટા-નિયમથી તેમના ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં વારંવારની કસૂરતા કરી છે. અને નિષ્ક્રીયતા તથા બેદરકારી દાખવેલ છે. વ્યવસ્થાપક કમીટી મંડળીનું સંચાલન કરવામાં પુન: કાર્યવંત બનાવવા તેમજ પ્રગતિ સાધવામાં સક્રીય રસ દાખવતી નથી. પરિણામે મંડળીનું અસ્તિત્વ જોખમાયેલ છે. તેમજ વહીવટી આર્થિક અને બંધારણીય સધ્ધરતા જોખમમાં મૂકાયેલ હોવા અંગે નીચેની વિગતોથી ફલિત થાય છે.

(૧) છેલ્લા બે વર્ષના ઓડીટ મેમાની વાસ્તવિક દોષ દુરસ્તી થયેલ નથી.

(૨) મિલકતો ઉપર ઘસારાની જોગવાઈ કરવામાં આવેલ નથી.

(૩) સંસ્થાની મિલકતો, માલસ્ટોક, દફતરો કોના હવાલામાં રહેશે તે અંગે જવાબદારી સુપ્રત કરવામાં આવેલ નથી. કે તે અંગે સમયાંતરે ચકાસણી કરવામાં આવેલ નથી.

(૪) ઉચાપતની રકમ વસૂલ લેવા કાયદાકીય કાર્યવાહી સંસ્થાએ કરેલ નથી.

(૫) બાંધકામોના રોકાણોની પરવાનગી મેળવવામાં આવેલ નથી.

(૬) વ્યવસ્થાપક કમીટી ના દર વરસે નિમણુંક કરવામાં આવતી નથી.

(૭) ગેરલાયકાત વાળા વ્યવસ્થાપક કમીટી સભ્યને કમીટી માંથી દૂર કરવામાં આવેલ નથી.

(૮) પેટા-કાયદાની જોગવાઈ વિરુધ્ધ વ્યવસ્થાપક કમીટીની સભ્ય સંખ્યા રાખેલ છે.

(૯) મુદત વીતી સહિતના બાકી લેણાંની વસૂલાત અંગે કાયદાકીય કાર્યવાહી કરેલ નથી.

(૧૦) આંતરીક હિસાબો તપાસવાની વ્યવસ્થા કરેલ નથી.

(૧૧) વીમો ઉતરાવેલ નથી.

(૧૨) વ્યવસ્થાપક કમીટીની બેઠક પેટાનિયમ અનુંસાર નિયમિત મળતી નથી.

ઉપર મુજબની હકીકતોથી સ્પષ્ટ જણાયેલ છે. કે ગુજરાત સહકારી મંડળીઓના કાયદા કાનૂન તથા મંડળીના પેટાનિયમથી મંડળીની વ્યવસ્થાપક કમીટી ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. પરિણામે મંડળીના સભાસદો તેમજ સરકારશ્રીનું હિત જોખમાયેલ છે. અને આવી પરિસ્થિતિનું નિર્માણ થતાં મંડળીનો વહીવટ કથળી જવા પામેલ છે. જે અંગે અત્રેની કરીએથી વંચાણ (૧) હેઠળ ની તા. ૧૩મી જાન્યુઆરી ૧૯૯૨ની કારણદર્શક નોટીશ આપવામાં આવેલ અને તા. ૨૭મી જાન્યુઆરી ૧૯૯૨ના રોજ સુનાવણી રાખતા તેવી સુનાવણી વેળા કોઈ કમીટી સભ્યો હાજર રહેલ નથી. પરતુ તા. ૨૭મી જાન્યુઆરી ૧૯૯૨નો પત્ર કે જે અત્રે ૩૦મી જાન્યુઆરી ૧૯૯૨ના રોજ મળેલ છે. તે દ્વારા મુદત માંગતા કુદરતી ન્યાયના સિધ્ધાંતોને ધ્યાનમાં રાખી અત્રેના તા. ૩૦મી જાન્યુઆરી ૧૯૯૨ ના પત્ર ક્રમાંક સવન/૭૨/ખ -૫૯ થી વધુ એક તક આપી પુન: સુનાવણી તા. ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૨ના રોજ રાખતાં ફક્ત નીચે મુજબના ત્રણ વ્યવસ્થાપક કમીટીના સભ્યો હાજર રહેલ છે. અને તે વેળા અનુક્રમ નં.-૧ના મંડળીના પ્રમુખશ્રીએ લેખિત-નિવેદન આપેલ છે. જે નિવેદન તા. ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૨ની વ્યવસ્થાપક કમીટી મીટીંગમાં પ્રમુખ સ્થાનેથી લઈ કરવામાં આવેલ હોવાનું જણાયેલ છે. અને જે ખુલાસો આપેલ છે તે ગ્રાહ્ય રાખવા વિનંતી કરેલ છે. પરતુ રજુ કરેલ ખુલાસો વાસ્તવિક તથા વ્યાજબી નથી તથા સંસ્થાને પુન: કાર્યવંત બનાવવા તથા આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવા અંગેનું કોઈ સમય બધ્ધ આયોજન રજુ કરેલ નથી.

(૧) શ્રી ડો. વલ્લભભાઈ. એ. પટેલ, ભીનાર
(૨) શ્રી જશવંતભાઈ એ. પટેલ એડવોકેટ, ઉનાઈ
(૩) શ્રી કલ્યાણજીભાઈ બી. પટેલ, ભીનાર

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો આદેશ મંડળીના વ્યવસ્થાપક કમીટીના સભ્યોને આથી ફરમાવવામાં આવે છે.

આદેશ

હું, શ્રી કે. જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વલસાડ આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ભીનાર વિભાગ પોલ્ટ્રીફાર્મર્સ સહકારી મંડળી લી. ભીનાર તા. વાંસદા જિ. વલસાડના નીચે જણાવેલ સભ્યોને વ્યવસ્થાપક કમીટી પદેથી અને તે અન્વયેના તમામ હોદ્દા પરથી દૂર કરી સદર અધિનિયમની કલમ ૮૧(૧) અન્વયે ગુજરાત રાજ્ય પોલ્ટ્રી ફાર્મર્સ સહકારી ફેડરેશન લી. અમદાવાદની વહીવટદાર તરીકે નિમણુંક નીચેની શરતોને આધીન કરવામાં આવે છે.

શરતો:-

(૧) સદર નિમણુંક પ્રથમ તબકકે મંડળીના ચાર્જ અખત્યાર કરે તે તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે.

(૨) નિમણુંકના સમય દરમ્યાન વહીવટદાર વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકાર મંડળીના પેટા-નિયમો અને સહકારી મંડળીઓના અધિનિયમો તથા નિયમો અન્વયે ભોગવશે. મંડળીના નામે મંડળીના હીતમાં તમામ કામગીરી વખતોવખત ખાતાની દોરવણી મુજબ કરશે.

(૩) વહીવટદારે પ્રતિ માસે નિયત માસિક પ્રગતિ અહેવાલ સંપુર્ણ વિગતે નિયમિત મોકલવાના રહેશે.

(૪) વહીવટદારે ઓડીટ નોંધમાં સૂચવેલ મુજબના પગલાં તથા આગળ ઉપર ટાંકેલ કારણદર્શક નોટીશના મુદ્દાઓ મુજબની વાસ્તવિક દુરસ્તીના સક્રીય પગલાંઓ લેવાના રહેશે. તેમજ તે અંગેની કાર્યવાહીનો અહેવાલ દર માસે અત્રે નિયમિત મોકલવાનો રહેશે.

INDEX

(૫) વહીવટદારે તેમની પદાવધિ પૂરી થયેથી અથવા સમાપ્ત થયેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧(૪) અન્વયે મંડળીના પેટા કાયદા મુજબ નવી વ્યવસ્થાપક કમીટીની રચના કરવા માટે ગોઠવણ કરવાની રહેશે.

(૬) વહીવટદાર તરીકેની નિમણૂંકનો હવાલો સંભાળ્યા બાબતનો વિગતવાર ચાર્જ રીપોર્ટ ચાર્જ યાદીની નકલસહ અત્રેની કચેરીએ કરવાનો રહેશે.

(૭) સદર નિમણૂંક અંગે વધુ શરતો આમેજ કરવાનું જરૂરી લાગે અથવા સુધારો વધારો કરવાનું જરૂરી બને તેમ કરવામાં આવશે.

સદર મંડળીના ચાલુ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોના હોદ્દા અને કમીટી સભ્યપદ આથી ખાલી થરેલ જાહેર કરુ છુ.

(૧) શ્રી ડો. વલ્લભભાઈ એ. પટેલ	મુ. ભીનાર
(૨) શ્રી જશવંતભાઈ એ. પટેલ એડવોકેટ,	મુ. ઉનાઈ
(૩) શ્રી કલ્યાણભાઈ બી. પટેલ	મુ. ભીનાર
(૪) શ્રી રામભાઈ ભગાભાઈ પટેલ	મુ. ભીનાર
(૫) શ્રી મંછાભાઈ મંગળીયાભાઈ	મુ. સીશધઈ
(૬) શ્રી છનીયાભાઈ ધુરીયાભાઈ	મુ. પાલગભાણ
(૭) શ્રી કુંથીઆભાઈ છગદાભાઈ	મુ. મોટી ભમતી
(૮) શ્રી ઠાકોરભાઈ કશનાભાઈ ગામિત	મુ. ઉનાઈ
(૯) શ્રી રમણભાઈ વી. પટેલ એડવોકેટ	મુ. ઉનાઈ

વલસાડ, તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૨.

નં. : ફડચ/સેદુ/૧૪૧૯૨/ક-૭/૪૧૮/૯૨.—શ્રી ઢોલુમ્બર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. ઢોલુમ્બર તાલુકો : વાંસદા, જિલ્લો : વલસાડને અત્રેની કચેરીના તારીખ ૩૦મી જુન, ૧૯૮૯ ના હુકમ ક્રમાંક : ફડચ-સેદુ-૧૪૧૯૨-ઘ-૧૩૪ થી ફડચામાં લઈ જવા કાયમી હુકમ કરેલ. ત્યારબાદ મંડળીના ફડચા અધિકારીએ તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧ ના રોજ મંડળીની ખાસ સાધારણ સભા બોલાવી, મંડળીની પુન : જીવીત કરવાનું આયોજન કરી, મંડળીને પુન : જિવીત કરવા અત્રે દરખાસ્ત કરતાં, મંડળીની પુન : રચના કરવા અંગેના હુકમનો મુસદ્દો અત્રેથી તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૨ ની યાદી ક્રમાંક : સેદુ-૧૪૧૯૨-ક-૭-૨૨૧-ઘ, થી પ્રસિધ્ધ કરી તેવી કામગીરી અંગે સુચનો-વાંધાઓ રજૂ કરવા જણાવેલ. પરંતુ તેવા કોઈ સુચનો વાંધાઓ અત્રે રજુ થયેલ નથી. મંડળીએ દૂધ ઉત્પાદન કામગીરી શરૂ કરેલ છે. મંડળીના સભાસદો મંડળી ચલાવવામાં રસ લેતાં થયેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતાં મંડળીના સભાસદોની માંગણી મુજબ ફડચા અધિકારી દ્વારા બોલાવેલ ખાસ સાધારણ સભામાં ઠરાવ નં. ૪ થી સર્વાનુમતે થયેલ નિર્ણય અનુસાર તેઓના તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૧ ના જાવક નંબર : ફડચા/૧-૯૧-૯૨/૦૦૨૨૮૦ ની અરજીની વિગતે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

શ્રી ઢોલુમ્બર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ઢોલુમ્બર, તાલુકો : વાંસદા. જિલ્લો : વલસાડ કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક : સેદુ-૧૪૧૯૨ તારીખ ૧૨મી એપ્રિલ, ૧૯૭૭ થી થયેલ છે. જેને અત્રેની કચેરીના તારીખ ૩૦મી જુન, ૧૯૮૯ ના હુકમ ક્રમાંક : ફડચ-સેદુ-૧૪૧૯૨-ઘ-૧૩૪ થી ફડચામાં લઈ જવામાં આવેલ. જે મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ, સદર મંડળની નીચે જણાવેલ વિગતે પુન : રચના કરવા હુકમ કરું છું.

૧. મંડળીનું નામ : ઢોલુમ્બર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ઢોલુમ્બર, તા. : વાંસદા, જિ. : વલસાડ.
૨. મંડળીનો નોંધણી નંબર : સેદુ-૧૪૧૯૨ જ રહેશે.
૩. મંડળીનું કાર્યક્ષેત્ર, ઉદ્દેશો વિગેરે ફડચાની તારીખે જે હતા તે મુજબ રહેશે.
૪. સભાસદો, સભાસદ રજિસ્ટર મુજબના રહેશે.
૫. તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૧ના રોજનું સરવૈયુ અમલી રહેશે.

૬. મંડળીની શેરરૂપી મૂડીની કિંમતમાં કોઈ ઘટારો કરવામાં આવશે નહિ. શેરની કિંમત યથાવત રહેશે.

૭. સરવૈયા મુજબ લેણાંની વસૂલાત તથા દેવાની ચૂકવણી કરવાની રહેશે.

૮. મંડળીની પુન : રચના થતાં નીચે મુજબની નવી વ્યવસ્થા સમિતિ રહેશે, જેને ફડચા અધિકારીએ તેઓનો ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

(૧) શ્રી દેવલુભાઈ સોમલુભાઈ ગાવિત
(૨) શ્રી બાલુભાઈ રડકીયાભાઈ ગાવિત
(૩) શ્રી ડાહ્યાભાઈ માહરૂભાઈ કુરકરીયા
(૪) શ્રીમતિ સવિતાબેન સુમનભાઈ દેશમુખ
(૫) શ્રી ઈશ્વરભાઈ ગોવિંદભાઈ ગોહિલ
(૬) શ્રી જીપરભાઈ દાદુભાઈ ગાવિત
(૭) શ્રી ભોલાભાઈ દેવજીભાઈ રાવત
(૮) શ્રી ગોવિંદભાઈ માંદુભાઈ કુરકરીયાં
(૯) શ્રી ચીમનભાઈ મંગુભાઈ

૯.મંડળીને ફડચામાં લઈ ગયા તારીખે પોતાના અમલી પેટા-કાયદામાં નીચે મુજબના સુધારા-વધારા કરવામાં આવે છે. અને તે સિવાયના પેટા કાયદા યથાવત રહેશે.

૧. કલમ-૫ (૧) ઉમેરો :—
(જી) જે ભેંસ અગર ગાય રાખતા હશે અગર તો મંડળીમાં જોડાઈ સહકારી મંડળીમાંથી લોન મેળવીને ગાય અગર ભેંસ ખરીદવા ઈચ્છુક હશે અને સહકારી મંડળીને દૂધ ભરવા લેખિત બાંહેધરી આપતો હશે.

(એચ) જે દેવાળિયો અગર કાયદેસર નાલાયક ઠર્યો હશે નહિ.
(આઈ) જો તેના ઉપર નૈતિક અધ : પતનનો ફોજદારી ગુનો સાબિત થયો હશે નહિ.

૨. કલમ-૫ (૫) ઉમેરો :—

જે તે વર્ષના તુરતના અગાઉના વર્ષ દરમ્યાન મંડળીમાં ૧૮૦ દિવસથી ઓછા દિવસો માટે અથવા વર્ષ દરમ્યાન ૫૮૦ લીટરથી ઓછું દૂધ ભર્યું હશે તો તે બોનસ ડીવીડન્ટ જેવા આર્થિક લાભો મેળવવા સિવાય મંડળીના સભાસદ તરીકેના કોઈ હક્ક ભોગવી શકશે નહિ.

INDEX

૩. કલમ-૯ (૧) (બ) રદ કરીને નીચે પ્રમાણે ઉમેરો :—

જો તેણે સભાસદ થયા પછી પોતાને ત્યાં ઉત્પન્ન થતું દૂધ અથવા મંડળી મારફતે ગાય અગર ભેંસ ખરીદવા માટે લોન મેળવ્યા બાદ છ માસમાં ગાય અગર ભેંસની ખરીદી કરી હશે નહિ અગર તો ગાય અગર ભેંસ ખરીદ્યા બાદ જે તે સહકારી વર્ષ દરમ્યાન ૧૮૦ દિવસથી ઓછા દિવસો માટે અથવા ૭૦૦ લીટરથી ઓછું દૂધ મંડળીમાં ભર્યું હશે તે મંડળીની વ્યવસ્થાપક સમિતિમાં ચૂંટાવાને લાયક ગણાશે નહિ. અને જો ચૂંટાયો હશે તો તે ચાલુ રહેવા પાત્ર ગણાશે નહિ.

વલસાડ, તારીખ ૨૮મી માર્ચ, ૧૯૯૨.

વાંચ્યું :—

(૧) અત્રેના કાર્યાલયના તારીખ ૩જી જૂન, ૧૯૮૯ ના આદેશ ક્રમાંક : સવન/૬૫/ગ-૫૯૫.

(૨) વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. આલીપોરનો તારીખ ૯મી માર્ચ, ૧૯૯૨નો પત્રનંબર : અમપી/૯૧-૯૨/૦૦૨૯૬૦.

જા. નં. ઉબસ/સવન/૬૫/ખ/૧૯/૯/૯૨.—કોચવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. કોચવાડા, તાલુકો-જિલ્લો વલસાડના તમામ વ્યવસ્થાપક સમિતિના સભ્યોને એવોના વ્યવસ્થાપક સમિતિના હોદ્દા પરથી આમુખ-૧ ના તારીખ ૩જી જૂન, ૧૯૮૯ ના હુકમથી દૂર કરી વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના વહીવટદાર તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. સદરહુ હુકમ સામે મંડળીના કાર્યવાહકો નારાજ થઈ અપીલમાં ગયેલ પરંતુ તેવી અપીલ તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૦ ના હુકમથી નામંજુર થયેલ છે. તેમ છતાં મંડળીનો ચાર્જ નિયુક્ત વહીવટદારને સુપ્રત થયેલ નથી. મંડળી કાર્યવંત બનેલ નથી.

તારીખ ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૧ ના રોજ મળેલ જિલ્લાની એકસૂત્રતાની મીટીંગમાં થયેલ ઠરાવ તેમજ આમુખ-૨ ના પત્રની ભલામણ નોંધ્યાને લેતાં વહીવટદારની નિમણૂંક રદ કરી મંડળીને ફડચામાં લઈ જવાની રહે છે.

હુકમ

કોચવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. કોચવાડા, તા. જિ. : વલસાડની વ્યવસ્થાપક સમિતિને બરતરફ કરી અત્રેના તારીખ ૩જી જૂન, ૧૯૮૯ ના હુકમ ક્રમાંક : સવન/૬૫/ગ-૫૯૫ થી વહીવટદારની નિમણૂંક કરવામાં આવેલ પરંતુ આમુખ-૨ ની દરખાસ્તની ભલામણને ધ્યાને લઈ મંડળી ફડચામાં લઈ જવા પાત્ર હોય, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ (૩) હેઠળ વહીવટદાર ની વ્યવસ્થા સમાપ્ત કરવામાં આવે છે.

વલસાડ, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨.

ક્રમાંક નધણ/ઘ-૧૧૮૫૮/ક-૭/૫૪૨/૯૨.—શ્રી રજનીગંધા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. વાપી તાલુકા પારડી જીલ્લો વલસાડ ને અત્રેની કચેરીનાં તારીખ ૧૨મી જુન ૧૯૯૧ ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ઘ-૧૧૮૫૬-ઘ-૧૨૯૨ થી ફડચામાં લઈ જવા કાયમી હુકમ કરેલ ત્યારબાદ મંડળીના ફડચા અધિકારીએ તારીખ ૨જી ફેબ્રુઆરી ૧૯૯૨ ના રોજ મંડળીની ખાસ સાધારણ સભા બોલાવી મંડળીની પુન:રચના કરવાનું આયોજન કરી મંડળીને પુન: જીવીત કરવા અત્રે દરખાસ્ત કરતા મંડળીના પુન:રચના કરવા અંગેના હુકમનો મુસદ્દો અત્રેની તારીખ ૨૮મી માર્ચ ૧૯૯૨ની યાદી ક્રમાંક નધણ-ઘ-૧૧૮૫૮/ક-૭/૪૨૬ થી પ્રસિધ્ધ કરી તેવી કામગીરી અંગે સૂચનો વાંધાઓ રજુ કરવા જણાવેલ પરંતુ તેવા કોઇ સૂચનો વાંધાઓ અત્રે રજુ થયેલ નથી.

ઉપરોકત વિગતો ધ્યાને લેતા સભાસદોમાં સમગ્ર હિતો ધ્યાને લઇ મંડળીના સભાસદોની માંગણી મુજબ ફડચા અધિકારીએ બોલાવેલ ખાસ સાધારણ સભા તારીખ ૨જી ફેબ્રુઆરી ૧૯૯૨ના ઠરાવ નંબર ૨ થી સર્વાનુમતે થયેલ નિર્ણયાનુસાર તેઓના તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૯૨ ના પત્ર ક્રમાંક ફડચ-૦૨-૧૦૮-૯૨ની અરજીની વિગતો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ.

ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ઘ-૧૧૮૫૮ તારીખ ૨૬મી ડિસેમ્બર ૧૯૯૬ થી નોંધાયેલ અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તારીખ ૧૨મી જુન ૧૯૯૨ ના હુકમ નંબર ઉખસ-ફડચ-ઘ-૧૧૮૫૮ઘ-૧૨૯૨ થી ફડચામાં લઇ જવામાં આવેલ રજનીગંધા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમી. વાપી તાલુકા પારડી જીલ્લો વલસાડને ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૯ હેઠળ નીચે જણાવેલ જોગવાઈઓને આધિન પુન:રચના (પુન:જીવીત) કરવામાં આવે છે.

(૧) નવી ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટી પોતાની નિહિત સત્તાઓ અને ફરજો મુજબ કામગીરી કરશે.

(૨) ફડચામાં જતાં પહેલાં મંડળીના જે પેટા કાયદા હતા તેમાં કોઇ ફેરફાર કરવામાં આવતો નથી.

(૩) મંડળી ફડચામાં જતા પહેલાં મંડળીના જે સભાસદો સભ્ય તરીકે ચાલુ હતા તે તમામ ચાલુ રહેશે.

(૪) મંડળીના સરવૈયામાં (દેવા પુંજીમાં) છેવટની જે સ્થિતિ છે તે યથાવત રહેશે અને તેમાં કોઇ ફેરફાર કે ફરીથી મુલ્યાંકન કરવાનો પ્રશ્ન રહેતો નથી.

વલસાડ, તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) ખરોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ખરોલી તાલુકા ચીખલી જીલ્લો વલસાડનો તારીખ ૩જી એપ્રિલ, ૧૯૯૨. નો પત્ર.

(૨) તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૨. નો મંડળીના સભાસદોનો પત્ર

(૩) અત્રેની કચેરીની તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૯૨ની કારણદર્શક નોટીસ ક્રમાંક સવન-૭૩-ખ-૨૨૭

જા.નં. સવન-૭૩-ખ-૨૭૫-૧૯૯૨.—ખરોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ખરોલી તાલુકા ચીખલી જીલ્લો વલસાડની વ્યવસ્થાપક સમિતીએ સહકારી કાયદા કાનુન અને મંડળીના

INDEX

પેટા-નિયમથી તેમનપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં કસૂરતા કરેલ છે અને સંચાલનમાં નિષ્ક્રિયતા જોવા મળેલ છે. અને આમુખ (૧) તથા (૨) થી તેઓ તરફથી મંડળીમાં વહીવટદાર નિમવા ભલામણ કરેલ છે. આથી તેવા સંજોગોમાં મંડળીનો વહીવટ તથા આર્થિક સધ્ધરતા જોખમમા મૂકાયેલ છે. સાથોસાથ મંડળીનું હિતપણ સમાયેલ છે જે નીચેના મુદાઓથી ફલીત થાય છે.

(૧) મંડળીના પેટાનિયમ અનુસાર મંડળીની વ્યવસ્થાપક સમિતિની સભા નિયમિત નથી જેથી વ્યવસ્થાપક સમિતિને અપાયેલ સત્તાનો ઉપયોગ થતો નથી અને મંડળીની ગતીમાં સભાસદોના આર્થિક હીતોના કામ થતા નથી.

(૨) સહકારી કાયદા કાનૂનો અનુસાર વ્યવસ્થાપક સમિતિએ ઓડીટમેમાની દોષ દુરસ્તી કરી તેવો દુરસ્તી અહેવાલ સમય મર્યાદામાં મોકલાવેલ નથી.

(૩) વ્યવસ્થા સમિતિ મંડળીના પેટા નિયમ અનુસાર નિયુકત કર્મચારીઓની કામગીરીઓની ચોકકસ વહેંચણી કરી તેવી કામગીરી ઉપર દેખરેખ રાખતી નથી.

(૪) દૂધ ભરનાર સભાસદોના દૂધની ગુણવત્તા સવાર સાંજ નકકી થતી નથી અને વસુધરા ડેરીના નિયમ મુજબની દૂધની ગુણવત્તા નકકી કરવામાં આવતી ન હોય સભાસદોને દુધના વ્યાજબી ભાવ મળતાં નથી જેથી સભાસદોમાં અસંતોષ ફેલાયેલ છે.

(૫) રોકડ સિલકની ખરાઇ કરવામાં આવતી નથી.

(૬) સભાસદો પાસેના બાકી પાકતા લેણાંની વસૂલાત અંગે નકકર કાર્યક્રમ નકકી કરી ચોકકસ પગલાં લેવામાં આવતા નથી.

(૭) મુદત વીતી બાકીદારો સામે વૈધાનિક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.

(૮) નિગમની લોન ભરપાઇ કરવા કોઇ કાર્યવાહી કરેલ નથી.

ઉપર મુજબની હકીકતોથી સ્પષ્ટ જણાયેલ છે કે ગુજરાત સહકારી મંડળીઓના કાયદા કાનૂન તથા મંડળીના પેટા નિયમથી મંડળીની વ્યવસ્થાપક સમિતિ ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. પરિણામે મંડળીના સભાસદો સહીત લેણદારોનું હિત જોખમાયેલ છે. અને આવી પરિસ્થિતિનું નિર્માણ થતા મંડળીનો વહીવટ કથળી જવા પામેલ છે અને તે કારણે અત્રેની કચેરીએથી વાંચન (૩) હેઠળની તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૨ની કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે જે અન્વયે મંડળીની વ્યવસ્થાપક સમિતિના નવસભ્યો પૈકી આંઠ સભ્યોએ તેવી કારણદર્શક નોટીસના સંદર્ભમાં વહીવટદાર અંગેના નિર્ણય બાબતે લેખિત સંમતિ દર્શાવેલ છે જ્યારે બાકીના એક સભ્યશ્રી વસંતભાઇ રતનજીભાઇ પટેલ તરફથી કોઇ સ્પષ્ટતા નથી.

ઉપરોકત વિગેતો ધ્યાને લેતાં નીચે મુજબનો જણાવેલ આદેશ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આથી ફરમાવવામાં આવે છે.

આદેશ

હું શ્રી કે. જે. જોષી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડ આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ કલમ-૮૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ખરોલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ખરોલી, તાલુકા ચીખલી, જીલ્લો વલસાડના નીચે જણાવેલ સભ્યોને વ્યવસ્થાપક સમિતિ પદેથી અને તે અન્વયેના તમામ હોદ્દા પરથી દૂર કરી સદર અધિનિયમની કલમ-૮૧ (૧) અન્વયે વલસાડ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. આલીપોરની વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમણુંક કરૂ છું.

શરતો :—

(૧) સદર નિમણુંક પ્રથમ તબકકે મંડળીનો ચાર્જ અખત્યાર કરે તે તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે.

(૨) નિમણુંકના સમય દરમિયાન વહીવટદાર વ્ય. સમિતિના તમામ અધિકારો મંડળીના પેટા નિયમો અને સહકારી મંડળીઓના અધિનિયમ અને નિયમો અન્વયે ભોગવશે. મંડળીના નામે મંડળીના હીતમાં તમામ કામગીરી વખતો વખત ખાતાની દોરવણી મુજબ કરશે.

(૩) વહીવટદારે પ્રતિમાસે માસિક પ્રગિતિ અહેવાલ સંપૂર્ણ વિગતે નિયમિત રીતે મોકલવાનો રહેશે.

(૪) વહીવટદારે ઓડીટ નોંધમાં સૂચવેલ મુજબના પગલાંઓ તથા આગળ ઉપર ટાંકેલ કારણદર્શક નોટીસના મુદ્દાઓ મુજબની દુરસ્તીના સક્રિય પગલાંઓ લેવાના રહેશે તેમજ તે અંગેની કાર્યવાહીનો અહેવાલ દર માસે અત્રે મોકલવાનો રહેશે.

(૫) વહીવટદારે તેમની પદાવિધિ પૂરી થયેથી અથવા સમાપ્ત થયેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ (૪) મંડળીની ઉપવિધિ અન્વયે નવી સમિતિની રચના કરવા માટે ગોઠવણ કરવાની રહેશે.

(૬) વહીવટદાર તરીકેની નિમણુંકનો હવાલો સંભાળ્યા બાબતનો વિગતવાર ચાર્જ રીપોર્ટ ચાર્જ યાદીની નકલ સહ અત્રેની કચેરીએ કરવાનો રહેશે.

(૭) સદર નિમણુંક અંગે વધુ શરતો આમેજ કરવાનું જરૂરી અથવા સુધારો વધારો કરવાનું જરૂરી બને તો તેમ કરવામાં આવશે.

સદર મંડળીની ચાલુ વ્યવસ્થાપક સમિતિના હોદ્દેદારોના હોદ્દા અને કમીટી સભ્યપદ આથી ખાલી જાહેર કરૂ છું.

(૧) શ્રી રણછોડભાઇ કાથુડભાઇ પટેલ મુ. ખરોલી.
(૨) શ્રી મોહનભાઇ રામભાઇ પટેલ મુ. ખરોલી.
(૩) શ્રી મોહનભાઇ હીરાભાઇ પટેલ મુ. ખરોલી.
(૪) શ્રી પંકજરાય નરેન્દ્રરાય દેસાઇ મુ. ખરોલી.
(૫) શ્રી રમેશભાઇ છોટુભાઇ પટેલ મુ. ખરોલી.
(૬) શ્રી વસંતભાઇ રતનજીભાઇ પટેલ મુ. ખરોલી.
(૭) શ્રી અમૃતભાઇ હીસજીભાઇ પટેલ મુ. ખરોલી.
(૮) શ્રી ખંડુભાઇ મગનભાઇ પટેલ મુ. ખરોલી.
(૯) શ્રી ચંદુભાઇ મોરારભાઇ પટેલ મુ. ખરોલી.

વલસાડ, તારીખ ૧૮મી મે, ૧૯૯૨.

—

INDEX

વાંચનમાં લીધું :—

(૧) અત્રેની કચેરીના નીચે મુજબના પત્રો
(ક) તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૧ ના પત્ર ક્રમાંક : સવન-૭૧ ગ-૫૪૩.
(ખ) તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૧ ના પત્ર ક્રમાંક : સવન-૭૧-ખ-૧૨૬૫.
(ગ) તારીખ ૯મી માર્ચ, ૧૯૯૨ ના પત્ર ક્રમાંક : સવન/૭૧-ખ-૧૯૨.
(૨) અત્રેની કચેરીની તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૨ની કારણદર્શક નોટીસ ક્રમાંક : સવન-૭૧-ખ-૧૯૨.
(૩) ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લી. અમદાવાદનો તારીખ ૨૩મી એપ્રિલ, ૧૯૯૨ નો પત્ર નંબર : આર.ઈસી./વહટ/૧/૮૭૪.

જા. નં. : ઉખસ-સવન-૭૧-ખ-૩૦૪-૧૯૯૨.—પૂર્ણિમા એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. જલાલપોર રોડ નવસારી, તાલુકો : નવસારી, જિલ્લો : વલસાડની વ્યવસ્થાપક કમીટીએ સહકારી કાયદા, કાનૂન અને પેટા નિયમોથી તેમના પર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેમજ નિષ્ક્રીયતા અને બેદરકારી બતાવવામાં આવી છે. પરિણામે મંડળીના સભાસદો સહિત મંડળીનું હિત જોખમમાં મૂકાયેલ છે. જે નીચેની વિગતોથી ફલિત થાય છે.

(૧) અત્રેથી તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૧ ના રોજ મંડળીના સભાસદોની એક સામાન્ય બેઠક રાખવામાં આવેલ તેમાં પણ સભાસદો નવી વ્યવસ્થાપક સમિતિ રચી મંડળીનું સંચાલન કરવા કે મંત્રી તરીકેનો હોદ્દો ધરાવતા સંપૂર્ણ નારાજગી દર્શાવેલ છે.

(૨) મંડળીની વ્યવસ્થાપક સમિતિની સભા નિયમિત મળતી નથી.

(૩) મંડળીનું સંચાલન પેટા કાયદા મુજબ થતું નથી. પેટા કાયદા તેમજ સહકારી કાયદા, કાનૂનની મહત્ત્વની બાબતોનો ભંગ થાય છે.

(૪) સભાસદ રજિસ્ટરમાં વારસાઈની નોંધ, સંપૂર્ણપણે થયેલ નથી.

(૫) સભાસદોને તેમના શેરફાળો, જમીન ફાળો, બાંધકામ ફાળો, વિગેરેના હિસાબો આપવામાં આવતાં નથી.

(૬) બાકી સભાસદ લોનની વસૂલાત અંગે કોઈ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ નથી.

ઉપર મુજબની હકીકતોથી સ્પષ્ટ જણાયેલ છે કે, ગુજરાત સહકારી મંડળીઓના કાયદા, કાનૂન તથા મંડળીના પેટા નિયમથી મંડળીની વ્યવસ્થાપક સમિતિ ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. પરિણામે મંડળીના સભાસદો તેમજ લેણદારોનું હિત જોખમાયેલ છે. અને આવી પરિસ્થિતિનું નિર્માણ થતાં મંડળીનો વહીવટ કથળી જવા પામેલ છે. જે અંગે અત્રેની કચેરીઓથી વંચાણ (૧) હેઠળના પત્રો તેમજ છેવટે વંચાણ (૨) હેઠળની તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસ આપવામાં આવેલ, અને તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૨ના રોજ સુનાવણી રાખતાં તેવી સુનાવણી વેળા કોઈ વ્યવસ્થાપક કમીટીના સભ્યો હાજર રહેલ નથી. કે કારણદર્શક નોટીસમાં જણાવેલ મુદ્દાઓ બાબતે અત્રે સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો આદેશ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આથી ફરમાવવામાં આવે છે.

આદેશ

હું શ્રી કે. જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વલસાડ આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ પૂર્ણિમા એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. જલાલપોર રોડ નવસારી, તાલુકો : નવસારી, જિલ્લો : વલસાડ (નોંધણી ક્રમાંક : ઘ-૮૪૪૯, તારીખ ૫મી ઓકટોબર, ૧૯૮૧) ના નીચે જણાવેલ સભ્યોને વ્યવસ્થાપક સમિતિ પદેથી અને તે અન્વયેના તમામ હોદ્દા પરથી દૂર કરી ઉકત અધિનિયમની કલમ-૮૧ (૧) અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લી. અમદાવાદની વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમણૂંક કરૂ છું.

શરતો :—

(૧) સદર નિમણૂંક પ્રથમ તબકકે મંડળીનો ચાર્જ અખત્યાર કરે તે તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે.

(૨) નિમણૂંકના સમય દરમ્યાન વહીવટદાર વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારી મંડળીના પેટા નિયમો અને સહકારી મંડળીઓના અધિનિયમની અને નિયમો અન્વયે ભોગવશે. મંડળીના નામે મંડળીના હિતમાં તમામ કામગીરી વખતો વખત ખાતાની દોરવણી મુજબ કરશે.

(૩) વહીવટદારે પ્રતિ માસે માસિક પ્રગતિ અહેવાલ સંપૂર્ણ વિગતે નિયમિત રીતે મોકલવાનો રહેશે.

(૪) વહીવટદારે ઓડીટ નોંધમાં સૂચવેલ મુજબનાં પગલાંઓ તથા આગળ ઉપર ટાંકેલ કારણદર્શક નોટીસના મુદ્દાઓ મુજબની દુરસ્તીના સક્રિય પગલાંઓ લેવાના રહેશે. તેમજ તે અંગેની કાર્યવાહીનો અહેવાલ દર માસે અત્રે મોકલવાનો રહેશે.

(૫) વહીવટદારે તેમની પદાવિધિ પૂરી થયેથી અથવા સમાપ્ત થયેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ (૪) મંડળીની પદાવિધી અન્વયે નવી સમિતિની રચના કરવા માટે ગોઠવણ કરવાની રહેશે.

(૬) વહીવટદાર તરીકેની નિમણૂંકનો હવાલો સંભાળ્યા બાબતનો વિગતવાર ચાર્જ રીપોર્ટ ચાર્જયાદીની નકલસહ અત્રેની કચેરીએ કરવાની રહેશે.

(૭) સદર નિમણૂંક અંગે વધુ શરતો આમેજ કરવાનું જરૂરી અથવા સુધારો વધારો કરવાનું જરૂરી બને તેમ કરવામાં આવશે.

સદર મંડળીની ચાલુ વ્યવસ્થાપક સમિતિના હોદ્દેદારોના હોદ્દા અને કમીટી સભ્યપદ આથી ખાલી જાહેર કરું છું.

(૧) શ્રી રામચંદ્ર હરિહર કરમાકર.
(૨) શ્રીમતી ભાવનાબેન એસ. ગાંધી.
(૩) શ્રી ચીમનભાઈ હરજીભાઈ પટેલ.
(૪) શ્રી મોહનભાઈ બી. ભંડારી.
(૫) શ્રી બીપીનભાઈ બી. દોશી
(૬) શ્રીમતી સૌભાગ્યબેન નગીનદાસ શાહ

વલસાડ, તારીખ ૨૯મી મે, ૧૯૯૨.

કે. જે. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
વલસાડ.

INDEX

વંચાણે લીધા

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧
(૨) આ કચેરીના તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૧ ના પત્રાંક/ વહટ/૦૧/ધ-૨/૧૦૮૯ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

જા.નં. વહટ/૦૧/ધ-૨/૧૧૬/૯૧.—અશોક કો. ઓ. હા. સો. લી. વડોદરાએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી નંબર ધ-૮૬૪૨ તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૮૦થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો હવે પછી " મંડળી " તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સબ ઓડીટર સહકારી મંડળી નં. ૫ વડોદરા તરફથી મંડળીનું તારીખ ૧લી જુલાઇ ૧૯૮૮ થી ૩૧મી ડીસેમ્બર ૧૯૮૯ સુધીનું ઓડીટ કરવામાં આવેલ અને ઓડીટ સમયે જણાવેલ ખામીઓને કારણે મંડળીમાં વહીવટદાર નિમવા વ્યાજબીપણુ જણાયેલ છે જેની વિગત નીચે મુજબ છે.

(૧) સને ૧૯૮૩ થી સધારણ સભા ન બોલાવીને કલમ-૭૭ નો ભંગ કરેલ છે.

(૨) મંડળીમાં કુલ સભ્ય સંખ્યા ૧૦૩ છે જ્યારે મકાનો ૧૦૨ છે વધારાનો એક સભ્ય નામનોજ છે તે મંડળીના પ્રમુખ તરીકે ચાલુ છે.

(૩) પ્રમુખશ્રી ચંદ્રકાંત પાઠક રૂા. ૨૫૦/- શેર ધરાવે છે તેમના સામે પ્લોટ નથી અને જમીન ફાળો પણ ભરેલ નથી.

સભ્યો :—

(૧) શ્રી અરવિંદભાઇ શેઠે જમીન ફાળો ભરેલ નથી અને બ્લોક નંબર ૮૩ ફાળવેલ છે.

(૨) રાણા બેચરભાઇ રમણલાલના શેર નથી પ્લોટ નથી સભાસદ અનામત બાકી રૂા. ૧૦૦/- દર્શાવેલ છે.

(૫) ગત ઓડીટ નોંધની દોષ-દુરસ્તી કરી જે તે સંબંધીત ઓડીટરશ્રીને મોકલી આપેલ નથી.

(૬) મંડળીના સભાસદોના વારસદારોની નિમણુંક કરવામાં આવેલ નથી.

(૭) મંડળીની વાર્ષિક સાધારણ સભા મળેલ નથી કે તે અંગે જીલ્લા રજીસ્ટ્રારશ્રીની મંજુરી મેળવેલ નથી.

(૮) કાયદામાં ઠરાવેલ મુદતમાં વાર્ષિક સામાન્ય સભા મળેલ નથી જે માટે જવાબદાર કર્મચારીઓનો ખુલાસો મોકલવામાં આવેલ નથી.

(૯) પેટા કાયદાની જોગવાઇ મુજબ વ્યવસ્થાપક કમીટી મળેલ નથી.

(૧૦) શેર રજીસ્ટ્રાર, શેર ટ્રાન્સફર રજીસ્ટર પ્લોટ એલોટ રજીસ્ટર વગેરે રાખવામાં આવેલ નથી.

(૧૧) તારીખ ૩૦મી જુન ૧૯૮૯ ના આખરે સરવૈયામાં રૂા. ૧૧૧૦૫૧/- સભાસદ અનામત બાકી લ્હેણા ખાતે છે જે વસૂલ લેવાની જરૂર કાર્યવાહી હાથ ધરેલ નથી.

(૧૨) રૂા. ૨૦૦/- ઓડીટ ફી ભરી ચલનની નકલ રજુ કરવામાં આવેલ નથી.

(૧૩) મંડળીની હાથ પરની સિલક જરૂરીયાત કરતાં વધારે હાથ પર જોવા મળેલ છે. સિલક કેટલી હાથ ઉપર રાખવી તે અંગે ઠરાવ કરેલ નથી.

(૧૪) મંડળીની રોકડ સંભાળનાર કર્મચારીનું જામીનખત લેવામાં આવેલ નથી.

ઉકત હકીકતો લક્ષમાં લેતાં મંડળીનું કામકાજ પેટા નિયમ ઉદ્દેશો અને હેતુઓ મુજબ ચાલતું નથી. વહીવટકર્તાઓ લ્હેણાની વસૂલાત કરવામાં સક્રીય નથી. રસ ધરાવતા નથી મંડળીનું કામકાજ અનિયમિત તથા વ્યવસ્થિત અવસ્થામાં છે. મંડળીના કાર્યવાહકો પાસે વહીવટ હશે ત્યાં સુધી કામગીરીમાં ફેરફાર થવાની શકયતા નથી. સમગ્ર રીતે જોવા મંડળીનો વહીવટ અને નાણાંકીય સ્થિતિ તદ્દન કથળી ગયેલ છે. વ્યવસ્થાપક સમિતિ મંડળીના પેટા નિયમો તેમજ સહકારી કાયદા કાનુન અન્વયે ફરજો બજાવવામાં તદ્દન નિષ્ફળ નીવડયાનું સ્પષ્ટ થઇ આવેલ છે. મંડળીના હીત અસ્તિત્વ તેના હીતો અને સભ્યોના હીતોને સાચવવામાં તદન નિષ્ફળ નિવડેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ ની જોગવાઇ મુજબ મંડળીની હાલની વ્યવસ્થાપક સમિતિ બરતરફ કેમ ન કરવી.? તથા વ્યવસ્થાપક સમિતિને બરતરફ કરી વહીવટદારની નિમણુંક કેમ ન કરવી? તે અંગેની લેખિત રજૂઆત આ કચેરીને કરવા કાર્યવાહકોને તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૧ ના રોજ ૧૩-૩૦ કલાકે અત્રેની કચેરીમાં સુનાવણીમાં હાજર રહેવા રજી. પો. એ. ડી. થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ પરંતુ કોઇ હાજર રહેલ ન હતા કે કોઇ લેખિત રજુઆત કરવામાં આવેલ નથી.

સમગ્ર રીતે જોતા મંડળીનો વહીવટ તદ્દન કથળી ગયેલ છે. વ્યવસ્થાપક સમિતિ પેટા નિયમો તેમજ સહકારી કાયદા કાનુન અન્વયે ફરજો બજાવવામાં તદ્દન નિષ્ફળ નિવડયાનું સ્પષ્ટ થઇ આવેલ છે. મંડળીના હિત અસ્તિત્વ તેના હિતો અને સભ્યોના હિતોને સાચવવામાં વ્યવસ્થાપક કમીટી નિષ્ફળ નિવડેલ છે. આમ ઉપરોકત કારણો વ્યાજબી જણાતા નીચે મુજબ વહીવટદારની નિમણુંક કરતો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એસ. પી. ભટ્ટ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૮૧ (૧) (ક) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ અશોક કો. ઓ. હા. સો. લી. વડોદરાની વ્યવસ્થાપક સમિતિનો પ્રાથમિક તબકકે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે આથી દૂર કરવાનો હુકમ કરૂં છું. અને મજકુર અધિનિયમની કલમ-૮૧ (૧) (બ) (૨) અન્વયે મંડળીનો વહીવટ કરવા શ્રી યુ. આઇ. મતાદારને વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમવામાં આવે છે.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો પ્રવાસખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદા મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હિતમાં તમામ કામગીરી અત્રેની દેખરેખ તથા સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂપિયા૧૦૦/- અંકે રૂપિયા એકસો પુરા નકકી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો આ કચેરીમાં નિયમિત રજુ કરવાના રહેશે.

વડોદરા તારીખ ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૨.

———

INDEX

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ / ૦૧/ઘ-૩/૧૦૫૦/ ૯૧.—તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૧.
(૨) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. સયાજીગંજ વડોદરાનો પત્ર તારીખ ૨૩મી નવેમ્બર ૧૯૯૧.

હુકમ

ક્રમાંક ફડચ/૦/૧/ઘ-૩/૧૫૭/૯૨.—સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૪ (૪) અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ નીચે જણાવેલ ફડચા મંડળીના ફડચા અધિકારી તરીકે આ હેઠળ કર્યા મુજબ ફેરફારી બદલી કરવાની આથી હુકમ કરૂ છું.

અનુ. નંબર	ફડચા મંડળીનું નામ અને તાલુકો	હાલના ફડચા અધિકારીનો હોદ્દો	નવા નિમાયેલ ફડચા અધિકારીનો હોદ્દો
૧	૨	૩	૪
૧	રાણીયા વિવિધ કાર્યકારી સ.મં. લી. રાણીયા, તા. સાવલી જી. વડોદરા	શ્રી ફડચા અધિકારી ધી બરોડા સેન્ટ્રલ કો.ઓપ.બેન્ક લી. વડોદરા.	શ્રી સહકારી અધિકારી -(ફડચા) નં.૩ સ.મં. વડોદરા.

ઉપર કોલમ નંબર ૩માં જણાવેલ ફડચા અધિકારી કોલમ નં. ૨માં જણાવેલ ફડચા મંડળીનો ચાર્જ કોલમ નંબર ૪ મુજબ નિયુકત કરવામાં આવેલ ફડચા અધિકારીને સત્વરે સોંપી દેવો. નવા ફડચા અધિકારીએ વહેલી તકે ચાર્જ સંભાળી લઇ તે બાબતે અત્રેની કચેરીએ રીપોર્ટ કરવો.

વડોદરા, તારીખ ૪થી ફેબ્રુઆરી ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો હુકમ નંબર : વહટ/૦૧/ઘ-૧/૧૪૮૭/ તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૦.
(૨) શ્રી એન. એલ. પટેલનો તારીખ ૩જી માર્ચ, ૧૯૯૧નો પત્ર.

હુકમ

ક્રમાંક : વહટ/૦૧/ઘ-૨/૨૩૦/૯૨.—આમુખ-૧ માં દર્શાવેલ અત્રેની કચેરીના તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૦ ના હુકમથી ડેસર વિભાગ અર્બન કો. ઓપ. ક્રેડીટ સો. લી. ડેસર, તાલુકો : સાવલીમાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે શ્રી એન. એલ. પટેલ મુ. ઉત્તમનગર, પો. મુંઢેલા, તા. સાવલીની નિમણુંક કરવામાં આવેલ હતી. તેમાં અંશત : સુધારો કરીને સદર મંડળીના વહીવટદાર તરીકે શ્રી હિરાભાઈ જીવાભાઈ પટેલની નિમણુંક તેઓ વહીવટદાર તરીકેનો ચાર્જ સંભાળે તે તારીખથી માસિક રૂપિયા ૧૦૦ (અંકે રૂપિયા સો પુરાના) મહેનતાણાથી નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનું ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનું મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનું રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકાર ભોગવવાના રહેશે અને મંડળીની તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાના નિયંત્રણ હેઠળ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનુન અને પેટા-નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત કરવામાં આવે તેવા સમયે નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧.—
(૨) આ કચેરીના તારીખ ૨૩મી જાન્યુઆરી ૧૯૯૨ ના પત્રાંક/ વહટ/૦૧/ઘ-૨/૭૫/૯૨ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ

ક્રમાંક વહટ/૦૧/ઘ-૨/૨૪૨/૯૨.—ધી કાયાવરોહણ ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી કાયાવરોહણ તા. ડભોઇ જીલ્લો વડોદરા એ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે જેનો ઉલ્લેખ આ કારણદર્શક નોટીસમાં હવે પછી "મંડળી" તરીકે કરવામાં આવેલ છે.

શ્રી સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળી નં ૪ વડોદરાના તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૨ ના ખાનગી પત્ર નંબર અપણ/૦૧/૧૬ ૯૨ અન્વયે નીચેના કારણોસર મંડળીમાં કલમ-૮૧ હેઠળના કાર્યવાહી કરવા ભલામણ કરેલ છે.

(૧) સંસ્થામાં કાંતિભાઇ રામજીભાઇ પ્રજાપતિ પગારદાર સેક્રટરી તરીકે ફરજ બજાવે છે હેડ ઓફીસનો રોજમેળ તથા કપાસ વિભાગનો રોજમેળ તેઓશ્રી લખીને રોજમેળમાં સહી કરે છે નીચે જણાવેલ તારીખોએ કપાસ વિભાગના રોજમેળમાં કપાસ એડવાન્સ ખાતે રકમ ઉધારી પોતાની સહી કરેલા વાઉચર મુકેલા છે સેક્રેટરી તરફથી મંડળીમાં કપાસ નાખંવામાં આવેલ નથી.

અનુ. નંબર	તારીખ	કપાસ એડવાન્સ ખાતે ઉધારેલ રકમ રૂપિયામાં
૧	૭મી નવેમ્બર ૧૯૯૦	૨,૦૦,૦૦૦
૨	૩૦મી ડીસેમ્બર ૧૯૯૦	૧,૫૦,૦૦૦
૩	૩૧મી ડીસેમ્બર ૧૯૯૦	૨ ૦૦,૦૦૦
૪	૨૫મી જાન્યુઆરી ૧૯૯૧	૧,૦૦ ૦૦૦
૫	૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૧	૧,૦૦,૦૦૦
૬	૩૦મી એપ્રિલ ૧૯૯૧	૧,૧૦,૦૦૦
૭	૨૨મી મે ૧૯૯૧	૧,૦૦,૦૦૦
૮	૩૦મી જુન ૧૯૯૧	૧૫,૦૦,૦૦૦
	કુલ	૪,૭૦,૦૬૫
૯	૧૬મી ઓકટોબર ૧૯૯૧	૨૪,૬૦,૦૦૦
૧૦	૧લી નવેમ્બર ૧૯૯૧	૨૬,૮૬,૦૦૫
૧૧	૧લી નવેમ્બર ૧૯૯૧	૭૧,૮૪૯
૧૨	૨જી જાન્યુઆરી ૧૯૯૨	૩,૩૪,૭૧૦
	કુલ	૩૫,૬૨,૬૨૯

INDEX

સેક્રેટરીએ ઉપરોકત રકમ વાઉચર મૂકી રકમ ઉધારી હોવા છતાં આ રકમ વસૂલ કરવા કોઈ નક્કર કાર્યવાહી મંડળીની વ્યવસ્થાપક કમીટી તરફથી કરવામાં આવેલ નથી.

(૨) નીચે જણાવેલ વિગતે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની તારીખ ૩૦મી જુન ૧૯૯૧ ના રોજ બાકી પડે છે.

		રૂપિયા
(૧)	બેન્ક લોન ટુ. મુ. ખા. ૧	૯૯,૪૦૦
(૨)	— સદર — ખા. ૨	૫,૭૮,૮૦૦
(૩)	— સદર મ. મુ. ક. ના. ૧	૫૮,૭૦૦
(૪)	,, ૨	૨,૩૫,૫૦૦
	કુલ	૯,૭૨,૪૦૦

ઉપરોકત લોનમાં નીચે જણાવેલ વ્યવસ્થાપક કમિટીના સભ્યોનો પણ સમાવેશ થાય છે જે તારીખ ૩૦મી જુન ૧૯૯૧ ના રોજ વસૂલ કરવાની બાકીમાં છે.

		રૂપિયા
૧	પટેલ શાંતિલાલ પ્રાગજીભાઈ પ્રમુખ	૨૫,૦૦૦
૨	શ્રી ડાહયાભાઈ લલ્લુભાઈ માનદ સેક્રેટરી	૧૮,૨૦૦
૩	શ્રી નવીનભાઈ અંબાલાલ વ્ય. કમિટિ સભ્ય	૬,૫૦૦

ઉપરોકત ત્રણેય ઈસમો પાસે તારીખ ૩૦મી જુન ૧૯૯૦ ના રોજ રકમ વસૂલ કરવા પાત્ર હતી જે વસૂલ ન આવેલ હોવાથી મુદતવીતી બાકીદાર રહે છે. પેટાં નિયમ-૪૧ (૬) ની જોગવાઈ અનુસાર મુદતવીતી બાકીદાર વ્યવસ્થાપક કમિટીમાં રહી શકે નહી. તેમ છતાં ઉપરોકત ત્રણેય ઈસમોએ તેમની સામે જણાવેલ હોદ્દાઓ વ્યવસ્થાપક કમિટિમાં ધારણ કરેલ છે.

પેટા નિયમ-૪૪ (૬) ની જોગવાઈ અનુસાર સભાસદોની વસૂલાત અંગે સહકારી કાયદાની કલમ-૧૦૬ તથા કલમ-૯૬ હેઠળ ઉકત બેન્કની લોનની વસુલાત માંટે મંડળીની વ્યવસ્થાપક કમિટી તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૩) પેટા નિયમ-૬૪ (અ) (૧) ની જોગવાઈ અનુસાર " મંડળી" તારણમાં આવેલા સભાસદોને કર્જ આપી શકશે, પરંતુ ઓડીટ સમયમાં ૩૪ ઈસમોને કુલ રૂપિયા ૬૫૨૮૨૪-૦૦ રકમ કપાસ આવેલ ન હોવા છતાં કપાસ એડવાન્સની રકમ મંડળીની વ્યવસ્થાપક કમીટીએ આપેલ છે તે પૈકી નીચે જણાવેલ વ્યવસ્થાપક કમિટી સભ્યોને પણ ચુકવેલ છે.

(૧) શ્રી નવીનભાઈ અંબાલાલ કમિટી સભ્ય રૂા. ૧૦,૩૮૧
પેટા નિયમ-૬૪ (અ) (૧) ની જોગવાઈનો ભંગ કરી મનસ્વી રીતે કપાસ એડવાન્સની રકમ ચૂકવેલ છે જેની વસૂલાત માટે પણ કોઈ કાર્યવાહી વ્યવસ્થાપક કમીટી તરફથી કરવામાં આવેલ નથી.

(૪) સંસ્થાના પેટા નિયમ ૫૩ (૧) ની જોગવાઈ અનુસાર ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. માંથી કેશ ક્રેડીટ મેળવવાની હોય છે તેમ છતાં આ બેન્કમાંથી કેશ ક્રેડીટ નહી મેળવતા મેસર્સ સારાભાઈ કોડીન પાસેથી રૂપિયા ૭૮૫.૨૫૫/- રકમ મેળવી આ રકમ ઉપર ૧૮ ટકા પ્રમાણે રૂા. ૪૨.૨૫૫/ વ્યાજના ચૂકવેલ છે. સંસ્થાની વ્યવસ્થાપક કમિટીએતારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૦ ના રોજ મળેલ મીટીંગમાં મનસ્વી રીતે ઠરાવ નંબર ૬૭ કરેલ છે.

હાલમાં કપાસની સીઝન ચાલુ હોવા છતાં સભાસદો પાસે કપાસ એડવાન્સની રકમ તથા ધિરાણ અંગેની રકમ વસૂલ કરવા મંડળીની વ્યવસ્થાપક સમિતિ તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૫) તારીખ ૩૦મી જુન ૧૯૯૧ ના રોજ સભાદસદ ધિરાણ ખાતે નીચે પ્રમાણેની રકમ વસૂલ કરવાની બાકીમાં પડે છે.

		રૂપિયા
૧.	સભાસદ ટુ મુ. ધિરાણ ખા. ૧	૧,૧૨,૯૧૬
૨.	સભાસદ ટુ મુ. ધિરાણ ખા ૨	૬.૩૫,૮૫૨
૩.	સભાસદ ટુ મ. મુ. ધિરાણ ખા. ૧	૫૭,૭૨૬
૪.	સભાસદ ટુ મુ. મુ. ધિરાણ ખા. ૨	૨,૨૪,૩૮૨
	કુલ રૂપિયા	૧૦,૩૦,૮૭૬

(૬) તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૧ ના રોજ વ્યવસ્થાપક કમિટીની મીટીંગ મળેલ તેમાં ઠરાવ નંબર ૨૮ થી જિલ્લા રજીસ્ટ્રારને મંડળીની વહીવટ સોંપવાનું સર્વાનુમતે ઠરાવેલ છે.

(૭) ઉપરોકત વિગતો જોતા મંડળીનો કારભાર કથળી ગયેલ છે. મંડળીના વ્ય. કમીટીના સભ્યો મંડળીનો વહીવટ કાયદા કાનૂન તથા પેટા નિયમોની જોગવાઈ અનુસાર કરતાં નથી. અને મનસ્વી રીતે કરતાં હોવાનું જણાઈ આવેલ છે. મંડળીનું કામકાજ અનિયમિત તથા અવ્યવસ્થિત દશામાં છે. કાર્યવાહકો તરફથી બેન્કની વસૂલાત કરવા માટેના સક્રીય પ્રયાસો થયેલ હોવાનું જણાતું નથી આથી બેન્કનું ભારણ વધેલ છે મીટીંગના કાર્યવાહકો પાસે વહીવટ હશે ત્યાં સુધી કામગીરીમાં ફેરફાર થવાની શકયતા નથી. વ્ય. કમીટી મંડળીના પેટા નિયમો તેમજ સહકારી કાયદા કાનૂન અન્વયે ફરજો બજાવવામાં તદ્દન નિષ્ફળ નિવડયાનું સ્પષ્ટ થઈ આવેલ છે. મંડળીના હીત અસ્તિત્વ તથા સભાસદોના હિતને સાચવવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે, આથી સને ૧૯૬૨ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ ની જોગવાઈઓ મુજબ મંડળીની હાલની વ્યવસ્થાપક સમિતિ બરતરફ કેમ ન કરવી? તથા વ્ય. કમીટીને બરતરફ કરી વહીવટદારની નિમણુંક કેમ ન કરવી? તે અંગેની લેખિત રજુઆત આ કચેરીને કરવા કાર્યવાહકોને તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૯૨ ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે અત્રેની કચેરીમાં સુનાવણીમાં હાજર રહેવા અત્રેથી રજી. પો. એ. ડી. થી મોકલેલ કારણદર્શક નોટીસ ક્રમાંક: વહટ/૦૧/ધ-૨/૭૫/૯૨ તારીખ ૨૩મી જાન્યુઆરી ૧૯૯૨ થી જણાવવામાં આવેલ. જે નોટીસ પ્રમુખ/મંત્રીશ્રી તથા તમામ કમીટી સભ્યોને બજી ગયેલ છે અને તેના સંદર્ભમાં મંડળીના, પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ પ્રાગજીભાઈ પટેલે તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૨ ના પત્રમાં મંડળીમાં કલમ-૮૧ હેઠળ વ્ય. કમિટિને દૂર કરી વહીવટદારને નિમવાની વ્યવસ્થા સરકારશ્રી તરફથી કરવામાં આવે તે અંગે કોઈ વાંધો નથી અને અગાઉ મંડળીનો ઠરાવ કરી સરકારશ્રીને જણાવ્યાની વિગત લેખિતમાં આપેલ છે અને સંસ્થાના હિતમાં રહી વહીવટ સંભાળવા જણાવેલ છે તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ ના અત્રેની કચેરીમાં મંડળીના સભ્યશ્રીઓ તથા માનદમંત્રીશ્રી મળી કુલ ૧૧ વ્યકિતને રૂબરૂમાં સુનાવણીમાં રાજર રહેલ અને અત્રેની તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસના સંદર્ભમાં કોઈ રજુઆત કરવી છે કેમ? તે અંગે વિગતવાર ચર્ચા થતાં કારણદર્શક નોટીસ અન્વયે સરકારશ્રી તરફથી મંડળીનો વહીવટ સંભાળી લેવામાં આવે તેમાં સંમતિ છે તેમ હાજર રહેલ સભ્યશ્રી-ઓએ જણાવેલ છે સરકારશ્રી વહીવટ સંભાળે પછી યોગ્ય સમયે વહીવટ ચૂંટાયેલી વ્ય. કમિટીને મળે તેવી રજુઆત કરી આ સિવાય અન્ય કોઈ રજૂઆત નથી તેમ જણાવેલ છે.

ઉક્ત સમગ્ર હકીકતો લક્ષમાં લેતા અને વહીવટદારની નિમણુંકના કારણો વ્યાજબી જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એસ. પી. ભટ્ટ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી, અધિનિયમ-ની કલમ-૮૧ (૧) (બ) (૨) અન્વયે મંડળીનો વહીવટ કરવાં ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ બેન્ક લી. વડોદરાની વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળ-માંથી કરવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હિતમાં તમામ કામગીરી અત્રેની દેખરેખ તથા સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે રૂા. ૨૫ (અંકે રૂપિયા પચ્ચીસ પુરા) નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો આ કચેરીમાં નિયમિત રજૂ કરવાના રહેશે.

વડોદરા, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧.

(૨) આ કચેરીના તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૧ ના પત્ર નં : વહટ/૭૧/ધ-૧/૧૧૪૨/૯૧થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

ક્રમાંક વહટ/૭૧/ધ-૨/૨૪૬/૯૨.—સડધરી ગૃપ વિકાસ મં. લી. સડધરી તાલુકો જેતપુર-પાવીએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો ઉલ્લેખ હવે પછી "મંડળી" તરીકે કરવામાં આવેલ છે.

શ્રી સહકારી અધિકારી (ફુલકવરેજ યોજના) જેતપુરપાવીના પત્ર નં. તપસ/ફુકયો/સને ૧૯૯૧ તારીખ ૨૦મી જૂન, ૧૯૯૧ અન્વયે નીચે મુજબની વહીવટી ક્ષતિઓનાં કારણોસર સદર મંડળીમાં કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરવા વિચારણા કરવા જણાવેલ છે.

(૧) મંડળીનું છેલ્લું વૈધાનિક ઓડીટ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૮૭ થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૮૭ સુધીના સમયનું થયેલ છે. જેનો ઓડીટ વર્ગ "ડ" અપાયેલ છે અગાઉના થયેલ ઓડીટનો ઓડીટ વર્ગ "ડ" અપાયેલ છે.

(૨) મંડળીના તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૭ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૮૭ સુધીના સમયમાં ઓડીટ અહેવાલની ખામીઓ પૈકીની મોટા ભાગની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી. ખામી નંબર ૧, ૪, ૧૦, ૨૦, ૨૧, ૨૨, ૨૬ અને ૨૮ થી જે ગંભીર પ્રકારની ખામીઓ દર્શાવેલ છે તેની પુર્તતા કરવામાં આવેલ નથી.

(૩) વ્ય. કમિટિના સભ્યો મુદતવીતી બાકીદાર હોવા છતાં તેઓ વ્ય. કમિટીના સભ્યપદે ચાલુ રાખેલ છે.

(૪) પ્રમુખશ્રીએ મંડળીમાંથી પાંચેક વર્ષ અગાઉ રૂા ૯,૨૭૦-૮૦ નું ખાતર ઉધાર લીધેલ તે રકમ તેમને મંડળીમાં જમા કરાવેલ નથી. આમ તેઓ મુદતવીતી બાકીદાર છે.

(૫) મંડળીના પ્રમુખ તથા વ્ય. કમિટિના એક સભ્ય સહિત ૪ સભાસદોએ અગાઉના વર્ષોમાં ધિરાણ વસુલાતમાં ફકત મુદત રકમ જ જમા કરાવેલ પરંતુ વ્યાજની રકમ જમા કરાવેલ ન હતી. જે ઓડીટ નોંધોની વખતોવખતની સુચના હોવા છતાં જમા કરાવેલ નથી.

(૬) કાર્યક્ષેત્ર બહારના ગામોના શખ્સોને મંડળીમાં સભાસદ તરીકે દાખલ કરવામાં આવેલ છે. જેઓને ઓડીટરશ્રીની વખતો વખતની સુચના છતાં મંડળીમાં સભ્ય તરીકે કમી કરવામાં આવેલ નથી.

ઉકત હકીકતો લક્ષમાં લેતાં મંડળીનું કામકાજ પેટા-નિયમ, ઉદ્દેશો અને હેતુઓ મુજબ ચાલતું નથી. વહીવટકર્તાઓ લ્હેણાની વસુલાત કરવામાં સક્રિય નથી. રસ ધરાવતા નથી. મંડળીનું કામકાજ અનિયમિત તથા સ્થગિત અવસ્થામાં છે. મંડળીના કાર્યવાહકો પાસે વહીવટ હશે ત્યાં સુધી કામગીરીમાં ફેરફાર થવાની શકયતા નથી. સમગ્ર રીતે જોતાં મંડળીનો વહીવટ અને નાણાંકીય સ્થિતિ તદ્દન કથળી ગયેલ છે. વ્યવસ્થાપક સમિતિ મંડળીના પેટા-નિયમો તેમજ સહકારી કાયદા કાનુન અન્વયે ફરજો બજાવવામાં તદ્દન નિષ્ફળ નીવડયાનું સ્પષ્ટ થઈ આવેલ છે. મંડળીના હિત અસ્તિત્વ તેના હિતો અને સભ્યોના હિતોને સાચવવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ ની જોગવાઈ મુજબ મંડળીની હાલની વ્યવસ્થાપક સમિતિ બરતરફ કેમ ન કરવી ? તથા વ્યવસ્થાપક સમિતિને બરતરફ કરી વહીવટદારની નિમણુંક કેમ ન કરવી ? તે અંગે લેખિત રજૂઆત આ કચેરીને કરવા કાર્યવાહકોને તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૧ ના રોજ બપોરના ૧૧-૩૦ કલાકે અત્રેની કચેરીમાં સુનાવણીમાં હાજર રહેવા રજિ. પો. એ. ડી. થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જે નોટીસ પ્રમુખ/મંત્રી તેમજ તમામ કમિટિ સભ્યોને બજી ગયેલ છે. પરંતુ સુનાવણીમાં કોઈ હાજર રહેલ નથી કે લેખિત કે મૌખિક કોઈપણ પ્રકારની રજૂઆત મળેલ નથી.

સમગ્ર રીતે જોતાં મંડળીનો વહીવટ તદ્દન કથળી ગયેલ છે. ઉપરોકત કારણો વ્યાજબી જણાતા નીચે મુજબ વહીવટદારની નિમણુક કરતો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૮૧ (૧) (બ) (૨) અન્વયે મંડળીનો વહીવટ કરવા ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજ-બ-રોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવાના અને મંડળીના હિતમાં તમામ કામગીરી અત્રેની દેખરેખ તથા સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫ અંકે રૂપિયા પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો આ કચેરીમાં નિયમિત રજૂ કરવાના રહેશે.

વડોદરા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨.

INDEX

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧

(૨) આ કચેરીના તારીખ ૧૬મી ડિસેમ્બર ૧૯૯૧ ના પત્ર ક્રમાંક વહટ / ૦૧ / ઘ-૨ / ૧૦૮૯ થી-- આપવામાં આવેલ કારણદર્શક નોટીસ

ક્રમાંક વહટ / ૦૧ / ઘ--૨ / ૨૮૯/૧૯૯૨ — શાલીમાર કો. ઓપ. હા. સો. લી. (એપાર્ટમેન્ટ) વડોદરાએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે જેનો ઉલ્લેખ હવે પછી "મંડળી" તરીકે કરવામાં આવેલ છે.

સબ ઓડીટર સહકારી મંડળી નંબર--૫ વડોદરા તરફથી મંડળીનું તારીખ ૧ લી જુલાઈ ૧૯૮૮ થી ૩૧ મી ડિસેમ્બર ૧૯૮૮ સુધીનું ઓડીટ કરવામાં આવેલ અને ઓડીટ સમયે જણાવેલ ખામીઓને કારણે મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા માંટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૧) મંડળીને ધી ગુજરાત સ્ટેટ કો ઓપ. ફા. કોર્પોરેશન લી વડોદરા દ્વારા લોન આપવામાં આવેલ છે જે પૈકી તારીખ ૩૦મી જુન ૧૯૯૦ ના રોજ રૂપિયા ૨,૨૦,૨૧૯-૩૬ પૈસા મુંદતવીતી તથા દંડનીય વ્યાજનું લહેણું બાકી પડે છે.

(૨) મંડળીના આઠ વર્ષના ઓડીટ અહેવાલની વિગતે ઓડીટ દરમ્યાન મંડળીની વાર્ષિક સભા તથા પેટા સભાઓની મીનીટ્સ બુક રજુ થયેલ નથી.

(૩) મંડળીએ કોઈ સાધારણ સભા કે વ્યવસ્થાપક કમિટિની સભા ઓડીટ સમય દરમ્યાન બોલાવેલ નથી.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમિટિના સભ્યો પાસે રૂા ૧,૫૨,૬૭૭ નું મુદતવીતી બાકી લ્હેણું છે જે માટે વ્યવસ્થાપક કમિટિએ કોઈ નક્કર પગલાં લીધેલ નથી.

(૫) કેટલાંક મકાનોની ગૃહ મંડળીની સંમતિ સિવાય સભ્યોએ ભાડે આપેલ છે. અને ભાડું વસુલ કરેલ છે પરતુ મંડળીના હપ્તા ભરેલ નથી.

(૬) લીધેલ લોનની સભ્ય દીઠ ફાળવણી થયેલ નથી. જેથી લોનની રકમ બાકી પડેલ છે.

(૭) મંડળીના હાલના કાર્યવાહકો સભાસદોને હપ્તાની રકમ ભરવા હિસાબની સમજુતી આપતા નથી.

ઉકત હકીકતો લક્ષમાં લેતા મંડળીનું કામકાજ પેટા નિયમ ઉદ્દેશો અને હેતુઓ મુજબ ચાલતુ નથી. વહીવટ કર્તાઓને લ્હેણાની વસુલાત કરવામાં રસ નથી. અને સક્રીય પ્રયાસો કરવામાં આવતા નથી. મંડળીનું કામકાજ અનિયમિત તથા અવ્યવસ્થિત અવસ્થામાં છે. સમગ્ર રીતે જોતાં મંડળીનો વહીવટ અને નાણાંકીય સ્થિતિ તદ્દન કથળી ગયેલ છે. વ્યવસ્થાપક સમિતિ મંડળીના પેટા નિયમો તેમજ સહકારી કાયદા કાનુન અન્વયે ફરજો બજાવવામાં તદ્દન નિષ્ફળ નિવડયાનું સ્પષ્ટ જણાઈ આવેલ છે અને તેઓ મંડળીના તથા સભ્યોના હિતને સાચવવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ ની જોગવાઈ મુજબ મંડળીની હાલની વ્યવસ્થાપક સમિતિ બરતરફ કેમ ન કરવી ? તથા વ્યવસ્થાપક સમિતિને બરતરફ કરી વહીવટદારની નિમણુંક કેમ ન કરવી ? તે અંગેની લેખિત રજુઆત આ કચેરીને કરવા કાર્યવાહકોને તારીખ ૩૦ મી ડિસેમ્બર, ૧૯૯૧. ના રોજ બપોરનાં ૧૨--૦૦ કલાકે અત્રેની કચેરીમાં સુનાવણીમાં હાજર રહેવા રજિસ્ટર્ડ પો. એ. ડી. થી અત્રેના પત્ર ક્રમાંક : વહટ / ૦૧ / ઘ-૨ / ૧૨૪૨/૯૧ તારીખ તારીખ ૧૬ મી ડિસેમ્બર, ૧૯૯૧. થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જેની પ્રમુખ / મંત્રી તેમજ ૭ કમિટિ સભ્યો પૈકી પાંચ કમિટી સભ્યોને બજવણી થયેલ છે. ત્યારબાદ સુનાવણીમાં કોઈ હાજર ન રહેતા કે કોઈપણ પ્રકારની લેખિત રજુઆત ન આવતાં ફરી તક આપવાના હેતુસર અત્રેના તારીખ ૭ મી જાન્યુઆરી ૧૯૯૨ ના રજિસ્ટર પો. એ. ડી. થી લખેલ પત્ર નં. વહટ / ૦૧ / ઘ-૨ / ૭ / ૯૨ થી તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૨ ના રોજ બપોરના ૧૪--૦૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ જે નોટીસ પ્રમુખ / મંત્રી તેમજ પાંચ કિમિટિ સભ્યોને મળી ગયેલ છે. પરંતુ સુનાવણીમાં કોઈ હાજર રહેલ નથી કે કોઈ લેખિતમાં રજુઆત આજ દિન સુધી મળવામાં નથી.

સમગ્ર રીતે જોતા મંડળીનો વહીવટ તદ્દન કથળી ગયેલ છે. વ્યવસ્થાપક સમિતિ પેટા નિયમ તેમજ સહકારી કાયદા કાનુન અન્વયે ફરજો બજાવવામાં તથા હિત અસ્તિત્વ અને સભ્યોના હિતને સાચવવામાં નિષ્ફળ નિવડયા અંગેનું વ્યાજબીપણું જણાતા નીચે મુજબ વહીવટદારની નિમણુંક કરતો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ ૮૧ (૧) (ક) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ શાલીમાર કો. ઓપ. હા. સો. લી. વડોદરાની વ્યવસ્થાપક સમિતિનો પ્રાથમિક તબકકે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખ થી એક વર્ષ માટે આથી દૂર કરવાનો હુકમ કરૂ છું અને મજકુર અધિનિયમની કલમ-૮૧ (૧) (બ) (૨) અન્વયે મંડળીનો વહીવટ કરવા ધી ગુજરાત હા. ફા. કોર્પો. લી. અમદાવાદની વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

શરતો :—

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળ માંથી કરવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હિતમાં તમામ કામગીરી અત્રેની દેખરેખ તથા સંમતિ હેઠળ કરવા ની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/-- અંકે રૂપિયા પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીની માસિક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો આ કચેરીમાં નિયમિત રજુ કરવાના રહેશે.

વડોદરા, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨.

INDEX

વંચાણે લીધા :

(૧) મિહિર પાર્ક કો. ઓ. હા. સોસાયટી લી. વડોદરા વિભાગ ૧ ની નોંધણી અરજી તારીખ

(૨) મિહિર પાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ વીભાગ ૧ વડોદરાની સાધારણ સભાનો ઠરાવ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૪.

(૩) અધિક રજિસ્ટ્રારશ્રી,સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનો પત્ર ક ધરમ/૦૯૪/ઝ/૪૬૬/૯૨ તા. ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨.

ક્રમાંક નધણ/ગ/૩/૧૭૯/૧૯૯૨.—મિહિરપાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. વિભાગ ૧ વડોદરા તરફથી સહકારી કાયદાની કલમ-૧૭ ની જોગવાઈઓ અનુસાર વિભાજન અંગેની દરખાસ્ત રજુ કરવામાં આવેલી. સદર દરખાસ્ત મંડળીની સાધારણ સભા તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૪નો એજન્ડા વીભાજનનો મુસદો, દેવાલેણા ની વીગતો, સભ્યોને મોકલેલ ન હોવાના તેમજ મંડળીએ પેટા નિયમ ૯૧ માં અન્ય સર્વે નંબરો સાથે સર્વે નંબર ૯૯/૧, અ, બાબતે સ્પષ્ટ વિગતોના અભાવે અત્રેના તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૮૬ના પત્રાંક નંબર નધણ/૦૧/ચ-૨/૧૭૨૦ થી વીભાજનની દરખાસ્ત પરત કરવામાં આવેલ. જે બાબતમાં નારાજ થઈ મંડળીએ સહકારી કાયદાની કલમ ૧૫૩ હેઠળ અધિક રજિસ્ટ્રરશ્રી (અપીલ), સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, સમક્ષ અપીલ નંબર ૯/૮૭ દાખલ કરેલ જે તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૮૭ના રોજના હુકમથી સદર કચેરીનો તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૮૬નો હકમ બહાલ કરવામાં આવેલ. સદરહુ હુકમથી નારાજ થઈ મંડળીએ સહકાર વિભાગમાં રીવીઝન અરજ દાખલ કરેલ સદર રીવીઝન અરજ ઉપર સરકારશ્રીના સહકાર વીભાગના હુકમ ક્રમાંક જી.સી.એસ./૧૦૮૭/૪૯-૭ તારીખ ૭મી માર્ચ, ૧૯૮૮. થી મંડળીની રીવીઝન અરજી અંશત : માન્ય રાખી મંડળીની રજુઆત ધ્યાને લઈ યોગ્ય તે કરવા રીમાન્ડ કરવામાં આવેલ જેના અનુસંધાને અત્રેના તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૮, તારીખ ૮મી જુન, ૧૯૮૯ તથા તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૮૯ના પત્રોથી મંડળી સાથે પત્ર વ્યવહાર કરી જરૂરી માહીતી મંગાવવામાં આવેલ હતી.

મંડળીએ તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૦, ૭મી જુન, ૧૯૯૧, તથા છેલ્લે તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૧ના પત્રથી માહીતી રજુ કરેલ. મંડળીએ તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૮૦ના રોજ મેક લેબોરેટરી પ્રાઈવેટ લીમીટેડ પાસેથી વડોદરાના અકોટાના જુન સર્વે નંબર ૯૯-૧ અ, ૯૯/૩ ૧૦૦/૧, ૧૦૦/૨ ૧૦૨/૧, ૧૦૨/૨ જેના એકત્રીકરણ થતા નવો નંબર ૯૯/૩ આપવામાં આવેલ જે ટીપી સ્કીમ નંબર ૧ વડોદરામાં સામેલ થતા તેના બદલામાં ફાયનલ પ્લોટ નંબર ૨૮ની ૧૩૦૭૯ ચોરસમીટર જમીન વેચાણ રાખેલ હતી. સદર જમીનને યુ.એલ.સી. એકટની કલમ ૨૦ હેઠળ મુકતીના સરકારશ્રીના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૭૯ના હુકમમાં ઉકત સર્વે નંબરો પૈકી ૯૯/૧-અ, ની જમીન બાદ કીને મુકતી આપવામાં આવેલ અને તે અનુસાર કલેકટરશ્રી વડોદરાએ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૮૦ના બીન ખેતી પરવાનગી અંગેના હુકમમાં ૯૯/૧-અ, વાળી ૩૬૪૨ ચોરસમીટર જમીન સોસાયટીએ વેચાણ રાખી નથી તેવી માન્યતા હેઠળ ૯૯/૧-અ, ની ૩૬૪૨ ચોરસમીટર જમીન બાદ કીને બાંધકામ કરવા બીનખેતીની પરવાનગી આપવામાં આવેલી હતી.

મંડળી ને સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખ ૨-૪-૭૯ ના હુકમના અનુસંધાને તારીખ ૨૭મી મે, ૧૯૯૧ની અરજીથી ફાઈનલ પ્લોટ નંબર ૨૮ મા સમાવિષ્ટ સ. નં. ૯૯/૧-અ. સહીત યુ.એલ.સી. એકટની કલમ ૨૦ હેઠળ મુકતી આપવા સુધારા હુકમની માંગણી કરવામાં આવેલ જેના અનુસંધાને ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૧ના હુકમથી સુધારા હુકમ બહાર પાડી સર્વે નંબર ૯૯/૧-અ સહીત ફાયનલ પ્લોટ નંબર ૨૮ ને યુ.એલ.સી. એકટની કલમ ૨૦ હેઠળ મુકતી આપવામાં આવેલી છે. સરવેનંબર ૯૯/૧-અ ની જમીન મંડળીની માલીકીની જ હોવાના પુરાવા મંડળીએ રજુ કરેલ છે. સરકારશ્રીના મહેસુલ વિભાગના તારીખ ૧૫મી, જૂલાઈ,૧૯૯૧ના હુકમના અનુસંધાને મંડળીએ હવે સર્વે નંબર ૯૯/૧-અ ની બીન ખેતીના સુધારા હુકમો મેળવવાના રહે છે. અને યોજના મુજબ એપાર્ટમેન્ટ વિભાગની કાર્યવાહી કરવાની રહેશે.

મંડળીની તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૪ની સાધારણ સભાએ વિભાજન અંગેનો મુસદો પસાર કરેલ છે. મંડળીના સભાસદોને તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૪ના મુસદા અનુસાર જે તે વીભાગમાં રહેવા અંગેના વીકલ્પો, સંમતીપત્રો મેળવવામાં આવેલા છે અને સભાસદોએ જેતે વિભાગમાં રહેવા અંગેના વીકલ્પો રજુ કરેલા છે.

મંડળીએ છેલ્લે તારીખ ૧૧મી ડીસેમ્બર, ૧૯૮૪ની સ્થિતીના એકત્રીત અને વીભાજીત હીસાબો રજુ કર્યા હતા. અને પ્રવર્તમાન છેલ્લે તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૨ની સ્થિતીના એકત્રીત અને વીભાજીત હીસાબો રજુ કરેલા છે મંડળીએ કોઈપણ નાણાકીય સંસ્થા પાસેથી લોન મેળવેલી તથા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૨ ના રોજની આર્થીક સ્થિતી દર્શાવતા પત્રકો કે જેની સામે વીભાજીત થતી મંડળીના સભાસદોનું હીત સમાયેલ છે.

આમ વીભાજીત મંડળીના સભાસદોએ વીભાજનની તમામ કાર્યવાહીની સંમતીને અનુલક્ષીને સહકારી કાયદાની કલમ ૧૭(૧)(૨)ની જોગવાઈઓ હેઠળ નીચે પ્રમાણે નિર્ણય લેવામાં આવે છે.

આદેશ:-

ગુજરાત સહકારી મંડળી અધીનીયમ, ૧૯૬૧ની કલમ ૧૭ હેઠળ જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ વડોદરાને પ્રાપ્ત અધીકારની રૂએ મીહીરપાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ વિભાગ ૧ વડોદરા ઠે. જુના પાદરા રોડ વડોદરા જેનો નોંધણી ક્રમાંક ઘ ૮૬૩૫ તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૮૦થી નોંધાયેલ તેની તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૮૪ની સાધારણસભાએ ઠરાવ્યા મુજબના વિભાજનને નીચે દર્શાવેલ વીગતે આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) મીહીરપાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી વિભાગ ૧ વડોદરા ઠે. જુના પાદરા રોડ, વડોદરા.
ટીપી સ્કીમ નંબર ૧ફાઈનલ પ્લોટ નંબર ૨૮ પૈકી અકોટા વડોદરા ના સર્વે નંબર ૯૯/૩ તથા ૯૯/૧અ પૈકી ક્ષેત્રફળ ૧૧૦૧૭.૫૦ ચોરસમીટર જમીન સભાસદ સંખ્યા ૭૦.

(૨) મીહીર એપાર્ટમેન્ટ કો. ઓ. હા. સોસાયટી લીમીટેડ વડોદરા જુના પાદરા રોડ વડોદરા.

ટીપી સ્કીમ નંબર ૧ ફાઈનલ પ્લોટ નંબર ૨૮ પૈકી અકોટા વડોદરાના સર્વે નંબર ૯૯/૩ તથા ૯૯/૧અ પઈકી ૨૦૬૧.૫૦ ચો. મી. જમીન સભાસદ સંખ્યા ૭૨.

(૨) ઉપરોકત જણાવેલ વિભાજનથી અસ્તીત્વમાં આવેલ નવી મંડળીઓએ સામેલ સામેલ રાખેલ મંજૂર થયેલા પેટા કાયદાઓ તેમજ તેની સાથે સામેલ કરાયેલ જે તે વીભાગના સભ્યોની યાદી તથા દેવુપુજીના પત્રકોને અનુલક્ષીને તે મુજબ નવા નામથી પોતાનુ કામકાજ કરી શકશે તથા ઉપરોકત ઠરાવમાં જણાવ્યા મુજબ દેવા પુજી, મીલકત લહેણા, વીભાજન થયા મુજબની જવાબદારીઓ અને હકીકતોનું પાલન કરવાનુ રહેશે. આ બન્ને મંડળીઓ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ ૯(૧) અન્વયે નીચે જણાવ્યા મુજબ તેમના નામ સામે જણાવેલ નોંધણી ક્રમાંક હેઠળ નોંધાયેલી ગણાશે.

INDEX

મિહિરપાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ વીભાગ ૧ વડોદરા નોંધણી ક્રમાંક ઘ ૮૬૩૫ તારીખ ૩૦મી ઓક્ટોબર ૧૯૮૦ની નોંધણી ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ ૨૦ હેઠળ આથી રદ કરવામાં આવે છે.

વીભાજનથી નવી અસ્તિત્વમાં આવતી મંડળીઓ નીચે મુજબ રહેશે.

	નોંધણી ક્રમાંક	તારીખ
મીહીરપાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ વીભાગ ૧ ઠે. જુનાપાદરા-રોડ, વડોદરા. જમીન ટીપી સ્કીમ નંબર ૧ ફાયનલ પ્લોટનંબર ૨૮ સર્વે નંબર ૯૯/૩ તથા ૯૯/૧ અ પૈકી ૧૧૦૧૭. ૫૦ ચો.મી. સભ્ય સંખ્યા ૭૦	ઘ-૧૪૫૭૫	૨૮/૨/૯૨
(૨) મીહીર એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સો. લી. જુનાપાદરા રોડ, વડોદરા. જમીન ટીપી સ્કીમ નંબર ૧ ફાયનલ પ્લોટનંબર ૨૮ પૈકી સરવેનંબર ૯૯/૩ તથા ૯૯/૧ અ પૈકી ૨૦૬૧.૫૦ ચો.મીટર સભ્ય સંખ્યા ૭૨	ઘ-૧૪૫૭૬	૨૮/૨/૧૯૯૨

ઉપરોકત મંડળીઓ ભાડુતોની માલીકી પધ્ધતીની જનરલ યોજના હેઠળ નોંધવામાં આવે છે.

વડોદરા, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ--૧૯૬૧ ની કલમ--૮૧

(૨) આ કચેરીના તારીખ ૫ મી ડિસેમ્બર, ૧૯૯૧ ના પત્ર નં દઅમ / ૦૧ / જ-૧ / ૧૦૯૪/૯૧ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ

ક્રમાંક વહટ / ૦૧ / ઘ--૨ / ૩૧૩/૯૨ —શ્રી સેજાકુવા દૂધ ઉત્પાદક સ. મં. લી., સેજાકુવા, તાલુકો પાદરા, જિલ્લો વડોદરાએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે જેનો હવે પછી "મંડળી"તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

અત્રેની કચેરીના સહકારી અધિકારી ગ્રેડ--૧ દૂધ સહકારી મંડળી વડોદરાએ મંડળીના ગેર વહીવટ બાબતે કરેલ તપાસ અને આપેલ સુચના અનુસાર નીચેની ક્ષતિઓના કારણોસર મંડળીમાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧ હેઠળ વહીવટદારની નિમણુક કરવાનું જરૂરી જણાવેલ છે.

(૧) શ્રી ગૌતમભાઈ રાવજીભાઈ અમીન પે. નિ. ૪ (પરિશિષ્ટ મુજબ વ્યવસ્થાપક કમિટિ સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવવા માટે લાયકાત ધરાવતા ન હોવાં છતાં તેમજ કમિટિ સભ્ય તરફથી વિરોધ નોંધાવવા છતાં પેટા નિયમનું ઉલ્લંઘન કરી તેઓનું ઉમેદવારી ફોર્મ મંજર કરેલ અને ચુંટણી અંગેનો ખર્ચ રૂા ૨૦૦/-- બીન જરૂરી કરેલ છે જેના સંદર્ભે તારીખ ૧૪ મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના ઠરાવ નંબર ૪ થી કમિટિના સભ્યપદેથી શ્રી ગૌતમભાઈ રાવજીભાઈ અમીનને દૂર કરવામાં આવેલ છે પરંતુ ચૂંટણી અંગેનું ખર્ચ રૂા ૨૦૦/-- વસુલ કરવાના બાકીમાં છે.

(૨) શ્રી ગૌતમભાઈ રાવજીભાઈ અમીન લાયકાત ન ધરાવતા હોઈ કમિટિ પદેથી કમી કરી અને બીજી ચૂંટણી ન થાય ત્યાં સુધી નવા કમિટિ સભ્યની નિમણુંક કરતા તારીખ ૨૧ મી જૂન, ૧૯૯૧ ના પત્ર ક્રમાંક દઅમ / ૦૧ / જ-૧ / ૩૮૫ થી લેખીતમાં જણાવેલ તે મુજબ તારીખ ૧૪ મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના ઠરાવ નં ૪ થી કમિટિ સભ્ય પદેથી દૂર કરવામાં આવેલ હોવાથી સદર મુદ્દાની પુર્તતા થયેલ છે.

(૩) સને ૧૯૯૦--૯૧ ના વર્ષના અંતે ખાલી પડેલ કમિટિ સભ્યોની જગ્યાઓ માટે મંડળીએ ચૂંટણીની જાહેરાત કરતાં ૬ ઉમેદવારો ઉભા રહેલ. તે પૈકી ૩ સભ્યો પેટા નિયમ મુજબ ઉભા રહેવાની લાયકાત ધરાવતા ન હોવા છતાં ઉમેદવારી ફોર્મ મંજૂર કરવામાં આવેલ, તેના સંદર્ભમાં અત્રેના તારીખ ૫ મી સપ્ટેમ્બર ૧૯૯૧ ના પત્રથી લાયકાત નહી ધરાવતા ઉમેદવારનું ઉમેદવારી ફોર્મ રદ્ કરી ખાલી જગ્યાઓ કરતાં વધુ ઉમેદવારો હોય તે જ ચૂંટણી કરવા જણાવેલ પરંતુ પ્રમુખ શ્રીએ ગૌતમભાઈ રાવજીભાઈ અમીન લાયકાત ધરાવતા ન હોવા છતાં મનસ્વી રીતે સત્તા વાપરીને ફોર્મ મંજૂર કરીને બીન જરૂરી રીતે ખાલી જગ્યા કરતાં ૧ વધુ ઉમેદવાર ઉભો રાખીને ચૂંટણી કરેલ છે. અને બીન જરૂરી રૂા ૬૦૦/- ચૂંટણી ખર્ચ કરેલ છે જે વસુલાતો પાત્ર ઠરે છે. સદર બાબતે ચર્ચા કરતા તારીખ ૨૩ મી સપ્ટેમ્બર ૧૯૯૧ ના રોજ બપોરના ૧૪--૩૦ કલાકે પ્રમુખ / મંત્રીને અત્રેની કચેરીમાં રૂબરૂમાં હાજર રહેવા જણાવેલ પરંતુ પ્રમુખશ્રી હાજર રહેલ નથી. કે કોઈ લેખિત જવાબપણ રજુ કરેલ નથી. ફકત મંત્રીશ્રી હાજર રહેલ અને રૂબરૂમાં આપેલ નિવેદન મુજબ સને ૧૯૯૧--૯૨ ના વર્ષમાં પણ બે કમિટિ સભ્યશ્રી મહેશભાઈ ચીમનભાઈ અમીન અને શ્રી હરીશભાઈ ભાઈલાલભાઈ અમીને ગત વર્ષે દૂધ ભરેલ ન હોવાથી પેટા નિયમ મુજબ કમિટિ સભ્ય તરીકે લાયકાત ધરાવતા ન હોવા છતાં તેઓનું ઉમેદવારી ફોર્મ મંજૂર કરતાં તેઓ કમિટિ સભ્ય તરીકે ચૂંટાઈ આવેલ છે.

(૪) શ્રી હીરાભાઈ કારાભાઈ વણકર રે. સેજાકુવાની થયેલ લેખીત રજુઆત મુજબ વ્યવસ્થાપક કમિટિના સભ્યો અને ચૂંટણી અધિકારીએ મળીને તેઓનું સભ્યપદ રદ કરીને ચૂંટણીમાં મતદાનમાં ભાગ લેવા દીધેલ નથી અને ચૂંટણીમાં ગેરરીતીઓ આચરેલ છે.

(૫) ઉકત મુદ્દા નંબર ૧ અને ૨ ની પુર્તતા કરવા અત્રેની કચેરીના તારીખ ૨૧ મી જાન્યુઆરી, ૧૯૯૧ ના પત્ર ક્રમાંક દઅમ /૦૧/ જ-૧ / ૩૮૫ થી ક્ષતિઓ નો પુર્તતા દિન--૧૦ માં કરવા જણાવેલ હતું. મુદ્દા નં. ૩ ની બીન જરૂરી ચૂંટણી નહી કરવા જરૂરી ચર્ચા કરવા અંગે તારીખ ૨૩ મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ ૧૪-૩૦ કલાકે મંડળીના પ્રમુખ / મંત્રીને રૂબરૂમાં હાજર રહેવા માટે જણાવેલ પરંતુ પ્રમુખ હાજર નહી રહેતા ફકત મંત્રી જ હાજર રહેલ અને કોઇ લેખીત જવાબ પણ રજૂ કરેલ નથી.

મુદ્દા ૧ થી ૫ ની વગતો લક્ષમાં લેતા મંડળીનું કામકાજ પેટા નિયમ ઉદેશો અને હેતુઓ મુજબ ચાલતુ નથી. વહીવટ કર્તાઓ વસૂલાત કરવામાં સક્રીય નથી. રસ ધરાવતા નથી. મંડળીનું કામકાજ

INDEX

અધિનિયમિત તથા સ્થગિત અવસ્થામાં છે. મંડળીના કાર્યવાહકો પાસે વહીવટ હશે ત્યાં સુધી કામગીરીમાં ફેરફાર થવાની શકયતા નથી. સમગ્ર રીતે જોતા મંડળીનો વહીવટ અને નાણાંકીય સ્થિતિ તદ્દન કથળી ગયેલ છે. વ્યવસ્થાપક સમિતિ મંડળીના પેટા નિયમો તેમજ સહકારી કાયદા કાનૂન અન્વયે ફરજો બજાવવામાં તદ્દન નિષ્ફળ નિવડયાનું સ્પષ્ટ થઇ આવેલ છે. મંડળીના હીત અસ્તિત્વ તેના હીતો અને સભ્યોના હીતોને સાચવવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ ની જોગવાઇ મુજબ મંડળીની હાલની વ્યવસ્થાપક સમિતિ બરતરફ કેમ ન કરવી? તે અંગેની લેખીત રજૂઆત આ કચેરીને કરવા કાર્યવાહકોને તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૧ ના રોજ ૧૩-૦૦ કલાકે અત્રેની કચેરીમાં સુનાવણીમાં હાજર રહેતા રજી. પો. એ. ડી. થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ, પરંતુ ફક્ત કમીટી સભ્ય હાજર રહેલ છે. અન્ય કમીટી સભ્યો કે મંડળીના પ્રમુખશ્રી હાજર રહેલ નથી કે કોઇ લેખીત રજુઆત ટપાલ દ્વારા પણ રજુ કરેલ નથી. ૨ કમિટી સભ્યોને કારણદર્શક નોટીસ બજેલ છે છતાં તેઓ હાજર રહેલ નથી કે કોઈ લેખિત રજુઆત કરવામાં આવેલ નથી.

સમગ્ર રીતે જોતા મંડળીનો વહીવટ તદ્દન કથળી ગયેલ છે. વ્યવસ્થાપક સમિતિ પેટા નિયમો તેમજ સહકારી કાયદા કાનુન અન્વયે ફરજો બજાવવામાં તદ્દન નિષ્ફળ નિવડવાનું સ્પષ્ટ થઈ આવેલ છે. આમ ઉપરોકત કારણો વ્યાજબી જણાતા નીચે મુજબ વહીવટદારની નિમણુંક કરતો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એસ. પી. ભટ્ટ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૮૧ (૧) (ક) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ ધી સેજાકુવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સેજાકુવા. તાલુકા પાદરા, જીલ્લો વડોદરા, ની વ્યવસ્થાપક સમિતિનો પ્રાથમિક તબકકે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે આથી દૂર કરવાનો હુકમ કરૂ છું અને મજકુર અધિનિયમની કલમ-૮૧ (૧) (ખ) (૨) અન્વયે મંડળી નો વહીવટ કરવા ધી વડોદરા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વડોદરાની વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાની રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિની તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને મંડળીના હિતમાં તમામ કામગીરી અત્રેની કચેરીની દેખરેખ તથા સંમતિ હેઠળ કરવાનો રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- અંકે રૂપિયા પચ્ચીસ પુરા નકકી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીનો માસીક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો આ કચેરીમાં નિયમિત રજુ કરવાના રહેશે.

વડોદરા, તારીખ ૩જી માર્ચ, ૧૯૯૨.

———

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૨ ના પત્ર નં : વહટ/૦૧/ધ-૨/૬૯/૯૨ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

ક્રમાંક : વહટ/૦૧/ધ-૨/૩૫૨/૯૨ —શ્રી સુગમ સહકારી ક્રેડીટ મંડળી લી મુકામ : કરોડીયા તાલુકો-જિલ્લો : વડોદરાએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો ઉલ્લેખ હવે પછી "મંડળી" તરીકે કરવામાં આવેલ છે.

શ્રી મેનેજર ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ બેન્ક લી. વડોદરાના તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૦ ના પત્ર નં ૭૪૯ અન્વયે સદર મંડળીમાં નીચેના કારણોસર વહીવટદારની નિમણુંક કરવા અંગેની કાર્યવાહી કરવા દરખાસ્ત કરેલ છે.

(૧) મંડળીને સને ૧૯૭૫માં આપવામાં આવેલ ધીરાણ કેશ ક્રેડીટ કુલ રૂપિયા ૧૦,૭૦૦ ની સવલત પૈકી હાલ રૂા. ૪૫ ૩૮૦/૧૮ મુદત વીતી બાકી પડે છે જે રકમ બેન્કમાં જમા કરવામાં કોઈ તજવીજ કરવામાં આવતી નથી

(૨) સભાસદો તરફથી આવતી વસુલાત બેન્કમાં મુદતવીતી કેશ ક્રેડીટ ખાતે જમા કરવામાં આવતી નથી. મંડળી સ્થગિત છે.

(૩) મંડળીમાં વ્ય. કમીટી દ્વારા વસુલાત માટે કોઈ તજવીજ કરવામાં આવતી નથી

(૪) મંડળીના પ્રમુખ કરોડીયા ગામે રહે છે જે સરકારી નોકરીમાં હોઈ મળતા નથી તથા સંપૂર્ણ રેકર્ડ તેમને ત્યાં મળતું નથી તથા માહિતી મળતી નથી.

(૫) મુદ્દા નં. ૧ થી ૪ ની વિગતો લક્ષમાં લેતા મંડળીનું કામકાજ પેટા નિયમ ઉદ્દેશો અને હેતુઓ મુજબ ચાલતું નથી. વહીવટકર્તાઓ વસુલાત કરવામાં સક્રીય નથી. રસ ધરાવતા નથી. મંડળીનું કામકાજ અનિયમિત તથા સ્થગિત અવસ્થામાં છે. મંડળીના કાર્યવાહકો પાસે વહીવટ હશે ત્યાં સુધી કામગીરીમાં ફેરફાર થવાની શકયતા નથી. સમગ્ર રીતે જોતાં મંડળીનો વહીવટ અને નાણાંકીય સ્થિતિ તદ્દન કથળી ગયેલ છે. વ્યવસ્થાપક સમિતિ મંડળીના પેટા નિયમો તેમજ સહકારી કાયદા-કાનુન અન્વયે ફરજો બજાવવામાં તદ્દન નિષ્ફળ નિવડયાનું સ્પષ્ટ થઈ આવેલ છે. મંડળીના હિત અસ્તિત્વ તેના હિતો અને સભ્યોના હિતોને સાચવવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ ની જોગવાઈ મુજબ મંડળીની હાલની વ્યવસ્થાપક સમિતિ બરતરફ કેમ ન કરવી ? તે અંગેની લેખિત રજુઆત આ કચેરીને કરવા કાર્યવાહકોને તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે અત્રેની કચેરીમાં સુનાવણીમાં હાજર રહેવા રજિ. પો. એ. ડી. થી અત્રેના પત્ર ક્રમાંક : વહટ/૦૧/ધ-૨/૬૯/૯૨, તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૨ થી કારણદર્શક નોટીસ મોકલવામાં આવેલ જેની બજવણી પ્રમુખ/મંત્રી તેમજ પાંચ કમીટી સભ્યોને થયેલ છે. પરંતુ કોઈ હાજર રહેલ નથી કે કોઈ લેખિત રજુઆત કરવામાં આવેલ નથી.

સમગ્ર રીતે જોતાં મંડળીનો વહીવટ તદ્દન કથળી ગયેલ છે. વ્યવસ્થાપક સમિતિ પેટા નિયમો તેમજ સહકારી કાયદા કાનુન અન્વયે ફરજો બજાવવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ હોવાનું સ્પષ્ટ થઈ આવેલ છે આમ ઉપરોકત કારણો વ્યાજબી જણાતા નીચે મુજબ વહીવટદારની નિમણુંક કરતો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

હું શ્રી એસ. પી. ભટ્ટ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૮૧ (૧) (ક) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ ધી સુગમ કો. ઓપ. ક્રેડીટ સો. લી. કરોડીયા, તા. જિ. વડોદરાની વ્યવસ્થાપક સમિતિનો પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે આથી દૂર કરવાનો હુકમ કરું છું અને મજકુર અધિનિયમની કલમ-૮૧ (૧) (બ) (૨) અન્વયે મંડળીના વહીવટ કરવા ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને મંડળીના હિતમાં તમામ કામગીરી અત્રેની કચેરીની દેખરેખ તથા સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂપિયા ૨૫ અંકે રૂપિયા પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો આ કચેરીમાં નિયમિત રજુ કરવાના રહેશે.

વડોદરા, તારીખ ૭મી માર્ચ ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો હુકમ નં : વહટ/૦૧/ધ-૨/ તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૨.

(૨) શ્રી યુ. ઈ. મતાદાર વહીવટદારનો તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૨ નો પત્ર.

હુકમ

ક્રમાંક : વહટ/૦૧/ધ-૨/૩૫૩/૯૨.—આમુખ-૧ માં દર્શાવેલ અત્રેની કચેરીના તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૨ ના હુકમથી અશોક કો. ઓ. હાઉસીંગ સો. લી. વિભાગ-૨, વડોદરામાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે શ્રી યુ. ઈ. મતાદારની નિમણુંક કરવામાં આવેલ હતી. તેમાં અંશત: સુધારો કરીને સદર મંડળીના વહીવટદાર તરીકે શ્રી એચ. એચ. કિકાણીની નિમણુંક તેઓ વહીવટદાર તરીકેનો ચાર્જ સંભાળે તે તારીખથી માસિક રૂા ૧૦૦ અંકે રૂપિયા એકસો પુરાના મહેનતાણાથી નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનું ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનું મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનું રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકાર ભોગવવાના રહેશે અને મંડળીની તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના નિયંત્રણ હેઠળ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હિતમાં કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત કરવામાં આવે તેવા સમયે નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૭મી માર્ચ ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા) નં ૨ સહકારી મંડળીઓ વડોદરા તરફથી આમરોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. નસવાડી (ફડચામાં) જિ વડોદરાને પુન:જિવીત કરવા બાબતે રજુ થયેલ દરખાસ્ત તારીખ ૧મી સપ્ટેમ્બર ૧૯૯૧ પત્રાંક : ફડચ/૦૨/૨૮૨/૯૧

(૨) શ્રી મેનેજિંગ ડીરેકટર વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (ડેરી) વડોદરાના તારીખ ૭મી ડિસેમ્બર ૧૯૯૧ના પત્રાંક : એમપી/૧૦૭૪૧/૯૧ થી મજકુર સંદર્ભ-૧ ની મંડળીને પુન:જિવીત કરવા બાબતેની થઈ આવેલ ભલામણ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯ તથા ૧૧૦ (૬)

પ્રસ્તાવના

ક્રમાંક : ફડચ/૦૧/ધ-૩/૫૦૬/૯૨ —આમરોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. પો. આમરોલી તાલુકો : નસવાડી જિલ્લો : વડોદરાએ સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક : સેદુ ૧૯૮૧૭ તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૮૩ થી નોંધવામાં આવેલ હતી. આ કચેરીના તારીખ ૨૬મી જૂન ૧૯૯૧ ના હુકમ ક્રમાંક : ફડચ/ફ-૭૦૨૪/૦૧/ધ-૩/૫૬૧/૯૧ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯૬૧ ની કલમ-૧૧૦ (૬) ના અધિકાર પરત્વે મજકુર મંડળીના સહકારી અધિકારી (ફડચા) નં ૨ વડોદરા તરફથી મજકુર મંડળીને પુન:જિવીત કરવાની દરખાસ્ત સંદર્ભ-૧ થી રજુ કરવામાં આવેલ છે.

મજકુર મંડળીની તારીખ ૩૦મી ઓગષ્ટ ૧૯૯૧ ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૩ થી મંડળીને પુન:જિવીત કરવા ઠરાવેલ છે. અને ફડચા અધિકારી જે તે સ્થિતિમાં પુન:જિવીત કરવા ભલામણ કરેલ છે.

ફડચા અધિકારી તરફથી પુન:જિવીતની રજૂ થયેલ દરખાસ્ત પરત્વે મજકુર મંડળી દૂધ મંડળી હોઈ દૂધ મંડળી અંગેનો કેન્દ્રીય સંસ્થા ધી વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સહ. સંઘ લી. વડોદરાનો ઉકત મંડળી પુન:જિવીત કરવા બાબતોનો અભિપ્રાય માંગવામાં આવેલ. જે સંદર્ભે સદરહુ સંસ્થા તરફથી સંદર્ભ (૨) ના પત્રથી મંડળીને પુન:જિવીત કરવા બાબતે નીચે જણાવ્યા મુજબની વિગતે ભલામણ થઈ આવેલ છે.

"મંડળી હાલમાં ચાલુ કરવામાં આવે તો હાલમાં દૈનિક ભેંસનું દૂધ ૫૦ લીટર તથા ગાયનું દૂધ ૨૦ લીટર જેટલું મળી શકે તેમ છે. જે પુરવઠો કાર્યક્ષમ વહીવટ માટેનો જરૂરી જથ્થો ગણાય નહી પરત મંડળી ચાલુ કરવામાં આવે તો ૭૦ જેટલા ઈસમોને દુધાળા ઢોરની લોન મળી શકે તેમ છે અને નવીન દુધાળાં ઢોર ગામમાં આવે તો દૂધના પુરવઠામાં પણ વધારો થઈ શકે તેમ હોઈ મંડળી પુન:ચાલુ કરવા ભલામણ છે.

આમ મજકુર મંડળીને પુન:ચાલુ કરવા થઈ આવેલ ભલામણને અનુલક્ષીને મંડળી પુન:ચાલુ થાય તો મંડળીના કાર્યક્ષમ વહીવટ માટે જરૂરી જથ્થો (પુરવઠો) મળી રહે તેમ હોવાનું જણાતુ હોઈ આ સંજોગોમાં મંડળીનું અસ્તિત્વ હોવુ જરૂરી અને યોગ્ય જણાતું હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એસ. પી. ભટ્ટ જિલ્લા રજિસ્ટ્રાર- સહકારી મંડળીઓ- વડોદરા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯ હેઠળ પ્રાપ્ત સત્તાની રૂએ "આમરોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પો. આમરોલી" તાલુકો: નસવાડી જિલ્લો: વડોદરાને જે તે સ્થિતિમાં પુન: જિવીત કરવાનો હુકમ કરું છું.

વડોદરા, તારીખ ૧૭મી માર્ચ- ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧.

(૨) અત્રેની કચેરીના તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૧ ના પત્રાંક: દઅમ/૦૧/જ-૧/૬૩૩/૯૧ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

ક્રમાંક: વહટ/૦૧/ધ-૨/૫૩૪/૯૨.—શંકર વિજય દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.આમળા તાલુકો: પાદરા જિલ્લો: વડોદરાએ સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સદર મંડળીના કેટલાક સભાસદો તરફથી સદર મંડળીનો વહીવટ સહકારી કાયદા તેમજ પેટા નિયમની વિરૂધ્ધ ચાલતો હોવાની ફરીયાદ તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૧ ના રોજ નીચેની વિગતે મળેલ છે.

(૧) મંડળીની સને ૧૯૮૯-૯૦ ના વર્ષની વાર્ષિક સાધારણ સભા આજદિન સુધી બોલાવેલ નથી.

(૨) વાર્ષિક સાધારણ સભાના એજન્ડા નોટીસ દૂધ મંડળીના નોટીસ બોર્ડ ઉપર જાહેર કરેલ નથી. ઉપરાંત સભાસદોને પહોંચાડેલ નથી.

(૩) દર વરસે ખાલી પડેલી કમીટી સભ્યોની જગ્યા મુજબ ૧૯૮૯-૯૦ ના અંતે ૩ કમીટી સભ્યોની ખાલી પડેલ જગ્યા તથા ૨ કમીટી સભ્યો મૈયત થતાં જ ખાલી જગ્યાની ચૂંટણી કરેલ નથી કે ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પાડેલ નથી કે ચુંટણી કરેલ નથી.

(૪) અત્રેની કચેરીના તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૧ ના પત્ર નં.: દસમ/૦૧/જ-૧/૨૧૨/૯૧ થી વ્ય. કમીટીની ખાલી પડેલ ૧૯૮૯-૯૦ ના વર્ષ અંતે જગ્યાઓની તાત્કાલિક ચૂંટણી કરી અને વાર્ષિક સાધારણ સભા દિન-૨૦ માં બોલાવી અત્રે જાણ કરવા સુચના આપેલ છતાં કોઈ કાર્યવાહીની તારીખ ૪થી જુલાઈ ૧૯૯૧ સુધીમાં જાણ કરેલ નથી જેથી તારીખ ૫મી જુલાઈ ૧૯૯૧ ના રોજ અત્રેની કચેરીના સહકારી અધિકારી (દૂધ) મંડળીની મુલાકાત લેતા પ્રમુખ/મંત્રી હાજર ન હોવાથી કમીટી સભ્યશ્રી અશ્વિનભાઈ ઈશ્વરભાઈ પટેલનો સંપર્ક સાંધતા તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૧ ના પત્ર મુજબ વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી કે વ્યવસ્થાપક કમીટીની ચૂંટણી કરેલ નથી તેમ જણાવેલ નથી. જેથી સહકારી અધિકારી (દૂધ) એ તારીખ ૮મી જુલાઈ ૧૯૯૧ ના રોજ આ કચેરીએ હાજર રહેવા બે વખત જણાવેલ પરંતુ હાજર રહી કોઈ વિગતો રજુ કરેલ નથી.

(૫) અત્રેની કચેરીના તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૧ ના પત્ર નં.: દઅમ/૦૧/જ-૧/૪૨૮ થી તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૧ ના રોજ .અત્રેની કચેરીએ રૂબરૂ મંડળીના પ્રમુખ|મંત્રીએ હાજર રહેવા રજિ. પો. એ. ડી. થી લખાણ કરવા છતાં હાજર થયેલ નથી. ફકત મંડળીના કલાર્ક શ્રી સાથે લેખિત રજૂ કરેલ છે જે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૬) અત્રેની કચેરીના પત્ર નં.: દઅમ/૦૧/જ-૧/૪૯૬, તારીખ ૧૪મી ઓગષ્ટ ૧૯૯૧ થી મંડળીના કમીટી સભ્યો ગત વર્ષના ૧૯૮૯-૯૦ ના અંતે ખાલી પડેલ જગ્યાઓ તથા કમીટી સભ્યો મૈયત થતાં ખાલી પડેલ જગ્યાઓ સહિત ચુંટણી કરવા અંગેનું જાહેરનામું બહાર પાડી ચૂંટણી કરી વાર્ષિક સાધારણ સભા બોલાવવાના એજન્ડાની નકલ સહીત અત્રે જાણ કરવા જણાવેલ છતાં આજ દિન સુધીમાં કોઈ કાર્યવાહી કર્યાનું જણાયેલ નથી.

ઉકત હકીકતો લક્ષમાં લેતા મંડળીનું કામકાજ પેટા નિયમ ઉદેશો અને હેતુઓ મુજબ ચાલતું નથી. મંડળીનું કામકાજ અનિયમિત તથા સ્થગિત અવસ્થામાં છે. મંડળીના કાર્યવાહકો પાસે વહીવટ હશે ત્યાં સુધી કામગીરીમાં ફેરફાર થવાની શકયતાં નથી. વ્યવસ્થાપક સમિતિ મંડળીના પેટા નિયમો તેમજ સહકારી કાયદા કાનુન અન્વયે ફરજો બજાવવામાં તદ્દન નિષ્ફળ નિવડયાનું સ્પષ્ટ થઈ આવેલ છે. મંડળીના હિત અસ્તિત્વ તેના હિતો અને સભ્યોના હિતોને સાચવવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઆના અધિનિયમની કલમ-૮૧ ની જોગવાઈ મુજબ મંડળીની હાલની વ્યવસ્થાપક સમિતિ બરતરફ કેમ ન કરવી ? તથા વ્યવસ્થાપક સમિતિને બરતરફ કરી વહીવટદારની નિમણુંક કેમ ન કરવી ? તે અંગેની લેખિત રજુઆત આ કચેરીને કરવા કાર્યવાહકોને તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૧ ના રોજ ૧૧-૩૦ કલાકે અત્રેની કચેરીમાં સુનાવણીમાં હાજર રહેવા રજિ. પો. એ. ડી. થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ પરંતુ કોઈ હાજર રહેલ નથી કે કોઈ લેખિત રજુઆત આવેલ નથી.

સમગ્ર રીતે જોતાં મંડળીનો વહીવટ કથળી ગયેલ છે. ઉપરોકત કારણો વ્યાજબી જણાતા નીચે મુજબ વહીવટદારની નિમણુંક કરતો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ વડોદરા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૮૧ (૧) (ક) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ શંકર વિજય દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. આમળા તાલુકો: પાદરા જિલ્લો: વડોદરાની વ્યવસ્થાપક સમિતિનો પ્રાથમિક તબકકે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે આથી દૂર કરવાનો હુકમ કરું છું. અને મજકુર અધિનિયમની કલમ-૮૧ (૧) (બ) (૨) અન્વયે મંડળીનો વહીવટ કરવા ધી વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વડોદરાને વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી આપવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારો મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હિતમાં તમામ કામગીરી અત્રેની દેખરેખ તથા સંમતિ હેઠળ કરવાની રહેશે.

INDEX

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫ અંકે રૂપિયા પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો આ કચેરીમાં નિયમિત રૂપે રજુ કરવાના રહેશે.

વડોદરા, તારીખ ૨૫મી માર્ચ ૧૯૯૨.

વંચાણે લીધા :

(૧) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ ની જોગવાઈઓ.
(૨) અત્રેની કચેરીના તારીખ ૧૯મી માર્ચ ૧૯૯૦ના પત્ર નંબર વહટ/૦૧/ચ-૧/૪૯૧ થી આપવા માં આવેલ કારણદર્શક નોટીસ.

ક્રમાંક વહટ/૦૧/ઘ-૨/૫૩૬/૯૨.—ધી ઓસલામ વિ. કા. સહકારી મંડળી લી. તાલુકા કરજણ જિલ્લો વડોદરા સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે જેની હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. વડોદરાના પત્ર નંબર ૧૦૧૧૨ તારીખ ૧લી માર્ચ ૧૯૯૦ અન્વયે નીચેના કારણોસર સદર મંડળીમાં વહીવટદાર તરીકે બેન્કની નિમણુંક કરવા માટેની દરખાસ્ત અત્રેની કચેરીએ કરવામાં આવેલ છે.

(૧) મંડળી પાસે બેન્કનું લેણું રૂા. ૫,૩૨,૦૦૦ પૈકી રૂા. ૪,૩૭,૦૦૦ મુદત વીતી બાકી પડેલ છે જેની વસૂલાત માટે કોઈજ પ્રયત્નો કરવામાં આવેલ નથી.

(૨) મંડળી છેલ્લા બે વર્ષથી વસુલાત આપતી નથી અને મુદતવીતી પર સભાસદો ઉપર કલમ-૧૦૬ પ્રમાણે દાવો કરવા પાત્ર હોવા છતાં મંડળીએ ફક્ત અગાઉના વર્ષોમાં કરેલ દાવા ૫ (પાંચ) સિવાય બાકી ૪૭ દાવા હજી રજુ કરેલ નથી.

(૩) મંડળીએ સભાસદોને દવા ધિરાણ રૂપિયા ૨૧૪૫૯/- તથા ખાતર ધિરાણ રૂા. ૧,૩૬૪/- કરી છે જેનો વસૂલાત મંડળીએ કરેલ નથી કે તેઓ ઉપર કલમ-૯૬ પ્રમાણે દાવા પણ કરેલ નથી.

(૪) મંડળીએ તારીખ ૧૩મી જુલાઈ ૧૯૮૮ થી તારીખ ૧૬મી ઓગસ્ટ ૧૯૮૮ અને ૧૭મી સપ્ટેમ્બર ૧૯૮૮ ના રોજ અનુક્રમે ૮, ૨ અને ૧૨ સભાસદોની વસૂલાત વ્યાજ લીધા સિવાય કરીને બેન્ક અને મંડળીને મોટું નુકશાન કરેલ છે.

(૫) મંડળીએ વસૂલાતની આવેલી રકમ બેન્કમાં નહી ભરતા ત્રણજ સભાસદોને રૂપિયા ૧,૪૦,૦૦૦ નુ બીન અધિકૃત ગેરકાયદેસર ધારા ધોરણ વિરૂધ્ધ ધિરાણ કરેલ છે.

(૬) રૂા. ૧,૪૦,૦૦૦ ના બીન અધિકૃત ગેરકાયદેસર ધારા ધોરણ વિરૂધ્ધ જે ધિરાણ કરેલ છે તે મંડળીના ચાલુ પ્રમુખશ્રી હર્ષદભાઈ જેઠાભાઈ પટેલના કટુંબીજનો છે જેમ કે.

બીન અધિકૃત ધિરાણ લેનાર	રકમ રૂપિયા	ચાલુ પ્રમુખ સાથેનો સંબંધ
(૧) ધર્મિષ્ઠાબેન હર્ષદભાઈ પટેલ	૫૦,૦૦૦	પત્ની
(૨) મંજુલાબેન રજનીકાંન્ત પટેલ	૬૫,૦૦૦	ભાઈની પત્ની
(૩) જયપ્રકાશ હીરાભાઈ પટેલ	૨૫,૦૦૦	કટુંબી ભાઈ
કુલ	૧,૪૦,૦૦૦	

ઉપરોકત ત્રણેય સભાસદોને શાખ ઉપરાંતનું ધિરાણ કરેલ છે અને ત્રણેય સભાસદોના જમીન ઉપર બોજો ઓછો છે અ. નં. ૧ની જમીન સંયુકત નામે હોવા છતાં જમીન ઉપર બોજો નોંધાવવામાં સંયુકત નામની સહી કે સંમતિ લીધેલ નથી તથા અનુ. નં. ૧ ની મુદતવીતી બાકીદાર હોવા છતાં ઉપરોકત બીન અધિકૃત ધિરાણ મંડળીએ કરેલ છે.

(૭) મંડળીએ સને ૧૯૮૬-૮૭માં રૂા. ૧૩૧૦૩ તથા ૧૯૮૭-૮૮ માં રૂપિયા ૮૫૮૦૧/ મળીને કુલ રૂા. ૯૮૯૦૪ વસૂલાત આવેલી રકમ બેન્કમાં નહી ભરતાં બીન અધિકૃત ધિરાણ કરવામાં ઉપયોગ કરેલ છે.

(૮) મંડળીના કમિટી સભ્યો પાસે મુદતવીતી લ્હેણું બાકી છે.

(૯) મુદા નંબર ૫માં જણાવેલ ધિરાણ મંત્રીશ્રીએ હોદાનો દરઉપયોગ કરીને કરેલ છે આવા સંજોગોમાં વસૂલાતની અને બીન અધિકૃત ધિરાણની યોગ્ય કાર્યવાહી કરવા વ્યવસ્થાપક કમિટીને બરતરફ કરી વહીવટદારની નિમણુંક કરવા દરખાસ્ત કરેલ છે.

ઉકત ક્રમ નંબર ૧ થી ૯ ની વિગતો લક્ષમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ ની જોગવાઈ મુજબ મંડળીની વ્યવસ્થાપક સમિતિ બરતરફ કેમ ન કરવી.? અને વહીવટદારની નિમણુંક કેમ ન કરવી? તે અંગેની લેખીત રજુઆત આ કચેરીને કરવા કાર્યવાહકોને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક વહટ/૦૧/ચ-૧/૪૯૧/૯૦, તારીખ ૧૯મી માર્ચ ૧૯૯૦ અન્વયે અત્રેની કચેરીમાં તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૦ ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા રજી. પો. એ. ડી થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ પરંતુ કોઈ હાજર રહેલ ન હતા કે યોગ્ય લેખીત રજુઆત કરેલ નથી. ત્યારબાદ અત્રેની કચેરીના પત્ર નંબર વહટ/૦૧/ચ-૧/૯૧૯/૯૦, તારીખ ૨૨મી જુન ૧૯૯૦ થી અત્રેની કચેરીમાં તારીખ ૪થી જુલાઈ ૧૯૯૦, ના રોજ ૧૬-૦૦ કલાકે હાજર રહી સંતોષકારક રજુઆત કરવા જણાવવામાં આવેલ તેમજ પત્રાંક વહટ/૦૧/ચ-૧/૧૮૫૮/૯૦, તારીખ ૨૧મી જુલાઈ ૧૯૯૦ થી તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૦ ના રોજ ૧૪-૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ જેમાં પ્રમુખશ્રી તેમજ કમીટી સભ્યશ્રીએ ઉચાપતની વસૂલાત માટે દાવો નોંધાવવા વસૂલાત અંગે તાલીકલમ-૧૦૬ ના કેસો તૈયાર કરી રજુ કરવા, દેવા રાહત યોજના અન્વયેની કાર્યવાહી પૂર્ણ કરવા બાંહેધરી આપેલ, ત્યારબાદ અત્રેના પત્ર ક્રમાંક વહટ/૦૧/ચ-૧/૧૬૫૧ તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૦ થી પ્રમુખ મંત્રીને ઉચાપતની વસૂલાત માટે દાવો નોંધાવવા, વસૂલાત અંગે કલમ-૧૦૬ ના કેસો તૈયાર કરી રજુ કરવા મુદતવીતી બાકીદાર કમીટી સભ્યોને સભ્યપદેથી છુટા કર્યાનો ઠરાવની નકલ મોકલવા જણાવવામાં આવેલ પરંતુ તેમ કરવામાં આવેલ નથી.

ઉકત હકિકતો લક્ષમાં લેતાં મંડળીનું કામકાજ પેટા નિયમ ઉદ્દેશો અને હેતુઓ મુજબ ચાલતું નથી વહીવટકર્તાઓ ધિરાણ વસૂલાતની રકમ બેન્કમાં જમાં કરાવવામાં સક્રીય નથી રસ દરાવતા નથી મંડળીનું કામકાજ અનિયમિત તથા સ્થગિત અવસ્થામાં છે મંડળીના કાર્યવાહકો પાસે વહીવટ હશે ત્યા સુધી કામગીરીમાં ફેરફાર થવાની શકયતા નથી. પરિણામે બેન્કમાં નાણાં જોખમાય છે સમગ્ર રીતે જોતા મંડળીનો વહીવટ અને નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ છે. વ્યવસ્થાપક સમિતિ મંડળીના પેટા નિયમો તેમજ સહકારી કાયદા કાનુન અન્વયે ફરજો બજાવવામાં તદન નિષ્ફળ નિવડ્યાનું સ્પષ્ટ થઈ આવેલ છે. મંડળીના હિત અસ્તિત્વ તેના હિતો અને સભ્યોના હિતોને સાચવવામાં તદન નિષ્ફળ નિવડેલ છે. આમ ઉપરોકત કારણે વ્યાજબી જણાતા નીચે મુજબ વહીવટદારની નિમણુંક કરતો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

હું, શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૮૧ (૧) (ડ) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ ધી ઓસલામ વિ. કા. સેવા સહકારી મંડળી લી. ઓસલાભ તાલુકો કરજણ જિલ્લો, વડોદરાની વ્ય. સમિતિની પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે આથી દૂર કરવા હુકમ કરૂ છુ અને મજકુર અધિનિયમની કલમ-૮૧ (૧) (બ) (૨) અન્વયે મંડળીનો વહીવટ કરવા ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. વડોદરાની વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમણુંક કરૂ છું,

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેની ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળ માંથી આપવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદાર મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હિતમાં તમામ કામગીરી અત્રેની દેખરેખ તથા સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫ અંકે રૂપિયા પચ્ચીસ પુરા નકકી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીની માસીક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રેકો આ કચેરીમાં નિયમિત રજુ કરવાના રહેશે.

વડોદરા, તારીખ ૨૫મી માર્ચ ૧૯૯૨

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક વહટ/૦૧/ધ-૨/૨૭૨, તારીખ ૧૨મી એપ્રિલ, ૧૯૯૧.

આમુખ-૧માં જણાવેલ હુકમથી વાંકાનેર ધરી બાંધનારી સહકારી મંડળી લી. વાંકાનેર તાલુકા સાવલી જીલ્લો વડોદરામાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે વહીવટદાર તરીકે શ્રી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ છે. તેમાં નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવે છે.

સુધારો

જા. નં./વહટ/૦૧/ધ-૨/૫૩૫/૯૨.—(૧) ઉકત હુકમની ચોથી લીટીમાં "વ્યવસ્થાપક મંડળને પ્રાથમિક તબકકે વહીવટદાર બેન્કનો વહીવટ સંભાળે "તેને બદલે" "વ્યવસ્થાપક મંડળને પ્રાથમિક તબકકે વહીવટદાર મંડળીનો વહીવટ સંભાળે" તે રીતે વાંચવું.

(૨) ઉકત હુકમ (૧) માં "બેન્કના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા બેન્કના ભંડોળ-માંથી આપવાનો રહેશે" તેને બદલે "મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી આપવાને રહેશે" તે રીતે વાંચવું.

(૩) ઉકત હુકમ (૨) માં પહેલી લીટીમાં તથા બીજી લીટીમાં જ્યાં જ્યાં "બેન્ક" શબ્દ લખેલ છે ત્યાં ત્યાં "મંડળી" શબ્દ વાંચવું.

(૪) ઉકત હુકમ (૪)માં પહેલી લીટીમાં "બેન્ક" શબ્દને બદલે "મંડળી" શબ્દ વાંચવું.

વડોદરા, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના પત્ર નંબર વહટ / ૦૧ / ધ-૨ / ૯૪૬/૯૧ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

ક્રમાંક વહપ / ૦૧ / ધ--૨ / ૫૩૭ /૯૧.—શ્રી લીંગસ્થળી ગ્રુપ-વિવિધ કાર્યકારી મંડળી લી. લીંગસ્થળી તાલુકો ડભોઈએ સહકારી કાયદા હેઠળ નોંધાયેલ એ સહકારી મંડળી છે. જેનો હવે પછી-- "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૧) તારીખ ૯મી ઓગસ્ટ, ૧૯૯૦ ના રોજની બંધ સિલક રૂા. ૮૨,૬૧૧-૦૫ શ્રી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી. કારવણ શાખાના ઈન્સ્પેકટરશ્રીની તપાસણી વખતે ખાત્રી કરવા માટે મંડળીની સિલકનો હવાલો ધરાવતા જવાબદાર મંત્રીશ્રી રણછોડભાઈ પરસોત્તમભાઈ પટેલએ રજુ કરેલ હતી. આ રકમ તેઓએ પોતાના અંગત કામે વપરાઈ ગયેલ હોવાનું તારીખ ૯ મી ઓગસ્ટ ૧૯૯૦ ના રોજ આપેલ નિવેદન અને આ રકમ મંડળીએ બરોડા સેન્ટ્રલ કો. આપરેટીવ બેન્ક લી. ના લોન ખાતે જમા કરાવવા બાંહેધરી પણ આપેલ. આ રકમ બેન્ક લોન ખાતે જમા ન કરાવતાં તારીખ ૧૫મી ઓગસ્ટ ૧૯૯૦ ની વ્યવસ્થાપક સમિતિએ બે ઈસમોના ખોટા કરજખતો બનાવીને રકમ રૂા. ૮૦,૦૦૦ ની સિલક ઓછી કરેલ જે બે ઈસમો (૧) પટેલ બેચરભાઈ મોતીભાઈ ખાતે રૂા. ૪૦,૦૦૦ (૨) પટેલ અનિલકુમાર ચંદુભાઈ ખાતે રૂા. ૪૦,૦૦૦ મળી કુલ રૂા. ૮૦,૦૦૦ રોજ મેળ ઉધારવામાં આવેલ છે.

(૨) મંડળીએ ધિરાણની પ્રવૃત્તિ બેન્ક પાસેથી શાખ પત્રક મંજુર કરાવ્યા બાદ શાખ મંજુર થયેલ સભાસદોને ધિરાણ આપવાનું છે. ઉપરોકત ઈસમોની આવી શાખ મંજુર થાય અને તે શાખની રકમ બેન્ક ખાતામાં જમા આવે તેટલી રકમ, તેટલા સભાસદોને ધિરવાની થાય. ઉપરોકત રકમ રૂા. ૮૦,૦૦૦ જે ધિરાણ દર્શાવવામાં આવેલ છે. તે સભ્યો પાસેથી વસુલ આવેલ ધિરાણની રકમ હોઈ આ રકમ બેન્કમાં લોન ખાતે ભરપાઈ કરવાને બદલે ધિરાણ કરી દેવામાં આવેલ છે. તે કૃત્ય અન-અધિકૃત અને ગેરકાયદેસરનું છે.

(૩) અનિલકુમાર ચંદુભાઈ પટેલના નામે જે ધિરાણ રૂા. ૪૦,૦૦૦ ઉધારવામાં આવેલ છે તેઓના તારીખ ૫ મી નવેમ્બર, ૧૯૯૦ ના નિવેદન અનુસાર તેઓએ કરજ લીધેલ નથી અને માલના રૂપમાં કે રોકડના રૂા.પમાં કરજ મેળવેલ નથી તેજ અનુસાર બેચરભાઈ મોતીભાઈ પટેલએ તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૦ ના નિવેદન થી રૂા. ૪૦,૦૦૦ નું ધિરાણ મેળવ્યાનો ઈન્કાર કરેલ છે.

(૪) તારીખ ૯ મી ઓગસ્ટ, ૧૯૯૦ ના રોજ અંગત કામે વપરાઈ ગયાની મંત્રીશ્રી રણછોડભાઈ પ. પટેલએ આપેલ નિવેદન અનુસાર જે રકમ તારીખ ૯ મી ઓગસ્ટ ૧૯૯૦ ના રોજ ઉપલબ્ધ ન હતી. તે જ રકમમાંથી તારીખ ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૦ ના રોજ ધિરાણ આપવામાં આવે તે હકીકત ગ્રાહ્ય રાખી શકાય નહીં.

(૫) તારીખ ૧૫ મી ઓગસ્ટ, ૧૯૯૦ ના રોજ (૧) બેચરભાઈ મોતીભાઈ રૂપિયા ૪૦,૦૦૦ (૨) અનીલકુમાર ચંદુભાઈને રૂા. ૪૦,૦૦૦-- ધિરાણ મંજુર કરવા નીચે મુજબના સભાસદોની સમિતિએ નિર્ણય લીધેલ છે.

(૧) પી. વી. રવિદાસ ભગવાનભાઈ
(૨) પટેલ ધનજીભાઈ ભાઈલાલભાઈ
(૩) પટેલ ઘનશ્યામભાઈ રણછોડભાઈ
(૪) પા. વા. હરિભાઈ દેસાઈભાઈ
(૫) પા. વા. નાનાભાઈ ગુલાબભાઈ

INDEX

પ્રસ્તુત પ્રકરણમાં મંડળીના વ્યવસ્થાપક સમિતિ સભ્યોને અત્રે તારીખ ૧૩ મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ કારણદર્શક નોટીસ આપી અને તારીખ ૧ લી માર્ચ, ૧૯૯૧ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ સદર મુદતે જાહેર રજા આવતી હોવાથી મુલત્વી રાખી તેને બદલે તારીખ ૪થી માર્ચ, ૧૯૯૧ ના રોજ સુનાવણી રાખેલ, જે મુદતે (૧) ગીરીશભાઈ રાવજીભાઈ પટેલ (૨) પા. ત્રિકમભાઈ છીતાભાઈ હાજર રહ્યા હતાં. તેઓએ મંડળીના કારોબાર વિષે અજાણ હેવાનું તેમજ સદર ધિરાણ બાબતે કાંઈ જાણતા ન હેવાનું જણાવેલ છે. અન્ય સમિતિ સભ્યો હાજર રહ્યા ન હતાં.

તારીખ ૧૩ મી ફેબ્રુઆરી ૧૯૯૧ ની કારણદર્શક નોટીસ ના અનુસંધાને (૧) રવીદાસ ભગવાનદાસ પા. વા. (૨) પટેલ ઘનશ્યામભાઈ રણછોડભાઈ (૩) પા. વા. હરિભાઈ દેસાઈભાઈ (૪) નાનાભાઈ ગલાબભાઈ (૫) પટેલ ધનજીભાઈ ભાઈલાલભાઈ એ સંયુકત જવાબ તારીખ વિનાના પત્રથી મોકલેલ છે. જે તારીખ ૨૭ મી ફેબ્રુઆરી ૧૯૯૧ ના રોજ મળેલ છે. જવાબમાં સભાસદોની માંગણી આવવાથી ધિરાણ કરેલ છે. અને સ્થાપિત હિતોએ પોતાનું મોટું લહેણું ભરપાઈ કરવું ન પડે અને માંડવાળ કરી દેવાનું અનુકુળ થાય તે માટે આ કાવત્રુ ઘડે છે. તેવી બાબતો જણાવેલ છે. તેમજ આવો ગુન્હો કરેલ હેવાનો ઈન્કાર કરે છે.

સદર સમિતિ સભ્યોનો જવાબ ગ્રાહ્ય રાખી શકાય નહિ કારણ કે સાત સભ્યોની સમિતિ પૈકી બે સમિતિ સભ્યો આ બાબતે અજાણ છે. ધિરાણ મંજુર થયેલ શાખામાંથી કરવાનું હોય છે. તેમજ વસુલાતની કરમો બેન્ક લોન ખાતે જમા કરાવવાને બદલે ધિરાણ ખાતે ઉધારી રેકર્ડ મુજબ ઉભુ કરવામાં આવેલ છે. જે રકમ તારીખ ૯ મી ઓગસ્ટ ૧૯૯૧ ના રોજ મંત્રીશ્રી અંગત કામે વાપરેલ તે રકમ મંડળીમાં કયારે આપી તેના કોઈ પુરાવા રજુ કરેલ નથી. તારીખ ૯ મી ઓગસ્ટ ૧૯૯૧ ના રોજ ઉચાપતમાં સંડોવાયેલ રકમને ધિરાણ તરીકે ઉધારવા જે કરજ ખાતા અને ઠરાવો કરવામાં આવેલ છે. તે બાબતે સંબંધીત દર્શાવેલા કરજદાર--સભ્યો અને મંડળી સાથે કરેલ દ્રોહ છે. તે બાબતેને ન્યાયી અને કાદદા કાનુન ને અનુરૂપ માની શકાય નહીં.

આમ મંડળીની સમતિ મંડળીના મંત્રીશ્રીએ કરેલ ઉચાપતને છાવરવાનું તથા મંડળીને આર્થિક નુકશાનમાં ઉતારી સહકારી મંડળીના સભાસદોએ મુકેલ વિશ્વાસ સાચવવામાં અને પેટા--નિયમો તથા કાયદા કાનુન મુજબ વર્તવામાં નિષ્ફળ નિવડયાનું જણાઈ આવેલ છે. અને મંડળી તથા સભાસદોના હિતને નુકશાન થાય તેવું કૃત્ય કરેલ હોઈ, સહકારી કાયદાની કલમ ૮૧ અનુસાર નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

હું એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ--૮૧ (૧) (ક) હેઠળ પ્રાપ્ત સત્તાની રૂઈએ શ્રી લીંગસ્થળી ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. લીંગસ્થળી તાલુકો ડભોઈની વ્યવસ્થાપક સમિતિને પ્રાથમિક તબકકે વહીવટદાર મંડળીનો વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દૂર કરવાનો હુકમ કરું છું. અને મજુર અધિનિયમની કલમ ૮૧ (૧) (બ) (૨) અન્વયે મંડળીની વહીવટ કરવા વહીવટદાર તરીકે શ્રી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી. વડોદરાની નીચેની શરતોને આધીન નિમણુંક કરૂં છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિ ના તમામ અધિકારી ભોગવવા અને મંડળીના હિતમાં તમામ કામગીરી અત્રેની દેખરેખ તેમજ સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫ (અંકે રૂપિયા પચ્ચીસ પુરા) નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે મંડળીની માસિક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે નિયમિત આ કચેરીમાં રજુ કરવાના રહેશે.

વડોદરા, તારીખ ૨૫મી માર્ચ ૧૯૯૨.

વંચાણે લીધા :--

(૧) અત્રેની કચેરીને હુકમ ક્રમાંક વહટ/૦૧/ઘ--૨/૧૦૨૯/૯૧, તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૧.

ક્રમાંક વહટ / ૦૧ / ઘ-૨ / ૬૪૫/૯૨.— આમુખ (૧) માં જણાવેલ હુકમથી શ્રી સત્યનારાયણ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., દંતેશ્વર વડોદરામાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૮૧ અન્વયે વહીવટદાર તરીકે શ્રી એમ. બી. વૈદ્ય, ઠે.કારૂં નરસિંહજીની પોળ, દલા પટેલની પોળ, વડોદરાની નિમણુંક કરવામાં આવેલ છે તેમાં નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવે છે.

સુધારો

(૧) ઉકત હુકમની પહેલા પાન ઉપરની બીજી લીટીમાં સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ઘ / ૩૪૪૯, તારીખ ૨૯મી મે, ૧૯૯૧ તેને બદલે સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ઘ / ૩૪૪૯, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૭૧ તે રીતે વાંચવું.

વડોદરા, તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૨.

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીનો હુકમ નં. /વહટ/૦૧/ઘ-૨/૨૩૦ તા. ૪થી એપ્રિલ ૧૯૯૧

(૨) શ્રી એસ. વી. પાઠક વહીવટદારશ્રીની તા. ૨૯મી એપ્રિલ ૧૯૯૨નો પત્ર.

હુકમ

ક્રમાંક :વહટ/૦૧/ઘ-૨/૭૨૫/૯૨.—આમુખ-૧માં દર્શાવેલ અત્રેની કચેરીના તા. ૨૭મી જાન્યુઆરી ૧૯૯૨ના હુકમથી હરિનગર કો. ઓપ. હા. સો. લી. પાદરા જિ. વડોદરામાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે શ્રી એસ. વી. પાઠકની નિમણુંક કરવામાં આવેલ હતી. પરંતુ આમુખ (૨)માં જણાવેલ તા. ૨૯મી એપ્રિલ ૧૯૯૨ ના પત્રથી તેઓશ્રીની રજુઆત મુજબ મંડળીના કેટલાક હોદ્દેદારોની રૂબરૂ સંપર્ક સાધવા પ્રયત્ન કરતાં તે સરનામે હોદ્દેદારો મળતા નથી, તેમજ તપાસમાં જાણવા મળ્યા મુજબ તેઓ જણાવેલ સરનામે રહેતા નથી જેથી પત્ર દ્વારા કે અન્ય કોઈ રીતે તેમનો સંપર્ક સાધી વહીવટી ચોપડા વગેરેનો કબજો મેળવી શકાય તેમ નથી. તેમજ શ્રી એસ. વી. પાઠક આવતાં વર્ષની પેનલમાં રહેવા માંગતા નથી. જેથી આમુખ (૧)માં જણાવેલ ઓર્ડર રદ કરીબીજા કોઈ અધિકારીની વહીવટદાર તરીકે નિમણુંક આપવા રજુઆત કરેલ છે.

INDEX

જે લક્ષમાં લઈને આમુખ (૧)માં જણાવેલ હુકમમાં અંશત : સુધારો કરીને મંડળીના વહીવટદાર તરીકે શ્રી વી. આર. દેસાઈની નિમણુંક તેઓ વહીવટદાર તરીકે નો ચાર્જ સંભા ળે તે તારીખથી માસિક રૂા. ૧૦૦ અંગે રૂપિયા એકસો પુરા ના મહેનતાણાથી નીચેની શરતોને આધીન આથી નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેની ચાલુ ખર્ચ તેમજ વહીવટદાર નુ મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનુ રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકાર ભોગવવાના રહેશે અને મંડળીની તમામ કામગીરી વખતોવખત/ જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ વડોદરાના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાનુ રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનુન અને પેટા નિયમોને આધીન રહીને કરવાની રહેશે.

(૪) વહીવટદારશ્રીએ માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હિતમાં કામગીરી હાથ ધરવાની રહે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત કરવામાં આવે તેવા સમયે નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૨૨મી મે ૧૯૯૨.

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીના તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૮૩ના વચગાળાના હુકમ ક્રમાંક/ફડચ/૦૧/ઘ-૧/૮૭૯/૮૩.

(૨) અત્રેની કચેરીના તા. ૧૭મી સપ્ટેમ્બર ૧૯૮૫ના અંતિમ હુકમ ક્રમાંક/ફડચા/ફ-૮૦૦૩/૦૧/ઘ-૧/૫૮૬/૮૫

(૩) શ્રી રજિસ્ટ્રાર સહકારી મંડળી ગુજરાત રાજ્ય, ગાંધીનગરની અપીલ નં. ૪૭/૮૫ અન્વયેનો ચુકાદો.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ -૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૩/૯૨૩/૯૨.—ધી માસર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. માસર, તા. પાદરા, જિ. વડોદરા એ સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી 'મંડળી' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સદર મંડળીને સંદર્ભ-(૧) હેઠળ ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરા પાસેથી મેળવેલ નાણાંકીય સવલતોની મુદતવીતી બાકીના તારણો તેમજ મંડળી સ્થગિત અને સભ્યોને રસ ન હોવાના સંજોગો હેઠળ સહકારી કાયદાની કલમ-૧૦૭-(૪) હેઠળ સદર મંડળી ને ફડચામાં લઈ જવા અંગે વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે જ હુકમ હેઠળ કલમ-૧૦૮-(૧)અન્વયે, ફડચા અધિકારી તરીકે, સહકારી અધિકારી નં. -૨, સદર કચેરીને નિમવામાં આવેલ ઉક્ત હુકમથી મંડળીને એક માસની મુદતમાં રજુઆત કરવાની તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં સંદર્ભ-(૨) હેઠળ અત્રેનો તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૮૩નો ફડચાનો વચગાળાનો આદેશ કાયમ કરવામાં આવેલ.

સંદર્ભ-(૨) હેઠળના અત્રેના તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૮૫ના આદેશથી નારાજ થઈ સહકારી કાયદાની કલમ-૧૦૯ હેઠળ રજિસ્ટ્રાર શ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સમક્ષ અપીલ નં. ૪૭/૮૫ દાખલ કરેલ સદર અપીલ ઉપર તારીખ ૫મી જન્યુઆરી ૧૯૮૭ના આદેશ અનુસાર મંડળીની અપીલ અંશત: ગ્રાહ્ય રાખી રીમાન્ડ કરવામાં આવેલ જેનાં અનુસંધાને છેલ્લે અત્રેના તા. ૩૦મી એપ્રિલ ૧૯૯૨ના પત્રથી તારીખ ૧૧મી મે ૧૯૯૨ના રોજ આ કચેરી સમક્ષ સુનાવણી રાખેલ સદર મુદતે મંડળીના મંત્રીશ્રી ભાઈલાલભાઈ જીવાભાઈ પટેલ હાજર રહયા અને છેવટની સ્થિતિ બાબતે નીચેની વિગતે રજુઆત કરી કે.

(૧) મંડળીના હિસાબો નિયમિત લખાય છે. ઓડીટ થાય છે. તેમજ તેની દુરસ્તી પણ થાય છે.

(૨) દર વર્ષે વાર્ષિક સામાન્ય સભા મળે છે કમીટીની રચના થાય છે. અને દર માસે એક વખત કમીટીની મીટીંગ મળે છે.

(૩) મંડળીએ હિસાબ લખવા માટે મંત્રીની નિમણુંક કરવામાં આવેલ છે.

(૪) સભ્યો, કમીટી સભ્યો તથા હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ છે.

(૫) મંડળી ધિરાણનું પણ કામકાજ કરે છે મંત્રીશ્રીએ ૮૪-૮૫ થી ધીરાણનો હિસાબ બતાવતું પત્રક રજુ કર્યું તેમાં ૯૦-૯૧ના તેમજ ૯૧-૯૨ના વર્ષમાં મંડળીએ ધીરાણ તેમજ વસુલાત બન્ને કામગીરી કરી છે તેથી મંડળી સ્થગિત નથી તે જણાય છે. તેમ તેમણે જણાવ્યું.

(૬) મંડળીના પ્રમુખ તરીકે શ્રી મનુભાઈ અંબાલાલ પટેલ છે. તેઓ ગામ ઉપર રહે છે અને મંડળીની કામગીરી ઉપર દેખરેખ રાખે છે.

મંત્રીશ્રીએ મંડળીનું તા. ૧લી જુલાઈ ૧૯૯૧થી ૩૦મી એપ્રિલ ૧૯૯૨નું વરવૈયું, તારીજ, નફા. નુકશાન ખાતુ રજુ કરી જણાવ્યું કે મંડળી હવે સ્થગિત અવસ્થામાં નથી મંડળી ચલાવવામાં સભ્યોને રસ છે. અને મંડળી ચાલુ હશે તો સારી વસૂલાત આવશે અને સભ્યો નવુ ધીરાણ મળતા મંડળી ઉપયોગી થશે. જેથી ફડચામાં નહી લઈ જવા વિનંતી કરેલ છે.

ઉપરોકત રજુઆત સાથે તા. ૧લી જૂલાઈ ૧૯૯૧ થી ૩૦મી એપ્રિલ ૧૯૯૨ સુધીના હિસાબો તેમજ સને ૮૪-૮૫ થી ૯૧-૯૨ સુધીના સમયની કામગીરી સભાસદો પાસેથી લોન વસુલાત તેમજ તેમજ બેન્કને ભરપાઈ કરેલ લોનનું પત્રક રજુ કરેલ છે.

પત્રકની વિગતો તેમજ રજુઆતની વિગતો જોતાં મંડળીના સભ્યો ને મંડળીની પ્રવૃત્તિ ચલાવવામાં રસ તેમજ ધીરાણ તેમજ વસુલાતની કામગીરી ઉદ્દેશો મુજબ કરવાની તત્પરતા દાખવતા હોવાનું સ્પષ્ટ થતા નીચે મુજબ નિર્ણય લેવામાં આવે છે.

હુકમ.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(3) અનુસાર પ્રાપ્ત સત્તાની રૂએ ધી માસર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. માસર તા. પાદરા જિ. વડોદરા ને ફડચામાં લઈ જવા અંગેનો આ કચેરીનો તા. ૩જી સપ્ટેમ્બર ૧૯૮૩નો હુકમ ક્રમાંક -ફડચ/૦૧/ઘ-૧/૮૭૯ આથી રદ કરવામાં આવે છે.

વડોશદરા, તારીખ ૮મી જુન, ૧૯૯૨

એસ. પી. ભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના આદેશ ક્રમાંક ફડચા/૧૩૬/ફા / ૬૫૨૮/બી-૭૬/ ૭૯ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૭૯.

(૨) જિલ્લા ફડચા અધિકારી ધી સા. કો. બેંક લી. ના તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૧ ના જા. નં.: ફડચ/૭૪/ખ-૨૧૧૭૦ થી રજુ થયેલ સદર મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) આ કચેરીના તારીખ જાન્યુઆરી ૧૯૯૨ થી મંજુર થયેલ નોંધ.

આદેશ

ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૯/૯૨.—ધી નેનપુર ગ્રુપ સેવા સહકારી મંડળી લી. મુકામ : નેનપુર તાલુકો : બાયડ જિલ્લો : સાબરકાંઠાની નોંધણી શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ/ પંચાયત હિંમતનગરની નોંધણી નંબર : સે-૨૬૦૦૧ તારીખ ૭મી એપ્રિલ ૧૯૬૫થી કરવામાં આવી હતી. અને તેને આ કચેરીના સંદર્ભ (૧) નાં ટાંકેલા આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ સંસ્થાના ફડચા અધિકારીશ્રીના સંદર્ભ (૨) માં ટાંકેલા અહેવાલ પ્રમાણે સંસ્થાની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ તેમજ હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી પૂર્ણ થતાં ઉકત અધિનિયમની કલમ-૨૦ અન્વયે સદરહું સંસ્થાની નોંધણી રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ સંસ્થાનું સંસ્થાપિત અસ્તિત્વ નાબુદ થયેલું ગણાશે.

હિંમતનગર, તારીખ ૭મી જાન્યુઆરી. ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના આદેશ નં. : સવન/૦૧/ક/૯૧/૯૦, તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૦.

(૨) વહીવટદાર બેંકના મેનેજરનો તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૧ નો પત્ર નં. લોન્સ/વહટ/૩૪/૩/૨૧૪૫૫.

આલોચના

ક્રમાંક : સવન/૦૧/ક/૫૯/૯૨.—ધી પાદરડી ગામની સેવા સહકારી મંડળી લી. પાદરડી, તાલુકો ખેડબ્રહ્મા, જિલ્લો સાબરકાંઠામાં ઉકત પ્રિ. ૧ ના આદેશથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (૧) અન્વયે વહીવટદાર નિમણુંક કરવામાં આવેલ જેને તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૧ સુધીનો મુદત વધારો આપવામાં આવેલ.

ઉકત પ્રિ. ૨ ના પત્રથી વહીવટદાર બેંકના જણાવ્યા મુજબ મંડળીની ખાસ સાધારણ સભા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૧ ના રોજ મળેલ તેમાં ઠરાવ નં. ૩ થી મંડળીની વ્ય. કમીટી ના સાત સભ્યોની વરણી સર્વાનુમતે કરવામાં આવેલ છે. અને તે ઠરાવની નકલ રજુ કરી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા હુકમ થવા ભલામણ કરવામાં આવેલ છે. આમ મંડળીની વ્ય. ક. ની રચના થતાં મંડળીની વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા નીચે મુજબનો કલમ-૮૧ (૩) અન્વયે આદેશ કરવામાં આવે છે.

આદેશ

આથી હું એમ. સી. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિંમતનગર મને મળેલ સત્તા અને અધિકારની રૂએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (૧) અન્વયે ધી પાદરડી ગામની સે. સ. મં. લી. પાદરડી, તાલુકો ખેડબ્રહ્મા માં વહીવટદારની નિમણુંક કરવામાં આવેલ છે ઉકત આલોચનાની વિગતે કલમ-૮૧ (૩) અન્વયે વ્ય. કમીટીને ચાર્જ સોંપ્યા તારીખથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા આદેશ કરું છું.

હિંમતનગર, તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ ના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ

(૨) આ કચેરીનો તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૯૧ ના જાવક નં. : ફડચ/૦૧/ગ/૧૭૫૨/૯૧ થી કરેલ વચગાળાનો હુકમ.

આલોચના

ક્રમાંક : ફડચ/ફ/૯૦૭૮/ગ/૭૬/૯૨.—ધી ઈટાવા (પાંચ મહુડી) ખેતી માટે પાણી પૂરું પાડનારી સ. મં. લી. તાલુકો : ખેડબ્રહ્મા, જિલ્લો : સાબરકાંઠા કે જે ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમની કલમ હેઠળ નોંધણી ક્રમાંક : ખે-૨૭૨૫, તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૮૭ ના રોજ નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીની વહીવટી સ્થિતિ કથળી જતાં મદદનીશ સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, હિંમતનગરે તેમના તારીખ ૧૬મી મે, ૧૯૯૦ ના અહેવાલથી મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. તે મુજબ મંડળીની કામગીરી ની સમીક્ષા કરવા સારૂં પ્રથમ કારણદર્શક નોટીસ આપી મંડળીના હોદેદારોને તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૧ ના રોજ હાજર રહેવા જણાવેલ હતું. તેમ છતાં પણ કોઈ હાજર રહેલ નથી. પ્રી. ૨ માં જણાવેલ આદેશથી વચગાળાનો આદેશ કરી તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૧ ની મુદત આપવામાં આવેલ હતી. તેમ છતાં પણ મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિત / મૌખિક રજુઆત કરેલ નથી. તે જોતાં મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરેલ છે. તેની નીચેની વિગતે કાયમી રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, હિંમતનગર, ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ધી ઈટાવા (પાંચ મહુડી) ખેતી માટે પાણી પુરું પાડનારી સહકારી મંડળી લી. ઈટાવા તાલુકો : ખેડબ્રહ્મા, જિલ્લો : સાબરકાંઠાને આલોચનાની વિગત જણાવેલ વચગાળાના હુકમને કાયમી રાખી ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરું છું.

૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૮ થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ મંડળીના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચા) ની નિમણુંક કરું છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષમાં ફડચાની તમામ કામગીરી પુર્ણ કરી નોંધણી રદ કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

ફડચા ફીની આકારણી સરકારશ્રીના ધારાધોરણ મુજબ આકારી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૨.

INDEX

વંચાણમાં લીધા :

(૧) આ કચેરીના હુકમ નંબર ફડચ/ફ/૯૦૭૬/ગ/૧૯૪૯/૯૧, તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

(૨) મેનેજર ધી સા. કો. બેંક લી. હિંમતનગરનાં તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૧ નો પત્ર નં. લોન્સ/ફડચ/૩૪/૧૦૭૩૨

(૩) આ કચેરીના તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૨ ની મંજુર થયો નોંધ.

સુધારો

જા. નં. ફડચ/૦૧/ગ/૮૨/૧૯૯૨:— પ્રી.૧માં જણાવેલ આ કચેરીના હુકમમાં ફડચા ફીની આકારણી સરકારશ્રી ના ધારાધોરણ મુજબ કરી તિજોરીમાં રકમ જમા કરાવવાની રહેશે એવું શરતચુકથી દર્શાવેલ છે "તેની જગ્યાએ" ફડચા અધિકારીએ ફડચા ફીનો આકારણી સરકારશ્રીના ધારાધોરણ મુજબ કરી તે રકમ ધી સા. જી. મ. સહકારી બેંક લી. હિંમતનગરમાં જમા કરાવવાની રહેશે. તેમ વાંચવા અત્રેથી સુધારો બહાર પાડવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૨.

— —

વંચાણે લીધા :

૧ ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ ના કાયદાની કલમ-૧૦૭ (૩)ની જોગવાઇ.

(૨) આ કચેરીના વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૫૧/૯૨ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૨ –

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૦૩૯/ગ/૧૦૯/૯૨.—ધી ચાંદરણી સેવા સહકારી મંડળી લી. ચાંદરણી તાલુકા હિંમતનગર જીલ્લો સાબરકાંઠાને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ હેઠળ નોંધણી ક્રમાંક ૧૮૯૪૫ તા. ૨જી સપ્ટેમ્બર ૧૯૮૨ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર મંડળીની સ્થીતી કથળી જતાં ફડચામાં લઇ જવા માટે ધી સા. જી. મસ. બેંક લી. હિંમતનગરે તેમના તારીખ ૧૮મી એપ્રિલ ૧૯૯૧ ના અહેવાલથી ભલામણ કરેલ છે. જે બાબતે મંડળીને આ કચેરીના તારીખ ૨૦ મી જુલાઇ ૧૯૯૧ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૫૮૬/૯૧ થી કારણદર્શક નોટીસ આપી રજુઆત સારૂ તારીખ ૫મી ઓગેસ્ટ ૧૯૯૧ ની મુદત આપેલ હતી. જે તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૧ ના રોજ ચેરમેન સેક્રેટરીએ હાજર રહી મંડળીમાં પ્રગતિ કરવા ખાત્રી આપેલ હતી. આપેલ ખાત્રી પ્રમાણે મંડળીના કાર્યવાહકો કોઇ પ્રગતિ અંગે રજુઆત ન કરતાં પ્રી-૨માં જણાવેલ વચગાળાના આદેશથી તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૨ની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે મંડળીના ચેરમેન સેક્રેટરી હાજર રહેલ છે. પરંતુ તેમને અગાઉ આપેલ નિવેદન પ્રમાણે સમીક્ષા કરતાં કોઇ પણ પ્રગતિ થયેલ નથી. જે જોતાં મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી. જેથી મંડળીને ફડચામાં લઇ જવા સારૂ નીચે પ્રમાણે અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. સી. પટેલ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ હિંમતનગર ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ધી ચાંદરણી ગૃપ સે. સં. મં. લી. ચાંદરણી તાલુકા હિંમતનગર જીલ્લો સાબરકાંઠાને આલોચનામાં જણાવેલ વિગતે વચગાળાને હુકમ કાયમી રાખી ફડચામાં લઇ જવા અંતિમ આદેશ કરૂ છુ.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૮ થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ મંડળીના ફડચા અધિકારી તરીકે ધી સા. જી. મ. સ. બેંક લી. હિંમતનગરની નિમણુંક કરૂ છું. ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી ત્રણ વર્ષમાં ફડચાની તમામ કામગીરી પુર્ણ કરી નોંધણી રદ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

ફડચાની આકારણી સરકારશ્રીના ધારાધોરણ મુજબ કરી ધી સા. જીલ્લા સહકારી બેંક લી. હિંમતનગરમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૨૩મી જાન્યુઆરી ૧૯૯૨.

— —

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો તારીખ ૧૨મી ડીસેમ્બર ૧૯૮૯ નો આદેશ ને સવન/૦૧/ક/૪૬૩૧/

(૨) અંત્રની કચેરીનો તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૦ નો આદેશ નં. સવન/૦૧/ક-૮૫૯/૯૦

(૩) શ્રી વહીવટદાર ધી. શામળાજી કો. ઓ. હા. સો. લી. શામળાજી ની તારીખ ૨૭મી ડીસેમ્બર ૧૯૯૧ નો પત્ર

આલોચના

ક્રમાંક વહટ/૦૧/ક/૧૪૨.—ધી શામળાજી કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. શામળાજી તાલુકા ભીલોડા માં ઉકત પ્રિયમ્બલ-૧ના આદેશથી વહીવટદાર પ્રથા અમલમાં મુકવામાં આવેલ જે તે તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૯૧ સુધીનો મુદત વધારો આપવામાં આવે છે.

વહીવટદારશ્રીના ઉકત પ્રિયમ્બલ-૩ ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીની ખાસ સાધારણ સભા તારીખ ૨૬મી ડીસેમ્બર ૧૯૯૧ ના રોજ મળેલ અને તેમાં વ્યવસ્થાપક કમીટીની નિમણુંક કરવામાં આવેલ છે. અને તેજ દિવસે વહીવટદારે ચાર્જ મંડળીની વ્યવસ્થાપકને સોંપેલ છે. આમ મંડળીનો ચાર્જ વહીવટદારે વ્યવસ્થાપક કમીટીને સોંપતા વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

આદેશ

આથી હું એમ. સી. પટેલ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી હિંમતનગર મને મળેલ સત્તાની અને અધિકારીની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમનીની કલમ-૮૧ (૧) અન્વયે ધી શામળાજી કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. શામળાજી (બેચરપુરા) તાલુકા ભીલોડામાં વહીવટદારની નિમણુંક કરવામાં આવેલ જે ઉકત આલોચનાની વિગતે કલમ-૮૧ (૩) અન્વલે વ્યવસ્થાપક કમીટીને ચાર્જ સોપ્યાથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા આદેશ કરૂ છુ.

હિંમતનગર, તારીખ ૨૩મી જાન્યુઆરી ૧૯૯૨

— —

INDEX

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તારીખ ૨૧ મી મે, ૧૯૯૧ નો આદેશ નં. સવન / ૦૧ / ક / ૯૮૪/૯૧.

(૨) અત્રેની કચેરીનો આદેશ નં. ફડચ :

આલોચના

ક્રમાંક સવન / ૦૧ / ક / ૧૪૩/૯૨.— ધી વ્હોરવાડ કન્ઝયુમર્સ કો. ઓ. સ્ટોર્સ લી., હિમતનગર જિલ્લો સાબરકાંઠામાં ઉકત પ્રિસેમ્બલ ૧ ના આદેશથી સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૭૪ (હ) અન્વયે કસ્ટોડીયન પ્રથા અમલમાં મુકવામાં આવેલ અને શ્રી મદદનીશ સહકારી અધિકારી (સેવા) આ કચેરી નાની કસ્ટોડીયન તરીકે નિમણુંક કરવામાં આવેલ.

સંસ્થાની આર્થિક સ્થિતિ સુધરી શકે તેવી કોઈ શકયતા ન હોવાથી તેમજ સંચાલક મંડળીની રચના ન થઈ શકવાથી મંડળીને ફડચામાં, લઈ જવાની કાર્યવાહી કરતાં ઉકત પ્રિસેમ્બલ--૨ ના આદેશથી-- સંસ્થાને ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે અને તે અન્વયે ફડચા અધિકારીએ સંસ્થાને ચાર્જ તારીખ ૯મી ડિસેમ્બર ૧૯૯૧ ના રોજ સંભાળી લીધેલ છે.

આમ સંસ્થા ફડચામાં જતાં અને ફડચા અધિકારીએ ચાર્જ પણ સંભાળી લીધેલ હોવાથી પ્રિસેમ્બલ-૧ ના આદેશથી નિમવામાં આવેલ કસ્ટોડીયન પ્રથા સમાપ્ત કરવાની થતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

આદેશ

આથી હું એમ. સી પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૭૪(ઘ) અન્વયે ધી વ્હોરવાડ કન્ઝયુમર્સ કો. ઓ. સ્ટોર્સ લી., હિમતનગરમાં નિમેલ કસ્ટોડીયન પ્રથા સંસ્થાના ફડચા અધિકારીઓ ચાર્જ સંભાળ્યા તારીખ થી સમાપ્ત કરવા આદેશ કરૂં છું.

હિમતનગર, તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૨.

વંચાણે લીધા:-

૧. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭(૩)ની જોગવાઈ

૨. સબ ઓડીટર સહકારી મંડળીઓ દુધઈડરનો તા. ૪થી ઓગસ્ટ ૧૯૯૧નો ખાસ અહેવાલ.

૩. મેનેજર ધી સ. જી. મ.સ. બેંક લી. હિમતનગરે તેમના તા. ૧૦મી ઓકટોબર ૧૯૯૧થી મંડળીને ફડચામાં લઈ જવા કરેલ અહેવાલ.

૪. આ કચેરીની તા. ૨૩મી જાન્યુઆરી ૧૯૯૨ની મંજૂર થયેલ નોંધ .

આલોચના

જા. નં. ફડચ/ફ/૯૦૮૦/ગ/૧૨૩/૯૨.—ધી કમાલપુર દધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, કમાલપુર, તા. ઈડર, જિ. સાબરકાંઠા એ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા અનુસાર નોંધણી ક્રમાંક ૧૩૩૧૯ તા. ૨૪મી માર્ચ ૧૯૭૫થી નોંધાવેલી સહકારી સંસ્થા છે. સદર મંડળીની સ્થીતી કથળી જતાં મંડળીના સભાસદોની ખાસ સાધારણ સભા તા. ૨જી જુલાઈ ૧૯૮૯ના રોજ મળેલ જેમાં થયેલ ઠરાવ નં. ૪થી મંડળીને ફડચામાં લઈ જવા સર્વાનુંમતે ઠરાવેલ છે. પ્રી. ૨. માં જણાવ્યા પ્રમાણે સબ. ઓડીટર, સહકારી મંડળીઓ, દુધ ઈડરે પણ મંડળીને ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ મોકલી ભલામણ કરેલ છે. તથા મેનેજર ધી સા. જી. મ. સહકારી બેંક લીમીટેડ, હિમતનગરે પણ તેમના તા. ૧૦મી ઓકટોબર ૧૯૯૧ના પ્રી. ૩માં જણાવેલ પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા દરખાસ્ત કરી ભલામણ કરેલ છે. આ કચેરીના તા. ૪થી ઓકટોબર ૧૯૯૧ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૧૬૮/૯૧થી મંડળીને ફડચામાં લઈ જવા સબબ કારણદર્શીસ નોટીસ આપેલ છે. પરંતુ ટપાલ મંડળી વતી કોઈએ ન લેતાં પરત આવેલ છે. જે ઉપરથી ફલિત થાય છે કે મંડળીને ચાલુ રાખવામાં કોઈને રસ નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવા માટે અંતીમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. સી. પટેલ જિલ્લા રજિસ્ટાર, સ.મં., હિમતનગર ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ધી કમાલપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, કમાલપુર. તા. ઈડર, જિ. સાબરકાંઠાને આલોચનામાં જણાવેલ વિગતે ફડચામાં લઈ જવા અંતીમ આદેશ કરું છું.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૮ અન્વયે મને પ્રાપ્ત થયેલ સત્તા અનુસાર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી સા.જી. મ.સ. બેંક લી. હિમતનગરની નીમણુંક કરું છું. ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી બે વર્ષમાં ફડચાની તમામ કામગીરી પુર્ણ કરી નોંધણી રદ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

ફડચા ફીની આકારણી સરકારશ્રીના ધારાધોરણ મુજબ કરી ધી સા.જી.મ. સહકારી બેંક લીમીટેડ, હિમતનગરમાં જમા કરાવવાની રહેશે.

હિમતનગર, તા. ૨૪મી જાન્યુઆરી ૧૯૯૨.

વંચાણે લીધાં :-

(૧) આ કચેરીના આદેશ ક્રમાંક ફડચા/ફ/૮૪૪૬/ખ/૨૮૨૦ તા. ૨૪મી ડીસેમ્બર ૧૯૯૦.

ના

(૨) જિલ્લા સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરી ના તા. ૩૧મી જાન્યુઆરી ૧૯૯૨ જા. નં. ફડચ/૦૧/ગ/૬૬/૯૨ થી રજુ થયેલ સદર મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) આ કચેરીની તા. ૩૧મી જાન્યુઆરી ૧૯૯૨ની મંજુર થયેલ નોંધ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૮૪૪૬/ગ/૧૧૩/૯૨.—ધી વાવડી (વ) દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મુ. વાવડી, (વડોદરા) તા. પ્રાંતિજ જિ. સાબરકાંઠાની નોંધણી શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ/હિમતનગરના નોંધણી નંબર ૧૮૦૮૭, તા. ૯મી સપ્ટેમ્બર ૧૯૮૦થી કરવામાં આવી હતી. અને તેને આ કચેરીના સંદર્ભ(૧)માં ટાંકેલા આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ સંસ્થા ના ફડચા અધિકારીના સંદર્ભ (૨)માં ટાંકેલા અહેવાલ પ્રમાણે સંસ્થાની

INDEX

ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ તેમજ હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં ઉકત અધિનિયમની કલમ-૨૦ અન્વયે સદરહું સંસ્થાની નોંધણી રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું સંસ્થાનું સંસ્થાપિત અસ્તિત્વ નાબુદ થયેલું ગણાશે.

હિંમતનગર, તા. ૩૧મી જાન્યુઆરી ૧૯૯૨.

વંચાણે લીધા :...

(૧) આ કચેરીના આદેશ ક્રમાંક ફડચા / ૮૪૨૮ / ૦૧ / ખ / ૮૨૩ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૦.

(૨) જિલ્લા સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીના તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૨. જાવક નંબર ફડચ / ૦૧ / ખ / ૫૬/૯૨ થી રજુ થયેલ સદર મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) આ કચેરીની તારીખ / / ૧૯૯૨ ની મંજૂર થયેલ નોંધ.

આદેશ

ક્રમાંક ફડચ / ૮૪૨૮ / ૦૧ / ગ / ૧૫૨/૯૨.— ધી પીરમશહદી કો. ઓ. હા. સો. લી. મુકામ મોડાસા, તાલુકો મોડાસા જિલ્લો સાબરકાંઠાની નોંધણી શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી-- મંડળીઓ પંચાયત હિંમતનગરના નોંધણી નંબર ઘ. ૬૨૭૨ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૭૯ થી કરવામાં આવી હતી. અને તેને આ કચેરીના સંદર્ભ (૧) માં ટાંકેલા આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ સંસ્થાના ફડચા અધિકારીશ્રીના સંદર્ભ (૨) માં ટાંકેલા અહેવાલ પ્રમાણે સંસ્થાની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ તેમજ હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં ઉકત અધિનિયમની કલમ ૨૦ અન્વયે સદરહુ સંસ્થાની નોંધણી રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ સંસ્થાનું સંસ્થાપિત અસ્તિત્વ નાબુદ થયેલું ગણાશે.

હિંમતનગર. તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૨.

મુસદ્દો :—

વંચાણે લીધા :—

(૧) ગાયપગલાં ગૃપ દૂધ ઉ.સ.મં.લી. ગાયપગલાં તાલુકો : માલપુરની વિભાજન કરવાની તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૧ની દરખાસ્ત.

(૨) ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૮-૨૦ (૧).

આલોચના

ક્રમાંક નધણ/૦૧/ક/૧૮૪/૯૨/૧૮૪.—ધી ગાયપગલાં ગૃપ દૂધ ઉ. સ. મં. લી. ગાયપગલાં તાલુકો : માલપુર કે જે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નં. સે.દુ.-૧૨૨૫૫, તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૭૩ છે. જેના કાર્યક્ષેત્રેનાં ગામ મેડીટીંબા અને સોનીકપુરના સભાસદોના અંદરો અંદરના આંતરવિગ્રહ અને ઝઘડાને કારણે મંડળીનું વિભાજન કરી નવીન બે મંડળીઓ અલગ અલગ ગામે શરૂ કરવા ઠરાવેલ છે અને બન્ને ગામોએ અલગ અલગ સુચિત કેન્દ્રો ચાલુ કરી જરૂરી દરખાસ્તો મોકલેલ હોઈ વિભાજન નવીન મંડળીઓ નોંધવાની હોવાથી ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૮ હેઠળની જોગવાઈઓ આધિન અને ઉકત અધિનિયમની કલમ-૨૦ (૧) હેઠળ ધી ગાય-પગલાં ગૃપ દૂધ ઉ. સ. મં. લી. ગાયપગલાંની નોંધણી રદ કરવા નીચે મુજબનો હકમ કરવામાં આવે છે.

હુકમ

આથી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિંમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦(૧) થી મળેલ અધિકારની રૂએ ધી ગાયપગલાં ગૃપ દૂધ ઉ.સ.મં.લી. ગાયપગલાં તાલુકો : માલપુરની નોંધણી નંબર : સે.દુ-૧૨૨૫૫ /૯મી ઓગષ્ટ, ૧૯૭૩ આથી રદ કરવામાં આવે છે.

હિંમતનગર. તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) ધી ગાયપગલાં દૂધ ઉત્પાદક સ.મં.લી. તાલુકો : માલપુરની બે મંડળીમાં વિભાજન કરવાની તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૧ની દરખાસ્ત.

(૨) ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૭.

(૩) આ કચેરીનો નોંધણી રદ કરતો હુકમ નં. : નથણ/૦૧/ક/૧૮૪/૯૨, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૨.

(૪) અત્રેનો તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧નો જા. નં. : સવન/૦૧/ક/૧૧૬૧.

આલોચના

ક્રમાંક નધણ/૦૧/ક/૧૮૩/૯૨/૧૮૩.—ધી ગાયપગલાં દૂધ ઉત્પાદક સ.મં.લી., ગાયપગલાં તાલુકો : માલપુર કે જે ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સંસ્થા છે. જેનો નોંધણી નંબર : સે.દુ/૧૨૨૫૫ તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૭૩ છે. અને કાર્યક્ષેત્રનાં ગામે મેડીટીંબા અને સોનીકપુર છે. સદરહુ કાર્યક્ષેત્ર બંને ગામોના સભ્યોના અંદરો અંદરના ઝઘડાને કારણે વિવાદ ઉભો થતાં મૂળ મંડળીની કામગીરી બંધ કરી બંને મહેસૂલી ગામોએ અલગ અલગ સૂચિત કેન્દ્રો ચલાવવામાં આવે છે. અને મૂળ નોંધણી થયેલ મંડળીનું વિભાજન કરવા મંડળીની તારીખ ૩જી મે, ૧૯૯૧ ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૩ થી અલગ અલગ મંડળી નોંધાવવા ઠરાવેલ છે. અને ગાયપગલાં ગૃપ દૂ.ઉ.સ. મં.લી. નું વિભાજન કરવા ઠરાવેલ છે. અને જેને અત્રેના પત્ર નં. : સવન/૦૧/ક/૧૧૬૧/૯૧, તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧ થી બહાલી આપેલ છે. જે બહાલી આધારે મંડળીએ લગતા વળગતા સભાસદો અને લેણદારોને રજૂઆત કરવાની નિયત મર્યાદામાં વ્યાજબી તક આપેલ છે. અને સર્વેએ સંમતિ દર્શાવેલ છે. મંડળીની જે અકસ્યામતો અધે ફંડો છે તેનું તથા દેવા લેણાનું મંડળીની તારીખ ૨૩મી ઓગષ્ટ, ૧૯૯૧ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૧૧ થી વિભાજન સર્વાનુમતે નક્કી કરેલ છે અને તે પ્રમાણે મુસદો તૈયાર કરેલ છે. જે મુસદો આ સાથેના પરિશિષ્ટ-"અ" માં સામેલ છે. મંડળીની ખાસ સાધારણ સભાએ કરેલ ઠરાવ આધારે વિભાજન થતાં નીચે મુજબની મંડળીઓ બનશે.

(૧) મેડીટીંબા દૂધ ઉત્પાદક સ. મં. લી. મેડીટીંબા. કાર્યક્ષેત્ર મેડીટીંબા ગામ.

(૨) સોનીકપુર દૂધ ઉત્પાદક સ. મં. લી., સોનીકપુર. કાર્યક્ષેત્ર સોનીકપુર ગામ.

INDEX

દૂધ મંડળીઓ નોંધવા બાબતે રજિસ્ટ્રારશ્રી સ. મં. ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નં.: નયણ/૭૪/જ/૩૯૫૧/૮૯ તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૮૯ ને આધીન બંને ગામ મેડીટીંબા અને સોનીકપુર એ રેવન્યુ ગામો છે. વળી બે મંડળીઓનું વિભાજન કાયદાની કલમ-૧૭ હેઠળ થતાં મુળ મંડળી ધી ગાયપગલાં દૂધ ઉત્પાદક સ.મં.લી. ગાયપગલાં તાલુકો માલપુરની નોંધણી ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૮ ની જોગવાઈઓને આધીન તેમજ કાયદાની કલમ-૨૦ અન્વયે પ્રિ. ૩ થી ૨૬ કરવામાં આવેલ છે. અને બંને મંડળીઓના નોંધણી નંબરો અલગ અને નવા આપવાનું ઠરાવવામાં આવે છે.

આમ ઉપરોકત વિગતેથી ધી ગાયપગલાં દૂધ ઉત્પાદક સ.મં.લી. ગાયપગલાં તાલુકો: માલપુરનું વિભાજન કરવા નીચેની વિગતે આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ

જિલ્લા રજિસ્ટ્રાર સ.મં.લી. હિમતનગર મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૭ અન્વયે મળેલ અધિકારની રૂએ ધી ગાયપગલાં દૂધ ઉત્પાદક સ.મં.લી. ગાયપગલાં તાલુકો માલપુરનું નીચેની શરતોને આધિન વિભાજન કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) વિભાજન થતા નવી મંડળીઓ નીચેની વિગતે બનશે.

(અ) મેડીટીંબા દૂધ ઉત્પાદક સ.મં.લી. મેડીટીંબા.

(બ) સોનીકપુર દૂધ ઉત્પાદક સ.મં.લી. સોનીકપુર.

(૨) જૂની મુળ મંડળીનું ઓડીટ મેડીટીંબા દૂધ ઉ.સ.મં.એ કરાવવાનું રહેશે અને તમામ રેકર્ડની જાળવણી કરવાની રહેશે.

(૩) તારીખ ૨૧મી ઓગષ્ટ ૧૯૯૧ સુધીના મુસદ્દા મુજબના હવાલા તેમજ ત્યાર પછીના પણ હવાલા મેડીટીંબા મંડળીએ આપવાના રહેશે.

(૪) બે નવી મંડળીઓની નોંધણી દરખાસ્ત અલગ રજૂ કરવાની રહેશે.

પરિશિષ્ટ—અ

તારીખ ૨૧મી ઓગષ્ટ ૧૯૯૧ ના રોજનું વિભાજિત સરવૈયું

વિગત		મેડીટીંબા	સોનીકપુર	વિગત		મેડીટીંબા	સોનીકપુર
શેર ભંડોળ	...	૪ ૩૩૦.૦૦	૪ ૧૦૦.૦૦	સા. જી. ફ. શેરમાં	...	૫ ૬૦૦.૦૦	૪ ૬૦૦.૦૦
રીઝર્વ ફંડ	...	૯ ૩૬૫.૯૦	૭ ૬૦૯.૮૦	સા. બેંક શેરમાં	...	૫૦.૦૦	૫૦.૦૦
મકાન ફંડ	...	૧૭ ૮૩૦.૧૦	૧૪ ૪૮૬.૯૭	બેન્ક બચત ખાતે	...	૮ ૯૬૩.૮૨	૭ ૨૮૩.૧૦
ઢો. સુ. ફંડ	...	૪૦૯.૪૩	૩૩૨.૬૭	મા. તા. સ. શેરમાં		૧૩૦૦.૦૦	૧,૨૦૦.૦૦
સહકાર પુ. ફંડ	...	૧૫૨.૨૯	૧૨૩.૭૫	ડેડ સ્ટોક ખાતે	...	૪ ૪૦૪.૨૩	૩,૫૭૮.૪૩
ડે. ધ. ફંડ	...	૬૪૪.૨૩	૫૨૩.૫૨	સ્પે. વી. ફી.	...	૪૨૫.૦૦	૭૫.૦૦
સ. શે. ડી.	...	૫૨૮.૦૦	૪૯૨.૦૦	બંધ સિલક	...	૧૦.૭૪	૮.૭૩
દૂધ ભાવફેર	...	૩૮.૫૮	૩૧.૩૬	ખોટ	...	૧૨ ૬૫૫.૨૭	૧૧ ૦૯૩.૯૧
ધર્માદા ફંડ	...	૧૧૦.૪૨	૮૯.૭૨	દૂધ બીલ બાકી	...	...	૪ ૮૯૭.૯૭
દૂધ ચૂ. બાકી	...	...	૪ ૯૯૭.૭૫				
		૩૩ ૪૦૦.૦૬	૩૨ ૭૮૭.૧૪			૩૩,૪૦૯.૦૬	૩૨,૭૮૭.૧૪

હિંમતનગર તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૨.

INDEX

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તારીખ ૨જી માર્ચ, ૧૯૮૯ નો હુકમ નં. : સવન/૦૧/ખ/૩૮૯.

(૨) વહીવટદારશ્રીના તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ ના લેન્સ/વહટ/૩૪/૨૯૦૫૮.

ક્રમાંક વહટ/૦૧/ક/૪૦૪.—ધી પંચાલગઢા ગૃપ સેવા સ. મં. લી. તાલુકો : ખેડબ્રહ્મા, જિલ્લો : સાબરકાંઠાના ઉકત પ્રિસેમ્બલ-૧ ના આદેશથી ધી ગુજરાત સહકાર મંડળીઓના અધિનિયમન કલમ-૮૧ (૧) અન્વયે વહીવટદાર પ્રથા અમલમાં છે.

વહીવટદારશ્રીના તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના ઉકત પ્રીસેમ્બલ-૨ ના પત્રથી જણાવ્યા પ્રમાણે મંડળીની ખાસ સાધારણ સભા તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ મળેલ તેના ઠરાવ નં. ૩ થી મંડળીની વ્ય. કમીટીની રચના કરવામાં આવેલ છે. અને વહીવટ સમાપ્તીની ભલામણ કરેલ છે. જેથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવાની થતાં કલમ-૮૧ (૩) અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હુ સી. પી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. હિંમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (૧) અન્વયે ધી પંચાઈગઢા ગૃપ સેવા સ. મં. લી. તાલુકો ખેડબ્રહ્મા વહીવટદાર પ્રથા અમલમાં છે. જે ઉકત આલોચનાની વિગતે કલમ-૮૧ (૩) અન્વયે વ્ય. કમીટીને ચાર્જ સોંપ્યા તારીખથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા આદેશ કરું છું.

હિંમતનગર, તારીખ ૩જી માર્ચ, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૮૯ નો હુ. નં. : સવન/ન/ખ/૪૬૧૩/૮૯.

(૨) વહીવટદારશ્રીના તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૨ લેન્સ/વહટ/૩૪/૩૧૨૬૧.

આલોચના

ક્રમાંક વહટ/૦૧/ક/૫૯૮/૯૨.—ધી કુડોલ ગૃ. સે. સ. મં. લી., તાલુકો મોડાસા, જિલ્લો : સાબરકાંઠા ઉકત પ્રિસબલ-૧ ના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (૧) અન્વયે વહીવટદાર પ્રથા અમલમાં છે.

વહીવટદારશ્રીના તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૨ ના ઉકત પ્રિસમ્બલ-૨ ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીની ખાસ સાધારણ સભા તારીખ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૨ ના રોજ મળેલ. તેના ઠરાવ નં. ૩ થી મંડળીની વ્ય. કમીટીની રચના કરવામાં આવેલ છે અને વહીવટ સમાપ્તની ભલામણ કરેલ છે જેથી વહીવટદારપ્રથા સમાપ્ત કરવાની થતાં કલમ-૮૧ (૩) અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હુ એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (૧) અન્વયે ધી કુડોલ ગ્રુપ. સેવા સ. મં. લી. તાલુકો : મોડાસામાં વહીવટદાર પ્રથા અમલમાં છે જે ઉકત આલોચનાની વિગતે કલમ-૮૧ (૩) અન્વયે વ્યવસ્થાપક કમિટી ને ચાર્જ સોંપ્યા તારીખથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા આદેશ કરું છું.

હિંમતનગર, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના આદેશ ક્રમાંક ફડચા / ફ / ૮૪૪૪ / ખ / ૨૬૫૦ તારીખ ૪ થી ડિસેમ્બર ૧૯૯૦.

(૨) જિલ્લા સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીના તારીખ ૩૦મી માર્ચ. ૧૯૯૨ ના જાવક નંબર ફડચ / ૦૧ / એ / ૨૪૯ થી રજુ થયેલ સદર મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) આ કચેરીની તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૨ની મંજુર થયેલ નોંધ.

આદેશ

ક્રમાંક ફડચ / ફ / ૮૪૪૪ /ઝ / ૫૦૩/૧૯૯૨.—ધી જય ભૈરવનાથે ખેતી માટે પાણી પુરુ પાડનારી સહકારી મંડળી લી. મુકામ મજર તાલુકો પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠાની નોંધણી શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પંચાયત હિંમતનગરના નોંધણી નંબર ખેડ / ૫૯૫ તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૭૫ થી કરવામાં આવી હતી. અને તેને આ કચેરીના સંદર્ભ (૧) માં ટાંકેલા આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ સંસ્થાના ફડચા અધિકારી શ્રીના સંદર્ભ (૨) માં ટાંકેલા અહેવાલ પ્રમાણે સંસ્થાની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ તેમજ હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં ઉકત અધિનિયમની કલમે ૨૦ અન્વયે સદરહુ સંસ્થાની નોંધણી રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ સંસ્થાપિત અસ્તિત્ત્વ નાબુદ થયેલું ગણાશે.

હિંમતનગર, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના આદેશ ક્રમાંક ફડચા / ૮૪૨૪ / ફ / ૦૧ / ખ / ૪૬૪૯, તા. ૧૫મી ડિસેમ્બર, ૧૯૮૯.

(૨) જિલ્લા સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીના તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૨ ના જાવક નંબર ફડચ / ૦૧ / ખ / ૨૫૧ થી રજું થયેલ સદર મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) આ કચેરીની તારીખ ૩૦ મી માર્ચ ૧૯૯૨ ની મંજૂર થયેલ નોંધ.

આદેશ

ક્રમાંક ફડચ / ૮૪૨૪ / ફ / ૦૧ / ગ/૫૦૧/૧૯૯૨.—ધી વાત્રક હોસ્પીટલના કર્મચારીઓના ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુકામ વાત્રક તાલુકો બાયડ. જિલ્લો સાબરકાંઠાની નોંધણી

INDEX

શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ/પંચાયત, હિમતનગરના નોંધણી નંબર ૧૮૯૪૬, તારીખ ૪ થી સપ્ટેમ્બર, ૧૯૮૨ થી કરવામાં આવી હતી. અને તેને આ કચેરીના સંદર્ભ (૧) માં ટાંકેલા આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું સંસ્થાના ફડચા આધિકારી શ્રીના સંદર્ભ (૨) માં ટાંકેલા અહેવાલ પ્રમાણે સંસ્થાની ફડચાની કાર્ય-વાહી પુર્ણ થયેલ હોઈ તેમજ હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં ઉકત અધિનિયમની કલમ ૨૦ અન્વયે સદરહું સંસ્થાની નોંધણી રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ સંસ્થાનું સંસ્થાપિત અસ્તિત્ત્વ નાબુદ થયેલું ગણાશે.

હિમતનગર, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨.

વંચાણે લીધો :—

(૧) તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૨ ના રોજનો મંડળીની કમિટિ સભ્યોને વહીવટદાર નીમણુંક અંગેનો ઠરાવ નં. ૫.

(૨) ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ કલમ--૮૧.

(૩) ગુજરાત સરકારના ખેતી સહકાર અને ગ્રા. વિભાગના તારીખ ૩૦ મી માર્ચ, ૧૯૯૧ ના નોટીફિકેશન નંબર જી. એચ. કે. એસ/૨૪૭૧/ડીડી/૧૧૮૮/૫૨૦૪/જે થી મળેલ સત્તા.

આલોચના

ક્રમાંક વહી / ૦૧ / ક / ૭૧૦/૯૨.—ધી જુના બાકરપુર દૂ.ઉ. સહકારી મંડળી લી., પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠાએ ૧૯૬૧ના-ગુજરાત સહકારી મંડળી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે-જેનો નોંધણી નંબર રો. દૂ. / ૧૧૫૭૭, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૨ છે. સદરહુ મંડળી સહકારી કાયદા અન્વયે નોંધાયેલ હોવાથી. તેનો વહીવટ આ અધિનિયમ અને મંડળીના ઉપ-નિયમોથી નક્કી કરેલ ફરજો મુજબ બજાવવા નો હોય છે. તેમ છતાં સદરહુ મંડળીને સને ૧૯૯૧--૯૨ ના વર્ષ એટલે કે ચાલુ કમીટીએ સહકાર કાયદા કાનુન અને પેટા નિયમોથી મૂકેલી ફરજો બજાવવામાં કસુર કરેલ છે. અને તેઓની બેદરકારીથી મંડળીને નુકશાન થાય તેમ છે. મંડળીની કમીટીએ બજાવવાની ફરજોમાં નીચેના મુદ્દાઓમાં જણાવ્યા પ્રમાણે બેદરકારી દાખવેલ છે.

(૧) કાયદાની કલમ ૩૪ (૧૨) થી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના ઠરાવ નંબર ૭ થી ફારેગ તથા સભ્યોની જગ્યાએ નવીન સભ્યોની વરણી કરેલ જે તારીખ ૨૦ મી ઓકટોબર, ૧૯૯૧ ના રોજ વ્યવસ્થાપક કમિટીની મીટીંગ બોલાવી ઠરાવ નંબર ૮ રદ કરી ઠરાવ નંબર ૭ મુજબ કમીટીની રચના કરેલ છે.

(૨) મંડળીના કમીટી સભ્યો પૈકી બધાનું દૂધ પેટા નિયમની જોગવાઈ મુજબ આવતું નથી.

(૩) તારીખ ૨૨ મી ઓકટોબર, ૧૯૯૧ ની વ્યવસ્થાપક ની મીટીંગ બોલાવવા તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૧ ના રોજ એજન્ડા કાઢેલ જે પેટા નિયમમાં જણાવેલ સમય મર્યાદા જળવાયેલ નથી.

ઉપરોકત વિગતે મંડળીની કમીટી સહકારી કાયદો કાનુન અને પેટા નિયમથી લાદવામાં આવેલ ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે. આમુખ--૧માં જણાવ્યાં મુજબ તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૨ના ઠરાવ નંબર ૫ થી કમિટિ સભ્યોએ વહીવટદાર નિમવા અંગેનો સર્વાનુમતે ઠરાવ કરેલ છે. જેથી નિચેની વિગતે સદરહુ મંડળીની કમીટીને દૂર કરી સહકારી કાયદાની કલમ--૮૧ મુજબ વહીવટદારની નીમણુંક કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એમ. સી. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હિમત-નગરની મને મળેલ સત્તાની રુંએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અનિધિયમની કલમ--૮૧ હેઠળ થી જૂના બાકરપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. જૂંના બાકરપુરા, તાલુકો પ્રાંતિજ, જિલ્લા સાબરકાંઠા વ્યવસ્થાપક કમિટિએ દૂર કરી વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. હિમતનગરને આથી ચાર્જ લીધાથી છ માસ માટે નિમણુંક કરું છું. વહીવટદારશ્રીએ મંડળીનો ચાર્જ સત્વરે મેળવી આ કચેરીના નિયંત્રણ હેઠળ રહી નીચેની શરતોને આધીન વહીવટ કરવાની રહેશે.

શરતો :—

(૧) વહીવટદારશ્રીએ માસિક રૂા. ૫૦૦/-- મહેનતાણુ માસને અંતે મંડળીમાંથી મેળવવાનું રહેશે.

(૨) વહીવટદારે મંડળી વતી કોઈ પણ જગ્યાએ ચૂંટણીમાં ભાગ લેવાનું કે મતદાન કરવાનું રહેશે નહિ.

(૩) વહીવટદાર અત્રેની પરવાનગી વિના મંડળીના કામકાજ માટે કર્મચારી રોકી શકશે નહીં.

(૪) દરમાસે કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીએ અચૂક મોકલી આપવાનો રહેશે તેમજ સમય મર્યાદામાં કામગીરી પુર્ણ કરવાની રહેશે.

હિમતનગર, તારીખ ૨૩મી એપ્રિલ, ૧૯૯૨.

વંચાણે લીધા :—

૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૮ અન્વયેની જોગવાઈ.

(૨) ઓડીટર ગ્રેડ--૨ સહકારી મંડળીઓ મોડાસાનો ૧લી નવેમ્બર, ૧૯૯૧ નો અહેવાલ.

(૩) આ કચેરીના તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૨ ના પત્ર નં. ફડચ/૦૧/૪૧૪/૯૨ થી મંડળીનો વચગાળાનો આદેશ.

આલોચના

જા. નં. : ફડચ/૦૧/ફ/૯૦૮૦/ગ/૬૦૪/૯૨.—ધી નુતન કામદાર સહ. મંડળી લી. મુકામ શીકાકંપા તાલુકો મોડાસા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી ક્રમાંક

INDEX

પ૬૮૯ તારીખ ૨૭મી ફેબ્રુંઆરી, ૧૯૮૭ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. મંડળીની સ્થિતિ કથળી જતાં પ્રી. ૧ માં જણાવેલ ખાસ અહેવાલથી ઓડીટર ગ્રેડ-૨ સ. મં. મોડાસાએ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. સદર અહેવાલના આધારે મંડળીને પ્રી-૩ માં જણાવેલ વિગતે ફડચામાં લઈ જવા કારણો જણાવી વચગાળાનો આદેશ કરેલ છે. તથા સદર આદેશથી તારીખ ૬ઠી એપ્રિલ, ૧૯૯૨ ની મુદત આપેલ હતી. પરતુ મંડળી વતી રજિસ્ટ્રાર એ. ડી. નોટીસ કોઈએ સ્વીકારેલ નથી જેથી પરત થયેલ છે. જેથી મુદતે કોઈ હાજર રહેલ નથી. તે કોઈપણ રજુઆત કરેલ નથી. આ ઉપરાંત ઓડીટરશ્રીના અહેવાલમાં જણાવ્યા મુજબ તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૧ ની મંડળીની વ્ય. સમિતિની બેઠકમાં મંડળીને ફડચામાં લઈ જવા સર્વાનુમતે ઠરાવ કરેલ છે. જેથી માનવાને કારણ કહે છે કે મંડળીના કાર્યવાહકો નિષ્ક્રિય તથા નીરસ છે તથા હવે મંડળી ચાલુ થઈ શકે તેવા સંજોગો જણાતા નથી. જેથી પ્રી. ૨ માં જણાવેલ કચેરીના વચગાળાના આદેશને કાયમ કરુ છુ અને આમુખ-૧ થી મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સંસ્થાને ફડચામાં લઈ જવા નીચે મુજબ આદેશ કરું છું

હુકમ

આથી હં એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હિંમતનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૮ થી મળેલ અધિકાર અને સત્તાની રૂએ ધી નુતન મજુર કામદાર સહકારી મંડળી લી. શીકાકમ્પા તાલુકો: મોડાસાને આલોચનામાં જણાવેલ વિગતે ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરું છું અને જેના ફડચા અધિકારી તરીકે સક્ષમ અધિકારી (ફ.ચા.) લગત આ કચેરીની નિમણુંક કરું છું.

ફડચા અધિકારીએ હુકમની તારીખથી ૧ વર્ષમાં ફડચાની તમામ કાર્યવાહી આટોપી લેવાની રહેશે.

ફડચા અધિકારીએ ફડચા-૩ ની આકારણી સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ આકારી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના આદેશ ક્રમાંક ફડચા / ફ / ૯૦૭૮ / ગ/ ૭૬/૯૨ તારીખ ૨૧મી જાન્યુંઆરી, ૧૯૯૨.

(૨) જિલ્લા સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરી ના તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૨ જાવક નંબર ફડચ / ૦૧ / ચ / ૩૨૮ થી રજૂ થયેલ સદર મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

3) આ કચેરીની તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૨ ની મંજુરી થયેલ નોંધ.

આદેશ

ક્રમાંક ફડચ / ફ / ૯૦૭૮ / ગ / ૫૯૭-/૧૯૯૨.—ધી ઈટાવા (પાંચ મહુડી ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મુકામ ઈટાવા (પાંચમહુડી) તાલુકો ખેડબ્રહ્મા, જિલ્લો સાબરકાંઠાની નોંધણી શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ / પંચાયત / હિંમતનગરના નોંધણી નંબર ખે. ૨૭૨૫ તારીખ ૭મી જાન્યુંઆરી ૧૯૮૭ થી કરવામાં આવી હતી. અને તેને આ કચેરીના સંદર્ભ (૧) માં ટાંકેલા આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું સંસ્થાના ફડચા અધિકારીશ્રીનો સંદર્ભ (૨) માં ટાંકેલા અહેવાલ પ્રમાણે સંસ્થાની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ તેમજ હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં ઉકત અધિનિયમની કલમ ૨૦ અન્વયે સદરહું સંસ્થાની નોંધણી રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ સંસ્થાનું સંસ્થાપિત અસ્તિત્ત્વ નાબુદ થયેલુ ગણાશે.

હિંમતનગર તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૨.

વંચાણે લીધા

મેનેજરશ્રી ધી સાબરકાંઠા જી. મ.સ .બેંક લી. હિંમતનગરના તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૨ નો અહેવાલ નંબર સુપર/૩૪/૨૬૧૭૧

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિસ્તારના ઠરાવના તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧ નાનો ૩૧ નં. જી. એસ.કે/એસ/૨૪૭૧/ડીડી/૧૧૮૮/૫૨૦૪

(૩) અત્રેના પત્ર નંબર સવન/૦૧/૩/૩૩૯/તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ની કારણદર્શક નોટીસ.

આલોચના :

ક્રમાંક :સવન/૦૧/ખ/૯૦૦:—ધી ટીસ્કી (જે) ગૃ. સે. સ.મં.લી. ટીસ્કી તાલુકા માલપુર જી. સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના કાયદા અન્વયે રજી. નંએ-૨૦૯૫૫ તારીખ ૨૪મી મે, ૧૯૮૫ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેથી ઉકત મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન અને મંડળીના મંજુર થયેલ પેટા નિયમોને આધિન કરવાનો હોય છે. મંડળીનો વહીવટ તેની ચુટાયેલી સમિતી મારફત ચાલતો હોય છે. તેથી મંડળીએ ફરજમા કસૂર કે બેદરકારી દાખવવી જોઈએ નહી તેમજ મંડળી કે સભ્યોનાં હિત વિરૂધ્ધ પણ કોઈ કાર્ય સમિતિએ કરવું જોઈએ નહી. આમ છતા મંડળીની કમીટીએ પ્રિયમ્બલ-૧માં જણાવેલ બેંકના રીપોર્ટનાં મુદ્દાઓ મુજબ મંડળીના સભ્યોના હિતને નુકશાન થાય તેવી બેદરકારી દાખવી ફરજો બજાવવામાં નિષ્ક્રિય થયેલ છે. જેથી ઉકત મુદ્દાઓમાં જણાવેલ ક્ષતિઓની ચકાસણી કરી મંડળીની કમીટીને પ્રિયમ્બલ ૩થી જણાવેલ પત્રમાં ક્ષતિઓના મુદ્દાઓ જણાવી સ્પષ્ટ ખુલાસો કરવા તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૧ ના રોજ હીયરીંગ આપતા કારણો દર્શક નોટીસ આપેલ છે નોટીસના મુદ્દાઓ નીચે મુજબ છે.

૧ મંડળીના સેક્રેટરી શ્રી ગોવિંદભાઈ. જે. પટેલ મંડળીમાંથી રૂા. ૧,૮૩,૦૦૦ જેવી મોટી રકમની નાણાંકીય ગેરરીતી આચરેલ છે અને તે ગેરરીતીની રકમ મંળીની કમીટીએ કોઈપણ જાતના ઠરાવ કે નોંધ સિવાય તેઓના ખાતે ઉધારેલ છે. બેંક તરફથી વારંવાર ઉઘરાણી કરવા છતાં આ રકમની વસૂલાત કરવામાં આવતી નથી. વ્યવસ્થાપક કમિટી પોતે વસુલાત કરવામાં રસ ધરાવતી નથી અને ફરજો બજાવતા નિષ્ક્રિય છે.

૨ ચાલુ વર્ષે મંડળીની વાર્ષિક સાધારણ સભા નિયમ મુજબ મળેલ નથી. પેપર ઉપર મીટીંગ બોલાવીને કાર્યવાહી કરવામાં આવેલ છે ૧૫૦ ઉપરાંત સભ્યોએ વિરોધ દર્શાવી મંડળીની વાર્ષિક સાધારણ સભા બાબતમાં વિરોધ દર્શાવતી અરજી કરેલ છે.

INDEX

૩ નાણાંકીય ગેરરીતી કરનાર સેક્રેટરીને છૂટા કરતાં ન હતા જે છેવટે તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૧ ના રોજ છૂટા કરેલ છે પરંતુ નવીન મંત્રીની નિમણુંક કરેલ નથી અને મંડળીનો તમામ ચાર્જ મેયરશ્રીએ તેઓ પોતે તેઓના હસ્તક રાખેલ છે. આથી મંડળી બીલકુલ સ્થગીત અવસ્થામાં છે. કમીટી સભ્યો ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે.

૪ મંડળીના ચેરમેનશ્રી હસ્તકના ચાર્જ દરમ્યાનમાં મંડળીના તોલાટથી બી. કે. કોટવાલે રૂા. ૩૧૧૦ / ની વેચાણ વકરાની રકમની ગેરરીતી આચરેલ છે અને તે રકમ મંડળીના ચોપડે તારીખ ૧૨મી ડિસેમ્બર ૧૯૯૧ ના રોજ શ્રી કોટવાલે ખાતે વધારી છે. મંડળીની કીમીટીએ આ રકમો વસૂલ લેવા કોઈ કાર્યવાહી કરી નથી. એટલે કમીટી પોતાની ફરજો પ્રત્યે દુર્લક્ષ સેવે છે.

૫ મંડળીના હાલના ક. સ. પૈકી ૬ ક. સભ્યને મુ. વી. બાકીદારો છે. મંડળીના ચેરમેનશ્રી ખુદ મુ. વી. બાકીદાર છે એટલે તે પોતે ચેરમેનશ્રીના કે કમીટીના હોદ્દા ઉપર રહી શકે તેમ નથી.

૬ તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૨ આખરે મંડળીમાં કુલ ૯૦ સભ્યો પાસે રૂા. ૨.૫૭ લાખની રકમ મુ. વી. બાકી છે તેની વસૂલાત અંગે કમીટીએ કોઈ પગલાં લીધેલ નથી.

ઉપરોક્ત ક્ષતિઓની સ્પષ્ટ રજુઆત માટે અપાયેલ નોટિસના સામે મંડળીએ તારીખ ૨૬મી ફેબ્રુઆરી. ૧૯૯૨ ના કમીટીના ઠરાવ નંબર ૫થી ચેરમેન, મંત્રીને ખુલાસો કરવાની સત્તા આપેલ છે. કારણો દર્શક નોટીસના મુદ્દાઓના તારીખ ૩જી માર્ચ ૧૯૯૨, ૧૨મી માર્ચ. ૧૯૯૨ અને **૨૧મી** માર્ચ, ૧૯૯૨ના રોજ ૩૦મી માર્ચ, ૧૯૯૨ ચેરમેન/મંત્રીએ હાજર રહી કમીટી વતી ખુલાસાઓ કરેલ છે તે નીચેના કારણોસર ગ્રાહય રાખવા પાત્ર નથી.

(૧) મંત્રીશ્રી ગોવિંદભાઈઓ આચરેલ રૂા. ૧,૮૩,૦૦૦ ની ગેરરીતીની વસુલાત કરવી અથવા બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટમાં લવાદી દાવો દાખલ કરવો તેમજ તેઓની મિલ્કત અન્વયે વેચાણ કે તબદીલ ન થાય તે માટે જરૂરી મનાઈ હુકમ મેળવવાની તેઓની ફરજ હોવા છતાં તે બજાવવામાં નિષ્કાળજી દાખવી ફકત બેંક અને આ કચેરીને જાણકારી તેઆની ફરજ પૂર્ણ થયાનો સંતોષ માનેલ છે જે ઉપરથી ફલીત થાય છે કે મોટી રકમની ગેરરીતી હોઈ તમામ સભાસદોના હિતને નુકશાન થાય તેમ હોઈ કમીટીએ ગંભીર બેદરકાળજી દાખવી નિષ્કાળજી સેવેલ છે.

(૨) તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ વાર્ષિક સાધારણ સભા મળેલાનું જણાવે છે. પરંતુ તેનો એજન્ડા કંઈ તારીખે કાઢી સભાસદોને કંઈ તારીખે આપેલ છે તેનો કોઈ આધાર રજુ કરી શકેલ નથી. સાધારણ સભાનું પ્રોસેસીંગ રજુ કરવામાં નિષ્ફળ ગયેલા છે. મોટા ભાગના સભાસદોને વા. સા. સભા બાબતે વિરોધ કરવાનું કબુલેલ નથી. તેમજ મંડળીની કમીટી સ્વીકારેલ પેટા નિયમો પ્રમાણે ચુંટણી પધ્ધતિથી ચુંટાયેલ નથી.

(૩) મંડળીમાં મંત્રી દ્રારા ગેરરીતી ચાલતી હોવાંનું ચેરમેનશ્રીને ૨૭મી મે, ૧૯૯૦ થી અરજી આપેલાનું જણાયેલ છે. જે જોતા ઉકત ગેરરીતી થાય છે તેની તેઓને સંપર્ક જાણકારી હોવા છતાં કમીટીએ આ બાબતે તે ગેરરીતી અટકાવવા કોઈપણ જાતની કાર્યવાહી હાથ ધરેલ નથી કે મંત્રીને જે તે સમયે ફરજ મુકત પણ કરેલ ન હતા અને પાછળથી છુટા કરી ચેરમેનશ્રીએ ચાર્જ સંભાળેલ અને ૩૧મી જાન્યુઆરી ૧૯૯૨ નો કમીટીમાં કોઈપણ અધ્યક્ષની નિમણુંક કે ઠરાવો માન્ય રાખ્યા બદલની સહી વગરની મીટીંગમાં ચેરમેનશ્રીની જ મંત્રી તરીકે નિમણુંક કરેલ છે.

(૪) મંડળીના ચેરમેનશ્રી હસ્તકના ચાર્જ દરમ્યાન તોલાટથી બી. કે. કોટવાલે રૂા. ૩૧૧૦/- ના વેચાણ વકરાની ગેરરીતી કરેલ તેની વસૂલાત મેળવેલ નથી કે લવાદી દાવો પણ કરેલ નથી આમ ગેરરીતીની રકમ વસૂલ લેવા કમીટી સદંતર નિષ્કાળજી દાખવેલ છે.

(૫) મંડળીના હાલના કમિટી સભ્યો પૈકી નીચેના બહુમતી ક.સ.મુ.વી. બાકીદાર બનેલ છે અને તે કમીટીએ કબૂલેલ હોવા છતાં પેટા નિયમની જોગવાઈ મુજબ મુ. વી. બને-૩ તુરત તેઓ આપોઆપ દૂર થવા પાત્ર હોવા છતાં ક.સ. ના હોદ્દા ઉપરથી દૂર કરેલ નથી અને પેટા નિયમનો ભંગ કરી ફરજ બજાવવામાં નિષ્ફળ ગયેલ છે.

૧ લક્ષ્મણજી રામાજી કોટવાલ

૨ શ્રી સોમાજી મોહનજી ખાંટ.

૩ શ્રી હીરાભાઈ વાલાભાઈ પટેલ.

૪ શ્રી કાન્તીભાઈ રંગાભાઈ પટેલ.

૫ શ્રી પુંજાભાઈ લખાભાઈ પટેલીયા.

૬ શ્રી મગનભાઈ ગણેશભાઈ પટેલ.

(૬) તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૧ અંતે રૂા. ૨,૫૭,૦૦૦ ના ધીરાણની મુ. વી. બાકી હોવા છતાં તેને વસૂલ લેવામાં તદન નિષ્ફળ જઈ સભાસદોના હિતને નુકશાન થાય તેવું કૃત્ય કરેલ છે.

ઉપરોકત વિગતે મંડળીની કમીટી તેની ઉપર દાખવેલ ફરજો બજાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે અને કારણોદર્શક નોટીસ સામેની રજુઆત પાયા વગરની અને વજુદ વગરની હોવાથી ગ્રાહય રાખવા પાત્ર નથી. વળી મંડળીની કમીટીએ ક્ષતિઓની વાસ્તવિક દુરસ્તી પણ કરેલ નથી. તેમજ મોટા ભાગના ક. સ. મુ. વી. બાકીદાર છે. જેમાં મંત્રીશ્રી પણ મુ. વી. બાકીદાર છે. જે જોતાં સદરહુ કમીટી મંડળીનો વહીવટ ચલાવવા માટે સક્ષમ નથી. અને આજ કમીટીના વહીવટને કારણે સભાસદોના બહોળના હિતને ગંભીર નુકશાની ભોગવવી પડે જે જોતા ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ કમીટીને હોદા ઉપરથી દૂર કરવા વહીવટદારની નિમણુંક કરવી જરૂરી બનેલ છે. વહીવટદાર નિમણુંક બાબતે ધીરાણ કરતી ધી. સા. જી. મ. સ. બેંક લી. હિમતનગર સાથે પરામર્શ પણ કરેલ છે. અને વહીવટદાર તરીકેની નિમણુંક બાબતે તેઓએ સંમતિ દર્શાવેલ છે. તે જોતા કમીટીને દૂર કરી વહીવટદારની નિમણુંક માટે નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ.

હું એમ. સી. પટેલ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી હિંમતનગર જીલ્લા સાબરકાંઠા મને મળેલ સત્તાની રૂએ થી ટીસ્કી (જે) ગૃપ સેવા સહકારી મંડળી લી. ટીસ્કી તાલુકા માલપુર જીલ્લા સાબરકાંઠા ની વ્યવસ્પાપક કમીટીને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ દૂર કરી વહીવટદાર તરીકે ધી સા. જી. મ. સ. બેંક લી. હિંમતનગરની નાચેની શરતોને આથી નિમણુંક કરૂ છું.

૧ વહીવટદારની મુદત ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષની રહેશે.

૨ વહીવટદારશ્રીએ માસીક રૂા. ૩૦૦/- મહેનતાણું મંડળી પાસેથી મેળવવાનું રહેશે.

૩ વહીવટદારે મંડળી વતી કોઇપણ જગાએ ચુંટણી કે મતદાનમાં ભાગ લઇ શકશે નહી.

૪ વહીવટદારશ્રીએ અત્રેના નિયંત્રણમાં રહી પુર્ણ મંજુરી મેળવી મંડળી વતી નાણાંકીય ખર્ચ કરવાનું રહેશે.

૫ દર માસને અંતે કામગીરીનો પ્રગતિ અહેવાલ અચુક મોકલવાનો રહેશે અને સમય મર્યાદામાં કામગીરી પુર્ણ કરવાની રહેશે.

૬ અત્રેની પુર્ણ મંજુરી સિવાય કર્મચારી નિમણુંક પગાર વધારો તથા અન્ય લાભો આપી શકશે નહી.

હિંમતનગર, તારીખ ૨૨મી મે ૧૯૯૨.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૮ અન્વયેની જોગવાઈ.

(૨) સબ ઓડિટર સ. મં. (દુધ) ઈડરનો તા. ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૧નો ખાસ અહેવાલ.

(૩) આ કચેરીના તા. ૧૩મી એપ્રિલ ૧૯૯૨ના વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગડત/૬૬/૯૨/૦૧/ગ/૫૬૬/૯૨.

આલોચના

ક્રમાંક /ફડચ/ફ/૯૦૮૪/૦૧/ગ/૬૮૪/૧૯૯૨.—ધી ઈટાવડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, ઈટાવડી, તા. વિજયનગર, જિ. સાબરકાંઠા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ હેઠળ નોંધણી ક્રમાંક સેદુ ૧૨૯૮૧, તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૮૩થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની સ્થિતિ કથળી જતાં તથા કામ કરતી બંધ થતાં પ્રી. ૨માં જણાવેલ અહેવાલ થી સબ ઓડિટર સ. મં. (દુધ) ઈડરે મંડળીને ફડચામાં લઈ જવા અહેવાલ કરેલ છે. સદર અહેવાલના આધારે પ્રી. ૩માં જણાવેલ આ કચેરીના વચગાળાના આદેશથી મંડળીને રજી. એ.ડી.થી નોટીસ આપી અત્રેની કચેરીએ સ્પષ્ટતા કરવા તા. ૧૧મી મે ૧૯૯૨ના રોજ હાજર રહેલા મુદત આપેલ હતી. પરંતુ સદર મુદતે મંડળી વતી કોઇ હોદ્દદાર કે સંચાલક હાજર રહેલ નથી કે રજુઆત કરેલ નથી. ત્યારબાદ પંદર દિવસના ગાળામાં મંડળી તરફથી કોઈ રજુઆત લેખિત/મૌખિક થયેલ નથી. મંડળી છેલ્લા પાંચ વર્ષથી સદંતર બંધ છે. તથા સાધારણ સભા કે વ્યવસ્થાપક કમિટિની મીટીંગ પણ મળતી નથી. જેથી માથાને કારણ રહે છે કે મંડળી ચલાવવામાં કોઈને રસ નથી. તથા મંડળી હવે ચાલુ થઈ શકે તેમ નથી. તેવું સ્પષ્ટ જણાય છે. જેથી આ કચેરીના પ્રી. ૩માં જણાવેલ વચગાળાના આદેશને કાયમ કરું છું. અને પ્રી. ૧માંથી મને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ સંસ્થાને ફડચામાં લઈ જવા નીચે મુજબ આદેશ કરું છું.

હુકમ

આથી હું, અમ. વી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૮ અન્વયે મને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ ધી ઈટાવડી દૂધ સહકારી મંડળી લી. ઈટાવડી, તા. વિજયનગર, જિ. સાબરકાંઠાને આલોચનામાં જણાવેલ સ્વગતે ફડચામાં લઈ જવા અંતીમ આદેશ કરુ છું. અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીની નિમણુંક કરુ છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી ૧ વર્ષમાં ફડચાની તમામ કામગીરી આટોપી લેવાની પુર્ણ કરવાની રહેશે.

ફડચા અધિકારીએ ફડચા ફીની આકારણી સરકારશ્રીના ધારાધોરણ મુજબ આકારી સરકારી તીજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૩૦મી મે ૧૯૯૨.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૮ અન્વયેની જોગવાઈ.

(૨) સબ ઓડિટર સ. મં. દુધ, ઈડરનો તા. ૭મી સપ્ટેમ્બર ૧૯૯૧નો ખાસ અહેવાલ.

(૩) આ કચેરીના તા. ૧૩મી એપ્રિલ ૧૯૯૨ના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૫૬૫/૯૨.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૦૮૩/૦૧/ગ/૬૮૬/૧૯૯૨.—ધી વસાઈ ગ્રુપ દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ વસાઈ, તા. વિજયનગર જિ. સાબરકાંઠાના એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ અન્વયે નોંધણી ક્રમાંક સેદુ. ૨૦૪૭૮ તા. ૧૬મી ડીસેમ્બર ૧૯૮૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીની વહીવટી સ્થિતિ કથળી જતાં તથા મંડળી કામ કરતી બંધ થતા પ્રી. ૨માં જણાવેલ ખાસ અહેવાલથી સબ ઓડિટર સ. મં. (દુધ) ઈડરે સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. સદર અહેવાલના આધારે પ્રી. ૩માં આ કચેરીના વચગાળાના આદેશથી મંડળીના હોદ્દેદારોને રજુઆત કરવા સારુ રજી. એ. ડી. થી નોટીસ આપી તા. ૧૧મી મે ૧૯૯૨ની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે મંડળી વતી કોઈ હાજર રહેલ નથી. પરંતુ ૧૫મી મે ૧૯૯૨ના રોજ મંડળીના મંત્રીશ્રી અત્રેની કચેરીએ હાજર રહેલ હતા. તથા રૂબરૂ ચર્ચા કરતા મંડળી હવે ચાલુ થઈ શકે તેમ નથી. તેવુ કબુલ કરી મંડળીને ફડચામાં લઈ જવા સંમતી આપતુ નિવેદન આપેલ છે. જેથી હવે મંડળી ચાલુ થઈ શકે તેમ નથી. તેવુ સ્પષ્ટ જણાય છે. જેથી આ કચેરીના પ્રી. ૩માં જણાવેલ વચગાળાના આદેશને કાયમ કરું છુ. અને પ્રી. ૧ થી મને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ સંસ્થાને ફડચામાં લઈ જવા નીચે મુજબ આદેશ કરુ છુ.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ હિંમતનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૮ અન્વયે મળેલ અધિકાર અને સત્તાની રુઈએથી ધી વસાઈ દુધ ઉત્પાદક સ. મં. લી. વસાઈ, તા. વિજયનગરને આલોચનામાં જણાવેલ વિગતે ફડચામાં લઈ જવા અંતીમ આદેશ કરુ છુ. અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત કચેરીની નિમણુંક કરુ છુ.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી બે વર્ષમાં ફડચાની તમામ કામગીરી આટોપી લેવાની રહેશે.

ફડચા અધિકારી ફડચા ફીની આકારણી સરકારશ્રીના ધારાધોરણ મુજબ આકારી સરકારી તીજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૩૦મી મે ૧૯૯૨.

INDEX

વંચાણે લીધાઃ-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૮ અન્વયેની જોગવાઈ.
(૨) મદદનીશ સહકારી અધિકારી લગત આ કચેરીનો ૬ઠ્ઠી જુલાઈ ૧૯૯૦નો ખાસ અહેવાલ.
(૩) આ કચેરીનો તા. ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૦નો વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૫૫૮/૯૨.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૦૮૭/૦૧/ગ/૬૮૭/૯૨.—ધી રામાપીર ઓડ મજૂર કામદાર સહકારી મંડળી લીમીટેડ રાયગઢ, તા. હિંમતનગર જિ. સાબરકાંઠા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ હેઠળ નોંધણી ક્રમાંક ઉ ૭૬૦૮ તા. ૧૮મી એપ્રિલ ૧૯૭૮થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર મંડળીની વહીવટી સ્થિતિ કથળી જતાં તથા મંડળી કામ કરતી બંધ થતાં પ્રી. ૨માં જણાવેલ ખાસ અહેવાલથી મદદનીશ સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટાર સ.મં. હિંમતનગર (આ કચેરી)એ સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. સદર અહેવાલના આધારે પ્રી. ૩ માં જણાવેલ આ કચેરીના વચગાળાના આદેશથી મંડળીના હોદ્દેદારોને રજુઆત કરવા સારુ રજી. એ. ડી. થી નોટીસ આપી તા. ૧૧મી મે ૧૯૯૨ની મુદત આપવામાં આવેલ હતી. પરંતુ સદર મુદતે મંડળી વતી કોઈ હાજર રહેલ નથી. કે રજુઆત લેખીત/મૌખિક કરેલ નથી. જેથી સ્પષ્ટપણે માનવાને કારણ રહે છે કે મંડળીના કાર્યવાહકોને મંડળી ચાલુ કરવામાં કોઈ જ રસ નથી. જેથી આ કચેરીના પ્રી.૩માં જણાવેલ વચગાળાના આદેશને કાયમ કરું છું. અને પ્રી. ૩માં થી મને મળેલ અધિકાર અને સત્તાની રુઈએ સંસ્થાને ફડચામાં લઈ જવા નીચે મુજબ આદેશ કરું છું.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ હિંમતનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૮ થી મને મળેલ અધિકાર અને સત્તાની રુઈએ ધી રામાપીર ઓડ મજુર કામદાર સહકારી મંડળી લી. રાયગઢ તા. હિંમતનગરને આલોચનામાં જણાવેલ વિગતે ફડચામાં લઈ જવા અંતીમ આદેશ કરું છું. અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત કચેરીનો નિમણુક કરું છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી ૧ વર્ષમાં ફડચાની તમામ કામગીરી આટોપી લેવાની રહેશે.

ફડચા અધિકારીએ ફડચા ફીની આકારણી સરકારશ્રીના ધારાધોરણ મુજબ આકારી સરકારી તીજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૩૦મી મે ૧૯૯૨

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ કલમ-૧૦૮ અન્વયેની જોગવાઈ.
(૨) સબ ઓડિટર સહકારી મંડળી (દૂધ) ભીલોડાનો તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૧ નો ખાસ અહેવાલ.
(૩) આ કચેરીનો તારીખ ૧૩મી એપ્રિલ ૧૯૯૨ ના વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/બ/૫૬૧/૯૨.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૦૮૧/૦૧/ગ/૬૮૧ સને૧૯૯૨.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ :—ધી બુધરાયણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. બુધરાયણ, તાલુકા ભીલોડા, જિલ્લા સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક સેદુ-૨૦૪૯૧ તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૮૪ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર મંડળીના વહિવટી સ્થિતિ કથળી જતી મંડળી કામ કરતી બંધ થતાં પ્રી-૨માં જણાવેલ અહેવાલથી સબ ઓડિટર સહકારી મંડળી (દૂધ) ભિલોડા એ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. સદર અહેવાલના આધારે પ્રી-૩માં જણાવેલ આ કચેરીના વચગાળાના આદેશથી રજી. એ.ડી. થી નોટીસ આપી મંડળીના કાર્યવાહકો તથા તથા સંચાલકોને રજુઆત કરવા સારૂ તારીખ ૧૧મી મે ૧૯૯૨ના મુદત આપવામાં આવેલ હતી. સદરહું મુદતે મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે રજુઆત કરેલ નથી ત્યારપછી પંદર દિવસના ગાળામાં પણ મંડળી વતી કોઈ લેખીત મૌખિક રજુઆત થયેલ નથી. જેની માનવાને કારણ રહે છે કે મંડળી ચલાવવામાં કોઈને રસ નથી. તથા મંડળી છેલ્લા બે વર્ષથી બંધ છે. તથા વ્યવસ્થાપક કમીટીની સભા તથા સામાન્ય સભા પણ મળતી નથી. જેથી મંડળી હવે ચાલુ થઈ શકે તેમ નથી. તેવું સ્પષ્ટ જણાય છે જેથી આ કચેરીના પ્રી. ૩માં જણાવેલ વચગાળાના આદેશ ને કાયમ કરૂ છું. અને પ્રી-૧ થી મને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ સંસ્થાને ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરૂ છું.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હિંમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૮ થી મને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ બુધરાયણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. બુધરાયણ, તાલુકા ભીલોડા જીલ્લા સાબરકાંઠાને આલોચનામાં જણાવેલ વિગતે ફડચામાં લઈ જવા માટે અંતિમ આદેશ કરૂ છું અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીની નિમણુંક કરૂ છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષમાં તમામ કામગીરી આટોપી લેવાની રહેશે.

ફડચા અધિકારીએ ફડચા ફીની આકારણી સરકારશ્રીના ધારા ધોરણ મુજબ આકારી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૩૦મી મે ૧૯૯૨.

વંચાણે લીધાઃ-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૮ની જોગવાઈઓ
(૨) સબ ઓડિટર સ. મં. (દૂધ) ભીલોડા તા. ભીલોડાનો તા. ૮મી સપ્ટેમ્બર ૧૯૯૧નો ખાસ અહેવાલ.
(૩) આ કચેરીના તા. ૧૩મી એપ્રિલ ૧૯૯૦ના વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૫૬૦/૯૨

આલોચના

ક્રમાંક :ફડચ ફ/૯૦૮૨/૦૧/ગ/૬૮૨/૧૯૯૨.—ધી રામપુરી દુધ ઉત્પાદક સ. મં. લી. રામપુરી તા. ભીલોડા જિ. સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ હેઠળ નોંધણી

INDEX

ક્રમાંક સેદુ. ૨૦૯૧૩ તા. ૧૨મી જૂલાઈ ૧૯૮૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની વહીવટી સ્થિતિ કથળી જતાં તથા મંડળી કામ કરતી બંધ થતાં પ્રી. ૨માં જણાવેલ અહેવાલથી સબ-ઓડિટર સ. મં. (દુધ) ભીલોડાએ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. સદર અહેવાલના આધારે આ કચેરીના પ્રી. ૩માં જણાવેલ વચગાળાના આદેશ થી સંસ્થાના હોદ્દારોને રજી. એ.ડી. થી નોટીસ આપી તા. ૧૧મી મે ૧૯૯૨ના રોજ આ કચેરીએ હાજર રહી રજુઆત કરવા માટે તક આપવામાં આવેલ હતી. જે મુદત વિત્યે ૧૫ દિવસ થયેલ હોવા છતાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખીત/મૌખિક રજુઆત કરેલ નથી. જેથી માનવાને કારણ રહે છે કે મંડળીના હોદેદારોને મંડળી ચલાવવામાં રસ નથી. તથા મંડળી ફરી ચાલુ થઈ શકે તેમ નથી. જેથી આ કચેરીના પ્રી. ૩માં જણાવેલ આ કચેરીના વચગાળાના આદેશને કાયમ કરું છુ. અને પ્રી. ૧થી મને મળેલ અધિકાર અને સત્તાની રુઈએ સંસ્થાને ફડચામાં લઈ જવા નીચે મુજબ આદેશ કરું છુ.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ હિંમતનગર ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૮ થી મને મળેલ અધિકાર અને સત્તાની રુંઈએ ધી રામપુરી દુધ ઉત્પાદક સ. મં. લી. રામપુરી તા. ભીલોડા જિ. સાબરકાંઠાને ફડચામાં લઈ જવા અંતીમ આદેશ કરું છું. અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી ૧ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે.

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની કલમ ૩૭ની પેટા કલમ (૧)(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, કે. એન. શર્મા, પોલીસ કમિશનર, સુરત શહેર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૦ જુલાઈ, ૨૦૦૦ કલાક ૭/૦૦થી કલાક ૨૦/૦૦ સુધીની મુદત માટે ચાર કે ચારથી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઇ ફરમાવુ છું.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળની નીચે મુજબની હાઈસ્કૂલો.

એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્રો

(૧) આઈ.પી. મિશન બો. સ્કૂલ, મુગલીસરા.
(૨) આર.ડી. કોન્ટ્રાકટર હાઈસ્કુલ, નાનપુરા, સુરત.
(૩) જીવન ભારતી નાનપુરા ટીમલીયાવાડ, સુરત.
(૪) યુવૃત્તિ વિદ્યાલય ટીમલીયાવાડ, સુરત.
(૫) સર વી.ડી.ટી. ગર્લ્સ હાઈસ્કુલ.
(૬) શારદા નયન હાઈસ્કુલ લેકયુગાર્ડન પીપલોદ.
(૭) આઈ એન ટેકરાવાલા હાઈસ્કુલ, અડાજણ.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ઉપરોકત એસ.એસ.સી. /એચ.એસ.સી. પરીક્ષા વિદ્યાર્થીઓ તથા પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી સરકારી નોકરી કે રોજગારમાં હોય તેવી વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને વાજીંત્રો વગાડવા સીવાય.

(૪) કોઈ સ્મશાનયાત્રાને (શાંતીમય રીતે)

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર રહે છે.

સુરત, તારીખ ૫મી જુલાઈ, ૨૦૦૦.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર, સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.એ./૭/૨૦૦૦.—માહે જુલાઈ-૨૦૦૦ના માસમાં અષાઢી બીજનો તહેવાર આવતો હોઈ જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારૂં સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ઘોકા, બંદૂક, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવુ નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું, એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસ-કાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મનાઈ કરૂ છું. આ હુકમ તા. ૧લી જુલાઈ ૨૦૦૦ થી તા. ૩૧મી જુલાઈ ૨૦૦૦ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

INDEX

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યક્તિ કે જે તે ઉપરી અધિકારીએ તેવુ કંઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીને એ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

આજરોજ તારીખ ૨૭મી માહે જુન-૨૦૦૦ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ / જાહેરનામું ૩૭(૧)/વશી-૩૬૦૩ થી ૩૬૨૭/ ૨૦૦૦.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન મંત્રીશ્રીઓનાં નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ.કવાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોય કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું જયશ્રી દેવાગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૭મી જુલાઈ, ૨૦૦૦ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૦૦ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્ય નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૩ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, સે. ૨૧, ૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહિ.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરિક અશક્તિ છે તેવા કારણોસર, લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ, તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૦૦ ના રોજ મારા સહી-સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ-૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)/વશી ૩૬૨૮ થી ૩૬૫૨ / ૨૦૦૦.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ.

INDEX

કવાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને
અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે
અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે
રજૂઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ
જળવાઈ રહે તે ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારપાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં તે વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨ ની) કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મારી સત્તાની રૂઈએ હું, જયશ્રી દેવાગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૭મી જુલાઈ, ૨૦૦૦ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૦૦ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છુ.

વધુમાં હુ આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ચે-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર તિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૩ થી ઘ-૪ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફવારા, સે. ૨૧, ૨૨ ના ખુણાનાં ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો).

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૦૦ ના રોજ મારા સહી-સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ-૨૨માં)ની કલમ-૨૨ (૧) ખ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/ ૩૮૫૬ થી ૩૮૭૫/૨૦૦૦:—ગાંધીનગર જિલ્લાના મોટેરા ગામે સંત આશારામ આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાં નિમિત્તે દર વર્ષની જેમ ચાલુ વર્ષે તારીખ ૧૫મી જૂલાઈ ૨૦૦૦ ના કલાક ૨૨-૦૦થી તારીખ ૧૭મી જૂલાઈ ૨૦૦૦ ના ૨૨.૦૦ સુધી ગુરૂપુર્ણિમાનો મહોત્સવ ઉજવવામાં માં આવનાર હોઈ જે પ્રસંગે દેશભરમાંથી દર્શનાર્થીઓ આશ્રમ ખાતે આવનાર હોઈ ભુતકાળના વર્ષોથી પણ આ પ્રસંગે પાંચથી સાત લાખ દર્શનાર્થીઓની અવર જવર રહેવા પામેલ આવા પ્રસંગે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબજ જરૂરીયાત છે.

જેથી અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી જલાઈ ૨૦૦૦ ના જાહેરનામાં ક્રમાંક બીપીએ જાહેરનામું ૩૭ (૧) વશી ૩૬૨૮ થી ૫૨/૨૦૦૦ થી ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસૂલી વિસ્તારમાં જે કૃત્ય કરવા સામે મનાઈ ફરમાવેલ છે તે પૈકી નીચે દર્શાવેલ વિસ્તારોમાં તેવા કૃત્ય કરવા સામે સંપૂર્ણ મનાઈ ફરમાવવું જરૂરી જણાય છે. જેથી મુંબઈ પોલસ અધિનિયમની કલમ-૩૩ (૧) ખ થી મને મળેલ સત્તાની રૂઈએ હુ, જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૫મી જલાઈ ૨૦૦૦ થી તારીખ ૧૭મી જૂલાઈ ૨૦૦૦ સુધી એવા કૃત્યો કરવા માટે સંપૂર્ણ મનાઈ ફરમાવું છું.

આથી આ સમગ્ર વિસ્તારમાં કોઈપણ પ્રકરની મંજૂરી આપવામાં આવશે નહી તેની સમગ્ર જનતાએ નોંધ લેવી.

વિસ્તાર : પ્રતિબંધિત માર્ગ.

(૧) સાબરમતી તરફથી ગુજરાત સ્ટેડીયમ મોટેરા તરફ આવતો રોડ

(૨) મોટેરા સ્ટેડીયમ કમ્પાઉન્ડના મુખ્ય પ્રવેશ દ્વારથી મોટેરા આશ્રમ તરફ જતો રોડ.

(૩) ભાટ ગામથી કોટેશ્વર થઈ મોટેરા આશ્રમ તરફ જતો રોડ.

(૪) સુઘડ રાધાસ્વામી આશ્રમ ત્રણ રસ્તાથી મોટેરા ગામ તરફ જતો રોડ.

ઉપરોકત જણાવેલ એપ્રોચ રોડો ઉપર ભારે વાહનોની અવર-જવર ઉપર (દર્શનાર્થીઓના વાહનો સિવાયના વાહનો માટે પ્રતિબંધ કરવામાં આવે છે તેમજ ૧ થી ૪ ના એપ્રોચ રોડ ઉપરના જતા આવતા વાહનો આ દિવસો દરમ્યાન મુખ્ય ધોરી માર્ગો ઉપર થઈને અવર-જવર કરશે.

આજ તારીખ ૧૩મી જુલાઈ ૨૦૦૦ ના રોજ મારી સહી સિકકા કર્યા.

જયશ્રી દેવાંગન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે :

નંબર : ડીસીબી/એમજી/બીપીએ/રજિ. નં. ૩૨/૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી ગાથા ગહુમ્બર, પારસી નૂતન વર્ષ પૂર્વેની સ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૭મી જુલાઈ. ૨૦૦૦ થી ૩૧મી જુલાઈ, ૨૦૦૦ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર. ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી, બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની. તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ મા) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૪મી જુલાઈ, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ મા) ની કલમ-૩૭ (૩) અન્વયે કરેલો :

નંબર : ડીસીબી / એમએજી/બીપીએ/રજિ. નં. ૩૩ / ૨૦૦૦.— જિલ્લામાં આગામી ગાથા ગહુમ્બર, પારસી, નૂતનવર્ષ, તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૦૦ થી ૩૧મી જુલાઈ, ૨૦૦૦ સુધી (બંને દિવસ સુધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે અસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ મા) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આથી હું શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફરમાવું છું કે, આ હુકમ વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરી બહોળી પ્રસિધ્ધ કરવી.

આજરોજ તારીખ ૧૪મી જુલાઈ, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ કાઢેલ હુકમ :

ક્રમાંક પી.ઓ.એલ./વશી / ૩૨૫૦/૮૭.— આથી ભરૂચ જિલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે, તારીખ ૧૧ મી મે, ૨૦૦૦ ના રોજ ભાડભૂત મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મુકામ ભાડભૂત, તાલુકા, જિલ્લા ભરૂચએ મે. કલેકટરસાહેબ ભરૂચને નર્મદા નદીમાં ઝણોરથી લુવારા સુધી ખુંટા લગાવીને મચ્છીમારી કરવા ઉપર પ્રતિબંધ મુકતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા રજુઆત કરી જણાવેલ છે કે, નર્મદા નદીમાં મચ્છીનાં વેપારીઓ યાંત્રીક હોડીઓ દ્વારા મચ્છી પકડવાનો ધંધો કરે છે અને નર્મદા નદીના પટમાં ખુંટા હારબંધ ચોઠી જાળો બાંધી અવરોધ ઉભો કરે છે. આ અવરોધથી નર્મદા નદીમાં મચ્છીમારી માટે અવરજવરમાં સરળ રસ્તો મળતો નથી અને ખુંટાના કારણે પાથરેલ જાળો ખુંટામાં ફસાઈ જતાં નુકસાન કરે છે અને અકસ્માત થવાનો તેમજ જાનહાનિ થવાની શકયતા રહેલી છે.

આ બાબતે અત્રેથી સુચના કરતાં મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, ભરૂચનાઓ તારીખ ૫ મી જુલાઈ, ૨૦૦૦ ના રોજ બોટ દ્વારા નર્મદા નદીમાં કાંઠાના ગામો કલાદરાથી લુવારા ગામ સુધી ખુંટા અંગેનું સ્થળનિરીક્ષણ કરેલ છે અને તે દરમ્યાન નદીના કિનારે-કિનારે ઠેર-ઠેર ખુંટાઓ લગાડેલ જોવા મળેલ છે. જુલાઈ, ઓગષ્ટ તથા સપ્ટેમ્બર માસ દરમીયાન મોટા પ્રમાણમાં હિલ્સા (પાલવા ચાકસી) પ્રજનન માટે દરીયાથી નદી તરફ આવતી હોય આ સીઝનમાં ખુંટા પધ્ધતિથી થતી મચ્છીમારી પર રોક લગાડવા માટે તેઓએ અભિપ્રાય આપેલ છે.

INDEX

ખુંટા પધ્ધતિથી થતી મચ્છીમારીની બાબતમાં વિભાગીય પોલીસ અધિકારીશ્રી ભરૂચનો અભિપ્રાય મેળવતા તેઓએ જુલાઈ, ૨૦૦૦ થી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી નર્મદા નદીમાં ઝણોરથી લુવારા સુધી ખુંટા લગાવીને મચ્છીમારી કરવા બાબતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું તે ઉપર પ્રતિબંધ મુકવા સી. આર. પી.સી. કલમ ૧૪૪ મુજબ જાહેરનામું બહાર પડવા અભિપ્રાય આપેલ છે.

મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી ભરૂચ તથા વિભાગીય પોલીસ અધિકારીશ્રી ભરૂચનો રિપોર્ટ જોતા નીચે મુજબની હકીકત ધ્યાનમાં આવેલ છે.

(૧) તપાસ દરમીયાન નર્મદા નદીમાં મોજે ક્લાદરાથા લુવારા ગામ સુધી નદીના કિનારે--કિનારે ઠેર--ઠેર ખુંટાઓ લગાડેલ જોવા મળેલ છે. એક કિ. મી. ના લાંબા અંતરમાં આશરે ૧૦૦૦ ની સંખ્યામાં ખુંટા ચોડેલા અને મંડાળા પાથરેલા જોવા મળેલ છે.

(૨) નર્મદા નદીમાં મંડાળા બાંધી ખુંટા ચોડી જાળો બાંધવાના અવરોધથી નર્મદા નદીમાં ફીશીંગ માટે ફરતી હોડીઓને અવર--જવરમાં અડચણરૂપ થવાથી હોડી અને જાળ ફસાય જાય તો હોડી ડુબી જવાથી અકસ્માત થવાની શકયતા રહેલી છે તેમજ જાનહાનિ થવાની પણ શકયતા રહેલી છે. ઉપરાંત નદીમાં ભરતીના સમયે આ ખુંટાઓ પાણીના નીચે તળીયાને ભાગે જતા રહેતા હોવાથી દેખાતા બંધ થવાથી મોટી દુર્ઘટના થવાનો ભય રહેલ છે.

ઉપરના કારણો ધ્યાને લઈ હાલમાં ફીશીંગની સીઝન ચાલુ હોઈ અને લોકો હોડીઓની મોટા પ્રમાણમાં અવરજવર કરતા હોઈ આ અવરજવર કરતા હોડીવહાણને કે તેમાં રહેલ કોઈ પણ વ્યકિતને થતી અડચણ, નુકશાન અટકાવવા તથા લોકોના જાન કે સલામતીને થતું જોખમ થતું અટકાવવા તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા તાત્કાલીક અસરથી જરૂર છે તેમ માનું છું.

સબબ હું એસ. ડી. ધાનાણી સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ભરૂચ તાલુકાના ઝણોરથી વાગરા તાલુકાના લુવારા ગામ વચ્ચે પસાર થતી નર્મદા નદીમાં કોઈ પણ સ્થળે કોઈ પણ પ્રકારનાં ખુંટા ચોડવા આ હુકમની તારીખથી બે માસ માટે પ્રતિબંધ ફરમાવવા હુકમ કરું છું. આ હુકમનો અનાદર કરનારને ઈન્ડીયન પીનલ કોડ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હાને પાત્ર થશે તેની જાહેર જનતાએ નોંધ લેવાની રહેશે.

આજ તારીખ ૧૧ (અગીયાર) માહે જુલાઈ, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એસ. ડી. ધાનાણી,
સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભરૂચ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notificatio1s issued by the District Registrar of Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part I, should be *read* to have been published in issue No. 29 of *Gujarat Government Gazette*, Part I, dated 20th July, 2000 and for pages VAD-301 to VAD-368 (in 1 set) *read* page Nos. 1805 to 1872.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે તારીખ ૨૦મી જુલાઈ ૨૦૦૦ના ગુજરાત રાજ્યના ભાગ-૧ ના અંક ૨૯માં પ્રસિધ્ધ થયેલ છે તેમ વાંચવું. અને પાના વીએડી-૩૦૧ થી વીએડી-૩૬૮ (૧-બંચમાં) ને પાન નંબર ૧૮૦૫ થી ૧૮૭૨ વાંચવા.

Vadodara, 20th July, 2000.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વાંચ્યો:-

ચરોતર બાંધકામ મજૂર કામદાર સ. મં. લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક: ફડચ/૦૧/ગ-૨/૧૬૮૮/૧૯૯૨, તારીખ ૨જી જૂલાઈ ૧૯૯૨

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૫૪૬.—ચરોતર બાંધકામ મજૂર કામદાર સ. મં. લી. મુકામ આણંદ, તાલુકો આણંદ, જિલ્લો ખેડા, શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, નડીઆદની ઓફીસના નોંધ નંબર ૨૨૭૮, તા. ૧૭મી મે ૧૯૮૫ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪ નડીયાદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરું કરવું.

નડીયાદ, તારીખ ૪થી ફેબ્રુઆરી ૧૯૯૩.

પી. જી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીઆદ.

નંબર નધણ/સિદ-૨૬૨૬૨/૫૯૮/ખ/૮૪૯/૧૯૯૩:—આથી જાહેર કરે છે કે શ્રી સુલતાનપગીના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સુલતાનપગીના મુવાડા તાલુકો બાલાસીનોર જીલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

નડીયાદ, તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના હુકમ નંબર સબન-૦૫૫-ખ-૧૫૨૭-૯૨ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૨ નો હુકમ.

(૨) શ્રી એમ. એસ. સૈયદ વહીવટદાર નેનપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. નો તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ નો પત્ર.

ક્રમાંક સવન/૦૫૫/ખ/૧૧૨૦/૧૯૯૩.—આમુખ-૧માં જણાવ્યાનુસાર આ કચેરીના તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૨ ના હુકમથી નેનપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ નેનપુર, તાલુકા મહેમદાવાદ જિલ્લો ખેડામાં વહીવટદાર તરીકે શ્રી એમ. એસ. સૈયદ કે-૧૨૦૪ ઈકબાલ સ્ટ્રીટ જનુદયોગ પાસે મુકામ તાલુકા મહેમદાવાદ જીલ્લા ખેડાની નિમણુંક કરેલી હતી જે હુકમ અનુસાર તેઓશ્રીએ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૨ ના રોજ વહીવટદાર તરીકે હવાલો સંભાળી આ કચેરીને જાણ કરેલી છે.

આમુખ-૨માં જણાવેલ તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ના ક્ર. નં. વહીવટદારના પત્રથી વિગતો ધ્યાનમાં લઈ વહીવટી અનુરૂપતાએ ફરફાર કરીને સદરહું મંડળીના વહીવટદાર તરીકે શ્રી એમ. એસ. સૈયદની જગ્યાએ શ્રી બી. એ. પઠાણ ઠેકાણ ગાજીપુરવાડા મુકામ નડીયાદ, તાલુકો નડીયાદ, જીલ્લો ખેડાની નિમણુંક કરવામાં આવે છે તેઓશ્રીનું માસીક મહેનતાણુ અગાઉ નક્કી કર્યા પ્રમાણેનું રહેશે. તથા ચાર્જ સંભાળ્યા બાદ મંડળીની વ્યવસ્થાપક કમીટીની પેટા નિયમનુસાર રચના કરીને વહીવટ પરત કરવાનો રહેશે.

નડીયાદ, તારીખ ૧૩મી મે ૧૯૯૩.

નંબર નધણ/સેદૂ/૨૬૨૬૩/૫૯૯/ખ/૧૮૯૩/૧૯૯૩ :—આથી જાહેર કરે છે કે શ્રી કાલુ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કાલુ તાલુકો બોરસદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૨૯મી મે ૧૯૯૩.

નંબર નધણ/સિ-૨૬૨૬૪/૬૦૦/ખ/૧૯૨૩/૧૯૯૩:—આથી જાહેર કરે છે કે શ્રી ખંભોળજ પીપલ્સ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી મર્યાદિત સ્થળ ખંભોળજ તાલુકો આણંદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૫મી જૂન ૧૯૯૩.

વાંચ્યો :—શ્રી ફતેપુરા ગ્રાહક સહકારી ભંડાર લી. ના ફડચા અધિકારીનો પત્ર તારીખ ૩૧મી મે, ૧૯૯૩ નો ક્રમાંક: ફડચ/૦૧/જ/[illegible]

હુકમ

ક્ર. નં.: ઉ.ખ.સ./ફડચ/ખ/૧૯૦૦/૧૯૯૩.—શ્રી ફતેપુરા ગ્રાહક સહકારી ભંડાર લિ. મુકામ: બોરસદ, તાલુકો: બોરસદ, જિલ્લો: ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં. નડીઆદની ઓફીસના નોંધણી નંબર: ભં-૬૬૫, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૭૪ થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર: ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૧૭૧૮/૯૨, તારીખ ૩જી જુલાઈ, ૧૯૯૨ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ-૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે. એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૭મી જૂન, ૧૯૯૩.

વાંચ્યો :—શ્રી કપડવંજ ટાઉન કો. ઓપ. ઈલેક્ટ્રીસીટી એસોસીએશન લિ.ના ફડચા અધિકારીનો પત્ર તારીખ ૩૧મી મે, ૧૯૯૩ ક્રમાંક ફડચ/૦૧/જ/૪૩૮/૯૩.

હુકમ

જા. નં. ઉ.ખ.સ./ફડચ/ખ/૧૯૦૧/૧૯૯૩.—શ્રી 'કપડવંજ ટાઉન કો. ઓ. ઈલેક્ટ્રીસીટી એસોસીએશન લિ. મુકામ : કપડવંજ, તાલુકો : કપડવંજ, જિલ્લો : ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર : સી-૧૨૫૧, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૪૮ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર : ઉ.ખ.સ./સ./ક.૯૯/ફડચ/ખ/૨૯૨૬, તારીખ ૪થી જૂન, ૧૯૮૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૭મી જૂન, ૧૯૯૩.

વાંચ્યો :—શ્રી લાલી પિયત સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૧૪૧૧/૧૯૯૩, તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૩.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૨૦૧૮ / ૯૩.—શ્રી લાલી પિયત સહકારી મંડળી લી' મુકામ લાલી, તાલુકો મહેમદાવાદ, જિલ્લો ખેડા, શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિ. પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર : ૨૫૨૫, તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૮૭ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪, નડીયાદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૯મી જૂન, ૧૯૯૩.

નં. નધણ/સે/૨૬૨૬૫/૬૦૧/ખ/૨૦૩૭/૯૩.—આથી જાહેર કરે છે કે શ્રી સર્વોદય કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ મહેમદાવાદ, તાલુકો મહેમદાવાદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૪મી જૂન, ૧૯૯૩.

વાંચ્યો :—ભવાનીપુરા સેવા સ. મં. લી. તા. પેટલાદ ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨ / ૧૩૭૪/૧૯૯૩ તારીખ ૧૨મી એપ્રિલ, ૧૯૯૩.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૨૧૦૬/૯૩.—ભવાનીપુરા સેવા સહકારી મંડળી લી. મુકામ : ભવાનીપુરા, તાલુકો : પેટલાદ, જિલ્લો : ખેડા, શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિ. પં., નડીઆદની ઓફીસના નોંધ નંબર : સે-૧૭૨૩૬, તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૮૧ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨, નડીયાદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીયાદ, તારીખ ૧૭મી જૂન, ૧૯૯૩.

વંચાણે લીધો :—

(૧) ફડચા અધિકારી અને સહકારી અધિકારી ફડચા નં. ૧, નડીઆદના તારીખ ૪થી મે, ૧૯૯૩ જા. નં. : ફડચ/૦૧/ગ-૨/૪૦૨/૯૩ નં. થી ખંભાત તમાકુ ઉ. સ. મં. લી. પુન : જીવીત કરવા અંગેનો ભલામણપત્ર.

(૨) મંડળીની સાધારણ સભાના તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૯૩ ના ઠરાવ નં. ૧.

આમુખ

ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૨૧૦૭/૯૩.—ખંભાત તમાકુ ઉત્પાદક સહકારી મંડળી ખંભાત, તાલુકો : ખંભાત, જિલ્લો : ખેડાને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. નડીઆદની નોંધણી નંબર : ૨૦૩૫૧, તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૮૪ થી નોંધવામાં આવેલ છે તેને અત્રેની કચેરીના હુકમ નં. : ઉખસ/૮/૪/ફડચ/ગ-૨/૨૧૧૧/૯૨, તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૨થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેનો ચાર્જ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૩ ના રોજ સંભાળેલ છે.

ફડચા અધિકારીશ્રીએ તેમના તારીખ ૪થી મે, ૧૯૯૩ ના પત્રથી જણાવેલ છે કે :—

(૧) મંડળીએ ફડચા હુકમ સમય દરમ્યાન ખાતરનો વેપાર કરેલ છે અને તેમાં રૂા. ૧,૦૪૮ નફો કરેલ છે.

(૨) મંડળીએ રૂા. ૧૪,૨૦૦ ની ખોટ છે જે ઘટાડવા ખાતર વેપાર ચાલુ રાખવા સ્થાનિક અનામત મેળવીને વેપાર કરવાનો પ્રયત્ન કરેલ છે.

(૩) મંડળીને સરકારશ્રી તરફથી લોન / સબસીડી મળેલ નથી. તેમજ બેન્ક હાઈપોથી-કેશન મેળવેલ નથી. અને બહારથી અનામત મેળવી આર્થિક સંકડામણ ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે.

(૪) મંડળીમાં ખાતર સિવાય બિયારણનું કામ કરેલ છે. રૂા. રૂા. ૨,૯૭૦ નો તમાકુ બિયારણનો સ્ટોક પડતર રહેલ છે.

(૫) મંડળીને ખાતરનું લાયસન્સ તારીખ ૧લી જૂન, ૧૯૯૨ થી ૩૧મી મે. ૧૯૯૫ સુધીનું મળેલ છે.

INDEX

(૬) મંડળીની બાકી પડતી ઓડિટ ફી રૂ.૨૦૦ ફડચાના હુકમ બાદ તિજોરીમાં ચલનથી જમા કરાવેલ છે. અને ઓડીટ ફી ભરવાની રકમ બાકી પડતી નથી.

(૭) મંડળીના વ્યવસ્થાપકો / સંચાલકો સહકારી કાયદા કાનુન પ્રમાણે મંડળીનું સંચાલન કરવા વ્ય. કમિટીની ચૂંટણી કરી નિમણુંક કરવા વાર્ષિક સાધારણ સભા નિયમિત ભરવા અને ઓડીટ દુરસ્તી કરવા લેખિત બાંહેધરી આપેલ છે.

ઉપરોકત વિગતોને આધારે કચેરીની ગ-૨ શાખામાં મંજૂર થયેલ નોંધને અંતે લેવાયેલ નિર્ણય મુજબ સદર મંડળીને પુન : જીવીત કરવા માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી સી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીઆદ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ કલમ-૧૯ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ખંભાત તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. ખંભાત. તાલુકો : ખંભાતને પુન : જીવીત કરવાનો હુકમ કરું છું.

નડીઆદ, તારીખ ૧૭મી જૂન, ૧૯૯૩.

સી. એન. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીઆદ.

નંબર ઉખસ/નધણ/સે/૨૬૭૧૦/૧૯૭૪/૧૯૯૨:—આથી જાહેર કરે છે કે ધનલક્ષ્મી ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ ઉંઝા, તાલુકો સિદ્ધપુર, જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૧૯૯૨.

વંચાણે લીધા :

(૧) ખાસ ફડચા અધિકારી ધી અમરાપુરા ખેતી માટે પાણી પુરૂં પાડનારી સહકારી મંડળી લી. તાલુકો કલોલ ના પત્ર ક્રમાંક ફ/અમરાપુરા પિયત તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૨ થી ધી અમરાપુરા ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. ની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધી.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ (૧) મુજબ.

હુકમ

જા. નં. ઉખસ/ફ૬ચ/૦૧/ચ/૪૦૧૦/૧૯૯૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી અમરાપુરા ખેતી માટે પાણી પુરૂં પાડનારી સહકારી મંડળી લી મુકામ અમરાપુરા તાલુકો કલોલ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ખે-૪૨ તારીખ ૨૩મી માર્ચ, ૧૯૬૧થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી, મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ/ફ/૮૨૬૬/૦૧/જ/૮૭ તારીખ ૨૮મી માર્ચ, ૧૯૮૭ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારી શ્રી ખાસ ફડચા અધિકારી તરફથી તેઓના પત્ર ક્રમાંક/અમરાપુરા પિયત/૯૨ તારીખ ૩૦મી નવમ્બર, ૧૯૯૨ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી અમરાપુરા ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લીમીટેડ તાલુકો કલોલ નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૨.

નં. : ઉખસ/નધણ / સે-૧૫૪૬૯.—આથી જાહેર કરે છે કે પીપલાણા સહકારી રૂ વેચાણ મંડળી લી. મર્યાદિત સ્થળ : પીપલાણા, તાલુકો : હારીજ, જિલ્લો : મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૨મી નવેમ્બર. ૧૯૯૩.

નં. : ઉખસ/નધણ / ભં-૩૯૧૫.—આથી જાહેર કરે છે કે શ્રી સોનલ કન્ઝયુમર્સ કો. ઓ. સો. લી. મર્યાદિત સ્થળ : મહેસાણા, તાલુકો : મહેસાણા, જિલ્લો : મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારી ધી ભોયણ મોટી સેવા સહકારી મંડળી લી. અને સીની. ઈન્સ્પેકટર ધી મહેસાણા ડી. સે. કો.ઓપ. બેંક લી. મહેસાણાનો પત્ર ક્રમાંક : ૭૭/લીન/ફડચો/૭૬૧, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૨ થી ધી ભોયણ મોટી સેવા સહકારી મંડળી લી. ની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધી.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૨૦ (૧) મુજબ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ચ/૪૦૧૧/૯૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ભોયણ મોટી સેવા સહકારી મંડળી લી. મુકામ : ભોયણમોટી તાલુકો, કલોલ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર : સે-૧૨૦૪, તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૬૭ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અંગે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ

INDEX

૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર : ઉ/ફ/૭૧/જ/૬૫૩/૮૮, તારીખ ૫મી માર્ચ, ૧૯૮૮ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ૭૭/લોન/ફડચો/૭૬૧/૯૨ તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૨ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી. સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ભોયણમોટી સેવા સહકારી મંડળી લી. મુકામ : ભોયણમોટીની નોંધણી રદ કરતો હુકમ કરું છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારી ધી વરસોડા સેવા સહકારી મંડળી લી. મુ : વરસોડા તાલુકો વિજાપુરના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૩/૭૭૧/૯૨, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૨ થી ધી વરસોડા સેવા સહકારી મંડળી લી. મુ : વરસોડા તા. : વિજાપુરની નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધી.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦(૧) મુજબ.

હુકમ

જા. નં. ઉખસ/ ફડચ/૦૧/ચ/૪૦૧૨/૯૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી વરસોડા સેવા સહકારી મંડળી લી. મુકામ: વરસોડા, તાલુકો : વિજાપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૧૫૨૧૫ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૫૦ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ/ફ/૮૫૩૩૬૦/૦૧/૩૧૨૦. તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૮૮ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૨, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૩/૭૭૧/૯૨, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૨ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી વરસોડા સેવા સહકારી મંડળી લી. મુ. : વરસોડા ની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) મેનેજર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નો પત્ર ક્રમાંક : ૭૭/લોન/૪૬૦૪/, તારીખ ૨૨મી જૂન, ૧૯૯૨.

(૨) મદદનીશ સહકારી અધિકારી સેવા લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. મહેસાણાનો તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૩ નો પત્ર.

(૩) આ કચેરીનો વચગાળાનો આદેશ નં. : ઉખસ/ફડચ/૦૧/ચ-૩૪૬૦-૯૨, તારીખ ૧૩મી નવેમ્બર. ૧૯૯૨.

પ્રસ્તાવના

ધી કરલી સેવા સહકારી મંડળી લી. તાલુકો : સિધ્ધપુર. જિલ્લો : મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ નીચે નોંધણી નં. : ૧૫૪૩૨ તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૫૮ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળી સ્વીકારેલ પેટા નિયમ અને ઉદ્દેશો મુજબ કામગીરી કરતી ન હોવાથી નીચે જણાવેલ ખામીઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળીને ૧૯૮૮ થી પુન : જિવીત કર્યા પછી વેપાર ધીરાણ અગર કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ થયેલ નથી.

(૨) છેલ્લા ૧૦ વર્ષથી ઓડિટ વર્ગ "ડ" છે.

(૩) ઓડીટ ઈન્સ્પેકશન નાદુરસ્તી રીપોર્ટ મોકલવામાં આવતા નથી.

(૪) વ્ય. કમીટીની મીટીંગ મળતી નથી અને મંડળીને ચલાવવામાં રસ નથી.

જા. નં. ફડચ/૦૨૦૪-ગ/૨૯૯/૯૨૧૯/૯૩.—આમ ઉકત મુદ્દાઓના સંદર્ભમાં સદર મંડળીને સહકારી મંડળીઓના અધિનિયમ ૧૦૭ (૧) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનું આવશ્યક જણાતું અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ચ-૩૪૬૦-૯૨, તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૯૨ થી વચગાળાનો આદેશ કાઢવામાં આવેલ હતો. જે રજિ. પોસ્ટ એ. ડી. થી મોકલી આપતાં સદર કવર ઉપર પ્રમુખ-મંત્રીશ્રી, ઉંઝા મુકામે રહેતા હોવાથી તેના શેરા સહ કવર પરત આવેલ ત્યારબાદ અત્રેની કચેરીમાં મંત્રીશ્રી રૂબરૂ આવીને સદર હુકમ તારીખ ૧૫મી ડિસેમ્બર. ૧૯૯૨ ના રોજ વચગાળાનો હુકમ લઈ ગયેલ હતા અને જેના અનુસંધાને મંત્રીશ્રી તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૯૩ ના રોજ રૂબરૂ આવી મંડળીને ચાલુ રાખવા માટે સદર મંડળીની મુલાકાત લેવડાવ્યા બાદ ફડચાની આગળની કાર્યવાહી કરવા જણાવતા અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીશ્રીએ તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૩ ના રોજ મંડળીની મુલાકાત લીધેલ હતી મુલાકાત દરસ્યાન ગામમાં કોઈ સેવા મંડળીની ઓફીસ કે મંડળીના નામનું બોર્ડ જોવા મળેલ ન હતું. પરંતુ ગામના સરપંચશ્રી મફતલાલ બેચરદાસ પટેલ ડેપ્યુટી સરપંચશ્રી વીરાભાઈ મંગળદાસ પટેલ માજી. સરપંચશ્રી ઠાકોર અમાજી ધીરાજી અને પટેલ વીસતલાલ કાળીદાસને રૂબરૂ મળતાં તેઓશ્રી એ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૩ ના રોજ નીચે મુજબનું નિવેદન આપેલ છે. અમારા ગામની સેવા સ. મં. લી. લી. છેલ્લા કેટલાક વર્ષોથી સ્થગિત છે. લોકોને સેવા સહકારી મંડળી છે કે કેમ? તે પણ ખબર નથી મંત્રીશ્રી હાલ ઉઝામાં રહે છે. મંડળીના ચોપડા પણ કઈ હાલતમાં છે તે પણ કોઈને ખબર નથી મંડળી કોઈ વેપારની પણ પ્રવૃત્તિ કરતી નથી. ખાતર, બીયારણ અને જીવન જરૂરિયાતની ચીજો મંડળી સ્થગિત હોવાથી મળતી નથી. સભાસદોના શેરના નાણાં રોકેલ છે તેનું પણ વ્યાજ પણ મળતું નથી. માત્ર કાગળ ઉપર મંડળી અસ્તિત્વ ધરાવે છે. કોઈ પ્રવૃત્તિ કરતી નથી મંડળીના સભાસદોને નુકશાનમાંથી બચવા માટે ફડચામાં લઈ જવા માટે નિવેદન આપેલ છે. જેને ધ્યાનમાં લેતા મંત્રીશ્રીએ કરેલ તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૯૩ ની કરેલ રજુઆતને ગ્રાહ્ય રાખવી પણ અસંભવીત બનેલ છે. તેમજ તે પછી પણ કોઈ પ્રવૃત્તિ હાથ ધરાયાનું પણ જણાયેલ નથી.

INDEX

મંડળી રચવાનો મુખ્ય ઉદેશ ગ્રામ્ય કક્ષાએ ખેડૂત / ખેતમજૂર વર્ગને ખેતી વિષયક જરૂરીયાતો એવું જીવન જરૂરિયાતો બાબતે શાહકારો દ્વારા એવું વેપારી વર્ગ દ્વારા થતા શોષણમાંથી મુક્તિ મળે અને પરસ્પર સહકારની ભાવનાથી ખેડુત સમાજ જીવન જીવવા કેળવાય તેમજ આર્થિક ઉત્કર્ષ સાંધી શકવાનો સામાન્ય પણે જે જણાય તે બર આવેલ નથી. ઉદ્દેશો બર લાવવા રચાયેલ મંડળી કામકાજ કરતી બંધ થઈ છે. મંડળી ઘણા સમયથી સ્થગિત અવસ્થામાં છે. મંડળીને પુન : જિવીત કરવા છતાં કામગીરી કરવામાં આવેલ નથી. સંસ્થાના કાર્યવાહકો એ પ્રગતિ અંગે કોઈ કામકાજ કરેલ ન હોઈ, મંડળીને ચાલુ રાખવાથી સભાસદોનું હિત જોખમાય તેમ હોવાથી મંડળી ચાલુ રાખવાથી કોઈ મુળભુત હેતુ સિધ્ધ થતો ન હોઈ નીચે પ્રમાણે મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું.

હુકમ

ધી કરલી સેવા સહકારી મંડળી લી. મુકામ : કરલી, તાલુકો : સિધ્ધપુર જિલ્લો : મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. ૧૫૪૩૨, તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૫૮ થી નોંધવામાં આવેલ હતી. પ્રસ્તાવનામાં વિગતે જણાવેલ કારણો ધ્યાનમાં લઈ હું શ્રી ભી. દ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) એ. સી. ૨ અને ૪ અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાની નિમણુંક કરું છું.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુર્ણ કરવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારીશ્રી ફડચા-૧ થી ધી સહયોગ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહ. મં. લી. (ફડચામાં) મુ. સેદ્રાણા, તા. સિધ્ધપુરના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૩૫૪-૯૨, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૨ થી સહયોગ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહ. મં. લી. ફડચામાં (મુ. સેદ્રાણા, તા. સિધ્ધપુર) ની નોંધણી રદ્દ કરવાની દરખાસ્ત.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ (૧) મુજબ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ /૦૧ / ચ / ૩૦૦ / ૯૩.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી સહયોગ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મુકામ : સેદ્રાણા, તાલુકો : સિધ્ધપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ખે-૩૦૬૩, તારીખ ૨૫મી ઓક્ટોબર, ૧૯૮૮ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર : ઉ/ફ/૦૧/ચ/૬૬૪/૯૨, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૨ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારી શ્રી સહકારી અધિકારી ફડચો-૧ તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩૫૪-૯૨, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૨ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારીમંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી સહયોગ ખેતી માટે પાણી પુરૂ પાડનાર સહકારી મંડળી લી. મુ : સેદ્રાણા ની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧-છ-૨૧૬૧-૯૨-તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૯૨ નો વચગાળાનો હુકમ.

પ્રસ્તાવના :—

ધી મોટી હીરવાણી ગામ પિયત વિસ્તારમાં પાણી વહેંચણી માટેની સહકારી મંડળી લી. મુકામ : મોટી હીરવાણી, તાલુકો : ખેરાલુ, જિલ્લો : મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ હેઠળ નોંધણી નંબર : ખે-૨૧૯૭, તારીખ ૧૩મી ઓક્ટોબર, ૧૯૮૩થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. આ સંસ્થાનું ઓડીટ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૧ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૧ સુધીનું તેમજ કાયદાની કલમ ૮૪ હેઠળ કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની ખામીઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) સંસ્થા સ્થગિત અવસ્થામાં છે.
(૨) સદર સંસ્થા ચલાવવા માટે સભાસદો કાર્યવાહકોને રસ નથી.
(૩) સને ૧૯૯૧ ના વર્ષની વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.
(૪) તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૧ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૧ સુધીમાં તારીખ ૨૬મી જાન્યુઆરી ૧૯૯૧ એક જ કમીટીની મીટીંગ મળેલ છે.
(૫) તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૮૬ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૦ સુધીના ઓડીટ મેમાની દુરસ્તીપણ કરવામાં આવેલ નથી.

જા. નં. ઉખસ/ફડચ/૩૩૦/ચ/૯૨૨૦/૯૩.—આમ ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના અધિનિયમ-૧૦૭ (૧) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનું આવશ્યક જણાતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/છ/૨૧૬૧/૯૨, તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૯૨ થી વચગાળાનો હુકમ કાઢવામાં આવેલ છે. હતો જે હુકમ મળેલ હોવા છતાં આજ સુધી મંડળીને ચાલુ રાખવા માટે મંડળીના કાર્યવાહકો તરફથી રજુઆત થયેલ નથી. સદર સંસ્થાને ચલાવવા માટે સભાસદોને કે કાર્યવાહકોને રસ નથી તેમજ મંડળી લાંબા સમયથી સ્થગિત રહેતી હોવાથી મુળભુત હેતુ સિધ્ધ થતો ન હોઈ નીચે મુજબનો ફડચાનો હુકમ કરું છું.

હુકમ

ધી મોટી હીરવાણી ગામ પિયત વિસ્તારમાં પાણી વહેંચણી માટેની સહકારી મંડળી લી. મુકામ : મોટી હીરવાણી, તાલુકો : ખેરાલુ જિલ્લો : મહેસાણાનો નોંધણી ક્રમાંક : ખે-૨૧૯૭, તારીખ ૧૩મી ઓક્ટોબર, ૧૯૮૩થી નોંધવામાં આવી હતી. તે મંડળીને હવે

INDEX

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક, ગ, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા ૩, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પહેલાં પુરૂ કરવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વિષય :—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ હેઠળ મંડળીને આટોપી લેવા બાબત.

ક્રમાંક ઉખસ/ફડચ-૦૧-ચ-૪૦૧/૯૩.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ ધી કલોલ સ્ટેશન વિસ્તાર કો. ઓપ. કન્ઝયુમર્સ સ્ટોર્સ લી. મુકામ કલોલ, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણા નોંધણી નં. જિ.પં.ભં-૧૭૬ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૭૫ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૮૯ થી ૩૦મી જુન, ૧૯૯૧ સુધીનું અન્વેષણ થયેલ છે. અને જેમાં જણાવેલ ખામીઓ નીચે મુજબ છે.

(૧) સંસ્થાએ સને ૧૯૮૫-૮૬, ૮૭-૮૮/૮૯ સુધીના દુરસ્તી અહેવાલ મોકલી આપેલ નથી. કલમ-૮૫ તથા પેટા નિયમ-૩૪ (૬) નો ભંગ કરેલ છે.

(૨) પેટા નિયમ ૧૫ મુજબ આજદિન સુધી ઓડીટ નોંધમાં અવારનવાર સુચનો હોવા છતાં સભાસદોને શેર સર્ટી. આપેલ નથી.

(૩) ઓડીટ સમય તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૮૯ થી ૩૦મી જુન, ૧૯૯૧ સુધીમાં વ્ય. કમીટીની માત્ર ૨ (બે) બેઠકો જ મળેલ છે. વહીવટ બાબતે વ્ય. કમીટી નિષ્ક્રિય જણાયેલ છે.

(૪) સાધારણ સભામાં નફાની ફાળવણી કરેલ નથી કે ખોટના કારણોની સમીક્ષા કરેલ નથી સને ૧૯૮૯-૯૦ ના વર્ષમાં રૂા. ૧૦,૫૮૨.૫૪ ની ખોટ ગયેલ છે.

(૫) સંસ્થાના હિસાબો જાળવવા માટે માનદ મંત્રીશ્રીની નિમણુંક કરેલ નથી.

(૬) અગત્યના રજિસ્ટરો નિભાવેલ નથી.

(૭) સંસ્થાનું કંટ્રોલ લાયસન્સ રદ થતાં તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૦થી સંસ્થા કામ કરતી બંધ થયેલ છે. જે આજદિન સુધી કોઈ કામગીરી શરૂ કરેલ નથી.

(૮) સંસ્થાની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે.

આમ ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના અધિનિયમ-૧૦૭ (૧) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓ લગત વાંધા કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-ચ-૧૫૨૩-૯૨, તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૨ ના રોજ કારણદર્શક નોટીસ આપી દિન-૧૫ માં આ કચેરીને લેખિત વાંધાઓ ખુલાસાઓ રજુ કરવા જણાવવામાં આવેલ હતું. છતાં આજદિન સુધી કોઈ વાંધો કે ખુલાસો કરી રજુઆત કરેલ નથી.

મંડળી તેના ઉદ્દેશો મુજબ કામકાજ કરતી બંધ થઈ છે તેમજ સંસ્થાના કાર્યવાહકોએ પ્રગતિ અંગે કોઈ કામકાજ કરેલ ન હોઈ મંડળીને ચાલુ રાખવાથી પણ કોઈ મુળભુત હેતુ સિધ્ધ થતો ન હોઈ નીચે પ્રમાણે હુકમ કરું છું.

વચગાળાનો હુકમ

ધી કલોલ સ્ટેશન, વિસ્તાર કો. ઓપ. કન્ઝયુમર્સ સ્ટોર્સ લી. મુકામ કલોલ, જિલ્લો મહેસાણા જિલ્લા પંચાયત, મહેસાણાની કચેરીના નો નં. જિ.પં.ભં-૧૭૬, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૬૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ક, ગ, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૨, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરું છું.

મહેસાણા, તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ ૨૯૧૩-૯૨, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૪૦૨/ચ/૯૨૨૨/૧૯૯૩.—ધી કિબુવા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકા પાટણ, જીલ્લા મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની નોંધણી નંબર સે તે-૨૦૭૦૦ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૫થી નોંધાયેલ સહકારી સંસ્થા છે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓ બાબતના નિયમો ૧૯૬૫ તથા મંડળીના નોંધાયેલ પેટા કાયદા મુજબ તેના ઉપર નાખવામાં આવેલ ફરજો અને તેને મળેલ અધિકારોનો ઉપયોગ કરેલ નથી જે નીચે દર્શાવેલ હકીકત ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) સંસ્થાએ ગત અન્વેષણ મેમાની ખામીઓની દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી.

(૨) મંડળીની વ્યવસ્થાપક સમીતીની બેઠક તેમજ વાર્ષિક સાધારણ સભા સને ૧૯૮૯-૯૦ ના વર્ષ પછી મળેલ નથી.

(૩) મંડળી સ્થગિત અવસ્થામાં છે. મંડળી ચલાવવામાં કાર્યવાહકો તથા સભાસદોને રસ નથી.

(૪) સંસ્થાએ તારીખ ૧લી જુલાઈ ૧૯૯૧ થી તારીખ ૨૧મી મે, ૧૯૯૨ સુધીના સમય દરમ્યાનમાં પણ કોઈજ કામગીરી કરેલ નથી.

ઉપરની હકીકતોને ધ્યાનમાં લેતાં મંડળીને ફડચામાં લઈ જવા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની રૂએ ફડચામાં લઈ જવાનું આવશ્યક જણાતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ-૨૯૧૩-૯૨, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨થી વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને મંડળી ના કાર્યવાહકોએ કારણદર્શક નોટીસ વખતે કે વચગાળાનો હુકમ સામે કોઇ રજુઆત કરેલ નથી. મંડળીના ઉપર નાખવામાં આવેલ જવાબદારી અને ફરજોનું પાલન થતુ નથી મંડળી કામ કરતી બંધ થઇ છે. આ સંજોગોમાં મંડળી ચલાવવી હિતાવહ ન હોઇ મને મળેલ અધિકાર મુજબ નીચે મુજબનો અંતિમ હુકમ કરૂ છું.

હુકમ

ધી કિબુવા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ કિબુવા તાલુકા પાટણ જીલ્લો મહેસાણા જે નોંધણી નંબર ૨૦,૭૦૦ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૫ થી નોંધવામાં આવી હતી તે

INDEX

મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) ગ-૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૨, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુર્ણ કરવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વંચાણમાં લીધા :

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ-ફડચ-૦૧/૬૬/૨૩૯૨/૯૨ તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૨ નો વચગાળાનો હુકમ.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ /ફડચ/૪૦૩-ચ-૯૨૨૧-૧૯૯૩.—ધી ધરોઈ પિયત વિસ્તાર પાણી વહેચણી માટેની સહકારી મંડળી લી. મુ. થરોઈ તાલુકા ખેરાલુ, જીલ્લો મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ સહકારી સંસ્થા છે. સદર હેઠળ નોંધણી નંબર પે-૨૧૭૮, તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૮૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાનું અન્વેષણ તારીખ ૧લી જુલાઈ ૧૯૯૦ થી ૩૦મી જુન, ૧૯૯૧ સુધીનું થયેલ છે. જેમાં નીચે મુજબની ક્ષાતઓ ઉપસ્થિત થયેલ છે:—

(૧) અન્વેષણ સમય દરમ્યાન બે વખત વ્યવસ્થાપક કમીટીની મીટીંગ થયેલ છે.

(૨) તારીખ ૩૦મી જુન ૧૯૮૯ અને તારીખ ૩૦મી જુન ૧૯૯૦ ના એમ બે વર્ષમાં ઓડીટ મેમાની દૂરસ્તી કરવામાં આવેલ નથી.

(૩) સંસ્થાની વ્યવસ્થાપક કમીટીના ત્રણ સભ્યો પાસે પાણી ઉધાર બાકીની રકમ રૂા. ૧૩૭૫-૮૮ ની બાકી છે જે ભરવામાં આવતી નથી કે સભ્યપદેથી દૂર કરવામાં આવ્યા નથી.

(૪) છેલ્લા છ વર્ષથી ઓડીટ વર્ગ "ડ" આવે છે.

(૫) સરવૈયા પ્રમાણે રૂા. ૨૦૫૨૩-૭૩ બીનસભાસદો અને સભાસદો પાસે વસુલાત કરવાના બાકી છે. જેની વસુલાતની કાર્યવાહી કરવામાં આવતી નથી.

(૬) સંસ્થાએ રૂા. ૫૦૪૬૯-૯૬ ની ખોટ કરેલ છે. પ્રતિવર્ષ ખોટમાં વધારો થવા પામે છે. જે મંડળીને કાર્યક્ષમતાને અસર કરે છે.

ઉપરના મુદ્દાઓ સંબંધે મંડળીને ફડચામાં લઈ જવા આવશ્યક જણાતાં સદર સંસ્થા સ્થગિત રહેતી હોઈ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ-ફડચ-૦૧૬૬-૨૩૯૨-૯૨, તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૨ થી વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો અને રજી. પોસ્ટ એડીથી હુંકમ મોકલી આપી જે કોઈ હુકમ સાથે રજઆત કરવી હોય તે કરવાં જણાવ્યા છતાં આજદીન સુધી મંડળીના કાર્યવાહકોએ કોઈ રજુઆત કરેલ નથી મંડળી ઘણા સમયથી સ્થગીત હોવાથી મંડળીના સભાસદોના હિત ખાતર મંડળીને આટોપી લેવા આવશ્યક જણાતાં મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતીમ હુકમ કરૂ છું.

હુકમ

ધી ધરોઈ પીયત વિસ્તાર પાણી વહેચણી માટેની સહકારી મંડળી લી; મુકામ ધરોઈ, તાલુકા ખેરાલુ, જીલ્લો મહેસાણાનો નોંધણી નંબર ખે-૨૧૭૮, તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૮૩ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) એ. સી. (૨) અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરૂ છું. મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે, અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુર્ણ કરવું.

મહેસાણા, તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ-૨૧૪૪-૯૨, તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૨.

પ્રસ્તાવના

જા.નં. ઉખસ-ફડચ-૪૦૪-ચ-૯૨૨૩/૧૯૯૩:—ધી સધ્ધપુર આપના બજાર કન્ઝુમર્સ કો. ઓપ. સો. લી. મુકામ સિધ્ધપુર તાલુકા સિધ્ધપુર જીલ્લો મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર ૨૦૯૩, તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૮૬થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાનું અન્વેષણ તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૯ થી ૩૦મી જુન, ૧૯૯૦ સુધીનું કરવામાં આવેલ હતું. અન્વેષણ નોંધમાં નીચે મુજબની ખામીઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) સંસ્થા બે વર્ષથી તદ્દન સ્થગિત હાલતમાં છે.
(૨) અન્વેષણ સમય દરમ્યાન વ્યવસ્થાપક કમિટીની મીટીંગ ફક્ત એકજ બેઠક મળેલ છે.
(૩) સંસ્થાએ આગાઉનાં ઓડીટ મેમાની દુરસ્તી પણ કરેલ નથી.
(૪) મંડળી ચલાવવામાં કાર્યવાહકો કે સભાસદોને રસ નથી.

આમ ઉક્ત વિગત ધ્યાનમાં લેતા સદર મંડળીને ફડચામાં લઈ જવા આવશ્યક જણાતાં સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ મુજબ વચગાળાનો હકમ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-૦૧-ચ-૨૧૩૩-૯૨, તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૨ થી રજીસ્ટર્ડ પોસ્ટ એડીથી વચગાળાનો હુકમ મોકલેલ હતો કવર ઉપર પોસ્ટ ખાતાના જાણમાં નથી તેવા શેરા સાથે કવર પરત આવેલ હતું ફરીથી વચગાળાનો હકમ યુ. પી. સી. થી મોકલી આપેલ હતો અને જે રજઆત કરવી હોય તે કરવા જણાવેલ હોવા છતાં આજ દિન સુધી મંડળીના કાર્યવાહકો તરફથી કોઈ વાંધો વિરોધ કે લેખીત રજુઆત થયેલ નથી માટે સદર મંડળી ચલાવવા માટે કાર્યવાહકોને રસ જણાતો નથી મંડળી છેલ્લા પાંચ વર્ષથી ખોટ કરે છે છેલ્લા બે વર્ષથી સ્થગિત અવસ્થામાં હોવાથી મંડળી ચાલુ રાખવાથી તેના પેટા નિયમ મુજબ ઉદ્દેશો બર આવે તેમ ન હોઈ મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબને ફડચાનો અંતિમ હુકમ કરૂ છું.

હુકમ

ધી સિધ્ધપુર આપના બજાર કન્ઝ્યુમર્સ કો. ઓપ. સોલી. મુકામ તાલુકા સિધ્ધપુર જીલ્લો મહેસાણાનો નોંધણી નંબર ક્રમાંક ૩૦૯૩, તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૮૬ થી નોંધવામાં આવી હતી તે

મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) એ. સી. ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે ફડચો ૧ મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે.

હેસાણા, તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૩.

નંબર ઉખસ / નધણ / ૧૫૪૭૦ / ૪૩૪ /૧૯૯૩.—આથી જાહેર કરે છે કે ધી ચામુંડા રૂ વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ રાફ તાલુકો અમી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧, / ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

નંબર ઉખસ / નધણ / સે / ૨૬૭૧૧ / ૧૯૯૩.—આથી જાહેર કરે છે કે શ્રી ગોકળબેન પોપટલાલ શાહ પ્રાથમિક શાળા કડીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કડી, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી. ૧૯૯૩.

વંચાણે લીધો :—

(૧) સહકારી અધિકારી અને ફડચા અધિકારી ફડચો-૧ ધી વિસનગર કો. ઓ. કન્ઝયુમર્સ સો. લી., (ફડચામાં) મુ. પો, તાલુકો વિસનગર ' પત્ર ક્રમાંક ફડચ / ૦૧ / ૬૦ / ૯૩, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી ધી વિસનગર કો. ઓ. કન્ઝયુમર્સ સો. લી., ની નોંધણી રદ કરવાની-- દરખાસ્ત.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૨૦ (૧) મુજબ.

હુકમ

જાવક નંબર ઉપસ / ફડચ / ૦૧ / ઘ / ૫૯૫/૧૯૯૩.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી વિસનગર કો. ઓ. કન્ઝયુમર્સ સો.લી, મુકામ પોસ્ટ વિસનગર, તાલુકા વિસનગર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર સી. ૧૮૭૬, તારીખ ૫ મી મે, ૧૯૭૧ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, મહેસાણાની કચેરીના જાવક નંબર ફેડચ/૦૧/ચ/૮૮૬૬/૯૧૪૧, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૦થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રીની સહકારી અધિકારી ફડચા ૧ તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ / ૦૧ / ૬૦/૯૩, તારીખ ૨૫ મી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ-- નિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી વિસનગર કો. ઓ. કન્ઝયુમર્સ સો. લી., મુ. પો. તાલુકો વિસનગર ની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૨૬ મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી ફડચા ૩ અને ફડચા અધિકારી પેસ્ટી સાઈડ ઓટર પેકીંગ અને ઈતર કામદાર સહકારી મંડળી લી., (ફડચામાં) મુકામ પાટણ નો પત્ર ક્રમાંક ફડચ / ૦૧ / ૩ / ૪૨ / ૯૩, તારીખ ૩૦ મી જાન્યુઆરી, ૧૯૯૩થી ધી પેસ્ટી સાઈડ વોટર પ્રેફીંગ અને ઈતર કામદાર સહકારી મંડળી લી., ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૨૦ (૧) મુજબ.

જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧/ ચ / ૫૧૪/૧૯૯૩.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈ હેઠળ ધી પેસ્ટીસાઈડ વોટર પ્રેફીંગ અને ઈતર કામદાર સહકારી મંડળી લી., મુકામ પાટણ, તાલુકો પાટણ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર સે. ૫૨૫૬, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૮૩થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવાં અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ / ફ / ૦૧ / છ / ૮૮૯૯ / ૩૧૭૫, તારીખ ૪ થી ઓકટોબર, ૧૯૯૦ થી હુકમ કરવમાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો ૩ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ૦૧ / ૩ / ૪૨ / ૯૩, તારીખ ૩૦ મી જાન્યુઆરી ૧૯૯૩થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી પેસ્ટી સાઈડ વોટર પ્રેફીંગ અને ઈતર કામદાર સહકારી મંડળી લી., મુકામ તાલુકા પાટણની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું આ હુકમ નીકળ્યા તારીખ થી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૨૬ મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

INDEX

નંબર ઉખસ / નધણ / સે. દુ /૨૬૭૧૨ / ૫૨૬.— આથી જાહેર કરે છે કે ગાજદીનપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ગાજદીનપુરા, તાલુકો સમી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૩.

નંબર ઉખસ / નધણ / સે. દૂ. / ૨૬૭૧૩/ ઘ / ૫૨૭.—આથી જાહેર કરે છે કે સેંધા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સેંધા, તાલુકો ચાણસ્મા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

નંબર નધણ / સે. દૂ. / ૨૬૭૧૪ / ઘ / ૫૨૯.— આથી જાહેર કરે છે કે શ્રી નવાપુરા (સુંઢિયા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ નવાપુરા (સુંઢિયા) તાલુકો ખેરાલુ, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૩.

નંબર ઉખસ / નધણ / સે. દૂ. / ૨૬૭૧૫/૫૨૫.— આથી જાહેર કરે છે કે ગણેશપુરા (સુંઢિયા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ગણેશપુરા (સુંઢિયા) તાલુકો ખેરાલુ, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

નંબર ઉખસ / નધણ / સે. દૂ. / ૨૬૭૧૬ /ઘ/ ૫૩૩.—આથી જાહેર કરે છે કે ડેરી દૂધ. ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ડેર, તાલુકો પારસ, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧ લી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી ધી કહોડા સેવા સહકારી મંડળી લી., અને સીનીયર ઈન્સ્પેકટર ધી મહેસાણા-- જિલ્લા સેવા સહકારી બેંક લી., મહેસાણાનો-- પત્રક ક્રમાંક / ૭૭ / લોન / ફડચો / ૯/૪, તારીખ ૪ થી માર્ચ, ૧૯૯૩ થી મોકલી આપેલ દરખાસ્ત.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, કલમ ૨૦ (૧) મુજબ.

હુકમ

જાવક નંબર ઉપસ / ફડચ / ૦૧ / ઘ / ૫૭૯/૯૩.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી કહોડા સેવા સહકારી મંડળી લી., મુકામ કહોડા, તાલુકો સિધ્ધપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૨૯૨૭૨ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૬૦થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ / ફ / ૭૦૧૫ / છ, તારીખ ૭ મી ફેબ્રુઆરી, ૧૯૭૯થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી એન. સીની. ઈન્સ્પેકટર જિલ્લા મધ્ય. સહ. બેંક લી., મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ૭૭ / લોન / ફડચો / ૯૮૪, તારીખ ૪ થી માર્ચ, ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ-- નિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી કહોડા સેવા સહકારી મંડળી લી., મુકામ કહોડા, તાલુકો સિધ્ધપુરની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ છે.

મહેસાણા, તારીખ ૯મી માર્ચ, ૧૯૯૩.

નંબર ઉખસ / નધણ / સે / ૧૫૪૭૧/૯૩.— આથી જાહેર કરે છે કે ધી મેમણા જુથ રૂ વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મેમલા, તાલુકો સમી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૧ મી માર્ચ, ૧૯૯૩.

નંબર ઉખસ / નધણ / ઘ / ૧૨૩૮૭/૯૩.— આથી જાહેર કરે છે કે અરફા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ કલોલ, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૩.

INDEX

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ગરભ-૦૧૨૪-ગ-૮૬૮-૯૧, તા. ૧૧માં જુલાઈ ૧૯૯૧.

(૨) સહકારી અધિકારી (ગ્રાહકો લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. મહેસાણાનો પત્ર ક્રમાંક : ગરભ-૧૭૭૯-૯૨, તા. ૧૮મી ડીસેમ્બર ૧૯૯૨ નો ફડચામાં લઈ જવાનો ભલામણનો પત્ર.

(૩) મેનેજર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાનો પત્ર ક્રમાંક ૭૭/લોન/૪૭૪/૯૨, તા. ૨૨મી ડીસેમ્બર ૧૯૯૨ નો પત્ર.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખાસ-ફડચ-૬૨૭-ધ-૯૨૨૪/૯૩.—ધી રાજીન્દ્ર ડાઈગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ લીમીટેડ એમ્પ્લોઈઝ કો. ઓપરેટીવ ક્રેડીટ એન્ડ સપ્લાય સો. લી. મુ. તા. કલોલ, જિ. મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીનો નોંધણી નં. ૧૬૦૦ તા. ૨૬મી ડીસેમ્બર ૧૯૭૪થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે તા. ૭મી જુન ૧૯૯૧ના રોજ દરખાસ્ત કરેલ હતી જેમાં નીચેના વાંધા બજાવી ફડચામાં લઈ જવા જણાવેલ હતું.

(૧) સંસ્થાના કર્મચારીઓ રાજીન્દ્ર ડાંઈગ એન્ડ પ્રીન્ટીંગ મીલ્સ લી. કલોલ, ના પગારદાર કર્મચારીઓ છે.

(૨) સદર મીલ્સ તા. ૧લી ઓકટોબર ૧૯૮૭થી બંધ કરેલ છે. જેથી સભાસદો બેકાર બનેલ છે. અને આર્થિક રીતે નબળા પડેલ છે. જેથી વસુલાત આવતી નથી.

(૩) વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં. ૯ તા. ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૦થી મંડળીને ફડચામાં લઈ જવા માંગણી કરેલ છે.

(૪) સંસ્થા છેલ્લા ત્રણ વર્ષથી બંધ જેવી હાલતમાં છે.

આમ ઉકત મુદ્દાઓના અનુસંધાને સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ગરભ-૦૧૨૪-ગ-૮૬૮-૯૧, તા. ૧૧મી જૂલાઈ ૧૯૯૧થી વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો. અને અત્રેથી રજી. પોસ્ટ એ.ડી.થી તા. ૧૧મી જૂલાઈ ૧૯૯૧ ના રોજ વચગાળાનો હુકમ મોકલી આપેલ હતો પરતુ મીલ બંધ હોવાથી કવર ઉપર મિલ બંધ છે. તેવા શેરા સહ કવર અત્રે પરત આવેલ હતું. અત્રેથી સહકારી અધિકારીશ્રી (ગ્રાહક) સદર સંસ્થાની તા. ૧૬મી ડિસેમ્બર ૧૯૯૨ના રોજ રુબરુ મુલાકાત લીધેલ છે. અને પ્રમુખ મંત્રીશ્રીનો સંપર્ક સામેલ છે. તેઓશ્રીના જણાવ્યા મુજબ મીલ બંધ હાલતમાં છે. કારીગરો બેકાર છે. અને મીલ ચાલુ થઈ શકે તેમ ન હોવાથી સાધારણ સભામાં ઠરાવ નં. ૯, તા. ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૦ થી સદર સંસ્થાને ફડચામાં લઈ જવા માટે જણાવેલ છે. અને તા. ૧૬મી ડીસેમ્બર ૧૯૯૨નો પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે અમારો કોઈ વાંધો કે વિરોધ નથી તેવું પ્રમુખ/મંત્રીશ્રીએ જણાવેલ છે. સહકારી અધિકારીશ્રી (ગ્રાહક) એ સદર મંડળી ને ફડચાનો અંતિમ હુકમ કરવા માટે ભલામણ કરેલ છે. આમ ઉકત વિગતો જોતા સદર સંસ્થાને ચલાવવા માટે સભાસદો કે કાર્યવાહકોને બીલકુલ રસ જણાતો નથી અને તેઓશ્રીની માંગણી સદર સંસ્થાને ફડચામાં લઈ જવાની હોવાથી મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો સંસ્થાને ફડચામાં લઈ જતો હુકમ કરું છુ.

હુકમ

ધી રાજીન્દ્ર, ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ લી. એમ્પ્લોઈઝ કો. ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી. મુ. તા. કલોલ, જિ. મહેસાણાનો નોંધણી ક્રમાંક સે. ૧૬૦૦ તા. ૨૬મી ડીસેમ્બર ૧૯૭૪ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) ગ-૧૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. મહેસાણાની સદર કાયદાની કલમ. ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સવે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પૂરું કરવું.

મહેસાણા, તારીખ ૧૧મી માર્ચ ૧૯૯૩.

વંચાણમાં લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ અને ૭૪(ધ)ની જોગવાઈઓ.

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક : પરમ-૦૧૬-ચ-૮૩-૯૩, તા. ૧૨મી જાન્યુઆરી ૧૯૯૩

(૩) મંડળીની વાર્ષિક સાધારણ સભાના તા. ૨૭મી ડીસેમ્બર ૧૯૯૨ના ઠરાવ નંબર ૧૫.

પ્રસ્તાવના

ક્રમાંક :પરમ-૧૬-ધ-૬૧૩/૯૩.—ધી ઓનેસ્ટનગર કો. ઓપ. હાઉસીંગ સો. લી. કલોલ, તા. કલોલ એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ નીચે નોંધણી નંબર ખ. ૬૩૨૯ તા. ૨૮મી જાન્યુઆરી ૧૯૭૬થી નોંધાયેલ ગૃહ સહકારી મંડળી છે. જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે. મંડળીની વ્યવસ્થાપક કમીટીએ કાયદા, પેટા કાયદા અને કાનુનથી મુકાયેલી ફરજો બજાવવામાં વારંવાર કસુર કરતાં આ કચેરીના હુકમ નંબર સવન/૦૨૨/ચ/૬૬૦/૮૯, તા. ૧૫મી જૂલાઈ ૧૯૮૯થી મંડળીમાં ગુજરાત સહકારી મંડળી અધીનિયમ, ૧૯૬૧ ની કલમ. ૮૧ ની જોગવાઈ અન્વયે મંડળીઓને નાણાંકીય ધીરાણ કરતી સંસ્થા ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉ. ફાઈનાન્સ કોર્પો. ની અમદાવાદને વહીવટદાર તરીકે નિમણુંક આપતા વહીવટદારના પ્રતિનીધીશ્રીએ તા. ૧૪મી એપ્રિલ ૧૯૮૯ થી ચાર્જ સંભાળી લીધેલ છે. છેલ્લે અત્રેની કચેરીના હુકમ નં. પરમ-૧૧૬-ચ-૮૩-૯૩ તા. ૧૨મી જાન્યુઆરી ૧૯૯૩થી વહીવટદારની મુદત ૧૪મી જૂલાઈ ૧૯૯૩ સુધી લંબાવતો હુકમ કરવામાં આવેલ છે.

મંડળીમાં તમામ સભ્યો મુદતવીતી બાકીદાર છે. જેથી મંડળીની વ્યવસ્થાપક સમીતીની રચના કરી મંડળીનો વહીવટ વ્ય. સમીતીને સુપ્રત કરી શકાય તેમ નથી. તેમજ મંડળીની તા. ૨૭મી ડીસેમ્બર ૧૯૯૨ની વાર્ષિક સાધારણ સભા એ ઠરાવ નંબર ૧૫થી મંડળીમાં કસ્ટોડીયનની નિમણુંક કરવા ભલામણ પણ કરેલ છે. જેને ધ્યાને લઈ હાલના તબકકે મંડળીમાં કસ્ટોડીયનની નિમણુંક કરવી જરૂરી છે. જેને અનુલક્ષીને નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

આથી હું ભી. દુ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા મને મળેલ ગુજરાત સહકારી મંડળી અધિનીયમ, ૧૯૬૧ ની કલમ. ૮૧(૩) અનુસારના અધિકાર અન્વયે ધી ઓનેસ્ટનગર

INDEX

કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. કલોલ, જિ. મહેસાણાના વહીવટદાર તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઈનાન્સ કોર્પો. લી. અમદાવાદની નિમણુંક ૧૪મી માર્ચ ૧૯૯૩ ના રોજ સમાપ્ત કરું છું. અને તેજ અધિનીયમ ની કલમ ૭૪ (ધ) મુજબ આજ મંડળીના વહીવટ સાર ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી. અમદાવાદની તારીખ ૧૫મી જૂલાઈ ૧૯૯૩થી કસ્ટોડીયન તરીકે નિમણુંક આપતો હુકમ કરું છું.

મહેસાણા, તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૩.

વંચાણે લીધા:-

(૧) આ કચેરીના વચગાળાનો આદેશ ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ગ-૧૫૨૮-૯૨, તા. ૬ઠ્ઠી જૂલાઈ ૧૯૯૨.

પ્રસ્તાવના

ધી વસાઈ ગોપાલક વિ. કા. સહકારી મંડળી લી. મુ. વસાઈ, તા. વિજાપુર, જિ. મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનીયમ ૧૯૬૧ હેઠળ નોંધણી નં. જિલ્લા પંચાયત સે. ૧૮૭૩૬ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૮૭થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉક્ત મંડળીનું અન્વેષણ સબ ઓડીટર, સહકારી મંડળીઓ વિજાપુર-એ કરેલ છે. અન્વેષણ સમય દરમ્યાન અન્વેષણ નોંધ ઉપરથી નીચે મુજબના મુદ્દા ધ્યાન ઉપર આવેલ છે.

(૧) મંડળીએ છેલ્લાં ૪ વર્ષના ઓડીટ મેમાની દુરસ્તી કરી દુરસ્તી અહેવાલ નિયત સમયમાં મોકલી આપેલ નથી જેથી સહકારી કાયદાની કલમ. ૮૫નો ભંગ થયેલ છે.

(૨) મંડળીનો ઓડીટ વર્ગ છેલ્લા ૪ વર્ષથી 'ડ' આવેલ છે.

(૩) મંડળી તેના મંજુર થયેલ પેટાનિયમોના મુખ્ય ઉદ્દેશ મુજબ કોઈ કામગીરી હાથ ધરેલ નથી અને સદંતર ખોટ કરતી રહી છે.

(૪) મંડળીએ વા. સા. સભા બોલાવેલ નથી ઓડીટ સમય દરમ્યાન એક વ્યવસ્થાપક કમીટી સભ્યોની મીટીંગ મળેલ છે.

(૫) મંડળીનું રેકર્ડ શેરભંડોળ પુરતુ જ છે. મંડળીનું બેંકનું ખાતું પણ બંધ કરેલ છે.

ઉપરના કારણોસર સદર મંડળીને સહકારી કાયદાની કલમ ૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવાની આવશ્યકતા જણાતાં સદર સંસ્થાને અત્રેના પત્ર ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ-૧૫૨૮-૯૨, તા. ૬ઠ્ઠી મે ૧૯૯૨થી વચગાળાનો આદેશ રજી. પો. એ.ડી. થી હુકમ મોકલી આપેલ હતો. પરંતુ કવર ઉપર મંડળી બંધ હોવાથી કોઈ લેનાર ન હોઈ તેવા શેરા સાથે કવર અત્રે પરત આવેલ હતું ત્યારપછી અત્રેના પત્ર ક્રમાંક : ફડચ-૦૨૦૭-મ-૨૮૦૬-૯૨ તા. ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૨ થી અન્ડર પોસ્ટ સર્ટીથી અત્રે આવેલ કવર ને મોકલી આપી દિન ૧૦માં જે કંઈ વાંધો હોય તો રજુઆત કરવા જણાવેલ છતાં આજદીન સુધી કોઈ રજુઆત થયેલ નથી સદર સંસ્થા ચલાવવા માટે મંડળીના કાર્યવાહકો ને રસ જણાતો નથી અને સ્થગીત અવસ્થામાં હોઈ સદર સંસ્થાને ચલાવવા છતાં મંડળીના ઉદ્દેશો બર આવે તેમ ન હોઈ મને મળેલ અધિકાર પરત્વે હું નીચે મુજબનો ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરું છું.

હુકમ

જા. નં. ઉખસ-ફડચ-૦૧-ધ-૭૪૫/૯૨૨૫/૯૩.–ધી વસાઈ ગોપાલક નિ. કા. સહકારી મંડળી લી. મુ. વસાઈ, તા. વિજાપુર જિ. મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ થી નોંધણી નં. ૧૮૭૩૬, તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૮૭થી નોંધાયેલ સંસ્થા છે. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમની કલમ ૧૦૭ (૧) ક. ગ ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો.૩ મહેસાણા ની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરું છું. મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરું કરવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૧૭મી માર્ચ ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ નં. : ઉખસ/ફડચ/૦૧-ચ-૨૯૧૪-૯૨, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨.

પ્રસ્તાવના

ધી વડનગર મજુર કામદાર સહકારી મંડળી લી. મુકામ વડનગર, તાલુકો ખેરાલુ, જિલ્લો મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી નં. ઉ-૧૭૮૦, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૮૬ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું અન્વેષણ સબ ઓડીટર સ. મં. ખેરાલુ એ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૦ થી ૩૦મી જુન, ૧૯૯૧ સુધી કરેલ હતું. અન્વેષણ સમય દરમ્યાન નીચે મુજબની ખામીઓ ઉપસ્થિત થયેલ હતી.

(૧) વાર્ષિક સાધારણ સભામાં કોરમ પુરતી સહીઓ થયેલ નથી તેમજ હાજર ન હોય તેવા સભ્યોની વ્ય. કમીટી સભ્ય તરીકે વરણી થયેલ છે.

(૨) ચાર વર્ષના દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી કલમ-૮૫ નો ભંગ થયેલ છે.

(૩) વ્ય. કમીટીની મીટીંગ તપાસણી સમય દરમ્યાન મળેલ નથી પેટા નિયમનો ભંગ થવા પામેલ છે.

(૪) પેટા નિયમ અનુસાર મજુર વર્ગના લેવાના બદલે વેપારી તથા અન્ય વ્યવસાયવાળા દાખલ કરેલ છે.

(૫) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત છે. તેમજ બાંધકામના કામો પણ મળેલ નથી.

આમ ઉક્ત વિગતો જોતાં મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાય છે. સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ-૦૧-ચ-૨૯૧૪-૯૨, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨ થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરેલ હતો જેની સામે રજુઆત કે વાંધો હોય તે જણાવવા કહેલ હોવા છતાં કોઈ રજુઆત મંડળીના કાર્યવાહકો તરફથી થયેલ નથી અત્રેની કચેરીથી તારીખ ૨૫મી જુન, ૧૯૯૨ના રોજ સહકારી અધિકારી (ઉદ્યોગ) એ મુલાકાત લીધેલ હતી. માનદ મંત્રીશ્રીને મળેલ હતા. સંસ્થા વિષે પુછતાં જણાવવામાં આવેલ છે કે સદર સંસ્થા છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત છે. કોન્ટ્રાક્ટરના કોઈપણ કામો મળતા નથી તેમજ પેટા નિયમ મુજબ કામગીરી કરવામાં આવતી ન હોઈ સંસ્થાને ફડચામાં લઈ જવા જણાવેલ છે. સંસ્થાને ચલાવવા માટે કાર્યવાહકોને રસ નથી બેન્કમાં તપાસણી કરતાં ૧લી જુલાઈ, ૧૯૮૬ થી કોઈ વ્યવહાર નોંધાયેલ નથી આ ઉપરથી ફલિત થાય છે કે મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત છે. આવી સ્થગિત મંડળી ચલાવવાથી સભાસદોનું હિત જોખમાય તેવું હોવાથી મને મળેલ અધિકાર પરત્વે હું નીચે મુજબનો અંતિમ હુકમ કરું છું.

હુકમ

જા. નં. ક્રમાંક ઉખસ/ફડચ/૦૧-૭૪૬-ચ-૯૨૨૬-૯૩.—આથી હું ભી. દુ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા, ગુજરાત સહકારી મંળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે મને મળેલ અધિકાર અન્વયે ધી વડનગર મજુર કામદાર સહકારી મંડળી લી. મુકામ વડનગર, તાલુકો ખેરાલુ, જિલ્લો મહેસાણા, જે નોંધણી નં. ઉ-૫૭૮૦, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૮૬ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) એ. સી.-૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ફડચો-૨, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુરું કરવું.

મહેસાણા, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૩.

———

નં. ઉખસ/નધણ/સે.તે.-૨૬૭૧૭.—આથી જાહેર કરે છે કે મેવડ જુથ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મેવડ, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૩.

———

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી ફડચો-૧ અને ફડચા અધિકારી ધી ગોપાલ પાર્ક કો.ઓ. હા.સો. લી. મુ.પો. માણસા, તા. વિજાપુરના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૧૦-૯૨, તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૩ થી ધી ગોપાલક પાર્ક કો.ઓ.હા.સો.લી. મુ. પો : માણસા, તા. વિજાપુરની નોંધણી રદ કરવાની દરખાસ્ત.
(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ (૧) મુજબ.

હુકમ

જા. નં. ઉખસ-ફડચ-૦૧-ચ-૭૬૬-૯૩.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ગોપાલક પાર્ક કો. ઓ. હા. સો. લી. મુકામ માણસા, તાલુકો વિજાપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર-ઘ-૨૭૯૦, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૬૭ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. મહેસાણાની કચેરીના જાવક નં. : ઉ/ફ/૦૧/ચ/૬૬૩/૮૯૦૨/૯૨, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૨ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧ તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૧૦-૯૨, તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ગોપાલક પાર્ક કો. ઓ. હા. સો. લી. મુ. પો. માણસા, તા. વિજાપુરની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૩.

———

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ નં. ઉખસ/ફડચ-૦૧-ચ-૨૯૧૨-૯૨, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨.

પ્રસ્તાવના

ધી વડસર સેવા સહકારી મંડળી લી. મુકામ વડસર, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. ૧૫૨૮૮ તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૬૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. તે જ કાયદાની કલમ-૮૪ હેઠળ સદર મંડળીનું અન્વેષણ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૦ થી ૩૦મી જુન, ૧૯૯૧ સુધીનું કરવામાં આવેલ હતું. અન્વેષણ નોંધમાં નીચે મુજબની ખામીઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) મંડળી તેના ઉદ્દેશો મુજબ છેલ્લા પાંચ વર્ષથી કામગીરી કરતી નથી.
(૨) છેલ્લા પાંચ વર્ષથી પેટા નિયમ મુજબ વ્ય. કમીટીની મીટીંગ મળતી નથી.
(૩) તારીખ ૩૦મી જુન, ૧૯૯૧ના રોજ રૂ. ૯૦,૨૨૨.૦૮ પૈસા જેટલી મોટી ખોટ રહેવા પામેલ છે.
(૪) મંડળીના છેલ્લા આઠ વર્ષથી ઓડીટ વર્ગ "ડ" છે.
(૫) મંડળીએ છેલ્લા ૧૨ ઓડિટ નોંધોની દુરસ્તી કરી નથી. છેલ્લા બે વર્ષથી ઓડિટ ફી ભરપાઈ કરેલ નથી.

જા. નં. ફડચ-૦૨૦૪/-ચે-૭૭૭-૯૨૨૭/૯૩.—આમ ઉક્ત મુદાઓના સંદર્ભમાં સદર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ (૧) અન્વયે ફડચામાં લઈ જવાની આવશ્યકતા જણાતા સદર સંસ્થાને અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ-૦૧-ચ-૨૯૧૨-૯૨, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨થી વચગાળાનો હુકમ રજિ. પોષ્ટ એ.ડી. થી મોકલી આપેલ સદર હુકમ મળ્યાની રજિ. પો. એ.ડી. ની સ્લીપ અત્રે મળી ગયેલ છે. સદર હુકમ સામે દિવસ-૩૦માં જે કોઈ રજુઆત કરવી હોય તે કરવા જણાવ્યા છતાં મંડળીના કાર્યવાહકો કે સભાસદો તરફથી આજદિન સુધી કોઈ રજુઆત કરેલ નથી સદર સંસ્થા છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે. પેટા નિયમ મુજબ કામગીરી કરતી બંધ થયેલ છે.

મંડળી રચવાનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ કક્ષાએ ખેડૂત/ખેતમજુર વર્ગને ખેતી વિષયક જરૂરિયાતો એવું જીવન જરૂરિયાતો બાબતે શાહુકારો દ્વારા એવું વેપારી વર્ગ દ્વારા થતાં શોષણમાંથી મુકિત મળે અને પરસ્પર સહકારની ભાવનાથી ખેડૂત સમાજ જીવન જીવવા કેળવાય તેમજ આર્થિક ઉત્કર્ષ સાધી શકવાનો સામાન્યપણે જે જણાય તે બર આવેલ નથી ઉદ્દેશો બર લાવવા રચાયેલ મંડળી કામકાજ કરતી બંધ થઈ છે. મંડળી ઘણા સમયથી સ્થગિત અવસ્થામાં છે. મંડળીના કાર્યવાહકોએ પ્રગતિ અંગે કોઈ કામકાજ કરેલ ન હોઈ મંડળીને ચાલુ રાખવાથી સભાસદોનું હિત જોખમાય તેમ હોવાથી તેમજ મંડળી ચાલુ રાખવાથી કોઈ મુળભુત હેતુ સિધ્ધ થતો ન હોઈ નીચે પ્રમાણે મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું.

INDEX

હુકમ

ધી વડસર સેવા સહકારી મંડળી લી. મુકામ વડસર, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ નીચે નોંધણી નં.-૧૫૨૮૮, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૬થી નોંધવામાં આવેલ હતી. પ્રસ્તાવનામાં જણાવેલ કારણો ધ્યાનમાં લઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ક, ગ ૨ અને ૪ અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૨, મહેસાણાની નિમણૂંક કરું છું.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુર્ણ કરવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મંડળીને આટોપી લેવા બાબત.

ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-૦૧૯૭-૯૭૭૮/૯૩.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ ધી મહેસાણા જિલ્લા ન્યાય ખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મુ.તા. જિલ્લો : મહેસાણાની નોંધણી નં. સે-૧૫૯૭, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૭૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. આ અન્વયે તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૦ થી તારીખ ૩૦મી જુન,૧૯૯૧ સુધીનું તે જ કાયદાની કલમ-૮૪ હેઠળ ઓડીટર ગ્રેડ-૧ સ. મં. મહેસાણા તરફથી કરવામાં આવેલ હતું. તે દરમ્યાન નીચે મુજબની ક્ષતિઓ ઉપસ્થિત થયેલ હતી.

(૧) સંસ્થાનો ઓડિટ વર્ગ 'ડ' છે.
(૨) સંસ્થામાં ઓડીટ નોંધની દુરસ્તી થતી નથી.
(૩) સંસ્થામાં સ્વકીય ભંડોળ કરતાં ખોટનું પ્રમાણ વધી ગયેલ છે.
(૪) મંડળીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૭મી ઓકટોબર, ૧૯૮૪ ના રોજ બોલાવેલ છે. ત્યારબાદ મંડળીની વાર્ષિક સાધારણ સભા કે ખાસ સાધારણ સભા ભરાયેલ નથી.
(૫) મંડળીની વ્ય. કમિટિની પણ મીટીંગ છેલ્લા ત્રણ વર્ષથી એકપણ બેઠક બોલાવેલ નથી.
(૬) સંસ્થાના બે. વ્ય. કમીટી સભ્યો સિવાય તમામ કમિટી સભ્યો પાસે મુદતવીતી ધીરાણ બાકી છે.
(૭) બેંકમાંથી ધિરાણ માટે મેળવેલ કેશ-ક્રેડીટ તારીખ ૩૦મી જુન, ૧૯૯૧ના રોજ વ્યાજ સહિત રૂા. ૯૨,૭૧૫.૩૭ બાકી છે.
(૮) સભાસદો પાસે ધિરાણ બાકી રૂા. ૬૭,૨૨૦.૦૫ જે છેલ્લા ચાર વર્ષથી બાકી છે.

આમ ઉપરોક્ત કારણોસર સદર સંસ્થાને સહકારી મંડળીઓના અધિનિયમ ૧૦૭ (૧) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનું આવશ્યક જણાતા તે મુદાને લગતા વાંધા કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ-૦૧-ચ-૧૫૨૪-૯૨, તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૨ ના રોજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસ આથી દિન-૧૫ માં રજુઆત કરવા જણાવેલ છતાં આજદિન સુધી કંઈ રજુઆત કરેલ નથી મંડળીને ચલાવવા માટે સભાસદોને અને કાર્યવાહકોને રસ ન લાગતા સંસ્થાના હિત ખાતર સદર આથી મંડળીને ફડચામ લઈ જતાં નીચે મુજબનો વચગાળાનો હુકમ મને મળેલ હોદ્દાની રૂએ કરું છું.

વચગાળાનો હુકમ

ધી મહેસાણા જિલ્લા ન્યાયખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મુ. તા. જિલ્લો : મહેસાણાની નોંધણી નં. સે-૧૫૯૭ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૭૪ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) એ. સી. ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરું છું.

મહેસાણા, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મંડળીને આટોપી લેવા બાબત.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી હરિસિધ્ધ મજૂર કામદાર સહકારી મંડળી લી. મુકામ : આરસોડીયા, તાલુકો : કલોલ, જિલ્લો : મહેસાણાએ નોંધણી નં. : ઉ-૫૮૧૩, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૮૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાનું અન્વેષણ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૧ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૧ સુધીનું સબ ઓડીટર સ. મં. કલોલ એ કરેલ છે. અન્વેષણ નોંધણી ચકાસણી કરતાં નીચે મુજબની ખામીઓ જણાઈ આવેલ છે.

(૧) સંસ્થા છેલ્લા ત્રણ વર્ષથી બિલકુલ સ્થગિત હાલતમાં છે.
(૨) સંસ્થાને ચલાવવા માટે સભાસદો કે કાર્યવાહકોને રસ જણાતો નથી.
(૩) સંસ્થા સભાસદોએ કે શેર ભંડોળમાં વધારો કરેલ નથી.
(૪) સંસ્થાએ પેટા નિયમ કલમ-૨ માં જણાવેલ ઉદ્દેશો પૈકી એકપણ ઉદ્દેશની કામગીરી નોંધણી થયા તારીખથી કરેલ નથી.
(૫) મંડળીમાં તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૧ ના અંતે રૂા. ૧૬૯ ની ખોટ રહેવા પામેલ છે.
(૬) છેલ્લા ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી.

આમ ઉપરોક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવા માટે સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આવશ્યક જણાતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-ચ-૩૨૭૯-૯૨, તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૨ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસ સામે જે કોઈ વાંધો કે રજુઆત કરવી હોય તો દિન-૧૫ માં કરવા જણાવ્યા છતાં આજદિન સુધી મંડળીના કાર્યવાહકો તરફથી રજુઆત કરવામાં આવેલ નથી સદર મંડળી નોંધણી થયા તારીખથી કામગીરી કરતી ન હોઈ મંડળીના પેટા નિયમ મુજબ ઉદ્દેશો બર ન આવતા હોઈ મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ કરું છું.

વચગાળાનો હુકમ

ક્રમાંક : ઉખસ/ફડચ/૦૨૫૯-ઘ-૭૭૯-૯૩.—ધી હરિસિધ્ધ મજૂર કામદાર સહકારી મંડળી લી. મુકામ : આરસોડીયા તાલુકો : કલોલ, જિલ્લો : મહેસાણાને નોંધણી નં. ઉ-૫૮૧૩, તારીખ ૨૦મી માર્ચ,

૧૯૮૯ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) એ.સી. ૨ અને ૪ અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

ઉપરોક્ત વચગાળાનો હુકમ સામે મંડળીને કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મંડળીને આટોપી લેવા બાબત.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ ધી સોજા ગોપાલક વિ. કા. સહકારી મંડળી લી. મુકામ : સોજા, તાલુકો : કલોલ, જિલ્લો : મહેસાણાની નોંધણી નં. : ૯૯૧૭, તારીખ ૨જી માર્ચ, ૧૯૬૭થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. આ અન્વેષણ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૧ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૧ સબ ઓડીટર સહકારી મંડળીઓ કલોલ તરફથી કરવામાં આવેલ હતું. જેમાં નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) મંડળી ચલાવવા માટે સભાસદોને રસ નથી.
(૨) મંડળીની છેલ્લા ત્રણ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' આવેલ છે.
(૩) મંડળીએ છેલ્લા ત્રણ ઓડીટ નોંધાની દરખાસ્ત કરી નથી.
(૪) મંડળીમાં દર વર્ષ ખોટમાં વધારો થતો જાય છે. તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૨ ના અંતે રૂા. ૧,૯૪૯.૭૫ પૈસાની ખોટ છે.
(૫) મંડળી પેટા નિયમ અને ઉદ્દેશો પ્રમાણે કામગીરી છેલ્લા ત્રણ વર્ષથી કરેલ નથી.
(૬) અન્વેષણ સમયમાં વાર્ષિક સાધારણ સભા ભરેલ નથી તથા વ્યવસ્થાપક કમીટીની એક પણ બેઠક મળેલ નથી.

આમ ઉપરોક્ત કારણોસર સદર સંસ્થાને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૦૭ (૧) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનું આવશ્યક જણાતા તે મુદ્દાને લગતા વાંધા કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ-૦૨૫૬-ચ-૨૭૭૮-૯૨, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ના રોજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસ આપી દિન-૧૫ માં રજુઆત કરવા જણાવેલ છતા આજદિન સુધી કંઈ રજુઆત કરેલ નથી. આથી મંડળીને ચલાવવા માટે સભાસદોને અને કાર્યવાહકોને રસ ન જણાતાં સંસ્થાના હિત ખાતર સદર મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબનો વચગાળાનો હુકમ મને મળેલ હોદ્દાની રૂએ કરું છુ.

વચગાળાનો હુકમ

ક્રમાંક ઉખસ/ફડચ-૦૨૫૬-ઘ-૭૮૦-૯૩.—ધી સોજા ગોપાલક વિ. કા. સહકારી મંડળી લી. મુકામ : સોજા. તાલુકો : કલોલ, જિલ્લો : મહેસાણાની નોંધણી નં. : ૯૯૧૬, તારીખ ૨જી માર્ચ, ૧૯૬૭ થી નોંધવામાં આવી હતી મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ક. ગ, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરું છું.

મહેસાણા, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૩.

નં. ઉખાણ/નધણ/સે.દૂ./૨૬૭૨૧/૯૯૧/૯૩.—આથી જાહેર કરે છે કે શ્રી હનુમાનનગર (ડભાડ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : હનુમાનનગર (ડભાડ) તાલુકો : ખેરાલુ, જિલ્લો: મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૨.

નં. : ઉખસ/નધણ/સે.દૂ./૨૬૭૨૦/૭૯૨/૯૩.—આથી જાહેર કરે છે કે શ્રી આનંદપુરા (વેડા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : આનંદપુર. (વેડા) તાલુકો : વિજાપુર, જિલ્લો : મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૩.

નં. : ઉખસ/નધણ/સે.દૂ./૨૬૭૧૮/૭૯૩/૯૩.—આથી જાહેર કરે છે કે શ્રી કેદારેશ્વર (વીરપુર) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : કેદારેશ્વર, તાલુકો : ખેરાલુ, જિલ્લો : મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૩.

નં. : ઉખસ/નધણ/સે.દૂ./૨૬૭૧૯/૭૯૪/૯૩.—આથી જાહેર કરે છે કે શ્રી સુલતાનપુર (વડ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : સુલતાનપુર (વડ) તાલુકો : ખેરાલુ, જિલ્લો : મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા અને ધી કસ્તુરીનગર કો. ઓ. હા. સો. લી. (ફડચામાં) મુકામ નાગલપુર, તા. મહેસાણાનો પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૬૨-૯૩, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૩ થી ઉકત મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ (૧) મુજબ.

INDEX

હુકમ

જાવક નં. . ઉખસ-ફડચ-૨-ઘ-૮૨૪-૯૩.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી કસ્તુરીનગર કો. ઓ. હા. સો. લી. મુકામ : નાગલપુર, તાલુકો : મહેસાણ, નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નં. : ૧૦૮૨૮, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૮૪ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં., મહેસાણાની કચેરીના જાવક નં. : ઉ/ફ/૦૧/ચ/૧૫૩૦/૯૮૦૭, તારીખ ૬ઠ્ઠી જુલાઈ. ૧૯૯૨ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૬૨/૯૩, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી: કસ્તુરીનગર કો. ઓ. હા. સો. લી. મુકામ : નાગલપુર, તાલુકો મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરુ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન ગણાશે.

મહેસાણા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી અને ફડચા અધિકારી ધી પિપળ દર તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પીંપળદર, તા. ખેરાલુના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૬૧-૯૩, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩થી મોકલી આપેલ દરખાસ્ત.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૨૦ (૧) મુજબ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ઘ-૮૨૫-૯૩.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી પિપળદર તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ : પિપળદર તાલુકો : ખેરાલુ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નં. : સે.તે.ઉ-૨૨૨૫૧ તારીખ ૧૧મી માર્ચ, ૧૯૮૬ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર : ઉ/ફ/૦૧/ચ/૯૮૦૧/૧૨૨૩/૯૨, તારીખ ૩જી જુન, ૧૯૯૨ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧ તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૬૧-૯૩, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી પિપળદર તેલીબીયાં ઉત્પાદક સહકારી મં.લી. મુકામ : પિપળદર, તાલુકો : ખેરાલુ નોંધણી રદ કરતો હકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/ભં/૩૯૧૬/૯૦૦ / ૧૯૯૩:—આથી જાહેર કરે છે કે શ્રી ઉમીયા ગ્રાહક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કડી તાલુકો કડી જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાતસહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/સે-દૂ/૨/૨૬૭૨૪/૯૦૧/૧૯૯૩:—આથી જાહેર કરે છે કે મેલુસણ દૂધ ઉત્પાદક સહકારી મંડી લી. મર્યાદિત સ્થળ મેલુસણ તાલુકો પાટણ જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો) ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/સે-દૂ./૨૬૭૨૩/૯૦૨/૧૯૯૩:—આથી જાહેર કરે છે કે, જેસંગપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ જેસંગપુરા તાલુકો પાટણ જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/સે-દૂ./૨૬૭૨૨/૯૦૩/૧૯૯૩:—આથી જાહેર કરે છે કે શ્રી ધારણોજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી મર્યાદિત સ્થળ ધારણોજ તાલુકો પાટણ જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/સે-દૂ./૨૬૭૨૭/૯૦૪/૧૯૯૩:—અથી જાહેર કરે છે કે ધી ધાનોર દૂધ ઉત્પાક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ધાનોર તાલુકો કાલોલ જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવવામાં આવી છે
મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/સે-દૂ./૨૬૭૨૬/૯૦૫/૧૯૯૩:—આથી જાહેર કરે છે કે શ્રી પેઢામલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી મર્યાદિત સ્થળ પેઢામલી તાલુકો દવમપુર જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાઘ સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

INDEX

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી અને ફડચા અધિકારી ગઠા સેવા સહકારી મંડળી લી મુ. ગઠા તાલુકો જીલ્લો મહેસાણાનો પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩-૮૩ તારીખ ૨૨મી માર્ચ ૧૯૯૩ થી સદર મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૨૦ (૧) મુજબ.

હુકમ

ક્રમાંક ઉખસ/ફડચ/૨૮૫/૮૯૪/૧૯૯૩.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી ગઠા સેવા સહકારી મંડળી લી. મુ ગઠા તાલુકો જીલ્લો મહેસાણા નોંધાયેલ સંસ્થા છે સદર સંસ્થા નોંધણી નંબર સે-૧૨૨૬ તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૮૪ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેતા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ/ફ/૭૪૯૬/૧૯૪/૮૦ તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૮૩ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો ૨ તરફ થી તેઓના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩-૮૩-૯૩ તારીખ ૨૨મી માર્ચ ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામેથી ગઠા સેવા સહકારી મંડળી લી. મુકામ ગઠા તાલુકો જીલ્લો મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનુ વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી અને ફડચા અધિકારી વેડવાઘરી સામુદાયીક ખેતી સહકારી મંડળી લી. મુ. વેડ તા. સમીનો પત્ર ક્રમાંક ફડચ/૦૧-૩-૮૫-૯૩ તારીખ ૨૨મી માર્ચ ૧૯૯૩ થી મોકલી આપેલ દરખાસ્ત.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૨૦ (૧) મુજબ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ-૦૧-ઘ-૮૯૫-૧૯૯૩.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ થી વેડવાઘરી સામુદાયીક ખેતી સહકારી મંડળી લી. મુ. વેડ તા. સમી નોંધાયેલ સંસ્થા છે સદર સંસ્થા નોંધણી નંબર એફ-૨૦૩૯ તારીખ ૧૬મી ઓગસ્ટ ૧૯૭૪થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ/ફ/૭૭૦૪/૦૧/જ/૨૪૧૩/૮૬ તારીખ ૨૪મી જુન ૧૯૮૬થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/-૩-૮૫/૯૩ તારીખ ૨૨મી માર્ચ ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામેથી વેડવાઘરી સામુદાયીક સહકારી ખેતી મંડળી લી. મુકામ વેડ તાલુકા સમી ની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા. તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩.

વિષય બીલોદરા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ બીલોદરા તાલુકો વિજાપુરને પુન: જીવત કરવા બાબત.

સંદર્ભ વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર ખાતાના હુકમ ક્રમાંક કખ-૬૦-ડી. પી. પી ૧૧૬૩-૪૩૯૦૧ તારીખ ૩૦મી જુલાઈ ૧૯૬૫.

(૨) રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળી ગુજરાત રાજ્ય અમદાવાદના પરીપત્રનું સકક-૧૧-અ-૪૨૮૫ ૧૯૬૬ તારીખ ૧૬મી જુન ૧૯૬૬

(૩) આ કચેરીના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ-૨૦૮૩-૮૮૯૫-૯૧ તારીખ ૩૦મી મે ૧૯૯૧.

(૪) ફડચા અધિકારી ધી બીલોદરા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી મુકામ બીલોદરા તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૮૯-૯૩ તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-નંબર ૧૯ ની જોગવાઈ.

પ્રસ્તાવના :

જા. નં. ફડચ-૨૩-૮૯૬-૧૯૯૩.—ધી બિલોદરા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., (ફડચામાં) મુ. બિલોદરા તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણાને આ કચેરીના પત્ર ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ચ-૨૦૮૩-૮૮૯૫-૯૧ તારીખ ૩૦મી મે ૧૯૯૧ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો ૧ મહેસાણાની નિમણુંક કરવામાં આવેલ હતી જે આધારે તારીખ ૧૧મી માર્ચ ૧૯૯૩ ના રોજ મંડળીના દફતરનો હવાલો ફડચા અધિકારીશ્રી એ સંભાળી લીધેલ હતો સદર મંડળીને પુન: જીવીત કરવા માટે મંડળીના ઉદ્દેશો મુજબ પેટા નિયમ મુજબ કામગીરી કરશે તે માટે ખાસ સાધારણ સભાના ૨૪મી માર્ચ ૧૯૯૩ ના રોજ ભરી સર્વાનુમતે ઠરાવ પસાર કરી મંડળીની પ્રગતી કરવા માટે તમામ સભ્યો કટીબધ્ધ થઈ પ્રયત્નો હાથ ધરવા ખાત્રી આપેલ છે. અને મંડળીને અર્થક્ષમ બનાવવા જણાવેલ છે. આમ મંડળીને પુન: જીવીત કરવા માટે ફડચા અધિકારીશ્રીએ તેઓના ઉપર સંદર્ભ ૪ દ્વારા દરખાસ્ત કરી અભિપ્રાય આપેલ જે તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરુ છે.

હુકમ

આથી હુ ભી. દૂ. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે ધી બિલોદરા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ બિલોદરા તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણા (ફડચામાં) ને આમુખમાં જણાવેલ વિગતો ને ધ્યાનમાં લઈ લેતા પુન: જીવીત કરતો હુકમ કરૂ છું.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી અને ફડચા અધિકારી ધી વસઈ જુથ તેલીબીયાં ઉ. સહકારી મંડળી લી (ફડચામાં) મું. વસઈ તાલુકો ચાણસ્માનો પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩/૮૮ તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ થી ઉકત મંડળી ની નોંધણી રદ કરવાની દરખાસ્ત

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૨૦ (૧) મુજબ.

INDEX

હુકમ

ક્ર.ન. ઉખસ-ફડચ-૧૨-ધ-૮૯૭-૧૯૯૩.—ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી વસઈ જુથ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ વસઈ, તાલુકો ચાણસ્મા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૨૨૨૯૬, તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૮૦ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની કચેરીના ક્રમાંક નંબર ઉખસ-ફડચ-૦૧-ધ-૯૦૦-૩૨૪૦ તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૧ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩૮૮૮-૯૩ તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી વસઈ, જુથ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ વસઈ, તાલુકો ચાણસ્માની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩.

ભી. દુ. ઉપાધ્યાય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ [illegible]

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ ધી કૃષ્ણ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ તાલુકો વિજાપુર નોંધણી નં. જી.પ.ધ/૬૬૬૪-૧૦૭૯, તારીખ ૧૬મી માર્ચ ૧૯૮૭૮ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સંસ્થાએ તેની તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૩ ની ખાસ સાધારણ સભામાં નીચે મુજબના ઠરાવથી ફડચામાં લઈ જવા જણાવેલ છે.

સંસ્થાના પ્રમુખ/મંત્રીશ્રીએ તારીખ ૨૬મી જાન્યુઆરી ૧૯૯૩-ના રોજ મંડળીને સ્વૈચ્છિક રીતે ફડચામાં લઈ જવાની લેખીત માંગણી કરેલ છે. જેથી સાથે તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૩ના રોજ ખાસ સાધારણ સભામાં સદર સંસ્થાને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા ૧ થી ૩ ઠરાવ કરેલ છે. અને સર્વાનુમતે મંજૂર કરેલ છે. ઠરાવ નંબર ૩માં જણાવ્યા મુજબ સદર સંસ્થામાં ૫૦ સભાસદો છે આ તમામ સભ્યોએ મકાન તૈયાર કરી પોતાની મેળે રહેણાંક ચાલુ કરેલ છે. તમામ સભ્યોના મકાનો ઉપર સંસ્થાએ કોઈ લોન અગર ધિરાણ મેળવેલ નથી. કોઈ સરકારી દેવું પણ નથી સભ્યોના તમામ મકાનો માલીકના નામો સીટી સર્વે કચેરી તથા નગર પંચાયત કચેરી વિજાપુરમાં નોંધણી કરાવી દીધેલ છે. સંસ્થાનો અન્ય કોઈ હિસાબ અગર આવક જાવકના હિસાબો નથી આ સંસ્થા હાલ સ્થગીત કરેલ અવસ્થામાં છે. સંસ્થાને ચલાવવા માટે સભાસદો કે કાર્યવાહકોને વશ ન હોઈ સંસ્થાને ફડચામાં સ્વૈચ્છિક લઈ જવા માંગણી કરેલ હોઈ મને મળેલા અધિકાર પરત્વે સદરહું મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ નીચે મુજબ કરૂ છુ.

વચગાળાનો હુકમ

ક્રમાંક ઉખસ/ફડચ/૨૬૮/ધ/૧૧૦૧/૧૯૯૩:—ધી કૃષ્ણ કો. ઓપ. હા. સો. લી. મુકામ તાલુકા વિજાપુર જીલ્લો મહેસાણાનો નોંધણી નંબર જી. પ. ધ-૬૬૬૪-૧૯૭૯, તારીખ ૧૬મી માર્ચ ૧૯૭૮ થી નોંધવામાં આવેલી સંસ્થા હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) બી અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો ૬, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરૂં છુ.

મહેસાણા, તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૩

નંબર ઉખસ/નધણ/ધ/૧૨૩૮૮/૧૧૬૮/૧૯૯૩.—આથી જાહેર કરે છે કે અનસુયા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ કડી, તાલુકો કડી જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

મહેસાણા, તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ગ-૧૫૫૬-૯૧, તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૧.

પ્રસ્તાવના

ધી કામલી શાકભાજી અને ફળફળાદી ઉગાડનારાઓની ખરીદ વેચાણ સહકારી મંડળી લી. મુ. કામલી તાલુકો સિધ્ધપુર, જિલ્લો મહેસાણાએ [illegible] ૧૮૫૬૧ તારીખ ૧૮મી જાન્યુઆરી ૧૯૮૨ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ તથા મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબ તેની ઉપર નાખવામાં આવેલી ફરજો અને તેને અધિકારોનો ઉપયોગ કરેલ નથી જે નીચે દર્શાવેલ હકીકત ઉપરથી જણાઈ આવે છે.

(૧) સંસ્થાની નોંધણી ૧૯૮૨માં થયેલ છે. નોંધણી થયા બાદ સંસ્થાએ આજદીન સુધી ઉદ્દેશો મુજબ કામકાજ કરવા ઉત્સાહ દાખવેલ નથી હાલ સ્થગીત અવસ્થામાં છે.

(૨) સંસ્થાની વ્યવસ્થાપક કમીટી તેમજ સમગ્ર સભાસદોને સંસ્થાની પ્રવૃતીમાં રસ નથી.

(૩) સંસ્થાએ અગાઉના અન્વેષણ નોંધણી ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરી દુરસ્તી અહેવાલ મોકલી આપેલ છે.

(૪) સંસ્થાનો છેલ્લા બે વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.

ક્રમાંક ઉખસ/ફડચ/૧૯૦/ધ/૯૨૨૯/૧૧૯૫/૯૩.—ઉપરની હકીકતો ધ્યાને લેતા મંડળી તે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની રૂએ અથવા તે મુજબ તેના ઉપર નાખવામાં આવેલ ફરજોનું પાલન કરવામાં બીલકુલ રસ નથી જેના સંદર્ભમાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ ફડચ-૦૧-ચ-૧૫૫-૯૧, તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૧ થી વચગાળાનો હુકમ કાઢી જે કઈ રજુઆત કરવી હોય તે રજુઆત કરવા માટે દિન ૩૦ ની મુદત આપવામાં

આવેલ જેથી મંડળીના પ્રમુખશ્રીએ તારીખ ૧ ૬મી જુલાઈ ૧૯૯૨ના રોજ રૂબરૂ રજુઆત કરતા મંડળીને કામકાજ ચાલુ કરી પ્રગતીનો અહેવાલ અત્રે મોકલી આપવા જણાવેલ જેથી પ્રમુખશ્રીના પત્ર તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૨ થી મંડળીની કામગીરી ચાલુ કરેલ છે. તેવું જણાવ્યું હતું પરંતુ કામગીરી ચાલુ કરેલ છે જે અંગે સાધારણ સભા બોલાવી મંડળી ચાલુ કરવામાં આવેલ છે. જેનો ઠરાવ અત્રે મોકલી આપવા અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ-૦૧૮૦-ચ-૨૮૬૧-૯૨ તારીખ ૧૯મી જુન ૧૯૯૨ થી જણાવેલ છતા માહીતી ન મોકલી આપતા ફરીથી અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ-૦૧૯૦-ચ-૩૧૩૭ તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૨ થી માહીતી મોકલી આપવા દિન ૧૦ની મુદત આપવા છતાં માહીતી મોકલી નહી આપતા મંડળીને વારંવાર વચગાળાના હુકમ પછી તકો આપવા છતા મંડળીની કામગીરી ચાલુ કરેલ ન હોઈ તેઓશ્રીની રજુઆતને ગ્રાહય રાખેલ નહી મંડળીના ઉદ્દેશો બર ન આવતા હોઈ મંડળી ચલાવવા સભાસદો કે કાર્યવાહકો ને તક આપવા છતા મંડળીને ચાલુ રાખવા કામગીરી કરેલ ન હોઈ તેઓશ્રીની રજુઆતને ગ્રાહય રાખેલ નહી મંડળીના ઉદ્દેશો પણ ન આવતા હોઈ મંડળી ચલાવવા સભાસદો કે કાર્યવાહકોને તક આપવા છતાં મંડળીને ચાલુ રાખવા કામગીરી કરેલ ન હોઈ મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબનો અંતિમ હુકમ કરૂ છું.

હુકમ

ધી કામલી શાકભાજી અને ફળફળાદી ઉગાડનારાઓની ખરીદ વેચાણ સહકારી મંડળી લી. મુકામ કામલી, તાલુકો સિધ્ધપુર, જિલ્લો મહેસાણાનો નોંધણી નંબર સે-૧૮૫૧૬, તારીખ ૧૮મી જાન્યુઆરી ૧૯૮૨થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) (ગ) ૨ અને ૪ અન્વયે અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું તથા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણાની નિમણુંક કરૂં છું મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુરૂ કરવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી અને ફડચા અધિકારી હાજીપુર ગામના પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી. મુકામ હાજીપુર, તાલુકા સિધ્ધપુરના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૮૨-૯૩ તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૩ થી સદર મંડળી ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૨૦ (૧) મુજબ.

હુકમ

જા. નં. ઉખાસ-ફડચ-૦૧-ધ-૧૨૦૨-૧૯૯૩:—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી હાજીપુરા, ગામના પિયત વિસ્તારમાં પાણીની વહેચણી માટેની સહકારી મંડળી લી. મુકામ હાજીપુરા, તાલુકો સિધ્ધપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ખે-૨૬૯૪ તારીખ ૧૭મી જુન, ૧૯૮૪ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી, મહેસાણાની કચેરીના જાવક નંબર ફડચ-૨૧૨-ચ-૩૪૭૦-૯૧૧૬, તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૯૨ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૦૨-૯૩, તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી હાજીપુર ગામના પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી. મુકામ હાજીપુર, તાલુકા સિધ્ધપુરની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા તારીખ, ૧૭મી એપ્રીલ ૧૯૯૩.

વંચાણમાં લીધું.

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીના કારણદર્શક નોટીસ નંબર ધરમ-૩૫૩-ખ-૭૭૧-૯૩, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૭૦.

(૩) કમીટી સભ્ય તથા પ્રમુખશ્રી ધી સંતરત્ન વિજય માર્કેટ રેફયુજી કેબીન હોલ્ડર્સ કો. ઓ. સો. લી. પાટણનો તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૩ તથા ૧૩મી એપ્રિલ ૧૯૯૩નો પત્ર.

(૪) અત્રેની કચેરીના પત્ર નંબર ધરમ-૩૫૩-ખ-૯૮૮-૯૨, તારીખ ૨૩મી એપ્રિલ, ૧૯૯૩.

(૫) પ્રમુખશ્રી, કૂકમલ ટોપણદાસ ઠક્કરનું તારીખ ૧૦મી મે, ૧૯૯૩ નું નિવેદન.

પ્રસ્તાવના

જા. નં. ધરમ-૩૫૩-ખ-૧૦૮૮-૯૩:—ધી સંતરત્ન વિજય માર્કેટ રેફયુજી કેબીન હોલ્ડર્સ કો. ઓપ. સોસાયટી લી., પાટણ એ ગુજરાત સહકારી મંડળી અધિનિયેમ, ૧૯૬૧ની જોગવાઈ અન્વયે નોંધણી નંબર સે-૧૫૭૪, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૭૩થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે. નોંધાયેલી મંડળીના વહીવટ સારૂ પેટા કાયદાને આધીન વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવે છે. આ રીતે ચુંટાયેલી ન્યુ કમીટીએ મંડળીનો વહીવટ પેટા કાયદા અને કાયદાની જોગવાઈ ને આધીન મંડળી તથા સભ્યોના શ્રેષ્ઠ હિતોને ધ્યાનમાં રાખીને કરવાનો રહે છે અને મંડળીના હિતમાં પોતાની ફરજો નિષ્ઠાપુર્વક બજાવવાની રહે છે.

ધી સંતરત્ન વિજય માર્કેટ રેફયુજી કેબીન હોલ્ડર્સ કો. ઓપ. સોસાયટી લી. પાટણની વ્યવસ્થાપક કમીટી સભ્યો મંડળીના હિતને ધ્યાનમાં લીધા સિવાય કાયદો નિયમોથી મુકાયેલી ફરજો નીચેની વિગતે બજાવેવામાં સતત કસુર કરેલ છે.

(૧) છેલ્લા ત્રણ વર્ષથી મંડળીની વાર્ષિક સાધારણ સભા બોલોવવામાં નિષ્કાળજી દર્શાવી કલમ-૭૭નું વારંવાર ઉલ્લંઘન કરેલ છે.

(૨) મંડળીના ઓડીટમાંની વાસ્તવિક દુરસ્તી ન કરી ને દુરસ્તી રીપોર્ટ સમયસર રજુ ન કરને કલમ-૮૫ની જોગવાઈનું વારંવાર ઉલ્લંઘન કરેલ છે.

(૩) મંડળીના પેટા-નિયમ મુજબ વ્યવસ્થાપક કમીટી મીટીંગ દર બેમાસે બોલાવવી જોઈએ એનું પાલન ન કરીને પેટા-કાયદાની જોગવાઈનું વારંવાર ઉલ્લંઘન કરેલ છે.

(૪) છેલ્લા ત્રણ ત્રણ વર્ષથી વાર્ષિક નફાની ફાળવણી પેટા-નિયમ મુજબ ન કરીને પેટા કાયદાનું ઉલ્લંઘન કરેલ છે.

INDEX

(૫) મંડળીની દુકાનોની ફાળવણી જમીન સંપાદનના કલેકટર શ્રીના હુકમ તથા મ્યુની પાટણ સાથે કરેલ કરારની જોગવાઈ અનુસાર ન કરીને બીનજરૂરી વિવાદ ઉભા કરી મંડળીના વહીવટ પ્રત્યે અસંતોષ ઉભા કરી વહીવટ પ્રત્યે નિષ્કાળજી દર્શાવેલ છે.

(૬) કાયદો પેટા-કાયદા અને નિયમોથી સુચવેલ વિગતે રેકર્ડ પુરી વિગતે નિભાવેલ નથી જેવા કે રોકાણ રજીસ્ટર જમા પાવતી બુક વપરાશ રજીસ્ટર નિભાવેલ નથી અને કાયદાકીય જોગવાઈનું જાણીબુઝીને ઉલ્લંઘન કરેલ છે.

(૭) મંડળીની દુકાનો ભાડે અપાય કે વેચાણ થાય તે અંગે કમીટીએ કલેકટરશ્રીની પરવાનગી જમીન સંપાદન હુકમ અન્વયે મેળવવાની રહે તેમ છતાં મંડળીમાં દુકાનનો કેટલોક ગેરકાયદેસર ભાડાપટ્ટા અને વેચાણના કરાર થતા કલેકટરશ્રી, મહેસાણાએ શરત ભંગની કાર્યવાહી કરેલ છે. આવી પ્રવૃત્તિ અંગે કાયદાકીય જોગવાઈનું પાલન થાય છે કે કેમ? તે અંગે દેખરેખ રાખવાની વ્યવસ્થાપક કમીટીની ફરજ હોવા છતાં પુરતી તકેદારી ન રાખી પરિણામે તકરારી બાબતો બનેલ છે. અને કમીટી પોતાની ફરજ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૮) જમીન સંપાદન અંગેના કલેકટરશ્રીના હુકમની જોગવાઈ મુજબ પૂર્વ મંજૂરી મેળવ્યા સીવાય જોણમલ મીરચુમલે ગેરકાયદેસર દુકાન મેળવી પેટાકાયદાની જોગવાઈ વિરુધ્ધ કમીટી સભ્ય તરીકે દાખલ થયેલ છે. જયારે મંડળીએ તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૨ના પત્રથી સભાસદ યાદી-૯૩ સભ્યોની રજુ કરેલ છે. જેમાં શ્રી જોણમલ મીરચુમલ સભ્યપદ ધરાવતા નથી આમ વ્ય. કમીટી સભ્ય શ્રી જોણમલ મીરચુમલ ને ગેરકાયદેસર ચાલુ રાખીને કમીટીએ મદદગારી કરી ફરજ પ્રત્યે નિષ્કાળજી દર્શાવેલ છે.

(૯) મંડળીની વાર્ષિક સાધારણ સભામાં વાર્ષિક હિસાબો સ્પષ્ટ વિગતે રજુ ન કરી કાયદાની જોગવાઈનું સ્પષ્ટપણે ઉલ્લંઘન કરેલ છે.

(૧૦) મંડળી સભ્યો અંગ્રેજીથી અજાણ છે. વહીવટી સરળતા ખાતર અંગ્રેજી સભ્યોની જાણકારી માટે મંડળીના પેટાકાયદા ગુજરાતીમાં હોવા જરૂરી છે. જે અંગે ઓડીટમેમામાં વારવાર સુચના થયા છતા તેનું જાણીબુઝીને ઉલ્લંઘન કરી પોતાની ફરજમાં સતત કસુર કરેલ છે.

(૧૧) છેલ્લા ત્રણ વર્ષથી સાધારણ સભા બોલાવી નથી સમયસર સાધારણ સભા બોલાવી વર્ષ દરમ્યાન કરેલ કામગીરીથી સભ્યોને જાણકાર કરવા તે હોદ્દેદારોની ફરજ છે. તેમ છતાં સોસાયટીની વ્ય. કમીટીએ પોતાની ફરજ બજાવવામાં સતત કસુર કરેલ છે.

(૧૨) જિલ્લા રજિસ્ટ્રાર કચેરી તરફથી માંગવામાં આવતી માહીતી તથા તે અન્વયેના પૂરાવા રજુ કરવાની હોદ્દેદારોની પ્રાથમીક ફરજ છે. તેમ છતાં અત્રેની કચેરીના તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના પત્રથી માગેલ માહીતી પુરી વિગતે ન આપી કલમ.૮૨ ની જોગવાઈનું ઉલ્લંઘન કરેલ છે.

(૧૩) મંડળીએ દુકાન બનાવી, દુકાન ફાળવણી કરી તે અનુસાર સીટી સર્વેમા નોંધ કરાવી, તે મુજબની સનદો મંડળી સભ્યોને પુરી પાડવી જોઈએ તેમ છતાં હોદ્દેદારોએ તે રીતે પુરી ન પાડીને પોતાની ફરજ પ્રત્યે નિષ્કાળજી દર્શાવેલ છે.

આમ ઉપરોકત વિગતે મંડળીની વ્ય. કમીટી પોતાની ફરજ પ્રત્યે નિષ્કાળજી દર્શાવી વારંવાર કસુર કરતાં ગુજરાત સહકારી મંડળી અધિનીયમ-૧૯૬૧ની કલમ. ૮૧ અન્વયે દુર કેમ ન કરવા? તે અંગેની સુનાવણી આમુખ નં. ૨ ની કારણદર્શક નોટીસ થી તા. ૧૯મી એપ્રિલ ૧૯૯૩ના રોજ રાખેલ જે અન્વયે આમુખ નં.૩ ના પત્રોથી કમીટી સભ્યોને એ મુદત વધારો માંગતા, અત્રેની કચેરીના આમુખ નં. ૪ના તા. ૨૩મી એપ્રિલ ૧૯૯૩ના રજીસ્ટર પત્રથી મુદતવધારો ગ્રાહ્ય રાખીને અન્વયે તા. ૧૦મી મે ૧૯૯૩ની મુદત અંગે પ્રમુખશ્રીને જાણ કરી અને મુદતે કમીટી સભ્ય સહીત હાજર રહેવા જાણ કરેલ તેમ છતાં પ્રમુખશ્રી કકુમલ ટોપણદાસ ઠક્કર તા. ૧૭મી મે, ૧૯૯૩ના રોજ સુચવેલ સમય ૧૩-૩૦ કલાકે હાજર રહેલ ન હતા પરંતુ મોડેથી ૧૭-૩૦ કલાકે કચેરીમાં ફકત પોતે એકલા જ હાજર રહેલ હતા કોઈ અન્ય કમીટી સભ્યને હાજર રાખેલ નથી. પ્રમુખશ્રી હાજર રહેલ નોટીસની વિગતે કાર્યવાહી કેમ ન કરવી? તે અંગે રૂબરૂ પુછતા પ્રમુખે રૂબરૂમાં આમુખ નં. ૫ની વિગતે નિવેદન લખાયેલ જે નિવેદનની વિગતો અનુસાર પ્રમુખે નીચે મુજબ જણાવેલ છે.

(૧) મંડળીએ ઓડીટમેમાની દૂરસ્તી રીપોર્ટ રજુ કરેલ છે કે કેમ? તેવુ પોતે જાણતા નથી તેમ જણાવેલ છે.

(૨) ૧૦મી મે, ૧૯૯૩ના રોજ બીજી મુદતે કમીટી સભ્ય સહીત હાજર થવાનું પોતે જાણતા હોવા છતાં ૯મી મે, ૧૯૯૩ ના રોજ ખાસ સાધારણ સભા બોલાવી નવીન કમીટીની રચના કરેલ અને તે મુજબ પોતે પ્રમુખ બનેલ છે. તેમ છતાં ૧૦મી મે, ૧૯૯૩ની મુદતે કોઈ જ કમીટી સભ્યને હાજર રાખેલ નથી.

(૩) કલેકટરશ્રીએ ૮૬ સભ્યો વચ્ચે દુકાનો વહેંચવા હુકમ કરેલ પરંતુ તેને બદલે ૯૩ દુકાનો બનાવી ૯૩ સભ્ય વચ્ચે વહેંચેલ છે. જે અંગે કલેકટરશ્રીની કોઈ પૂર્વ મંજુરી મેળવેલ નથી.

(૪) જિલ્લા રજિસ્ટ્રારશ્રી મહેસાણાની કચેરી તરફથી તા. ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના પત્રથી માંગેલ માહીતી પુરી વિગતે આપેલ નથી.

(૫) ઉકત તારીખ ૯મી મે, ૧૯૯૩ની સાધારણ સભામાં પોતે પ્રમુખ બનવા માંગતા ન હતા પરંતુ મંડળીમાંથી કેટલાક સભ્યોએ બળજબરીથી સુચના કરેલ હોવાથી પ્રમુખ બનવાનું સ્વીકારેલ છે.

આમ પ્રમુખશ્રીનું નિવેદન જોતા તેઓશ્રીએ કે વ્ય. કમીટીએ પોતાની ફરજો અદા કરવા માટે કોઈ સક્રીય પ્રયત્નો કરેલ નથી તે સાબિત થાય છે. પ્રમુખશ્રીએ રૂબરૂ મુલાકાત સમયે લેખીતમાં અન્ય એક જવાબ રજુ કરેલ છે. જે કારણદર્શક નોટીસ સબંધમાં છે. જેમાં મંડળીના વહીવટ પ્રત્યે ફરજ અદા કરવા અંગે કોઈ રચનાત્મક કામગીરી કર્યાનો ઉલ્લેખ કરેલ નથી ફકત નોટીસની વિગતોનો વિરોધ કરેલ છે. ફરજ પ્રત્યે દાખવેલ કસુર સુધારવા માટે કોઈ નક્કર પગલાં લીધેલ નથી કે વહીવટ સુધારવા કોઈ ખાત્રી આપેલ નથી. તેમજ તા. ૯મી મે ૧૯૯૩ ના રોજ રાખેલ ખાસ સાધારણ સભાનો તા. ૨જી મે, ૧૯૯૩નો એજન્ડા નકલ રજુ કરેલ છે. પરંતુ ૯મી મે, ૧૯૯૩ના રોજ સભા મળી કે શું કાર્યવાહી કરી તેનો કોઈ નક્કર આધાર પુરાવા રજુ કરેલ નથી ફકત રૂબરૂ નિવેદનમાં ૩૧ સભ્યોની હાજરીમાં કમીટીની નવીન રચના કરી તેવુ કબુલેલ છે. પરંતુ નવીન કમીટી રચના અંગેની કોઈ સ્પષ્ટ યાદી કે સાધારણ સભાની કાર્યવાહીની નકલ રજુ કરેલ નથી તેમની આ જાતની કાર્યપધ્ધતિથી ખાસ સાધારણ સભામાં પોતાના જ માણસોને બોલાવી વહીવટ પોતાની પાસે જ રહે તેવી રીતીનીતી અખત્યાર કરી હોવાનું જણાય છે. આ કેસની સુનાવણી બાબતે નવીન કમીટી સભ્ય કે જુની કમીટી સભ્યને મુદતે હાજર રાખેલ નથી તે ઉપરથી પણ ફલીત થાય છે કે મંડળીમાં વહીવટ સ્થગિત છે. ફકત પ્રમુખશ્રી પોતે જ મનસ્વી રીતે વહીવટ કરી રહયા છે. અને જે કમીટી

INDEX

સભ્યો મંડળીના દફતરે નોંધાયા છે. તે જાણીબુઝીને સતત કસુર કરવામાં પ્રમુખશ્રીને મદદ કરી રહયા છે. તેવુ સ્પષ્ટ સાબીત થાય છે.

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ. ૮૧ ની જોગવાઈ છે કે તેના સભ્ય તરીકે જો રજિસ્ટાર હોય તે મંડળીની સમિતીના રાજ્ય સરકારનો અને જેના સભ્ય તરીકે રજિસ્ટાર ન હોય તે મંડળીની સમિતીના સબંધમાં રજિસ્ટારનો એવો અભિપ્રાય થાય કે તે સમિતી.

(૨) આ કાયદો, અથવા નિયમો અથવા પેટાનિયમોથી મુકાયેલી ફરજો બજાવવામાં સતત કસુર કરે છે. અથવા તેમાં બેદરકાર રહે છે. અથવા મંડળીના અથવા તેના સભ્યોના હિતને બાધ આવે તેવું કોઈ કાર્ય કરે છે, અથવા

(બી) કલમ. ૧૬૦(૧) હેઠળ આપવામાં આવેલા આદેશો અથવા તે કલમની પેટા કલમ(૨) હેઠળ ફેરફાર કરાયા પ્રમાણેના આદેશોનું પાલન કરવામાં નિષ્ફળ જાય છે.

તો નિયમોને આધીન રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ રજિસ્ટ્રાર સમિતીને તેવા કોઈપણ વાંધાઓ હોય તો નોટીસ કાઢયાની તારીખથી પંદર દિવસમાં જણાવવાની તક આપીને લેખીત હુકમથી સમિતીને દૂર કરી શકશે અને તે હુકમમાં નિર્દિષ્ટ કરાયેલ બે વર્ષથી વધારે ન હોય તેટલી મુદત માટે મંડળીના કામકાજચીની વ્યવસ્થા કરવા માટે.

(૧) મંડળીના સભ્યો હોવાનું જરૂરી ન હોય તેવા એક કે તેથી વધારે વહીવટદારો નિમી શકશે.

આમ ઉપરોક્ત વિગતો તથા કેસની સમગ્ર હકીકતોને ધ્યાનમાં લઇ, કાયદાકીય જોગવાઈને વંચાણે લઈ નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

આથી હું કે. એ. બારોટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારીમંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈથી મળેલ અધિકારની રૂએ ધી સંતરત્ન વિજય માર્કેટ રેફયુજી કેબીન હોલ્ડર્સ કો. ઓપ. સો. લી. પાટણની વ્ય. કમીટીને દુર કરી મંડળીનો વહીવટ કરવા સારુ શ્રી કે. આર. મોદી ને મંડળીના વહીવટદાર તરીકે એક વર્ષ માટે નિમણુંક આપુ છું.

મહેસાણા, તા. ૧૨મી મે, ૧૯૯૩.

કે. એ. બારોટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા:—

(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ ક્રમાંક ઉખાસ / ફડચ / ૨૬૮ / છ / ૧૧૦૧/૯૩, તારીખ ૧૫ મી એપ્રિલ, ૧૯૯૩.

(૨) પ્રમુખ-મંત્રીશ્રી ધી કૃષ્ણ કો. ઓપ હાઉસીંગ સો. લી., મુકામ, તાલુકો વિજાપુર નો તારીખ ૨૬ મી એપ્રિલ, ૧૯૯૩ નો પત્ર વંચાણે લીધો.

પ્રસ્તાવના

ધી કૃષ્ણ કો. ઓપ. હાઉસીંગસો. લી., મુકામ, તાલુકા વિજાપુર, જિલ્લા મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર જી. પું. ઘ-૬૬૬૪-૧૦૭૯, તારીખ ૧૬ મી માર્ચ, ૧૯૭૮ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે તારીખ ૧૦ મી જાન્યુઆરી, ૧૯૯૩ના રોજ ખાસ સાધારણ સભામાં સદર સંસ્થાને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા ૧ થી ૩ ઠરાવ કરેલ છે અને સર્વાનુમતે મંજુર કરેલ છે. ઠરાવ નંબર ૩ માં જણાવ્યા મુજબ સદર સંસ્થામાં ૫૦ સભાસદો છે. આ તમામ સભ્યોએ મકાન તૈયાર કરી પોતાની મેળે રહેણાંક ચાલુ કરેલ છે. કોઈ લોન અગર ધીરાણ મેળવેલ નથી કોઈ સરકારી દેવું પણ નથી મંડળીના સભ્યો મંડળીને ચાલુ રાખવા ઈચ્છતા નથી માટે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ-ફડચ-૨૬૮-ઘ-૧૧૦૧, તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૩ થી વચગાળાનો હુકમ કરેલ હતો જેની સાથે રજુઆત કરવા જણાવેલ હતું જેના સંદર્ભમાં મંડળીના પ્રમુખ-મંત્રીશ્રી ના પત્ર તારીખ ૨૬ મી એપ્રિલ, ૧૯૯૩ થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવા જણાવેલ છે. સદર મંડળીને ચલાવવા માટે સભાસદો ઈચ્છતા નથી અને મંડળીને ફડચામાં લઈ જવા સ્વૈચ્છિક માંગણી કરેલ હોવાથી મંડળીના હિતખાતર મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ મને મળેલ અધિકાર પરત્વે કરૂં છું.

હુકમ

જાવક નંબર ઉખાસ / ફડચ / ૯૨૩૦ / ધ / ૧૫૦૨/૯૩.— ધી કૃષ્ણ કો. ઓપ. હાઉસીંગ સો. લી., મુકામ, તાલુકા વિજાપુર જિલ્લા-- મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઆના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નંબર જિલ્લા પંચાયત ઘ / ૬૬૬૪/૧૦૭૯ તારીખ ૧૬ મી માર્ચ, ૧૯૭૮ થી નોંધવામાં આવેલ હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ કલમ ૧૦૭ (૧) બી અન્વયે ફડચામાં લઈ જવાના હુકમ કરૂં છું તથા સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો ૧ મહેસાણાની નિમણુંક કરૂં છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો નુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં શકય હોય તો પુરૂ કરવાનું રહેશે.

સહકારી ગૃહ મંડળીની ફડચાની કાર્યવાહી પુરી થતાં વિસર્જન થતી મંડળી સભ્યોનું નોનટ્રેડીંગ કોપેરિશન એકટ હેઠળ એસોસીએસન અથવા સોસાયટી રજિસ્ટ્રેશન એકટ ૧૮૬૦ અન્વયે સંસ્થાની રચના કરી તેને નોંધાવવાની રહેશે.

ઉપર મુજબ અસોસીએશન અથવા સંસ્થા રચાયા બાદ તેને મંડળીના સભ્ય થી ઉભી કરેલ સવલતો માટેની મીલકતો જેવી કે કોમન પ્લોટ કોમન એકટ પ્લોટ ઉપર બાંધવામાં આવેલ બાંધકામ પાણીની ટાંકી રસ્તાઓ વિગેરેની તબદીલી કરવાની રહેશે આવી મીલકતોનું વેચાણ ફડચા અધિકારી કરી શકશે નહીં, આમ અધિક રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક નધણ / ૪૫૦ જ/૧૦૮૩/૯૧, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧ ના પત્ર માં જણાવેલ/ જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મહેસાણા, તારીખ ૨૧મી મે, ૧૯૯૩.

નંબર ઉખાસ / નધણ / સે / ૧૫૪૭૨.— આથી જાહેર કરે છે કે ધી દસપુર રૂ વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ દસપુર, તાલુકો સમી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી મે, ૧૯૯૩.

INDEX

નંબર ઉખસ / નધણ / સે / ૧૫૪૭૩.— આથી જાહેર કરે છે કે શ્રી સરદાર ખેત પેદાશ પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ આજોલ, તાલુકો વિજાપુર, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી મે, ૧૯૯૩.

સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે મંડળીને આટોપી લેવા બાબતે.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ નીચે ધી આમજા વિભાગ તમાકુ ઉત્પાદકોની સહકારી મંડળી લી., આમજા, તાલુકા કલોલ નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી ઉલ્લેખ મંડળી તરીકે થયેલ છે.) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ તથા ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ તેમજ મંડળીના નોંધાયેલ પેટા કાયદા મુજબ તેના પર નાખવામાં આવેલ ફરજો અને તેને મળેલ અધિકારોનો ઉપયોગ કરેલ નથી. જે નીચે દર્શાવેલ હકીકત ઉપરથી જણાઈ આવે છે.

(૧) મંડળી નોંધણી નંબર સે-૨૪૩૨૨, તારીખ ૧૨ મી સપ્ટેમ્બર ૧૯૯૦ થી નોંધાયેલ છે. નોંધણી થયા બાદ મંડળીએ તેના ઉદ્દેશો મુજબ ની કોઈ જ પ્રવૃત્તિ આજ પર્યંત હાથ ધરેલ નથી આમ તદ્દન સ્થગિત અવસ્થામાં છે.

(૨) સંસ્થાની પ્રવૃત્તિના કાર્યો ને સક્રીય બનાવવા વ્યવસ્થાપક કમીટીના બેઠકો નિયમીત મળતી નથી સને ૧૯૯૨-૯૩ ના વર્ષ દરમ્યાન એક પણ વ્ય. સમીતીની બેઠક મળેલ નથી.

(૩) સને ૧૯૯૧-૯૨ ના વર્ષ ની જનરલ સભા મળેલ નથી આમ સ્પષ્ટ થાય છે. કે મંડળીના કાર્યવાહકો તેમજ સભાસદોને લેશમાત્ર રસ રહ્યો નથી.

હુકમ ક્રમાંક ખવમ / ૦૧ / ગ / ૧૦૧૩/૯૩.— ઉપરની હકીકતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની રૂએ અથવા તે મુજબ તેના ઉપર નાખવામાં આવેલ ફરજોનું પાલન કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મંડળીને અત્રેથી પત્ર નંબર ખવમ-૦૧-ગ-૭૪૭/૯૩, તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૩ થી ફડચામાં લઈ જવા અંગે કારણદર્શક નોટીસ આપી દિવસ ૧૫ માં લેખીત સ્પષ્ટતા કરવા કારણો દર્શાવવાનું જણાવવામાં આવેલ પરંતુ કાર્યવાહકો તરફથી આજ પર્યંત મંડળીના બચાવ પક્ષે કોઈ રજૂઆત કરેલ નથી આમ એ ઉપર થી ફલીત થાય કે મંડળીના કાર્યવાહકો તેમજ સભાસદોને રસ રહ્યો નથી તેમજ નોંધણી બાદ જ કોઈ કામગીરી હાથ ધરેલ નથી અને સ્થગીત અવસ્થામાં હોઈ આ સંજોગોમાં મંડળીને ચાલુ રાખવી હિતાવહ જણાતી ન હોઈ મંડળીને આટોપી લેવા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરું છું.

વચગાળાનો હુકમ

ધી આમજા વિભાગ તમાકુ ઉત્પાદકોની સહકારી મંડળી લી., આમજા, તાલુકા કલોલ નોંધણી નંબર સે-૨૪૩૨૨ તારીખ ૧૨ મી સપ્ટેમ્બર ૧૯૯૦ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ / ૧ (ગ) ૧-૪ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો ૩ મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરું છું આ વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમની તારીખ થી એક માસ સુધીમાં આ કચેરીને મોકલી આપવાનો રહેશે.

મહેસાણા, તારીખ ૧લી જુન, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧૯૭/ ઘ / ૭૭૯/૯૩ થી કરવામાં આવેલ વચગાળાનો હુકમ.

પ્રસ્તાવના

ધી મહેસાણા જિલ્લાના ન્યાય ખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુકામ, તાલુકા મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર સે-૧૫૯૭ તારીખ ૬ ઠ્ઠી નવેમ્બર, ૧૯૭૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું અન્વેષણ તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૦ થી ૩૦ મી જુન, ૧૯૯૧ સુધીનું તે જ કાયદાની કલમ ૮૪ હેઠળ કરવામાં આવેલ હતું. અન્વેષણ સમય દરમ્યાન ઓડીટ નોંધમાં નીચે મુજબની ક્ષતિઓ ઉપસ્થિત થયેલ હતી.

(૧) સંસ્થાનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૨) સંસ્થામાં ઓડીટ નોંધની દુરસ્તી થતી નથી.

(૩) સંસ્થામાં સ્વકીય ભંડોળ કરતાં ખોટનું પ્રમાણ વધી ગયેલ છે.

(૪) મંડળીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૭મી ઓકટોબર, ૧૯૮૪ ના રોજ બોલાવેલ છે.
ત્યારબાદ મંડળીની વા. સા. સભા કે ખાસ સાધારણ સભા ભરાયેલ નથી.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમીટીની પણ મીટીંગ છેલ્લા ત્રણ વર્ષથી એક પણ બેઠક બોલાવેલ નથી.

(૬) સંસ્થાના બે વ્યવસ્થાપક કમીટી સભ્યો સીવાય તમામ કમીટી સભ્યો પાસે મુદતી ધિરાણ બાકી છે.

(૭) બેન્કમાંથી ધિરાણ માટે મેળવેલ કેશ ક્રેડીટ તારીખ ૩૦મી જુન, ૧૯૯૧ ના રોજ વ્યાજ સહીત રૂા. ૯૨૭૧૫-૩૦ બાકી છે.

(૮) સભાસદો પાસે ધિરાણ બાકી રૂા. ૬૭૨૨૦-૦૫ જે છેલ્લા ચાર વર્ષથી બાકી છે.

જાવક નંબર ઉખસ / ફડચ / ૧૯૭ / ઘ / ૧૫૮૨/૨૯૩૧/૯૩.— આમ ઉક્ત વિગતો ને ધ્યાનમાં લઈ સદરહું મંડળીને ફડચામાં લઈ જવા માટે સહકારી મંડળીઓના અધિનિયમ ૧૦૭ (૧) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનું આવશ્યક જણાતા તે મુદ્દાને લગતા વાંધા કે વિરોધ હોયતે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ ફડચ / ૦૧૯૭ / ઘ / ૭૭/૯૩, તારીખ ૨૦ મી માર્ચ, ૧૯૯૩ થી સદર મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ કરી દિવસ-૩૦ માં જે કોઈ રજુઆત કરવી હોય તે લેખીત કે મૌખિક કરવા રજિસ્ટર પોસ્ટ એ.ડી.ના થી જણાવ્યા છતા મંડળીના કાર્યવાહકો કે સભાસદો

INDEX

તરફથી આજદીન સુધી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી માટે સદર મંડળીને ચલાવવા સભાસદો કે કાર્યવાહકોને રસ ન જણાતાં સદર મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ મને મળેલ અધિકાર પરત્વે કરું છું.

હુકમ

ધી મહેસાણા જિલ્લાના ન્યાય ખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુકામ, તાલુકો મહેસાણાનો નોંધણી નંબર સે-૧૫૯૭, તારીખ ૬ ઠ્ઠી નવેમ્બર, ૧૯૭૪ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) એ. સી. ૧ અને ૪ અન્વયે ફડચામાં લઈ જતો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુરું કરવું.

મહેસાણા, તારીખ ૧લી જૂન, ૧૯૯૩.

નં. ઉખસ/નધણ/ભં/૩૯૧૭.—આથી જાહેર કરે છે કે હર્ષદાભવાની કન્ઝયુમર્સ કો. ઓ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ કલોલ, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૩જી જૂન, ૧૯૯૩.

વંચાણે લીધા:-

અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક:ઉખસ-ફડચ-૦૧-ચ-૬૩૪-૯૧, તા. ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૧.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ-ફડચ--૩૧-ઘ-૧૫૩૬/૯૨૩૨/૯૩.—ધી વસુંધરા કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. મુ. માણસા, તા. વિજાપુર, જિ. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાનું અન્વેષણ તા. ૧લી જાન્યુઆરી ૧૯૮૭થી ૩૦મી જૂન ૧૯૯૦ સુધીનું શ્રી ઓડીટર ગ્રેડ. ૨ સ. મં. (પ્રમાણિત) મહેસાણાએ કરેલ છે. ઓડીટ સમય દરમ્યાન નીચે મુજબની ક્ષતિઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) સંસ્થાએ છેલ્લા ૫ વર્ષની ઓડીટ દુરસ્તી કરેલ નથી.

(૨) સંસ્થાએ સને ૧૯૮૭-૮૮, ૧૯૮૮-૮૯, ના વર્ષની વાર્ષિક સાધારણ સભા ભરેલ નથી આથી કલમ. ૭૭નો ભંગ કરેલ છે.

(૩) સંસ્થાએ પેટાનિયમ મુજબ વ્ય. કમીટીની મીટીંગ અન્વેષણ દરમ્યાન ભરેલ નથી.

(૪) મંડળી છેલ્લા ૫ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૫) મંડળી ચલાવવા માટે સભાસદોએ ને રસ નથી.

ઉપરોકત હકીકતોને ધ્યાનમાં લેતા સંસ્થાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની રૂએ અથવા તે મુજબ તેના ઉપર નાખવામાં આવેલ ફરજોનું પાલન કરવા બીલકુલ રસ જણાતો નથી આથી અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: ઉખસ-ફડચ-૦૧-ચ-૬૩૪-૯૧ તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૧થી વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો જેની સામે જે રજુઆત કરવી હોય તે કરવા જણાવ્યા છતા રજી. પોસ્ટ એડીથી મોકલી આપેલ કવર પરત આવેલ હતું જે કવરને ફરીથી વ્ય. કમીટી સભ્ય શ્રી દિલીપસીંહ શીવસીંહ રાઓલને વચગાળાનો હુકમ અત્રેની કચેરી ના પત્ર ક્રમાંક: ફડચ-૦૩૧-ઘ-૬૮૩-૯૩ તા. ૧૬મી માર્ચ ૧૯૯૩થી રજી. પોસ્ટ એ.ડી થી મોકલી આપેલ જે કવર ઉપર કોઈ મળતા નથી તેવા શેરા સહ કવર અત્રે પરત આવેલ છે. માટે મંડળીને ચલાવવા માટે કાર્યવાહકો કે સભાસદો ને રસ ન જણાતા આવા સંજોગોમાં સભાસદોના હિતમાં મંડળીને આટોપી લેવાવિના બીજો કોઈ ઉપાય ન હોઈ મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ હુકમ કરૂ છું.

હુકમ

ધી વસુંધરા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. માણસા, તા. વિજાપુર, જિ. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. ઘ-૩૪૪૮ તા. ૨જી એપ્રિલ ૧૯૭૪ થી નોંધવામાં આવેલ હતી તે મંડળી એ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૧૦૭(૧) ક. ગ ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરું છું. તથા સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો. ૩ મહેસાણાની નિમણૂંક કરૂં છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં શકય હોય તો પુરૂ કરવાનું રહેશે. સહકારી ગૃહ મંડળીની ફડચાની કાર્યવાહી પૂરી થતા વિસર્જન થતી મંડળી, સભ્યોનું નોન ટ્રેડીંગ કોપેરિશન એકટ હેઠળ એસોશીયેશન અથવા સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ અન્વયે સંસ્થાની રચના કરી તેને નોંધાવવાની રહેશે.

ઉપર મુજબ એસોશીએશન અથવા સંસ્થા રચાયા બાદ તેને મંડળી ના સભ્યથી ઉભી કરેલ સવલતો માટેની મીલકતો જેવી કે કોમન પ્લોટ કોમન પ્લોટ ઉપર બાંધવામાં આવેલ બાંધકામ પાણીની ટાંકી રસ્તાઓ વિગેરેની તબદીલી કરવાની રહેશે. આવી મીલકતોનું વેચાણ ફડચા અધિકારી કરી શકશે નહી આમ અધિક રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ગુજરાત રાજય ગાંધીનગરના પરીપત્ર ક્રમાંક: નધણ-૪૨૭-જ-૧૦૯૩-૯૧ તા. ૨૫મી એપ્રિલ ૧૯૯૧ના પત્રમાં જણાવેલ જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મહેસાણા, તા. ૧૭મી જૂન ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧ થી ૩૦મી જુન, ૧૯૯૨ સુધીની અન્વેષણ નોંધ.

(૨) અત્રેના કાર્યાલયની તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૩ની કારણ દર્શક નોટીસ ક્રમાંક: ફડચ ૨૭૬-ઘ-૧૧૮૨-૯૩.

આદેશ

ક્રમાંક: ઉખસ/ફડચ/૦૨૭૬-ઘ-૧૫૮૩.—શ્રી મોખાસણ વિ. કા. સહકારી મંડળી લી. મુકામ મોકાસણ, તાલુકો કલોલ, જિલ્લો : મહેસાણાની નોંધણી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધણી ક્રમાંક: ૧૫૧૩૨, તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૪૯ થી કરવામાં

INDEX

આવી હતી જે મંડળીને નીચેના કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા કારણદર્શક નોટીસ આમુખ-૨ ના અત્રેના પત્રથી આપેલ પરંતુ તે અન્વયે મંડળી તરફથી અત્રે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

(૧) સદર મંડળી છેલ્લા ૧૦ વર્ષથી સ્થગિત છે.

(૨) મંડળીના ક્રેડીટ અહેવાલ તથા બેંક ઈન્સ્પેકશન અહેવાલની દુરસ્તી કરવામાં આવતી નથી.

(૩) સભાસદો અને વ્ય. કમીટી સભ્યોને મંડળી ચલાવવા માટે રસ નથી.

(૪) મંડળીની બેંક લોન તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૨ થી ભરવાની બાકી છે જે મંડળીનું આજ તારીખ સુધી બેંક લોન ભરપાઈ કરેલ નથી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૨ થી ટુ. મ. લોન રૂા. ૫૬,૮૧૫.૧૫ તથા પુન : વસન લોન રૂા. ૮૯,૩૫૫ મળી કુલ બેંક લોન રૂા. ૧,૪૬,૧૭૦.૧૫ પૈ. બાકી પડે છે.

(૫) મંડળીમાં તારીખ ૩૦મી જુન, ૧૯૯૨ ના રોજ એકત્રિત ખોટ રૂા. ૧,૦૨,૪૨૪.૨૧ છે. મંડળી છેલ્લા પાંચ વર્ષથી ખોટમાં ચાલે છે.

(૬) મંડળી ફક્ત સરકાર અંકુશિત ચીજવસ્તુની ખરીદી વહેંચણીનું કામ કરે છે. જે મંત્રી-પ્રમુખ પોતાની અનામતો મુકીને ચલાવે છે. આમ તે વેપારમાં માત્ર પ્રમુખ / મંત્રીનું અંગત હિત સચવાયેલ હોવાને કારણે વેપાર નામ માત્રનો ચલાવે છે.

(૭) બેંક લોન બાકી રૂા. ૧,૪૬,૧૮૯.૯૫ સામે સભાસદ બાકી ધિરાણ રૂા. ૫,૨૨૪.૫૦ બાકી છે.

આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું કૌશિક જે. જોષી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા સદર મંડળીને ઉક્ત કાયદાની કલમ-૧૦૭ (૧) ના ખંડ (ક) (ગ) ૨ અને ૪ હેઠળ નિર્દિષ્ટ કારણોસર ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરું છું અને આજ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિકારી અને આસી. સીનીયર ઈન્સ્પેકટર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાની નિમણૂંક કરું છું.

મહેસાણા, તારીખ ૧૯મી જૂન, ૧૯૯૩.

વંચાણમાં લીધું :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭-ની જોગવાઈ.

(૨) શીવ કો. ઓ. હા. સો. લી. સિધ્ધપુરની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૯, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૦.

(૩) કમિટીની સભ્યોનું તારીખ ૨૭મી મે, ૧૯૯૩નું નિવેદન.

પ્રસ્તાવના

જા. નં. ઘરમ/ફડચ/૦૧/ખ/૧૬૯૫/૯૩.—ધી શીવ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. સિધ્ધપુર તાલુકો સિધ્ધપુર એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈ અન્વયે નોંધણી નંબર : ઘ-૭૭૧૬, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૮૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે. સદર મંડળીએ તેમના તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૦ ની ખાસ સાધારણ સભામાં ઠરાવ નં. ૯થી મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવ કરી તે અન્વયે મંડળીને ફડચામાં લઈ જવા માંગણી કરેલ જે અન્વયે અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારી હાઉસીંગે મંડળીના સ્થળે તારીખ ૨૭મી મે, ૧૯૯૩ ના રોજ રૂબરૂ મુલાકાત લઈ મંડળીના વહીવટ અંગે રેકર્ડ આધારે ખાત્રી કરતાં નીચે મુજબની સ્થિતિ જણાઈ આવેલ છે.

(૧) મંડળી સભ્યો તથા કારોબારી સભ્યો મંડળી ચલાવવામાં રસ ધરાવતા નથી પરિણામે વહીવટ અન્વયે મીટીંગોમાં હાજરી આપતા નથી અને વહીવટી કે અન્ય વેરો ભરપાઈ કરતા નથી પરિણામે મંડળી કામકાજ બંધ થયેલ છે.

(૨) મંડળીના સ્થળે કોઈ મકાનનું બાંધકામ થયેલ નથી દરેક સભ્યને વ્યકિત રીતે પ્લોટની ફાળવણી કરી દીધેલ છે. અને સભ્યો સ્વતંત્ર રીતે મકાનો બનાવવા ઈચ્છે છે.

(૩) ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૦ ની ખાસ સામાન્ય સભામાં ૩૦ સભ્યો હાજર રહી ઠરાવ નં. ૯ થી મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવેલ છે.

(૪) સંસ્થાઓ પેટા નિયમ મુજબ વ્ય. કમીટીની મીટીંગો મળતી નથી.

(૫) મંડળી છેલ્લા બે વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૬) હાઉસીંગ મંડળી છે. જેનો હેતુ રહેણાંક માટેની સગવડ પુરી પાડવાનો છે. તેમ છતાં આજદિન સુધી મકાન બનાવી રહેઠાણની સગવડ પુરી પાડેલ નથી.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈ છે કે,

૧૦૭ (૧) (ક) કલમ ૮૬ મુજબ તપાસ કરવામાં આવે તે પછી અથવા કલમ ૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી અથવા મંડળીના હિસાબોનું ઓડીટ કરનાર ઓડીટરના રીપોર્ટ ઉપરથી અથવા,

(ખ) મંડળી આટોપી લેવાના હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય સભામાં હાજર રહેવા મંડળીના ત્રણ ચતુર્થાંશ સભ્યોએ પસાર કરેલા ઠરાવ ઉપરથી કરેલી અરજી મળે એટલે અથવા

(ગ) (૧) જેણે કામકાજ શરૂ કર્યું ન હોય અથવા

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ

(૩) જે મંડળી વધુમાં વધુ પાંચસો રૂપિયા સુધીના શેરો અથવા થાપણો ધરાવતી હોય અથવા

(૪) જે મંડળી આ અધિનિયમની અથવા રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે શરતોનું પાલન કરતી બંધ થઈ હોય તે મંડળીની બાબતમાં રજિસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેને આટોપી લેવી જોઈએ જો તે મંડળી આટોપી લેવી તેવું ફરમાવતો હુકમ કરી શકશે."

ધી શીવ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સિધ્ધપુરના સભ્યો તેમજ કાર્યવાહકોને મંડળી ચાલાવવામાં રસ નથી તેમજ તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૦ ની ખાસ સામાન્ય સભાના ઠરાવ નં. ૯ થી મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવીને તે અન્વયે માંગણી કરેલ છે. આ સંજોગોમાં તથા મંડળીમાં હાલમાં પ્રવર્તતી સ્થિતી તથા કાયદાકીય જોગવાઈ ધ્યાનમાં લઈ નીચે મુજબનો હુકમ કરું છું.

વચગાળાનો હુકમ

આથી હું, કે. જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા આમને મળેલ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે ધી શીવ કો. ઓપ. હાઉસીંગ સો. લી.

INDEX

સિધ્ધપુર નોંધણી નં. ઘ-૭૭૧૬-ઘ ૫૭૫ ૮૦, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૮૦ ને આથી ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરું છું અને મંડળી ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાને તે જ અધિનિયમની કલમ ૧૦૮ અન્વયે નિમણુંક કરું છું.

મહેસાણા, તારીખ ૨૧મી જૂન, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાનો તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૩ ની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : ફડચ-૨૯૨-ઘ-૧૫૦૭-૯૩, તારીખ ૨૧મી મે, ૧૯૯૩.

જા. નં. ઉખસ/ફડચા/૦૨૯૨-ખ-૧૬૩૨-૯૩.—શ્રી સબોસણા જથ સેવા સહકારી મંડળી લી. મુકામ સબોસણા, તાલુકો પાટણ, જિલ્લો મહેસાણાને નોંધણી નંબર ૯૨૨૯, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૬૫ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના પેટા ખંડ (ક) (ગ) ૨ અને ૪ અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીઓ જે કંઈ રજૂઆતો કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવો કે રૂબરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૩મી જૂન, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-ચ-૬૨૯-૯૩, તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૩.

જા. નં. ઉખસ/ફડચ/૦૧-ઘ-૧૬૩૩-૯૩.—શ્રી ગાંધીનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ આંબલીયાસણ, તા. જિ. મહેસાણા ને નોંધણી નં. ઘ-૨૦૯૮ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૬૮ થી નોંધવામાં આવેલ છે તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ક, ગ ૨ અને ૪ અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૩મી જૂન, ૧૯૯૩.

કૌશિક જે. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વાંચો :—

(૧) ઓડીટરશ્રી, સ. મં., વણકર, મહેસાણાના મંડળીના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૦ થી ૩૦મી જૂન, ૧૯૯૨ સુધીના ઓડિટ અહેવાલ.

(૨) આ કચેરીના જા. નં. : ફડચ/૦૧/જ/૭૬૫/૯૩, તારીખ ૩જી મે, ૧૯૯૩ ની કારણદર્શક નોટિસ.

વચગાળાનો હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૯૪૨/૬૩૧૭/૯૩.—શ્રી ગ્રામ્યલક્ષ્મી મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી. મુકામ : સતલાસણા, તાલુકો ખેરાલુ જિલ્લો મહેસાણા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક ઉ-૫૦૮૦ તારીખ ૧૭મી માર્ચ, ૧૯૮૯ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો, લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦ (૧) હઠળ નિમણૂંક કરવામાં આવે છે. આ હુકમ સામે મંડળીએ કંઈપણ રજુઆત કરવાની હોય તો આ હુકમની તારીખથી ૧ માસની અંદર આ કચેરીએ કરવી. એક માસની મુદત વિત્યા બાદ વચગાળાનો હુકમ કાયમી કરી મંડળીને ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧૧મી જૂન, ૧૯૯૩.

વાંચો :

(૧) ઓડીટર સ.મં. વણકર મહેસાણાના મંડળીના તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૯ થી ૩૦મી જૂન, ૧૯૯૧ સુધીના ઓડીટનો ઓડીટ અહેવાલ.

(૨) આ કચેરીના જા. નં. ફડચા/૦૧/જ/૭૬૧/૯૩ તારીખ ૩જી મે ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ.

વચગાળાનો હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૯૪૩/૬૩૧૮/૧૯૯૩.—શ્રી ગોઠવા ચર્મોદ્યોગ સહકારી મંડળી લી. મુકામ ગોઠવા, તાલુકો વિસનગર, જીલ્લો મહેસાણા મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત, મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક પી/૨૬૪૬ તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૫૫ થી નોંધવામાં આવી છે. હતી તે મંડળીને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ સામે મંડળીઓ કંઈપણ રજુઆત કરવાની હોય તો આ હુકમની તારીખથી ૧ માસની અંદર આ કચેરીએ કરવી. એકમ માસની મુદત વિત્યા બાદ વચગાળાનો હુકમ કાયમી કરી મંડળીને ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧૧મી જૂન ૧૯૯૩.

INDEX

વાંચ્યો :

(૧) ઓડીટરશ્રી સાં.મં. વણકર મહેસાણાના મંડળીના તારીખ ૧લી જુલાઇ, ૧૯૮૮ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૨ સુધીના ઓડીટરનો ઓડીટ અહેવાલ.

(૨) આ કચેરીના જા. નં. ફડચ/૦૧/જા/૭૬૩/૯૩ તારીખ ૩જી મે, ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ.

વચગાળાનો હુકમ.

જા. નં. ઉખસ/ફડચ/૯૪૫/૬૩૧૯/૧૯૯૩.—શ્રી સિધ્ધપુર તાલુકા રાવત સમાજ ઔદ્યોગિક સહકારી મંડળી લી. મુકામ હાજીપુર તાલુકો સિધ્ધપુર જીલ્લો મહેસાણા મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક ઉ/૩૮૬૮ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૮૧થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો લગત જીલ્લા ઉધોગ કેન્દ્ર, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે આ હુકમ સામે મંડળીઓ કોઇપણ રજૂઆત કરવાની હોય તો આ હુકમની તારીખથી ૧ માસની અંદર આ કચેરીએ કરવી એક માસની મુદત વિત્યા બાદ વચગાળાનો હુકમ કાયમી કરી મંડળીને ફડચામાં લઇ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧૧મી જૂન, ૧૯૯૩.

વાંચ્યો :

(૧) ઓડીટર શ્રી સ.મં. વણકર મહેસાણાનો મંડળીના તારીખ ૧લી જુલાઇ, ૧૯૮૮ થી ૩૦મી જૂન, ૧૯૯૧ સુધીના ઓડીટરનો ઓડીટ અહેવાલ.

(૨) આ કચેરીના જાવક નંબર ફડચ/૦૧/જા/૭૬૦/૯૩ તારીખ ૩જી મે, ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ.

વચગાળાનો હુકમ.

જા. નં. ઉખસ/ફડચ/૯૪૪/૬૩૨૦/૧૯૯૩.—શ્રી ઉપેરા જૂથ ધાણી ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી. મુકામ ઉપેરા તાલુકો સિધ્ધપુર જીલ્લો મહેસાણા મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત, મહેસાણાની ઓફીસ ના નોંધણી ક્રમાંક પી/૨૬૯૨ તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૫૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઇ જવાનો વચગાળાનો આ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે આ હુકમ સામે મંડળીઓ કંઇપણ રજુઆત કરવાની હોય તો આ હુકમની તારીખથી ૧ માસની અંદર આ કચેરીએ કરવી એક માસની મુદત વિત્યા બાદ વચગાળાનો હુકમ કાયમી કરી મંડળીને ફડચામાં લઇ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧૧મી જૂન, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારીની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક : ફડચ/૦૧/ખ/૯૨, તારીખ ૨૧મી જૂન, ૧૯૯૩.

(૨) આ કચેરીની તારીખ ૨૩મી જૂન, ૧૯૯૩ ની નોંધ.

હુકમ

ક્રમાંક : જીઉકે/મહે/ફડચા/૧૦૦૫ / ૬૮૩૩ / ૧૯૯૩.—શ્રી પ્રતાપનગર જૂથ ખાદી ગ્રામોદ્યોગ સહકારી મંડળી લી. મુકામ : પ્રતાપનગર, તાલુકો : વિજાપુર, જિલ્લો : મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણાની ઓફીસનો જાવક નંબર ફડચા/૦ખા/૨૪૪/૧૯૮૮, તારીખ ૯મી માર્ચ, ૧૯૮૮ થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ-૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૫મી જૂન, ૧૯૯૩.

એન. એલ. પાંડર,
જિલ્લા રજિસ્ટ્રારશ્રી,
સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણા.

વાંચ્યો :

(૧) ફડચા અધિકારીની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક જીયુકે/મહે/ફડચ/૦૧/૨૧૧૫/તારીખ ૧૭મી ડીસેમ્બર. ૧૯૯૨.

(૨) આ કચેરી તારીખ ૨૮મી ડીસેમ્બર, ૧૯૯૨ ની નોંધ.

હુકમ

ક્રમાંક જીઉકે/મહે/ફડચા/૨૧૪૫/૧૫૩૫૯/૧૯૯૬.—શ્રી રોડા મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી. મુકામ રોડા, તાલુકો હારીજ, જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણાની ઓફીસોના જાવક નંબર ફડચા/ખ/૪૨૦/ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૨ થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળી નું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૨.

નંબર ઉ/૫૫૪૩/જીઉકે/મહે-૨૨૦૫૬/૧૭૭૯:—આથી જાહેર કરે છે કે મલ્ટી પર્પઝ લેધર કો. ઓ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ કલોલ તાલુકો કલોલ જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧, ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

મહેસાણા, તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

INDEX

નંબર ઉ/૫૫૫૪૪/જીરૂકે/મહે/નધણ/જ/૨૯૭/૨૩૪૭.—આથી જાહેર કરે છે કે રાધાસ્વામી મહિલા વિવિધ ઔદ્યોગિક સહકારી મંડળી લી. કલોલ મર્યાદિત સ્થળ કલોલ, તાલુકો કલોલ, જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧, ની કલમ-૯ અન્વયે આજરોજ કરવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

એ. જી. ઘાંચી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના જા.નં. સવન/૦૨૧/૩૬૦/૯૨ તારીખ ૧૧મી મે, ૧૯૯૨ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૨) ધી બારીયા ખેતી ઉત્પાદક રૂપાંતર કરનાર સહકારી સંઘ લી. પીપલોદ ના વ્યવસ્થાપક કમીટી સભ્યોએ નોટીસના સંદર્ભમાં તારીખ ૧૦મી ઓગસ્ટ, ૧૯૯૨ ના પત્રથી કરેલ લેખીત રજુઆત.

(૩) ધી પંચમહાલ જીલ્લા સહકારી બેંક લી. ગોધરાની પત્ર નંબર એસયુપી/૩૮/૯૧૭/તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી આપવામાં આવેલ સંમતી.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. સવન/૦૨૧/ચ/૩૧૮/૯૩.—ધી બારીયા ખેતી ઉત્પાદન રૂપાંતર કરનાર સહકારી સંઘ લી. (પં. જી. કો ઓઈલ મીલ) પીપલોદ દેવગઢબારીયા જીલ્લો પંચમહાલ ની વ્યવસ્થાપક કમીટી ને કાયદાની કલમ-૮૧ હેઠળ દુર કરી વહીવટદારશ્રીની નિમણુંક કરવા માટે આ સંઘની વ્યવસ્થાપક કમીટી સભ્યોને આ કચેરીના આમુખ-૧ માં દર્શાવેલ પત્રથી કારણ દર્શક નોટીસ આપી ખુલાસા કરવા જણાવેલ હતું અને રૂબરૂ રજુઆત માટે અવાર નવાર તારીખ ૨૯મી મે, ૧૯૯૨, ૧૫મી જૂન, ૧૯૯૨ અને ૨૦મી જુલાઈ, ૧૯૯૨, ૧૦મી ઓગસ્ટ, ૧૯૯૨ ના રોજ સુનાવણી રાખવામાં આવેલી હતી. સને તારીખ ૧૦મી ઓગસ્ટ, ૧૯૯૨ ના રોજ વ્યવસ્થાપક કમીટી સભ્યશ્રી ધનાભાઈ લાલજીભાઈ ભરવાડે ૧૦ વ્યવસ્થાપક કમીટી સભ્યોની સહીથી કારણદર્શક નોટીસનો જવાબ રજુ કરેલ હતો જે જવાબ કારણદર્શક નોટીસના મુદ્દાઓના સંદર્ભમાં પુરતો ન હોવાથી વધુ એક મુદત તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના રોજના આપેલ હતી. પરંતુ સદરહુ મુદતે કોઈ હાજર ન રહેતા બીજી મુદત તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૨ ના રોજની આપવામાં આવેલી હતી. જેના સંદર્ભમાં સંઘની વ્યવસ્થાપક કમીટી તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૨ ઠ-પથી અગાઉ કરેલ ખુલાસો પુરતો છે. અને વિશેષ કંઈ કહેવાનું નથી તેવા ઠરાવ કરી રજુ કરેલ છે. આ કમીટી એ ગુજરાત કો. ઓપ. માર્કેટીંગ સોસાયટી લી. દ્વારા ઓઈલ મીલ ચલાવવાના પ્રયત્નો કરી જોયો છે પણ સફળતા મળી નથી. આ સંસ્થામાં દિન-પ્રતિદિન ખોટનું પ્રમાણ વધતુ જાય છે. જેમાં મંડળીના પોતાના ફંડો નું ધોવાણ થઈ ગયું છે. અને ખોટના કારણે ધી પંચમહાલ જીલ્લા સહકારી બેંક લી. અને અન્ય સંસ્થાઓનું મોટી રકમનું કર્જ જોખમાય છે. જે અંગે પરામર્શ કરતાં ધી પંચમહાલ જીલ્લા સહકારી બેંક લી. ગોધરા એ આમુખ-૩ માં જણાવેલ પત્રથી વહીવટદાર નીમવા અંગે યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ છે. ધી બારીયા ખેતી ઉત્પાદન રૂપાંતર કરનાર સહકારી સંઘ લી. પીપલોદ, તાલુકા બારીયા, જીલ્લો પંચમહાલની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી આ સંઘમાં વહીવટદાર નિમવાની આવશ્યકતા બાબતે આ સંઘના ચેરમેન જે પંચમહાલ જીલ્લા સહકારી બેંકના ચેરમેન છે અને પંચમહાલ જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. પણ ચેરમેન છે તેઓશ્રી સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી આ સંઘમાં વહીવટદાર નિમવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

આથી હું નીચે સહી કરનાર શ્રી એસ. સી. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ મને મળેલી સત્તાની રૂએ ધી બારીયા ખેતી ઉત્પાદન રૂપાંતર કરનાર સહકારી સંઘ લી. પીપલોદ, તાલુકા દેવગઢબારીયા, જીલ્લો પંચમહાલની વ્યવસ્થાપક સમીટીને દૂર કરી નીચે જણાવેલ વ્યકિતઓની વહીવટદારો તરીકે નિમણુંક નીચેની શરતોએ ને આધીન કરૂ છું.

(૧) શ્રી ગોપાલદાસ નરોત્તમદાસ દલાલ — ચેરમેન
ચેરમેનશ્રી, ધી પંચમહાલ જીલ્લા સહકારી ખ. વેચાણ સંઘ લી. ગોધરા.

(૨) શ્રી ગોરધનભાઈ ચતુરભાઈ પટેલ. — કન્વીનર
આસી. મેનેજર, ધી પંચમહાલ જીલ્લા ખ. વેચાણ સંઘ લી. ગોધરા.

(૩) શ્રી જનરલ મેનેજરશ્રી ધી, પંચમહાલ જીલ્લા સહકારી બેંક લી. ગોધરા. — સભ્ય

(૪) શ્રી સહકારી અધિકારી, ગ્રેડ-૧ લગત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી ગોધરા. — સભ્ય

શરતો.

(૧) વહીવટદારોની મુદત હુકમની તારીખથી બે વર્ષ સુધીની રહેશે.

(૨) વહીવટદારોએ સંઘનો તમામ ચાર્જ તુરતજ સંઘની વ્યવસ્થાપક કમીટી પાસેથી મેળવી તેને જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

(૩) આ કચેરી તરફથી વખતો વખત આપવામાં આવતી સુચનાઓને આધિન સંઘનો વહીવટ કરવાનો રહેશે.

(૪) વહીવટ સંભાળ્યા તારીખથી કરેલ કામગીરીનો માસિક પ્રગતી અહેવાલ દર મહીને નિયમિત રીતે આ કચેરીને મોકલવાનો રહેશે.

(૫) વહીવટદારોએ મહેનતાણા પેટે કોઈ સંઘમાં પાડવાનો ખર્ચ રહેશે નહી.

ગોધરા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) આ કચેરીનો હુકમ નંબર સવન/૧૯/ચ/૭૭/૯૨, તારીખ ૧૫ મી જાન્યુઆરી, ૧૯૯૩.

(૨) ધી પંચમહાલ જિલ્લા સહકારી બેન્ક લી., ગોધરાનો, પત્ર નંબર/ઈન્સ્પે/૩૮/૨૧૪, તારીખ, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

(૩) સહકારી કાયદાની કલમ ૧૦૭ હેઠળની જોગવાઈ.

પ્રસ્તાવના

જાવક નંબર સવન / ૧૯/ચ / ૩૩૯/૯૩.— ધી ટીંબા સેવા સહકારી મંડળી લી., ટીંબા તાલુકા ગોધરા જિલ્લો પંચમહાલની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે ધી-- પંચમહાલ જિલ્લા સહકારી બેંન્ક લી., ગોધરાની નિમણૂંક આ કચેરી આમુખ-૧ માં જણાવેલ હુકમથી કરવામાં આવેલી છે. વહીટવદાર શ્રીએ મંડળીનો ચાર્જ તારીખ ૮મી મે, ૧૯૯૨ ના રોજ સંભાળેલ છે. વહીવટદારશ્રી એ મંડળીનો વહીવટ સુધારવા પ્રયત્નો કરેલા છે. પરંતુ મંડળીમાં રૂા. ૧૨.૪૮ લાખની ખોટ છે બેંકનું દેવું રૂા. ૧૧.૬૩ લાખ છે. જેની સામે સભાસદો પાસે રૂા. ૨.૪૨ લાખનું માંગણું છે. જે તમામ રકમ મુદત વિતિ બાકી છે. જેની વસુલાત અંગે કાયદાની કલમ-૧૦૬ હેઠળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. મંડળીમાં નવા સભાસદો લેવા માટે ઉત્સાહી જણાંતો નથી. મંડળીના વહીવટી ખર્ચાઓ તથા બેંન્કની લોન ઉપરનું વ્યાજ ઉધારવામાં આવતાં ખોટની રકમમાં આશરે રૂા. ૧.૫૫ લાખનો વધારો થાય તેમ છે. મંડળીની ધિરાણ પ્રવૃત્તિ છેલ્લા કેટલાંક સમયથી સ્થગિત છે. ઉપરાંત મંડળી પાસે ખોટના કારણો ફાજલ ભંડોળ પણ ન હોવાથી અન્ય કોઈ પ્રવૃત્તિ હાથ ધરી શકાય તેમ નથી. આ તમામ પાસાઓ જોતાં મંડળીમાં વ્યાજ તથા વહીવટી ખર્ચ જેટલી રકમની પણ આવક થઈ શકે તેમ નથી. આ સંજોગોમાં મંડળીને ફડચામાં લઈ જવા માટે ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંન્ક લી., ગોધરાના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ ની તારીખ ૩ જી ફેબ્રુઆરી, ૧૯૯૩ ના રોજ મળેલ મીટીંગના ઠરાવ નંબર ૮ (૧૬) થી મંડળીને ફડચામાં લઈ જવા આ કચેરીને ભલામણ કરતો ઠરાવ કરી ફડચા અધિકારી તરીકે ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંન્ક લી., ગોધરાની નિમણૂંક કરવા વિનંતી કરેલ છે. આ મંડળીના વહીવટદાર તરીકે શ્રી પંચમહાલ જિલ્લા સહકારી બેંન્ક લી., ગોધરા છે. અને વહીવટદાર બેંન્કે મંડળીને ફડચામાં લઈ જવા જણાવેલ હોવાથી આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરું છું.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ધી ટીંબા સેવા સહકારી મંડળી લી., ટીંબા તાલુકો ગોધરા, જિલ્લો પંચમહાલને નોંધણી નંબર ૮૯૨ તારીખ ૨૭ મી જૂન, ૧૯૪૪ થી નોંધાવવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સરકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૭૧) (૨) કારણસર ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને કલમ-૧૦૮ (૧) હેઠળ ફડચા અધિકારી તરીકે શ્રી પંચમહાલ જિલ્લા સહકારી બેંન્ક લી., ગોધરાની નિમણૂંક કરવામાં આવે છે. ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા. તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વાંચ્યા- ૧ શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૯મી ફેબ્રૂઆરી ૧૯૯૩
ના પત્ર નં. ફડચ/૦૩/જ/૩૬ ની દરખાસ્ત.
૨ શ્રી સબ ઓડીટર, સ. મં. ગોધરા નો ઓડીટ અંગેનો
દાખલો ઓડીટમેમો

હુકમ

ક્રમાંક ફડચ/૧૫૨/ય/૩૪૩/૯૩.—ધી વિક્રમ પોલ્ટ્રીફાર્મસ સહકારી મંડળી લી. ફડચામાં મું. રળિયાતા તા. ગોધરા જિ. પંચમહાલની નોંધણી તા. ૩૦મી સપ્ટેમ્બર ૧૯૮૦ના રોજથી નોંધણી નં. ઉ/ ૮૦૮૯ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચ/૦૧/ક-૨/૧૭૦/તા. ૨૪મી જુલાઈ ૧૯૮૭થી કરવામાં આવેલો હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળી ની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૩.

વાંચ્યા- ૧ શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૮મી ફેબ્રુઆરી ૧૯૯૩
ના પત્ર નં. ફડચ/૦૭/જ/૩૫/ની દરખાસ્ત
૨ શ્રી સબ ઓડીટર, સ. મં. ગોધરા નો ઓડીટ અંગેનો
દાખલો ઓડીટમેમો

હુકમ

ક્રમાંક ફડચ/૧૫૬/ય/૩૪૪/૯૩.—ધી વડબારા મરઘાં ઉછેર અને ઈંડા વેચાણ કરનારી સહકારી મંડળી લી. ફડચામાં મું. વડબારા, તા. દાહોદ જિ. પંચમહાલની નોંધણી તા. ૧૩મી જુલાઈ ૧૯૭૮ ના રોજથી નોંધણી નં. ઉ/૭૬૫૯ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચા/૦[illegible] [illegible] ૧૯૮૯થી કરવામાં આવેલો હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકૂર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩

વાંચ્યો :
(૧) સબ-ઓડીટર સ. મં. દૂધ દે. બારીઆનો તા. ૧લી ઓકટોબર ૧૯૯૨નો પત્ર
(૨) અત્રેથી પાઠવેલ તા. ૨૩મી નવેમ્બર ૧૯૯૨ની કારણ-દર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૩૩૪/ચ/૪૧૦/૯૩.—શ્રી ખંતેલા દૂધ ઉત્પાદક સહકારી મં. લી. ખંતેલા, તા. દે. બારીઆ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ય/૧૬૮/ તા. ૨૭મી જાન્યુઆરી ૧૯૯૩ થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭

INDEX

(ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચાઅધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૯મી માર્ચ. ૧૯૯૩.

વાંચ્યો : (૧) સબ-ઓડીટર સ. મં. લી. દે. બારિઆનો તા. ૧લી ઓક્ટોબર ૧૯૯૨નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તા. ૨૩મી નવેમ્બર ૧૯૯૨ નો કારણદર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસ /૦/ફડચ/૩૩૩/૪૧૧/૯૩.—ધી રામા દૂધ ઉત્પાદક સ. મં. લી. રામા, તા. દે. બારિઆ, અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૬૫/૯૩ તા. ૨૭મી જાન્યુઆરી ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૯મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—
(૧) સહ. અધિ. ગ્રે-૨, સદર કચેરીનો તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૨ નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૨ ની કારણ-દર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦૧/ફડચ/ચ/૪૧૨/૯૩.—ધી જંત્રાલ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. જંત્રાલ, તાલુકો કાલોલ, અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૬૬/૯૩, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સરકારી અધિકારી, ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૯મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—
(૧) સબ ઓડીટર સ. મં., ગોધરાનો તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૧ નો ઓડીટ મેમો.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/ચ/૪૧૨—૯૩.—શ્રી બોરીયાવી પિયત સહકારી મંડળી લી., બોરીયાવી, તાલુકો શહેરા, અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૧૬—૯૩ તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૯મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—
(૧) મદદ. સહકારી અધિકારી (પ્લાન) સદર કચેરીનો તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૨.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/છ/૪૧૩/૯૩.—ધી હીટકો. કું. ના કર્મચારી ધિરાણ સહકારી મંડળી લી. કાલોલ, અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૬૪/૯૩, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી, ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૯મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—
(૧) સબ-ઓડીટર સ. મં. ધી સંતમારપુરનો તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૨ નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૩૨૧/ચ/૪૧૪/૯૩.—ધી જાનવડ વિ. દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. જાનવડ, તાલુકો : સંતરામપુર અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૬૩/૯૩, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અ

નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૯મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧લી માર્ચ, ૧૯૯૩ ના પત્ર નં. : ફડચ/૦૨/જ/૫૯/૯૩ ની દરખાસ્ત.
(૨) શ્રી સબ ઓડીટર સ. મં., ગોધરાનો ઓડીટ અંગેનો દાખલો. ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/૨૯/ચ/૪૪૬/૮/૯૩.—ધી લીમડી મરઘાં ઉછેર અને ઈંડા વેચાણ કરનારી સહકારી મંડળી લી. ફડચામાં મુકામ લીમડી, તાલુકો ઝાલોદ, જિલ્લોં પંચમહાલની નોંધણી તારીખ ૧૩મી માર્ચ, ૧૯૭૮ ના રોજથી નોંધણી નં. : ઉ-૭૬૭૧ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક : ફડચા/૦૧/ક/૧૯/૧૬/૮૬, તારીખ ૨૫મી સપ્ટેમ્બર. ૧૯૮૬ થી કરવામાં આવેલ હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧લી માર્ચ, ૧૯૯૩ના પત્ર નં. : ફડચ/૦૨૫/જ/૬૦/૯૩ ની દરખાસ્ત.
(૨) શ્રી સબ ઓડીટર સ. મં., ગોધરાનો ઓડીટ અંગેનો દાખલો. ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચા/૭૨/ચ/૪૪૭/૮/૯૩.—ધી વિરોલ પોલ્ટ્રી ફાર્મસ સહકારી મંડળી લી. મુકામ વિરોલ, તાલુકો દેવગઢ-બારિયા, જિલ્લો પંચમહાલની નોંધણી નં. તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૭૯ ના રોજથી નોંધણી નં. ઉ/૭૬૮૯ થી સહકારી કાયદાની હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક : ફડચ/૦૧/છ/૫૬૯/૯૧, તારીખ ૨૭મી મે, ૧૯૯૧ થી કરવામાં આવેલો હતો. જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તારીખ ૧૪મી માર્ચ, ૧૯૯૧ નો હુકમ નં. : સવન/૦૬/ચ/૪૧૪/૧૯૯૧.
(૨) ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી., ગોધરાનો પત્ર નં. એસયુપી/૩૮/૧૦૪૩/ તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૩.
(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૪૧ ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. : સવન/૦૬/ચ/૪૬૪/૯૩.—ધી લુણાવાડા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. લુણાવાડા, જિલ્લો પંચમહાલની કમીટીને દુર કરી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાની નિમણુંક આ કચેરીના આમુખ-૧ માં જણાવેલ હુકમથી હુકમની તારીખથી બે વર્ષની મુદત માટે કરવામાં આવેલ છે. જે મુદત તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૩ ના રોજ પુરી થયેલ છે. વહીવટદાર બેંકે તેના આમુખ-૨ માં જણાવેલ પત્રથી બેંકે સદરહું સંસ્થાનો વહીવટ સંભાળ્યા બાદ સારી કામગીરી કરી છે. ઉચાપતો અને ગેરરીતિઓ બાબતે પોલીસ કેસો કરવામાં આવ્યા છે છતાં હજુ કેટલીક કામગીરી કરવાની બાકી હોઈ બેંકની તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૩ ના રોજ ભરાયેલ બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગમાં ઠરાવ નં. ૭(૮) થી વહીવટદારની મુદતમાં વધારો આપવા માંગણી કરેલ છે જેના અનુસંધાને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું નીચે સહી કરનાર શ્રી એસ. સી. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધી લુણાવાડા તાલુકો સહકારી ખરીદ વેચાણ સંઘ લી. તાલુકો લુણાવાડા, જિલ્લો : પંચમહાલના વહીવટદારની મુદતમાં વધુ બે વર્ષની એટલે કે તારીખ ૧૪મી માર્ચ, ૧૯૯૧ ની તારીખથી ચાર વર્ષ સુધીની મુદત માટેનો વધારો આપવા આથી નીચે જણાવેલ શરતોને આધિન હુકમ કરુ છું.

શરતો :—

(૧) વહીવટદારે આ કચેરીની સામાન્ય કે વિશિષ્ટ સુચનાઓનો અમલ કરવાનો રહેશે.
(૨) વહીવટદારે કરેલ કામગીરીનો માસિક તેમજ ત્રિમાસિક પ્રગતિ અહેવાલ નિયમિત દર મહિને મોકલવાનો રહેશે.
(૩) વહીવટદારે મહેનતાણાં પેટે કોઈ ખર્ચ સંઘમાં કરવાનો રહેશે નહીં.

ગોધરા, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) સબ ઓડીટર સ. મં. દૂધ લીમખેડાનો તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૨ નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૮મી ડીસેમ્બર, ની કારણદર્શક નોટીસ.

INDEX

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/છ/ચ/૪૯૨/૯૩.—ધી ફુલપરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકો ઝાલોદ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૨૩૩/૯૩, તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) સબ-ઓડીટર સ. મં. દૂધ લીમખેડાનો તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૨ નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં.: ઉખસા/૦/ફડચ/૦૧/છ/૩૨૭/ચ/૪૯૩ / ૯૩.—ધી ઠેરકા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ઠેરકા, તાલુકો ઝાલોદ અત્રેની કચેરીના જા. નં.: ફડચ/૦૧/ચ/૨૩૪/૯૩, તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનોઅંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) સબ-ઓડીટર સ. મં. સંતરામપુરનો તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૨ નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/છ/૩૩૬/ચ/૪૯૪/૯૩.—ધી ભાદર જળાશય મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી., ભુવાબાર, તાલુકો લુણાવાડા, અત્રેની કચેરીના જા. નં.: ફડચ/૦૧/ચ/૨૩૮, તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) સબ-ઓડીટર સ. મં. દુંધ લીમખેડાનો તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૨નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસ.

ફડચાનો અંતિમ આદેશ

જા. નં.: ઉખસા/૦/ફડચ/૦૧/છ/૩૩૫/ચ/૪૯૫/૯૩.—ધી ચાકલીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ચાકલીયા, તાલુકો ઝાલોદ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૨૩૫/૯૩, તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે, જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષમાં મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) સબ-ઓડીટર સ.મં. ગોધરાનો તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૨નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસ/૦/ફડચ/૦૧/ચ/૫૧૫/૯૩.—ધી દાંતીયા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. દાંતીયા, તાલુકો ઝાલોદ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૨૩૬/૯૩, તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તીરીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) સહકારી અધિકારી (ગ્રાહક) સદર કચેરીનો તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૨ નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/છ/ચ/૫૧૬/૯૩.—ધી સુવિધા ગ્રાહક સહકારી મંડળી લી. હાલોલ, તાલુકો: હાલોલ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૨૩૭/૯૩, તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં

INDEX

આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા), ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) મદદ. સહ. અધિકારી (ઓડીટ) સદર કચેરીનો તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨ નો પત્ર.

(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસ.

(૩) સંસ્થાના હોદ્દેદારોએ આપેલ તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૩ નું નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/ચ/છ/૫૧૭/૯૩.—ધી લુણાવાડા તાલુકા સહકારી સંસ્થામાં કામ કરતા પગાર કમાનારઓની સેવા સહકારી મંડળી લી. લુણાવાડા, તાલુકો : લુણાવાડા, અત્રેની કચેરીના જા. નં. : ફડચ/૦૧/ચ/૧૬૭/૯૩, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા), ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) સબ ઓડીટર સ. મં. ગ્રેડ દાહોદનો ઓડીટ મેમો.

(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/૧૭/ચ/૫૧૮/૯૩.—ધી સંજેલી મત્સ્ય ખેડુતોની સહકારી મંડળી લી. સંજેલી, તાલુકો : ઝાલોદ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૧૭/૯૩, તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૩.

એસ. સી. રાઠોડ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગોધરા.

વાંચ્યો :

(૧) ઓડીટર સહકારી મંડળી ગ્રાહક ગોધરાની તારીખ ૧લી જુલાઈ ૧૯૯૦ થી ૩૦મી જૂન ૧૯૯૨ સુધીનો ઓડીટ મેમો.

(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૨૦મી ઓક્ટોબર ૧૯૯૨ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૩નો વચગાળાની હુકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ.

જા. નં. ઉખસ/૦/ફડચ/૦૧/છચ/૮૧૫/૧૯૯૩.—શ્રી રાછરડા ગ્રાહક સહકારી ભંડાર લી. રાછરડા તાલુકો દાહોદ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૬૧૭/૯૩, તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૩ થી સદરહું મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ૧૦૭(ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૧લી જૂન, ૧૯૯૩.

વાંચ્યો :

(૧) ઓડીટર સહકારી મંડળી ગોધરાની તારીખ ૧લી જુલાઈ ૧૯૯૦ થી ૩૦મી જૂન ૧૯૯૧ ની ઓડીટ મેમો અત્રેની કચેરીની તારીખ ૫મી જૂન ૧૯૯૨ની કારણદર્શક નોટીસ.

(૨) ચેરમેનશ્રી, નવજીવન ગ્રાહક સહકારી ભંડારનો તારીખ ૨૦મી ઓક્ટોબર, ૧૯૯૨નો પત્ર.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૩ નો પત્ર.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસ/૦૫/ફડચ/૦૧/છચ/૮૧૯/૧૯૯૩.—શ્રી નવજીવન ગ્રાહક સહકારી ભંડાર લી. રળિયાત્રા તાલુકો ગોધરા અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૭૯૮/૯૨ તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૧ થી સદરહું મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૪થી જૂન, ૧૯૯૩.

વાંચ્યો :

(૧) સબ-ઓડીટર સહકારી મંડળી હાલોલનો તારીખ ૧લી જુલાઈ ૧૯૯૧ થી ૩૦મી જૂન ૧૯૯૨ની ઓડીટ અહેવાલ.

(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૨૦મી ઓક્ટોબર ૧૯૯૨ની કારણદર્શક નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. નં. /ઉખસ/૦/ફડચ/૦૧/ચ/૮૪૩/૧૯૯૩.—ધી મોટી બાંડીબાર પિયત સહકારી મંડળી લી. મુ. મોટી બાંડીબાર અત્રેની કચેરીના જા નં. ફડચ/૦૧/ચ/૬૫૫, તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૩થી

INDEX

સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૭મી જૂન, ૧૯૯૩.

વાંચ્યો :

ઓડીટર, સહકારી મંડળી ગ્રાહકનો તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૨ નો પત્ર

(૧) અત્રેથી પાઠવેલ તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૩ નો વચગાળાનો હુકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/ચ/૮૪૪/૧૯૯૩:—ધી જનતા ગ્રાહક સહકારી ભંડાર લી. દાહોદ અત્રેની કચેરીના જાવક નંબર ફડચ/૦૧/ચ/૬૩૫ તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચા ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની કહેશે.

ગોધરા, તારીખ ૭મી જૂન, ૧૯૯૩.

વાંચ્યો :

(૧) મ૦દ. સહકારી અધિ. (ઓડીટ) સદર કચેરીનો તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૩ નો પત્ર

(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીની તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૯૩ નો વચગાળાનો હકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/ચ/૮૮૫/૧૯૯૩.—શ્રી મહાકાળી મજુર કામદાર સહકારી મંડળી લી હાલોલ તાલુકો હાલોલ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૬૩૬/૯૩, તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળી-ઓના કાયદાની કલમ ૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૧૧મી જુન, ૧૯૯૩.

વાંચ્યા :

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૭મી જુન ૧૯૯૩ ના પત્ર નંબરફડચ/૦૭૪/૪/૧૯૦/૯૩ ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર, સહકારી મંડળી ગ્રે. ડે. દાહોદ ને ઓડીટ અંગેનો દાખલો ઓડીટમેમો.

હુકમ

ક્રમાંક ફડચા/૦૧/ચ/૮૯૮/૯૩.—ધી મુંડારેડા મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી; ફડચામાં મુ. મુંડારેડા તાલુકો ઝાલોદ જીલ્લો પંચમહાલની નોંધણી તારીખ ૩૦મી મે ૧૯૭૭ ના રોજથી નોંધણી નંબર ઉ-૭૪૭૮૪ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચા/૦૧/ચ/૭૭૮, તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૨ થી કરવામાં આવેલ હતો. જે અનુસાર હું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઇ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૫મી જુન ૧૯૯૩.

વાંચ્યા :

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૭મી જુન ૧૯૯૩ના પત્ર નંબર ફડચ/૦૬૧૦/જ/૧૮૯/૯૩ની દરખાસ્ત.

(૨) શ્રી સબ-ઓડીટર, સહકારી મંડળી ગ્રે. ડે. દાહોદનો ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચા/૦૧/ચ/૯૦૧/૧૯૯૩.—ધી દાહોદ તાલુકા વૃક્ષ ઉત્પાદન સહકારી મંડળી લી. ફડચામાં મુ. ગરબાડા તાલુકો દાહોદ જિલ્લો પંચમહાલની નોંધણી તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૧ ના રોજથી નોંધણી નંબર ઉ/૮૫૪૧ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચા/૦૧/ચ/૩૪૭/૯/ક, તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૩થી કરવામાં આવેલો હતો તે અનુસાર સદરહુ મંડળીના અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઇ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૫મી જુન ૧૯૯૩,

સે. ક્રમાંક ઉખસ/નધણ/ક-૪/સે-૨૬૪૬૩/૧૦૭૮/૯૩:— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી પટવાણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. વટવાણ મર્યાદિત સ્થળ પટવાણ તાલુકો લીમખેડા જીલ્લો પંચમહાલ.

INDEX

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૧મી જૂન ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના જા. નં. સવન/૦૨૫/ચ/૫૨૦/૯૩/તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૩ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૨) શ્રીકૃષ્ણ કો. ઓ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લી., ટીંબારોડ, તાલુકો ગોધરાના બોર્ડ ઓફ ડીરેકટર્સની તારીખ ૭મી એપ્રિલ ૧૯૯૩ ના રોજ મળેલ મીટીંગના ઠરાવ નં ૩ (૧)

(૩) શ્રી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાના પત્ર નંબર એસયુપી /વહટ /૩૯ / ૨૨૫/તારીખ ૪થી જૂન ૧૯૯૩ થી આપવામાં આવેલ સંમતિ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઇ.

પ્રસ્તાવના

પેટા નિયમો અનુસાર અને સહકારી કાયદાની કલમ-૭૮ અનુસાર સભાસદોના ૧/૫ જેટલા સભ્યોની માંગણી હેઠળ મંડળીની સામાન્ય સભા બોલાવવાની મંડળીના હોદ્દેદારોની ફરજ છે. મંડળીના કુલ ૪૧ સભ્યો સામે ૧૯ સભ્યોએ સને ૧૯૮૭ થી વાર્ષિક સાધારણ સભા મળેલ ન હોવાની રજુઆત કરેલ છે. તે હકીકત સાચી માનવાને કારણ રહે છે. પ્રમુખના હોદ્દાની રૂએ શ્રી રાવલે સમગ્ર જવાબ રજુ કરેલ છે. અને આ મુદ્દાના જવાબમાં સને ૧૯૮૭ પછી બોલાવેલ વાર્ષિક સાધારણ સભાઓ સંબંધે સંબંધિત રેકર્ડ સુનાવણી સમયે રજુ કરેલ નથી તેમજ જવાબ સાથે સામાન્ય સભાની

કાર્યવાહીની નોંધ વાર્ષિક સામાન્ય સભાના એજન્ડા દરેક સભાસદોને મોકલવાના પુરાવા તેમજ હિસાબોની વિગતોનો વાર્ષિક અહેવાલ દરેક સભાસદને મોકલવાના પુરાવા રજૂ કર્યા નથી. આ કચેરીના તારીખ ૬ઠ્ઠી ઓકટોબર. ૧૯૯૨ ના પત્ર હેઠળ આપવામાં આવેલ કલમ-૮૧ હેઠળની કારણદર્શક નોટીસના કામે મંડળી તરફે વકીલ રોકવા અંગેની કોઈ પરવાનગી લીધેલ નથી કે કોઈ પરવાનગી માંગવામાં આવેલ નથી અને સદર કામે રાખેલ સુનાવણીની મુદતે હાજર નહી રહેવા સબંધી કોઈ માંગણી કે રજુઆત કચેરીને રજૂ કરેલ નથી.

સદર મુદ્દા હેઠળ એકહથ્થુ શાસન ચલાવતા હોવાની બાબતે જણાવેલ મુદ્દાની હકીકત સાચી અને ખરી હોવાનું સ્વીકારેલ નથી. પરતુ કલમ-૮૧ ની કાર્યવાહી હેઠળ જયારે મંડળીની સમગ્ર સમિતિ બરતરફ કરવાના નિર્ણયના કામે મંડળી તરફથી જવાબ અને રેકર્ડ રજ કરવાના કામે વ્યવસ્થાપક સમિતિને જાણ કરેલ હોવાનું યા સંયુકત જવાબ રજૂ કરવાનું શ્રી રાવલે ઉચિત માનેલ હોય તેમ જવાબ ઉપરથી ફલીત થતું નથી.

(૨) મંડળીના તેમજ મંડળીના સભાસદોના લાઈટબીલો અને મીટરોની બાબતોની રજુઆત અનુસંધાને સંબંધીત સભાસદોને અલગ મીટર લાગેલ હોવાનું અને બીલોની ફાળવણી ગુજરાત વિધુત બોર્ડ તરફથી થતી હોવાનું જણાવેલ છે. પરંતુ તેવા કોઈ પુરાવા રજૂ કરેલ નથી. આ બાબતે સભાસદોએ મંડળીના પ્રમુખશ્રી રાવલને રજુઆત કરેલ છે અને શ્રી રાવલ તરફથી યોગ્ય કાર્યવાહી ન થતાં માનનીય કલેકટરશ્રી, વડોદરાને તેમજ પોલીસ કમિશનરશ્રી, વડોદરાને રજૂ કર્યાની નકલો અત્રેને રજૂ કરેલ છે.

મંડળીના જે સભાસદોને મકાનોના કબજો સુપ્રત કરેલા છે તેવા સભાસદોને લાઈટ અને મીટરની સગવડો પુરી પાડેલ હોવાનું જણાવેલ છે. આવી સગવડો કેટલા સભાસદોને કયારે આપવામાં આવી તેની કોઈ વિગતો રજ કરેલ નથી. આ ઉપરાંત સોસાયટીએ બાંધકામ માટે મેળવેલ લાઈટ કનેકશનમાંથી સોસાયટીમાં રહેતા સભાસદોને ગેરકાયદેસર કનેકશન આપેલા અને મનસ્વી રીતે લાઈટબીલ વસુલ કરવામાં આવતા તેવી રજુઆતોને સમર્થન મળે છે અને મંડળીના સભાસદોને લાઈટ-મીટરોની વ્યવસ્થા સમયસઝ કરી નથી તેમ સ્પષ્ટ ફલીત થાય છે.

(૩) મંડળીના સભાસદોને શેર સર્ટીફીકેટ દરેક સભાસદને ફાળવી આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આવા સર્ટીફીકેટો સંબંધીત સભાસદોને આપેલ હોવાના કોઈ પુરાવા રજૂ કર્યા નથી.

(૪) મંડળીના સભાસદોને વ્યકિતગત હિસાબો આપવામાં આવતા નથી અને તેઓના ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ સોસાયટી લી. ના લોનના હિસાબો આપવામાં આવતા નથી તે હકીકતનો ઈન્કાર કરી સહકારી કાયદાની કલમ-૩૩ ની જોગવાઈ જણાવી નકલ ફી ભરે તો વ્યકિતગત ખાતાની ખરી નકલ આપવાની અને મંડળીના કોઈ સભાસદે કલમ-૩૩ ની જોગવાઈ મુજબ અરજી કરેલ નથી તેમ જણાવેલ છે.

મંડળીના સભાસદોના વ્યકિતગત હીસાબો માટે અને મંડળી મારફત ગુજરાત હાઉસીંગ ફાઈનાન્સ સોસાયટી લીમીટેડની લોન સભાસદોને તેઆના હિસાબોથી માહિતગાર રાખવા અને જેતે સભ્યની સભ્યની બાકી અને વસૂલાતની બાબતોથી દરેક સભાસદ માહિતગાર રહે તેવી વ્યવસ્થા ગોઠવવાની કાર્યવાહકોની ફરજ છે સભાસદો પાસે બાકી પડતી રકમની ઉઘરાણી સમયે સભાસદને પોતાના ખાતાની માહિતગાર મંડળીની ફરજ છે.

સદર મુદ્દામાં તમામ વિગતો જોતા સભાસદનો હકકો સામે સહકારી કાયદાની કલમ-૩૩ ની જે ઉપયોગ દર્શાવેલ છે તે ઉચિત નથી કારણ કે સભ્ય પોતે પોતાના હીસાબોથી સુમાહિતગાર રહી શકે તેવી વ્યવસ્થા ગોઠવેલ હોવાના કોઈ પુરાવ રજુ કરેલ નથી.

(૫) મંડળીના સભાસદ શ્રી ચંદ્રદત્ત રતિલાલ જાનીએ સભ્યો વતી તારીખ ૯મી માર્ચ ૧૯૯૨ અરજી સાથે મંડળીએ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૮૯ના રોજ કરેલ કરારની નકલ પુરાવા રૂપે રજુ થયેલ છે તેના અનુસંધાને શ્રી જાની અને તેમના કટુંબના પાંચ સભાસદો જે મંડળીમાં ગેરકાયદેસર તેમ મંડળીના મંજુર થયેલ પેટા કાયદાની જોગવાઈ મુજબ દાખલ થયેલ છે. અને જેઓ વડોદરા શહેર માં રહેઠાણના મકાનો ધારણ કરતાં હોવા છતાં અને મંડળીના પેટા કાયદાની જોગવાઈ મુજબ સભાસદ થવાની જરૂર લાયકાત ધરાવતા ન હોવા છતાં ગેરકાયદેસર સભાસદો તરીકે દાખલ થયેલા તે કેવળ તેઆને ગેરકાયદેસર આર્થિક ફાયદો મેળવવાના બદઈરાદે અને મંડળીના મંજુર થયેલા પેટા નિયમોના ઉદ્દેશો વિરૂધ્ધ તેઓને ખરેખર મકાનોની જરૂરીયાત ન હોવા છતાં છતાં મંડળીમાં સભાસદ તરીકે દાખલ થયેલા તેમજ તેમના કુટુંબના અન્ય પાંચ સભાસદોએ મંડળીની માંગણી મુજબ જરૂરી લેણી રકમો ભરેલી નથી જેથી તેઆને સભ્યપદેથી દૂર કરવા આ સભામાં ઠરાવ કરવામાં આવેલ. જે સામે તેઓએ બોર્ડ ઓફ નોમીની અને ટ્રીબ્યુનલ સમક્ષ કેસ આપેલ હોવાથી અને ટ્રીબ્યુનલમાંથી કેસ રીમાન્ડ થતાં બોર્ડ ઓફ નોમીનીમા સુનાવણી કરેલ હોવાનું જણાવેલ છે.

સદર બાબતમાં પ્રાથમિક તબકકે એકજ કુટુંબના પાંચ સભ્યોને દાખલ કરવાનો કાર્યવાહકોએ લીધેલ નિર્ણય મંડળીના પેટા નિયમોને અનુરૂપ નથી દાખલ કરેલ સભાસદો વડોદરામાં રહેઠાણના મકાનો ધારણ કરતા હોય તેવું મંડળીના કાર્યવાહકોના ધ્યાનપર આવેલ હોય તો સહકારી કાયદાની કલમ-૨૩ અને ૧૪૭ હેઠળ સંબંધીત સભ્યોના સભ્યપદ રદ કરવા તેમજ ખોટી જાહેરાત કરવાના ગુના સબબ કલમ-૧૭૪) (૧)ક અનુસાર શિક્ષાત્મક પગલા લેવા જિલ્લા રજિસ્ટ્રારશ્રીને જાણ કરવી જોઈએ. આ બાબત જિલ્લા રજિસ્ટ્રાર-શ્રીના ધ્યાન પર લાવવા માટે મંડળીના કાર્યવાહકોનો આશય શુદ્ધ-બુદ્ધિનો હોવાનું ફલીત થતું નથી. તેમજ આ બાબતે મંડળી સામે બોર્ડ ઓફ નોમીની અને ટ્રીબ્યુનલ સુધી થયેલ કેસોસી જિલ્લા રજિ-સ્ટ્રારશ્રી જેને માહિતગાર રાખવા જોઈએ તેમ કરેલ નથી. આ મુદ્દામા પ્લોટ ફાળવણી અને હાઉસીંગ ફાયનાન્સ સોસાયટીની લોન બાબતે ઉપસ્થિત થનાર જવાબદારીઓ પણ સમિતિના શીરે રહે છે.

૧ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૮૯ ના રોજની બાંધકામ કરાર મંડળીના પ્રમુખશ્રી નર્મદાશંકર રાવલ અને શ્રીનાથજી કોર્પો ના ઓર્ગેનાઈઝર અને બીલ્ડર શ્રી હરેશ નર્મદાશંકર રાવલ વચ્ચે થયેલ છે કારણદર્શક નોટીસમા નરેશ નર્મદાશંકર રાવલ દર્શાવેલ છે જવાબમાં પ્રમુખશ્રી રાવલે નરેશ નહી પરંતુ હરેશ કે જેઓ પોતાના પુત્ર હોવાનું જણાવે છે. સદર નામની ટાઈપ ભુલ છે અને શ્રી રાવલ સુધારીને જણાવેલ નામ બરોબર છે.

INDEX

પ્રમુખ રાવલે પિતા અને પુત્ર વચ્ચે થયેલ કરાર પ્રમુખ તરીકે હોદ્દાનો કોઈ દૂર ઉપયોગ કર્યો હોવાનો ઈન્કાર કરે છે જે બાબત પ્રથમ દર્શનીય માની શકાય નહી આ કારાર મંડળીની સમિતિની બીન કાર્યક્ષમતા અને પ્રમુખશ્રી રાવલનું એક હથ્થુ સત્તાનું પરિણામ છે. આ કરાર કરવા માટે મંડળીએ શ્રી રાવલને અધિકારી આપેલ હોવાના કોઈ પુરાવા રજુ કરેલા નથી.

મંડળીના બાંધકામ માટે કરારો કરવા સ્થાનિક દૈનિક પેપરોમાં જાહેરાત આપી ટેન્ડરો મંગાવી ઓછા ભાવના ટેન્ડરો મંજુર કરવા અને તે પક્ષને કામ સોપવા પેટા નિયમોમાં જોગવાઈ સામે છે જે આ મુદ્દામાં જવાબ ગ્રાહય રાખી શકાય નહી.

બાંધકામના અગાઉના કોન્ટ્રાકટરશ્રી ગુપ્તાએ મંડળી સામે કરેલ કેસો સંબંધે કોન્ટ્રાકટરને આપવાનો રકમ રૂા. ૬૫,૦૦૦ ના સમાધાન ની વ્યવસ્થાથી મંડળીને કોઈ નુકશાન થયેલ છે કે કેમ? અને તેના પરિણામે સભાસદોને વ્યકિતગત કોઈક આર્થિક રીતે સહન કરવું પડેલુ કે કેમ? તેની વિગતો દર્શાવેલ નથી આ રકમ સભ્યોના આ આર્થિક સહકારના અભાવ છતાં ચુકવવામાં આવેલ છે તે રકમ કેવી રીતે મેળવી અને આવી મોટી રકમનો બોજો મંડળીની ક્ષમતાની હદમાં ઉભી કરવામાં આવેલ કે કેમ? આ બાબતે પ્રમુખશ્રીએ પોતે પોતાની અંગત વગ અને સત્તાનો ઉપયોગ કરીને ચુકવેલ છે તે બાબતનો મંડળીની મેળવેલ મંજુરી અને ઉભા થતા બોજા માટે જિલ્લા રજિસ્ટ્રારનું ધ્યાન દોરવું જોઈએ તેમ કરેલ નથી. આ બાબત કાર્યવાહકોની કામ કરવાની પદ્ધતિ અને નિષ્ફળતાનું પરિણામ છે. અને આ બાબતે મંડળીના કાર્યવાહકોજ જવાબદાર ઠરે છે તેમ શ્રીરાવલની રજુઆત પરથી તારણ થાય છે.

(૨) તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૮૮ ના રોજ ખરીદેલ ઉપર કરાર તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૮૭ ના રોજ કર્યાનું અને કરારની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૮૯ દર્શાવેલ છે જે હકીકતનો ઈન્કાર કરી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૮૭ ના રોજ કરાર ઉપર સહી કરવામાં આવેલ છે તેમાં ખોટું કરેલું નથી તેમ જણાવેલ છે તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૮૮ ના રોજ ખરીદેલ સ્ટેમ્પ ઉપર તેજ તારીખે માજી કોન્ટ્રાકટર સાથે શ્રી ગુપ્તા સામે સમાધાનની બાબત જણાવેલ છે. પરંતુ લેણી રકમની વ્યવસ્થા ન થતાં ત્યારબાદ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૮૫ ના રોજ સ્ટેમ્પની ઉપયોગ કરવામાં આવેલ તેમાં કંઈ ખોટું કરવામાં આવેલ નથી અને ખોટું રેકર્ડ ઉભુ કરેલનથી તેમ જણાવેલ છે જે રજુઆત ગ્રાહય રાખી શકાય નથી.

કારણ કે સ્ટેમ્પની ઝેરોક્ષ નકલ જે અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે જે ઉપરની તારીખ જોતાં સ્ટેમ્પ તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૮૮ના રોજ ખરીદાયેલ છે. કરાર તારીખ ૨૮ મી જાન્યુઆરી, ૧૯૮૭ના રોજ કરેલ છે. અને કારણ ઉપર સહી તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૮૭ ના રોજ કરેલ છે અને કરાર ઉપર સહી તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, ૧૯૮૯ ના રોજ કરેલ તેમ સ્પષ્ટ છે.

આ ઉપરાંત આ કરાર મંડળીના પૂમુખશ્રી એન. એમ. રાવલ અને શ્રીનાથજી કોપેરિશન વચ્ચે થયેલો છે. શ્રીનાથજી કોપેરિશનના ઓર્ગેનાઈઝર અને બીલ્ડર શ્રી હરેશ નર્મદાશંકર રાવલ છે. જેઓ સદર મંડળીના પ્રમુખશ્રી નર્મદાશંકર રાવલના પૂત્ર છે. આમ સદર કરાર પિતા-પુત્ર વચ્ચે થયેલ છે. અને પ્રમુખશ્રી હોદ્દાની-રુએ મંડળી તરીકે ખોટં રેકર્ડ ઉભુ કરી પોતે ઘરગથ્થુ અંદરોઅંદર કમાણી કરવાના ઉદ્દેશ હેઠળ આ કરાર કર્યાનું સ્પષ્ટ પણે ફલીત થાય છે. આ બાબતે સમતિએ કોઈ તકેદારી રાખી નથી. જે હકીકત પણ સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૬) મંડળીએ અગાઉ બાંધકામની કામગીરી શ્રી ગુપ્તાને સોંપેલ અને તેઓએ મંડળીના ગેર વહીવટને કારણે દાવો કરી મનાઈ હુકમ મેળવેલ. આ બાબતે આ કચેરી તરફથી માંગવામાં આવેલ માહિત મંડળીના કાર્યવાહકોએ પુરી પાડેલ નથી. શ્રી રાવલે તેઓના-જવાબમાં જણાવ્યા અનુસાર મંડળીમાં કોઈ ગેર વહીવટ થયેલ ન હોવાનું જણાવેલ છે પરંતુ શ્રી ગુપ્તા સામે થયેલ કરારો અને કોર્ટ કાર્યવાહીની વિગતો રજૂ કરી નથી. આમ શ્રી રાવલે મંડળીની એક હથ્થુ વહીવટ ચલાવી અને તેઓએ મંડળીમાંથી નાણાંકીય નફો મેળવવાના હેતુસર કરારો ના રેકર્ડ ઉભા કરી મનસ્વી વહીવટ કરેલ છે. મંડળીની સમિતિએ આ બાબતે તકેદારી રાખી કોઈ કાર્યવાહ કરેલ નથી તેમ સ્પષ્ટ પણે ફલીત થાય છે.

(૭) બાંધકામ પેટે પુરેપુરી રકમ ચુકવનાર સભ્યોને મકાનની કબજો સોંપવામાં આવતો નથી. તે હકીકતનો ઈન્કાર કરતાં મંડળીના કુલ--૪૭ સભાસદો પૈકી ૩૦ સભાસદોને મકાનના કબજા સુપ્રત કરી દીધા જેછે તેમ જણાવેલ છે પરંતુ મંડળીએ કબજો સુપ્રત કર્યાના દસ્તાવેજો પુરાવા રજુ કરેલા નથી.

શ્રી ચંદ્રદત્ત રતીલાલ જાની અને તેમના કુટુંબના ૬ સભ્યોના મકાનના બાંધકામના કબજા સુપ્રત નહી થયાની હકીકત જણાવેલ. શ્રી જાનીના કુટુંબના ૬ સભાસદોને છૂટા કરવાની અને અન્ય ઈસમોને એલોટ કરવાની બાબત જણાવેલ છે. પરંતુ સદર વિવાદી સભ્યો સામે મંડળી કે એથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. મુદ્દા નં. ૫ ની વિગતે મંડળીના પ્રમુખ શ્રી રાવલ, શ્રી જાનીના એકજ કુટુંબના સભ્યોને દાખલ કરવા અને પ્લોટ ફાળવણી બાબતે સ્પષ્ટ થતાં નથી. કારણ કે શ્રી રાવલ શરૂઆતથી મંડળીના પ્રમુખશ્રી છે અને તેઓની જાણકારી હેઠળ મંડળીના સભ્યપદ આપવામાં આવેલ છે. શ્રી રાવલના એક હથ્થુ શાસનનો આ એક નમુનો (પુરાવો) છે અને આ બાબત મંડળીની સમિતિ તદ્દન નિષ્ક્રીય માલુમ પડેલ છે.

(૮) ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ લોનના લ્હેણા પેટે તારીખે ૧ લી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજની બાકી રકમ રૂા. ૪,૦૯,૧૩૭/- સામે તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૨ ના રોજ રૂા. ૧,૦૦,૦૦૦/- તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૨ રૂા. ૧,૫૦,૦૦૦/-- અને તારીખ ૧૫ મી ફેબ્રુઆરી, ૧૯૯૨ ના રૂા. ૧,૫૦,૦૦૦/-- ના એડવાન્સ ચેકો આપેલા છે, ચેકો પરત થયા હોવા બાબતે જવાબમાં જણાવેલ છે કે ગુજરાત હાઉસીંગ સોસાયટી લી., ના લેણા શ્રી જાની અને કુટુંબના છ સભાસદોનો બોર્ડ ઓફ નોમીનીમાં ચાલતો લવાદો દાવો નીકળી જતાં નવીન સભાસદોને પ્લોટ ફાળવણી કરી લેણી રકમ વસુલ થશે તેવા ભરોસે ચેકો આપવામાં આવેલ. શ્રી જાની અને તેઓના કુટુબીજનો તરફથી ટ્રીબ્યુનલમાં રીવીઝન અરજ દાખલ થતાં નવીન સભાસદોને દાખલ કરી શાયેલ ન હોવાથી અને રકમો ન મળવાથી ચેકો મુજબની ગણત્રી મુજબ વસુલાત આપી શકેલા નથી તેમ જણાવેલ છે.

મંડળી પાસે પૂરતુ બેલેન્સ ન હોય તો રૂા. ૪,૦૦,૦૦૦/-- જેવી મોટી રકમ એડવાન્સ ચેક આપવા એ હિસાબી અને વહીવટી બાબતો સાથે સુસંગત વ્યવહાર નથી. રૂપિયા ૪,૦૯,૦૦૦/- જેટલી રકમ જે બાકી પડે છે તે શ્રી જાની અને તેમના કુટુંબના છ સભાસદો જ બાકી હોવાના કોઈ પુરાવા રજુ કર્યા નથી.

ગુજરાત હાઉસીંગ સોસાયટી લી., તરફથી રજુ થયેલ એકાઉન્ટ સ્ટેટમેન્ટ પ્રમાણે સને ૧૯૮૭ થી ૯૨ના રૂા. ૪,૮૧,૩૩૮/-- બાકી પડે છે. જે સામે રૂા. ૨,૪૦,૬૬૯/- જમાં કરવામાં આવેલા છે. બાકીની રકમ મુદતવીતી થયેલ છે. મુદતવીતી બાકીદારો સામે વસુ-લાત બાબતે ઘનિષ્ટ પ્રયાસો કર્યાના કે કાર્યવાહી કર્યાના પુરાવા કર્યાનથી.

INDEX

શ્રી જાની અને તેમના કુટુંબના છ સભાસદોના સભ્યપદો રદ-- કરવાની બાબત લવાદી--કોર્ટના નિર્ણયને પાત્ર નથી જેથી લવાદો દાવા હેઠળ સભ્યપદો રદ કરવાની અને નવા સભાસદો દાખલ કરી પ્રાથમિક તબક્કે જ રૂા. ૪,૦૦,૦૦૦/-- જેટલો રકમની વસુલાતના અનુમાનો આ મુદ્દા હેઠળ જવાબ આપવા એક કાલ્પનીક પ્રસંગ ઉભો કરેલ હોય તેમ સ્પષ્ટ થાય છે. જે સભાસદો શ્રી રાવલનાં-- પ્રમુખપણા દરમ્યાન એક જ કુટુંબના હેવા છતાં દાખલ કરવામાં આવેલા છે. જેઓના સ્થાને અન્ય છ સભાસદો તાત્કાલીક દાખલ કરી રૂા. ૪,૦૦,૦૦૦/-- એક જ તબક્કે વસુલાત કરે તેવા ભરોસા હેઠળ પ્રમુખશ્રી રાવલ કરવા માંગતા કાર્યવાહી સહકારી કાયદા-- કાનૂન અને પેટા નિયમાને અનુરૂપ હોય અને હશે તેમ માંની શકાય તેમ નથી. વધુમાં ગુજરાત હાઉસીંગ સોસાયટી ના ચેરમેનશ્રી, લીગલ આફીસરશ્રીને રજુ કર્યાની બાબતો જણાવેલ છે. જે બાબતે ને સદર પ્રકરણ હેઠળ કોઈ વિગતો રજુ કરેલ નથી કે આવી સમજૂતી બાબતે ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ સોસાયટી લી., તરફથી આ-- કચેરીને જાણ કરવામાં આવેલ નથી. મંડળીમાં જે સભાસદા પૈસા ભરતા નથી અને મુદ્દતવીતી બાકી પડે છે તેવા સભાસદો વિરૂધ્ધ કાનુની કાર્યવાહી કરવાનું મંડળીએ નક્કી કરેલ હોવાનું મંડળીએ જણાવેલ છે તેના સમર્થનમાં કોઈ પુરાવા રજુ કર્યા નથી. મુદ્દત વીતી બાકી પડે છે અને સભાસદા નિયમિત પૈસા ભરતા નથી. તે હકીકત સાથે શ્રી રાવલ સંમત થાય છે અને આ મુદ્દાના પ્રથમ પેરેગ્રાફમાં મુદ્દતવીતી રકમ વધતી હોવા અંગે અને હપ્તા નિયમિત-વસુલ થતાં નથી તે હકીકતનો ઈન્કાર કરેલ છે આમ અકજ મુદ્દા હેઠળ વિસંગત જવાબ આપેલ છે.

(૯) મંડળએ ગુજરાત હાઉસીંગ ફાઈનાન્સ સોસાયટી લી., માંથી લોન મેળવેલ છે તેમ છતાં નવા સભાસદોને એન. ઓ. સી આથી એલ. આઈ. સી., બેન્ક તેમજ જી. એ. એલ. માંથી લોન લેવાં આપેલા દાખલાના સંદર્ભમાં જે પ્લોટ ઉપર ફાળવેલ લોન ચુકતે કરી દીધેલ છે અને હાઉસીંગ ફાયસાન્સનો બોજો રહ્યા નથી તેવા સભાસદોને દાખલા અપાયા છે તેમ જણાવેલ છે લોન બીજા મુકત થયેલા પ્લોટો માટે ક્લીયરન્સ પ્રમાણપત્રો ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ સોસાયટી પાસેથી મેળવી બીજા મુકિતનો કરાર કર્યા બાદ મંડળી કક્ષાએથી આવા દાખલા આપવાના રહે. બાબતે મંડળીએ જેટલા ;પ્લોટો માટે આવા પ્રમાણપત્રો આપ્યા છે તે આ માટે ગુજરાત હાઉસીગ ફાયસાન્સ સોસાયટી લી., એ આપેલ બીજા મુકિતના પ્રમાણપત્રો કે કરારો રજુ કર્યા નથી.

મંડળીના પ્રમુખે આવા પ્રમાણપત્રો (૧) શ્રી એચ. એમ. રાવલ બ્લોક નં. એ-૪૭ (૨) શ્રી એન. જી. પારેખ, બ્લોક નં. નથી. (૩) શ્રી એચ. બી. અધ્યાયુ બ્લોક નં. નથી. (૪) .... પ્લોટ નં. ૨૦ માટે એલ. આઈ. સી. માંથી લોન લેવા પ્રમાણપત્ર આપેલા છે. પ્રમાણપત્રના પેરા--૭ માં સદર પ્લોટ માટે અન્ય સંસ્થામાંથી લોન લીધેલ ન હોવાનું અને લોન બાકી ન હોવાનું પ્રમાણિત કરેલ છે. મજકુર સોસાયટી ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ સોસાયટી લી., પાસેથી લોન મેળવેલ હોવાનું અને ભરપાઇ કરેલ હોવાનું કે બાકી ન હોવાનું સત્ય છુપાવેલ છે. ક્રમાંક ૨ અને ૩ ના સભાસદો માટે જે પ્રમાણપત્રો આપેલાં છે તે પ્રમાણપત્રામાં બ્લોક નંબર દર્શાવેલા નથી. આમ છતાં બ્લોકનું પઝેશન આપેલ હોવાના, તેઓના નામે પ્લોટ હોવાનું અને તે પ્લોટ લોન આપનાર તરફે લખાવી લેવા સબંધે પ્રમાણપત્ર આપવામાં આવેલા છે તે-- કાયદાકીય રીતે સુસંગત નથી અને ખોટી રીતે લોન મેળવવા રેકર્ડ બનાવી આપેલ હોય તેમ સ્પષ્ટ થાય છે.

ક્રમાંક ૧ હેઠળ શ્રી એચ. એમ. રાવલને બ્લોક નં. એ-૪૭ ફાળવેલ હોવાનું અને પઝેશન આપેલ હોવાનું પ્રમાણપત્ર આપેલ છે. શ્રી એચ. એમ. રાવલ પ્રમુખશ્રીના પુત્ર અને સોસાયટીના અનઅધિકૃત નિમાયેલ કોન્ટ્રાકટર છે. આમ પિતા પુત્ર એકજ સોસાયટીમાં અલગ અલગ પ્લોટ ધારણ કરે અને ખોટા રેકર્ડ ઉભા કરી અન-- અધિકૃત પ્લોટ મેળવેલ છે. જે બાબત આ મુદ્દા હેઠળ ગંભીર નોંધ લેવા પાત્ર થાય છે.

(૧૦) મંડળના પ્લોટ નં. ૧૩, ૧૪, ૩૫, ૩૬, ૩૭ વાડી બનાવવા માટે અનામત રાખવામાં આવેલ સદર પ્લોટનો જમીન ફાળો બાકીના ઉપર ફાળવી વસુલ લેવામાં આવેલી આમ છતાં-- સદર પ્લોટો ઉપર રહેઠાણ પ્રકારના બાંધકામ કરી અન્ય ઈસમોને આપી દીધેલ હોવાની હકીકતના સમર્થનમાં જવાબ આપેલ છે અને આ પ્લોટ ઉપર જે તે સભાસદા વસવાટ કરી રહ્યા છે. તેમ જણાવેલ છે. આમ વાડીના અનામત રાખેલ પ્લોટ રહેણાંકના કામે વેચાણ કર્યા હોવાનું કબુલેલ છે.

ઉપરોક્ત પ્લોટ કોર્પોરેશનના બીલ્ડીંગ બાયલોઝને અનુરૂપ ન હેવાથી સભાસદોને ફાળવેલ છે. રજુઆતને સદર બાબત જોતાં સોસાયટીના લે આઉટ પ્લાનમાં ફેરફાર કરવામાં આવેલા છે. આ ઉપરાંત સદર ચાર પ્લોટોનો વધારો થતાં તેટલા વધુ દાખલ કરેલ સભાસદો માટે રજિસ્ટ્રારશ્રીની પરવાનગી મેળવી જોઈએ જે મેળવેલ નથી. આ ઉપરાંત મુળ વાડીના આયોજન માટે જમીન ફાળા તરીકે અન્ય પ્લોટ માલીકો પાસેથી ઉઘરાવેલી રકમ બાબતે કોઈ સ્પષ્ટતા નથી. આમ સદર મુદ્દામાં વાડીની જમીન રહેણાંક ઝોનમાં ફેરફાર કરવા તેમજ લે આઉટ પ્લાનમાં ફેરફાર કરવા કોર્પોરેશનની પરવાનગીની વિગતો રજુ કરેલ નથી. તેમજ વધુ દાખલ કરેલ સભ્યોની મંજુરી પણ મેળવેલ નથી. આમ પ્રમુખ તરીકે શ્રી રાવલે પોતાના પુત્ર મારફતે વેચાણની વેપારી પ્રવૃત્તિ કરી ગેર રીતી આદરેલ છે તેમ ઉકત વિગતની ફેરફારની બાબતે મંડળીની સામાન્ય સભા કે સમિતિએ બહાલી આપ્યાંની કોઈ વિગતો રજુ કરી નથી. આમ પ્રમુખ શ્રી રાવલ એક હથ્થુ શાસન ચલાવે છે અને સમિતિ મંડળીના વહીવટ તેમજ એકહથ્થુ ચાલતા શાસન પર નિયંત્રણ લાવવા સદંતર નિષ્ફળ નિવડેલ છે.

(૧૧) શ્રી એચ. એમ. રાવલ કે જેઓ મંડળીના પ્રમુખના પુત્ર છે અને મંડળીના પેટા નિયમો અનુસાર મંડળીના બાંધકામના કોન્ટ્રાકટ આપવા માટે પેટા નિયમો અનુસાર દૈનિક પેપરમાં જાહેરાત આપીને ટેન્ડરો મંગાવ્યા સિવાય પિતા પુત્ર વચ્ચે બાંધકામનો કરાર કરવામાં આવ્યો છે જે હકીકત સ્પષ્ટ પણે પુરવાર થાય છે સદર મુદ્દામાં શ્રી એચ. એમ. રાવલ ને પ્લોટ નં. એ-૪૭ ફાળવ્યા સંબંધી પિતા-પુત્ર અલગ વસવાટ કરતા હોવાનું અને નિયમો અનુસાર સભ્યપદ માટે પાત્ર હોવાના કોઈ પુરાવો રજુ થયેલ નથી. સદર મુદ્દા હેઠળ શ્રી એચ. એમ. રાવલ સદર મંડળીના અનઅધિકૃત બીલ્ડર હોવાનો ઈન્કાર કરેલ છે પરંતુ સદર મંડળીના અધિકૃત અને કાયદેસરના બીલ્ડર હોવાના કોઈ પુરવા રજુ કર્યા નથી.

(૧૨) સોસાયટીના બીલ્ડરએ બાંધકામના હેતુ માટે મેળવેલ લાઈટ કનેકશનમાંથી અધિકૃત રીતે સભાસદોને કનેકશન આપેલ હોવાનું સ્વીકારેલ છે. બાંધકામ માટે ઉપયોગ કરેલ વીજળી બળતણનો ખર્ચ બીલ્ડરે ભોગવવાનો હોય છે તે સામે પેટા કનેકશન ધરાવતા સભાસદો પાસેથી વચગાળાની આપેલ સવલત બાબતે વસુલ કરવાની રકમો બાબતે જવાબદારી સંબંધીત કોન્ટ્રાકટરની રહે છે. સંબંધીત સભાસદો ઈલેકટ્રીક લાઈન બાબતે રકમો ભરપાઈ કરેલ હતી તેમ સ્વીકારેલ છે. આમ સભાસદોની સવલતો બાબતે યોગ્ય વ્યવસ્થા ગોઠવવાના બદલે ગેર-કાયદેસરના કનેકશનો આપી ગુનાહીત કૃત્ય કરેલ છે. મંડળીના કોન્ટ્રાકટર પ્રમુખના પુત્ર હોવા થી અંદરો-- અંદર આંતરીક રીતે અનઅધિકૃત વ્યવસ્થા ગોઠવેલ છે તેમ સ્પષ્ટ પણે ફલીત થાય છે.

INDEX

ઉપરોક્ત વિગતો જોતાં મંડળીની વહીવટ પેટા કાયદા અને કાયદા-કાનુન ના અનુરૂપ ચલાવવામાં મંડળીના કાર્યવાહકો સંદતર નિષ્ફળ નિવડેલા છે. તારીખ ૧૭ મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ની કારણદર્શક નોટીસના અનુસંધાનમાં મંડળી તરફે મંડળીના પ્રમુખશ્રી રાવલનો જવાબ રજુ થયેલ છે. અન્ય સમિતિ સભ્યો આ જવાબ સાથે સહમત થવા બાબતે કોઈ વિગતો રજુ થયેલ નથી. મંડળીના સમિતિ સભ્યોશ્રી હસમુખભાઈ શાંતિલાલ મહેતાએ સદર કારણ-દર્શક નોટીસનાં અનુસંધાનમાં તેઓએ સમિતિ સભ્યપદેથી પોતાનું રાજીનામું મોકલી આપેલ હોવાનું જણાવેલ છે. સદર જવાબ સામે શ્રી મહેતાએ મંડળીના પ્રમુખશ્રીને રાજીનામાં સંબંધે તારીખ ૨૨ મી જાન્યુઆરી, ૧૯૮૯ ની અરજીની નકલ રજુ કરેલ છે. તેની વિગતો જોતાં પ્રમુખશ્રી............................સલાહ અને મંજૂરી સિવાય આપખુદ અને એક તર્ફી રહેતા હોવાનું, સભાસદોની પાસબુક નિયમિત આપતા ન હોવાનું, બાંધકામના નિર્ણય અંગે કારોબારી કે સામાન્ય સભામાં કરવામાં આવતી ન હોવાનું તેમજ પ્રમુખશ્રીની બેદરકારી અને આપખુદ વલણને કારણે સોસાયટી આર્થિક સંકટમાં મુકાયેલ હોવાનું જણાવે છે. આ ઉપરાંત કારોબારી કે સામાન્ય સભાને મંજુરી કે સત્તા મેળવ્યા સિવાય બાંધકામો સુપ્રત કરવા કોર્ટ માં દાવાઓ બાબતે કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવ્યાં સિવાય રહેઠાણ આપવા સંબંધે તેમજ અન્ય બાબતો પ્રમુખના એક તરફી નિર્ણયોને કારણે રાજીનામાં આપેલ છે.

આમ સમગ્ર રીતે જોતાં મંડળીનો વહીવટ શ્રી રાવલ એક હથ્થુ ચલાવે છે અને કારોબારી સમિતિ શ્રી રાવલના મનસ્વી નિર્ણયો ઉપર કે મંડળીના વહીવટ અને નાણાકીય બાબતોમાં મંડળીના પેટા નિયમો અને કાયદા--કાનુન અનુસાર નિયંત્રણ રાખી વહીવટ ચલાવવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે જે તમામ વિગતોને અનુલક્ષીને સહકારી કાયદાની કલમ--૮૧ અનુસાર નીચે મુજબ હકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ (૧) અન્વયે મળેલ સત્તાની રુએ શ્રી સત્તર તાલુકા ઔદિચ્ય બ્રહ્મસમાજ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., વડોદરા સમિતિને પ્રાથમિક તબકકે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખ થી ૧ વર્ષ માટે દૂર કરું છુ. અને કલમ--૮૧ (૧) (ખ) અનુસાર વહીવટ દાર તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદની નિમણુંક માસિક રૂા. ૨૫/-- ના મહેનતાણાથી નીચેની શરતોને આધીન રહીને કરું છુ.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેના ચાલુ ખર્ચ તેમજ વહીવટદારની મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા-રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સમિતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદાર મંડળીનો વહીવટ કાયદા--કાનૂન અને પેટા-નિયમોને આધિન કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમા કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૩.

નંબર ઉખસ / નધણ / ગ-૨ / ૨૩૪ /ઘ-૧૪૫૯૨/૧૯૯૩.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા આથી જાહેર કરે છે કે ઓમનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સેસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧ લી મે, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/ગ-૨/૨૪૪/ઘ-૧૪૫૯૩/૧૯૯૩.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, આથી જાહેર કરે છે કે અમીન પાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા. જિલ્લો વડોદરા.

સને ૧૯૯૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/ગ-૨/૨૬૫/સે-દૂ/૨૬૫૩૪/૧૯૯૩.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીએ, વડોદરા, આથી જાહેર કરે છે કે કુંડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ કુંડી તાલુકો સંખેડા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૨મી મે, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/ગ-૨/૨૬૬/સે-દૂ/૨૬૫૩૩/૧૯૯૩.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે સાલોજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ સાલોજ, તાલુકો જેતપુર પાવી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૨મી મે, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/ગ-૨/૨૬૭/સે-દૂ/૨૬૫૩૨/૧૯૯૩.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે ભગાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદત સ્થળ ભગાના મુવાડા, તાલુકો સાવલી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૨મી મે, ૧૯૯૩.

INDEX

નંબર ઉખસ/નધણ/ગ-૨/૨૬૮/સે. દુ/ ૨૬૬૩૭ / ૧૯૯૩.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે વિરપુર ગૃપ દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ : વિરપુર, તાલુકો છોટા ઉદેપુર, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૨મી મે, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ /ગ-૨/૨૬૯/ સે. દુ/૨૬૫૩૬/૯૩.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે કીકાવાડા ગૃપ દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ : કીકાવાડા, તાલુકો છોટા ઉદેપુર, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૨મી મે, ૧૯૯૩.

ઉખસ/નધણ/ગ-૨/૨૭૦/સે. દુ./ ૨૬૫૩૫/૯૩.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે રોડધા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ : રોડધા, તાલુકો : છોટા ઉદેપુર, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૨મી મે, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો હુકમ ક્રમાક વહટ/૦૧/ઝ-૩/૫૩૯/૯૩, તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૩.
(૨) શ્રી બી. કે. ત્રિવેદીનો તારીખ ૪થી મે. ૧૯૯૩ ના રોજનો પત્ર તથા સીવીલ સર્જન, વડોદરાનું તબીબી પ્રમાણપત્ર.

સુધારા હુકમ

જા. નં. વહટ-૦૧/ઝ-૩/૫૯૬/૯૩.—અત્રેની કચેરીના સંદર્ભ-૧ હેઠળના તારીખ ૮મી એપ્રિલ. ૧૯૯૩ ના હુકમથી સંખેડા-જબુગામ તાલુકા જીનીંગ પ્રેસીંગ એન્ડ કોટન સેલ કો-ઓપરેટીવ સોસાયટી લી. બોડેલી (ઢોકલીયા) તાલુકા સંખેડામાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ના કલમ-૭૪-ઘ અનુસાર કસ્ટોડીયન તરીકે નિમાએલ શ્રી બીપીનચંદ્ર કૃષ્ણપ્રસાદ ત્રિવેદી, સીવીલ સર્જન તબીબી પ્રમાણપત્ર રજુ કરી તબીબી કારણોસર રાજીનામું મુકતાં તેઓની જગ્યાએ બીજી નિમણુંક નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને આધીન થનાર આદેશો થતાં સુધીના સમય માટે શ્રી બી.એ. પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા લગત કચેરીને મજકૂર મંડળીના કસ્ટોડીયન તરીકે હવાલો સંભાળવા હુકમ કરવામાં આવે છે. કસ્ટોડીયનનો પ્રવાસ ખર્ચ સરકારી ધોરણે મંડળીએ ભોગવવાનો રહેશે.

સંદર્ભ-૧, હુકમની શરત નં. ૪ સિવાયની શરતો યથાવત રહેશે.

વડોદરા, તારીખ ૧૪મી મે. ૧૯૯૩.

નં. ઉખસ/નધણ/ગ-૨/૨૭૭/ / ધ-૧૪૫૯૪ / ૧૯૯૩.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આથી જાહેર કરે છે કે મૈત્રી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો : વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૪મી મે, ૧૯૯૩.

નં. ઉખસ/નધણ / ગ-૨ / ૩૧૨/સે-૨૬૫૩૮/૯૩.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે દર્ભાવતી કો-ઓપરેટીવ ક્રડીટ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ ડભોઈ, તાલુકો ડભોઈ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૪થી જૂન, ૧૯૯૩.

નં. ઉખસ / નધણ / ગ-૨/૩૧૩/સે-૨૬૫૩૯/૧૯૯૩.—જિલ્લા રજિસ્ટ્રાર સહકાઝી મંડળીઓ. વડોદરા જાહેર કરે છે કે સેન્ટ્રલ ટેલીગ્રાફ ટ્રાફીક એમ્પ્લોઈઝ કો.-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા. જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૪થી જૂન, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશીયલ ઓડીટરશ્રી, સ. મં., વડોદરાનો ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩ નો પત્ર તથા ૬ઠ્ઠી ઓક્ટોબર, ૧૯૯૨ નો પરિપત્ર.
(૨) તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૩ ના રોજ લોકસત્તા સમાચારપત્રમાં તથા ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૩ ના રોજ લોકસત્તા સમાચારપત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસ.

ક્રમાંક ઉખસ/ફડચ/ફ-૯૫૦૮/૦૧/ચ-૩/૪૨૬ / ૧૯૯૩.— ધી સરદાર પટેલ મજુર બાંધકામ કો-ઓપરેટીવ સોસાયટી લી., વડોદરા નોંધણી નંબર : યુ-૦૦૭૮૭૧ ૧૯૮૩ થી નોંધાએલ સહકારી મંડળી છે. સદર મંડળીના નોંધાએલ સરનામે ઓડીટરશ્રીએ તપાસ કરતા સદર મંડળીનું અસ્તીત્વ હોવાનું જણાવેલ નથી. જેથી સદર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અનુસાર ફડચામાં લઈ જવા

INDEX

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક-૧ વાળા પત્રથી ભલામણ કરેલ. જે અન્વયે ઉકત વંચાણે લીધેલ ક્રમાંક-૨ મુજબના સમાચાર-પત્રોમાં સદર મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે બાબત રજુઆત કરવા મંડળીના વ્યવસ્થાપકો સભાસદો તથા અન્ય હિત સબંધ ધરાવતા ઈસમોનું જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી ધ્યાન દોરવામાં આવેલ. પરંતુ તે અન્વયે સદર મંડળીને ફડચામાં નહીં લઈ જવા અંગેની રજુઆત કોઈ સભાસદ અગર હિતસબંધકર્તા દ્વારા અત્રેની કચેરીએ થયેલ નથી. જેથી આમ સદર મંડળીનું નોંધાએલ સરનામે અસ્તિત્ત્વ ન હોઈ, ઉદ્દેશ મુજબની કામગીરી કરતી ન હોઈ, તથા સદર મંડળીના સભાસદોને મંડળીની કામગીરી ચાલુ કરવામાં રસ ન હોઈ સદર મંડળીને ચાલુ રાખવી હિતાવહ નથી જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું, એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા મને મળેલ અધિકારની રૂએ, સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ધી સરદાર પટેલ મજુર બાંધકામ સ. મં. લી., મુકામ : ધર્મપુરી, તાલુકો : ડભોઈને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી એ. ડી. ગાંધી, ફડચા અધિકારી નં. ૨, લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., વડોદરાની સહકારી કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે.

વડોદરા, તારીખ ૮મી જૂન, ૧૯૯૩.

નં. ઉખસ/નધણ ગ-૨ / ૩૨૬/સે.દુ/૨૬૫૪૦/૧૯૯૩.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે કલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ : કલી, તાલુકો : કરજણ, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૪મી જૂન, ૧૯૯૩.

નં. : ઉખસ / નધણ/ગ-૨/૩૨૮ / ભં-૩૭૭૩/૧૯૯૩.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે અપના ઘર સહકારી ગ્રાહક ભંડાર લીમીટેડ મર્યાદિત સ્થળ : માણેજા તાલુકો : વડોદરા, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૪મી જૂન, ૧૯૯૩.

એસ. પી. ભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

નં. સે.દુ-૨૬૨૯૨/ઉખસ/નધણ/૦૧/૩/૧૭૬૫/૯૨.—આથી જાહેર કરે છે કે ધી કમાલીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ : કમાલીયા, પો. : બારનોલી, તાલુકો : મોડાસા, જિલ્લો : સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : હ/૨૮-૮૪,ડી.ડી.સી./૧૧૮૨/૭૪૨/૫/ગ / તારીખ ૨૨મી માર્ચ, ૧૯૮૪.

(૨) આ કચેરીના તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૨ ના પત્ર નં. : ફડચ/૦૧/ગ/૨૨૯૮/૯૨, તથા પત્ર નંબર : ૨૨૯૯/૯૨.

(૩) ધી મેનેજર ધી સા જિ. મ.સ. બેંક લી., હિંમતનગરના તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૨ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

(૪) આ કચેરીની તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૨ ની મંજુર થયેલ નોંધ.

ક્રમાંક ફડચ-૧/ગ/૨૬૨૦/૯૨.—ધી ઓડા ગૃપ સેવા સહકારી મંડળી લી., ઓડા, તાલુકો : ઈડર, જિલ્લો : સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં. : સે-૨૨૩૮, તારીખ ૨૯મી જુન, ૧૯૬૧ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીને આ કચેરીના હુકમ નંબર : ફડચ/૦૧/ખ/૫૨૪, તારીખ ૩૦મી જુન, ૧૯૮૦ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. મંડળીને ફડચામાં મુકયા બાદ ફડચાની સાત વર્ષ ઉપરની વૈધાનિક સમયમર્યાદા પુરી થતાં અને સરકારશ્રી તરફથી સદરહું મંડળીને વધુ સમય માટે કલમ-૧૧૪ (૧) માંથી કલમ-૧૬૧ અન્વયે મુકિત ન મળવાથી મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ કરવા રજિસ્ટ્રારશ્રી (સહકારી મંડળઓ) ગુજરાત રાજય, ગાંધીનગર તરફથી તેમના પત્ર નં. : ફડચ/૧૦૭૨/ ન/૪ / ૩૨૮૫, તારીખ ૨૭મી નવેમ્બર, ૧૯૯૨ થી સુચન થયેલ. જે અનુસાર મંડળીના છેલ્લા સરવૈયાને ધ્યામાં લઈ મળવાપાત્ર રકમે માંથી સૌ પ્રથમ સહકારશ્રીના દેવાં ચુકતે કરવા ત્યારબાદ જિલ્લા બેંકના દેવા ચુકવવા અને વધતી રકમ પી.એલ.એ.ટુ. મદદનીશ જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ (પંચાયત) હિંમતનગરના હેડે જમા કરાવવી તે અંગે બેંકને એસાઈનમેન્ટ કરવામાં આવેલ છે. તથા પ્રિયંબલ-૨ માં જણાવેલ આ કચેરીના પત્રથી મંજુરી આપવામાં આવેલ છે તે અન્વયે ફડચાની કાર્યવાહી પુર્ણ થઈ જતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સદરહુ મંડળીની ઉપર જણાવેલ એસાઈનમેન્ટ સાથે મંડળીની નોંધણી આથી રદ કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૨.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના આદેશ ક્રમાંક : ફડચા/ફ/૯૦૯૩/૦૧/ગ/૧૦૬૨, તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૨.

(૨) જિલ્લા સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીના તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૨. જા. નં. : ફડચ/૦૧/ચ/૮૧૭ થી રજુ થયેલ સદર મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) આ કચેરીની તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨ ની મંજુર થયેલ નોંધ.

INDEX

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૯૦૯૩/૦૧/ગ/૨૩૨૭/૧૯૯૨.—ધી મોટા કંથારીયા મરઘાં ઉછેર સહકારી મંડળી લી. મુકામ : મોટા કંથારીયા, તાલુકો : ભિલોડા, જિલ્લો સાબરકાંઠાની નોંધણી શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ/પંચાયત, હિંમતનગરના નોંધણી નંબર : ઉ-૦૭૮૭ તારીખ ૨૮મી જુન, ૧૯૭૯ થી કરવામાં આવી હતી. અને તેને આ કચેરીના સંદર્ભ (૧) માં ટાંકેલા આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું સંસ્થાના ફડચા અધિકારીશ્રીનો સંદર્ભ (૨) માં ટાંકેલા અહેવાલ પ્રમાણે સંસ્થાની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ તેમજ હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં ઉકત અધિનિયમની કલમ-૨૦ અન્વયે સદરહું સંસ્થાની નોંધણી રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું સંસ્થાનું સંસ્થાપિત અસ્તિત્ત્વ નાબુદ થયેલું ગણાશે.

હિંમતનગર, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨.

———

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ફ/૮૪૩૩/૦૧/ખ/૧૨૩૩, તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૦.

(૨) જિલ્લા સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીના તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૨ના જા. નં. : ફડચ/૦૧/ચ/૮૨૦ થી રજુ થયેલ સદર મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) આ કચેરીના તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨ ની મંજુર થયેલ નોંધ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૮૪૩૩/૦૧/ગ/૨૩૨૮/૧૯૯૨.—ધી આણીપોડ શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ : આણીપોડ, તાલુકો પ્રાંતિજ, જિલ્લો : સાબરકાંઠાની નોંધણી શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ / પંચાયત/હિંમતનગરના નોંધણી નંબર : ૧૫૬૨૩, તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૭૪ થી કરવામાં આવી હતી. અને તેને આ કચેરીના સંદર્ભ (૧) માં ટાંકેલા આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું સંસ્થાના ફડચા અધિકારીશ્રીનો સંદર્ભ (૨) માં ટાંકેલા અહેવાલ પ્રમાણે સંસ્થાની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ તેમજ હવે કોઈ કાર્યવાહી કરવાનીરહેતી ન હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં ઉકત અધિનિયમની કલમ-૨૦ અન્વયે સદરહું સંસ્થાની નોંધણી રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું સંસ્થાનું સંસ્થાપિત અસ્તિત્ત્વ નાબુદ થયેલું ગણાશે.

હિંમતનગર, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨.

———

વંચાણે લીધા :—

(૧) શ્રી મેનેજર, ધી સાબરકાંઠા જિ. મ. સ. બેંક લી. હિંમતનગરના જા. નં. : સુપર/૩૫/૧૫૦૩૪, તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૨.

(૨) અત્રેની કચેરીના જા. નં. : વહટ/૦૧/૩/૧૩૪૧, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૨.

આલોચના

ક્રમાંક વહટ/૦૧/૩/૨૦૯૫/૯૩.—ધી પુંસરી ગૃપ સેવા સહકારી મંડળી લી. પુંસરી, તાલુકો : પ્રાંતિજ, જિલ્લો : સાબરકાંઠાએ ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી નં : સે-૧૯૭૯૪, તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૫૧ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીની વહીવટીય પરિસ્થિતિ કથળતાં ઉકત પ્રીએમ્બલ-૧ ના પત્રથી શ્રી મેનેજર સાબરકાંઠા કો-ઓપ બેંક લી. હિંમતનગરે કલમ-૮૧ અન્વયે વહીવટદારની નિમણુંક કરવા ભલામણ અહેવાલ રજુ કરતા તે અન્વયે જણાવેલ વિગતો મુજબના અત્રેના ઉકત પ્રીએમ્બલ-૨ ના જાવક નંબરથી મંડળીની વ્યવસ્થાપક કમીટી સભ્યોને રજિ. પોષ્ટથી નોટીસ આપી, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત યા મૌખિક રજુઆત કરવાની તક આપવામાં આવતા સદર તારીખે હાજર રહેલ નહિ. પરંતુ ફરીથી બીજી મુદત તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૨ ની આપતાં હાજર રહી લેખિતમાં જવાબ આપેલ અને પુર્તતા સારું ફરી મુદત માંગતા તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૨ ના રોજ આપેલ પરંતુ હાજર રહેલ નથી. પરંતુ તેમના તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૨ ના પત્રથી મંડળીને વહીવટદાર હેઠળ લઈ જવા વિનંતી કરેલ છે. કમીટીને બજાવવાની ફરજોમાં નીચેના મુદ્દાઓમાં જણાવ્યા પ્રમાણે બેદરકારી દાખવેલ છે.

(૧) મંડળીમાં કુલ-૧૪૮ સભ્યો મુદતવીતી બાકીદારો પાસે રૂા. ૫,૩૮,૩૮૭ મુદતવીતી રકમ છે તે પૈકી ૫૫ સભ્યો સામે ૧૦૬ ના કાગળો કરેલ છે. જયારે બીજા મુદતવીતી બાકીદારો સામે કાંઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આમ વ્યવસ્થાપક કમીટી પેટા નિયમ પ્રમાણે તેમની ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે.

(૨) હાલ મંડળીની બેંક લોન રૂા. ૧૧,૮૮,૫૮૫ સામે ધિરાણ રૂા. ૭,૫૫,૩૩૯ છે. આમ રૂા. ૪,૩૩,૨૪૬ તફાવત પડે છે. આમ વ્યવસ્થાપક કમીટી વહીવટ કરવામાં સક્ષમ ગણાતી નથી.

(૩) મંડળીના હાલના સેક્રેટરી સહકારી પ્રવૃત્તિમાં બીન અનુભવી હોવાને કારણે હિસાબી કામ સિવાય, મંડળીની વિકાસ પ્રવૃત્તિ ધિરાણ-વેચાણની કામગીરી કરતા નથી. પરિણામે મંડળીમાં વહીવટીય ખર્ચ વધતું જાય છે.

(૪) સદર મંડળી અગાઉ ફડચામાં ગયેલ, મંડળીને પુન : જિવીત કરવામાં આવેલ પછી એકજ વખત ધિરાણ કરવામાં આવેલ છે, જે રકમ મુદતવીતી બાકી છે. હાલની વ્યવસ્થાપક કમીટી મંડળીને ચલાવવામાં કોઈ રસ લેતી નથી.

(૫) હાલમાં મંડળીમાં જે વસુલાત આવે છે તે વહીવટી ખર્ચમાં વાપરવામાં આવે છે. જેથી બેંક લોન અને ધિરાણ વચ્ચે મોટો ગાળો પડેલ છે. મંડળીમાં આવકના સાધનો ઉભા કરવામાં મંડળીના સંચાલક મંડળને કોઈ રસ નથી.

ઉપરોકત નોટીસનો ખુલાસો સંતોષકારક કરેલ નથી. વ્યવસ્થાપક કમીટી કાયદા-કાનુન પેટા કાયદાથી નાંખવામાં આવેલ ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે. નિષ્ક્રિય રહેલ છે. વહીવટમાં નિષ્ફળ જણાયે સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અન્વયે વહીવટદારની નીમવાની જરૂર જણાતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. સી. પટેલ, જિલ્લારજિસ્ટ્રાર, સહકારી, મંડળી, હિંમતનગર મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ઉકત આલોચનાની વિગતે ધી પુંસરી ગૃપ સેવા સહકારી મંડળી લી. તાલુકો : પ્રાંતિજ,

INDEX

જિલ્લો : સાબરકાંઠામાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ -(ક) અન્વયે વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. હિંમતનગરને મંડળીનો ચાર્જ સંભાળ્યા તારીખથી ૭ માસ માટે નીચેની શરતોને આધીન નિમણુંકનો આદેશ કરું છું.

શરતો :—

(૧) વહીવટદારને સદર મંડળીના કામકાજના બદલામાં માસિક રૂા. ૩૦૦ મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચુકવવામાં આવશે.

(૨) વહીવટદાર અત્રેની પરવાનગીથી મંડળીના કામકાજ માટે કર્મચારી રોકી શકશે તેમજ નાણાંકીય ખર્ચ અત્રેની પુર્વ મંજુરીથી કરવાનો રહેશે.

(૩) મંડળીવતી અન્ય કોઈપણ સંસ્થામાં મતદાન કરી શકશે નહિ.

(૪) દર માસે કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીએ અચુક મોકલી આપવાનો રહેશે. તેમજ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના આદેશ ક્રમાંક ફડચ/૮૪૨૭/ફ/૦૧/ખ/૩૭૩, તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૦.

(૨) જિલ્લા સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીના તારીખ ૨૪મી ડિસેમ્બર. ૧૯૯૨ જા. નં. : ફડચ/૦૧/ચ/૮૧૯ થી રજુ થયેલ સદર મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૩) આ કચેરીની તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨ની મંજુર થયેલ નોંધ.

આદેશ

ક્રમાંક ફડચ/૮૪૨૭/ફ/૦૧/ગ/૨૩૨૯/૧૯૯૨.—ધી બડોદરા. શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ : બડોદરા, તાલુકો પ્રાંતિજ, જિલ્લો સાબરકાંઠાની નોંધણી શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ / પંચાયત / હિંમતનગરના નોંધણી નંબર સે. ૧૩૮૦૫, તારીખ ૨૪મી ડિસેમ્બર. ૧૯૭૫ થી કરવામાં આવી હતી. અને તેને આ કચેરીના સંદર્ભ (૧) માં ટાંકેલા આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ સંસ્થાના ફડચા અધિકારીશ્રીનો સંદર્ભ (૨)માં ટાંકેલા અહેવાલ પ્રમાણે સંસ્થાની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ તેમજ હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં ઉકત અધિનિયમની કલમ-૨૦ અન્વયે સદરહુ સંસ્થાની નોંધણી રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું સંસ્થાનું સંસ્થાપિત અસ્તિત્વ નાબુદ થયેલું ગણાશે.

હિંમતનગર. તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨.

નંબર ઘ-૧૨૪૧૧-ઉખસ/નધણ/૦૧/૩/૧૪૬/૯૩.—આથી જાહેર કરે છે કે ધી અમરદીપ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ મોડાસા, તાલુકો મોડાસા જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સબ ઓડીટર, સહકારી મંડળી દૂધ, મોડાસા નો તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૨ નો ખાસ અહેવાલ.

(૩) આ કચેરીના વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૯૨ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૨.

(૪) આ કચેરીના તારીખ જાન્યુઆરી ૧૯૯૩ ની મંજુર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૧૦૦/ગ/૧૪૦/૧૯૯૩.—ધી રવિપુરા કંપા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકો મોડાસા, જિલ્લો સાબરકાંઠાએ સન ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી ક્રમાંક સે. ૧૮૨૪૧, તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૮૦ છે સદર સંસ્થાની વહીવટી સ્થિતિ કથળી જતા પ્રી.૨માં જણાવેલ ખાસ અહેવાલથી સબ ઓડીટર સ. મં. (દૂધ) મોડાસાએ મંડળી ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે સદર અહેવાલ આધારે આ કચેરીના તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૨ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૧૮૨/૯૨ થી કારણદર્શાય નોટીસ આપી સુનાવણીની તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૨ ના રોજની તક આપેલ હતી જેમાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખીત/મૌખીક રજુઆત કરેલ નથી જેથી પ્રી-૩ માં જણાવેલ વચગાળાના આદેશથી મંડળીને છેલ્લી મુદત તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૨ના રોજ આપવામાં આવેલ હતી જે મુદતે પણ મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખીત/મૌખીક રજુઆત કરેલ નથી જેથી માનવાને કારણ રહે છે કે મંડળી ચલાવવામાં કોઈને રસ નથી તથા સાબર ડેરીએ પણ તેમના તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૨ના પત્રથી મંડળી ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. જેથી સમગ્ર બાબતની સમીક્ષા કરતાં મંડળી ચાલુ થઈ શકશે નહી તેવું જણાવ્યું છે. જેથી પ્રી-૩માં જણાવેલ આ કચેરીના વચગાળાના આદેશને કાયમ કરૂ છુ અને પ્રી-૧ થી મને મળેલ સત્તા અનુસાર અને અધિકારો અન્વયે સંસ્થાને ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતીમ આદેશ કરૂ છુ.

હુકમ

આથી હું, એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૮ હેઠળ મને મળેલ અધીકાર અને સત્તાની રૂઈએ ધી રવીપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. મોડાસાને આલોચનામાં જણાવેલ વિગતે ફડચામાં લઈ જવા અંતીમ આદેશ કરું છું અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીનાની નીમણુંક કરૂ છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી ૧ વર્ષમાં ફડચાની તમામ કામગીરી આટોપી લેવાની રહેશે તથા ના. સરકારશ્રીના પ્રવર્તમાન નીયમોનુસાર ફડચા ફી આકારી સરકારી તીજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૩.

INDEX

વંચાણે લીધા :

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) આ ઓડીટર સહકારી મંડળીઓ દૂધ પ્રાંતીજનો તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૨ નો ખાસ અહેવાલ.

(૩) આ કચેરીના વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૫૨૫/૯૨ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૨.

(૪) આ કચેરીની તારીખ ડીસેમ્બર ૧૯૯૨ નો મંજુર થયેલ નોંધ.

આલોચના.

ક્રમાંક ફડચ/ફ/૯૨૭૬/૦૧/ગ/ ૧૪૧/ ૧૯૯૩.—ધી બાદરજીના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકો પ્રાંતીજ, જિલ્લા સાબરકાંઠાએ સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક સેદુ ૧૫૪૪૭ તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૭૮ થી નોંધાવેલી સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની સ્થિતિ કથળી જતા પ્રી-૨માં જણાવેલ ખાસ અહેવાલથી સબ ઓડીટર (દુધ) પ્રાંતીજે ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે જે આધારે મંડળીને આ કચેરીના તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૨ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૮૮૫/૯૨ થી કારણદર્શીય નોટીસ આપીને ફડચામાં લઈ જવા તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૨ ની મુદત આપેલ હતી તેમ છતાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખીત કે મૌખિક રજુઆત કરેલ નથી જેથી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ પ્રી-૩માં જણાવ્યા અનુસાર કરીને રજુઆત સારૂ ૧૯મી ઓકટોબર ૧૯૯૨ ની મુદત આપેલી હતી. સદર મુદતે પણ મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખીત /મૌખિક રજુઆત કરેલ નથી જેથી માનવાને કારણ રહે છે કે મંડળી ચલાવવામાં કોઈને રસ નથી દૂધ બાબતે સાબરડેરીને પૃચ્છા કરતાં તેમના તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૩ ના પત્રથી સાબરડેરીમાં મંડળીનું દૂધ આવતું નથી તેમ જણાવેલ છે. તથા ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. જેથી સમગ્ર બાબતની સમીક્ષા કરતાં મંડળી ચાલુ થઈ શકશે નહી તેમ જણાય છે. જેથી પ્રી-૩માં જણાવેલ આ કચેરીના વચગાળાના આદેશ ને કાયમ કરુ છું અને પ્રી-૧થી મને મળેલ સત્તા અનુસાર અને અધિકારો અન્વયે સંસ્થાને ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરૂ છું.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓએ, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૮ હેઠળ મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ ધી બાદરજીના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકો પ્રાંતીજને આ લોચનામાં જણાવેલ વિગતે ફડચામાં લઈ જવા અંતીમ આદેશ કરૂ છું. અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીની નીમણુંક કરૂ છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી ૧વર્ષમાં ફડચાની કામગીરી આટોપવાની રહેશે તથા ના. સરકારશ્રીના પ્રવર્તમાન નીયમોનુસાર ફડચા ફી આકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિમતનગર, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩.

વંચાણે લીધા .

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સબ ઓડીટર સહકારી મંડળી દૂધ મોડાસાનો તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૨ નો ખાસ અહેવાલ.

(૩) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૫૨૪/૯૨ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૨.

(૪) આ કચેરીના તારીખ જાન્યુઆરી ૧૯૯૩ ની મંજુર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૨૭૭/૦૧/ગ/૧૪૨/૧૯૯૩.—ધી જાનેડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકો મોડાસા જિલ્લો સાબરકાંઠાએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાક સેદુ-૧૮૨૪૫ તારીખ ૨૪મી નવેમ્બર ૧૯૮૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની સ્થિતિ કથળી જતાં પ્રિ-૨ (બે) માં જણાવેલ ખાસ અહેવાલથી સબ ઓડીટર સહકારી મંડળી (દૂધ) મોડાસાએ મંડળી ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. જે આધારે આ કચેરીના તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૨ ના પત્ર ક્રમાંક ફડચ/ ૧/ ગ/ ૧૮૧૧/૯૨ થી મંડળીના હોદ્દેદારોને સુનાવણી આપી તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૨ ની મુદત આપવામાં આવેલી હતી છતાં પણ મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિત/ મૌખિક રજુઆત કરેલ નથી જેથી પ્રી-૩માં જણાવેલ આ કચેરીના વચગાળાના આદેશથી મંડળીને સુનાવણીની અંતીમ તક તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૨ ના રોજ આપવામાં આવેલ હતી તેમ છતા મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખીત/ મૌખીક રજુઆત કરેલ નથી. જેથી માનવાને કારણ રહે છે કે કોઈને મંડળી ચલાવવામાં રસ નથી સાબરડેરીને પણ તેમના તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૨ ના પત્રથી ડેરીમાં દૂધ આવતું નથી તેમ જણાવી મંડળી ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. જેથી સમગ્ર બાબતની સમીક્ષા કરતાં મંડળી ચાલુ થવાની કોઈ શકયતા ન દેખાતા પ્રી-૩માં જણાવેલ આ કચેરીના વચગાળાના આદેશને કાયમ કરૂ છુ અને પ્રી-૧ થી મને મળેલ સત્તા અનુસાર અને અધીકાર અન્વયે સંસ્થાને ફડચામાં લઈ જવા નીચે મુજબ આદેશ કરૂ છું.

હુકમ

આથી હુ એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમની કલમ-૧૦૮ હેઠળ મને મળેલ અધીકાર અને સત્તાની રૂઈએ ધી જાનેડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકો મોડાસાને આલોચનામાં જણાવેલ વિગતે ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરૂ છું અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીની નીમણુંક કરૂ છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી ૧ વર્ષમાં ફડચાની તમામ કામગીરી આટોપવાની રહેશે તથા સરકારશ્રી ના પ્રવર્તમાન નિયમોનુસાર ફડચા ફી આકારી સરકારી તીજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિમતનગર, તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૩.

INDEX

વંચાણમાં લીધા :—

(૧) સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯(ખ) ની જોગવાઈ.

(૨) સહકારી અધિકારી (ફડચા) ની તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૩ ની દરખાસ્ત.

(૩) આ કચેરીની તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩ ની મંજુર થયેલ નોંધ.

આલોચના

જાવક નંબર ફડચ / ૦૧ / ગ / ૧૫૮ / ૯૩.— ધી વિજયનગર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., વિજયનગર, તાલુકા વિજયનગર, જિલ્લો સાબરકાંઠા એ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ હેઠળ નોંધણી ક્રમાંક સે. દુ. ૧૨૨૮૩, તારીખ ૨૯ મી ડિસેમ્બર, ૧૯૭૩ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર મંડળીની આર્થીક સ્થીતી તથા વહીવટી સ્થીતી કથળી જતાં આ કચેરીના હુકમ ક્રમાંક ફડચ / ફ / ૮૪૦૪ / ૦૧ / ખ / ૯૨૩, તારીખ ૪ થી જુલાઈ, ૧૯૮૭ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવેલ હતી જે આધારે ફડચા અધિકારીએ મંડળીના ચાર્જ તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૮૭ના રોજ સંભાળી ફડચાની કામગીરી ચાલું કરેલ હતી. જેમાં સદર મંડળીના સભાસદો તરફથી મંડળીને પુન : જીવીત કરવા રજુઆત થતાં મંડળીની ખાસ સાધારણ સભા વધણોલ મુકામે તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૩ ના રોજ ૧૨.૦૦ કલાકે રાખવામાં આવેલ હતી તથા સદર ખાસ સાધારણ સભાના ઠરાવ નંબર ૨ થી મંડળી પુન : જીવીત કરવા ઠરાવવામાં આવેલ છે. સદર તમામ બાબતોની સમીક્ષા કરતાં ધી વિજયનગર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., તાલુકા વિજયનગરને પુન : જીવીત કરવાની જરૂરીયાત જણાતાં પુન : જીવીત કરવા માટે નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

આથી હું, એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ હિંમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-ની કલમ ૧૯ (ખ) હેઠળ મને પ્રાપ્ત થયેલ અધિકાર અને સત્તાની રૂઈએ ધી વિજયનગર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., તાલુકા વિજયનગર ને પુન : જીવીત કરવા નીચેની શરતોએ આદેશ કરૂં છું.

શરતો

(૧) સભ્યો મંડળીમાં રસ લેવા પ્રેરાય તથા મંડળીની પ્રગતી થાય તે માટે તમામ પ્રયત્નો વ્યવસ્થાપક કમિટી સભ્યોએ કરવાના રહેશે.

(૨) મંડળીમાં વધુમાં વધુ દુધ ભરાય તે માટે વ્યવસ્થાપક કમિટી સભ્યોએ રસ લેવા સુચના છે.

(૩) મંડળીમાં તાલીમ પામેલ અનુભવી મંત્રીની નીમણુંક કરવી.

(૪) મંડળીમાં નીયમીત રીતે તમામ દફતર નીભાવવું, દુધના ફેટ ટેસ્ટીંગ નિયમીત કરવાના રહેશે.

(૫) મંડળીમાં હાલ જે દેવા લ્હેણાં છે તે સ્વીકારવાના રહેશે.

(૬) મંડળી કાયદા કાનુન, પેટા કાયદા પ્રમાણે કાર્યવાહી કરવી તથા વ્યવસ્થાપક કમિટી સભ્યોએ મંડળીની પ્રગતી સાધવા કાર્યવાહી કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩.

વંચાણમાં લીધા :—

(૧) સહકારી મંડીઓના અધિનિયમની કલમ ૧૯(ખ)ની જોગવાઈ.

(૨) સહકારી અધિકારી (ફડચા) ની તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૩ની દરખાસ્ત.

(૩) આ કચેરીની તારીખ ૩૦ મી જાન્યુઆરી, ૧૯૯૩ની મંજુરી થયેલ નોંધ.

આલોચના

જાવક નંબર ફડચ / ૦૧ / ગ / ૧૫૯/૯૩.— ધી અલાણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., અલાણા, તાલુકો બાયડ, જિ. લ્લો સાબરકાંઠા એ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ-નિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક ૧૩૮૨૧, તારીખ ૧૯મી માર્ચ, ૧૯૭૬ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર મંડળીની આર્થીક તથા વહીવટી સ્થિતી કથળી જતાં આ કચેરીના હુકમ નંબર ફડચ / ફ / ૭૮૩૦ / ૦૧ / બ / ૨૧૪, તારીખ ૭ મી માર્ચ, ૧૯૮૬ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીની નીમણુંક થતાં તેમણે તારીખ ૨૮મી માર્ચ, ૧૯૮૬ થી ચાર્જ સંભાળી ફડચાની કાર્યવાહી ચાલુ કરેલ હતી જેમાં સદર મંડળીના સભાસદો તરફથી મંડળી પુન : જીવીત કરવા રજુઆત થતાં મંડળીની ખાસ સાધારણ સભા અલાણા મુકામે તારીખ ૨૭ મી જાન્યુઆરી, ૧૯૯૩ ના રોજ ૧૨.૩૦ કલાકે રાખવામાં આવેલ હતી. તથા સદર ખાસ સાધારણ સભા ઠરાવ નંબર ૩ થી મંડળીને પુન : જીવીત કરવા ઠરાવવામાં આવેલ છે. સદર બાબતોની સમીક્ષા કરતાં ધી અલાણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., અલાણા, તાલુકો બાયડ, ને પુન : જીવીત કરવાની જરૂરીયાત જણાતાં પુન : જીવીત કરવા નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ હિંમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ-નિયમની કલમ-૧૯ (ખ) હેઠળ મને પ્રાપ્ત થયેલ અધિકાર અને સત્તાની રૂઈએ ધી અલાણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., અલાણા તાલુકો બાયડને પુન : જીવીત કરવા નીચેની શરતોએ આદેશ કરૂં છું.

(૧) સભ્યો મંડળીમાં રસ લેવા પ્રેરાય તથા મંડળીની પ્રગતી થાય તે માટે તમામ પ્રયત્નો વ્યવસ્થાપક કમીટી એ કરવાના રહેશે.

(૨) મંડળીમાં વધુમાં વધુ દુધ ભરાય તે માટે વ્યવસ્થાપક કમીટી સભ્યો એ રસ લેવા સુચના છે.

(૩) મંડળીમાં તાલીમ પામેલ અનુભવી મંત્રીની નીમણુંક કરવી.

INDEX

(૪) મંડળીમાં નીયમીત રીતે તમામ દફતર નીભાવવું, દુધના ટેસ્ટીંગ નીયમીત કરવાના રહેશે.

(૫) મંડળીમાં હાલ જે દેવા લ્હેણા છે તે સ્વીકારવાના રહેશે.

(૬) મંડળી કાયદા કાનુન, પેટા કાયદા પ્રમાણે કાર્યવાહી કરતી તથા વ્યવસ્થાપક કમીટી સભ્યો એ મંડળીની પ્રગતી સાધવા કાર્યવાહી કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) સ્પેશ્યલ ઓડીટર મીલ્ક ઓડીટ ઓફિસ હિંમતનગરના જાવક નંબર ઓષણ / ૦૧ / ક / ૪૯૫૧ / તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૨.

(૨) ધી ઢુંઢર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ની તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૩ ની અરજી.

આલોચના

ક્રમાંક વહટ / ૦૧ / ક / ૨૯૯/૯૩.— ધી ઢુંઢર દૂધ ઉત્પાદક-સહકારી મંડળી લી., ઢુંઢર, તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા-એ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીની વહીવટીય પરિસ્થિતિ કથળતાં ઉકત પ્રિએમ્બલ--૧ ના પત્રથી શ્રી સ્પેશીયલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફિસ હિંમતનગર કલમ--૮૧ અન્વયે વહીવટદાર નિમણુંક કરવા ભલામણ અહેવાલ રજું કરતાં અને ધી ઢુંઢર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૩ ની અરજીથી હાલ મંડળીમાં કામ કરતા કર્મચારીઓને છૂટા કરવામાં આવેલ છે. અને હાલ મંડળી સ્થગિત અવસ્થામાં છે. અને વહીવટદાર મૂકવા માંગણી કરેલ છે.

(૧) ઓડીટ સમય દરમ્યાન સુચનો કરવા છતાં અમલ થતો નથી. ઓડીટ ખામીઓની દુરસ્તી થતી નથી. આમ વ્યવસ્થાપક કમીટી તદ્દન નિષ્ક્રીય છે.

(૨) અગાઉના વર્ષોની બાકી પડતી રકમો વસુલ આવતી નથી. મંડળીનો સ્ટાફ હિસાબી કામકાજમાં બીન અનુભવી છે.

ઉપરોકત વિગતો જોતાં વ્યવસ્થાપક કમીટી કાયદા કાનૂન પેટા કાયદાથી નાખવામાં આવેલ ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે. નિષ્ક્રીય રહેલ છે. વહીવટમાં નિષ્ફળ જણાયે સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧ (ક) અન્વયે વહીવટદાર નિમવાની જરૂર જણાતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી લી., હિંમતનગર મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ઉકત આલોચનાની વિગતે ધી ઢુંઢર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તાલુકા હિંમતનગર, જિલ્લો સાબરકાંઠામાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧ (ક) અન્વયે વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., હિંમતનગર મંડળીનો ચાર્જ સંભાળ્યાં તારીખથી છ માસ માટે નીચેની શરતોને આધીન નિમણુંક નો આદેશ કરું છું.

શરતો

(૧) વહીવટદારને સદર મંડળીના કામકાજના બદલામાં માસિક રૂા. ૨૦૦/-- મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચુકવવામાં આવશે.

(૨) વહીવટીદાર અત્રેની પરવાનગીથી મંડળીના કામકાજ માટે કર્મચારી રોકી શકશે. તેમજ નાણાંકીય ખર્ચ અત્રેની પૂર્વ મંજૂરીથી કરવાનો રહેશે.

(૩) મંડળી વતી અન્ય કોઈપણ સંસ્થામાં મતદાન કરી શકશે નહીં.

(૪) દરમાસે કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીએ-અચૂક મોકલી આપવાનો રહેશે. તેમજ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

નંબર સે. દ. ૨૬૨૯૫/ઉખસ/નધણ/૦૧/૩ / ૩૨૩/૯૩.— આથી જાહેર કરે છે કે ધી ચારણવંટા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ચારણવંટા, તાલુકો પ્રાંતિજ, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

નંબર સે. દ. / ૨૬૨૯૬ / ઉખસ / નધણ / ૦૧ /૩/૩૨૪/૯૩.— આથી જાહેર કરે છે કે ધી વેજપુર દધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વેજપુર, તાલુકો ભીલોડા, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત રાજયના સહકારી કૃષિ ગ્રામ વિભાગના તારીખ ૩૦ મી માર્ચ, ૧૯૯૧ના જી. એન્ન કે./ એચ / ૨૪૭૧ / ડીડી / ૧૧૮૮-૫૨૦૪.

(૨) મેનેજર, ધી સાબરકાંઠા જિલ્લા મ સહ. બેંક લી., હિંમતનગરના સુપર / ૩૫ / ૩૦૭૫૪, તારીખ ૧૬ મી જાન્યુઆરી, ૧૯૯૩.

INDEX

(૩) ધી ખેરાડી ગ્રુપ સે. સ. મં. લી., ની તારીખ ૩ જી નવેમ્બર, ૧૯૯૨ ની વા. સા. ના. ઠ. નં. ૩ તથા તારીખ ૨ જી ડિસેમ્બર, ૧૯૯૨ ના વ્ય. ક. ઠરાવ નંબર ૫.

આલોચના

જા. નંબર વહટ / ૦૧ / ૩૧/૪૧૯/૯૩.— ધી ખેરાડી ગ્રુપ સે. સહકારી મંડળી લી., ખેરાડી, તાલુકો ભીલોડા, જિલ્લો સાબરકાંઠાએ સહકારી કાયદા હેઠળ નોંધાયેલી છે. જેથી મંડળીની વ્યવસ્થાપક કમીટી એ સહકારી કાયદા કાનુન અને મંડળીના મંજુર થયેલા પેટા નિયમથી નક્કી થયેલ ફરજો મુજબ કમીટીને મંડળીનો વહીવટ કરવાનો હોય છે. પરંતુ મંડળીની કમીટી તેના પર લાદવામાં આવેલ ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ હોઈ, જેથી મંડળીની મોટી રકમની ગેરરીતી થવા પામેલ છે. આમ મંડળીની કમીટી નિષ્ફળ જતાં તેને દુર કરી અત્રેથી વહીવટદારની નિમણુંક અગાઉ કરવામાં આવેલ અને જેની મુદત પૂર્ણ થતાં મંડળીની નવી કમીટી કામ બનાવે છે, આમુખ--૩ માં જણાવેલા વા. સા. વાર્ષિક સાધારણ સભા તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૨નો ઠરાવ અને વ્યવસ્થાપક કમીટી ના તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૨ ના ઠરાવમાં ઉલ્લેખ કર્યા મુજબ મંડળીની હાલની કમીટી મંડળીમાં થયેલ ગેરરીતી અન્વયે અગાઉની કાર્યવાહી કાનુની કાર્યવાહી કરવા માટે સક્ષમ નથી. વળી આમુખ--૨ માં જણાવેલા ધી સાબરકાંઠા બેંક હિંમતનગરના તારીખ ૧૬ મી જાન્યુઆરી, ૧૯૯૩ ના પત્રમાં જણાવ્યા મુજબ સદરહુ મંડળીની કમીટીએ દુર કરી કલમ-૮૧ (ડ) મુજબ વહીવટદારની નિમણુંક કરવી જરૂરી સહમતી આપેલ છે. આમ ઉપરોકત વિગતે મંડળીની ચાલુ કમીટી મંડળીમાં વહીવટદાર નીમવા અંગે ઠરાવેલ છે તેમજ આ બાબતે સહકારી બેંક સાથે જરૂરી પરામર્શ થયેલ છે. જે જોતાં નીચેના મુદ્દાઓને મંડળીનો વહીવટ સહકારી કાયદા--કાનૂન અને પેટા-નિયમ અનુસાર સહકારી પ્રવૃત્તિનો હિતમાં તેમજ સભાસદોના બહોળા હિતને લક્ષમાં લેતાં નિયમોનુસાર વહીવટ ચાલે તે માટે નીચેના મુદ્દાઓ અન્વયે મંડળીની કમીટીને દુર કરી વહીવટદારની નીમણુંક કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

૧. મંડળીમાં અગાઉના વર્ષોમાં થયેલ-૩ ગેરરીતીના દાવા દાખલ કરવામાં આવેલા છે. જેવા કે સિલક ઉચાપત રૂા. ૧૦૮૩૦૦/- ધીરાણ માલસ્ટોક ડેડસ્ટોક ગેરરીતી રૂા. ૯૬૦૦૦/- કપાસ એડવાન્સ રૂપિયા ૩૫,૦૦૦/- ઉકત દાવાઓની મુદત પડે છે અને જરૂરી રેકર્ડ સાથે હાજર રહેવું પડે તેમ છે.

૨ મંડળીના માજી સેક્રેટરીના દાદાનું તકરારી ધિરાણ રૂા. ૩૪૦૧૨/-નો દાવો ચાલે છે જેની મુદતોમાં પણ રેકર્ડ સાથે હાજર રહેવું પડે તેમ છે.

૧. અત્રેની કચેરીનો તા.૧૪-૯-૯૨ નો વચગાળાનો આદેશ ક્રમાંક જી ઉકેસુ/ઉખસ/અદ્યગ/ફડચ/૬૮૧.

અંતિમ આદેશ

ક્રમાંક જી ઉકેસુ/ઉખસ/અદ્યગ/ફડચા/૮૮૧/૨૭૧૭૩.-ધી પિપલવાડી વિભાગ કારપેટ ઉદ્યોગ સહકારી મંડળી લી. મું. પો. પીપલવાડી તા. વ્યારા, જિ. સુરત ને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ સુરતના તા.૧૯-૨-૮૫ નાં નોંધણી ક્રમાંક ઉ-૫૮૩૯ થી નોંધવામાં આવી હતી. સબ-ઓડિટર સહકારી મંડળી(ઉદ્યોગ) સુરતના તા. ૧-૭-૯૦ થી ૩૦-૯-૯૨ ના ઓડિટ અહેવાલ પ્રમાણે મંડળી સ્થગીત દશામાં છે. મંડળી છેલ્લા પાંચ વર્ષથી ક અને ડ વર્ગમાં છે. મંડળીમાં વ્યવસ્થાપક કમિટીની કે વાર્ષિક સાધારણ સભાની મીટીંગ મલતી નથી. મંડળી ખોટમાં ચાલે છે. તેમજ મંડળીમાં સભ્યોને/કાર્યવાહકોને રસ ન હોવાને કારણે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ :૧૦૭ હેઠળ મળેલી સત્તાની રૂએ હું શ્રી યુ. ડી. ભટ્ટ મેનેજર (કે. વી. સી. આઇ.) અને જીલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) સુરત આથી ધી પીપલવીડી વિભાગ કારપેટ ઉદ્યોગ સહકારી મંડલી લી. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧), (ક), (૨) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપુ છું. અને એજ કાયદાની કલમ : ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરૂ છું.

સુરત, ૨૪ માહે નવેમ્બર, સને ૧૯૯૨.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :

૧. સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૬-૧૦-૯૨નો પત્ર.

હુકમ

જી. નં. જિઉકે/સુ/ઉખસ/અડગ/ફડચ/૮૦૫/૨૪૭૦૭/૯૨.-ધી ચુનાવાડી વિભાગ કાર્પેટ એન્ડ હેન્ડીક્રાફટ સહકારી મંડળી લી. મુ. પો. ચુનાવાડી, તા. વ્યારા, જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૫૮૪૫, તા. ૧૯-૯-૮૫થી નોંધવામાં આવી હતી જેને મેનેજર (કેવીસીઆઈ) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જિ. ઉ. કેસુ./ઉખસ/ફડચ/૪૨૧, તા. ૩૦-૪-૯૨ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈ પણ જાતનું દેવુ અગર લેણું નથી. તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, ૧૭ માહે ઓકટોબર, સને ૧૯૯૨.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :

૧. સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૬-૧૦-૯૨નો પત્ર.

હુકમ

જી. નં. જિઉકે/સુ/ઉખસ/અડગ/ફડચ/૮૦૬/૨૪૬૨૪/૯૨.-ધી રાયગઢ વિભાગ કાર્પેટ એન્ડ હેન્ડીક્રાફટ સહકારી મંડળી લી. મુ. પો. રાયગઢ, તા. વ્યારા, જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૫૮૪૩, તા. ૧૯-૯-૮૫થી નોંધવામાં આવી હતી જેને મેનેજર (કેવીસીઆઈ) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જિ.ઉ.કેસુ./ઉખસ/અધગ/ફડચ/૩૫૪, તા. ૨૫-૯-૯૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈ પણ જાતનું દેવુ અગર લેણું નથી. તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, ૧૭ માહે ઓકટોબર, સને ૧૯૯૨.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (વણકર/ઉદ્યોગ) સુરતનો સબ-ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતનો તા. ૧-૭-૮૮થી તા. ૩૦-૬-૯૦ સુધીના અન્વેષણ નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જિ.ઉ.કે.સુ./ઉખસ/અધન/ફડચ/૬૭૮/૨૩૨૨૫.-શ્રી મહુવા તાલુકા ઈંટ ઉદ્યોગ સહકારી મંડળ લી. મુ. કરચેલીયા, તા. મહુવા, જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત સુરતના નોંધણી ક્રમાંક : ઉ-૫૮૩૨, તારીખ ૧-૦-૮૪થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૭-૮૮થી તા. ૩૦-૬-૯૦ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

૧. મંડળી છેલ્લા ચાર વરસથી 'ક' વર્ગમાં આવે છે.

૨. મંડળીની આર્થિક સ્થિતિ નબળી છે.

૩. મંડળીએ છેલ્લી ચાર વરસથી ઓડીટ મેમાની દુરસ્તી ન કરીને સહકારી કાયદાની કલમ૮૫નો ભંગ કરેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી યુ. ડી. ભટ્ટ, મેનેજરશ્રી (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની નીમણુંક કરૂં છું.

સુરત, ૧૪ સપ્ટેમ્બર, સને ૧૯૯૨.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (વણકર/ઉદ્યોગ) સુરતનો સબ-ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતનો તા. ૧-૧૦-૯૨થી તા. ૩૧-૧૨-૯૦ સુધીના અન્વેષણ નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જિ.ઉ.કે.સુ./ઉખસ/અધન/ફડચ/૬૭૯/૨૩૨૨૬.-શ્રી કામરેજ તાલુકા ઔદ્યોગીક સેવા સહકારી મંડળ લી. મુ. નનસાડ, તા. કામરેજ, જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત સુરતના નોંધણી ક્રમાંક : ઉ-૭૫૯૯, તારીખ ૬-૩-૯૨થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૧૦-૯૦થી તા. ૩૧-૧૨-૯૧ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

૧. મંડળી છેલ્લા બે વર્ષથી 'ક' વર્ગમાં આવે છે.

૨. મંડળીએ છેલ્લી ત્રણ વરસથી ઓડીટ મેમાની દુરસ્તી કરી નથી અને સહકારી કાયદાની કલમ૮૫નો ભંગ કરેલ છે.

૩. મંડળીની છેલ્લા કેટલાક સમયથી સ્થગિત અવસ્થામાં છે.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી યુ. ડી. ભટ્ટ, મેનેજરશ્રી (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં

લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની નીમણુંક કરૂં છું.

સુરત, ૧૪ સપ્ટેમ્બર, સને ૧૯૯૨.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

સબ-ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતનો તા. ૧-૪-૯૦થી તા. ૩૧-૩-૯૨ સુધીના અન્વેષણ નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જિ.ઉ.કે.સુ./ઉખસ/અધન/ફડચ/૭૧૪/૨૩૨૨૭.-શ્રી વાલોડ તાલુકા નીરા ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. વાલોડ, તા. વાલોડ, જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત સુરતના નોંધણી ક્રમાંક : ઉ-૧૧૩૧, તારીખ ૩૧-૧૨-૬૨થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૪-૯૦થી તા. ૩૧-૩-૯૨ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

૧. મંડળી છેલ્લા ત્રણ વરસથી 'ડ' વર્ગમાં આવે છે.

૨. મંડળી છેલ્લા ઘણા વરસથી સ્થગિત અવસ્થામાં છે.

૩. મંડળીએ છેલ્લા ત્રણ વરસથી ઓડીટમેમોની દુરસ્તી ન કરીને સહકારી કાયદાની કલમ ૮૫નો ભંગ કરેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી યુ. ડી. ભટ્ટ, મેનેજરશ્રી (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની નીમણુંક કરૂં છું.

સુરત, ૧૪ સપ્ટેમ્બર, સને ૧૯૯૨.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

સબ-ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતનો તા. ૧-૭-૮૯થી તા. ૩૧-૯-૯૧ સુધીના અન્વેષણ નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જિ.ઉ.કે.સુ./ઉખસ/અધન/ફડચ/૭૧૩/૨૩૨૨૪.-શ્રી કુકરસર મહિલા ઉદ્યોગ ઉત્પાદન સહકારી મંડળી લી. મુ. મેઘારપાડા, તા. સોનગઢ, જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત સુરતના નોંધણી ક્રમાંક : ઉ-૫૮૩૭, તારીખ ૨૪-૪-૮૫થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૭-૮૯થી તા. ૩૦-૯-૯૧ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

૧. મંડળી છેલ્લા બે વર્ષથી 'ક' વર્ગમાં અને ચાલુ વરસે 'ડ' વર્ગમાં આવે છે.

૨. મંડળીએ છેલ્લા બે વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

૩. મંડળીએ છેલ્લા બે વર્ષથી ઓડીટમેમાની દુરસ્તી ન કરીને સહકારી કાયદાની કલમ ૮૫નો ભંગ કરેલ છે. મંડળીની આર્થિક સ્થિતિ નબળી છે.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી યુ. ડી. ભટ્ટ, મેનેજરશ્રી (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની નીમણુંક કરૂં છું.

સુરત, ૧૪ સપ્ટેમ્બર, સને ૧૯૯૨.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (વણકર/ઉદ્યોગ) સુરતની/સબ-ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતનો તા. ૧-૭-૮૮થી તા. ૩૦-૬-૯૦ સુધીના અન્વેષણ નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જિ.ઉ.કે.સુ./ઉખસ/અધત/ફડચ/૬૭૭/૨૩૨૨૩.-શ્રી ડુમસ વણકર તથા ગ્રામોદ્યોગ સહકારી મંડળી લી. મુ. ડુમસ, તા. ચોર્યાસી, જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત સુરતના નોંધણી ક્રમાંક : પી-૫૬૭, તારીખ ૧૦-૨-૪૯થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૭-૮૯થી તા. ૩૦-૬-૯૧ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

૧. મંડળી છેલ્લા ઘણા વરસથી 'ક' વર્ગમાં છે.

૨. મંડળીએ છેલ્લી કેટલાંક સમયથી ઓડીટ મેમાની દુરસ્તી કરે નથી અને સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કર્યો છે. મંડળીએ છેલ્લા ઘણા વરસોથી સ્થગિત અવસ્થામાં છે.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી યુ. ડી. ભટ્ટ, મેનેજરશ્રી (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની નીમણુંક કરૂં છું.

સુરત, ૧૪ સપ્ટેમ્બર, સને ૧૯૯૨.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

સબ-ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતનો તા. ૧-૧-૯૦થી તા. ૩૦-૯-૯૧ સુધીના અન્વેષણ નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જિ.ઉ.કે.સુ./ઉખસ/અધત/ફડચ/૦૧૨/૨૩૨૨૨.-શ્રી પંચોલ વિભાગ હીરા ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. ડોલવણ, તા. વ્યારા, જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત સુરતના નોંધણી ક્રમાંક : તારીખ થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૧-૯૦થી તા. ૩૦-૯-૯૧ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

૧. મંડળી હાલમાં 'ક' વર્ગમાં ચાલે છે.

૨. મંડળીની આર્થિક સ્થિતિ નબળી છે.

૩. મંડળીએ છેલ્લા ત્રણ વરસથી ઓડીટ મેમાની દુરસ્તી ન કરીને સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી યુ. ડી. ભટ્ટ, મેનેજરશ્રી (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની નીમણુંક કરૂં છું.

સુરત, ૧૪ સપ્ટેમ્બર, સને ૧૯૯૨.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

સબ-ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતનો તા. ૧-૧-૮૯થી તા. ૩૦-૯-૯૧ સુધીના અન્વેષણ નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જિ.ઉ.કે.સુ./ઉખસ/અધત/ફડચ/૬૮૨/૨૨૩૯૭.-શ્રી દક્ષિણ વ્યારા તાલુકા સુથારી ઔદ્યોગિક સહકારી મંડળી લી. મુ. મોલવણ તા. વ્યારા, જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત સુરતના નોંધણી ક્રમાંક : ઉ-૫૮૨૯, તારીખ ૨૦-૯-૮૯થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૭-૮૯થી તા. ૩૦-૯-૯૧ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

૧. મંડળીની આર્થિક સ્થિતી નબળી છે.

૨. મંડળીએ તેની પેટાનિયમ પ્રમાણે કોઈપણ જાતની પ્રવૃત્તિ હાથધરી નથી અને મંડળી સ્થગિત અવસ્થામાં છે.

૩. મંડળીએ તેના ઓડીટમેમાની ઓડીટ દુરસ્ત ન કરી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી યુ. ડી. ભટ્ટ, મેનેજરશ્રી (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની નીમણુંક કરૂં છું.

સુરત, ૧ સપ્ટેમ્બર, સને ૧૯૯૨.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતની તા. ૧-૪-૯૦થી તા. ૩૦-૬-૯૦ સુધીના અન્વેષણ નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જિ.ઉ.કે.સુ./ઉખસ/અધત/ફડચ/૬૮૪/૨૩૨૯૯.-શ્રી દરજી કારીગર ઉત્પાદન સહકારી મંડળી લી. મુ. માંડવી, તા. માંડવી, જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત સુરતના નોંધણી ક્રમાંક : ઉ-૭૮૪૦, તારીખ ૧૧-૭-૮૯થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૪-૯૦થી તા. ૩૦-૫-૯૧ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

૧. મંડળી છેલ્લા ચારા વરસથી 'ક' વર્ગમાં ચાલે છે.

૨. મંડળીની આર્થિક સ્થિતી નબળી છે.

૩. મંડળીએ છેલ્લા બ વર્ષની ઓડીટ મેમાની દુરસ્તી કરીને સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

૪. મંડળીના સંચાલકોને મંડળીના કામસબબ રસ હોય તેવું લાગતું નથી.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી યુ. ડી. ભટ્ટ, મેનેજરશ્રી (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની નીમણુંક કરૂં છું.

સુરત, ૧૪ સપ્ટેમ્બર, સને ૧૯૯૨.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

સબ-ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતનો તા. થી તા. સુધીના અન્વેષણ નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જિ.ઉ.કે.સુ./ઉખસ/અધત/ફડચ/૬૮૩/૨૩૩૯૮.-શ્રી ભોજપુર નજીક વિભાગ ઈંટ ઉદ્યોગ સહકારી મંડળીલી. મું. ભોજપુર નજીક, તા. વ્યારા, જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે

મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત સુરતના નોંધણી ક્રમાંક : ઉ-૯૦૯૬, તારીખ ૩૦-૧-૮૯થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૧૦-૯૦થી તા. ૩૦-૫-૯૧ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

૧. મંડળી 'ક' વર્ગમાં ચાલે છે.

૨. મંડળીએ શરૂઆતથી આજદિન સુધી તેના ઓડીટમેમોની ખામીઓની દુરસ્ત કરી દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી.

૩. મંડળીનું રજિસ્ટ્રેશન થયા પછી મંડળી સ્થગિત અવસ્થામાં છે.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી યુ. ડી. ભટ્ટ, મેનેજરશ્રી (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની નીમણુંક કરૂં છું.

સુરત, ૧ સપ્ટેમ્બર, સને ૧૯૯૨.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ. ઉ. કે. સુ./નધણ/૮૨૬/૨૪૮૩૫/ઉ-૫૩૩૧/૯૨.- પાંડેસરા મહિલા ગૃહ ઉદ્યોગ સ. મં. લી. મર્યાદિત સ્થળ : પાંડેસરા, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સુરત સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, ૨૦ માહે ઓકટોબર, સને ૧૯૯૨.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ. ઉ. કે. સુ./નધણ/૭૭૬/૨૩૯૨૨/ઉ-૫૩૩૦/૯૨.- સખી મહિલા ઉદ્યોગ ઉત્પાદન સ. મં. લી. મર્યાદિત સ્થળ : આઠવા ગેટ સુરત, તાલુકો : ચોર્યાસી, જિ. સુરત સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, ૭ માહે ઓકટોબર, સને ૧૯૯૨.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :

૧. સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતનો તા. ૨૯-૬-૯૨નો પત્ર.

હુકમ

જા. નં. જિઉકે/સુ/ઉખસ/અડગ/ફડચ/૫૬૮/૨૦૦૭૮.-ધી માંડવી તાલુકા મહિલા ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. પો. માંડવી, તા. માંડવી, જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર : ઉ-૩૬૪૨, તા. ૨૮-૧૧-૭૫થી નોંધવામાં આવી હતી જેને મેનેજર (કેવીસીઆઈ) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રણાણે જિ.ઉ.કે.સુ./ઉખસ/ફડચ/ગ/૨૯૧ તા. ૧૩-૮-૮૪ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈ પણ જાતનું દેવુ અગર લેણું નથી. તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, ૩ માહે જુલાઈ, સને ૧૯૯૨.

યુ. ડી. ભટ્ટ,
મેનેજર (કેવીસીઆઇ) અને
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ઉદ્યોગ),
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
સુરત.

INDEX

REGISTERED No. G-BA—14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLI] THURSDAY, AUGUST 10, 2000 / SRAVANA 19, 1922 [No. 32

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette.	2103-2161	Part	I-B—Government Notifications published under Land Acquisition Act only.	397-413
Part-IA—	Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts pertaining only to the Supplement to the Central Gazette.—	32	Part-I-L-	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	4524-4720

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨) ની કલમ-૩૭ (૩) અન્વયે.

ક્રમાંક એસ.બી. / જાહેરનામું / ૧૯/ ૨૦૦૦. / ઉ/ગપક / વિ.શી. ૨૦૦૦.—સુરત શહેરમાં હાલમાં ચાલતા વિવર્સોના વિજળી બીલના ભાવ વધારા અંગે ચાલતા કાર્યક્રમને લક્ષમાં લઈને સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા સારૂ તથા સુરત શહેરની જનતાની સુલેહ શાંતી તથા સલામતી અંગે ભય ઉપસ્થિત થવાનો સંભવ છે, જે અટકાવવા અંગે સાવચેતીના પગલાં રૂપે,

વાસ્તે હું, કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨) માંની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૮મી જુલાઈ, ૨૦૦૦ કલાક ૦૦-૦૦થી તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૦

ઉ૫૦ ple. G. C. I—307

કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસો એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

વિસ્તાર.—સમગ્ર પોલીસ કમિશનરેટનો હકુમત હેઠળનો વિસ્તાર.

સ્પષ્ટીકરણ.—રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

હું, એવો પણ આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી હોમગાર્ડ દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને / કોઈ સ્મશાન યાત્રાને.

(૪) પરવાનગી મેળવી ભરાતી સભા કે સરઘસને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૦૦ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને. ૧૯૫૧ ની ૨૨માં)ની કલમ ૩૭(૩) અન્વયે.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૨૦/૨૦૦૦/૭-ગપક/વિ.શી./૨૦૦૦.—સુરત શહેરમાં હાલમાં ચાલતા વિવર્સોના વિજળી બીલના ભાવ વધારા અંગે ચાલતા કાર્યક્રમને લક્ષમાં લઈને સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા સારું તથા સુરત શહેરની જનતાની સુલેહ શાંતી તથા સલામતી અંગે ભય ઉપસ્થિત થવાનો સંભવ છે. જે અટકાવવા અંગે સાવચેતીના પગલા રૂપે.

વાસ્તે હું, કે. એન શર્મા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨) માંની કલમ ૩૭ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી ઓગસ્ટ,૨૦૦૦ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૦૦ કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસો એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

વિસ્તાર—સમગ્ર પોલીસ કમિશનરેટનો હકુમત હેઠળનો વિસ્તાર.

સ્પષ્ટીકરણ—રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

હું, એવો પણ આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી હોમગાર્ડ દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને/ કોઈ સ્મશાન યાત્રાને.

(૪) પરવાનગી મેળવી ભરાતી સભા કે સરઘસને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૦નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે એન શર્મા,
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭ (૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.પી.એ.-૮ / ૨૦૦૦.— માહે ઓગષ્ટ ૨૦૦૦ના માસમાં રક્ષાબંધન, પારસી નૂતનવર્ષ દિન, તેમજ જન્માષ્ટમીના તહેવારો આવતા હોઈ લોકોની તથા જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર જનતાની અને સલામતી જાળવવા સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવારો, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારિક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું, એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મનાઈ કરું છું. આ હુકમ તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૦ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી. :

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ આવું કંઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

INDEX

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરિક અશક્તિને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૩૧મી માહે જુલાઈ સને ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી. / વશી / ૩૫૪૧.— ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૦૦ના દિવસે સવારના ૬.૦૦ વાગ્યાથી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૦ રાત્રીના ૨૪.૦૦ કલાક (બંન્ને દિવસો સુધ્ધા) સુધી.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ટોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ, ફેંકવાના ધકેલવાના યંત્રો સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ.

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો પત્રિકા પ્લે-કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ નોટીસો, પરિપત્ર ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ કે જે શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આ અર્થે ખાસ કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

" ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર "

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

મે આજરોજ તારીખ ૨૯મી જુલાઈ, સને ૨૦૦૦નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી. / વશી / ૩૫૪૨.— ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં વ્યકિતઓનો કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂરી-જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨ માં) ની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૦૦ નાં દિવસે સવારના ૦૬.૦૦ વાગ્યાથી તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૦ નાં રોજ સાંજના ૨૪.૦૦ વાગ્યા સુધી (બંન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓનો કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો "

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫(૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ માં ૪૫ ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જુલાઈ સને ૨૦૦૦ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

INDEX

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બી. પી. એ. / રજિ. નં. ૩૪/૨૦૦૦.— મ્યુનિસિપલ બરો, પારડી, તાલુકો: પારડી, જિલ્લો : વલસાડએ તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૦૦ નાં પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અનુસાર વલસાડ ઝાંપા ઓક્ટ્રોઈ નાકાથી સરદાર ભીલાડવાળા બેંક સુધીના રસ્તો આર.સી.સી. રોડ બનાવવાનું કામ કરવામાં આવનાર છે. જેનાથી વાહનોની અવર જવર થઈ શકશે નહીં અને રસ્તો બંધ રહેશે. આ કામગીરી અંદાજે ૨૦ દિવસ ચાલશે. આથી આ વિસ્તારમાં વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત જાહેર કરવા જણાવેલ છે.

સબબ ઉપરોકત રસ્તો જાહેર સલામતી તથા જાહેર વ્યવસ્થાના હિતમાં વાહન વ્યવહાર માટે બંધ કરવાનું જરૂરી જણાય છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો ની કલમ ૩૩ ની પેટા-કલમ ૧ ના કલોઝ (બી) થી મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આથી નીચેના નિયમો કરૂં છું.

(૧) પારડી નગરપાલિકા બરો વિસ્તારમાં વલસાડી ઝાંપા ઓક્ટ્રોઈ નાકાથી પારડી ભીલાડવાળા બેંક સુધીનો રસ્તો આર.સી.સી. બનાવવાની કામગીરી કરવામાં આવશે. જેથી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૦૦ થી તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૦૦ના સમયગાળા માટે ઉક્ત માર્ગ પ્રતિબંધિત જાહેર કરવામાં આવે છે. ઉપરોકત માર્ગ પરના પ્રતિબંધિત વાહન વ્યવહાર નીચે જણાવેલ માર્ગ ઉપરથી અવર જવર કરી શકશે.

(૨) ઉકત રસ્તો બંધ થતાં વાહન વ્યવહાર તથા જનતાના અવર જવર માટે વલસાડી ઝાંપા ઓક્ટ્રોઈ નાકાથી ને. હા. નં. ૮ ઉપરથી પારડી ચાર રસ્તા હાઈવે તરફ.

વલસાડ, તારીખ ૨૬મી જુલાઈ, ૨૦૦૦.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ ૩૭૮૩ અન્વયે.

નંબર ડી.સી.બી. / એમ.જી. / બી.પી.એ. / રજી. નં. ૩૫/૨૦૦૦.— જિલ્લામાં આગામી રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિવસ, થીશાબીલ તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ ૩૭ ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૦ સુધી (બંન્ને દિવસ સધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં. સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ ૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૦ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વલસાડ, તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૦.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર ડી.સી.બી. / એમ.જી. / બી.પી.એ. રજી. નં. ૩૬/૨૦૦૦.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમ કલમ ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ આગામી રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિવસ, થીસાબીલ પૂર્વેની સ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૧૬ મી ઓગષ્ટ, ૨૦૦૦ (બંન્ને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તું તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:--

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

INDEX

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) ના કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી/૩૯/૨૦૦૦.—મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કિરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, આગામી તારીખ ૩૧મી જુલાઇ ૨૦૦૦ ના રોજ દિવાસાના તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં જાહેર શાંતી અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે તારીખ ૩૦મી જુલાઇ ૨૦૦૦ થી તારીખ ૯મી ઓગસ્ટ ૨૦૦૦ સુધી (બંને દિવસો શુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા મસાલ લઈ જવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(છ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા અને પ્લેબોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવાની અથવા ફેલાવો કરવાની.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોય તેવી પોવલીસ અધિકારી જે તે શારીરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૮મી જુલાઈ ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કીરીટ કે. દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) (૨) મુજબ.

નંબર પલસ/વશી/જાહેરનામું/૩૦૦૧/ ૨૦૦૦.—સુરત ગ્રે કાપડ ઉત્પાદક સંઘે તરફથી મહારાષ્ટ્રનાં ભિરાડીના સમાન વીજદરની માંગણીઓ અંગે આગામી તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૦૦ ના રોજથી સુરત શહેર તેમજ જિલ્લામાં ચાલતા પાવર લુમ્સના યુનીટ બંધ રાખવાની જાહેરાત કરેલ છે. અને તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૦૦ ના રોજથી પાવરલુમ્સ યુનીટ અચોક્કસ મુદત સુધી સુરત ગ્રે કાપડ ઉત્પાદક સંઘે બંધ રાખવાની જાહેરાત કરેલ હોય, જેથી કીમ-કઠોદરા પીપોદળામાં આવેલા કારખાનાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહ શાંતી અને સલામતી જાળવવાની જરૂર છે. તેવું મને જણાયું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમ) ની કલમ ૩૭ ની પેટા કલમ ૧ અને ૨ અન્વયે મળેલ અધિકારની રૂએ હું, શ્રી આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૦૦ થી તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૦ (બંને દિવસો સુધ્ધા) સુધી કોઈપણ વ્યકિતએ,

(ક) શસ્ત્રો, દંડો, તલવાર, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયધર્મો પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પત્થરો ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો લઈ જવા નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

INDEX

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુ તૈયાર કરવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડા કે તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

વિસ્તાર :—કીમ, કઠોદરા, તાલુકો : ઓલપાડ, પીપોદળા, તાલુકો : માંગરોળ.

૧. આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૧)(૨) મુજબ.

નં. પલસ/જાહેરનામું/વશી/૩૦૧૭/૨૦૦૦.—સુરત ગ્રે કાપડ ઉત્પાદક સંઘ તરફથી મહારાષ્ટ્રના ભીવંડીના સમાન વિજદરની માંગણીના સંદર્ભમાં તા. ૨૨મી જુલાઈ ૨૦૦૦ થી અચોક્કસ મુદતથી પાવર લુમ્સ યુનિટો બંધ રાખવાની જાહેરાત કરેલ છે તેમજ ઉપરોકત આંદોલનના સંદર્ભમાં તા. ૨૮મી જુલાઈ, ૨૦૦૦ થી જલદ કાર્યક્રમો આપવાની જાહેરાત કરેલ છે. તેથી સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ કીમ, કોસંબા, સાયણ, પીપોદરા, પાલોદ, કારંજ, કઠોદરા, પલસાણા વિગેરે વિસ્તારોમાં આવેલ પાવર લુમ્સ તેમજ આનુષંગિક ઉદ્યોગોના કારખાનાઓના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાની જરૂર છે તેવું મને જણાયું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મને મળેલ અધિકારની રૂએ હું આર. જે. માકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તા. ૨૮મી જુલાઈ, ૨૦૦૦ થી તા. ૧૦મી ઓગસ્ટ ૨૦૦૦ સુધી (બંને દિવસો સહિત) કોઈપણ વ્યકિતએ.

(ક) શસ્ત્રો, દંડો, તલવાર, ઘોડા, બંદુક, છરા, લાકડી, લાકડા, લાઠી વિગેરેથી શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયધર્મી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવામાં કે ધકેલવામાં શસ્ત્રો અથવા સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરુચિનો અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી. તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહીં તેમજ તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુ તૈયાર કરવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી:—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડા કે તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

(૧) ઓલપાડ: ઓલપાડ તાલુકો સમગ્ર વિસ્તાર

(૨) માંગરોળ : માંગરોળ તાલુકાનો સમગ્ર વિસ્તાર.

(૩) માંડવી : માંડવી તાલુકાનો સમગ્ર વિસ્તાર.

(૪) પલસાણા : પલસાણા તાલુકાનો સમગ્ર વિસ્તાર.

(૫) કામરેજ : કામરેજ તાલુકાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૮મી જુલાઈ ૨૦૦૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

આર. જે. માકડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/ડ ના આધારે) તારીખ ૬, ૧૩, ૨૦, ૨૭મી માહે જુલાઇ સને ૨૦૦૦ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૧૦૮/૩૦મી જૂન ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીયાદ.
૨	૧૦૯/૩૦મી જૂન ૨૦૦૦	પોલિસ કમિશનર, વડોદરા શહેર.
૩	૧૧૦/૩૦મી જૂન ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૪	૧૧૧/૩૦મી જૂન ૨૦૦૦	કલેકટર, આણંદ
૫	૧૧૨/૪થી જુલાઇ ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા
૬	૧૧૩/૪થી જુલાઇ ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા
૭	૧૧૪/૭મી જુલાઇ ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૮	૧૧૫/૭મી જુલાઇ ૨૦૦૦	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૯	૧૧૬/૧૦મી જુલાઇ ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ
૧૦	૧૧૭/૧૩મી જુલાઇ ૨૦૦૦	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર.
૧૧	૧૧૮/૧૭મી જુલાઇ ૨૦૦૦	અધિક પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૨	૧૧૯/૧૭મી જુલાઇ ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૩	૧૨૦/૨૧મી જુલાઇ ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૪	૧૨૧/૨૪મી જુલાઇ ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર.
૧૫	૧૨૨/૨૬મી જુલાઇ ૨૦૦૦	પોલીસ કમિશનર, વડોદરા શહેર.

———

Supple. C. G. I—309

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

NOTE

The Notifications issued by the District Registrar of Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part I, should be *read* to have been published in issue No. 32 of *Gujarat Government Gazette*, Part I, dated 10th August, 2000 and for pages VAD-433 to VAD-484 (in 1 set) *read* page Nos. 2110 to 2161

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે તારીખ ૧૦મી ઓગસ્ટ ૨૦૦૦ના ગુજરાત રાજ્યના ભાગ-૧ ના અંક ૩૨માં પ્રસિધ્ધ થયેલ છે તેમ વાંચવું. અને પાના વીએડી- ૪૩૩ થી વીએડી- ૪૮૪ (૧-બંચમાં) ને પાન નંબર ૨૧૧૦ થી ૨૧૬૧ વાંચવા.

Vadodara, 10th August, 2000.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

વંચાણે લીધા :

(૧) શ્રી મેનેજર, ધી સહકારી કા. જી. મ. સહ. બેંક લી. હિંમતનગરના જા. નં. સુપર/૩૫/૨૦૫૧૮ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૨.

(૨) અત્રેની કચેરીના જા. નં. વહટ/૦૧/ક/૧૯૨૪ તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૩.

આલોચના

ક્રમાંક વહટ / ૦૧/ ૩ / ૭૩/૧૯૯૩.—ધી પીલુદ્રા ગ્રુપ સેવા સહકારી મંડળી લી. પીલુદ્રા તાલુકો પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠાએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીની વહીવટીય પરિસ્થિતિ કથળતા ઉકત પ્રીએમ્બલ-૧ના પત્રથી શ્રી મેનેજર, સાકોબેંક લી. હિંમતનગર કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદારની નિમણુંક કરવા ભલામણ અહેવાલ રજ કરતાં તે અન્વયે જણાવેલ વિગતો મુજબના અત્રેના ઉકત પ્રીએમ્બલ ૨નો જા. નં. થી મંડળીના વ્યવસ્થાપક કમીટી સભ્યોને રજી. પોસ્ટથી નોટીસ આપી તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૨ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત યા મૌખિક રજૂઆત કરવાથી તક આપવામાં આવતાં સદર તારીખે હાજર રહેલ નહીં તેમ છતાં ફરીથી તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૯૩ના રોજ મુદત આપતો હાજર રહેલ નહી. સાકોબેંકના તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૩ ના પત્રથી મંડળીને વહેલી તકે વહીવટદાર મુકવા માગણી કરેલ છે. જે જોતાં નીચેના મુદ્દાઓને કારણે મંડળીનો વહીવટ સહકારી કાયદાકાનુન અને પેટા નિયમ અનુસાર સહકારી પ્રવૃત્તિની હિતમાં તેમજ સભાસદોના બહોળા હિતને લક્ષમાં લેતાં નિયમ અનુસાર વહીવટ ચાલે તે માટે નીચેના મુદ્દા અન્વયે મંડળીની કમીટીને દુર કરી વહીવટદારની નિમણુંક કરવાની જરૂરીયાત રહે છે.

(૧) મંડળીના ૨૫૨ સભ્યો પૈકી માત્ર ૧૭ સભ્યોજ ધીરાણ લે છે તે તમામ મુદતવીતી બાકીદાર રૂ. ૧૬૯૬૭૬/- છે. સદર વસૂલાત મેળવવા મંડળીના વ્યવસ્થાપક કમીટી સભ્યો તદ્દન નિષ્ક્રિય નિરસ જણાય છે. પરિણામે વસુલાત આવતી નથી.

(૨) મંડળી ક્ષેત્રે ધીરાણ બાકી રૂ. ૧.૯૯ લાખ છે. બેંકલોન રૂ. ૨.૯૯ લાખ છે આમ રૂ. ૧.૦૦ લાખ જેવો મોટો ગાળો પડે છે. જે ગાળો ઓછો કરવા વ્યવસ્થાપક કમીટીને કોઇ રસ નથી.

૩ મંડળીના સેક્રેટરી ૨૦ વર્ષથી હોવા છતાં વસૂલાત કરવા નથી. પોતેજ મુદતવીતી બાકીદાર હોવાથી શેહ શરમ રાખી બીજી વસૂલાત કરવા અસરકારક કામગીરી કરતા નથી.

૪ મંડળીની વ્યવસ્થાપક કમીટી પેટા નિયમ મુજબ દરમાસે મળવી જોઇએ જે મળતી નથી પરિણામે છેલ્લા ચાર વર્ષથી ધીરાણ વસૂલાત સ્થગિત થઇ ગઇ છે પરિણામે આવકો બંધ થવાથી વહીવટીય ખર્ચા ઓને કારણે ખોટ દિન પ્રતદિન વધતી જાય છે.

૫ મંડળીના સેક્રટરી રાજીનામુ આપે છે છતાં વ્યવસ્થાક કમીટી રાજીનામું મંજુર કરતી નથી. પરિણામે મંડળીનું અસ્તીત્વ માત્રજ છે. મંડળીના બાકીદારો પ્રતિષ્ઠિત હોવાથી તેમની પાસેથી વસુલાત મેળવવા કોઇ પ્રયત્નો થતા નથી. વસૂલાત આવે તેવા કોઇ સંજોગો નથી. આમ વ્યવસ્થાપક કમીટી સભ્ય તેમજ સેક્રેટરી મુદતવીતી મુદતવીતી બાકીદાર હોવાથી વસુલાત કરવા પ્રયત્નો કોઇજ થતા નથી.

ઉપરોકત નોટીસનો ખુલાસો કરેલ નથી. વ્યવસ્થાપક કમીટી કાયદા કાનૂન પેટા કાયદાથી નાખવામાં આવેલ ફરજો બજાવવામાં વારંવાર નિષ્ફળ ગયેલ છે. નિષ્ક્રિય રહેલ છે. વહીવટમાં નિષ્ફળ જણાવેલ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદાર નીમવાની જરૂર જણાતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી, હિંમતનગર મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ઉકત આલોચનાની વિગતે ધી પિલુદ્રા ગ્રુપ સેવા સહકારી મંડળી લીમીટેડ તાલુકો પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠા માં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરને મંડળીનો ચાર્જ સંભાળ્યા તારીખથી ૧૨ માસ માટે નીચેની શરતોને આધીન નિમણુંકનો આદેશ કરૂ છું.

શરતો :

(૧) વહીવટદારને સદર મંડળીના કામકાજની બદલામાં માસિક રૂ. ૩૦૦/- મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચુકવવામાં આવશે.

(૨) વહીવટદાર અત્રની પરવાનગીથી મંડળીના કામકાજ માટે કર્મચારી રોકી શકશે તેમજ નાણાંકીય ખર્ચ અત્રેની પૂર્વ મંજુરીથી કરવાનો રહેશે.

(૩) મંડળી વતી અન્ય કોઇપણ સંસ્થામાં મતદાન કરી શકશે નહી.

(૪) દરમાસે કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીને અચુક મોકલી આપવાનો રહેશે તેમજ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :

૧. સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯ (ખ)ની જોગવાઇ.
૨. આ કચેરીના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૦૨૮/૯૩ તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૩.
૩. આ કચેરીના તારીખ માર્ચ ૧૯૯૩ ની મંજુર થયેલ નોંધ.

આલોચના :

ક્રમાંક ફડચ/૧/ગ/૪૩૫/૧૯૯૩.—ધી કમાલપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, તાલુકો ઇડર, જિલ્લો સાબરકાંઠાએ સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક સે/૩૩/૯ તારીખ ૨૪મી માર્ચ ૧૯૭૫ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર મંડળીની આર્થીક સ્થિતિ તથા વહીવટી સ્થીતી કથળી જતાં આ કચેરીના હુકમ ક્રમાંક ફડચ/ફ/૯૦૮૦ ગ/૧૨૩/૯૨ તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૨ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી તથા ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જી. મ. સહકારી બેંક લી. હિંમતનગરથી નિમણુંક કરવામાં આવેલ હતી હતી જે અન્વયે ફડચા અધિકારીએ ચાર્જ સંભાળી ફડચાની કામગીરી ચાલુ કરેલ હતી. તેમાં મંડળીના સભાસદો તરફથી મંડળીની પુન:

જીવીત કરવા રજુઆત થતાં મંડળીની ખાસ સાધારણ સભા તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૨ ના રોજ કમાલપુર મુકામે રાખવામાં આવેલ હતી જે ખાસ સાધારણ સભામાં ઠરાવ નં. ૨ થી મંડળીને પુન: જીવીત કરવા ઠરાવવામાં આવે છે જે ફડચાધિકારીની મંડળી પુન: જીવીત કરવાની દરખાસ્તના આધારે પ્રી-૨માં જણાવેલ હુકમથી ૩૦ દિવસની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી કોઇ વાંધા સુચનો હોય તો હુકમથી તારીખથી દિન-૩૦માં રજુ કરવા જણાવેલ હતું જે અંગે કોઇ વાંધા સૂચનો ઉકત સમય ગાળામાં રજુ ન થતાં કમાલપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી તાલુકો ઇડરને પુન: જીવીત કરવા નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિંમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના, અધિનિયમની કલમ-૧૯ (ખ) હેઠળ મને પ્રાપ્ત થયેલ અધિકાર અને સત્તાની રૂએ ધી કમાલપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકો વિજયનગરને પુન: જીવીત કરવા નીચેની શરતોએ આદેશ કરૂ છું.

શરતો

૧. સભ્યો મંડળીમાં રસ લેવા પ્રેરાય તથા મંડળીની પ્રગતિ થાય તે માટે તમામ પ્રયત્નો વ્યવસ્થાપક કમીટી સભ્યોએ કરવાના રહેશે.

૨. મંડળીમાં વધુમાં વધુ દુધ ભરાય તે માટે વ્યવસ્થાક કમીટી સભ્યોએ રસ લેવા સુચના છે.

૩. મંડળીમાં તાલીમ પામેલ અનુભવી મંત્રીની નિમણુંક કરવી.

૪. મંડળીમાં નિયમીત રીતે તમામ દફતર સંભાળવું દુધના ફેટ ટેસ્ટીંગ નિયમીત કરવાના રહેશે.

૫. મંડળીમાં હાલમાં જે દેવા લ્હેણા છે તે સ્વીકારવાના રહેશે.

૬. મંડળી કાયદા કાનુન પેટા કાયદા પ્રમાણે કાર્યવાહી કરવી તથા વ્યવસ્થાપક કમીટી સભ્યોએ મંડળીની પ્રગતિ સાધવા સુચના છે.

હિંમતનગર, તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૩.

નંબર સે. તે. ૧૦૨૮૨ / ઉખસ / નધણ / ૦૧ / ૩ / ૭૪૪/૯૩.— આથી જાહેર કરે છે કે, ધી જીતપુર ગૃપ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ જીતપુર, તાલુકો બાયડ, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૩.

નંબર સે. તે. ૧૦૨૮૦ / ઉખસ / નધણ / ૦૧ / ૩ / ૭૫૧/૯૩.— આથી જાહેર કરે છે કે ધી નીચીધનાલ ગૃપ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ નીચીધનાલ, તાલુકો ખેડબ્રહ્મા, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૩.

નંબર સે. તે. ૧૦૨૮૧ / ઉખસ / નધણ / ૦૧ / ૩ / ૭૫૦/૯૩.— આથી જાહેર કરે છે કે ધી શરડીકંપા ગૃપ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ શરડીકંપા પોસ્ટ. શાન્તીપુરા કંપા તાલુકો.— બાયડ, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક હ-૨૮, ૮૪ / ડીડીસી / ૧૧૮૨/૭૪૨૫/૨, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૮૪.

(૨) ફડચા અધિકારીશ્રી (સાકોબીક) ધી બાબોડા ગૃપ સેવા સહકારી મંડળી લી., (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીના તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૩ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ / ૦૧ / ગ / ૫૬૨/૯૩.— શ્રી ધી બાબોડા ગૃપ સેવા સહકારી મંડળી લી. મુકામ બાલોડા, તાલુકા ઈડર, જિલ્લો સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં. સે--૧૧૨૦૭- તારીખ ૮ મી સપ્ટેમ્બર, ૧૯૭૦ થી નોંધાયેલ છે. જેને આ કચેરીના, હુકમ ક્રમાંક સરખા તારીખ ૪ થી એપ્રિલ, ૧૯૮૬ થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૩ ના સરખા ક્રમાંક ...... ના આદેશ થી પુર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૨૦ અન્વયે હું એમ. સી પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન--૧૫ માં આ કચેરીની સંમત શાખાને સોંપી દેવાનું રહેશે. તથા બાકી કામગીરી માટે ધી સા. જી. મ. સ. બેન્ક લી., હિમ્મતનગરની ટ્રસ્ટી તરીકે નિમણુંક કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક હ--૨૮, ૮૪/ડીડીસી/૧૧૮૨/ ૭૪૨૫/ગ, તારીખ ૨૨ મી માર્ચ, ૧૯૮૪.

(૨) ફડચા અધિકારી શ્રી ધી ભમરેચીયા મુવાડા ગૃપ સેવા સહકારી મંડળી લી., (ફડચામાં) આ કચેરીના તારીખ ૨૬ મી માર્ચ, ૧૯૯૩ નો અહેવાલ

INDEX

આદેશ

શ્રી ધી ભમરેચીયાના મુવાડા ગૃપ સેવા સહકારી મંડળી લી., મુકામ ભમરેચીયાના મુવાડા, તાલુકા પ્રાંતિજ, જિલ્લો સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં. સે--૨૩૩૫૧, તારીખ ૭ મી જુન, ૧૯૫૭ થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક સરખા તારીખ ૩૦ મી ઓગસ્ટ, ૧૯૮૯ થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૩ ના સરખા ક્રમાંક ....ના આદેશ થી પૂર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૨૦ અન્વયે હું, એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫ માં આ કચેરીની સંમત શાખાને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક : હ-૨૮, ૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૮૪.

(૨) ફડચા અધિકારીશ્રી ધી જાલમખાંટ હાથીખાંટના મુવાડાની પાણી પુરૂ પાડનારી સ. મં. લી., (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીના તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ—ફ/૭૦૮૯/૫૮૫/૯૩.—શ્રી ધી જાલમખાંટ હાથીખાંટના મુવાડાની પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મુકામ જાલીમખાંટ હાથીખાંટના મુવાડા તાલુકો માલપુર, જિલ્લો સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર : ખે-૨૭૧૧, તારીખ ૧૨મી મે, ૧૯૮૬ થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક : સરખા/ફ/૭૦૮૯/૦૧/ગ/૯૬૨, તારીખ ૩૦મી જુન, ૧૯૯૨ થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ ના સરખા ક્રમાંક : ના આદેશથી પૂર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડિટ વગેરે લઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે હુ, એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫ માં આ કચેરીની સંમત શાખાને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક : હ-૨૮, ૮૪/ડીડીસી/૧૧૮૨ / ૭૪૨૫/ગ, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૮૪.

(૨) ફડચા અધિકારીશ્રી ધી વડાલી વિ. શાકભાજી અને ફળો ઉગાડનારી સ. મં. લી., (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીના તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૭૮૪૩/૦૧/ગ/૫૮૬/૯૩.—શ્રી ધી વડાલી વિભાગ શાકભાજી અને ફળો ઉગાડનારી સહકારી મંડળી લી. મુકામ વડાલી, તાલુકો ઈડર, જિલ્લો સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં. : ૧૮૬૮૪, તારીખ ૨૪મી જુન, ૧૯૮૧ થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક : સરખા/ફડચ/ફ/૭૮૪૩/૦૧/ખ/૭૧૭ તારીખ ૨૪મી જુન, ૧૯૮૬ થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ ના સરખા ક્રમાંક ના આદેશથી પૂર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડિટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે હું, એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫ માં આ કચેરીની સંમત શાખાને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

નં. સે.દુ.-૨૬૨૯૮ ઉખસ/નધણ/૦૧/૩/૭૦૬/૯૩.—આથી જાહેર કરે છે કે ધી અરજનપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ અરજનપુરા, તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો આદેશ નં. : સવન/૦૧/ખ/૪૦૦ તારીખ ૭મી માર્ચ, ૧૯૮૯.

(૨) શ્રી મેનેજર, ધી સાબરકાંઠા જિ.સ.મં.વ.બેંક લી. હિંમતનગરનો તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૩ ના પત્ર નં. : લોન્સ/વહટ/૩૫/૩૬૫૦૭.

આલોચના

ક્રમાંક વહટ/૦૧/૩/૭૯૦.—ધી નીકોડા ગુ. સેવા સહકારી મંડળી લી. નીકોડા, તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠાએ સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે સદર સંસ્થામાં ઉકત પ્રીયમ્બલ-૧ ના આદેશથી સહકારી અધિનિયમની

INDEX

કલમ-૮૧ (૧) અન્વયે વહીવટદાર પ્રથા અમલમાં મુકવામાં આવેલ અને તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩ સુધીનો મુદત વધારો આપવામાં આવેલ છે. કલમ-૮૧ ની જોગવાઈ મુજબ વહીવટદાર પ્રથા વધુમાં ચાર વર્ષ સુધી અમલમાં રાખી શકાય.

વહીવટદાર બેંકના તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૩ ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીની સાધારણ સભા તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૨ ના રોજ રાખવામાં આવેલ અને વહીવટદાર પ્રથાને સમય મર્યાદા પુર્ણ થવા આવેલ ચર્ચા કરી ઠરાવ નં. ૩ થી મંડળીમાં બાકી કામગીરી પુર્ણ થયેલ ન હોઈ, વ્ય. કમીટીની રચના કરેલ નથી અને કલમ-૭૪ (ઘ) અન્વયે કસ્ટોડીયન પ્રથા અમલમાં મુકવા ઠરાવેલ છે. આમ સંસ્થાનો વહીવટ સંભાળવા સંચાલક મંડળની રચના થઈ શકેલ નથી. જેથી કલમ-૮૧ (૩) અન્વયે વહીવટદાર પ્રથા સમાપ્ત કરી કસ્ટોડીયન પ્રથા અમલમાં મુકવી આવશ્યક બનતાં વહીવટદાર સમાપ્તીનો નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી લી. હિંમતનગર મને મળેલ સત્તા અને અધિકારની રૂએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (૧) અન્વયે ધી નીકોડા સેવા સહકારી મંડળી લી. નીકોડા, તાલુકો : ઈડર : હિંમતનગરમાં વહીવટદારની નિમણુંક કરવામાં આવેલ તે ઉક્ત અધિનિયમની કલમ-૮૧(૩) અન્વયે વહીવટદાર પ્રથા હુકમની તારીખથી સમાપ્ત કરવા આદેશ કરૂં છું.

હિંમતનગર, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો આદેશ નં. : સવન/૦૧/ખ/૪૦.૮૯/તારીખ ૩જી એપ્રિલ, ૧૯૮૯.

(૨) અત્રેની કચેરીનો આદેશ નં. : સવન/૦૧/ફ/૭૯૦/૯૩ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

(૩) મેનેજરશ્રી, સા. કો. બેંક લી. હિંમતનગરનો તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૩ નો અહેવાલ.

આલોચના

ક્રમાંક વહટ/૦૧/૩/૭૯૧/૯૩.—ધી નીકોડા ગૃપ સેવા સહકારી મંડળી લી. નીકોડા, તાલુકો : હિંમતનગર, સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેમાં પ્રીએમ્બલ-૧ ના આદેશથી વહીવટદાર પ્રથા અમલમાં મુકવામાં આવેલ જેને ચાર વર્ષ જેવો સમય થયેલ છે. અને પ્રીએમ્બલ-૨ ના આદેશથી સમાપ્ત કરવામાં આવેલ છે. સંસ્થાની વ્યવસ્થાપક કમીટીની રચના ન થવાથી અને વહીવટદાર હેઠળ વધુ સમય રાખી શકાય તેવી જોગવાઈ ન હોવાથી કલમ-૭૪ (ઘ) અન્વયે કસ્ટોડીયનની નિમણુંક કરવી જરૂરી બનતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, હિંમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ ધી નીકોડા ગૃપ સહકારી સેવા મંડળી લી. તાલુકો : હિંમતનગરમાં ઉક્ત આલોચનાની વિગતે સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૭૪ (ઘ) અન્વયે કસ્ટોડીયન તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરને હુકમની તારીખથી ૩૧મી જુલાઈ ૧૯૯૩ સુધીના સમય માટે નીચેની શરતોએ નિમણુંકનો આદેશ કરૂં છું.

શરતો

(૧) કસ્ટોડીયનને મંડળીના કામકાજના બદલામાં માસિક રૂા. ૩૦૦ મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચુકવવામાં આવશે.

(૨) કસ્ટોડીયન અત્રેની પરવાનગીથી મંડળીમાં કર્મચારી રોકી શકશે.

(૩) મંડળીવતી અન્ય કોઈપણ સંસ્થામાં મતદાન કરી શકશે નહિ.

(૪) મંડળીના કામકાજ અંગે કસ્ટોડીયનને ભાડા ભથ્થાનો ખર્ચ મંડળીમાં પાડી ચુકવવાનો રહેશે.

હિંમતનગર, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈ.

(૨) શ્રી મેનેજર, શ્રી સા. કો. બેંક લી. હિંમતનગરનો ૨૮મી નવેમ્બર, ૧૯૯૨ નો અહેવાલ.

(૩) આ કચેરીના તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૬૦/૯૩ થી કરેલ ફડચાનો વચગાળાનો આદેશ.

(૪) આ કચેરીની તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૩ ની મંજુર થયેલ નોંધ.

આલોચના

જા. નં. ફડચ/ફ/૯૨૭૮/૦૧/ગ/૮૯/૯૩.—ધી મદાપુર ગૃપ સેવા સહકારી મંડળી લી. મદાપુર, તાલુકો : મોડાસા જિલ્લો : સાબરકાંઠા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની વહીવટી તથા આર્થિક સ્થિતિ કથળી જતા પ્રી. ૨ માં જણાવેલ અહેવાલથી મેનેજર ધી સાબરકાંઠા બેંક, હિંમતનગરે ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. મંડળીમાં હાલમાં કસ્ટોડીયન તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસથ બેંક કામગીરી કરી રહેલ છે. તેમણે પણ ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. મંડળીમાં લગભગ ૧૫ લાખ જેટલી મોટી રકમની ગેરરીતિ થયેલ છે તથા ધિરાણ બાકી ૩૨ લાખ પૈકી મોટાભાગનું ૩૧.૫ લાખ તકરારી ધિરાણ છે. પ્રી. ૩ માં જણાવેલ વચગાળાના આદેશથી મંડળીને ફડચામાં લઈ જવા આદેશ કરેલ છે. તથા મુદત તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૩ ની આપેલ હતી મુદતે મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ નથી કે લેખિત/મૌખિક કોઈ રજુઆત પણ થયેલ નથી. કસ્ટોડીયનશ્રીએ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ હતી સમગ્ર બાબતની વિસ્તૃત રૂપે સમીક્ષા કરતાં મંડળી ચાલી શકે તેમ ન હોઈ ફડચામાં લઈ જવાનું ઉચિત જણાતાં હુ નીચે મુજબ મંડળીને ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરૂં છું.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ હિંમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ

INDEX

ધી મદાપુરા ગૃપ સેવા સહકારી મંડળી લી. તાલુકો : મોડાસાને આલોચનામાં જણાવેલ વિગતે ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરું છુ. તથા તેના ફડચા અધિકારી તરીકે શ્રી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિમતનગરની નિમણુંક કરું છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી બે વરસમાં ફડચાની કામગીરી આટોપી લેવાની રહેશે. તથા ફડચા ફી નિયમાનુસાર આકારી શ્રી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરમાં જમા કરાવવાની રહેશે.

હિમતનગર, તારીખ એપ્રિલ, ૧૯૯૩.

———

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૫૯/૯૩, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

(૩) આ કચેરીની તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૩ ની મંજુર થયેલ નોંધ.

આલોચના

જા. નં. ફડચ/ફ/૯૨૭૯/૦૧/ગ/૮૯૦/૯૩.—ધી ભેંસાવાડા ગૃપ સેવા સહકારી મંડળી તાલુકો : મોડાસા, જિલ્લો : સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક : ૨૦૭૩૪ તારીખ ૪થી માર્ચ, ૧૯૫૪ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની વહીવટી તથા આર્થિક સ્થિતિ કથળી જતાં ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરે તેમના તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૨ ના ખાસ અહેવાલથી મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે જે અહેવાલમાં જણાવેલ વિગતે મુદ્દાની યથાર્થતા ચકાસવા સારૂ મંડળીના હોદ્દેદારોને પ્રી. ૨ માં જણાવેલ ફડચાના વચગાળાના આદેશ કરી તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૩ ની મુદત આપવામાં આવેલ હતી. પરંતુ સદર મુદતે મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે કોઈએ લેખિત / મૌખિક રજુઆત કરેલ નથી આ ઉપરાંત તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૨ની મંડળીની સાધારણ સભામાં ઠરાવ નં. ૭થી બેંકના અધિકારી સંચાલકો જે નિર્ણય કરે મંડળી ફડચામાં લઈ જવા બાબતે તે માન્ય રાખવા ઠરાવેલ છે જે અંગે બેંકના સંચાલકોએ મંડળીને ફડચામાં લઈ જવા ભારપુર્વક જણાવેલ છે જે અંગે મંડળીની આર્થિક સ્થિતિની સમીક્ષા કરતાં પણ મંડળી ચાલવાના કોઈ સંજોગો જણાતાં નથી જેથી મંડળીને ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરું છું.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હિમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓને આધિન રહી મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ધી ભેંસાવાડા ગૃપ સેવા સહકારી મંડળી લી. ભેંસાવાડા, તાલુકો : મોડાસાને ફડચામાં લઈ જવા માટે અંતિમ આદેશ કરું છું. તથા ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિમતનગરની નિમણુંક કરું છું.

ચાર્જ લીધા તારીખથી ફડચા અધિકારીએ બે વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે.

ફડચા અધિકારીએ ફડચા ફી નિયમાનુસાર આકારી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. માં જમા કરાવવાની રહેશે.

હિમતનગર, તારીખ એપ્રિલ, ૧૯૯૩.

———

વંચાણે લીધા :—

(૧) શ્રી મેનેજર, ધી સાબરકાંઠા જિ. મ. સ. બેંક લી. હિમતનગરના જા. નં. : સખશ/૩૫/૨૮૧૪૯, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૨.

(૨) અત્રેની કચેરીના જા. નં. : વહટ/૦૧/૩/૫૭૪, તારીખ ૯મી માર્ચ. ૧૯૯૩.

આલોચના

ક્રમાંક વહટ/૦૧/ગ/૯૨૬/૯૩.—ધી નવા ગૃપ સેવા સહકારી મંડળી લી. નવા, તાલુકો : પ્રાંતિજ, જિલ્લો : સાબરકાંઠા એ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીની વહીવટીય પરિસ્થિતિ કથળતાં ઉકત પ્રિએમ્બલ-૧ ના પત્રથી શ્રી મેનેજર સાબરકાંઠા કો. બેક લી. હિમતનગરે કલમ-૮૧ (૩) અન્વયે વહીવટદારની નિમણુંક કરવા ભલામણ અહેવાલ રજુ કરતાં તે અન્વયે જણાવેલ વિગતો મુજબના અત્રેના ઉકત પ્રિએમ્બલ-૨ના જા. નં. થી મંડળીની વ્ય. ક. સભ્યોને રજિ. પોસ્ટથી નોટીસ આપી, તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૩ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત યા મૌખિક રજુઆત કરવાની તક આપવામાં આવતા સદર તારીખે હાજર રહેલ નહિ, તેમ છતાં ફરીથી તારીખ ૮મી એપ્રિલ. ૧૯૯૩ ના રોજ મુદત આપતાં હાજર રહેલ નહિ. જે જોતાં નીચેના મુદ્દાઓને કારણે મંડળીના વહીવટ સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમ અનુસાર સહકારી પ્રવૃત્તિના હિતમાં તેમજ સભાસદોના બહોળા હિતને લક્ષમાં લેતાં નિયમાનુસાર વહીવટ ચાલે તે માટે નીચેના મુદ્દા અન્વયે મંડળીની કમીટીને દૂર કરી વહીવટદારની નિમણુંક કરવાની જરૂરિયાત રહે છે.

(૧) મંડળીની તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં. ૫ તેમજ વ્યવસ્થાપક કમીટીની તારીખ ૩૦મી નવેમ્બર. ૧૯૯૨ ની મીટીંગ ઠરાવ. નં. ૨ થી વહીવટ હેઠળ લઈ જવા ઠરાવ કરેલ છે.

(૨) મંડળીના ૧૧૭ કર્જ લેતા સભ્યો પૈકી ૧૦૨ સભ્યો પાસે મુદતવીતી રૂા. ૩.૭૩,૨૯૯ છે જેમાં ૩૨ સભ્યો સામે વસુલાત મેળવવાની કાયંવાહી કરેલ છે. બાકીના સામે કોઈ જ કાર્યવાહી કરેલ નથી.

(૩) બેંક લોન તેમજ વ્યાજ રૂા. ૯.૭૬.૩૭૨ સામે ધિરાણ રૂા. ૯,૧૦.૮૫૮ બાકી છે. આમ લોન અને ધિરાણ વચ્ચે મોટો ગાળો પડે છે. આમ મંડળીની આવકો ઉભી કર્યા સિવાય ખોટ ઓછી થઈ શકે તેમ નથી.

(૪) મંડળીમાં માલસ્ટોક રૂા. ૯૫,૧૩૧.૬૧ ની ગેરરીતિ થયેલ છે. જેમાં બોર્ડ ઓફ નોમીનીઝમાં દાવો ચાલે છે. જેની ઝડપી કાર્યવાહી થતી નથી.

INDEX

(૫) મંડળીની વસુલાત તદ્દન નબળી છે. શેરભંડોળ રૂા. ૧.૩૧ લાખ તેમજ અન્ય ભંડોળો મળી કુલ્લે રૂા. ૨.૯૮ લાખ સામે રૂા. ૬.૦૨ લાખ જેવી ખોટ ઉભી થઈ છે. આમ બહારથી કર્જે કરવાની સત્તા જવાબદારી નથી. તેમજ બેંક ગેરંટીની રકમો બાકી હોવાથી વેપારી પ્રવૃત્તિ શરૂ કરી શકાય તેમ નથી. તેમજ ખર્ચાઓ ચાલુ હોવાથી દિન પ્રતિદિન ખોટનું પ્રમાણ વધતું જાય છે.

ઉપરોક્ત નોટીસનો ખુલાસો કરેલ નથી. વ્યવસ્થાપક કમીટી કાયદા-કાનુન પેટા કાયદાથી નાંખવામાં આવેલ ફરજો બજાવવામાં વારંવાર નિષ્ફળ ગયેલ છે. નિષ્ક્રિય રહેલ છે. વહીવટમાં નિષ્ફળ જણાયે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (૩) અન્વયે વહીવટદાર નીમવાની જરૂર જણાતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રારશ્રી સ. મં. હિંમતનગર મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ઉક્ત આલોચનાની વિગતે ધી નવા ગૃપ સેવા સહકારી મંડળી લી. તાલુકો: પ્રાંતિજ જિલ્લો: સાબરકાંઠામાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરને મંડળીનો ચાર્જ સંભાળ્યા તારીખથી બાર માસ માટે નીચેની શરતોને આધિન નિમણુંકનો આદેશ કરું છું.

શરતો

(૧) વહીવટદારને સદર મંડળીના કામકાજની બદલામાં માસિક રૂા. ૩૦૦ મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચુકવવામાં આવશે.

(૨) વહીવટદાર અત્રેની પરવાનગીથી મંડળીના કામકાજ માટે કર્મચારી રોકી શકશે તેમજ નાણાંકીય ખર્ચ અત્રેની પુર્વ-મંજરીથી કરવાનો રહેશે.

(૩) મંડળી વતી અન્ય કોઈપણ સંસ્થામાં મતદાન કરી શકશે નહિં.

(૪) સદર માટે કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીને અચુક મોકલી આપવાનો રહેશે તેમજ સમય મર્યાદામાં કામગીરી પુર્ણ કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૭મી એપ્રિલ. ૧૯૯૩.

નંબર સે.તે/૧૦૨૮૩/ઉખસ/નધણ/૦૧/૩/૯૯૧/૧૯૯૩.—આથી જાહેર કરે છે કે ધી કાનપુર તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કાનપુર તાલુકો ઈડર જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૩જી મે ૧૯૯૩.

વંચાણે લીધા :

૧ સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક હ-૨૮, ૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તારીખ ૨૨મી મે ૧૯૮૪.

૨. ફડચાધિકારીશ્રી ધી ધનસોર ગૃપ પોલ્ટ્રી ફાર્મર્સ સહકારી મંડળી લીમીટેડ (ફડચામાં) અ ને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીના તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/ ફ/૭૮૦૬/૦૧/ /૮૮૬/૧૯૯૩.—ધી ધનસોર ગૃપ પોલ્ટ્રી ફાર્મસ સહકારી મંડળી લી. મુ. ધનસોર તાલુકો ભિલોડા જિલ્લા સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર ઉ-૭૪૪૦ તારીખ ૨૧મી મે ૧૯૭૭ થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક સરખા તારીખ ૨જી ડીસેમ્બર ૧૯૯૩ થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ ના સરખા ક્રમાંક ના આદેશ થી પુર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા, અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે હું એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરૂ છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફ્તર વિગેરે દિન-૧૫માં આ કચેરીની સંમત શાખાને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩.

વંચાણે લીધા :

૧ સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક હ-૨૮, ૮૫ ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૮૪

૨ ફડચાધિકારીશ્રી ધી શીવપુરા, ખેતીવાડી જરૂરી ચીજો તથા બિયારણ પુરવઠા બિન શરાફી (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીના તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૩ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૩૦૯૫/૦૧/ગ /૮૮૭/૧૯૯૩.—શ્રી ધી શીવપુરા ખેતીવાડી જરૂરી ચીજો તથા બિયારણ પુરવઠા બિનશરાફી સહકારી મંડળી લી. મુકામ શિવપુરા કંપા તાલુકો મોડાસા જિલ્લા સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર ૧૮૦૯૪ તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૮૦ થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક સરખા તારીખ ૨૪મી જુલાઈ ૧૯૯૨ થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવે છે. અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૩ ના સરખા ક્રમાંકના આદેશ થી પુર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે હું એમ. સી. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરૂ છુ

INDEX

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીની સંમત શાખાને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૩.

નંબર સે-દુ-૨૬૨૯૯/ઉખસ/નધણ/૦૧/૩/૧૧૨૮/૧૯૯૩.—આથી જાહેર કરે છે કે ધી ખાતુ પગીના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ ખાતુ મંત્રીના મુવાડા તાલુકો માલપુર જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૯મી જૂન, ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) ધી સ્પેશ્યલ ઓડીટર, મીલ્ક ઓડીટ ઓફીસ, હિંમતનગરના જા.નં. ઓષણ/૦૧/૩/૪૯૪૪/તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૨

(૨) અત્રેની કચેરીના જા. નં. વહટ/૦૧/૩/ ૧૧૮/ તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૩.

આલોચના

ક્રમાંક વહટ/૦૧/૩/૧૧૩૦/૧૯૯૩.—ધી આરસોડીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, આરસોડીયા, તાલુકો ઇડર, જિલ્લા સાબરકાંઠા એ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીની વહીવટીય પરિસ્થિતિ કથળતાં ઉકત પ્રિએમ્બલ-૧ ના પત્રથી સ્પેશ્યલ ઓડીટર મીલ્ક ઓડીટ ઓફીસ હિંમતનગર કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદારની નિમણુંક કરવા ભલામણ અહેવાલ રજુ કરતાં તે અન્વયે જણાવેલ વિગતો મુજબના અત્રેના ઉકત પ્રિએમ્બલ-૨ ના જા. નં. થી મંડળીના વ્યવસ્થાપક કમીટી સભ્યોને રજીસ્ટર્ડ પોસ્ટથી નોટીસ આપી તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત યા મૌખિક રજુઆત કરવાની તક આપવામાં આવતા સદર તારીખે હાજર રહેલ નથી, તેમ છતાં ફરીથી તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૩ના રોજ મુદત આપતાં હાજર રહેલ નથી જે જોતાં નીચેના મુદ્દાઓને કારણે મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન અને પેટા નિયમ અનુસાર સહકારી પ્રવૃત્તિના હિંમતમાં તેમજ સભાસદોના બહોળા હિતને લક્ષમાં લેતાં નિયમ અનુસાર વહીવટ ચાલે તે માટે નીચેના મુદ્દાઓ અન્વયે મંડળીની કમીટીને દૂર કરી વહીવટદારની નિમણુંક કરવાની જરૂરીયાત રહે છે.

(૧) ૧૯૯૦-૯૧ના વર્ષમાં મંડળીનું ઓડીટ થયેલ જેની દુરસ્તી કરેલ નથી તેમજ આપાયેલ સુચનાઓનો અમલ કરેલ નથી આમ સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીનો સ્ટાફ બીન અનુભવીની નિમણુંક કરેલ છે. જેથી મંડળીના વહીવટને લગતી જવાબદારી અદા કરી શકતા નથી આમ વ્યવસ્થાપક કમીટી આ બાબતે બિલકુલ નિષ્ફળથી સેવે છે.

(૩) સ્ટાફ બિન અનુભવી હોવાને કારણે ફેટ ટેસ્ટીંગ થતા નથી હલકા દૂધના પણ ઉંચા ભાવો ચૂકવાય છે. જેથી દિન- પ્રતિદિન ખોટ વધતી જાય છે.

(૪) દૂધનુ પેમેન્ટ નિયમીત થતું નથી જેથી સભ્યોનો વિશ્વાસ ગુમાવેલ છે. જેથી હાલ એક પણ સભ્યનું દૂધ આવતું નથી તારીખ ૧લી જુન ૧૯૯૨ થી દૂધની પ્રવૃત્તિ બંધ થયેલ છે. અને દૂધ બાજુના ગામે રામપુર તાલુકો વિજાપુરમાં ભરાવે છે. આમ વ્યવસ્થાપક કમીટી બિલકુલ નિષ્કાળજી સેવેલ છે.

(૫) મંડળીનું દફતર તૈયાર ન હોવાને કારણે અગાઉના વર્ષોના લ્હેણા રૂા. ૩૪,૩૮-૭૪ બાકી રકમ છે જે વસૂલ થતી નથી.

(૬) મંડળીની વ્યવસ્થાપક કમીટી દર માસે મળતી નથી દૂધ તેમજ માસિક ખર્ચા મંજૂર થતા નથી હિસાબી દફતર અધુરૂ છે, કર્મચારીઓના જામીનખત લીધેલ નથી આમ વ્યવસ્થાપક કમીટી પોતેજ બેદરકારી સેવેલ છે.

(૭) તારીખ ૩૦મી જૂન, ૧૯૯૨ ના અંતે પાછલી ખોટ રૂા. ૨૩૫૬૭-૦૯ અને ચાલુ ખોટ રૂપિયા ૧૭૩૯૦-૮૦ મળી કુલ્લે રૂા. ૪૦૯૫૭-૮૯ ખોટ થઇ છે. જે ખોટને ઓછી કરવા વ્યવસ્થાપક કમીટીએ કોઇ જ પ્રયત્ન કરતી નથી.

ઉપરોકત નોટીસનો ખુલાસો કરેલ નથી. વ્યવસ્થાપક કમીટી કાયદા કાનુન અને પેટા કાયદાથી નાખાવામાં આવેલી ફરજો બજાવવામાં વારંવાર નિષ્ફળ થયેલ છે.

નિષ્ક્રિય રહેલ છે. વહીવટમાં નિષ્ફળ જણાયે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદાર નિમવાની જરૂર જણાતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ઉકત આલોચનાની વિગતે ધી આરસોડીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ તાલુકો ઇડર જિલ્લો સાબરકાંઠાએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. - (સાબરડેરી) હિંમતનગર ને મંડળી નો ચાર્જ સંભાળ્યા તારીખથી ૧૨ માસ માટે નીચેની શરતોને આધિન નિમણુંક નો આદેશ કરૂ છું.

શરતો :

(૧) વહીવટદારને સદર મંડળીના કામકાજના બદલામાં માસિક રૂા. ૧૫૦/- મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચૂકવવામાં આવશે.

(૨) વહીવટદાર અત્રેની પરવાનગીથી મંડળીના કામકાજ માટે કર્મચારી રોકી શકશે તેમજ નાણાંકીય ખર્ચ અત્રેની પૂર્વ મંજુરીથી કરવાનો રહેશે.

(૩) મંડળી વતી અન્ય કોઇપણ સંસ્થામાં મતદાન કરી શકશે નહી.

(૪) દર માસે કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીએ અચૂક મોકલી આપવાનો રહેશે તેમજ સમય-મર્યાદામાં કામગીર પૂર્ણ કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૯મી જૂન ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ સ. નં. મોડાસાનો ૨૩મી ફેબ્રુઆરી ૧૯૮૭નો ઓડીટ અહેવાલ.

(૨) મદદનીશ સહ. અધિનિયમ લગત કચેરીનો મંડળી ફડચામાં લઇ જવા બાબતેનો તારીખ ૮મી જૂન ૧૯૯૦નો ખાસ અહેવાલ.

(૩) મંડળી ફડચામાં લઇ જવા બાબતનો આ કચેરીનો તારીખ ૨જી જુલાઇ ૧૯૯૧ના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧/૫૩૩/૯૧

(૪) આ કચેરીના પત્ર નંબર ફડચ/ ૦૧/ગ /૧૨૦૫/૯૨, તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૨ થી આપેલ ફડચા સંબંધી છેલ્લી નોટીસ.

(૫) આ કચેરીની તારીખ ૮મી એપ્રિલ ૧૯૯૩થી મંજૂર થયેલ નોંધ.

આલોચના

જા. નં. ફડચ/ફ/૯૨૮૦/૦૧/ચ/૧૦૯૫/૧૯૯૩.—ધી પપરાણા ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. પીપરાણા તાલુકો માલપુર, જિલ્લો સાબરકાંઠાએ સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ-હેઠળ નોંધાયેલી સંસ્થા છે. સદર સંસ્થાની વહીવટી સ્થિતિ કથળી જતાં ઓડીટર ગ્રેડ-૨ સ.મં. મોડાસાએ મંડળી ફડચામાં લઇ જવા નિર્દેશ કરેલ છે. જે. પ્રી-૧ મુજબ છે. જે આધારે મંડળીને ફડચામાં લઇ જવા તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૮૮ થી નોટીસ આપેલ છે. તથા મુદત તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૮૮ના રોજ આપેલ હતી જે દિવસે મંડળી તરફથી મુદત માંગતા ફરીથી આ કચેરીના તારીખ ૨૨મી મે ૧૯૮૮ ના પત્રથી મુદત ૧૯મી મે ૧૯૮૮ થી આપવામાં આવેલ હતી તેમાં મંડળીને મળેલ વળતરની રકમ ઓછી હોવાથી વધુ રકમ મેળવવા પ્રયત્નો ચાલુ છે તેવું રજુઆત કરેલ હતી. જે રકમ આવેથી સરકારી લ્હેણુ પણ ભરવા જણાવે છે. ત્યારપછી ફડચા સંબંધી કચેરીના મદદ સહકારી અધિનિયમ ( )એ મંડળીની તપાસણી કરેલ હતી. તથા પ્રી-૨ માં જણાવ્યા મુજબ મંડળી ફડચામાં લઇ જવા ભલામણ કરેલ હતી. ત્યારપછી મંડળીની કામકાજના સાથે વડી કચેરી તરફથી પણ વારંવાર પૃચ્છા થતી રહી હતી ત્યારપછી પ્રી-૩માં જણાવ્યા મુજબ વચગાળાનો આદેશ મંડળીને ફડચામાં લઇ જવા સંબંધી કરવામાં આવેલ હતો. તથા તારીખ ૨૯મી જુલાઇ ૧૯૯૨ ની મુદત આપવામાં આવેલ હતી. જે મુદતે મંડળી વતી ચેરમેન શ્રી હાજર રહેલ હતા. તથા મંડળી ચાલુ રાખવા વ્યવસ્થાપક કમીટીની તારીખ ૨૮મી જુલાઇ ૧૯૯૧ ની બેઠક માં થયેલ ઠરાવ નંબર ૫ની નકલ પણ કચેરીમાં રજુ કરેલ હતી. તથા ચાર માસની મુદત આપેલ હતી. ત્યારપછી આ કચેરીના પ્રી-૪માં જણાવેલ પત્રથી મંડળીને ફડચામાં લઇ જવા નોટીસ આપી તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૨ ની મુદત આપવામાં આવેલ હતી. જે મુદતમાં મંડળીના ચેરમેન શ્રી હાજર રહી કાર્યવાહી ચાલુ કરી હોવાનું જણાવી ચાર માસની મુદત માંગેલ હતી. આમ આ ચાર મહીનાની મુદત પુર્ણ થયા છતાં હજુ મંડળી વતી કોઇ હાજર રહીને લેખિત/મૌખિક રજુઆત કરેલ નથી. જેથી પ્રકરણ ખૂબજ લાંબો સમય વ્યતીત થયેલ હોઇ મંડળી ચાલી શકે તેમ ન હોઇ ફડચામાં લઇ જવાનું અનિવાર્ય જણાતાં મંડળીને ફડચામાં લઇ જવા માટે નીચે મુજબ અંતીમ આદેશ કરૂ છું.

હુકમ

આથી હું, એમ. સી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હિંમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ મને મળેલ સત્તા અને અધિકારની રૂઇએ ધી પીપરાણા ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લીમીટેડ પીપરાણા, તાલુકો માલપુરને ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ બહાલી રાખી અંતીમ આદેશ કરૂ છું તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત કચેરીની નિમણુંક કરૂ છું.

ફડચા અધિકારોએ તાકીદે ચાર્જ મંડળી બે વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા ફડચા ફી નિયમાનુસાર આકારી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૦મી જૂન ૧૯૯૩.

નંબર સે-દુ/૨૬૩૦૧/ઉખસ/નધણુ/૦૧/૩/૧૦૪૩/૧૯૯૩.—આથી જાહેર કરે છે કે ધી જામરેલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ જામરેલા, તાલુકો ઈડર, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૧૭મી જૂન ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના

જાહેનામાં ક્રમાંક હ-૨૮૬,૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તારીખ ૨૨મી માર્ચ ૧૯૮૪.

(૨) ફડચાધિકારીશ્રી ધી પ્રાંતિજ તાલુકા મત્યોધાગ સહકારી મંડળી લી (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીના તારીખ ૨૫મી મે ૧૯૯૩ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૧૧૧/૧૯૯૩.—શ્રી ધી પ્રાંતિજ તાલુકો મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી મુકામ પ્રાતિજ, તાલુકો પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણીનું નંબર, સે-૧૧૯ તારીખ ૩૦મી જુન ૧૯૮૧ થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક સરખા તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૨ થી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવેલ છે અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તારીખ ના સરખા ક્રમાંકના આદેશથી પુર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઇ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે હું શ્રી એમ સી. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરૂ છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીની સંમત શાખાને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૧૭મી જૂન ૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) શ્રી મેનેજર ધી સા. કા. જી. મ.સ. બેંક લી હિમતનગરના જા. નંબર સુપર/૩૫/૨૩૧૪૬/તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૨

૨ અત્રની કચેરીના જા. નં. વહટ/૦૧/૩/૩૦૨ તારીખ ૫મી ફેબ્રુઆરી ૧૯૯૩

આલોચના

ક્રમાંક વહટ/૦૧/૩/૧૦૭૦/૧૯૯૩.—ધી સવેલા કંપા ગ્રુ સે. સ. મં. લી. સવેલા કંપા તાલુકો બાયડ જિલ્લા સાબરકાંઠા એ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીની વહીવટીય પરિસ્થિતિ કથળતા ઉકત પ્રો-૧ ના પત્રથી શ્રી મેનેજર સા. કો. બેંક લી. હિંમતનગરે કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદારની નિમણુંક કરવા ભલામણ અહેવાલ રજુ કરતા તે અન્વયે જણાવેલ વિગતો મુજબના અત્રેના ઉકત પ્રી-૨ના જા. નં. થી મંડળીની વ્યવસ્થાપક કમીટી સભ્યોને રજી. પોસ્ટથી

INDEX

નોટીસ આપી તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત આ મૌખિક રજુઆત કરવાની તક આપવામાં આવતા સદર તારીખે હાજર રહેલ નથી તેમ છતાં ફરીથી તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૩ ઠ્ઠી મે ૧૯૯૩ના રોજ મુદત આપતાં હાજર રહેલ નથી. જે જોતા નીચેના મુદાઓના કારણે મંડળીનો વહીવટ, સહકારી કાયદા કાનુન અને પેટા-નિયમ અનુસાર સહકારી પ્રવૃત્તિમાં હિતમાં તેમજ સભાસદોના બહોળા હિતને લક્ષમાં લેતા નિયમ અનુસાર વહીવટ ચાલે તે માટે નીચેના મુદ્દા અન્વયે મંડળીની કમીટીને દૂર કરી વહીવટદારની નિમણુંક કરવાની જરૂરીયાત રહે છે.

૧. મંડળીમાં ૫૬ સભાસદો પૈકી ૩૬ સભાસદો કર્જ લે છે તે પૈકી ૧૭ સભ્યો મુ. વી. બાકીદાર છે ૨ સભ્યો સામે ૧૦૭ ની કાર્યવાહી કરેલ છે બાકીના સભ્યો સામે કોઈ જ કાર્યવાહી હાથ ધરેલ નથી.

૨. મંડળી ક્ષેત્રે ધિરાણ બાકી રૂપિયા ૩.૩૨ લાખ છે. બેંક લોન રૂા. ૫.૩૨ લાખ છે. આમ ધિરાણ લોન વચ્ચે રૂા. ૨/- લાખનો ગાળો પડે છે વસૂલ મેળવવા મંડળીની વ્યવસ્થાપક કમીટી કોઈ જ કાર્ય કાર્યવાહી કરતી નથી.

૩. મંડળીની વ્યવસ્થાપક કમીટીમાં ચેરમેન તેમજ ૨ વ્યવસ્થાપક કમીટી સભ્યો મુ. વી. બાકીદાર છે. સેક્રેટરી હાજર રહેતા નથી જેથી સહકારી કાયદાની રૂએ સહકારશ્રીમાં બેંકમાં માહિતી પુરી પાડી શકાતી નથી.

૪. મંડળીના ચેરમેનશ્રી હિંમતનગર સ્પીનીંગ મીલના મેનેજીંગ ડીરેકટર છે. તેમને સેક્રેટરીને બદલવા વારંવાર કહેવા છતાં અમલ કરતા નથી.

૫. મંડળીની વ્યવસ્થાપક કમીટી પેટા નિયમ મુજબ દર માસે મળવી જોઈએ જે મળતી નથી પરિણામે છેલ્લા પાંચ વર્ષથી તદ્દન સ્થગિત અવસ્થામાં છે દિન પ્રતદિન ખોટ વધતી જાય છે પરિણામે આવકો બંધ થવાથી વહીવટ ખર્ચાઓ વધી જાય છે.

ઉપરોકત નોટીસનો ખુલાસો કરેલ નથી. વ્યવસ્થાપક કમીટી કાયદા કાનુન પેટા કાયદાથી નાખવામાં આવેલ ફરજો બજાવવામાં વારંવાર નિષ્ફળ ગયેલ છે નિષ્ક્રિય રહેલ છે. વહીવટમાં નિષ્ફળ જણાયે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદાર નીમવાની જરૂર જણાતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. સી. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી હિંમતનગર મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ઉક્ત આલોચનાની વિગતે ધી સવેલા કંપાઉન્ડ સે. મં. લી. સવેલા કંપા તાલુકો બાયડ જિલ્લો સાબરકાંઠામાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદાર તરીકે શ્રી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર મંડળીને ચાર્જ સંભાળ્યા તારીખ થી બાર માસ માટે નીચેની શરતોને આધીન નિમણૂંકને આદેશ કરૂ છુ.

શરતો :

૧. વહીવટદારને સદર મંડળીના કામકાજના બદલામાં માસિક રૂા. ૩૦૦/- મહેનતાણુ મંડળીમાં ખર્ચ પાડી ચુકવવામાં આવશે.

૨. વહીવટદાર અત્રેની પરવાનગીથી મંડળીના કામકાજ માટે કર્મચારી રોકી શકશે તેમજ નાણાંકીય ખર્ચ અત્રેથી પુર્ણ મંજુરીથી કરવાનો રહેશે.

૩. મંડળી વતી અન્ય કોઈપણ સંસ્થામાં મતદાન કરી શકશે નહી

૪. દર માસે કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીએ અચુક મોકલી આપવાનો રહેશે તેમજ સમય મર્યાદામાં કામગીરી પુર્ણ કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૨૨મી જૂન ૧૯૯૩.

નં. સે-૨૬૩૦૧ ઉખસ/નધણ/૦૧/૩/૧૨૪૨/૯૩.—આથી જાહેર કરે છે કે ધી જનતા સહકારી શરાફી મંડળી લી. મર્યાદિત સ્થળ મેઘરજ, તાલુકો મેઘરજ, જિલ્લો : સાબરકાંઠા.

'સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૨મી જૂન, ૧૯૯૩.

એમ. સી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, હિંમતનગર.

વાંચ્યો :—સહકારી અધિકારી ફડચા-૧ સુરતના જા. નં. ફડચ/૦૧/૨૧૧/૯૨ તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૨ થી આવેલ નોંધણી રદની દરખાસ્ત.

જા. નં. ફડચા/ઉખસ/૧૧૬૦/ખ/૨૬૦૦ સને ૧૯૯૨.—ધી બાવલા હળપતિ ઘર સહકારી મંડળી લી. મુકામ બાવલા, તાલુકો બારડોલી, જિલ્લો સુરતનો ક્રમાંક : નં. વી-૪૧૦૭ સન ૧૯૬૨ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના આદેશ ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૧૬૦/ખ/૧૯૪૩/૮૭ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૮૭ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણુ નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨.

વાંચ્યો :—સહકારી અધિકારી ફડચા-૧ સુરતના જા. નં. ફડચ/૦૧/૨૧૦/૯૨ તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૨ થી આવેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/ઉખસ/૧૧૪૮/ખ/૨૬૦૧ સને ૧૯૯૨.—ધી મલેકપોર હળ-ઘર સહકારી મંડળી લી. મુકામ મલેકપોર, તાલુકો પલસાણા, જિલ્લો સુરત નોંધણી ક્રમાંક નં. બી-૮૧૦ સને ૧૯૫૦ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના આદેશ ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૧૪૮/ખ/૧૧૩૬/૮૭, તારીખ ૩૧મી જુલાઈ ૧૯૮૭ ના હુકમથી ફડચામાં લઈ જવામાં

INDEX

આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨.

વાંચ્યાં :—

સહકારી અધિકારી ફડચા--૩ સુરતના પત્ર ક્રમાંક ફડચ / ૩/૨૦૨/૯૨, તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૨ થી આવેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જાવક નંબર ફડચા / ઉખસ / ૧૧૯૦ / ખ / ૨૬૨૧ સને ૧૯૯૨.— ધી શિકેર હળપતિ સર-ઘર મંડળી લી., મુકામ શિકેર, તાલુકા વાલોડ જિલ્લો સુરતના નો ક્રમાંક નં. બી-૪૪૭ તારીખ ૨૯મી માર્ચ, ૧૯૪૮ થી નોંધવામાં આવી હતી જેને મહેરબાન જિલ્લા--રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક નંબર ફડપ ઉખસ / ખ / ૧૧૯૦/૨૮૯૬/૮૭, તારીખ ૨૧ મી નવેમ્બર, ૧૯૮૭ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈ પણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી--મંડળીઓ કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૩૦ મી ડિસેમ્બર, ૧૯૯૨.

વાંચ્યો :—

સહકારી અધિકારી ફડચા--૩ સુરતના તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૨ ના પત્રથી આપેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ

જાવક નંબર ફડચા / ઉખસ / ૧૨૦૨ / ખ /૨૬૦૫/ સને ૧૯૯૨.— ધી ઈનમા હળપતિ ઘર સહકારી મંડળી લી., મુકામ ઈનમા, તાલુકો વાલોડ, જિલ્લો સુરતના નો ક્રમાંક બી--૪૪૧, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૪૮ થી નોંધવામાં આવી હતી જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના આદેશ ક્રમાંક નંબર ફડપ / ઉખસ / ૧૨૦૨ / ખ / ૩૧૫, તારીખ ૧૯ મી ફેબ્રુઆરી, ૧૯૮૮ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ--૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૩૦ મી ડિસેમ્બર, ૧૯૯૨.

વાંચ્યો :

અત્રેની કચેરીના સદર જાવક નંબર ફડપ / ૧૩૪૯ / ખ / ૨૪૧૦/૯૨, તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચા / ઉખસ / ૧૩૪૯ / અ / ૧૧/૧૯૯૩.— જેને મેં જમનાનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ઘોડા દોડ રોડ, સુરત મુકામ સુરત, તાલુકો ચોર્યાસી, જિલ્લો સુરત નોંધણી ક્રમાંક ઘ-૧૯૫૪, તારીખ ૫ મી એપ્રિલ, ૧૯૬૫ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૧૬ મી નવેમ્બર, ૧૯૯૨ ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા--૧, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—

અત્રેની કચેરીના સદર જાવક નંબર ફડપ / ૧૩૫૩ / ખ / ૨૪૬૮/૯૨, તારીખ ૨૬ મી નવેમ્બર, ૧૯૯૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચા / ઉખસ / ૧૩૫૩ / અ / ૧૪/૧૯૯૩.— જેને મેં દેવલપાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ દેવલપાડા, તાલુકો સોનગઢ, જિલ્લો સુરત નોંધણી ક્રમાંક સે-દુ ૧૭૬૬૨, તારીખ ૨૪ મી ઓગસ્ટ, ૧૯૮૧ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૨૬ મી નવેમ્બર, ૧૯૯૨ ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના--ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ)

INDEX

(૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા-અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા--૧ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—

અત્રેની કચેરીના સદર જાવક નંબર ફડચ / ૧૩૫૧ / ખ / ૨૪૬૦/૯૨, તારીખ ૨૬ મી નવેમ્બર, ૧૯૯૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચા / ઉખસ / ૧૩૫૧ / અ / ૧૬/૧૯૯૩.— જેને મેં કોઠવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ કોઠવા, તાલુકો માંગરોળ, જિલ્લો સુરત નોંધણી ક્રમાંક સે. દુ. ૧૩૯૧૩, તારીખ ૨૧ મી સપ્ટેમ્બર, ૧૯૭૯ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૨૬ મી નવેમ્બર, ૧૯૯૨ ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચામાં અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા--૩, સુરત ની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—

અત્રેની કચેરીના સદર જાવક નંબર ફડચ / ૧૩૫૧ / ખ / ૨૪૬૦/૯૨, તારીખ ૨૬ મી નવેમ્બર, ૧૯૯૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચા / ઉખસ / ૧૩૫૧ / અ / ૧૭/૧૯૯૩.— જેને મેં કડોદ સિહલ સહકારી ઘર મંડળી લી., મુકામ કડોદ, તાલુકો બારડોલી, જિલ્લો સુરત નોંધણી ક્રમાંક બી--૪૩૪, તારીખ ૧૩ મી માર્ચ, ૧૯૪૮ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ .... ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા--૧, સુરત ની નિમણુંક કરવામાં--આવે છે.

સુરત, તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—

અત્રેની કચેરીના સદર જાવક નંબર ફડચ / ૦૧ / ખ / ૨૩૪૪/૯૨, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચા / ઉખસ / ૧૩૫૫ / અ / ૧૯/૧૯૯૩.— જેને મેં કોસંબા પોલ્ટ્રી ફાર્મસ સહકારી મંડળી લી., મુકામ કોસંબા, તાલુકો માંગરોળ, જિલ્લો સુરત નોંધણી ક્રમાંક સે--૧૩૯૩૬, સન ૧૯૭૬ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૨ ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળા નો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા--૨, સુરત ની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—

અત્રેની કચેરીના સદર જાવક નંબર ફડચ / ૧૩૫૨ / ખ / ૨૪૫૯/૯૨, તારીખ ૨૬ મી નવેમ્બર, ૧૯૯૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચા / ઉખસ / ૧૩૫૨ / અ / ૧૮/૧૯૯૩.— જેને મેં ઘંટાકર્ણ મહાવીર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ સુરત, તાલુકો ચોર્યાસી જિલ્લા સુરત નોંધણી ક્રમાંક ઘ-૯૦૬૨, તારીખ ૫મી માર્ચ, ૧૯૮૨ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની--કચેરીના તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૨ ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત--સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા--૨, સુરત ની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—

અત્રેની કચેરીના સદર જાવક નંબર ફડચ / ૦૧ / ખ / ૨૪૮૮/૯૨, તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

INDEX

અંતિમ આદેશ

ક્રમાંક ફડચા / ઉખસ / ૧૩૬૩ / અ / ૪૪/૧૯૯૩.— જે ને મેં સણીયા ભેસ્તાન સેવા સહકારી મંડળી લી., મુકામ સણીયા, તાલુકો ચોર્યાસી, જિલ્લો સુરત નોંધણી ક્રમાંક સે--૧૦૬૪૧ સને ૧૯૪૭ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૨ ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળા નો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિકારી સુરત ડીસ્ટ્રીકટ કો. ઓપ. બેંક લી., સુરત ની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચનમાં લીધું :—

(૧) હીરા ઉદ્યોગ ગ્રાહક સહકારી ભંડાર લી. વરાછા રોડ સુરત તથા વરાછા રોડ સહકારી ગ્રાહક ભંડાર લી. વરાછારોડ, સુરતના તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ના પત્રથી આવેલ દરખાસ્ત.

યાદી

ક્રમાંક નધણ/૨૨૫૧/૭૪/ ઝ /૯૩.—ધી વરાછારોડ સહકારી ગ્રાહક ભંડાર લી. જગદીશનગર વરાછારોડ, સુરત નોંધણી નં. : ભ-૨૨૫૨, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૮૭ થી નોંધાયેલ છે. મંડળીએ તેમની તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ની સાધારણ સભાના ઠરાવ નં. ૫ થી હીરા ઉદ્યોગ ગ્રાહક સહકારી ભંડાર લી. યોગીની બીલ્ડીંગ વરાછારોડ સુરત સાથે સંયોજિત થવા ઠરાવેલ છે અને મંડળીના મીલકત અને લેણાં સુપરત કરવાના ઠરાવેલ છે. મંડળીના કાર્ય વિસ્તારના કેટલાક લોકો બન્ને મંડળીમાં સભાસદપદ ધરાવે છે. તેમજ મંડળીના વહીવટ કરવામાં અગવડતા ન પડે અને હિસાબી દફતરો વ્યવસ્થિત રાખી શકાય અને સરકારશ્રી તરફથી મળતી સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનોની જે હિસાબી નોંધો બન્ને ભંડારોમાં અલગ અલગ કરવામાં આવે છે. જે ન કરતાં હિસાબી અગવડતા તેમજ મંડળીનો કાર્ય વિસ્તારનો વિકાસ થતાં બંને ભંડારોના કાર્ય વિસ્તાર લગભગ સરખો જ થઈ ગયો છે. જેથી મંડળીએ એના જેવાજ ઉદ્દ્શોવાળી ધી હીરા ઉદ્યોગ ગ્રાહક સહકારી ભંડાર લી. વરાછારોડ સુરત સાથે સંયોજિત કરવા ઠરાવેલ છે.

શ્રી હીરા ઉદ્યોગ ગ્રાહક સહકારી ભંડાર લી. યોગીની બીલ્ડીંગ, વરાછારોડ, સુરત નોંધણી નંબર ભ-૨૨૫૧, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૮૭ થી નોંધાયેલ છે. મંડળીએ તેની તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં. ૬ થી વરાછારોડ ગ્રાહક સહકારી ભંડાર લી. વરાછારોડ સુરતે પોતાની સાથે મીલકત અને લેણા સહિત જોડાણ કરવા સર્વાનુમતે ઠરાવેલ છે. મંડળીના ઉદ્દેશો એકજ છે. જેથી વરાછારોડ ગ્રાહક સહકારી ભંડાર લી. સુરતના ઉદ્દેશો સરખા જ હોવાથી સંયોજિત કરવામાં હરકત સરખુ નથી.

ઉપરોકત બંને મંડળીઓએ તેમના લેણદારો તથા દેવાદારોને જરૂરી નોટીસો તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૨ ના રોજ આપેલ હતી. બંને મંડળીના લેણદારો કે દેવાદારો તરફથી કોઈ વાંધાઓ કે વિરોધ રજુ થયેલ ન હોવાનું મંડળી તરફથી જણાવેલ છે. આમ બંને મંડળીઓએ સહકારી કાયદાની કલમ-૧૭ હેઠળની જોગવાઈની કાર્યવાહી પુર્ણ કરેલ છે. તેથી નીચે પ્રમાણે સંયોજિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૭ (અ) અન્વયે ધી વરાછારોડ સહકારી ગ્રાહક ભંડાર લી. વરાછારોડ, સુરતનું હીરા ઉદ્યોગ ગ્રાહક સહકારી ભંડાર લી. વરાછારોડ, સુરત કે જેનો નોંધણી નંબર : ૨૨૫૧, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૮૭ છે. જેની સાથે સંયોજિત કરવામાં આવે છે. અને સહકારી કાયદાની કલમ-૧૭ (અ) અનુસાર જોડાયેલ મંડળીની અસ્કયામતો (મીલકતો) લેણા તથા દેવા તથા ભાગ ભંડોળ તથા ફંડો સંયોજિત મંડળીને તબદીલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ધી વરાછારોડ સહકારી ગ્રાહક ભંડાર લી. વરાછારોડ સુરત કે જેનો નોંધણી નંબર : ભ-૨૨૫૨, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૮૭ છે. તેની નોંધણી કાયદાની કલમ-૧૮ હેઠળ રદ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચનમાં લીધું :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩ ના હુકમ ક્રમાંક : નધણ/૨૨૫૧/ઝ/૨૭ સને ૧૯૯૩.

હુકમ

ક્રમાંક નધણ/ ૩૦૮૩/ ઝ/૨૮/ ૯૩.—ઉપરોકત આમુખ-૧ માં જણાવેલ અત્રેની કચેરીના હુકમથી વરાછારોડ સહકારી ગ્રાહક ભંડાર લી., વરાછારોડ, સુરતને હીરા ઉદ્યોગ ગ્રાહક સહકારી ભંડાર લી., સુરત સાથે સંયોજિત કરવાના હુકમ કરેલ છે.

ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ના કાયદાની કલમ-૨૦ હેઠળ શ્રી વરાછારોડ સહકારી ગ્રાહક ભંડાર લી., સુરતને હીરા ઉદ્યોગ સહકારી ગ્રાહક ભંડાર લી., વરાછારોડ, સુરત સાથે સંયોજિત કરતાં શ્રી વરાછારોડ સહકારી ગ્રાહક ભંડાર લી. સુરત કે જેનો નોંધણી નં. : ભ-૨૨૫૨, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૮૭ છે. તેની નોંધણી કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—સહકારી અધિકારી ફડચા-૧ સુરતના જા.નં. ફડચ/૦૧/ ૨૧૮/૯૨ તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૨ થી આવેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/ઉખસ/૧૧૫૮/ખ/૫૯ સને ૧૯૯૩.—ધી વાઘેચ હળપતિ ઘર સહકારી મંડળી લી. મુકામ વાઘેચ, તાલુકો : બારડોલી, જિલ્લો સુરતનો નોંધણી ક્રમાંક બી-૪૪૮, સને ૧૯૪૯ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના આદેશ ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૧૫૮/૫/૧૯૫૧/૮૭ તારીખ ૭મી ઓગષ્ટ, ૧૯૮૭ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી

INDEX

હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/ઘ-૧૪૭૪૭/ઝ/૩૨/૯૩.—આથી જાહેર કરે છે કે, શ્રી માધવ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ : અડાજણ (સુરત) તાલુકો : ચોર્યાસી જિલ્લો : સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/ભ-૨૨૭૩/ઝ/૫૦/૯૨.—આથી જાહેર કરે છે કે, શ્રી ખટોદરા નાગરિક ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : ખટોદરા, તાલુકો : ચોર્યાસી, જિલ્લો : સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/સા-૨૫૩૬/ઝ/૫૧/૯૩.—આથી જાહેર કરે છે કે, શ્રી એલ. બી. પાર્ક કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મર્યાદિત સ્થળ : મજુરા (સુરત) તાલુકો : ચોર્યાસી, જિલ્લો : સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સંહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/સે-૨૬૧૧૪/ઝ/૫૭/૯૩.—આથી જાહેર કરે છે કે, શ્રી પાટણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : પાટણા, તાલુકો : માંડવી, જિલ્લો : સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—સહકારી અધિકારી ફડચા-૩ સુરતના પત્ર ક્રમાંક ફડચ/૩/૩/૯૨-૯૩ તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૩ થી આવેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/ઉખસ/૧૧૪૭/ખ/૧૫૩ સને ૧૯૯૩.—ધી વાંકાનેર હળપતિ સહ. ઘર મંડળી લી. મુકામ : વાંકાનેર, તાલુકો : બારડોલી, જિલ્લો : સુરતના નોંધણી ક્રમાંક નં. બી-૪૦૬, સને ૧૯૪૮ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના આદેશ ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૧૪૭/ખ/૧૦૨૯ તારીખ ૧૮મી જૂન, ૧૯૮૭ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—સહકારી અધિકારી ફડચા સુરતના જા.નં. : ફડચ/૧૦/૯/૯૩ તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૩ થી આવેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/ઉખસ/૧૧૫૯/ખ/૧૫૪ સને ૧૯૯૩.—ધી નિઝર હળપતિ સહ. ઘર મંડળી લી. મુકામ : નિઝર, તાલુકો : બારડોલી, જિલ્લો : સુરતનો નોંધણી ક્રમાંક નં. બી-૮૩૬, સને ૧૯૫૧ થી નોંધવામાં આવી હતી જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના આદેશ ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૧૫૯/ખ/૧૯૪૫/૮૭, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૮૭ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :

અત્રેની કચેરીના સદર જા. નં. ફડચ/૧૩૫૪/ખ//૨૫૫૪/૯૨.—તારીખ ૧૮મી ડીસેમ્બર. ૧૯૯૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચા/ઉખસ/૧૩૫૪/ખ/૧૫૫/૧૯૯૩.—જે ને મેં કોસંબા સેન્ટર કો. ઓપ. પ્રોડયુસ એન્ડ સેલ. સો.લી. મુકામ કોસંબા તાલુકા માંગરોળ જિલ્લા સુરત નોંધણી ક્રમાંક ૧૧૬૮૧/તારીખ ૨૮માં

INDEX

નવેમ્બર, ૧૯૩૮થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૧૮મી ડીસેમ્બર, ૧૯૯૨ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાનીકલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨ સુરતની નિમણુંક કરવામાં આવે છે

સુરત, તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩.

વાંચ્યો :

સહકારી અધિકારી ફડચા—૨ સુરતના જા. નં. ફડચ/૨૧/૧૧/૯૩ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૩ થી આવેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૦૭૭/ખ/૧૫૭ સને ૧૯૯૩.—ધી રાણી રાજપરા હળપતી સહકારી ઘર મંડળી લી. મુકામ રાણી રાજપરા તાલુકા બારડોલી, જિલ્લો સુરતના નોંધણી ક્રમાંક બી-૪૩૫ સને ૧૯૪૮ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના આદેશ ક્રમાંક નં. ફડચ/ઉખસ//૦૧/ખ/૧૦૭૭/૮૮ તારીખ ૨૭મી જૂન, ૧૯૮૮ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે

સુરત, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :

સહકારી અધિકારી ફડચા-૨ સુરતના જા. નં. ફડચ/૧૩/૧૩/૧૯૯૩ તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી આવેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/ઉખસ/૧૧૫૧/ખ/૨૨૨/૧૯૯૩.—ધી પૂણી હળપતિ સરકારી ઘર મંડળી લી. મુકામ પુણી, તાલુકો પલસાણા, જિલ્લો સુરતના નોંધણી ક્રમાંક બી-૪૪૩ સને ૧૯૪૮થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક નંબર ફડચ/ઉખસ/૧૧૫૧/ખ/૧૯૩૭/૮૭ તારીખ ૩૧મી જુલાઇ, ૧૯૮૭ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનુ દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીનો નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :

સરકારી અધિકારી ફડચા-૩ સુરતના પત્ર ક્રમાંક ફડચ/૩/૧૭૯/૧૯૯૨-૯૩ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૨ થી આવેલ મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/ઉખસ/૧૧૧૩/ખ/૨૨૩.—૧૯૯૩—ધી ઝાંખરડા હળપતિ સહકારી ઘર મંડળી લી. મુકામ ઝાંખરડા, તાલુકો બારડોલી, જિલ્લો સુરતના નોંધણી ક્રમાંક નંબર બી-૧૫૨૮ સને ૧૯૫૫થી નોંધવામાં આવી હતી જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક નંબર ફડચ/ઉખસ/૧૧૧૩/ખ/-૧૪૨/૮૭ તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૮૭ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનુ દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીનો નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :

ફડચા અધિકારી C/o સુ. ડી. કો. ઓ. બેંક લી. સુરતના જા.નં એડીપી એલકયુડી ૩૩૦૭૦ તારીખ ૨૧મી ડીસેમ્બર, ૧૯૯૨ થી આવેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/ઉખસ/૧૦૯૫/ખ/૨૪૦/૧૯૯૩.—ધી અગાસવાણ વિ. જંગલ કામદાર સહકારી મંડળી લી. મુ. અગાસવાણ તાલુકો સોનગઢ, જિલ્લો સુરતના નોંધણી ક્રમાંક પી-૧૩૯૬ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૫૭ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક નંબર ફડચ/ઉખસ/૧૦૯૫/ખ/૨૦૫૭/૮૬ તારીખ ૨૩મી જુલાઇ, ૧૯૮૬ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાત દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨)અન્વયે ફડચાની કાર્યવાહી સામાપ્ત થયેલી જાહેર કરવામાં આવેછે. અને સદર મંડળીનો નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :

અત્રેની કચેરીના સદર જા.નં. ફડચા/૧૩૫૮/ખ/૨૬૧૯/૧૯૯૨.—તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૨ થી કરવામાં આવેલ વચગાળાના આદેશ.

INDEX

અંતિમ આદેશ.

ક્રમાંક /ફડચા/ઉખસ/૧૩૫૮/અ/૨૪૩/૧૯૯૩.—જે ને મેં માસમાં મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી મુકામ માસમાં તાલુકો ઓલપાડ જિલ્લા સુરત નોંધણી ક્રમાંક એ-૨૨૭૦૪/તારીખ ૧૪મી માર્ચ ૧૯૮૮ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૨ ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુનહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૩

વાંચ્યો :—સહકારી અધિકારી ફડચા-૨ સુરતના પત્ર ક્રમાંક : ફડચ/૩/૧૦/૯૩, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૩ થી આવેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/ઉખસ / ૨૫૫૫/ખ/૨૫૪/૯૩.—ધી કોંકણવાડ દેગામા આખવભ સહકારી ખેતી મંડળી લી. મુકામ : કોંકણવાડા દેગામા, તાલુકો : વાલોડ, જિલ્લો : સુરતની નોંધણી ક્રમાંક : ૧૨૫૧૩ તારીખ ૮મી જૂન, ૧૯૪૮ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, સુરતના આદેશ ક્રમાંક નંબર : ફડચ/ઉખસ/૧૦૪૩/ખ/૧૫૫૫/૮૬, તારીખ ૧૬મી મે, ૧૯૮૬ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારી ના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

પરિશિષ્ટ

ધી કોંકણવાડ દેગામા આખવળ સહકારી ખેતી મંડળી લી. મુકામ : કોંકણવાડ દેગામા, તાલુકો : વાલોડ, જિલ્લો : સુરતની નોંધણી રદ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/૧૫૫૫/ખ/૨૫૪/૯૩ સાથે સામેલ કરવાનું પરિશિષ્ટ ૧. મંડળીને સરકારશ્રીના દેવા રાહત યોજના-૯૧ અન્વયેનો દાવો મંજૂર થયેલ જે પૈકી મંડળીના રૂા. ૯૧૭.૮૦ પૈ. હજી લેણા છે. મંડળીની નોંધણી રદ તારીખનું સરવૈયું શૂન્ય થતા હવે ઉપરોકત રકમ રૂા. ૯૧૭.૮૦પૈ. અંકે રૂપિયા નવસો સત્તર અને એંસી પૈસા પૂરા સુરત ડીસ્ટ્રીકટ કો.-ઓ. બેંકે પી.એલ.એ. ટુ ડી.ડી.ઓ. જિલ્લા પંચાયતને સરપ્લસ રકમ તરીકે ભરપાઈ કરવાના રહેશે. તેમજ તેમ કર્યા અંગેની જાણ અત્રે કરવાની રહેશે.

સુરત, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—અત્રેની કચેરીના સદર જા.નં. : ફડચ/૧૩૫૭/ખ/૨૬૦૪/૯૨, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨ થી કરવામ આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચા/ઉખસ/૧૩૫૭/ખ/૨૪૫/૧૯૯૩.—જેને મેં વિશ્વકર્મા ગ્રામ્ય કુશળ, અર્ધ કુશળ, કારીગરોની મજુરોની સહકારી મંડળી લી., મુકામ : તરસાડી, તાલુકો : માંગરોળ, જિલ્લો : સુરત નોંધણી ક્રમાંક : ઉ-૭૮૨૬, તારીખ ૩જી જુલાઈ, ૧૯૭૯ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨ ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહીં થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :—સહકારી અધિકારી ફડચા-૧ સુરતના જા.નં. : ફડચ/૦૧/૩૮/૯૩ તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી આવેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/ઉખસ/૧૧૫૬/ખ/૪૧૭/સને ૯૩.—ધી તરભોણ હળપતિ ઘર સહકારી મંડળી લી. મુકામ : તરભોણ, તાલુકો : બારડોલી, જિલ્લો : સુરતના નોંધણી ક્રમાંક : બી-૮૧૮ સને ૧૯૫૦ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, સુરતના આદેશ ક્રમાંક નંબર : ફડચ/ઉખસ/૧૧૫૬/ખ/૧૯૩૩/૮૭, તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૮૭ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વાંચ્યો :

સરકારી અધિકારી ફડચા-૩ સુરતના તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી આપેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ

જા. નં./ફડચા/ઉખસ/૧૧૬૨/ખ/૪૧૮/સને ૧૯૯૩.—ધી માણેકપોર હરિજન સરકારી ઘર વાંધ મંડળી લીમીટેડ મુકામ માણેકપોર તાલુકો બારડોલી જિલ્લો સુરતના નોંધણી ક્રમાંક બી-૮૧૩ સને ૧૯૫૦થી નોંધવામાં અવી હતી જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી

INDEX

મંડળીઓ, સુરતના આદેશ ક્રમાંક નંબર ફડચ/ઉખસ/૧૧૬૨/ખ/૧૦૪૬ ૮૭ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૮૭ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવુ અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/સે-૨૬૧૫૫-ઝ-૧૬૯/૧૯૯૩.—આથી જાહેર કરે છે કે, શ્રી ચારણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ચારણી તાલુકો માંગરોલ જિલ્લો સુરત.

સને ૧૯૭૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૨ની) કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨જી માર્ચ, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/ધ-૧૪૭૪૮/ઝ/૧૯૨/૧૯૯૩.—આથી જાહેર કરે છે કે, શ્રી નાગેશ્વર કો. ઓ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ ઉમરા (સુરત) તાલુકો ચોર્યાસી જિલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૨) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૩.

નંબર ઉખસ/નધણ/સા-૨૫૩૮/ઝ/૨૦૩/૧૯૯૩.—આથી જાહેર કરે છે કે, શ્રી કીમ વિભાગ નાગરીક સહકારી ધિરાણ મંડળી લી. મર્યાદિત સ્થળ કીમ તાલુકો ઓલપાડ, જિલ્લો સુરત.

જા. નં. ફડચ/૧૪૮/ધ-૨/૫૧૬/૮૧૬૬/૧૯૯૪.—ધી રાણા કો. ઓ. હા. સો. લી. અમદાવાદ ની નોંધણી ક્રમાંક ધ/૯૧૯૦ તા. ૨૭–૧૧–૮૧ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલી હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૨૫–૨–૮૯ ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૪/ધ/૧-૧૮૬૩ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૧૪ (૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહું કાયદાની કલમ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે

અમદાવાદ, ૨૯–૪–૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૨૯૬ તા. ૧૧–૧૦–૯૧.

( ) ફડચા અધિકારી ધી સગૈયાપાર્ક કો. ઓ. હા. સો. લી. અને સહકારી અધિકારી ફડચ–૨ના તા. ૨૫–૩–૯૪ ના પત્રાંક ફડચ/ફ-૨/૮૭ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦(૧)ની જોગવાઇ.

હુકમ

જા. નં. ફડચ/૪૭/ધ–૨/૫૧૭/૮૦૫૯/૧૯૯૪. ધી સગૈયાપાર્ક કો. ઓ. હા. સોસાયટી લી. અમદાવાદની નોંધણી ક્રમાંક ધ/૧૦૮૧૯ તા. ૧૯૮૫ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલી હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૧–૧૦–૯૧ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૨/૯૧ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૧૪ (૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદરહુ મંડળીની નોંધણી રદ જાહેર કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે

અમદાવાદ, તા. ૨૯–૪–૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નોંધણી/૧૧૦૮/ક–૨/૬૭૬/૮૧૯૯/૯૪/ધ–૧૬૫૬૫/સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી રતનાર ઘાટલોડીયા કો ઓ. હા. સો. લિ. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૯–૪–૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નોંધણી/૧૧૦૯/ક-૨/૭૧૪/૮૫૮૪/ધ–૧૬૫૬/સને ૧૯૯૪—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સિદ્ધાર્થ એપાર્ટમેન્ટ કો. ઓ. હા. સો. લિ. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨) ની કલમ —૯ મુજબ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૬–૫–૧૯૯૪.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૧૧૦/ક-૨/૭૩૨/૮૧૫૫./ ધ – ૧૬૫૬૮ સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સિદ્ધચક્ર સાબરમતી કો. ઓ. હા. સો. લિ,. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદ ને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૭–૫–૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૧૮/ક-૨/૭૨૬/૮૫૬૪ / ધ–૧૬૬૬૭/સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સુર્યવંશ કો. ઓ. હા. સો. લિ. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સન ૧૯૬૨) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૬–૫–૧૯૯૪.

વંચાણે લીધા : -

(૧) મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ગ્રાહક) અમદાવાદનો તા. ૨૧–૮–૯૩નો પત્ર.

(૨) આ કચેરીની તા. ૬–૧૨–૯૩ના પત્રથી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૨૦૪/૯૪ તા. ૧૪–૨–૯૪.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ધ-૨/૫૬૪/૪૫૮૭/૯૪.—ધી સાહિક ગ્રાહક સ. ભં. લી., અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૯ અન્વયે, નોંધણી ક્રમાંક સી-૩૫૩ તા. ૧૯૬૬ થી નોંધાયેલ સહ. મંડળી છે.

સદર મંડળી તેના ઉદ્દેશો મુજબ કામ કરતી ન હોઇ, તથા સ્થગિત અવસ્થામાં હોઇ, મંડળીને ફડચામાં લઇ જવા અંગે થયેલ સંદર્ભ–૧ની રજુઆતના અનુસંધાનમાં મંડળીને સંદર્ભ–૨ના પત્રથી નોટીસ આપી, સાંભળવાની તક આપવામાં આવેલ હતી. જે નોટીસ મંડળીને મળી ગયેલ છે. આમ છતાં, મંડળી તરફથી કોઇ મુદ્દતની અરજી નથી. જેથી મંડળીને ન્યાયના હીતમાં ફરી સાંભળવાની તા. ૨૯–૧–૯૪ ના રોજની મુદત આપવામાં આવી હતી. આમ છતાં પણ મંડળી તરફથી કોઇ રજુઆત અત્રે થયેલ નથી. મંડળીના હોદ્દેદારો અને સભ્યોને મંડળીને ચલાવવામાં રસ ન હોઇ, તથા મંડળી તેના ઉદ્દેશો મુજબ કામ કરતી ન હોઇ, અત્રે થયેલ રજુઆતમાં તથ્ય જણાંતાં, મંડળીને સંદર્ભ–૩ના હુકમ દ્વારા ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરી, દિન–૩૦ માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી કોઇ રજુઆત અત્રે મળેલ નથી. રૂબરૂમાં કે લેખિતમાં મંડળીએ કોઇ રજુઆત ન કરતાં, મંડળીને આ અંગે હવે કાંઇ કહેવાનું રહેતું નથી. તેમ માનવાને કારણ રહે છે.

ઉકત વિગતો જોતાં, મંડળીના હોદ્દેદારોને તથા સભ્યોને મંડળીને ચલાવવામાં રસ જણાતો નથી, તથા મંડળી સ્થગિત અવસ્થામાં હોઇ, મંડળી તેના ઉદ્દેશો મુજબ કામ કરતી બંધ થયેલ છે હોઇ, મંડળીને ફડચામાં લઇ જવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ. ૧૯૬૧ની કલમ–૧૦૭ની સત્તાની રૂએ, ધી સાહિક ગ્રાહક સહ. ભંડાર લી., અમદાવાદને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂં છું.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચા–૧ની સદરહુ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે, નિમણુંક કરૂં છું.

અમદાવાદ, તા. ૯–૫–૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૧૧૫/ક-૨/૭૬૧/૮૭૭૨ / ધ - ૧૬૫૬૯/ સને ૧૯૯૪.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી શિવમ કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લે અમદાવાદ ને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૦–૫–૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ / ૧૧૧૬/ક-૨/૭૬૨/૮૭૭૯ / ધ-૧૬૫૭૦ / સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે

INDEX

કે શ્રી સુંદરમ કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદ ને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૦-૫-૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારશ્રી (ગ્રાહક) સ. મ., અમદાવાદનો પત્ર ક્રમાંક ગસભ/સી-૪/૩૮૯

(૨) આ કચેરીનો તા. ૨૧-૯-૯૩ ના પત્રથી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.

(૩) અત્રેની કચેરીના તા. ૧૪-૨-૯૪ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૨૦૫/૯૪.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૮૪૦૭/૫૯૨.—ધી હેતુ ગ્રાહક સહ. ભંડાર લી., અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે, નોંધણી ક્રમાંક ભ-૩૬૪૪ તારીખ ૧૦-૧૦-૮૮થી નોંધાયેલ સહ. મંડળી છે.

સદર મંડળી જે ઉદ્દેશો માટે નોંધાયેલ છે, તે ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી નથી, અને બંધ અવસ્થામાં હોઇ, મંડળી સામે ફડચાની કાર્યવાહી હાથ ધરવા માટે સંદર્ભ-૧ની રજુઆતના આધારે મંડળીને સંદર્ભ-૨થી નોટિસ આપી, રજૂઆત કરવાની તક આપવામાં આવેલ હતી. જે અંગેનો પત્ર મંડળીને મળેલ હોવા છતાં, મંડળી તરફથી કોઇ હાજર રહેલ નથી, અને લેખિતમાં પણ આ બાબતેની કોઇ રજૂઆત કરવામાં ન આવતાં, ન્યાયના હિતમાં મંડળીને ફરી તા. ૪-૧૧-૯૩, ૨૦-૧-૯૪ની મુદતો આપવામાં આવેલ હતી. આમ છતાં પણ મંડળી તરફથી કોઈ રજુઆત લેખિત યા મૌખિકમાં કરવામાં આવેલ નથી, જેથી મંડળીને કાંઇ કહેવાનું નથી, તેમ માનવાને કારણ રહે છે, અને બંધ અવસ્થામાં હોય તેમ જણાતાં, મંડળીને સંદર્ભ-૩ના હુકમ દ્વાર વચગાળાનો હુકમ કરી દિન ૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી.

આમ છતાં, મંડળી તરફથી આજદિન સુધી કોઇ રજૂઆત અત્રે મળેલ નથી. જેથી મંડળીને કાંઇ કહેવાનું રહેતુ નથી, તથા મંડળી સામેની આવેલ ઉક્ત રજૂઆતમાં તથ્ય જણાય છે. મંડળીના સભ્યો તથા હોદ્દેદારોને મંડળીને ચલાવવામાં રસ જણાતો નથી, તેમ માનવાને કારણ રહે છે.

ઉક્ત સમગ્ર વિગતો જોતાં, મંડળીને ફડચામાં લઇ જવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ. ૧૯૬૧ની કલમ-૧૦૭ની સત્તાની રુએ, ધી હેતુ ગ્રાહક સહ. ભંડાર લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચા-૧ની સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે નિયુક્ત કરું છું.

અમદાવાદ, તા. ૧૧-૫-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/ ૧૧૨૧/ક-૨/૭૮૧ / ૯૦૭૪ /ધ-૧૬૫૭૧/ સને ૧૯૯૪.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સંવિદ કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૧ના ગુજરાતના કાયદા—૧૦ (ગુજરત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૬-૫-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૧૧૪/ક-૨/૭૯૦ / ૯૧૪૬ / ધ-૧૬૫૭૨/ સને ૧૯૯૪.—આથી પ્રપાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સત્યમ કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૦-૫-૧૯૯૪.

વંચાણે લીધા :

૧ મંડળીના સભાસદોની તા. ૨૮-૧૦-૯૩ની રજુઆત

૨ આ કચેરીના તા. ૨૫-૧-૯૪ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૧૪/૯૪ની કારણદર્શક નોટીસ.

૩ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇ.

INDEX

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૬૬૫/૯૨૦/૯૪.—ધી રાજીવનગર ગ્રા. સહકારી ભંડાર લી., નોંધણી ક્રમાંક ભ-૩૬૩૬ તા. ૧૯૮૮ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે. સંસ્થા જે ઉદ્દેશ માટે નોંધાયેલ છે, તે ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટિ સભ્યને મંડળીનાં કામકાજમાં રસ નથી. સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળીના પેટા નિયમોની જોગવાઈને આધીન જે તે કાર્યવિસ્તાર પુરતાં મર્યાદિત અને આધીન નોંધાયેલ છે. અને તે ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.

ઉપરોક્ત કારણસર સંસ્થાને શા માટે ફડચામાં ન લઈ જવી તથા ફડચા અધિકારીની નિમણૂંક શા માટે ન કરવી, તે સબબ અત્રેની કચેરીએથી તા. ૨૫-૧-૯૪ના રોજ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૪/૯૪ થી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત યા મૌખિક કોઈ રજુઆત થયેલ નથી, જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર), અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭(૧) અન્વયે, ધી રાજીવનગર ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની સદરહુ કાયદાની કલમ–૧૦૮(૧) અન્વયે નિમણૂંક કરવામાં આવે છે. આ મુજબની એક માસની અંદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજુઆત નહીં થાય તો મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૨૧–૫–૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) શ્રી સંયુક્ત રજી. અને ખા. સ. સહકારી મંડળીઓ (વિભાગીય) અમદાવાદનો પત્ર ક્રમાંક અપણ/ખાસ-૨૦૪ ગ--૩-૭૫૪

(૨) આ કચેરીના તા. ૩–૧–૯૪ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૪/૯૪ ની કારણદર્શક નોટીસ

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈ..

જા નં. ફડચ/૦૧/ધ-૨/૬૬૬/૯૨૦૧/૧૯૯૪–ધી ગેરતપુર ભાગ્યલક્ષ્મી કો. ઓ. હા. મંડળી લી. નોંધણી ક્રમાંક તા. થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે. સંસ્થા જે ઉદ્દેશ માટે નોંધાયેલ છે. તે ઉદ્દેશ મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટી સભ્યને મંડળીના કામકાજમાં રસ નથી. સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળીના પેટા નિયમોની જોગવાઈને આધીન જે તે કાર્ય વિસ્તાર પુરતા મર્યાદિત અને આધિન નોંધાયેલ છે. અને તે ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.

ઉપરોક્ત કારણસર સંસ્થાને શા માટે ફડચામાં ન લઈ જવી તથા ફડચા અધિકારીની નિમણુક શા માટે ન કરવી તે સબબ અત્રેની કચેરીએથી તા. ૩–૧૧–૯૪ ના રોજ ક્રમાંક ફડચ/૦૧ / ગ-૨/૧૪/૯૪ થી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત યા મૌખિક કોઈ રજુઆત થયેલ નથી, જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) અન્વયે ધી ગેરતપુર ભાગ્યલક્ષ્મી કો. ઓ. હા. સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે નિમણુક કરવામાં આવે છે. આ મુજબની એક માસની અંદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજુઆત નહી થાય તો મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૨૧–૫–૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) શ્રી સંયુક્ત રજીસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) અમદાવાદનો તા. ૪–૧૧–૯૩નો પત્ર ક્રમાંક અપણ/ખા. અ./૨૦૨/ગ-૩/૪૫૨.

(૨) આ કચેરીની તા. ૩/૧/૯૪ ની કારણદર્શક નોટિસ.

(૩) અત્રેની કચેરીના તા. ૧૨/૧/૯૪ તથા તા. ૨૯/૧/૯૪ ના પત્રો.

(૪) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૨૯૧/૯૪. તા. ૧૧/૩/૯૪.

INDEX

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૦ ની જોગવાઈ.

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૬૭૫/૯૩૨૩/૯૪.— ધી ઉમાપતિ કો. ઓ. હા. સોસાયટી લી., અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ૯ અન્વયે નોંધણી ક્રમાંક ધ-૧૨૫૧૪, તા. ૧૨/૮/૮૧થી નોંધાયેલ સહ. ગૃહ મંડળી છે.

સદર મંડળીનું ઓડીટ, ઓડીટરશ્રી દ્વારા હાથ ધરાતા, ઓડીટરશ્રીને એવી રજુઆત કરેલ છે કે, મંડળીના ઓડીટ માટેના રેકર્ડ એકાઉન્ટન્ટ પાસે છે, અને હોદ્દેદારો મળતા નથી તથા મંડળીને જમીન પણ મળેલ નથી., જેથી મંડળીની નોંધણી રદ્દ કરવા આવેલ રજુઆતના સંદર્ભમાં સંદર્ભ-૧ની ભલામણથી સંદર્ભ-૨ના પત્રથી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે બાબતોની નોટીસ આપી, રજુઆત કરવાની તક આપવામાં આવેલ, જે અત્રેની નોટીસ મંડળીને મળેલ છે. આમ છતાં, મંડળી તરફથી લેખિત યા મૌખિકમાં મળેલ નથી, જેથી ફરી ન્યાયના હિતમાં મંડળીને સંદર્ભ—૩ના પત્રોથી ફરી સાંભળવાની તક આપવામાં આવેલ નથી. આમ છતાં, મંડળીને આ બાબતે કાંઇ કહેવાનું રહેતું નથી, તેમ લક્ષમાં લઇ, મંડળીને સંદર્ભ—૪ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ હતી.

આમ છતાં, મંડળી તરફથી આજદિન સુધી કોઈ રજુઆત કરેલ નથી. જેથી મંડળીને આ બાબતે કાંઈ કહેવાનું નથી, તેમ માનવાને કારણ રહે છે.

ઉક્ત સમગ્ર વિગતો જોતાં મંડળીને ફડચામાં લઇ જવા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કે. એમ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની સત્તાની રૂએ, ધી ઉમાપતિ કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરું છું.

સદર મંડળીના ફડચા આંધકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી, ફડચા-૧ની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે અધિકૃત કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૫—૫—૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા સ્પે. ઓડીટરશ્રી, સહકારી મંડળી, (શહેર) અમદાવાદનો તા. ૧૮—૧૦—૧૯૯૩નો પત્ર ક્રમાંક અષણ/૮૬/ગ—૨/ ૪૪૪૩/૧૯૯૩.

(૨) અત્રેની કચેરીનો તા. ૯—૧૨—૧૯૯૩ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીનો તા. ૧૩—૧—૧૯૯૪ તથા તા. ૨૯—૧—૯૪ ના પત્રો.

(૪) મંડળીનો તા. ૩—૪—૧૯૯૪નો પત્ર.

(૫) અત્રેની કચેરીનો તા. ૧૬—૪—૧૯૯૪નો પત્ર.

(૬) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નંબર ફડચ/૦૧/ધ—૨/૬૧૬/ ૯૩૨૯ / ૧૯૯૪.— ધી કર્ણાવતી (ભીલ) કો—ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૯ અન્વયે નોંધણી ક્રમાંક ૧૦૭૯૪, તા. ૪—૨—૧૯૮૪થી નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે.

સદર મંડળીનું ટેસ્ટ ઓડીટ હાથ ધરતા, તેમાં મંડળી નોંધણી થયા બાદ બાંધકામ અંગે કોઈ પ્રગતિ કરેલ ન હોઈ, મંડળી તેના ઉદ્દેશો મુજબ, કાર્યવાહી ન કરતા, મંડળીની નોંધણી રદ કરવા રજુઆત સંદર્ભ ૧ના પત્રથી આવતા મંડળીને સંદર્ભ ૨ના પત્રથી નોટીસ આપી મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કેમ ન કરવી તે બાબતે સાંભળવાની તક આપેલ, આમ છતાં મંડળી તરફથી કોઈ હાજર થયેલ નથી. જેથી મંડળીને ફરી સંદર્ભ ૩ના પત્રોથી ન્યાયના હિતમાં ફરી મુદતો આપવામાં આવેલ, જે અંગે મંડળીના ચેરમેનશ્રી અત્રે તા. ૧૫—૨—૧૯૯૪ના રોજ હાજર રહી, વિગતવાર જવાબ રજુ કરવા મુદતની માંગણી કરતા, મંડળીને તા. ૩—૩—૧૯૯૪ના રોજની મુદત આપવામાં આવી હતી. ત્યારબાદ, મંડળીએ તા. ૩—૩—૧૯૯૪ના પત્રથી ઉત્તર આપેલ, જેમાં મંડળીએ સરકારશ્રી તથા કલેકટરશ્રી, અમદાવાદની કચેરીમાં મંડળીને જમીન ફાળવવા વિનંતી કરેલ છે. આ જવાબના અનુસંધાને મંડળીને જમીન સંબંધેના તથા જમીન મળવાના પ્રગતિ અહેવાલ તથા અન્વેષણ અહેવાલ સાથે રૂબરૂ રજુઆત કરવા માટેની તક આપવામાં આવેલ હતી.

જે મુદતે મંડળી તરફથી કોઈ હાજર રહેલ નથી, કે પત્ર દ્વારા કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. મંડળીને રજુઆત માટે પુરતી તકો આપવામાં આવેલ છે. આમ છતાં, મંડળીએ સંતોષકારક રજુઆત કરેલ નથી.

ઉક્ત વિગતો જોતાં, મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં રસ નથી. તથા મંડળી તેના ઉદ્દેશો મુજબની કામગીરી કરતી નથી. સબબ મંડળીને ફડચામાં લઈ જવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. જેથી આ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી (શહેર) અમદાવાદ, મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની સત્તાની રૂએ, ધી કર્ણાવતી (ભીલ) કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું.

આ બાબતે રજુઆત કરવા માટે મંડળીને દિન ૨૦નો સમય આપવામાં આવે છે.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચા ૨ની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૫–૫–૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નવણ/૧૧૨૦/ક-૨/૮૦૫/૪૩૬૯/ધ-૧૬૫૭૩/૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી વાલ્કેશ્વર કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૬–૫–૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૨૨૬/ધ-૧/૧૧૫૫ તા. ૨૫–૫–૧૯૮૯.

(૨) ફડચા અધિકારી ધી ત્રિકમલાલ પાર્ક કો. ઓ. હા. સો. અને સહકારી અધિકારી ફડચા–૧ના તા. ૧૯–૪–૯૪ના પત્રાંક ફડચ/ફ. ૧/૧૧૧ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦(૧) ની જોગવાઇ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૦૭/૯૪૦૭/૯૨.—ધી ત્રિકમલાલ પાર્ક કો. ઓ. હા. સો. લી. ની નોંધણી ક્રમાંક ધ-૨૯૧૬ તા. ૨૩–૪–૬૦ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલી હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૨૫–૫–૮૯ ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૨૨૬/ધ-૧/૧૧૫૫ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪(૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ ૧૪(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩૦–૫–૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૮૪/ધ-૨/૨૪૨ તા. ૨૮–૨–૯૪.

(૨) ફડચા અધિકારી ધી ગીરધરદાસ હરીવલ્લભદાસ મીલ એમ્પ્લો. કો. સો. લી. અને સહકારી અધિકારી ફડચા–૧/૨ના તા. ૩૦–૪–૯૪ના પત્રાંક ફડચ ફ–૧/૧૨૮ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦(૧)ની જોગવાઇ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ–૨/૭૦૮/૯૪૧૩/૧૯૯૪.—ધી ગીરધરદાસ હરીવલ્લભદાસ મીલ એમ્પ્લોઇઝ કો. કન્ઝ્યુ. સો. લી., ની નોંધણી ક્રમાંક ધ–૧૪૫૨ તા. ૧૯૫૨ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલી હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદના તા. ૨૮–૨–૯૪ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૮૪/ધ–૨/૨૪૨ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૧૪ (૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ જાહેર કરવામાં આવે છે. સદર હુકમની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩૦–૫–૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) શ્રી સંયુક્ત રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (વિ.), અમદાવાદનો પત્ર ક્રમાંક અષણ/ખ/સ/૪૩૦/ગ-૩/૯૭૧/૯૩. તા. ૩૧–૧૦–૧૯૯૩.

(૨) આ કચેરીના તા. ૩–૨–૯૪ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૫૬ ની કારણદર્શક નોટિસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ ની જોગવાઈ.

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૦૯/૯૪૬૨/૯૪.—ધી નટવરશ્યામ કો. ઓ. હા. સો. લી. નોંધણી ક્રમાંક ધ-૮૮૩૧ તા. ૨૪-૧૨-૮૦ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે. સંસ્થા જે ઉદ્દેશો માટે નોંધાયેલ છે, તે ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટિ સભ્યને મંડળીનાં કામકાજનાં રસ નથી. સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળીના પેટા નિયમોની જોગવાઇને આધિન જે તે કાર્ય વિસ્તાર પુરતાં મર્યાદિત અને આધીન નોંધાયેલ છે., અને તે ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.

ઉપરોકત કારણસર સંસ્થાને શા માટે ફડચામાં ન લઈ જવી, તથા ફડચા અધિકારીની નિમણુંક શા માટે ન કરવી, તે સબબ અત્રેની કચેરીએથી તા. ૩-૨-૯૪ના રોજ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૫૬/૯૪ થી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખીત યા મૌખિક રજુઆત થયેલ નથી, જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર), અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે, ધી નટવરશ્યામ કો. ઓપ. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. આ મુજબની એક માસની અંદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજુઆત નહીં થાય તો મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૩૧-૫-૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) શ્રી સંયુક્ત રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (વિ.) અમદાવાદનો પત્ર ક્રમાંક.

(૨) આ કચેરીના તા. ૩૧-૧-૯૪ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૩૬/૯૪ની કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇ.

જા નં. ફડચ/૦૧/ધ-૨/૭૧૦/૯૪૫૫/૯૪.—ધી ગેરતપુર શકિતનગર કો. ઓ. હા. સો. લી., નોંધણી ક્રમાંક ધ-૧૬૭૩ તા. ૫-૪-૬૬ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે. સંસ્થા જે ઉદ્દેશો માટે નોંધાયેલ છે. તે ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટિ સભ્યને મંડળીનાં કામકાજમાં રસ નથી. સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અને તે હેઠળના પેટા નિયમોની જોગવાઇને આધીન જે તે કાર્ય-વિસ્તાર પુરતાં મર્યાદિત અને આધિન નોંધાયેલ છે. અને તે ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.

ઉપરોકત કારણસર સંસ્થાને શા માટે ફડચામાં ન લઇ જવી તથા ફડચા અધિકારીની નિમણૂક શા માટે ન કરવી, સબબ અત્રેની કચેરીએથી તા. ૩૧-૧૨-૯૪ના રોજ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૩૬/૯૪ થી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત યા મૌખિક કોઇ રજુઆત થયેલ નથી, જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર), અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭(૧) અન્વયે ધી ગેરતપુર શક્તિનગર કો. ઓ. હા. સો. લિ., અમદાવાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી ફડચો લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણુક કરવામાં આવે છે. આ મુજબની એક માસની અંદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજુઆત નહીં થાય તો મંડળીને ફડચામાં લઇ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૩૧-૫-૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) શ્રી સંયુક્ત રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (વિ.), અમદાવાદનો પત્ર ક્રમાંક અપણુ/ખાસ/૪૧૦/ગ-૪/૮૭૪/૯૩ તા. ૨૧-૧૨-૯૩.

(૨) આ કચેરીના તા. ૭-૨-૯૪ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૮૮/૯૩ની કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૧૧/૯૪૪૪/૧૯૯૪.—ધી ગાયત્રી ગ્રાહક સહ. ભંડાર લી., નોંધણી ક્રમાંક ધ-૪ તા. ૩૦-૧૧-૯૦ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે. સંસ્થા જે ઉદ્દેશો

માટે નોંધાયેલ છે, તે ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટિ સભ્યને મંડળીનાં કામકાજમાં રસ નથી. સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળીના પેટા નિયમોની જોગવાઇને આધીન જે તે કાર્ય-વિસ્તાર પુરતાં મર્યાદિત અને આધીન નોંધાયેલ છે, અને તે ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.

ઉપરોક્ત કારણસર સંસ્થાને શા માટે ફડચામાં ન લઈ જવી, તથા ફડચા અધિકારીની નિમણુંક શા માટે ન કરવી, તે સબબ અત્રેની કચેરીએથી તા. ૭–૨–૯૪ના રોજ ક્રમાંક ફડચ/૦૧/ધ–૨/૧૮૮/૯૩ થી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત યા મૌખિક કોઈ રજુઆત થયેલ નથી, જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું, કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ તે અને મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ (૧) અન્વયે, ધી ગાયત્રી ગ્રાહક સહ. ભંડાર લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની સદરહુ કાયદાની કલમ–૧૦૮(૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. આ મુજબની એક માસની અંદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજુઆત નહીં થાય તો મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૩૧–૫–૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૧૦૭ /ક-૨/૮૧૪ /૯૪૯૨. ધ-૧૬૫૭૪ / સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી મંગલ જ્યોત કો. ઓ. હા. સો. લિ., સ્થળ, અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૩૧–૫-૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) શ્રી સંયુક્ત રજીસ્ટ્રાર અને ખાસ અન્વેષક, સહકારી મંડળી (વિભાગીય), અમદાવાદનો પત્ર ક્રમાંક અપણ/ખા.અ./ ૨૦૨/ગ–૩/૭૫૩, તા. ૪–૧૧–૧૯૯૩.

(૨) આ કચેરીના તા. ૩–૧–૧૯૯૨ના ક્રમાંક ફડચ/૦૧/ધ–૨/ ૧ ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ–૨/૨૯૨/૯૪, તા. ૧૧–૩–૧૯૯૪.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નંબર ફડચ/૦૧/ધ–૨/ ૩૨૦ / ૯૫૭૪ / ૧૯૯૪.—ધી ખોડીયાર નગર કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૯ અન્વયે નોંધણી ક્રમાંક ધ–૧૧૬૮૮, તા. ૨૫–૯–૧૯૮૫થી નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે.

સદર મંડળીનું ઓડીટ ઓડીટરશ્રીએ હાથ ધરતા, મંડળીનું રેકર્ડ ઓડીટ માટે રજુ કરવામાં ન આવતા, તથા મંડળીની નોંધણી બાદ સભ્યો માટે જમીન ખરીદેલ ન હોઈ, મંડળી તેના ઉદ્દેશો પુર્ણ કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મંડળીની નોંધણી રદ કરવાની ભલામણ સંદર્ભ–૧ના પત્રથી આવતા, મંડળીને સંદર્ભ–૨થી ફડચામાં લઈ જવા નોંધણી રદની કાર્યવાહી હાથ કેમ ન ધરવી, તે બાબતની રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી, જે અંગેનું નોટીસનું કવર મંડળીના સરનામેથી પરત આવેલ છે. જેથી મંડળી તેના સ્થળે કામ કરતી નથી, અને મંડળીએ ઉદ્દેશો મુજબની કામગીરી શરૂ કરેલ નથી. આમ છતાં, મંડળીને ફરી તા. ૨૧–૧–૧૯૯૪ તથા તા. ૧૫–૨–૧૯૯૪ની મુદતો આપી, ન્યાયના હિતમાં રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. આ અંગેના કવરો પરત આવેલ નથી. જેથી મંડળીને તે પત્રો મળેલ હશે. આમ છતાં મંડળી તરફથી લેખિત યા મૌખિકમાં કોઈ રજુઆત મળેલ નથી. જેથી મંડળીને આ અંગે કાંઈ કહેવાનું રહેતું ન હોઈ, તેમ માનવાને કારણ હોઈ, મંડળીને સંદર્ભ–૩ના હુકમથી ફડચામાં લઈ જઈ, દિન–૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. આમ છતાં, મંડળી તરફથી આજદિન સુધી કોઈ રજુઆત થયેલ નથી, જેથી મંડળીને હવે કાંઈ કહેવાનું નથી, તેમ માનવાને કારણ રહે છે.

ઉક્ત સમગ્ર વિગતો જોતાં, મંડળીને તેના ઉદ્દેશો મુજબ કામગીરી શરૂ કરેલ ન હોઈ, અને સ્થગિત અવસ્થામાં હોઈ મંડળીને ફડચામાં લઈ જવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

અંતિમ હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી (શહેર), અમદાવાદ, મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ની સત્તાની રૂએ, ધી ખોડીયાર નગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેના કચેરીના સહકારી અધિકારી ફડચ-૧ની સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે નિમણુંક કરૂં છું.

અમદાવાદ, તા. ૩-૬-૧૯૯૪.

વંચાણે લીધા :—

૧. શ્રી સંયુકત રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (વિ.) અમદાવાદનો પત્ર ક્રમાંક : અપણુ/ગ/ખ/સ/૪૦૦/ગ-૩ /૮૩૪-૧૬-૧૨-૯૩

૨. આ કચેરીના તા. ૭-૨-૯૪ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૮૯ ની કારણદર્શક નોટિસ.

૩. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇ.

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૨૧/ ૫૫૮૭ ૧૯૯૪.-ધી રાજપુર સરસ્વતી નગર કો. ઓપ. લી. નોધણી ક્રમાંક : ધ-૯૮૦૭ તા. ૨૯-૭-૮૨થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે, સંસ્થા જે ઉદ્દેશો માટે નોંધાયેલ છે, તે ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટિ સભ્યને મંડળીનાં કામકાજમાં રસ નથી. સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળના પેટા નિયમોની જોગવાઈને આધીન જે તે કાર્ય વિસ્તાર પુરતાં મર્યાદિત અને આધીન નોંધાયેલ છે. અને તે ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી

ઉપરોકત કારણસર સંસ્થાને શા માટે ફડચામાં ન લઇ જવી. તથા ફડચા અધિકારીની નિમણૂંક શા માટે ન કરવી તે સબબ અત્રેની કચેરીએથી તા. ૭-૨-૯૪ના રોજ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૮૯થી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત યા મૌખિક કોઇ રજુઆત થયેલ નથી, જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે, ધી રાજપુર સરસ્વતી નગર કો. ઓ. હા. સો. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદનો સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. આ મુજબની એક માસની અંદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજુઆત નહીં થાય તો મંડળીને ફડચામાં લઇ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૩-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધખ/૧૦૯૧/ક-૨/૮૬૦/૯૬૦૦/ધ-૧૬૫૭૮ / સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી શેઠ આણંદજી કલ્યાણજી જૈનનગર કો. ઓ. હા. સો. લિ., સ્થળ, અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા, ૭-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ / ૧૦૯૨ / ક-૨ / ૮૫૯/૯૫૦૨/ધ-૧૬૫૭૭/ સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સિદ્ધિ કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકે સીટી, જીલ્લે અમદાવાદ ને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૭-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૦૯૩/ક-૨ / ૮૬૬ / ૯૬૭૨ / ધ-૧૬૫૭૫ સને ૧૯૯૪— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સિદ્ધિ કો. ઓ. હા. સો. લિ., સ્થળ : અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના

INDEX

કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીનો કાયદો સને ૧૯૬૨)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૭-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નવણ / ૧૧૧૭ / ક-૨ / ૮૫૭/૯૬૮૫/ધ-૧૬૫૭૬/ સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી વૃંદા કો. ઓ હા. સો. લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૭-૬-૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) શ્રી સંયુકત રજીસ્ટ્રાર અને ખાસ અન્વેષક, સ. મં. (વિભાગીય), અમદાવાદનો તા. ૩૧-૧૨-૯૩નો પત્ર ક્રમાંક અપણ/ખા.અ./૨૮૯/૯૮૨/૯૩.

(૨) અત્રેની કચેરીના તા. ૭-૨-૯૨ ના પત્ર ક્રમાંક ફડચ/ ૦૧/ધ-૨/૧૮૯ની કારણદર્શક નોટિસ.

(૩) અત્રેની કચેરીનો તા. ૩-૩-૯૪ તથા તા. ૩૦-૩-૯૪ ના પત્રો.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૩૮/૯૭૧૬/૯૪.—ધી સુરતી કો. ઓ. હા. સો. લી. અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નં. ૩૧૫૦, તા. ૨૬-૮-૬૮થી નોંધાયેલ સહ. ગૃહ મંડળી છે.

સદર મંડળીના સને ૧૯૯૧-૯૨ના ઓડીટ દરમ્યાન ઓડીટરશ્રી દ્વારા મંડળીના સરનામે ઓડીટ કરાવવા બાબતે લખેલ પત્રો તથા સમન્સ મંડળીના નોંધાયેલ સરનામેથી પરત આવતાં, તથા ઓડીટરશ્રી દ્વારા રૂબરૂ તપાસ કરતાં, મંડળીના સરનામે મંડળીના કાર્યવાહકો ન મળતાં, મંડળી બંધ અવસ્થામાં હોઈ અને મંડળીએ તેના ઉદ્દેશો મુજબની કામગીરી નોંધણી બાદ ન કરતાં, મંડળીની નોંધણી રદ કરવાના કરેલ અહેવાલ અન્વયે, સંદર્ભ-૧ અન્વયે મંડળીની નોંધણી રદ કરવાની ભલામણ મળતાં, મંડળીની નોંધણી રદ કરતાં પહેલાં મંડળીને સાંભળવાની જરૂરી હોઈ, મંડળીને સંદર્ભ-૨ ના પત્રથી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. જે નોટિસનું કવર પરત આવતાં, મંડળીને ફરી સંદર્ભ-૩ના પત્રોથી યુ. પી. સી. દ્વારા સાંભળવાની તક આપવામાં આવેલ હતી. જે અંગેના કવર પરત આવેલ નથી જેથી મંડળીને આ પત્રો મળી ગયેલ છે, તેમ માનવાને કારણ રહે છે.

આમ છતાં, મંડળીએ આજદિન સુધી કોઈ લેખિત યા મૌખિકમાં ઉત્તર આપેલ નથી, જેથી મંડળીને આ બાબતે કાંઈ કહેવું નથી, તેમ માનવાને કારણ રહે છે.

ઉક્ત વિગતો જોતાં, મંડળી તેના ઉદ્દેશો મુજબ તથા નોંધાયેલ સરનામે કામ કરતી નથી. મંડળીના પેટા નિયમ તથા સહ. કાયદાની જોગવાઈઓ મુજબ, મંડળીના કાર્યવાહકોએ મંડળીના સભ્યોને નિયત સમયમાં રહેઠાણ માટે મકાનો પુરા પાડવાના હોય છે. આમ છતાં, મંડળીની નોંધણી બાદ ઘણાં વર્ષો થયા છતાં, ઉદ્દેશો મુજબની કામગીરી મંડળીએ શરૂ કરેલ ન હોય, તથા આવેલ રજૂઆતમાં તથ્ય જણાતાં, મંડળીને ચાલુ રાખવી પણ જણાતી ન હોઈ, મંડળીની નોંધણી રદ બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની સત્તાની રૂએ ધી સુરતી કો. ઓ. હા. સો. લી., અમદાવાદ કે જેનો નોંધણી નં. ધ-૩૧૫૦ તા. ૨૬-૮-૬૮ છે, તેની નોંધણી રદ કરું છું.

અમદાવાદ, તા. ૮-૬-૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સંયુકત રજીસ્ટ્રાર અને ખાસ અન્વેષક, સ. મં. (વિભાગીય) અમદાવાદનો તા. ૨૪-૧-૧૯૯૪નો પત્ર ક્રમાંક અપણ/ખા. ચ./૨૮૧/ગ-૩/૫૧/૯૪.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૧૦/ધ-૨/૨૮૧/૯૪ તા. ૭-૩-૯૪ની કારણદર્શક નોટિસ.

(૩) અત્રેની કચેરીનો તા, ૩૦-૩-૯૨નો પત્ર.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૩૯/૮૭૨૪.—/૯૪.—ધી ઉમિયા મજુર કામદાર સ. મં. લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહ. મંડળી છે., જેનો નોંધણી નંબર ઉ-૧૯૪૧ તા. ૨૩-૮-૮૮થી રજીસ્ટર્ડ થયેલ સંસ્થા છે.

સદર મંડળીનું ઓડીટ ઓડીટરશ્રી ગ્રેડ-૨, દ્વારા હાથ

ધરવામાં આવેલ, જે અંગેનો પત્રો લખતા મંડળીના સરનામેથી પરત આવેલ છે, અને ઓડીટરશ્રીએ રૂબરૂ તપાસ કરતાં, મંડળી તેના સ્થળે કામ કરતી ન હોઈ, મંડળીની નોંધણી રદ કરવાની રજુઆત સંદર્ભ–૧ના પત્રથી ભલામણ થઈ આવતાં, મંડળીને સંદર્ભ–૨ના પત્રથી મંડળીની નોંધણી રદ કેમ ન કરવી, તે સાંભળવાની તક આપવામાં આવેલ હતી. જે અંગેનું કવર પણ પરત આવતાં, ફરી સંદર્ભ–૩ના પત્રથી મંડળીને ન્યાયના હિતમાં ફરી મુદત આપવામાં આવેલ હતી. જેના અનુસંધાને પણ મંડળી તરફથી લેખિત યા મૌખિક રજુઆત થયેલ નથી.

ઉક્ત વિગતો જોતાં, મંડળીની અત્રે મળેલ રજુઆતમાં તથ્ય હોઇ, મંડળી તેના ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી નથી, તેમ માનવાને કારણ રહે છે.

ઉક્ત સમગ્ર વિગતો જોતાં, મંડળી તેના ઉદ્દેશો પ્રમાણે કાર્યવાહી કરતી ન હોઈ, તથા સ્થગિત અવસ્થામાં હોઈ, મંડળીને ફડચામાં લઇ જવા સિવાય કોઇ ઉપાય ન હોઇ મંડળીને ફડચામાં લઈ જવાનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ ૧૦૭ની સત્તાની રૂએ ધી ઉમિયા મજુર કામદાર સ. મં. લી., અમદાવાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરૂં છું.

આ માટે મંડળીએ જો કોઈ રજુઆત કરવાની હોય તો દિન–૩૦નો સમય આપવામાં આવે છે.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહ. અધિકારી ફડચા–૧ની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૮–૬–૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) શ્રી પ્રકાશ એચ. પંડયાનો પત્ર.

(૨) કચેરીની નોંધ ક્રમાંક નસમ / ૫૨ચ / ગ–૩ / ૯૪. તા. ૧૫–૧–૯૪.

(૩) અત્રેની કચેરીની તા. ૨૮–૨–૯૪ની નોટિસ.

(૪) અત્રેની કચેરીનો તા. ૧૬–૪–૯૪નો પત્ર.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/૫–૨/૬૪૭/૯૪.—ધી રૂસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડી. એમ્પ્લોઈઝ કો. ઓ. ક્રેડિટ સોસા. લી., અમદાવાદ એ ગુજરાત સ. મં. ઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૯ અન્વયે નોંધણી ક્રમાંક તા, થી નોંધાએલ સહકારી મંડળી છે.

સદર મંડળીના અરજદારશ્રીએ મંડળીમાં ચાલતી ગેરરીતિ અંગે અત્રે સંદર્ભ—૧ના પત્રથી રજુઆત કરેલ, જેના આધારે અત્રેથી મંડળીની તપાસ કરતાં, મંડળી બંધ હાલતમાં હોઇ, મંડળીને ફડચામાં લઈ જવા અંગેની કાર્યવાહી સંદર્ભ–૨ના પત્રથી કરવાની થતી હોઈ, મંડળીને આ બાબતે સાંભળવી જરૂરી હોઈ, મંડળીને સંદર્ભ–૩ના પત્રથી નોટિસ આપી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી, તે બાબતે રજુઆત કરવાની તક આપવામાં આવેલ. સદર નોટિસ મંડળીના નોંધાયેલ સરનામે મોકલતાં, પરત આવેલ છે, જેથી મંડળી તેના ઉદ્દેશો મુજબની કામગીરી કરતી બંધ થયેલ છે. આમ છતાં, ફરી મંડળીને સાંભળવાની મુદત આપવામાં આવેલ, જે અગે પરત મંડળીને મળી ગયેલ. આમ છતાં, મંડળી તરફથી લેખિત યા મૌખિક રજુઆત કરવામાં આવેલ નથી. જેથી, મંડળીને આ બાબતે કાંઇ કહેવાનું નથી, તેમ માનવાને કારણ રહે છે.

ઉક્ત સમગ્ર વિગતો જોતાં મંડળી સ્થગિત અવસ્થામાં હોઇ, તથા ઉદ્દેશો મુજબ કામગીરી કરતી બંધ થયેલ હોઈ, મંડળીને ફડચામાં લઈ જવાનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર), અમદાવાદ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની સત્તાની રૂએ, ધી રુસ્તમ મીલ એન્ડ ઇન્ડ. એમ્પ્લોઇઝ કો. ઓ. ક્રેડિટ સોસા. લી., અમદાવાદને ફડચામાં લઇ જવા અંગે વચગાળાનો હુકમ કરૂં છું.

આ વચગાળાનો હુકમ કાયમ કેમ ન કરવો તે બાબતે મંડળીએ કોઇ રજુઆત કરવી હોય તો દિન–૩૦ નો સમય આપવામાં આવે છે.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચા–૨ની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૦–૬–૧૯૯૪.

INDEX

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૪–૮–૧૯૯૨ના રોજના કારણદર્શક નોટીસ

(૨) અત્રેની કચેરીના તા. ૪–૯–૧૯૯૨ની કારણદર્શક નોટીસ.

(૩) મંડળીનો તા. ૨૨–૯–૧૯૯૨, નો પત્ર.

(૪) અત્રેની કચેરીનો તા. ૨૩–૯–૧૯૯૨, ૧૨–૧૦–૧૯૯૨ ના પત્રો.

(૫) મંડળીનો તા. ૨૧–૧૦–૧૯૯૨નો પત્ર.

(૬) મંડળીનો તા. ૨૫–૧–૧૯૯૩નો પત્ર.

(૭) અત્રેના કચેરીનો તા. ૨૮–૧–૧૯૯૩નો પત્ર.

(૮) મંડળીનો તા. ૬–૨–૧૯૯૩નો પત્ર.

(૯) અત્રેની કચેરીનો તા. ૨૭-૧–૧૯૯૪નો પત્ર,

(૧૦) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નંબર ફડચ/૦૧/ધ–૨/૭૪૮/૯૮૦૪/૧૯૯૪.—ધી ગુજરાત બેકાર મીલ મજુરોની વાહન ચાલક સહકારી મંડળી લી.. અમદાવાદએ સહકારી કાયદાની કલમ ૯ અન્વયે રજીસ્ટર નંબર ૨૦૪૪૩, તા. ૨૭–૪–૧૯૮૮થી નોંધાયેલ સહકારી મંડળી છે.

આ મંડળીની તપાસ કરતા નોંધાયેલ સરનામે મંડળી કામકાજ કરતી ન હોવાની માહિતી મળતાં, મંડળીના કાર્યવાહકોને સંદર્ભ-૧ના પત્રથી મંડળીની વિગતો, માહિતી તથા દફતર સાથે રજુઆત કરવા જણાવવામાં આવેલ હોવા છતાં, મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ ન હતી. મંડળીને જે અંગે ફરી સંદર્ભ-૨ના પત્રથી કારણદર્શક નોટીસ આપી, મંડળીને ફડચામાં કેમ ન લઈ જવા, તે બાબતની નોટીસ આપી, રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. આ અંગે મંડળીએ મંત્રીશ્રીની તબીયત નાદુરસ્ત હોવાથી, મુદતની માંગણી કરતા, મંડળીને સંદર્ભ-૩ના પત્રોથી ફરી મુદતો આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળીએ સંદર્ભ-૪ના પત્રથી જવાબ આપી, તેમાં મંડળીના હિસાબો ઓડીટ કરવવામાં આવી રહેલ છે., અને તે અંગેનો જવાબ આપેલ, અને રૂબરૂ મંડળીના ચેરમેન તથા માનદમંત્રીશ્રી રૂબરૂ હાજર રહી, નોટીસનો વિગતવાર જવાબ ૧ માસની મુદત આપવા અનુરોધ કરવામાં આવતા, આ અંગે સુનાવણી તા. ૭–૧૨–૧૯૯૨ના રોજ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ મુદતે મંડળી તરફથી કોઈ હાજર રહેલ ન હતું, જેથી અત્રેથી ફરી મંડળીને તા. ૨૦–૧–૧૯૯૩ના રોજની મુદત આપવામાં આવેલ હતી. જે અંગે મંડળીએ તેઓના સંદર્ભ-૬ના પત્રથી શહેરના પરામાં તોફાનના કારણે ઓડીટ થઈ શકેલ ન હોઈ, મુદતની માંગણી કરવામાં આવેલ હતી; જે અંગે સંદર્ભ-૭ના પત્રથી મંડળીને મુદત આપવામાં આવેલ હતી.

ઉક્ત મુદતે મંડળીના માનદમંત્રીશ્રી હાજર રહેલ અને તેઓએ મંડળીના ઓડીટ પૂર્ણ થયા બાદ, કાર્યવાહી અંગે વિચારણા કરવામાં આવે તે અંગેનો અનુરોધ કરતા, આ બાબતે ઓડીટ પૂર્ણ થતાં સુધી કાર્યવાહી ન કરવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવેલ હતી.

આ બાબતે મંડળીનું ઓડીટ તા. ૨૧–૪–૧૯૯૩ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ, જે અંગે આવેલ ઓડીટ રીમાર્કની ખામીઓ બાબતે મંડળીને સંદર્ભ-૯ના પત્રથી સ્પષ્ટતા તથા આધાર-પુરાવા સહ અહેવાલ મોકલી આપવા જણાવેલ હતું. જે અંગેનો પત્ર મંડળીને મળેલ છે. આમ છતાં મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી.

ઉકત બાબતો જોતાં, મંડળીને આ બાબતે હવે કોઈ કહેવાનું રહેતું નથી, તેમ માનવાને કારણ રહે છે. મંડળીના ઓડીટ રીમાર્ક જોતાં મંડળીને 'ક' વર્ગ આપવામાં આવેલ છે, અને તે બાબતેની ખામીઓના મુદ્દા બાબતે મંડળી પાસે જવાબ મંગાવેલ, અને અત્રેથી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ કે જેમાં મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી, તે બાબતેનો સંપુર્ણ જવાબ તથા આધાર-પુરાવાઓ મંડળી પાસે મંગાવવામાં આવતા છતાં, મંડળીએ કોઇ જવાબ ન આપતાં મંડળીને કોઈ કહેવાનું નથી રહેતું હોઈ, મંડળીને ફડચામાં લઇ જવાના કારણો જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની સત્તાની રૂએ, ધી ગુજરાત બેકાર મીલ મજુરોની વાહન ચાલક સહકારી મંડળી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું.

આ બાબતે મંડળીને જો કોઈ રજુઆત કરવાની હોય તો દિન–૩૦નો સમય આપવામાં આવે છે.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહ. અધિકારી ફડચા-૨ની નીમણૂંક કરૂં છું.

અમદાવાદ, તા. ૧૦–૬–૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૧૨૫/ક-૨/૮૯૧/ધ/૯૮૦૯/ધ-૧૬૫૭૯/૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સત્કાર કો. ઓ. હા. સો. લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૦-૬-૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) શ્રી સંયુક્ત રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ લી., અમદાવાદ નો પત્ર ક્રમાંક અષણ/ખા. અ./૪૨૬/ગ-૩/૧૦૨૩૬,—તા. ૩૧-૧૨-૯૩.

(૨) આ કચેરીના તા. ૩-૨-૯૪ ક્રમાંક ફડચ/૦૧/ઝ-૨/૧૫૮ ની કારણદર્શક નોટિસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઇ.

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૫૯/૯૯૦૨/૧૯૯૪.—ધી ચંદ્રપાર્ક કો. ઓ. હા. સોસા. લી., નોંધણી ક્રમાંક ૭-૮૭૦૯ તા. ૧૯૮૦થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે. સંસ્થા જે ઉદ્દેશો માટે નોંધાયેલ છે, તે ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટિ સભ્યને મંડળીનાં કામકાજમાં રસ નથી. સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળીના પેટા નિયમોની જોગવાઇને આધીન જે તે કાર્ય-વિસ્તાર પુરતાં મર્યાદિત અને આધીન નોંધાયેલ છે, અને તે ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.

ઉપરોક્ત કારણસર સંસ્થાને શા માટે ફડચામાં ન લઇ જવી, તથા ફડચા અધિકારીની નિમણુંક શા માટે ન કરવી, તે સબબ અત્રેની કચેરીએથી તા. ૩-૨-૯૪ના રોજ ક્રમાંક ફડચ/૦૧/ઝ-૨/૧૫૮ થી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત યા મૌખિક કોઇ રજુઆત થયેલ નથી, જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું, કે. એચ. રાઠોડ, જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર), અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) અન્વયે, ધી ચંદ્રપાર્ક કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની સદરહુ કાયદાની કલમ ૧૦૯(૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. આ મુજબની એક માસની અંદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજુઆત નહીં થાય તો મંડળીને ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૫-૬-૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) તા. ૨૮-૧-૧૯૯૪થી સંયુકત રજીસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) અમદાવાદનો પત્ર ક્રમાંક અખણ/ખા.વ./૩૨૨/ગ-૮/૩૩/૧૯૯૪.

(૨) અત્રેની કચેરીના તા. ૭-૩-૧૯૯૪ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૬૦૭/૧૯૯૪ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તા. ૩૦-૩-૧૯૯૪નો પત્ર.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નંબર ફડચ/૦૧/ધ-૨/૭૫૮/૯૦૧૩/૧૯૯૪.—ધી નિરંત કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ૭-૧૨૯૦૫, તા. ૨૬-૫-૧૯૮૮થી નોંધાયેલ છે.

સદર સોસાયટીનું સને ૧૯૯૨-૯૩ના વર્ષનું વૈધાનિક ઓડીટ, ઓડીટરશ્રી દ્વારા હાથ ધરવામાં આવતા એવું જણાવેલ છે કે, મંડળી તેના નોંધાયેલ સરનામે કામ કરતી નથી. મંડળીના સરનામેથી પત્રો પરત આવે છે. જેથી, મંડળી તેના ઉદ્દેશો મુજબ કામ કરતી ન હોઇ, મંડળીનો નોંધણી રદ કરવાની સંદર્ભ-૧ના પત્રથી આવેલ રજુઆત સંદર્ભમાં મંડળીને સાંભળવી જરૂરી હોઈ, મંડળીને સંદર્ભ-૨ ના પત્રથી મંડળીની નોંધણી રદ કેમ ન કરવી, તે બાબતે સાંભળવાની તક આપવામાં આવેલ, જે કવર નોંધાયેલ સરનામેથી પરત આવેલ છે આમ છતાં મંડળીને ફરી પત્ર રૂ.પી.સી. દ્વારા મોકલેલ અને રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી, જે કવર પરત આવેલ નહીં. જેથી મંડળીને મળી ગયેલ હશે, તેમ માનવાને કારણ રહે છે. મંડળી આ બાબતે લેખિત યા મૌખિકમાં આજદિન સુધી કોઇ રજુઆત કરેલ નથી, જેથી મંડળીને આ અંગે કાંઇ કહેવાનું રહેતું નથી, તથા મંડળી તેના ઉદ્દેશો મુજબ તથા મંડળીના પેટા નિયમ અને સહકારી કાયદાની કલમો અનુસાર કામ કરતી નથી, તે અંગે આવેલ રજુઆતમાં તથ્ય હોય તેમ માનવાને કારણ રહે છે.

INDEX

ઉક્ત વિગતો જોતાં, મંડળીએ નોંધાયા બાદ. સભ્યોને રહેઠાણ માટે મકાનો પુરા પાડી ઉદ્દેશો મુજબની કામગીરી શરૂ કેલ ન હોઈ, મંડળીની નોંધણી રદ કરવા બાબતે નીચે જબનો હુકમ કરવામાં આવે છે.

"હુકમ"

આથી હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૨૦ની સત્તાની રૂએ ધી નિરંત કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૧૨૯૦૫, તા. ૨૩-૫-૧૯૮૮ છે. તેની નોંધણી રદ કરૂં છું.

અમદાવાદ, તા. ૧૫-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૧૦૨/ક-૨/૯૧૮/૧૦૨૫૯/સેં.-૨૪૧૨૫/૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ખોખરા મહેમદાવાદ સેવા સ. મં. લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૪-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૧૨૪/ક-૨/૮૯૯/૧૦૦૭૦/ધ-૧૬૫૮૧/૯૪. આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી મહાદેવ કો. ઓ. હા. સો. લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૭-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૧૨૬/ક-૨/૮૯૦/૧૦૦૪૨/ધ-૧૬૫૮૨/૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ન્યુ પાવાપુરી કો. ઓ. હા. સો. લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૭-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૧૧૦૫/ક-૨/૮૯૯/૧૦૦૪૯/ધ-૧૬૫૮૩/૯૪.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી જય શક્તિ કો. ઓ. હા. સો. લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી. જિલ્લો અમદાવાદ ને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૮-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નથણ ૧૧૧૯/ક-૨/૮૯૭/૧૦૦૬૩/ધ-૧૬૫૮૪/૯૪.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી શ્રીજીકૃપા કો. ઓપ. શોપ્સ સો. લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી. જીલ્લે. અમદાવાદ ને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા, ૧૮-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૧૨૨/ક-૨/૮૦૬/૧૦૦૫/ધ-૧૬૫૮૫/૯૪.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સગુનપાર્ક કો. ઓપ. હા. સો. લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદ ને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૮-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ /૧૧૨૯ / ક-૨ / ૮૯૫ / ૧૦૦૮૩/ ધ-૧૬૫૮૬ / સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ઉર્જીતા કો. ઓપ. હા. સો. લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૮-૬-૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક • નધણ/૧૨૪/ક-૨/૮૯૪/૧૦૦૭૭/ધ-૧૬૫૮૭/ સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સૌભાગ્ય (કોચરબ) કો. ઓપ. હા. સો. લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૮-૬-૧૯૯૪.

કે. એચ. રાઠોડ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ (શહેર), અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—GAJ-14-B

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLI] THURSDAY, AUGUST 31, 2000 / BHADRA 9, 1922 [No. 35

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	2279-2315	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	423-442
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-, under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	35	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	4989-5143

Miscellaneous Notifications, Appointments, etc.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ મુજબ.

વંચાણમાં લીધા :—

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ-૧૪૪

ક્રમાંક એમ.એ.જી. / પી.ઓ.એલ. / વશી / ૩૯૧૯.— ભરૂચ-રેલ્વે સ્ટેશન સામે આવેલ સર્કલમાં કોઈપણ પ્રતિમા મૂકવાના કારણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે તેવી શકયતા છે સબબ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તે હેતુસર બન્ને પક્ષો વચ્ચે સુમેળ ભર્યો ઉકેલ ન આવે ત્યાં સુધી સદર સર્કલમાં કોઈપણ પ્રતિમા મૂકવા તેમજ સદર સર્કલની ઉપર કે તે સર્કલની અંદર કોઈપણ વ્યકિત કે વ્યકિતઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવા આવશ્યક જણાય છે.

વાસ્તે હું બી. બી. સ્વેન, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે ભરૂચ રેલ્વે સ્ટેશન સામેના સર્કલમાં કોઈપણ પ્રતિમા મુકવા તેમજ સદર સર્કલની ઉપર કે તે સર્કલની અંદર કોઈપણ વ્યકિત કે વ્યકિતઓનાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું. કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પરના પોલીસ સરકારી અધિકારી, કર્મચારીઓને,
(૨) ટ્રાફીક સર્કલની જાળવણી સાથે સંકળાયેલ કોઈપણ વ્યકિતઓ,

આ જાહેરનામું તારીખ ૧૭ મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરવા બદલ કે ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવાને પાત્ર રહેશે.
આજરોજ તારીખ ૧૪ માહે ઓગસ્ટ સને ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. બી. સ્વેન,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નં. ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર. ૨૩ / ૨૦૦૦.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી આણીવાળુ પાનું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું આણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવાં નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય).

અપવાદ :—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એચ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

નં. ડીસીબી/એમજી/બીપીએ/રજી. નં. ૩૭/૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી જન્માષ્ટમી પૂર્વેની સ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તા. ૧૮મી ઓગસ્ટ ૨૦૦૦થી તા. ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૦ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની,

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કે અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મા) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદ ની સજા થશે.

આજરોજ તારીખ ૧૪મી ઓગસ્ટ ,૨૦૦૦ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ના કલમ-૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમજી/બીપીએ/રજી. નં. ૩૮/૨૦૦૦.—જિલ્લામાં આગામી જન્માષ્ટમી તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તા. ૧૮મી ઓગસ્ટ ૨૦૦૦ ૧લી સપ્ટેમ્બર ૨૦૦૦ સુધી (બંને દિવસ સુધ્ધાં) અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા કે એસ.ટી.બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧(સન ૧૯૫૧ના ૨૨મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૪મી ઓગસ્ટ ૨૦૦૦ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧)(યુ) અન્વયે.

ક્રમાંક પી.ઓ.એલ. / વશી / ૩૮૮૨.— ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં જન્માષ્ટમી છડીનોમ, મેઘરાજા ઉત્સવ નિમિત્તે તારીખ ૨૨ મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૨૫ મી ઓગષ્ટ, ૨૦૦૦ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થશે. અને ઘાસ, કામળા, વાસ, વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દીવસો દરમ્યાન સોનેરી મહેલ વિસ્તારની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું રાજદેવસિંહ ગોહીલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉપરોકત મેળાના દીવસો દરમ્યાન ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં હદમાં કોઈ પણ વ્યકિતએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ ૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૬ મી ઓગષ્ટ, સને ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

ક્રમાંક એમ.એ.જી / વશી / ૩૮૮૩.— ભરૂચ શહેરમાં ગોકુળ-અષ્ટમીના તહેવાર અંગે સોનેરી મહેલ વિસ્તારમાં મુજબ તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૫મી ઓગષ્ટ, ૨૦૦૦ સુધીના સમય દરમ્યાન જાહેર મેળો ભરાશે. અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રીત થનાર હોય, જાહેર જનતાની સલામતિ માટે ઉપરોકત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર અંશત: નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું આર. જી. ગોહીલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રુએ હું ફરમાવું છું કે, ભરૂચ શહેરના નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૨ મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૨૫ મી ઓગષ્ટ, ૨૦૦૦ (બંન્ને દિવસો સહીત) બપોરના ૧૨-૦૦ કલાકથી રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી તમામ વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ બીજા અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેમને બંધનકર્તા રહેશે તેમજ ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા પોલીસ અધિકારી કે બીજા અધિકારીને લાગુ પડશે નહીં.

વિસ્તાર

(૧) પાંચબત્તીથી સોનેરીમહેલ સુધી.
(૨) લલ્લુભાઈ ચકલાથી સોનેરી મહેલ સુધી.
(૩) હાજી ખાનાબજાર ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.
(૪) વલંદ કોઠહાથી સોનેરી મહેલ સુધી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરનાં પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૪૩(૧) અન્વયે.

ક્રમાંક પી.ઓ.એલ. / વશી / ૩૮૮૪.— ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં જન્માષ્ટમી, છડીનોમ, મેઘરાજા ઉત્સવ નિમિત્તે તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૨૫ મી ઓગષ્ટ, ૨૦૦૦ સુધી જાહેર મેળો ભરાનાર છે. અને મારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યો પૈકી ચેપી રોગચાળો ફાટી નિકળવાનો પુરો સંભવ છે. તેથી દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેવી તેની નજીકના ૧૨ ફૂટના વિસ્તારમાં અથવા તે જગ્યા ઉપર ન્હાવું, ધોવું કે કપડાં ધોવાં કે જાનવરોને નહવડાવવા નહિ અને વાહનો ધોવા નહિ.

(૨) યાત્રાના સમયે-મેળાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો પેશાબ કરવાં નહિ.

(૩) ગંધાતા વાસી અને ઉતરી ગયેલા અગર સમાનવ ખાદ્ય માટે બિન ઉપયોગી એવાં ફળો પીણા તથા ખોરાક વેચવા નહિ.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દૂકાનો અસ્વચ્છ ગંદી રાખવી નહિ.

(૫) જે યાત્રાળુઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પિડાતા હોય તેમને ફરજ પરના સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી એવા રોગ અટકાવવા માટેની દવા ઈન્જેકશનો વિગેરે અગાઉથી લીધા વગર મેળામાં આવવું નહિ.

વાસ્તે હું, આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૪૩ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારમાં જ્યા મેળો ભરાતો હોય તેવા સ્થળોએ ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઈ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલા નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦/-- (બસો) સુધીનાં દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૨૫ મી ઓગષ્ટ, ૨૦૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૧૬મી ઓગષ્ટ, સને ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કર્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (બી) અન્વયે.

ક્રમાંક પી.ઓ.એલ. / વશી / ૩૮૮૫.— ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે જન્માષ્ટમી છડીનોમ, મેઘરાજાનો ઉત્સવ નિમિત્તે તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૨૫ મી ઓગસ્ટ, ૨૦૦૦ સુધીનાં સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાં મોટા પ્રમાણમાં સમુદાય એકત્રિત થશે જેથી મેળામાં હાથ લારીઓમાં માલ-સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિમંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય કોઈ જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાઉ છું કે, તારીખ ૨૨ મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૨૫ મી ઓગષ્ટ, ૨૦૦૦ સુધીના સમય માટે (બંન્ને દિવસો સહિત) ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં મેળામાં કોઈપણ ઈસમોએ પોતાની હાથ લારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહિ, પરંતુ પોલીસ ખાતા અગર નગરપાલિકા તરફથી નિયત કરેલ જગ્યાએજ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૬ મી માહે ઓગષ્ટ, સને ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે.

ક્રમાંક એમએજી / વશી / ૩૯૨૧.— ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર-- વ્યવસ્થા જાળવવના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તાર માં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂર જણાય છે.

જેથી હવે, મુંબઈ પોલીસ અધિનયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આથી ૦૬-૦૦ વાગ્યાથી તારીખ ૩૧ મી ઓગષ્ટ, ૨૦૦૦ ની રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંન્ને દવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

" સમગ્ર ભરૂચ જિલ્લો "

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ: –

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬ મી ઓગષ્ટ સને ૨૦૦૦ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) મુજબનું.

ક્રમાંક ઉ/મકચ/મજસ/પલસ/વશી./૨૮૪૪ થી ૨૯૪૪.—આગામી રક્ષાબંધન, રાંધણછઠ, જન્માષ્ટમી જેવા તહેવારોની ઉજવણી થનાર છે. આ પ્રસંગે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળનું જાહેરનામું બહાર પાડવું જાહેર હિતમાં જણાતુ હોઈ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૦ થી ૨૩મી ઓગષ્ટ. ૨૦૦૦ (બન્ને દિવસો સહિત),

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ઘોકો, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવા નહી કે જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્ર કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી. અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરની કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેવા પોલીસ ઈન્સ્પેકટરશ્રી થી નીચેની પાયરીના ન હોય તેવા આધકારી તથા જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી તથાસિક્કો કરવામાં આવ્યો

એચ. કે કટારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળ

ક્રમાંક /ઉ/મકડ/પી. ઓ. એલ./વશી-૩૦૦૫-૨૦/૨૦૦૦.— મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ પ્રવર્તમાન પરિસ્થિતિ તથા આગામી પારસી નુતન વર્ષ તથા જન્માષ્ટમીનાં તહેવારોને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તા. ૧૬મી ઓગષ્ટ ૨૦૦૦ થી તા. ૩૦મી ઓગષ્ટ ૨૦૦૦(બંને દિવસો સહિત) નાં સમયગાળા માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ પણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં)ના કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૦ના રોજ મારી સહી કરી સીક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) હેઠળ

ક્રમાંક ઉ/મકડ/પી ઓ.એલ /વશી- ૩૦૨૧-૩૬/૨૦૦૦.—જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિ તથા આગામી પારસી નુતનવર્ષ તથા જન્માષ્ટમી-નાં તહેવારોને અનુલક્ષીને જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧નો ૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૧૬મી ઓગષ્ટ ૨૦૦૦થી તારીખ ૩૦મી ઓગષ્ટ ૨૦૦૦ (બંને દિવસો સહિત) ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓએ એકત્ર/ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાથ હોય તેવી વ્યકિતઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યકિતઓ.

(૫) એસ.ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ ૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૬મી ઓગષ્ટ ૨૦૦૦નાં રોજ મારી સહી કરી સીક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

NOTE

The Notifications issued by the District Registrar of Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part I, should be *read* to have been published in issue No. 35 of *Gujarat Government Gazette*, Part I, dated 31st August, 2000 and for pages VAD-588 to VAD-618 (in 1 set) *read* page Nos. 2285 to 2315.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે તારીખ ૩૧મી ઓગસ્ટ ૨૦૦૦ના ગુજરાત રાજ્યના ભાગ-૧ ના અંક ૩૫માં પ્રસિધ્ધ થયેલ છે તેમ વાંચવું. **અને** પાના વીએડી- ૫૮૮ થી વીંએડી- ૬૧૮ (૧-બંચમાં) ને પાન નંબર ૨૨૮૫ થી ૨૩૧૫ વાંચવા.

Vadodara, 31st August, 2000.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

I-35

જિલ્લા રજિસ્ટ્રાર સ.મ. દ્વારા

વંચાણે લીધા :—

(૧) ઓડિટર, ગ્રેડ-૧, સ. મં. (દૂધ) આણંદના જા. નં. અપાણ/ વ. અ./બોરીઆવી/૯૩, તારીખ ૨જી જુલાઈ, ૧૯૯૩નો ખાસ અહેવાલ.
(૨) અત્રેની કચેરીનાં જા. નં. અસપવ/૦૧-ગ-૧/૨૫૨૪ / ૯૩, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના રો.:થી સંસ્થાના પ્રમુખ-મંત્રીશ્રીને પાઠવેલ નોટીસનો પત્ર.
(૩) અત્રેની કચેરીના જા. નં. ચ.ક.સ.-૪૧૬૭-ખ-૩૦૩૨-૯૩, તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૩નો રજિ. પો.એ.ડી. થી પાઠવેલ પત્ર.

ક્રમાંક સ.વ.ન.-૦-૭૬-ખ-૯૪૫-૧૯૯૪.—શ્રી બોરીઆવી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુકામ બોરીઆવી, તાલુકો આણંદ, જિલ્લો ખેડાએ (કે જેનો આ કામે હવે પછીથી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. સંસ્થાનો રોજબરોજનો વહીવટ તેના મંજુર થયેલ પેટા નિયમો, સહકારી કાયદા કાનૂન અને નિયમોનુસાર કરવાનો રહે છે. અને સંસ્થાના સંચાલકો તથા કાર્યવાહકો ઉપર સંસ્થાનાં મંજુર થયેલ પ્રવર્તમાન પેટા નિયમોથી લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ નિભાવવાની હોય છે.

સંસ્થાના, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૩ થી તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ના સમયનું વૈધાનિક અન્વેષણ ઓડીટર ગ્રેડ-૧ સ. મં. આણંદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર ઓડીટ સમય દરમ્યાન જણાઈ આવેલ કેટલીક વહીવટી તથા આર્થિક અનિયમિતતાઓ બાબતે આમુખ-૧માં જણાવ્યાનુસારનો ખાસ અહેવાલ મોકલી આપી સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળની કાર્યવાહી કરવા સારૂ ભલામણ અત્રેની કચેરીને કરેલ છે. જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબના છે.

મુદ્દા નં. ૧ : સંસ્થા તરફથી અગાઉના ઓડીટ નોંધોની વાસ્તવિક દુરસ્તીનો અહેવાલ સંબંધિત ઓડીટરશ્રીને મોકલી આપેલ નથી.

મુદ્દા નં. ૨ : મંડળીની વ્ય. ક. ની બેઠકો પેટા નિયમની જોગવાઈ મુજબ દર માસે નિયમિત મળતી નથી.

મુદ્દા નં. ૩ : મંડળીના સરવૈયે સભાસદ મધ્યમ મુદત ધિરાણ બાકી પડે છે. જેની વસુલાત માટે કોઈ સક્રિય કાર્યવાહી થતી નથી.

મુદ્દા નં. ૪ : મંડળીને ઉપયોગી રજિસ્ટરો જેવાં કે સભાસદ રજિસ્ટર, શેર રજિસ્ટર, શેર ખાતાવહી, મિલ્કત તથા અન્ય રોકાણ રજિસ્ટરો છેવટ સુધી ભરી તૈયાર રાખવા.

મુદ્દા નં. ૫ : નવીન દાખલ કરવામાં આવતાં સભાસદોની અરજીઓ વ્યવસ્થિત દફતરે રાખેલ નથી તથા શેર સર્ટીફીકેટ આપવામાં આવેલ નથી.

મુદ્દા નં. ૬ : મંડળીની દફતરી વ્યવસ્થા સંતોષકારક નથી.

મુદ્દા નં. ૭ : સંસ્થા તરફથી દૂધ ખરીદ કેન્દ્ર માટે જમીન રાખેલ હતી જેની ખાતાકીય મંજૂરી મેળવવામાં આવેલ નથી.

મુદ્દા નં. ૮ : સંસ્થાના સ્થાનિક ઓડિટર શ્રી તરફથી મંડળીના હિસાબો તપાસવામાં આવતાં નથી.

મુદ્દા નં. ૯ : પેટા નિયમની જોગવાઈ મુજબ વ્ય. ક. ની બેઠકમાં હાજર માલ સ્ટોકની/સિલક વિગેરે ખરાઈનો ઠરાવ કરી તેની નોંધ રોજમેળે તથા સ્ટોકપત્રકે કરવાની હોય છે. તેનો અમલ થયો નથી.

મુદ્દા નં. ૧૦ : ઘી નો બીનજરૂરી સ્ટોક હાથ ઉપર રહેલ જણાઈ આવેલ છે. મંત્રીશ્રીએ તથા સંસ્થાના કાર્યવાહકો આ બાબતે બિલકુલ કાળજી રાખેલ નથી.

આમ ઉપરની વિગતોને ધ્યાનમાં લઈ, ઓડીટર તરફથી સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળની કાર્યવાહી કરવાની કરેલ ભલામણ મુજબ આમુખ-૨ અને આમુખ-૩ માં જણાવેલ પત્રોની વિગતો મુજબ સંસ્થાના પ્રમુખ-મંત્રીશ્રીને નોટીસો પાઠવવામાં આવેલ હતી અને ન્યાયના હિતમાં વ્યાજબી રજુઆત માટે તકો આપી અનુક્રમે દિન-૭ માં માહિતી મોકલી આપવાનું જણાવેલ અને તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૩ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હોવા છતાં સંસ્થા તરફથી કોઈ લેખિતમાં કે રૂબરૂમાં આવી રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ફલિત થાય છે કે ઓડીટરશ્રીના મુદ્દાઓ બાબતે સંસ્થાની હાલની વ્યવસ્થાપક કમિટીને સંસ્થા ચલાવવામાં રસ નથી. જેથી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદારની નિમણુંક કરવી યોગ્ય અને યથાર્થ જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું ડી. સી. અધ્યારૂ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નડીઆદ મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (૧) હેઠળ મળેલ અધિકારની રૂઈએ શ્રી બોરીઆવી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ : બોરીઆવી તાલુકો : આણંદ, જિલ્લો : ખેડામાં હાલની વ્યવસ્થાપ કમિટીને દૂર કરી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદાર તરીકે શ્રી સી. એન. પટેલ ઠે. મુકામ નડીઆદ, તાલુકો : નડીઆદ, જિલ્લો : ખેડાની નિમણુંક કરું છું. સદર નિમણુંક ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષ માટે રહેશે.

નડીઆદ, તારીખ ૩૦મી મે, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર સહકારી મંડળીઓ, મહેમદાવાદ ના જી. નં અપાણ/ ખનગ/૧૭૨/૧૯૯૩, તારીખ ૯મી જુલાઇ ૧૯૯૩ નો ખાસ અહેવાલ.
(૨) અત્રેની કચેરીના પત્ર નંબર ચ-કસ-૪૨૬૩-ખ-૭૧૯-૧૯૯૪, તારીખ ૫મી એપ્રિલ ૧૯૯૪ના પત્રથી સંસ્થાની વ્યવસ્થાપક કમીટી ના તમામ સભ્યોને પાઠવવામાં આવેલ કારણ-દર્શક નોટીસનો પત્ર.
(૩) ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદના જા. નં. ત-૪૭-૨૮૮૪, તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૪નો વહીવટદારની નિયુક્તિની ભલામણ કરતો પત્ર.

ક્રમાંક ઉ.ખ.સ. સવન-૦૭૭/ખ/૭૮૧-૧૯૯૪.— શ્રી ગોભલજ સેવા સહકારી મંડળી લી. મુ. ગોભલજ તાલુકો માતર, જિલ્લો ખેડાએ (કે જેને આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં

INDEX

આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી સેવા સહકારી મંડળી છે. જેનો રોજબેરોજનો વહીવટ સંસ્થાના મંજૂર થયેલા પેટા નિયમો કાયદો-કાનુન અને નિયમોનુસારનો કરવાનો રહે છે. અને સંસ્થાના પ્રવર્તમાન પેટા- નિયમોથી સંસ્થાના સંચાલકો તથા કર્મચારીઓ ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ નિભાવવાની હોય છે.

સંસ્થાના તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૨ થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૨ ના સમયનું વૈધાનિક અન્વેષણ ઓડીટર સહકારી મંડળી મહેમદાવાદ જિલ્લા ખેડા તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ હતું સદર ઓડીટ સમય દરમ્યાન જણાય આવેલ વહીવટી અને આર્થિક નુકશાન માટે સંસ્થામાં હાલની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી તેની જગ્યાએ વહીવટદારની નિમણુંક કરવાની ભલામણ કરેલ છે. જે અંગેના આમુખ-૧માં નિર્દિષ્ટ કર્યા મુજબનો ખાસ અહેવાલ મોકલી આપેલ છે જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબના છે.

મુદ્દા નંબર-૧.—સંસ્થાની તારીખ ૧૯મી જુલાઇ, ૧૯૯૨ના રોજની વ્યવસ્થાપક કમીટીની સભાના ઠરાવ નંબર ૯થી મુદત વીતી બાકી કરજ શેર ભંડોળ પરત કરી વસૂલ કરવા માટે મંત્રીશ્રીને સત્તા આપવામાં આવતા સંસ્થા ખોટમાં હોવા છતા મધ્યસ્થ નાણાં ધીરનારી સંસ્થાની મંજૂરી મેળવ્યા સિવાય અનુક્રમે રૂા. ૬૧૯૫ + રૂા. ૧૬૮૦ની શેર ભંડોળની રકમ તપાસણી સમય ચૂકવવામાં આવેલ છે.

મુદ્દા નં. ૨ :— સંસ્થાની છેલ્લી સાધારણ સભા તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૧૯૮૭ બાદ ભરવામાં આવેલ નથી.

મુદ્દા નં. ૩ :— વ્યવસ્થાપક કમિટી ની થયેલ રચનાની વાર્ષિક સાધારણ સભામાં બહાલી મેળવેલ નથી. તેમજ વ્યવસ્થાપક કમિટીમાં ૨ સભ્યો મુદતવીતી બાકીદાર છે.

મુદ્દા નં. ૪ :— સંસ્થા પાસે પુરતા પ્રમાણમાં ભંડોળ ન હેવા છતાં સ્વકિય ભંડોળમાંથી ધીરાણ કરવામાં આવે છે. જેથી સંસ્થાનો વહીવટ મનસ્વી ચલાવવામાં આવે છે.

મુદ્દા નં. ૫ :— સંસ્થાની તારીખ ૨૦ મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ની વ્યવસ્થાપક કમિટીની સભાના ઠરાવ નં. ૪ થી ઠરાવ કરી મંત્રી / હેલ્પર / તોલાટના પગારમાં વધારો ઠરાવેલ છે. જે રૂા. ૨,૦૭,૧૬૭/-- તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૨ ના રોજ ઉધારવામાં આવેલ છે. આ અંગે કોઈ નક્કર આધાર પુરાવા રજુ થયેલ નથી. તારીખ ૨૪ મી એપ્રિલ, ૧૯૯૩ ના રોજની વ્ય.ક. ની બેઠક બોલાવી પુછવાથી સંસ્થાના હિતમાં અગાઉના મંત્રીશ્રી પાસેથી વસુલ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

મુદ્દા નં. ૬ :— સંસ્થામાં સંચાલકોની બેદરકારીને કારણે કુલ રૂા. ૧,૦૩,૭૩૯-૭૭ પૈ. જેટલી ખોટ જવા પામેલ છે.

મુદ્દા નં. ૭ : તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૨ ના રોજ કર્મચારીઓને સ્ટાફ પ્રોવીડંડ ફંડ તથા ગ્રેજ્યુઈટી ફંડની રકમો ચુકવણી કરીને ઉધારવામાં આવેલ છે.

મુદ્દા નં. ૮ :— સંસ્થાની કુલ રૂા. ૧૦,૬૫૩ પાછળી ઓડીટ ફી ચૂકવવાની બાકીમાં છે. જે જમા કરાવા પાત્ર છે.

આમ ઉપરની વિગતો ધ્યાનમાં લેતાં અને તે બાબતે કાનુની કાર્યવાહી કરતાં અગાઉ સંસ્થાના કાર્યવાહકોને ન્યાયના હિતમાં રજુઆત માટેની વ્યાજબી તક આમુખ-૨ માં જણાવેલ પત્ર નંબરથી કારણદર્શક નોટીસ પાઠવી રજુઆત માટે તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૪ ના રોજ--સુનાવણી રાખવામાં આવેલ હતી. તે દિવસે સંસ્થાના કોઈ જવાબદાર હોદ્દેદારો રૂબરૂમાં હાજર રહેલ ન હોતા તેમજ લેખિતમાં કોઈ રજુઆત કરેલ નથી. તથા આમુખ ૩ માં નાણાં ધીરનારી મધ્યસ્થ સંસ્થા તરફથી આપેલ અભિપ્રાય મુજબ સંસ્થાનો વહીવટ કથળી ગયેલ હોય સંસ્થાનો વહીવટ ચલાવવામાં આવેલ કોઈ રસ ન હોય તેમ ફલિત થાય છે. જેથી સંસ્થા ચલાવવા માટે સંસ્થાની હાલની વ્ય. ક. ને દુર કરી, વહીવટદારની નિમણુક કરવી યોગ્ય અને સંસ્થાના હિતમાં જણાય આવતાં સંસ્થામાં વહીવટદારની નિમણુંક માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું ડી. સી. અધ્યારૂ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીયાદ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (૧) હેઠળ મળેલ અધિકારની રૂઈએ શ્રી ગોભલજ સેવા સહકારી મંડળી લી., મુકામ ગોભલજ, તલુકા માતર, જિલ્લા ખેડામાં ઓડીટર સહકારી મંડળી મહેમદાવાદના ખાસ અહેવાલના મુદ્દાઓ તથા કારણદર્શક નોટીસના મુદ્દાઓ ધ્યાનમાં લેતા સંસ્થાની હાલની વ્ય. ક. ને દુર કરી તેની જગ્યાએ વહીવટદાર તરીકે ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી., મુકામ તાલુકા નડીઆદ, જિલ્લા ખેડાની નિમણુંક કરવામાં આવે છે. સદર નિમણુંક વહીવટદાર ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષ માટેની મુદત રહેશે.

નડીયાદ, તારીખ ૬ઠ્ઠી જૂન, ૧૯૯૪.

ડી. સી. અધ્યારૂ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નડીઆદ.

જાવક નંબર નધણ / ૬૮૫ / ખ / ૮૦૪/૯૪ / નધણ / સે / ૨૭૦૬૦. – આથી જાહેર કરે છે કે, શ્રી ચકલાસી પીપલ્સ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ ચકલાસી, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૯ મી જૂન, ૧૯૯૪.

જાવક નં. નધણ / ૬૯૩ / ખ / ૮૦૬/૯૪, નધણ / ભં / ૪૨૩૭/૯૪- આથી જાહેર કરે છે કે શ્રી ફાર્મર્સ સર્વિસ ગ્રાહક સહકારી ભંડાર લી., મર્યાદિત સ્થળ બોરસદ, તાલુકો બોરસદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૯ મી જૂન, ૧૯૯૪.

INDEX

જાવક નંબર નધણ / ૬૯૪ / ખ / ૮૨૨ / ૯૪ / નધણ / સે-૨૭૦૬૧/૯૪.— આથી જાહેર કરે છે કે શ્રી ક્રિશ્ના કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., વિઠ્ઠલ ઉદ્યોગ નગર મર્યાદિત સ્થળ વિઠ્ઠલ ઉદ્યોગનગર, તાલુકો આણંદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૩ મી જૂન, ૧૯૯૪.

વાંચ્યો :—

શ્રી સચિદાનંદ ગ્રાહક સહકારી ભંડાર લી., પેટલાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ / ૦૧ / ગ-૨ / ૬૭૪/૧૯૯૪, તારીખ ૧૩મી મે, ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ. / ક. જ. ફડચા / ગ-૨ / ૮૨૨/૯૪.— શ્રી સચિદાનંદ ગ્રાહક સહકારી ભંડાર લી., મુકામ પેટલાદ, તાલુકો પેટલાદ, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, નડીઆદની ઓફીસના નોંધ નંબર ભ--૨૯૯૯, તારીખ ૨૦ મી સપ્ટેમ્બર, ૧૯૮૬ થી નોંધવામાં આવી હતી. તે-- મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં. ૨, નડીઆદ ની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર " સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડિયાદ, તારીખ ૧૭ મી જૂન, ૧૯૯૪.

વાંચ્યો :—

રત્નાગીરી સેવા સહકારી મંડળી લી., કપડવંજ ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ / ૦૧ /ગ-૨/ ૨૪૪ / ૧૯૯૪, તારીખ ૯ મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ. / ક. જ. ફડચા / ગ--૨ / ૮૩૦/૯૪.- રત્નાગર સેવા સહકારી મંડળી લી., મુકામ કપડવંજ, તાલુકો કપડવંજ, જિલ્લો ખેડા ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, નડીઆદની ઓફીસના નોંધ નંબર સે--૪૩૬૬, તારીખ ૨૧ મી નવેમ્બર, ૧૯૭૪ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી આસી. ઈન્સ્પેક્ટર, ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી., કપવંજ ની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડિયાદ, તારીખ ૧૮ મી જૂન, ૧૯૯૪.

નં. નધણ/સે/૨૭૦૬૩/૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી પ્રયાણ મહિલા શાખ સ. મં. લિ. મર્યાદિત સ્થળ આણંદ, તાલુકો આણંદ, જિલ્લો ખેડા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૨૩મી જૂન ૧૯૯૪.

જા. નં. નધણ/૬૯૫/ખ/૮૫૭ / નધણ/સે/૨૭૦૬૨/૯૪.— આથી જાહેર કરે છે કે શ્રી એસ. આર. પી. ગ્રુપ-૭ના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સ. મં. લિ. મર્યાદિત સ્થળ નડીઆદ, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા, ૨૩મી જૂન ૧૯૯૪.

એન. એસ. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીઆદ.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની, કલમ ૮૧ની જોગવાઈ
(૨) તા. ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૩ના ક્રમાંક /સખમ/૦૧/ ૧૭૦૬ વાળી આ કચેરીની કારણદર્શક નોટીસ.
(૩) મંડળીના ક્રમાંક /જમીન. ૬૮૩/કા. નો./વહીવટ/ ૯૩-૯૪/૨ તા. ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી મુદત માંગતી પત્ર સાથેનુ જોડાણ ઠરાવ નં. ૧ તા. ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૩.
(૪) તા. ૧૪મી ઓકટોબર ૧૯૯૩ ક્રમાંક/સખમ/૦૧/ગ/ ૨૦૪૯નો આ કચેરીનો મુદત આપતો પત્ર.
(૫) ફરી મુદત માંગતો મંડળીનો તા. ૧લી નવેમ્બર ૧૯૯૩નો પત્ર.
(૬) તા. ૨૩મી નવેમ્બર ૧૯૯૩ ક્રમાંક /સખમ/૦૧/ગ/ ૨૩૯૬નો બીજી મુદત આપતો આ કચેરીનો રજિ. એ.ડી. પત્ર.
(૭) મંડળીના પ્રમુખશ્રીનો તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૩ નો પત્ર સાથેનુ જોડાણ ઠરાવ નં. ૪ તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૩ની નકલ.
(૮)

પ્રસ્તાવના

ક્રમાંક સખમ/૦૧/ઘ/૪૪૭૯/૧૯૯૩.—આઈશ્રી ખોડીયાર હરિજન સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. મું. મણુંદ, તા. પાટણ, જિ મહેસાણા એ.ગુજરાત સહકારી મંડળી,અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈ

INDEX

(જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) નીચે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. મંડળીનો વહીવટ આ અધિનિયમ, ગુજરાત સહકારી મંડળી નિયમો ૧૯૬૫(જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) અને મંડળીના મંજુર થયેલ ઉપ નિયમો અનુસાર રચેલી વ્યવસ્થાપક સમિતિ (જેનો હવે પછી સમિતિ તરીકે ઉલ્લેખ કરેલ છે.) ને સંપ્રાપ્ત થાય છે. તે રીતે મંડળીની સમિતિને કાયદા કાનુન અને મંડળીના નોંધાયેલ પેટા નિયમોની જોગવાઈઓને આધિન રહીને મંડળીનો વહીવટ ચલાવવાનો હોય છે. અને તે રીતે રહીને પોતાની ફરજો અને સત્તાનો ઉપયોગ કરવાનો હોય છે. તેવુ નક્કી હોવા છતાં પ્રસ્તુત મંડળીના કિસ્સામાં મંડળીની નોંધણીના મુળભુત આશયને બાજુએ રાખી નોંધણીની તારીખથી જ એક હથ્થુ અને એકચક્રી શાસન સાથે વહીવટ થતાં ઘણા બધા લાભાર્થીઓના વિશાળ હીતને મંડળીના લાભથી વંચીત રાખવાના આશયથી કામગીરી કરતાં ફક્ત સત્તાનો જ એકતરફી ઉપયોગ કરાયેલ છે. જ્યારે તેમ કરવા જતાં સમિતિ ઉપર નંખાયેલ જવાબદારીઓ અને ફરજો પ્રત્યે ઉપેક્ષા વૃતિ, બેદરકારી દાખવી વારંવાર કસુરો, ગફલતો કરી મંડળી અને તેના સભાસદોના શ્રેષ્ઠ હિતોને બાધ આવે તેવુ કૃત્ય કરી મંડળીનાં વહીવટમાં મુળભુત જોગવાઈઓ વિરૂધ્ધ વર્તન કરી મંડળીને ગંભીર નુકશાન થાય તે રીતે સત્તા, ફરજો અને જવાબદારીઓ બજાવવામાં ચુક કરી મંડળીનો વહીવટ કરવાના કારણે ચાલુ સમિતિએ મંડળીની પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડેલ છે.

આમુખ(૨)ની કારણદર્શક નોટીસના પાન નં. ૩ના છેલ્લા ફકરા નો સમર્થન આપતો આમુખ-(૩)વાળો મુદત માંગતો મંડળીનો પત્ર ફક્ત પત્ર જ નહી, પરંતુ અત્રેથી અપાયેલ કારણદર્શક નોટીસ પ્રતિ આ કચેરીના ખુલાસા માગતી નોટીસ જ છે, તેઓના પત્રના મુદ્દા નં. (૪)થી જણાવેલ છે કે "નોટીસ જોતાં તેમાં કોઈ પુરાવાઓ માલુમ પડતા નથી. બધા આક્ષેપો વાહિયાત છે.

કોઇ પુરાવાઓનો આધાર લીધો હોય તેમ જણાતુ નથી. કયા લેખિત પુરાવા ઉપર સદર નોટિસ છે તે કલ્પવુ મુશ્કેલ છે. તેવુ જણાવી સબ આઈટેમ નં. અ થી ઐ સુધીના સાધનિક સુસંગત પુરાવાઓની નકલો મલ્યા બાદ નોટીસના જવાબ માટે જે સમીતી સક્ષમ થશે. તદ્ઉપરાંત આમુખ (૩)ના પત્ર સાથે બીડેલ મંડળીની તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૩ની કારોબારીની ૧૪૭મી બેઠકનું ઠરાવ નં. ૧ જેમાં કારણદર્શક નોટીસ વંચાણે લઈ કરેલ ઠરાવમાં લખ્યુ છે કે "મેનેજર તરીકેનુ કામ પ્રમુખશ્રી કરે છે. તેનુ કારણ મંડળીમાં પૈસાના અભાવ તેમજ મેનેજર રાખીને વેતન ચુકવણી કરી શકાય તેમ ન હતી. અને સહકારી ખાતાએ કોઈપણ આજદીન સુધી નાણાકીય મદદ આપવા જમીન પ્રાપ્ત કરવામાં કોઈપણ જાતનો સહકાર આપેલ નથી. આજદીન સુધી નાણાંકીય મદદ જેની આજની સભા ગંભીર નોંધ લે છે." આ શબ્દોનો સુક્ષ્મ અર્થ છે કે અપાયેલ નોટસમાં પણ સહકાર ખાતાને કોઈ અધિકાર નથી. વળી તેથી આગળ પણ મંડળીએ ઠરાવેલ છે કે "હવે જે નોટીસ અમારા તમામ છ કારોબારી સભ્યોને આપવામાં આવી છે. તેની અમો જણાવેલ મુદ્દાઓ સ્વીકારતા નથી. જે ગેરબંધારણીય હોઈ અમોને માન્ય નથી.

આમ સમિતિએ કારણદર્શક નોટીસ ઉપર ઉપરોકત ઠરાવથી પુર્ણ વિરામ કરેલ છે. તેમ છતાં પ્રમુખશ્રી જાતે કારણદર્શક નોટીસના પાન નં. ૩ના છેલ્લા ફકરામાં જણાવ્યા પ્રમાણેના ટેવાયેલા હોઈ આ કામગીરીનો આખરી નિકાલ વિલંબમાં નાખી રહેલ છે. અને તે રીતે મંડળીનુ બંધારણીય માળખુ કયા પ્રકારનું અસ્તિત્વ ધરાવે છે. એ પ્રસ્તુત ન થાય અને તેના ઉપર ઢાંકપિછોડો થઈ રહયાનું સ્પષ્ટ થાય છે. આ કચેરી દ્વારા મંડળીના છ સમિતિ સભ્યોની કારણ દર્શક નોટીસ અપાયેલ પરંતુ પ્રમુખશ્રી સિવાય એક પણ સમિતિનો સભ્ય અમારી સમક્ષ ઉપસ્થિત થયેલ નથી. અને આમુખ નં.(૩) તેમજ (૫), તેમજ (૭) થી મંડળીએ એક યા બીજા કારણોસર બહાના બતાવી કારણદર્શક નોટીસ સબંધમાં સ્પષ્ટ ~~આધારો~~ સહિત ઉત્તર આપવાનું ટાળેલ છે. આમ ઉપરોકત બાબતો સ્પષ્ટ દર્શાવે છે કે મંડળીની વ્યવસ્થાપક સમિતિએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અને નિયમો મુજબ તેમજ મંડળીએ સ્વીકારેલા પેટાનિયમોની જોગવાઈઓ મુજબ સોંપેલ સત્તાઓ, જવાબદારીઓ, ફરજો બજાવવામાં સંપુર્ણ નિષ્ફળ ગયેલ છે. તેટલુ જ નહીં પરંતુ તે પ્રત્યેની ઉપેક્ષા, બેદરકારી અને વારંવારની ગફલતોને લીધે મંડળીની અને તેના સભ્યોના હિતને નુકશાન પહોંચાડેલ છે. આમ કાયદા કાનુન અને પેટા કાયદા દ્વારા નાખવામાં આવેલ ફરજો બજાવવામાં વારંવાર કસુર કરવાના કિસ્સા અને હકીકતોને લક્ષમાં લઈ તેમજ સંસ્થાના અને સભાસદોના શ્રેષ્ઠ હિતોને વધુ નુકશાન પહોંચાડી સંસ્થાના હિતો વધુ ન જોખમાય તે માટે સંસ્થાના ચાલુ વ્યવસ્થાપક કમિટિ સભ્યોને રાખવા હિતાવહ ન હોઈ આ વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યોને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧(૧) અન્વયે બરતરફ કરવા અપાયેલ આ કચેરીની તા. ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૩ની કારણદર્શક નોટીસ ક્રમાંક સખમ/ ૦૧/ગ/૧૭૦૬, મંડળી તરફથી મંગાયેલ મુદતો, ન્યાયના હિતમાં અત્રેથી અપાયેલ રજુઆતની તકોને ધ્યાને લઈ પ્રસ્તાવનામાં જણાવેલ કારણો તેમજ અત્રેની તા. ૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૩ની કારણદર્શક નોટીસમાં જણાવેલ નીચેના મુદ્દાઓ ટુકમાં જણાવેલ છે. તે સબંધે કોઈ લેખીત યા મૌખિક રજુઆત કરવાનુ ટાળી તે પ્રત્યે ઉપેક્ષા દર્શાવેલ છે.

(૧) મંડળીની સભ્ય સંખ્યા દિન પ્રતિદિન ઘટી રહી છે. તારીખ તારીખ ૪થી જુલાઈ, ૧૯૮૨ ના રોજ શ્રી જેસંગભાઈ કાળાભાઈ મકવાણા અને અન્ય ત્રણની સભાસદ તરીકે દાખલ કરવા જણાવેલ જે સભ્ય આજની તારીખે અનામતની યાદીમાં છે. સભ્ય બનાવેલ નથી. તારીખ ૩૦મી જુન, ૧૯૯૨ ના પુરા થતા વર્ષમાં બીજા ચાર સભ્યોને મંડળીએ બરતરફ કરેલ છે. મંડળીના પેટા નિયમ-૨ (૧૨) ના અર્થઘટનનો ભંગ કરેલ છે.

(૨) મંડળીએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૪ નીચે ફરજ બજાવતા અધિકારીને રજુ કરેલ પત્રકોમાં મંત્રીશ્રીની ઝેરોક્ષ નકલની સહીવાળા પત્રકો રજુ કર્યા છે. જયારે તેજ પ્રમાણે પ્રમુખશ્રીની ઝેરોક્ષ સહી હોવા છતાં રૂબરૂમાં સહી કરેલ છે. મંડળીમાં મંત્રીશ્રી કમિટી સભ્યોના હોદાથી કામ કરે છે. મંડળીના પેટા નિયમમાં આવી જોગવાઈ નથી.

(૩) ઉપર (૨) માં જણાવ્યા મુજબના અધિકારીને પુરી પાડેલ સભાસદ યાદીમાં શેરભંડોળ રૂપિયા ૫,૧૦૦ (એકાવનસો) અગિયાર સભ્યોનું આવેલ છે. જ્યારે અનામત ખાતે રૂા. ૨૭,૦૦ સત્તાવીસોને બદલે રૂા. ૩,૨૦૦ બત્રીસો દર્શાવ્યા છે. તેની યાદી આપવામાં આવેલ નથી. શ્રી પ્રેમજીભાઈ રામજીભાઈ મકવાણા સભાસદ હોવા છતાં યાદીમાં નામ નથી. જયારે બેંકમાં રજુ કરેલ તેજ તારીખ ૩૦મી જુન, ૧૯૯૨ ના હિસાબો ખરી સ્થિતિ દશદર્શક રજુ કર્યા છે. આમ ખાતામાં રજુ કરેલ ખોટા હિસાબોથી મંડળીએ પેટા નિયમ અને નિયમ (૩૪) થી લદાયેલ ફરજોનો ભંગ કરેલ છે.

(૪) તેજ રીતે (ચાર) (૪) વિવાદી સભ્યોના વિવાદ નિર્ણય બાકી છે. ત્યારે વિવાદી સભ્યો તરીકેની સ્પષ્ટ યાદી ઓડીટરશ્રીને પુરી પાડવી જોઈએ તેમ થયેલ નથી. શ્રી જેસંગભાઈ કાળાભાઈને

સભાસદ તરીકે લીધા હોવા છતાં યાદીમાં નામ નથી. જે આશય ફરજ ભ ગનું પાસું છે.

(૫) મંડળીના કામ સામે અને પ્રમુખશ્રીના એકહથ્થુ વહીવટ, આશય / ઈરાદાઓ સામે અને મંડળીને જમીન મળ્યા પછી પણ મંડળીના સભાસદ થવા માટેની હરિજન ભાઈઓએ જુદી જુદી જગ્યાએ કરેલ અરજીઓ આ કચેરીને મળતર તથા તેવાજ સબંધે મંડળી સાથે પત્ર વ્યવહાર સબંધમાં મંડળીની રૂબરૂ મુલાકાત અંગેના આ કચેરીના પત્રોને વારંવાર એક યા બીજા બહાના નીચે ટાળતા રહ્યા છે. તેને લઈ તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૨, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૨, ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩, ૧૨મી મે, ૧૯૯૩ના રોજ મંડળીની મુલાકાત થઈ શકેલ નથી. તારીખ ૧૨મી મે, ૧૯૯૩ ના રોજની માણુંદ ગ્રામ પંચાયત, માણુંદની કચેરીએ ગોઠવાયેલ મુલાકાત તેમજ ૪થી ઓગષ્ટ, ૧૯૯૩ ના રોજની માણુંદ ગામની દુધ ઉત્પાદક સહકારી મંડળીના કાર્યાલયે ગોઠવાયેલ મુલાકાત અંગે વિરોધ દર્શાવી મેનેજિંગ કમિટીનો તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૩ની ૧૪૪ બેઠકનો ઠરાવ નં. ૩ મોકલી આપેલ છે. આજ સ્થિતિએ સદર કચેરીની મુલાકાત ટાળવા જ અગાઉના કારણો ઉભા કર્યા છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૪ (૩) થી રજિસ્ટ્રારશ્રીને અને ઓડિટરશ્રીને મંડળીમાં અથવા તેની કોઈ શાખાના મુખ્ય મથકમાં, કોઈ સ્થળે આવી રીતે બોલાવવાના અધિકાર ઉપર તરાપ મારી કાયદાનો ભંગ કર્યો છે. તેટલું જ નહી, સહકાર મંડળી ઉપર દેખરેખ રાખતી સામાન્ય સત્તાને પુર્વગ્રહમાં ગણાવવા પ્રયત્ન કર્યો છે. કમિટીએ તે રીતે નિયમ-૩૪/૫ નો પણ ગર્ભીત ભંગ કરેલ છે.

(૬) સદર મંડળીની જમીનની માંગણી સામુદાયિક ધોરણે કરાયેલ હતી. સર્વે નં. ૬૮૩ એકર ૬૯ ગુંઠા પચ્ચીસ સર્વે નં. ૨૪૯૬ એકર ૩૭ ગુંઠા ૦૨ અને તે માટે મંડળીના બેનર નીચે કાર્યવાહી થયેલ છે. નામદાર સરકારશ્રી અને ગ્રામપંચાયત આ જમીન અંગે કોર્ટ કચેરીમાં હતા. તેમાં નામદાર સરકારશ્રીનો વિજય થયેલ છે. અને ત્યારબાદ તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૯૨ ના રોજ મંડળીને જમીન સુપ્રત કરવામાં આવી ત્યારે સર્વે નંબર ૨૪૯૬ વાળી જમીન ગ્રામ પંચાયતની તરફેણમાં જતી કરી છે. તે પગલું મનસ્વી અને સભ્યોના બહોળા હિતને નુકશાન કર્તા છે. અને મંડળીના મુળ ઉદ્દેશોને નુકશાનકારક પગલું છે. આનિર્ણય પ્રમુખશ્રીનો મનસ્વી છે. જે મંડળીના હિતને નુકશાન કર્તા છે.

(૭) મંડળીને જમીન મળી ગયેલ છે છતાં હજુ પણ પેટા નિયમ મુજબના ઉદ્દેશો પાર પાડવા પેટા નિયમ ૨૬ (૧૭) (૧) પ્રમાણે તેનું નિરાકરણ કરી, શરતો નક્કી કરતો પ્લાન તૈયાર કરાયો નથી. પેટા નિયમ ૨૬ (૩) મુજબ મેનેજરશ્રીની નિમણુંક કરાયેલ નથી. જો તેમ થાય તો પેટા નિયમ ૩૪(૩) મુજબ મંડળીનો પત્ર વ્યવહાર કમિટીના આદેશથી તેઓએ ચલાવવો પડે. મંડળીમાં મંત્રીશ્રી હોવા છતાં સમગ્ર પત્ર વ્યવહાર પ્રર્મુખશ્રી પોતેજ ચલાવે છે. પેટા નિયમોને અનુસરાયેલ નથી. તે પણ આપખુદ વહીવટનો પુરાવો છે.

(૮) વીસ મુદ્દા અને અન્ય આર્થિક કાર્યક્રમોનો સમિતિના કાર્યકારી અધ્યક્ષશ્રીની જે તે સમયની ભલામણ મુજબ અમદાવાદ શહેરમાં રહેતા લોકોને સભ્ય બનાવવાની જરૂર નથી જે હરિજન ગામમાં ખેત મજૂરી કરતા હોય અથવા નાના કે સીમાંત ખેડુત હોય તેને જ સભ્ય બનાવવા, મંડળીએ પણ તે જ સમયે બે સર્વે નંબરોની જે જમીનો મળશે તે પ્રમાણે બીજા સભાસદો પેટા નિયમની જોગવાઈ પ્રમાણે લાયકાત ધારણ કરતા હશે. તેવાઓને દાખલ કરવા જણાવેલ, તથા ગ્રામ પંચાયતને તથા ગામના લોકોને અહિત થાય તેવું કોઈ કામકાજ મંડળીના નિયમો વિરૂધ્ધ કરીશું નહી. તેમજ ૨૯મી નવેમ્બર, ૧૯૮૧ ના રોજ કબુલેલ જેનું પાલન મંડળીએ કરેલ નથી. તેમજ જમીન મેળવવાના કામે કરેલ કાર્યવાહીના ઈતિહાસના નામે, સુષુપ્ત સભ્યોને નામે અને અન્ય કારણો રજુ કરી સ્થાપિત હિતોના નામે ચઢાવી એવા નહિવત સભ્યોને બદલે ગણા બધાને પોલીસ કેસોમાં ચઢાવી જે વિવાદો ઉભા કર્યા છે. તે અંતે તો મંડળીને નુકશાનમાં ઉતારનાર છે. એકટની જોગવાઈ હેઠળ લાયક હોય તેવી કોઈપણ વ્યકિતને પુરતા કારણ સિવાય સભ્ય બનાવવાની ના પાડવાની મંડળી હકદાર નથી.

(૯) મંડળીના આદ્યસ્થાપકો પૈકીના ચાર સભ્યો જે મંડળીના પેટા નિયમ પાંચ(૫) નીચે રહેલ જોગવાઈ પ્રમાણે દુર કરાયેલ છે. તે પ્રકરણમાં મંડળી બે કોર્ટમાં હારી ગયેલ છે. અને હાલ તે બાબત સબજ્યુડીસ છે. તે સિવાય ચાર (૪) (પાયોનીયર) સભ્યોએ કરેલ રજુઆત, અને તેનો સંદર્ભ પણ મંડળીએ તેઓને કરેલ છે તેમાં પછાત વર્ગની ખેતી મંડળીના નામે પ્રમુખશ્રી વિશે જે આક્ષેપો થયેલ છે. તેનો જવાબ કરાયેલ નથી. આ સિવાય માણુંદ ગામના જ પછાત હરિજન ભાઈઓએ પદ ધારણ કરવા જે અરજી કરેલ છે. તેમાં કેટલીક બનાવટી સહીંયો હોવાના કારણ નીચે, કેટલાકને બદલે તમામને પોલીસ ફર્યાદમાં લઈ જઇ, મંડળીમાં કોઈ સભ્ય બનવા આગળ ન આવે તેવું ભયપ્રેરિત વાતાવરણ સર્જી પ્રમુખશ્રી એકહથ્થુ વહીવટ કરેલ છે. તેને પુષ્ટિ આપે છે. તેટલું જ નહી જે બાબતો અત્રે પ્રસ્તુત નથી. જેવી કે તેઓશ્રી બીજા વિશ્વયુધ્ધમાં સૈનિક હતા. લેન્ડ કચેરી કાર્યવાહી મુજબ તેમનો અગ્રતાક્રમ ૩ ક (૨) આવે છે મકાનને નુકશાન કરાયેલ, સામાજિક બહિષ્કાર અને તેઓ ઉપર થયેલ કેસો વિગેરે તેઓનાં વ્યકિતગત વ્યવહાહારોને મંડળીના વહીવટ સાથે સાંકળેલ છે. તેમજ જે મજુરી કરશે તેને જ રોજી મળશે. નો આશય બર લાવવા કાર્યવાહી નહી કરીને વિવાદ સર્જી મંડળીના હિતને નુકશાન પહોંચે તેવું વર્તન કરેલ છે.

આ રીતે મંડળીની વ્યવસ્થાપક સમિતિએ મંડળીના બંધારણને અનુરૂપ બજાવવાની ફરજો ઉપરાંત કાયદો, કાનુન અને નોંધાયેલા પેટા નિયમોથી સુપ્રત ફરજો બજાવવામાં અત્યાર સુધીમાં વારંવાર નિષ્ફળ ગયેલ છે. આ પ્રકારની સંસ્થાની કાર્યપધ્ધતિ સામે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ (૧) ની જોગવાઈઓને તેમજ ઉકત મુદાઓને લક્ષમાં લેતા હું નીચે પ્રમાણે હુકમ કરુ છું.

હુકમ

હું નીચે સહી કરનાર, શ્રી કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા. મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ (૧) ની જોગવાઈઓને અનુલક્ષીને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોને અનુલક્ષીને શ્રી આઈશ્રી ખોડિયાર હરિજન સામુદાયિક સહકારી ખેતી મંડળી લી., મુકામ : માણુંદ, તાલુકો : પાટણ, જિલ્લો : મહેસાણા ની ચાલુ વ્યવસ્થાપક સમિતિને બરતરફ કરી કાયદાની કલમ-૮૧ (૧) (ખ) અન્વયે વહીવટદાર નીમવાનો આદેશ કરું છું. અને મંડળીની વ્યવસ્થાપક સમિતિની જગ્યાએ મંડળીના કામકાજની વ્યવસ્થા કરવા માટે વહીવટદાર તરીકે મંડળીનો હવાલો સંભાળ્યા તારીખથી એક વર્ષ માટે આ કચેરીના મદદનીશ સહકારી અધિકારી (ખેતી) શ્રી આઈ. યુ. બહેલીમની નિમણુંક કરતો હુકમ કરું છું.

મહેસાણા, તારીખ ૨૮મી ડિસેમ્બર. ૧૯૯૩.

ધ્યાનમાં લીધું :—

(૧) ધી ગાંધીનગર કો. ઓપ. હા. સો. લી., આંબલીયાસણના કમીટી સભ્યોના તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૩ નો પત્ર તથા તે સાથેના સાધનીક કાગળો.

(૨) સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (ન.જ. ૧) મહેસાણાએ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૩ ના રોજ પુર્ણ કરેલ ઓડીટ અહેવાલ.

(૩) ગુજરાત સમાચાર દૈનિક પત્ર તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૩ ની જાહેર નોટીસ.

(૪) તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩ ના જમીન વેચાણનો દસ્તાવેજની નકલ.

(૫) ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૩ ના ચુકવણાની નકલ.

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈ.

પ્રસ્તાવના

નંબર ધરમ-૦૧-ખ-૬૪/૯૪.—ધી ગાંધીનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., આંબલીયાસણ, તાલુકો : કલોલ એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈ અન્વયે નોંધણી નંબર : ઘ-૨૭૯૨, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૬૮ થી નોંધાયેલી ગૃહ સહકારી મંડળી છે. જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરેલ છે. નોંધાયેલી ગૃહમંડળીએ સહકારી કાયદા કાનુન અને પેટા કાયદાને આધીન રહીને ઉદ્દેશ મુજબ કામગીરી કરી સભાસદો માટે રહેઠાણની સગવડ પુરી પાડવાની હોય છે.

ધી ગાંધીનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. આંબલીયાસણ ની નોંધણી સને ૧૯૬૮ ના વર્ષમાં થયેલ તેમ છતાં ૧૯૯૨ સુધી મંડળી પોતાના સભ્યો માટે રહેઠાણની સગવડ માટે જમીન ખરીદી સિવાય અન્ય કોઈ વિશેષ કામગીરી કરેલ ન હતી પરિણામે વધતી જતી મોંઘવારી, નાણાંકીય ધિરાણની અગવડતા તથા ઉંચી પડતર કિંમતના પરિબળોને ધ્યાને લઈ તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૨ ની ખાસ સામાન્ય સભાના ઠરાવ નં. ૨ થી મંડળી જમીનનું વેચાણ કરવાનું સર્વાનુમતે ઠરાવી અત્રેની કચેરીની મંજુરી માંગતા કચેરીના તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૩ ના પત્ર નં. : ધરમ-૦૧-ચ-૯૨-૯૨ થી મંજુરી આપતાં તે મુજબ મંડળીએ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩ ના રજિ. વેચાણ દસ્તાવેજથી મંડળીની માલિકીની મોજે આંબલીયાસણ સીમના સર્વે નં. : ૭૭૨/૧, ૭૭૨/૨, તથા ૭૭૨/૩ વાળી જમીન રૂા. ૮૦,૦૦૦ માં વેચાણ કરી તે વેચાણની રકમ હોદ્દેદાર હસ્તક મેળવી રોજમેળે જમા કરેલ અને તે પછીથી તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૨ ના ઠરાવ નં. ૩ અને ૪ ની જોગવાઈને આધીન મંડળીના ફંડો સભ્યો વચ્ચે પરત કરવા જરૂરી જણાતા મંડળીએ કચેરીનું માર્ગદર્શન મેળવવા રજુઆત કરતા તારીખ ૨જી જુલાઈ, ૧૯૯૩ ના પત્રથી માર્ગદર્શન પાઠવવા તેને આધીન તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૩ ની ખાસ સામાન્ય સભાની બહાલી મેળવી તે અન્વયે મંડળીએ દેવા-લેણાના દાવાઓની ચકાસણી સારૂ તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૩ ના ગુજરાત સમાચાર દૈનિક પત્રમાં જાહેર નોટીસ પાઠવેલ અને તે અન્વયે અન્ય કોઈ ત્રાહિત વ્યકિતએ કે પેઢીએ, સંસ્થાએ દેવાં-લેણાં અંગે યોગ્ય સમય મર્યાદામાં રજુઆત ન કરતાં મંડળી હસ્તકના આધારપુરાવાને આધીન સરકારી ઓડીટ ફી લેણાની ચુકવણીની જોગવાઈને આધીન ફંડો મંડળી સભ્યો વચ્ચે ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૩ ના ચુકવણા પત્રકની વિગતે સમાન ભાગે ચુકવેલ છે. અને રજુ કરેલ તારીખ ૩જી જુન, ૧૯૯૧ થી ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૩ સુધીના વ્યવહારો દર્શાવતા રોજમેળ મુજબ મંડળીએ તમામ પ્રકારના દેવા-લેણાની પતાવટ કરીને ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૩ ના રોજ સિલક શૂન્ય કરેલ છે. અને તે બદલ સબ-ઓડિટર સ. મં. (ન.જ. ૧), મહેસાણાએ રોજમેળે નોંધ કરી છે. મંડળીનું ૧લી જાન્યુઆરી,૧૯૯૧ થી ૩૦મી જુન, ૧૯૯૩ સુધીનું ઓડીટ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, (ન. જ. ૧) મહેસાણાએ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૩ ના રોજ પુર્ણ કરેલ છે. છેલ્લો ઓડિટ વર્ગ "ડ" છે. ઓડીટમેમા અનુસાર મંડળી પાસે કોઈ સહકારી લેણુ બાકી હોવાનું દર્શાવેલ નથી અત્રેની કચેરીની લોન કે શેરફાળો આ મંડળી પાસે બાકીમાં નથી ઓડીટમેમાના ભાગ-૨ ના પેરા ૨ માં દર્શાવ્યા અનુસાર મંડળીએ તેના ઉદ્દેશો મુજબ મંડળી સભ્યોને રહેઠાણની સગવડ પુરી પાડવાનું કામકાજ હાથ ધરેલ નથી તેમજ ઓડીટમેમા ભાગ-૧ ના પેજ નં. ૨ ના ફકરા નં. ૨ માં સબ આડિટરશ્રીએ દર્શાવેલ છે કે મંડળીએ તેના ઉદ્દેશો મુજબ ઓડીટ સમય સુધીમાં સભાસદોને રહેઠાણ પુરા પાડેલ નથી અને મંડળી તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરી શકેલ નથી આમ સમગ્ર સ્થિતિ જોતા જણાય છે કે મંડળીની નોંધણી પછી મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો મુજબની કામગીરી વ્યાજબી સમયમાં શરૂ કરેલ નથી અને વર્તમાન સંજોગોને આધીન જેવા કે એન.એ. મંજુરીના પ્રશ્નો સભ્યોની નિષ્ક્રિયતા, લોન મળવાની આછી સંભાવના અને વધતી જતી મોંઘવારી જેવા પરિબળોને કારણે મકાન બાંધકામની તદન અશકિતના કારણે જમીન વેચાણ કરતાં કામ કરતી બંધ થયેલ છે. અને પોતાની જવાબદારીઓ અદા કરી ફંડોનો વપરાશ પુરી વિગતે કરી દીધેલ છે.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈ છે કે, ૨૦(૧) કોઈ મંડળી પોતાની પુરેપુરી અસ્કયામતો અને જવાબદારી બીજી મંડળીને તબદીલ કરે અથવા બીજી મંડળી સાથે પોતે જોડાય અથવા તેનું બે અથવા વધારે મંડળીઓમાં વિભાજન થાય અથવા તેનું કામકાજ આટોપી લેવામાં આવે અથવા તેનું રજિસ્ટ્રેશન થયાના વ્યાજબી સમયની અંદર તેણે ધંધો શરૂ કર્યા ન હોય અથવા તે કામ કરતી બંધ થઈ હોય તો રજિસ્ટ્રારે તે મંડળીનું રજિસ્ટ્રેશન રદ કરતો હુકમ કરવો જોઈએ.

(૨) પેટા કલમ (૧) હેઠળ કરેલો હુકમ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો જોઈએ.

(૩) રજિસ્ટ્રેશન રદ કર્યાના હુકમની તારીખથી મંડળી વિસર્જિત થયેલી ગણાશે. અને તે મંડળી સંસ્થાગિત મંડળી તરીકે અસ્તિત્વ હોતી બંધ થશે.

ધી ગાંધીનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. આંબલીયાસણ તાલુકો : મહેસાણાના કમિટી સભ્યો, આમુખ નં ૧ માં દર્શાવેલ, તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૩ ના પત્રથી રજુ કરેલ વિસર્જન અંગેની દરખાસ્તના સાધનિક કાગળોની વિગતો જોતા મંડળી રજિસ્ટ્રેશન થયાના વ્યાજબી સમયની અંદર પેટા નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી કરી શકેલ ન હોઈ, અનિવાર્ય સંજોગોના કારણે મંડળીની સામાન્ય સભ્યની બહાલીને આધીન પોતાના હસ્તકની જમીન વેચાણ કરી દીધેલ હોઈ કામ કરતી બંધ થયેલ છે. વળી મંડળી પાસે કોઈ જાતનું સહકારી લેણું પણ બાકીમાં નથી અને હવે મંડળી સભ્યો મંડળીને ચલાવવામાં રસ ધરાવતા નથી વળી મંડળી ચાલુ રાખવાથી કોઈ કાર્યવાહી મંડળી પેટા કાયદાના ઉદ્દેશો મુજબ કરી શકે તેમ નથી તદ્ ઉપરાંત મંડળીએ જાહેર નોટીસથી પોતાની જવાબદારીઓ અદા કરવાની ઓફર કરીને તે મુજબ સમય મર્યાદાને આધીન ફંડોની વહેંચણી સામાન્ય સભાની બહાલીને આધીન મંડળીના ફંડમાં હકદાર જણાત ભ્યોને સમાન હિસ્સે વહેંચી દીધેલ છે. અને ૯મી નવેમ્બર, ૧૯૯૩ ના રોજ મંડળી હસ્તકની સિલક શૂન્ય કરેલ છે. અને તે બદલ સબ

INDEX

ઓોડિટર સ. મં. (ન. જ. ૧) મહેસાણાની રોજમેળે નોંધ કરાવેલ છે. એટલે કે મંડળીએ પોતાની તમામ અસ્કયામતોનો નિકાલ કરી જવાબદારીઓ અદા કરી દીધેલ છે.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૩૭થી મળેલ અધિકારની રૂએ સામાન્ય સભાની સર્વાનુમતે બહાલી મેળવી મંડળીએ આ કચેરીની પુર્વમંજુરીને આધીન મંડળીની જમીન વેચાણ કરી મિલકતોનો યોગ્ય નિકાલ કરેલ છે. અને ઉપલબ્ધ ફંડ તથા સધ્ધરતાને આધીન જાહેર નોટીસથી દેવા-લેણાંની ચુકવણીની પ્રક્રિયા પુરી કરીને બાકીના ફંડો ખાસ સામાન્ય સભાની બહાલીને આધીન સરકારી દેવું-લેણું ચુકતે કરીને તે પછી સરખા હિસ્સે સભ્યો વચ્ચે ફાળવી દીધેલ છે. આમ મંડળી પોતાનું કામકાજ આટોપી લઈ કામ કરતી બંધ થયેલ છે. પરિણામે મંડળીને ફડચામાં લઈ જવાનો કોઈ સ્પષ્ટ હેતુ રહેતો ન હોઈ મંડળી વિસર્જન કરવા દરખાસ્ત થયેલ હોઈ નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

આથી હું; કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા મને મળેલ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦ થી મળેલ અધિકારની રૂએ ધી ગાંધીનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., આંબલીયાસણ તાલુકો : મહેસાણા જેની નોંધણી ક્રમાંક : ઘ-૨૭૯૨, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૬૮ થી કરવામાં આવેલ હતી. પ્રસ્તાવનાની વિગતોને ધ્યાને લઈ તેની નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

મહેસાણા, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૪.

વંચાણ લીધા :

સહકારી અધિકારી ફડચા-૧થી સર્વોદય કો. ઓપ. કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લી. (ફડચામાં) મુકામ માણસાનો પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩૪૭-૯૩, તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૩ થી નોંધણી રદ કરવાની દરખાસ્ત વંચાણે લીધી.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ મુજબ,

હુકમ

જાવક નંબર ઉખસ-ફડચ-૦૧-ગ-૭૫-૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી સર્વોદય કો. ઓપ કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લી. મુકામ માણસા તાલુકા વિજાપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ઉ-ફ-૮૨૭૩ તારીખ ૨૦મી માર્ચ ૧૯૮૭ થી નોંધવામાં આવેલ હતી. તેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ/ફ/૮૨૬૩/૦૧/ :/૧૩૬૭/૮૭ તારીખ ૨૦મી માર્ચ ૧૯૮૭ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચા ૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩૪૭/તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારે અન્વયે સદર મંડળી નામે ધી સર્વોદય કો. ઓપ. કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લી. મુકામ માણસાની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૪.

વાંચ્યો :

(૧) અત્રેની કચેરીના કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ-૦૧-ઘ- ૩૫૨-૯૩ તા. ૪થી નવેમ્બર ૧૯૯૩.

(૨) ઓડીટર સહકારી મંડળીઓ (ગ્રાહક) પાટણનો પત્ર ક્રમાંક અષણ/ફડચ/૫૧૭/૯૩, તારીખ ૨૨મી નવેમ્બર ૧૯૯૩ નો અભિપ્રાય પત્ર

(૩) અત્રેની કચેરીનો વચગાળાનો હુકમ ક્માંક ઉખસ-ફડચ-ધ-૪૩૩૯, તારીખ ૪થી ડીસેમ્બર ૧૯૯૩.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ/૧૨૭/૯૨૪૬/૯૪.—ધી ખાનપુરડા સેવા સહકારી મંડળી લી. મુકામ ખાનપુરડા, તાલુકા પાટણ, જિલ્લા મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની નીચે નોંધણી નંબર ૧૦૧૭૫ તારીખ ૨૫મી મે ૧૯૭૦થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ તેમજ મંડળીના નોંધાયેલ પેટા કાયદા મુજબ તેના ઉપર નાખવામાં આવેલ ફરજો મળેલ અધિકારનો ઉપયોગ કરતી ન હોઈ મંડળીને ફડચામાં લઈ જવી અવશ્ય જણાતા નીચેના કારણો જણાઈ આવેલ છે.

(૧) છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ વર્ગ "ડ" આવેલ છે

(૨) તારીખ ૩૦મી જુન ૧૯૯૧ના અંતે રૂા.૧૧૫૦૩-૭૪ની ખોટ બોલે છે.

(૩) વર્ષ દરમ્યાન વ્યવસ્થાપક કમીટીની બેઠક પાંચ વખત બોલાવેલ છે. જે પેટા નિયમ મુજબ બોલાવેલ નથી.

(૪) છેલ્લા બે વર્ષના ઓડીટની દુરસ્તી કરવાની બાકી છે.

(૫) વ્યવસ્થાપક કમીટીના સભ્યો પાસે રૂા. ૮૪૪૧-૨૮ મુદત વીતી બાકીદાર છે. વસૂલાત કરવાની કાર્યવાહી કરવામાં આવતી નથી.

(૬) મંડળીમાં ટુંકી મુદતનું ધિરાણ રૂા. ૨૭૩૮/- તથા પુન: વસન ધિરાણ રૂા. ૪૨૨૧૫ મુદતવીતી બાકી છે જેની વસૂલાત કરવા પ્રયત્નો કરેલ નથી.

(૭) ના. સરકારશ્રીના અગાઉની ઓડીટ ફી ભરવાની બાકી છે.

(૮) પેટા નિયમ મુજબ કામગીરી કરતી નથી.

આમ ઉકત વિગતની સ્પષ્ટતા કરવા માટે તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૩ ના રોજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી ત્યારબાદ મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ ન હોઈ અત્રેની કચેરીને પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ/૪૩૩૯ તારીખ ૪થી ડીસેમ્બર ૧૯૯૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ કરેલ જેની સામે મંડળીના કાર્યવાહકો તથા સભાસદો તરફથી મંડળી ફડચામાં નહી લઈ જવા માટે કોઈ વાંધો કે વિરોધ કરવામાં આવેલ ન હોઈ આ ઉપરથી ફલીત થાય છે કે મંડળી ચલાવવા સભાસદો કે મંડળીના કાર્યવાહકોને રસ નથી અને મંડળીના પેટા નિયમ મુજબ કામગીરી કરતા ન હોઈ મંડળીને ચાલુ રાખવા હિતાવહ ન હોઈ મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરૂ છું.

અંતિમ હુકમ

હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબ અંતિમ હુકમ કરૂ છું કે ધી ખાનપુરડા સેવા સહકારી મંડળી લી. મુકામ ખાનપુરડા, તાલુકા પાટણ જિલ્લા મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની નીચે નોંધણી નં. ૧૦૧૭૫ તારીખ ૨૫મી મે ૧૯૭૦ થી નોંધવામાં આવી હતી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)

INDEX

ક, ગ ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવા હુકમ કરૂ છું તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩ મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાન રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૧૮મી જાન્યુઆરી ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ ક્રમાંક ધરમ-૩૨૫-ખ-૨૭૩૨-૯૩ તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૩.
(૨) મદદનીશ સહકારી અધિકારી (હાઉસીંગ) હેઠળની કાર્યાલય નોંધ ક્રમાંક ધરમ/૩૨૫/ખ-૩૧૭૨/૯૩ તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૩.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૧૯૧/૯૨૪૭/૧૯૯૪.—ધી અસરા ટેનામેન્ટસ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ કલોલ જિલ્લા મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર ઘ-૧૯૯૧ થી નોંધાયેલી ગૃહ મંડળી છે જેની મુખ્ય પ્રવૃત્તિ ગૃહ નિર્માણ કરી સભ્યોને રહેઠાણની સગવડ પુરી પાડવાની છે. મંડળીના પ્રમુખશ્રીએ તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૩ના પત્ર તથા તે સાથે સાધનિક કાગળો રજુ કરીને મંડળીને ફડચામાં લઈ જવા રજુઆત કરેલ છે. જે નીચેની વિગતો મુજબ છે.

(૧) મંડળીના તારીખ ૩૦મી જુન ૧૯૯૦ અંતિત ઓડીટ વર્ગ “ડ” છે અને મંડળી સભ્ય સંખ્યા ૧૦ છે

(૨) મંડળી તરફથી બાંધકામની કાર્યવાહી પુર્ણ કરી સભ્યોને મકાનોની ફાળવણી કરી દીધેલ છે.

(૩) મંડળીએ કોઈપણ જાતની લોન કે સહાય મેળવેલ નથી અને હાલમાં કોઈ જાતનું સરકારી લેણું બાકીમાં નથી.

(૪) બાંધકામની કાર્યવાહી પુર્ણ કર્યા પછી અન્ય કોઈ પ્રવૃત્તિ મંડળી તરફથી કરવામાં આવતી નથી.

(૫) રજીસ્ટ્રેશન તથા વ્યવસ્થાની શરતોનું પાલન કરી હેતું પુર્ણ કરેલ છે. અને હવે સભ્યોને મંડળી પ્રત્યે રસ નથી.

(૬) તારીખ ૩૦મી જુન ૧૯૯૦ અંતિત રૂા. ૩૬૮૯-૭૨ની ખોટ છે અને મંડળીની આર્થિક સ્થિતી તદન નબળી છે.

આમ ઉકત વિગતો અને મંડળીને ફડચામાં લઈ જવા અંગે થયેલ રજુઆત અને તે અન્વયે સાધનીક કાગળો તથા કલમ-૧૦૭ ની જોગવાઈને ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

આથી હુ કે. જે. જોષી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ ધી અસરા ટેનામેન્ટસ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ તાલુકા કલોલ જિલ્લા મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નંબર ઘ-૧૦૯૧૧ તારીખ ૨૧મી મે ૧૯૮૪ થી નોંધવામાં આવેલ હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) બી અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરૂ છું તથા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી ફડચો-૧ મહેસાણાની નિમણુંક કરૂં છુ મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાની રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુરૂ કરવાનું રહેશે.

સહકારી ગૃહ મંડળીની ફડચાની કાર્યવાહી પુરી થતા વિસર્જન થતી મંડળી જે નોંનટ્રેડીંગ કોંપેરિશન એકટ હેઠળ એસોસીએશન રચવાનું રહેશે.

ઉપર મુજબ નોંધણી થતા અસ્તિત્વમાં આવતી સંસ્થાને મંડળીના સભ્યોએ ઉભી કરેલ સવલતો માટેની મીલકતો જેવી કે કોમન પ્લોટ ઉપર બાંધવામાં આવેલ બાંધકામ પાણીની ટાંકી રસ્તાઓ વિગેરેની તબદીલી કરવાની રહેશે આવી મીલકતોનું વેચાણ ફડચા અધિકારી કરી શકશે નહી આમ અધિક રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરીપત્ર ક્રમાંક નધણ-૪૨૭-જ-૧૦૯૩-૯૨ તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૧ના પત્રમાં જણાવેલ જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મહેસાણા, તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) ફડચા અધિકારી અને ધી ગુરૂનાનક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ તાલુકા વિસનગર નો પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩-૨૯૪-૯૩ તારીખ ૧૪મી ડીસેમ્બર ૧૯૯૩ થી નોંધણી રદ ની દરખાસ્ત.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ મુજબ.

હુકમ

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ઘ-૧૯૨/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ગુરૂનાનક કો. ઓ. હા. સો. લી. મુકામ વિસનગર તાલુકા વિસનગર નોંધાયેલ સંસ્થા છે સદર સંસ્થા નોંધણી નંબર ઘ-૬૩૫૮ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૭૮ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની ક્ચેરીના જાવક નંબર ઉફ/૦૧/છ/૭૮૮૮/૧૨૨૩, તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૧ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ ૦૧-૩-૨૯૪-૯૩ તારીખ ૧૪મી ડીસેમ્બર ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ગુરૂનાનક કો. ઓપ. હા. સો. લી. મુકામ તાલુકા વિસનગરની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૪.

વંચાણે લીધો :

(૧) સહકારી અધિકારી ફડચો ૩ મહેસાણા અને ધી કલાણા સેવા સહકારી મંડળી લી. મુકામ કલાણા તાલુકા હારીજ જિલ્લો

મહેસાણાનો પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩જી સપ્ટેમ્બર ૧૯૯૪ તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૪ થી નોંધણીરદની કરેલ દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ મુજબ.

હુકમ

ક્રમાંક ઉખસ/ફડચ/ ૩૪૨ .—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી કલાણા સેવા સહકારી મંડળી લી. મુકામ કલાણા તાલુકા હારીજ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૨૯૨૬૩ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૬૦થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ/ફ/૮૨૮૦/૦૧/જ/૩૪૮૬ તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૮૭ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ--૦૧-૩-૯-૯૪ તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૪થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી કલાણા સેવા સહકારી મંડળી લી. મુકામ કલાણા તાલુકા હારીજની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું આ હુકમ નીકળ્યો તારીખથી મંડળીનું વિસર્જન થયું ગણાશે.

મહેસાણા, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૪.

વાંચ્યો :

(૧) ઓડીટર સહકારી મંડળી (ગ્રાહક) પાટણનો પત્ર ક્રમાંક ફડચ-૦૧-૪૭૭-૯૩ તારીખ ૨૦મી ઓકટોબર નો અહેવાલ

(૨) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ઘ-૪૨૮૦-૯૩ તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૩.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧-ઘ-૯૪૪૯/૩૮૪/૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી ખારેડા સેવા સહકારી મંડળી લી. મુકામ ખારેડા તાલુકા પાટણ જિલ્લા મહેસાણા નોંધણી નંબર સે. ૧૩૦૦ તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૭૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૮૮ થી ૩૦મી જુન ૧૯૯૨ સુધીના સમયનું અન્વેષણ દરમ્યાન નીચે મુજબની ખામીઓ ઓડીટર (ગ્રાહક) પાટણે જણાવેલ છે. પેટા કાયદા મુજબ તેના ઉપર નાખવામાં આવેલ ફરજ અને તેને મળેલ અધિકારોનો ઉપયોગ કરેલ નથી.

૧ છેલ્લા બાર વર્ષથી મંડળી સ્થગિત અવસ્થામાં છે.

૨ મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી.

૩ મંડળીએ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ દુરસ્તી રીપોર્ટ મોકલ આપેલ નથી બેંક ઇન્સ્પેકશનના દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી.

૪ મંડળીએ સને ૧૯૭૭-૭૮ ની સાલમાં ધીરાણ મેળવેલ છે. ત્યારબાદ ધિરાણ મેળવેલ નથી.

૫ મંડળી ઉદ્દેશ મુજબ કામગીરી ન કરતી હોઈ દિન પ્રતિદિન ખોટ વધે છે.

આમ ઉકત વિગતની રજુઆત કરવા અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ઘ-૪૨૮૯-૯૩ તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૩થી વચગાળાનો હુકમ કરેલ છતાં મંડળીના કાર્યવાહકોએ રજુઆત કરેલ ન હોઈ મંડળી ચલાવવા સભાસદો કે કાર્યવાહકોને રસ નથી તેમ માની મંડળી સ્થગિત કરી ઉદ્દેશ મુજબ કામગીરી ન કરતી હોઈ હું નીચે મુજબના મંતવ્ય ઉપર આવતા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું કે ધી ખારેડા સેવા સહકારી મંડળી લી. મુકામ ખારેડા તાલુકા પાટણ, જીલ્લા મહેસાણા નોંધણી ક્રમાંક સે-૧૩૦૦૯ તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૭૪થી નોંધવામાં આવી હતી તે મંડળી ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક,ગ,ર અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણા સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ અત્રે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૫મી ફેબ્રુઆરી ૧૯૯૪.

વાંચ્યો :

(૧) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી જિલ્લા પંચાયત મહેસાણાના પત્ર ક્રમાંક જીપમ-સહક-નધણ-૫૬૦-૯૩ તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૩ નો પત્ર.

(૨) અત્રેની કચેરીના વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ-૦૧-ઘ-૨૫૫૨ તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૩

(૩) મુખ્ય પ્રયોજક ધી કટોસણ (ધનપુરા) બક્ષીપંચ ખેડૂત ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકરી મંડળી લી. મુકામ કટોસણનો પત્ર.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-ઘ-૯૨૪૮-૩૮૫-૯૪. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર ખે ૩૦૬૮ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૯ છે. મંડળીની નોંધણી થયા પછી મંડળીએ કોઈ કાર્યવાહી કરેલ નથી. મંડળીના મુખ્ય પ્રયોજકશ્રીએ મંડળીને ફડચામાં લઈ જવા જણાવેલ છે. સરકારશ્રીની સબસીડી મેળવવાના હેતુથી મંડળી ઉભી કરેલ હતી પણ આવો કોઈ લાભ મળેલ ન હોવાથી મંડળીને ચલાવવા સભાસદો એ કંઈ રસ ધરાવેલ નથી. મંડળી ગામે અસ્તિત્વ ધરાવતી નથી વાર્ષિક સાધારણ સભા પણ ભરેલ નથી માટે મંડળીને ફડચામાં લઈ જવા મુખ્ય પ્રયોજકશ્રીએ જણાવેલ છે. જેના સંદર્ભમાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ-૦૧-ઘ-૨૫૫૨ તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૩ થી મંડળીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરેલ છતાં મંડળીના કોઈ સભાસદ કે કાર્યવાહકો મંડળી ચલાવવા કોઈ રજુઆત કરેલ નથી મંડળીના ઉદ્દેશ મુજબ કામગીરી કરેલ ન હોઈ પ્રથમથી સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરૂ છું.

INDEX

આથી હું કૌષિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબના આદેશ કરૂ છું કે ધી કટોસણ (ધનપુરા) બક્ષીપંચ ખેડૂત ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મુકામ કટોસણ જિલ્લા મહેસાણા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક ખે-૩૦૬૮ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૯ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ખ, ગ ૧, ૩, ૪ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા ધી કૃષ્ણ કો-ઓપ. હાઉસીંગ સોસા. લી. મુ.પો.તા. વિજાપુર, જિ. મહેસાણાનો પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૩૬૪-૯૩, તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૩ થી દરખાસ્ત વંચાણે લીધો.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ. ૧૯૬૧ મુજબ અન્વયે કલમ-૨૦ મુજબ.

હુકમ

જા. નં. ઉખસ-ફડચ-૦૧-ઘ-૩૮૬/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ. ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી કૃષ્ણ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ : વિજાપુર, તાલુકો : વિજાપુર, નોંધાયેલી સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર : જી.પં. ૬૬૬૪, તારીખ ૧૬મી જુલાઈ, ૧૯૭૮ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જા. નં. ઉ/ફ/૯૨૩૦/ઘ/૧૫૦૨, તારીખ ૨૧મી મે, ૧૯૯૩ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ-૦૧-૩૬૪-૯૩, તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર મંડળી નામે ધી કૃષ્ણ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ, તાલુકો : વિજાપુરની નોંધણી રદ કરતો હુકમ કરું છું આ હુકમની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

નંબર નધણ/ઉખસ/સે/૨૬૭૪૯/૪૬૧/૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી પ્રમુખસ્વામી મરકન્ટીયલ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ. મર્યાદિત સ્થળ : સિધ્ધપુર તાલુકો : સિધ્ધપુર, જિલ્લો : મહેસાણા., સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાદદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) અત્રેના કાર્યાલયનો તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૧ ના હુકમ ક્રમાંક : ઉ/ફ/૮૮૯૭/સે/૨૪૩૫/૯૧

આદેશ

પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ઘ/૫૦૩/૯૪.—શ્રી લાખવડ સેવા સહકારી મંડળી લી મુકામ : લાખવડ, તાલુકો : મહેસાણા જિલ્લો : મહેસાણા (ફડચામાં) ના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણાની નિમણુંક સંદર્ભ-૧ મુજબ કરવામાં આવી હતી જે નિમણુંક સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ (૪) હેઠળ મળેલ સત્તાની રૂએ રદ કરી તેઓની જગ્યાએ ફડચા અધિકારી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

વંચાણમાં લીધું :—

(૧) સરકારશ્રીના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ ક્રમાંક : કખ /૬૦/ડી.પી સી /૧૧૬૨/૪૩૯૦૫, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૬૫.

(૨) રજિસ્ટ્રારશ્રી, સ.મં.ગુ. રાજ્ય, અમદાવાદના પરિપત્ર નં : અકક/૧૧-અ-૪૨૮૫/૧૯૬૬, તારીખ ૧૬મી જૂન, ૧૯૬૬-

(૩) આ કચેરીના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/૭૪૬/ચ/૯૨૨૬/૯૩, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૩.

(૪) ફડચા અધિકારી ધી વડનગર મજુર કામદાર સહકારી મંડળી લી. (ફડચામાં) તા. ખેરાલું, જિ. મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૩/૧૫/૯૪, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૪.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ નં. ૧૯ ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક: ઉખસ/ફડચ/૦૨૨૪/ધા/૬૫૯/૯૪.—ધી વડનગર મજુર કામદાર સહકારી મંડળી લી. (ફડચામાં) મુકામ : વડનગર, તાલુકો : ખેરાલું, જિલ્લો : મહેસાણાને આ કચેરીના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/૭૪૬/ચ/૯૨૨૬/૯૩, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૩ થી ફડચામાં લઈ જવામાં આવેલી હતી અને તેના ફડચા અધિકારીશ્રી તરીકે સહકારી અધિકારી ફડચા-૩, મહેસાણાની નિમણુંક કરવામાં આવેલ હતી. જે આધારે તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૪ ના રોજ મંડળીના દફતરનો હવાલો ફડચા અધિકારીશ્રીએ સંભાળી લીધો હતો. સદર મંડળીને પુન : જિવીત કરવા માટે તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૪ ના ખાસ સાધારણ સભા મળેલ હતી જેમાં સદર મંડળીને પુન : જિવીત કરવામાં સર્વાનુમતે ઠરાવ કરેલ છે. અને મંડળીના ઉદ્દેશો મુજબ પેટા નિયમ મુજબ કામગીરી કરવા જણાવેલ છે. મંડળીની પ્રગતિ કરવા માટે તમામ સભ્યો, એક થઈ, ભગીરથ પણે પ્રયત્નો હાથ ધરવા ખાત્રી આપેલ છે. અને મંડળીને કાર્યક્ષમ બનાવવા જણાવેલ છે. અને ખાસ સાધારણ સભામાં નવીન પ્રમુખશ્રીની વરણી કરેલ છે. મંડળીને પુન : જિવીત કરી આપવા જણાવેલ હોવાથી મંડળીને પુન : જિવીત કરવા માટે ફડચા અધિકારી-

INDEX

શ્રીએ તેઓના ઉપર સંદર્ભ નં. ૪ દ્વારા દરખાસ્ત કરી અભિપ્રાય પુન:જિવીત કરવા આપેલ છે. જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે શ્રી વડનગર મજૂર કામદાર, સહકારી મંડળી લી. મુકામ : વડનગર, તાલુકો : ખેરાલું, જિલ્લો : મહેસાણાને આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાનમાં લેતાં પુન : જિવીત કરતો હુકમ કરું છું. મંડળીની નોંધણી નંબર અને તારીખ યથાવત ખાતું રાખવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ–૨ સહકારી મંડળીઓ પ્રમાણિત-૨ મહેસાણાનો પત્રક્રમાંક અષણ-૦૧-૩૬૦/૯૩, તારીખ ૧ લી નવેમ્બર, ૧૯૯૩ થી મોકલી આપેલ ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૨) પ્રમુખ શ્રી ધરણેન્દ્ર પાર્ક કો. ઓપ. હાઉસીંગ-સોસાયટી લી., મુકામ નાગલપુરનો તારીખ ૧૪ મી ફેબ્રુઆરી, ૧૯૯૪ નો ફડચામાં લઈ જવાનો રીપોર્ટ.

(૩) મદદનીશ સહકારી અધિકારી હાઉસીંગ કચેરીમાં પત્ર ક્રમાંક ધરસ-૦૧-૫૯૨૯/૯૪, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૪ નો ફડચામાં લઈ જવાનો ભલામણ પત્ર.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૯૨૫૦/૬૬૭/૯૪.—ધી ધરણેન્દ્ર પાર્ક કો. ઓપ. હા. સોસાયટી લી., મુકામ નાગલપુર તાલુકા, જિલ્લા મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનીયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નં. જી પં ધ–૧૧૫૭૭ તારીખ ૩૧ મી ઓગષ્ટ, ૧૯૮૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ પ્રમાણિત મહેસાણાએ તારીખ ૧ લી નવેમ્બર, ૧૯૯૩ થી અહેવાલ કરેલ છે. તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૨ થી ૩૦ મી જુન, ૧૯૯૩ ના સમયનું અન્વેષણ કરેલ છે જેમાં મંડળીએ છેલ્લા ત્રણ ઓડીટ રિપોર્ટના દૂરસ્તી કરેલ નથી મંડળીએ તારીખ ૧ લી જુલાઈ, ૧૯૮૯ થી ૩૦ મી જુન, ૧૯૯૧ સુધીમાં કોઈ જાતની લેવડ-દેવડ કરેલ નથી. તપાસણી સમયમાં ફક્ત ૧ મકાન ટ્રાન્સફર થયેલ છે મંડળીને ફડચામાં લઈ જવા માટે તારીખ ૨૭ મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ના રોજ વાર્ષિક સાધારણ સભામાં સદર સંસ્થાને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા ઠરાવ નં ૫ થી સર્વાનુમતે ઠરાવ કરેલ છે. ઓડીટરશ્રીના રીપોર્ટ મુજબ મંડળી પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમિટિની મીટીંગો મળતી નથી. મંડળીમાં સને ૧૯૯૨--૯૩ના વર્ષના અંતે રૂા ૩૩૮-૯૦ ની ખોટ થવા પામેલ છે. મંડળીનો ઓડીટ વર્ગ- ડ આપવામાં આવેલ છે મંડળીમાં સરકારશ્રીની કોઈ લોન બાકી નથી. નાણાં ધીરતી સંસ્થા પાસે લોન લીધેલ નથી માટે સદર સંસ્થાને ફડચામાં લઈ જવા માટે ઓડીટરશ્રીએ ભલામણ કરેલ છે. મંડળીને ફડચામાં લઈ જવામાં વ્યવસ્થાપક કમિટિના સભ્યોને કોઈ વાંધો નથી કે વિરોધ નથી તેવો સી પ્રતિપત્ર આપેલ હોવાથી મંડળીને કોઈ વિરોધ ન હોવાથી સદર મંડળીને ચલાવવા માટે સભાસદો ઈચ્છતા નથી અને મંડળીને ફડચામાં લઈ જવા માટે સ્વૈચ્છિક માંગણી કરેલ હોવાથી મંડળીના હિતખાતર મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ મને મળેલ અધિકાર પરત્વે કરું છું.

હુકમ

ધી ધરણેન્દ્ર પાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ નાગલપુર, તાલુકો જિલ્લા મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ નીચે નોંધણી નં. જી. પં. ધ-૧૧૫૭૭, તારીખ ૩૧ મી ઓગષ્ટ, ૧૯૯૪ થી નોંધવામાં આવેલ હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૧૦૭ ૧ કગ-બી-૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું તથા સદર કાયદાની કલમ ૧૦૮ / ૧ અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧ મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં શક્ય હોય તો પુરૂ કરવાનું રહેશે.

સહકારી ગૃહ મંડળીની ફડચાની કાર્યવાહી પુરી થતાં વિસર્જન થતી મંડળી સભ્યોનું નોન ટ્રેડીંગ કોર્પોરેશન એકટ હેઠળ એશોસીએશન અથવા સોસાયટી રજિસ્ટ્રેશન એકટ ૧૮૬૦ અન્વયે સંસ્થાની રચના કરી તેને નોંધાવવાની રહેશે.

ઉપર મુજબ એસોશીએશન અથવા સંસ્થા રચાયા બાદ તેને મંડળીના સભ્યથી ઉભી કરેલ સવલતો માટેની મિલ્કતો જેવી કે કોમનપ્લોટ, કોમનપ્લોટ ઉપર બાંધવામાં આવેલ બાંધકામ, પાણીની ટાંકી, રસ્તાઓ વિગેરેની તબદીલી કરવાની રહેશે. આવી મિલ્કતોનું વેચાણ ફડચા અધિકારી કરી શકશે નહીં. આમ અધિક રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગુજરાત રાજય ગાંધીનગરના પરીપત્ર ક્રમાંક નધણ-૪૨૭/જ ૧૯૯૩ ૯૧, તારીખ ૨૫ મી એપ્રિલ, ૧૯૯૧ ના પત્રમાં જણાવેલ જોગવાઈઓનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

મહેસાણા, તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણા અને ધી ચાબખા સેવા સહકારી મંડળી લી, મુકામ ચાબખા તાલુકા હારીજ, જિલ્લો મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ / ૦૧ / ૩ / ૨૦ / ૯૪, તારીખ ૧૭ મી જાન્યુઆરી, ૧૯૯૪, થી નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ કલમ ૨૦ મુજબ

હુકમ

જાવક નંબર ઉપસ / ફડચ / ૦૧ / ધ / ૬૭૪ / ૯૪.—સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ચાબખા જુથ સેવા સહકારી મંડળી લી, મુકામ ચાબખા, તાલુકા હારીજ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૨૭૩૩૨ તારીખ ૨૨ મી ઓગષ્ટ, ૧૯૫૯થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. મહેસાણા ની કચેરીના જાવક નંબર નફા ૮૨૭૧ / ૦૧૦૪ / ૧૯૨૮, તારીખ ૨૯ મી એપ્રિલ, ૧૯૮૭ થી હુકમ કરવામાં આવેલ

INDEX

ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૩ તરફથી તેઓના પત્રક્રમાંક ફડચ / ૦૧ / ૩ / ૨૦/૯૪ થી તારીખ ૧૭ મી જાન્યુઆરી, ૧૯૯૪થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ચાબખા જુથ સેવા સહકારી મંડળી લી , મુકામ ચાબખા, તાલુકા હારીજ ની નોંધણી રદ કરતો હુકમ કરું છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉપર ફડચ / ૨૮૦ / ધ / ૧૮૭૦/૯૩, તારીખ ૧૨ મી જુલાઈ, ૧૯૯૩.

(૨) શ્રી પ્રમુખ મંત્રી ધી ખટાસણા સેવા સહકારી મંડળી લી ખટાસણા, તા. સિદ્ધપુરનો તારીખ ૨૨ મી સપ્ટેમ્બર, ૧૯૯૩ નો વિનંતી પત્ર.

(૩) મેનેજર ધી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી , મહેસાણાનો તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૩ નો પત્ર.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ફખચ / ૦૧ / ધ / ૭૮૮/૯૪.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ ધી ખટાસણા સેવા સહકારી મંડળી લી , મુકામ ખટાસણા, તાલુકા સિધ્ધપુરની નોંધણી નં સે-૧૨૫૪ તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૧૯૬૧ ની નોંધાયેલ સહકારી સંસ્થા છે સદર મંડળી ને ફડચામાં લઈ જવા માટે અત્રેના પત્રક ક્રમાંક ઉખચ / ફડચ / ૨૮૦ / ધ / ૧૮૭૦ / ૯૩, તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૯૩ થી વચગાળાનો હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી જેની સામે મંડળીના પ્રમુખ મંત્રીશ્રી એ તારીખ ૨૨ મી સપ્ટેમ્બર, ૧૯૯૩ થી મંડળી ચાલુ રાખવા માટે રજુઆત કરેલ છે તથા જિલ્લા મધ્ય સહકારી બેન્ક લી , મહેસાણા ના તારીખ ૨૩ મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ના પત્રથી મંડળી ને ચાલુ રાખવા ભલામણ કરતાં મંડળીની રજુઆત અને બેન્કની રજુઆતને ધ્યાનમાં લઈ મંડળીને ચાલુ રાખવા એક તક આપવા માટે સહમતિ થતાં મને મળેલ અધિકાર પરત્વે વચગાળાનો હુકમ થયા તારીખ થી હુકમમાં જણાવેલ શરતોને ધ્યાનમાં લઈ રાખી હુકમ રદ કરવામાં આવે છે

હુકમ

આથી હું કૌશિક જે જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭(૧) ક, ગ, ૨ અને ૪ મુજબ ખટાસણા સેવા સહકારી મંડળી લી , મુકામ ખટાસણા, મુકામ ખટાસણા, તાલુકા સિધ્ધપુરને ફડચામાં લઈ જવાનો તારીખ ૧૨ મી જુલાઈ, ૧૯૯૩ ના વચગાળાનો હુકમ મંડળી તરફથી ઠરાયેલ રજુઆતને ધ્યાનમાં લઈ કામગીરી કરવાની એકતક આપી નીચે જણાવેલ શરતે વચગાળાનો હુકમ રદ કરવામાં આવે છે.

શરતો

(૧) મંડળીએ પોતાનો વહીવટ કાર્યક્ષમ કરી મંડળીને કાર્યક્ષમ કરવાની રહેશે.

(૨) સંસ્થાનો ઓડીટ વર્ગ સુધારવાનો રહેશે.

(૩) મંડળીને તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરશે નહિ તો પુન : ફડચામાં લઈ જવામાં આવશે.

(૪) મંડળીએ કરેલ પ્રગતિ દર ત્રિમાસે મોકલી આપવાની રહેશે.

(૫) મંડળીને ૬ માસમાં અર્થક્ષમ થવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૨જી માર્ચ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ / ફડચ / ૨૯૧ / ધ / ૧૬૬૫ / ૯૩, તારીખ— ૨૫મી જૂન, ૧૯૯૩.

(૨) પ્રમુખ / મંત્રીશ્રી ધી— ટાંકવાસણા સેવા સહકારી મંડળી લી., મુકામ પોસ્ટ ટાંકવાસણા તાલુકા પાટણની તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૩ અને તારીખ ૨૩ મી ડિસેમ્બર, ૧૯૯૩ નો વિનંતીપત્ર.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૮૦૩/૯૪.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ ધી ટાંકવાસણા સેવા સહકારી મંડળી લી., મુકામ, પોસ્ટ ટાંકવાસણા, તાલુકા પાટણ, જિલ્લો મહેસાણા ની નોંધણી નં. ૩૦૦૦૬ તારીખ ૨૨ મી એપ્રિલ, ૧૯૬૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળી ને ફડચામાં લઈ જવા માટે અત્રે ના પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૨૯૧/ધ/૧૬૬૫/૯૩, તારીખ ૨૫ મી જુલાઈ, ૧૯૯૩ થી વચગાળાનો હુકમ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. જેની સામે મંડળીના પ્રમુખમંત્રીએ તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૩ અને તારીખ ૨૩ મી ડિસેમ્બર, ૧૯૯૩ થી લેખિત રજુઆત કરેલ હતી જે રજુઆત ને ધ્યાનમાં લઈ મંડળીને ચાલુ રાખવા એકતક આપવા માટે સહમત થતાં અને મળેલ અધિકાર પરત્વે વચગાળાનો હુકમ થયા તારીખ થી હુકમમાં જણાવેલ શરતોને ધ્યાનમાં રાખી હુકમ રદ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમની ૧૦૭ (૧) ક, ગ, ૨ અને ૪, મુજબ ધી ટાંકવાસણા સેવા સહકારી મંડળી લી., મુકામ ટાંકવાસણા, તાલુકો પાટણ ને ફડચામાં લઈ જવાનો તારીખ ૨૫મી જૂન, ૧૯૯૩ નો વચગાળાનો હુકમ મંડળીતરફ થી કરાયેલ રજુઆત ને ધ્યાનમાં લઈ કામગીરી કરવાની એક તક આપી નીચે જણાવેલ શરતે વચગાળાનો હુકમ રદ કરવામાં આવે છે.

INDEX

શરતો

(૧) મંડળીએ પોતાનો વહીવટ કાર્યક્ષમ કરી મંડળીને અર્થક્ષમ કરવાની રહેશે.

(૨) મંડળીને પેટા નિયમ મુજબ ઉદ્દેશો મુજબ કામગીરી કરવાની રહેશે.

(૩) સંસ્થાનો ઓડીટ વર્ગ સુધારવાનો રહેશે.

(૪) મંડળી તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરશે ન હીતો પુન : ફડચામાં લઈ જવામાં આવશે.

(૫) મંડળીએ કરેલ પ્રગતિ દર ત્રિમાસે મોકલી આપવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨જી માર્ચ, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) પ્રમાણિત ઓડીટર સહકારી મંડળીઓ જિલ્લા પાટણ ફડચામાં લઈ જવાની તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૩નો કરેલ અહેવાલ.

(૨) આ કચેરીના વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ / ફડચ / ૪૩૬૦/૯૩, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૩.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ઘ / ૮૩૩/૯૪.— ધી ગમાનપુરા હરિનગર ૧, હાઉસીંગ સોસાયટી લી., મુકામ ગમાનપુરા, તાલુકા મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નં. ૧૧૫૮૪, તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૮૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે સર્વાનુમતે ઠરાવ કરેલ છે. તથા તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૩ થી સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે પ્રમાણિત ઓડીટર સહકારી મંડળી પાટણ એ ખાસ અહેવાલ કરેલ છે. મંડળીને ફડચામાં લઈ જવા સભાસદોની માંગણી હોવાથી મંડળીના હિતખાતર મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ છે. તેવું મારૂ સ્પષ્ટ મંતવ્ય છે. માટે નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને હોદ્દાની રુએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું કે ધી ગમાનપુરા હરિનગર--૧, હાઉસીંગ સોસાયટી લી., મુકામ ગમાનપુરા, તાલુકો મહેસાણા જિલ્લો મહેસાણાની નોંધણી ક્રમાંક ૧૧૫૮૪, તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૮૪થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) બી. ક. ગ. ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરું કરવું. સહકારી ગૃહ મંડળીની ફડચાની કાર્યવાહી પુરી થતાં વિસર્જન થતી મંડળી સભ્યોનું નોનટ્રેડીંગ કોર્પોરેશન એકટ હેઠળ એસોશિએશન અથવા સોસાયટી રજિસ્ટ્રેશન એકટ ૧૮૬૦ અન્વયે સંસ્થાની રચના કરી તેને નોંધાવવાની રહેશે.

ઉપર મુજબ એસોશીયેશન અથવા રચાયા બાદ તેને મંડળીના સભ્ય થી ઉભી કરેલ સવલતો માટેની મિલકતો જેવી કે કોમન પ્લોટ ઉપર બાંધવામાં આવેલ બાંધકામ પાણીની ટાંકી રસ્તાઓ વિજળીની તબદીલી કરવાની રહેશે. આવી મિલકતોનું વેચાણ ફડચા અધિકારી કરી શકશે નહિ. આમ અધિક રજિસ્ટ્રેશન સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરીપત્ર ક્રમાંક નધણ / ૪૨૭ / જ / ૧૯૯૩--૯૧, તારીખ ૨૫ મી એપ્રિલ, ૧૯૯૧ ના પત્રમાં જણાવેલ જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મહેસાણા, તારીખ ૭મી માર્ચ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ / ફડચ / ઘ / ૨૪૧૩--૯૩, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૩.

(૨) પ્રમુખ મંત્રીશ્રી પ્રગતિ ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મહેસાણાના તારીખ ૧૧ મી ઓકટોબર, ૧૯૯૩ અને તારીખ ૨૨ મી નવેમ્બર, ૧૯૯૩ નો વિનંતી પત્ર.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ઘ / ૮૩૪/૯૪.— ગુજરાત-સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલી ધી પ્રગતિ ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી , જિલ્લો તાલુકા મહેસાણાની નોંધણી નં. ૧૯૬૯૦, તારીખ ૨૩ મી ફેબ્રુઆરી, ૧૯૮૩ થી નોંધાયેલ સરકારી સંસ્થા છે સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ / ફડચ /ઘ/ ૨૪૧૩-/૯૩, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૩ થી વચગાળાનો હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. જેની સામે મંડળીના પ્રમુખશ્રીએ તારીખ ૧૧ મી ઓકટોબર, ૧૯૯૩ અને ૨૨ મી નવેમ્બર, ૧૯૯૩થી લેખિત રજુઆત કરેલ હતી. જે રજુઆતને ધ્યાનમાં લઈ મંડળીને ચાલુ રાખવા એક તક આપવા માટે સહમત થતાં મને મળેલ અધિકાર પરત્વે વચગાળાનો હુકમ થયા તારીખથી હુકમમાં જણાવેલ શરતોને ધ્યાનમાં રાખી હુકમ રદ્ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) ક, ગ-૨, અને ૪ મુજબ ધી પ્રગતિ ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી , મુકામ, તાલુકા મહેસાણાને ફડચામાં લઈ જવાનો તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૩ ના વચગાળાનો હુકમ મંડળી તરફથી કરાયેલ રજુઆતને ધ્યાનમાં લઈ કામગીરી કરવાની એક તક આપી નીચે જણાવેલ શરતે વચગાળાનો હુકમ રદ્ કરવામાં આવે છે.

શરતો

(૧) મંડળીએ પોતાનો વહીવટ કાર્યક્ષમ કરી મંડળીને અર્થક્ષમ કરવાની રહેશે.
(૨) મંડળીને પેટા-નિયમ મુજબ ઉદ્દેશો મુજબ કામગીરી કરવાની રહેશે.
(૩) મંડળીએ કરેલ પ્રગતિ દર ત્રિમાસે મોકલી આપવાની રહેશે.
(૪) મંડળી તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરશે નહીં તો પુન : ફડચામાં લઈ જવામાં આવશે.

મહેસાણા, (ઉ. ગુ.) તારીખ ૭મી માર્ચ, ૧૯૯૪.

વાંચ્યો:-

(૧) ઓડીટર સહકારી મંડળીઓ કડીનો પત્ર ક્રમાંક અષણ/૦૧/૩૮૬/૯૨ તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૯૨.
(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૨૭૩/ઘ/૧૧૭૭/૯૩ તારીખ ૫મી જુલાઈ ૧૯૯૩.

પ્રસ્તાવના

પત્રક્રમાંક ઉખસ/ફડચ/૮૩૬/ઘ-૯૩.—ધી સેદરડી સેવા સહકાર મંડળી લી. મું. સેદરડી, તા. કડી, જિ. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી નં. ૧૫૩૦૪ તા. ૨જી મે ૧૯૫૪થી નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થાનું અન્વેષણ તા. ૧લી જુલાઈ ૧૯૯૧ થી તા. ૩૦મી જુન ૧૯૯૨ સુધીનુ કરવામાં આવેલ છે. અને નીચે મુજબ ખામીઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે. અને પેટા નિયમ મુજબ કામગીરી કરવામાં આવતી નથી.
(૨) મંડળીનો છેલ્લા પાંચ વર્ષથી ઓડીટવર્ગ 'ડ' આવે છે.
(૩) વ્યવસ્થાપક કમીટીની મીટીંગ દર માસે મળતી નથી.
(૪) સંસ્થામાં સ્વભંડોળ કરતાં ખોટનું પ્રમાણ વધુ છે. તા. ૩૦મી જુન ૧૯૯૨ના અંતે રૂા. ૪૧૭૩૪-૭૪ની ખોટ છે.
(૫) છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ નોંધોની દુરસ્તી કરેલી નથી.
(૬) સરકારશ્રીની ઓડીટ ફી રા. ૩૧૧૬-૭૫ ભરવાની બાકી છે.
(૭) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ નથી. બેંકનુ રૂા. ૯૭૧૨૪-ચૂકવવાના બાકી છે.

આમ ઉકત વિગતોને ધ્યાનમાં લેતાં મંડળીને ચાલું રાખવા મંડળીના હિતમાં યોગ્ય ન જણાતાં નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા મને હોદ્દાની રુએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું કે ધી સેદરડી સેવા સહકારી મંડળી લી. મુકામ સેદરડી, તા. કડી. જિલ્લો મહેસાણા સહકારી નોંધણી ક્રમાંક ૧૫૩૦૪ તા. ૨જી મે ૧૯૫૪થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) ક.ગ. ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકેશ્રી સહકારી અધિકારી ફડચો-૧ ની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણૂંક કરવામા આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આ કારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરુ કરવું.

મહેસાણા. તા. ૭મી માર્ચ ૧૯૯૪.

વાંચ્યો:-

(૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક ઉખસ/ફડચ/૨૮૨/ઘ/૧૯૯૩-૯૩ તા. ૨૭મી જુલાઈ ૧૯૯૩નો વચગાળાનો હુકમ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ-ફડચ-ઘ-૮૪૦/૯૩.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી સુબાપુરા વિભાગ ગોપાલક અને ગણોતીયાની સહકારી મંડળી લી. મું. સુબાપુરા, તા. સમી, જિ. મહેસાણાની નોંધણી નં. ૬૫૦ તા. ૨૯મી જાન્યુઆરી ૧૯૫૯ થી નોંધવામાં આવેલ હતી. સદર સંસ્થાનું તા. ૧લી જુલાઈ ૧૯૯૧ થી ૩૦મી જુન ૧૯૯૨ સુધીનું અન્વેષણ ઓડીટર સમી હારીજ એ કરેલ છે. જેમાં નીચે મુજબની ખામીઓ જણાઈ આવેલ છે.

(૧) છેલ્લા ૧૦ વર્ષથી સ્થગિત છે.
(૨) મંડળી ચલાવવામાં કાર્યવાહકોને રસ નથી.
(૩) સંસ્થા છેલ્લા ૧૩ વર્ષથી દુરસ્તી રીપોર્ટ મોકલી આપતી નથી.
(૪) સંસ્થા પેટા વિભાગ નિયમ મુજબ કામગીરી કરતી નથી.
(૫) મંડળીને છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' આવેલ છે.
(૬) મંડળી સરકારશ્રીની ઓડીટ ફી રૂા. ૪૫૦/- ભરવાના બાકી છે.
(૭) મંડળીની વ્યવસ્થાપક કમીટીની સભા પેટા નિયમ મુજબ માગતી નથી.

આમ ઉપરોકત વિગતોના કારણે સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો હુકમ તા. ૨૭મી જુલાઈ ૧૯૯૩ના રોજ કરેલ હતો. જેની સામે મંડળીના કાર્યવાહકો ને રજુઆત કરવા જણાવ્યા છતાં મંડળીના કાર્યવાહકો તરફથી ફરી રજુઆત થયેલ નહિં. મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરૂ છું.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું કે ધી સુબાપુરા વિભાગ ગોપાલક અને ગણોતીયાની સહકારી મંડળી લી. મું. સુબાપુરા, તા. સમી, જિ. મહેસાણાનો નોંધણી ક્રમાંક ૬૫૦ તા. ૨૯મી જાન્યુઆરી ૧૯૫૯થી નોંધણવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) ડ, ગ, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો ૧ મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુરૂ કરવું.

મહેસાણા, તા. ૭મી માર્ચ ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/ઘ/૧૬૪૯૧.—આથી જાહેર કરે છે કે શકિતનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ કડી, તાલુકો કડી, જિલ્લો મહેસાણા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૮મી માર્ચ ૧૯૯૪.

INDEX

નંબર ઉખસ/નધણ/સે.તે./૨૬૭૪૭/૯૩૧.—આથી જાહેર કરે છે કે શ્રી બોરૂ તેલિબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ બોરૂ, તાલુકો વિજાપુર, જિલ્લો મહેસાણા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૧મી માર્ચ ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/ધ/૧૨૪૦૦/૯૩૨.—આથી જાહેર કરે છે કે શ્રી આકાર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મર્યાદિત સ્થળ મહેસાણા તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા, સને ૧૯૬૧ નો ગુજરાત, કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૪.

વંચાણે લીધા:-

(૧) જી. જી. લાકડાવાલા ખાસ ફડચા અધિકારી શ્રી મહેસાણાના પત્ર ક્રમાંક શેખપુર (ખે) દુ તા. ૨૨મીં ફેબ્રુઆરી ૧૯૯૪થી ધી શેખપુર (ખે) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. શેખપુર, તા. ખેરાલુની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ મુજબ.

હુકમ

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ/૯૭૮/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી શેખપુર (ખે)દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ શેખપુર, તા. ખેરાલું, નોંધાયેલ સંસ્થા છે સદર સંસ્થા નોંધણી નંબર એફ ૧૦૧૮૮ તા. ૧લી સપ્ટેમ્બર ૧૯૭૦થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ/ફ/૮૨૬૮/૦૧/જ/૧૪૯૩, તા. ૩૧મી માર્ચ ૧૯૮૭થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી ખાસ ફડચા અધિકારી મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફ/શેખપુર/(ખે) દુ સને ૧૯૯૪ તા. ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૪થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમના કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી શેખપુર (ખે) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. શેખપુર, તા. ખેરાલું, ની નોંધણી રદ કરતો, હુકમ કરું છુ. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, (ઉ.ગુ.) તા. ૧૮મી માર્ચ ૧૯૯૪.

વંચાણે લીધા:-

(૧) સહકારી અધિકારી ફડચો-૧ના પત્રક્રમાંક. ફડચ/૦૧/૫૪/૯૪ તારીખ ૨૯મી ફેબ્રુંઆરો ૧૯૯૪થી શિવ કો. ઓ. હા. સો. લી. મુ. પો. સિધ્ધપુરની નોંધણી રદ કરવાની દરખાસ્ત,

(૨) ગુજરાત સહકારી મંીળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦ મુજબ.

હુકમ

પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ/૯૮૫/૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી શિવ કો. ઓ. હા. સો. લી, મુકામ સિધ્ધપુર તા. સિધ્ધપુરના નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ઘ-૭૭૧૬/ઘ/૫૭૫, તા. ૨૬મી ફેબ્રુઆરી ૧૯૮૦થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઆના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ/ફ/૦૧/ઘ/૯૨૪૪/૨૮૭૫, તા. ૧૧મી ઓકટોબર ૧૯૯૩ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧ તરફથી તેઆના પત્રક્રમાંક ફડચ/૦૧/૫૪/૯૪, તા. ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી શિવ કો. ઓપ. હાઉસીંગ સો. લી. મું. તા. સિધ્ધપુરની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, (ઉ. ગ.), તા. ૧૮મી માર્ચ ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧/ ફડચા અધિકરી વડાવલી સેવા સહકારી મંડળી લી., સિનીયર ઈન્સ્પેક્ટર જિલ્લા મધ્યસ્થ સરકારી બેંક લી., મહેસાણા પત્ર ક્રમાંક ૭૮/લોન/ફડચા/૧૯૬૩, તારીખ ૧૪મી માર્ચ, ૧૯૯૪ થી મોકલેલ દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ મુજબ.

હુકમ

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૭૧/ઘ/૯૮૬/૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૬૬૧ની જોગવાઇઓ હેઠળ થી વડાવલી સેવા સહકારી મંડળી લી., મુકામ વડાવલી, તાલુકા ચાણસ્મા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૨૧૫૮૪, તારીખ ૨જી મે, ૧૯૪૭ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અંગે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે થી જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૮૫૪૧/૦૧/જ/૨/૨૪૫૧/૮૮ તારીખ ૮મી જૂન ૧૯૮૮ થી હુકમ કરવાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક જી-૮/લોન ફડચા/૧૬૬૩, તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૪થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામેથી વડાવલી સેવા સહકારી મંડળી લી હું વડાવલી તાલુકા સાધારણસ્માની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૪.

INDEX

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી ફડચા ૧ મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૫૩/૯૪ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪ થી સંસ્કાર ધામ સર્વોદય જુથ સેવા સહકારી મંડળી લી. મુકામ નંદાણ તાલુકા કડી ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ મુજબ.

હુકમ

પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ/૯૮૭/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ ધી સંસ્કાર ધામ સર્વોદય જુથ સેવા સહકારી મંડળી લી, મુકામ નંદાણ તાલુકા કડી નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૧૦૧૭૭ તારીખ ૧૬મી જુલાઇ ૧૯૭૦ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ/ફ/૮૮૭૦ / ૩૧૭૬, તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૦ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૫૩/૯૪, તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા અને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી સંસ્કાર ધામ સર્વોદય જુથ સેવા સહકારી મંડળી લી. મુકામ નંદાણ તાલુકા કડી ની નોંધણી રદ કરતો. હુકમ કરૂ છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ ક્રમાંક કખ/૬૦/ડી. પી. સી./૧૧૦૩/૪૩૯૦૫/તારીખ ૩૦મી જુલાઇ, ૧૯૬૫.

(૨) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી, ગુજરાત રાજ્ય, અમદાવાદના પરીપત્રનું સકક/૧૧/અ/૪૨૮૫/૧૯૬૬ તારીખ ૧૬મી જુન, ૧૯૬૬.

(૩) આ કચેરીના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૨૬/છ/૯૨ / ૯૦ તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૦.

(૪) ફડચા અધિકારી ધી વારાહી મજૂર અને કામદાર સહકારી મંડળી લી. (ફડચામાં) મુકામ વડુ તાલુકા કડીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ/૪૬/૯૪ તારીખ ૭મી માર્ચ, ૧૯૯૪.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ ની જોગવાઇ.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ/૧૦૨૮/૯૪.—ધી વારાહી મજુર અને કામદાર સહકારી મંડળી લી. મુકામ વડુ તાલુકા કડીને આ કચેરીના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૨૬/છ/૯૨/૯૦, તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૦ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી, અને તેના ફડચા અધિકારી તરીકે સરકારી અધિકારી ફડચો-૩ મહેસાણાની નિમણુંક કરવામાં આવેલ હતી જે આધારે તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૩ ના રોજ મંડળીના દફતરનો હવાલો ફડચા અધિકારીશ્રીએ સંભાળી લીધેલ હતો સદર મંડળીને પુન: જિવીત કરવા માટે તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૪ ના રોજ ખાસ સાધારણ સભા મળેલ હતી અને મંડળીને પુન : જિવીત કરવા માટે સર્વાનુમતે ઠરાવ કરેલ અને તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૪ ના રોજ મંડળીને પુન:જિવીત કરવા સભાસદોએ લેખીત માગણી કરેલ છે, મંડળીના ઉદ્દેશો પેટા નિયમ મુજબ કામગીરી કરવા માટે મંડળીના સભાસદોએ ઠરાવ કરી ખાત્રી આપેલ છે. મંડળીને અર્થક્ષમ બનાવી તેના સભાસદોને રોજી રોટી મળી રહે તે હેતુથી મંડળીને પુન:જિવીત કરવા માટે ફડચા અધિકારીશ્રી એ આમુખ-૪માં દ્રારા મંડળીને પુન:જિવીત કરવાની દરખાસ્ત કરી અભિપ્રાય આપેલ જે ને ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરૂ છું.

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળી અધિનિયમની ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે ધી વારાહી મજુર અને કામદાર સહકારી મંડળી લી. મુકામ વડુ તાલુકા કડી (ફડચામાં) ને આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાનમાં લેતાં પુન: જિવીત કરતો હુકમ કરૂ છું.

મંડળીનો નોંધણી નંબર તારીખ ચાલુ રાખવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૪.

વાંચ્યો :

(૧) અત્રેની કચેરી પત્ર ક્રમાંક ફડચ/ઘ/૨/૬૭/૯૩ તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૩ નો વચગાળાનો હુકમ

પ્રસ્તાવના :

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૧૦૬૧/ઘ/૧૯૯૪.—ધી વિસનગર દિપરા દરવાજા સેવા સહકારી મંડળી લી. મુકામ તાલુકો વિસનગર જિલ્લો મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર સે-૧૫૮૨ના તારીખ ૧૦મી જુન ૧૯૭૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીના નોંધાયેલા પેટા નિયમ મુજબ તેના ઉપર નાખંવામાં આવેલ ફરજો અને તેને મળેલ અધિકારોનો ઉપયોગ કરેલ નથી જેની નીચે દર્શાવેલ હકીકત ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.
(૨) મંડળી પેટા નિયમ અને ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.
(૩) વ્યવસ્થાપક કમીટીની સભા ઓડીટ સમય દરમ્યાન બે વખત મળેલ છે.
(૪) મંડળી ચલાવવા માટે સભાસદો કે કાર્યવાહકોને રસ નથી.
(૫) મંડળીની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે.
(૬) મંડળીનો ઓડીટ વર્ગ-ડ છે.

આમ ઉક્ત હકીકતોને ધ્યાને લેતાં મંડળીને ફડચામાં લઇ જવા માટે તારીખ ૧૧મી ઓકટોબર, ૧૯૯૩ થી વચગાળાનો હુકમ કરેલો હતો છતાં મંડળીના કાર્યવાહકોએ કોઇ રજુઆત કરેલ નથી તથા તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૪ ના રોજ ફરીથી રજુઆત કરવા જણાવ્યા છતા રજુઆત મંડળી તરફથી થયેલ ન હોઇ મંડળીને ચલાવવા મંડળીના કાર્યવાહકોને રસ નથી તથા ઉક્ત કારણોસર મંડળીને ચલાવવા મંડળીના કાર્ય છતાં મૂળભૂત હેતુ સિધ્ધ ન થતાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

INDEX

હુકમ

આથી હું, કૌશિક જે. જોશી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું કે ધી વિસનગર દિપરા દરવાજા સેવા સહકારી મંડળી લી. મુકામ વિસનગર તાલુકા વિસનગર જિલ્લો મહેસાણા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસ ના નોંધણી ક્રમાંક સે-૧૫૮૨ તારીખ ૧૦મી જુન, ૧૯૭૪ થી નોંધાવવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ ૧૦૭ (૧) ક, ગ ૩ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદર મંડળીના ફડચા અધિકારીશ્રી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૨૩મી, માર્ચ ૧૯૯૪.

વાંચ્યો :

(૧) સબ ઓડીટર સહકારી મંડળી (દૂધ) મહેસાણાનો પત્ર ક્રમાંક અષણ/૦૧/ઘ/૬૮/૯૩ તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૯૩ થી ફડચામાં લઈ જવાનો કરેલ અહેવાલ

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૪૩૪૦/૯૩ તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૩ કરેલ વચગાળાનો હુકમ.

પ્રસ્તાવના

પત્રક ક્રમાંક ઉખસ/ફડચ/ઘ/૧૦૬૨/૯૪.—ધી રામપુરા (ચા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી ના રામપુરા (ચા) તાલુકા ચાણસ્મા જિલ્લા મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી ૧૩૨૨૨ તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૭૫ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ સુધીનું અન્વેષણ સમય દરમ્યાન નીચે મુજ બની ખામીઓ જણાવેલ છે.

(૧) છેલ્લા ૬ વર્ષથી ઓડીટ મેમાની દૂરસ્તી કરેલ નથી.

(૨) છેલ્લા ૬ વર્ષથી સાધારણ સભા ભરેલ નથી કારોબારોની મીટીંગ પણ મળતી નથી

(૩) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૪) મંડળીની આથિક સ્થિતિ નબળી છે.

(૫) મંડળીને ફડચામાં લઈ જવા માટે તારીખ ૧૮મી જૂન ૧૯૯૩ થી સર્વાનુમતે ઠરાવ કરેલ છે.

આમ ઉકત વિગતો ધ્યાનમાં લેતાં મંડળીને ફડચામાં લઈ જવા માટે તારીખ ૪થી ડીસેમ્બર ૧૯૯૩ ના રોજ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો. છતાં મંડળીના કારોબારી સભ્યોએ મંડળીને ચાલુ રાખવા માટે કોઈ વિરોધ કે રજુઆત કરેલ નથી મંડળી કારોબારીએ સર્વાનુમતે મંડળીને ફડચામાં લઈ જવામાં જણાવેલ હોવાથી મંડળી ચલાવવામાં સભાસદો કે કાર્યવાહકોને રસ ન જણાતો મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબનો હુકમ કરૂ છં.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું કે ધી રામપુરા (ચા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ રામપુરા (ચા) તાલુકા ચાણસ્મા, જિલ્લો મહેસાણાના નોંધણી ક્રમાંક ૧૩૨૨૨ તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૭૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) બી ક, ગ, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા-૧) મહેસાણાના સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો આકારવાનું રહેશે ફડચા નું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણાના પત્રક ક્રમાંક ફડચ/૦૧ ૩/૧૩/૯૪ તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૪ થી સજજનગર/ કો. ઓ. હા. સો. લી. જિલ્લા માણસા નો નોંધણી રદ કરવાનર દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ મુજબ.

હુકમ

પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ/૧૦૬૩ / ૧૯૯૪:—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી સજજનગર કો. ઓ. હા. સો. લી. મુકામ માણસા તાલુકા વિજાપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ઘ ૫૧૯૩ તારીખ ૮મી ઓકટોબર ૧૯૭૫ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ના કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉ/ફ/૮૮૮૬/૧૦૯૦ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૧ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૩/૧૩/૯૪ તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે સદર મંડળી નામે ધી સજજનનગર કો. ઓ. હા. સો. લી. મુ. માણસા તાલુકા વિજાપુરની નોંધણી રદ કરતા હુકમ કરૂ છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળાંનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/સે/૨૬૭૪૮/૧૦૮૭.—આથી જાહેર કરે છે કે ધી મહેસાણા જિલ્લા નર્મદા અનેજળ સંપત્તિ વિભાગના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મહેસાણા તાલુકો મહેસાણા જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૪.

INDEX

નંબર ઉખસ/નધણ/સે. તે/૨૯૭૪૯/૧૦૬૯—આથી જાહેર કરે છે કે, શ્રી અરીઠા જુથ તેલિબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અરીઠા, તાલુકો સમી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/સે/૨૯૭૫૦/૧૦૭૦:—આથી જાહેર કરે છે કે, શ્રી ન્યુ ઈન્ડીયા એસ્યોરન્સના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૨૯૨/ ધ/૧૬૩૨/૯૩, તારીખ ૨૩મી જૂન, ૧૯૯૩.

(૨) પ્રમુખ / મંત્રીશ્રી સબોસણા જૂથ સેવા સહકારી મંડળી લી. મુ. : સબોસણા, તા. પાટણનો તારીખ ૫મી માર્ચ, ૧૯૯૪ નો વિનંતી પત્ર.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૩૨૧/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ ધી સબોસણ જૂથ સેવા સહકારી મંડળી લી. તાલુકો : પાટણ, જિલ્લો મહેસાણાનો નોંધણી નંબર: ૯૨૨૯, તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૬૫ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૨૯૨/ધ/૧૬૩૨/૯૩ તારીખ ૨૩મી જૂન, ૧૯૯૩ થી વચગાળાનો હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. હુકમ સામે દિન-૩૦ માં રજુઆત કરવા જણાવેલ હતું રજુઆત ન કરતાં ફરીથી તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૪ ના રોજ રજુઆત કરવાની એક તક આપતાં, મંડળીના પ્રમુખ / મંત્રીશ્રીએ તારીખ ૫મી માર્ચ, ૧૯૯૪થી મૌખિક તથા લેખિત રજુઆત કરેલ હતી. જે રજુઆાતને ધ્યાનમાં લઈ મંડળીને ચાલુ રાખવા એક તક આપવા માટે સઘમઘ થતાં મને મળેલ અધિકાર પરત્વે વચગાળાનો હુકમ થયો તારીખથી હુકમમાં જણાવેલ શરતોને ધ્યાનમાં રાખી હુકમ રદ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ક. ગ-૨ અને ૪ મુજબ ધી સબોસણ જુથ સેવા સહકારી મંડળી લી. મુકામ : સબોસણ, તાલુકો : પાટણ, જિલ્લો ફડચામાં લઈ જવાનો તારીખ ૨૩મી જૂન, ૧૯૯૩ ના વચગાળાનો હુકમ મંડળી તરફથી કરાયેલ રજુઆતને ધ્યાનમાં લઈ કામગીરી કરવાની ૬ માસની એક તક આપી નીચે જણાવેલ શરતે વચગાળાનો હુકમ રદ કરવામાં આવે છે.

શરતો :—

(૧) મંડળીએ પોતાનો વહીવટ કાર્યક્ષમ કરી મંડળીને અર્થક્ષમ કરવાની રહેશે.

(૨) મંડળીને પેટા નિયમ મુજબ ઉદ્દેશો મુજબ કામગીરી કરવાની રહેશે.

(૩) મંડળીઓ ઓડીટવર્ગ સુધારવાનો રહેશે.

(૪) મંડળી ૬ માસમાં કામગીરી કરશે નહીં તો મંડળીને પુન : ફડચામાં લઈ જવામાં આવશે.

(૫) દર ત્રણ માસે મંડળીની પ્રગતિ અહેવાલ મોકલવાનો રહેશે.

મહેસાણા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) ઓડીટર સહકારી મંડળીઓ કલોલના પત્રક્રમાંક : અષણ/ ૧૨૬/૯૩, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ થી કરેલ ફડચાનો અહેવાલ.

(૨) અત્રેની કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ / ૦૧/ધ/૧૬૬૬, તારીખ ૨૫મી જૂન, ૧૯૯૩

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/ ધ/ ૧૩૨૭ / ૯૪.—ધી કલોલ મરચન્ટ શોપ્સ કો-ઓપરેટીવ એન્ડ વેર હાઉસીંગ સોસાયટી લી મુકામ : કલોલ, જિલ્લો : મહેસાણાઓ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નં : એ-૧૬૩૫/ધ/૪૬૪૨, તારીખ ૩જી નવેમ્બર, ૧૯૭૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૧ થી ૩૦મી જૂન, ૧૯૯૨ સુધીનું અન્વેષણ કરતાં નીચે મુજબની ખામીઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળી પેટા નિયમ મુજબ કામગીરી કરવામાં દર્લક્ષ સેવેલ છે.

(૨) મંડળી નોંધાયા બાદ આજ તારીખ સુધીમાં સ્થગિત અવસ્થામાં જ છે.

(૩) છેલ્લા ત્રણ વર્ષથી વાર્ષિક સાધારણ સભા ભરવામાં આવેલ નથી.

(૪) છેલ્લા પાંચ વર્ષથી એકના એક વ્ય. ક. સભ્યો કમીટીમાં ચાલ્યાં આવે છે. ત્રણ વર્ષથી વ્ય કમીટીની મીટીંગ મળેલ નથી

(૫) મંડળી ચલાવવામાં સભાસદોને રસ નથી.

(૬) મંડળીનો છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ વર્ગ "ડ" આવે છે.

(૭) છેલ્લા પાંચ વર્ષમાં ઓડીટ અહેવાલની દરસ્તી કરેલ નથી.

આમ ઉક્ત વિગતોને ધ્યાનમાં લઈ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરતાં જેની સામે મંડળીએ રજુઆત કરેલ હતી. પરંતુ રજુઆતને ગ્રાહ્ય રખાય તેમ ન હોવાથી મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતાં નીચે મુજબ હુકમ કરું છું.

INDEX

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું કે ધી કલોલ મરચન્ટ શોપ્સ એન્ડ વેર હાઉસીંગ કો-ઓપરેટીવ સોસાયટી લી. મુકામ કલોલ, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણાના નોંધણી ક્રમાંક એ-૧૬૩૫/ધ/૪૬૪૨, તારીખ ૩જી નવેમ્બર, ૧૯૭૯ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક, ગ, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવામાંનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરું કરવું.

મહેસાણા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

નં. ઉખસ/નધણ/સે/૨૭૨૮૧ / ૧૪૧૪ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી એમ. એમ. શાહ મહિલા આર્ટસ કોલેજના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કડી, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

નં. ઉખસ / નધણ / સે દુ.-૨૭૨૮૬ / ૧૪૧૫ / ૯૪—આથી જાહેર કરે છે કે શ્રી બાવલુ દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ બાવલુ, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

નં. ઉખસ/નધણ / સે દુ-૨૭૨૮૫ / ૧૪૧૬ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી રામપુરા (આમજ) દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ રામપુરા તાલુકો કલોલ, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

નં. ઉખસ/નધણ/સે દુ / ૨૭૨૮૪ / ૧૪૧૭ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી ઉમાનગર દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ ઉમાનગર, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/સે દુ/૨૭૨૮૩/૧૪૧૮/૯૪—આથી જાહેર કરે છે કે શ્રી ચારોલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ચારોલ, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ / સે દુ/૨૭૨૮૨/૧૪૧૯ / ૯૪—આથી જાહેર કરે છે કે શ્રી નવાપુરા (નં.) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ નવાપુરા (નં.) તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

નં : ઉખસ/નધણ / સે / ૨૭૨૮૭ / ૧૪૨૦ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી દુધઈ દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ : દુધઈ, તાલુકો કડી, જિલ્લો મહેસાણા

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉદસ/ફડચ/૦૧/ધ/૪૩૮૧/૯૩, તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૩ના વચગાળાના હુકમ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૧૪૬૪/ઘ/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી નારદીપુર રાવળ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ : નારદીપુર, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણાનો નોંધણી નં ૧૧૦૯, તારીખ ૨૩મી જૂન, ૧૯૬૫ માં નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાનું તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૨ થી ૩૦મી જૂન, ૧૯૯૨ સુધીનું અન્વેષણ કરવામાં આવેલ હતું. જેમાં નીચે મુજબની ખામીઓ જણાવેલ છે.

(૧) મંડળી છેલ્લા પાંચ દસ-બાર વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.
(૨) છેલ્લા પાંચ વર્ષથી મંડળીનો ઓડિટ વર્ગ "ડ" છે.
(૩) સંસ્થાને ચલાવવા સભાસદો કે વ્ય. કમીટી સભ્યોને રસ નથી.
(૪) સરકારશ્રીની લોન રૂા. ૪૬,૪૧૯-૭૯ બાકી છે.

આમ ઉપરોકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરેલ હતો. જેની સામે મંડળીના કાર્યવાહકોએ કોઈ વાંધો કે વિરોધ દર્શાવેલ નથી. અને મંડળીને ચલાવવા માટે સભાસદોને રસ નથી. મંડળીના હિતખાતર મંડળીને ફડચામાં લઈ જતાં અંતિમ હુકમ નીચે મુજબ કરું છું.

INDEX

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું કે ધી નારદીપુર રાવળ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ : નારદીપુર, તાલુકો : કલોલ જિલ્લો : મહેસાણાના નોંધણી ક્રમાંક : ૧૧૦૯, તારીખ ૨૩મી જૂન, ૧૯૬૫ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક, ગ, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરું કરવું. સહકારી ગૃહમંડળીની ફડચાની કાર્યવાહી પુરી થતાં વિસર્જન થતી મંડળી સભ્યોનું નોનટ્રેડીંગ કોપેરિશન એકટ હેઠળ એસોસીએશન અથવા સોસાયટી રજિસ્ટ્રેશન એકટ-૧૮૬૦ અન્વયે સંસ્થાની નોંધણી કરી તેને નોંધાવવાની રહેશે. ઉપર મુજબ એસોસીએશન અથવા સંસ્થા રચાયા બાદ તેને મંડળીની સભ્યથી ઉભી કરેલ સવલતો માટેની મિલ્કતો જેવી કે કોમન પ્લોટ ઉપર બાંધવામાં આવેલ બાંધકામ પાણીની ટાંકી રસ્તાઓ વિગેરેની તબદીલી કરવાની રહેશે આવી મિલ્કતોનું વેચાણ ફડચા અધિકારી કરી શકશે નહીં. આમ અધિક રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક નધણ/૪૨૭/જ/૧૦૯૩/૯૧, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧ ના પત્રમાં જણાવેલ જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મહેસાણા, તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ઘ/૨૭૮૮/૯૩, ૫મી ઓકટોબર, ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ઘ/૩૮૯/૯૪, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪ નો વચગાળાનો હુકમ.

(૩) ફડચા અધિકારીશ્રી રાંતેજ ગૃપ સેવા સ. મં. લી. મહેસાણાનો પત્ર ક્રમાંક : ૭૮/લોનફડચા/૧૬૮૯,તારીખ ૧લી માર્ચ,૧૯૯૪ નો પત્ર

પ્રસ્તાવના

પત્રક્રમાંક : ઉખસ/ફડચ/૯૫૯૭/૧૪૬૫/ઘ/૯૪.—ગુજરાત સહકારી મંડળી લી. ઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી રાંતેજ ગૃપ વિ. કા. સહકારી મંડળી લી. મુકામ : રાતેજ, તાલુકો : ચાણસ્માનો નોંધણી નં : ૧૫૨૮૦, તારીખ ૨૪મી માર્ચ, ૧૯૫૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. નિયમો ૧૯૬૫ તથા મંડળીના પેટા નિયમો મુજબ તેના ઉપર નાંખવામાં આવેલ ફરજો અને તેને મળેલ અધિકારનો ઉપયોગ કરેલ ન હોવાની નીચેના કારણો ઉપરથી જણાઈ આવે છે.

(૧) મંડળીને છેલ્લા બે વર્ષથી ઓડીટ વર્ગ “ડ” આવે છે.

(૨) ઓડીટર અને લેન્ડ ઈન્સ્પેકશન અંગેના દરસ્તી રીપોર્ટ લાંબા સમયથી મોકલવામાં આવતા નથી.

(૩) રૂા ૧૮,૨૮,૧૮૦ ની ઘણીજ મોટી રકમની વસુલાત કરવાની બાકી છે.

(૪) મંડળીમાં આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધુ હોવાથી રૂા. ૭૧,૭૨૧ ખોટ કરવામાં આવેલ છે. પાછલી ખોટ સાથે કુલ ખોટ રૂા ૯,૪૧,૮૩૭ છે.

(૫) પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમીટી મળતી નથી.

આમ ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતાં મંડળીને કારણદર્શક નોટીશ તથા વચગાળાના હુકમ થવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરેલ નથી. મંડળીનો અંશત : ચાર્જ મળી ગયેલ છે. માટે મંડળીના હિતમાં મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરું છું

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. મહેસાણા મને હોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું કે રાંતેજ ગૃપ વિ. કા. સહકારી મંડળી લી. મુકામ, રાંતેજ, તાલુકો : ચાણસ્મા, જિલ્લો : મહેસાણાના નોંધણી નંબર : ૧૫૨૮૦, તારીખ ર૪મી માર્ચ, ૧૯૫૩ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક, ગ-૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. મહેસાણા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરું કરવું.

મહેસાણા, તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૪.

વંચાણે લીધો :—

(૧) ફડચા અધિકારી ધી મોટી હીરવાણી પિયત સહકારી મંડળી લી. મુ. : મોટી હીરવાણી, તા : ખેરાલુનો પત્ર ક્રમાંક : ફડચ / ૦૧/૩/૭૦/૯૪, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪ થી મોકલેલ દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦ મુજબ.

હુકમ

પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ઘ/૧૪૭૮ / ૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી મોટી હીરવાણી પિયત સહકારી મંડળી લી. મુકામ : મોટી હિરવાણી, તાલુકો : ખેરાલું નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર : ખે-૨૧૯૭, તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૩ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જાવક નંબર : ઉ/ફ/૩૩૦/ચ / ૯૨૨૦ / ૯૩, તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારી શ્રી સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ૦૧/૩/૭૦/૯૪, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી મોટી હીરવાણી પિયત સહકારી મંડળી લી. મુકામ : મોટી હીરવાણીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૪.

INDEX

નં : ઉખસ/નધણ / સે/ તે / ૨૭૨૮૯ / ૧૪૯૬.—આથી જાહેર કરે છે કે શ્રી કાતરા જૂથ તેલિબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : કાતરા, તાલુકો : પાટણ, જિલ્લો : મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૪.

નં. ઉખસ/નધણ/સે. તે. / ૨૭૨૮૮ / ૧૪૯૭— આથી જાહેર કરે છે કે શ્રી વામૈયા તેલિબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : વામૈયા, તાલુકો : પાટણ, જિલ્લો : મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૫મી જૂન, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ/૧૪૬૮/૯૩, તારીખ ૧૯મી મે, ૧૯૯૩ની કારણદર્શક નોટીસ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ/૧૬૬૭/૯૩, તારીખ ૨૫મી જૂન, ૧૯૯૩ નો વચગાળાનો હુકમ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૯૫૯૯/ઘ/૧૫૨૧/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની અન્વયે ધી જંત્રાલ સેવા સહકારી મંડળીઓ લી. મુકામ : જંત્રાલ, તાલુકો : વિજાપુર, સહકારી સંસ્થા છે. જેની નોંધણી નં. સે-૧૭૭૬૭, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૮૧ થી નોંધાયેલ છે. જેનું અન્વેષણ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૨ થી ૩૦મી જૂન, ૧૯૯૨ સુધીનું ઓડિટરશ્રી સ. મં., વિજાપુરે કરેલ છે. જેમાં નીચેની ખામીઓ જણાવેલ છે.

(૧) સંસ્થા ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.

(૨) સંસ્થા છેલ્લા ત્રણ વર્ષથી ઓડીટમેમોની દુરસ્તી કરી મોકલી આપતા નથી.

(૩) મંડળીના મંત્રીશ્રી હિસાબી કામકાજમાં જાણકાર ન હોવાથી જરૂરી દફતર નિભાવવામાં આવેલ નથી. મંત્રીનું જામીનખત મેળવેલ નથી.

(૪) મંડળીમાં માલસામાનની ખરીદીમાં ફક્ત રેશનીંગ માલ સામાનની જ ખરીદી તથા વેચાણ કરવામાં આવે છે. માલની ખરીદી અનામતો મેળવીને કરવામાં આવે છે.

(૫) મંડળીમાં તારીખ ૩૦મી જૂન, ૧૯૯૨ ના સામેલ સરવૈયા મુજબ રૂા. ૮,૭૯૨/૭૩ ની એકત્ર ખોટ છે. જેની સામે મંડળીનું શેરભંડોળ ફક્ત રૂા. ૪,૬૫૭નું છે.

(૬) મંડળીનો છેલ્લા ચાર વર્ષથી ઓડીટ વર્ગ "ડ" આવે છે.

આમ ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરેલ જેની સામે મંડળીએ રજુઆત કરેલ છે. જે રજુઆત ગ્રાહ્ય રાખે તેમ ન હોવાથી ફરીથી મંડળીના કાર્યવાહકોને રૂબરૂ દફતર લઈ બોલાવવા છતાં અત્રેની કચેરીમાં હાજર ન રહેતાં મંડળીને ચલાવવા માટે કાર્યવાહકોને રસ ન જણાતાં મંડળી તેના પેટા નિયમ મુજબ કામગીરી કરતી ન હોવાથી મંડળીના હિત ખાતર મંડળીને ફડચામાં લઈ જવાનો નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂં છું કે ધી જંત્રાલ સેવા સહકારી મંડળી લી. મુકામ : જંત્રાલ, તાલુકો : વિજાપુર, જિલ્લો : મહેસાણાના નોંધણી ક્રમાંક : એ-૧૭૭૬૭, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૮૧થી નોંધાવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક, ગ ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરૂં કરવું.

મહેસાણા, તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી અને ફડચા અધિકારીશ્રી નવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. સમીનો પત્ર ક્રમાંક ફડચ/૦૧/૯૯/૯૪, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ થી ધી નવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. સમીની નોંધણી રદની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈની કલમ-૨૦ મુજબ.

હુકમ

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ/૧૫૨૨ / ૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી નવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ નવા (ઈસ્લામપુરા), તાલુકો સમી નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર એફ-૧૭૪૭૫, તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૭૯ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર : ઉ/ફ/૨૬૭/ઘ/૯૨૪૨/૨૪૧૨/૯૩, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૩થી હકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા-૧) તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૯૯/૯૪, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી નવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ નવા, તાલુકો સમીની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/સે/૨૭૧૨૬/૧૫૬૦.—આથી જાહેર કરે છે કે વિસનગર વિભાગ ખેત પેદાશ પ્રોસેસીંગ અને વેચાણ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વિસનગર તાલુકો વિસનગર જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૧મી એપ્રિલ ૧૯૯૪.

INDEX

વાચ્ચો :

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ/૨૨૭/૯૪, તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૪ નો વચગાળાનો હુકમ તથા પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ/૭૯૭/૯૪, તારીખ ૨જી માર્ચ ૧૯૯૪ નો પત્ર.

પ્રસ્તાવના :

પત્ર **ક્રમાંક** ઉખસ / ફડચ /૯૬૦૦ /૧૫૯૧ /ઘ/૧૯૯૪.—ધી મહંમદપુરા સેવા સહકારી મંડળી લી. મુકામ મહંમદપુરા તાલુકા પાટણ ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૧૫૪૨૨, તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૫૮ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ગુજરાત સહકારી મંડળીઓ બાબતના નિયમો ૧૯૬૫ તથા મંડળીના નોંધાયેલ પેટા કાયદા મુજબ તેના ઉપર નાખવાવાં આવેલ ફરજો અને તેને મળેલ અધિકારોના ઉપયોગ કરેલ નથી જેથી નીચે દર્શાવેલ હકીકત ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) છેલ્લા ૧૫ વર્ષથી મંડળી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીમાં છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ વર્ગ "ડ" છે.

(૩) મંડળીએ છેલ્લા દશ વર્ષથી ઓડીટ દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી.

(૪) બેંક ઈન્સ્પેકશન દૂરસ્તી રીપોર્ટ પણ મોકલવામાં આવેલ નથી.

(૫) મંડળી સ્થગિત હોવાથી મંત્રી પણ નથી.

(૬) મંડળી ચલાવવામાં સભાસદોને રસ નથી.

(૭) સને ૧૯૬૩-૬૪ના વર્ષ પછી ધિરાણ કરેલ નથી.

આમ ઉકત વિગતોને ધ્યાન પર આવતા મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ઘ/૨૨૭ ૯૪. તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૪ થી વચગાળાનો હુકમ કરી જે કોઈ રજુઆત કરવી હોય તે કરવા જણાવ્યા છતાં રજુઆત સમયસર ન કરતાં ફરીથી અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ/૭૯૭/૯૪ તારીખ ૨જી માર્ચ ૧૯૯૪ થી રજુઆત કરવા જણાવ્યા છતાં મંડળીના કાર્યવાહકો તરફથી મંડળીના ફડચામાં નથી લઈ જવા કોઈ રજૂઆત કે વાંધો દર્શાવેલ ન હોઈ મંડળીને ચલાવવા મંડળીના કાર્યવાહકોને રસ નથી તથા પેટા નિયમ મુજબ કામ ન કરતાં મંડળીના મૂળભૂત હેતુઓ સિધ્ધ ન થતાં મંડળીને ફડચામાં લઈ જતો હુકમ કરૂ છુ.

હુકમ

આથી હુ કૌશિક જે. જોશી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું કે ધી મહંમદપુરા સેવા સહકારી મંડળી લી. મુકામ મહંમદપુરા, તાલુકા પાટણ, જિલ્લા મહેસાણા નોંધણી નંબર ૧૫૪૨૨ તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૫૮થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક,ગ ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી જી. જી. લાકડાવાલા, ખાસ ફડચા અધિકારી મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૪.

——

નં. ઉખસ/નધણ/ઘ/૧૬૪૯૨/૧૬૭૫/૯૪.—આંથી જાહેર કરે છે કે શ્રી અજન્ટા કો- ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. મર્યાદિત સ્થળ કડી, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૪થી મે, ૧૯૯૪.

——

વાંચ્યો :—

(૧) અત્રેના કાર્યાલયનો તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૨૫૫/ ઘ / ૯૨૩૭ / ૨૪૦૨/૯૩ નો અંતિમ હુકમ.

આદેશ

પત્ર ક્રમાંક ફડચ/૦૨૨૫/ઘ/૧૭૫૪/૯૪.—શ્રી રાજપુર (ચા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ રાજપુર, તાલુકો ચાણસ્મા, જિલ્લો મહેસાણા (ફડચામાં) ના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની નિમણુંક સંદર્ભ-૧ મુજબ કરવામાં આવી હતી જે નિમણુંક સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮(૪) હેઠળ મળેલ સત્તાની રૂએ રદ કરી તેમની જગ્યાએ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ખાસ ફડચા અધિકારી જી. જી. લાકડાવાલા મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૧મી મે, ૧૯૯૪.

——

વાંચ્યો :

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૨૮૮/ઘ/૧૯૬૧/૯૩. તારીખ ૨૨મી જુલાઈ ૧૯૯૩, વચગાળાનો હુકમ.

(૨) ભદ્દાડા ગ્રામજનો નો તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૪ નો પત્ર.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૧૮૫૧/ઘ/૯૬૦૧/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયેથી ભદ્દડા જુથ સેવા સહકારી મંડળી લી. મુકામ ભદ્દાડા, તાલુકા પાટણની નોંધણી નંબર ૩૦૦૪૧ તારીખ ૯મી જૂન ૧૯૬૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળી ઉપર નાખવામાં આવેલ જવાબદારીઓ અને અધિકારીનો ઉપયોગ કરવામાં આવતો ન હોઈ મંડળી પેટા નિયમ મુજબ કામગીરી કરતી ન હોવાથી મંડળીને ફડચામાં લઈ જવા નીચેના કારણોસર લઈ જવી આવશ્યક જણાય છે.

(૧) મંડળીનો ઓડીટ વર્ગ ૧૯૮૫-૮૬ ના વર્ષથી 'ડ' છે. ફડચામાં લઈ જવા ઓડીટરશ્રીએ ભલામણ કરેલ છે.

(૨) મંડળીમાં કમીટી સભાસદો તેમજ સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી તથા મીટીંગો ભરવામાં આવતી નથી.

(૩) સને ૧૯૮૯-૯૦ના વર્ષથી ઓડીટ દુરસ્તી રીપોર્ટ મોકલવામાં આવેલ નથી જ્યારે બેંક ઈન્સ્પેકશનના દુરસ્તી રીપોર્ટ મોકલવામાં આવતા નથી.

(૪) મંડળીએ સને ૧૯૭૪-૭૫ના વર્ષમાં ધીરાણ મેળવેલ છે. જે મુદતવીતી થવાથી નવીન ધીરાણ મેળવી શકેલ નથી.

(૫) મંડળીના કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર હોવાથી વસુલાતની કામગીરી થયેલ નથી.

INDEX

આમ ઉકત વિગતોને ધ્યાનમાં લઇ મંડળીને ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરેલ હતો જેની સામે મંડળીએ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪ ના રોજ રજુઆત કરતાં રજુઆત ગ્રાહય રાખે તેમ નથી તથા ગ્રામલોકોએ તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૪ ના રોજ મંડળીને ફડચામાં લઇ જવા જણાવેલ હોઇ મંડળીને ચલાવવા માટે સભાસદોને તથા ગ્રામજનોને રસ નથી મંડળીનો હેતુ સિધ્ધ થતો ન હોઇ મંડળીને ફડચામાં લઇ જતો નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું કે ધી ભદ્દાડા સેવા સહકારી મંડળી લી. મુકામ ભદ્રાડા તાલુકા પાટણ જિલ્લા મહેસાણાના નોંધણી ક્રમાંક ૩૦૦૪૧ તારીખ ૯મી જૂન ૧૯૬૦થી નોંધાવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક, ગ ૨ અને ૪ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩ મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૨૧મી મે, ૧૯૯૪.

નંબર ઉખસ / નધણ / સે / ૨૭૨૯૧/૧૯૩૧.— આથી જાહેર કરે છે છે કે શ્રી રાજ કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી, મય દિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૭મી મે, ૧૯૯૪.

નંબર ઉખસ / નધણ / સે દુ. / ૨૭૨૯૨ / ૧૯૩૪.— આથી જાહેર કરે છે કે શ્રી ચિત્રોડીપુરા દધ ઉત્પાદક સહકારી મંડળી લી, મર્યાદિત સ્થળ ચિત્રોડીપુરા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૭મી મે, ૧૯૯૪.

નંબર ઉખસ / નધણ / સે / ૨૭૨૯૦/૧૯૩૫.— આથી જાહેર કરે છે કે શ્રી શ્રેયસ કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી, મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૭ મી મે, ૧૯૯૪.

નંબર ઉખસ / નધણ / ધ / ૧૬૪૯૩ / ધ / ૧૯૯૩.— આથી જાહેર કરે છે કે શ્રી ન્યુલાલ બહાદુર શાસ્ત્રીનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી, મર્યાદિત સ્થળ ઉંઝા, તાલુકો સિધ્ધપુર, જિલ્લો મહેસાણા

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

મહેસાણા, તારીખ ૨૬ મી મે, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના પત્રક ક્રમાંક ઉખસ / ફડચ / ધ / ૧૯૯૨, તારીખ ૩જી જૂન, ૧૯૯૪ થી કરેલ વચગાળાનો હુકમ.

(૨) ધી મારૂતિનગર કો. આપ. હાઉસીંગ સોસાયટી લી., ના પ્રમુખ / મંત્રીશ્રીનો તારીખ ૪થી જૂન, ૧૯૯૪ નો પત્ર.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૯૬૦૨ / ધ / ૨૦૪૦ / ૯૪.— ધી મારૂતિનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ નાગલપુર, તાલુકા મહેસાણા અ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નં ધ--૧૦૦૦૨, તારીખ ૧૬મી જૂન, ૧૯૯૨ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનું અન્વેષણ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૨ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૩ નું અન્વેષણ થયેલ છે. જેમાં નીચેની ખામીઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળીએ કોઈજ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૨) વાર્ષિક સાધારણ સભા તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૦ થી મળેલ નથી.

(૩) ઓડીટ મેમાની દુરસ્તી કરવામાં આવેલ નથી.

(૪) મંડળીના પેટા નિયમ મુજબ કામગીરી કરતી નથી.

(૫) મંડળીએ રૂા. ૮૬૨૧/૯૪ ની ખોટ કરેલ છે.

(૬) મંડળીના ઓડીટ વર્ગ "ડ" આવેલ છે.

આમ ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવા આવશ્યક જણાતા અત્રેની કચેરી ના પત્રક ક્રમાંક ઉખસ / ફડચ / ધ / ૧૯૯૨/૯૪ તારીખ ૩જી જૂન, ૧૯૯૪ થી વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો. જેની સામે મંડળીના કાર્યવાહકોએ તારીખ ૪થી જૂન, ૧૯૯૪ ના રોજ લેખિત રજૂઆત કરેલ છે. તારીખ ૪ થી જૂન, ૧૯૯૪ ના રોજ વ્યવસ્થાપક કમિટી સભ્યોએ મંડળીને ફડચામાં લઈ જવા માટે ઠરાવ નં. ૩ થી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવા સર્વાનુંમતે જણાવેલ છે. માટે મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવા માટે રસ નથી મંડળી પેટા-નિયમ મુજબ કામગીરી કરતી નથી. અને મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા મંડળીએ માંગણી કરેલ છે. માટે મંડળીને ચાલુ ન રાખતાં મંડળીના હિત માટે મંડળીને ફડચામાં લઈ જવી હિતાવહ જણાતાં મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો હુકમ કરૂં છું.

INDEX

હુકમ

ધી મારૂતિનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી , મુકામ નાગલપુર, તાલુકા મહેસાણા, જિલ્લો મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની નોંધણી નંબર ઘ/૧૦૦૦૨, તારીખ ૧૬મી જૂન, ૧૯૮૨થી નોંધવામાં આવેલ હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ક, ગ-૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરૂં છું. તથા સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો--૧ મહેસાણાની નિમણુંક કરૂં છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ શકય હોય તો ત્રણ વર્ષ પહેલાં પુરૂં પાડવાનું રહેશે.

સહકારી ગૃહ મંડળીની ફડચાની કાર્યવાહી પુરી થતાં વિર્સજન થતી મંડળી સભ્યોનું નોન ટ્રેડીંગ કોર્પોરેશન એકટ હેઠળ અસોસીએશન અથવા સોસાયટીઝ રજિસ્ટ્રેશન એકટ ૧૮૬૦ અન્વયે સંસ્થાની રચના કરી તેને નોંધાવવાની રહેશે.

ઉપર મુજબ અસોસીએશન અથવા સંસ્થા રચાયા બાદ તેને મંડળીના સભ્યોથી ઉભી કરેલ સવલતો માટેની મિલ્કતો જેવી કે કોમનપ્લોટ ઉપર બાંધકામમાં આવેલ બાંધકામ પાણીની ટાંકી રસ્તાઓ વિગેરેની તબદીલી કરવાની રહેશે. આવી મિલ્કતોનું વેચાણ ફડચા અધિકારી કરી શકે નહિં. આમ અધિક રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક નધણ / ૪૨૭ / જ ૧૦૯૩/૯૧, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧ના પત્રમાં જણાવેલ જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મહેસાણા, તારીખ ૮મી જૂન, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના પત્રક ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ઘ / ૨૩૭/૯૪, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૪ નો વચગાળાનો હુકમ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૨૦૯૬ / ઘ / ૯૪.— ધી આરાધના મજુર અને બાંધકામ સહકારી મંડળી લી., મુકામ કંથરાવી, તાલુકા પાટણ, જિલ્લો મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓના અધિ--નિયમની ૧૯૬૧ અન્વયે નોંધણી નં. ઉ-૫૮૨૦, તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૦થી નોંધાયેલ એક મંજુર મંડળી છે. તેજ કાયદાના નિયમો ૧૯૬૫ મુજબ સંસ્થાને આપવામાં આવેલ અધિકારોનો ઉપયોગ કરવામાં આવતો નથી. પેટા-નિયમ મુજબ કામગીરી કરવામાં આવતી નથી. જે નીચેની ખામીઓ ઉપરથી જણાઈ આવે છે.

(૧) મંડળી નોંધાયા પછી તેના પેટા-નિયમના ઉદ્દેશો મુજબ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૨) મંડળી નોંધાવ્યા પછી પ્રથમ સભા પણ મળેલ નથી તેમજ વ્યવસ્થાપક કમીટીની વરણી કરેલ નથી.

(૩) વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.

(૪) બેન્કનું સુચિત ખાતું પણ સેવિંગ્સ ખાતે ટ્રાન્સફર કરાવેલ નથી.

(૫) મંડળીમાં જરૂરી દફતર વસાયેલ નથી.

(૬) મંડળીએ એડીટ સમયની દુરસ્તી કરેલ નથી (તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૨ થી ૩૦મી જુન, ૧૯૯૨.)

(૭) પેટા-નિયમ મુજબ કામગીરી કરવામાં આવેલ નથી.

આમ ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં અત્રેની કચેરીના પત્રક ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ઘ / ૨૩૭/૯૪, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૪ થી વચગાળાનો હુકમ કરેલ છે. જેની સામે આજદિન સુધી મંડળીના કાર્યવાહકોએ રજુઆત કરેલ નથી. મંડળી શરૂઆતથી સ્થગિત હોવાથી મંડળીનો મૂળભૂત હેતું સિધ્ધ થતાં નથી માટે મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

આથી હુ કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂં છું કે ધી આરાધના મજુર અને બાંધકામ સહકારી મંડળી લી. મુકામ કંથરાવી તાલુકા પાટણ જિલ્લો મહેસાણાના નોંધણી ક્રમાંક ઉ-૫૮૨૦ તારીખ ૨૩મી જાન્યુઆરી ૧૯૯૦ થી નોંધાવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) ક, ગ-૧ ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા--અધિકારી તરીકેશ્રી સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરું કરવું.

મહેસાણા, તારીખ ૧૮મી જૂન, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) અત્રેના કાર્યાલયનો તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪ હુકમ ક્રમાંક ઉ / ફ / ૯૬૦૦ / ૧૫૯૧/૯૪.

આદેશ

પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૨૧૦૦/૯૪.—શ્રી મહેમદપુરા સેવા સહકારી મંડળી લી., મુકામ મહેમદપુરા, તાલુકા પાટણ, જિલ્લો મહેસાણા (ફડચામાં) ના ફડચા અધિકારી તરીકે શ્રી જી. જી. લાકડાવાલા, મહેસાણાની નિમણુંક સંદર્ભ-૧ મુજબ કરવામાં આવી હતી જે નિમણુંક સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તાની રૂએ રદ કરી તેમાની જગ્યાએ સદર મંડળીની ફડચા અધિકારી તરીકે શ્રી જિલ્લા મુખ્ય સહકારી મંડળી મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૮મી જૂન ૧૯૯૪.

INDEX

નંબર ઉખસ / નધણ / ધ / ૧૬૪૯૪ / ૨૧૦૨.— આથી જાહેર કરે છે કે, દિપાલી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૮ મી જૂન, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ –૮૧ ની જોગવાઈઓ.

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક ધરમ / ૧૭૬ / ધ / ૨૨૯૪/ ૯૩, તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૩.

(૩) ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદનો પત્ર નં. આર.ઈ.સી. / ઓ. ૫/૬/૨૦૬૮, તારીખ ૨૪ મી મે, ૧૯૯૪.

પ્રસ્તાવના

ક્રમાંક ધરમ / ૧૭૬ / ચ / ૨૧૦૪ /૯૪.— ધી માનવમંદિર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુકામ કલોલ એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલી સહકારી ગૃહ મંડળી છે. (જેનો હવે પછી ઉલ્લેખ મંડળી તરીકે કરવામાં આવેલ છે.) મંડળીના નોંધાયેલ પેટા-કાયદા, કાનુન અને જોગવાઈ અનુસાર પોતાની ફરજો બજાવવામાં મંડળીની ચુંટાયેલી વ્યવસ્થાપક સમિતિ નિષ્ફળ જતાં અને મંડળીના હિતને કસુર થાય તેવા કાર્યો કરતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈ અનુસાર મંડળીની વ્યવસ્થાપક સમિતિએ આ કચેરીના હુકમ નંબર ધરમ / ૧૭૬ / ચ / ૨૩૨૬/ ૯૦, તારીખ ૨૫મી જૂન, ૧૯૯૦ થી દૂર કરી મંડળીના વહીવટ સારૂ વહીવટદાર તરીકે ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પો. લી., અમદાવાદ ને નિમણુંક આપતાં વહીવટદારના ઓથોરાઈઝડ પરસનને મંડળીનો વહીવટ ૨જી ઓગષ્ટ, ૧૯૯૦ થી સંભાળી લીધેલ.

ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉ. ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદના પત્ર નંબર આર.ઈ.સી. / ઓ. / ૫૧૬ / ૩૩૫૮, તારીખ ૨૯મી જૂન, ૧૯૯૩થી જણાવ્યા મુજબ સદર સંસ્થા પાસે લોન બાકી મુદતવીતી ધીરાણ કલમ-૮૬ ની બાકી ચોકસી કામગીરી ગેરકાયદેસર દબાણોના પ્રશ્નો તમામ સભ્યો મુદતવીતી બાકીદાર હોઈ ચુંટણી શકય ન હોઈ આ કચેરીના હુકમ નંબર ધરમ / ૧૭૬ / ધ / ૨૨૯૩/ ૯૩, તારીખ ૨૦ મી ઓગસ્ટ ૧૯૯૩ થી વહીવટદારનો મુદત વધારો તારીખ ૨૪મી જૂન, ૧૯૯૪ સુધીના આપવામાં આવેલ છે.

ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉ. ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદ ના પત્ર નંબર આર.ઈ.સી. / ઓ.૫ / ૬ / ૨૦૬૮, તારીખ ૨૪મી મે, ૧૯૯૪ થી જણાવ્યા મુજબ મંડળીઓ પાસે રૂપિયા ૪,૮૬,૬૦૪-૧૬ જેટલી રકમ ભરવાની બાકી છે. જેમાંથી રૂપિયા .... મુદતવીતી બાકી રકમ છે. તથા રૂા. ૨,૮૬,૯૫૪--૧૬ દંડનીય વ્યાજ બાકી છે. કલમ-૮૬ ની તપાસની કામગીરી બાકી છે. બીન પરવાનગી અને ગેરકાયદેસરની બાંધકામની તથા દબાણની તકરારનો નિકાલ લાવવાની કામગીરી કરવાની છે. લગભગ તમામ સભ્યો મુદતવીતી બાકીદાર છે. જેથી વ્યવસ્થાપક સમિતિની ચુંટણી હાલે શકય નથી. તેમજ વહીવટદાર તરીકે નો ચાર વર્ષનો સમયગાળો પુરો થતો હોઈ વહીવટદારની અવધી સમાપ્ત કરી કાયદાની કલમ ૭૪ (ધ) હેઠળ બે વર્ષ માટે હાઉસીંગ ફાઈનાન્સની નિમણુંક કરવા રજૂઆત કરેલ છે. મંડળીના વર્તમાન સંજોગોને ધ્યાને લઈ નીચે મુજબનો આદેશ કરું છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૮૧ (૩) હેઠળ મને મળેલ સત્તાની રુએ શ્રી માનવમંદિર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., કલોલ, જિલ્લા મહેસાણામાં પ્રસ્તાવનામાં નિર્દેશીત કરેલ કારણોને અનુલક્ષીને વહીવટદારથી વહીવટ ચલાવવાની વ્યવસ્થા તારીખ ૨૪ મી જુન, ૧૯૯૪ ના રોજ સમાપ્ત થાય તે પ્રમાણેની સમાપ્તિનો હુકમ કરું છું.

મહેસાણા, તારીખ ૨૧મી જૂન, ૧૯૯૪.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧ ની જોગવાઈઓ.

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક : ધરમ/૩૩૫/ધ/૭૮૫/૯૪, તા. ૧લી માર્ચ, ૧૯૯૪.

(૩) વહીવટદારશ્રી ગુરૂનાનક કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., સિધ્ધપુરનો તારીખ ૩જી જુન, ૧૯૯૪નો પત્ર.

પ્રસ્તાવના

ક્રમાંક ધરમ/૩૩૫/ચે/ ૨૧૦૭/૯૪.—શ્રી ગુરૂનાનક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. નં. ૧, સિધ્ધપુર એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.) મંડળીની વ્યવસ્થાપક સમિતિએ મંડળીની ક્ષતિઓ સુધારવા કોઈ પગલાં જે તે સમયે ન લેતાં તેમજ મંડળીનો વહીવટ ગેર-કાયદેસર રીતે ચાલુ રાખતાં અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ધરમ/૦૧/ચ/૫૦૬/ ૯૧ તારીખ૧૩મી ફેબ્રુઆરી ૧૯૯૧ના હુકમથી મંડળીની ૯૦-૯૧ના વર્ષની વ્યવસ્થાપક સમિતિ બરતરફ કરી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧ મુજબ વહીવટદાર તરીકે શ્રી કે. આર. મોદીની નિમણૂંક કરવામાં આવેલ છે. મંડળીના ૧૩ સભાસદોની મુદતવીતી ધિરાણની વસુલાતની કામગીરી તથા મંડળીના વહીવટી પ્રશ્નોની ઉકેલની કામગીરી તથા કલમ-૯૩ ની તપાસની કામગીરીને ધ્યાને લઈ વંચાણે લીધેલ ક્રમ ૨ના હુકમથી વહીવટદારની નિમણુંકની મુદત તા. ૩૦મી જુન, ૧૯૯૪ સુધી લંબાવી આપવામાં આવેલ છે.

વહીવટદારશ્રી ગુરૂનાનક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. નં ૧ સિધ્ધપુરના તારીખ ૩જી જુન, ૧૯૯૪ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીની ખાસ સાધારણ સભા તા. ૮મી મે ૧૯૯૪ નારોજ યોજવામાં આવેલ અને તેમાં વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરવામાં આવેલ તેમજ મંડળીના પ્રમુખ/સેક્રેટરી વિગેરે હોદ્દેદારોની ચુંટણી પણ કરેલ છે. આમ મંડળીમાં લોકશાહી રીતે ચુંટાયેલ હોદ્દેદારોનું અસ્તિત્વ થતાં મંડળીમાં વહીવટદારશ્રી વહીવટ ચલાવવાની વ્યવસ્થા સમાપ્ત કરવાનું જરૂરી જણાય છે. અને મંડળીનો વહીવટ નવીન ચુંટાયેલ કારોબારી તે મજ હોદ્દેદારોને સુપ્રત કરવા સારું નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧ (૩) હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી ગુરૂનાનક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. નંબર ૧ સિદ્ધપુર, જિ. મહેસાણામાં પ્રસ્તાવનામાં નિર્દેશીત કરેલ કારણોને અનુલક્ષીને વહીવટદારથી વહીવટ ચલાવવાની વ્યવસ્થા તા. ૩૦મી જુન, ૧૯૯૪ના રોજ સમાપ્ત થાય તે પ્રમાણેની સમાપ્તિનો હુકમ કરું છું.

મહેસાણા, તારીખ ૨૧મી જૂન, ૧૯૯૪.

કૌશિક જે. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા:-

(૧) મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ જા. નં. ઉખસ/ફડચ/૧૬૦૧/૯૩ તા ૧૪મી ઓકટોબર ૧૯૯૩.

(૨)

અંતિમ હુકમ

જા. નં. ઉ/ખ/સ/ફડચ/૦ખ/૩૦/૯૪.—શ્રી માણસા વિભાગ ખાદી ગ્રામોદ્યોગ સહકારી મંડળી લી. મુ. માણસા, તા. વિજાપુર, જિ. મહેસાણા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક પી/૪૯૩૯ તા. ૩૧મી માર્ચ, ૧૯૫૯થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) જી. ઉ. કે. મહેસાણા સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુંરૂ કરવું.

મહેસાણા, તા. ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

વંચાણે લીધા:-

(૧) મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ જા. નં. ઉખસ/ફડચ/૧૬૮૪/૯૩ તા. ૧૪મી ઓકટોબર, ૧૯૯૩.

(૨) મંડળીની તા. ૧લી જુલાઈ ૧૯૯૧ થી તા. ૩૦મી જૂન ૧૯૯૨ સુધીનો ઓડિટ રિપોર્ટ.

અંતિમ હુકમ

જા. નં. ઉ/ખ/સ/ફડચ/૦ખ/૩૦૮/૯૪.—શ્રી ભાસરિયા વણકર ઔદ્યોગિક સહકારી મંડળી લી. મુ. ભાસરિયા, તા મહેસાણા, જિ મહેસાણા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક પી/૨૭૨૮ તા. ૩૧મી ડીસેમ્બર, ૧૯૫૫થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) જી. ઉ. કે. મહેસાણા સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરૂ કરવુ.

મહેસાણા, તા. ૮મી ફેબ્રુઆરી ૧૯૯૪.

વાંચ્યો :-

૧. ફડચા અધિકારીની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક જી.ઉ.કે./મહે/૯૩૩/૯૪, તા. ૧૭મી મે ૧૯૯૪

૨. આ કચેરીની તા. ૧૭મી જૂન ૧૯૯૪ની નોંધ.

હુકમ

ક્રમાંક જીઉકે/મહે/ફડચ/૧૧૩૪/૧૯૯૪.—શ્રી જયભારત સીરામીક પ્રોડકટસ સહકારી મંડળી લી. મુકામ પીલવાઈ તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફીસોના જાવક નંબર ઉખસ/ફડચા/૦ખ/૧૮૪૪/૯૩ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૩ થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ ૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૨૨ મી જૂન ૧૯૯૪.

વાંચ્યો :-

૧. ફડચા અધિકારીની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક જી. ઉ.કે./મહે/૯૩૨/૯૪ તા. ૧૭મી મે ૧૯૯૪.

૨. આ કચેરીની તા. ૧૭મી જૂન ૧૯૯૪ની નોંધ.

હુકમ

ક્રમાંક જી.ઉ.કે/મહે/ફડચા/૧૧૩૫/૧૯૯૪.—શ્રી માણસા વિભાગ ખાદી ગ્રામોદ્યોગ સહકારી મંડળી લી. મુકામ માણસા, તાલુકો વિજાપુર, જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફીસોના જાવક નંબર ઉખસ/ફડચા/૦ખ/૩૦૭/૯૪, તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૯૪ થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ ૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૨૨મી જૂન, ૧૯૯૪.

એ. એસ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રારશ્રી,
સહકારી મંડળીઓ ઉદ્યોગ, મહેસાણા.

INDEX

વંચાણે લીધા:-

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચો)મહેસાણાનો પત્ર નં. જીઉકે/૪૦૪/૯૪/તા. ૨૮મી ફેબ્રુઆરીથી ૧૯૯૪થી આવેલ દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ મુજબ.

પ્રસ્તાવના

જા. નં. જીઉકે/મહે/૫૩૮/૯૪.—શ્રી ગોઠવા ચર્મ ઉદ્યોગ સહકારી મંડળી લી. ગોઠવા, તા. વિસનગરને અત્રેની કચેરીના અંતિમ હુકમ નં. ઉખસ/ફડચ/ખ/૧૧૦૧/તારીખ ૯મી જૂલાઈ ૧૯૯૩ના રોજથી ફડચામાં લઈ જવામાં આવેલ અને અત્રેથી સહકારી અધિકારી ફડચો મહેસાણામાં તેનો ચાર્જ તા. ૨૨મી જાન્યુઆરી ૧૯૯૪ના રોજ ચાર્જ સંભાળેલ છે. તા. ૫મી જાન્યુઆરી ૧૯૯૪ના રોજ મંડળીને પુન: જીવીત કરવા અંગે કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ તરફથી મેનેજર (ખાદી) ને ભલામણ કરેલ છે. જેના આધારે ફડચા અધિકારીઓ તા. ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ મંડળીની એક ખાસ સાધારણ સભા બોલાવી અને પુન:જીવીત કરવા ઠરાવો કરેલ છે જેથી મંડળીને પુન: જીવીત કરી અને વહીવટ સોંપવા હરકત નથી.

હુકમ

શ્રી ગોઠવા ચર્મ ઉદ્યોગ સહકારી મંડળી લી. ગોઠવા, તા. વિસનગરને આ કાર્યાલયના હુકમ નં. ઉખસ/ફડચા/ખ/૧૧૦૧/તા. ૯મી જૂલાઈ ૧૯૯૩થી ફડચામાં લઈ જવામાં આવેલ જે ઉપરના સંદર્ભ નં. -૧ નો હુકમ રદ કરવામાં આવે છે અને મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ અન્વયે પુન:જીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૧મી માર્ચ ૧૯૯૪.

જા. નં. ૧૧૧૨/૫૨૩૬/ઉ/૫૭૦૬/૯૪ —આથી જાહેર કરે છે કે શ્રી લૂઈ બ્રઈલ નેપકીન ઉત્પાદક અને વેચાણ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વિસનગર, તાલુકો વિસનગર, જિલ્લો મહેસાણા સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૩મી જૂન ૧૯૯૪

ગોધરા, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(ઉદ્યોગ), મહેસાણા

વાંચ્યો :—

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૩ ના પત્ર નં. ફડચ / ૦૬૪૫ / જ / ૪૧૩/૯૩ ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર, સહકારી મંડળી (લી. રી.) ગોધરાનો ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચા / ૩૧૦ / ચ / ૨૪.—ધી સમ્રાટ ઘેટા પાલક સહકારી મંડળી લી., ફડચામાં મુકામ પીપળી, તાલુકા લીમખેડા, જિલ્લો પંચમહાલની નોંધણી તારીખ ૨૦ મી જાન્યુઆરી, ૧૯૮૮ ના રોજથી નોંધણી નં. ઉ/૬૮૦૨ થી સહકારી કાયદા હેઠળ નોંધાવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેના કચેરીના ક્રમાંક ફડચ / ૦૧ / ચ / ૧૦૫૯, તારીખ ૩૦ મી જૂન, ૧૯૯૩ થી કરવામાં આવેલો હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ, ૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ / નધણ / ગસભ / ભંડાર-૪૪૬૮ / ક. ૪ / ૫૮/૯૪.— જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી લોક કલ્યાણ સહકારી ગ્રાહક ભંડાર લી., ગોધરા મર્યાદિત સ્થળ ગોધરા, તાલુકો ગોધરા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ / નધણ/ગસભ/ભં-૪૪૬૯/ક.૪/૫૯ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી નવદુર્ગા ગ્રાહક સહકારી ભંડાર લી. ગોધરા મર્યાદિત સ્થળ ગોધરા, તાલુકો ગોધરા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ / નધણ/દસમ/સે-૨૭૦૦૪/ક.૪ ૬૦/૯૪.—ધી જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી કોઠારા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., કોઠારા, મર્યાદિત સ્થળ કોઠારા, તાલુકો લીમખેડા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ / નધણ / બચત / સે. ૪૦૨૮/ક.૪/૯૯/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ગોપાલક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : ખોડીયારના મુવાડા (આણીયાદ) તાલુકો : શહેરા, જિલ્લો : પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૪.

— —

સે. ક્રમાંક ઉખસ/નધણ / દસમ / સે.૨૭૦૦૫/ક.૪/૧૦૯ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી લક્ષ્મી (મેથાણ) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : મેથાણ, તાલુકો : લીમખેડા, જિલ્લો : પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૪.

—

વાંચ્યો :—

(૧) સહકારી અધિકારી ગ્રાહક સદર કચેરીનો તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૩ નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ તેમજ તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૩ નો વચગાળાનો હુકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસ/૦/ફડચ/૦૧/ચ/૧૧૯/૯૪.—ધી ચંદવાણા મરઘા ઉછેર અને ઈંડા વેચાણ કરનારી સહકારી મંડળી લી. મુકામ ચંદવાણ તાલુકો દાહોદ, અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૨૧૧૪, તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૩ થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૪.

— — —

વાંચ્યો :—
(૧) સંસ્થાનો તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૨ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૨ સુધીનો ઓડીટ મેમો.

(૨) અત્રેનો તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૩ નો વચગાળાનો હુકમ.

(૩) અત્રેથી પાઠવેલ તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૩ ની અંતિમ તક

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસ/૦/ફડચ/૦૧/ચ/૧૫૧ / ૯૪.—ધી ઓરવાડા વિભાગ શાકભાજી અને ફળફળાદી ઉગાડનારાઓ ખરીદ વેચાણ સહકારી મંડળી લી. ઓરવાડા, તાલુકો-ગોધરા, અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૫૦૩ તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૩ થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારી શ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૪.

—

વાંચ્યો :—

(૧) સહકારી અધિકારી ગ્રાહક સદર કચેરીની તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૩ નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ.
(૩) અત્રેનો તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૩નો વચગાળાનો આદેશ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસ/૦/ફડચ/૦૧ / ચ / ૧૫૨ / ૯૪.—ધી મોરા વિભાગ સહકારી ગ્રાહક ભંડાર લી. મોરા, તાલુકો : ગોધરા અત્રેની કચેરીના જા. નં. : ફડચ/૦૧/ચ/૨૧૯૦, તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૯૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતા મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૧૯મી જાન્યુઆરી. ૧૯૯૪.

— — —

વાંચ્યો :—

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૪ ના પત્ર નં. : ફડચ/૦૬૪૭/જ/૨૦/૯૪ ની દરખાસ્ત.
(૨) શ્રી સબ ઓડીટર સ. મં. (લી.રી.) ગોધરાનો ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૧૬૬/૯૪.—ધી છાલોર પિયત સહકારી મંડળી લી. ફડચામાં મુ. : છાલોર, તાલુકો : સંતરામપુર, જિલ્લો પંચમહાલની નોંધણી તારીખ ૭મી ઓક્ટોબર, ૧૯૮૫ ના રોજથી નોંધણી નં. : ૨૭૩૨ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવામાં અંતિમ આદેશ અત્રેની

INDEX

કચેરીના ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૦૬૨, તારીખ ૩૦મી જુન, ૧૯૯૩ થી કરવામાં આવેલો હતો. જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/સે. ૨૭૦૧૨ / ક.૪/૨૧૪ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી સલરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : સલરા, તાલુકો : સંતરામપુર, જિલ્લો : પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ / નધણ / સે.૨૭૧૦ / ક-૪/૨૧૫ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ભાણાસીમલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભાણાસીમલ, તાલુકો સંતરામપુર, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ / નધણ / સે.૨૭૦૧૧ / ક.૪ / ૨૧૬ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી લીમડીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ લીમડીયા, તાલુકો સંતરામપુર, જિલ્લો પંમમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારી સદર કચેરીના તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૪ના પત્ર ક્રમાંક ફડચ/૦૬૨૭/ચ/૨૧/૯૪ ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સ. મં. (લીરી) ગોધરાના ઓડીટ અંગેનો દાખલો ઓડીટમેમો.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૧૮૧ / ૧૯૯૪.—ધી સંતરામપુર તાલુકા કડાણા ડેમ અસરગ્રસ્ત મજુર કામદાર સહકારી મંડળીલી. સંતરામપુરા તાલુકો સંતરામપુર, જિલ્લો પંચમહાલની નોંધણી, તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૮૫ ના રોજથી નોંધણી કરવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ જા. નં. ઉખસ/ફડચ / ૦૧/ચ/૫૫૨/૯૩, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૩થી કરવામાં આવેલ હતો. જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂઈએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૪.

ક્રમાંક ઉખસ/નધણ/ પરચ /સે/૨૫૪૩૪/૨૨૩ / ૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી ખનીજ તેલ ફેરીયાઓની સહકારી મંડળી લી. ગોધરા મર્યાદિત સ્થળ ગોધરા, તાલુકો ગોધરા, જિલ્લા પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૪.

ક્રમાંક ઉખસ/નધણ/ગસભ/ભ-૪૪૭૦/ક.૪/૨૨૪/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે ધી જનહીત ગ્રાહક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ગોધરા, તાલુકો ગોધરા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૪.

ક્રમાંક ઉખસ/નધણ/દસમ/સે-૨૭૦૧૩/ક-૪/૪૨૨/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી દાંતગઢ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ દાંતગઢ તાલુકા ઝાલોદ જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૪.

ક્રમાંક ઉખસ/નધણ/દસમ/સે-૨૭૦૧/ક-૪/૩૬૫/૧૯૯૪.—આ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી મીરાપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મીરાપુર, તાલુકો શહેરા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૪.

INDEX

ક્રમાંક ઉખસ/નધણ/દસમ/સે-૨૭૦૧૫/ક-૪/૭૬૬/૧૯૯૪.—જિલ્લા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી વાંકડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વાંકડી તાલુકો સંતરામપુર જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૪.

ક્રમાંક ઉખસ/નધણ/દસમ/સે-૨૭૦૧૬/ક-૪/૩૬૭/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી સોનાર્વીટી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કુલપરી, તાલુકો હાલોલ, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૪.

ક્રમાંક ઉખસ/નધણ/દસમ/સે-૨૭૦૧૮/ક-૪/૩૯૧/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે ધી ભાથીજીના મુવાડા (ક) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભાથીજીના મુવાડા(ક)તાલુકો લુણાવાડા જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૪.

ક્રમાંક ઉખસ/નધણ/દસમ/સે-૨૭૦૧૭/ક-૪/૩૯૨/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે ધી સંજીવની કોલોની દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સંજીવની કોલોની તાલુકો લુણાવાડા જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૪.

વાંચ્યો :

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૪ ના પત્ર નંબર ફડચ/૦૧૬/જ/૫૧/૧૯૯૪ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સહકારી મંડળી લી. ગોધરાના ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/ચ/૩૨૯/૧૯૯૪:—ધી ભીડોલ દૂધ ઉત્પાદક સહકાર મંડળી લી ફડચામાં મુકામ ભીડોલ તાલુકા લીમખેડા જિલ્લા પંચમહાલ ની નોંધણી તારીખ ૧૬મી જુલાઈ ૧૯૮૪ના રોજથી નોંધણી નંબર નંબર ૨૧૦૭૪ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચ/૦૧/ખ/૧૭૯૪, તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૯૦ થી કરવામાં આવેલો હતો જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારી શ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીના નોંધણી રદ કરવામાં આવી છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૪.

વાંચ્યો :

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૪ના પત્ર નંબર ફડચ/૦૬૨૨/૪/૫૦/ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર, સહકારી મંડળી (લીરી) ગોધરાનો ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો.

હુકમ.

ક્રમાંક ફડચ/૦૧/ચ/૩૪૨/૧૯૯૪.—ધી સંજેલી મત્સ્ય ખેડૂતોની સહકારી મંડળી લી. ફડચામાં મુકામ સંજેલી તાલુકો ઝાલોદ જિલ્લા પંચમહાલની નોંધણી તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૮૬ ના રોજથી નોંધણી નંબર ઉ/૫૭૩૦ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચ/૦૧/ચ/૫૧૮/૯૩, તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૩ થી કરવામાં આવેલો હતો. જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ ખતાના જાહેરનામા નંબર જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૮૮/૩૨૦૪/જે, તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૧ થી સુપ્રત થયેલ અધિકાર.

(૩) આ કચેરીના પત્ર નંબર સવન/૦૨૭/ચ/૧૮૭૨,તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૩ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૪) ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાના પત્ર નંબર એસયુપી/વહીવટ/૩૯/૭૭૮, તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૪ થી આપવામાં આવેલ સંમતિ.

INDEX

પ્રસ્તાવના.

જા. નં. સવન/૦૨૭/ચ/૩૪૩/૧૯૯૪.—ધી વરધરી સેવા સહકારી મંડળી લી. વરધરી તાલુકા લુણાવાડા, જિલ્લા પંચમહાલ, સહકારી કાયદા કાનુન હેઠળ નોંધાયેલી સહકારી, સંસ્થા છે સદરહું સંસ્થાની તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૩ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાએ ઠરાવ નંબર ૯ થી મંડળીને બે કના વહીવટ હેઠળ લઇ જવા ઠરાવ કરેલ છે જેના આધારે મંડળીના તમામ વ્યવસ્થાપક કમીટી સભ્યોને આ કચેરીના આમુખ-૩માં જણાવેલ પત્રથી કારણદર્શક નોટીસ આપી તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૩ ના રોજ સુનાવણી રાખવામાં આવેલી હતી પરતુ સદર હુ સુનાવણીની તારીખે કોઈપણ વ્યવસ્થાપક કમીટી સભ્યો રૂબરૂ રજુઆત માટે હાજર થયેલ નથી અને કુલ ૯ કમીટી સભ્યો પૈકી પાંચ કમીટી સભ્યોએ ટપાલથી કારણદર્શક નોટીસના ખુલાસા મોકલેલ છે અને જે ખુલાસામાં તેઓએ સંસ્થામાં વહીવટદાર નીમવા સંમતી આપેલ છે તેમજ ધી પંચમહાલ જિલ્લા સહકારી બે ક લી. ગોધરાએ પણ આ આમુખ ૪માં જણાવેલ પત્રથી સંમતિ આપેલ છે. આમ સંસ્થાની વ્યવસ્થાપક કમીટી કાયદા કાનુન અને પેટા નિયમથી સુપ્રત થયેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેના મુદાઓ નીચે મુજબ છે.

(૧) મંડળી અગાઉ સિમેન્ટ અને બીયારણનો ધંધો કરતી હતી જે ધંધો વ્યવસ્થાપક કમીટીએ બંધ કરતાં સભાસદોને મુશ્કેલી પડે છે.

(૨) મંડળીમાં બે વર્ષથી રૂા. ૧,૨૩,૦૦૦ ના અન્ય લેણાં વસૂલ લેવાના બાકી પડે છે. જેની વસૂલાત અંગે કમિટીએ કોઈ પગલાં ભરેલ નથી અને જેના કારણે વ્યાજ ખાદ્ય પડે છે.

(૩) મંડળી અગાઉ ડાંગરની ખરીદ વેચાણની પ્રવૃત્તિ કરતી હતી જે બંધ કરવાથી મંડળીની વસૂલાતનું કામકાજ સ્થગિત થયેલ છે અને મુદતવીતીનું પ્રમાણ વધેલ છે.

(૪) મંડળીમાં વસૂલાતનું પ્રમાણ ઘટવાથી દિન પ્રતિદિન ખોટનું પ્રમાણ વધતુ જાય છે. તારીખ ૩૦મી જન ૧૯૯૩ આખરે અકત્ર ખોટ રૂા. ૨,૭૧,૯૦૭-૫૪ છે.

(૫) વ્યવસ્થાપક કમીટીએ સસ્તા અનાજની દુકાનમાં ખોટ જતી હોવાનુ ઠરાવી દુકાન બંધ કરવા નિર્ણય લઇ રાજીનામું આપેલ છે જેના કારણે સભાસદોને મુશ્કેલીઓ પડે છે.

(૬) વ્યવસ્થાપક કમીટીએ ઇતર પ્રવૃત્તિઓ બંધ કરી હાલના કર્મચારીઓ પૈકી ત્રણ કર્મચારીઓને છુટા કરેલ છે અને જેના કારણે મંડળનો વિકાસ રૂંધાયેલ છે.

આમ ઉપરોકત મુદ્દાઓ સંબંધમાં મંડળીની વ્યવસ્થાપક કમીટી કાયદા અને પેટા નિયમથી સુપ્રત થયેલ ફરજો અને જવાદબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી વ્યવસ્થાપક કમીટીને દૂર કરી વહીવટદારની નિમણુંક કરવી જરૂરી જણાતા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

હું નીચે સહી કરનાર શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધી વરધરી સેવા સહકારી મંડળી લી. વરધરી તાલુકા લુણાવાડા જિલ્લા પંચમહાલની વ્યવસ્થાપક કમીટીને દુર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી પંચમહાલ જિલ્લા સહકારી બે ક લી. ગોધરાની નિમણુંક નીચેની શરતોને આધીન કરૂં છું.

શરતો :

(૧) વહીવટદારની નિમણુંકની મુદત હુકમની તારીખથી બે વર્ષ સુધીની રહેશે.

(૨) વહીવટદારશ્રીએ મંડળીનો તમામ ચાર્જ તુરતજ મંડળીની વ્યવસ્થાપક કમીટી પાસેથી મેળવી તેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

(૩) આ કચેરી તરફથી વખતો વખત આપવામાં આવતી સુચનાઓને આધીન મંડળીનો વહીવટ કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ કરેલ કામગીરીનો માસિક પ્રગતિ રીપોર્ટ દર માસે નિયમીત પાંચમી તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે

(૫) વહીવટદારશ્રીએ મહેનતાણા પેટે કોઇપણ જાતનો ખર્ચ મંડળીમાં ઉધારવાનો રહેશે નહી.

ગોધરા, તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪

એ. એસ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ઉદ્યોગ),
ગોધરા.

વંચાણે લીધો :—

(૧) કાર્યાલયનો તારીખ ૧૭ મી નવેમ્બર, ૧૯૯૩ નો હુકમ ક્રમાંક જી.ઉ.કે./નડદ/ખ-૧/૧૬૩૮ નો **વચગાળાનો હુકમ.**

અંતીમ હુકમ

જાવક નંબર ફડચ / ૩૭ / ખ-૧/૮૪૦/૮૫૨૯/૯૪.— મહીલા વીવર્સ એન્ડ ડાયર્સ સહકારી મંડળી લી., મુકામ તારાપુર, તાલુકો ખંભાત, જે તારીખ ૧૯૮૭ ના નોંધણી ક્રમાંક ઉ--૭૩૧૨ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) (ગ) (૨) મુજબ સદરહું વચગાળાના આદેશ સામે આદેશની તારીખ થી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહું અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે સરકારી અધિકારી (ફડચો) નડીઆદની- નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પુરી કરવી.

નડીઆદ, તારીખ ૬ ઠ્ઠી જુન, ૧૯૯૪.

(સહી)અવાચ્ય,
મેનેજર (ખા. ગ્રા. અને કુ/ઉ) અને
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડીયાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLI] THURSDAY, SEPTEMBER 7, 2000 / BHADRA 16, 1922 [No. 36

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	**Government Notifications, Appointment, Promotion, Leave or Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.**	**2316-2323**	**Part I-B**	**Government Notifications published under Land Acquisition Act only.**	443—456
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	36	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	5144-5221

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને. ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો હુકમ.

નંબર. ઉ/ગપક/૪૯૪/વિ. શા/૨૦૦૦.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાંડે, પોલીસ કમિશનર અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ, સને. ૧૯૫૧ ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૭મી ઓગસ્ટ ૨૦૦૦ ક. ૦૦/૦૦ થી તા. ૩૧મી ઓગસ્ટ ૨૦૦૦ ના ક. ૨૪/૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર:—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરી માં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેમને તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને, ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને. ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧ માહે, ઓગસ્ટ સને, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું.

ક્રમાંક ઉ/ગપક/એસબી/જાહેરનામું-વશી-૫૧-૨૦૦૦.— સુરત શહેરમાં શાતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું કે. એન. શર્મા આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૦ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૦ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ-વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની.

(ઘ) કોઈ સરઘસમા જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી, અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ:—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશ્નર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૬૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. અન. શર્મા,
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો એકટ નં. ૨૨) માંની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ-બી (સી) અન્વયે.

નંબર પીઓએલ/વન-વે / વિજયનગર / ૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ના ખંડ (બી), (સી) અન્વયે જાહેરનામાનો મુસદ્દો સદરહુ કલમ-૩૩ ની પેટા કલમ- (૬) થી ફરમાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાની હોય તેવી સઘળી વ્યકિતઓની જાણ સારૂં પ્રસિધ્ધ કરવામાં આવે છે, અને આથી નોટીસ આપવામાં આવે છે કે, આ જાહેરનામુ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિના પછી જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા સદરહું મુસદ્દો વિચારણામાં લેશે.

સદરહું મુસદ્દાના સબંધમાં જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠાને ઉપરોકત મુદત પુરી થતાં પહેલાં જે કોઈ વાંધા કે સુચનો મળશે તેને વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના વિજયનગર ગામમાં દિન-પ્રતિદિન ટ્રાફિક વધતો જતો હોવાથી અને વિજયનગરમાં દાખલ થવા માટેના છતરીથી જિલ્લા સંઘ, વિજયનગર સ્થળો વચ્ચેનો રસ્તો જે હાલ દ્વિમાર્ગી છે. તે માત્ર ૩ (ત્રણ) મીટર જેટલો પહોળો છે. ત્યાંથી એસ. ટી. બસ, જીપો, ટ્રેકટર જેવા વાહનો, રસ્તો સાંકડો, વળાંકવાળો હોવાથી અત્યંત ધીમી ગતિથી પસાર થઈ શકે છે. બે વાહનો સામસામે આવતા હોય ત્યારે કોઈ

INDEX

એક વાહનને ૫૦ થી ૧૨૫ મીટર પાછળ ખસવું પડે છે. જે દરમિયાન રસ્તા ઉપર ટ્રાફિક જામ થઈ જાય છે. હાલ આ રસ્તો દ્વિમાર્ગી હોઈ આવું વારંવાર બનવા પામે છે. જેથી જાહેર જનતાને રસ્તા ઉપર પગે ચાલીને તથા બે પૈડાવાળા વાહનો સાથે પસાર થવામાં ઘણી જ મુશ્કેલી પડે છે. તેમજ આમ જનતામાં એકબીજાના વાહનો કે પગે ચાલતા માણસોને વાહનો અથડાવાથી નાના-મોટા ઝઘડા થતા રહે છે. જેથી ટ્રાફિક નિયમન અને જાહેર સલામતીને લક્ષમાં લઈ, વિજયનગર તાલુકાના વિજયનગર ગામમાં પ્રવેશ કરતા તમામ દ્વિચક્રી સિવાયના વાહનો છતરીવાળા પોઈંટથી માત્ર પ્રવેશ કરી ગામમાં થઈ, જિલ્લા સંઘ થઈ, બસ સ્ટેન્ડ થઈ નદીના પૂર્વ કિનારે આવેલ રાણી તરફના રસ્તા ઉપર થઈ રવાના થાય તેમજ જિલ્લા સંઘ, વિજયનગરથી બસ સ્ટેન્ડ અને છતરી તરફ જ્યાં કોઈ ભારે વાહનને પ્રવેશ કરવો નહી, તે મુજબ સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક સુધીના સમય માટે ભારે વાહનો જેવા કે ટ્રક, એસ. ટી., ટેમ્પો, મેટાડોર, વિગેરેના પ્રવેશ પર તથા ઉભા રાખવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું વી. થીરૂપુગલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ની બાબત (બી) અને (સી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ વિજયનગર શહેરના નીચે જણાવેલ રસ્તાઓ પર દરરોજ સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૯-૦૦ કલાક દરમિયાન ભારે વાહનો જેવા કે ટ્રક, એસ.ટી., ટેમ્પો, મેટાડોર (દ્વિચક્રી સિવાયના) વિગેરે વાહનોને પ્રવેશ કરવા કે ઉભા રાખવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમે એમ્બ્યુલન્સ વાનને લાગુ પડશે નહી.

"વિજયનગર જિલ્લા સંઘથી બસ સ્ટેન્ડ ગામમાં થઈ છતરી તરફ જવાનો રસ્તો".

આ હુકમ ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

મેં આજ તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

વી. થીરૂપુગલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૬૬ (૧) ના ખંડ (સી) મુજબનું.

નંબર ડી/એમએજી/૧/બી.પી.એ. / શોભાયાત્રા / વશી/૨૦૦૦.—બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં તારીખ ૨૩મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે શોભાયાત્રા નિકળનાર છે, આ શોભા યાત્રામાં બહોળા પ્રમાણમાં માનવ મેદની સામેલ થવાની શકયતાછે. જેથી વાહનોની હેરાફેરીથી જાહેર અવ્યવસ્થા ઉભી થવાની સંભાવના હોઈ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માં) ની કલમ-૩૩ (૧) ના ખંડ (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એમ. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, તારીખ ૨૩મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકથી સાંજના ૨૦-૦૦ કલાક દરમ્યાન પાલનપુર શહેરના સમગ્ર નગરપાલિકાના વિસ્તારમાં બે વ્હીલ, ત્રણ વ્હીલ તેમજ ચાર વ્હીલના વાહનો જેવા કે રીક્ષા, જીપ, ટ્રક, ટેમ્પો, મેટાડોર વગેરે વાહનો ફેરવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધ શોભાયાત્રા પસાર થવાના સમય પુરતો નિયંત્રણ મુજબ રહે છે.

આજરોજ તારીખ ૨૨મી માહે ઓગષ્ટ સને-૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ના ખંડ (સી) મુજબનું :.

નંબર એમએજી/બી.પી.એ./શ્રાવણ અમાસ મેળા / વશી.—બનાસકાંઠા જિલ્લાના અંબાજી મુકામે તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૨૯મી ઓગષ્ટ, ૨૦૦૦ સુધી શ્રાવણી અમાસના સંઘ મેળા દરમ્યાન મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે. જેના કારણે અંબાજી ટાઉનમાં યાત્રાળુઓનો ઘણો જ ધસારો રહેતો હોઈ આ સંજોગોમાં મોટા વાહનો જીપો રોડ ઉપર હેરાફેરી કરે છે. જેથી વાહનોની હેરાફેરીથી જાહેર વ્યવસ્થા ઉભી થવાની સંભાવના છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૨૨ માંની કલમ-૩૩ (૧) ના ખંડ (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ હું શ્રી. એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૨૯મી ઓગષ્ટ, ૨૦૦૦ સુધી મેળા દરમ્યાન અંબાજી ટાઉનના મોટા વાહનો જીપો પ્રવેશ નહીં કરે તે સારું વાહનો ફેરવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધ ઉપરોકત તારીખો પસાર થયાના સમય પૂરતો નિયંત્રણ મુજબ રહેશે.

આજરોજ તારીખ ૨૫મી માહે ઓગષ્ટ-૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ.
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

મુંબઈ પોલીસઅધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું.

ક્રમાંક : ડીસી-બીપીએ-૩૩ (૧) (ખ) /જા.નામું/વ.૪૭૬૩/૨૦૦૦.—તારીખ ૨૩મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે સે. ૨૨, પંચદેવ મંદિર ખાતે દર વર્ષની જેમ મેળો ભરાનાર છે. આ મેળા નિમિત્તે દર વર્ષની જેમ ગાંધીનગર શહેર તથા ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો વાહનો સાથે મેળો જોવા તથા ભગવાનના દર્શન માટે આવનાર છે.

આ સમયે ટ્રાફિકના પ્રશ્નો પણ ઉભા થવાની શક્યતા રહેલી છે. તેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની જરૂરીયાત છે. જેથી કાયદો અને વ્યવસ્થાનો ભંગ ન થાય તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) તેમજ મોટર વાહન નિયમન નિયમો-૧૯૮૯ ના નિયમ-૧૮૪ થી મળેલ સત્તાની રૂએ તથા મોટર વાહન, અધિનિયમ-૧૯૮૮ ની કલમ-૧૬૨ (૨) માં થયેલ જોગવાઈ મુજબ હું જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર તારીખ ૨૩મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ કલાક ૮.૦૦ થી તારીખ ૨૩મી ઓગષ્ટ, ૨૦૦૦ કલાક ૨૨-૦૦ સુધી નાના તથા મોટા તમામ વાહનો જેવા કે ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર, અને ભારે વાહનો (જેમાં ટ્રક વિ. નો સમાવેશ થાય છે.) તેવા વાહનોની નીચે જણાવેલ રોડ-રસ્તા પરથી પસાર થવા દેવા તથા નીચે દર્શાવ્યા મુજબના નિયત પાર્કીંગ સ્થળ સિવાય પાર્ક કરવા (ઉભા રાખવા) પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર-રોડ તથા પાર્કિંગ સ્થળ :

(૧) ચ-૫ ફુવારાથી ચ-૬ તરફ જતો તમામ ટ્રાફિક બંધ કરી આ ટ્રાફિક ૧૭/૨૨ તરફ વાળવો. આ પૈકી મેળામાં આવતા વાહન માલિકોએ પોતાના વાહન ચ-૫ ફુવારાની આજુબાજુની ખુલ્લી જગામાં પાર્ક કરવા.

(૨) ચ-૬ તરફથી વૈજનાથ મંદર થઈ પંચદેવ મંદર તથા ચ-૫ તરફ જતો ટ્રાફિક બંધ કરી તે ટ્રાફિકને ૨૯-૨૨ બસ સ્ટેન્ડ ઢોરના ડબ્બા તરફ વાળવો આ પૈકી મેળામાં તથા દર્શનાર્થે આવનાર વાહન માલિકોએ પોતાના વાહન સે. ૨૨ રંગમંચના ખુલ્લા મેદાનમાં પાર્ક કરવા.

(૩) ૧૭/૨૨ તરફથી પંચદેવ મંદિર તરફ જતો ટ્રાફિક જૈન દેરાસર સામે આવેલ ત્રણ રસ્તાથી વાળી દઈ તે વાહનો ચીપ [illegible]

(૪) ઘ-રોડથી સે. ૨૨ પોલીસ ચોકી તથા આયુર્વેદ દવાખાના તરફથી આવતો ટ્રાફિક રંગમંચ, સે. ૨૨ પાછળ આવેલ મેદાન તરફવાળી તમામ વાહનો સે. ૨૨, રંગમંચ, પાછળના મેદાનમાં પાર્ક કરવા.

(૫) સે. ૨૨ પંચદેવ મંદિર પાછળ આવેલ દવાખાના અને ઈન્કવાયરી પાછળથી મંદિર તરફ આવતો રસ્તો તમામ ટ્રાફિક માટે બંધ કરવો.

(૬) પંચદેવ મંદિર પાછળ ઉત્તર તરફ રંગમંચ તરફથી આવતો ટ્રાફિક રગમંચના પ્રવેશદ્વાર પાસેથી અટકાવી આગળ જતો ટ્રાફિક બંધ કરવો. તથા વાહનો મેદાનમાં પાર્ક કરવા.

(૭) સે. ૨૧ ચીપ ટાઈપ દુકાનો પાસેથી પંચદેવ મંદિર તરફ જતા રસ્તા તરફનો ટ્રાફિક સદંતર બંધ કરવો. આ રસ્તેથી આવતા દર્શનાર્થીઓને પોતાના વાહન સે. ૨૧ પ્રાથમિક શાળા તથા તેની આજુબાજુની ખુલ્લી જગામાં પાર્ક કરવા.

સદરહુ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર કોઈપણ શખ્સને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ (૪) માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ ની કલમ-૧૮૩ (૧) તથા (૨) માં થયેલ જોગવાઈ અનુસાર દંડને પાત્ર ઠરશે.

અપવાદ :—

(૧) સરકારી ફરજ સાથે સંકળાયેલ કર્મચારીઓ / અધિકારીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, તથા આમંત્રિતોને લઈ જતા વાહનોને સદર જાહેરનામું લાગુ પડશે નહી.

(૨) એસ. ટી. ના વાહનોને, તાત્કાલિક સારવાર માટે દર્દીને લઈ જતા એમ્બ્યુલન્સ વાહનને, તથા અગ્નિશામક વાહનોને સદર જાહેરનામ લાગુ પડશે નહી.

આજ, તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારા સહી સિક્કા કર્યા.

જયશ્રી દેવાંગન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (દ) મુજબનું

ક્રમાંક ઉ/મકપ/પલસ-વશી ૩૧૮૫ થી ૩૧૫૫.— પંચમહાલ જિલ્લામાં તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ગણપતિ ઉત્સવન ઉજવણી શરૂ થનાર છે. તથા તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધીમાં જુદી જુદી તારીખોએ જુદા જુદા સ્થળે વિસર્જન થનાર છે ત્યારે સાર્વજનિક સ્થળોએ ગણપતિ સ્થાપના કરી જાહેર કાર્યક્રમો રાખવામાં આવે છે તે રીતે ગણપતિ વિસર્જન અંગે શોભાયાત્રાઓ કાઢવામાં આવે છે. આ પ્રસંગો દરમ્યાન નાચગાનમાં જુદા જુદા પ્રકારના રંગો, ગુલાલ, અબીલ વગેરે પદાર્થોનું બહોળા પાયે [illegible] મુજબ આ પ્રસંગોએ કેટલીક વ્યકિતઓ શરીરના કોમળ ભાગે અને મુખ્યત્વે આંખને હાનિ કરે તેવા પદાર્થ પાવડર કે ભુકાના સ્વરૂપમાં ઉપયોગ કરે છે જેથી આવી મુશ્કેલી નિવારવા માટે આંખને તેમજ શરીરને હાનિ કરે તેવા પાવડર પદાર્થ કે ભુકાનું વિતરણ અને છંટકાવ અટકાવવો જરૂરી છે.

આથી હું એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (દ) મુજબ પંચમહાલ જિલ્લાના કોઈપણ સ્થળે આંખ તેમજ શરીરને નુકશાન કરે તેવા પાવડર કે અન્ય કોઈ સ્વરૂપના પદાર્થને વેચાણ વિતરણ પર તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ બન્ને દિવસો સહિત પ્રતિબંધ ફરમાવું છું તેમજ ગણપતિ વિસર્જનની શોભાયાત્રા દરમ્યાન કોઈપણ વ્યકિતએ આવો આંખ તેમજ શરીરને હાનિ પહોંચાડે તેવા પાવડર, ભુકો કે પદાર્થ પોતાની પાસે રાખવો નહીં કે તેનો ઉપયોગ કરવો નહી.

ઉપરોકત હકમનો ભંગ કરનાર કોઈપણ ઈસમને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ, તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ, કલમ ૩૭ (૧) મુજબનું.

ક્રમાંક ઉ/મકપ/મજસ/પલસ/વશી ૩૧૫૫ થી ૩૨૦૫.—આગામી ગણેશ ઉત્સવ તથા રવાળીવો મેળો જેવા તહેવારોની ઉજવણી થનાર છે. આ પ્રસંગે જિલ્લામાં કાયદા અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળનું જાહેરનામું બહાર પાડવું જાહેર હિતમાં જણાતું હોઈ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ (બન્ને દિવસો સહિત).

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, છરા, બંદુક, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી, અપમાન કરવા નહી કે જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તથા તેવા પક્ષ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી:—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેવા પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારી તથા જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવવ્યો.

એચ. કે. કટારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧નો પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) મુજબ.

નંબર મકમ / પલસ / મજસ / વશી / ૧૦૬૯.— આગામી તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં સમય દરમ્યાન ગણેશ ચતુર્થી જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ તથા તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચુંટણીઓ યોજનાર હોઈ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. આઈ. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૧ લી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ (બંન્ને દિવસો સહીત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ભયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં;

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુ અથવા તો વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં. એકઠાં કરવાં નહીં તથા તૈયાર કરવા નહીં. મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં. અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાં નહીં. અસ્લીલ ગીતો ગાવાં નહીં;

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં અથવા તેવા પત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકર કે, કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપર અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું હથીયાર લઈ જવાની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટર-શ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

કે. આઈ. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૨૯ (૧) અન્વયે.

ક્રમાંક એમ.એજી.વશી/૨૨૧૨ થી ૨૨૨૭:—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૬૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની

INDEX

એ હું બી. ડી. નિનામા, ધકજિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા જાહેર અને સલામતી સારૂ માવું છું કે કોઇએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી ઓગસ્ટ ૨૦૦૦ થી તારીખ ૪થી સપ્ટેમ્બર ૨૦૦૦ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા ધારીયા, ધોકા, છરા, લાકડી કે અથવ શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઇ સાધન સાથે લઇ જવું નહી.

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઇ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરૂચિ નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો પત્રિકા પોષ્ટકાર્ડ અથવા બીજા કોઇ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બનાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી:

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારી એ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારી ને જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યકિતઓને.

અનુસૂચિ

'નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૦ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી/વશી/૨૨૨૮ થી ૨૨૪૩.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કો મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઇના (૨૨માં) ની કલમ-૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. ડી. નિનામા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૧મી ઓગસ્ટ ૨૦૦૦ થી ના દિવસ સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૪થી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બન્ને દિવસો સુધી) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇ મંડળી રસઘસ માટે મનાઇ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી:—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઇ લગ્નના વરઘોડાને.
(૪) કોઇપણ સ્મશાનયાત્રાને

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ,૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી ઓગસ્ટ ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ (૧) અને (૨) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી-વશી-૨૨૫૬.—જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નર્મદા-રાજપીપલા દ્વારા મળેલ સંદેશા મુજબ મહારાષ્ટ્રના ડમખેડી, જલસંધી જેવા ગામોમાંથી બોટ દ્વારા મેધા પાટકર જુથના નર્મદા વિરોધીઓ કેવડીયા કોલોની મુકામે ભેગાં થતાં હોય છે. તેમજ જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરતા હોય છે. અને મોટી સંખ્યામાં માણસો ભેગા થતા હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય તેવો સંભવ જણાય છે. આથી સમગ્ર નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર ન પહોંચે તથા સુલેહ શાંતિ સાથે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

આથી હું બી. ડી. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલેમ-૧૪૪ (૧) અને (૨) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર નર્મદા જિલ્લામાં ૪ (ચાર) થી વધુ વ્યકિતઓએ એક સાથે એકત્રિત થવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેના ફરજ ઉપરના પોલીસ / હોમગાર્ડઝ / ગ્રામરક્ષક દળના કર્મચારી તથા અધિકારી

(૨) લગ્ન વરઘોડો, સ્મશાનયાત્રામાં જોડાયેલ વ્યકિત ઉકત હુકમ તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૦ થી તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે. (સવારના ૦૦-૦૦ કલાકથી સાંજના ૨૪-૦૦ સુધી) (બંને દિવસો સાથે).

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ નામાં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

બી. ડી. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તાલીમ/રજી. ૩૯/૨૦૦૦.—પ્રિન્સીપાલ કમ આસી. સીકયુરીટી કમિશનર, આર.પી. એફ. ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ પ.રે. વલસાડના પત્ર નં. જી./ટી.આર. જી/૯-બી, તારીખ ૨૪મી ઓગસ્ટ ૨૦૦૦ થી જણાવ્યા અનુસાર આર.પી.એફ. સ્ટાફના ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને પશુઓને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ, તાલુકા ઉમરગામ, જિલ્લા વલસાડનાં ૨ કી.મી. વિસ્તારમાં તા. ૨૭મી ઓગસ્ટ ૨૦૦૦ થી ૩૧મી ઓગસ્ટ ૨૦૦૦ સુધીનાં સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારનાં કોઈ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરના ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ઓગસ્ટ ૨૦૦૦ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયેનો

વાંચ્યું.—

૧. બનાસકાંઠા સ્થાનકવાસી જૈન સંઘ નવસારીની તારીખ ૨૭મી જુલાઈ ૨૦૦૦ ની અરજી.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રી નવસારીના પત્ર નંબર સીબી-૪-વશી ૧૦૬૧/૯૨૦૫/૨૦૦૦, તારીખ ૨૨મી ઓગસ્ટ ૨૦૦૦.

નંબર ડીસીબી/એમએજી/વશી/૪૦૮૫/૪૧૦૫/૨૦૦૦.—અરજદાર શ્રી રાજેશકુમાર એમ. દેરાસરીયાનાઓએ તારીખ ૨૭મી જુલાઈ ૨૦૦૦ ની અરજીથી રજુઆત કરેલ છે કે નાગતલાવડી પાસે આવેલ બનાસકાંઠા સ્થાનકવાસી જૈન સંઘ નવસારીના સ્થળે હાલમાં જૈન સંઘના ધર્મગુરૂઓ દ્વારા પ્રવચન આપવામાં આવે છે. તેઓ મારફત લાઉડસ્પીકરનો ઉપયોગ થતો ન હોવાથી તથા માણસો મોટી સંખ્યામાં ભેગા થતા હોય, બાજુમાંથી પસાર થતો રસ્તો ટ્રાફીક માટેનો મુખ્ય રસ્તો હોય, ટ્રાફિકને કારણે પ્રવચન સાંભળવામાં અડચણ ઉભી થાય છે જેથી દર રવિવારે તથા ૨૯મી ઓગસ્ટ ૨૦૦૦ થી તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૦ ના સમય દરમ્યાન દરરોજ સવારના ૯-૦૦ કલાકથી ૧૨-૦૦ કલાક સુધી આ માર્ગ ઉપરનો ટ્રાફીક જૈનવાડીની પાછળના ભાગેથી ડાયવરઝન આપી ટાફિક નિયમન કરવા જણાવેલ છે.

આ કામે જિલ્લા પોલીસ અધિકારીશ્રી નવસારી મારફત જરૂરી તપાસ કરાવવામાં આવેલ છે. જેથી હાલ ચોમાસાની સીઝન માટે દર રવિવારે તથા તા. ૨૯મી ઓગસ્ટ ૨૦૦૦થી તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૦ સુધી નાગ તલાવડીવાળા મુખ્ય માર્ગના વાહન વ્યવહારને ડાયવરઝન આપી સવારે ૯-૦૦ કલાકથી ૧૨ કલાક સુધીના સમય માટે જૈન વાડીના પાછળના ભાગના રસ્તે મીરાં એપાર્ટમેન્ટની બાજુમાંથી નિકળી સાંઢકુવા ગેટ પર નીકળશે.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ના ૨૨માં ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ના કલોઝ (ખ) થી મને મળેલ સત્તાની રૂએ હું કીરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આ જાહેરનામું બહાર પાડું છું. આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨મા) ની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

નવસારી, તારીખ ૨૪મી ઓગસ્ટ ૨૦૦૦

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૪૧/૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમ ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કીરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી ગણેશચતુર્થીના તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે, તારીખ ૩૧મી ઓગસ્ટ ૨૦૦૦ થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૨૦૦૦ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો :

ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા લાકડી, લાઠી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ;

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગ) કોઇપણ સ્ફોટક પદાર્થ લઇ જવાની મનાઇ;

(ઘ) કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની;

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઇરાદાથી, બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની અને પ્લેબોર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની બનાવવાની અથવા ફેલાવો કરવાની;

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોપ્યા બદલ આવું કોઇ પણ હથિયાર લઇ જવાનું હોય અથવા એવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઇ, તેવા પોલીસ અધિકારી જે તે શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાનો કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને પ્રસંગે સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની (સને ૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે

આજ રોજ તારીખ ૨૫મી ઓગસ્ટ ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કીરીટ કે. દૂધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

ભાગ--૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ઠ ના આધારે

તારીખ ૧૭, ૨૪, ૩૧ માહે ઓગષ્ટ, સને ૨૦૦૦ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર ૧	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ ૨	હોદ્દો ૩
(૧)	૧૨૩ / ૩-૮-૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
(૨)	૧૨૪ / ૮-૮-૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
(૩)	૧૨૫ / ૧૪-૮-૩૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નડીઆદ..
(૪)	૧૨૬ / ૧૬-૮-૨૦૦૦	કલેકટર, આણંદ.
(૫)	૧૨૭ / ૧૬-૮-૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
(૬)	૧૨૮ / ૧૯-૮-૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.
(૭)	૧૨૯ / ૨૫-૮-૨૦૦૦	નાયબ પોલીસ કમિશ્નર, વડોદરા શહેર.
(૮)	૧૩૦ / ૨૫-૮-૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
(૯)	૧૩૨ / ૨૮-૮-૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
(૧૦)	૧૩૩ / ૨૮-૮-૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

REGISTERED No. G-BA—14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLI] THURSDAY, SEPTEMBER 14, 2000 / BHADRA 23, 1922 [No. 37

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV—A, IV—B) and IV—C) Pertaining only to the Supplement to the Central Gazette,	2324-2372
Part-IA	—Orders and Notifications (other than those published in Part IV—B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	37
Part	I-B—Government Notifications published under Land Acquisition Act only.	457-468
Part-I-L	—Notifications, Orders and Awards (other than those published in Parts I, IV—A, IV—B and IV—C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	5222-5422

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૧) મુજબનો.

નંબર ઉ/ગપક/૪૯૫/વિ. શા. /૨૦૦૦.—અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત નીચેના વિસ્તારોમાં બનતા ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુના બનતા હોવા થી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાંડે, પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી સપ્ટેમ્બર ૨૦૦૦ થી ૩૧મી ઓકટોબર, ૨૦૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળું કોઈપણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળું પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની

(ઘ) વ્યકિત અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિ ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

૩. પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી માંગેલ હોય તો તેવી વ્યકિતઓ ને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ની કલમ ૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ સને. ૧૮૬૦ના અધિનિયમ નંબર. ૪૫ની કલમ ૧૮૮ મુજબ શિક્ષા ને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી માહે ઓગસ્ટ, સને ૨૦૦૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામુ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૯૬/વિ. શા. /૨૦૦૦.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું પી. સી. પાંડે, પોલીસ, કમિશનર, અમદાવાદ શહેર. મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૦ કલાક ૦૦-૦૦ થી તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરી માં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન -યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૧) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ઓગષ્ટ સને ૨૦૦૦ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યા.

પી. સી. પાંડે,
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

હુકમ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી અન્વયે :

નંબર ઉ/ગપક/એસ. બી. / જાહેરનામું / ૫૨ / ૨૦૦૦.—ગુજરાત રાજ્ય ચુંટણી કમિશ્નર, ગાંધીનગર દ્વારા સુરત મહાનગરપાલિકા તથા તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતની ચૂંટણી-૨૦૦૦ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશ્નરરેટ વિસ્તારમાં આવતા વોર્ડ નં. ૧ થી ૩૩ તથા તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતમાં મતદાન અનુક્રમે તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦ તથા તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગરનાઓ એ આપેલ આદેશ ક્રમાંક ટીઆરએસ/૧૪૨૦૦૦/જીઓઆઈ-૮૨૨ / જીએચ, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૦ ના મેસેજ આધારે ઉપરોકત ચુંટણી જાહેર કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા / તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતની ચૂંટણી દરમ્યાન પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકજ

INDEX

સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે અને ટ્રાફિકને અડચણ ઉભી થઈ શકે છે. વધુમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતા હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતાં સર્વે પ્રકારનાં વાહનો / ગાડીઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર, ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) સુરત પોલીસ કમિશ્નરરેટ વિસ્તારના જાહેર રસ્તાઓ ઉપર ત્રણ થી વધુ વાહનોના કાફલામાં મોટરકારો / વાહનો ઉપર અવરજવર કરવા દેવામાં આવશે નહીં.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહીં. :

(૧) પોલીસ વાહનોને.

(૨) ચૂંટણી કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલા વાહનોને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી-સિક્કા કરી આપેલ છે.

——

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) આર (૩) અન્વયે કાઢેલો.

નંબર ઉ/ગપક/એસ.બી. જાહેરનામું/૫૩/૨૦૦૦.—ગુજરાત રાજ્ય ચૂંટણી કમિશનર, ગાંધીનગર દ્વારા સુરત મહાનગરપાલિકા તથા તાલુકા / જિલ્લા પંચાયતની ચૂંટણી-૨૦૦૦ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશ્નરરેટ વિસ્તારમાં આવતા વોર્ડ નં. ૧ થી ૩૩ તથા તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતનાં મતદાન અનુક્રમે તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦ તથા તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગરનાએ આપેલ આદેશ ક્રમાંક ટીઆરએસ/૧૪૨૦૦૦/જીઓઆઈ-૮૨૨ / જીએચ, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૦ ના મેસેજ આધારે ઉપરોકત ચુંટણી જાહેર કરવામાં આવેલ છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો અને તેમના કાર્યકર્તા, સમર્થકો ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપર જ નહીં પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેકસીવાન, ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રિક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખુબજ ઉંચા અવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે તેમજ જુદા જુદા ગામોએ વસવાટોએ, મહોલ્લાએ, વસાહતોએ અને લત્તાઓમાં પણ જાય છે. આને કારણે ખુબ ધ્વની પ્રદુષણ થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસકર્તા વિદ્યાર્થીઓ ઉપર આની ખુબજ પ્રતિકુળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરૂ થઈ જાય છે અને તે ખુબજ મોડી રાત્રી સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ખુબ જ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખુબ જ હરકત, અગવડ અને ત્રાસ, જોખમ અને ભય થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મન્સવી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હુ કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર, ધી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) ૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે—

(૧) ચુંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ થી રાત્રીના ૨૨-૦૦ વાગ્યા સુધીજ કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રી ના ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

(૨) કોઈ જાહેર સભા કે સરઘસનાં હેતુસર સવારે ૬-૦૦ વાગ્યા પહેલાં કે રાત્રે ૨૨-૦૦ કલાક પછી રક્ષણ પરજ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તેને માટે સંબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધિત અધિકારી, સત્તાધિકારીએ જાતે ખાત્રી કરી પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહીં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચુંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતાં લાઉડ સ્પીકરનાં ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનોનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે જે પરવાનગીપત્ર-પરમીટ આપવામાં આવે તેના વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તાના પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગના ચુંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચુંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

INDEX

આ હુકમ તારીખ ૨૫મી સપ્ટેમ્બર. ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) ડી.એ. અન્વયે કાઢેલો.

નંબર ઉ/ગપક/એસ. બી. / જાહેરનામું/૫૪/૨૦૦૦.—ગુજરાત રાજ્ય ચૂંટણી કમિશનર, ગાંધીનગર દ્વારા સુરત મહાનગરપાલિકા તથા તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતની ચુંટણી-૨૦૦૦ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરરેટ વિસ્તારમાં આવતા વોર્ડ નં. ૧ થી ૩૩ તથા તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતમાં મતદાન અનુક્રમે તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦ તથા તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગરનાઓ એ આપેલ આદેશ ક્રમાંક : ટીઆરએસ/૧૪૨૦૦૦/જીઓઆઈ-૮૨૨ / જીએચ, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૦ ના મેસેજ આધારે ઉપરોકત ચૂંટણી જાહેર કરવામાં આવેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર-માર્ગોની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલિકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય આગેવાનોના કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે અને પ્રદર્શિત કરવામાં આવે છે. એ જ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજા, પતાકા, ભીંત ચિત્રો, વિગેરે ઉભા કરે છે અથવા મૂકે છે અને તેના લીધે ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. એન. શર્મા., આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, ધા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ડી.એ.) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) રાજ્ય સરકાર નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ નિગમો પંચાયતોની પાલિકાના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા મહાનગરપાલિકા/ તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતની ચુંટણીના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ સંગઠન અથવા વ્યકિત દ્વારા સંબંધિત સરકારી કચેરી નગરપાલિકા પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમની લેખિત પૂર્વ મંજૂરી લીધા વગર સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટાઉટ જાહેરાત પાટીયા પોસ્ટર, ધજા પતાકા, બેનર્સ મૂકી શકાશે નહીં કે દિવાલો પર ચિત્રો દોરાવી શકાશે નહીં કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકાશે નહીં.

(૨) ઉપરના ખંડ-૧ માં જણાવ્યા પ્રમાણેની મંજૂરી આપતા પહેલાં સંબંધિત સરકારી કચેરીના અધિકારી અથવા નગરપાલિકા પંચાયતો. સરકારી બોર્ડ, નિગમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે કે સુચિત રસ્તાઓ, માર્ગો, સ્થળ અથવા મકાનોએ આવા કટાઉટ, જાહેરાત-પાટીયા, પોસ્ટર, ધજા-પતાકા, બેનર્સ, કમાનો, દરવાજા વિગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતી કે સુરક્ષા જોખમાતી નથી અને તેનાથી વાહનોની કે અન્ય કોઈ પ્રકારની અવરજવરમાં કોઈ પ્રકારની અડચણ ઉભી થતી નથી અને આ માટે સદર સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો, સરકારી બોર્ડ / નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સંબંધિત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વમંજૂરી આપવા બાબતે નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

Vide High Court Civil Manual, 1960, *Para*-569.

No. 2542 of 2000.—The following Assistant (Junior Clerk) serving in the District Court and Subordinate Courts of the Judicial District of Panchmahals has passed the Departmental Examination held in July, 2000. The name is arranged in order of merits :—

Higher Standard Examination :

1. Shri R. B. Damor .. Civil Court (JD), Santrampur.
2. Shri M. B. Purohit . .. District Court, Godhra.
3. Shri G. A. Patel .. Civil Court (JD), Santrampur.
4. Shri G. L. Baria .. District Court, Godhra.
5. Shri B. G. Baria .. Assistant Court, Godhra.

INDEX

The following Clerks who appeared at the Higher Standard Examination have failed, but are entitled to exemption from passing in the papers mentioned against their name shown hereunder :—

1.	Smt. J. G. Pandya	.. Paper No. IV	5th Jt. Civil Court (SD), Godhra.
2.	Shri K. V. Bhatt	.. Paper No. IV	Civil Court (JD), Kalol.
3.	Shri J. U. Barot	.. Paper No. IV	Civil Court (JD), Dahod.
4.	Shri B. B. Rathod	.. Paper No. IV	Civil Court (JD) Dahod.

Lower Standard Examination :

1.	Smt. M. A. Shah	.. District Court, Godhra.
2.	Kum. P. B. Solanki	.. 6th Jt. Civil Court (JD), Godhra.
3.	Shri P. K. Satav	.. 2nd Jt. Civil Court (SD), Godhra.
4.	Shri Shyam Shank	.. District Court, Godhra.
5.	Shri H. J. Rathod	.. Civil Court (SD), Godhra.
6.	Shri S. M. Kamdar	.. District Court, Godhra.
7.	Shri R. S. Vasava	.. Civil Court (SD), Shahera.
8.	Shri D. R. Makwana	.. 8th Joint Civil Court (SD), Godhra.
	Shri S. M. Parmar	.. Civil Court (SD), Godhra.
9.	Shri A. N. Rana	.. Civil Court (JD), Devgadh-Baria.
10.	Smt. S. G. Chauhan	.. Civil Court (JD), Dahod
11.	Shri B. R. Vasava	.. Extra Assistant Court, Godhra.
	Kum. S. S. Andherikar	.. District Court, Godhra
12.	Shri P. M. Rathva	.. District Court, Godhra.
13.	Kum. M. A. Dhobi	.. Civil Court (SD)., Godhra.
14.	Shri V. D. Rathva	.. Civil Court (JD), Halol.

The below mentioned Clerks who appeared at the Lower Standard Departmental Examination. entitled to exemption from appearing in paper mentioned against their name shown hereunder :—

1.	Shri B. B. Vasava	.. Paper No. II and Type Test.	District Court, Godhra.
2.	Shri A. S. Asrani	.. Do.	Do.
3.	Shri M. K. Tadvi	.. Typing Test.	Civil Court (JD), Halol.
4.	Shri D. R. Vasava	.. Do.	Do.
5.	Shr. R. B. Rathva	.. Do.	Do.
6.	Shri B. B. Rathva	.. Do.	Do.
7.	Shri S. N. Palas	.. Do.	Civil Court (JD), Dahod.

C. K. RANE,
District Judge,
Panchmahals, Godhra.

Panchmahals, Godhra, 5th September, 2000.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

હાઈકોર્ટ સીવીલ મેન્યુઅલના પેરા-૫૬૯, ૧૯૬૦ મુજબ.

ક્રમાંક ૨૫૪૨/2000.—પંચમહાલ જિલ્લાના અદાલત અને તાબાની અદાલતોમાં કામ કરતાં નીચે જણાવેલ કલાર્કો ખાતાકીય પરીક્ષા જે જુલાઈ-2000માં લેવાઈ હતી તેમાં ઉત્તીર્ણ થયા છે. તેમના નામો ગુણવત્તા મુજબ ગોઠવવામાં આવ્યા છે.

ઉચ્ચ શ્રેણી પરીક્ષા :-

૧.	શ્રી આર. બી. ડામોર,	સીવીલ કોર્ટ (જુડી.) સંતરામપુર.
૨.	શ્રી એમ. બી. પુરોહીત,	ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા.
3.	શ્રી જી. એ. પટેલ,	સીવીલ કોર્ટ (જુ.ડી.) સંતરામપુર.
૪.	શ્રી જી. એલ. બારીયા,	ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા.
૫.	શ્રી બી. જી. બારીયા,	આસીસ્ટન્ટ કોર્ટ, ગોધરા.

નીચે જણાવેલ કલાર્કો ખાતાકીય ઉચ્ચ-શ્રેણી પરીક્ષામાં બેઠા હતા તે અનઉતીર્ણ થયા છે. પરંતુ હવે પછી થનાર સદરહુ પરીક્ષામાં તેમના નામ સામે જણાવેલ પેપરમાં મુકિત મેળવવા હકકદાર છે.

૧. શ્રીમતી જે. જી. પંડ્યા,	પેપર નં. ૪	પાંચમા જો. સીવીલ કોર્ટ (સીડી) ગોધરા.
૨. શ્રી કે. વી. ભટ્ટ,	પેપર નં. ૪	સીવીલ કોર્ટ (જુ. ડી.) કાલોલ.
૩. શ્રી જે. ‌ુ. બારોટ,	પેપર નં. ૪	સીવીલ કોર્ટ (જુ.ડી.) દાહોદ.
૪. શ્રી બી. બી. રાઠોડ,	પેપર નં. ૪	સીવીલ કોર્ટ (જ.ડી.) દાહોદ.

નીમ્ન શ્રેણી પરીક્ષા :-

૧. શ્રીમતી એમ. એ. શાહ,	ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા.
૨. કુ. પી. બી. સોલંકી,	છઠ્ઠા જો. સીવીલ કોર્ટ (સી.ડી.) ગોધરા.
૩. શ્રી પી. કે. સાતવ,	બીજા જો. સીવીલ કોર્ટ (સીડી) ગોધરા.
૪. શ્રી શ્યામ શંકરન‘	ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધર..
૫. શ્રી એચ. જે. રાઠોડ,	સીવીલ કોર્ટ (સીડી) ગોધરા.
૬. શ્રી એસ. એમ. કામદાર,	ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા.
૭. શ્રી આર. એસ. વસાવા,	સીવીલ કોર્ટ (જુ.ડી.) શહેરા.
૮. શ્રી ડી. આર. મકવાણા,	આઠમા જો. સીવીલ કોર્ટ (સીડી) ગોધરા.
૯. શ્રી એસ. એમ. પરમાર,	સીવીલ કોર્ટ (સીડી) ગોધરા.
૯. શ્રી એ. એન. રાણા,	સીવીલ કોર્ટ (જુ.ડી.) દે. બારીઆ.
૧૦. શ્રીમતી એસ. જી. ચૌહાણ,	સીવીલ કોર્ટ (જુ.ડી.) દાહોદ.
૧૧. શ્રી બી. આર. વસાવા,	એકસ્ટ્રા. આસીસ્ટંન્ટ ,કોર્ટ, ગોધરા.
કું. એસ. એસ. અંધેરીકર,	ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા.
૧૨. શ્રી પી. એમ. રાઠવા,	ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા.
૧૩. કું. એમ. એ. ધોબી,	સીવીલ કોર્ટ (સીડી) ગોધરા,
૧૪. શ્રી વી. ડી. રાઠવા,	સીવીલ કોર્ટ (જુ.ડી.) હાલોલ.

નીચે જણાવેલ ઉમેદવારો ખાતાકીય નિમ્ન શ્રેણી પરીક્ષામાં બેઠા હતા. તે અનઉત્તીર્ણ થયા છે. પરંતું હવે પછી થનાર પરીક્ષામાં તેમના નામ સામે જણાવેલ પેપરમાં મુકિત મેળવવા હક્કદાર છે.

૧. શ્રી બી. બી. વસાવા,	પેપર નં. ૨, અને ટાઈપીંગ ટેસ્ટ.	ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા.
૨. શ્રી એ. એસ. અકાની,	પેપર નં. ૨, અને ટાઈપીંગ ટેસ્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા.
૩. શ્રી એમ. કે. તડવી,	ટાઈપીંગ ટેસ્ટ,	સીવીલ કોર્ટ (જ.ડી.) હાલોલ.
૪. શ્રી ડી. આર. વસાવા,	”	” ”
૫. શ્રી આર. બી. રાઠોડ,	”	” ”
૬. શ્રી બી. બી. રાઠવા,	”	” ”
૭. શ્રી એસ. એન. પલાસ,	”	સીવીલ કોટ (જુ.ડી.) દાહોદ

પંચમહાલ, ગોધરા, તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦.

સી. કે. રાણે,
જિલ્લા ન્યાયાધિશ,
પંમચમહાલ, ગોધરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (સી) હેઠળનો.

ક્રમાંક એમ.એ.જી.-જાવક નંબર / વશી / ૪૨૪૪.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈની ૨૨ માં ની) કલમ-૩૩ (૧) (સી) આધારે મને મળેલ સત્તાની રૂએ હું, બી. બી. સ્વેન, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો અને તેનાથી અસર થતી લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વાધાંઓ સૂચનાઓ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી ભરૂચ તરફ લેખિત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની મુદત બાદ મળેલ વાંધા-સૂચનાઓ ધ્યાને લેવામાં આવશે નહિં.

INDEX

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિમિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈ ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (સી) થી મળેલ સત્તાની રૂએ જબુસર શહેર મ્યુનિસિપલ હદમાં જુદા જુદા સ્થળોએ આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ "અ" માં જણાવ્યા મુજબના થ્રીવ્હીલ ટેમ્પો સ્ટેન્ડ નક્કી કરવા આથી હુકમ કરું છું.

પરિશિષ્ટ "અ"

જંબુસર શહેરમાં થ્રીવ્હીલ ટેમ્પો સ્ટેન્ડ નક્કી કરવા બહાર પાડેલ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (સી) હેઠળના પ્રાથમિક જાહેરનામાનું બિડાણ.

અનું. નંબર	થ્રીવ્હીલ ટેમ્પો સ્ટેન્ડનું સ્થળ	કેટલા ટેમ્પો-- માટે છે.
(૧)	ટંકારી ભાગોળ પોલીસ ચોકની સામે વરસાદી પાણીની વ્યવસ્થા કરી પોલીસ ચોકીની સામે.	૭ (સાત) ટેમ્પો માટે.

આજ તારીખ ૨૯ મી ઓગષ્ટ, ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (સી) હેઠળનો.

વાંચ્યો :—

(૧) અત્રેના પ્રાથમિક જાહેરનામા ક્રમાંક એમ.એ.જી.-જા.ના.વશી--૨૯૯૮, તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૯.

(૨) સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી ભરૂચના પત્ર નંબર એમ.એ.જી-પીઓએલ-વશી-૩૭૮૭, તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૦૦.

ક્રમાંક એમ.એ.જી.-પી.ઓ.એલ.-વશી-૪૨૪૫.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨ માંની) કલમ-૩૩(૧) (સી) આધારે મને મળેલ સત્તાની રૂએ હું, બી. બી. સ્વેન, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો અને તેનાથી અસર થતાં લાગતા વળગતા તમામને જાણ માટે પ્રસિધ્ધ કરી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસમાં વાંધાઓ સૂચનો માંગવામાં આવેલ.

નિયત સમય મર્યાદામાં ઉપલબ્ધ થયેલ વાંધાઓ સૂચનો પર યોગ્ય વિચારણા કરવામાં આવેલ છે. અત્રેના જાહેરનામા ક્રમાંક એમ. એ. જી.- જા. ના. વશી-૨૯૯૮, તારીખ ૧૭ મી સપ્ટેમ્બર, થી જંબુસર શહેરમાં પરિશિષ્ટ "અ" થી જુદા જુદા ૭ સ્થળોએ રીક્ષા સ્ટેન્ડ તથા પરિશિષ્ટ "બ" થી જુંદા જુદા બે સ્થળોએ ટેમ્પો તથા જીપ માટે સ્ટેન્ડ નક્કી કરવા પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

પ્રાથમિક જાહેરનામા સામે લેવાયેલ વાંધાઓ પૈકી જાહેરનામાનાં પરિશિષ્ટ "અ" નાં અનુ નં. ૬ ટંકારી ભાગોળ પોલીસ ચોકીની સામે ૧૦ (દશ) રીક્ષા સ્ટેન્ડ નક્કી કરેલ છે તે અન્વયે થ્રી વ્હીલ ટેમ્પો-- ચાલકોએ વાંધો લીધો છે સદર સ્થળે ૭ (સાત) થ્રીવ્હીલર ટેમ્પો તથા ૮ (આઠ) રીક્ષા સ્ટેન્ડ નક્કી કરવામાં આવે તો થ્રીવ્હીલ ટેમ્પો ચાલકોને કોઈ તકરાર રહેતી નથી. બાકીના ઉપલબ્ધ થયેલ વાંધાઓ અન્વયે સમાધાન થઈ ગયેલ છે. સબબ હવે નીચે મુજબ આખરી જાહેરનામાનો મુસદ્દો પ્રસિધ્ધ કરું છું.

આખરી જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨ માંની કલમ-૩૩ પેટા કલમ (૧) (સી) થી મળેલ સત્તાની રૂએ જંબુસર શહેરમાં જુદા જુદા સ્થળોએ આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ "અ" માં જણાવ્યાં મુજબનાં રીક્ષા સ્ટેન્ડ તથા પરિશિષ્ટ "બ' માં જણાવ્યા મુંજબના જીપ-ટેમ્પો સ્ટેન્ડ નક્કી કરવા આથી હુકમ કરું છું.

પરિશિષ્ટ-અ

જંબુસર શહેરમાં રીક્ષા સ્ટેન્ડ નક્કી કરવા બહાર પાડેલ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (સી) હેઠળના આખરી જાહેરનામું બિડાણ :—

અનુ. નંબર ૧	રીક્ષા સ્ટેન્ડનું સ્થળ ૨	કેટલી રીક્ષા માટે. ૩
(૧)	બસ સ્ટેન્ડ તરફથી દુકાનોની હદ પૂરી થતી હદથી ૭ ફૂટની જગ્યા રાખી રેલીંગ ઉભી કરી તે રેલીંગની બહારની બાજુએ.	૨૪ રીક્ષા
(૨)	બસ સ્ટેન્ડથી લાલશહીદની દરગાહ તરફ જતાં-લાખાવાળા શોપીંગ સેન્ટરના ટર્નીંગ ઉપર--૭ ફૂટ જગ્યા છોડી ત્યારબાદ રેલીંગ રસ્તાની હદ સુધી રેલીંગ પાછી ખસેડી તે સ્થળે.	૧૬ રીક્ષા
(૩)	નહેરુનગર સોસાયટીના મુખ્ય દરવાજાથી પૂર્વ--દિશાએ જગ્યાનું લેવલીંગ કરાવી વરસાદના પાણીના નિકાલની વ્યવસ્થા કરી હદથી પાંચ ફૂટની જગ્યા છોડી તે સ્થળે.	૧૦ રીક્ષા
(૪)	બસસ્ટેન્ડ પોલીસ ચોકીથી ઉત્તરે ૩૦ ફૂટની જગ્યા ખુલ્લી રાખી ત્યારબાદ ઉત્તર દિશા-તરફ પશ્ચિમ બાજુએ વરસાદના પાણીની--નિકાલની વ્યવસ્થા કરી એસ.ટી. ની દિવાલ-થી ૫ ફૂટની જગ્યા છોડી.	૩૦ રીક્ષા
(૫)	ટંકારી ભાગોને નગર પાલિકાના પાણી પૂરવઠા યોજના તરફથી પાંચફૂટની જગ્યા છોડી તે--સ્થળે.	૭ ક્ષ

INDEX

૧	૨	૩
	ારી ભાગોળ પોલીસ ચોકીની સામે વરસાદી પાણીની વ્યવસ્થા કરી પોલીસ ચોકીની સામે.	૮ રીક્ષા
	ારણા ચોરાની સામે આઝાદ મેદાનમાં- તો છોડી અંદરના ભાગે ૨ (બે) હારમાં.	૧૦ રીક્ષા

પરિશિષ્ટ-બ

હેરમાં જીપ--ટેમ્પો સ્ટેન્ડ નક્કી કરવા મુંબઈ પોલીસ કલમ-૩૩ (૧) (સી) હેઠળ બહાર પાડેલ પ્રાથમિક બિડાણ.

પાર્કીંગ સ્ટેન્ડ સ્થળ ૨	કયા વાહનો માટે. ૩
ર સોસાયટીના મુખ્ય દરવાજાથી પૂર્વ ી જગ્યાનું લેવરીંગ કરાવી વરસાદના નિકાલની વ્યવસ્થા કરી હદથી-- ા જગ્યા છોડી તે સ્થળે.	૫ જીપ ૩ ટેમ્પો
ોટલ દિવાલથી ઢોરોના દવાખાના- સાદી ગટર છોડી બાજુએ.	૫ ટેમ્પો

સી માહે ઓગષ્ટ, ૨૦૦૦ નાં રોજ મારી સહી યો.

બી. બી. સ્વેન,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

મ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિ- ૩૩ (૧) (ઘ) (ખ) મુજબનો.

-બી.પી.એ./૩ / ૨૦૦૦.—મુંબઈ પોલીસ ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ-૨૨ ની ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હુ ા મેજિસ્ટ્રેટ, નવસારી, આગામી નવસારી લુકા માં સમાવિષ્ટ તાલુકા પંચાયતોની ી તબક્કાવાર પ્રક્રિયા દરમ્યાન, ચૂંટણી ા રાખતાં, કાયદો-વ્યવસ્થાની જાળવણી અને જાહેર સલામતીને કારણે નવસારી ોઈપણ વ્યક્તિને તારીખ ૫મી સપ્ટેમ્બર, ોકટોબર, ૨૦૦૦ સુધી (બંને દિવસો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કે વ્યક્તિઓ પોતાના ચૂંટણી પ્રચાર ક માર્ગો, જાહેર કે સરકારી મકાનો ની બન્ને બાજુઓ, વાહન વ્યવહાર

માટે વપરાતા પ્રવૃત્ત રહેતા રસ્તા, ક્રોસીંગ ચાર રસ્તા, એસ ટી. સ્ટેન્ડ, શેરીઓના નાકા મકાનો, જાહેર મિલ્કતો, વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, પુંઠા કે કાગળ કે અન્ય માધ્યમોના પોસ્ટરો, .નિશાન અને રાજકીય અગ્રણીઓના કટ આઉટ વિગેરે ઉભા કરવાનો અને પ્રદર્શિત કરવાનો એજ રીતે રેલ્વેની મિલ્કતો, સરકારી મકાનો, જાહેર મિલ્કતો તથા વીજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો, સહિતની જગ્યાઓ વિશાળ કમાનો, જાહેર મિલ્કતો તથા વીજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો સહિતની તમામ પ્રકારની વિશાળ કમાનો, દરવાજા, જાહેર પાટીયા, ધજા, પતાકા, ભીંતચિત્રો, વિગેરે ચૂંટણીના પ્રચાર માટે મુકવા કે ઉભા કરવા નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ પોલીસ અધિનિયમ) ની કલમ-૧૩૧ (૪) મુજબ એક મહિના સુધીની કેદની સજા અથવા બસો રૂપિયા સુધીની દંડની અથવા બન્ને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવે છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૭ (૧) (છ) મુજબનો.

નંબર ડીસીબી-એમએજી-બી.પી.એ-૩ / ૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ન ૨૨ માં અધિનિયમ) ની કલમ-૩૭ (૧) (છ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આર, આર. ચૌહાણ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી નવસારી જિલ્લા પંચાયત તથા જિલ્લામાં સમાવિષ્ટ, તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૦૦ ની તબક્કાવાર પ્રક્રિયા દરમ્યાન ચૂંટણી આચાર સંહિતા ને ધ્યાનમાં રાખતાં તથા પ્રતિસ્પર્ધી ઉમેદવારોના ચૂંટણી પ્રચારની પ્રક્રિયાઓ દરમ્યાન, કાયદો-વ્યવસ્થાની જાળવણી સારું તથા જાહેર હિત અને જાહેર સલામતીને ને માટે આચારસંહિતાની નીતિને ધ્યાનમાં રાખી સમગ્ર નવસારી જિલ્લામાં તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૦૦ સુધી (બન્ને દિવસો સુધી) નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષ / સંગઠન / સંસ્થા, ઉમેદવાર કે અન્ય કોઈપણ વ્યક્તિ મારફત કોઈપણ સરકારી મિલકતો, જાહેર મિલકતો જેવી કે જાહેર માર્ગ પર, માર્ગના ક્રોસીંગ પર, દિશા બતાવતા સાઈન બોર્ડ, માઈલસ્ટોનો, રેલ્વે સ્ટેશનો, પ્લેટફોર્મ, ટ્રેઈનો, એસ.ટી. બસો, ઉપર કે ડેપો ઉપર કે શૈક્ષણિક સંસ્થાના મકાનો તથા જાહેર મિલ્કત વિગેરે ઉપર પોસ્ટરો ચોંટાડીને કે સુત્રો લખીને કે પ્રતિક ચીતરીને તે દ્વારા જાહેર મકાનો, મિલકતો, દિવાલો ઉપર કોઈ પ્રકારની જાહેરાત થઈ શકશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો પોલીસ અધિનિયમ) ની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વરસ સુધીની કેદની સજા થશે અને દંડને પાત્ર ઠરશે.

આજ તારીખ, ૪થી સપ્ટેમ્બર-૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપવામાં આવે છે.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબરડીસીબી-એમએજી-સીપીએ-રજિ. નં. ૮ / ૨૦૦૦—રાજ્યમાં જિલ્લા-તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૦૦ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ યોજનાર છે આ સમય દરમ્યાન જુદા-જુદા હરીફ જુથો વચ્ચે ચુંટણી પ્રચાર કરવામાં આવશે. આથી આવા જુદા જુદા જૂથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓને નકારી શકાય નહીં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે આથી જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે તેઓએ તેઓના હથિયારો સાથે લઈ જવાં નહી, તથા સાથે રાખવાં નહીં, તે મુજબનો પ્રતિબંધ મૂકવાનું ઈષ્ટ જણાય છે આથી આવાં શસ્ત્રો ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે અને તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું આર. આર. ચૌહાણ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં હથિયાર પરવાનેદારોએ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૦૦ સુધી હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા નહીં તથા પ્રવાસ દરમ્યાન હથિયાર સાથે રાખવા ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવે છે.

વધુમાં જે કિસ્સામાં હથિયાર પરવાનેદારોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે જે જર્ની પરમીટો આપવામાં આવેલ છે. એ પણ ઉપરોકત સમય દરમ્યાન રદ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની કાયદાકીય ફરજનો ભાગ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આજરોજ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

આર. આર. ચૌહાણ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) : અન્વયે કાઢેલો.

નંબર પ્રસ/ચુંટણી/૧/૯૯/૧૧ી / ૨૦૦૦—ગુજરાત રાજ્ય ચુંટણી કમિશનર, ગાંધીનગર દ્વારા તાલુકા પંચાયત/જિલ્લા પંચાયત ચુંટણી-૨૦૦૦ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત જિલ્લામાં મતદાનની તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ રોજ અને મતગણતરીની તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નક્કી કરવામાં આવેલ છે. ભારતના ચૂંટણી આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ જાહેર આદેશ ક્રમાંક : ૩-૮-૯૪-જે-એસ/તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ ના પેરા-૩ (૩) અને ૪ (૧) માં જણાવેલ સુચનાઓ મુજબ ચુંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકર ના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચુંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તેમના કાર્યકર્તાઓ, સમર્થકો ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફક્ત નિયત મંચ ઉપર જ નહિ, પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્સી તથા ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂબ જ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદા જુદા ગામોએ, વસવાટોને, મહોલ્લાઓ, વસાહતોએ અને લત્તાઓમાં પણ જાય છે આને કારણે ખૂબ ધ્વનિ પ્રદૂષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખૂબ જ પ્રતિકૂળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકરો વાગવાનું શરૂ થઈ જાય છે. અને ખૂબ જ મોડી રાત સુધી વગાડવામાં આવે છે આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ખૂબ જ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખૂબ જ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી રહે છે.

જેથી હું સંગીતા સિંઘ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે (૧) ચુંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી સાંજના ૧૦-૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલાં અને સાંજના ૧૦-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

૨. કોઈ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યા પહેલાં કે સાંજના ૧૦-૦૦ વાગ્યા પછી સ્થળ પર જ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધિત સરકારી સત્તાધિકારી જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહિ તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

૩. ચુંટણી પ્રચાર માટે જાહેર મંચ પર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનોનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

૪. સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે જે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેના વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

INDEX

૫ ફરતાં વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી (પરમીટ) મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર (પરમીટ)ની સંપુર્ણ વિગતો લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ (ઉલ્લંઘન) કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમ તારીખ ૫મી સપ્ટેમ્બર-૨૦૦૦ ના રોજ મારીસહી કરી સિક્કો કરી આપ્યો.

સંગીતા સિંહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડી. સી/એમ.એ.જી./એસ.આર. ૨૬/૨૦૦૦.—તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચુંટણી તા. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ યોજાનાર છે. રાજ્યના ચુંટણી પંચના તા. ૨૫મી એપ્રિલ ૧૯૯૫ ના આદેશ નંબર : ૨/ઈએલસી/સીઓસી/પ્રિવેન્શન ઓફ ડીફેસમેન્ટ ઓફ પ્રોપર્ટી થી અપાયેલ સુચનાનુસાર ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજકીયપક્ષો, કાર્યકરો, ઉમેદવારો ખાનગી કે જાહેર લોકોની દિવાલ ઉપર તેમના પોસ્ટરો ચોંટાડે કે ચિતરીને લખેકે તેમના પ્રતિકનું ચિન્હ ચિતરીને દિવાલ બગાડતા હોય છે. આ માટે મકાન માલિકની કોઈ પરવાનગી લેવામાં આવતી નથી. આ પ્રકારનો ઉપયોગ મકાન માલિકને અડચણરૂપ હોવાથી કોઈપણ ખાનગી કે જાહેર મિલકતો જેવી કે અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા, હાઈવે રસ્તા ઉપરના માઈલ સ્ટોન, અને બોર્ડ, રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરનાં ચેતવણી આપતાં બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ અને લોકોને ચેતવણી આપતાં બોર્ડ, ટેલીફોન અને ઈલેક્ટ્રીકના થાંભલાઓ, નગરપાલીકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓના મકાનો, રાજ્ય કે કેન્દ્ર સરકારના કચેરીઓના મકાનો/દિવાલો, જાહેર માર્ગો તથા ખાનગી માલીકીના મકાનો/દિવાલો અને ખાનગી બોર્ડ ઉપર સબંધિત મિલકતના માલિકની ની લેખીત પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય કોઈપણ રાજકીયપક્ષ, અન્ય કોઈ સંસ્થા, ચુંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભુતિ રાખનાર કે અન્ય કોઈપણ વ્યકિત ચુંટણી જાહેરાત/પ્રચાર કરતાં પોસ્ટરો, ચોંટાડે કે ચિતરીને લખે, ચિન્હો ચિતરે, બેનરો/પડદા લગાડે કે ચૂંટણીનો પ્રચાર કરતાં લખાણો કે સૂત્રો લખે તે ઉપર પ્રતિબંધ ફરમાવવો જરુરી જણાય છે.

વાસ્તે, હું એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ ની પ્રમાણે ફરમાવું છું.

(૧) રાજ્ય ચુંટણીપંચના આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહિતા અન્વયે કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારો કે સીધો કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિતઓએ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મીલકતો ઉપર ચુંટણી પ્રચાર અને પોસ્ટરો ચોંટાડી કે ચિતરીને, ચિન્હો ચિતરીને, બેનરો/પડદા લગાડી કે અન્ય ચુંટણી પ્રચારના લખાણો લખી મીલકતોને બગાડવા ઉપર પ્રતિબંધ મુકું છું.

(૨) મીલકતના માલીકની લેખીતમાં, પૂર્વમંજુરી મેળવ્યા સિવાય મિલકતને બગાડશે કે નુકશાન પહોંચાડશે તેની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે, તેમજ બગડેલી કે નુકશાન પામેલ મિલકતને સુધારવામાં આવશે અને તે માટે જે ખર્ચ થશે તે તમામ ખર્ચ તેની પાસેથી વસુલ કરવામાં આવશે.

(૩) આ હુકમ, હુકમની તારીખથી તાલુકા/જિલ્લા પંચાયતની ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૪) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ : ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આ હુકમ સમગ્ર અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) ના મહેસુલી વિસ્તારને લાગુ પડશે.

આજ રોજ તારીખ ૨૮મી ઓગસ્ટ ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને. ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) મુજબનો.

નંબર ડીસી/ પીઓએલ/એમએજી/એસ. આર-૨૭/૨૦૦૦.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા ની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને. ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રુએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૨જી સપ્ટેમ્બર,૨૦૦૦ થી તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શેટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ, તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનુ હોય તેવુ ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

INDEX

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરીણામ રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર: અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતનાં વિસ્તાર સિવાય)

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સામે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.,

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવાં કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી, અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુએક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૦નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨)માંની કલમ-૩૭(૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર. ૨૮/૨૦૦૦.—આગામી દિવસોમાં અદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨માંથી) અધિનિયમની, કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૦ ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૦ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી,અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર. (વિસ્તાર) (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો: આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, -૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૦ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એચ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક પીઓએલ-વશી-૪૨૫૦.—ભરૂચ જિલ્લામાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે પણ તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૦' તથા ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવનાર છે. સદર શોભાયાત્રામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રિત થશે. અનુભવે જણાયેલ છે કે ગણેશજીની વિસર્જનની શોભાયાત્રામાં જોડાયેલ તથા અન્ય લોકો દ્વારા ઝટપટ પાવડરનો છૂટથી ઉપયોગ થાય છે. ઝટપટ પાવડરમાં સમાવિષ્ટ ઝેરી કેમીકલ્સના કારણે શરીરને વિપરીત અસર થાય છે. જેથી ગણેશજીની મૂર્તિઓની શોભાયાત્રા દરમ્યાન ઝટપટ પાવડરના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો આવશ્યક છે.

વાસ્તે હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ જિલ્લામાં તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ દરમ્યાન ગણેશજીની શોભાયાત્રા નિકળનાર છે. તેમાં ઝટપટ પાવડરને ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા આથી ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ઓગષ્ટ, સને ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી).

ક્રમાંક એમ.એજી-પીઓએલ-વશી-૪૨૫૧.—ભરૂચ શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે સોનેરી મહેલ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં સવારનાં ૯-૦૦ થી રાત્રિના ૮-૦૦ કલાકના સમય દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે શોભાયાત્રા નીકળનાર હોવાથી અને તેમાં મોટી સંખ્યામાં ગણેશ લોકો એકત્રિત થનાર હોય, જયારે જનતાની સલામતી માટે તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ને મંગળવારનાં રોજ વાહન વ્યવહાર ઉપર અંશત : નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે ભરૂચ શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ને મંગળવારના દિવસે સવારના ૯-૦૦ થી રાત્રિના ૮-૦૦ કલાક સુધી નીચે જણાવેલ માર્ગો ઉપર તમામ પ્રકારનાં વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારીઓ કે જે પોતાની ફરજ અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર :

(૧) પાંચબત્તીથી સોનેરી મહેલ સુધી.
(૨) લલ્લુભાઈ ચકલાથી ભોઈવાડ સોનેરી મહેલ સુધી.
(૩) કતોપોર સ્લોપથી કોઠી થઈ સોનેરી મહેલ તરફ.
(૪) હાજીખાના બજાર ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.
(૫) લાલબજાર, લલ્લુભાઈ ચકલા સુધીનો માર્ગ.
(૬) મોટા ચાર રસ્તાથી વેજલપુર નાના ચારરસ્તા તરફ.

ઉપરોકત માર્ગો ઉપરથી પસાર થતાં ગણપતિ વિસર્જનની શોભાયાત્રા મૂર્તિ બેસાડેલ, ગોઠવેલ હોય તેવા વાહનોને પણ આ સમય પૂરતી જ મૂકિત રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૩૦મો ઓગષ્ટ, સને ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી.) અન્વયે.

ક્રમાંક એમએજી - પીઓએલ - વશી-૪૨૫૮.—અંકલેશ્વર શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે ચૌટાબજાર વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં સવારના ૧૧-૦૦ થી રાત્રીના ૮-૦૦ નાં સમય દરમ્યાન ગણેશ વિસર્જનની સંદર્ભે શોભાયાત્રા નિકળનાર હોવાથી અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય, જાહેર જનતાની સલામતી માટે તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ મંગળવારના રોજ વાહન વ્યવહાર ઉપર અંશત : નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, અંકલેશ્વર શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં મંગળવારના દિવસે સવારના ૧૧-૦૦ થી રાત્રીના ૮-૦૦ કલાક સુધી નીચે જણાવેલ માર્ગો ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતાં હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર :—

(૧) અંકલેશ્વરથી હાંસોટ જતા રોડ પૈકી પિરામણ નાકાથી ભરૂચી નાકાનો રસ્તો.
(૨) હાંસોટથી અંકલેશ્વર આવતો રોડ પૈકી ભરૂચી નાકાથી પિરામણ નાકા સુધીનો રસ્તો.

સદર માર્ગ બંધ થવાથી પિરામણનાકાથી સૂરતી ભાગોળ થઈ કાગદીવાડ કસ્બાની વાડ થઈ સર્વોદયનગર થઈ એશીયાદ નગર થઈ જકાતનાકા થઈ હાંસોટ તરફ વાહન વ્યવહાર ચાલુ રહેશે.

ઉપરોકત માર્ગો ઉપરથી પસાર થતાં ગણપતિ વિસર્જના સરઘસમાં ગણપતિની મૂર્તિ બેસાડેલ, ગોઠવેલ હોય તેવા વાહનોને પણ આ સમય પૂરતી મુકિત રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૩૦મી માહે ઓગષ્ટ, સને ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની ૩૩ માંની કલમ-૩૭ (૪) : મુંજબ.

નંબર પી.ઓ.એલ. વશી-૧૯૯૦ થી ૨૦૦૦ /૨૦૦૦. મહેસાણા જિલ્લાના પોલીસ હેડ કવાર્ટર મહેસાણા ખાતે ફાયરીંગ બટના સ્થળે તથા વિસનગર મુકામે આવેલ એમ. એન. કોલેજ કેમ્પસ ખાતે ૭ ગુજરાત બટાલીયને એન.સી.સી. ના તાલીમાર્થીઓની ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી યોજવાનું નકકી થયેલ છે. જેથી લોકોની તથા ઢોર ઢાંખરની સલામતી માટે સાવચેતીનાં પગલાં લેવાની આવશયકતા જણાય છે.

વાસ્તે હુ પંકજ કોટક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૩૩ માં) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ, મહેસાણા ખાતે પોલીસ હેડ કવાર્ટરમાં ફાયરીંગ બટના નિયત સ્થળ વિસ્તાર તથા એમ. એન. કોલેજ વિસનગરના ફાયરીંગ બટના નિયત સ્થળ અને તેની આજુબાજુનાં ૧૫૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના સવારના ૬-૦૦ કલાક થ બપોરના ૧૪-૦૦ કલાક સુધી સાવચેતીનાં પગલાં રૂપે માણસે તથા ઢોર ઢાંખરની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પંકજ કોટક,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

સને ૧૯૫૧નો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) ખ અન્વયેનો.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૨૫૭.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩(૧) ખ આધારે મને મળેલ સત્તાની રૂએ હું બી. ડી. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા ફરમાવું છું કે રાજપીપલા શહેરમાં સફેદ ટાવરથી માછીવાડ જકાતનાકા સુધી સ્ટેશન રોડ પર આર.સી.સી. રોડ બનાવવાનું કામ ચાલતું હોય રાજપીપલા એસ.ટી. ડેપોથી ઉપડતી તમામ બસો તથા તમામ અન્ય પ્રકારનાં વાહનો ભરૂચ અંકલેશ્વર તરફ જતાં તથા વડોદરા તરફ જતાં તમામ વાહનો સફેદ ટાવર થઈ સંતોષ ચાર રસ્તા થઈ જાય તે હેતુ ડાયવરઝન આપવા ફરમાવું છું. તથા કોર્ટથી સીવીલ હોસ્પીટલના રસ્તે થઈ રાજેન્દ્રનગર સોસાયટીમાંથી અવરજવર કરતી એસ.ટી. બસો માટે બંધ કરવા ફરમાવું છું. તમામ એસ.ટી. બસો સફેદ ટાવર થઈ ચાર-રસ્તા થઈ લઈ જવા ફરમાવું છું.

ઉકત હુકમ તારીખ ૨૯મી ઓગસ્ટ ૨૦૦૦ થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. ડી. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો

નંબર ડીસીબી/એમજી/બીપીએ / રજિ. નં. ૪૦ / ૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી ડી. બી. રહેવર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી તાલુકા / જિલ્લા પંચાયત ચુંટણી પૂર્વેની સ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૦ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યક્તિઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની, અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી. :

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ મો) ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમજી/બીપીએ / રજિ. નં. ૪૧/૨૦૦૦.—જિલ્લામાં આગામી તાલુકા / જિલ્લા પંચાયતની ચુંટણી પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ માંની) કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી (બંને દિવસો સુધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી.બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

INDEX

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (૨) અન્વયે.

નંબર પલસ / ધાર્મિક તહેવાર / વશી-૧૫૬૪.—આગામી તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ ગણપતિની સ્થાપના (ગણેશ ચતુર્થી) તથા તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ ગણેશ વિસર્જન (આનંદ ચૌદસ) ના તહેવારો આવતાં હોઈ તહેવારો દરમ્યાન શાંતિ અને કોમી એખલાસભર્યું વાતાવરણ જળવાઈ રહે, સુરત રૂરલ જિલ્લા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેની સલામતી જાળવવી જરૂરી છે. તેવું મને જણાયું છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનયમ) ની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) અને (૨) અન્વયે મને મળેલ અધિકારની રૂએ હુ આર. જે. માંકડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ (બંને દિવસ સુધ્ધાં) સુધી કોઈપણ વ્યકિતએ,

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, સોટા, ધોકા, બંદૂક, છરા, લાકડા કે લાકડી, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો, ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવો કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવ નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.
આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત જિલ્લા પોલીસ વડાશ્રી (રૂરલ) સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત રૂરલ—જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
સુરત શહેર—પોલીસ કમિશનર વિસ્તાર (સિવાય).

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

આર. જે. માકડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

I-37 [PART—I] ૬૬૨૧

NOTE

The Notifications issued by the District Registrar of Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part I, should be *read* to have been published in issue No. 37 of *Gujarat Government Gazette*, Part I, dated 14th September, 2000 and for pages VAD-619 to VAD-653 (in 1 set) *read* page Nos. 2338 to 2372.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૨૦૦૦ના ગુજરાત રાજ્યના ભાગ-૧ ના અંક ૩૭માં પ્રસિદ્ધ થયેલ છે તેમ વાંચવું. અને પાના વીએડી- ૬૧૯ થી વીએડી-૬૫૩ (૧-બંચમાં) ને પાન નંબર ૨૩૩૮ થી ૨૩૭૨ વાંચવા.

Vadodara, 14th September, 2000.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ ખાતાના જાહેરનામા નં. જીએચકેએચ / ૨૪/૯૧/ડીડીસી/૧૧૮૮/ ૩૨૦૪/જે, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧ થી સુપ્રત થયેલ અધિકાર.

(૩) આ કચેરીના પત્ર નં. : ખસમ/૦૫૭/ચ/૧૨૧૪/૯૩, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૩ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૪) ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાએ પત્ર નં. એસયુ.પી./વહીવટ/૩૯/૭૭૭, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૪ થી આપેલ સંમતિ.

પ્રસ્તાવના

જા. નં. સવન/૦૨૯/ચ/૩૪૫/૯૪.—ધી પેથાપુર સેવા સહકારી મંડળી લી. તાલુકો : ઝાલોદ, જિલ્લો : પંચમહાલ, સહકારી કાયદા, કાનુન હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદરહું મંડળીના વહીવટ સંબંધમાં જણાયેલ ગેરરીતિઓ અંગે સંસ્થાની વ્ય. કમીટીને આ કચેરીના આમુખ-૩માં જણાવેલ પત્રથી કારણદર્શક નોટીસ આપી ખુલાસા રજુ કરવા અને રૂબરૂ રજુઆત માટે તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૩ ના રોજ સુનાવણી રાખતા મુદતે કોઈ વ્ય. કમીટી સભ્ય હાજર રહેલ ન હતા અને મંડળીના સેક્રેટરીશ્રીએ તેમના તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૩ ના પત્રથી ખુલાસા મોકલેલ હતા. જે ખુલાસા સંતોષકારક ન જણાતાં આ કચેરી મારફતે મંડળીના રેકર્ડે ખાત્રી કરાવતાં કરેલ દુરસ્તી વ્યાજબીજણાયેલ ન હતી. અને મંડળીના સેક્રેટરીશ્રીએ લેખિત નિવેદનથી નોટીસના મુદ્દાઓની વાસ્તવિક દુરસ્તી કરી, બોર્ડની મીટીંગમાં રજુ કરી, મંડળીના ચેરમેનશ્રી સાથે અત્રેની કચેરી. તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ના રોજ બહાર રહેવા જણાવેલ હતું. પરંતુ હાજર રહેલ ન હતા. ત્યારબાદ મંડળીના તમામ વ્ય. કમીટી સભ્યોને રૂબરૂ સુનાવણી માટે તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૩ ના રોજ હાજર રહેવા જણાવતાં મુદતે ફક્ત બે જ વ્ય. કમીટી સભ્યો હાજર રહેલ હતા અને કોઈ જ ખુલાસા રજુ કરેલ ન હતા અને બીજી મુદતની માંગણી કરી ઓકટોબર, ૧૯૯૩ ના રોજની મુદત આપવામાં આવેલ હતી. જે મુદતે કોઈ જ હાજર રહેલ નથી કે નોટીસના કોઈ જ ખુલાસા રજુ કરેલ નથી આમ સંસ્થાના વ્ય. કમીટી સભ્યોને વારંવાર મુદતો આપવા છતાં કારણદર્શક નોટીસના નીચે જણાવેલ મુદ્દાઓની દુરસ્તી કે અમલ કરવામાં નિષ્કાળજી દાખવેલ છે.

(૧) સંસ્થામાં તારીખ ૩૦મી જૂન, ૧૯૯૩ આખરે એકત્ર ખોટ રૂા. ૫,૨૮,૨૭૫.૦૫ છે. છેલ્લા સાત વર્ષથી સતત ખોટમાં કામ કરે છે. દિન-પ્રતિદિન ખોટનું પ્રમાણ વધતુ જાય છે. જેમાં તમામ ફંડો ચવાઈ ગયેલ છે. જે ખોટ સરભર કરવા વ્ય. કમીટી તરફથી કોઈ જ પગલાં ભરવામાં આવેલ નથી.

(૨) મંડળીમાં ધિરાણ લેતા સભ્યોની સંખ્યા ઘટતી જાય છે અને સભ્યો અન્ય જગ્યાએથી ધિરાણ મેળવે છે. જે અંગે કમીટીએ કોઈ જ કાર્યવાહી કરેલ નથી.

(૩) મંડળીના સેક્રેટરી નિયમિત ફરજ પર હાજર રહેતા નથી હિસાબો નિયમિત લખાતા નથી. લાંબા સમય સુધી બીનજરૂરી સિલકો હાથ પર રાખી અવાર નવાર ઉચાપતો કરે છે. તેમ છતાં આ અંગે કમીટીએ કોઈ જ પગલાં ભરેલ નથી.

(૪) મંડળીના સેક્રેટરીશ્રીના તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૨ ના રોજ સિલક ઉચાપત રૂા. ૧૮,૧૧૩.૯૭ કરેલ છે. જે નાણાં કોઈ રીતે કમીટી લવાદો દાવો દાખલ કરેલ નથી કે અન્ય વસુલ લેવા વસુલાત કરવા પ્રયત્નો કરેલ નથી.

(૫) મંડળી પાસે સરકારશ્રીના દેવાફેડવા લોન રૂા. ૬૫,૨૮૪.૧૪ મુદતવીતી છે જે લોન પરત ભરપાઈ કરવા અવારનવાર સુચના આપવા છતાં ભરવામાં આવતી નથી.

(૬) સંસ્થાના કેટલાક વ્ય. કમીટી સભ્યો મીટીંગોમાં નિયમિત હાજરી આપતા નથી. પરિણામે મીટીંગો નોન કોરમ થાય છે. તેમજ ત્રણ વ્ય. કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર હોવા છતાં દુર ન કરતાં હોદ્દા પર ચાલુ રાખવામાં આવેલ છે.

(૭) વ્ય. કમીટી તરફથી સભાસદો પાસે બાકી પડતાં મુદતવીતી કર્જની વસુલાત અંગે કોઈ જ પગલાં ભરવામાં આવેલ નથી.

૨. આમ ઉપરોકત મુદ્દાઓ સંબંધમાં સંસ્થાની વ્ય. કમીટી કાયદા, કાનુન, અને પેટાનિયમથી સુપ્રત થયેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. અને ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાએ પણ તેના આમુખ-૪માં જણાવેલ પત્રથી સંમતિ આપતાં, સંસ્થાની વ્ય. કમીટીને દુર કરી વહીવટદારની નિમણુંક કરવી જરૂરી જણાતાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

હું નીચે સહી કરનાર શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધી પેથાપુર સેવા સહકારી મંડળી લી. પેથાપુર તા. ઝાલોદ, જિલ્લો પંચમહાલની વ્ય. કમીટીને દુર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી., ગોધરાની નિમણુંક નીચેની શરતોને આધીન કરું છું.

શરતો :—

(૧) વહીવટદારની નિમણુંકની મુદત હુકમની તારીખથી બે વર્ષ સુધીની રહેશે

(૨) **વહીવટદારશ્રીએ** મંડળીના તમામ ચાર્જ તુરત જ મંડળીની **વ્ય. કમીટી** પાસેથી મેળવી તેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

(૩) આ કચેરી તરફથી વખતોવખત આપવામાં આવતી સુચનાઓને આધીન મંડળીનો વહીવટ કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ કરેલ કામગીરીનો માસિક પ્રગતિ રીપોર્ટ દર માસે નિયમિત પાંચમી તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે.

(૫) વહીવટદારશ્રીએ મહેનતાણા પેટે કોઈપણ જાતનો ખર્ચ મંડળીમાં ઉધારવાનો રહેશે નહીં.

ગોધરા, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/દઅમ/સ. ૨૭૦૧૯/ ક-૪/૪૫૩/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ઝાલાવાડા, બડેસરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : ઝાલાવાડા બડેસરા, તાલુકો : લુણાવાડા, જિલ્લો : પંચમહાલ.

સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૪.

INDEX

વાંચ્યો :—

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧લી માર્ચ, ૧૯૯૪ ના પત્ર નં. ફડચ/૦૬૫૩/જ/૮૪ ની દરખાસ્ત.
(૨) શ્રી સબ ઓડીટર, સ. મં. (લી.રી.) ગોધરાના ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક : ફડચ/ /ચ/૪૨૪/૯૪.—ધી ગામડી મરઘાં ઉછેર અને ઈંડા ઉત્પાદક સહકારી મંડળી લી. ફડચામાં મુકામ : ગામડી, તાલુકો : ઝાલોદ, જિલ્લો : પંચમહાલની નોંધણી તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૮૧ ના રોજથી નોંધણી નં. ઉ/૮૦૯૯ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૫૧૪, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૩ થી કરવામાં આવેલો હતો. જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧લી માર્ચ, ૧૯૯૪ ના પત્ર નં. : ફડચ/૦૬૫૫/જ/૮૩/૯૪ ની દરખાસ્ત.
(૨) શ્રી ઓડીટર, સ. મં. (ગ્રાહક) ગોધરાના ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ /ચ / ૪૩૨ / ૯૪.—ધી નવા મુવાડા ગ્રાહક સહકારી મંડળી લી. ફડચામાં મુકામ : રાયપાળીયા, તાલુકો : સંતરામપુર જિલ્લો : પંચમહાલની નોંધણી તારીખ ૧૦મી માર્ચ, ૧૯૮૬ ના રોજથી નોંધણી નં. સે-૨૨૦૦૭ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૩૫૭, તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૩ થી કરવામાં આવેલો હતો. જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) મદદનીશ સહકારી અધિકારી (ઓડીટ) સદર કચેરીનો તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૩ નો પત્ર.
(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ અને તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૪ નો વચગાળાનો હુકમ.
(૪) સંસ્થાના હોદ્દેદારોનું તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૩ નું નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. : ઉખસા/૦/ફડચ/૦૧/ચ / ૫૧૭ / ૯૪.—ધી મેત્રાલ વિભાગ મજુર કામદાર સહકારી મંડળી લી. મેત્રાલ, અત્રેની કચેરીના જા.નં. ફડચ/૦૧/ચ/૧૫૩ તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૪ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/દસમ/સે. ૨૭૦૨૦/ક. ૪/૬૩૧ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી શેરો (ઉંદરા) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. શેરો મર્યાદિત સ્થળ . શેરો, પો. ઉંદરા, તાલુકો લુણાવાડા, જિલ્લો : પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/દસમ/સે. ૨૭૦૨૧/ક.૪/૬૩૨/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી નાની ઢઢેલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : નાની ઢઢેલી, તાલુકો : સંતરામપુર, જિલ્લો : પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

સે. ક્રમાક ઉખસ/નધણ/સે. ૨૭૦૨૨/ક.૪/૬૩૩/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ચિચાણી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : ચિચાણી, તાલુકો : સંતરામપુર, જિલ્લો : પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

INDEX

સે. ક્રમાંક ઉખસ/નધણ/સે-૨૭૦૨૩/ક-૪/૬૩૪/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી વિરાપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : વિરાપુરા, તાલુકો : દેવગઢ-બારીયા, જિલ્લો : પંચમહાલ

સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/સે-૨૭૦૨૪/ક-૪/૬૩૫/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી આંજણવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ, આંજણવા, તાલુકો સંતરામપુર, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/સે ૨૭૪૮૦/ક-૪/૬૩૭/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ભંડારાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી મર્યાદિત સ્થળ : ભંડારા, તાલુકો : સંતરામપુર, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/દસમ/સે./૨૭૪૭૮/ક-૪/૬૩૮ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, ગોધરા સહકારી મંડળીઓ આથી જાહેર કરે છે છે કે, ધી કુબેરના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કુબેરના મુવાડા, તાલુકો સંતરામપુર, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/સે. ૨૭૪૭૭/ક-૪/૬૩૯ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી રુધનાથપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : રુધનાથપુરા, તાલુકો : સંતરામપુર, જિલ્લો : પંચમહાલ.

સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/સે. ૨૭૪૭૬/ક-૪/૬૪૦/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ઝાબ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ઝાબ. તાલુકો : સંતરામપુર, જિલ્લો : પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/સે. ૨૭૦૨૫/ક-૪/૬૪૧/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ડોડીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : ડોડીયા, તાલુકો : સંતરામપુર, જિલ્લો : પંચમહાલ.

સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

ક્રમાંક ઉખસ/નધણ/સે-૨૭૪૭૯/ક-૪/૬૪૨/૧૯૯૪.— જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ખટુકપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ખટુકપુર તાલુકો શહેરા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

ક્રમાંક ઉખસ/નધણ/મસમ/ઉ-૧૦૫૪૫/ક-૪/૬૬૪/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી મારવાડી મજૂર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ગોધરા. તાલુકો ગોધરા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

વાંચ્યો :

(૧) સબ ઓડીટર સહકારી મંડળી સંતરામપુરનો તારીખ ૨જ નવેમ્બર, ૧૯૯૩ થી આવેલ ખાસ અહેવાલ.
(૨) અત્રેનો તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૪નો વચગાળાનો હુકમ

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/ચ/૫૮૭/૧૯૯૪.—ધી રળીયાતી ભુર પિયત સહકારી મંડળી લી. રળીયાતીભેરા તાલુકો ઝાલોદ, અત્રે કચેરીના જા. નં ફડચ/૦૧/ચ/૨૯૧ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદે

INDEX

કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતા મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૪.

સે.ક્રમાંક ઉખસ/નધણ/દસમ/સે-૨૭૪૮૧/ક-૪/૭૧૧/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી આદીવાસી નાની લછેલી વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ નાની લછેલી, તાલુકો દાહોદ, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૪.

સે. ક્રમાંક /ઉખસ/નધણ/સે-૨૭૪૮૨/ક-૪/૭૯૦/૧૯૯૪.— જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે ધી માલીવાડ ફળીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. માલીવાડ ફળીયા મર્યાદિત સ્થળ મોકમસિહના ભેવાડા, તાલુકો લુણાવાડા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/સે-૨૭૪૮૩/ક-૪/૭૯૧/૧૯૯૪.— જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી માલીયાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ માલીયાના મુવાડા, તાલુકો લુણાવાડા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/સે-૨૭૪૮૪/ક-૪/૭૯૨/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે ધી સુકા ટીમ્બા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સુકા ટીમ્બા, તાલુકો સંતરામપુર, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪.

વંચાણમાં લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૮૧ હેઠળની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ ખાતા ના જાહેરનામા નં. જીએચકેએચ / ૨૪ / ૯૧ / ડીડીસી / ૧૧૮૮ / ૩૨૦૪ / જે, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧ થી સુપ્રત થયેલ અધિકારી.

(૩) આ કચેરીના પત્ર નં. સવન/૦૩૧/ ચ/ ૩૪૪/૯૪, તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, ૧૯૯૪ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૪) ધી સાદરા સેવા સહકારી મંડળી લી., શહેરા, જિલ્લો પંચમહાલના વ્યવસ્થાપક કમીટી સભ્યોએ તારીખ ૧૭ મી માર્ચ, ૧૯૯૪ ના પત્રથી કરેલ લેખીત ખુલાસા.

(૫) ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી., ગોધરાના બોર્ડ ઓફ ડીરેકટર્સની તારીખ ૨૮ મી માર્ચ, ૧૯૯૪ ના રોજ મળેલ મીટીંગના ઠરાવ નં. ૮(૧૯) થી આપવામાં આવેલ સંમતી.

પ્રસ્તાવના

જાવક નંબર સવન / ૦૩૧ / ચ / ૮૭૨/૯૪.— ધી સાદરા સેવા સહકારી મંડળી લી., તાલુકા શહેરા, જિલ્લો પંચમહાલ તે સહકારી કાયદા કાનુન હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદરહુ મંડળીની વ્યવસ્થાપક કમીટી સહકારી કાયદા કાનુન અને પેટા-નિયમથી સુપ્રત થયેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું મંડળીના તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૨ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૨ સુધીના ઓડીટ દરમ્યાન જણાતા સંસ્થાની વ્યવસ્થાપક કમીટીને આ કચેરીના આમુખ-૩ માં જણાવેલ પત્રથી કારણદર્શક નોટીસ આપી દિન-૧૫ માં ખુલાસા કરવા અને રૂબરૂ રજુઆત માટે સુનાવણી તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૪ ના રોજ રાખવામાં આવેલી હતી. અને સદરહુ સુનાવણીની તારીખે સંસ્થાના ૯ વ્યવસ્થાપક કમીટી સભ્યોપૈકી પાંચ સભ્યો એ રૂબર હાજર રહી નોટીસના લેખીત તેમજ મૌખિક ખુલાસા રજુ કરેલ છે. જે ખુલાસા કાયદા કાનુન અને પેટા નિયમ જોગવાઈ ઓને સુસંગત જણાવેલ નથી જે મુદ્દાઓ નીચે મુજબ છે.

(૧) મંડળીએ ખરીફ-૯૨ ની સીઝનમાં સભાસદોને જે ટુંકી-મુદતનું ધીરાણ કરેલ છે તે પૈકી ૩૯ સભ્યોએ અગાઉ લીધેલ કર્જ ખરેખર ચુકતે ભરપાઈ કરેલ નથી અને માજી મંત્રીશ્રીએ કર્જ ખાતા વહીમાં ખાતા ચુકતે થયેલ હોવાની ખતવણી કરેલ છે અને જે રકમો ખરેખર જે તે સભ્યો પાસેથી વસુલ આવેલ નથી કે રોજમેળમાં પણ જમા થયેલ નથી. આવા સભ્યોને નવીન ધીરાણ કરવા માટે માજી મંત્રી શ્રી તરફથી ડીમાન્ડ રજુ થતાં વ્યવસ્થાપક કમીટીએ પુરેપુરી ખાત્રી કર્યા સિવાય સેક્રેટરી અને બેંક ઈન્સ્પેકટરશ્રીના વિશ્વાસ ઉપર ડીમાન્ડ મંજુર કરેલ છે. આમ વ્ય. કમીટીએ ખોટી રીતે ડીમાન્ડ મંજુર કરી, બેંકની ધીરાણ નિતી અને મંડળીના પેટા નિયમનો ભંગ કરેલ છે. આવાજ પ્રકારનું ધીરાણ મંડળીના અગાઉના તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૧ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૧ સુધીના ઓડીટ દરમ્યાન કરેલ હોવાનું જણાય આવતા ઓડીટરશ્રીએ ઓડીટનોંધમાં ખામી નં. ૨૧ થી સુચના આપેલ હતી અને જે ઓડીટ મેમો સંસ્થાને ૧૩ મી જૂન, ૧૯૯૨ ના રોજ મોકલેલ છે. આમ વ્ય. કમીટી

સદરહુ ગેરરીતીથી વાકેફ હોવા છતાં નિષ્કાળજી દાખવી, ફરીવાર માહે જુલાઈ, ૧૯૯૨ તથા ઓગષ્ટ-૧૯૯૨ ના માસમાં પુરતી ચકાસણી કર્યા સિવાય ખોટુ ડીમાન્ડ મંજુર કરી બેંકની ધીરાણ નીતી તથા કાયદા કાનુન અને પેટા-નિયમનો ભંગ કરેલ છે.

(૨) સંસ્થાના માજી મંત્રીશ્રી તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૯૨ના રોજ ગુજરી ગયેલ છે. તેમના ફરજ દરમ્યાન રોજમેળ તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૨ સુધીનો લખેલ હતા અને તા. ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૨ આ બંધ સિલક રૂા. ૧,૨૯,૪૨૧-૦૨ હતી. આમ તેઓશ્રી ગુજરી ગયા તારીખે રોજમેળ ત્રણ માસ સુધીનો લખેલ હતો. અને મોટી રકમની સિલક હાથ પર રહેલ હતી. તેમના અવસાન બાદ રોજમેળ લખાવતા માજી મંત્રીશ્રીના સમયના અન્ય નાણાંકીય વ્યવહારો રોજમેળ લખાવતા તા. ૨૦મી ડીસેમ્બર ૧૯૯૨ના રોજ બંધ સિલક ૩૦૯૯૨૫-૧૫ રૂપિયા સામેલ હતી. આ ઉપરાંત માજી મંત્રીશ્રીએ ધીરાણમાં જુદી જુદી રીતે અન્ય રૂા. ૨૫૭૮૧૭/- ની નાણાંકીય ગેરરીતી કરેલ છે. આમ માજી મંત્રીશ્રીએ કુલ રૂા. ૪૬૭૭૪૨-૧૫ની કાયમી નાણાંકીય ઉચાપત કરેલી છે. અને તેઓશ્રી ગુજરી ગયેલ છે. જેથી નાણાં જોખમાયા છે જો વ્યવસ્થાપક કમીટીએ માજી મંત્રીશ્રીની હયાતી માં રોજમેળ તપાસ કરી હોત તો લાંબા સમય સુધી હાથ પર રાખેલ સિલક બેંકમાં ભરાવડાવી ઉચાપત થતી અટકાવી શકયા હોત પરંતુ તેમ થયેલ નથી. આ સિવાય ધીરાણમાં પણ અન્ય ઘણી ગેરરીતીઓ થયેલ હોવા છતાં વ્યવસ્થાપક કમીટીએ કાળજી રાખેલ નથી.

(૩) સંસ્થાની હાલની વ્યવસ્થાપક કમીટીમાં નીચે જણાવેલ સભ્યો મુદત વીતી બાકીદાર હોવા છતાં પેટા નિયમની જોગવાઈ અનુસાર દુર ન કરતા ચાલુ રાખી પેટા નિયમનો ભંગ કરેલ છે.

૧. જસવંતસિંહ જાલમસિંહ ડોડીયા
૨. કાભઈભાઈ વેચાતભાઈ બારીયા
૩. સ્વરૂપભાઈ મોતીભાઈ ઝાલા
૪. રાયજીભાઈ જગાભાઈ પરમાર.

૨. આમ ઉપરોક્ત મુદ્દાઓ સંબંધમાં મંડળીની વ્યવસ્થાપક કમીટી કાયદા, કાનુન અને પેટા નિયમથી સુપ્રત થયેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. અને ધી પંચ. જિ. સહ. બેંક લી. ગોધરાએ તે આમુખ-૫માં જણાવેલ ઠરાવથી સંમતી આપેલ છે. જેથી વ્યવસ્થાપક કમીટીને દુર કરી વહીવટદારની નિમણુંક કરવી જરૂરી જણાતાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

હું, નીચે સહી કરનાર શ્રી એ. વી. મછાર જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ગોધરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧(૧) હેઠળ મને મળેલી સત્તાની રૂએ ધી સાદરા સેવા સ.મં. લી. સાદરા તા. શહેરા, જિ. પંચમહાલની વ્યવસ્થાપક કમીટીને દુર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાની નિમણુંક નીચેની શરતોને આધીન કરૂં છું.

શરતો

૧. વહીવટદારશ્રીની નિમણૂકની મુદત હુકમની તારીખથી બે વર્ષ સુધીની રહેશે.
૨. વહીવટદારશ્રી એ મંડળીનો તમામ ચાર્જ તરતજ મંડળીની વ્યવસ્થાપક કમીટી પાસેથી મેળવી તેની જાણ આ કચેરીને કરવાની રહેશે.
૩. આ કચેરી તરફથી વખતો વખત આપવામાં આવતી સુચનાઓને આધીન મંડળીનો વહીવટ કરવાનો રહેશે.
૪. વહીવટદારશ્રીએ કરેલ કામગીરીનો માસિક પ્રગતિ રીપોર્ટ દર માસે નિયમીત પાંચમી તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે.
૫. વહીવટદારશ્રીએ મહેનતાણાં પેટે કોઈપણ જાતનો ખર્ચ મંડળીમાં ઉધારવાનો રહેશે નહી.

ગોધરા, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) સંસ્થાનો તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૨ થી ૩૦ મી જૂન, ૧૯૯૩ સુધીનો ઓડીટ મેમો.

(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૪ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેના તારીખ ૧૭ મી માર્ચ, ૧૯૯૪નો વચગાળાનો હુકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જાવક નંબર ઉખસ / ૦ / ફડચ / ૦૧ / ચ / ૮૫૩/૯૪.— ધી રાયપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., રાયપુરા તાલુકો ઝાલોદ અત્રેની કચેરીના જાવક નંબર ફડચ / ૦૧ / ચ / ૪૭૯ તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૪થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ ઠરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨જી મે, ૧૯૯૪.

વાંચ્યો :

(૧) સબ ઓડીટર સહકારી મંડળી, સંતરામપુરનો તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૩નો ખાસ અહેવાલ.

(૨) અત્રેથી પાઠવેલ તારીખ ૧૦ મી ડિસેમ્બર, ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેના તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૪નો વચગાળાનો હુકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જાવક નંબર ઉખસ / ૦/ ફડચ / ૦૧ / ચ / ૮૫૮/૯૪.— ધી ખેરવા મરઘાં ઉછેર અને ઈંડા ઉત્પાદક સહકારી મંડળી લી., ખેરવા, તાલુકા સંતરામપુર અત્રેની કચેરીના જાવક નંબર ફડચ/૦૧/ચ/૨૮૫ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૪ થી સદર હું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ

INDEX

અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨જી મે, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) સબ-ઓડીટર શ્રી સંતરામપુરનો તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૩ નો વહીવટી અહેવાલ.

(૨) અત્રેનો તારીખ ૧૭ મી માર્ચ, ૧૯૯૪ નો વચગાળાનો હુકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જાવક નંબર ઉખસ / ૦ / ફડચ / ૦૧ / ચ / ૮૫૯/૯૪.— ધી ગોઠીબ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ગોઠીબ,તાલુકા સંતરામપુર અત્રેની કચેરીના જાવક નંબર ફડચ/૦૧/ચ/૪૮૦ તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૪ થી સદર હું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨જી મે, ૧૯૯૪.

સે. ક્રમાંક / ઉખસ / નધણ / દસમ / સે-૨૭૪૮૫/ક.૪/૮૩૬ / ૯૪.-- જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી વાડીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વાડીયા, તાલુકો જાંબુઘોડા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૪થી મે, ૧૯૯૪.

સે. ક્રમાંક / ઉખસ / નધણ / દસમ / સે-૨૭૪૮૬ / ક.૪ / ૮૩૭/૯૪. જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ગુંદી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ગુંદી તાલુકો દે. બારીયા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આ રોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૪થી મે, ૧૯૯૪.

સે. ક્રમાંક / ઉખસ / નધણ / દસમ / સે. ૨૭૪૮૭ / ક.૪/૮૩૬/૯૪.- જિલ્લા રજિસ્ટારશ્રી સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે ધી પિપેરો દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ પિપેરો' તાલુકો લીમખેડા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૪થી મે, ૧૯૯૪.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ. ૧૯૬૧ની કલમ. ૮૧ની જોગવાઈ.

(૨) આ કચેરીનો હુકમ નં. સવન/૦૨૧/ચ/૨૦૨૩/ ૯૩/તા. ૩જી ડીસેમ્બર, ૧૯૯૩.

(૩) વહીવટદારશ્રી ધી ગોધરા વિદ્યાર્થી સહાયક ગ્રાહક સહકારી મંડળી લી. ના પત્ર નં. ૫ તા. ૨૫મી એપ્રિલ, ૧૯૯૪.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ. ૧૯૬૧ની કલમ. ૧૦૭(૧)(ખ)ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. સવન/૦૨૬/ચ/૧૦૧૮/૯૪.—ધી ગોધરા વિદ્યાર્થી સહાય ગ્રાહક સહકારી મંડળી લી. ગોધરા, તા. ગોધરા, જિ. પંચમહાલને સહકારી કાયદા, કાનુન હેઠળ નોંધાયેલી સંસ્થા છે. સદરહુ સંસ્થાની વ્ય. કમીટીને દૂર કરી વહીવટદાર તરીકે શ્રી સહકારી અધિકારી (ગ્રાહક) સદર કચેરીની નિમણુંક આ કચેરીના આમુખ. ૨માં જણાવેલ હુકમથી બે વર્ષ માટે કરવામાં આવેલ છે. વહીવટદારશ્રીએ તેમના આમુખ. ૩માં જણાવેલ પત્રથી જણાવેલ છે કે વહીવટદાર તરીકે ચાર્જ સંભાળ્યા બાદ મંડળીને કાર્યરત કરવા પ્રયત્નો કરવામાં આવેલ છે. અને કાર્યરત કરવા માટે જરૂરી ચર્ચા વિચારણા કરવા માટે તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૪ના રોજ ખાસ સાધારણ સભા બોલાવવામાં આવેલ હતી. જેમાં વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે ઠરાવ નં. ૪થી ઠરાવેલ છે કે, મંડળી પાસે હાલમાં કોઈ નાણાંકીય વ્યવસ્થા નથી તેમ અનુભવી કર્મચારીઓ નથી અને કર્મચારીઓનો પગાર મંડળી પાસે આવકના કોઈ સાધન ન હોવાથી પોસાય તેમ નથી. તેમજ શહેર વિસ્તારમાં ઓફીસ તેમજ વેપાર ધંધા માટે મકાનની કોઈ વ્યવસ્થા પણ નથી. આ સંજોગોમાં મંડળી કાર્યરત થઈ શકે તેમ ન હોવાથી ફડચામાં લઈ જવા માટે ભલામણ કરેલ છે. આ સંજોગોમાં મંડળીના વહીવટદારની સમાપ્તિ મંડળીને ફડચામાં લઈ જવા અંગે નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એ. વી મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા ધી ગોધરા વિદ્યાર્થી સહાયક ગ્રાહક સહકારી મંડળી લી. ગોધરા, તા. ગોધરા, જિ. પંચમહાલના વહીવટદાર તરીકે આ કચેરીના આમુખ. ૨થી શ્રી સહકારી અધિકારી(ગ્રાહક) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ. ગોધરાની કરેલ નિયુકિત સદરહુ હુકમની તારીખથી સમાપ્ત થયેલ જાહેર કરું છું. અને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ. ૧૯૬૧ની કલમ. ૧૦૭(૧)(ખ)ની જોગ_

વાઈ હેઠળ મંડળીને ફડચામાં લઈ જવા અંગે અંતિમ આદેશ કરું છું. તેમજ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા સદર કચેરીની નિમણુંક કરું છું.

ગોધરા, તારીખ ૨૮મી મે, ૧૯૯૪.

સે. ક્રમાંક /ઉખસ/નધણ/બચત/સે. ૪૦૨૯/ક. ૪/૯૯૧/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી દુર્ગા શકિતબચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ દાહોદ, તાલુકો દાહોદ જિલ્લો પંચમહાલ. સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.
ગોધરા, તારીખ ૨૭મી મે, ૧૯૯૪.

સે. ક્રમાંક /ઉખસ/નધણ/દસમ/સે. ૨૭૪૮૮/ક. ૪/૯૯૨/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી કુન્ડાભમરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કુન્ડાભમરી, તાલુકો સંતરામપુર, જિલ્લો પંચમહાલ. સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.
ગોધરા, તારીખ ૨૭મી મે, ૧૯૯૪.

સે. ક્રમાંક/ઉખસ/નધણ/નસબ/સે. ૪૦૩૦/ક. ૪/૧૦૫૬/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી કસ્તુરબા મહીલા બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ દાહોદ, તાલુકો દાહોદ. જિલ્લો પંચમહાલ. સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.
ગોધરા, તારીખ ૬ઠ્ઠી જૂન ૧૯૯૪.

સે ક્રમાંક/ઉખસ/નધણ/દઅમ/સે ૨૭૪૮૯/ક. ૪/૧૦૫૭/૯૪ —જિલ્લા રજિસ્ટારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી બોરડી ભગીની દુધ ઉત્પાદકોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ બોરડી સરકારી, તાલુકો દાહોદ, જિલ્લો પંચમહાલ, સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી જૂન ૧૯૯૪.

સે ક્રમાંક/ઉખસ/નધણ/દઅમ/સે ૨૭૪૯૦/૧૦૫૮/૯૪ —જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી વસ્તી પાવડી દુધ ઉત્પાદકોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ, પાવડી, તાલુકો ઝાલોદ, જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી જૂન ૧૯૯૪.

વાંચ્યા:— ૧ શ્રી ફડચા અધિકારી કચેરીના તા ૧લી જન ૧૯૯૪ ના પત્ર નં ફડચ/૦૧૩/જ/૧૬૦/૯૪ ની દરખાસ્ત
૨ શ્રી સબ ઓડીટર, સ મં (લી.રી.) ગોધરા નો ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો

હુકમ

ક્રમાંક ફડચા/૦૧/(ખ)/૧૨૦૪/૯૪ —ધી પાનમ જળાશય મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળી લી. ફડચામાં મું. સાજીવાવ, તા. શહેરા, જિ. પંચમહાલની નોંધણી તા ૧૨મી માર્ચ, ૧૯૮૫ના રોજથી નોંધણી નં. ઉ/૫૭૨૮ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચા/૦૧/ખ/૧૧૫૬/તા ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૦થી કરવામાં આવેલો હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકાર શ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમ ની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૨૪મી જૂન ૧૯૯૪.

વાંચ્યા:- ૧ શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૧લી જૂન ૧૯૯૪ ના પત્ર નં ફડચ/૬૦૭/જ/૧૬૧/૯૪ ની દરખાસ્ત
૨ શ્રી સબ ઓડીટર, સ મં (લી. રીઝર્વ) ગોધરાનો ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો

હુકમ

ક્રમાંક ફડચા/૪૬/(ખ)/૧૨૦૫/૯૪ —ધી પરથમપુર મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી ફડચામાં મું પરથમપુર, તા ઝાલોદ, જિ. પંચમહાલની નોંધણી તા. ૩૧મી મે, ૧૯૭૭ના રોજથી નોંધણી નં ઉ/૭૫૦૦ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચા/૨૯૮/ચ/૩૪૫/ તા ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૩થી કરવામાં આવેલો હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રી દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે

એ. વી. મછાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગોધરા.

ગોધરા, તારીખ ૨૪મી જૂન, ૧૯૯૪.

વાંચ્યો:-
૧ અત્રેની કચેરીનો વચગાળામાં લઈ જવાનો હુકમ જી.ઉ.કે ફડચ તા ૧૧મી નવેમ્બર ૧૯૯૩નો હુકમ.
૨ સબ ઓડીટરશ્રી સ. મં. જી. ઉ. કે. ગોધરાનો તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૦થી તા ૧૭મી મે, ૧૯૯૩ સુધીના થયેલ ઓડીટનો ઓડીટ મેમો.

INDEX

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : જીઉકે/ફડચ/૦૧/ઘ/૭૯/૯૪—ધી ઉત્તર બોડીદ્રા વિભાગ ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. મું. પો. બોડીદ્રા, બુઝર્ગ તા. ગોધરાને અત્રેની કચેરીના જા નં જી.ઉ.કે./ફડચ/૬૯૯/૯૨ તારીખ ૧૧મી નવેમ્બર ૧૯૯૨ થી સદર હુ મંડળીને ફડચામાંલઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭-ક હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી નિસ્બત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ઉદ્યોગ વડોદરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૧૬મી મે, ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ઉદ્યોગ ગોધરા.

નંબર ઉખાસ-૨૨૭૦/ધ-૧૬૩૮/૯૩.—આથી જાહેર કરે છે કે જય જલારામ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ, મર્યાદિત સ્થળ નવસારી, તાલુકો નવસારી, જિલ્લો વલસાડ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે
વલસાડ, તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૩.

નંબર ઉખસ/૨૨૮૪/ધ-૧૬૩૮૯/૯૩.—આથી જાહેર કરે છે કે રામમેરુખા એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નવસારી, તાલુકો નવસારી, જિ. વલસાડ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૩.

નંબર ઉખસ/૨૨૯૫/ધ-૧૬૩૯૦/૯૩—આથી જાહેર કરે છે કે વિશાલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ, મર્યાદિત સ્થળ બીલીમોરા, તાલુકો ગણદેવી, જિલ્લો વલસાડ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૩.

નંબર ઉખસ/૨૩૦૧/સ/૨૭૦૯૭/૯૩—આથી જાહેર કરે છે કે ધી કબીલપોર પીપલ્સ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લીમીટેડ, મર્યાદિત સ્થળ કબીલપોર, તાલુકો નવસારી, જિલ્લો વલસાડ સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા-૨) લગત જિ. રજિ. સ. મં., વલસાડ અને ફડચા અધિકારીશ્રી વાપી ગ્રાહક સહકારી ભંડાર લિ. ફડચામાંનો તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૩ નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડનો તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ભં/૯૮૭ / ક.૭/૧૦૩૭ થી કરેલ મંડળીનો ફડચાનો આદેશ.

(૩) શ્રી સબ ઓડીટર સ. મં., નવસારીનો તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૩ થી તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૩ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક / ઉખસ-ફડચ-ભ-૯૮૭/ક.૭/૨૩૦૮ / ૯૪ સને ૧૯૯૩.—શ્રી વાપી ગ્રાહક સહકારી ભંડાર લિ. વાપી, તાલુકો : પારડી, જિલ્લો : વલસાડ કે જેને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક : ભ-૯૮૭ તારીખ ૩૦મી જૂન, ૧૯૭૬ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોક્ત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચાનું કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થએલી જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩.

વાંચ્યો :—

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા-૨) લગત જિ. રજિ. સ. મં. વલસાડ અને ફડચા અધિકારી શ્રી વાઘલધરા વિ. પોલ્ટ્રી ફાર્મસ સહકારી મંડળી લિ. ફડચામાંનો તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૩ નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડનો તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ના હુકમ ક્રમાંક : ઉખસ-ફડચા-સે-૧૯૦૯૯/ ક-૭/૯૮૬ થી કરેલ મંડળીનો ફડચાનો આદેશ.

(૩) શ્રી સબ ઓડીટર સ. મં. નવસારીનો તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૯ થી તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૩ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક / ઉખાસ-ફડચ-સે-૧૭૦૯૯/ક-૭/૨૩૧૫ / સને ૧૯૯૩.—શ્રી વાઘલધરા વિભાગ પોલ્ટ્રી ફાર્મર્સ સહકારી મંડળી લિ. વાઘલધરા, તાલુકો : વલસાડ, જિલ્લો : વલસાડ કે જેને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે-૧૭૦૯૯ તારીખ ૩૦મી મે, ૧૯૮૦ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચાનું કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થએલી જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩.

INDEX

વાંચ્યો :—

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા-૨) લગત જિ. રજિ. સ.મં., વલસાડ અને ફડચાધિકારી શ્રી ડુંગરા વિ. ખેત મજુર સહકારી મંડળી લિ. ફડચામાંનો તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વલસાડને તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ ના હુકમ ક્રમાંક : ઉખસ-ફડચ-ઉ-૧૧૦૫/ક-૭/૧૦૬૦ થી કરેલ મંડળીનો ફડચાનો આદેશ.

(૩) શ્રી ઓડીટર સ. મં. (ગ્રાહક) નો તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૨ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ સુધીનો છેવટનો અન્વેષણ હેવાલ

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ-ઉ-૧૧૦૫/ક-૭/૨૩૨૨ / સને ૧૯૯૩.—શ્રી ડુંગરા વિભાગ ખેત મજુર સહકારી મંડળી લિ. ડુંગરા તાલુકો : પારડી, જિલ્લો : વલસાડ કે જેને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક : ઉ-૧૧૦૫, તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૮૧ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચાનું કામ સંપુર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થએલી જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ-૨૦ અન્વયે ફડચાની નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩.

વાંચ્યો :

(૧) શ્રી ફડચા અધિકારી લગત વ. જિ. સહ.બેંક લિ. અને ફડચાધિકારી શ્રી વંકાલ-ઘેકરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ફડચામાંનો તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ નો અહેવાલ.

(૨) શ્રી મ[illegible] જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડનો તારીખ [illegible] ડિસેમ્બર, ૧૯૮૭ ના હુકમ ક્રમાંક : ફડચ-સેદુ-૧૨૫૭૭/ધ-૧૪૦૭ થી કરેલ મંડળીનો ફડચાનો આદેશ.

(૩) શ્રી સબ ઓડીટર સ. મં., (દૂધ) વલસાડનો તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૯ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ સુધીનો છેવટનો અન્વેષણ હેવાલ.

આદેશ

આથી હું શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ નહારા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. નહારા, તા. સાવલી, જિ. વડોદરાની આમુખ (૨) ની કારણ દર્શક નોટિશ રદ કરી મંડળીનો વહીવટ સહકારી અધિકારી (દુધ) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા હસ્તક ત્રણ માસ માટે ઓબ્ઝર્વેશનમાં મુકું છું.

વડોદરા, તા ૨૫મી માર્ચ ૧૯૯૪.

એસ. પી. ભટ્ટ
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા

VAD-Part-I-89

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA–14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

(PUBLISHED BY AUTHORITY)

Vol. XLI] THURSDAY, SEPTEMBER 21, 2000 / BHADRA 30, 1922 [No. 38

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Premotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV–A, IV–B) and IV–C) Pertaining only to the Supplement to the Central Gazette.	2373-2381
Part-IA	—Orders and Notifications (Other than those published in Part IV–B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	38
Part	I-B—Government Notifications published under Land Acquisition Act only.	469-477
Part-I-L	—Notifications, Orders and Awards (other than those published in Parts I, IV–A, IV–B and IV–C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	5423-5610

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળનું.

ક્રમાંક જાહેરનામા ઉગપક/ટફક/ગણપતિ વિસર્જન/૧૬૩૯/૨૦૦૦.—વડોદરા શહેરમાં આવતી કાલે તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ ગણેશ વિસર્જન અંગેનો ધાર્મિક તહેવાર હોઈ અને જાહેર જનતાની સલામતી તેમજ ટ્રાફિક નિયમનની સરળતા જળવાઈ રહે તે હેતુથી આ જાહેરનામું તાત્કાલિક બહાર પાડવાની જરૂર હોવાથી હું જે. મહાપાત્રા, (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર અને પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨ માંની) કલમ-૩૩ (૧) (બી) થી મળેલ સત્તાની રૂએ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના કલાક ૦૯-૦૦ થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના કલાક ૦૬-૦૦ (સવારના) વાગ્યા સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગેનું જાહેરનામું બહાર પ્રસિધ્ધ કરું છું.

જાહેરનામાની વિગત

(૧) સવારના કલાક ૦૯-૦૦ વાગ્યાથી જ્યાં સુધી ગણપતિ વિસર્જન પૂર્ણ ન થાય ત્યાં સુધી ન્યાયમંદિરના ચારે બાજુનો તથા માંડવીના ચારે બાજુનો દરવાજાનો વિસ્તાર તથા સુરસાગરના ચારેય બાજુનો જુનો વિસ્તાર સંપુર્ણપણે "નો-પાર્કીંગ ઝોન" તરીકે જાહેર કરવામાં આવે છે. અને આ વિસ્તારમાં ગણપતિ વિસર્જન માટે ગણપતિની મૂર્તિઓ લઈ જનાર વાહનો તથા પોલીસ અને ગણપતિ વિસર્જનના સેવામાં જોડાયેલા બીજા ખાતાના વાહનો સિવાય બાકીના કોઈપણ વાહનો પ્રવેશ કરી શકશે નહીં.

(૨) કલાક ૦૯-૦૦ વાગ્યાથી આયુર્વેદિક દવાખાના ત્રણ રસ્તાથી પાણીગેટ થઈ માંડવી તરફ આવતો તમામ ટ્રાફિક તથા સંગમ ચાર રસ્તાથી માંડવી તરફ અને નાની શાકમાર્કેટથી ચોખંડી ચાર રસ્તા થઈ માંડવી તરફ અને તેવી જ રીતે કોઠી ચાર રસ્તાથી રાવપુરા રોડ થઈ માંડવી તરફ તથા દાંડીયા બજાર ચાર રસ્તા, માર્કેટ ચાર રસ્તાથી અને નાગરવાડા ચાર રસ્તા તથા પત્થરગેટ ચાર રસ્તાથી કોઈપણ વાહન ન્યાયમંદિર તેમજ સુરસાગર તળાવ તરફ આવી શકશે નહીં.

(૩) કલાક ૧૨-૦૦ વાગ્યાથી વિશ્વામિત્રી(બરોડા આટો મોબાઈલ્સ) થી સેન્ટ્રલ જેલ રોડ થઈ રાજમહેલ રોડ થઈ લાલબાગ થઈ ફોરવ્હીલર જઈ શકશે. અને બરોડા ઓટોમોબાઈલ્સથી આરાધના સિનેમા થઈ કોઠી ચાર રસ્તા થઈ ફોરવ્હીલર જઈ શકશે નહીં. અને તેવી જ રીતે રાજમહેલ મેઈન-ગેટથી અને નર્સિગહોમથી શહેર તરફ કોઈપણ ફોરવ્હીલર જઈ શકશે નહીં.

(૪) કલાક ૧૨-૦૦ વાગ્યાથી વિશ્વામિત્રી થઈ રાજમહેલ તરફ જવાના રસ્તેથી તથા દાંડીયાબજાર ચાર રસ્તા, માર્કેટ ચાર રસ્તા, તરફ જવાના રસ્તે તેમજ વિશ્વામિત્રી બ્રીજ થઈ આરાધના સિનેમા તરફ જવાના રોડ થઈ સલાટવાડા, નાગર-વાડા ચાર રસ્તા સુધી અને કોઠી ચાર રસ્તા સુધીનો રસ્તો ફકત ટુ વ્હીલર / થ્રી વ્હીલર જઈ શકશે.

જાહેર જનતા માટે નીચે જણાવેલ રસ્તાઓ અવર-જવર માટે ખુલ્લા રાખવામાં આવેલ છે :—

(૧) વાઘોડીયા રોડ- આજવા રોડથી આવતો તમામ ટ્રાફિક સહજાનંદ એપાર્ટમેન્ટ થી આયુર્વેદિક હોસ્પિટલ થઈ ગાજરા-વાડી પાણીની ટાંકી થઈ વિહાર સિનેમા થઈ ગંગોત્રી એપાર્ટમેન્ટ થઈ જયરત્ન બિલ્ડીંગ, સરદાર પટેલ માર્કેટ થઈ મોતીબાગ તોપ ત્રણ રસ્તા તમામ ટ્રાફિક માટે ખુલ્લો રહેશે.

(૨) સંગમ ચાર રસ્તાથી વારસીયા થઈ પાણીગેટ તરફ જવાનો રસ્તો તમામ ખુલ્લો રહેશે.

(૩) સંગમ ચાર રસ્તાથી કારેલીબાગ થઈ મુક્તાનંદ થઈ ઉત્કર્ષ સર્કલ થઈ શાસ્ત્રીબ્રીજ થઈ અલકાપુરી જવાશે. તેવી જ રીતે માણેકપાર્ક ચાર રસ્તાનો તમામ ટ્રાફિક વી.આ.ઈ.પી. રોડ થઈ અલકાપુરી તરફ જવા માટે ખુલ્લો રહેશે.

(૪) એસ. ટી. ડેપોની બસો માટેની વ્યવસ્થા સારૂ ડભોઈ તરફથી આવતી તમામ બસો પ્રતાપનગર બ્રીજ થઈ મકરપુરા પો. સ્ટેશન થઈ રાજમહેલ રોડ થઈ કિર્તીસ્તંભ અને સ્ટેશન તરફ જઈ શકશે.

(૫) વાઘોડીઆ તરફથી આવતી તમામ એસ.ટી. બસો શહેર તરફ આવી શકશે નહીં. જેના બદલે બાપોદ જકાત નાકાથી વારસીયા રીંગ રોડ થઈ અને વી.આઈ.પી. રોડ થઈ સ્ટેશન તરફ જઈ શકશે.

(૬) સીટી. એસ. ટી. ડેપોમાંથી ઉપડતી બસો જેવી કે, માંડવી, વાયા ટાવર, ન્યાયમંદિર, પાણીગેટની બસો કલાક ૧૦-૦૦ થી ગણપતિ વિસર્જન પુરો ન થાય. ત્યાં સુધી આ રૂટ ઉપર જઈ શકશે નહીં. જેના બદલે કાળાઘોડા સર્કલથી નરહરી સર્કલ થઈ ઉત્કર્ષ સર્કલ થઈ મુકતાનંદ થઈ સંગમ ચાર રસ્તા થઈ કીશનવાડી થઈ પાણીગેટ તરફ જઈ શકશે. અને તેજ રૂટ ઉપરથી પરત જઈ શકશે.

(૭) શહેર સીટી. એસ. ટી. ડેપોમાંથી જે મકપુરાની બસો વાયા ટાવર-માંડવી, નાની શાક માર્કેટ થઈ પ્રતાપનગર બ્રીજ થઈ જે બસો જાય છે. તે ઉપરોકત સમયમાં જઈ શકશે નહીં. જેના બદલે કાળાઘોડા સર્કલથી જેલ રોડ થઈ લાલબાગ સર્કલ થઈ મકરપુરા તરફ જઈ શકશે. અને તે જ રૂટની બસો વાયા દાંડીયાબજાર, માર્કેટ ચાર રસ્તા થઈ, પ્રતાપનગર લારીલપ્પા રોડ જઈ શકશે નહીં.

મેં આજરોજ. તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કો કરેલ છે.

જે. મહાપાત્રા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી.

ક્રમાંક ઉ/ગપક/એસ. બી. /ગણપતિ/જાહેરનામું/૫૬ / ૨૦૦૦.— આગામી તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ સુરત શહેરમાં યોજવામાં આવનાર ગણપતિ વિસર્જન-યાત્રાના રૂટ ઉપર વિસર્જન યાત્રાની સરળતા માટે તથા જાહેર વ્યવસ્થાની જાળવણી ખાતર અન્ય તમામ વાહન વ્યવહારોના ટ્રાફિક ઉપર નિયંત્રણ રાખવાની આવશ્યકતા જરૂરી બનતી હોવાથી હું કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર. મુંબઈ પોલીસ અધિ-નિયમની સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાન કરું છું કે,

તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ ગણપતિ વિસર્જન યાત્રા દરમ્યાન કલાક ૦૮-૦૦ થી વિસર્જન કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધીના સમય માટે નીચે જણાવેલા માર્ગોનો વાહન વ્યવહાર માટે બંધ રહેશે. અને બંધ કરેલા માર્ગોનો વાહન વ્યવહાર અન્ય વૈકલ્પિક માર્ગોથી પસાર થશે.

બંધ કરેલ માર્ગો	સુચવેલ વૈકલ્પિક માર્ગ વ્યવસ્થા
(૧) દિલ્હીગેટથી સીનેમાં રોડ થઈ ચોકબજાર તરફ જતો ટ્રાફિક દિલ્હીગેટથી પોલીસ ચોકી પાસેથી બંધ કરવામાં આવશે.	આ રસ્તાનો ટ્રાફિક દિલ્હી ગેટથી રીંગરોડના માર્ગે આગળ જઈ શકશે.
(૨) ગલેમંડી પોલીસ ચોકીથી-પાણીથી ટાંકી તરફ આવતો દારૂખાના રોડ ગલેમંડી ગેટથી બંધ કરવામાં આવશે.	
(૩) ગલેમંડીથી ભવાનીવડ તરફ આવતો રસ્તો ભવાની માતા મંદિર પાસેથી બંધ રહેશે.- રૂવાળા ટેકરા તરફ જઈ શકાશે નહિ.	
(૪) કાંસકીવાડાથી કળજુગ મહોલ્લો થઈ ભવાની માતાના મંદિર તરફ આવતો રસ્તો બંધ રહેશે.	
(૫) રૂવાળા ટેકરાથી શાકભાજી માર્કેટ તરફનો રસ્તો રૂવાળા ટેકરાથી બંધ રહેશે.	
(૬) નવસારી બજાર ચાર-રસ્તાથી ભાગળ તરફ કોટસફીલ રોડ વાયા રૂવાળા ટેકરા પીરછડી રોડથી દિલ્હીગેટ સુધી.	(૧) નવસારી બજાર ચાર રસ્તાથી હનુમાન ચાર રસ્તા, ગોપીપુરા ચોકી, ખપાટીયા ચકલા, ચૌટાપુલ નીચે થઈ નાણાવટ થઈ મહાનગરપાલિકાના રસ્તેથી જશે. (૨) નવસારી બજાર ચાર રસ્તા તરફથી આવતો ટ્રાફિક રાજેશ્રી સિનેમા, ઢેડ તલાવડી, કૈલાસનગર મજુરા ગેટથી રીંગરોડ જશે.
(૭) નવાપુરા કરવારોડથી પારસી શેરી તરફનો રાજમાર્ગ ચાર-રસ્તાથી બંધ કરવામાં આવશે.	
(૮) લીનીયર બસ સ્ટેન્ડ સામે હોટલ સમ્રાટની બાજુમાં ડાંગી શેરી તરફ જતો રસ્તો ટ્રાફિક અને ગણપતિ માટે બ્લોક રહેશે	
(૯) કાંસકીવાડ બસ સ્ટેન્ડથી કળજુગ મહોલ્લો તરફ જતો રસ્તો તેમજ કળજુગ મહોલ્લો શરૂ થાય તેના નાકાથી ભવાનીવાડ તરફ જતો રસ્તો વાહનો ગણપતિ માટે બંધ રહેશે.	
(૧૦) ગોળવાલા ચકલાના પશ્ચિમ તરફનો રસ્તો વાહનો તથા ગણપતિ માટે બંધ રહેશે.	
(૧૧) સૈયદપુરા પંપીગ સ્ટેશનથી હરિજનવાસ, રાણી તળાવ બસ સ્ટેન્ડ ભાજીવાળી પોળ, ભાગળ તરફ આવતા ડાબા હાથ તરફથી તમામ ગલીઓ બેરીકેટીંગ કરવાથી બંધ રહેશે.	
(૧૨) ડી.કે.એમ. મુલ્લાજીની દેવડી તરફ જવાનો રસ્તો બંધ રહેશે.	
(૧૩) રૂખમાબાઈ હોસ્પીટલથી નાણાવટ તરફ જતો રસ્તો વાહનો માટે બંધ રહેશે.	
(૧૪) લાલગેટથી સૌદાગરવાડ તથા નાણાવટ તરફ જતો રસ્તો તેમજ ચોકી પાછળની ખાલી જગ્યા વાહન વ્યવહાર અને ગણપતિ માટે બંધ રહેશે.	
(૧૫) ચોકબજાર સર્કલ પાસે ચોકબજાર પો. સ્ટે. તરફ જવાનો રસ્તો તથા ગણપતિ માટે બંધ રહેશે.	
(૧૬) ઠાકોરભાઈ મીઠાઈવાલાના ગલીની એન્ટ્રી લીમડા શેરી આગળ આવેલ બંને ગલીઓ, લાલગેટ સામે મુસા ચશ્માઘરની ગલી લાબેલા સામે ચૌટાબજારમાં જવાનો રસ્તો, રૂખમાબાઈ હોસ્પીટલની સામેની ગલી, સલીમભાઈ સોપારીવાલાના ઘર તરફ જતી ગલી સિલ્ક હાઉસનો રસ્તો તથા મ્યુઝિયમ તરફ જવાનો રસ્તો વાહનો ગણપતિ માટે બંધ રહેશે.	
(૧૭) રૂવાળા ટેકરાથી ભાગળ આવતો રસ્તો બંને બાજુ ગણપતિ તથા વાહનો માટે બંધ રહેશે.	
(૧૮) નવસારી બજારથી ચારર સ્તાથી ભાગળ કોટસફીલ રોડ વાયા રૂવાળા ટેકરા પીરછડી રોડથી દિલ્હીગેટ તરફ જવાનો રસ્તો.	
(૧૯) હોપપુલથી આવતો તેમજ ચોકબજાર ગાંધીજીની પ્રતિમા તરફ જતો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવશે.	
(૨૦) સાગર હોટલથી ગાંધીજીની પ્રતિમા તરફ આવતો રસ્તો જુની સીવીલ હોસ્પીટલ પાસેથી બંધ રહેશે.	
(૨૧) ચારા ગલીમાંથી ચોકબજાર ટ્રાફિક સર્કલ તરફ આવતો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.	
(૨૨) ગોવાલક તરફથી ખરવરનગર તરફ આવતો રસ્તો બંધ રહેશે.	

સરકારી સેવાના આવશ્યક વાહનો, પોસ્ટલ વાહનો ફાયરબ્રીગેડ, એમ્બ્યુલન્સ વાહનોનું ઉપરોકત જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજરોજ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

આજરોજ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી સક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર, સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક ડી / બી પી.એ. / ૯/૨૦૦૦.— માહે સપ્ટેમ્બર, ૨૦૦૦ના માસમાં અંબાજી મુકામે ભાદરવી પુનમનો મેળો ભરનાર હોઈ-લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારું સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાનાં યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના, અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નિતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહિ.

વાસ્તે હું એમ બી પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ મા) ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના માઈલ વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મનાઈ કરૂ છું આ હુકમ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિ-ધિકારીએ એવું કંઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારિરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૧લી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ,

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/૧૪૪/૨૦૦૦.— જિલ્લા તાલુકા પંચાયતોની આગામી દિવસોમાં સામાન્ય ચુંટણી યોજનાર છે. આ સમય દરમ્યાન જુદા જુદા હરીફ જુથો વચ્ચે ચુંટણી પ્રચાર કરવામાં આવશે. આથી આવા જુદા જુદા જુથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહીં. તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. આથી જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે, તેઓના હથિયારો સાથે લઈ જવા નહિ તે મુજબનો પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે. આથી આવા શસ્ત્રો ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. અને તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું પંકજ કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં હથિયાર પરવાનેદારોએ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાઓ લઈ જવા નહીં તથા સાથે રાખવા નહિ. હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે જાહેર ફરજ બજાવતી વ્યકિતઓ કે જેને જાતે અથવા તેના ઉપરી અધિકારીની સુચના અનુસાર આવું કોઈપણ હથિયાર જોડે રાખવું એ તેન કાયદાકીય ફરજનો ભાગ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આજરોજ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

INDEX

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી / ૧૪૪ / ૨૦૦૦.—જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી આગામી તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ યોજાનાર છે. આ ચુંટણીના સરળ સંચાલન, આચાર સંહિતા અને રાજ્ય ચુંટણીપંચનાં આદેશ ક્રમાંક રાચપ/ચટણ/જિ.તા. ગ્રાપં/સચલ / ૨૦૦૦, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૦ ની સુચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે, મતદાન મથકની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર તેમજ મતગણતરીના દિવસે મતગણતરી કેન્દ્રના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

તેથી હું પંકજ કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં મતદાનના દિવસે તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મતદાન મથકની આસપાસના ૧૦૦ મીટરનાં વિસ્તારની અંદર તેમજ મતગણતરીના દિવસે તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૦, ૨૭મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ મતગણતરી કેન્દ્રના સમગ્ર વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહી :

(૧) ચુંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ ચુંટણી અધિકારીશ્રી, મદદનીશ ચુંટણી અધિકારીશ્રી તથા ચુંટણી ફરજ પરના તમામ અધિકૃત વ્યકિતઓ તથા ચુંટણી સંકળાયેલ પોલીસ અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા મદદનીશ ચુંટણી અધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

(૩) ચુંટણી પંચ દ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ.

આજરોજ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

———

પંકજ કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર (૩) મુજબ

ક્રમાંક એમ.એ.જી/વશી/૨૪૪૩થી ૨૪૮૩.-ગુજરાત રાજ્ય ચુંટણી પંચ ગાંધીનગર દ્વારા સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ મતદાન થનાર છે. ગુજરાત રાજ્ય ચુંટણી પંચ ગાંધીનગરે રાજકીય પક્ષો તથા સરકારી તંત્ર વગેરે માટે આચાર સંહીતા અમલમાં મુકી છે.

ગુજરાત રાજ્ય ચુંટણી પંચ ગાંધીનગરના હુકમ નંબર-૧/એલઈસી સીઓસી લાઉડસ્પીકર તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૫ આપવામાં આ આવેલ આદેશ મુજબ ચુંટણી જાહેર થયા પછી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણી લડતા ઉમેદવારો અને તેમના ટેકેદારો કાર્યકર્તાઓ તથા સમર્થકો ચુંટણી પ્રચારના ઝુંબેશ માટે લાઉડસ્પીકરનો ઉપયોગ સભાના ચોકકસ સ્થળે તથા ટ્રક ટેમ્પો કાર જીપ ટેક્ષીવાન, રીક્ષા સ્કુટરો સાયકલ વગેરે જેવા વાહનો ઉપર લાઉડ સ્પીકર ગોઠવીને લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવે છે જે ખુબ ઉંચા અવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકર સાથેના આ વાહનો તમામ માર્ગો શેરીઓ અને ગલીઓમાં વહેલી સવારથી મોડી રાત સુધી ફરે છે. આના કારણે થતા ઘોંઘાટથી સામાન્ય જનજીવન અને ખાસ કરીને વૃધ્ધો બિમાર વ્યકિત તથા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી પડે છે. જેથી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરનો ઉપયોગ અયોગ્ય સમયે અયોગ્ય સ્થાને વિવેકહીન તેમજ બેફામ ઉપયોગ કરવા પર વ્યાજબી નિયંત્રણ મુકી લાઉડસ્પીકરનો ઉપયોગ સંયમ પૂર્વક થાય અને નાગરીકોની મુશ્કેલીઓનો ખ્યાલ રખાય તે હેતુથી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર વ્યાજબી નિયંત્રણ મુકવું આવશ્યક જણાય છે.

વાસ્તે હું શ્રી ર. ન. યાજ્ઞિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપળા મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) આર (૩) બી થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરું છું.

(૧) જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયત ચુંટણીની જાહેરાતની તારીખથી શરૂ થતી અને ચુંટણીના પરિણામની તારીખ પુરી થતી સમગ્ર મુદત દરમ્યાન ચુંટણી કાર્યના હેતું માટે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ચુંટણી લડતા ઉમેદવારો તથા તેમના ટેકેદારો પ્રચારકો વિગેરે તેમના વતી કામ કરતી વ્યકિતઓ સંસ્થાઓ કોઇ પણ પ્રકારના અગર તે સિવાય વાહન ઉપર ફીટ કરેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૨૨-૦૦ કલાક સુધી જ કરી શકશે. અને આ માટે સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૨) કેટલીકવાર ચુંટણી લડતા ઉમેદવાર તેમના રાજકીય પક્ષો તેમના ટેકેદારો લાઉડસ્પીકર વાહનમાં લગાડી વાહન ચાલતું જાય તેમ તેમ તેનો ઉપયોગ કરતા હોય છે. આ રીતનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક થી રાત્રીના ૨૨-૦૦ કલાક સુધી જ થઈ શકશે. જે માટે સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ મંજૂરી મેળવવી ફરજીયાત છે લેખીત મંજૂરી મેળવ્યા વિના વાહન ઉપર લાઉડ સ્પીકરનો ઉપયોગ થઈ રહયો હોય તેવા વાહનો લાઉડ સ્પીકર સાથે અને તે અંગે વપરાતાં તમામ સાધનો સહિત તરત જપ્ત કરવામાં આવશે.

(૩) કોઈપણ જાહેરસભામાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારનાં ૬-૦૦ કલાકથી રાત્રીનાં ૨૨-૦૦ કલાક સુધી જ કરી શકશે.

(૪) જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની ચુંટણી લડતાં ઉમેદવાર, રાજકીયપક્ષ, તથા તેના ટેકેદારો લાઉડ સ્પીકર કોઈ ચાલતાં વાહન પર લગાડી ઉપયોગ કરવા માંગતા હશે તો કયું વાહન એટલે કે ટ્રક, ટેમ્પો, જીપ, કાર, ટેકસી, રીક્ષા, સાયકલ રીક્ષા છે તેનાં રજિસ્ટ્રેશન નંબર અને અન્ય ઓળખ નંબર વગેરે બાબતોની સંબંધિત સત્તાધિકારીએ આપેલી પરમિટો ઉપર ઉપર નિર્દેશ કરવો અને સક્ષમ અધિકારીએ આપેલ પરવાનગી આમ જનતા જોઈ શકે તે રીતે સંબંધ કરતા વાહનપરે લગાડવાની રહેશે.

આ પ્રકારની પરવાનગી વાહન ઉપર લગાડયા સિવાય જો લાઉડ સ્પીકરનો ઉપયોગ થતો હશે તો લાઉડ સ્પીકર તથા તેનાં જોડાણ સાથે સંકળાયેલ તમામ સાધન સામગ્રી સહિત જપ્ત કરવામાં આવશે.

INDEX

(૫) ફરતાં વાહન ઉપર અથવા કોઈ નિશ્ચિત સ્થળે કોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતાં તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો,ટેકેદારો અથવા અન્ય દરેક વ્યકિતઓ મતદાર વિભાગનાં ચુંટણી અધિકારીને અને સ્થાનિક પોલીસ સત્તાવાળાને આવા કોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતાં પહેલાં પોતે મેળવેલ પરવાનગીની પુરી વિગતોની જાણ કરવાની રહેશે ફરતાં લાઉડ સ્પીકરનાં કિસ્સામાં વાહનોના રજિસ્ટ્રેશન / ઓળખ નંબર ચુંટણી અધિકારી અને સ્થાનિક પોલીસ સત્તાધિકારી પાસે નોંધાવવાનાં રહેશે.

લાઉડ સ્પીકરનાં ઉપયોગ માટેનાં ઉકત આદેશોનો ચુસ્તપણે અમલ કરાવવાની જવાબદારી લાઉડ સ્પીકરનાં ઉપયોગ માટે પરવાનગી આપતાં રાજય સરકારનાં સત્તાધિકારીશ્રીઓ અને સ્થાનિક પોલીસ સત્તાધિકારીશ્રીઓની રહેશે.

આ હુકમ ચુંટણી પ્રક્રિયા પુરી-થાય ત્યાં સુધી એટલે કે તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વંચાણમાં લીધું :—

૧) રાજય ચુંટણી પંચ ગુજરાત રાજય ગાંધીનગરના આદેશ ક્રમાંક : એસઈસી-ઈએલસી-સીઓસી-૧૬-૧૯૯૯, તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૯.

(૨) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૧૭ (૩) (ખ).

હુકમ

ક્રમાંક એમ.એ.જી./જાહેરનામું/વશી / ૨૪૮૪ થી ૨૫૧૪.—રાજય ચુંટણી પંચ ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સામાન્ય ચુંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મતદાન થનાર છે. નર્મદા જિલ્લામાં ચુંટણીનું કાર્ય સરળતાથી અને શાંતિપૂર્વક પુરું થાય તથા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં લેતા જાહેર સુલેહશાંતિ અને સુરક્ષાની જાળવણી માટે નર્મદા જિલ્લાના વિસ્તારમાં આવેલ અગ્નિશસ્ત્રોનાં પરવાનેદારો પાસેથી તેમના અગ્નિ શસ્ત્રો નજીકના પોલીસ સ્ટેશને જમા કરાવવાનો આદેશ આપવાનું જરૂરી જણાય છે.

વાસ્તે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૧૭ (૩) (ખ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી ર. ન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપળા, તમારા પરવાના હેઠળનું અગ્નિશસ્ત્ર તથા દારૂગોળો આ હુકમ મળ્યેથી તાકીદે નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી અધિકૃત પહોંચ મેળવી લેવા આદેશ ફરમાવું છું.

જે પરવાનેદારોએ તેઓના પોતાના કબજા હેઠળનું અગ્નિશસ્ત્ર તથા દારૂગોળો નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવામાં કસુર કરેલાનું માલુમ પડશે તો તેના પરવાનેદારો વિરૂધ્ધ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ હેઠળ કાનુની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો. આ આદેશ હેઠળ પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ અગ્નિશસ્ત્ર તથા દારૂગોળો ચુંટણી પ્રક્રિયા પુરી થયા બાદ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૨૦૦૦ પછીના એક અઠવાડિયામાં પરત મેળવી લેવા.

નર્મદા-રાજપીપળા, તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦.

વાંચ્યો :—

(૧) રાજય ચુંટણીપંચ ગુજરાત રાજય ગાંધીનગરનાં આદેશ નંબર-૮ ઈએલઈસી-સીઓસી-કટઆઉટ-બેનર્સ વિગેરે પ્રદર્શિત કરવા પર નિયંત્રણ તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫.

(૨) મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ઘ) (ક) મુજબ.

હુકમ

ક્રમાંક એમ.એ.જી. / જાહેરનામું / વશી / ૨૫૧૫ થી ૨૫૩૮.—રાજય ચુંટણીપંચ ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણીઓ માટેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ ચુંટણીની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. અને તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મતદાન થનાર છે. આ ચુંટણીમાં ઠરાવેલ ખર્ચની મર્યાદાની અસરકારક જાળવણી બાબતે તથા ચુંટણી આચારસંહિતાનો અસરકારક અમલ મૂકવા તથા ન્યાયી તથા મુકત ચુંટણીઓના હિતાર્થે તથા ચુંટણી પ્રક્રિયા દરમ્યાન સામાન્ય જનતાને તથા વાહન ચાલકોને વાહન વ્યવહારની સમસ્યા નડે નહીં અને મોટા બેનર્સ, કટઆઉટ, હોર્ડિંગ્સ, ધ્વજ, પતાકાં, ભીંતચિત્ર વિગેરે દ્વારા વાહન ચાલકનું ધ્યાન આવા ધ્યાનાકર્ષક વસ્તુઓ તરફ જવાના કારણે અકસ્માત થવાનો સંભવ રહે છે. તે શકયતાના નિવારણ ના હેતુથી નીચે મુજબ હુકમ કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું શ્રી ર. ન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ઘ) (ક) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું.

(૧) જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણી લડતા ઉમેદવારો, ટેકેદારો, પ્રચારકોએ કોઈ રાજકીય પક્ષ, એસોશીએશન સંસ્થા કે સ્થાનિ સત્તામંડળ વગેરેએ કટ આઉટ / પાટીયા બેનર્સ વગેરે કોઈ સ્થળે મૂકતાં પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, ચુંટણી અધિકારીશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નર્મદા તથા ચુંટણી સંચાલન સાથે સંકળાયેલ અન્ય સત્તાધિકારીઓને કરવાની રહેશે.

(૨) ચુંટણી લડતા ઉમેદવારો, ટેકેદારો, કાર્યકરો, પ્રચારકો કોઈ રાજકીય પક્ષો કે સંસ્થાઓ એ કટ આઉટ, જાહેરાતના પાટીયા, બેનર્સ, પતાકા, વગેરે કોઈ મુખ્યમાર્ગ પર ચાર રસ્તા પર, સરકારી મકાનો, પર કે, સ્થાનિક સત્તા મંડળ વગેરે હસ્તકની જાહેર મિલકતો પર વિજળીના કે ટેલીફોનના થાંભલા પર પ્રસ્થાપિત કરી શકાશે નહીં. સરકારી જમીન ઉપર કટઆઉટ, બેનર્સ, જાહેરાતના પાટીયા, પતાકા વગેરે રાખી શકાશે નહીં.

(૩) કોઈ રાજકીય પક્ષ, એસોશીએશન સંસ્થા મંડળ કે વ્યકિત સ્થાનિક કાયદા હેઠળ સ્થાનિક સત્તામંડળ જેવા કે નગરપાલિકા, પંચાયત વિગેરેની લેખિત પરવાગી વગર આવા કટઆઉટ, હોર્ડિંગ્સ, વગેરે પ્રસ્થાપિત કરી શકાશે નહીં.

(૪) જો કટઆઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ વગેરે ખાનગી માલિકીની જગ્યાના માલિકીની લેખિત મંજુરી લીધેલી હોવી જોઈશે. અને નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) હોર્ડીંગ્સની સાઈટ ૧૫ ફટ × ૮ ફટથી વધારે હોવી જોઈશે નહીં.

(૨) કટઆઉટની ઉંચાઈ ૮ ફટથી વધવી જોઈએ નહીં.

INDEX

આ મંજુરી જિલ્લા ચુંટણી અધિકારી, જિલ્લા પોલીસ અગર તેઓએ અધિકૃત કરેલા અધિકારો, નાયબ કલેકટરશ્રી, મામલતદારશ્રી, મદદનીશ ચુંટણી અધિકારી, નાયબ અધિકારીશ્રી, તથા તેમનાં હાથ નીચેનાં પોલીસ અધિકારીઓ જ્યારે માંગે ત્યારે તેઓ સમક્ષ મંજુરી રજુ કરવાની રહેશે.

(૫) ખાનગી મિલકતોમાં હોર્ડીંગ્સ, કટઆઉટ, વગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુસાર એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, અને મામલતદારશ્રી / સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલી હોવી જોઈએ.

આ હુકમનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ર. ન. યાજ્ઞિક,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપળા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ-રજિ. નં. ૪૨ / ૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ મા.) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી તાલુકા / જિલ્લા પંચાયત ચુંટણી પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૦ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઘ) વ્યક્તિઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(ચ) અપમાન કરવાના ઈરાદાથી, બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી :

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ની ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૩૭ (૩) અન્વયે :

નં. : ડીસીબી / એમએજી/બીપીએ/રજિ. નં. ૪૩ / ૨૦૦૦.—જિલ્લામાં આગામી તાલુકા / જિલ્લા પંચાયત ચુંટણી પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૦ સુધી (બંને દિવસો સુધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

INDEX

હુકમ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩).

નંબર ઉ/મકપ/મજસ/વશી ૩૪૪૫ થી ૩૪૫૫.—પંચમહાલ જિલ્લાના સંતરામપુર ખાતે સંતરામપુર પોલીસ સ્ટેશનની હદમાં સંતરામપુર ટાઉન તથા પ્રતાપપુરા ગામે રવાડીનો મેળો, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી રાત દિવસ દરમ્યાન ભરાનાર છે. આ મેળામાં પંચમહાલ, દાહોદ, સાબરકાંઠા જિલ્લાઓ ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ રાજ્યોમાંથી ઘણા મોટા પ્રમાણમાં માનવમેદની એકત્ર થાય તેમ છે. ચાલુ વર્ષે ચોમાસાનો વરસાદ ઘણો જ ઓછો થયેલ હોઈ, અને સંતરામપુર નગરમાં પીવાના પાણીની તંગી હોઈ, જાહેર વ્યવસ્થા સ્વાસ્થ્યના હેતુ માટે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવાના હેતુથી, "રવાડી" ના મેળામાં લોકોને એકત્ર થતા રોકવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગોધરા, આથી ફરમાવું છું કે તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી સંતરામપુર ટાઉન તથા પ્રતાપપુરા ખાતે "રવાડી" ના મેળા માટે લોકોએ એકત્ર થવું નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર શખ્સ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગોધરા, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦.

એચ. કે. કટારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૪) મુજબ

નંબર પલસ / તા પં / જિ પં ચુંટણી / ૨૦૦૦ — સુરત જિલ્લા ના પોલીસ કમિશનર વિસ્તાર સિવાયના સુરત ગ્રામ્ય પોલીસની હદના વિસ્તારમાં આવેલ મતદાન મથકોના કંપાઉન્ડની દિવાલની ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તારીખ ૨૩ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ મતદાન પુરૂ થાય ત્યાં સુધી કોઈપણ વ્યકિત કે રાજકીય પક્ષના કે અપક્ષના કાર્યકરોને (૨૦૦) મીટરની અંદર મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવાની પ્રવેશ કરવાની કે તેનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

આર. જે. માકડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પી.ઓ.એલ. / વશી-૩૦૮૨-૯૧ / ૨૦૦૦.— મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ-આહવા, આગામી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીના સંદર્ભે સમગ્ર ડાંગ જિલ્લામાં જાહેર શાંતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૦મી સપ્ટેમ્બર. ૨૦૦૦ થી તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૦ (બન્ને દિવસો સહિત) ના સમયગાળા માટે નીચે જણાવેલ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદુક, ચપ્પુ, છરી, લાકડી. અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા. બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારી ડાંગ આહવા કે તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ. આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૧૦મી સપ્ટેમ્બર. ૨૦૦૦ ના રોજ મારી સહી કરી સિક્કા કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭ (૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ / વશી-૩૦૯૨-૩૧૦૧ / ૨૦૦૦.— ડાંગ જિલ્લા / તાલુકા પંચાયતની ચૂંટણીના સંદર્ભે જાહેર શાંતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ માં) ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી ડી. યુ. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ફરમાવું છું કે સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારના કોઈપણ સમય માટે તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ (બંને દિવસો સહિત) ના સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં તેમજ ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્ર કે ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને;

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને ;

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને ;

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને

સદરહું હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

REGISTERED No. G—BA-14 - E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLI] THURSDAY, SEPTEMBER 28, 2000 / ASVINA 6, 1922 [No. 39

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications Appoinment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaintng only to the Supplement to the Central Gazette.	2382-2391
Part-I-A	Order and Notification, (other than those published in Part IV-B) order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Act, pertaining only to Supplement to the Central Gazette.	39-40
Part I-B	Government Notifications published under Land Acquisitions Act only.	478-483
Part I-L	Notification, Order and Award other than those published in Parts I, IV-A, IV-B and IV-C. under (Central Industrial) Disputes Act and Gujarat Industrial Relations Act.	5611-5806

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ / ગપક / ૪૯૩ / વિ.શા. / ૨૦૦૦.— અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૩) થી મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨ જી ઓગષ્ટ, ૨૦૦૦ કલાક ૦૦--૦૦થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૦ના કલાક ૨૪--૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :— અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :— આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯ મી માહે જુલાઈ સને ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૬ (ગ) (ઘ) મુજબનો હુકમ.

નંબર ઉ / ગપક / ૫૦૦ / વિ.શા. / ૨૦૦૦.—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં મ્યુ. કોર્પોરેશન-અમદાવાદ શહેરની ચૂંટણી અંગે નિયુકત કરેલ મતદાન મથકોએ તારીખ ૧૭ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૧૭ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ અડચણ થતી અટકાવવા પગલાં લેવા જરુરી છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના અધિનિયમની કલમ ૩૬ (ગ)(ઘ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સદરહુ ચુંટણીમાં મતાધિકાર આપનાર તમામ મતદારોએ.

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશસ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઉભી રહેશે..

(૨) મતદારે મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૦૦ના દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ ૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર :—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત વિસ્તાર પૈકી મ્યુ. કોર્પોરેશનની ચુંટણી થનાર વિસ્તાર (૧ થી ૪૩ વોર્ડનો વિસ્તાર).

આજ તારીખ ૧૩ માહે સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૬ (ગ) (ઘ) મુજબનો હુકમ :

નંબર ઉ / ગપક / ૫૦૧ / વિ.શા. / ૨૦૦૦.— પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તાર પૈકી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણી અંગે નિયુકત કરેલ મતદાન મથકોએ તારીખ ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ અડચણ થતી અટકાવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના અધિનિયમની કલમ ૩૬(ગ)(ઘ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સદરહુ ચુંટણીમાં મતાધિકાર આપનાર તમામ મતદારોએ—

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું. અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઉભી રહેશે.

(૨) મતદારે મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી ચાલ્યાં જવું,

આ હુકમ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ ૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર :—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળનો વિસ્તાર પૈકી જે ગામોમાં અમદાવાદ જિલ્લા તથા તાલુકા પંચાયતની ચુંટણી થનાર છે તે ગામો કે જે પોલીસ કમિશનરની હકુમત હેઠળ આવતા હોય તે.

આજ તારીખ ૧૩ માહે સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબ :

નંબર ઉ / ગપક / વિ.શા. / ૫૦૨/૨૦૦૦.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે

INDEX

જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ કલાક ૨૪--૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ, જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩ માહે સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ ૪૩(૧) મુજબનો.

નંબર/ઉ/ગપક/વિ.શા./૫૦૩/૨૦૦૦.—તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તા. ૨૨મી સપ્ટેમ્બર ૨૦૦૦ સુધી મણીનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલ શાહ આલમ રોઝા પાસે ભરાનાર ઉર્સ મેળામાં જાહેર સુખાકારી ભયમાં મુકાય તેવુ મને લાગે છે.

વાસ્તે, હું પી. સી. પાંડે ,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર,મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમ) ની કલમ ૪૩(૧) થી મને મળેલ સત્તાની રુએ ફરમાવુ છું કે, નીચેના નિયમો મેળામાં ભાગ લેનાર દરેક વ્યકિતને પાલન કરવા બંધાયેલ છે.

(૧) કોઈપણ યાત્રાળુ પીવાના પાણીના તળાવમાં કે કુવામાં પોતાનું વાસણ બોળી શકશે નહી. દરેક યાત્રાળુએ પીવાનું પાણી મેળામાં રાખવામાં આવેલ પાણી પાનાર પાસેથી મેળવી શકશે.

(૨) સડી ગયેલા ફળો કે ખાદ્ય પદાર્થો તથા અશુધ્ધ પીણા મેળાના વિસ્તારમાં કોઈ વેચી શકશે નહીં. ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક આવી વસ્તુઓ જપ્ત કરી શકશે અને પોલીસ અમલદારો નિરીક્ષકને આ અંગે જરૂરી મદદ પુરી પાડશે.

(૩) ખાસ નક્કી કરવામાં આવેલ જગ્યાઓ સિવાય મેળાના વિસ્તારમાં કોઈપણ બીજી જગ્યાએ કોઈપણ શખ્સ જાજરૂ કે પેશાબ કરશે નહીં.

(૪) પોતાના વિસ્તારમાં હાજર રહેલા આરોગ્ય નિરીક્ષક ચ્હાની તથા ઠંડા પીણા અને ખાનપાનની દુકાનો તપાસી શકશે, અને સ્વચ્છતા માટે જરૂરી સુચનાઓ આપશે. જે સુચનાઓનો અમલ કરવા તેવા શખ્સ બંધાયેલ છે.

(૫) ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક તથા રોગચાળો અટકાવવા માટે જવાબદાર કર્મચારીઓ દરેક યાત્રાળુઓને જરૂર પડે તપાસી શકશે. અને મરકી-શીતળા, કોલેરા કે એવા ચેપીરોગો થી પીડાતા દરદીને તાત્કાલીક મેળા વિસ્તાર બહાર ખસેડી શકશે.

ઉપરના નિયમોને ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૯ મુજબ વધુમાં વધુ ત્રણ માસની કેદ અથવા રૂ. ૨૦૦/ સુધીના દંડ અથવા બન્ને સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૦ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ઉ/ગપક/૫૦૪/વિ.શા/./૨૦૦૦.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તારમાં તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણી તા. ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ યોજાનાર છે. રાજયના ચુંટણી પંચના તા. ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશ નંબર/૨/ઈએલસી/સીઓસી/પ્રિવેન્સન ઓફ ડીફેન્સમેન્ટ ઓફ પ્રોપર્ટીથી આપાયેલ સુચના અનુસાર ચુંટણી પ્રચાર દરમીયાન રાજકિય પક્ષો, કાર્યકરો, ઉમેદવારો, ખાનગી કે જાહેર લોકોની દિવાલ ઉપર તેમના પોસ્ટરો ચોંટાડે છે. કે ચિતરીને લખે છે કે તેમના પ્રતિકનુ ચિન્હ ચિતરીને દિવાલ બગાડતા હોય છે. આ માટે મકાન માલીકની કોઈ પરવાનગી લેવામાં આવતી નથી. આ પ્રકારનો ઉપયોગ મકાન માલીકને [illegible] હોવાથી કોઈપણ ખાનગી કે જાહેર મિલ્કતો કે અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા હાઈવે રસ્તા ઉપરના માઈલ્સ સ્ટોન અને બોર્ડ રેલ્વે લેવલ ક્રોસીગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ અને લોકોને ચેતવણી આપતા બોર્ડ ટેલીફોન અને ઈલે. ના થાંભલાઓ મહાનગરપાલીકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ સરકારી સંસ્થાઓના મકાનો, રાજય કે કેન્દ્ર સરકારના કચેરીઓના મકાનો, દિવાલો જાહેરમાર્ગો તથા ખાનગી માલીકીના મકાનો દિવાલો ખાનગી બોર્ડ ઉપર સંબંધિત મિલ્કતના માલીકની લેખિત પુર્વ મંજુરી મેળવ્યા સિવાય કોઈપણ રાજકીય પક્ષ અન્ય કોઈ સંસ્થા ચુંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર સમર્થક કે સહાનુભુતિ રાખનાર કે અન્ય કોઈ વ્યકિત ચુંટણી જાહેરાત પ્રચાર કરતા પોસ્ટરો ચોંટાડે તે ચિતરીને લખે ચિન્હો ચિતરે, બેનરો, પડદા, લગાડે કે ચુંટણીનો પ્રચાર કરતાં લખાણો કે સુત્રો લખે તે ઉપ્ર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

જેથી હું પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

(૧) રાજય ચૂંટણી પંચના આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહીતા અન્વયે કોઈપણ રાજકિય પક્ષ કે ચુંટણીના ઉમેદવારો કે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈ પણ વ્યકિતઓએ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મિલ્કત ઉપર ચૂંટણી પ્રચાર અંગે પોસ્ટરો ચોંટાડી કે તે ચીતરીને બેનરો/પડદા લગાડી કે અન્ય ચુંટણી પ્રચારના લખાણો લખી મિલ્કતને બગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) મિલ્કતના માલીકની લેખિતમાં પુર્વ મંજુરી મેળવ્યા સિવાય મિલ્કતો ને બગાડવા કે નુકશાન પહોંચાડશે તેમની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે. તેમજ બગાડેલી કે નુકશાન પામેલી મિલ્કતને સુધારવામાં આવશે અને તે માટે જે ખર્ચ થશે તે તમામ ખર્ચ તેની પાસેથી વસુલ કરવામાં આવશે.

(૩) આ હુકમની તારીખથી તાલુકા-જિલ્લા પંચાયતની ચુંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૪) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારત ના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આ હુકમ સમગ્ર અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારને લાગુ પડશે.

નોંધ :—આ હુકમની જાહેરાત અમદાવાદ શહેર પોલીસ કમિશનર ની હકુમત હેઠળના વિસ્તારમાં થનાર તાલુકા તથા જિલ્લા પંચાયત ની ચુંટણીના સમગ્ર વિસ્તાર લાગુ પડતો હોઈ લાઉડસ્પીકર વાહનો દ્વારા બ્રોડકાસ્ટ કરાવવામાં આવેલ છે.

આજ તારીખ ૧૩ માહે સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

કરફ્યુ હુકમ

નંબર /૩/ગપક/વિ.શા./૫૦૫/૨૦૦૦.—અમદાવાદ શહેરના અમુક વિસ્તારોમાં હિંસક બનાવોના કારણે સર્જાયેલ પરિસ્થિતિમાં લોકોના જાનમાલ જોખમમાં હોઈ જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા ભય હોઈ અને આવી રીતે ભંગ થતો અટકાવવાની જરૂર છે, અને તેમ થતું તાત્કાલીક અટકાવવાનું તથા ઝડપી ઉપાય યોજવાનું ઈચ્છનીય છે.

અને મને ખાત્રી થઈ છે કે, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પગલાં લેવા માટે પુરતા કારણો છે. અને પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર જનતાના હિતમાં એકતરફી હુકમ કરવા માટે પુરતા કારણો છે.

તેથી, હું પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફરમાવું છું કે, નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં ના રહેવાસીઓએ તથા તેમાં અવરજવર કરનારાઓએ અને પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસૂચિમાં નિર્દેશ કરેલા વિસ્તાર પુરતો તે અનુસુચિમાં દર્શાવેલ સમય દરમીયાન નીચે જણાવેલ વિસ્તારોની અંદર આવેલા કોઈપણ માર્ગ જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, તેમજ પેટા ગલીઓમાં સવારી કરવી નહી. ઉભા રહેવુ નહી, રખડવુ નહી, અથવા હરવુ ફરવુ નહી. તેમજ તેઓ તેનો બીજી કોઈ રીતે ઉપયોગ કરવો નહી.

અનુસુચિ

વિસ્તાર	તારીખ અને સમય
દરીયાપુર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર.	તા. ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના ક. ૧૩/૧૭થી બીજો હુકમ થતા સુધી.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫મા અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુન્હો ગુજરાત સરકારના ગૃહ ખાતા ના જાહેરનામા નંબર જીજી-૩૬૫/૭૯/એસબી/૧/સીઓલએ/૧૦૭૯/ ૧૦૭૨૬/તારીખ ૧૪મી ડીસેમ્બર ૧૯૭૯ પ્રમાણે કોગ્નીઝેબલ અને બીન જામીનલાયક ગુન્હો છે.

અપવાદ:—

આ હુકમ ફરજ ઉપરના પોલીસ દળ, ફાયરબ્રિગેડ, રેડક્રોસ, એમ્બ્યુલન્સ, હોમગાર્ડ, એસઆરપી દળના સભ્યો, મીલ તથા ફેક્ટરી કામદારો, ડોકટરો, નર્સો, પ્રેસ રીપોર્ટરો, રેલ્વે, મ્યુની. કોર્પો. એમ.ટી.એસ. અને એસ.ટી. કર્મચારીઓ, ઈલેક્ટ્રીક સીટી કંપની ઓએન.જી.સી. ટેલીગ્રાફ, તથા તાર અને ટપાલ ખાતાના કર્મચારીઓ, જેમને તેમની સંસ્થાના વડાઓએ કટોકટીમાં ફરજ બજાવવા માટે ઓળખપત્રો આપેલ હોય તેમજ બીજાઓએ પોતાના ઓળખપત્રો રજુ કરવાના રહેશે. તેમજ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરતરફથી કરફ્યુ વિસ્તારમાં ફરવાની આપવામાં આવેલી પરમીટ ધરાવતી વ્યકિતઓને લાગુ પડતો નથી.

આજ, તારીખ ૧૭ માહે સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યા.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ની પેટા-કલમ-૧ હેઠળનું.

ક્રમાંક નં. ઉ/ગપક/વશી/એસ બી /જાહેરનામુ/૫૭/૨૦૦૦.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતુ હોવાથી વાસ્તે હું કે. એન. શર્મા, આઈ.પી.એસ, પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ક. ૦૦-૦૦ થી તા. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૦ કલાક ૨૪ ૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબો અથવા આકૃતીઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભગ થતો હોય અથવા તેનાથી

રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની,

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ:—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓએ ને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યક્તિઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછો ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૩મી સપ્ટેમ્બર ૨૦૦૦નાં રોજ મારી સહી, સિક્કા કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક ઉ/ગપક/એલ. બી./જાહેરનામુ/૨૫૭૮૨/૨૦૦૦.—ભારતના સંવિધાનના આર્ટીકલ્સ કલમ-૨૪૩(કે) અને ૨૪૩(ઝેડ) એ મુજબ આ અર્થે તેને અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રુએ આપેલ આદેશ ક્રમાંક :એસ.ઈ.સી- ઈ.એલ.સી-સી, ઓ. સી.-૧૬-૧૯૯૯ના તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૯ ના પેરા નં. ૬માં આપેલ સુચના મુજબ ચુટણી જાહેર થયા પછી હથિયારો સાથે હરવા-ફરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

(૨) સુરત મહાનગરપાલિકાની સામાન્ય ચુંટણીઓ દરમ્યાન સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારના જુદા-જુદા સ્થળોએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ચુંટણીઓ દરમ્યાન કોઈ હિંસક બનાવો ન બને તથા મુકત અને ન્યાયી ચુંટણીઓ થાય તે માટે ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિત જળવાઈ રહે તેવી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

(૩) જ્યારે હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીને લગતા કૃત્યોમ હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે, જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં હથિયારો સાથે હરવા-ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જણાય છે. સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જે લોકોએ હથિયાર પરવાનો મેળવેલ હોય તેવાં હથિયારોનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની મને તાત્કાલિક જરૂર જણાય છે તેમજ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર બહારથી જે લોકોએ હથિયાર પરવાનો મેળવેલા હોય તેવા હથિયારોનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયાં દરમ્યાન તેઓ સુરત શહેર કમિશનરેટ વિસ્તારમાં ન કરી શકે તેનો પણ ઉપાય કરવાની મને તાત્કાલિક જરૂર જણાય છે.

(૪) અને જેથી હું કે. એન. શર્મા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર સુરતશહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રુએ હુકમ કરું છું.

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં. અથવા આવા હથિયાર સાથે હરવુ-ફરવું નહીં.

(૨) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે જાહેરમાં હરવુ-ફરવું નહીં.

અપવાદ :

આ હુકમનો પેરા નં. ૪ (૧) અને (૨) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને

(૨) રાષ્ટ્રીયકૃત તેમજ સરકારી બેંકો અને સેન્ટ્રલ ગર્વમેન્ટ તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાર્ડ તેમજ સુરત મહાનગરપાલિકા, સુરત શહેર માં આવેલ હીરાની કંપનીઓ તથા સોના-ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતાં ગાર્ડને (વ્યકિતઓને) કામકાજના સમય દરમ્યાન સુરક્ષા અર્થે રાખવાની છુટ મળશે.

સુરત મહાનગરપાલિકા સામાન્ય ચુંટણી પ્રક્રિયા શરુ થઈ ગયેલ હોય અને ચુંટણીના સમયબધ્ધ કાર્યક્રમ અમલ આવેલ હોય અને યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોય અને સુનવણી રાખી શકાય તેમ ન હોય ઉપર પેરા નં. ૪માં જણાવ્યા મુજબ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪(૨) હેઠળ હુકમ કરું છું

આ હુકમ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

INDEX

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

વંચાણમાં લીધું :-

(૧) ભારતના ચૂંટણી પંચ, નિર્વાચન સદન, નવી દિલ્હીના પત્ર નં. -૫૭૦/૧૪/૯૬/વોલ્યુમ-૨ તા. ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૬.

(૨) મુંબઈ પ્રોહિબિશન અધિનિયમ-૧૯૪૯ની કલમ -૧૪૨(૧)

(૩) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક એસઈસી/ઈએલસી/એમ.યુ.એન./એસ.સી.એલ./૯૪ તા ૧૯મી ડીસેમ્બર ૧૯૯૪.

નંબર પલસ/તા.જી.પં. ચુંટણી/પ્રોહિબિશન/વશી/૨૦૦૦.—ઉપરોકત વંચાણે લીધેલ અનુક્રમ નંબર ૧ થી ભારતના ચૂંટણી આયોગની સુચના મુજબ આગામી અમદાવાદ મહાનગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૦૦ દરમ્યાન (૧) મતદાનના બે દિવસ અગાઉ (૨) મતદાનના દિવસે (૩) મતદાનના દિવસ પછીના બીજા દિવસે (૪) મતગણતરીના દિવસ અગાઉના દિવસે (૫) મતગણતરી દિવસે (૬) મતગણતરીની દિવસ પછીના દિવસે અમદાવાદ જિલ્લામાં મુકત, યોગ્ય અને ન્યાયી રીતે સામાન્ય ચૂંટણીનું કામ પાર પડે તે હેતુસર જિલ્લામાં આવેલી કેફી પદાર્થોનું વેચાણ કરતા દુકાનો (લીકર સોપ) હોટલો, રેસ્ટોરન્ટ, કલબોને બીજી સંસ્થાઓ દારૂનું વેચાણ/પીરસતી હોય તેને બંધ રાખવાની સુચના છે.

સબબ મુંબઈ પ્રોહિબિશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨(૧) હેઠળ મળેલી સત્તાની રૂએ હું કે, શ્રીનિવાસ, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, અમદાવાદ શહેરમાં તથા જિલ્લામાં આવેલી દારૂની દુકાનો/કેફી પદાર્થોનું, દારૂનું વેચાણ કરતી, પીરસતી દુકાને નીચેના સમયગાળા માટે બંધ રાખવાનો હુકમ કરૂં છું.

ચૂંટણીના દિવસો

૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૦ મહાનગરપાલિકા

૨૨મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી ૨૭મી સપ્ટેમ્બર ૨૦૦૦ તાલુકા-જિલ્લા પંચાયત.

આ હુકમના ઉલ્લંઘન અન્વયે બોમ્બે પોલીસ એકટની કલમ-૧૩૫ તથા આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. શ્રીનિવાસ,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

વાંચનમાં લીધું :—

(૧) ભારતનું ચૂંટણી પંચ, નિર્વાચન સદન, નવી દિલ્હીના પત્ર નંબર : ૫૭૬/૧૪/૯૬/પી.એસ.આઈ. / ૧૭૩૬ / તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૭.

(૨) મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ ૧૯૪૯ કલમ-૧૪૨ (૧).

નંબર પલસ / તાલુકા / જિલ્લા પંચાયત ચુંટણી /પ્રોહીબીશન / વશી / ૩૬૩૭ / ૨૦૦૦.—ઉપરોકત વાંચનમાં અનુક્રમ નં. ૧ માં ભારત ચુંટણી આયોગની સુચના મુજબ આગામી સુરત મહાનગરપાલિકા / તા.પં. જિલ્લા પંચાયત સામાન્ય ચુંટણી-૨૦૦૦ દરમ્યાન (૧) મતદાનના બે દિવસ અગાઉ (૨) મતદાનના દિવસે (૩) મતદાનના દિવસ પછીના બીજે દિવસે (૪) મત ગણતરીના દિવસ અગાઉના દિવસ (૫) મત ગણતરીના દિવસે (૬) મતગણતરીના દિવસ પછીના દિવસે સુરત જિલ્લામાં મુકત યોગ્ય શાંત અને સરળ રીતે સામાન્ય ચુંટણીનું કામ પાર પાડે તે હેતુસર જિલ્લામાં આવેલી કેફી પદાર્થોનું વેચાણ કરતી દુકાનો (લીકર શોપ) હોટલો રેસ્ટોરન્ટ, કલબોને બીજી સંસ્થાઓ દારૂનું વેચાણ / પીરસતી હોય તેને બંધ રાખવાની સુચના છે.

સબબ મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૧૪૨ (૧) હેઠળ મળેલી સત્તા રૂએ હું સંગીતા સિંહ, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત. સુરત શહેરમાં આવેલી નીચે જણાવેલી દારૂની દુકાનો કેફી પદાર્થોનું દારૂનું વેચાણ કરતી / પીરસતી દુકાનો નીચેના સમયગાળા માટે બંધ રાખવાનો હુકમ કરું છું.

ચુંટણીના દિવસો :

૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦થી ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦. મહાનગરપાલિકા.

૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦થી ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦. તા./જિ. પંચાયત

દુકાનો :

૧. મે. ગુજરાત જે. એચ. એમ. હોટલ્સ લી.
હોટેલ હોલી-ડે-ઈન, અંબિકા નિકેતન પાસે,
પાર્લે પોઈન્ટ, સુરત.

આ હુકમના ઉલ્લંઘન અન્વયે બોમ્બે પોલીસ એકટની કલમ-૧૩૫ તથા આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સંગીતા સિંહ,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર.-૨૯ / ૨૦૦૦.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭-(૨) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૨૦૦૦ થી તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી બંદુક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબું અને છેડેથી આણીવાળુ પાનુ હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઇંચથી વધારે લંબાણ ધરાવતું આણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તથા તૈયાર કરવાની,

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય).

અપવાદ :—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાકી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈ અધિનિયમ નંબર-૨૨ માં)ની કલમ-૩૭(૩) મુજબનો :

નંબર : ડીસી/પીઓએલ/એમએજી / એસ. આર.-૩૦ / ૨૦૦૦.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨ માંથી (અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૦ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ :—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(વિસ્તાર) (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર).

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ મારી સહી અને સિક્કા કર્યો.

એચ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે :

ક્રમાંક એમ.એ.જી. / વશી / ૪૬૬૬.— ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર માં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂરી જણાય છે.

INDEX

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માં) ની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧૮ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં દિવસે સવારના ૦૬.૦૦ વાગ્યાથી તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૦ નાં રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંન્ને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

" સમગ્ર ભરૂચ જિલ્લો "

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ નાં ૪૫ ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું :

ક્રમાંક : ઉ/મકપ/મજસ/પલસ/વશી ૩૪૬૫ થી ૩૫૧૪.—અત્રેના પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી યોજનાર છે. તેમજ આગામી નવરાત્રિ, દશેરાના તહેવારોની પણ ઉજવણી થનાર હોઈ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ કલમ-૩૭ (૧) હેઠળનું જાહેરનામું બહાર પાડવું જાહેર હિતમાં જરૂરી જણાતું હોઈ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એચ. કે. કટારા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લા તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૯મી ઓકટોબર, ૨૦૦૦ (બન્ને દિવસો સહિત.)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, છરા, બંદુક, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા શબો અથવા આકૃતઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવા નહી કે જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં. તથા તેવા પક્ષ કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેનાં વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેવા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી થી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારી તથા જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ :

ક્રમાંક : પલસ/હથર/વશી/૧૪૪ / ૨૦૦૦—રાજ્ય ચૂંટણી પંચ ગાંધીનગર દ્વારા જિલ્લા / તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણીઓ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ યોજાનાર છે. જેના અનુસંધાને કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે માટે રાજ્ય ચુંટણી પંચના હુકમ ક્રમાંક : /૫/ઈએલઈસી / સીઓસી / તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ થી કરેલ આદેશ અન્વયે પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિ જળવાય રહે તે માટે ઝડપી ઉપાયો હાથ ધરવાનું ઈચ્છનીય છે.

તેથી હુ શ્રી એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે પંચમહાલ જિલ્લામાં હથિયાર પરવાનો ધરાવતા તમામ પરવાના ધારકોને તેમના શસ્ત્રો, અને દારૂગોળો લઈ જાહેરમાં ફરવું નહીં, શસ્ત્રો અને દારૂગોળો લઈ હરવા ફરવા પરનો આ પ્રતિબંધ આ જાહેરનામાની તારીખથી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી અમલી રહેશે.

મે આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કર્યો.

એચ. કે. કટારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૫) (ખ) :

નં. : ડીસીબી/એમએજી/રજિ. / ૪૪ / ૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૩-(૩) (ઘ) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી તાલુકા / જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા ચૂંટણીની આચાર સંહિતા અને રાજ્ય ચૂંટણી પંચની તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં પરિપત્રથી સૂચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે જાહેર સ્થળોની સુરક્ષા સલામતી માટે મુક્ત અને ન્યાયી તાલુકા / જિલ્લા પંચાયતની ચૂંટણી માટે, જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારનાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીજા રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી તાલુકા / જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીના ઉમેદવારોને તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૦ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બન્ને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(અ) કટઆઉટ, હોર્ડિંગ્સ, બેનર્સ વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહીં, એટલે કે સરકારી મ્યુ. કોર્પો / મ્યુનિસિપાલીટી, કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ) મુકી શકાશે નહીં.

(બ) જો કટઆઉટ / હોર્ડિંગ્સ વિગેરે ખાનગી માલિકીની જગ્યામાં મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઈએ અને તો જ ખાનગી માલિકીની જગ્યાઓ આવા કટઆઉટ / જાહેરાત પાટીયાં / બેનર વિગેરે મુકી શકાશે.

(૧) હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફૂટ×૮ ફૂટથી વધારે હોવી જોઈએ નહીં.

(૨) કટઆઉટની ઉંચાઈ ૮ ફૂટથી વધવી જોઈએ નહી.

(૩) જે તે રાજકીય પક્ષ / ઉમેદવારે ખાનગી જગ્યામાં કટઆઉટ જાહેરાત પાટીયાં, બેનર વિગેરે મુકયાં હશે તે જગ્યાની માલિકની લેખિત મંજુરી લીધેલી હોવી જોઈએ. આ મંજુરી શહેર ચૂંટણી અધિકારી / જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર / પોલીસ અધિકારી જ્યારે માંગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૪) કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનર વિગેરે કોઈ સ્થળે મુકતાં પહેલાં તે અંગેની જાણ ચૂંટણી અધિકારી / જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર / પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) આ અંગેના ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટ-આઉટ વિગેરે મુકેલ હોય તદ્અનુસાર ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાનો રહેશે.

(૬) ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સ, કટ-આઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક સંબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલી હોવી જોઈએ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૩) (ઘ) (ખ) જોગવાઈનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦ મી જૂન, ૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક મદન/૧૯૮૫/૫૨૯૫/ડના અધ્ તારીખ ૭, ૧૪, ૨૧, ૨૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનું. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧.	૧૩૧ / ૨૮-૮-૨૦૦૦	પોલીસ કમિશ્નર, વડોદરા શહેર.
૨.	૧૩૪ / ૩૦-૮-૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૩.	૧૩૫ / ૩૧-૮-૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૪.	૧૩૬ / ૩૧-૮-૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિઆદ.
૫.	૧૩૭ / ૩૧-૮-૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૬.	૧૩૮ / ૧-૯-૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૭	૧૩૯ / ૪-૯-૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

INDEX

૧	૨	૩
૮.	૧૪૦ / ૪--૯--૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૯.	૧૪૧ / ૫--૯--૨૦૦૦	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૦.	૧૪૨ / ૭--૯--૨૦૦૦	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૧.	૧૪૩ / ૭--૯--૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૨.	૧૪૪ / ૧૧--૯--૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૩.	૧૪૫ / ૧૧--૯--૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૪.	૧૪૬ / ૧૨--૯--૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૫.	૧૫૦ / ૧૬--૯--૨૦૦૦	અધિક જિલ્લા મેજસ્ટ્રેટ, પાટણ.
૧૬.	૧૫૧ / ૧૯--૯--૨૦૦૦	જિલ્લા મેજસ્ટેટ, આણંદ
૧૭.	૧૫૩/ ૨૦--૯--૨૦૦૦	પોલીસ કમિશનર વડોદરા, શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. C-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

(PUBLISHED BY AUTHORITY)

Vol. XLI] THURSDAY, OCTOBER 5, 2000 / ASVINA 13, 1922 [No. 40

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I L

		Pages
Part I	Government Notifications, Appointment, Pre[illegible] of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV--A, IV--B) and IV--C) Pertaining only to the Supplement to the Central Gazette,	2392-2417
Part-IA.	Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts pertaining only to the Supplement to the Central Gazette.—	41
Part	I-B--Government Notifications published under Land Acquisition Act only,	484-487
Part-I-L-	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV--A, IV--B and IV--C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act,	5807-5992

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો :

નંબર ઉ / ગપક / ૪૯૭ / વિ.શા. / ૨૦૦૦.– પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમતના વિસ્તારમાં અમદાવાદ જિલ્લા તાલુકા પંચાયતની ચુંટણી અંગે તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ મતદાન થનાર છે. અને આ ચૂંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના અધિનિયમની કલમ ૩૭(૩) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલી વિસ્તારમાં તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના કલાક ૧૯--૦૦ થી તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૦ના કલાક ૨૦--૦૦ વાગ્યા સુધી અમદાવાદ

INDEX

જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણી દરમ્યાન કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ સરઘસ કાઢવું નહી. મતદાન મથકની ૧૦૦ મીટર વિસ્તારની અંદર ચુંટણી અંગે પ્રચાર કરવો નહીં કે ચિન્હો રાખવા નહીં.

વિસ્તાર — પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળનો વિસ્તાર પૈકી જે ગામેમાં અમદાવાદ જિલ્લા તથા તાલુકા પંચાયતની ચુંટણી થનાર છે. તે ગામો કે જે પોલીસ કમિશનરની હકુમત હેઠળ આવતા હોય તે,

ખુલાસો :—આ વિસ્તારની રસ્તાની ફુટપાથ, ગલીઓ, તથા પેટા ગલીઓના પણ સમવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ મરણોત્તર તથા લગ્નના વરઘોડાને અથવા કે જે સરઘસ અને સભા માટે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ નંબર ૪૫ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫ માહે સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો.

નંબર ૩ / ગપક / ૪૯૮ / વિ.શા. / ૨૦૦૦.— પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તારમાં મ્યુ. કોર્પોરેશન, અમદાવાદ શહેરની ચુંટણી અંગે તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મતદાન થનાર છે. અને આ ચુંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂરી જણાય છે.

વાસ્તે હું પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તાર માં તારીખ ૧૫ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના ક્લાક ૧૭-૦૦ થી તારીખ ૧૭ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના ક્લાક ૨૦-૦૦ વાગ્યા સુધી મહાનગર પાલિકાની ચુંટણી દરમ્યાન કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ સરઘસ કાઢવું નહીં. મતદાન મથકના ૧૦૦ મીટર વિસ્તારની અંદર ચુંટણી અંગે પ્રચાર કરવો નહીં કે ચિન્હો રાખવા નહીં.

વિસ્તાર :—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળનો વિસ્તાર પૈકી મ્યુ. કોર્પોરેશન ની ચુંટણી થનાર વિસ્તાર (૧ થી ૪૩ વોર્ડનો વિસ્તાર).

ખુલાસો :—આ વિસ્તારની રસ્તાઓન ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ મરણોત્તર તથા લગ્નના વરઘોડાને અથવા જે સરઘસ અને સભા માટે પોલીસ કમિશનર અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમ નં. ૪૫ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫ માહે સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ :

નંબર ૩ / ગપક / ૪૯૮ / વિ.શા. / ૨૦૦૦.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની તારીખ ૧૭ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ યોજાનાર છે. રાજ્યના ચુંટણીપંચના તારીખ ૨૫ મી એપ્રિલ, ૧૯૯૫ ના આદેશ નંબર ૨/ઈ એલ.સી. / સી.ઓ.સી. / પ્રિવેન્શન ઓફ ડીફેન્સમેન્ટ ઓફ પ્રોપર્ટીથી અપાયેલ સુચના અનુસાર ચુંટણી પ્રચાર દરમ્યાન રાજકીય પક્ષો, કાર્યકરો, ઉમેદવારો, ખાનગી કે જાહેર લોકોની દિવાલ ઉપર તેમના પોસ્ટરો ચોંટાડે છે કે ચિત્રીને લખે છે કે તેમના પ્રતિકનું ચિન્હ ચિતરીને દિવાલ બગાડતા હોય છે. આ માટે મકાન માલિકની કોઈ પરવાનગી લેવામાં આવતી નથી. આ પ્રકારનો ઉપયોગ મકાન માલિકને અડચણરૂપ હોવાથી કોઈપણ ખાનગી કે જાહેર મિલ્કતો કે અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સૂચવતા પાટીયા, હાઈ-વે રસ્તા ઉપરના માઈલસ્ટોન અને બોર્ડ રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ, અને લોકોને ચેતવણી આપતાં બોર્ડ, ટેલીફોન અને ઈલેકટ્રીકના થાંભલાઓ, મહાનગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓના મકાનો, રાજ્ય કે કેન્દ્રીય સરકારના કચેરીઓના મકાનો, દિવાલો, જાહેર માર્ગો, તથા ખાનગી માલિકીના મકાનો, દિવાલો, ખાનગી બોર્ડ ઉપર સબંધીત મિલ્કતના માલિકની લેખિત પૂર્વ મંજૂરી મેળવ્યાં સિવાય કોઈપણ રાજકીય પક્ષ અન્ય કોઈસંસ્થા ચુંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનૂભૂતિ રાખનાર કે અન્ય કોઈ વ્યક્તિ, ચુંટણી જાહેરાત પ્રચાર કરતા પોસ્ટરો, ચોટાડે તે ચીતરીને લખે કે ચિન્હો, ચિતરે બેનરો, પડદા લગાડે કે ચુંટણીનો પ્રચાર કરતાં લખાણો કે સુત્રો લખે તે ઉપર પ્રતિબંધ......................જરુરી જણાય છે.

જેથી હું પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

(૧) રાજ્ય ચૂંટણી પંચના આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતા અન્વયે કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારો કે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિતઓએ ઉપર જણાવેલ કે ખાનગી મિલ્કત ઉપર ચુંટણી પ્રચાર અંગે પોસ્ટરો ચોંટાડી કે ચીતરીને બેનરો / પડદા લગાડી કે અન્ય ચુંટણી પ્રચારના લખાણો લખી મિલ્કતને બગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) મિલ્કતનામાલિકની લેખિતમાં પૂર્વ મંજુરી મેળવ્યાં સિવાય મિલ્કતને બગાડશે કે નુકશાન પહોંચાડશે તેમની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે. તેમજ બગડેલી કે નુકશાન પામેલી મિલ્કતને સુધારવામાં આવશે. અને તે માટે જે ખર્ચ થશે તે તમામ ખર્ચ તેની પાસેથી વસુલ કરવામાં આવશે.

(૩) આ હુકમની તારીખથી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

INDEX

(૪) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ સજાને ને પાત્ર થશે.

(ગ) આ હુકમ સમગ્ર અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારને લાગુ પડશે.

આજ તારીખ ૮ માહે સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યો.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી અન્વયે.

નંબર ઉ / ગપક / એસ.બી. / જાહેરનામું / ૬૧/૨૦૦૦.—ગુજરાત રાજ્ય ચુંટણી કમિશનર, ગાંધીનગર દ્વારા સુરત મહાનગરપાલિકા, તથા તાલુકાપંચાયત/જિલ્લા પંચાયતની ચુંટણી-૨૦૦૦નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતા ચોર્યાસી તાલુકામાં જિલ્લા પંચાયતના / તાલુકા પંચાયતના ૨૦૦ બુથ ઉપર તારીખ ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મતદાન નક્કી કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગરનાઓએ આપેલ આદેશ ક્રમાંક ટી.આર.એસ. / ૧૪૨૦૦૦ / જીઓઆઈ / ૮૨૨ / જીએ., તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૦ ના મેસેજ આધારે ઉપરોકત ચૂંટણી જાહેર કરવામાં આવેલ છે.

જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત ચુંટણી તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મતદાન હોય મતદાન મથકની ૨૦૦ મીટરના વિસ્તામાં કોઈપણ પ્રકારના વાહનો કોઈપણ રાજકીય પક્ષના તથા અપક્ષના ઉમેદવાર- કાર્યકરો કે કોઈપણ વ્યકિત લઈ પ્રવેશ નહીં તે માટે પ્રતિબંધ મુકવાની જરૂર છે.

આથી હું, કે. એન શર્મા, આઈ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૬૫ની કલમ ૩૩ (૧) બી થી મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે ...

(૧) સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ મતદાન મથકોથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઈ પણ પ્રકારના વાહનો લાવવા ઉપર, પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહીં :–

(૧) પોલીસના વાહનોને.

(૨) ચુંટણી કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચુંટણીના કામે સંપાદન કરેલા વાહનોને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મતદાન શરૂ થયેથી મતદાન પુરું થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

સને ૧૯૭૩ ની ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૪૪ મુજબ.

ક્રમાંક ઉ/ગપક/એસ.બી./જાહેરનામું/૬૨/૨૦૦૦.— ગુજરાત રાજ્ય ચૂંટણી કમિશનર ગાંધીનગર દ્વારા સુરત મહાનગરપાલિકા તથા તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી ૨૦૦૦ નો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતા ચોર્યાસી તાલુકામાં તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતમાં મતદાન તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય ગૃહવિભાગ, ગાંધીનગરનાઓએ આપેલ આદેશ ક્રમાંક-ટી.આર.એસ. / ૧૪/૨૦૦૦ / જી.ઓઆઈ.-૮૨૨ / જી.એચ, તારીખ ૧૯ મી ઓગષ્ટ, ૨૦૦૦ના મેસેજ આધારે ઉપરોકત ચુંટણી જાહેર કરવામાં આવેલ છે.

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ મતદાન મથકોના કંપાઉન્ડની દિવાલની ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તારીખ ૨૪ મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના સવાર કલાક ૦૮-૦૦ થી મતદાન પુરૂ થાય ત્યાં સુધી કોઈપણ વ્યકિત કે રાજકીય પક્ષના કે અપક્ષના કાર્યકરોને (૨૦૦) મીટરની અંદર મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવાની, પ્રવેશ કરવાની કે તેનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવવા ની જરૂર છે.

આથી હું કે. એન. શર્મા, આઈ પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, સને ૧૯૭૩ ની ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૪૪ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે.

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ મતદાન મથકોના કંપાઉન્ડની દિવાલની ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તારીખ ૨૪ મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના સવાર કલાક ૦૮-૦૦ થી મતદાન પુરૂ થાય ત્યાં સુધી કોઈપણ વ્યકિત કે રાજકીય પક્ષના કે અપક્ષના કાર્યકરોને (૨૦૦) મીટરની અંદર મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવાની, પ્રવેશ કરવાની કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

અપવાદ

કાયદો અને વ્યવસ્થામાં રોકાયેલા પોલીસ દળના અધિકારીઓ, રાજ્ય ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, મતદાન તથા મતગણતરી માટે નિયામોલ અધિકારીઓને આ આદેશ લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૧ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કા કરી અપેલ છે.

હુકમ

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો

ક્રમાંક એસ.બી. / જાહેરનામું / ૬૩/૨૦૦૦.— ગુજરાત રાજ્ય ચૂંટણી કમિશનર, ગાંધીનગર દ્વારા સુરત મહાનગર પાલીકાની તથા જિલ્લા / તાલુકા પંચાયતની ચૂંટણી ૨૦૦૦ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતાં ચોર્યાસી તાલુકાની જિલ્લા પંચાયત / તાલુકા પંચાયતની ૨૦૦ બુથમાં તારીખ ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મતદાન નક્કી કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગરનાંઓએ આપેલ આદેશ ક્રમાંક : ટી.આર.એસ. / ૧૪૨૦૦૦ / જી.ઓ આઈ./ ૮૨૨ / જી.એ., તારીખ ૧૯ મી ઓગષ્ટ, ૨૦૦૦ ના મેસેજ આધારે ઉપરોકત ચૂંટણી જાહેર કરવામાં આવેલ છે.

INDEX

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત ચુંટણી તારીખ ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ કલાક ૦૮-૦૦ થી કલાક ૧૭-૦૦ દરમ્યાન હોય આ અંગે ચુંટણીના ઉમેદવારો તરફથી મતદાન બુથની બહાર ૨૦૦ મીટર દુર ટેબલ, ખુરશીઓ કે મંડપ વિગેરે ગોઠવવા ઉપર નિયંત્રણ મુકવાનું આવશ્યક છે.

જેથી હું, કે. એન. શર્મા, આઈ. પી. એસ., પોલીસ કમિશનર ,સુરત શહેર ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ થી મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે,

(૧) તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ જિલ્લા પંચાયત/ / તાલુકા પંચાયત ચુંટણીના તમામ મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ પક્ષના ઉમેદવાર / એજન્ટો / કાર્યકરો મત આપવા જનાર લોકોને તે મતદાર યાદીમાંથી તેમના નામ તથા મતદારયાદીનો નંબર કાઢી આપવા માટેની સ્લીપો આપવા માટે બુથ કે મંડપ ગોઠવવા નહીં કે ગોઠવવાની કોશીષ કરવી નહીં.

(૨) મતદાન મથકની ૨૦૦ મીટરના બહારના વિસ્તારમાં બુથ, મંડપ જો આવા ગોઠવવામાં આવે ત્યાં માત્ર એક ટેબલ અને બે ખુરશી ચુંટણી પંચના નિયમ મુજબ રાખી શકશે.

(૩) આવા બુથો ઉપર અને આસપાસ ટોળાં ભેગા થઈ શકશે નહીં, બુથનું સંચાલન કરનાર વ્યકિત મતદારને મતદાન માટે જવામાં કોઈ અડચણ ઉભી કરી શકશે નહીં.

(૪) એકજ જગ્યાએ બે મતદાન મથકો હોય તો પણ ઉમેદવાર તે સ્થળથી ૨૦૦ મીટર બહાર જ એકજ બુથ ઉભું કરી શકશે.

(૫) આવા બુથો ઉભા કરનાર ઉમેદવાર કે રાજકીય પક્ષ ચુંટણી અધિકારીશ્રીને જે મતદાન મથક માટે બુથ ઉભા કરવાના છે. તેનું નામ નંબર સહિત લેખિતમાં આપવાનું રહેશે. આવા બુથ ઉભા કરવામાં કાયદા હેઠળ સરકારી સત્તા અધિકારી, સ્થાનિક સત્તા-ક અધિકારી જેવા કે કોર્પોરેશન, મ્યુનીસીપાલીટી, પંચાયત વગેરે સત્તા અધિકારીની મંજુરી લેવાની થતી હોય તો મંજુરી લેખિતમાં મેળવી પોતાની પાસે રાખવાની રહેશે.

(૬) દરેક બુથ પર ઉમેદવારનું નામ તેનો પક્ષ કે પ્રતિક દર્શાવતું માત્ર એકજ બેનર પ્રદર્શિત કરી શકશે. આવું બેનર ત્રણ ફુટથી વધારે લાંબુ અને દોઢ ફુટથી વધારે પહોળું હોવું જોઈએ નહીં. આ પ્રતિબંધ વિરુધ્ધનું કોઈપણ બુથ પરનું બેનર કાયદો અને વ્યવસ્થા જાળવના અધિકારી હટાવી શકશે.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૧ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહિ સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર, સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ -૩૩(૧)બી મુજબ.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૨૬૦૪ થી ૨૬૩૭.--ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૦નાં રોજ મતદાન થનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગરે તમામ રાજકીય પક્ષો તથા સરકારી તંત્ર વગેરે માટે આચાર સંહિતા અમલમાં મૂકી છે. તેનો અમલ શરૂ થઈ ગયેલ છે.

ગુજરાત રાજ્ય, ચૂંટણીપંચ, ગાંધીનગરનાં હુકમ ક્રમાંક એસઈસી-ઈએલસી-સીઓસી-૩૬ -૯૯ તા. ૩૦મી ડીસેમ્બર ૧૯૯૯થી આપવામાં આવેલ આદેશ મુજબ જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના મતદાન દિવસે ચૂંટણી લડતા તમામ ઉમેદવારો તેમના ટેકેદારો કાર્યકરો કે સમર્થકો દ્વારા મતદાતાને માર્ગદર્શન આપવા કે મતદાતાને મતદાર યાદીમાંથી નામ તથા નંબર માટેની કાપલી આપવા માટેનું મતદાન મથકની નજીક ટેબલ તથા મંડપ ગોઠવવામાં આવે છે. જે મતદાતાઓની સગવડભરી આવન જવન ઉપર હરકત ઉભી થાય છે. તથા જુદા જુદા રાજકીયપક્ષના ઉમેદવારો તથા તેમનાં ટેકેદારો વચ્ચે ઘર્ષણ ઉભું થવાની શકયતાં રહેલી છે. જેથી જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયત ની સામાન્ય ચૂંટણી સંકલનની વ્યવસ્થાની અનુકૂળ જાળવણી તથા મુકત અને ન્યાયી ચૂંટણીઓ યોજાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુને ધ્યાનમાં રાખતાં તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૦નાં રોજ મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ રાજકીય પક્ષ કે તેમનાં ટેકેદારો દ્વારા ટેબલ કેમ્પ, તંબુ કે આવી કોઈ વ્યવસ્થા ઉભી કરવા દેવાનું ઉચીત નથી.

આથી આવી મુશ્કેલીઓના નિવારણ માટે હું શ્રી ર. ન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા રાજપીપલા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (બી) (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું.

(૧) તા. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૦નાં રોજ મતદાન થનાર છે. જેમાં નર્મદા જિલ્લામાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજ્યામા અંતર સુધીમાં કોઈપણ રાજકીય પક્ષના ચૂંટણી લડતા ઉમેદવારો, તેમના એજન્ટો ટેકેદારો કે કાર્યકરો મત આપવા જતા મતદાતાઓને મતદાર યાદીમાંથી તેમના નામ તથા મતદાર યાદીનો નંબર કાઢવા માટેની કાપલીઓ આપવા માટેનું મથક ગોઠવવા મનાઈ ફરમાવું છું.

(૨) એક જ મકાનમાં એક કરતાં વધુ મતદાન મથક રાખવામાં આવ્યા હોય ત્યારે આવા મકાનમાં સ્થળથી ૨૦૦ મીટરની બહાર કાપલી આપવા માટેનું ઉમેદવાર એક જ મથક ગોઠવી શકશે. તથા આવા મતદાન મથકથી ૨૦૦ મીટર ત્રિજ્યાની બહાર જાહેર રસ્તા ઉપર ટેબલ ગોઠવવા માટે શહેરી વિસ્તારમાં સંબંધિત નગરપાલીકાના મુખ્ય અધિકારીની તથા ગ્રામ્ય વિસ્તારમાં જે તે ગામના તલાટી કમ મંત્રીશ્રી અગાઉથી લેખીત પરવાનગી લેવાની રહેશે. ખાનગી માલિકીના ની જમીન ઉપર ટેબલ ગોઠવવામાં આવે તો જે તે જમીન માલિકની લેખીતમાં સંમતિ લેવાની રહેશે. આવું કોઈપણ મથક લોકોની અવર જવરને તથા વાહન વ્યવહારને અડચણરૂપ ન નીવડે તે ઉમેદવારે તથા તેમના સમર્થકોએ જોવાનું રહેશે.

(૩) ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમનાં ટેકેદારો, એજન્ટો કે તેમના સમર્થકો દ્વારા ૨૦૦-મીટરની ત્રિજ્યા બહાર મતદાતાઓને નામ અને નંબરની કાપલી આપવા માટેનું મથક ઉભું કરવામાં આવે ત્યારે આવા મંડપમાં એક ટેબલ બે ખુરશીઓ જ રાખવાની રહેશે. તથા તડકાથી અથવા વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાડપત્રનો ટુકડો મંડપનાઉપરના ભાગે રાખી શકશે. મંડપ ફરતી ફરતી કોઈપણ આડશ રાખી શકાશે નહીં. કોઈપણ સંજોગોમાં આવા મંડપો પાસે કાપલીઓ લેવા ટોળું એકઠું થવા દેવાશે નહીં.

INDEX

આ હુકમનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તા. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ મતદાનનાં એક દિવસ પુરતો અમલમાં રહેશે.

આજ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૦નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ર. ન. યાજ્ઞિક,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ. ૩૭(૩) અન્વયેનો.

નંબર. ઉ/મકમ/મજસ/વશી. ૩૫૫૮ થી ૩૫૬૯.—પંચમહાલ જિલ્લા ના ઘોઘંબા ખાતે ઘોઘંબા પોલીસ સ્ટેશનની હદમાં ઘોઘંબા ગામે તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ હાટ ભરાનાર છે. આ હાટમાં ઘણા મોટા પ્રમાણમાં માનવ મેદની એકત્ર થાય છે. તા. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણી ઓ યોજાનાર છે જેથી કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિની પરિસ્થિતિ જાળવી રાખવાના હેતુથી હાટમાં લોકોને એકત્ર થતા રોકવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૩) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૩)અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિ-સ્ટ્રેટ ગોધરા આથી ફરમાવું છું કે તા. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૦નારોજ ઘોઘંબા ખાતે હાટ માટે લોકોએ એકત્ર થવું નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર શખ્સ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ. ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બરના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

ગોધરા, તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૦.

એચ. કે. કટારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar of Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part I, should be *read* to have been published in issue No. 40 of *Gujarat Government Gazette*, Part I, dated 5th October, 2000 and for pages VAD-654 to VAD-674 (in 1 set) *read* page Nos. 2397 to 2417.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે તારીખ ૫મી ઓકટોબર ૨૦૦૦ના ગુજરાત રાજ્યના ભાગ-૧ ના અંક ૪૦માં પ્રસિધ્ધ થયેલ છે તેમ વાંચવું. અને પાના વીએડી-૬૫૪ થી વીએડી-૬૭૪ (૧-બંચમાં) ને પાન નંબર ૨૩૯૭ થી ૨૪૧૭ વાંચવા.

Vadodara, 5th October, 2000.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

વાંચો :—

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧ હેઠળની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ. / ૨૪/૯૧/ ડીડીસી / ૧૧૮૮ / ૩૨૦૪ / જે, તારીખ ૩૦ મી માર્ચ, ૧૯૯૧ થી સુપ્રત થયેલ અધિકાર.

(૩) આ કચેરીના પત્ર નં. સવન / ૦૩૩ / ચ / ૩૪૬ /૯૪, તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, ૧૯૯૪ તથા પત્ર નં. સવન / ૦૩૩ / ચ / ૫૪૬ / ૯૪, તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૪ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જાવક નંબર સવન / ૦૩૩ / ચ / ૮૦૩/૯૪.— ધી લક્ષ્મી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., હાલોલ, તાલુકા હાલોલ, જિલ્લા પંચમહાલને સહકારી કાયદા, કાનુન હેઠળ નોંધાયેલા સહકારી સંસ્થા છે. સદરહું મંડળીના તારીખ ૧લી જુલાઈ. ૧૯૯૨ થી ૩૦મી જુન ૧૯૯૩ સુધીના ઓડીટ દરમ્યાન મંડળીના વહીવટમાં જણાવેલ ખામીઓ અંગે સંસ્થાની વ્યવસ્થાપક કમીટીઓ આ કચેરીના આમુખ ૩ માં જણાવેલ પત્રથી કારણદર્શક નોટીસ આપી તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૪ ના રોજ સુનાવણી રાખવામાં આવેલી હતી. સદરહુ સુનાવણીની તારીખ કોઈ વ્યવસ્થાપક કમીટી સભ્યો હાજર રહેલ નથી અને બીજી મુદતની માંગણી કરતા ન્યાયના હિત ખાતર બીજી તક આપી તારીખ ૧૧ મી એપ્રિલ, ૧૯૯૪ ના રોજ સનાવણી રાખવામાં આવેલી હતી પરતુ સદરહું બીજી મુદતે કોઈ વ્યવસ્થાપક કમીટી સભ્યો હાજર રહેલ નથી કે કારણદર્શક નોટીસના ખુલાસા પણ રજુ કરેલ નથી આમ સંસ્થાની વ્યવસ્થાપક કમીટીને પુરતી તકો આપવા છતાં નોટીસ ના ખુલાસાઓ કરવામાં નિષ્ફળ ગયેલ છે. સંસ્થાની વ્યવસ્થાપક કમીટીના ગેરવહીવટ ના મુદ્દાઓ નીચે મુજબ છે.

(૧) મંડળીના પેટા નિયમ ૮ માં કાર્યક્ષેત્ર કુલ ૧૧ ગામોના રહીશો મંડળીના સભાસદ થઈ શકશે તેવી જોગવાઈ છે. પરંતુ પેટા નિયમમાં ગામોની શરુઆતમાં ઉપરના ભાગે (જગ્યાના અભાવે) "પેઢી" શબ્દ લખેલો છે. જે સુધારા ઉપર મંડળી ના નોંધણી અધિકારીની ટુંકી સહી નથી જેથી સદરહું શબ્દની ચોકસાઈ કરવી જરુરી જણાયેલ છે. અને જેના આધારે મંડળીએ તાલુકાના કેટલાક પેઢીઓ અને ઔદ્યોગિક કંપનીઓને સભાસદ તરીકે દાખલ કરી, તેમની સાથે લેવડ દેવડ કરી છે. મંડળીએ ઓડીટ વખતે રજુ કરેલ સભાસદ યાદી સાચી નથી કારણ કે કેટલીક કંપનીઓના નામ અંકથી વધુ વખત લખેલા છે. અને જે પેઢીઓ યા કપનીઓ સાથે મંડળીએ આર્થિક વ્યવહાર કરેલ છે. તે પૈકી લોકપાલ કંપની નં. ૧ અને ૨ ના માલિક અને સંચાલક મંડળીના હાલના મેનેજીંગ ડીરેકટર છે આ ઉપરાંચ મંડળીએ કાર્યક્ષેત્ર બહારના ગામોના રહીશોને પણ સભાસદ તરીકે દાખલ કરેલ છે. આમ પેટા નિયમનો ભંગ થયેલ છે.

(૨) મંડળીના સને ૧૯૯૨ ના વર્ષની વાર્ષિક સાધારણ સભા તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ના રોજ મળેલ છે. જેના એજન્ડા જોવા મળેલ નથી સભા નોન કોરમ થયેલ છે. છતાં સભાની કાર્યવાહી કરેલ છે. અને સભામાં પેટા નિયમની જોગવાઈ મુજબ વાર્ષિક હિસાબો મંજુર કરવા. વ્યવસ્થાપક કમીટીની ચુંટણી કરવી, બજેટ મજુર કરવું ઓડીટ નોંધ વંચાણે લેવી વિગેરે કોઈજ કાર્યવાહી કરેલ નથી. તેમજ ઓડીટરની નિમણુંક કરેલ નથી કે નફાની વહેંચણી પણ કરેલ નથી.

(૩) સને ૧૯૯૨-૯૩ ના વર્ષમાં ફકત ત્રણ વખત વ્યવસ્થાપક કમીટીની મીટીંગો મળેલ છે. જેમાં ફકત ચેરમેનશ્રી અને મેનેજીંગ ડીરેકટરશ્રી હાજર હતા કોરમ માટે ત્રણ સભ્યોની હાજરી હોવી જોઈએ તેમ છતાં કોરમનો બાધ રાખ્યા વગર કામકાજ કરી પ્રોસિડીંગ લખેલ છે. કમીટીંગના એજન્ડા જોવા મળેલ નથી. અને ત્રણ સભ્યો સતત ગેરહાજર રહેલ હોવા છતાં કમિટી પદેથી દુર કરવા કાર્યવાહી કરેલ નથી.

(૪) મંડળીએ ઓડીટ મેમાની ખામીઓ અંગે વિચારણા કરી દરસ્તી કરી રીપોર્ટ ઓડીટરશ્રીને મોકલવામાં આવ્યાની ખાત્રી થતી નથી તેમજ ઓડીટ મેમાની ખામીઓ અંગે કોઈ વિચારણા કે પગલાં ભરેલ નથી.

(૫) વ્યવસ્થાપક કમિટીએ મંડળીના પેટા નિયમ ૮.૨૭.૨૮.૨૮(બ) ૩૨.૩૨ (૩) (૪) (૫) (૬) (૭) (૧૨) (૧૩) ૩૪, ૩૬, ૪૨ (અ) (બ) ૪૩, ૪૬ નું ઉલ્લંઘન કરેલ છે.

(૬) ૧૯૯૨ના વર્ષની શરૂઆતમાં ચાર કર્મચારી હતા તે પૈકી ત્રણને છુટા કરી હિસાબનીશ તરીકે શ્રીમતી દક્ષાબેન ચંદ્રકાંન્ત વ્યાસની નવી નિમણુંક કરેલ છે જે અંગે વ્યવસ્થાપક કમિટીમાં કોઈ ઠરાવ થયેલ નથી. અને મેનેજીંગ ડીરેકટરશ્રીની મૌખિક સુચનાથી થયેલ છે. તેઓને કોઈ લેખિત હુકમ આપેલ નથી. હાલમાં મંડળીમાં કર્મચારીઓ તરીકે બે બ્હેનો છે. જે બિનકાર્યક્ષમ અને બીન અનુભવી છે. અને હાલમાં મંડળી સ્થગિત અવસ્થામાં હોવાથી તેમની પાસે ઓફીસ ખુલ્લી રાખ્યા સિવાય અન્ય કોઈ નક્કર કામગીરી નથી.

(૭) મંડળીના હિસાબો નિયમીત અને ધોરણસરના લખાતા નથી અને જે કઈ હિસાબો લખાય છે તે મેનેજીંગ ડીરેકટરશ્રીની ઈચ્છા અને દોરવણી મુજબ લખાય છે. આમ કર્મચારીઓ કોઈપણ કામગીરી સ્વતંત્ર રીતે કરી શકતાં નથી પ્રત્યેક બાબતે મેનેજીંગ ડીરેકટરશ્રીની પરવાનગીની જરૂર રહે છે. રોજમેળ નિયમિત લખાતો નથી. તેમજ રોજમેળ અને વાવચરોમાં ફોડવાર વિગતો લખાયેલી નથી.

(૮) શેર ખાતાવહી નિયમસરની રાખી નથી. દરેક સભ્યના નામે શેરની કેટલી રકમ છે. તે જાણી શકાતું નથી. શેરયાદી અને સરવૈયા મુજબની રકમમાં તફાવત આવે છે. જે મેળવવા કાર્યવા કરેલ નથી.

(૯) કરજ ખાતાવહીની ખતવણી નિયમીત થતી નથી કેટલાંક ખાતા વગર વ્યાજ વસુલ લીધે ચુકતે કર્યા છે. કેટલાંકમાં થાપણે પરત ચુકતે કરેલ છે. હાલમાં અંગત સંબંધીઓ અને આળખીતાના ખાતાઓમાં થાપણો પરત બતાવી કરજ વસુલ લેવામાં આવે છે જેના કારણે સંસ્થાનું શેરભંડોળ અને થાપણો ઘટી જવાથી સંસ્થાને પુન : કાર્યરત કરવામાં મુશ્કેલી ઉભી થવાના પુરેપુરા સંજોગો ઉપસ્થિત થયેલ છે.

(૧૦) ૧૯૯૧-૯૨ તથા ૧૯૯૨-૯૩ ના વર્ષની તારીજમાં તફાવત આવે છે. જે મેળવવા પ્રયત્નો કરેલા નથી. અને સાચા હિસાબો રજુ કરેલા નથી.

(૧૧) સ્ટેશનરી વપરાશ રજીસ્ટર રાખેલ નથી. અને અંદાજી વપરાશની રકમ રૂ. ૪,૫૦૫ આગળા સ્ટોકમાંથી બાદ કરી સ્ટોક બતાવ્યો છે. ચાલુ વર્ષે મંડળીનું કામકાજ નહીંવત હોવા છતાં મોટી રકમનું સ્ટેશનરી ખર્ચ કરેલ છે. જે વ્યાજબી નથી.

(૧૨) સરવૈયે ડેડસ્ટોક, ઘસારા ફંડ ઉભું ન કરતાં દર વર્ષે ઘસારો બાદ કરી સરવૈયામાં રકમ બતાવેલ છે. ડેડસ્ટોક યાદી અને સરવૈયા

INDEX

મુજબની રકમમાં તફાવત આવે છે. જે મેળવવા પ્રયત્ન કરેલ નથી. રજુ કરેલ યાદીમાં કેટલીક ચીજવસ્તુની કિંમત પણ બતાવી નથી.

(૧૩) સભ્યો પાસે કર્જે રૂા. ૫,૮૫,૮૩૦.૬૦ પૈસા બાકી પડે છે. જે શંકાસ્પદ અને જામી ગયેલ હોવા છતાં વ્ય. કમીટીએ વસુલાત અંગે કોઈ વિચારણા કે કાર્યવાહી કરેલ નથી.

(૧૪) મંડળીએ ઓફીસ નોંધાયેલ સરનામેથી જાહેરાત કર્યા સિવાય કે ખાતાને જાણ કર્યા સિવાય દ્વારકેશ ચેમ્બર્સની બાજુમા એક જર્જરીત મકાનમાં ખસેડેલ છે.

(૧૫) મંડળીએ મોટા મોટા પ્રલોભનો જાહેર કરી, બે ઈનામી યોજનાઓ શરૂ કરી હતી. તેમાં જાહેર કર્યા મુજબ માસિક ડ્રો કરવાનો હતો જેનો અમલ ન કરતાં અસંતોષ અને ઉહાપોહ થયેલ છે. આવી ઈનામો યોજનાઓ શરૂ કરવા અંગે ખાતાની પરવાનગી મેળવેલ નથી.

(૧૬ મંડળીના વહીવટ માટે પગારદાર મેનેજર કે સેક્રેટરીની નિમણુંક કરેલી નથી. અને મેનેજિંગ ડિરેકટરશ્રીએ વહીવટ ચલાવ્યો છે. અને તમામ વહીવટ તેઓશ્રીએ એક હથ્થું અને મનસ્વી પણે વ્ય. કમીટીની મંજુરી વગર ઠરાવો કરેલા છે.

૨. આમ ઉપરોકત કારણોસર સંસ્થાની વ્ય. કમીટીને સાંભળવાની પુરતી તકો આપવા છતાં કારણદર્શક નોટીસના ખુલાસા કરવામાં નિષ્ફળ ગયેલ છે. અને વ્ય. કમીટી, કાયદા, કાનુન અને પેટા નિયમથી સુપ્રત થયેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી વ્ય. કમીટીને દુર કરી વહીવટદારની નિમણુંક કરવા જરૂરી જણાતાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

હું, નીચે સહી કરનાર શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૮૧ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધી લક્ષ્મી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., હાલોલ, તાલુકા હાલોલ, જિલ્લા પંચમહાલના વ્યવસ્થાપક કમીટીએ દુર કરી મંડળીના વહીવટદાર તરીકે શ્રી એચ. એસ. શાહ, રે. ગોધરાની નિમણુંક નીચેની શરતોને આધીન કરું છું.

શરતો

(૧) વહીવટદારની નિમણુંકની મુદત હુકમની તારીખ થી બે વર્ષ સુધીની રહેશે.

(૨) વહીવટદારશ્રીએ મંડળીનો તમામ ચાર્જ તુરત જ મંડળીની વ્યવસ્થાપક કમીટી પાસેથી તેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

(૩) આ કચેરી તરફથી વખતોવખત આપવામાં આવતી સુચનાઓ આધીન મંડળીને વહીવટ કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ કરેલ કામગીરીની માસિક પ્રગતિ રીપોર્ટ દર માસે નિયમિત પાંચમી તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે.

(૫) વહીવટદારશ્રીએ મહેનતાણા પેટે માસિક રૂા. ૨૫૦ અંકે રૂપિયા બસો પચાસ પુરા નો ખર્ચ મંડળીમાં ઉધારવાની રહેશે.

(૬) વહીવટદારશ્રીએ આ કચેરીના પુર્વ મંજૂરી સિવાય અન્ય કોઈ સંસ્થાની ચુંટણીમાં મંડળી વતી મત આપી શકશે નહીં તેમજ ચુંટણીમાં ઉમેદવારો પણ કરી શકશે નહીં.

ગોધરા, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪.

એ. વી. મછાર,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા.

વંચાણે લીધો:-

(૧) આ કાર્યાલયનો તા. ૯મી માર્ચ, ૧૯૯૩નો ક્રમાંક-ફડચા/૦૧/ઝ-૨/૨૫૭/ના વચગાળાનો ફડચાનો હુકમ.
(૨) તા. ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૩ તથા ૨૦મી નવેમ્બર ૧૯૯૩ના પત્રથી આપેલ સુનાવણીની તકો.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ/૯૫૨૮/૦૧/ઝ-૨/૧૪૫.—ધી સનાડા મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. છોટા-ઉદેપુર તા. છોટાઉદેપુર જે તારીખ ૧૯મી એપ્રિલ ૧૯૮૪થી ના નોંધણી ક્રમાંક સેઉ-૨૦૨૯૬ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ૧૦૭(૧)ગ(ક)(૨)(૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી જ એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. કોઈ હોદ્દેદારો તક આપવા છતાં હાજર નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૨)વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષ ની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

વંચાણે લીધો:-

આ કાર્યાલયનો તા. ૧૦મી ડીસેમ્બર ૧૯૯૩નો ક્રમાંક-ફડચા/૦૧/ઝર/૨૧૦૮/૯૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ/૯૫૨૯/૦૧/ઝર/૧૪૬/૯૪.—ધી જુની બોડેલી શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી, મુ. જુની બોડેલી, તા. સંખેડા જે તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૬૭ના નોંધણી ક્રમાંક સે-૧૦૨૨૭ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવ માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) (ક)(ગ)(૨)(૪) મુજબ સદરહુ વચગાળા ના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહું અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં-૩ વડોદરાની નિમણૂંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

INDEX

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧ની જોગવાઈ.

(૨) સબ-ઓડીટર સહકારી મંડળી (૨) ડભોઈ નો પત્ર સંદર્ભે કુંઢેલા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., કુંઢેલા, તાલુકો ડભોઈની તારીખ ૧લી જુલાઈ ૧૯૯૧ તારીખ ૩૦મી જુન, ૧૯૯૨ ની ઓડીટ નોંધ

(૩) શ્રી એચ. જે. પટેલ, નો તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩ નો પત્ર.

(૪) અત્રેની કચેરીની તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૩ ની વહી / ૦૧ / ચ-૩ / ૧૨૪૮ ની કારણદર્શક નોટિસ.

(૫) સભાસદ સંઘર્ષ સમિતિ કુંઢેલા, મોસમપુરા તથા મહમદપુરા નો તારીખ ૨૭મી ઓક્ટોબર, ૧૯૯૩નો પત્ર.

(૬) સહકારી અધિકારી લગત જી. રજી. શ્રી સ. મં.-- વડોદરાનો અહેવાલ.

જાવક નંબર વહપ / ૦૧ / ઝ-૩ /૩૮૯/૯૪.—કુંઢેલા વિવિધ કાયકારી સહકારી મંડળી લી., તાલુકા ડભોઈ, જિલ્લો વડોદરા, ...૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર ૧૭૨૨૭ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૬૭ છે, તેના આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આમુખ (૨) જી મં સબ ઓડીટર સ. મં. (૨) ડભોઈએ મંડળીનાં તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૯ થી તારીખ ૩૦ મી જુન, ૧૯૯૦ સુધીના હાથ ધરેલ અન્વેષણ દરમ્યાન તેમજ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૨ ની સમયની ઓડીટ નોંધમાં જણાઈ આવેલ ખામીઓ તેમજ આમુખ (૩) નો શ્રી એચ, જે. પટેલ ના તારીખ ૨જી માર્ચ, ૧૯૯૩ના પત્રથી થયેલ રજુઆત મુજબ મંડળીને વહીવટમાં લઈ જવાનું તારણ ઉપસ્થિત થતાં અત્રેની વિગતની ગેરરીતીઓ સબબ આમુખ (૪) ના તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૩ના પત્રથી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ.

(૧) તારીખ ૧-૭-૧૯૮૯ થી ૩૦-૬-૧૯૯૨ દરમ્યાન વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી તથા તેની સમય મર્યાદા વધારવા સબબ મંજુરી મેળવવા કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ સહકારી કાયદાની કલમ-૭૭ નો ભંગ કરેલ છે.

(૨) તારીખ ૧-૭-૧૯૯૦ થી ૩૦-૬-૧૯૯૧ ની ઓડીટ નોંધ દફતરે રાખેલ નથી મંડળીના ઓડીટ નોંધમાં જણાવેલ ખામીઓ તેમજ બેંન્ક ઈનસ્પેકશન રીપોર્ટની દુરસ્તી કરવામાં આવેલ નથી.

(૩) મંડળીના પેટા નિયમ ૭ (૪૧) મુજબ મુદતવીતી બાકીદાર કમીટી સભ્યોમાં પાંચ સભ્યો પૈકી ચાર સભ્યો પ્રમુખ સહીતના મુદત વીતી બાકીદાર છે. મંત્રીશ્રી પણ મુદતવીતી બાકીદાર છે. વ્યવસ્થાપક કમિટીની મુદતવીતી બાકી રકમ રૂ. ૧,૨૨,૨૪૮/૬૧ વસુલ કરી કમિટિ સભ્યોને છૂટા કરી નવી કમીટીની નિમણૂંક કરવી.

(૪) તા. ૧-૭-૧૯૮૯ થી ૩૦-૬-૧૯૯૨ના અન્વેષણ દરમ્યાન એક પણ વ્યવસ્થાપક કમીટીની બેઠક મળેલ નથી.

(૫) સિલકની સલામતી માટે પેકેજ પોલીસી મેળવેલ નથી.

(૬) ડેડસ્ટોક રૂ. ૩૧૮/૭૭ ના મંડળીના માજી મંત્રી શ્રી ફોગટલાલ કરશનભાઈના તાબામાં હતો જે તેઓના પુત્ર પાસેથી મેળવેલ નથી.

(૭) મંડળીની સને ૧લી સપ્ટેમ્બર ૧૯૯૦, ૧૯૯૦--૯૧, ૧૯૯૧-૧૯૯૨ ના વર્ષની ઓડીટ ફી ભરપાઈ થયેલ નથી.

(૮) મંડળીએ અન્વેષણ દરમ્યાન પેટા નિયમો બર આવે તેવી પ્રવૃતિ કરેલ નથી મંડળી ખોટમાં ચાલે છે.

(૯) મંડળીના તારીખ ૩૦-૬-૧૯૯૨નાં સરવૈયે માલ-ધિરાણ બાકી ૧૮૯૭૦/-- લેણાં બોલે છે જેની વસુલાત માજી મંત્રી શ્રી ફોગટલાલ કરશનભાઈ પટેલે લીધેલ હતી. જે પૈકી રૂ. ૯૪૭૭/-- ની વસુલાત તેઓ પાસે પગાર પેટે જમા કરવામાં આવનાર હતી. બાકી લેણાંની વસુલાત તેઓના પુત્ર શ્રી વીરેન્દ્રભાઈ ફોગટલાલ પટેલે લેખિતમાં આપેલ નિવેદન મુજબ વસુલ કરવા.

(૧૦) મંડળીની અન્ય ધિરાણની રકમો જે બાકી છે તેની સત્વરે સભાસદો તેમજ કમીટી સભ્યો પાસેથી વસુલાત હાથ ધરી બેન્કોમાં લોન ભરપાઈ કરવી.

(૧૧) તારીખ ૪-૩-૧૯૯૩ના રોજ જમા પાવતી નંબર ૧૯ શ્રી બાલુભાઈ રઘુનાથ પટેલ રૂ. ૧૩૦૦/-- નું ટૂંકી મુદતનું ધિરાણ જમા કરાવેલ છે જે બેન્કમાં ભરેલ નથી.

(૧૨) મંડળીએ નવું ધિરાણ લેવા માટે અરજી કરેલ છે. પરંતુ જુનાં ધિરાણની વસુલાત કરેલ નથી.

(૧૩) મંડળીના પ્રમુખ તેમજ કમીટી સભ્યો મુદતવીતી બાકીદારો હોવાં છતાં ચૂંટણીમાં ઉભા રહી ચૂંટણી કરેલ તે દરમ્યાન ચૂંટણીના-- નિયમો મુજબ ચૂંટણી નહીં કરતાં મંડળીનાં કાર્યક્ષેત્રમાં આવતાં કુંઢેલા ગામ સિવાયના અન્ય ગામોને ચૂંટણી અંગેની જાણ નહીં કરીને-- પ્રમુખે પોતાના અંગત માણસોને ચૂંટણીની જાણ કરેલ જેથી સંસ્થાનો વહીવટ પોતાની આપખૂદીથી કરી શકે.

ઉકત બાબતોએ રજુઆત કરવા તમામ આધાર--પુરાવા સહીત હોદ્દેદારોને આમુખ (૪)ની કારણદર્શક નોટિસથી તારીખ ૧૯-૮-૧૯૯૩ એ હાજર થવા જાણ કરેલ જેમાં મંડળી તરફથી મંડળીના પ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ ગોરધનભાઈ પટેલ, મંગળભાઈ દરૂભાઈ પટેલ, (ક. સભ્ય) રતીલાલ પનારભાઈ પટેલ (ક. સભ્ય) શ્રી અમરસિંહ માનસિંહ સોલંકી (મંત્રી) એ હાજર રહી મંડળીના તારીખ ૧-૭-૧૯૯૨ થી ૩૦-૬-૧૯૯૩ સુધીનાં હીસાબોનું અન્વેષણ થવું તે દરમ્યાન-- વહીવટમાં હીસાબી કામકાજ, વસુલાતમાં પ્રગતિ જણાયાના કારણે "ડ" વર્ગ માંથી "ક" વર્ગ મળેલ છે રૂપિયા એક લાખ જેવું રોકડ વસુલાત કરેલ છે. વસુલાતની બાકી રકમ માટે કમીટી જાગૃત છે અને વસુલાત ન થાય તેવા કીસ્સામાં કાયદેસરનીની કાર્યવાહી કરવા જણાવેલ છે.

આમ ઉકત રજૂઆત કરી મંડળીનો વહીવટ સુધારવા એક તક-- આપવા જણાવેલ પરંતુ આમુખ (૪) નાં સભાસદ સંઘર્ષ સમિતિ કુંઢેલા, મોસમપુરા, મહંમદપુરા ના તારીખ ૨૩-૧૦-૧૯૯૩ ના પત્રથી રજૂઆત મુજબ સહકારી કાયદા કાનૂન તેમજ મંડળીના પેટા નિયમ મુજબ તારીખ ૨૫-૯-૧૯૯૩ થી સાધારણ સભા બોલાવેલ છે વળી છેલ્લાં દશ થી પંદર વર્ષ થી મંડળીનું કામકાજ બિલકુલ સ્થગિત છે. પ્રમુખ સહીતના તમામ કમીટી સભ્યો મોટા ખેડુતો હોઈ આશરે ૫૦,૦૦૦/-- થી ૧,૦૦,૦૦૦/-- સુધીના લેણદાર છે જેથી તેઓનાં હોદ્દાની રૂએ તેમની સામે કોઈ ... .લઈ શકે નહીં અને

INDEX

મંડળીનું કામકાજ સ્થગિત જ રહે તે માટે જ પોતાના માણસોની કમીટી બનાવી આપખુદી થી વહીવટ કરે છે મંડળીના પ્રમુખ તથા મંત્રી બહાર ગામ રહેતા હોઈ મંડળીના સ્થળે નિયમતિ હાજર રહેતા નથી.

ઉકત રજૂઆતોને ધ્યાને લઈ અત્રેની કચેરીનાં સહકારી અધિકારી દ્વારા મંડળીની છેવટની સ્થિતિ બાબતે આમુખ(૬) મુજબનો અહેવાલ જોતાં—

(૧) મંડળીએ સભ્યોને આપેલ ધિરાણ જોતાં તારીખ ૩૧-૨-૧૯૯૩ નાં અંતે રૂા. ૧૨,૮૧,૯૫૨ લાખ પૈકી રૂા. ૧૦,૭૫,૬૭૧/મુદતવીતી બાકી છે જે ઘણાં લાંબા સમયથી બાકી પડે છે. આ ધિરાણ મુદતવીતી ૯૩ સભ્યો પાસે બાકી પડે છે નવા કોઈ દાવા દાખલ કરેલ નથી આમ કુલ ધિરાણ બાકીના ૮૪ ટકા જેટલી રકમ મુદતવીતી બાકી છે.

(૨) મંડળીની કુલ સભ્ય સંખ્યા ૨૬૩ સામે તારીખ ૨૫-૯-૧૯૯૩ ની વાર્ષિક સાધારણ સભામાં ફકત ૨૩ સભ્યોની હાજરી છે. આમ મંડળીની વાર્ષિક સાધારણ સભા માં કુલ ૮ ૭૫ ટકા જેટલી હાજરી છે જે મંડળી પ્રત્યે સભ્યોની રૂચી અને મંડળીની લેણાં બાકી ભરપાઈ કરવાં પ્રત્યેની અનિષ્ઠાનું પરિણામ છે તેમ ફલીત થયેલ છે

(૩) તારીખ ૨૫-૯-૧૯૯૩ ની વા, સા. સભામાં ત્રણ નવા સભ્યોની વરણી થતાં નવી સાત સભ્યોની સમિતિ અસ્તિત્ત્વમાં આવેલ છે જે પૈકી મુદતવીતી બાકીદારો નથી.

(૪) તારીખ ૧લી જુલાઈ, ૧૦૯૩ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ સુધીમાં રૂા. ૭૩,૦૨૪ ની વસુલાત આવેલ છે. જે પૈકી રૂા. ૪૯,૪૦૦ પુન : વસનની બેન્ક વ્યવસ્થાના કારણે આવેલ છે.

(૫) ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ અંતે રૂા. ૨૬,૬૮૪.૫૬ ની ખોટ બોલે છે. તેમાં અગાઉના વર્ષની ખોટનો સમાવેશ થાય છે. ખોટ નિવારવા હાલના તબકકે મંડળી પાસે કોઈ સાધનો નથી કે આયોજન નથી.

(૬) રૂા. ૧૮,૯૭૦ માલ ધિરાણ ખાતે માજી મંત્રી શ્રી ફોગડભાઈ પટેલ ખાતે લેણાં બોલે છે. જેની વસુલાત માટે કોઈ નક્કર કાનૂની કાર્યવાહી થયેલ નથી. સદર માજી મંત્રીનું અવસાન થયેલ છે. અને લાંબો સમય પસાર થયેલ છે. સદર રકમ તેઓના વારસદારો પાસેથી વસુલ લેવા કાનૂની કાર્યવાહી માટે આવશ્યક પુરાવા-માહિતી એકત્ર કરી કાર્યવાહી કરવી જોઈએ તે કરેલ નથી.

(૭) ધિરાણની રકમો લાંબા સમયથી મુદતવીતી બાકી હોઈ આ બાબતે વેળાસર વસુલાત માટે પગલાં નહીં લેવાય તો મંડળીના આર્થિક હિતો, મંડળીના અસ્તિત્ત્વ તથા બેંકના લેણાં જોખમાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે.

(૮) તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ ની કારણદર્શક નોટિસના મુદ્દા નં. ૧, ૨, ૪, ૫, ૬ અને ૧૧ યથાવત છે. તેમજ અન્ય મુદ્દાઓ ઉકત અહેવાલમાં આવરી લીધેલ છે.

ઉપરાંત મંડળીએ ધિરાણની પ્રવૃત્તિ શરૂ કરેલ છે. ઓડીટ ફી ભરપાઈ કરેલ છે ૯૩ મુદતવીતી બાકીદારો સામે ધનિષ્ટ રીતે કાયદાકીય કાર્યવાહી થાય તેવી આવશ્યકતાં હોવાનો અહેવાલ છે.

ઉકત વિગતો જોતાં મંડળીની કમીટી સહકારી કાયદા કાનૂન તેમજ પેટા નિયમોની જોગવાઈ મુજબ પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ નિવડયાનું ફલીત થાય છે.

ઉપરાંત ધિરાણની મોટી રકમ લાંબા સમયથી મુદતવીતી બાકી હોઈ બેન્કનાં લેણાં, મંડળીની આર્થિક હિતો, તેમજ મંડળીનું અસ્તિત્વ જોખમાય તેવી પરિસ્થિતિ હોઈ, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાને, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી કુંઢેલા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. કુંઢેલા, તાલુકો : ડભોઈ, જિલ્લો : વડોદરાની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી મંડળીનો વહીવટ વહીવટદાર તરીકે શ્રી બરોડા સેન્ટ્રલ કો-ઓ. બેકની માસિક રૂા. ૨૫ નાં મહેનતાણાંથી નીચેની શરતોને આધીન મંડળીનો ચાર્જ સંભાળ્યાની તારીખથી ૧ વર્ષની મુદત માટે નિમણુંક કરૂ છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીનાં તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીનાં નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટ કાયદા-કાનૂન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે. તેમજ મંડળીનાં સભાસદનાં હિતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૪.

વંચાણે લીધાં

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઈઓ.

(૨) સંયુક્ત રજીસ્ટાર અને ખાસ અન્વેષક સહકારી મંડળીઓ (વિભાગીય) વડોદરાનો અષણ/૧૦૫૧/છ/૬૫૫/૯૩ની દરખાસ્ત.

(૩) અત્રેની કચેરીના તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૯૩ના પત્ર વહટ/૦૧/ઝ-૩/૨૦૮૦/૯૩ની કારણદર્શક નોટિસ.

જા. નં. વહટ/ગ/૦૧/ઝ-૩/૩૯૨.— સીમાન્ત નાના ખેડૂતોની કન્ઝુમર્સ સર્વિસ ખેતી સહકારી મંડળી લિ. મુ. સાઠોદ, તા. ડભોઈએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો આ હુકમમાં હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંયુકત રજિસ્ટાર અને ખાસ અન્વેષક સહકારી મંડળીઓ (વિભાગીય) વડોદરાના તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩નાં પત્ર સાથે સામેલ થઈ આવેલ ઓડીટર સહકારી મંડળીઓ(૨) ડભોઈએ મજકુર મંડળીના શરૂઆતથી તારીખ ૮મી માર્ચ ૧૯૯૩ સુધીના હીસાબી અન્વેષણ દરમ્યાન જાણાઈ આવેલ ક્ષતિઓ સબબ આમુખ(૧)ની જોગવાઈઓ અનુસાર મંડળીની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી વહીવટદારની નિમણૂંક કરવા ભલામણ થયેલ જે ક્ષતિઓ અત્રે મુજબ છે.

(૧) સંસ્થાએ તા. ૧૬મી ડીસેમ્બર ૧૯૮૮નાં રોજ પ્રથમ સાધારણ સભા ભરી ઠરાવ તારીખ પથી ૮૮/૮૯નાં વર્ષ માટે અને બીજી નિમણૂંક થતાં સુધી કુલ-૭ સભ્યોની વ્યવસ્થાપક કમીટીની નિમણૂંક બિનહરીફ કરેલ છે. નીચે મુજબ છે.

૧. શ્રી સત્યાનંદજી ગુરૂ અરવિંદનંદજી, મુ. સાઠોદ.
૨. શ્રી બારોટ રતીલાલ બેચરભાઈ ,,
૩. શ્રી સોલંકી જનકસિંહ ગણુતપતસિંહ ,,
૪. શ્રી બારોટ રાવજીભાઈ ભીમસીંગ ,,
૫. શ્રી બારોટ અંબાલાલ બેચરભાઈ ,,
૬. શ્રી તડવી ચંદુભાઈ રેવાભાઈ રે. ,,
૭. શ્રી પા. વ. છીભાઈ હમીર સાઠોદ.

INDEX

જેમાં તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૮૮નાં ઠરાવ નં. ૨થી પ્રમુખ તરીકે શ્રી સત્યાનંદજી ગુરું અરવિંદનંદજીની નિમણુંક કરેલ છે અને ઠરાવ નં. -૪થી હાથ પર રૂા. ૫૦૦/-સિલક પ્રમુખશ્રી પાસે રાખવા ઠરાવેલ છે ઠરાવ નં. ૮થી મંત્રી તરીકે શ્રી જશવંતસિંહ દલપતસિંહ જાધવની નિમણુંક કરેલ છે. અને ઠરાવ નં ૧૧થી મંડળી માટે ટ્રેકટર, ટ્રેલર તથા અન્ય સાધનો-ઓજારો ખરીદવાના વિશિષ્ઠ અધિકાર પ્રમુખશ્રી સત્યાનંદજીને આપેલ ખરેખર સંસ્થાની હાથ પરની સિલક સંસ્થાનું રોજબરોજનું કામકાજ અને વહીવટ સંભાળવા મંત્રીશ્રી પાસે સંસ્થાના પેટાનિયમ મુજબ રાખવા ઠરાવવું જોઈએ પરંતુ વ્યવસ્થાપક કમીટીએ ઉપરોકત ઠરાવથી હાથ પરની સિલક પ્રમુખશ્રી પાસે રાખવા ઠરાવેલ છે તેવી જ રીતે મંડળી માટે ટ્રેકટર તથા તેને આનુસંગીક સાધનો ખરીદવાનો વિશિષ્ટ અધિકાર ફકત એકલા પ્રમુખશ્રીને આપેલ ખરેખર પ્રમુખશ્રી સાથે મંત્રીશ્રી અને બે-ત્રણ કમીટી સભ્યોને સાથે રાખીને ટ્રકટરની ખરીદી કરવાનો અધિકાર આપવો જોઈએ જેથી પ્રમુખશ્રી સત્યાનંદજીએ તેઓને મળેલ વિશિષ્ટ અધિકારથી સંસ્થા માટેનાં ટ્રેકટર ટ્રલર તથા અન્ય સાધનોની ખરીદીમાં પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરી નિતિ નિયમોને નેવે મૂકી મનસ્વી રીતે જુદી જુદી પાર્ટીઓ પાસેથી ટ્રેકટર, ટ્રેલર, કલર, તથા અન્ય સાધનોની ખરીદીમાં મૂળ કિંમત કરતાં વધુ કિંમતના બીલો મેળવી તફાવતની રકમો પાર્ટીઓ પાસેથી રોકડા મેળવી કુલ રૂા. ૨૭૦૦૦/-ની નાણાંકીય ઉચાપત કરેલ છે.

(૨) સંસ્થાના પ્રમુખશ્રી સત્યાનંદજીએ ટ્રેકટર, ટ્રેલર તથા અન્ય સાધનોની ખરીદી માટે ટ્રેકટરની લોન/સહાય મેળવવા માટે વડોદરા, અમદાવાદ, તથા ગાંધીનગરના પ્રવાસ દરો નક્કી કર્યા સિવાય મનસ્વી રીતે નીતિ નિયમોને નેવે મૂકી, બેફામ અને હદ બહારના મોટી રકમના પ્રવાસ ખર્ચનાં કુલ ૬૦ વાઉચરો મૂકી કુલ રૂા. ૧૩,૫૮૯/૫૦ રોજમેળે ઉધારી સંસ્થાને આર્થિક નુકશાન પહોંચાડેલ છે.

(૩) સંસ્થાના પ્રમુખશ્રીએ પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરી મનસ્વી રીતે સંસ્થાનો વહીવટ કરી સંસ્થામાં ઉચાપત અને ગેર-વહીવટ કરેલ હોવા છતાં સંસ્થાની વ્યવસ્થાપક કમીટી સંસ્થાનાં પેટા નિયમ મુજબ તેની ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ નિવડેલ છે. અને સંસ્થાના વહીવટમાં તેમજ કામકાજ ઉપર દેખરેખ રાખવામા બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ જેના કારણે સંસ્થાને મોટું આર્થિક નુકશાન સહન કરવું પડેલ છે.

(૪) તા. ૧૬મી ડીસેમ્બર ૧૯૮૮થી ૨૩મી ડીસેમ્બર ૧૯૮૯ સુધીમાં ફકત પાંચ જ કમીટીની સભાઓ બોલાવેલ છે. સંસ્થાએ તા. ૨૫મી ઓગસ્ટ ૧૯૮૯નાં રોજની વાર્ષિક સાધારણ સભામાં મુદ્દા-૧ મુજબની વ્યવસ્થાપક કમીટીને બીનહરીફ ચૂંટેલ છે.

(૫) સંસ્થાના ગેરવહીવની જાણ સભાસદોને થતાં સભાસદોની લેખિત અરજીથી કરેલ માંગણીથી સંસ્થા એ ૧૭મી ડીસેમ્બર ૧૯૮૯ નાં રોજ ખાસ સાધારણ સભા બોલાવી ઠરાવ નં-૫થી અગાઉની કમીટીને દૂર કરી અત્રે જણાવ્યા મુજબની વચગાળાની વહીવટી સમિતિની રચના કરેલ

(૧) શેઠ વાડીલાલ ચંદુલાલ(પ્રમુખ) મુ, સાડોદ.
(૨) તડવી ચંદુભાઈ રેવાભાઈ (કમીટી સભ્ય)
(૩) પરમાર અંબુભાઈ ગણેશ ,,
(૪) રબારી વસરામ છીતા ,,
(૫) વસાવા મણીલાલ નાગજી ,,

પરંતુ માજી પ્રમુખ અને તેઓના ટેકેદારોની તા ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૦ની માંગણીથી મંડળીની સમાંતર વિશેષ સાધારણ સભા બોલાવી ઠરાવ નં-૭થી પ્રમુખ તરીકે રાજેન્દ્રસિંહ ફુલસિંહ જાધવ તથા ઉપપ્રમુખ તરીકે શ્રી સોમાભાઈ છીતાભાઈ વસાવા અને મંત્રી તરીકે શ્રી તડવી ચંદુભાઈ મોતિભાઈ અને રતિલાલ બાબુલાલ બારોટની નિમણુંક કરી ઠરાવ નં. -૧૩ અને ૧૪ થી અનુક્રમે મંત્રીશ્રી જશવંતસિંહ દલપતસિંહ જાધવ અને પ્રમુખશ્રી વાડીલાલ ચંદુલાલ શેઠને છૂટા કર્યા અને ઠરાવ નં. ૧૫થી કુલ ૧૭ સભ્યોની અત્રે જણાવ્યા મુજબની કમીટીની નિમણુંક કરી.

(૧) વસાવા સોમાભાઈ છીતાભાઈ ઉપપ્રમુખ
(૨) તડવી પૂનમભાઈ ચીમનભાઈ ક. સભ્ય.
(૩) વસાવા શંકરભાઈ નાનાભાઈ ,,
(૪) તડવી ફુલસીંગ ભાઈ અમરસિંહ ,,
(૫) પરમાર જેસીંગ બાલુલાલુ ,,
(૬) પરમાર ભાણાભાઈ કુબેર ,,
(૭) તડવી ચંદુભાઈ અંબાલાલ ,,

ત્યારબાદ તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૦ના મંડળીના ચાલુ પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ફુલસિંહ જાધવ અને ઉપપ્રમુખ સોમાભાઈ છીતાભાઈ વસાવાએ બીજા પાંચ ઈસમો સાથે વાડીલાલ ચંદુલાલ શેઠ, ઉપર જીવલેણ હુમલો કરી ટ્રેકટર, ટ્રેલર તથા અન્ય સાધનો ટ્રેકટરની ચાલુ કામગીરીમાંથી બળજબરીપૂર્વક હાઈજેક કરી લઈ ગયેલ છે. જે અંગે ડભોઈ સીવીલ કોર્ટમાં કેસ પણ ચાલી ગયેલ છે. ત્યારબાદ પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ફુલસિંહ જાધવ અને મંત્રી રતીલાલ બાબુલાલ બારોટે વિધિસર જાહેરાત કરીને તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૧ નાં રોજ મંડળીની સાધારણ સભા બોલાવી ઠરાવ નં. ૨થી અત્રે મુજબની કુલ ૭ સભ્યોની વ્યવસ્થાપક કમીટીની નિમણુંક કરેલ.

(૧) રાજેન્દ્રસિંહ ફુલસિંહ જાધવ પ્રમુખ
(૨) રતીલાલ બાબુલાલ બારોટ મંત્રી
(૩) જતકસિંહ ગણપતસિંહ સોલંકી કમીટી સભ્ય
(૪) સોમાભાઈ છીતાભાઈ વસાવા ,,
(૫) સત્યાનંદજી અરવિંદનંદજી મહારાજ ,,
(૬) ફુલાભાઈ અમરસિંહ તડવી. કમીટી સભ્ય
(૭) છીતાભાઈ પરસોત્તમ પરમાર ,,

(૬) તા. ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૦થી આજદિન સુધી મંડળીના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ફુલસિંહ જાધવ ઉપપ્રમુખ મને હાલના કમીટી સભ્ય શ્રી સોમાભાઈ છીતાભાઈ વસાવા તથા માજી પ્રમુખ તથા હાલના કમીટી સભ્યશ્રી સત્યાનંદનજી ગુરૂ અરવિંદનંદજી એ મંડળી ના ડેડસ્ટોક (મિલકત) જેવાં કે ટ્રેકટર, ટ્રેલર, કલ્ટીવેટર/પ્લાઉ, બ્લેકડ અને બીલ-૧૩ જેવાં સાધનો (ટ્રેલર સિવાય) નો વહીવટ કરેલ છે અને ટ્રેકટર, ટ્રેલર વિગેરે સાધનો મંડળી વતી સાઠોદ ગામે અને ગામ બહાર સભાસદો તથા બીન સભાસદોને ભાડે આપી તથા બહારગામ કોન્ટ્રાકટથી આપી આવકો મેળવી છે. અને તેમના અંગત ઉપયોગમાં પણ સાધનો વાપરેલ છે. તેમ છતાં તેઓએ તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૦થી આજદિન સુધીના તેમના વહીવટ દરમ્યાનનો કોઈ જ હીસાબો અને ચોપડા રાખેલ નથી. અને ટ્રેકટરનાં કટીંગના ભાડાની આવકો મંડળીમાં આ આપેલ નથી. અને સદર ભાડાની આવકો તેઓશ્રીએ તેમના અંગત ઉપયોગમાં વાપરી નાખી મંડળીને આર્થિક નુકશાન પહોંચાડેલ છે. તેમજ મંડળીના અન્વેષણ દરમ્યાન મંડળીની ઉપરોકત જણાવેલ મિલ્કતો/ડેડસ્ટોક જેવાં કે ટ્રેકટર, ટ્રેલર, તથા અન્ય સાધનો રોકડ સિલક અને ૮મી માર્ચ ૧૯૯૦પછીના ઉપરોકત ચાલુ પ્રમુખના વહીવટ દરમ્યાનના હીસાબો અને ચોપડા રજુ કરવા અને ડેડસ્ટોક સિલકની પ્રત્યક્ષ ખરાઈ કરાવવા રજી. પોસ્ટ એ.ડી.થી સમન્સ બજાવી રજુ કરવા જણાવેલ છતાં ઉકત હોદ્દેદારો એ મંડળીની (મિલ્કત) ડેડસ્ટોક તથા રોકડ સિલક પ્રત્યક્ષ ખરાઈ કરવા રજુ કરેલ નથી અને તેમના વહીવટ દરમ્યાન ના હીસાબો પણ રજુ કરેલ નથી.

(૭) ઉપરોકત વ્યવસ્થાપક કમીટીએ તા. ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૦થી ઓડીટ સમય દરમ્યાન એકપણ વખત કમીટીની મીટીંગ બોલાવેલ

નથી. અને પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ફુલસિંહ જાધવ અને કમીટી સભ્ય તથા માજી પ્રમુખશ્રી સત્યાનંદન ગુરૂ અરવિંદનંદજી અને કમીટી સભ્યશ્રી સોમાભાઈ છીતાભાઈ વસાવા એ તેમના હોદ્દાનો દુરઉપયોગ કરી મનસ્વી રીતે મંડળીનું સંચાલન એક હથ્થુ સંચાલન કરી મંડળીના ડેડસ્ટોક (મિલ્કત) ની ઉચાપત કરી મંડળીને મોટુ આર્થિક નુકશાન પહોંચાડેલ છે. અને વહીવટ દરમ્યાનના હીસાબો પણ લખેલ નથી. તેમજ અન્વેષણ વખતે રજુ કરેલ નથી.

(૧) જનકસિંહ ગણપતસિંહ સોલંકી
(૨) ફુલાભાઈ અમરસિંહ તડવી
(૩) છીતાભાઈ પરસોત્તમ પરમારે

મંડળીના પેટ નિયમ મુજબ મંડળીના વહીવટ અને કામકાજમાં જે દેખરેખ અને નિયંત્રણ રાખવા જોઈતા હતાં તે અંગે બેદરકારી અને નિષ્કાળજી દાખવી તેમના ફરજો અને જવાબદારીઓ બજાવવામાં નિષ્ફળ નિવડેલ છે.

ઉકત વિગતોએ મંડળીના હોદેદારો પેટાનિયમ મુજબની ફરજો બજાવવામાં વારંવાર કસુર કરી મંડળીને આર્થિક નુકશાનમાં ઉતારેલ છે. તેનું તારણ સ્પષ્ટ થતાં અમે જણાવેલ કમીટી સભ્યોને બરતરફ કરવા ભલામણ કરેલ છે.

(૧) રાજેન્દ્રસિંહ ફુલસિંહ જાધવ	...	પ્રમુખ
(૨) રતીલાલ બાબુલાલ બારોટ	...	મંત્રી.
(૩) જનકસિંહ ગણપતસિંહ સોલંકી	...	કમીટી સભ્ય
(૪) સોમાભાઈ છીતાભાઈ વસાવા	...	"
(૫) આત્માનંદજીગુરૂ અભેદનંદજી મહારાજ		"
(૬) ફુલાભાઈ અમરસિંહ તડવી	...	"
(૭) છીતાભાઈ પરસોત્તમ પરમાર	...	"

ઉકત ખામીઓ સબબ આમુખ (૩) ની કારણદર્શક નોટિસથી તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૩ એ હાજર થઈ મંડળીના હોદ્દેદારોને રજુઆત કરવાની તક આપવા સુનાવણીમાં—

(૧) શ્રી રતીલાલ બાબુલાલ બારોટ	...	મંત્રી
(૨) શ્રી રાજેન્દ્રસિંહ ફુલસિંહ જાધવ	...	પ્રમુખ

હાજર થઈ આમુખ (૧) ની કલમ-૮૧ ની જોગવાઈ અનુસાર મંડળીમાં વહેલી તકે વહીવટદાર નિમવા રજુઆત કરી તે સિવાય અન્ય હોદેદારો હાજર રહેલ નથી. જેથી તેઓને આમુખ (૩) ની કારણદર્શક નોટીસના મુદ્દાઓ સબબ કોઈ રજુઆત કરવાની નથી તેમ માની અંગે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ મળેલ સત્તાની રૂએ સિમાન્ત નાના ખેડુતોની કન્ઝુમર્સ સહકારી મંડળી લી. મુ. સાઠોદ, તાલુકો ડભોઈ, જિલ્લો વડોદરાની વ્યવસ્થાપક સમિતિને વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી ૧ વર્ષ માટે દુર કરું છું અને મંડળીના વહીવટદાર તરીકે શ્રી એમ. જે. ડાભીની માસિક રૂ. નાં મહેનતાણાંથી નીચેની શરતોને આધીન નિમણુંક કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકાર ભોગવવાના રહેશે અને મંડળીની તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રી સ. મં., વડોદરાના નિયંત્રણ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનૂન અને પેટા નિયમોને આધીન કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીને માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે તેમજ મંડળીના સભાસદોના હિતમાં કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયમ ઠરવામાં આવે તેવાં સમયે નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૨ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.
(૨) ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. હા. ફા. સો. લી. નો તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩ ની દરખાસ્ત.
(૩) અત્રેની કચેરીની તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૩ નો પત્ર : વહી/૦૧/ઝ૩/૧૮૧૯ ની કારણદર્શક નોટિસ.
(૪) સિંધુનગર કો. ઓપ. હા. સો. લી., વડોદરાની તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૭ થી ૩૦મી જુન, ૧૯૯૧ ની ઓડિટ નોંધ.

જા. નં. વહટ/ગ/ઝ-૩/૩૯૩.—સિંધુનગર કો-ઓપ હાઉસીંગ સો. લી., વડોદરા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલી સંસ્થા છે. જેનો નોંધણી નંબર ઇ-૩૪૮૭ તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૭૦ છે. જેનો ઉલ્લેખ આ કામે હવે પછી મંડળી" તરીકે કરવામાં આવેલ છે.

ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., વડોદરા શાખાના તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૨ ના પત્રથી સંસ્થાએ મંડળીને ધિરેલ લોનની વસુલાત માટે મંડળીના કાર્યવાહકોને સહકાર નહીં મળતો હોવાથી લોનની વસુલાત થતી નહીં હોવાના કારણે મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા ભલામણ થયેલ છે. જેના સંદર્ભે મંડળી ની તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૭ થી ૩૦મી જુન, ૧૯૯૧ ના સમયનો ઓડિટ અહેવાલ જોતાં અત્રેની વિગતે ગેરવહીવટ જણાઈ આવેલ છે.

(૧) મંડળીનું અગાઉ તારીખ ૧લી જુલાઈ, ૧૯૭૮ થી ૩૦મી જુન, ૧૯૮૭ સુધીનું ઓડિટ થયેલ છે. તેનો દુરસ્તી રિપોર્ટ મંડળીએ મોકલેલ નથી. આમ સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૨) છેલ્લી વાર્ષિક સાધારણ સભા તારીખ ૧લી માર્ચ, ૧૯૮૩ નાં રોજ બાલાવેલ છે. ત્યારપછી ૩૦મી જુન, ૧૯૯૧ સુધી વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી. આમ સહકારી કાયદાની કલમ-૭૭ નો ભંગ કરેલ છે.

(૩) તારીખ ૧લી જુલાઈ, ૧૯૭૮ થી ૩૦મી જુન, ૧૯૯૧ હા. સ. મં. ના ઓડીટ દરમ્યાન ઠરાવ બુક ઓડીટ સમયે રજુ કરેલ નથી.

(૪) મંડળીએ ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ સો. લી. પાસેથી લોન મેળવેલ છે. જેની વસુલાતની મોટા ભાગની રકમ સભાસદો અને ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ સોસાયટી લી. ની કચેરીમાં સીધી ભરે છે. મંડળી તરફથી વસુલાતની કાર્યવાહી થતી નથી.

INDEX

(૫) મંડળીની વ્યવસ્થાપક કમીટી કે સભાસદોને મંડળીનાં કામકાજમાં રસ નથી. મંડળીના પેટા નિયમો દફતરે નથી. તેમજ મંડળીના વ્યવસ્થાપક કમીટીનાં સભ્યો મંડળીના પેટા નિયમો તેમજ કાયદા કાનૂન મુજબ કામગીરી કરતા નથી.

(૬) રોકડ સંભાળનાર કર્મચારીના જામીન મેળવેલ નથી.

(૭) રોજમેળે પ્રમુખશ્રીની સહીઓ થતી નથી.

(૮) સભાસદ લોન-ધિરાણ અંગેની ખાતાવહી દફતરે નથી.

(૯) તારીખ ૧લી જુલાઈ, ૧૯૭૮ થી ૩૦મી જુન, ૧૯૮૭ નો ઓડીટ દરમ્યાન રાજીનામાં આપેલ સભાસદોને છુટા કરવા ઠરાવ કરેલ છે. પરંતુ ઠરાવનો અમલ કરેલ નથી.

(૧૦) પાછલી ઓડીટરશ્રીની રકમ ભરપાઈ થયેલ નથી.

(૧૧) વસુલાતની રકમ સભાસદો ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશનમાં જમા કરાવે છે. જેની કાચી પાવતી મુજબ ગુજરાત હાઉસીંગ ફાઈનાન્સ તરફથી આપવામાં આવે છે. જે આધારે મંડળીના રોજમેળે ગુ. હા. ફા. સો. લી. ના અનામત ખાતે ઉધારવામાં આવે છે. આ રકમ રૂા. ૧,૨૪,૦૫૨.૩૬ ઉધારબાકી છે. તે પૈકી કેટલી રકમ ખાતે જમા થઈ છે તે જાણવા માટે ગુ. હા. ફા. સો. લી. માંથી પાકી મેળવી ચાવતી મેળવી તે મુજબનો ચેવાલો નાંખી સભાસદ ખાતે ઉધાઝબોલતી ઝકમ જમા કરવામાં આવેલ નથી.

(૧૨) ગુ. હા. ફા. સો. લી. માંથી હપ્તા ભરનાર સભાસદનું નામ મેળવી લોન હપ્તા ખાતે જમા કરી સરવૈયામાં જમા બોલતી સભાસદ લોન હપ્તા અનામત રૂા. ૧૮,૬૨૭.૬૪ નો હવાલો ઉલટાવેલ નથી.

(૧૩) કમીટી સભ્ય શ્રી સાવલદાસ શોભરાજ ખાતે રૂા. ૪,૦૦૦ તથા પ્રકાશ ઈન્ડસ્ટ્રીઝ ખાતે રૂા. ૨૨,૧૭૧.૫૫ અગાઉનાં લેણાં બોલે છે. જેની વસુલાત થતી નથી.

આમ ઉકત વિગતો જોતાં મંડળીની સ. મં. લી. મંડળીના પેટા નિયમોનો તેમજ કાયદા કાનૂન મુજબ વહીવટ ચલાવવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી મંડળીમાં વહીવટદારની નિમણુંક કરતાં પહેલાં ઉકત મુદ્દાઓ સબબ મંડળીની વ્યવસ્થાપક કમીટીને આમુખ-(૩) ની કારણદર્શક નોટીસથી રજુઆત કરવાની તક આપવામાં આવેલ.

તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૩ નાં રોજની સુનાવણીમાં કમીટી સભ્યો પૈકી શ્રી શંભુમલ, નુભુમલ હાજર રહેલ તે સિવાય કોઈ કમીટી સભ્યો સુનાવણીમાં હાજર રહેલ નથી. હાજર રહેલ કમીટી સભ્યોએ સમિતિના સભ્યોને દૂર કરી સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીમાં વહીવટદાર નિમવામાં આવે તો તેમનો વાંધો કે હરકત નથી. અન્ય કમીટી સભ્યો તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. તેમજ રજુઆત કરવા બીજી તક આપવા માંગણી કરવામાં આવેલ નથી. તેમજ ઉકત દર્શાવેલ ગેરરીતિઓની પૂર્તતા થયા સબબના કોઈ પુરાવા કે આધાર રજુ કરવામાં અવેલ નથી. તેથી તેઓને અન્ય રજુઆત કરવાની નથી તેમ માની અત્રે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ સિંધુનગર કો-ઓપ હાઉસીંગ સોસાયટી લી., વડોદરાની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી મંડળીના વહીવટદાર તરીકે શ્રી એમ. એમ. બરશીને દૂર કરી દૂર કરી મંડળીના વહીવટદાર તરીકે શ્રી એમ. એમ. બારોટની માસિક રૂા. ૧૫૦ ના મહેનતાણાથી મંડળીનો ચાર્જ લીધા તારીખથી ૧ વર્ષ માટે નીચે જણાવેલ શરતોને આધીન નિમણુંક કરું છું.

(૧) મંડળીનાં રોજબરોજનાં કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીનાં ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક સમિતિની તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીનાં નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનૂન અને પેટા-નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૪.

નંબર નધણ/ગ-૨/૧૭૭/સે-૨૭૩૩૭/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે ધી જેતપુરપાવી તાલુકા કેળા ઉત્પાદન અને પ્રોસેસીંગ ખરીદ વેચાણ સહકારી મંડળી લી. જેતપુરપાવી મર્યાદિત સ્થળ જેતપુરપાવી તાલુકો જેતપુરપાવી વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૪.

નંબર નધણ/ગ-૨/૧૯૮/સે/દૂધ-૨૭૩૪૨.—આથી જાહેર કરે છે કે ગૈડીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ગૈડીયા, તાલુકો જેતપુરપાવી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૪.

નંબર નધણ/ગ-૨/૨૧૫/સે-દૂધ/૨૭૩૩૬/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે અલીન્દ્રા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અલીન્દ્રા, તાલુકો સાવલી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

નંબર નધણ/ગ-૨/૨૦૫/સે/૨૭૩૪૩.—આથી જાહેર કરે છે કે શિનોર મહિલા બચત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ શિનોર, તાલુકો શિનોર, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

ક્રમાંક નધણ/ગ-૨/૨૦૬/સે-૨૭૩૦૪.—આથી જાહેર કરે છે કે શ્રી લક્ષ્મીબા મહીલા બચત સહકારી મંડળી લી. મિર્યાદત સ્થળ કાવીઠા, તાલુકો સંખેડા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

ક્રમાંક નધણ / ગ-૨ / ૨૦૭ / સે - ૨૭૩૪૫ .—આથી જાહેર કરે છે કે કામધેનુ મહિલા બચત સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ડભોઇ, તાલુકો ડભોઇ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

નંબર નધણ / ગ - ૨ / ૨૦૯ / સે - ૨૭૩૪૬ .—આથી જાહેર કરે છે કે શ્રી નવદુર્ગા મહિલા બચત સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વાઘોડીયા, તાલુકો વાઘોડીયા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ ૨ ૯ આજરોજ નોંધવામાં આવી છે. વડોદરા, તારીખ ૩૧મી મા૨ ૧૯૯૪.

નંબર નધણ / ગ-૨ / ૨૧૦ / સે - ૨૭૩૪૭.—આથી જાહેર કરે છે કે વિકાસ મહિલા બચત સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પાદરા, તાલુકો પાદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

નંબર નધણ/ગ-૨/૨૧૧/સે-૨૭૩૪૮.—આથી જાહેર કરે છે કે ભાગ્યલક્ષ્મી મહિલા બચત સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વેમાર તાલુકો કરજણ જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

નંબર નધણ/ગ-૨/૨૧૨/સે-૨૭૩૪૯.—આથી જાહેર કરે છે કે લક્ષ્મી મહીલા બચત સહકારી મંડળી લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

નંબર નધણ/ગ-૨/૨૧૪/સે-૨૭૩૫૦.—આથી જાહેર કરે છે કે શ્રી નર્મદા મહિલા બચત સહકારી મંડળી લી. તિલકવાડા મર્યાદિત સ્થળ તિલકવાડા તાલુકો તિલકવાડા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

વંચાણે લીધો :

શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૩ વડોદરા લગત સેન્ટ્રલ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. વડોદરાની તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૩ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નંબર ફડચા/૦૧/ઝ-૨/૪૦૩/સને ૧૯૯૪.—ધી સેન્ટ્રલ કો-ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મુકામ વડોદરા ની નોંધણી ક્રમાંક ૨૦૨૮૮, તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૮૪ કરવામાં આવી હતી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૮૦૮૧/૦૧/ઘ-૧/૧૮૨૧ તારીખ ૧૩મી નવેમ્બર ૧૯૮૭ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહું મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળ બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

વંચાણે લીધા :

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ લગત પોરટીંબી સામુદાયીક ખેતિ સહકારી મંડળી લી. પોરટીંબી તાલુકા વાઘોડીયાનો તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૪ નો પત્ર.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઝ-૨/૪૦૪/સને ૧૯૯૪.—ધી પોરટીંબી સામુદાયીક ખેતિ સહકારી મંડળી લીમી. વાઘોડીયાની નોંધણી ક્રમાંક ખે-૫૪૨ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૫૭ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/ ૮૮૮૨/૦૧/ચ-૧/૧૧૦૩ તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૦ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થયેઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલી છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

વંચાણે લીધા : શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૩ લગત રાણીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. તાલુકા સાવલી ના તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૪ નો પત્ર

હુકમ

જા .નં. ફડચા/૦૧/ઝ-૨/૪૦૫/સને ૧૯૯૪.—ધી રાણીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. તાલુકા સાવલી ની નોંધણી તારીખ ૧૧મી જૂન ૧૯૫૯ના ક્રમાંક ૧૭૮૮૨ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુમ નંબર ફડચ/ફ/૯૧૯૪ ઘ-૩/૨૫૭/૯૨ તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૨ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે.

INDEX

અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

વંચાણે લીધો : શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૧ લગત કામરોલ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકા વાઘોડીયા નો તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪ નો પત્ર

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઝ-૨/૪૦૬/સને ૧૯૯૪.—ધી કામરોલ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લીમી. તાલુકા વાઘોડીયા ની નોંધણી ક્રમાંક સે-૨૦૭૭૭ તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૮૪ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૫૧૭/ઝ-૨/૧૩૫૧/૯૩, તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ ની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) દેલવાડા સોમજ ખેતિ પિયત સહકારી મંડળી લી. દેલવાડા તાલુકા કરજણને ફડચામાં લઈ જતો અંતીમ આદેશ તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૮૬ ફડચ/ફ/૮૩૦૧/૦૧/ ઘ-૧/ ૯૩૫
(૨) સહકારી અધિકારી ફડચા નંબર (૩) વડોદરાની પત્ર ફડચા/૦૧/ફ-૩/૧૩૫, તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૪ થી રજુ થયેલ દરખાસ્ત.
(૩) સરકારશ્રીના ખેતી, વન અને સહકારી ખાતાના પત્ર ક્રમાંક સી. એસ. એ./૪૯૬૯/ ૧૮૫૭૦/ડી/૨/ તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૭૭.
(૪) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પત્રાંક ફડચ/૧૮૫/ખ/૧૬૩૩, તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૮૭
(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) હેઠળની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા.નં./ફડચ/૦૧/ઝ-૨/૪૨૪/૧૯૯૪.—ધી દેલવાડા સોમજ ખેતી પિયત સહકારી મંડળી લી. દેલવાડા તાલુકા કરજણ, જિલ્લો વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ખે-૩૭૪, તારીખ ૧૫મી માર્ચ ૧૯૬૫ થી નોંધાયેલ સહકારી મંડળી છે, જેને સંદર્ભ (૧) ના અત્રેની આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવામાં આવેલ છે, જેના નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ, તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૮૭ ના રોજથી મજકુર મંડળીનો હવાલો સંભાળી ફડચા લગત કામગીરી કરેલ છે. ફડચાની મુદતને તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના રોજ સાત વર્ષ પુરા થયા છે.

ફડચા અધિકારીના સંદર્ભ-૨ના અહેવાલની વિગતે સરકારશ્રીની લોન રૂ. ૮૦૨૨-૦૦ તથા રૂ. ૧૪,૯૯૫-૮૫ વ્યાજ સબસીડી રૂ. ૮૯૪૫-૦૦ મળી કુલ રૂ. ૩૧,૬૬૨-૮૫ ની જવાબદારી બાકી રહેલ છે. જે સામે રૂ. ૨૨૭૧૭-૮૫ સરકારી લોન સામે સભ્યો પાસેથી આકારેલ રકમ તથા રૂ. ૨૩૭૮-૬૩ પાણી ધિરાણ બાકી મીલ્કત લેણાં તરીકે બોલે છે રૂ. ૬૫૬૬-૩૭ ની ચોખ્ખી ખોટ છે. સરકારશ્રીની સબસીડી રૂ. ૮૯૪૫-૦૦ માંડવાળ કરવા માટે અત્રેના પત્રાંક ફડચ/૦૧/ઝ-૨/૧૮૬૯, તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૩ થી વડી કચેરીને દરખાસ્ત સાદર કરવામાં આવેલ છે. જેનું આખરી નિર્ણય આવેલ નથી. મંડળીનું છેલ્લે તારીખ ૧લી જુલાઇ ૧૯૯૨થી ૩જી માર્ચ ૧૯૯૪ સુધીનું ઓડીટ થયેલ છે અને મંડળીને આટોપી લેવા ઓડીટરનો અહેવાલ રજુ થયેલ છે.

સંદર્ભ (૩) હેઠળ સરકારશ્રીનો પત્ર તથા સંદર્ભ (૪) હેઠળનો વડી કચેરીનો પત્ર તથા સહકારી કાયદાની કલમ-૧૧૪ (૨) ની જોગવાઈઓની વિગતે ફડચાની મુદત પુરી થતાં ઉપર મુજબ રૂ. ૩૧,૬૬૨-૮૫ ની જવાબદારીઓ તેમજ તેટલીજ મિલ્કતો અને લેણાં હેઠળ કાર્યવાહી પુરી કરવાની બકી રહે છે. મજકુર જોગવાઈઓને અનુલક્ષીને ઉપરોક્ત જવાબદારીઓ અને લેણાંની કામગીરી પુરી થતાં સુધી મંડળીની નોંધણી યથાવત રાખી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ મંડળીને આટોપી લેવા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા સંદર્ભ (૩) અને (૪) અન્વયે ધી દેલવાડા સોમજ ખેતિ પિયત સહકારી મંડળી લી. દેલવાડા, તાલુકા કરજણની ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે.

સામેલ પરિશિષ્ટ મુજબની મંડળીની બાકી રહેલ, જવાબદારીઓ સામે લેણાના મંડળી વતી ટ્રસ્ટી તરીકે શ્રી મદદનીશ સહકારી અધિકારી પિયત લગત કચેરી હસ્તક રાખવા આદેશ કરવામાં આવેછે.

મજકુર બાકી કામગીરી પુરી કરી દેવા ચુકવવાના રહે છે. બાકી કામગીરી અને મંડળીના દેવાની પતાવટ થતાં સુધી મંડળીની નોંધણી યથાવત રહેતી હોઇ, સદર કાર્યવાહી પુર્ણ થયે સહકારી કાયદાની કલમ-૨૦ અનુસાર આદેશ કરવાના રહેશે.

ફડચા અધિકારીએ તેઓ હસ્તક મજકુર મંડળીની દફતરી હકીકત, હવાલો આ હુકમ હેઠળ નિમાયેલ ટ્રસ્ટીને સુપ્રત કરવાના રહેશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

વંચાણે લીધા :
શ્રી ફડચા અધિકારી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી. વડોદરા લગત વડોદરા જિલ્લા મરઘાં ઉછેર અને ઈંડા ઉત્પાદક સહકારી સંઘ લી. ની તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૩ ની નોંધણી રદની દરખાસ્ત

હુકમ

જા.નં.ફડચા/૦૧/ઝ-૨/૪૨૬/સને ૧૯૯૪.—ધી વડોદરા જિલ્લા મરઘાં ઉછેર અને ઈંડા ઉત્પાદક સહકારી સંઘ લી. મુકામ વડોદરાની

INDEX

નોંધણી ક્રમાંક સે-ઉ/૨૭૯૪, તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૭૪ થી કરવામાં આવી હતી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૭૬૩૬/ઘ-૧/૭૯૬, તારીખ ૨૭મી જુલાઈ ૧૯૮૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહં કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે, આ હુકમની તાર ખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

———

વંચાણે લીધા :

શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૧ વડોદરા લગત રસ્તા બાંધનાર મજુરોની સહકારી મંડળી લી. વડોદરાની તારીખ ૨૮મી માર્ચ ૧૯૯૪ ની નોંધણી રદની દરખાસ્ત

હુકમ

જા. નં.ફડચા/૦૧/ઝ-૨/૪૨૭ સને ૧૯૯૪.—ધી રસ્તા બાંધનાર મજરોની સહકારી મંડળી લીમી. મુકામ વડોદરા ની નોંધણી ક્રમાંક ઉ-૪૬૯, તારીખ ૩૧મી મે ૧૯૬૧થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૮૦૪૦/૦૧/ઘ-૧/૫૪૭/૮૬, તારીખ ૨જી એપ્રિલ ૧૯૮૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત કરાયેલ જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

———

વંચાણે લીધો :—શ્રી સહકારી અધિકરી ફડચા નં ૧, વડોદરા લગત કરજણ કસ્બાની ભંગી લોકોની ક્રેડીટ સ. મં. લી.,કરજણની તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૯૩ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં ફડચા/૦૧/ઝ-૨/૪૨૯ સને ૧૯૯૪.—ધી કરજણ કસ્બાની ભંગી લો.કોની ક્રેડીટ સહકારી મંડળી લી. મુકામ કરજણની નોંધણી ક્રમાંક ૧૭૩૪૬, તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૪૮ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ/૯૫૧૪/૦૧/ઝ-૨/૧૩૪૮ /૯૩, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ્ કરવાં માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

———

વંચાણે લીધો —શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરા લગત શિવકૃપા કો.-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. કરજણની તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૩ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઝ-૨/૪૩૦ સને ૧૯૯૪.—ધી શિવકૃપા કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ કરજણની નોંધણી ક્રમાંક ઘ-૧૧૧૪૫, તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૮૩ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ ફ/૯૫૧૩/ચ-૨/૧૩૪૭/૯૩, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

———

વંચાણે લીધો —શ્રી સહકારી અધિકારી ફડચા નં ૧,વડોદરા લગત ભારત ખેતી પિયત સ. મં. લી. દામનગર, તારીખની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં : ફડચા/૦૧/ઝ-૨/૪૩૧ સને ૧૯૯૪.—ધી ભારત ખેતી પિયત સહકારી મંડળી લી. મુકામ દામનગર, ની નોંધણી ક્રમાંક ખે-૧૪૧૧, તારીખ ૧૦મી માર્ચ, ૧૯૬૬ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાનાં હુકમ નંબર ફડચ/ફ/૭૬૩૦/ઘ-૨/૬૪૧, તારીખ ૧૮મી એપ્રિલ ૧૯૮૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

———

INDEX

વંચાણે લીધા —શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરા લગત રસબિંદુ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. કપુરાઈ ની તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. : ફડચા/૦૧/ઝ-૨/૪૩૨ સને ૧૯૯૪.—ધી રસબિંદુ કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ કપુરાઈ, ની નોંધણી ક્રમાંક ઘ-૨૧૧૪, તારીખ ૧૪મી ઓકટોબર ૧૯૬૯ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૭૮૮૦/૦૧/ઘ-૧/૧૮૮/૮૧-૮૫, તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૮૫ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

વંચાણે લીધા —શ્રી ફડચા અધિકારી બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી. વડોદરા લગત ભંડારેશ્વર કો-ઓપ. ક્રેડીટ સોસાયટી લી. વડોદરાની તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઝ-૨/૪૩૩ સને ૧૯૯૪.—ભંડારેશ્વર મહાદેવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી, મુકામ વડોદરાની નોંધણી ક્રમાંક સે-૨૮૨૮, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૭૭ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંળીઓ વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ/૮૦૫૨/૦૧/ઘ-૧/૧૦૧૧/૮૬, તારીખ ૩૧મી જુલાઈ ૧૯૮૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

વંચાણમાં લીધા :

(૧) મેસરાડ ખેતિ પિયત સહકારી મંડળી લી. મેસરાડ તાલુકો કરજણ ફડચામાં લઈ જતી અંતીમ આદેશ તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૮૫ ફડચા/ફ/૭૮૮૧/૦૧/ઘ-૨/૧૯/૮૫
(૨) સહકારી અધિકારીશ્રી ફડચા નંબર (૩) વડોદરાનો પત્ર ક્રમાંક ફડચ/૦૧/ફ-૩/૧૩૪, તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૪
(૩) સરકારશ્રીની ખેતિ વન અને સહકાર વિભાગ પત્રાંક સી.એસ.એ ૪૯૬૯/૧૮૫૭૦/ડી-૨, તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૭૭
(૪) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળી ગુજરાત રાજ્ય ગાંધીનગરની પત્રાંક ફડચ/૧૮૫/ખ/૧૬૩૩ તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૮૭
(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) હેઠળની જોગવાઈઓ.

પ્રસ્તાવના

નંબર ફડચ/૦૧/ઝ-૨/૪૩૪/૧૯૯૪.—ધી મેસરાડ ખેતિ પિયત સહકારી મંડળી લી.મેસરાડ તાલુકો કરજણ, જિલ્લો વડોદરા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર ખે-૧૪૨૬ તારીખ ૨૦મી જુન ૧૯૬૭ થી નોંધાયેલ સહકારી મંડળી છે, જેને સંદર્ભ (૧) ના આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવામાં આવેલ નિમાયેલ ફડચા અધિકારીએ તારીખ ૧૭મી માર્ચ ૧૯૮૫ ના રોજ મંડળીનો હવાલો સંભાળી ફડચા લગત કામગીરી કરેલ છે.

ફડચાની મુદતને તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૨ના રોજ સાત વર્ષની મર્યાદા પુરી થયેલ છે.

ફડચાની કામગીરી દરમ્યાન મંડળીની માલ મિલ્કતોનો નિકાલ તથા સરકારશ્રીની યોજનાકીય લોન અને વ્યાજ રૂા. ૫૮,૮૯૬/- મંડળીના ૧૧ સભ્યો પાસેથી વસૂલ લેવા સહકારી કાયદાની કલમ-૧૩૩ હેઠળ પ્રમાણપત્રો આ કચેરીના તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૪ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઝ-૨/૨૪૮ થી એસાઇન કરવામાં આવેલી છે.

મંડળીના ફડચાની મુદતને તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૨ ના રોજ સાત વર્ષ પુરા થતાં ૯મી જાન્યુઆરી ૧૯૯૩ સુધીના મુદત વધારા માટે સહકારી કાયદાની કલમ-૧૬૧ અન્વયે મુકિત સહ મુદત વધારી મંજુર કરવા વડી કચેરીને દરખાસ્ત રજુ કરેલ છે જે સરકારશ્રીના ૧૮મી જુન ૧૯૯૨ ના પત્રથી દરખાસ્ત સ્વીકારી ન હોવાનું વડી કચેરીના તારીખ ૬ઠ્ઠી જુલાઇ ૧૯૯૨ ના પત્રથી જણાવવામાં આવેલ છે.

મંડળીનું તારીખ ૧લી જુલાઇ ૧૯૯૨ થી ૩૦ માર્ચ ૧૯૯૪ સુધીનું ઓડીટ સબ ઓડીટર (લી.રી.) લગત જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળી, વડોદરા તરફથી હાથ ધરવામાં આવેલ,સદર ઓડીટ અહેવાલ હેઠળ સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ મંડળીને આટોપી લેવા ભલામણ કરેલ છે.

સંદર્ભ-૨ હેઠળ રજુ થયેલા અહેવાલની વિગતે સરકારશ્રીની લોન રૂા. ૨૪,૪૮૫/- વ્યાજ દંડ અને વ્યાજ રૂા. ૩૪,૪૧૧/ મળી કુલ રૂા. ૫૮,૮૯૬/- સભ્યો પાસેથી વસૂલ લેવા ,એસાઇનમેન્ટ કરવામાં આવેલ છે. સબસીડી રૂા. ૧૨,૩૬૦/- માંડવાળ કરવા વડી કચેરીને અત્રેના પત્રાંક ફડચા/૦૧/ઝ/૨/૧૮૭૨/૯૩, તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૩ થી દરખાસ્ત કરાયેલ છે, જેનો આખરી નિર્ણય થઈ આવેલ નથી.

ઉપરોકત રૂા. ૭૧,૨૫૬/- ની જવાબદારીઓ સામે પાણી બાકી રૂા. ૮,૯૮૨/-એસાઇનમેન્ટ થયેલ રકમ રૂા. ૫૮,૮૯૬/-અને ચોખ્ખી ખોટ રૂા. ૩૩૭૧/ છે

INDEX

સંદર્ભ (૩) (૪) અને (૫) ની વિગતે ફડચાની મુદતને સાત વર્ષ પુરા થયેલા હોઈ, સંદર્ભ (૨) ની અહેવાલ અનુસાર જવાબદારીઓના નિકાલ થતાં સુધીના સમય માટે મંડળીની નોંધણી યથાવત રાખી સહકારી કાયદાની કલમ-૧૧૪ ની જોગવાઈઓ હેઠળ આટોપી લેવાની નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૧૪ તથા સંદર્ભ (૩) (૪) અન્વયે મેસરોડ ખેતી પિયત સહકારી મંડળી લી. મેસરોડ તાલુકો કરજણની ફડચાની કાર્યવાહી થયેલી જાહેર કરવામાં આવે છે.

સામેલ પરિષિષ્ટ મુજબની મંડળીની બાકી રહેલ જવાબદારીઓ સામે લેણાંના મંડળી ટ્રસ્ટી તરીકે મદદનીશ સહકારી અધિકારી પિયત વડોદરા હસ્તક રાખવા આદેશ કરવામાં આવે છે.

મજકુર બાકી કામગીરી પુરી કરી દેવા ચુકવવાના રહે છે.

બાકી કામગીરી અને મંડળીના દેવાની પતાવટ થતાં સુધી મંડળીની નોંધણી યથાવત રહેલી હોઈ સદર કાર્યવાહી પુર્ણ થયે સહકારી કાયદાની કલમ-૨૦ અનુસાર આદેશ કરવાના રહેશે.

ફડચા અધિકારીએ તેઓ હસ્તક મજકુર મંડળીની દફતરી હકીકત હવાલો આ હુકમ હેઠળ નિમાયેલ ટ્રસ્ટીને સુપ્રત કરવામાં રહેશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તારીખ ૨૨ મી ડિસેમ્બર, ૧૯૮૬ નો અંતીમ આદેશ ક્રમાંક ફડચ / ફ / ૮૩૦૯ / ૦૧ / ધ-૧ / ૯૬૮--૮૬

(૨) ફડચા અધિકારી સહકારી મંડળી (૨) વડોદરા તરફથી મંડળીને આટોપી લેવા પત્રાંક : ફડચ / ૦૨ / ૭૮૭/ ૯૨, તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૧૯૯૨ થી રજુ થયેલી દરખાસ્ત

(૩) ગુજરાત સહકારશ્રી ખેતી, વન અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંક : સી. એસ. એ. / ૪૯૬૯ / ૧૮૫૭૦/ ડી (૨) તારીખ ૨૩ મી સપ્ટેમ્બર, ૧૯૭૭.

(૪) વડી કચેરીનો પરિપત્રાંક : ફડચ / ૧૮૫ / ખ/ ૧૬૩૩/ ૮૭, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૧૪ હેઠળન જોગવાઈઓ

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ૦૧ / ઝ-૨ / ૪૩૫/૯૪.— ધી ગણપતપુરા સ્ટેશન ખેતિ પિયત સહકારી મંડળી લી, મુકામ ગણપતપુરા તાલુકા કરજણ, જિલ્લો વડોદરાએ સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ખે-૧૪૨૭, તારીખ ૩૦ મી માર્ચ, ૧૯૬૭ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને સંદર્ભ (૧) ના હુકમથી કલમ ૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવામાં આવેલ છે.

નિમાયેલા ફડચા અધિકારીએ મંડળીનો હવાલો તારીખ ૧૮ મી જુલાઈ, ૧૯૮૭ ના રોજ સંભાળી ફડચા લગત કામગીરી કરેલ છે, હાલના તબકકે મંડળીને તારીખ ૨૧ મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ ૭ વર્ષનો સમયગાળો પુરો થયો છે, વંચાણે લીધેલ સંદર્ભ-૨ ની દરખાસ્તથી ફડચા અધિકારીએ નોંધણી રદ્દ થવા સમય મર્યાદામાં દરખાસ્ત કરેલી, પરંતુ મંડળીની સબસીડી તથા સરકારશ્રીની લોનનો પ્રશ્ન હોઈ, હાલ સુધી તેની નોંધણી રદ થયેલી નથી.

ફડચા હેઠળની કાર્યવાહીનાં મંડળીની માલ મિલ્કતોની નિકાલ કરી રૂા. ૯૯૧૦ સરકારશ્રીની લોન પેટે જમા કરાયેલા છે, તથા બાકી રકમ રૂા. ૨૪૦૭૦ લોન+વ્યાજ+દંડ વ્યાજ કુલ્લે મંડળીના ૧૨ સભ્યો સામે ફાળવણી કરી સરકારશ્રીની તરફેણમાં એસાઈનમેન્ટ હુકમો તારીખ ૭ મી જુલાઈ, ૧૯૯૨ ના અત્રેના હુકમો કરવામાં આવ્યાં છે.

ઉકત કાર્યવાહી બાદ મંડળીને સરકારશ્રીએ ચુકવેલ સહાય રૂા. ૭,૪૫૩ ની વસુલાતનો પ્રશ્ન ઉપસ્થિત થતાં હવે કોઈ મીલ્કતો મંડળીમાં રહેતી ન હોઈ, સબસીડી માંડવાળ દરખાસ્ત અત્રેના તારીખ ૨૯ મી ઓકટોબર, ૧૯૯૩ ના પત્રથી વડી કચેરીને સાદર કરાયેલ, જેનો આખરી નિર્ણય થઈ આવેલ નથી.

ઉપરોકત વિગતો લક્ષમાં લેતાં સરકારશ્રીનું લહેણું સભ્યોએ લેણાં સામે તારણ આપેલું હોઈ, એસાઈન થયેલ છે, જ્યારે સબસીડી વસુલ આવે તેમ ન હોઈ, તથા સબસીડી સામે તારણ ન હોઈ માંડવાળ કરવા દરખાસ્ત થયેલ છે. આ સંજોગોમાં સબસીડી માંડવાળ થાય તો નોંધણી રદ કરી શકાય, પરંતુ હજુ તેનો નિર્ણય થયેલ ન હોઈ, મંડળીની નોંધણી યથાવત રાખી વંચાણે લીધેલ અનું. નં. (૩) (૪) તથા (૫) ની જોગવાઈઓ, પરિપત્રો ધ્યાને લઈ નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૧૪ ની જોગવાઈઓ હેઠળ ધી ગણપતપુરા સ્ટેશન ખેતી પિયત સહકારી મંડળી લી. તાલુકા કરજણની ફડચાની કાર્યવાહી આથી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે.

મંડળીની સબસીડી માંડવાળની દરખાસ્ત પરત્વે આખરી નિર્ણય લેવાતા સુધી ટ્રસ્ટી તરીકે શ્રી મદદ. સહકારી અધિકારી પિયત લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, વડોદરાની આથી નિયુકત કરવામાં આવે છે.

બાકી કામગીરી થતાં કલમ ૨૦ અન્વયેના હુકમો કરવાના રહેશે.

ફડચા અધિકારીએ નિમાયેલા ટ્રસ્ટીને મંડળીની દફતરી હવાલો સુપ્રત કરવાનો રહેશે.

વડોદરા, તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૪.

વંચાણમાં લીધા :—

(૧) ધી સોનારકુઈ સીમાંત નાના ખેડૂતોની પિયત સહકારી મંડળી લી., મુકામ સોનારકુઈ, તાલુકો, જિલ્લા વડોદરાને ફડચામાં લઈ જતો અંતીમ આદેશ ક્રમાંક ફડચ / ૦૧ / ફ / ૭૬૩૫ / ધ-૧ / ૭૯૯, તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૮૩.

INDEX

(૨) શ્રી સહકાર અધિકારી ફડચા નં. (૧) વડોદરાનો પત્રાંક / ફડચ / ૦૧ / ૧૪૩ / ૧૯૯૪, તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૪.

(૩) સરકારશ્રીના ખેતિ, વન અને સહકાર વિભાગનો પત્રાંક / સી.એસ.એ. / ૪૯૬૯ / ૧૮૫૭૦ / ડી-૨, તારીખ ૨૩ મી સપ્ટેમ્બર, ૧૯૭૭.

(૪) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળી ગુજરાત રાજ્ય ગાંધીનગરનો પત્રાંક ફડચ / ૧૮૫/૯ / ૧૬૩૩, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૧૪ હેઠળની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ૦૧ / ઝ-૨ / ૪૩૭/૯૪.— ધી સોનારકુઈ સીમાંન્ત અને નાના ખેડૂતોની પિયત સહકારી મંડળી લી., મુકામ સોનારકુઈ, તાલુકો, જિલ્લો વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ખે-૨૩૪૯, તારીખ ૩૦મી જુન, ૧૯૭૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને સંદર્ભ (૧) ના અત્રેના આદેશ હેઠળ ફડચામાં લઈ જવામાં આવેલ છે.

ઉક્ત આદેશ હેઠળ નિમાયેલ ફડચા અધિકારીએ તારીખ ૧૮ મી એપ્રિલ, ૧૯૮૩ ના રોજથી ફડચાનો હવાલો સંભાળી ફડચા લગત કામગીરી કરેલ છે. સદરહુ મંડળીને તારીખ ૧૮ મી એપ્રિલ, ૧૯૯૦ ના રોજ ફડચામાં ૭ વર્ષની મર્યાદા પુર્ણ થયેલી છે.

મજકુર ફડચાની મંડળીનું છેલ્લે તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૨ થ ૭ મી માર્ચ, ૧૯૯૪સુધીમાં સમયનું ઓડીટ સબ ઓડીટર (લી. રી.) લગત જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળી વડોદરા તરફથી હાથ ધરવામાં આવેલ, સદર ઓડીટ અહેવાલ હેઠળ મંડળીને સહકારી કાયદાની કલમ ૧૧૪ અન્વયે આટોપી લેવા ભલામણ કરવામાં આવેલી છે.

ફડચાની કામગીરી દરમ્યાન મિલ્કતો અને અન્ય નિકાલથી મંડળીની જવાબદારીઓ ભરપાઈ અને સરભર થતાં અંતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સહાય રૂા ૧૫,૦૬૦ બાકી રહેવા પામેલ છે. તે સામે મંડળી પાસે અન્ય કોઈ મીલ્કતો કે લેણાં નથી. ગ્રામ વિકાસ એજન્સીની સદર રકમ માંડવાળ કરવા ફડચા અધિકારીની તારીખ ૭ મી માર્ચ, ૧૯૯૪ ની દરખાસ્ત આ કચેરીના તારીખ ૨૯ મી માર્ચ, ૧૯૯૪ નાં પત્રથી નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરાને સાદર કરવામાં આવેલી છે, જેનો આખરી નિર્ણય થવો બાકી છે.

સંદર્ભ (૨) ના ફડચા અધિકારીના અહેવાલ તેમજ તે સહ સામેલ આવેલ ઓડીટ નોંધ, સંદર્ભ (૩) (૪) અને (૫) ની વિગતો જોગવાઈઓ વિચારણામાં લેતાં ગ્રામ વિકાસ એજન્સીના મંડળી પાસે લેણાં રૂા. ૧૫,૦૬૦ માંડવાળ કરવા બાબતે ગ્રામ વિકાસ એજન્સી તરફથી નિર્ણય લેવાતાનાં સમય સુધી મંડળીની નોંધણી યથાવત રાખી, સહકારી કાયદાની કલમ ૧૧૪ હેઠળ આટોપી લેવાની નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૯૧ની કલમ ૧૧૪ તથા સંદર્ભ (૩) અને(૪) અન્વયે સોનારકુઈ સીમાંત અને નાના ખેડૂતોની પિયત સહકારી મંડળી લી., સોનારકુઈ તાલુકા, જિલ્લા વડોદરાની ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી આથી જાહેર કરવામાં આવે છે.

સામેલ પરિશિષ્ટ મુજબની મંડળીની બાકી રહેલી જવાબદારી સામે લેણાના મંડળી વતી ટ્રસ્ટી તરીકે શ્રી મદદનીશ સહકારી પીયત લગત કચેરી હસ્તક રાખવા આદેશ કરવામાં આવે છે.

મજકુર બાકી કામગીરી અને મંડળીના દેવાની પતાવટ થતાં સુધી મંડળીની નોંધણી યથાવત રહેતી હોઈ, સદર કાર્યવાહી પુર્ણ થયે સહકારી કાયદાની કલમ ૨૦ અનુસારના આદેશ કરવાના રહેશે.

ફડચા અધિકારી (૧) એ તેઓ હસ્તક મજકુર મંડળીની દફતરી હકીકતો અને હવાલો આ હુકમ હેઠળ નિમાયેલ ટ્રસ્ટીને સુપ્રત કરવાની રહેશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) પંડયા સામુદાયિક સહકારી ખેતી મંડળી લી., કરખડી, તાલુકો પાદરાને ફડચામાં લઈ જતાં અંતીમ આદેશ ક્રમાંક : ફડચ / ફ / ૮૦૪૧ / ૦૧ / ઘ-૧૬૬૨, તારીખ ૧૫મી મે, ૧૯૮૬.

(૨) ફડચા અધિકારી નં. ૨ વડોદરાના પત્રાંક : ફડચ / ૦૨ / ૭૧૫, તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૨નો અહેવાલ.

(૩) સરકારશ્રીના ખેતિ, વન અને સહકાર વિભાગ, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૭૭નો પરિપત્ર.

(૪) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭નો પરિપત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળી, અધિનિયમ, ૧૯૬૧નો કલમ ૧૧૪ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચા / ૦૧ / ઝ-૨ / ૪૩૮/૯૪.— શ્રી પંડયા સામુદાયિક સહકારી ખેતી મંડળી લી., કરખડી, તાલુકો પાદરા, એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક ખે-૨૧૪૩, તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૩થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને સંદર્ભ-૧ ના આદેશથી સહકારી કાયદાની કલમ ૧૦૭ની જોગવાઈઓ હેઠળ ફડચામાં લઈ જવામાં આવેલ સદર આદેશ હેઠળ નિમાયેલ ફડચા અધિકારીએ તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૮૬નાં રોજ મંડળીનો હવાલો સંભાળી ફડચા લગત કામગીરી કરેલ છે. મંડળીની ફડચાની મુદતને સાત વર્ષ પુરાં થયેલાં છે.

મંડળીની જવાદારીઓ ચુકવવા માટે મંડળીની મિલ્કતો અને અન્ય લેણાંઓની વસુલાતથી મંડળીના દેવાં ચુકવતાં સરકારશ્રીની લોન રૂા. ૧૬૪૮ તથા લોન વ્યાજ રૂા. ૪૯૭૨-૬૦ બાકી રહેવા પામેલ, જે માટે મંડળીની મિલ્કતો ન હોઈ, સરકારી લોન રૂા. ૧૬૪૮ અને વ્યાજ રૂા. ૪૯૭૨-૬૦ માંડવાર કરવા આ કચેરીના પત્રાંક : ફડચ / ૦૧ /ચ-૧ / ૧૬૮૦, તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૮૯થી કચેરીને

INDEX

દરખાસ્ત સાદર કરવામાં આવેલ. જેનો છેવટનો નિર્ણય થઈ આવેલ નથી.

ફડચા અધિકારીએ તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૨ના શેર મંડળીની અંતિમ સાધારણ સભા બોલાવી સરકારી લેણાં માંડવળ થવાની અપેક્ષાએ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરવા અને નોંધણી રદ્ કરવા ઠરાવો થયેલ છે અને તે વિગતે અહેવાલ સંદર્ભ-૨ થી રજૂ થયેલ છે.

સરકારશ્રીના ઉકત બાકી લેણા માંડવાળ કરવા બાબતે વડી કચેરીને વખતો વખત જરૂરી માહિતી પુરી પાડતાં છેલ્લે વડી કચેરીના તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૩ના પત્ર અનુસાર વડી કચેરીના તારીખ ૮મી ઓક્ટોબર, ૧૯૯૩ના પત્રથી દરખાસ્ત સરકારશ્રીને સાદર કરવામાં આવેલ છે. આમ સરકારી લેણાં માંડવાળના નિર્ણય સિવાય અન્ય કોઈ કામગીરી બાકી રહેતી નથી.

ફડચા અધિકારી તરફથી રજુ થયેલી સંદર્ભ-૧ ની દરખાસ્ત તથા સંદર્ભ-૩ અને ૪ ની બાબતો સરકારી કાયદાની કલમ ૧૧૪ની જોગવાઈઓ અનુસાર વિચારણા હેઠળ લેતાં, મજકુર મંડળી પાસે બાકી સરકારી બાકી લેણાંના માંડવાળનાં નિર્ણય થતાં સુધીના સમય સુધી મંડળીની નોંધણી યથાવત રાખી, મંડળીને આટોપી લેવાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

ધી પંડયા સામુદાયિક સહકારી ખેતી મંડળી લી., કરખડી, તાલુકો પાદરાને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૧૪ અનુસાર ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે.

મંડળીના બાકી સરકારી લેણાં માંડવાળ થતાં સુધી મંડળીની નોંધણી યથાવત રાખવાની રહેતી હોઈ, સહકારી કાયદાની કલમ ૨૦ મુજબના નિર્ણય, સરકારી લેણા માંડવાળ બાબતે સરકારશ્રીનો આદેશ થયા બાદ લેવાનો રહેશે.

સદર નિર્ણય થતાં સુધી સરકારશ્રીના સંદર્ભ-૩ અનુસાર મજકુર મંડળીનો હવાલો શ્રી મદદ સહકારી અધિ. પિયત લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી, મંડળી, વડોદરા હસ્તક મંડળીના ટ્રસ્ટી તરીકે રહેશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

વંચાણે લીધો:-

(૧) મોભા સીમાંત ખેડૂત પીયત સહકારી મંડળી લી. મુ. મોભા, તા. પાદરાને ફડચામાં લઈ જતો અંતીમ આદેશ ક્રમાંક : ફડચ/ફ/૮૦૪૯/૦૧/ઘ-૧ /૬૭૫, તારીખ ૧૭મી મે ૧૯૮૬.

(૨) શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૧) વડોદરાનો પત્રાંક ફડચ/૦૧/૧૪૪, તા. ૧૯મી માર્ચ ૧૯૯૪થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) સરકારશ્રીના ખેતિ, વન અને સહકાર ખાતાના પત્રાંક સી.એસ.એસ./૪૯૬૯/૧૮૫૭૦/ ડી-૨, તા. ૨૩મી સપ્ટેમ્બર ૧૯૭૭.

(૪) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી, ગુજરાત રાજય ગાંધીનગરની પત્રાંક : ફડચ / ૧૮૫/ ખ/ ૧૬૩૩, તા. ૧૦મી સપ્ટેમ્બર ૧૯૮૭.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ હેઠળની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઝ.-૨/ ૪૩૯/૯૪.—મોભા સીમાંત ખેડૂત પિયત સહકારી મંડળી લી. મોભા, તા. પાદરા, એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : ખે-૨૦૭૩, તા. ૧૯મી જાન્યુઆરી ૧૯૭૩થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને સંદર્ભ(૧) ના આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવામાં આવેલ.

સદર આદેશ હેઠળ નિમાયેલ ફડચા અધિકારીએ તા. ૩જી ફેબ્રુઆરી ૧૯૮૬ના વચગાળાના આદેશ અનુસાર તા. ૯મી માર્ચ ૧૯૮૬ ના રોજ મંડળીનો હવાલો સંભાળી ફડચા લગત કામગીરી કરેલી છે. સદર મંડળીને તા. ૧૬મી મે ૧૯૯૩ના રોજ ફડચામાં ૭ વર્ષની મર્યાદા પુરી થયેલી છે.

મંડળીની ફડચાની કાર્યવાહી દરમ્યાન મંડળીની, મિલ્કતો, રોકાણો અને અન્ય લેણાના નિકાલથી માંડીને મંડળીના દેવા અને જવાબદારીઓ, ભરપાઇ અને સરભર થતા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ની સબસીડી રૂા. ૩૫,૦૦૦ બાકી રહેવા પામેલ છે. આ જવાબદારી સામે મંડળી પાસે કોઈ મિલ્કતો નથી. રૂા. ૩૫,૦૦૦ ની ચોખ્ખી ખોટ છે.

મજકુર મંડળીનું છેલ્લે તા. ૧લી જાન્યુઆરી ૧૯૯૩થી ૯મી માર્ચ ૧૯૯૪ સુધીનું ઓડીટ સબ-ઓડીટર સહકારી મંડળી (૪) વડોદરા તરફથી હાથ ધરવામાં આવેલ, તા. ૯મી માર્ચ ૧૯૯૪ ના સરવૈયા મુજબ ગ્રામ વિકાસ એજન્સીની સબસીડી રૂા. ૫૦૦૦ તેમજ તે સામે ખોટ રૂા. ૩૫,૦૦૦ દર્શાવેલ છે.

સંદર્ભ (૨) હેઠળ રજુ થયેલી દરખાસ્તથી સહકારી કાયદાની કલમ ૧૧૪ અન્વયે મંડળીને આટોપી લેવાની દરખાસ્ત રજુ થયેલ છે. ગ્રામ વિકાસ એજન્સી, ની સબસીડી રૂા. ૩૫,૦૦૦ મંડળી પાસે હવે કોઈ મિલ્કતો ન હોય અને ફડચાની અવધિ પુરી થવાના સંજોગો હેઠળ રકમ માંડવાળ કરવા નિયામકશ્રી ગ્રામ વિકાસ એજન્સી વડોદરાને તેઓના તા. ૧૧મી ઓકટોબર ૧૯૯૩ના પત્રથી જરૂરી દરખાસ્ત અત્રે મારફત પત્રાંક ફડચ/૦૧/ ઝ./૧૮૨૯/તા. ૨૮મી ઓકટોબર-૧૯૯૩થી મોકલી આપવામાં આવેલ છે. ફડચાની મુદત બાબતે ધ્યાન દોરી સબસીડીની રકમ માંડવાળ કરવા ભલામણ કરવામાં આવેલ. ત્યારબાદ અત્રેના તા. ૭મી માર્ચ ૧૯૯૪ના પત્રાંક ફડચ/૦૧/ ઝ. ૨/૩૨૭/૯૪થી સહકારી કાયદાની જોગવાઈઓને અનુરૂપ મંડળીને આટોપી લેવા તા. ૧૫મી માર્ચ ૧૯૯૪ સુધીમાં નિર્ણયની બાબતોએ ધ્યાન દોરી યોગ્ય નિર્ણય બાબતે જણાવવામાં આવેલ છતાં કોઈ નિર્ણય કે પ્રત્યુત્તર અત્રે મળેલા નથી કે જાણ કરાઈ નથી.

સંદર્ભ (૨) ના ફડચા અધિકારીના અહેવાલ તેમજ સામેલ આવેલ ઓડીટ નોંધ, સંદર્ભ (૩)(૪) અને(૫)ની વિગતો વિચારણામાં લેતાં ગ્રામ વિકાસ એજન્સીના મંડળી પાસે લેણા રૂા. ૩૫,૦૦૦ માંડવાળ કરવા બાબતે ગ્રામ વિકાસ એજન્સી તરફથી આખરી નિર્ણય લેવાતાના સમય સુધી મંડળીની નોંધણી યથાવત રાખી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આટોપી લેવાની નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા સંદર્ભ(૩) અને (૪) અન્વયે મોભા સીમાંત ખેડૂત પિયત સહકારી મંડળી લી. મુ. મોભા, તા. પાદરા, જિ. વડોદરાની ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે.

INDEX

સામેલ પરિશિષ્ટ મુજબની મંડળીની બાકી રહેલી જવાબદારીઓ સામે લેણાની મંડળી વતી ટસ્ટી તરીકે મદદનીશ સહકારી અધિકારી પિયત લગત કચેરી હસ્તક રાખવા આદેશ કરવામાં આવે છે.

મજકુર બાકી કામગીરી પુરી કરી દેવા ચુકવવાના રહે છે.

બાકી કામગીરી અને મંડળીના દેવાની પતાવટ થતાં સુધી મંડળીની નોંધણી યથાવત રહેતી હોઈ, સદર કાર્યવાહી પુર્ણ થયે સહકારી કાયદાની કલમ-૨૦ અનુસારના આદેશ કરવાના રહેશે.

ફડચા અધિકારીએ તેઓ હસ્તક મજકુર મંડળીની દફતરી હકીકત હવાલો આ હુકમ હેઠળ નિમાયેલ ટ્રસ્ટીને સુપ્રત કરવાની રહેશે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

વંચાણમાં લીધા:-

(૧) જેનિતા એપાર્ટમેન્ટસ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ વડોદરાને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જતો હુકમ નં. ફડચ/ફ/૭૯૦૦/૦૧/ ધ. ૨/૪૦૫/તા. ૧૬મી એપ્રિલ ૧૯૮૫.

(૨) શ્રી સહકાર અધિકારી ફડચા નં. ૩, વડોદરાના જા.નં. ફડચ/૦૧/ફ.૩/૫૧૩/૯૨ તા. ૩૧મી જુલાઈ ૧૯૯૨

(૩) ગુજરાત સરકારશ્રી ખેતિ, વન અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંક : સી.એસ.એ. ૪૯૬૯/૧૮૫૭૦/ડી (૨) તા. ૨૩મી સપ્ટેમ્બર ૧૯૭૭.

(૪) વડી કચેરીનો પરિપત્ર નં. ફડચ/૧૮૫/ખ/૧૬૩૩/ ૮૭ તા. ૧૦મી સપ્ટેમ્બર ૧૯૮૭.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪-કલમ હેઠળની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ઝ. ૨/૪૪૧/૯૪.—જેનિતા એપાર્ટમેન્ટસ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. વડોદરાએ સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ૪૬૫૭, તા. ૧લી નવેમ્બર ૧૯૭૨થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને સંદર્ભ(૧) ના આદેશ હેઠળ સહકારી કાયદા ની કલમ-૧૦૭ અનુસાર ફડચામાં લઈ જવામાં આવેલ.

નિમાયેલ ફડચા અધિકારીએ તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૮૬ના રોજ મંડળીનો હવાલો સંભાળી ફડચા લગત કામગીરી કરેલ છે. સદરહુ મંડળીને ફડચાની મુદતનો ૭ વર્ષનો સમયગાળો પુરો થયો છે, તે બાદ સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જા. નં. ક્રમાંક ખખ/૪૩/૯૨/સઘમ/૧૦૯૩/ ૯૨ /૭૪/ખ/ તા.૧૩મી એપ્રિલ ૧૯૯૨થી સહકારી કાયદાની કલમ -૧૧૪ની જોગવાઈમાંથી કલમ-૧૬૧ હેઠળ મુકિત આપી તા. ૧૫ મી જુલાઈ ૧૯૯૨ સુધીનો મુદત વધારો મંજુર કરવામાં આવેલ છે.

ફડચા હેઠળની કામગીરીમાં ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન-ના સભ્યોની ધિરાણ વસુલાત તેમજ અન્ય લેણાથી મંડળીની જવાબદારી અદા કરતાં રૂા. ૧,૮૯,૨૫૬.૫૬+વ્યાજ મંડળીની જવાબદારી બાકી રહેવા પામેલ, જે સામે મંડળીના સભ્યો પાસે લેણાં રૂા. ૨,૮૫,૪૫૭.૦૦/- વ્યાજ+લી. ફી. સહીત વસુલ લેવા ગુજરાતા હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન તરફે આ કચેરીના હુકમ ક્રમાંક : ફડચ /૦૧/ધ. ૩/૧૦૪૨/૯૨ તા. ૪થી જુલાઈ ૧૯૯૨ થી એસાઈનમેન્ટ કરી આપવામાં આવેલ છે.

મંડળીને આટોપી લેવાના હેતુ માટે ફડચા અધિકારીના અધ્યક્ષ-પણા હેઠળ તા ૨૨મી જુલાઈ ૧૯૯૨ના રોજ સાધારણ સભા બોલાવવામાં આવેલ, સદર સાધારણ સભામાં મંડળીને આટોપી લેવા અને નોંધણી રદ કરવા તથા હિસાબો મંજુર કરવા મુકેલ દરખાસ્ત નામંજુર થયેલ. તે બાદ મંડળીના લેણદારો શ્રી હર્ષદ પટેલ અને હાર્કો બિલ્ડર્સ વડોદરાએ તેઓની મંડળી પાસે બાકી લેણી રકમો અનુક્રમે રૂા. ૨૦,૦૦૦/- અને રૂા. ૭૦,૦૦૦/-વ્યાજ સહીત અપા-વવા અને ફડચાની બાબતે અજાણ હોવાનુ તથા તેઓના લેણા સામે સભાસદોની વ્યકિતગત જવાબદારી અને સોસાયટીની સ્થાવર જંગમ મિલ્કતો હોવાનુ જણાવી, મંડળીનું રજિસ્ટ્રેશન રદ કરવા સામે વાંધો રજુ કરેલ જે સંદર્ભે ફડચાની કાર્યવાહી તા ૩૧મી ઓકટોબર ૧૯૯૩ સુધીના સમય માટે ચલાવવા માટે, સરકારી કાયદાની કલમ-૧૧૪ની જોગવાઈમાંથી કલમ-૧૬૧ હેઠળ મુકિત માટે અત્રેના તા ૧૪મી જૂન ૧૯૯૩ના પત્રથી વડી કચેરીને દરખાસ્ત કરવામાં આવેલ તેનો નિર્ણય થઈ આવેલો નથી.

સહકારી કાયદાની કલમ-૧૧૪ની જોગવાઈઓ તેમજ સંદર્ભ (૩) અને (૪) ની વિગતો જોતાં ફડચાની કાર્યવાહી સમાપ્ત થયાની વિગતે ફડચા અધિકારીએ સંદર્ભ-૧ થી દરખાસ્ત રજુ કરેલ છે.

મંડળીના લેણદારો શ્રી હર્ષદ પટેલ અને હર્કો બિલ્ડર્સના મંડળી પાસે લેણા સંબંધે નિર્ણય લેવાનો બાકી રહેતો હોઈ સદર લેણાં બાબતે ઘટતો નિર્ણય લેવા તેમજ સદર મંડળી લેન્ડબેઝ મંડળી હોઈ સંબંધીત શેર હોલ્ડરોના નામે, વ્યકિતગત દસ્તાવેજની કાર્યવાહી પુરી થતાં સુધી અને નોંધણી રદ કરતાં પહેલા સદર મંડળીનું નોન ટ્રેડીંગ કોર્પોરેશનમાં એસોસીએશન તરીકે રજિસ્ટ્રેશન મેળવતા સુધીના સમય માટે નોંધણી યથાવત રાખી ફડચાની કાર્યવાહી આટોપી લેવા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ ની જોગવાઈઓ હેઠળ ધી જેનિતા એપાર્ટમેન્ટસ કો. ઓપરેટીવ હાઉ-સીંગ સોસાયટી લીમીટેડ, વડોદરાની ફડચાની કાર્યવાહી આથી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે.

મંડળીના લેણદારો તેમજ મંડળીના શેર હોલ્ડરોની બાકી કામગીરી બાબતે ઘટતો નિર્ણય લેવાતા સુધી સદર મંડળીના ટ્રસ્ટી તરીકે શ્રી સહકાર અધિકારી (હાઉસીંગ) લગત કચેરીની નિયુકિત કરવામાં આવે છે તેઓ દ્વારા હવે પછીની બાકી રહેતી કામગીરી પુરી કરવાની રહેશે.

બાકી કામગીરી પુરી થતાં સહકારી કાયદાની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ ના આદેશ કરવાના રહેશે.

ફડચા અધિકારીએ નિમાયેલ ટ્રસ્ટીને તાત્કાલીક હવાલો સુપ્રત કરવો.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪.

નં. નધમ/ગ-૨/૨૫૦/સિ-૨૭૩૫૧/૨૯મી એપ્રિલ,૧૯૯૪.—આથી જાહેર કરે છે કે રાજલક્ષ્મી કોમ્પ્લેક્ષ-૧ પ્રીમાઈસીસ ઓનર્સ કો-ઓપરેટીવ સોસાયટી લીમીટેડ, મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા ૨૯મી એપ્રિલ ૧૯૯૪

નં. નધમ-ગ-૨-૨૫૧/સે-૨૭૩૫૨ તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૪.—આથી જાહેર કરે છે કે, લેન્ડમાર્ક પ્રીમાઈસીસ કો. ઓપરેટીવ સર્વીસ સોસાયટી લીમીટેડ, લેન્ડમાર્ક બિલ્ડીંગ બેઝમેન્ટ ઉપર રેસકોર્સ સર્વીસ મર્યાદિત સ્થળ વડોદરા, તા. વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૪

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક/વહટ/ગ/ઝ-૩/૫૩૯/૯૩ તા. ૮મી એપ્રિલ, ૧૯૯૩.

(૨) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક/વહટ/૦૧/ઝ-૩/૧-૫૧/૬/૯૩ તા. ૧૪મી મે ૧૯૯૩.

જા નં વહટ//ઝ-૩/૩/૪૮૦.—અત્રેની કચેરીનાં સંદર્ભ-૧ હેઠળનાં તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૩ નાં હુકમથી ધી સંખેડા જેતપુરપાવી તાલુકા જીનીંગ પ્રેસીંગ એન્ડ કોટન સેલ કો-ઓપરેટીવ સોસાયટી લી બોડેલી (ઢોકળીયા) તા સંખેડામાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૭૪(ઘ) અનુસાર સંચાલન તરીકે શ્રી બી. કે. ત્રિવેદીની નિમણૂંક કરેલ, શ્રી ત્રિવેદીએ રાજીનામું આપતાં સંદર્ભ-૨નાં તા ૧૪મી મે, ૧૯૯૩ના હુકમથી મજકુર મંડળીના કસ્ટોડીયન તરીકેશ્રી બી. એ. પટેલની નિમણૂંક કરવામાં આવેલ. શ્રી બી. એ. પટેલ તા ૩૦મી એપ્રિલ, ૧૯૯૪નાં રોજ નિવૃત્ત થતાં હોઈ શ્રી પટેલની જગ્યાએ મજકુર મંડળીના કસ્ટોડીયન તરીકે શ્રી એમ. જે. ડાભી સહકારી અધિકારી બજાર(લગત) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાને કસ્ટોડીયન તરીકે હવાલો સંભાળવા હુકમ કરવામાં આવે છે. કસ્ટોડીયનનો પ્રવાસ ખર્ચ સહકારી ધોરણે મંડળીએ ભોગવવાનો રહેશે.

સંદર્ભ-૧ નાં હુકમની શરત નં. ૪ સિવાયની શરતો યથાવત રહેશે.
વડોદરા, તા ૨૯મી એપ્રિલ. ૧૯૯૪.

નંબર નધમ/ગ-૨/૨૫૨/સે-૨૭૩૫૩.—આથી જાહેર કરે છે કે, મારબલ આર્ય ઓનર્સ કો. ઓ. સર્વીસ સોસાયટી લી. રેસકોર્સ રોડ મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે
વડોદરા, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪.

વંચાણે લીધા :-

(૧) અત્રેના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ફ/૭૮૬૪/૦૧ઘ-૧/૩૧૪/ તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૪.

(૨) ફડચા અધિકારી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાનો તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪ નો અહેવાલ.

(૩) ગુજરાત સહકારી ખેતી વન અને સહકાર વિભાગનો તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૭૭ નો પરિપત્ર ક્રમાંક સીએલઓ/૪૯૬૯/૧૮૫૭૦/ડી(૨)

(૪) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી ગુજરાત રાજ્ય ગાંધીનગરનો પત્રાંક ફડચ/૧૮૫/ખ/૧૬૩૩, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૪૪ (૨) હેઠળની જોગવાઈઓ.

પ્રસ્તાવના

નંબર ફડચ/૦૧/ઝ-૨/૫૦૦/૧૯૯૪.—ધી પ્લમ્બર સહકારી મંડળી લી. વડોદરાનો એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક સેઉ-૨૮૦૬ તારીખ ૨૭મી માર્ચ, ૧૯૭૫થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને સદર અધિનિયમની કલમ-૧૦૭ હેઠળ ધ્યાનમાં લઈ જવા સંદર્ભ-૧ થી આદેશ કરવામાં આવે છે. નિમાયેલા ફડચા અધકારીએ તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૮૪ના ફડચાના અંતિમ આદેશ અનુસાર તારીખ ૪થી મે ૧૯૮૬ના રોજ મંડળીનો હવાલો સંભાળી ફડચા લગત કામગીરી કરેલ છે.

સદર મંડળીને તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૧ ના રોજ ફડચાની ૭ વર્ષની સમય મર્યાદા પુરી થયેલ છે. ફડચા અધિકારીનાં તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ ના અહેવાલ મુજબ ફડચાની કાર્યવાહી અંતે નીચે મુજબ કામગીરી બાકી રહે છે.

બેન્ક કેશ ક્રેડીટ રૂ. ૧,૦૧,૮૨૩/- સરકારશ્રીની લોન રૂા. ૧૨૩૦/- સબસીડી રૂા. ૫૦૦/- તથા વ્યાજની રકમો મંડળીનું દેવું છે તે જ પ્રમાણે તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૪ ના સરવૈયા મુજબ ડેડસ્ટોક બાંધકામ ડીપોઝીટ, બાંધકામ લેણા વિગેરે નાણાંની રકમો વસુલ કરવાની બાકી છે.

બેન્કના તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪ ના પત્રથી સરકારશ્રીની લોન રૂા ૧૨૩૦/- અને સબસીડી રૂા. ૫૦૦/- માંડવાળ કરવા અને દરખાસ્ત કરેલ છે. મંડળીની બાકી રકમોમાં વસૂલ થઇ શકે તેવી શકયતાઓ છે. મંડળીની લેણી રકમો વસૂલ થતાં સુધી મંડળીની નોંધણી યથાવત રાખી ફડચાની કાર્યવાહી આટોપી લેવાની હોઇ માંડવાળ દરખાસ્ત પરત્વે કાંઇ કરવાનું રહેતું નથી.

વંચાણે લીધેલ સંદર્ભ અનુ. નં. ૩, ૪, અને ૫ની જોગવાઈઓ અને પરિપત્રો ધ્યાનમાં લેતા કેશ ક્રેડીટ સબસીડી અને સરકારી લોન દેવા સામે વસૂલ કરવા પાત્ર રકમો વસૂલ કરી જે તે રકમો જે તે ખાતે ચુકવવા ઉભી રાખી મંડળીને આટોપી લેવા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) તથા વંચાણે લીધેલ ૩ અને ૪ ના પરીપત્રોને આધિન ધી પ્લમ્બર સહકારી મંડળી લી.વડોદરાને આટોપી લેવા આદેશ કરવામાં આવે છે.

પ્રસ્તાવનામાં જણાવેલી બાકી કામગીરી સામે પરિશિષ્ટ મુજબના દેવા-લેણાની કામગીરી પુરી કરવાની રહેશે સદરહુ બાકી કામગીરીનાં નિકાલ માટે ટ્રસ્ટી તરીકે શ્રી સહકારી અધિકારી શ્રી સહકારી અધિકારી (ઉદ્યોગ) લગત જિલ્લા રજિસ્ટ્રાર, વડોદરાની નિયુકિત કરવામાં આવે છે.

મિલ્કતોની નિકાલ ઉપજમાંથી મંડળીનાં દેવા ચુકવવાના રહે છે. બાકી મંડળીનાં નિકાલ અને મંડળીનાં દેવાની પતાવટ થતાં સુધી મંડળીની નોંધણી યથાવત રહેતી હોય નિકાલ બાદ કાયદાની કલમ-૨૦ (૧) હેઠળનાં આદેશ કરવાના રહેશે.

ફડચા અધિકારીએ મંડળીની મિલ્કતો અને દફતરી હવાલો આ હુકમ હેઠળ નિમાયેલી ટ્રસ્ટીને સુપ્રત કરવાનો રહે છે.

વડોદરા, તારીખ ૩જી મે, ૧૯૯૪.

વંચાણે લીધા —

(૧) અત્રેના આદેશ ક્રમાંક : ફડચ/ફ-૮૦૨૪/૦૧/ઘ-૧ / ૩૯૨/૮૬ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૮૬.

(૨) ફડચા અધિકારી બરોડા સેન્ટ્રલ કો-ઓ. બેન્ક લી. વડોદરાનાં તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ નો અહેવાલ.

(૩) ગુજરાત સહકાર, ખેતી વન અને સહકાર વિભાગનો તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૭૭ નો પરિપત્ર ક્રમાંક : સીએસઓ / ૪૯૬૯/૧૮૫૭૦/ડી (૨)

(૪) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળી ગુજરાત રાજ્ય ગાંધીનગરનો પત્રાંક : ફડચ/૧૮૫/ખ/૧૬૩૩, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) હેઠળની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઝ-૨/૫૦૧ / ૯૪.—આદલવાડા સામુદાયિક ખેતી સહકારી મંડળી લી. મુકામ : આદલવાડા, તાલુકો સાવલી એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : સે /ફ/૫૦૩, તારીખ ૩જી માર્ચ, ૧૯૫૩ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને સદર અધિનિયમની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા સંદર્ભે (૧) થી આદેશ કરવામાં આવેલ છે. નિમાયેલ ફડચા અધિકારીએ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૮૬ નાં ફડચાનાં અંતિમ આદેશ અનુસાર તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૮૬ ના રોજ મંડળીનો હવાલો સંભાળી ફડચા લગત કામગીરી કરેલ છે.

સદરહું મંડળીને તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૩ નાં રોજ ૭ વર્ષની મર્યાદા ફડચામાં પુરી થયેલ છે. ૭ વર્ષ પછીની મુદત વધારા-માટે કલમ-૧૬૭ હેઠળની મુકિત આપવા બાબતની દરખાસ્ત કાર્ય કારણ સહ વડી કચેરીને મોકલતા વડી કચેરીનાં તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૩ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીને તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૩ ના રોજ ૭ વર્ષની મર્યાદા પુરી થયેલ હોઈ, ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ સને ૧૯૬૧ ની કલમ-૧૧૪ હેઠળ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત વૈધાનિક જોગવાઈ મુજબ મંડળીને આટોપી લેવાનો હુકમ કરવા / ફડચાની બાકી કામગીરી જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ કરવી અને તે બાદ કલમ-૨૦ (૧) (૨) નીચે નોંધણી રદ કરવાની કાર્યવાહી કરવા સુચના થઈ આવેલ છે.

ઉપરોકત બાબતે એકશન પ્લાન હેઠળ આવરેલી સદર મંડળીની બાકી કામગીરીની સમીક્ષા કરતાં નીચે મુજબ કામગીરી હજુ બાકી રહે છે.

(૧) મંડળીની ખેતીની જમીન સર્વે નં ૧૮૧, ૪ એકર અને ૨૫ ગુંઠા રૂ ૩,૨૬૦.૬૦ પૈસામાં શ્રી નાયબ કલેકટર સા. ના હુકમ નં. સીલીંગ/૧૬૫૭/૭૨, તારીખ ૪થી જુલાઈ ૧૯૯૨ થી નવી અને અવિભાજ્ય શરતે મળેલી જેના વેચાણ માટે કલેકટર સાહેબ વડોદરાની કચેરીમાં તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૩ થી દરખાસ્ત કરાયેલ છે. જે પ્રકરણ પરત્વે આખરી હુકમ કરવો બાકી છે

(૨) સરકારશ્રીની રૂ. ૫,૦૦૦ જમીન સુધારણા લોન ભરપાઈ કરવાની બાકી છે.

(૩) ફડચા લોન રૂ. ૨,૩૨,૩૨૦ ૬૧ વસુલાત કરવાની રહે છે.

બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેન્કની તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ ની દરખાસ્ત મુજબ તથા સબ ઓડીટર (બી. રી.) લગત જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળી વડોદરાનાં અંતિમ ઓડીટ અહેવાલ મુજબ મંડળીને ફડચામાં લઈ ગયે ૭ વર્ષ ઉપરાંતનો સમય થઈ ગયેલ છે સરકારશ્રીની લોન અને વ્યાજ વસુલાત કરવાના રહે છે. સભાસદ પાસેનાં લેણાં અંગેના હુકમનામાં અને એસાઈમેન્ટ હુકમો જિલ્લા રજિસ્ટ્રારશ્રીનાં તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૩ ના હુકમ અનુસાર બેન્કને એસાઈન થયેલ છે. તથા તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૩ ના એસાઈનમેન્ટ હુકમ મુજબ બેન્ક લેણાં રૂ ૨,૩૨,૩૨૦-૬૧ ની સામે રૂ. ૩,૦૭,૮૯૫ એસાઈમેન્ટ હુકમો કરવામાં આવેલ હોય સદર વસુલાત પૈકી પ્રથમ સરકારશ્રીની જમીન સુધારણા લોન, વ્યાજ, દંડ વ્યાજ અને ઈતર જે કોઈ રકમ બાકી હોય તે પ્રથમ ભરી ત્યારબાદ બેન્કનું લેણું વસુલ લઈ સિલક રહેતી રકમ સરપ્લસ ખાતે લઈ જવા બેન્કે તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ ની દરખાસ્તમાં સંમતિ આપેલ છે.

ઉપરોકત વિગતોએ તમામ બાકી કામગીરી જોતાં દેવું રૂ. રૂ. ૨,૪૯,૪૯૦-૬૧ સામે તેટલી જ રકમની પુંજી સાથે બાકી કામગીરી પુરી કરવા મંડળીની નોંધણી યથાવત રાખી સંદર્ભ, ૩, ૪ અને ૫ ની જોગવાઈ હેઠળ નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ ની કલમ-૧૧૪ (૧) તથા સંદર્ભમાં વંચાણે લીધેલ અ. નં. ૩ અને ૪ ના પરિપત્રોને આધિન ધી આદલવાડા સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. મુકામ : આદલવાડા, તાલુકો : સાવલીને આટોપી લેવા આદેશ કરવામાં આવે છે.

પ્રસ્તાવનામાં જણાવેલી બાકી કામગીરી સામેલ પરિશિષ્ટ મુજબ ના દેવા-લેણાંની કામગીરી પુરી કરવાની રહેશે સદરહુ બાકી કામગીરીના નિકાલ માટે ટ્રસ્ટી તરીકે શ્રી મદદનીશ સહકારી અધિકારી (પિયત) લગત જિલ્લા રજિસ્ટ્રાર વડોદરાની નિયુકિત કરવામાં આવે છે.

મિલ્કતો અને લેણાંના નિકાલ ઉપજમાંથી મંડળીના સરકારી લેણાં પ્રથમ ચુકવવા તે બાદ અન્ય દેવાં ચુકવવાના રહેશે બાકી મંડળીના મિલકતો નં. ૯ નિકાલ અને મંડળીના દેવાં-લેણાંની પતાવટ થતાં સુધી મંડળીની નોંધણી યથાવત રાખવાની થતી હોઈ દેવા-લેણાંના નિકાલ બાદ કાયદાની કલમ-૨૦ (૧) હેઠળનાં આદેશ કરવાના રહેશે.

ફડચા અધિકારીએ હવાલો આ હુકમ હેઠળ નિમાયેલા ટ્રસ્ટીને સુપ્રત કરવાનો રહેશે.

વડોદરા, તારીખ ૩જી મે, ૧૯૯૪.

INDEX

વંચાણે લીધા :—

(૧) અત્રેના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ફ/૮૫૫૩/૦૧/ચ-૧/ ૧૦૬૬-૭૫/૮૮, તારીખ ૧૬મી માર્ચ, ૧૯૮૮.

(૨) ફડચા અધિકારીશ્રી સહકારી મંડળી, વડોદરા-૧ નો તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪નો અહેવાલ.

(૩) ગુજરાત સહકાર ખેતી, વન અને સહકાર વિભાગનો તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૭૭નો પરિપત્ર ક્રમાંક સીએસએ/ ૪૯૬૯/૧૮૫૭૦/ડી (૨).

(૪) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળી, ગુજરાત રાજ્ય ગાંધીનગરનો પત્રાંક ફડચ/૧૮૫/ખ/૧૬૩૩, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) હેઠળની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઝ-૨ / ૫૦૨ / ૯૪.—સીરાલી. કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : ઘ-૩૪૨૮, તારીખ ૨જી માર્ચ, ૧૯૭૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને સદર અધિનિયમની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવામાં સંદર્ભે થી આદેશ કરવામાં આવેલ છે નિમાયેલ ફડચા અધિકારીએ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૬ ના ફડચાના વચગાળાનાં આદેશ અનુસાર તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૮૭ના રોજ મંડળીનો હવાલો સંભાળી ફડચા લગત કામગીરી કરેલ છે.

ફડચાની કામગીરીમાં મંડળીની જવાબદારીઓની ચુકવણી અને ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ સોસાયટી લી. ન. લેણુ બાબતે સભ્યો પાસે લોન ધિરાણ તેમજ અન્ય લેણાંમાંથી વસુલાત કરી ચુકવવા અંગે હાઉસીંગ ફાયનાન્સ સોસાયટીને નાણાં ચુકવવાના બાકી રહેતા નથી.

સંસ્થાનું ૧લી જુલાઈ, ૧૯૯૨ થી ૩૧મી માર્ચ, ૧૯૯૪ સુધીનું ખાતાકીય ઓડીટ સબ ઓડીટર (લી. રી.) લગત જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળી, વડોદરાએ પુર્ણ કરેલ છે. તપાસણી સમય દરમ્યાન સભાસદ બાકી રૂા. ૧,૧૧,૧૩૧ વહીવટી ફાળો ૩૬,૦૫૪ દંડનીય વ્યાજ રૂા. ૭૩,૫૦૪ ૭૦, ઈલેક્ટ્રીક મોટર ફાળો રૂા. ૪૮,૫૩૯, ઈતર ફાળો રૂા. ૧૪,૨૬૩,૮૪ વસુલાત કરવામાં આવી છે. તેમજ બેન્ક સેવિંગ્સનાં તફાવત ના રૂા. ૨૯,૨૮૧/૪૮ પૈસા જમા કરેલા છે.

તપાસણી સમય દરમ્યાન રૂા. ૨૨,૭૩૨ ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ ખાતે રૂા. ૧,૫૯,૧૧૯/૭૮ ભરપાઈ કરેલ છે. જે પૈકી સંસ્થા શેર રૂા. ૬૧,૦૦૦ તથા અનામત રૂા. ૨૪,૨૬૪.૦૪ જમા ઉધાર ખર્ચ કરી લીધેલા છે. સરકારશ્રીની ઓડીટ ફી રૂા. ૧,૦૦૦ લીક્વીડેશન ફી રૂા. ૭,૦૦૦ સરકારશ્રીમાં ભરપાઈ કરેલા છે. આમ મંડળીમાં સરકારશ્રીનું કોઈપણ પ્રકારનું લેણું કે ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ કોઈપણ પ્રકારનું લેણું ચુકવવાનું રહેતું નથી. ઉક્ત વિગતો તેમજ સભાસદ શેર ભંડોળ રૂા. ૮૧,૦૦૦/- ૧૦૦ ટકા પ્રમાણે ચુકવી શકાય તેમ હોય પરંતુ મોટા ભાગનાં સભાસદો સ્થળ ઉપર નહીં રહેતા હોવાનું જણાવી શેર ભંડોળ ઉભું રહેવા દઈ તેમજ કુલ ૪ સભાસદોની બાકી રકમ રૂા. ૧,૪૬,૮૦૯ સરકારશ્રીમાં સરપ્લસ ફંડ ખાતે જમા કરવાના એસાઈન હુકમો કરી સદર અહેવાલ હેઠળ મંડળી આટોપી લેવા દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત વિગતે ફડચાની કાર્યવાહી અંગે કુલ-૪ સભ્યોના સરપ્લસ લેણાં વસુલાતની કાર્યવાહી જેના સરકારશ્રી તરફે એસાઈન હુકમો તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ નાં રોજ કરી દેવામાં આવેલા છે. તથા શેર ભંડોળ રૂા. ૮૧,૦૦૦ પરત વહેંચવાની કામગીરી બાકી રહેલ છે.

મંડળીને સહકારી કાયદાની કલમ-૧૧૪ અનુસાર ૬ વર્ષનો સમયગાળો પુરો થયેલ છે. ઉપરાંત સંદર્ભે ૩ અને ૪ નાં પરિપત્રોથી મળેલ માર્ગદર્શક સુચનાઓને અનુલક્ષી નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ ની કલમ-૧૧૪ તથા સંદર્ભ ૩ અને ૪ અનુસાર ધી સીરાલી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરાની ફડચાની કામગીરી આથી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. સામેલ પરિશિષ્ટ મુજબની મંડળીની બાકી રહેતી કામગીરી કરવા મંડળી વતી ટ્રસ્ટી તરીકે શ્રી સહકારી અધિકારી (હાઉસીંગ) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, વડોદરાની નિયુક્તિ કરવામાં આવે છે.

મજકુર બાકી કામગીરી આગળ ઉપર જણાવેલી વિગતો પુરી કરવાની રહેશે. બાકી નિકાલ થતાં સુધી મંડળીની નોંધણી યથાવત હોય કામગીરી પુર્ણ થયે સહકારી કાયદાની કલમ-૨૦ અન્વયે આદેશ કરવાના રહેશે.

ફડચા અધિકારીએ તેઓ હસ્તક મંડળીના તમામ મિલ્કતો, દફતરોનો હવાલો આ હુકમ હેઠળ નિમાયેલ ટ્રસ્ટીને સુપ્રત કરવાના રહેશે

વડોદરા, તારીખ ૩જી મે, ૧૯૯૪.

————

વંચાણે લીધા :—

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાની તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ની દરખાસ્ત નં. ૧૦૮૭૯.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૩ ની વહટ/ ૦૧/ઝ-૩/૨૧૭૯ ની કારણદર્શક નોટિસ.

જા. નં. વહટ/ગ/ઝ-૩ / ૫૧૭,—ધી મેસરાડ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. કરજણ તાલુકો કરજણ, જિલ્લો વડોદરા સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો આ કારણદર્શક નોટીસમાં હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ધી બરોડા સેન્ટ્રલ કો.-ઓપ. બેંક લી., વડોદરાની આમુખ (૨) ની દરખાસ્તથી અત્રે જણાવેલ મુદ્દાઓ સબબ મંડળીને વહીવટમાં લઈ જવાની ભલામણ કરવામાં આવેલ છે.

(૧) મંડળી પાસે ૩૦મી જુન, ૧૯૯૩ આખરે બેંક લોન રૂા. ૧૯,૧૬,૨૯૧ તથા વ્યાજ રૂા. ૪૦,૫૪,૨૬૩ તેમજ સભાસદ ધિરાણ રૂા. ૧૮,૫૪,૧૨૩ બાકી પડે છે જેની વિગત નીચે મુજબ છે.

(૧) ટુંકી મુદત લોન રૂા. ૧,૨૪,૯૩૦, વ્યાજ રૂા. ૧,૬૬,૮૨૩ તથા ધિરાણ રૂા. ૮૭,૯૦૭

(૨) કન્વર્ઝન લોન રૂ. ૧,૦૦,૧૧૭, વ્યાજ રૂા. ૭૭,૭૫૫ તથા ધિરાણ રૂા. ૪૩,૨૯૫.

INDEX

(૩) પુન:વસન હપ્તા લોન રૂા. ૭,૩૯,૬૫૩, વ્યાજ રૂા. ૨૨,૧૦,૯૨૩ તથા ધિરાણ રૂા. ૮,૪૫,૭૨૩.

(૪) લાંબી મુદત લોન રૂા.૭,૯૯,૧૭૮, વ્યાજ રૂા. ૧૯,૫૬,૯૪૭ તથા ધિરાણ રૂા. ૭,૬૨,૩૬૪.

(૫) બેક લોન રૂા. ૨૬,૪૫૯ વ્યાજ રૂા. ૮૨,૮૩૩ તથા ધિરાણ રૂા. ૪૬,૨૧૦.

(૬) પુન:વસન રૂા. ૮૫,૯૨૪ વ્યાજ રૂા. ૫૮,૯૮૨ તથા ધિરાણ રૂા. ૬૮,૬૨૪.

કુલ મુદલ રૂા. ૧૯,૧૬,૨૯૧, વ્યાજ રૂા. ૪૫,૫૪,૨૬૩ તેમજ સભાસદ ધિરાણ રૂા. ૧૮,૫૪,૧૨૩ બાકી છે. બેંક લોન મુદતવીતી બાકી રૂા. ૧૭,૬૩,૫૦૭ છે.

(૨) મંડળીમાં ૯૧ મુદતવીતી બાકીદારો છે. કલમ-૧૦૬ મુજબ દાવા કરવામાં આવતા નથી. તેમજ દાવા માટે રેકડ પણ આપતા નથી.

(૩) મંડળીના સાત કમીટી સભ્યો પાસે રૂા. ૧,૪૧,૮૦૧ ધિરાણ બાકી પડે છ. તે પૈકી પાંચ મુદતવીતી બાકીદારો છે. જેઓ કમીટીમાં ચાલુ રહી શકે નહીં.

(૪) ભૂમિ છટકાવ રૂા. ૩,૭૪૮.૯૦, દેવા ફેડણી રૂા. ૬૮,૮૮૭ ધિરાણો વસુલ કરવા કોઈ પગલાં ભરવામાં આવતા નથી.

(૫) મંડળીનો ઓડીટ વર્ગ 'ડ' છે. ઓડીટ મેમા તથા બેક તપાસણી રીપોર્ટની ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી.

(૬) સરકારશ્રી દેવા ફેડણી લોન રૂા. ૬,૮૮૭ હજુ ભરપાઈ કરવાની બાકી છે.

(૭) સરકારશ્રી દેવા રાહત યોજનાં ૧૯૯૦ હેઠળ હજુ રૂા. ૪,૧૨,૮૭૨ હપ્તાની રકમ મળવાની બાકી છે.

ઉપરાંત મંડળીની આર્થિક નાણાંકીય પરિસ્થિતિ કથળી ગયેલ છે. કામકાજ બિલકુલ સ્થગિત છે. વહીવટકર્તાઓને મંડળી ચલાવવામાં બિલકુલ રસ નથી. તેમજ સભાસદોના પાકો એકત્ર કરી વેચાણ વ્યવસ્થા ગોઠવી ધિરાણ-વસુલાત માટે કોઈ કામગીરી કરવામાં આવતી ન હોવાની રજુઆત થતાં આમુખ (૩) ની કારણદર્શક નોટિસથી મંડળીના હોદેદારોને ઉકત ખામીઓ સબબ રજુઆત કરવાની તક આપવા છતાં મંડળીના હોદ્દેદારો તરફથી સુનાવણી દરમ્યાન હાજર રહી ઉકત ખામીઓ સબબ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જેથી મંડળીમાં વહીવટદારની નિમણૂંક કરવાનું તારણ સ્પષ્ટ થતાં અત્રે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી મેસરાડ વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ, મેસરાડ, તાલુકો કરજણ, જિલ્લો વડોદરાની વ્યવસ્થાપક કમિટીને દુર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો-ઓપ બેન્ક લી., વડોદરાની માસિક રૂા. ૭૫ ના પ્રતિક મહેનતાણાંથી મંડળીનો ચાર્જ વહીવટદાર સંભાળે તે તારીખથી ૧ વર્ષ માટે અત્રે જણાવેલ શરતોને આધીન નિમણૂંક કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીનાં નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનૂન અને પેટા-નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમીત રીતે મોકલવાનાં રહેશે તેમજ મંડળીનાં સભાસદોનાં હિતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીનાં કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૩જી મે ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી વડોદરાની તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ ની દરખાસ્ત ૧૦૮૮૬

(૩) અત્રેની કચેરીની તારીખ ૨૩મી ડીસેમ્બર ૧૯૯૩ ની નોટીસ નંબર વહટ/૦૧/ઝ-૩/૨૧૮૧

જા. નં. વહટ /૦૧/ચ-૩/૫૧૮.—ધી ધામણાજી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. તાલુકા કરજણ જિલ્લો વડોદરા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે જેનો અનુક્રમે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની આ મુદતની દરખાસ્તથી અત્રે જણાવેલ મુદ્દાઓ સબબ મંડળીને વહીવટમાં લઈ જવાની ભલામણ કરવામાં આવેલ છે મંડળી પાસે અત્રેની વિગતો બેન્કલોન તથા ધિરાણ બાકી પડે છે.

(૧) તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ અંતે કુલ બેન્ક લોન મુદલ રૂા. ૨૪૦૦૨૦/- વ્યાજ રૂા. ૭,૯૦,૩૧૬/- તથા ધિરાણ રૂા. ૨૭૫૭૪૨/૬૫ પૈકી મુદતવીતી લોન રૂા. ૨૮૫૮૦/બાકી પડે છે

(૨) પુન: વસન હપ્તા લોન રૂા. ૧,૨૪,૭૪૫/ તથા વ્યાજ રૂા. ૩,૫૩,૫૮૩/- ધિર ણ રૂા. ૧,૮૩,૯૧૬

(૩) લાંબી મુદત હપ્તા લોન રૂા. ૮૬૯૪૫/ તથા વ્યાજ રૂા. ૩૬૬,૮૩૪/-ધિરાણ રૂા. ૬૨૯૭૬/૬૫

(૪) બેન્ક યોજના લોન રૂા. ૨,૮૬,૦૦૦/- વ્યાજ રૂા. ૬૯૯૦૦/- ધિરાણ રૂા. ૨૪૪૬૦/- રૂા. ૪૩૯૦/-

(૨) મંડળીમાં ૨૧ મુદતવીતી બાકીદારો છે કલમ-૧૦૬ મુજબ દાવા કરવામાં આવતાં નથી તેમજ દાવા માટે રેકર્ડ પણ આપતાં નથી,

(૩) મંડળીના સાત કમીટી સભ્યો પાસે રૂા. ૫૨૮૪૨/૬૫ તથા વ્યાજ રૂા. ૧,૦૦,૯૪૨/- મુદતવીતી વસૂલ કરવાની રકમ બાકી પડે છે જેઓ કમીટી માં ચાલુ રહી શકે નહી

(૪) મંડળીનો છેલ્લા પાંચ વર્ષથી આંતરવર્ગ (ડ) છે ઓડીટ રીપોર્ટ તથા બેન્ક તપાસણી ખામીઓની દુરસ્તી કરી રીપોર્ટ મોકલેલ નથી

(૫) મંડળીના બાકીદારોના પાક એકત્ર કરી વેચાણ વ્યવસ્થા ગોઠવી ધિરાણ વસૂલાત કરવા સંચાલકોને કોઇ રસ નથી.

(૬) મંડળીથી ઓડીટર્સ રૂા. ૧૨૫૩૧ બાકી છે.

(૭) મંડળીની મંત્રી લાંબા વખતથી બિમાર રહેતા હોઈ કોઈ કામગીરી કરતા નથી દફતર અવ્યવસ્થિત છે. નવા મંત્રી રાખીને પણ કોઇ કામગીરી કરાવામાં આવતી નથી.

(૮) સરકારશ્રીની દેવા રાહત યોજનાઓ હેઠળ હજુ રૂા. ૬૯૩૮૨/- હપ્તાની રકમ મળવાની રકમ છે.

INDEX

ઉપરોકત મંડળીની આર્થિક નાણાંકીય પરિસ્થિતિ કથળી ગયેલી છે. મંડળી બિલકલ સ્થગિત દશામાં છે. વહીવટકર્તાઓને મંડળી રચવવામાં રસ નથી તેમજ મંડળી હાલ ચાલુ થઈ શકે તેવી કોઈ શકયતા ન હોવાથી રજુઆત થતાં આમુખ-(૩) ની કારણદર્શક નોટીસ થી મંડળીના હોદ્દેદારોને ઉકત ખામી અને સમય રજુઆત કરવાની તક આપવા છતાં મંડળીનાં હોદ્દેદારો તરફથી સુનાવણી દરમ્યાન હાજર થઈ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી જેથી મંડળીમાં વહીટદરની નિમણુંક કરવાનું તારણ ઉપસ્થિત થતા અત્રે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી ધામણગામ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. ધામણજા તાલુકા કરજણ જિલ્લો વડોદરાની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની માસિક રૂા. ૨૫/ની પ્રતિક મહેનતાણાંથી મંડળીનો ચાર્જ વહીવટદાર સંભાળે તે તારીખથી ૧ વર્ષ માટે અત્રે જણાવેલ શરતોને આધીન ભલામણ કરૂં છું.

(૧) મંડળીના રોજ બેરોજના કામકાજ અંગેનો ચાલુ વર્ષ તેમજ વહીવટદારી કે મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીને વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા કાનૂન અને પેટા-નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) માસીક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે તેમજ મંડળીના સભાસદોનાં હીતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી કરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૩જી મે, ૧૯૯૪.

વંચાણે લીધો :

આ કાર્યાલયને તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪નો ક્રમાંક ફડચા/૦૧ ઝ-૨/૨૪૨/નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ-૯૫૩૫/૦૧/ઝ-૨/૫૨૦-૯૪.— ધી રામગઢ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ રામગઢ તાલુકો-જિલ્લો વડોદરા જે તારીખ ૨૮મી ડીસેમ્બર, ૧૯૭૯ ના નોંધણી ક્રમાંક સેદુ/૧૬૯૩૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાના આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા (૧) વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષ (ત્રણ) ની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તારીખ ૫મી મે, ૧૯૯૪.

વંચાણે લીધા :

આ કાર્યાલયને તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪નો ક્રમાંક ફડચા/૦૧/ઝ-૨/૨૩૯/નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ/૯૫૩૬/૦૧/ઝ-૨/૫૨૧/૯૪.—ધી નર્મદેશ્વર સહકારી ગ્રાહક ભંડાર લી. મુકામ રણોલી, તાલુકો વડોદરા જે તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૮૩ ના નોંધણી ક્રમાંક ભ-૨૩૫૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૧ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ (૩) વર્ષના મુદતમાં પુરી કરવી.

વડોદરા તારીખ ૫મી મે ૧૯૯૪.

વંચાણે લીધો : આ કાર્યાલયને તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૩નો ક્રમાંક ફડચા/૦૨/ઝ-૨/૧૮૪૫/નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ ઉખસ/ફ-૯૫૩૭/ ૦૧/ ઝ-૨/૫૨૨/૧૯૯૪.— ધી લોટીયા મરઘા ઉછેર સહકારી મંડળી લી. મુકામ લોટીયા તાલુકા સંખેડા જે તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૭૮ ના નોંધણી ક્રમાંક ઉદ્યગ/૭૬૪૮ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૧) (૩) (૪) મુજબ સદરહું વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નંબર-૩ વડોદરાની નિમણંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ(૩) વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તારીખ ૫મી મે, ૧૯૯૪.

વંચાણે લીધા :—

આ કાર્યાલયને તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૪નો ક્રમાંક ફડચા/૦૧/ઝ-૨/૪૪૦/નો વચગાળાનો ફડચાનો હુકમ.

INDEX

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ ઉખસ/ ફ-૯૫૩૮/ ૦૧/ઝ-૨/૫૨૩/૧૯૯૪.— ધી કુરાઈ માનપુર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુકામ માનપુર તાલુકા કરજણ જે તારીખ ના નોંધણી ક્રમાંક થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) (ક)(ગ) (૨)(૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહું અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ધી બ. સે. કો. અ.પ. બેન્ક લી. વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી (૩) ત્રણ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તારીખ ૫મી મે, ૧૯૯૪.

વંચાણે લીધા : આ કાર્યાલયને તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૪નો ક્રમાંક ફડચા/૦૧/ઝ-૨/૨૪૦નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ-૯૫૩૯/૦૧/ઝ-૨/૫૨૪/૧૯૯૪.— ધી યશકમળ કો. ઓપ ક્રેડીટ સોસાયટી લી મુકામ વડોદરા તાલુકો વડોદરા જે તારીખ ના નોંધણી ક્રમાંક થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ - (૧) (ક) (ગ) (૨)(૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી સબબ સદરહું અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી બ. સે. કો. ઓપ. બેંક વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી (૩) ત્રણ વર્ષ ની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તારીખ ૫મી મે ૧૯૯૪.

વંચાણે લીધો : આ કાર્યાલયને તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૪નો ક્રમાંક ફડચા /૦૧ /ઝ-૨ /૨૪૬ /ના વચગાળાનો ફડચાનો હુકમ

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ-૯૫૪૦/૦૧/ઝ-૨/૫૨૫/૧૯૯૪.—ધી પદ્માવતી કો. ઓપ. ક્રેડીટ સહકારી મંડળી લી મુકામ વડોદરા તાલુકો વડોદરા જે તારીખ ના નોંધણી ક્રમાંક થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (ગ) (૨) (૪) મુજબ સદરહું વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી સબબ સદરહું અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી બ. સે. કો. ઓપ. બેંક વડોદરાની નિમણુંક કરવામાં આવે છે ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તારીખ ૫મી મે ૧૯૯૪.

વંચાણે લીધો :—

આ કાર્યાલયને તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૪નો ક્રમાંક ફડચા / ૦૧ / ઝ-૨ / ૨૮૪ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જાવક નંબર ફડચ / ઉખસ / ફ/૯૭૨૨ / ૦૧ / ઝ-૨ / ૫૩૨/૯૪.— ધી વાઘોડિયા તાલુકા પથ્થર કામદાર ઔદ્યોગિક સહકારી મંડળી લી., મુકામ ખેરવાડી, તાલુકા વાઘોડિયા જે તારીખ ૨૧મી માર્ચ, ૧૯૭૫ ના નોંધણી ક્રમાંક ઉ-૭૦૫૮ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ ની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષ ની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તારીખ ૫મી મે, ૧૯૯૪.

ક્રમાંક નધણ / ગ-૨ / ૨૭૬ / સે-૨૭૩૫૪ .— આથી જાહેર કરે છે કે રાજલક્ષ્મી કોમ્પેલેક્ષ ભાગ-૨ પ્રીમાઈસીસ કો. ઓપરેટીવ સર્વીસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લા વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૯મી મે, ૧૯૯૪.

એસ. પી. ભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—GA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLI] THURSDAY, OCTOBER 12, 2000 / ASVINA 20, 1922 [No. 41

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	2418-2433
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-E under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	42
Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	488-491
Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	5993-6137

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ હુકમ

નંબર ૯/ગપક/૫૮૬/વિ. શા./૨૦૦૦.—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમતના વિસ્તારમાં ૭૪, શહેર કોટડા વિધાનસભા મત વિભાગની પેટા ચૂંટણી તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ યોજાનાર છે. રાજયના ચૂંટણી પંચના તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૫ના આદેશ નંબર ૨/ઈ.એલ.સી./સી.ઓ.સી./પ્રિવેન્શન ઓફ ડીફેશમેન્ટ ઓફ પ્રોપર્ટીથી અપાયેલ સૂચના અનુસાર ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજકીય પક્ષો, કાર્યકરો, ઉમેદવારો, ખાનગી કે જાહેર લોકોની દિવાલ ઉપર તેમના પોસ્ટરો ચોંટાડે છે, કે ચિતરીને લખે છે કે તેમના પ્રતિકનું ચિન્હ ચિતરીને દિવાલ બગાડતા હોય છે. આ માટે મકાન માલિકની કોઈ પરવાનગી લેવામાં આવતી નથી. આ પ્રકારનો ઉપયોગ મકાન માલિકને અડચણરૂપ હોવાથી કોઈપણ ખાનગી કે જાહેર મિલ્કતો

કે અગત્યની સૂચનાઓ અને રસ્તાઓની દિશા સૂચના પાટીયા, હાઈવે રસ્તા ઉપરના માઈલસ્ટોન, અને બોર્ડ, રેલ્વે ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, રેલ્વે ફ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ, અને લોકોને ચેતવણી આપતા બોર્ડ, ટેલીફોન અને ઈલેક્ટ્રીકના થાંભલાઓ ,મહાનગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ સરકારી સંસ્થાઓના મકાનો, રાજ્ય કે કેન્દ્ર સરકાર ની કચેરીઓના મકાનો, દિવાલો જાહેર માર્ગો તથા ખાનગી માલિકી ના મકાનો, દિવાલો, ખાનગી બોર્ડ ઉપર સબંધીત મિલ્કતના મકાન માલિકની લેખિત પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય કોઈપણ રાજકીય પક્ષ અન્ય કોઈ સંસ્થા ચુંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઈ વ્યકિત ચુંટણી જાહેરાતપ્રચાર કરતા પોસ્ટરો ચોંટાડે કે ચિતરીને લખે, ચિન્હો ચિતરે, બેનરો, પડદા લગાડે કે ચુંટણી નો પ્રચાર કરતા લખાણો કે સુત્રો લખે તે ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

જેથી હું પી. સી. પાંડે પોલીસ કમિશનર અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રુંએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છં.

(૧) રાજ્ય ચુંટણીપંચના આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતા અન્વયે કોઈપણ રાજકીયપક્ષ કે ચુંટણીના ઉમેદવારો કે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિતઓએ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મિલ્કત ઉપર ચુંટણી પ્રચાર અંગે પોસ્ટરો ચોંટાડી કે ચિતરીને બેનરો/પડદા લગાડી કે અન્ય કોઈ ચુંટણી પ્રચારનાલખાણો લખી મિલ્કતને બગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) મિલ્કતના માલિકની લેખિતમાં પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય મિલ્કતને બગાડશે કે નુકશાન પહોંચાડશે તેમની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે. તેમજ લગાડે બગાડેલી કે નુકશાન પામેલી મિલ્કતને સુધારવામાં આવશે અને તે માટે જે ખર્ચ થશે તે તમામ ખર્ચ તેની પાસેથી વસુલ કરવામ' અ: :શે

(૩) આ હુકમની તારીખથી ૭૪ શહેર કોટડા વિધાનસભા મત વિભાગની પેટા ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૪) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(ચ) આ હુકમ સમગ્ર અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારોને લાગુ પડશે.

નોંધ :—

આ હુકમની જાહેરાત ૭૪-શહેર કોટડા વિધાનસભા મત વિભાગના સમગ્ર વિસ્તારને લાગુ પડતો હોઈ લાઉડ સ્પીકર વાહનો દ્વારા બ્રોડ-કાસ્ટ કરવામાં આવેલ છે.

આજ તારીખ ૧૮ માહે, સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ,સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ કરફ્યુ હુકમ નંબર ઉ/ગપક/૫૦૫/ ૨૦૦૦ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ કાઢેલ કરફ્યુમાં છુટછાટ.

નંબર ઉ/ગપક/૫૦૭/વિ. શા./૨૦૦૦.—અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમથી દરીયાપુર પોલીસ સ્ટેશનમાં વિસ્તારમાં તંગ પરિસ્થિતીના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહશાંતિનાં ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે પગલાં લીધેલા, તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનો મને ઈસ્ટ જણાય છે.

જેથી હું પી. સી. પાન્ડે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મે જાહેર કરેલા કરફ્યુ હુકમ નંબર ઉ/ગપક/૫૦૫/વિ.શા/ ૨૦૦૦ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સામે જણાવેલ સમય દરમ્યાન તમામ માટે કરફ્યુના અમલ માં છુટછાટ આપવાનું ફરમાવું છું.

વિસ્તાર	છૂટછાટનો સમય અને તારીખ
(૧) દરીયાપુર પો. સ્ટે. વિસ્તારમાં હાલમાં કરફ્યુ અમલમાં છે તે તમામ કરફ્યુગ્રસ્ત વિસ્તાર.	તા. ૧૯મી સપ્ટેમ્બર ૨૦૦૦ સ. ક. ૮/૦૦ બ.ક. ૧૪/૦૦ સુધી.

નોંધ : —

દરીયાપુર પો. સ્ટે. વિસ્તારમાં તમામ માટે કરફ્યુ અમલમાં છુટ-છાટ આપવામાં આવે છે.

આજ તારીખ ૧૮ માહે સપ્ટેમ્બર ના ૨૦૦૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ કરફ્યુ હુકમ નંબર /ઉ/ગપક/૫૦૫/તથા ૫૦૭/૨૦૦૦ તારીખ ૧૭ અને ૧૮મી સપ્ટેમ્બર /૨૦૦૦ના રોજ કાઢેલ હુકમ સબબ કરફ્યુમાં છુટછાટ.

નંબર /ઉ/ગપક/૫૦૮/વિ.શા/.૨૦૦૦.—અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમથી દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તંગ પરિસ્થિતીના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહશાંતિનો ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે પગલાં લીધેલા. તે વિસ્તારમાં લોકોને જરુરી રાહત રહે અને જીવન જરુરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનું મને ઈસ્ટ જણાય છે.

જેથી હું, પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મે જાહેર કરેલ કરફ્યુ હુકમ નંબર/ઉ/ગપક/૫૦૫/'વિ. શા./ ૨૦૦૦ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૦થી દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સામે જણાવેલ સમય દરમીયાન તમામ માટે કરફ અમલમાં છુટછાટ આપવાનું ફરમાવું છું.

INDEX

વિસ્તાર	છુટછાટનો સમય અને તારીખ
દરીયાપુર પો. સ્ટે. વિસ્તારમાં હાલમાં કરફયુ અમલમાં છે તે તમામ કરફયુ-ગ્રસ્ત વિસ્તાર.	તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૦ સ. ક. ૮-૦૦ થી ક. ૧૮-૦૦ સુધી.

અપવાદ.—

કરફયુ દરમીયાન આ વિસ્તાર પૈકી પ્રેમદરવાજાથી દિલ્હી દરવાજા સુધી કોટની રીંગની બહારના ભાગે આવેલ દુકાનો, ઓફીસો વિગેરેને મુકિત આપવામાં આવે છે.

નોંધ : —

દરીયાપુર પો. સ્ટે. વિસ્તારમાં તમામ માટે કરફયુ અમલમાં છુટછાટ આપવામાં આવે છે.

આજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

———

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ કરફયુ હુકમ નંબર/ઉ/ગપક/૫૦૫/૨૦૦૦ તા. ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ કાઢેલ કરફયુમાં છૂટછાટ

નંબર/ઉ/ગપક/૫૦૯/વિ. શા./ ૨૦૦૦.—અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમથી દરીયાપુર પો. સ્ટે. વિસ્તારમાં તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતા તેમજ જાહેર સુલેહ-શાંતિનો ભંગ થતાં તાત્કાલીક અટકાવવા માટે પગલાં લીધેલ, તે વિસ્તારમાં લોકોને જરુરી રાહત રહે અને જીવન જરુરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે કરફયુના અમલમાં છૂટછાટ આપવાનો મને ઈસ્ટ જણાય છે.

જેથી હુ પી. સી. પાંડે, પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મેં જાહેર કરેલાં કરફયુ હુકમ નંબર/ઉ/ગપક/૫૦૫/૨૦૦૦ તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી દરીયાપુર પો. સ્ટે. વિસ્તારમાં સામે જણાવેલ સમય દરમીયાન તમામ માટે કરફયુના અમલમાં છૂટછાટ આપવાનું ફરમાવું છું.

વિસ્તાર	છુટછાટનો સમય અને તારીખ
દરીયાપુર પો. સ્ટે. વિસ્તારમાં હાલમાં કરફયુ અમલમાં છે તે તમામ કરફયુ-ગ્રસ્ત વિસ્તાર	તા. ૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૦ સ. ક. ૮/૦૦ થી રા. ક. ૨૦-૦૦ સુધી.

નોંધ : —

દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તમામ માટે કરફયુ અમલમાં છુટછાટ આપવામાં આવી છે. આ હુકમની જાહેરાત ઉપરોકત વિસ્તાર માં લાઉડસ્પીકર વાહનો દ્વારા રેડીયો બ્રોડકાસ્ટ દ્વારા દૂરદર્શન કેન્દ્રો ઉપરથી તથા સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધ કરવી.

આજ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યો.

———

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ કરફયુ હુકમ નંબર/ઉ/ગપક/૫૦૫/૨૦૦૦ તા. ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ કાઢેલ કરફયું હુકમમાં છુટછાટ.

નંબર/ઉ/ગપક/વિ.શા./૫૧૦/૨૦૦૦.— અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમથી દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તંગ પરિસ્થિતી ના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતા તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે પગલાં લીધેલ. તે વિસ્તારમાં લોકોને જરુરી રાહત રહે અને જીવન જરુરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે કરફયુના અમલમાં છુટછાટ આપવાનો મને ઈસ્ટ જણાય છે.

જેથી હું પી. સી. પાંડે, પોલિસ કમિશ્નર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ કરફયુ હુકમ નંબર /ઉ/ગપક/૫૦૫/૨૦૦૦ ના તા. ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સામે જણાવેલ સમય દરમીયાન તમામ માટે કરફયુના અમલમાં છુટછાટ આપવાનું ફરમાવું છું.

વિસ્તાર	છુટછાટનો સમય - તારીખ
દરીયાપુર પો. સ્ટે. વિસ્તારમાં હાલમાં કરફયુ અમલમાં છે તે તમામ કરફયુ-ગ્રસ્ત વિસ્તાર.	તાં ૨૨મી સપ્ટેમ્બર ૨૦૦૦ સ. ક. ૮/૦ થી રા. ક.૨૧/૦ સુધી.

નોંધ : —

દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તમામ માટે કરફયું અમલમાં છુટછાટ આપવામાં આવી છે.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યા.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માંની પેટા કલમ-૩૭ (૧) ૩ હેઠળનું.

ક્રમાંક નં. ઉ/ગપક/એસ.બી. / જાહેરનામું/વશી/૬૪ / ૨૦૦૦.— સુરત શહેર વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા તથા તાલુકા પંચાયત/ જિલ્લા પંચાયત ચુંટણી અંગે થયેલ મતદાનની મત ગણતરી તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ સવારે કલાક ૦૯-૦૦ થી થનાર છે. મત ગણતરીના સ્થળો નીચે મુજબના છે. ઉપરોકત મત ગણતરી સમયે સુલેહશાંતી જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર મતગણતરી સ્થળોની આજુબાજુમાં ૧૦૦ મીટરના ઘેરાવામાં ચાર (૪) કે તેથી વધુ વ્યકિતઓએ ભેગા થવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી હું કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર, મને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માંની પેટા કલમ-૩૭ (૧) ૩ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

સદરહુ વિસ્તારોમાં તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦, કલાક-૦૭-૦૦ થી મત ગણતરી પુર્ણ થાય તે સમય સુધી ચાર (૪) કે ચારથી વધુ વ્યકિતઓને ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો નીચે મુજબના મત ગણતરીના સ્થળો :

(૧) એસ.વી.આર. એન્જી. કોલેજ, ઈચ્છાનાથ, સુરત.
(૨) ડો. એસ. ગાંધી એન્ડ એસ. એસ. ગાંધી કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, મજુરાગેટ, સુરત.
(૩) શારદાયતન હાઈસ્કુલ, પીપલોદ.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) મત ગણતરી કાર્યમાં રોકાયેલ વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી સરકારી નોકરી કે રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને / કોઈ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

——

જાહેરનામું

સને ૧૯૭૩ ની ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ મુજબ.

ક્રમાંક : ઉ/ગપક/એસ.બી. / જાહેરનામું/વશી/૬૫/૨૦૦૦.—સુરત શહેર વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા તથા તાલુકા પંચાયત / જિલ્લા પંચાયત ચુંટણી અંગે થયેલ મતદાનની મત ગણતરી તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ સવાર કલાક ૦૯-૦૦ થી થનાર છે. મત ગણતરીના સ્થળો નીચે મુજબના છે. ઉપરોકત મત ગણતરી સમયે સુલેહશાંતી જળવાય રહે તે હેતુસર મત ગણતરી સ્થળોની આજુબાજુમાં૧૦૦ મીટરના ઘેરાવામાં મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈ જવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી હું, કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, સને ૧૯૭૩ ની ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સદરહુ વિસ્તારોમાં તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ કલાક ૭-૦૦ થી મત ગણતરી પુર્ણ થાય તે સમય સુધી.

(૧) કોઈપણ વ્યકિત કે રાજકીય પક્ષના કે અપક્ષના કાર્યકરોને મતદાન ગણતરીના સ્થળો તથા તેની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવા કે તેને સાથે લઈ પ્રવેશ કરવાની મનાઈ ફરમાવું છું.

વિસ્તાર :—

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો નીચે મુજબના મત ગણતરીના સ્થળો :—

(૧) એસ. વી. આર. એન્જી. કોલેજ, ઈચ્છાનાથ, સુરત.
(૨) ડો. એસ. ગાંધી એન્ડ એસ. એસ. ગાંધી કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, મજુરાગેટ, સુરત.
(૩) શારદાયતન હાઈસ્કુલ, પીપલોદ.

અપવાદ :—
(૧) કાયદો અને વ્યવસ્થામાં રોકયેલા પોલીસ દળના અધિકારી, રાજય ચુંટણીપંચે નિમેલા નિરીક્ષકો, મતદાન તથા ગણતરી માટે નિમાયેલા અધિકારીઓને આ આદેશ લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ, તારીખ ૨૪માં સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર,

——

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નં. ઉ-ગપક/અંબાજીરોડ/નવરાત્રી/૨૯૦૯/૨૦૦૦.—સુરત શહેરમાં અંબાજી માતાના મંદિર આગળ આગામી નવરાત્રીના દિવસોમાં તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી ૭મી ઓકટોબર ૨૦૦૦ સુધી અને તારીખ ૧૩મી ઓકટોબર ૨૦૦૦ના રોજ ઘણાં દર્શનાર્થીઓ અંબાજી માતાના મંદીરે દેવદર્શન અર્થે આવતા હોઈ. તે દિવસો દરમ્યાન લોકોનો ઘણો ઘસારો રહે તેવો સંભવ હોવાથી તેમજ અંબાજી રોડ ઘણો સાંકડો હોવાથી, આ રોડ ઉપરનો ટ્રાફીક નવરાત્રી ના દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવે તો જાહેર જનતા માટે ટ્રાફિકની દ્રષ્ટિએ ઘણી મુશ્કેલી ઉભી થાય તેમ છે. અને યોગ્ય ટ્રાફિક નિયમન નહી જળવાય તો અકસ્માતો થવાની સંભાવના છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરવામાં આવે છે કે,

સુરત શહેરમાં આવેલ અંબાજીરોડના પુર્વમાં મહાકાળીના મંદિરથી પશ્ચિમમાં જતો હવાડીયા ચકલા સુધીનો રોડ નવરાત્રીના દિવસો દરમ્યાન નીચે જણાવેલ તારીખોએ તેની સામે જણાવેલ સમય દરમ્યાન વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

અ.નં.	તારીખ	સમય
(૧)	તા. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી ૭મી ઓકટોબર ૨૦૦૦ સુધી	સવારે ૬:૩૦ થી ૧૧:૦૦ સુધી સાંજે ૧૭:૩૦ થી થી ૨૩:૦૦ સુધી.

INDEX

(૨) તા. ૫મી ઓક્ટોબર, ૨૦૦૦ના રોજ આઠમ તથા તા. ૭મી ઓકટોબર, ૨૦૦૦ના રોજ દુર્ગાપૂજા નિમિત્તે. — સવાર ૬:૩૦ થી રાત્રી કલાક ૨૪:૦૦ સુધી.

(૩) તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૦ના રોજ દીપદર્શન હોવાથી. — સાંજે કલાક ૧૮:૩૦ થી ૨૩:૩૦ સુધી.

ઉપરોક્ત તારીખોએ સામે જણાવેલ સમય દરમ્યાન વાહનો આ વિસ્તારમાં બીજા માર્ગે વાળવા.

ઉપરોક્ત પ્રતિબંધમાંથી પોલીસના વાહનો ફરજ ઉપરના અધિકારીના વાહનો આગ બુજાવવાના બંબાઓ તથા એમ્બ્યુલન્સ વાહનો ને મુકિત આપવામાં આવે છે.

આજ તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ મારી સહી સિક્કા કર્યા.

સી. આર. પરમાર,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ક્રમાંક પલસ / હથર / વશી / (૪).— જિલ્લા / તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણી તારીખ ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ યોજાનાર છે. આ ચુંટણી પ્રક્રિયાના સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, જાહેર સુલેહ શાંતિ તેમજ જાહેર સુરક્ષા જળવાઈ રહે તે માટે શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ ૧૭(૩)(બી) ની જોગવાઈ અનુસાર પંચમહાલ જિલ્લાનાં આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટ "અ" માં જણાવેલ પરવાનેદારોના હથીયાર પરવાના તાત્કાલીક અસરથી તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી મોકુફ (સસ્પેન્ડ) કરવામાં આવે છે. જેથી આ સાથેના પરિશિષ્ટ "અ" માં જણાવેલ પરવાનેદારોના હથીયારો તથા દારુગોળો સબંધિત પોલીસ સ્ટેશનમાં તાત્કાલીક જમા કરાવવા આથી હુકમ કરવામાં આવે છે.

જે તે પોલીસ સ્ટેશન વિસ્તારના પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓએ આ સાથેના પરિશિષ્ટ "અ" માં જણાવેલ પરવાનેદારો પાસેનો હથીયારો અને દારુગોળો તાત્કાલીક મેળવી પોલીસ સ્ટેશને જમા લઈ તાત્કાલીક રીપોર્ટ કરવો.

પરિશિષ્ટ— અ

જિલ્લા મેજિસ્ટ્રેટ ગોધરાના હુકમ નંબર પલસ / હથર / વશી / (૪), તારીખ ૨૨ મી સપ્ટેમ્બર,૨૦૦૦ નું પરિશિષ્ટ :

અનુ. નંબર	ગામ	હથીયાર પરવાનેદારનું નામ	લા. નં.
૧	૨	૩	૪
૧	ગઢા	૧. કમજીભાઈ વલમભાઈ ભમાત	૨૧૩/એસ
૨	સરસવા(૫)	૧. પ્રભાતસિંહ રુમાલભાઈ ખાંટ	૭૮૪/એસ
		૨. અભેસીંગ માલભાઈ ખાંટ	૮૮૩/એસ
૩	ડોળી	૧ ભરતકુમાર મોહનલાલ લખારીયા	૨૩૮/એસ
		૨ ભુરાભાઈ દલાભાઈ ખાંટ	૩૭૧/એસ
૪	ગોઠીબ	૧ જયંતિલાલ મણીલાલ પટેલ	૭૫૩/એસ
		૨ રામજીભાઈ ગોવિંદ પટેલ	૭૬૮/એસ
		૩ રમણભાઈ મનસુખગણેશ પટેલ	૯૦૦//એસ
૫	જાનવડ	૧ માનસીંગ પારસીંગ મહીડા	૨૮૫/એસ
૬	સાગવાડા	૧ વિજયસિંહ રુધનાથસિંહ પરમાર	૧/એસ
૭	આંજણવા	૧ છગનભાઈ પૂંજાભાઈ પલાસ	૫૧૫/એસ
		૨. જશવંતસિંહ નાથુસિંહ બારીયા	૧૨૯/એસ
૮	લીમડી	૧ રામસીંગ ગલાભાઈ બામણીયા	૨૪૮/એસ
		૨ રામજીભાઈ રંગજીભાઈ બામણીયા.	૩૩૧/એસ
૯	બાબરોલ	૧ મનાભાઈ છત્તાભાઈ માલ	૪૧૮/એસ
		૨ ખુમાનસિંહ રુધનાથસિંહ પરમાર	૩૭૨/એસ
		૩ રામસીંગ માનજી માલ	૬૬૧/એસ
		૪ ફતેસિંહ હિંમતસિંહ પરમાર	૩૬૫૮/એસ
		૫ શ્રીમતી પ્રેમકુમારી ફુલસિંહજી પરમાર.	૩૯૯/એસ
		૬ કલાબેન ગેમાભાઈ ડીંડોર	૧૯૦/એસ
૧૦	કડાણા	૧ ભીખાભાઈ જેઠાભાઈ ભોઈ	૧૫/એસ
		૨ પૃથ્વીસિંહ એલ. ચૌહાણ	૨૮૫/એસ
૧૧	માલ	૧ મનોરભાઈ સાંકળભાઈ પટેલ	૩૬૫/એસ
૧૨	દિવડા	૧ રતનસિંહ તમનસિંહ પુવાર	૩૬૯૦/એસ
		૨. પ્રવિણસિંહ જગતસિંહ પુવાર	૪૮૭૮/એસ
		૩ ધર્મેન્દ્રસિંહ વખતસિંહ પુવાર	૭૭/એસ
		૪ દિગ્વિજયસિંહ હઠીસિંહ પુવાર	૨૪/એસ.
૧૩	દધાલીયા	૧ મણીયાભાઈ મસાભાઈ પાદરીયા	૩૦/એસ

આ હુકમનો તાકીદે અમલ કરવો.

ગોધરા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦.

જયંતિ એસ. રવિ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા.

હુકમ

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/૧૪૪ / ૨૦૦૦.—જિલ્લા / તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ યોજાનાર છે. આ ચુંટણીના સરળ સંચાલન આચાર-

સંહિતા અંગે ચુંટણીપંચના આદેશ ક્રમાંક ૭-ઈએલસી-સીઓસી-વાહનોના દુરપયોગ પર નિયંત્રણ તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ ની સુચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે કાયદો વ્યવસ્થા જાળવણી અર્થે મતદાન મથકે અવરજવર માટે વાહનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

તેથી હું, પંકજ કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીત અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં ચુંટણી-પંચના આદેશાનુસાર ૧૮-મગોદ જિલ્લા પંચાયત મંડળ તથા તેમાં સમાવિષ્ટ ૨૬-પારડી પારનેરા તાલુકા પંચાયત મતદાર મંડળના મતદાન મથક-૬ દિવેદ-૨ ના પુન : મતદાનના દિવસે તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ નીચે જણાવેલ કૃત્ય કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મતદાનના દિવસે ઉમેદવાર પોતાના ઉપયોગ માટે એક વાહન તથા મતદાર વિભાગમાં મતદાનની તારીખે ચુંટણી એજન્ટ અથવા તેના કાર્યકરો અથવા પક્ષિય કાર્યકરો માટે એકજ વાહન ચુંટણી અધિકારી દ્વારા આપેલ પરમીટ ધારણ કરેલું વાપરી શકાશે.

(૨) વાહન ઉપર પરમીટ નંબર પ્રદર્શિત કરવાનું રહેશે.

(૩) આ પ્રતિબંધ સરકારી અધિકારીઓ કે જે ચુંટણી પ્રક્રિયામાં સંકળાયેલ છે. તેઓને લાગુ પડશે નહિ.

(૪) ઉમેદવાર / મતદાન એજન્ટ / પક્ષિય કાર્યકરો અથવા પરમીટ ધારણ કરેલ વાહનોનો ઉપયોગ ચુંટણી કાર્યના સમય દરમ્યાન મતદારોને લાવવા લઈ જવા માટે અસામાજિક તત્વોની હેરફેર માટે, ગેરકાયદેસર હથિયારોની હેરફેર માટે, કરી શકશે નહિ.

(૫) કોઈપણ વ્યકિત પોતાના કોઈપણ પ્રકારના વાહનમાં મતદારોની હેરાફેરી કે તેવા હેતુસર વાહનનો ઉપયોગ કરી શકશે નહિ. વાહનનો પોતાના અને ફકત કુટુંબની વ્યકિતઓ પુરતો મર્યાદિત ઉપયોગ કરી શકશે.

આજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીઓ/એમએજી/સીઆરપીસી / ૧૪૪ / ૨૦૦૦.—જિલ્લા / તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણીની મતગણતરી તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ યોજાનાર છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ મતગણતરીના સરળ સંચાલન, આચારસંહિતા અને રાજય ચુંટણીપંચના આદેશ ક્રમાંક રાચપ/ચટણ/જિ.તા.ગ્રા.પં. / સચલ/૨૦૦૦, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૦ ની સુચનાઓ ધ્યાનમાં રાખી મતગણતરીના દિવસે મતગણતરી કેન્દ્રના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર જાહેર સુલેહ શાંતી ભંગ અટકાવવા અને કાયદો વ્યવસ્થા જાળવણી અર્થે પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

તેથી હું, પંકજ કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં ચુંટણી પંચના આદેશાનુસાર-૧૮-મગોદ જિલ્લા પંચાયત મંડળ તથા તેમાં સમાવિષ્ટ ૨૬-પારડી પારનેરા તાલુકા પંચાયત મતદાર મંડળના મતદાન મથક ૬ દિવેદ-૨ ના પુન : મતદાન તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ આ મતદાન મથકના વિસ્તારમાં તથા મતગણતરીના દિવસે તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મતગણતરી કેન્દ્રના સમગ્ર વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ચૂંટણી પ્રક્રિય સાથે સંકળાયેલ ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા ચુંટણી ફરજ પરના તમામ અધિકૃત વ્યકિતઓ તથા ચુંટણી સાથે સંકળાયેલ પોલીસ અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા મદદનીશ ચુંટણી અધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

(૩) ચૂંટણી પંચ દ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ.

આજરોજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

પંકજ કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩/૧/ખ/મુજબ.

નંબર ઉ / મકપ / પલસ / વશી / ૩૬૬૬ થી ૩૬૭૨.— પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રા ધામમાં તારીખ ૨૮ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૭ મી ઓકટોબર, ૨૦૦૦ દરમ્યાન નવરાત્રી ઉત્સવની ઉજવણી થાય છે. આ સમય દરમ્યાન લોકોની મોટી અવરજવર પાવાગઢ યાત્રા ધામમાં રહેનાર હોવાથી તેમજ પાવાગઢથી માંચી સુધીનો રસ્તો ખુબજ વાંકો ચુકો તથા સાંકડો છે જેથી લોકોની મોટી અવરજવર દરમ્યાન ટ્રાફીક નિયમન તથા અકસ્માત નિવારવા ઉકત સમય દરમ્યાન ભારે વાહનો, ટેમ્પો, લકઝરી બસોની પ્રવેશબંધી ફરમાવવી જરૂરી જણાય છે.

પાવાગઢ યાત્રા ધામમાં તારીખ ૨૮ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૭ મી ઓકટોબર, ૨૦૦૦ દરમ્યાન ટ્રાફીક નિયમન તેમજ અકસ્માત કે જાનહાની ન થાય તે માટે જાહેર હિતમાં પાવાગઢ થી માંચી સુધીના રસ્તા ઉપર ભારે વાહનો જેવા કે ટેમ્પો લકઝરી બસો, મેટાડોર વગેરેના પ્રવેશ ઉપર નિયંત્રણ કરવું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ ની પેટા કલમ (૧) (ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, પાવાગઢથી માંચી સુધીના રસ્તા ઉપર, ઉપર જણાવ્યા મુજબના વાહનોની તારીખ ૨૮ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૦ (બન્ને દિવસો સહિત સુધીના) સમય ગાળા માટે હેરફેર પર પ્રતિબંધ ફરમાવું છું.

આજ તારીખ ૨૧ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩ તથા ૩૭ અન્વયે કાઢેલો.

નંબર ઉ / મકપ / પલસ / મજસ / વશી /૩૭૩૫ થી ૩૭૪૩.— તારીખ ૨૮ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૭મી ઓક્ટોબર, ૨૦૦૦ દરમ્યાન નવરાત્રી, દશેરા જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ લોકહીત તેમજ જાહેર જનતામાં શાંતી જળવાય અને કાયદો,વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી રસ્તામાં અથવા સાર્વજનીક જગ્યાઓમાં વાજીંત્ર વગાડવા અને ભુંગળા અથવા ઘોંઘાટ કરે તેવા બીજા સાધનો વગાડવા ઉપર નિયંત્રણ રાખવા અથવા તેની પડોશમાંના રહેવાસીઓને અથવા આવજા કરનારાઓને હરકત, અગવડ ત્રાસ જોખમ ભય, અથવા નુકશાન થતું અટકાવવા માટે તેમજ સાર્વજનિક જગામાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની મનાઈ કરવાનું જાહેર હીતમાં તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે જરૂરી હોઈ નીચે મુજબ હુકમ કરવો યોગ્ય જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ તથા ૩૭ અન્વયે હું એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૮ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૭મી ઓક્ટોબર, ૨૦૦૦ (બંન્ને દિવસો સહીત) રાત્રીના ૧.૦૦ કલાક પછી રસ્તામાં અથવા સાર્વજનીક જગાઓમાં વાજીંત્રો વગાડવા નહી ભુંગળા, લાઉડસ્પીકર, અથવા ઘોંઘાટ કરે તેવા બીજા સાધન વગાડવા નહીં, પડોશમાંના રહેવાસીઓને અથવા આવજા કરનારાઓને હરકત અગવડ, ત્રાસ જોખમ, ભય અથવા નુકશાન થાય તેવી પ્રવૃત્તિ કરવી નહીં. તેમજ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની પણ પ્રવૃત્તિ કરવી નહી.

આજ રોજ તારીખ ૨૨ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ / મકપ / મજસ / વશી / ૩૬૧૨ થી ૩૬૬૨.— રાજ્ય ચુંટણી પંચ ગાંધીનગર દ્વારા જિલ્લા / તાલુકા પંચાયતની ચુંટણીઓ તારીખ ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ યોજવા નક્કી કરવામાં આવેલ છે જેની મતગણતરી તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ જિલ્લામાં જુદા જુદા સ્થળોએ થનાર છે. રાજ્ય ચુંટણી પંચના હુકમ ક્રમાંક પ / ઈ.એલ.સી. / સી.ઓ.સી./ તારીખ ૨૫ મી એપ્રિલ, ૧૯૯૫ થી કરેલ આદેશ અન્વયે પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિ જળવાય રહે તે માટે ઝડપી ઉપાયો હાથ ધરવું-- ઈચ્છનીય છે.

જેથી હું એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે પંચમહાલ જિલ્લામાં હથીયાર પરવાનો ધરાવતા તમામ પરવાને ધારકોએ તેમના શસ્ત્રો અને દારૂગોળો લઈને જાહેરમાં હરવું ફરવું નહિ. આ પ્રતિબંધ તારીખ ૨૮ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી અમલી રહેશે.

આજ તારીખ ૨૨ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનો.

નંબર ઉ/મકપ/મજસ /વશી-૩૫૯૩.—રાજ્ય ચુંટણી પંચ દ્વારા જિલ્લા / તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણીઓ મતદાન તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ અને મતગણતરી તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ યોજવા નક્કી કરવામાં આવેલ છે. મતગણતરી પ્રક્રિયા આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના જુદા જુદા સ્થળોએ થનાર છે. સદર સ્થળોએ કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાય રહે તે હેતુથી મતગણતરી સ્થળો અને તેની આસપાસના ૨૦૦ મીટર ત્રિજ્યા વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓએ પ્રવેશ કરવા તેમજ હરવા ફરવા પર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધિત હુકમ બહાર પાડવો જરૂરી જણાય છે.

જેથી હું એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ હુકમ ફરમાવું છું.

સદર હુકમ સાથે સામેલ પરિશિષ્ટ "અ" માં દર્શાવેલ જિલ્લા / તાલુકા પંચાયત ચુંટણીઓ મત ગણતરી સ્થળોમાં અને તેની ૨૦૦ (બસો) ચો. મી. ત્રિજ્યાના વિસ્તારમાં સબંધિત ચુંટણી સત્તાધિકારી તરફથી ઓળખપત્ર આપવામાં આવ્યો હોયતે સિવાય કોઈ વ્યકિતઓ/ ફરજ પરના અધિકારીઓ / કર્મચારીઓ, ફરજ પરના પોલીસ અધિકારીઓ / કર્મચારીઓ સિવાયની કોઈ બિન અધિકૃત વ્યકિત/ વ્યકિતઓએ દાખલ થવું નહી, હેરાફેરી કરવો નહી.

આ પ્રતિબંધ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી અથવા મત ગણતરી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી લાગુ પાડવામાં આવે છે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ટ "અ"

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પંચમહાલ, ગોધરાના હુકમ નંબર ઉ/મકપ/મજસ/વશી-૩૫૯૩ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૦ હેઠળનું પરિશિષ્ટ-"અ".

અ. નં.	તાલુકાનું નામ	જિલ્લા / તાલુકા પંચાયત મત ગણતરી સ્થળનું નામ
૧	૨	૩
(૧)	ગોધરા	... આઈ. ટી. આઈ., ગોધરા.
(૨)	મોરવા (હ)	... આઈ. ટી. આઈ., ગોધરા.
(૩)	શહેરા	... આઈ. ટી. આઈ., ગોધરા
(૪)	લુણાવાડા	... ડો. પોલન સ્કુલ, લુણાવાડા.
(૫)	ખાનપુર	... ડો. પોલન સ્કુલ, લુણાવાડા.
(૬)	સંતરામપુર	... આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર.

INDEX

૧	૨	૩
(૭) કડાણા	...	આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર.
(૮) હાલોલ	...	એમ. એન્ડ વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ.
(૯) જાંબુઘોડા	...	એમ. એન્ડ વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ.
(૧૦) કાલોલ	...	એમ. એમ. ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કાલોલ.
(૧૧) ઘોઘંબા	...	એસ. એસ. વરીયા હાઈસ્કુલ, ઘોઘંબા.

આજ, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

એચ. કે. કટારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૩ (૧) (ત) મુજબ :

નંબર ડી.સી. / એમ.એ.જી. / એસ. આર. ૩૨ / ૨૦૦૦.— અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ભડીયાદ મુકામે તારીખ ૫ મી ઓકટોબર, ૨૦૦૦ થી તારીખ ૧૧ મી ઓકટોબર, ૨૦૦૦ સુધી ઉર્સ (મેળો) ભરાનાર છે. ભડીયાદ ગામના તળાવનું પાણી ગામ લોકો પીવાના ઉપયોગમાં લે છે, જેથી જાહેર જનતાના સ્વાસ્થની--સલામતી માટે આ તળાવના પાણીને દુષિત થતું અટકાવવું જરૂરી છે.

વાસ્તે હું, એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, તે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (ત) હેઠળ મને મળેલ સત્તાની રુઈએ નીચે મુજબનો હુકમ કરું છું.

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના ધંધુકા તાલુકાના ભડિયાદ ગામે ઉર્સના મેળામાં આવનાર કોઈપણ યાત્રાળુ કે અન્ય કોઈપણ વ્યકિત ભડીયાદ ગામે આવેલ તળાવનું પાણી દુષિત થાય તેવું કે ગંદકી થાય તેવું કોઈપણ કૃત્ય તળાવની પાળથી આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં કરી કે કરાવી શકશે નહીં.

ઉપરોકત હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ અને ભારતનો ફોજદારી અધિ--નિયમ, ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

સદરહું હુકમ તારીખ ૫ મી ઓકટોબર, ૨૦૦૦ થી તારીખ ૧૧ મી ઓકટોબર, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૩ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ કલમ--૩૭ (૩) મુજબ :

નંબર ડી. સી. / એમ.એ.જી. / એસ.આર. ૩૧/૨૦૦૦.— તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ જિલ્લા / તાલુકા પંચાયતની બેઠકોની ચુંટણીની મતગણતરી વખતે જુદા જુદા પક્ષોના લોકો આ મત ગણતરીની જગ્યાએ એકઠા થાય તે સમયે એક બીજા પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની તથા અશાંત વાતાવરણ પેદા થવાની શકયતા રહેલી છે અને તેનાથી જાહેર સુલેહ શાંતી જોખમાય તેવો સંભવ છે. જેથી મતગણતરી સ્થળના વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરુરી જણાય છે.

વાસ્તે હું એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમ) ની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે, નીચે દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ સવારે ૬.૦૦ કલાકથી મત ગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. કોઈ સરઘસ કાઢવું નહી કે કોઈ સુત્રોચ્ચાર કરવા નહી. માઈક વગાડવું નહીં કે કોમી લાગણી દુભાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં. તેમજ મત ગણતરી સ્થળે બિન-અધિકૃત ઈસમોએ પ્રવેશવું નહીં.

વિસ્તાર :

(૧) ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ ગોડાઉન, ધોળકાનું કમ્પાઉન્ડ તથા આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

(૨) મદદનીશ ખેતી નિયામકની કચેરી, ધોળકાનું કમ્પાઉન્ડ તથા તેની આજુબાજુનો ૨૦૦ મીટર નો સમગ્ર વિસ્તાર.

(૩) તાલુકા પંચાયત કચેરી, ધોળકાનું કમ્પાઉન્ડ તથા તેની આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

(૪) કિકાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધંધુકાનું કમ્પાઉન્ડ તથા તેની આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

(૫) કે. જે. દેસાઈ, ટેકનીકલ હાઈસ્કુલ વિરમગામનું કમ્પાઉન્ડ તથા તેની આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

(૬) જૈન ટ્રસ્ટની વાડી, ઘડીયા તળાવ પાસે, સાણંદનું કમ્પાઉન્ડ તથા તેની આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

આ હુકમ મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ તેમજ ફરજ ઉપરના પોલીસ હોમ-ગાર્ડઝને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫ માં અધિનિયમ) ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એચ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી. / વશી / ૨૬૭૩ થી ૨૬૮૯.— નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, શ્રી બી. ડી. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું, કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૦ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૪ થી ઓકટોબર, ૨૦૦૦ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી, પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ

(૩) પથ્થર અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેકવા નહિ અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેકવાનાં કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ. એકઠા કરવા નહિ. તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ અસ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ તેવાં હાવ ભાવ કરવા નહિ તથા ચિત્રો પ્રતિકો પોસ્ટકાર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ બનાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારી ને જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને,

અનુસૂચિ

'નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર'

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૦ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી. વશી/૨૬૯૦ થી ૨૭૦૭.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિદિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી બી. ડી. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી ના દિવસ સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૪થી ઓકટોબર ૨૦૦૦ના રોજ સાંજનાં ૨૪-૦૦ સુધી (બન્ને દિવસો સુધી) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવુ છું.

અનુસુચિ

વધુમાં હુ આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦નાં ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ, તારીખ ૨૦મી સપ્ટેમ્બર-૨૦૦૦ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. ડી. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલે

નંબર ડી.સી.બી. / એમ.એ.જી. / બી.પી.એ. / ૨.જી.--૪૩ / ૨૦૦૦.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું કિરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી-- નવરાત્રીના તહેવાર તથા તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના દિનની ચૂંટણીની મતગણતરીને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતા ફરમાવું

INDEX

છું કે, તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૯ મી ઓકટોબર ૨૦૦૦ સુધી (બંન્ને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા, કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની,

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રુપે સોંપ્યા બદલ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈ પણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી--વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ; ૧૯૫૧ નાં ૨૨ માં કાયદાની કલમ- ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની-- અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૬ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દૂધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી,

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૩૭ (૧) હેઠળ :

ક્રમાંક ઉ / મકડ / પી.ઓ. એલ. / વશી / ૪૨૬૮--૮૨ / ૨૦૦૦.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ માં) અધિનિયમની કલમ—૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, પ્રવર્તમાન પરિસ્થિતિ, જિલ્લા / તાલુકા પંચાયતની ચૂંટણી તથા આગામી દશેરાના તહેવારને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાંતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૯ મી ઓકટોબર, ૨૦૦૦ (બંન્ને દિવસ સહિત) નાં સમયગાળા માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સેટા, બંદુક, ચપ્પુ, છરી, લાકડી, અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈ પણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ પણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતાળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. :

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે--વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી અપી હોય તેવી વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ

આ જાહેરનામાંના કોઈ પણ ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એ કવર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી સીક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) હેઠળ.

ક્રમાંક ઉ / મકડ / પી.ઓ.એલ. / વશી / ૪૨૮૩./૯૭ / ૨૦૦૦.— જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિ જિલ્લા / તાલુકા પંચાયતની ચૂંટણી તથા આગામી દશેરાના તહેવારને અનુલક્ષીને જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ - (સને ૧૯૫૧ નો ૨૨ માં) ની કલમ ૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સ્થળ માટે તારીખ ૨૫ મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી તારીખ ૯ મી ઓકટોબર ૨૦૦૦ (બંન્ને દિવસો સહિત) ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓએ એકત્ર / ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં :—

(૧) ફરજ પર સરકારી નોકરી રોજગારમાં હોય તેવી વ્યકિતઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર મસ્જિદ દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યકિતઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ ૧૩૫ (૩) તથા ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી સીક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨મા) ની કલમ-૩૩(૧) મુજબ.

નંબર ડી./એમએજી/૧/બી.પી.એ/વશી/૪૫૯૧ થી ૪૬૧૦.—તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી તારીખ ૭મી ઓકટોબર ૨૦૦૦ સુધી ના સમયગાળા દરમ્યાન નવરાત્રિનો ઉત્સવ યોજાનાર હોઈ મોડી રાત્રિ સુધી બહેનો તેમજ ભાઈઓ ગરબા રમતા હોય છે. અને આ સમય દરમ્યાન લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવનાર છે. જેથી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે નિયમન કરવુ મને જરૂરી જણાયેલ હોઈ હું, એમ. બી. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુરને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨મા) ની કલમ ૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી તારીખ ૭મી ઓકટોબર ૨૦૦૦ (બંને દિવસો સહીત) સવારના ૬.૦૦ કલાકથી રાત્રિના ૧-૦૦ કલાકના સમય દરમ્યાન નવરાત્રિના તહેવાર માટે લાઉડ-સ્પીકર સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવીને ઉપયોગ કરી શકશે. તે સિવાયના સમય દરમ્યાન લાઉડ સ્પીકર કોઈપણ સ્થળે તથા કોઈપણ રીતે વગાડવા કે ઉપયોગ કરવા આથી પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

આજરોજ તારીખ ૨૯મી માહે સપ્ટેમ્બર-૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (૨૨માની) કલમ-૩૩ (૧)-બી અને કલમ-૩૩(૧)-સી મુજબ,

નંબર-પી.ઓ.એલ. /વશી/૨૧૬૩ થી ૨૧૭૦/૨૦૦૦.—તાલુકા-જિલ્લા પંચાયત સામાન્ય ચુંટણી ૯-૨૦૦૦ અન્વયે ઉંઝા તાલુકાની તાલુકા પંચાયતની મતગણતરી તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ યોજાનાર છે. ઉંઝા મુકામે મતગણતરી માટે નગરપાલિકા ઉંઝાનો હોલ નક્કી કરવામાં આવેલ છે. ઉંઝા નગરપાલિકાનો હોલ શહેરની મધ્યમાં આવેલ છે. મત ગણતરી વખતે મતગણતરી હોલ આગળ ભીડ થવાથી જાહેર માર્ગમાં અડચણ થવાનો સંભવ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ટાફીકનું સરળ સંચાલન થાય તેમજ ટ્રાફીકની વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ઉંઝા નગરપાલિકા આગળના જાહેર રસ્તાના ટાફીકને નીચે મુજબ ડાઈ-વરઝન આપવાની આવશ્યકતા જણાય છે. વાસ્તે, હું આઈ.જી.પરીખ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨માની) કલમ-૩૩ (૧)-બી અને ૩૩(૧)-સી હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે :—

(૧) ઉંઝા નગરપાલિકા હોલની પશ્ચિમ દિશા તરફ બસ સ્ટેન્ડ બાજું જવાનો રસ્તો છે. પશ્ચિમ તરફથી ઉંઝા નગરપાલિકા ગાંધી ચોક આવવાનો રસ્તો છે. જેથી ઉંઝા નગરપાલિકા હોલની પશ્ચિમ દિશા તરફનો રસ્તો નવિન બનેલ પુલ સુધી અને હોલની પૂર્વ દિશા બાજું ગાંધી ચોક સુધી એટલે કે "પુલથી ગાંધી ચોક" સુધીનો રસ્તો વાહનોની અવર-જવર માટે બંધ કરવા પાત્ર છે. પગદંડી માટે હાલનો રસ્તો યથાવત રાખવા પાત્ર છે, વાહનો માટે પુલથી ઉત્તરની દિશાએ ગામમાં જવાનો રસ્તો આવેલ છે. તેવી જ રીતે ગાંધી ચોક થી બસ સ્ટેન્ડ તરફ જવા માટે પણ ઉંઝા નગર પાલિકા પાછળ રસ્તો આવેલ છે, જેથી "પુલથી ગાંધી ચોક" સુધીનો રસ્તો આવેલ છે. જેથી પુલથી ગાંધી ચોક સુધીનો રસ્તો વાહનોની અવર-જવર માટે બંધ કરવા ફરમાવું છું.

આ જાહેરનામું સદર વિસ્તાર માટે તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ સવારે ૭-૦૦કલાક થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અગર ભંગ કરનાર અથવા હુકમનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧(૨૨માની) કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ માહે સપ્ટેમ્બર-૨૦૦૦ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે જાહેરનામું બહાર પાડયું.

આઈ. જી. પરીખ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (૨૨માંની) કલમ-૩૩(૧)બી અને કલમ-૩૩(૧) સી મુજબ.

નંબર-પી.ઓ.એલ. /વશી/૨૨૨૬ થી ૨૨૩૬/૨૦૦૦.—તાલુકા જિલ્લા પંચાયત સામાન્ય ચુંટણી-૨૦૦૦ અન્વયે તાલુકા પંચાયત કડીની મતગણતરી તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ કડી હાઈવે પર આવેલ બી. ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં રાખવામાં આવેલ છે. સદર કોલેજના આગળના ભાગમાં કલોલ-નંદાસણથી આવતી એસ.ટી. બસ વાહન વ્યવહાર અને અન્ય વાહન વ્યવહારનો રસ્તો પસાર થાય છે. જે વિસ્તાર ખુબ જ ભરચક રહે છે. મત-ગણતરીના દિવસે ખુબ જ મોટા પ્રમાણમાં લોકો ભેગા થાય છે. જેના કારણે અકસ્માત થવાનો સંભવ રહે છે. જેથી ટ્રાફીકના સુચારૂ સંચાલન અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારું આ રોડ ઉપરના વાહન વ્યવહારને નીચે મુજબ ડાઈવરઝન આપવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું પંકજ કોટક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨માંની) કલમ-૩૩(૧) બી અને કલમ-૩૩(૧)સી હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે

(૧) તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ સવારના ૭-૦૦ વાગ્યાથી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધી કલોલ તથા નંદાસણ થી આવતી એસ.ટી. બસો તથા અન્ય વાહન વ્યવહાર હાઈવે ત્રણ રસ્તાથી થોળ રોડ ઉપર થઈને કડી ટાઉનમાં આવશે.

(૨) સદર તારીખ અને સમયે પીર બોરડીથી કલોલ દરવાજા થઈ હાઈવે ત્રણ રસ્તા ઉપર જતો ટ્રાફિક કલોલ દરવાજા સહારા ગેસ્ટ હાઉસ થઈ ટાઉન બહાર નીકળશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અગર તેનું પાલન ન કરનાર અને તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨માની) કલમ-૧૩૧ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭માહે સપ્ટેમ્બર-૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે જાહેરનામું બહાર પાડયું.

પંકજ કોટક,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

કલેક્ટર દ્વારા

જાહેરનામું

નંબર એજીપી/કયુએલ/૨૪૨૦/નંબર ઉમકબ/જીપી/કયુએલ/રજી./રીન્યુઅલ/૯૭૭/૯૪/૭૮૯/૯૪.—તારીખ ૧૫મી મે ૧૯૯૬ થી શ્રી અંબિકા કવોરી વર્કસ પ્રો. શ્રી જે. એસ. પટેલને નીચેની વિગતે બિલ્ડીંગ સ્ટોન ખનીજ નું તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૪ ની અસરથી પાંચ વર્ષ માટે કવોરીલીઝ મંજુર કરી તારીખ ૧૪મી ઓકટોબર ૧૯૯૬ ના રોજ કરારખત કરી આપવામાં આવેલ હતું.

ગ્રામ	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર હે.આરે.ચો.મી.	ખનીજ	મુદત
વજાસણા	દાંતા	૪૪ પૈકી	૨ ૦૦ ૦૦	બિલ્ડીંગ સ્ટોન	પાંચ વર્ષ

ઉકત વિસ્તાર પૈકી ૧ ૦૦ ૦૦ હેકટર વિસ્તારનું પટેદારે પાર્ટ સરન્ડર કરવા જણાવતાં આ કચેરીના હુકમ નંબર એજીપી/કયુએલ રીન્યુ/૧૫૪૯/૨૦૪૬-૫૦, તારીખ ૯મી ઓગસ્ટ ૨૦૦૦ થી ૧-૦૦-૦૦ હેકટર વિસ્તાર સરન્ડર કરવાથી હુકમ કરવામાં આવેલ છે. જેથી ગુજરાત ગૌણ ખનિજ નિયમો ૧૯૬૬ ના નિયમ ૧૮ (૧) સી હેઠળ સદરહુ વિસ્તાર નીચે જણાવેલ પત્રક મુજબ જાહેર હિતાર્થે રીગ્રાન્ટ કરવા પાત્ર થતો હોઇ આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ બાદ ફરી માગણી માટે ખુલ્લો જાહેર કરવામાં આવે છે.

પત્રક

ગામ	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર હે.આરે.ચોમી.	ખનીજ
વજાસણા	દાંતા	૪૪ પૈકી	૧ ૦૦ ૦૦	બિલ્ડીંગ સ્ટોન

પાલનપુર, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦.

(સહી) અવાચ્ય,
કલેકટર, બનાસકાંઠા,
પાલનપુર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) હેઠળ.

ક્રમાંક ઉ / મકડ / પી.ઓ.એલ. / વશી / ૪૨૮૩./૯૭ / ૨૦૦૦.—જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિ જિલ્લા / તાલુકા પંચાયતની ચૂંટણી તથા આગામી દશેરાના તહેવારને અનુલક્ષીને જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ - (સને ૧૯૫૧ નો ૨૨ માં) ની કલમ ૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ [illegible] તારીખ ૨૫ મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી તારીખ ૯ મી ઓકટોબર ૨૦૦૦ (બંન્ને દિવસો સહિત) ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓએ એકત્ર / ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં :—

(૧) ફરજ પર સરકારી નોકરી રોજગારમાં હોય તેવી વ્યકિતઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર મસ્જિદ દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યકિતઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ ૧૩૫ (૩) તથા ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર કરશે.

આજ તારીખ ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી સીક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨મા) ની કલમ-૩૩(૧) મુજબ.

નંબર ડી./એમએજી/૧/સી.પી.એ/વશી/૪૫૬૧ થી ૪૬૧૦.—તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી તારીખ ૭મી ઓકટોબર ૨૦૦૦ સુધીના સમયગાળા દરમ્યાન નવરાત્રિનો ઉત્સવ યોજાનાર હોઈ મોડી રાત્રિ સુધી બહેનો તેમજ ભાઈઓ ગરબા રમતા હોય છે. અને આ સમય દરમ્યાન લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવનાર છે. જેથી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે નિયમન કરવુ મને જરૂરી જણાયેલ હોઈ હું, એમ. બી. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુરને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨મા) ની કલમ ૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી તારીખ ૭મી ઓકટોબર ૨૦૦૦ (બંને દિવસો સહીત) સવારના ૬.૦૦ કલાકથી રાત્રિના ૧-૦૦ કલાકના સમય દરમ્યાન નવરાત્રિના તહેવાર માટે લાઉડ-સ્પીકર સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવીને ઉપયોગ કરી શકશે. તે સિવાયના સમય દરમ્યાન લાઉડ સ્પીકર કોઈપણ સ્થળે તથા કોઈપણ રીતે વગાડવા કે ઉપયોગ કરવા આથી પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

આજરોજ તારીખ ૨૬મી માહે સપ્ટેમ્બર-૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (૨૨માની) કલમ-૩૩ (૧)-બી અને કલમ-૩૩(૧)-સી મુજબ,

નંબર-પી.ઓ.એલ. /વશી/૨૧૬૩ થી ૨૧૭૦/૨૦૦૦.—તાલુકા-જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી ૯-૨૦૦૦ અન્વયે ઉંઝા તાલુકાની તાલુકા પંચાયતની મતગણતરી તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ યોજાનાર છે. ઉંઝા મુકામે મતગણતરી માટે નગરપાલિકા ઉંઝાનો હોલ નક્કી કરવામાં આવેલ છે. ઉંઝા નગરપાલિકાનો હોલ શહેરની મધ્યમાં આવેલ છે. મત ગણતરી વખતે મતગણતરી હોલ આગળ ભીડ થવાથી જાહેર માર્ગમાં અડચણ થવાનો સંભવ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ટાફીકનું સરળ સંચાલન થાય તેમજ ટ્રાફીકની વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ઉંઝા નગરપાલિકા આગળના જાહેર રસ્તાના ટાફીકને નીચે મુજબ ડાઈવરઝન આપવાની આવશ્યકતા જણાય છે. વાસ્તે, હું આઈ.જી.પરીખ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨માની) કલમ-૩૩ (૧)-બી અને ૩૩(૧)-સી હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે :—

(૧) ઉંઝા નગરપાલિકા હોલની પશ્ચિમ દિશા તરફ બસ સ્ટેન્ડ બાજું જવાનો રસ્તો છે. પશ્ચિમ તરફથી ઉંઝા નગરપાલિકા ગાંધી ચોક આવવાનો રસ્તો છે. જેથી ઉંઝા નગરપાલિકા હોલની પશ્ચિમ દિશા તરફનો રસ્તો નવિન બનેલ પુલ સુધી અને હોલની પૂર્વ દિશા બાજું ગાંધી ચોક સુધી એટલે કે "પુલથી ગાંધી ચોક" સુધીનો રસ્તો વાહનોની અવર-જવર માટે બંધ કરવા પાત્ર છે. પગદંડી માટે હાલનો રસ્તો યથાવત રાખવા પાત્ર છે, વાહનો માટે પુલથી ઉત્તરની દિશાએ ગામમાં જવાનો રસ્તો આવેલ છે. તેવી જ રીતે ગાંધી ચોક થી બસ સ્ટેન્ડ તરફ જવા માટે પણ ઉંઝા નગર પાલિકા પાછળ રસ્તો આવેલ છે, જેથી "પુલથી ગાંધી ચોક" સુધીનો રસ્તો આવેલ છે. જેથી પુલથી ગાંધી ચોક સુધીનો રસ્તો વાહનોની અવર-જવર માટે બંધ કરવા ફરમાવું છું.

INDEX

એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૪-૭૮ નો એકટ-૨ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ .

નંબર : પીઓએલ/પ્રતિબંધ/વશી/૬૧૪/૨૦૦૦.— સિધ્ધપુરમાં ઐતિહાસિક સ્થળ રૂદ્રમહાલય આવેલ છે. તેની બાજુમાં એક મસ્જિદ આવેલ છે. તે જુમ્મા-મસ્જિદ તરીકે ઓળખાય છે. અને તે મિલકતો ભારત સરકારના પુરાતત્ત્વખાતા દ્વારા રક્ષિત ઈમારત તરીકે જાહેર કરાયેલ છે. અને તે ઈમારતોના ઉપયોગ સારૂ હિન્દુ તથા મુસલમાન કોમો વચ્ચે સિધ્ધપુરમાં ઘણી ભારે તંગ પરિસ્થિતિ પેદા થાય છે અને તે હાલ પ્રવર્તે છે. આ બાબતે નામદાર ગુજરાત સરકારે અગાઉ પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેરનામું બહાર પાડેલ છે. અને જાહેરનામાની મુદત પુરી થાય છે. તેથી બંને કોમો તરફથી રૂદ્રમહાલય અને જુમ્મા મસ્જિદમાં પાક કરવા અને નમાઝ પઢવા જાય તેમ માનવાને કારણ છે. હાઈકોર્ટમાં કેસો ચાલે છે તેનો નિકાલ હજુ આવેલ નથી. બંને કોમોમાં તંગદિલી ઉભી થવા સંભવ છે. જેથી જાહેર સુલેહ શાંતનો ભંગ થતો અટકાવવાનું ઈષ્ટ જણાય છે. અને તેમ થતું અટકાવવા તથા ઝડપી ઉપાય યોજવાનું ઈચ્છનીય છે.

તેથી હું પી. એલ. જાદવ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સિધ્ધપુર મને મળેલ ખાસ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નીચે અનુસંધાનમાં જણાવેલ મીલકતોમાં તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૦ ના રોજથી ૬૦ દિવસ સુધી સદર મીલકતોમાં અગર તેની અંદર આવેલ કોઈપણ સ્થળે કોઈપણ રીતે ઉપયોગ કરવો નહી, તેવો પ્રતિબંધ ફરમાવું છું.

મીલકતોના વિસ્તારની ચતુ : સીમા

પુર્વ દિશા :—ઘર નં. ૧-૧૦-૮૪ ની પછીત નદીમાં જવાનો રસ્તો તથા ઘર નં. ૧-૧૦-૮૫ નો કરો.

પશ્ચિમ દિશા :—રૂદ્રમહાલય તથા મસ્જિદની હદથી રસ્તો, દેસાઈના મહાડ તરફ જવાનો ત્યાંથી વહોરવાડ તરફ જવાનો રસ્તો મુકી ઘર નં. ૧-૧૦-૪૩, ૧-૧૦-૪૪, તથા ૧-૧૦-૪૫ ની પછીત તથા બારણું.

ઉત્તર દિશા :—રૂદ્રમહાલય તથા મહોલ્લામાં ઘર નં. ૧-૧૦-૭૨ થી ૧-૧૦-૭૬ના મકાનની પછીત તથા પશુવાદળની પોળ તરફ જવાનો રસ્તો જે દેસાઈના માઢ તરફ જાય છે. અને તેની બાજુએ ઘર નં. ૧-૧૧-૯૫ થી ૧-૧૧-૧૦૦ ના મકાનનો આગળનો ભાગ.

દક્ષિણ દિશા :—જુની વહોરવાડ તથા દેસાઈના માઢ તરફ જવાનો રસ્તો ઓળંગી ઘર નં. ૧-૫-૬ નો આગળનો ભાગ તથા બારણા તથા ત્યારબાદ રસ્તો મુકીને ઘર નં. ૧-૧૦-૪૭ ના મકાનનો કરાનો ભાગ.

સદરહું હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે. આ ગુનો કોગ્નિઝેબલ બીન જામીનલાયક ગુનો છે. આ હુકમ જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, જિલ્લા પોલીસ વડાશ્રી, પાટણ, તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, સિધ્ધપુર અથવા આ અર્થે તેમણે અધિકૃત કરેલા અધિકારીઓ પાસેથી પરમીટ ધરાવનાર વ્યકિતઓને લાગુ પડશે નહિ. અગર ફરજ ઉપર હાજર રહેનાર પુરાતત્ત્વ ખાતાના રાજય સરકારના અધિકારીઓ તથા નોકરોને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપેલ છે.

પી. એલ. જાદવ,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ.
સિધ્ધપુર.

સબ-ડીવીઝન મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

વાંચ્યો :—(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પંચમહાલ, ગોધરાનો પત્ર નં. પલસ/હથર/વશી, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૦.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરાનો પત્ર નં. એલ.આઈ.બી./૭૭૮૮/૨૦૦૦, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦.

(૩) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૧૭ (૩) (ખ).

નંબર પલસ/હથર/વશી/૧/૨૦૦૦.—ચાલુ માસમાં તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચુંટણીઓ તથા તેની મત ગણતરી થનાર છે. જેથી અત્રેના લુણાવાડા સબ ડીવીઝનના તાલુકા /જિલ્લા પંચાયતના મત વિભાગોમાં ઉપરોકત સમયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને જાહેર સુલેહ શાંતી તેમજ જાહેર સુરક્ષા જળવાઈ રહે તે માટે લુણાવાડા સબ ડીવીઝનમાં આવેલ સંતરામપુર તથા કડાણા તાલુકાના પાક રક્ષણ માટે હથિયાર ધારણ કરનાર પરવાનેદારોના હથિયારો તેમજ દારૂગોળો નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા આદેશ કરવો હિતાવહ જણાય છે.

સબબ લુણાવાડા સબ ડીવીઝનમાં કાયદો અને વ્યવસ્થા તથા જાહેર શાંતિ અને લોકોની સલામતિ જળવાઈ રહે તે હેતુસર ભારતના શસ્ત્ર અધિનિયમની કલમ-૧૭ (૩) (ખ) ની જોગવાઈ અનુસાર લુણાવાડા સબ-ડીવીઝનમાં આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ—(અ) મુજબના તથા સંતરામપુર તથા કડાણા તાલુકાના પાક રક્ષણ માટેના હથિયાર પરવાના તાત્કાલિક અસરથી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી મોકુફ (સસ્પેન્ડ) કરવામાં આવે છે. પરવાનો ધારણ કરનારાઓએ તેમના હસ્તકના હથિયારો તથા દારૂગોળો તેમને લગતા પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક જમા કરાવવા આથી હુકમ કરવામાં આવે છે.

આથી પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સંતરામપુર એ તેમના તાબામાં આવતા પરવાનેદારોના પાક રક્ષણ માટેના હથિયારો અને દારૂગોળો તત્કાલિક અસરથી મેળવી પોલીસ સ્ટેશનમાં જમા કરાવી તેમ કર્યાનો રીપોર્ટ કરવા આથી જણાવવામાં આવે છે.

INDEX

પરિશિષ્ટ—(અ)

સંતરામપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ હથિયાર પરવાનેદારોની યાદી (જમા લેવાના હથિયારો) હથિયાર પરવાનો પાક રક્ષણનો છે :

અ. નં.	પરવાનેદારનું નામ / સરનામું	હથિયાર પરવાના નંબર	પરવાનો જાત-રક્ષણ કે પાક-રક્ષણના છે ?
૧	૨	૩	૪
૧	છગનભાઈ નાગજીભાઈ મુડવાડા, રહે. ગઢા.	... ૩૬૫૬/૬	પાક રક્ષ.
૨	ઞલજીભાઈ વેલજીભાઈ બામણીયા, રહે. ગઢા	... ૯૬/૬	,,
૩	વકનાભાઈ મોતીભાઈ મુડાવાડા, રહે. ગઢા.	... ૬૨૦/૬	,,
૪	ધીરાભાઈ વકતાભાઈ ખાંટ, રહે. સરસવા (પ)	... ૮૦૪/૬	,,
૫	ભુપતસિંહ મંદરસિંહ ખાંટ, રહે. સરસવા (પ.)	... ૯૮૪/૬	,,
૬	મકનાભાઈ હેમાભાઈ સેલોત, રહે. સરસવા (પ)	... ૧૦૦૧/૬	,,
૭	હેમાભાઈ લલ્લુભાઈ ખાંટ, રહે. ડોળી.	... ૩૭૪/૬	,,
૮	કાળુભાઈ ભલાભાઈ ખાટ, રહે. ડેળી.	... ૪૯૧/૬	,,
૯	પર્વતસિંહ જગાભાઈ ખાંટ, રહે. ડોળી.	... ૪૮૬/૬	,,
૧૦	નાનાભાઈ પુનાભાઈ ઝાલૈયા, રહે. ડોળી.	... ૯૭૫/૬	,,
૧૧	ત્રિકુલભાઈ મંદરભાઈ પટેલ, રહે. ગોઠીબ.	... ૭૮/૬	,
૧૨	ગલજીભાઈ ટીટા પારગી, રહે. ગોઠીબ.	... ૮૯/૬	,,
૧૩	મનસુખભાઈ કોયાભાઈ પટેલીયા, રહે. ગોઠીબ	... ૯૯/૬	,,
૧૪	રેવાભાઈ સોમાભાઈ ખાંટ, રહે. જાનવડ.	... ૨૦૪/૬	,,
૧૫	વાલજીભાઈ ભલાભાઈ ચારેલ, રહે. નાનીરેલ (પ)	... ૭૦/૬	,,
૧૬	માલજીભાઈ રંગાભાઈ સંગાડા, રહે. શીર.	... ૨૮૬/૬	,,
૧૭	ઠાકરભાઈ દલાભાઈ રાઠોડ, રહે. શીર.	... ૨૬૫/૬	,,
૧૮	ભૈલાભાઈ રૂપાભાઈ ડામોર, રહે. સાંગાવાડા.	... ૩૪૪૩/૬	,,
૧૯	યોગેન્દ્રસિંહ હરીશચન્દ્રસિંહ પરમાર, રહે. સાંગાવાડા	... ૧/૬	,,
૨૦	ઝવરાભાઈ પુનાભાઈ ડામોર, રહે. સાંગાવાડા.	... ૨૭૧/૬	,,
૨૧	અરજનભાઈ વીરાભાઈ ખાંટ, રહે. ઉંબેર.	... ૩૫૧૭/૬	,,
૨૨	શનાભાઈ સરદારભાઈ ખાંટ, રહે. ઉંબેર.	... ૩૧૬૩/૬	,,
૨૩	દેવાભાઈ મોતીભાઈ માલીવાડ, રહે. ઉંબેર.	... ૨૮૪/૬	,,
૨૪	માનસીંગ રૂપા મુનીયા, રહે. ઉંબેર.	... ૮૦૬/૬	,,
૨૫	સવજી દલા પરમાર, રહે. ઉંબેર.	... ૮૨૭/૬	,,
૨૬	ભરતકુમાર મનુભાઈ ડામોર, રહે. ઉંબેર	... ૨૬/૬	,,
૨૭	વાલજીભાઈ ભલાભાઈ પલાસ, રહે. આંજણવા.	... ૮૬૬/૬	,,
૨૮	રૂપાભાઈ વાઘાભાઈ બારીયા, રહે. આંજણવા.	... ૩૩૬૪/૬	,,
૨૯	ખાતરા માનાભાઈ બારીયા, રહે. રામભૈમના મુવાડા.	... ૩૩૩૬/૬	,,
૩૦	ભીમા કાળું બારીયા, રહે. રામભૈમના મુવાડા.	... ૧૮૧૦/૬	,,
૩૧	ઉદેસિંહ ફતેસિંહ બારીયા, રહે. રામભૈમના મુવાઠા	... ૧૦૬/૬	,,
૩૨	ગેમા રણછોડ વડઆરા, ફળીયા-લીમડી	... ૩૨૭૪/૬	,,
૩૩	પારસીંગ ભાવજી બામણીયા, રહે. લીમડી.	... ૧૧૫૫/૬	,,
૩૪	પ્રતાપ કમજી બામણીયા, રહે. લીમડી.	... ૩૧૭૪/૬	,,
૩૫	હીરા રંગજી બામણીયા, રહે. લીમડી.	... ૩૦૭૫/૬	,,
૩૬	દેવા લેંબા તડવી, રહે. લીમડી.	... ૩૦૩૨/૬	,,
૩૭	નાના વારજી નીનામા, રહે. લીમડી.	... ૩૩૬/૬	,,
૩૮	શ્રી ભુરા દલા બામણીયા, રહે. લીમડી	... ૧૮૨/૬	,,
૩૯	શ્રી સોમા જેઠા બામણીયા, રે. લીમડી.	... ૪૩૨/૬	,,
૪૦	શ્રી મુળજી જોરજી બામણીયા રે. લીમડી	... ૪૪૩/૬	,,
૪૧	શ્રી દાજી ભુરા ખાંટ ,,	... ૧૫૬/૬	,,
૪૨	શ્રી હીરા કુબેર પટેલીયા ,,	... ૩૩૦/૬	,,
૪૩	શ્રી અમરસિંહ રતનસિંહ બામણીયા ,,	... ૨૯/૬	,,
૪૪	શ્રી સામંતસિંહ ફતેસિંહ ખાંટ ,,	... ૬૭/૬	,,
૪૫	શ્રી ગમા લેંબાભાઈ રાઠોડ, રે. ગોધરા (પ.)	... ૪૨/૬	,,
૪૬	શ્રી બળવંત સાલમ વીરપુરા, રે. ગોધરા (પ)	... ૮૪૨/૬	,,

INDEX

૧	૨		૩	૪
૪૭	શ્રી અખમા વીરા બારીયા	રે. (ગોધરા) (પં.)	... ૪૫૫/૬	પાક રક્ષણ માટે
૪૮	શ્રી લાખાજી મોતીભાઈ તડવી,	રહે. બાબરોલ	... ૩૨૩૨/૬	,,
૪૯	શ્રી ધુળા કોચા, તાવીયાડ, રહે.	બાબરોલ.	... ૨૬૪/૬	,,
૫૦	શ્રી રામાજી લખમણ તડવી	,,	... ૩૦૨૦/૬	,,
૫૧	શ્રી પરસોત્તમ નાના પટેલ	,,	... ૯૧૬/૬	,,
૫૨	શ્રી વેલજીભાઈ લખમા તડવી,	રહે. બાબરોલ.	... ૯૨૯/૬	,,
૫૩	શ્રી શંકરભાઈ ગજા તાવીયાડ	,,	... ૯૬૧/૬	,,
૫૪	શ્રી શંકર ભાવજી તાવીયાડ	,,	... ૮૫/૬	,,
૫૫	શ્રી જયેશ વાલા પટેલ,	રહે. બાબરોલ.	... ૯૧/૬	,,
૫૬	શ્રી નવીનચંદ્ર નાનાભાઈ પટેલ	,,	... ૯૩/૬	,,
કડાણા તાલુકો :				
૧	શ્રી યશવંતસિંહ કિશોરસિંહ પુવાર	રહે. કડાણા.	... ૨૫૮૬૬/૬	પાક રક્ષણ માટે.
૨	શ્રી મોતીભાઈ ભેમાભાઈ વાગડીયા	,,	... ૩૯૨/૬	,,
૩	શ્રી દિગ્વીજયસિંહ જયતસિંહ પુવાર,	રહે. દિવડા.	... ૬૮/૬	,,
૪	શ્રી જશાભાઈ અખમાભાઈ પાદરીયા,	રે. દધાલીયા	... ૬૬૪/૬	,,
૫	શ્રી મોઘાભાઈ કાળુભાઈ પાદરીયા,	શીયાળ.	... ૪૩૩/૬	,,

આ હુકમનો અમલ તાકીદે કરવો.

લુણાવાડા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૦.

સંજય પટણી,
સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
લુણાવાડા, પ્રાન્ત લુણાવાડા,
જિલ્લો પંચમહાલ.

હુકમ

વાંચ્યો :

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર નંબર : પલસ/હથર/વશી. તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૦.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી પંચમહાલ ગોધરાના પત્ર નંબર : એલઆઈબી/૧૭૮૪/૨૦૦૦ તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૨૦૦૦.

(૩) શસ્ત્ર અધિનિયમ : ૧૯૫૯ની કલમ : ૧૭(૩)(ખ),

નંબર પલસ/હથર/ વશી. ૦૧/૨૦૦૦.—ચાલુ માસના આગામી દિવસોમાં તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ તથા તેની મતગણુરી થનાર છે જેથી આ અત્રે ગોધરા સબ ડીવીઝનલના તાલુકા /જિલ્લા પંચાયતના મત વિભાગોમાં ઉપરોકત સમયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને જાહેર સુલેહ શાંતિ તેમજ જાહેર સુરક્ષા જળવાઈ રહે તે માટે ગોધરા સબ ડીવીઝનમાં આવેલ જાંબુઘોડા તાલુકાના પાક રક્ષણ માટે હથિયાર ધારણ કરનાર પરવાનેદારોના હથિયારો તેમજ દારૂગોળો નજીકના પોલીસ સ્ટેશનમાં જમાં કરાવવા આદેશ કરવો હિતાવહ જણાય છે.

સબબ, ગોધરા સબ ડીવીઝનલમાં કાયદો અને વ્યવસ્થા તથા જાહેર શાંતિ અને લોકોની સલામતી જળવાઈ રહે તે હેતુસર ભારતના શસ્ત્ર અધિનિયમની કલમ ૧૭(૩)(ખ) ની જોગવાઈ અનુસાર ગોધરા સબ ડીવીઝનના આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ-અ મુજબના જાંબુઘોડા તાલુકાના પાક રક્ષણ માટેના હથિયાર પરવાના તાત્કાલીક અસરથી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૦ સુધી મોકુફ (સસ્પેન્શ) કરવામાં આવે છે. પરવાનો ધારણ કરનારાઓએ તેમની હસ્તકના હથિયારો તથા દારૂગોળો તેમને લગતા પોલીસ સ્ટેશનમાં તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૨૦૦૦ સુધીમાં અચુક જમાં કરાવવા આથી હુકમ કરવામાં આવે છે.

આથી પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી જાંબુઘોડાએ તેમના તાબામાં આવતા પરવાનેદારોના પાક રક્ષણ માટેના હથિયારો અને દારૂગોળો તાત્કાલીક અસરથી મેળવી પોલીસ સ્ટેશનમાં જમાં કરાવી તેમ કર્યાનો રીપોર્ટ કરવા આથી જણાવવામાં આવે છે.

પરિશિષ્ટ-અ

જાંબુઘોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ હથિયાર પરવાનાદારો-ની યાદી (જમા લેવાના હથિયારો) હથિયાર પરવાનો પાક રક્ષણનો છે.

INDEX

અનુ. નંબર	પરવાનેદારનું નામ/ સરનામું	હથિયાર પરવાના નંબર	હથિયારનો નો પ્રકાર.	જાત રક્ષણ કે પાક રક્ષણ
૧	૨	૩	૪	૫
(૧)	શ્રી વરધાભાઈ વેચાતભાઈડે બારીયા, રહે. પીપીયા	૫૮/જા/	ડી.બી.બી.એલ.	પાકરક્ષણ
(૨)	શ્રી મોતીભાઈ નામાભાઈ બારીયા,રહે. ભાણપુરા	૫૬/જા/	એસ.બી.બી.એલ.	,,
(૩)	શ્રી વેચાતભાઈ ફતુભાઈ રાઠવા, રહે. ઝેવાના	૬૦/જા/	,,	,,
(૪)	શ્રી મોહનભાઈ દણીયાભાઈ રહે. પીપીયા	૭૨/જા/	એસ.બી.બી.એલ.	,,
(૫)	શ્રી માનસિંહ મથુરભાઈ બારીયા, રહે. મસાવાટ	૨૫/જા/	ડી.બી.બી.એલ	પાક રક્ષણ
(૬)	શ્રી રામસિંહ મથુરભાઈ બારીયા, રહે. મસાવાટ	૫૦/જા/	એસ.બી.બી.એલ.	,,
(૭)	શ્રી સબુરભાઈ ધુળાભાઈ બારીયા, રહે. મસાવાટ.	૬૭/જા/	,,	,,
(૮)	શ્રી લક્ષ્મણસિંહ રતનસિંહ રાણા, રહે. ઉંચેટ	૮૫/જા/	,,	,,

આ હુકમનો અમલ તાકીદે કરવો.

ગોધરા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦.

મુહમ્મદ શાહિદ,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ગોધરા પ્રાંત- ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA—14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLI] THURSDAY, OCTOBER 19, 2000 / ASVINA 27, 1922 [No. 42

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette.	2434-2475
Part-IA.	Orders and Notifications (Other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	43
Part	I-B—Government Notifications published under Land Acquisition Act only.	492-499
Part-I-L-	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	6138-6251

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ (૧) બી હેઠળ હુકમનો નિયમ

ક્રમાંક જાહેરનામું/ઉગપક/૧૭૮૦/૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ "અનુરાગ સોસાયટી" સામે પુર્વ દિશામાં આવેલ અકોટા ગાર્ડન કોર્નર એટલે કે વિહાર સોસાયટી સામેથ ઉત્તર દિશા તરફ ૨૦ (વીસ) ફટ પહોળાઈવાળો રોડ પુરો થતુ મ્યુનિસિપલ કોર્પોરેશનની ખુલ્લી જગ્યા આવેલી છે. જે જગ્યા પુરી થતાં અકોટા ગાર્ડનના કોર્નરની પશ્ચિમ દિશાની કોર્નરથી પુર્વ દિશા તરફ ૧૨ (બાર) ફુટની જગ્યા છોડી ૬૦ (સાઈઠ) ફુટ લંબાઈવાળી જગ્યામાં "૮ ઓટોરીક્ષા પાર્કીંગ સ્ટેન્ડ' રહેશે કરવા અંગેનું જાહેરનામું ક્રમાંક ઉગપક/૧૧૭૦/૨૦૦૦ તારીખ ૨૮મી જૂન ૨૦૦૦ મુજબનું બહાર પાડવામાં આવેલ જે ગુજરાત સરકારશ્રીના ગેઝેટ

INDEX

આંક નંબર ૧૦૯ તારીખ ૩૦મી જૂન ૨૦૦૦માં પ્રસિધ્ધ થયેલ જે જાહેરનામાં સામે જાહેર જનતા તરફથી આવેલ વાંધા સુચનો ધ્યાને લઈ નીચે મુજબનું આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આખરી જાહેરનામાંનો મુસદો.

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ હું જે. મહાપાત્ર, પોલીસ કમિશનર વડોદરા શહેર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ અનુરાગ સોસાયટી સામે પૂર્વ દિશામાં આવેલ અકોટા ગાર્ડન કોર્નર એટલે કે વિહાર સોસાયટી સામેથી ઉત્તર દિશા તરફ ૨૦ (વીસ) ફુટની પહોળાવાળો રોડ પુરો થતાં મ્યુનિ. કોર્પોરેશનની ખુલ્લી જગ્યા આવેલ છે. જે જગ્યા પુરી પુરી થતાં અકોટા ગાર્ડન ની પશ્ચિમ દિશાની કોર્નરથી પુર્વ દિશા તરફ (બાર) ફુટની જગ્યા છોડી ૪૦ (ચાલીસ) ફુટ લંબાઈવાળી જગ્યામાં જાહેર જનતાને ઓટોરિક્ષાઓ તાત્કાલિક મળતી નથી અને આ વિસ્તારમાં આવેલ સોસાયટીઓના રહીશોને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે "૫ ઓટોરીક્ષા પાર્કીગ સ્ટેન્ડ" રહેશે.

મેં આજરોજ તારીખ ૫મી ઓક્ટોબર ૨૦૦૦ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જે. મહાપાત્ર,
પોલીસ કમિશનર.
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ ૧ હેઠળનું.

ક્રમાંક:નં. ૭ગ/૬૫/એસ.બી./જાહેરનામું/વશી. /૬૬/૨૦૦૦.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૦ ક્લાક ૦૦-૦૦ થી તારીખ ૧૦મી ઓક્ટોબર ૨૦૦૦ ક્લાક ૨૪/૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની,

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યક્તિઓ અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી અથવા નિશાનીઓ જાહેરખબરો અથવા બીજા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા નિશાની ચિન્હો તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યક્તિઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ ૧ એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૦નાં રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા
પોલીસ કમિશનર,
સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર. ૩૨/૨૦૦૦.—આગામી દિવસોમાં અમદાવાદ રુરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, -૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રુઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી ઓક્ટોબર ૨૦૦૦ થી તારીખ ૧૬મી ઓક્ટોબર ૨૦૦૦ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતા મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઇંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનુ હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

INDEX

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(૪) સળગતી મશાલ અગર સળગેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રખવા પરવાનગી આપેલ હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એચ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) ના ખંડ (સી) મુજબ

નં. ડી/એમએજી/૧/નવરાત્રિ/બી.પી. એ./વશી.૪૬૧૯/૭૭.—તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૦થી તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૦ સુધી ના સમય દરમ્યાન નવરાત્રિનો ઉત્સવ યોજાનાર છે. પાલનપુર શહેર ના સમગ્ર વિસ્તારોમાં અલગ અલગ સ્થળોએ જાહેર જગ્યાઓ ઉપર ગરબાના કાર્યક્રમો થાય છે. જાહેર સ્થળોએ અને રસ્તાઓ ઉપર ગરબાના કાર્યક્રમો દરમ્યાન જીપ, રીક્ષા, સાયકલ અને અન્ય વાહનો ની અવર જવર અડચણ રુપ થાય છે. અને જેના કારણે સુલેહ શાંતિ જોખમાવવા સંભવ છે. આથી કાયદો અને વ્યવસ્થા તેમજ સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી પાલનપુર શહેરમાં યોજાનાર તમામ ગરબાના સ્થળની ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૨૮મીસપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૭મી ઓક્ટોબર ૨૦૦૦(બંને દિવસો સહીત) રાત્રિના ૨૦-૦૦ કલાકથી સવારના ૪-૦૦ કલાક સુધી સાયકલ, રીક્ષા, જીપ કે કોઈપણ હળવા કે ભારે વાહનો ફેરવવા ઉપર હું એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨મા) ની કલમ-૩૩ (૧)ના ખંડ (સી) અન્વયે મળેલ સત્તાની રુએ પ્રતિબંધ ફરમાવુ છું.

આ પ્રતિબંધ સ્ટેટ હાઈવે ઉપરથી પસાર થતા વાહનોને લાગુ પડશે નહી. અંબાજી જતા વાહનો ગુરુનાનક ચોકથી ટેકનીકલ સ્કુલ થઈ મીરાગેટ થઈ જનતાનગરથી ચાર રસ્તા થઈ બારોબાર અંબાજી લઈ જઈ શકાશે.

વ્યાપારીક હેતુના ઉપયોગ સિવાયના કોઈ તાકીદની આવશ્યક સેવાઓ માટે વાહનનો ઉપયોગ કરી શકાશે.

આજ રોજ તારીખ ૨૭મી માહે સપ્ટેમ્બર-૨૦૦૦ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.
પાલનપુર.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૨૭ (૧) અન્વયે

હુકમ

નંબર ડીસીબી / એમએજી/બીપીએ / રજી. નં ૪૫/૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને૧૯૫૧ મુંબઈ-૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રુઈએ હું શ્રી ડી.બી. રહેવર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ આગામી દશેરા તહેવાર પૂર્વેની સ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૦૦ થી તારીખ ૧૯મી ઓક્ટોબર ૨૦૦૦ (બંને દિવસો સુધીનો) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

INDEX

ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષા :—

૧. બધા પ્રશ્નપત્રોમાં બેઠેલા આ નીચે જણાવેલ પરીક્ષાર્થીને, ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

નામ	મેળવેલ કુલ ગુણ
૧. શ્રીમતી એચ. ડી. ગઝદર, આસીસ્ટન્ટ, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, વલસાડ મુકામ : નવસારી. ...	૩૫૫

૨. નીચેના પરીક્ષાર્થી કે જેઓ આ પરીક્ષામાં તેમના અગાઉના પ્રયત્નોમાં એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મેળવેલ મુક્તિ લઈને બેઠા હતાં, તેને પણ ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

૧. શ્રીમતી એન. વી. શાહ,
આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (જુ. ડી.), પારડી.

૩. નીચે મુજબના પરીક્ષાર્થીઓ જેઓ ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતાં અને જેઓ પરીક્ષામાં અનુઉત્તીર્ણ થયેલા પરંતુ તેઓએ તેમના નામની સામે દર્શાવેલ પ્રશ્નપત્રોમાં ૫૦ ટકા કે વધુ ગુણ, કુલ ગુણમાંથી મેળવેલા હોય, તેઓને તેજ પ્રશ્નપત્રમાં ફરીથી ઉપસ્થિત રહેવા માટે મુક્તિ આપવામાં આવે છે.

નામ	પેપર નંબર
૧. કુમારી જે. એચ. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (જુ.ડી), ચીખલી. ...	પેપર પહેલું
૨. શ્રી એમ. એસ. ધુન, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી.ડી.), વલસાડ. ...	પેપર બીજું
૩. શ્રી આઈ. પી. મહાજન, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી.ડી.), નવસારી. ...	પેપર પહેલું
૪. શ્રી કે. જે. મહેતા, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી.ડી.), નવસારી	પેપર બીજું

નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષા :—

૧. બધા પ્રશ્નપત્રોમાં બેઠેલા આ નીચે જણાવેલા પરીક્ષાર્થીને નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

નામ	મેળવેલ કુલ ગુણ
૧. શ્રી ડી. પી. પારેખ, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ, મુકામ નવસારી. ...	૩૯૦
૨. કુમારી એમ. કે. મીસ્ત્રી, આસીસ્ટન્ટ, ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, વલસાડ, મુકામ નવસારી ...	૩૫૯
૩. કુમારી ઝેડ. આર. ભારતી, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી.ડી.), વલસાડ ...	૩૦૨

૨. નીચેના પરીક્ષાર્થી કે જેઓ આ પરીક્ષામાં તેમના અગાઉના પ્રયત્નમાં એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મેળવેલ મુક્તિ લઈને બેઠા હતાં તેને પણ નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

૧. કુમારી બી. એન. પટેલ,
આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી.ડી.), વલસાડ.

૩. નીચે મુજબના પરીક્ષાર્થીઓ જેઓ નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને જેઓ પરીક્ષામાં અનુઉત્તીર્ણ થયેલા પરંતુ તેઓએ તેમના નામની સામે દર્શાવેલ પ્રશ્નપત્રોમાં ૫૦ ટકા અથવા વધુ ગુણ, કુલ ગુણમાંથી મેળવેલા હોય, તેઓને તેજ પ્રશ્નપત્રોમાં ફરીથી ઉપસ્થિત રહેવા માટે મુક્તિ આપવામાં આવે છે.

નામ	પેપર નંબર
૧. શ્રીમતી પી. પી. પટેલ, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ, મુકામ : નવસારી. ...	પેપર બીજુ
૨. કુમારી એલ. એમ. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (જુ.ડી.), ચીખલી. ...	પેપર બીજુ
૩. શ્રી એસ. એમ. પટેલ, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ, મુકામ : નવસારી. ...	પેપર બીજુ
૪. શ્રીમતી બી. એમ. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (જુ.ડી.), ચીખલી. ...	પેપર બીજુ
૫. કુમારી એચ. બી. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (જુ.ડી.), ધરમપુર. ...	પેપર બીજુ અને ત્રીજુ
૬. શ્રી પી. બી. પટેલ, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ, મુકામ : નવસારી. ...	પેપર બીજુ
૭. શ્રી કે. એસ. ભાવસાર, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ. મુકામ : નવસારી. ...	પેપર બીજુ
૮. શ્રી ડી. એસ. ભાવસાર, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી.ડી.), નવસારી. ...	પેપર બીજુ
૯. શ્રી સી. સી. પટેલ આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ મુકામ : નવસારી. ...	પેપર બીજુ અને ત્રીજુ
૧૦. શ્રી આર. બી ચંપાવત, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ મુકામ : નવસારી. ...	પેપર બીજુ
૧૧ કુમારી એસ. ડી ભટ્ટ. આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ મુકામ : નવસારી. ...	પેપર બીજુ અને ત્રીજુ

INDEX

3. Mr. I. P. Mahajan, .. I
Assistant,
Civil Court (S. D.) Navsari.

4. Mr. K. J. Mehta .. II
Assistant,
Civil Court (S. D.) Navsari.

II

Lower Standard Departmental Examination :

1. The following examinees who appeared in all the papers are declared successful in the Lower Standard Departmental Examination.

Name	Total Marks Obtained
1. Mr. D. P. Parekh, Assistant, District Court, Valsad At : Navsari.	390
2. Miss. M. K. Mistry Assistant, Chief Court, Valsad At : Navsari.	359
3. Miss. Z. R. Bharti Assistant, Civil Court (S. D.) Valsad.	302

2. The following examinee who appeared with exemption obtained in one or more than one papers in previous attempts, is declared successful in the Lower Standard Departmental Examination.

1. Miss. B. N. Patel,
Assistant,
Civil Court (S. D.) Valsad.

3. Following examinees appeared at the Lower Standard Departmental examination are not succeded but as they have obtained 50 percent or more of the total marks in the papers shown against their names are exempted from appearing for the same paper again.

Name	Paper No.
1. Mrs. P. P. Patel, Assistant, District Court, Valsad at : Navsari.	II
2. Miss L. M. Patel, Assistant, Civil Court (J. D.) Chikhli.	II
3. Mr. S. M. Patel, Assistant District Court, Valad At : Navsari.	II
4. Mrs. B. M. Patel, Assistant, Civil Court (J. D.), Chikhli.	II
5. Miss H. B. Patel, Assistant, Civil Court (J. D.), Dharampur.	II, III
6. Mr. P. B. Patel, Assistant, District Court, Valsad At : Navsari	II
7. Mr. K. S. Bhavsar, Assistant, District Court, Valsad, At : Navsari.	II
8. Mr. D. S. Bhavsar Assistant, Civil Court (S. D.) Navsari.	II
9. Mr. C. C. Patel Assistant, District Court, Valsad, At : Navsari.	II, III
10. Mr. R. B. Champavat, Assistant, District Court, Valsed At : Navsari,	II
11. Miss. S. D. Bhatt Assistant District Court Valsad, At : Navsari.	II, III
12. Mr. R. U. Patel, Assistant, District Court, Valsad, At : Navsari.	II
13. Miss. R. B. Shah, Assistant, District Legal Service Authority, Valsad At : Navsari	II
14. Miss. S. N. Naik, Assistant Extra Assistant Court, Valsad. At : Navsari.	I II.
15. Mr. R. C. Patel, Assistant, Civil Court (J. D.), Vansda.	II
16. Mr. A. D. Lakhtaria Assistant, Civil Court (J. D.) Umbergaon.	II

Valsad, 28th August 2000.

R. H. SHARMA,
District Judge, Valsad,
At Navsari.

ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ દ્વારા

અધિસુચના

(સિવિલ મેન્યુલ ૧૯૬૦ ના ફકરા ૫૬૯ માં ના પ્રબંધને અનુલક્ષીને ગુજરાત સરકારના રાજ્યપત્રના ભાગ-૧ મધ્યસ્થ વિભાગમાં પ્રસિદ્ધ કરવું).

ક્રમાંક : વહીવટી / ૧૦ / ૧૨૨૦ સને ૨૦૦૦.—૨૦૦૦ ના જુલાઈ મહિનાની ૩ અને ૪ તારીખના દિવસોએ વલસાડ જિલ્લાની નવસારી મુકામે ડીસ્ટ્રીકટ કોર્ટમાં લેવાયેલ ન્યાયખાતાના કર્મચારીગણના માટે નિયત થયેલ ખાતાકીય પરીક્ષાઓના પરિણામ નીચે મુજબ છે.

INDEX

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભષણ કરવાની તેવા હાવભાવ કરવાનો તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા, બોર્ડ, અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની;

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીઓ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી,વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓ જેને શારીરીક અશકિતને કારણે લાકી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરેલ બીજી વ્યકિતઓ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૦ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

વલસાડ, તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૦.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) નાં કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૪૬/૨૦૦૦.—જિલ્લામાં આગામી દશેરા તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂરી જણાય છે.

વાસ્તે હું શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૦ થી ૧૯મી ઓકટોબર, ૨૦૦૦ સુધી (બંને દિવસ સુધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૦ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વલસાડ, તારીખ ૫મી ઓકટોબર ૨૦૦૦.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

BY DISTRICT AND SESSIONS JUDGE

Notification

(To be inserted in the Gujarat Government Gazette Part-I Central Section in view of the provisions contained in para 569 of the Civil Manual 1960)

No. ADM / 10 / 1220 of 2000.—The result of the Departmental Examinations for the members of staff of the Judicial Department held on July 3rd and 4th 2000. in the District Court, Valsad at Navsari is hereby declared as under:—

Higher Standard Departmental Examination :—

1. The following examinees who appeared in all the papers are declared successful in the Higher Standard Departmental Examination.

	Name		Total Marks obtained
1.	Mrs. H. D. Gazdar, Assistant, District Legal Services Authority, Valsad at Navsari.	..	355

2. The following examinee who appeared with exemption obtained in one or more than one papers in previous attempts, is declared successful in the Higher Standard Departmental Examination.

1. Mrs. N. V. Shah ..
Assistnnt,
Civil Court (J. D.), Pardi.

3. Following examinees appeared at the Higher Standard Departmental examination are not succeeded, but as they have obtained 50 percent or more of the total marks in the papers shown against their names, are exempted from appearing for the same paper again.

	Name		Paper No.
1.	Miss J. H. Patel, Assistant, Civil Court (J. D.), Chikhli.	..	I
2.	Mr. M. S. Dhoon, Assistant, Civil Court (S. D.), Valsad.	..	II

INDEX

૧૨ શ્રી આર. યુ. પટેલ, ... પેપર બીજું
આસીસ્ટન્ટ,
ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ, મુકામ : નવસારી.

૧૩ કુમારી આર. બી. શાહ, ... પેપર બીજું
આસીસ્ટન્ટ,
જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, વલસાડ,
મુકામ : નવસારી

૧૪ કુમારી એસ. એન. નાયક, ... પેપર પહેલું અને બીજું
આસીસ્ટન્ટ,
એકસ્ટ્રા આસીસ્ટન્ટ કોર્ટ, વલસાડ,
મુકામ : નવસારી

૧૫ શ્રી આર. સી. પટેલ, ... પેપર બીજું
આસીસ્ટન્ટ
સિવિલ કોર્ટ (જુ ડી), વાંસદા.

૧૬ શ્રી એ. ડી. લખતરીયા, ... પેપર બીજું
આસીસ્ટન્ટ,
સિવિલ કોર્ટ (જુ. ડી.), ઉમરગામ,

વલસાડ, તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૦.

આર. એચ. શર્મા,
ડીસ્ટ્રીકટ જજ, વલસાડ,
મુકામ નવસારી.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

જા. નં. બી/૭/૧/સને ૨૦૦૦.—સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૩જી અને ૪થી જુલાઈ સને ૨૦૦૦ના રોજ લેવાયેલી ન્યાય ખાતાની ખાતાકીય ઉચ્ચ અને નિમ્ન શ્રેણી પરીક્ષામાં બેસેલ ઉમેદવારો પૈકી નીચે જણાવેલ ઉમેદવારો ઉકત પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે :—

ઉચ્ચ શ્રેણીની પરીક્ષા :—

(૧) શ્રી બી. બી. પુરોહીત	આસીસ્ટન્ટ	ડીસ્ટીકટ કોર્ટ, હિંમતનગર
(૨) શ્રી સી. બી. કડબ	આસીસ્ટન્ટ	એકસ્ટ્રા આસી. જજ કોર્ટ, હિંમતનગર
(૩) શ્રી એસ. કે. કોટવાલ	આસીસ્ટન્ટ	૫મો જો. સીવીલ જજ (જુ.ડી.) હિંમતનગર
(૪) શ્રી બી. કે. પ્રજાપતી	આસીસ્ટન્ટ	ડીસ્ટીકટ ગર્વ. પ્લીડર ઓફીસ, હિંમતનગર
(૫) શ્રીમતી એન. આર. મોડીયા	આસીસ્ટન્ટ	ચીફ જ્યુડી. મેજિ. કોર્ટ, હિંમતનગર
(૬) શ્રીબી. ડી. વરસાત	આસીસ્ટન્ટ	ચીફ જ્યુડી. મેજિ. કોર્ટ, હિંમતનગર
(૭) શ્રી એમ. એસ. નાઈ	આસીસ્ટન્ટ	૪ થા જો. સીવીલ જ (સીડી) હિંમતનગર
(૮) શ્રી આર. ટી. ત્રિવેદી	આસીસ્ટન્ટ	આસી. જજ કોર્ટ, હિંમતનગર
(૯) શ્રી સી. પી. બારોટ	આસીસ્ટન્ટ	ડીસ્ટીકટ કોર્ટ, હિંમતનગર
(૧૦) શ્રી એ. વી. બરંડા	આસીસ્ટન્ટ	જો. સીવીલ જજ (જુ.ડી.) ખેડબ્રહ્મા.
(૧૧) શ્રી એન. યુ. પઠાન	આસીસ્ટન્ટ	સીવીલ જજ (જુ.ડી.) કોર્ટ, મોડાસા.
(૧૨) શ્રી વી. વી. નીનામા	આસીસ્ટન્ટ	ડીસ્ટીકટ કોર્ટ, હિંમતનગર.
(૧૩) શ્રી જે. કે. વાઘેલા	આસીસ્ટન્ટ	જો. સીવીલ જજ (જુ.ડી.) હિંમતનગર
(૧૪) શ્રી ડી. એસ. સીસોદીયા	આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (જુ.ડી.) ઈડર.

ઉપરોકત નામો ગુણવત્તામાંના ક્રમમાં ગોઠવેલા છે.

ખાતાકીય ઉચ્ચ શ્રેણીની પરીક્ષામાં જે ઉમેદવારો બેસેલ, તે પૈકી અન ઉત્તીર્ણ થયેલ નીચે જણાવેલ ઉમેદવારને તેમના નામ સામે જણાવેલ પેપરમાં ફરીને બેસવાની મુકિત મળેલ છે.

ઉચ્ચ શ્રેણીની પરીક્ષા:—

(૧) શ્રીમતી યુ. એસ. હોથા — પેપર-૨ — આસીસ્ટન્ટ, સીવીલ, કોર્ટ (જુ.ડી.) ઈડર.

નિમ્ન શ્રેણીની પરીક્ષા :— કોઈ નહીં.

કૌશલ જે. ઠાકર,
જિલ્લા ન્યાયાધીશ,
સાબરકાંઠા, હિંમતનગર.

હિમતનગર, તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૦.

INDEX

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

ક્રમાંક ટફક/જાય્ક/૮૧૧/૨૦૦૦.—મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ-૧૨૭ હેઠળ ટ્રાફીકને અડચણરૂપ થતા વાહનો ખસેડવાની સત્તા પોલીસને આપવામાં આવેલી તે કાર્યવાહીમાં જે ખર્ચ થાય તે ખર્ચ દંડ ઉપરાંત માલીકો પાસેથી વસૂલ કરવાની જોગવાઈ છે. હવાલા-વાળા હુકમમાં આ રીતે વાહનો ખસેડવા સંબંધનો હુકમમાં ચાર્જ નિયત કરવામાં આવેલ હતા. આ હુકમ પછી ડીઝલના ભાવ વધારા તેમજ ક્રેઈન વિગેરે ભાડાનાં દર ધ્યાનમાં લેતા નીચે મુજબના વાહનોના ટોઈંગ ચાર્જ વસૂલ કરવામાં આવશે. આ ચાર્જની રકમ દંડ ઉપરાંત વસુલ લેવાની રહે છે.

શહેરના તમામ વિસ્તારમાંથી વાહન ટોઈંગના ચાર્જ નીચે મુજબનો લેવાનો રહેશે :

વાહન	દંડ	ટોઈંગ ચાર્જ	કુલ રકમ
૧ ટુ વ્હીલર			
લ્યુના, સન્ની, સ્કુટર મોટર સાયકલ.	૫૦	૮૦	૧૩૦
૨ થ્રી વ્હીલર			
મોટો ટેમ્પો, રીક્ષા, છકડો	૭૫	૫૦	૧૨૫
૩ ફોર વ્હીલર			
કાર, જીપ, મારૂતી, મીની. મેટાડોર.	૧૦	૧૦૦	૨૦૦
૪ ફોર વ્હીલર			
લકઝરી બસ, ટેન્કર ટ્રક	૨૫૦	૧૦૦	૩૫૦

આ ઉપરાંત અગાઉનાં હુકમ મુજબ જો વાહનને અત્રેની કચેરીએ લાવવામાં આવશે તો એક દિવસ કે તેના ભાગ માટે રૂ. ૫૦/- ગાર્ડીંગ ચાર્જ તરીકે અલગથી વસુલ કરવાનું રહેશે.

અગાઉના સ્થાયી હુકમ ક્રમાંક ૧૬/૯૭ તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૭ ની અન્ય શરતો યથાવત રહેશે.

વડોદરા, તારીખ ૧૨મી મે ૨૦૦૦.

જે. મહાપાત્ર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૬૨૪૬.—ભરૂચ રેલ્વે સ્ટેશન સામે આવેલ સર્કલમાં કોઇપણ પ્રતિમા મૂકવાના કારણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે તેવી શકયતા છે. સબબ સુલેહ શાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તે હેતુસર બન્ને પક્ષો વચ્ચે સુમેળ ભર્યો ઉકેલ ન આવે ત્યાં સુધી સદર સર્કલમાં કોઈપણ પ્રતિમા મૂકવા તેમજ સદર સર્કલની ઉપર કે તે સર્કલની અંદર કોઈપણ વ્યકિત કે વ્યકિતઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. બી. સ્વેન, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, ભરૂચ રેલ્વે સ્ટેશન સામેના સર્કલમાં કોઈપણ પ્રતિમા મુકવા તેમજ સદર સર્કલની ઉપર કે તે સર્કલની અંદર કોઈપણ વ્યકિત કે વ્યકિતઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પરના પોલીસ સરકારી અધિકારી કર્મચારીઓને.
(૨) ટ્રાફીક સર્કલની જાળવણી સાથે સંકાળાયેલ કોઈપણ વ્યકિતઓને.

આ જાહેરનામું તારીખ ૧૮મી ઓકટોબર ૨૦૦૦ થી તારીખ ૧૭મી ડીસેમ્બર ૨૦૦૦ સુધી અલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરવા બદલ કે ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવાને પાત્ર રહેશે.

આજ તારીખ ૭મી ઓકટોબર ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

બી. બી. સ્વેન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું.

નંબર એમએજી/પોલ/વશી ૫૮૦૩ થી ૫૮૭૨/૨૦૦૦.—વડોદરા જિલ્લામાં નીચે જણાવેલ સ્થળોએ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના તાલુકા / જિલ્લા પંચાયત તથા પાદરા નગરપાલિકાની ચુંટણીની મતગણતરી થનાર છે. કાઉન્ટીંગ હોલમાં અનઅધિકૃત વ્યકિતઓ પ્રવેશ કરી, શાંતી જોખમે તેમ છે. ગણતરીકારો શાંતિથી મતગણતરી કરી શકે તે માટે નીચે પ્રમાણે હુકમ કરવો જરૂરી છે.

જેથી હું અનિલ મુકિમ(આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ આથી આદેશ આપી ફરમાવું છું કે, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ નીચેના પરિશિષ્ટમાં જણાવેલ મતગણતરીના સ્થળેથી ૧૦૦ મીટરના ત્રિજ્યા વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરું છું. જેથી કોઈ અનઅધિકૃત વ્યકિતએ પ્રવેશ કરવો નહીં.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિતને ભારતીય ફોજદારી અધિનિયમની જોગવાઈ મુજબ પગલાં લેવાને પાત્ર થશે.

પરિશિષ્ટ

અ. નું.	તાલુકાનું નામ	મત ગણતરીનું સ્થળ
૧	૨	૩
૧	પાદરા	... (૧) એમ. અમીન કોલેજ, પાદરા (૨) પી. પી. શ્રોફ હાઈસ્કુલ, પાદરા (પાદરા નગરપાલિકા)
૨	કરજણ	... શાહ એસ. બી. હાઈસ્કુલ કરજણ.
૩	સાવલી	... હોમીયોપેથી મેડીકલ કોલેજ, સાવલી.
૪	વઘોડીયા	... સવિતાબેન ચુનીભાઈ પટેલ, ફરતી કુઈ-વાળા કોમર્સ કોલેજ, ડભોઈ.
૫	ડભોઈ	... સી.એન.પી.એફ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ડભોઈ.
૬	શિનોર	... શાહ એસ. બી. હાઈસ્કુલ, કરજણ.
૭	કવાંટ	... એસ. એન. કોલેજ, છોટાઉદેપુર.
૮	સંખેડા	... શ્રી એન. એસ. કાપડીયા સાર્વ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા
૯	નસવાડી	... આઈ.ટી.આઈ. કોલેજ, નન્નુપુરા, નસવાડી.
૧૦	જેતપુર-પાવી	... સાર્વજનિક હાઈસ્કુલ, જેતપુર-પાવી.
૧૧	છોટાઉદેપુર	... શ્રી નટવરસિંહજી આર્ટસ એન્ડ કોમર્સ સાયન્સ કોલેજ, છોટાઉદેપુર.

વડોદરા, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦.

અનિલ મુકીમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨ માં ની) કલમ-૩૩ (૧) બી અને કલમ-૩૩ (૧) સી મુજબ.

નંબર પી.ઓ.એલ. / વશી / ૨૨૯૭ થી ૨૩૧૨ / ૨૦૦૦.—મહેસાણા જિલ્લાના કડી શહેરમાં રસ્તાઓ સાંકળા હોઈ, ટ્રાફીકને કારણે, કડી શહેરમાં પીર બોરડી ચોક, મારુતિ મંદિર તથા અમદાવાદી દરવાજા નજીક રોડ ઉપર જીવલેણ અકસ્માતો બનવા પામે છે. કડી શહેરની ટ્રાફિક વ્યવસ્થા માટે હાલ વાહનોની અવર--જવર જે રસ્તાઓ ઉપર છે, તેનાથી ટ્રાફીક વ્યવસ્થા બરાબર જળવાતી નથી. આ ટ્રાફીકના સુચારું સંચાલન માટે જિલ્લા પોલીસ વડાશ્રી મહેસાણા અને ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કડી તરફથી ટ્રાફીક સમસ્યા હલ કરવા સારુ તૈયાર થઈ આવેલી વાહનોની અવર જવર માટેની દરખાસ્ત ધ્યાને લેતા, કડી શહેરમાં ટ્રાફીકના અવર--જવર અંગે નીચે મુજબની વ્યવસ્થા જાહેર હિત માટે કરવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું, એચ. બી. વરિયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨ માં ની) કલમ ૩૩ (૧) બી અને કલમ-૩૩ (૧) સી હેઠળ મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે ;—

હાલ નંદાસણ તરફથી તેમજ અમદાવાદ--કલોલ તરફથી આવતી એસ. ટી. બસો તેમજ ભારે વાહનો જેવા કે, ટ્રક, ટેન્કર, લકઝરી બસો, મીની બસો, તેમજ ચાર પૈડાવાળા માલવાહક વાહનો, ટ્રેકટરો તેમજ પ્રાણીઓ દ્વારા ચલાવાતા વાહનો જેવાં કે ઉંટલારી, બળદગાડાં વિગેરે હાલમાં હાઈ--વે ત્રણ રસ્તા (એન. સી. દેસાઈ પેટ્રોલ પંપ નજીકથી) થી કાલોલ દરવાજા શક્કરપુરા પીર બોરડી, મારૂતિ મંદિર, જુના ગંજ બજાર, અમદાવાદી દરવાજા થઈ ગાંધી ચોકથી એસ. ટી. ડેપો તરફ જાય છે. ઉપરોક્ત રુટનો રસ્તો સાંકડો છે. અને ભરચક બજાર વિસ્તારમાંથી પસાર થાય છે. ટ્રાફિકને કારણે થતા ગમખ્વાર અકસ્માતો નિવારવા માટે ઉપર મુજબના વાહનોને આ રુટ ઉપર આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી પ્રવેશ માટે નિષેધ ફરમાવવામાં આવે છે અને ઉપર મુજબનાં વાહનો, હવેથી, કડી ત્રણ રસ્તાથી જય કિસાન પેટ્રોલ પંપ ત્રણ રસ્તે થઈ, થોળ રોડ થઈ, પાણીની ટાંકી થઈ, ભાવપુરા ચોકથી ભીમનાથ મહાદેવ થઈ માર્કેટયાર્ડ પાછળ થઈ, મણીલાલ મેન્શન થઈ એસ. ટી. સ્ટેશન તરફ જાય તેમ ફરમાવું છું.

આ હુકમ / જાહેરનામાનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા હુકમનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ--પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૨૨ માં ની) કલમ-૩૧૧ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ, તારીખ ૧૬ મી ઓકટોબર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે જાહેરનામું બહાર પાડયું.

એચ. બી. વરિયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ નો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) ખ અન્વયેનો.—

ક્રમાંક પી. ઓ. એલ. / એમ. એ. જી. / જાહેરનામું--૨૮૩૭.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩ (૧) ખ અન્વયે મને મળેલ સત્તાની રુએ હું, શ્રી બી. ડી. નીનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, ફરમાવું છું કે નેત્રંગ, દેડીયાપાડા, સાગબારા રસ્તા પરના મોજે દેડીયાપાડા ગામ પાસે આવેલ ધામણ ખાડી પુલને રીપેર કરવા માટેની કામગીરી તારીખ ૧૫મી ઓકટોબર, ૨000 થી શરુ કરવામાં આવનાર હોઈ દેડીયાપાડા મીશન ક્રોસીંગ જંકશનથી દેડીયાપાડા ચાર રસ્તા જંકશન સુધીનો કી. મી. ૬૭/0 થી ૬૮/૪ કી. મી. સુધીનો રસ્તો તમામ પ્રકારના વાહનો માટે બંધ કરવા ફરમાવું છું. અંકલેશ્વર નેત્રંગ તરફથી આવતા તામામ પ્રકારના વાહનો દેડીયાપાડા મીશન ક્રોસીંગથી પારસી ટેકરા થઈ દેડીયાપાડા ચાર રસ્તા થઈ સાગરબારા તરફ થઈ જાય તે હેતુ ડાયવરઝન આપવા ફરમાવું છું.

ઉકત હુકમ તારીખ ૧૫ મી ઓકટોબર, ૨000 થી ૧૫ મી ફેબ્રુઆરી ૨00૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨ મી ઓકટોબર, ૨000 ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યાં.

બી. ડી. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપળા.

હુકમ,

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમજી/બીપીએ/રજી નં. ૪૮/૨000:— મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હુ, શ્રી. ડી. બી રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી દિવાળીના તહેવાર પૂર્વેની પસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૧મી ઓકટોબર ૨000 થી તારીખ ૪થી નવેમ્બર ૨000 (બંને દિવસો સુધીના) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક ચપ્પુ, છરા લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાંર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

૧. સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૭મી ઓકટોબર ૨000 ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

વલસાડ, તારીખ ૧૭મી ઓકટોબર, ૨000.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસીબી/એમજી/બીપીએ/રજી નં. ૪૯/૨000.—જિલ્લામાં આગામી દિવાળીના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મો) ની કલમ ૩૭ ની પેટા-કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૨૧મી ઓકટોબર ૨000 થી ૪થી નવેમ્બર ૨000 સુધી (બન્ને દિવસ સુધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતા વધુ માણસોની કોઇ સભા કરવી કે બોલાવવી નહી સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩)

INDEX

મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૭મી ઓક્ટોબર ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વલસાડ, તારીખ ૧૭મી ઓક્ટોબર ૨૦૦૦.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ

નંબર ડીસીબી/એમએજી / બીપીએ / રજિ. ૪૨ / ૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું કિરીટ કે. દુધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી ચૂંટણી અને પ્રવર્તમાન સંજોગોને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૦ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈ પણ સરઘસમાં જલતી અથવા મશાલ લઈ જવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા અને પ્લે બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવાની અથવા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઈ, તેવા પોલીસ અધિકારી જે તે શારીરિક અશક્તિના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અંગે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૬૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ નાં ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી / એમ એજી / બી પી એ / રજી. ૪૪/૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હુ કિરીટ કે દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી દિવાળીના તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તાર માં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતા ફરમાવું છુ કે, તારીખ ૨૨ મી ઓક્ટોબર, ૨૦૦૦થી તારીખ ૧ લી નવેમ્બર, ૨૦૦૦ સુધી (બંન્ને દિવસે સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો —

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની, તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકતિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધીકૃત કરેલા કોઈ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

INDEX

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમ, ૧૯૫૧ ની ૨૨ માં કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૦ મી ઓક્ટોબર, ૨૦૦૦ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દૂધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

કલેક્ટર દ્વારા

હુકમ

વંચાણમાં લીધા :

(૧) આ કચેરીનો હુકમ ક્રમાંક પરવ-એસ. એ. ભાવ-વશી૧૫૨૦-થી ૧૫૩૯ તારીખ ૧૪મી જુન ૨૦૦૦
(૨) સરકારશ્રીના નાગરિક પુરવઠા વિભાગના પત્ર નંબર કશન-૧૦/૨૦૦૦-૫૩૬/બ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૦
(૩) દાહોદ જિલ્લા પેટ્રોલીયમ એસોસીએશનના પત્ર તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૦ તથા તે સાથે રજુ થયેલ બીલ.
(૪) કેરોસીન વપરાશ પર નિયંત્રણ અને અધિકત્તમ કિંમત નકકી કરવા બાબત હુકમ ૧૯૯૩.

નંબર પરવ/કશનાભાવ/બાંધણી/વશી/૩૦૬૨ થી ૩૦૮૨:—સરકારશ્રી તરફથી કેરોસીનના ભાવો વધારવામાં આવેલ છે. આમુખ-૨ અને ૩ વાળા પત્રનાં વિગતોએ કેરોસીનના વધારેલ ભાવોની વિગતો દર્શાવી જિલ્લાના કેરોસીનના નવા ભાવો નકકી કરવા જણાવેલ છે ભાવ વધારા મુજબ અલીન્દ્રા આઇ. ઓ. સી. ટર્મિનલ એક કિલોલીટર (૧૦૦૦) લીટર કેરોસીનનો ભાવ રૂા. ૭૭૩૮-૬૩ પૈસા નકકી કરેલ છે.

સબબ ઉપરોક્ત વિગતોએ દાહોદ જિલ્લા માટેના કેરોસીનનો ભાવ સરકારશ્રીની સુચનાઓ ધ્યાને લતાં કેરોસીન વપરાશ પર નિયંત્રણ અને અધિકત્તમ કિંમત નકકી કરવા બાબત હુકમ ૧૯૯૩ ની કલમ ૨ ડી-૧ થી મને મળેલ સત્તાની રૂએ હું ઈ. આઈ. કલાશવા કલેક્ટર, દાહોદ આથી ૧લી ઓકટોબર, ૨૦૦૦ થી અમલમાં આવે તે રીતે જાહેર વિતરણ વ્યવસ્થા માટે કોયલી રીફાયનરી અને અલિન્દ્રા નિરમામાંથી રસ્તા માર્ગે વહન થઇ જિલ્લાને અપાતા કેરોસીનના જથ્થાબંધ તેમજ છૂટક ભાવો પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ મુજબ નીચેની શરતોને આધિન ઠરાવવા હુકમ કરૂં છું.

સ્થાનિક માટે અને ત્યારબાદના અંતરના તબકકાઓ માટે ૧ કી. લી. દીઠ ટ્રાન્સપોર્ટ ભાડું મજરે આપીને છુટક ભાવોની ગણતરી કરવામાં આવે છે.

વિગત	મજરે આપેલ
(૧) સ્થાનિક	૪૦
(૨) સ્થાનિક સિવાય ૧૦ કી. મી. સુધી	૪૫
(૨) ૧૦ કી. મી. થી ૨૫ કી. મી.	૫૦
(૪) ૨૬ કી. મી. થી ૫૦ કી.મી.	૫૫
(૫) ૫૦ કી. મી. થી ઉપર	૬૦

શરતો :

(૧) જિલ્લામાં કેરોસીનના એજન્ટ દ્વારા કેરોસીનની આખી ટેન્કર કેરોસીનના જથ્થાબંધ પરવાનેદારોએ વેચાણ કરવામાં આવે ત્યારે ટેન્કર દીઠ તેમના બીલમાં રૂા. ૨૦૦/- મજરે આપવાના રહેશે.

(૨) ઉપરોકત ભાવ ૧લી ઓક્ટોબર ૨૦૦૦ થી અમલી બનશે તે સાથે જુના ભાવ રદ ગણાશે તેમજ નકકી કરાયેલ ભાવથી વધુ ભાવ લઈ શકાશે નહી અન્યથા આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૫૫ હેઠળ કાયદેસર પગલાં લેવામાં આવશે. ભાવ દર્શાવતું બોર્ડ ધંધાના સ્થળે ગ્રાહકો જોઇ શકે તે રીતે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૩) ઉપરના ભાવોમાં સેલટેક્ષ સરચાર્જ સ્થાનિક જકાત વિગેરે મજરે આપવામાં આવેલ છે.

(૪) પરિશિષ્ટ ૧માં જણાવેલ ૧૦૦૦ લીટરના ભાવ ટ્રાન્પોસર્ટ ભાડું સાથેના છે. તેથી કોઈપણ વિક્રેતા બીજા વિક્રેતા પાસેથી ટ્રાન્સપોર્ટ ભાડું અલગથી લઇ શકશે નહી જે સેન્ટરના જથ્થાબંધ ભાવો નકકી કરેલ છે તે સિવાયના સેન્ટરો પર છૂટક વિક્રેતાને પોતાની ટેન્કરમાં જથ્થો મોકલાવા ત્યારે છૂટક વિક્રેતા માટે સ્લેબવાર જે ટ્રાન્સપોર્ટ ભાડું (સ્થાનિક સિવાય જે તે નકકી કરાયેલ નજીકના સેન્ટરના (તાલુકા મુખ્ય મથક) ભાવ ઉપરાંત લઇ શકશે.

(૫) આ ભાવો નિરમા અલિન્દ્રા અને કોયલી ડેપો રસ્તા માર્ગે વહન થતા કેરોસીનના છે.

(૬) કેરોસીનના એજન્ટને કેરોસીનના પરિવહન માટે પર્યાપ્ત ખર્ચ ચુકવવામાં આવતો હોવાથી છૂટક વિક્રેતા કે ફેરીયાને જથ્થાની ડીલીવરી વખતે વજનમાં મંજૂર થવા પાત્ર સિવાય કોઈપણ પ્રકારની અસામાન્ય ઘટ પડવાની રહેશે નહી.

(૭) કેરોસીનના એજન્ટોને છૂટક વિક્રેતાએ ધંધાના સ્થળે કેરોસીનની ડીલીવરી આપવાની રહેશે.

(૮) કેરોસીનના જથ્થાબંધ ભાવોમાં રૂા. ૧૨૬/- એજન્ટનું કમીશન ગણતરીમાં લેવામાં આવેલ છે. જે ટેન્ક સુવિધા ધરાવતા નથી તેમની પાસેથી ઓઇલ કંપની રૂા. ૪૩/- કી. લી દીઠ (૧૨૬-૪૩) ઈલાયદી રીતે વસુલ કરી શકશે.

INDEX

પરિશિષ્ટ-૧

તારીખ ૧લી ઓકટોબર ૨૦૦૦ થી અમલમાં આવતા તાલુકા મુખ્ય મથકના કેરોસીનના જથ્થાબંધ તેમજ છૂટક વેચાણ ભાવ અંગેનું પરિશિષ્ટ.

અનુ. નંબર.	તાલુકાનું નામ	વડોદરા કોયલી ડેપોથી આવતા જથ્થા માટે — એજન્ટે, જથ્થાબંધ છુટક વિક્રેતાને વેચવાનો ભાવ: ૧૦૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ		૨૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ		નિરમા (અલિન્દ્રા) ડેપોથી આવતા જથ્થા માટે — એજન્ટે, જથ્થાબંધ છૂટક વિક્રેતાને વેચવાનો ભાવ: ૧૦૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ		૨૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ	
		જકાત સાથે	જકાત વગર	જકાત સાથે	જકાત વગર	જકાત સાથે	જકાત વગર	જકાત સાથે	જકાત વગર
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	ઝાલોદ	૮૨૨૮-૨૮	૮૨૧૮-૮૮	૧૬૪૫-૭૮	૧૬૪૩-૭૮	૮૨૦૩-૦૧	૮૧૯૩-૦૧	૧૬૪૦-૬૦	૧૬૩૮-૬૦
૨	દાહોદ	૮૩૧૭-૭૧	૮૨૦૧-૬૩	૧૬૬૩-૫૪	૧૬૪૦-૩૩	૮૨૯૧-૮૪	૮૧૭૫-૭૬	૧૬૫૮-૩૭	૧૬૩૫-૧૫
૩	લીમખેડા	૮૧૪૫-૯૧	૮૧૩૦-૯૧	૧૬૨૯-૧૮	૧૬૨૬-૧૮	૮૧૨૦-૦૩	૮૧૦૫-૦૩	૧૬૨૪-૦૧	૧૬૨૧-૦૧
૪	દેવગઢ બારીયા	૮૧૩૯-૧૮	૮૧૨૯-૧૮	૧૬૨૭-૮૪	૧૬૨૫-૮૪	૮૧૧૩-૩૧	૮૧૦૩-૩૧	૧૬૨૨-૬૬	૧૬૨૦-૬૬
૫	ધાનપુર	૮૧૯૬-૪૬	૮૧૯૬-૪૫	૧૬૩૯-૨૯	૧૬૩૯-૨૯	૮૧૭૦-૫૮	૮૧૭૦-૫૮	૧૬૩૪-૧૨	૧૬૩૪-૨૧
૬	ગરબાડા	૮૨૩૯-૯૧	૮૨૩૪-૪૧	૧૬૪૭-૯૮	૧૬૪૬-૮૮	૮૨૧૪-૦૩	૮૨૦૮-૫૩	૧૬૪૨-૮૧	૧૬૪૧-૭૧
૭	ફતેપુરા	૮૨૪૨-૬૮	૮૨૩૨-૬૮	૧૬૪૮-૫૪	૧૬૪૬-૫૪	૮૨૧૬-૮૧	૮૨૦૬-૮૧	૧૬૪૩-૩૬	૧૬૪૧-૩૬

પરિશિષ્ટ-૨

તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૦ થી અમલમાં આવતા તાલુકાવાર છુટક વિક્રેતાઓએ અંતર મુજબ લેવાના કેરોસીનના છુટક વેચાણ ભાવ અંગેનું પરિશિષ્ટ.

અનુ. નંબર	તાલુકાનું નામ	છુટક વિક્રેતા, હોકરો એ ગ્રાહકો પાસથી ૧ લીટરનો લેવાનો ભાવ: સ્થાનિક	સ્થાનિક સિવાય ૧૦ કિ. મી. સુધી	૧૧ થી ૨૫ કિ.મી. સુધી	૨૬ થી ૫૦ કિ. મી સુધી	૫૦ કિ. મી. થી ઉપર
૧	૨	૩	૪	૫	૬	૭
૧	ઝાલોદ ...	૮.૪૦	૮.૪૦	૮.૪૦	૮.૪૦	૮.૪૫
૨	દાહોદ ...	૮.૫૦	૮.૫૦	૮.૫૦	૮.૫૦	૮.૫૦
૩	લીમખેડા ...	૮.૩૦	૮.૩૦	૮.૩૦	૮.૩૦	૮.૩૫
૪	દેવગઢબારીયા ...	૮.૩૦	૮.૩૦	૮.૩૦	૮.૩૦	૮.૩૦
૫	ધાનપુર ...	૮.૩૫	૮.૩૫	૮.૩૫	૮.૪૦	૮.૪૦
૬	ગરબાડા ...	૮.૪૦	૮.૪૦	૮.૪૦	૮.૪૦	૮.૪૦
૭	ફતેપુરા ...	૮.૪૦	૮.૪૦	૮.૪૦	૮.૪૦	૮.૪૦

દાહોદ, તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૦.

ઈ. આઈ. કલાશવા,
કલેકટર, દાહોદ.

INDEX

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી,

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડના આધારે)

તારીખ ૫,૧૨,૧૯, ૨૬ ઓકટોબર ૨૦૦૦ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર ૧	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ ૨	હોદ્દો ૩
૧	૧૪૭/૧૪મી સપ્ટેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર, સુરત.
૨	૧૪૮/૧૪મી સપ્ટેમ્બર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ.
૩	૧૪૯/૧૪મી સપ્ટેમ્બર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૪	૧૫૨/૧૯મી સપ્ટેમ્બર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૫	૧૫૪/૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૦	કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૬	૧૫૫/૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૭	૧૫૬/૨૨મી સપ્ટેમ્બર ૨૦૦૦	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૮	૧૫૭/૨૨મી સપ્ટેમ્બર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૯	૧૫૮/૨૩મી સપ્ટેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૧૦	૧૫૯/૨૩મી સપ્ટેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૧	૧૬૦/૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૨	૧૬૧/૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ.
૧૩	૧૬૨/૨૭મી સપ્ટેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૪	૧૬૩/૨૭મી સપ્ટેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૫	૧૬૪/૨૭મી સપ્ટેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૬	૧૬૫/૨૭મી સપ્ટેમ્બર ૨૦૦૦	સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૭	૧૬૬/૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ.
૧૮	૧૬૭/૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૦	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, પ્રાંતીજ.
૧૯	૧૬૮/૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૨૦	૧૬૯/૪થી ઓકટોબર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.
૨૧	૧૭૦/૪થી ઓકટોબર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૨૨	૧૭૧/૫મી ઓકટોબર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૨૩	૧૭૨/૬ઠ્ઠી ઓકટોબર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૨૪	૧૭૩/૯મી ઓકટોબર ૨૦૦૦	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ભીલોડા.
૨૫	૧૭૪/૧૨મી ઓકટોબર ૨૦૦૦	સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ડભોઈ.
૨૬	૧૭૫/૧૬મી ઓકટોબર ૨૦૦૦	કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨૭	૧૭૬/૧૬મી ઓકટોબર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૨૮	૧૭૭/૧૬મી ઓકટોબર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨૯	૧૭૮/૧૬મી ઓકટોબર ૨૦૦૦	અધિક પોલીસ કમિશનર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા
નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૩૫/ક-૨/૯૫૪/૯૪/ભ-૪૫૩૫/૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી જય મહાવીર ગ્રાહક સહકારી ભંડાર લિ. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.
અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી જૂલાઈ ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણ પત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૧૧૩૬/ક-૨/૯૫૫/૧૦૫૯૫/ભ/૪૫૮૧/૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સોનૂ ગ્રાહક સહકારી ભંડાર લિ. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.
અમદાવાદ, તા. ૬ઠ્ઠી જૂલાઈ ૧૯૯૪.

નોંધણીનુ પ્રમાણ પત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૩૧/ક-૨/૯૫૯/૯૪/૧૦૬૭૬/ઘ-૧૬૫૮૮/૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મોરીયા ફ્લેટ કો. ઓપ. હા. સો. લિ. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.
અદાવાદ તારીખ ૭મી જુલાઈ ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૩૭/ક-૨/૯૬૦/ઘ/૧૬૫૮૯/૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સુખસાગર (નવરંગપુરા) એવન્યુ કો. ઓ. હા. સો. લિ. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.
અમદાવાદ, તારીખ ૭મી જુલાઈ ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૧૧/ક-૨/૯૮૩/ભ/૪૫૮૨/૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સાંઈનાથ ગ્રાહક સહકારી ભંડાર લિ. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૬ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.
અમદાવાદ, તારીખ ૮મી જુલાઈ ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી અને ખાસ અંન્વેષક, સહકારી મંડળી (વિ.) અમદાવાદનો તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૩ નો પત્ર ક્રમાંક અષણ / ખા.અ/ ૨૯૩/ ગ-૩ / ૯૭૮/૯૩.

(૨) ધી ગુજરાત સહ. મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૨૦ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ૦૧ / ઘ-૨ / ૮૫૨/૯૪.— ધી રેણુકુંજ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૯ અન્વયે નોંધણી ક્રમાંક ઘ-૧૨૫૧૩ થી રજિસ્ટર્ડ થયેલ ગૃહ મંડળી છે.

સદર મંડળીના સને ૧૯૯૧ થી ૧૯૯૩ સુધીના ઓડીટ અર્થે ઓડીટરશ્રીએ મંડળીની મુલાકાત લેતાં, મંડળીના એકાઉન્ટન્ટશ્રીએ જણાવેલ છે કે, પ્રયોજકોએ નોંધણીનું સરનામું તેમની દુકાનનું આવેલ હતું. હાલમાં પ્રયોજકો દુકાન ઉપર આવતાં નથી. મંડળી જમીન વગરની હતી. પ્રયોજકોને તેઓ સાંભળતા ન હોઈ, તથા સદર મંડળી મણીનગરના ઓર્ગેનાઈઝર તરફથી ઠમી પ્રયોજકોના નામથી એકાઉન્ટન્ટના દુકાનના સરનામે નોંધાયેલ. ત્યાબાદ, ઓર્ગેનાઈઝર ગુજરી જતાં દફતર મુળ અવસ્તામાં એકાઉન્ટન્ટશ્રી પાસેથી મેળવી, મંડળીની નોંધણી રદ કરવા કરેલ ભલામણ સંદર્ભ—૧ ના પત્રથી આવેલ છે.

સહકારી ગૃહ મંડળીઓ તેના પેટા નિયમ અને સહકારી કાયદાની જોગવાઈઓ મુજબ સભ્યોને રહેઠાણ પુરૂ પાડવામાં ઉદેશથી નોંધવામાં આવે છે. મંડળીએ તેના ઉદ્દેશો મુજબની કામગીરી મંડળીની ઓડીટ અંગે આવેલ રજૂઆત ઉપરથી જાણી શકાય છે.

ઉકત વિગતો જોતાં, મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી ચાલુ કરેલ ન હોઈ, તથા સ્થગિત અવસ્થામાં હોઈ, મંડળીને ચાલુ રાખવાનું વ્યાજબી જણાતું ન હોઈ, આ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી (શહેર) અમદાવાદ અને મળેલ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૨૦ ની સત્તાની રૂએ, ધી રેણુકુંજ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદની કે જેનો નોંધણી નં. ઘ-૧૨૫૧૩ છે, તેની નોંધણી રદ કરૂં છું.

અમદાવાદ, તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સંયુકત રજી અને ખાસ અન્વે શ્રી સ. મં. (વિભાગીય અમદાવાદનો પત્ર ક્રમાંક અષણ /ખા.અ. / ૨૯૦ / ગ-૩ / ૯૮૧/૯૩, તા ૩૧-૧૨-૧૯૯૩

(૨) આ કચેરીના તારીખ ૧૩-૨-૧૯૯૪ ક્રમાંક ફડચ / ૦૧ / ઘ-૨ / ૨૦૦ ની કારણદર્શક નોટિસ

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઈ.

જાવક નંબર ફડચ / ૦૧ / ઘ-૨ / ૮૫૯/૧૯૯૩.— ધી અપના ગ્રાહક સહકારી ભંડાર લી, નોંધણી ક્રમાંક ભ-૪૦૧૨, તારીખ ૧૨મી

INDEX

જુન, ૧૯૯૦ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે. સંસ્થા જે ઉદ્દેશો માટે નોંધાયેલ છે, તે ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટિ સભ્યને મંડળીનાં કામકાજમાં રસ નથી સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળીના પેટા નિયમોની જોગવાઈને આધીન જે તે કાર્ય વિસ્તાર પુરતાં મર્યાદિત અને આધીન નોંધાયેલ છે, અને તે ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.

ઉપરોકત કારણસર સંસ્થાને શાં માટે ફડચામાં ન લઈ જવી, તથા ફડચા અધિકારીની નિમણુંક શા માટે ન કરવી, તે સબબ અત્રેની-કચેરીએથી તારીખ ૧૪ મી ફેબ્રુઆરી, ૧૯૯૪ ના રોજ ક્રમાંક ફડચ / ૦૧ / ઘ-૨ / ૨૦૦ થી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત યા મૌખિક કોઈ રજૂઆત થયેલ નથી, જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,(શહેર), અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) અન્વયે, ધી આપના ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે નિમણૂક કરવામાં આવે છે. આ મુજબની એક માસની અંદર મંડળીને જરુરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજુઆત નહીં થાય તો મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) શ્રી સંયુકત રજિ. અને ખાસ અન્વે સ. મં. (વિભાગીય) અમદાવાદનો પત્ર ક્રમાંક અષણ/ખા.અ./૩૨૧/ગ-૩/૩૪/૯૪, તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૪.
(૨) આ કચેરીના તારીખ ૨૮મી માર્ચ ૧૯૯૪, ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૩૭૫ની કારદર્શક નોટીસ.
(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઇ.

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૮૬૦/૧૯૯૪.—ધી અમદાવાદ ઈન્ડસ્ટ્રીયલ વર્કસ-કો. ઓ. સુપરવાઈન્ડીંગ સ. મં. લી. નોંધણી ક્રમાંક ૨૪૯૧૬ તા. ૧૦મી માર્ચ ૧૯૫૮ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ છે. સંસ્થા જે ઉદ્દેશો માટે નોંધાયેલ છે, તે ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. સભ્યો કમિટિ સભ્યને મંડળીનાં કામકાજમાં રસ નથી. સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અને તે હેઠળના નિયમો તથા મંડળીના પેટા નિયમોની જોગવાઈને આધીન જે તે કાર્ય-વિસ્તાર પુરતાં મર્યાદિત અને આધીન નોંધાયેલ છે. અને તે તે ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.

ઉપરોકત કારણસર સંસ્થાને શા માટે ફડચામાં ન લઈ જવી, તથા ફડચા અધિકારીની નિમણુંક શા માટે ન કરવી, તે સબબ અત્રેની કચેરીએથી તા. ૨૮મી માર્ચ, ૧૯૯૪ ના રોજ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨/૩૭૫ થી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. તેના અનુસંધાને મંડળી તરફથી લેખિત તથા મૌખિક કોઈ રજઆત થયેલ નથી. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ તે મને મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭(૧) અન્વયે, ધી અમદાવાદ ઈન્ડસ્ટ્રીયલ વર્કસ કો. ઓ. સુપરવાઈન્ડીંગ સ. મં. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) ,અમદાવાદની સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણૂંક કરવામાં આવે છે. આ મુજબની એક માસની અંદર મંડળીને જરૂરી રજૂઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી સંતોષકારક રજૂઆત નહીં થાય તો મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૮મી જલાઈ, ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૪૧/ક-૨/૯૯૪/૯૪/૧૦૮૯૪.—ભાં-૪૫૮૪:સને ૧૯૯૪:—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સીયોન ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળી ઓનો કાયદદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪.

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૪૦/ક-૨/૯૯૪/૯૪/૧૦૯૦૫-ભં-૪૫૮૩સને ૧૯૯૪.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી જીવનસાધના ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીએનનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક/નધણ/૧૧૩૨/ક-૨/૯૯૨/૯૪/ઘ-૧૬૫૯૦-૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી કુંજન કો. ઓપરેટીવ હાઉસીગ સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકો, સીટી જિલ્લો અમદાવાદ ને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૯૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક ધનધણ /૧૧૩૪/ક-૨/૧૦૦૨/૯૪-ઘ/૧૬૮૫૧ ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ઘાટલોડીયા ચંદન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૦મી જુલાઈ ૧૯૯૪.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૧૪૨/ક-૨/૧૦૦૩/૧૦૯૯૯/૯૪/ધ-૧૬૮૫૨ સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સેતુદર્શન એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લો અમદાવાદ ને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ. તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૧૩૮/ક-૨/૧૦૧૨/૯૪/ધ-૧૬૮૫૩ સને ૧૯૯૪:—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી શ્રીજીકૃપા (રાણીપ) કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી જુલાઇ ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૧૧૩૯/ક-૨/૧૦૧૩/૯૪/ધ-૧૬૮૫૪ સને ૧૯૯૪:—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી શાલીભદ્ર (ચોડલોડીયા) કો. ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી જુલાઇ ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના અંતિમ હુકમ ફડચ/ધ-૨/૧૮૧/૯૪તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૪

(૨) ફડચા અધિકારી શ્રી લગત જિલ્લા રજિ. સહકારી મંડળી (શ) અમદાવાદ અને સહકારી અધિકારી ફડચા ૨ ના તારીખ ૫મી માર્ચ ૧૯૯૪ ના પત્ર ક્રમાંક ફડચ/૧૨/૭૫/૫૦૪૦ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦ (૧) ની જોગવાઈ.

હુકમ

જા.નં. ફડચા/૦૧-ધ-૨/૯૦૫/૧૯૯૪.—ધી રાજનગર ટેક્ષટાઈલ મીલ કો. ઓ. ક્રેડીટ એન્ડ સપ્લાયર્સ સોય લી. ના નોંધણી ક્રમાંક ભ-૩૧૩૨ તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૦થી રજીસ્ટર્ડ કરવામાં આવેલી હતી. તેને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૪ ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ-ધ-૨/૧૮૧/૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી.જેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૨૫મી જુલાઇ ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૮૫/ધ-૨/૨૪૧/તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪

(૨) ફડચા અધિકારી ધી મેઈઝ પ્રોડકટસ કો. ઓ. કે. સો. લી. અને સહકારી અધિકારી ફડચા-૧ ના તારીખ ૧૩મી જુન ૧૯૯૪ના પત્રાંક ફડચ/ફ-૧/૧૬૭/૯૪ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૯૦૬/૧૯૯૪.—ધી મેઈઝ પ્રોડકટસ કો. ઓપરેટીવ કન્ઝુ. સ્ટોર્સ લી. ની નોંધણી ક્રમાંક સી-૩૩૬૬ તારીખ ૧૯૫૮ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલી હતી. તેને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪ ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ-૧૮૫/ધ-૨/૨૪૧ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહું કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામ આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૨૫મી જુલાઇ, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના **અંતિમ** હુકમ ફડચ/૦૧/ધ-૨/૩૯૩/૯૪/તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૪

(૨) ફડચા અધિકારી ધી શક્તિ સહાય કન્ઝુમર્સ કો. ઓ. સ્ટોર્સ લી. અને સહકારી અધિકારી ફડચા-૧ ની તારીખ ૧૪મી જુન ૧૯૯૪ ના પત્રાંક ફડચધ-૧/૧૭૦/૯૪ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦(૧) ની જોગવાઈ.

હુકમ

જા નં. ફડચ /૦૧/ધ-૨/૧૭૦/૯૦૭/૧૯૯૪/ ૧૧૧૧/ધી શક્તિ સહાય કન્ઝુમર્સ સ્ટોર્સ લી. ની નોંધણી સી૩૫૧૬/ તારીખ ૧૯૫૯થી રજિસ્ટર્ડ કરવામાં આવેલી હતી. તેને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૪ ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ/૨/૩૯૩/૯૪થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમમ ૧૯૬૧ની કલમ--૧૧૪ (૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહું કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૨૫મી જુલાઇ ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૪૩૧/૯૪ તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૪

(૨) ફડચા અધિકારી ધી અક્ષય કન્ઝુમર્સ કો. ઓ. સ્ટોર્સ લી. અને સહકારી અધિકારી ફડચા-૧/ ના તારીખ ૨૮મી જુન ૧૯૯૪ ના પત્રાંક ફ-૧/૧૭૫/૯૪ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

INDEX

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૯૦૮/૧૯૯૪.—ધી અક્ષય કન્ઝુમર્સ કો. ઓ. સ્ટોર્સ લી. ની નોંધણી ક્રમાંક ભ-૨૭૮ તારીખ ૧૯૬૪ થી રજિસ્ટર્ડ કરવામાં આવેલી હતી. તેને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૪ ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૪૩૧/૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૨૫મી જુલાઇ ૧૯૯૪

વંચાણે લીધા :

(૧) સંયુકત રજી અને ખાસ અન્વયે સહકારી મંડળી (વિ) અમદાવાદનો તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૪ની પત્ર ક્રમાંક/અષણ/ખા. સ./૨૮૩/ગ-૩/૪૫/૯૪.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૯૧૫/૧૧૧૪૩.—ધી શ્રમજીવી સામુદાયીક ખેતી સહકારી મંડળી લી. અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૯ અન્વયે નોંધણી ક્રમાંક રજીસ્ટર્ડ થયેલી સામુદાયીક ખેતી સહકારી મંડળી છે.

સદર મંડળીને સને ૧૯૯૦-૯૧ સુધીના ઓડીટ ચાર્જમાં નોંધાયેલ ઓડીટરશ્રીએ મંડળીના થયેલ દરનો થયેલ જે પરત આવેલ આવેલ નથી. ત્યારબાદ રજીસ્ટર્ડ પોસ્ટ એ. ડી. થી મંડળીના હોદ્દેદારોને સમન્સ આપતા પરત આવેલ છે.

સદર મંડળીના ઉપલબ્ધ સરનામે ઓડીટર રૂબરૂ ઓડીટ માટે જતાં સ્થળ પર આવી કોઇ સંસ્થા નથી, તેવું જણાવેલ છે અને આજુબાજુના રહીશોને પુછતા આવી કોઇ સંસ્થા નથી, જેનાથી મંડળીની નોંધણી રદ કરવા કરેલ ભલામણ સંદર્ભ-૧ ના પત્રથી આવેલ છે.

સહકારી સામુદાયિક ખેતી સહકારી મંડળીએ નોંધાવેલ સરનામે મળતી નથી. તેથી ઓડીટ અંગે આવેલ રજુઆત ઉપરથી જાણી શકાય છે. કે ઉકત શખ્સે જોતાં તેમજ ઓડીટરશ્રી તરફથી આવેલ નોંધણી રદ કરવાની દરખાસ્ત ઉપરથી મંડળી ચાલુ જાણવાનું વ્યાજબી જણાતું નથી આ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કે. એચ. રાઠોડ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની/કલમ ૨૦ ની સત્તાની રૂએ શ્રમજીવી સર્વોદય સામુદાયીક ખેતી સહકારી મંડળી લી અમદાવાદ ની કે જેની નોંધણી નંબર છે જેની નોંધણી રદ કરૂં છું.

અમદાવાદ, તારીખ ૨૫મી જુલાઇ, ૧૯૯૪.

વંચાણે લીધા —

(૧) સંયુકત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક સ.મં., (વિ.), અમદાવાદનો તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૪ ના પત્ર ક્રમાંક અષણ/ખા ગ/૨૮૩/ગ-૩/૪૯/૯૪.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈ

પ્રસ્તાવના

જા. નં. સઠક/૦૧/ધ-૨/૯૧૬/૧૧૧૫૧/૯૪.—ધી સ્વસ્તીક ગૃપ ઓફ કું. સ્ટાફ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે નોંધણી નં.-૧૨૪૭૩, તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૭૫ થી રજિસ્ટર્ડ થયેલી સ્ટાફ ક્રેડિટ સહકારી મંડળી છે.

સદર મંડળીના ઓડિટ અંગે ઓડીટરશ્રીએ મંડળીના ઉપલબ્ધ થયેલ શાખાએ પત્રો લખેલ, જે પરત આવેલ, ત્યારબાદ રૂબરૂ તપાસ કરતાં આવી વ્યકિત સ્થળ ઉપર રહેતી નથી. તેવું જણાવેલ છે જેથી મંડળીની નોંધણી રદ કરવા કરેલ ભલામણ સંદર્ભ-૧ ના પત્રથી આવેલ છે

સ્ટાફ ક્રેડિટ સહકારી મંડળીએ નોંધાયેલ સરનામે મળતી નથી, જે ઓડિટર તરફથી આવેલ રજુઆત પરથી જાણી શકાય છે.

ઉકત વિગતો જોતાં, તેમજ ઓડિટરશ્રી, તરફથી આવેલ નોંધણી રદ કરવાની દરખાસ્ત ઉપરથી મંડળી ચાલુ રાખવાનું વ્યાજબી જણાતું ન હોઈ, આ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કે, એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં.(શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ની સત્તાની રૂએ, ધી સ્વસ્તીક ગૃપ ઓફ કંપની સ્ટાફ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી., અમદાવાદ, કે જેની નોંધણી નં. ૧૨૪૭૩ છે. જેની નોંધણી રદ કરૂં છું.

અમદાવાદ, તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સંયુકત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષકશ્રી, સ. મં. (વિ.) અમદાવાદનો તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૪ નો પત્ર ક્રમાંક અષણ/ખા.ચ./૩૩૭/ગ-૩/૩૨/૯૪.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૨૦ ની જોગવાઈઓ

પ્રસ્તાવના

જા નં. ફડચ/૦૧/ધ-૨/૯૧૮/૧૧૧૩૫/૯૪.—ધી ગાયત્રીકૃપા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ ૯ અન્વયે નોંધણી ક્રમાંક ઉપલબ્ધ નથી. થી રજિસ્ટર્ડ થયેલી ગ્રાહક સહકારી મંડળી છે.

સદર સંસ્થા એરીયર્સ અન્વેષણ ચાર્જમાં સોંપાયેલ ઓડીટરશ્રીએ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (ગ્રાહક), અમદાવાદની કચેરીએ

INDEX

તપાસ કરતાં, આવી કોઈ સંસ્થાની તપાસણી ઉક્ત કચેરીએથી થયેલ નથી, અને મળેલ સરનામે પત્રો લખવા છતાં, પરત આવે છે. જેથી મંડળીની નોંધણી રદ કરવા ભલામણ સંદર્ભ-૧ ના પત્રથી આવેલ છે.

સદર સંસ્થાને અત્રેની કચેરીએથી ઉપલબ્ધ સરનામે રજિ. પો.એ.ડી. થી કારણદર્શક નોટિસ બજાવવામાં આવેલ જે બજીને રજિ. એ. ડી. ની સ્લીપ પરત આવેલ જે મુદતે સંસ્થા તરફથી કોઈ હોદ્દેદારો હાજર રહેલ નહીં ત્યારબાદ ફરી મુદત આપતાં પણ સંસ્થાના હોદ્દેદારો હાજર રહેલ નથી.

ઉક્ત વિગતો જોતાં, તેમજ ઓડિટરશ્રી તરફથી આવેલ નોંધણી રદ કરવાની દરખાસ્ત વ્યાજબી જણાતી હોઈ, મંડળી ચાલુ રાખવી મુનાસીબ જણાતું ન હોઈ, આ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, કે. એસ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર), અમદાવાદ મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની સત્તાની રૂએ ધી ગાયત્રીકૃપા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ કે જેની નોંધણી નંબર ઉપલબ્ધ નથી, જેની નોંધણી રદ કરું છું.

અમદાવાદ તારીખ, ૨૫મી જુલાઈ, ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૪૮/ક-૨/૧૦૫૯/૯૪-૧૧૬૨૯.ધ-૧૬૮૫૮. આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મોહમ્મદી એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી, સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૪૫/ક-૨/૧૦૫૬/૯૪-૧૧૬૩૬-ધ-૧૬૮૫૬ સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી રેણુંજાનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૪૬/ ક-૨-૧૦૫૭/૯૪-૧૧૬૪૩-ધ ૧૬૮૫૭ સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સાગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી, સ્થળ અમદાવાદ તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૮૩/ધ-૨/૧૦૦/૯૪, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૪.
(૨) ફડચા અધિકારી ધી બેચરદાસ મીલ કો-ઓ. સપ્લાયર એન્ડ ક્રે.સો. લી અને સહકારી અધિકારી ફડચા-૨ ના તારીખ ૧૫મી જુન, ૧૯૯૪ ના પત્રાંક : ફડચ/૧૫૩/૯૪ થી થયેલ દરખાસ્ત.
(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

હુકમ

જા. નં. ફડચ/૧૮૩/ધ-૨/૯૮૭ / ૧૯૯૪.—ધી બેચરદાસ કો-ઓપરેટીવ સપ્લાય એન્ડ ક્રેડીટ સોસાયટી લી. ની નોંધણી ક્રમાંક : સી-૮૦૩, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૪૭ થી રજિસ્ટર્ડ કરવામાં આવેલી હતી, તેને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદના તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૪ ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ / ૧૮૩/ધ-૨/૧૦૦/૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે, સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૪૩/ક-૨/૧૦૭૫ /૯૪-૧૧૮૯૪ -ધ--૧૬૮૫૯ સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સિધ્ધનાથ એપાર્ટમેન્ટ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૪.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૧૧૫૨/ક-૨/૧૦૭૬/૯૪ ભં-૪૫૮૫ સને ૧૯૯૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ધી મહાવીર મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૪.

INDEX

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૫૯/ઘ-૨/૭૪૪ તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૩.
(૨) ફડચા અધિકારી ધી અશોક કો-ઓ-કન્ઝયુ. સો. લી. અને સહકારી અધિકારી ફડચા-૧ ના તારીખ ૨૬મી જુલાઈ ૧૯૯૪ ના પત્રાંક ફડચ/ફ-૧/૧૯૯/૯૪ થ થયેલ દરખાસ્ત.
(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ના કાલમ-૨૦ (૧) ની જોગવાઈ.

હુકમ

જા નં. ફડચ/૧૫૯/ઘ-૨/૧૦૦૯/૧૯૯૪.—ધી અશોક કો-ઓપરેટીવ કન્ઝયુમર્સ સોસાયટી લી, ની નોંધણી ક્રમાંક સ-૩૩૬૭ તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૫૭ થી રજિસ્ટર્ડ કરવામાં આવેલી હતી. તેને જિલ્લા રજિસ્ટ્રાર સ મં., (શહેર) અમદાવાદના તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૩ ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૫૯/ઘ-૨/૭૪૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૯મી ઓગષ્ટ ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૬૬/ઘ-૨/૯૯૨, તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૩.
(૨) ફડચા અધિકારી લગત જિલ્લા રજિ. સ. મં. (હા.) અમદાવાદ અને સહકારી અધિકારી ફડચા-૨ ની તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૪ ની નોંધ થી ૨૬મી જુલાઈ, થી મંજુર થયેલ નોંધ.
(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ફ-૨/૨૦૬-૧૨૦૭૬/૧૯૯૪.—ધી સ્લમ કવાટર્સ ગ્રાહક સહકારી ભંડાર લિ. ની નોંધણી ક્રમાંક ભ-૧૮૦૩, તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૬૪ થી રજિસ્ટર્ડ કરવામાં આવેલી હતી. તેને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં., (શહેર) અમદાવાદના તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૩ ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૬૬/ઘ-૨/૯૯૨ થી ફડચામાં લઈ જવામાં આવી હતી, તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે, સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૨૯૪ તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૪.
(૨) ફડચા અધિકારી લગત જિલ્લા રજિ. સ.મં. (શ) અમદાવાદ સહકારી અધિકારી ફડચા-૨ ની તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૪ ની નોંધથી ૨૬મી જુલાઈ, થી મંજુર થયેલ નોંધ.
(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ (૧) ની જોગવાઈ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ફ-૨/૨૦૭-૧૨૦૫/૧૯૯૪.—ધી જય માંગલમ ગ્રાહક સહકારી ભંડાર લી. ની નોંધણી ક્રમાંક : ભ-૩૮૯૦, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૮૯ થી રજિસ્ટર્ડ કરવામાં આવેલી હતી, તેને જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., (શહેર), અમદાવાદના તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૪ ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨/૨૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી, તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે, સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા .—

(૧) સંયુકત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક સ. મં., (વિભાગીય અમદાવાદનો તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૪ નો પત્ર ક્રમાંક : અષણ/ખા.અ /૨૮૫/ગ-૩/૪૭/૯૪.
(૨) અત્રેની કચેરીની તારીખ ૨જી જુન, ૧૯૯૪ ના જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૭૧૬ ની કારણદર્શક નોટિસ.
(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા નં. ફડચ/૦૧/ઘ-૨/૧૦૨૧-૧૨૧૪૪/૯૪.—ધી કિરતાર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે, નોંધણી નંબર ઘ-૧૦૪૩૫, તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૮૩ થી રજિસ્ટર્ડ થયેલ હાઉસીંગ સહકારી મંડળી છે.

સદર મંડળીના ઓડીટ ઓડિટર સ. મં. (ગ્રાહક), અમદાવાદ મારફતે હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં મંડળી નોંધાયા પછી આજદિન સુધી જે શરૂઆતમાં સભ્યો હતા તેના પછી કોઈ વધારો થયેલ નથી. તેમજ મંડળીના હોદેદારો તરફથી સભ્યોના રહેઠાણના પ્રશ્નો હલ કરવા અંગે જમીન મેળવવા કોઈ પ્રયત્નો કરેલ નથી, તથા કારોબારી સભ્યોની મીટીંગ પણ પેટા નિયમ મુજબ મળતી નથી આમ, મંડળી શરૂથી આ દિન સુધી સ્થગિત અવસ્થામાં છે, અને મંડળીએ પોતાના ઉદ્દેશો મુજબ કામગીરી કરતી હોય તેમ જણાતું નથી, જેથી મંડળીની નોંધણી રદ કરવા કરેલ ભલામણ સંદર્ભ-૧ ના પત્રથી આવેલ છે.

ઉકત બાબતે સદર મંડળીની રજૂઆત કરવા અંગે તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૪ તથા તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૪ ના રોજ અત્રેની કચેરીએ આધાર-પુરાવા સહિત રૂબરૂ હાજર રહી રજૂઆત કરવા જણાવવામાં આવેલ. પરંતુ મંડળી તરફથી ઉકત તારીખોએ હાજર રહેલ નહીં કે કોઈ લેખિત કે મૌખિક રજૂઆત કરવામાં આવેલ નથી, જેથી ઉકત વિગતો જોતાં, તેમજ ઓડિટરશ્રી તરફથી

INDEX

આવેલ નોંધણી રદ કરવાની દરખાસ્ત ઉપરથી મંડળી ચાલુ રાખવાનું વ્યાજબી જણાતું ન હોઈ, આ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ની સત્તાની રૂએ ધી કિરતાર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ કે જેનો નોંધણી નંબર : ઘ-૧૦૪૩૫ છે, તેની નોંધણી રદ કરું છું.

અમદાવાદ, તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) પત્ર નં. : ફડચ/૦૧/ઘ-૨/૩૭૧/૯૪, તારીખ ૨૮મી માર્ચ, ૧૯૯૪ ની અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૧૦૨૨ / ૯૪.—ધી અમીરનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર : ૧૪૯૯ તારીખ ૨૯મી જુન, ૧૯૬૫ થી રજિસ્ટર્ડ થયેલી સહકારી હાઉસીંગ મંડળી છે.

સદર મંડળીએ પેટા નિયમ તથા સહકારી કાયદાની જોગવાઈઓ મુજબ કામગીરી કરવાની હોય છે, મંડળીને અત્રેથી રજિ.એ.ડી., કારણદર્શક નોટિસ તથા યુ.પી.સી. પત્રથી અત્રે રજુઆત કરવા સબબ જણાવવામાં આવેલ, જે અંગે સંસ્થાના કાર્યવાહકો તરફથી કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી., જેથી સદર મંડળી ઉદ્દેશો મુજબ કામગીરી કરતી હોય તેમ જણાતું નથી.

સદર હાઉસીંગ સહકારી મંડળી તેના ઉદ્દેશો મુજબ તથા નોંધાયેલા સરનામે કામ કરતી ન હોય તેમ જણાય છે.

ઉક્ત વિગતો જોતાં, મંડળી ચાલુ રાખવાનું વ્યાજબી કારણ મુનાસીબ જણાતું ન હોઈ, આ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ ની સત્તાની રૂએ ધી અમીરનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ કે જેની નોંધણી નં. ૧૪૯૯ છે, જેની નોંધણી રદ કરું છું.

અમદાવાદ, તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના કારણદર્શ નોટીસ ક્રમાંક. ફડચ/૦૧/ઘ-૨/૩૭૨/૯૪, તારીખ ૨૮મી માર્ચ, ૧૯૯૪.
(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૧૨૧૭૫/૧૦૨૩/૯૪.—ધી જય અમરનાથ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે, નોંધણી નં.-૮૮૨૫, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૦ થી રજિસ્ટર્ડ થયેલી હાઉસીંગ સહકારી મંડળી છે.

સદર મંડળીએ પેટા નિયમ તથા સહકારી કાયદાની જોગવાઈઓ મુજબ કામગીરી કરવાની હોય છે. મંડળીના નોંધાયેલ સરનામેથી પત્રના કવરો પરત આવે છે. અત્રેની કચેરીએથી લખેલ પત્રો પણ પરત આવેલ છે. જેથી સદર મંડળી ઉદ્દેશો મુજબ કામ કરતી હોય તેમ જણાતું નથી.

સદર હાઉસીંગ સહકારી મંડળી તેના નોંધાયેલ સરનામે કામ કરતી નથી, તેવું પત્રો પરત આવવાથી જાણી શકાય છે.

ઉક્ત વિગતો જોતાં મંડળી ચાલુ રાખવાનું વ્યાજબી કારણ મુનાસીબ જણાતું ન હોઈ, આ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ ની સત્તાની રૂએ ધી જય અમરનાથ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ કે જેનો નોંધણી નં. : ૮૮૨૫ છે. જેની નોંધણી રદ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૩, જિલ્લા સ્પે. ઓડીટર સ.મં. (શહેર) અમદાવાદના પત્ર ક્રમાંક. અષણ/ગ-૧/૩૮૯૭/૯૩
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૧૦૨૪/૧૨૧૭૩-૯૪.—ધી જયગીતા કોલોની કો. ઓપરેટીવ હાઉસીગ સોસાયટી લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર : ૧૦૮૦૫, તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૮૪ થી રજિસ્ટર્ડ થયેલી હાઉસીંગ સહકારી મંડળી છે.

સદર મંડળીનું ઓડિટ, તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૬ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૨ સુધીનું ઓડીટર અન્ડર ઓડીશન સ્પેશયલ ઓડીટર સ. મં., અમદાવાદ મારફતે કરવામાં આવેલ છે. મંડળીનાં ઓડીટ મેમોમાં જણાવ્યાનુસાર મંડળીએ આજ દિન સુધી જમીન મેળવેલ નથી. મંડળી તેના ઉદ્દેશો, પેટા નિયમ અને સહકારી કાયદા મુજબ કામગીરી કરેલ નથી.

સદર હાઉસીંગ સહકારી મંડળી તેના ઉદ્દેશો અને સહકારી કાયદાની જોગવાઈઓ મુજબ કામગીરી કરતી નથી તેવું જ ઓડીટમેમા ઉપરથી ફલિત થાય છે.

ઉક્ત વિગતો જોતાં તેમજ સંદર્ભ-૧ ના પત્રથી આવેલ દરખાસ્ત અનુસાર મંડળી ચાલુ રાખવાનું મુનાસીબ જણાતું ન હોઈ, આ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર સ. મં., (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની સત્તાની રૂએ ધી જયગીતા કોલોની કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ કે જેની નોંધણી નંબર. ૧૦૮૦૫ છે, જેની નોંધણી રદ કરું છું.

અમદાવાદ, તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૩ સંયુક્ત રજિ. અને ખાસ અન્વેષકશ્રી સ. મં. (વિ.) અમદાવાદનો પત્ર.

(૨) અત્રેની કચેરીના તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૯૪ ની કારણદર્શક નોટિસ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨/૧૬/૯૪.

(૩) અત્રેની કચેરીના તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૪ તથા તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૪ ના પત્ર.

(૪) અત્રેની કચેરીનો તારીખ ૪થી એપ્રિલ, ૧૯૯૪ નો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨/૪૩૨/૯૪.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૧૦૨૫/૯૪.—ધી કનૈયાલાલ ઉત્તમનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ એ નોંધણી ક્રમાંક ઘ-૭૫૬૫ તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૯ થી નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે.

સદર મંડળીનું ઓડીટ હાથ ધરવા ઓડીટરશ્રીએ ઓડીટ માટે પુરતા પ્રયત્નો કરવા છતાં, સંસ્થાના સ્થળની વિગત ઉપલબ્ધ થઈ શકેલ નથી, કે સરનામું કે પત્રો મળેલ ન હોઈ, મંડળીની નોંધણી રદ કરવા કરેલ સંદર્ભ-૧ ના પત્રથી રજુઆતના સંદર્ભમાં મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે બાબતે રજુઆત માટેની તક આપતી નોટિસ આપવામાં આવેલ, જે સંદર્ભ-૨ ના પત્રથી આપેલ. જેનો નોટિસ મંડળીને મળવા છતાં, મંડળી તરફથી કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. જેથી મંડળીના હોદ્દારોને મંડળી ચલાવવામાં રસ નથી, જેથી આ બાબતે ન્યાયના હિતમાં સંદર્ભ-૩ ના પત્રોથી ફરી મુદતો આપી રજૂઆત કરવાની તક આપવામાં આવેલ હતી. છતાં મંડળી તરફથી કોઈપણ લેખિત યા મૌખિક રજુઆત કરવામાં આવેલ નથી, જેથી મંડળી તેના નોંધાયેલા પેટા નિયમ અને સહકારી કાયદાની કલમો અનુસાર કાર્યવાહી કરતી નથી, અને સ્થગિત અવસ્થામાં છે, તેમ માનવાને પુરતા કારણો રહે છે.

ઉક્ત સમગ્ર બાબતોને જોતાં, મંડળી તેના ઉદ્દેશો મુજબ નોંધાયેલ સરનામે, મંડળીની નોંધણી થયા બાદ કામકાજ શરૂ કરેલ ન હોઈ, તથા મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાયેલ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવા સિવાય કોઈ વિકલ્પ રહેતો ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની સત્તાની રૂએ ધી કનૈયાલાલ ઉત્તમનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું.

આથી હું બી. એ. લુહાર જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) (ક) અનુસાર નિજાનંદ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. ઇંટોલા સ્ટેશન ઇંટોલા તા. વડોદરા જિ. વડોદરાની વ્યવસ્થાપક સમિતિને પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દુર કરી, મજકુર અધિનિયમની કલમ ૮૧(૧) (ખ) (૧) અનુસાર વહીવટદાર તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાઇનાન્સ સોસાયટી લી. અમદાવાદની નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) વહીવટદારે નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હીતમાં તમામ કામગીરી આ કચેરીની સંમતિ અને દેખરેખ હેઠળ કરવાની રહેશે.
(૨) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.
(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- રૂા. પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.
(૪) વહીવટદારે મંડળીનો પ્રગતિ અહેવાલ અને માસિક હિસાબી પત્રકો દર માસે નિયમીત કરવાના રહેશે.

વડોદરા, તા. ૨૯-૮-૯૦.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનાં તા. ૧૭-૯-૮૯ના પત્રાંક વહટ/૦૧/ચ-૧/૧૩૩૭ થી આપેલ કારણ દર્શક નોટિસ.
(૨) ગોશીન્દ્રા ગામની વિવિધ કાર્યકારી સહકારી મંડળીલી. ના કમિટિ સભ્યોની સામુહિક રજુઆત તા. ૧૧-૯-૮૯.
(૩) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ બેંક લી. વડોદરાનો પત્રાંક ૬૯૦૨ તા. ૧૫-૧૨-૮૯.
(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

INDEX

પ્રસ્તાવના :-

જા. નં. વહટ/૦૧/ચ-૧/૧૧૬૮/૯૦. - શ્રી ગોશીન્દ્રા ગામની વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. ગોશીન્દ્રા તા. વડોદરા જી. વડોદરાએ સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ૧૭૦૮ તા. ૩-૫-૧૯૧૩ છે. જેનો હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ઓડીટર, સહકારી મંડળીઓ વડોદરા તરફથી મંડળીની ઓડીટ હાથ ધરાતા જણાઇ આવેલ વહીવટી ક્ષતિઓના કારણોસર સહકારી કાયદાની કલમ-૮૧ મુજબ વ્ય. સમિતિને બરતરફ કરતાં પહેલાં રજુઆત અત્રે સંદર્ભ ૧ થી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ જેના મુદ્દા તારણ નીચે મુજબ છે.

(૧) રૂા. ૧૦,૦૦૦/-ની ધિરાણ વસુલાત મંત્રી અને કમિટી સભ્યોના ભાઇઓને અંદરો અંદર ધિરાણ કરી દીધેલ છે. જેની શાખ મંજુર કરાવેલ નથી. તથા વસુલાતની રકમ લોન પેટે જમા કરાવવાને બદલે ધિરાણ કરી દીધેલ છે. આમ મનસ્વી વહીવટ કર્યો છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષના આવેલ વસુલાત રૂા. ૩૬,૯૬૮/- પૈકી રૂા. ૧૮,૯૦૦/- મંત્રી પગાર તથા રૂા. ૧૭,૦૦૦/- બે સભ્યોના નામે ધિરાણ કરી મનસ્વી વહીવટ કર્યો છે. ઓડીટ ફી રૂા. ૫૧૬૨/- બાકી છે. જે ભરપાઇ કરેલ નથી.

(૩) જુદા જુદા ત્રણ સભ્યોના નામે રૂા. ૧૭,૧૯૯/- ઉધારેલ હતા. જેઓએ આ ધિરાણ લીધેલ નથી તેમ જણાવતાં મંત્રીએ આ રકમની ઉચાપત કરેલ તેની વસુલાત થયેલ નથી.

(૪) ઓડીટ અહેવાલના દુરસ્તી રીપોર્ટ રજુ કર્યા નથી.

(૫) મંડળીના મંત્રીશ્રી અજીતસિંહ પરમારએ જણાયેલ ગેરવહીવટ, ઉચાપત કર્યાની વિગતો ઓડીટ અહેવાલમાં જણાવ્યા છતાં મંત્રીને ચાલુ રાખવામાં આવ્યા છે.

(૬) તા. ૩૦-૧-૮૭ની સાધારણ સભા બોલાવ્યા સિવાય ઠરાવો લખવામાં આવ્યાની કબુલાત પ્રમુખ, મંત્રીએ ઓડીટ દરમ્યાન લેખિતમાં આપેલ છે.

ઉકત મુદ્દાઓથી આપેલ કારણદર્શક નોટિસના સંદર્ભમાં મંડળીની વ્ય. સમિતિએ સંદર્ભ-૧ તા.૧૧-૯-૮૯નાં પત્રથી રજુઆત કરી, રજુઆતના સમયે બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાના પ્રતિનિધિ તરફથી બેંક લેણાની વસુલાત આદેશ ન હોવાની રજુઆત થઇ સમગ્ર બાબતે તા. ૧૧-૯-૮૯ની રજુઆતમાં ત્રણ માસની મુદત માંગવામાં આવી, ત્રણ માસની મુદતમાં કોઇ પ્રગતિકારક કાર્યવાહી થયેલી ન જણાતાં બેંક તરફથી તા. ૧૪-૧૨-૮૯ના પત્રમાં વિગતવાર રજુઆત થતાં દેવાદારો સામે કાર્યવાહી કર્યાના, ઓડીટની ભરપાઇ કર્યાના, તેમજ તા. ૧૧-૯-૮૯ની સામુહિક રજુઆતના સંદર્ભમાં કરેલ કમિટીના આધાર પુરાવા રજુ કરવા અત્રેના તા.૧-૧-૯૦ના પત્રથી લખાણ કરેલ આ બાબતે મંડળી તરફથી તા. ૩-૧-૯૦ના પત્રથી કોઇ આધાર પુરાવા સિવાય અને કામગીરી કરીશું તેવો જવાબ કરેલ છે. ત્યાર બાદ અત્રેના તા. ૨૫-૭-૯૦ના પત્રથી તા. ૮-૮-૯૦ના રોજ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવેલ જે મુદ્દો મંડળીના મંત્રીએ ખુલાસો કરવા માટે મુદતની માંગણી કરેલ, મંડળીના મંત્રી પોતે મંડળીમાં થયેલ નાણાંકીય ગેરરિતિઓમાં સંડોવાયેલા હોઇ તેઓની મુદત અંગેની માંગણી ગ્રાહય રાખી શકાય નહીં.

આ મંડળીમાં થયેલ નાણાંકીય ગેરરિતિઓનું પ્રમાણ તેમજ અન્ય વહીવટી બાબતમાં જોતાં મંડળીના કાર્યવાહકો મંડળીનું હિત સાચવવામાં પેટા નિયમ સહકારી કાયદા કાનુન હેઠળ લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળ નિવડયા હોવાનું સ્પષ્ટ થતું હોઇ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અનુસાર નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું બી. એ. લુહાર જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) (ક) અનુસાર પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી ગોશીન્દ્રા ગામની વિવિધ કાર્યકારી સહકારી મંડળીલી. ભદારા તા. પાદરાની વ્યવસ્થાપક સમિતિને એક વર્ષ માટે દુર કરી, મજકુર અધિનિયમની કલમ ૮૧(૧) (ગ) (૧) અનુસાર મજકુર મંડળીનો વહીવટ કરવા માટે વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. સયાજીગંજ, વડોદરાની નિમણુંક નીચેની શરતોને આધીન કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક કમિટીના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હીતમાં તમામ કામગીરી આ કચેરીની સંમતિ અને દેખરેખ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- રૂા. પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે મંડળીનો પ્રગતિ અહેવાલ અને માસિક હિસાબી પત્રકો દર માસે નિયમીત અત્રે રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૨૯-૮-૯૦.

વંચાણે લીધા :-

(૧) શ્રી મદદનીશ સહકારી અધિકારી (ક્રેડીટ) સદર કચેરીનો અહેવાલ તા. ૨૫-૫-૯૦.

(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક :
(૧) વહટ/૦૧/ચ-૧/૯૨૪ તા. ૨-૬-૯૦.
(૨) વહટ/૦૧/ચ-૧/૧૦૬૬ તા. ૨૧-૭-૯૦.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના :-

જા. નં. વહટ/૦૧/ચ-૧/૧૧૬૯/૯૦. - શ્રી ભદારા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. ભદારા તા. પાદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ ક્રમાંક સે-૧૧૩૩૯ તા. ૧૧-૪-૭૨થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવેથી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

INDEX

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી. વડોદરાના તા. ૨૧-૬-૮૬ની રજૂઆતને અનુલક્ષીને અત્રેના તા. ૧૨-૯-૮૬ના પત્ર ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૨૦૭૪થી નીચેના કારણોસર કારણદર્શક નોટીસ સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ આપવામાં આવેલ હતી.

(૧) મંડળી છેલ્લા સાત વર્ષથી સ્થગિત છે. વહીવટી કામકાજ પેટાનિયમ ઉદ્દેશો અને હેતુઓ મુજબ કરવામાં આવતું નથી ધિરાણ પ્રવૃત્તિનું કામકાજ કરવામાં આવતું નથી. વહીવટકર્તાઓને બિલકુલ રસ નથી.

(૨) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૮,૫૪,૮૯૮/- સામે ૫૨ સભ્યો પાસે ધિરાણ લોન રૂા. ૯,૦૮,૩૮૨/- મુદલ લાંબા સમયથી મુદતવીતી બાકી છે. જેમાં કમિટિ સભ્યો પાસે રૂા. ૨,૩૮,૮૦૭/- મુદતવીતી બાકીનો સમાવેશ થયેલ છે. કલમ-૧૦૬ મુજબ દાવાની કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૩) સરકારશ્રી તથા બેન્કની નવીન લોન મુદતના હપ્તા યોજના મુજબ સભાસદોની ધોરણ મુજબની વસુલાત કરી હપ્તાઓના લાભ મેળવવાના બીલકુલ પ્રયાસો કરેલ નથી.

આમ ઉપરોક્ત વિગતો જોતાં મંડળીની પ્રવૃત્તિ સ્થગિત હોવાના અને પ્રગતિકારક સુધારો થતો ન હોવાનું જણાઇ આવેલ સદર કારણ દર્શક નોટીસના સંદર્ભમાં મંડળીની પેટા સભા તા. ૨૯-૯-૮૬નો ઠરાવ રજુ કરેલ અને પુરેપુરી વસુલાત કરવાની લેખીત બાંહેધરી આપી છ માસની મુદતની માંગણી કરેલ ત્યાર બાદ મંડળીની છેવટની સ્થિતિની વિગતો માંગતાં બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી. વડોદરા તા. ૨૦-૩-૮૯ના પત્રથી રજુ થયેલ માહિતિની વિગતો જોતાં મંડળી કક્ષાએથી કોઇજ પ્રગતિ જણાયેલ ન હતી. મંડળીની તા. ૨૯-૯-૮૬ની રજુઆતને અનુલક્ષીને અત્રેના તા. ૨૨-૯-૮૬ની કારણદર્શક નોટીસ તા. ૨૯-૯-૮૯ના હુકમથી રદ કરવામાં આવેલ હતી. અને છેવટની સ્થિતિને અનુલક્ષીને વહીવટદાર નિમવા બાબતની આવશ્યકતા તપાસવા મદદનીશ સહકારી અધિકારી (ક્રેડીટ)ને જણાવતાં તેઓએ તા. ૨૪-૫-૯૦ના રોજ મંડળીની મુલાકાત લેતાં નીચેની બાબતો જણાઇ આવેલ જેનો અહેવાલ સંદર્ભ-૧થી રજુ થયેલ છે.

(૧) સરકારશ્રીની દેવાફેડણી લોન રૂા. ૫,૫૯૮/- લાંબા સમયથી બાકી છે, જેની વસુલાત આવેલ નથી.

(૨) બેન્ક લોન રૂા. ૮,૫૪,૯૮૫/- સામે સભ્યો પાસે રૂા. ૯,૦૮,૩૮૨/- મુદતવીતી બાકી છે.

(૩) મંડળીના સાત પૈકી છ કમીટી સભ્યો મુદતવીતી બાકીદારો છે, કમિટિ સભ્યો પાસે રૂા. ૨,૧૯,૯૫૦/- બાકી છે જે તમામ મુદતવીતી છે.

(૪) મંડળીના કુલ ૬૧ પૈકી ૫૨ સભ્યો પાસે રૂા. ૯,૦૮,૩૮૨/- ધિરાણ બાકી છે જે તમામ મુદતવીતી છે. જેની વસુલાત માટે કોઇ કાયદાકીય કાર્યવાહી કરેલ નથી.

(૫) છેલ્લા છ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' છે.

(૬) ઓડીટ નોંધોની દુરસ્તી કરી દુરસ્તી રીપોર્ટ રજુ કર્યા નથી મંડળી સતત ખોટમાં કામ કરે છે. ફડચામાં કેમ ન લઇ જવી તે બાબતે ઓડીટને સ્પષ્ટતા માંગેલ છે.

(૭) મંડળી તદ્દન સ્થગિત અવસ્થામાં છે. ફક્ત પગારનો જ ખર્ચ પડે છે.

(૮) મંડળીના કમિટી સભ્યો નિષ્ક્રીય છે અને વહીવટ ચલાવવામાં કોઇ રસ જણાતો નથી.

મંડળી સ્થગિત અને નિષ્ક્રીય જણાતાં મંડળીના કાર્યવાહકોને તા. ૨૨-૬-૯૦ તથા તા. ૨૫-૭-૯૦ના પત્રથી લખાણ કરી સુનાવણી અર્થે હાજર રહેવા જણાવેલ મંડળી તરફે કોઇ કાર્યવાહક હાજર રહેલ નથી કે કોઇ રજુઆત આવેલ નથી.

આમ સને ૧૯૮૬ થી ૧૯૯૦ સુધીના સમય ગાળામાં કોઇ સંતોષકારક પ્રગતિ જણાયેલ નથી. ઉપરાત મંડળીના કાર્યવાહકોએ પણ મંડળીની પ્રવૃત્તિમાં રસ દાખવી મંડળીને કાર્યરત કરવા માટે કોઇજ કાર્યવાહી કર્યાનું જણાતું ન હોઇ મંડળીના હિતમાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અનુસાર કાર્યવાહી કરવી ઉચીત અને યોગ્ય હોવાનું નિષ્કર્ષ ઉપર આવતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું બી. એ. લુહાર જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) (ક) અનુસાર પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી ભદારા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. ભદારા તા. પાદરાની વ્યવસ્થાપક સમિતિને એક વર્ષ માટે દુર કરી, સદર મંડળીનો વહીવટ કરવા માટે કલમ-૮૧(૧) (ખ) (૧) અનુસાર વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. વડોદરાની નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક કમિટીના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હીતમાં તમામ કામગીરી આ કચેરીની સંમતિ અને દેખરેખ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- રૂા. પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ તેમજ માસિક હિસાબો નિયમીત દર માસે અત્રે રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૨૯-૮-૯૦.

વંચાણે લીધા :-

(૧) અત્રેના હુકમ ક્રમાંક : ફડચા / ૦૧ / ચ-૧ / ૧૪૧૫/૯૦ તા. ૩૧-૯-૯૦ ફડચાનો વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭, ૧૦૮ ની જોગવાઇઓ.

INDEX

-: અંતિમ હુકમ :-

જા. નં. ઉખસ/ફડચ/ફ-૮૮૯૪/૦૧/ચ-૧/૧૧૭૧/૯૦. - ધી ખાડી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. ખાંડી તા. સાવલી જે તા. ૩-૧-૭૪ના નોંધણી ક્રમાંક સે-૧૨૧૨૮થી નોંધવામાં આવી હતી. સદર મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ સંદર્ભ-૧ ના કરેલ છે અને સદરહુ વચગાળાના હુકમ સામે માસ એકની મુદતમાં રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી તા. ૨૨-૯-૮૯ પત્રથી છ માસની મુદત માંગવામાં આવેલ જેના અનુસંધાને અત્રેના તા. ૯-૧૧-૮૯ના પત્રથી તા. ૨૭-૧૧-૮૯ના રોજ સુનાવણી રાખેલ જેમાં મંડળી તરફે કોઇ હાજર રહેલ ન હતાં ત્યારબાદ તા. ૧૦-૧-૯૦ના પત્રથી તા. ૨૨-૧-૯૦ના રોજ સુનાવણી રાખેલ જે તારીખે મંડળીના મંત્રીશ્રી હાજર રહયા અને દિન-૧૫માં વિગતે અહેવાલ રજુ કરવા મુદત માંગેલ જે મુદતમાં અહેવાલ ન રજુ થતાં તા. ૨૧-૩-૯૦ના પત્રથી અહેવાલ રજુ કરવા જણાવવામાં આવેલ જેના અનુસંધાને મંડળીએ તા. ૧૦-૪-૯૦ના પત્રથી સુચિત ખાંડી તમાકુ મંડળીની નેશનલ કો. ઓ. ફેડરેશન લી. પાસેથી રકમ મેળવવાની બાબત જણાવેલ અંક બાબતે તા. ૧૭-૫-૯૦ના પત્રથી ફેડરેશનને લખાણ કરવામાં આવેલ પરંતુ મંડળીએ મંડળીની પ્રવૃત્તિ શરૂ કરવા બાબતમાં કાર્યવાહી કર્યાની કોઇ વિગતો રજુ કરી નથી.

સબબ સદરહુ અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં-૨ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂરી કરવી.

વડોદરા, તા. ૨૯-૮-૯૦.

નં. ઉખસ/નઘણ/ઘ-૧૨૮૮૭/૦૧/ગ-૩/૫૭૨/૯૦. - જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. આથી જાહેર કરે છે કે, સમતા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તા. વડોદરા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૫-૯-૯૦.

સંદર્ભ વંચાણે લીધા :-

(૧) અત્રેના તા. ૨૨-૬-૯૦ના ક્રમાંક : વહટ/૦૧/ચ-૧/૯૧૮/૯૦થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના :-

ક્રમાંક : વહટ/૦૧/ચ-૧/૧૧૩૬/૯૦. - શ્રી વિક્રમ એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. ફતેગંજ, વડોદરા, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક ઘ-૬૦૯૭ તા. ૧૧-૧૨-૭૫થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

મજકુર સોસાયટીના તા. ૯-૧૦-૮૯ તથા ૫-૨-૯૦ના પત્રથી તા. ૬-૧૦-૮૯ની વાર્ષિક સાધારણ સભાનો ઠરાવ રજુ કર્યા અનુસાર મંડળીના પ્રમુખ, મંત્રી તરીકે તથા કોઇપણ સભાસદ કોઇપણ પ્રકારનો હોદો સ્વીકારવા તૈયાર નથી અને તેથી મંડળીમાં વહીવટદાર નિમવાનો ઠરાવ રજુ કરવામાં આવેલ મંડળીના નવ કમિટી સભ્યો પૈકી છ કમિટી સભ્યોએ સરકારશ્રીને વહીવટ સુપ્રત કરવાનો સંમતિપત્ર તા. ૨-૨-૯૦ના પત્રથી રજુ કરેલ છે. મંડળીના ઉકત પત્રોના સંદર્ભ ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ સોસાયટી લી. અમદાવાદએ તા. ૧૨-૪-૯૦ના પત્રથી વહીવટદાર નિમવા રજુઆત કરેલ છે.

ઉપરોકત વિગતોને અનુલક્ષીને સહકારી કાયદાની કલમ-૮૧ અનુસાર સંદર્ભ-૨ થી મંડળીની વ્યવસ્થાપક સમિતિને કારણદર્શક નોટિસ આપી સાંભળવાની તક આપવામાં આવેલ, ત્યાર બાદ અત્રેથી તા. ૨૧-૭-૯૦ના પત્રથી પણ પત્ર લખી યોગ્ય તે રજુઆત માટે તા. ૪-૮-૯૦ના રોજ હાજર રહેવા જણાવેલ , આમ છતાં મંડળી તરફે કોઇપણ વ્ય. કમિટી સભ્ય અત્રે હાજર રહેલ નથી કે કોઇ રજુઆત કરેલ નથી આમ વખતો વખત રજુઆત માટે તક આપવા છતાં કોઇ રજુઆત આવેલ ન હોઇ સહકારી કાયદાની કલમ-૮૧ અનુસાર નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું બી. એ. લુહાર જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) (ક) અનુસાર વિક્રમ એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. ફતેગંજ વડોદરાની વ્યવસ્થાપક સમિતિને વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દુર કરી, મજકુર અધિનિયમની કલમ ૮૧(૧) (ખ) (૧) અનુસાર સદર મંડળીના વહીવટદાર તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લી. અમદાવાદની નીચેની શરતોને આધીન નિમણુંક કરૂં છું.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, તેમજ વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.
(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હીતમાં તમામ કામગીરી આ કચેરીની સંમતિ અને દેખરેખ હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- રૂા. પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.
(૪) વહીવટદારે મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ તથા હિસાબી પત્રકો નિયમીત આ કચેરીએ રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૧૭-૮-૯૦.

INDEX

સંદર્ભ વંચાણે લીધા :-

(૧) અત્રેના તા. ૨૧-૭-૯૦ના ક્રમાંક : વહટ/૦૧/ચ-૧/૧૦૬૭ થી તમામ કમિટી સભ્યોને આપેલ કારણદર્શક નોટિસ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના :-

ક્રમાંક : વહટ/૦૧/ચ-૧/૧૧૩૫/૯૦. - શ્રી દશપુરા અભ્યુદય ખેડૂત વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. દશપુરા તા. પાદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ ક્રમાંક ૧૨૧૨૫ તા. ૨૪-૧૨-૭૩થી નોંધાયેલ છે. જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ઓડીટર સહકારી મંડળીઓ પાદરા તરફથી સદર મંડળીનું તા. ૧-૭-૮૮ થી ૩૦-૬-૮૯ના સમયનું ઓડીટ હાથ ધરાતાં નીચે મુજબની વિગતે વહીવટી ક્ષતિઓ જણાઇ આવેલ.

(૧) મંડળીની પ્રવૃત્તિ છેલ્લા છ વર્ષથી સ્થગિત છે. મંડળીના ઉદેશો બર લાવવા મંડળીના કાર્યવાહકો તરફથી કોઇ પ્રયત્નો થતા નથી અને કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરતા નથી.

(૨) મંડળીની વાર્ષિક સાધારણ સભા તથા પેટા સભા સને ૧૯૮૫-૮૬ના વર્ષથી મળતી નથી.

(૩) મંડળીના સભ્યો કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી.

(૪) મંડળીની તપાસણી સમયમાં ધિરાણ વસુલાત બિલકુલ થયેલ નથી અગાઉ ધિરાણ કરેલ તે પૈકી રૂા. ૨૯,૮૨૫/- મુદતવીતી બાકીમાં છે. જેથી વસુલાત થયેલ નથી.

(૫) મંડળીએ છેલ્લા ચાર વર્ષથી ઓડીટના દુરસ્તી રીપોર્ટ મોકલ્યા નથી.

ઓડીટ દરમ્યાન જણાઇ આવેલ ઉક્ત બાબતોમાં અનુલક્ષીને ઓડીટર તરફ સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ કાર્યવાહી કરવા અહેવાલ રજુ થતાં સંદર્ભ-૧ થી મંડળીના તમામ કાર્યવાહકોને કારણદર્શક નોટીસ આપી રજુઆત કરવાની તક આપવામાં આવેલ અને તા. ૪-૮-૯૦ના રોજ આધાર પુરાવા સહ અને હાજર રહેવા જણાવેલ કારણદર્શક નોટિસના સંદર્ભમાં મંડળી તરફે કોઇપણ વ્ય. સમિતિ સભ્ય અને હાજર રહેલ નથી કે લેખિત રજુઆત કરેલ નથી મંડળીના મંત્રીએ ફક્ત પોતે હાજર રહી શકાય તેમ નથી તે મતલબનો રીપોર્ટ રજુ થયેલ છે અને મુદત આપવાની માંગણી કરેલ પરંતુ મંડળના વ્ય. સમિતિ સભ્યો પૈકી કોઇની પણ માંગણી કે રજુઆત આવેલ નથી.

આ સદર પ્રકરણ સમગ્ર રીતે જોતાં મંડળીમાં ઉદ્દેશો મુજબની કામગીરી કરવામાં આવતી નથી અને મંડળીના ઉદ્દેશો પેટા નિયમ અને સહકારી કાયદા કાનુન હેઠળ લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ નિભાવવામાં મંડળીની વ્યવસ્થાપક કમિટી નિષ્ફળ નિવડેલ છે તેમ સ્પષ્ટ થાય છે જેથી પ્રાથમિક તબક્કે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું બી. એ. લુહાર જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) (ક) હેઠળ પ્રાપ્ત સત્તાની રૂએ દશપુરા અભ્યુદય ખેડુત વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. દશપુરા તા. પાદરાની વ્યવસ્થાપક સમિતિને પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દુર કરૂં છું. અને મજકુર અધિનિયમની કલમ ૮૧(૧) (ખ) (૧) અન્વયે મંડળીનો વહીવટ કરવા ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. સયાજીગંજ વડોદરાને નીચેની શરતોને આધીન નિમવામાં આવે છે.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, તેમજ વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હીતમાં તમામ કામગીરી આ કચેરીની સંમતિ અને દેખરેખ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- રૂા. પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો નિયમિત આ કાર્યાલયે મોકલવાના રહેશે.

વડોદરા, તા. ૧૭-૮-૯૦.

સંદર્ભ વંચાણે લીધા :-

(૧) અત્રેના તા. ૧૯-૭-૯૦ના પત્રાંક : વહટ/૦૧/ચ-૧/૧૦૪૩/૯૦ થી આપેલ કારણદર્શક નોટિસ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના :-

ક્રમાંક : વહટ/૦૧/ચ-૧/૧૧૩૩/૯૦. - શ્રી લાછરસ ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. લાછરસ તા. સંખેડા જિ. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી ક્રમાંક ૧૭૬૨૮ તા. ૧૮-૪-૫૧ છે. જેનો ઉલ્લેખ આ હુકમના કામે હવે પછી "મંડળી" તરીકે કરવામાં આવેલ છે.

શ્રી ઓડીટર સહકારી મંડળીઓ, સંખેડા તરફથી સદર મંડળીનું તા. ૧-૧-૮૯ થી ૩૧-૧૨-૮૯ના સમયનું હાથ ધરાતાં ઓડીટ દરમ્યાન જણાઇ આવેલ વહીવટી ક્ષતિઓના કારણે મંડળીમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદાર નિમવા દરખાસ્ત રજુ થયેલ તેના અનુસંધાને સંદર્ભ-૧થી નીચેના મુદ્દાઓની વિગતે મંડળીના કાર્યવાહકોને કારણદર્શક નોટિસ આપી રજુઆત કરવાની

INDEX

તક આપવામાં આવેલ.

(૧) મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યો મુદતવીતી બાકીદાર છે.

(૨) પાછલા ત્રણ વર્ષના ઓડીટ દુરસ્તી રીપોર્ટ રજુ કરેલ નથી.

(૩) મંડળીના તમામ સભ્યો મુદતવીતી બાકીદાર છે. વસુલાત માટે કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૪) મંડળીના મંત્રીશ્રી મંડળીમા રસ ધરાવતા નથી છતાં છૂટા કરી નવીન મંત્રી નીમેલ નથી.

(૫) વસુલાતની રકમનો ઉપયોગ મંડળીના વહીવટી ખર્ચ માટે વાપરવામાં આવે છે. ઓડીટ ફી રૂા. ૩,૫૫૮/- ભરપાઇ કરેલ નથી.

(૬) એકંદર ધિરાણ રૂા. ૮,૨૧,૬૩૩/- સામે રૂા. ૫,૫૫,૮૨૦/- મુદતવીતી બાકી છે. વસુલાત માટે કાનુની રાહે કોઇ કાર્યવાહી કરેલ નથી.

સંદર્ભ-૧ થી ઉકત વિગતો સંદર્ભ મંડળીના કાર્યવાહકોને કારણદર્શક નોટીસ આપી તા. ૧-૮-૯૦ના રોજ આ કચેરીએ હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ સુનાવણીની તારીખે મંડળી તરફે કોઇપણ વ્યવસ્થાપક સમિતિ સભ્ય અત્રે હાજર રહેલ નથી.

મંડળીના છ કમિટી સભ્યોએ તા. ૧-૮-૯૦ના પત્રથી રજુઆત રજી. એ.ડી.થી અત્રે મોકલી આપેલ છે. તેમાં કમિટી સભ્યો મુદતવીતી બાકીદારો હોવાનું ફલિત થાય છે. જુના બાકીદારો સામે દાવા કર્યાનું જણાવેલ છે પરંતુ કોઇ આધાર પુરાવા રજુ કર્યા નથી. આમ અત્રેથી આપેલ કારણદર્શક નોટિસના સંદર્ભમાં મંડળી તરફથી વ્ય. કમિટી સભ્યો સંતોષકારક આધારભૂત માહિતી રજુ કરવામાં નિષ્ફળ નિવડયા છે અને તેથી મંડળીની વ્યવસ્થાપક સમિતિ મંડળીના પેટા નિયમ સહકારી કાયદા કાનુન હેઠળ લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળ નિવડવાનું ફલિત થતું હોઇ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અનુસાર નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું બી. એ. લુહાર જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૫ની કલમ-૮૧(૧) (ક) અનુસાર પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી લાછરસ ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. લાછરસ તા. સંખેડાની વ્યવસ્થાપક સમિતિને એક વર્ષ માટે દુર કરૂં છું. અને સદર મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. સયાજીગંજ વડોદરાની નિમણુંક કરવામાં આવે છે.

શરતો

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) વહીવટદારે નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળી અને સભ્યોના હીતમાં તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- રૂા. પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો આ કચેરીએ નિયમિત મોકલવાના રહેશે.

વડોદરા, તા. ૧૬-૮-૯૦.

વંચાણે લીધા :-

(૧) ધનલક્ષ્મી હાઉસીંગ પ્રોજેકટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સાંકડીયા તા. વાઘોડીયાનો તા. ૩૦-૬-૯૦નો પત્ર તથા તા. ૧૫-૬-૯૦ની ખાસ સાધારણ સભાનો ઠરાવ-૩.

(૨) ઓડીટર સહકારી મંડળીઓ વડોદરાનો પત્રાંક :- અષણ/ ૦૧/ફડચ/૧૭૪ તા. ૧૮-૬-૯૦.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઇઓ.

પ્રસ્તાવના :-

જા. નં. વહટ/૦૧/ચ-૧/૧૧૪૧/૯૦. - ધનલક્ષ્મી હાઉસીંગ પ્રોજેકટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સાંકડીયા તા. વાઘોડીયા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક : ૧૧૦૬૬ તા. ૧૦-૧૦-૮૩થી નોંધાયેલ છે.

સંદર્ભ-૧ અને ૨ થી વિગતવાર રજુઆત થયા અનુસાર મંડળી નોંધણીના સમયે ગામ સાંકડીયા તા. વાઘોડીયાના સર્વે નં. ૨૧૯/૩ની ૫-૩૫ એકર જમીનનું રૂા. ૧૦૮૦૦/- બાના પેટે ચુકવી બાનાખત કરવામાં આવેલ પરંતુ જમીન એન.એ થયેલ નથી તેમજ એન. એ થવાની શકયતા પણ નથી. તા. ૧૫-૪-૯૦ના રોજ મંડળીને આટોપી લેવાના હેતુસર ખાસ સાધારણ સભા બોલાવી મંડળીને આટોપી લેવા ઠરાવ પસાર કરેલ છે.

મંડળીએ બાનાખતની રકમ પરત મેળવી શેરની રકમ તથા અન્ય દેવા લેણા ચુકવી આપેલ અને તા. ૩૦-૪-૯૦ અંતિતના રજુ થયેલ હિસાબો અનુસાર હોઇ લેવડ - દેવડ બાકી રહેતી નથી. શેરની રકમ તમામ સભ્યોને પરત કરેલ હોઇ હવે કોઇ સભ્ય તરીકે નથી આમ મંડળી કક્ષાએથીજ આટોપી લેવાની કામગીરી પૂર્ણ થયેલ છે. જેથી હવે મંડળીનું અસ્તિત્વ રહેતુ ન હોઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું બી. એ. લુહાર જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા ધી ધનલક્ષ્મી હાઉસીંગ પ્રોજેકટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. સાંકડીયા તા. વાઘોડીયા જે નોંધણી ક્રમાંક : ૧૧૦૬૬ તા.૧૦-૧૦-૮૩થી નોંધાયેલ હતી, મંડળીને આટોપી લેવાની કાર્યવાહી મંડળી કક્ષાએથી પૂરી થયેલ હોઇ હવે મંડળીનું અસ્તિત્વ રહેતું ન હોઇ, સદર મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અનુસાર રદ કરૂં છું. આ હુકમની તારીખથી મંડળી બંધ થયેલ છે તેમ ગણાશે.

વડોદરા, તા. ૨૨-૮-૯૦.

INDEX

વંચાણે લીધા :-

(૧) અત્રેના પત્રાંક : વહટ/૦૧/ચ-૧/૮૧૯ તા. ૧૬-૫-૯૦થી આપેલ કારણદર્શક નોટિસ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના :-

જા. નં. વહટ/૦૧/ચ-૧/૧૧૪૦/૯૦. - મદાપુર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મદાપુર એ સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી 'મંડળી' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. સયાજીગંજ વડોદરાના તા. ૨૩-૮-૮૯ના પત્રાંક ૨૫૦૪થી નીચે જણાવેલ કારણોસર મંડળીમાં વહીવટદાર નિમવા રજુઆત થતાં સંદર્ભ-૧થી કાયદાની કલમ-૮૧ હેઠળ કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી.

(૧) ટૂંકી મુદત અને પુનઃવસન લોન રૂા. ૪,૦૪,૫૮૨/-મુદતવીતી બાકી છે. રૂા. ૫,૯૬,૭૭૫-૩૨ વ્યાજ તથા રૂા. ૧,૮૪,૯૦૪-૦૪ મુદતવીતી વ્યાજ બાકી છે. જેની છેલ્લા ત્રણ વર્ષથી વસુલાત થતી નથી.

(૨) મંડળીના ૪૬ સભ્યો પાસે રૂા. ૫,૧૭,૫૮૫-૮૯ તથા વ્યાજની ઘણી મોટી રકમ મુદતવીતી બાકી છે. જેની વસુલાત કરવામાં આવતી નથી.

(૩) કમિટી સભ્યો પૈકી ૪ કમિટી સભ્યો પાસે રૂા. ૭૮,૭૩૫-૪૫ ૩૦-૬-૯૦ અંતે મુદલ મુદતવીતી બાકી તથા વ્યાજની બહુ મોટી રકમ બાકી છે. જેથી તેઓ કમિટી સભ્યપદે રહી શકે નહિ.

(૪) મંડળીનો રેકર્ડ વ્યવસ્થિત રાખવા અગર લખવામાં આવતો નથી બેંકના અધિકારીઓને વસુલાત માટે સહકાર મળતો નથી અને માહિતી પણ મળતી નથી.

(૫) ઓડીટ વર્ગ 'ડ' મળેલ છે.

(૬) મંડળીની આર્થિક અને વહીવટી પરિસ્થિતિ કથળી ગયેલ છે. અને મંડળી ચાલુ કરવામાં વડોદરાને કોઇ રસ જણાતો નથી.

સંદર્ભ-૧થી ઉકત મુદાઓ સંદર્ભ આધાર પુરાવા સહ રજુઆત માટે તા. ૪-૬-૯૦ના રોજ હાજર રહેવા જણાવેલ જે મુદ્દો મંડળી તરફે કોઇ હાજર રહેલ નથી કે રજુઆત કરેલ નથી ત્યાર બાદ અત્રેના તા. ૧૬-૬-૯૦ના પત્રાંક : વહટ/૦૧/ચ-૧/૫૪૯થી તા. ૪-૭-૯૦ના રોજ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવેલ જે મુદતે રજા જાહેર થયેલ પણ ત્યાર બાદ પણ મંડળી તરફથી કોઇ રજુઆત ન આવતા તા. ૨૧-૭-૯૦ના પત્રાંક : વહટ/૦૧/ચ-૧/૧૦૬૧/૯૦થી તા. ૪-૮-૯૦ના રાજની રજુઆત માટે મુદત આપવામાં આવેલ આમ છતાં મંડળી તરફે કોઇ હાજર રહેલ નથી.

આમ ઉપરોકત વિગતો જોતાં મંડળીના કાર્યવાહકોને વારંવાર જણાવ્યા છતાં હાજર રહેવાની કે રજુઆત કરવાની કોઇ તસદી લીધેલ નથી આમ સમગ્ર રીતે આ પ્રકરણ જોતાં મંડળીના હિતમાં સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું બી. એ. લુહાર જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. સને પ્રાપ્ત ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે મદાપુર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મદાપુર તા. પાદરાની વ્યવસ્થાપક કમિટીને પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દુર કરવાનો હુકમ કરૂં છું. અને મજકુર કાયદાની કલમ ૮૧(૧) (ખ) અનુસાર સદર મંડળીનો વહીવટ કરવા વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. સયાજીગંજ વડોદરાની નીચે જણાવેલ શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, વહીવટદારનો પ્રવાસ ખર્ચ મંડળીના ભંડોળમાંથી રાબેતા મુજબ પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિ તરીકેનો તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હીતમાં તમામ કામગીરી અત્રેની દેખરેખ તેમજ સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- રૂા. પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે મંડળીનો પ્રગતિ માસિક અહેવાલ તેમજ હિસાબી પત્રકો દર માસે અત્રેની કચેરીને નિયમિત કરવાના રહેશે.

વડોદરા, તા. ૨૨-૮-૯૦.

વંચાણે લીધા :-

(૧) અત્રેના તા. ૬-૩-૯૦ના પત્રાંક : વહટ/૦૧/ચ-૧/૪૪૨/૯૦થી આપેલ કારણદર્શક નોટિસ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના :-

જા. નં. વહટ/૦૧/ચ-૧/૧૧૪૪/૯૦. - ધી સાવલી ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. સાવલી જી. વડોદરાએ સહકારી કાયદા હેઠળ નોંધણી નં. ૧૭૭૮૨ તા. ૨૯-૫-૫૮થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો ઉલ્લેખ હવે પછી 'મંડળી' તરીકે કરવામાં આવેલ છે.

ઓડીટર, સહકારી મંડળીઓ, સાવલી તરફથી મજકુર મંડળીનું તા. ૧-૭-૮૭ થી ૩૦-૬-૮૮ના સમયનું ઓડીટ હાથ ધરવામાં આવ્યું ઓડીટ દરમ્યાન જણાઇ આવેલ ક્ષતિઓને અનુલક્ષીને સહકારી કાયદાની કલમ-૮૧ અનુસાર સંદર્ભ-૧થી મંડળીની વ્યવસ્થાપક સમિતિની કારણદર્શક નોટિસ આપવામાં આવેલ જેના મુદા નીચે મુજબ છે.

INDEX

(૧) મંડળીની વ્ય. સમિતિની બેઠકો નિયમિત બોલાવવામાં આવતી નથી તા. ૧૫-૯-૮૭ પછી એક પણ મીટીંગ મળી નથી.

(૨) મંડળીની તા. ૨૯-૯-૮૭ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ-૭થી મંડળીમાં વહીવટદાર નીમવા ઠરાવ કરેલ છે.

(૩) મંડળીની પ્રવૃત્તિ તા. ૨૮-૪-૮૭થી તદ્દન બંધ હાલતમાં છે.

(૪) બેંક તરફથી આપવામાં આવેલ ધિરાણ પૈકી તમામ રકમ રૂા. ૯૧૦૨૦/- મુદલ તથા વ્યાજ રૂા. ૧,૩૫,૨૨૫-૧૮ અને વ્યાજનું વ્યાજ રૂા. ૬૫,૫૯૪-૬૧ બાકી પડે છે. જે જમા કરાવવામાં આવેલ નથી. મંડળીનું સભ્યો પાસે રૂા. ૧,૫૯,૬૭૪-૪૬ મુદતવીતી બાકી પડે છે જેની વસુલાત કરવામાં આવતી નથી.

(૫) મંડળીનો છેલ્લા બે વર્ષનો ઓડીટ વર્ગ 'ડ' છે અને ૩૦-૬-૮૮ અંતે રૂા. ૨૩,૧૦૭-૫૩ ખોટ છે.

(૬) મંડળીના પ્રમુખશ્રી ગોવિંદભાઇ છોટાભાઇ બારોટનું અવસાન થતાં બીજા પ્રમુખની વરણી કરેલ નથી. મંડળીનો તમામ વ્યવહાર તદ્દન સ્થગિત થઇ ગયેલ છે.

(૭) મંડળીના મંત્રીશ્રી નારણભાઇ મરઘાભાઇ પટેલએ મંડળીની સિલક રૂા. ૭૬૪૫-૧૦ની ઉચાપત અંગે ઓડીટ રીપોર્ટ મુજબ કોર્ટમાં કેસ કરેલ છે. જ્યારે મંડળીના કાપડ વિભાગમાં થયેલ રૂા. ૧૫,૦૦૦/-ની ઉચાપતનો કોઇ કેસ કરેલ નથી કે વસુલાતની કાર્યવાહી કરેલ નથી.
અગાઉના મંત્રીશ્રી અશોકભાઇ જશભાઇ પટેલએ કરેલ ઉચાપત રૂા. ૩૮૨૮/- અને પ્રમુખ શ્રી બેચરભાઇ તળશીભાઇ પટેલએ કરેલ રૂા. ૧૫૩૩-૪૦ની ઉચાપતનો કેસ કરેલ છે.

(૮) મંડળીના ૧૪૭ સભ્યો પાસે લેણા બાકી છે જેની વસુલાત માટે કોઇ કાર્યવાહી કરેલ નથી.

ઉપરોક્ત વિગતે કારણદર્શક નોટિસ ઉક્ત ઓડીટ અહેવાલ તેમજ બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાના તા. ૨-૩-૯૦ ના પત્રાંક : ૧૦૩૪૯ના અનુસંધાને તમામ વ્ય. કમિટી સભ્યોને આપવામાં આવેલ અને તા. ૧૯-૩-૯૦ના રોજ રજુઆત માટે અત્રે હાજર રહેવા જણાવવામાં આવેલ, મંડળી તરફે કોઇ હાજર રહેલ ન હતા. ત્યાર બાદ અત્રેના તા. ૨૨-૬-૯૦ના પત્રાંક : વહટ/૦૧/ચ-૧/૯૦૭ તથા ૨૧-૭-૯૦ના પત્રાંક : વહટ/૦૧/ચ-૧/૧૦૬૦ થી રજુઆત માટે તક આપવામાં આવેલ આમ વારંવાર તક આપવા છતાં મંડળી તરફે કોઇ હાજર રહેલ નથી કે કોઇ રજુઆત લેખિતમાં રજુ થયેલ નથી.

આમ ઉપરોક્ત વિગતો જોતાં મંડળીની પ્રવૃત્તિ સ્થગિત છે તથા કાર્યવાહકોને કોઇ રસ મંડળીની પ્રવૃત્તિમાં જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે તે જોતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અનુસાર નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું બી. એ. લુહાર જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળે પ્રાપ્ત સત્તાની રૂએ સાવલી ગૃપ વિવિધ કાર્યકારી મંડળી લી. સાવલી મુ. પો. તા. સાવલી જી. વડોદરાની વ્યવસ્થાપક

સમિતિને પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દુર કરવાનો હુકમ કરૂં છું. અને મજકુર કાયદાની કલમ ૮૧(૧) (બ) અન્વયે મંડળીનો વહીવટ કરવા માટે વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. સયાજીગંજ વડોદરાની નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક કમિટીના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હીતમાં તમામ કામગીરી વખતો વખત અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીનો પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો નિયમિત આ કચેરીએ મોકલવાના રહેશે.

વડોદરા, તા. ૨૨-૮-૯૦.

વંચાણે લીધા :-

(૧) ઓડીટર, સહકારી મંડળીઓ, સાવલીના પત્ર નં. અષણ/૦૧/૫૭/૮૯ તા. ૨૦-૨-૮૯થી મળેલ દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ નં. વહટ/૦૧/ચ-૧/૧૩૭૦/૮૯ તા. ૨૨-૮-૮૯.

ક્રમાંક : ઉખસ/વહટ/૦૧/ચ-૧/૧૧૪૬/૯૦. - મીઠાપુરા લહેરીપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મું. મીઠાપુરા તા. સાવલી જી. વડોદરા. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધાયેલી સહકારી સંસ્થા છે.

આમુખ (૧) મુજબ શ્રી ઓડીટર, સહકારી મંડળીઓ, સાવલી તરફથી મંડળીનું તા. ૧-૭-૮૭થી ૩૧-૧૨-૮૮ સુધીનું ઓડીટ કરવામાં આવેલ અને નીચે જણાવેલ કારણોથી મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવાની ભલામણ સહ દરખાસ્ત અત્રે મળી છે.

(૧) મંડળીએ પાછલી ઓડીટ નોંધોની દુરસ્તી કરેલ નથી. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

(૨) મંડળીમાં જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્કનું ઇન્સ્પેકશન થાય છે તે ઇન્સ્પેકશન નોંધની પણ દુરસ્તી કરી નથી.

(૩) મંડળીમાં ઓડીટ સમયમાં એટલે કે છેલ્લા દોઢ વર્ષમાં એક પણ વખત મંડળીની વ્યવસ્થાપક કમિટીની બેઠક મળી નથી.

(૪) મંડળીમાં છેલ્લા ત્રણ વર્ષથી ધીરાણની નક્કી કરેલ હપ્તની વસુલાત આવતી નથી. જેથી આવકનું કોઇ સાધન નથી. બાકીદારો સામે કોઇ કાર્યવાહી પણ હાથ ધરેલ નથી. જ્યારે વહીવટી ખર્ચને પરિણામે ખોટમાં ઉમેરો વધતો જાય છે. આમ ધિરાણ વસુલાત નહી આવવાને કારણે

INDEX

પગાર ખર્ચમાં મુડી ખવાઇ જાય છે. તા. ૩૦-૬-૮૯ની ખોટ રૂા. ૨૧,૫૬૫-૪૬ પૈ. છે. વહીવટી ખર્ચ જેટલી પણ આવક નથી.

(૫) મંડળીમાં નીચે મુજબની લોન બાકી છે.

(૧) મધ્યસ્થ બેન્કની ટુંકી મુદત લોન રૂા. ૯૨,૨૪૯-૬૦ પૈ.

(૨) લાંબી મુદત લોન રૂા. ૪,૩૭૬/-

(૩) સરકારશ્રીની લોન રૂા. ૧,૭૭,૨૩૧/- બાકી છે. અને વસુલાત માટે કોઇ પ્રયત્નો કરવામાં આવતા નથી.

(૬) સરકારશ્રીમાં ઓડીટ ફી નીચે મુજબની કુલ રૂા. ૩,૩૪૫/- બાકી પડે છે. જે ભરવામાં આવતી નથી.

(૧)	સને ૮૨-૮૩	રૂા.	૧,૫૯૩
(૨)	સને ૮૩-૮૪	રૂા.	૩૬૮
(૩)	સને ૮૪-૮૫	રૂા.	૩૮૮
(૪)	સને ૮૫-૮૬	રૂા.	૩૩૪
(૫)	સને ૮૬-૮૭	રૂા.	૩૬૨
(૬)	સને ૮૭-૮૮	રૂા.	૩૬૦
		કુલ રૂા.	૩,૩૪૫

(૭) મંડળીની ચાલુ વ્યવસ્થાપક કમિટીને પેટા નિયમો મુજબના નોંધાયેલા ઉદેશો મુજબ કોઇ કામગીરી કરી નથી કે તે માટે કોઇ પ્રયત્નો કર્યા નથી, અગાઉ કરેલ ધિરાણની વસુલાત કરવા તથા નવું ધીરાણ કરવા માટે કોઇ પણ પ્રકારની કાર્યવાહી હાથ ધરેલ નથી. ત્રણ વર્ષ અગાઉ કરેલ, ધિરાણ પણ વસુલાત થયેલ નથી. મંડળી હાલ બંધ હાલતમાં છે. ઉપરોકત અંગે કારણો દર્શાવી રજુઆત કરવા માટે આમુખ-૨ મુજબની કારણદર્શક નોટીસ મંડળીના તમામ કમિટી સભ્યોને અત્રેથી રજી. પો. એ. ડી. થી આપવામાં આવી હતી તેમજ તે પછી પણ અત્રેની કચેરીના પત્ર તા. ૨૫-૯-૮૯ અને ૯-૧૧-૮૯, ૨૨-૬-૯૦, ૨૧-૭-૯૦થી વધુ ૪ મુદતો આપી સુનાવણી માટે અને કોઇ રજુઆત કરવી હોય તો કરવા માટે તક આપવામાં આવી હતી પરંતુ મંડળી વતી કોઇ રજુઆત લેખિત કે મૌખીક અત્રે કરવામાં આવી નથી અને રૂબરૂ સુનાવણી માટે પણ ઉપરોકત વિગતે મંડળીનો વહીવટ મંડળીની વ્યવસ્થાપક કમિટીના હાથમાં રાખવો હિતાવહ ન હોઇ તેમજ મંડળીનો વહીવટ કથળી ગયેલ હોઇ મંડળીની વ્યવસ્થાપક કમિટી પોતાની બંધારણીય ફરજોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ તેમજ મંડળીના હોદેદારોને મંડળીના કામકાજમાં કોઇ રસ જણાતો ન હોઇ વ્યવસ્થાપક કમિટીને બરતરફ કરવા તેમજ મંડળીનો વહીવટ કરવા માટે વહીવટદારની નિમણુંક કરવી આવશ્યક હોવાથી નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી બી. એ. લુહાર જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧ હેઠળ મને પ્રાપ્ત અધિકાર મુજબ મીઠાપુરા લહેરીપુરા સેવા સહકારી મંડળી લી. સાવલી મુ. મીઠાપુરા તા. સાવલી જી. વડોદરાની વ્યવસ્થાપક કમિટીને પ્રથમ તબક્કે વહીવટદાર મંડળીનો વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દુર કરવાનો હુકમ કરૂં છું. અને મજકુર કાયદાની કલમ ૮૧(૧) (બ) અન્વયે મંડળીનો વહીવટ કરવા માટે વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. સયાજીગંજ વડોદરાની નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ તેઓએ રાખેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકાર ભોગવવો અને મંડળીના હીતમાં તમામ કામગીરી વખતો વખત જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, વડોદરાની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના તરીકે પ્રતિક રૂપે માસિક રૂા. અંકે રૂપિયા પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ તથા હિસાબ આ કાર્યાલયે નિયમિત મોકલવાનો રહેશે.

વડોદરા, તા. ૨૨-૮-૯૦.

વંચાણે લીધા :-

(૧) અત્રેના તા. ૧૯-૭-૯૦ના પત્રાંક : વહટ/૦૧/ચ-૧/૪૯૨થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

(૩) રામપુરા ગૃપ કો. ઓપ. મલ્ટી પરપઝ સોસાયટી લી. રામપુરાની વ્ય. કમિટીનો સંયુકત જવાબ તા. ૨૯-૩-૯૦.

પ્રસ્તાવના :-

ક્રમાંક : વહટ/૦૧/ચ-૧/૧૧૪૭/૯૦. - શ્રી રામપુરા ગૃપ કો. ઓપ. મલ્ટી પરપઝ સોસાયટી લી. રામપુરા તા. સંખેડાએ સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ૧૩૦૧૪ તા. ૪-૫-૪૯થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો ઉલ્લેખ હવે પછી મંડળી તરીકે કરવામાં આવેલ છે.

ઓડીટર, સહકારી મંડળીઓ, સંખેડા તરફથી સદર મંડળીનું તા. ૧-૧-૮૯ થી ૩૧-૧૨-૮૯ના સમયનું ઓડીટ હાથ ધરાતાં જણાઇ આવેલ નીચે મુજબની વહીવટી ક્ષતિઓને અનુલક્ષીને મંડળીમાં વહીવટદાર નિમવા દરખાસ્ત રજુ થતાં તેના સંદર્ભ-૧થી મંડળીના વ્યવસ્થાપક સમિતિને કારણદર્શક નોટિસ આપવામાં આવેલ.

(૧) ૧-૧-૮૬ થી ૩૧-૧૨-૮૬ના ઓડીટની ખામી નં. ૩, ૧૬ તથા ૧-૧-૮૭ થી ૩૧-૧૨-૮૭ અને ૧-૧-૮૮ થી ૩૧-૧૨-૮૮ની ઓડીટ અહેવાલની ખામીઓની દુરસ્તી કરી દુરસ્તી રીપોર્ટ કરવામાં આવેલ નથી.

(૨) ૩૧-૧૨-૮૭, ૩૧-૧૨-૮૮ અને ૩૧-૧૨-૮૯ના અંતના ઓડીટમાં મુદતવીતી કમિટી સભ્યો છે અને દરેક ઓડીટ વખતે સુચનો કર્યા આમ છતાં તે ચાલુ રહેલ છે સુચનોનો અમલ થતો નથી. છેલ્લે કુલ ૭ પૈકી ૫ ક. સભ્યો મુદતવીતી બાકીદાર છે.

INDEX

(૩) મુદતવીતી બાકીદારો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા કોઇ પગલાં લેવામાં આવેલ નથી. મંડળીની આર્થિક સ્થિતિ ઘણીજ નાજુક હોવા છતાં પગાર વધારો કરી આપેલ છે.
(૪) મંડળીની ઓડીટની રૂા. ૪૪૭૭/- બાકી છે જે ભરપાઇ કરતા નથી.
(૫) બેંક લોન તા. ૩૧-૧૨-૮૯ અંતે રૂા. ૭,૨૭,૧૫૦/- મુદલ અને વ્યાજ રૂા. ૬,૬૭,૩૩૧/- બાકી છે. જે જમા કરાવતા નથી.
(૬) મંડળીના લેણા અંગેનો મુખ્ય આધાર મિલ્કત પત્રક અને એકપણ રજીસ્ટર પુરી વિગતે નથી.
(૭) મંડળીની વ્ય. કમિટીની મીટીંગમાં તેમજ સાધારણ સભાઓમાં પુરતા સભ્યો હાજરી આપતા નથી. જેથી હોદ્દેદારોને સહયોગ કામકાજમાં રસ જણાતો નથી.
(૮) છેલ્લા બે વર્ષથીમંડળીનો ઓડીટ વર્ગ 'ડ' ચાલુ છે.

ઉકત મુદ્દા નં. ૧ થી ૮ની વિગતે આધાર પુરાવાઓ સહિત તા. ૨-૧-૯૦ના રોજ આ કચેરીએ હાજર રહી રજુઆત કરવા તક આપવામાં આવેલ આદેશ મુદતે મંડળી તરફે કોઇ હાજર રહેલ નથી. પરંતુ મંડળીના વ્ય. કમિટીએ સંયુકત નિવેદન તા. ૨૯-૩-૯૦ના પત્રથી, ટપાલથી મોકલેલ જે અવલોકનમાં લેતા કોઇ આધાર પુરાવા કે કારણદર્શક નોટીસના મુદ્દાઓની સ્પષ્ટતા થતી ન હોવાથી અત્રેના તા. ૧૦-૫-૯૦ના પત્રાંક : વહટ/૦૧/ચ-૧/૭૯૦થી જરૂરી રેકર્ડ સહીત તા. ૨૧-૫-૯૦ના રોજ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવેલ આમ છતાં મંડળી તરફે કોઇ હાજર રહેલ નહી. અને હાજર નહીં રહેવા કોઇ પ્રત્યુત્તર પાઠવેલ નથી. ત્યાર બાદ મંડળીના તમામ કાર્યવાહકોને અત્રેની તા. ૨૪-૬-૯૦ના પત્રાંક : વહટ/૦૧/ચ-૧/૭૯૦ તથા ૪-૮-૯૦ના રોજ સુનાવણી અર્થે હાજર રહેલ જણાવેલ છે. મુદત મંડળી તરફે કોઇ હાજર રહેલ નથી.

આમ મંડળીના કાર્યવાહકોને વારંવાર જણાવવા છતાં કારણદર્શક નોટિસના મુદ્દાઓ સંદર્ભ સંતોષકારક સ્પષ્ટતા રજુઆતને આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ નિવડયા હોઇ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ મુજબ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી બી. એ. લુહાર જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર રામપુરા ગૃપ કો. ઓપરેટીવ મલ્ટી પરપઝ સોસાયટી લી. રામપુરા તા. સંખેડાની વ્યવસ્થાપક કમિટીને પ્રથમ તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે બરતરફ કરવાનો હુકમ કરૂં છું. અને મજકુર કાયદાની કલમ ૮૧(૧) (ખ) અન્વયે મંડળીનો વહીવટ કરવા માટે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. વડોદરાની નીચેની શરતોને આધીન વહીવટદાર તરીકે નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.
(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હીતમાં તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- નક્કી કરવામાં આવે છે.
(૪) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૨૩-૮-૯૦.

વંચાણે લીધા :-

(૧) ઓડીટર, સહકારી મંડળીઓ, ગ્રાહક વડોદરાનો પત્ર નં. અષણ/૦૧/ગ્રા-૨/ફડચો/૧૮૬ તા. ૧-૬-૯૦થી આવેલ અહેવાલ.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ચ-૧/૧૧૪૩/૯૦. - ધી ગવર્નમેન્ટ પ્રેસ એન્ડ સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ માલ પુરો પાડનારી સહકારી મંડળી લી. આનંદપુરા, વડોદરાએ સહકારી કાયદા હેઠળ રજી. નં. ૨૦૦૭ ડીસેમ્બર ૧૯૫૪થી નોંધાયેલ સહકારી મંડળી છે.

ઓડીટર સહકારી મંડળીઓ વડોદરા-૨ તરફથી સદર મંડળીનું તા. ૧-૭-૮૭થી ૩૦-૬-૮૯ના સમયનું ઓડીટ સહકારી કાયદાની કલમ-૮૪ હેઠળ હુકમ ધરવામાં આવ્યું ઓડીટ દરમ્યાન જણાઇ આવેલ નીચે મુજબના કારણોસર મંડળીને ફડચામાં લઇ જવા સંદર્ભ-૧થી અહેવાલ રજુ કરવામાં આવેલ છે.

(૧) મંડળીની પ્રવૃત્તિ છેલ્લા સાત વર્ષથી સ્થગિત છે.
(૨) છેલ્લા સાત વર્ષથી ઓડીટ ફી સરકારશ્રીને ભરપાઇ કરેલ નથી.
(૩) છેલ્લા સાત વર્ષના ઓડીટ અહેવાલના દુરસ્તી રીપોર્ટસ ઓડીટરને રજુ કર્યા નથી.
(૪) સભ્યો પાસેના લેણી રકમની વસુલાત કરવામાં આવતી નથી. તથા લેણદારોને રકમો ચૂકવવામાં આવતી નથી.
(૫) છેલ્લા છ વર્ષથી વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી.
(૬) છેલ્લા છ વર્ષથી વ્ય. કમિટીની બેઠક પણ બોલાવેલ નથી.
(૭) બેન્કના ખાંના સ્થગિત છે.
(૮) મંડળીમાં રૂા. ૭૫૩૨-૮૪ની સળંગ ખોટ છે.

આમ ઉકત બાબતો જોતાં મંડળી લાંબા સમયથી સ્થગિત છે. મંડળીએ સ્થાપનાના ઉદેશો મુજબની કોઇ કામગીર કરવામાં આવતી નથી. અને સભાસદો તથા કાર્યવાહકોને કોઇ રસ જણાતો ન હોઇ મંડળીને ફડચામાં લઇ જતુ પ્રાથમિક તબક્કે ઉચિત જણાતુ હોઇ અને એ મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો આદેશ

આથી હું. બી. એ. લુહાર જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળઈઓ વડોદરા. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) (ક) (ગ) (૨) (ગ) (મ) અન્વયે ગવર્નમેન્ટ પ્રેસ એન્ડ સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ માલ પુરો પાડનારી સહકારી મંડળી લી. વડોદરાને ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને સદર અધિનિયમની કલમ ૧૦૮(૧) અનુસાર ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં.-૧ ની નિમણુંક કરવામાં આવે છે.

આ હુકમ સામે કોઇ રરજુઆત કરવાની હોઇતો એક માસની મુદતમાં લોખિત યા રૂબરૂ અત્રે હાજર રહીને રજુઆત કરવાની રહેશે મે ઉકત મુદતમાં કોઇ રજુઆત નહી આવે તો મંડળી તરફથી કોઇ રજુઆત કરવાની નથી તેમ માની આ હુકમને કાયમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

વડોદરા, તા. ૨૨-૮-૯૦.

સંદર્ભ વંચાણે લીધા :-

(૧) શ્રી બી. એસ. પટેલ ચોકસી અધિકારીનો અહેવાલ સહકારી કાયદાની કલમ-૮૬ અન્વયે.

(૨) અત્રેની કચેરીનો પત્રાંક :

- (૧) વહટ-૦૧/ચ-૧/૫૦૮ તા. ૨૧-૩-૯૦.
- (૨) વહટ-૦૧/ચ-૧/૫૫૩ તા. ૧૬-૪-૯૦.
- (૩) વહટ-૦૧/ચ-૧/૮૫૦ તા. ૧૪-૫-૯૦.
- (૪) વહટ-૦૧/ચ-૧/૧૦૮૯ તા. ૨૬-૭-૯૦.

(૩) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. સયાજીગંજ, વડોદરાનો પત્રાંક : ૧૫૪૩૮ તા. ૧૬-૪-૯૦.

(૪) સાંસરોદ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. સાંસરોદ તા. કરજણના પ્રમુખનો પત્ર તા. ૧-૫-૯૦.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના :-

જા. નં. વહટ/૦૧/ચ-૧/૧૧૫૨/૯૦. - શ્રી સાંસરોદ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. સાંસરોદ તા. કરજણએ સહકારી કાયદા અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો ક્રમાંક ૧૭૧૧૯/૭ તા.. ૧૩-૯-૫૯ છે.

મંડળીના બંધારણ, કામકાજ અને નાણાંકીય પરિસ્થિતિ અંગે સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૬ અન્વયે ચોકસી કરવા માટે અત્રેના તા. ૩-૮-૮૭ના હુકમ ક્રમાંક : અષણ/૦૧/ચ-૧/૨૦૧૨/૮૭ થી ચોકસી અધિકારી તરીકે શ્રી બી. એચ. પટેલને નિમવામાં આવેલા છે. તે આધારે ચોકસી અધિકારી તરફથી સંદર્ભ-૧ અનુસાર અહેવાલ રજુ થયેલ અહેવાલની વિગતો જોતાં આર્થિક સ્થિતિના વિશ્લેષણને અનુલક્ષીને મંડળીમાં વહીવટદાર નિમવાની ભલામણ કરેલ છે. જેનો સારાંશ નીચે મુજબ છે.

તા. ૩૧-૧-૮૭ના સરવૈયા અનુસાર શેર ભંડોળ રૂા. ૧,૩૦,૧૦૦/- રીઝર્વફંડ રૂા. ૫૭૦૫૨/-અન્ય ફંડો રૂા. ૪૯૦૧૮/- અન્ય જવાબદારીઓમાં ફરજીયાત બચત રૂા. ૧૯૨૭૧/- અનામત રૂા. ૫૦૦૦/- જુદા જુદા પ્રકારની બેંક લોનો રૂા. ૧૫,૯૦,૭૨૫/- જેની સામે સભ્યો પાસે ધિરાણ બાકી રૂા. ૧૩,૨૧,૯૭૭/- જેથી બેંક લોન ચૂકવવામાં રૂા. ૨,૬૯,૭૪૮/- ની તૂટ હતી ઉપરાંત સભ્યો પાસે ધિરાણ બાકી પૈકી રૂા. ૧,૩૩,૪૦૦/- પૈકી માજી પ્રમુખે બીન-સભાસદ અને સભાસદોના નામે ખોટી રીતે ઉધારી દીધેલાં જે વસુલ આવે તેવું નથી. આ જોતાં બેન્ક લોનની સામે રૂા. ૪,૦૩,૧૪૮/-ની તૂટ પડે છે.

સ્ટોર્સ વિભાગમાં જેમાં વડોદરા જીલ્લા ખરીદ વેચાણ સંઘના રૂા. ૭૦,૬૩૫/- સામે માલ પેટે લેણાં રૂા. ૮૮૫૪૫/- અને અનામત રૂા. ૪૫,૦૦૦/- બાકીમાં હતા.

ઉચાપતમાં લોન રૂા. ૫૮,૨૧૭/- અને માલ સટોક રૂા. ૧૩,૮૨૦/- સંડોવાયેલ છે.

ઉપરોકત વિગતોને અનુલક્ષીને સંદર્ભ-૨(૧)થી નોટિસ આપી તા. ૯-૪-૯૦ના રોજ રજુઆત માટે રેકર્ટ પુરાવા સહ હાંજર રહેવા જણાવેલ ત્યારબાદ સંદર્ભ-૨(૨)ના પત્રથી તા. ૨૩-૪-૯૦ના રોજ સુનાવણી રાખેલ જે મુદતે પ્રમુખશ્રી વલીભાઇએ યોગ્ય જવાબ દિન-૭માં મોકલવા જણાવેલ શ્રી વલીભાઇએ તા. ૧-૫-૯૦ના પત્રથી રજુઆત પત્ર દ્વારા રજુ કરી, જેની વિગતો જોતાં ધિરાણ માટે કોઇ કાર્યવાહી કરેલ નથી. તે સ્પષ્ટ થાય છે. રોકડ માલ સ્ટોકની ઉચાપતની વસુલાત માટે કોઇ કાર્યવાહી કર્યાની સ્પષ્ટતા કે પુરાવા રજુ કરેલ નથી. માજી પ્રમુખે કરેલ ઉચાપતની રકમની વસુલાત માટે કોઇ કાર્યવાહી થયેલ નથી અને મંડળી તદ્દન સ્થગિત હોવાની વિગતો સંદર્ભ-૩ અને ૧ ની વિગતોને વિગતવાર જોતાં જણાઇ આવે છે સંદર્ભ-૨(૩) ના પત્રથી તા. ૨૧-૫-૯૦ના રોજ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવેલ જે મુદતે હાજર રહયા નથી ત્યારબાદ સંદર્ભ-૨(૪) ના પત્રથી તા. ૮-૮-૯૦ના રોજ હિસાબો અને જરૂરી માહિતી પુરાવા સહ હાજર રહેવા જણાવેલ આમ છતાં હાજર રહયા નથી.

આમ મંડળી સ્થગિત અવસ્થામાં છે તેમજ મંડળીનું શાસન એક હથ્થું હોવાનું ઉકત વિગતોથી સ્પષ્ટ થાય છે. ઉચાપત અને નાણાંકીય ગેરરિતીના પ્રસંગો પુરાવાર થતા હોવા છતાં મંડળીના કાર્યવાહકો નિષ્ક્રીય રહયા છે. તેમ સ્પષ્ટ થતું હોઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું બી. એ. લુહાર જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિયિમની કલમ-૮૧ અનુસાર સાંસરોદ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. સાંસરોદ તા. કરજણની વ્યવસ્થાપક સમિતિને પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દુર કરવાનો હુકમ કરૂં છું. અને મજકુર અધિનિયમની કલમ ૮૧(૧) (બ) અનુસાર સદર મંડળીનો વહીવટ કરવા માટે વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. વડોદરાની નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

INDEX

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક કમિટીના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હીતમાં તમામ કામગીરી આ કચેરીની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે મંડળીનો પ્રગતિ અહેવાલ અને માસિક હિસાબો દર માસે નિયમિત રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૨૩-૮-૯૦.

(બી. એસ. લુહાર)
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

ક્રમાંક નં. ઉખસ/નઘણ/સેદુ-૨૪૪૦૨/૦૧/ધ-૩/૫૧૪/૮૯. - જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. આથી જાહેર કરે છે કે, કલ્યાણકુઇ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કલ્યાણકુઇ તા. પાદરા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૮-૮-૯૦.

(સી. એમ. દલાલ)
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા

ક્રમાંક નં. નઘણ/ધ-૧૨૮૮૪/૦૧/ધ-૩/૪૮૯/૯૦. - જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. આથી જાહેર કરે છે કે, રીજન્ટ ટાવર્સ પ્રીમાઇસીસ ઓનર્સ કો. ઓપ. સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તા. વડોદરા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૧-૭-૯૦.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/જ-૧/૧૮૬૬/૮૯ તા. ૨૭-૧૦-૮૯.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાનો હુકમ ક્રમાંક : નબસ/૦૧/જ-૧/૬૧૬/૯૦ તા. ૨-૫-૯૦.

પ્રસ્તાવના :-

શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાના આમુખ-૧માં દર્શાવેલ તા. ૨૧-૧૦-૮૯ના હુકમથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૫(ક) અને ૧૦૮ અન્વયે સરદાર નાગરિક સહકારી બેંક લી. ઠે. અલંકાર એપાર્ટમેન્ટ, વિભાગ-૨ દાંડીયા બજાર, વડોદરાને ફડચામાં લઇ જવા અને બેંકના ફડચા અધિકારી તરીકે શ્રી જી. એમ. જોષી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (નાગરીક બેંક) વડોદરાની નિમણુંક કરવામાં આવેલ ત્યારબાદ સદર જગ્યા બંધ થતાં આમુખ-૨ના તા. ૨-૫-૯૦નાં હુકમથી શ્રી જોષીને બદલે શ્રી બી. એસ. પટેલ સહકારી અધિકારી (નાગરીક બેંક) ને મજકુર બેંકના ફડચા અધિકારી તરીકે નિમવામાં આવેલ આમુખ-૨ના હુકમમાં વહીવટી કારણોસર ફેરફારનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

-: હુકમ :-

ક્રમાંક નં. ફડચ/૦૧/ચ-૧/૧૧૩૦/૯૦. - હું બી. એ લુહાર જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૫(૬) અને ૧૦૮ અન્વયે પ્રાપ્ત સત્તાની રૂએ સરદાર નાગરીક સહકારી બેંક લી. ઠે. અલંકાર એપાર્ટમેન્ટ વિભાગ-૨ દાંડીયા બજાર વડોદરાના ફડચા અધિકારી તરીકે શ્રી બી. એસ. પટેલ સહકારી અધિકારી (દુધ)ને બદલે શ્રી એમ. આર. પરમાર સહકારી અધિકારી (ફડચા) નં-૨ વડોદરાની નિમણુંક કરૂંછું ફડચાની કામગીરી માટે એક વર્ષની મુદત આપવામાં આવેલ છે અને જરૂર જણાયે વખતો વખત લંબાવી શકાશે.

વડોદરા, તા. ૧૩-૮-૯૦.

વંચાણે લીધા :-

(૧) અત્રેના તા. ૯-૭-૯૦ના પત્ર ક્રમાંક : વહટ/૦૧/ચ-૧/૯૯૧થી આપેલ કારણદર્શક નોટિસ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના :-

ધી ડભાસા મુજપુર કૃષિ સેવા સહકારી મંડળી લી. ડભાસા તા. પાદરાએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સંસ્થા છે. (જેનો હવે પછી મંડળી તરીકેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.)

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી. સયાજીગંજ વડોદરાના તા. ૨-૩-૮૯ના પત્ર નં. ૯૮૨૩થી સદર મંડળી વહીવટી કાયદાકીય કામગીરી થતી ન હોવાના કારણો જણાવી મંડળીમાં વહીવટદાર નીમવા રજુઆત કરેલ સંદર્ભ-૧ માં દર્શાવેલ અત્રેના તા. ૯-૭-૯૦ના પત્રથી મુદ્દા નં. ૧ થી ૧૧ ની વિગતે કારણો રજૂ કરવા મંડળીની વ્યવસ્થાપક સમિતિને કારણદર્શક નોટીસ આપી કરેલ કાર્યવાહીના આધાર પુરાવા સહીત તા. ૩૦-૭-૯૦ના રોજ આ કચેરીએ હાજર રહી રજૂઆત કરવા તક આપવામાં આવેલ મંડળી તરફે (૧) પ્રમુખ શ્રી રણજીતસિંહ બાવા સાહેબ ઠાકોર - કમીટી સભ્યો (૨) નટવરસિહ જીવાભાઇ પઢીયાર (૩) વખતસિંહ પ્રતાપસિંહ પઢીયાર (૪) પુંજાભાઇ રણછોડભાઇ પટેલ તથા સેક્રેટરી શ્રી કિરણભાઇ ચીમનભાઇ શાહ એ તા. ૩૦-૭-૯૦ના રોજ અત્રેની કચેરીએ હાજર રહી ઉકત કારણદર્શક નોટીસના સંદર્ભમાં મંડળીમાં વહીવટદાર નીમવા બાબતમાં ઉકત તમામ હોદ્દેદારો સંમત થયા હોઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

હું બી. એ. લુહાર જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૮૧ હેઠળ પ્રાપ્ત સત્તાની રૂએ ધી ડભાસા મુજપુર કૃષિ સેવા સહકારી મંડળી લી. ડભાસા તા. પાદરા જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને પ્રાથમિક તબક્કે વહીવટદાર મંડળીનો વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દુર કરવાનો હુકમ કરૂં છું. અને મજકુર અધિનિયમની કલમ ૮૧(૧) (બ) અન્વયે મંડળીનો વહીવટ કરવા માટે વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લી. સંયાજીગંજ વડોદરાની નીચે જણાવેલ કારણોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ, વહીવટદારનો મુસાફરી ખર્ચ તેઓને રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી આપવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હીતમાં તમામ કામગીરી વખતો વખત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાની દેખરેખ અને સલાહ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારના મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫/- નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારે દર માસે મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો આ કાર્યાલયે નિયમિત મોકલવાના રહેશે.

વડોદરા, તા. ૩૧-૭-૯૦.

વંચાણે લીધા

(૧) અત્રેના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ચ-૧/૪૮૯ તા. ૧૯-૩-૯૦ ફડચાનો વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના :-

ધી રામનાથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. રામનાથ તા. વડોદરા જી. વડોદરાનું વૈધાનિક ઓડીટ, સબ ઓડીટર સહકારી મંડળીઓ વડોદરા-(૪) તરફથી તા.૧-૭-૮૭ થી તા. ૩૦-૬-૮૯ ના સમયનું હાથ ધરાતા મંડળી સ્થગિત અવસ્થામાં હોવાથી મંડળીની વ્ય. સમિતિ સભ્યે મુદતવીતી બાકીદાર હોવાથી વસુલાતની કામગીરી કરવી નથી. સરકારશ્રીની દેવા મુકિત લોન ભરપાઇ કરેલ નથી, દુરસ્તી રીપોર્ટસ મંડળી તરફથી રજુ થતા નથી, છેલ્લા સાત વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' આવેલ છે. તેવું જણાઇ આવતાં સહકારી કાયદાની કલમ-૧૦૭(ક) અન્વયે સંદર્ભ-૧થી મંડળીને ફડચામાં લઇ જવા વચગાળાનો આદેશ આપવામાં આવેલ અને આ હુકમ બાબતે એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી આપેલ મુદતમાં કોઇ રજુઆત આવેલ ન હતી આમ છતાં ન્યાયીક કમિટીએ અત્રેના તા. ૧૩-૭-૯૦ના પત્રથી મંડળીની વ્યવસ્થાપક સમિતિને રજુઆત માટે તક આપી તા. ૩૧-૭-૯૦ના રોજ અત્રેની કચેરીએ હાજર રહેવા મુદત આપવામાં આવેલ.

મંડળીના પ્રમુખશ્રી અન્ય ત્રણ કમિટી સભ્યો તથા મંત્રીશ્રીએ મંડળીની પેટા સભાનો તા. ૨૯-૭-૯૦નો ઠરાવ રજુ કરી મંડળીને ફડચામાં ન લઇ જતાં ચાલુ રાખવા વિનંતી કરી રજુ કરેલ તા. ૩૦-૬-૯૦ના સરવૈયાની વિગતો જોતાં રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી કારણકે મંડળીની સ્થિતિ ઘણીજ કથળી ગયેલ છે.

આમ તમામ બાબતો સામાજિક રીતે જોતાં મંડળીને ફડચામાં લઇ જવું જ ઉચિત અને યોગ્ય જણાતાં તા. ૧૯-૩-૯૦નો ફડચાનો વચગાળાનો આદેશ કાયમ કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

ક્રમાંક:ફડચ/૦૧/ચ-૧/ફ-૧૮૯૧/૧૧૦૪/૯૦. - ધી રામનાથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. રામનાથ તા. વડોદરા જી. વડોદરા જે તા. ૨૧-૪-૫૫ના નોંધણી ક્રમાંક : સે-૧૧૭૨૫થી નોંધવામાં આવી હતી. મંડળીને ફડચામાં લઇ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરી ક્રમાંક તથા તારીખથી કરેલ છે (ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (ક) અનુસાર વચગાળાના આદેશ અને આદેશની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવી હતી મંડળી તરફથી તા. ૨૯-૭-૯૦ની પેટા-સભાના ઠરાવ સહ તા. ૩૧-૭-૯૦ના રોજ રજુઆત કરવામાં આવી મંડળીની આર્થિક સ્થિતિ જોતાં રજુઆત ગ્રાહય રાખવામાં આવતી નથી સબબ સદરહુ અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે વચગાળાનો આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૮-૮-૯૦.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ચ-૧/૫૮૫/૯૦ તા. ૧૬-૪-૯૦ ફડચાનો વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭.

પ્રસ્તાવના :-

ક્રમાંક : ફડચ/૦૧/ચ-૧/૧૧૧૨/૯૦ - ધી નમીસરા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. નમીસરા તા. સાવલી જી. વડોદરાનું સહકારી કાયદાની કલમ-૮૪ હેઠળ સને ૧૯૮૮-૮૯નું ઓડીટ હાથ ધરાતાં એવું જાણવા મળેલ કે સદરહુ મંડળીની નોંધણી થઇ ત્યારથી એટલે કે તા. ૫-૫-૮૫થી મંડળીએ તેના પેટા નિયમ મુજબ કોઇ કામગીરી હાથ ધરેલ નહીં અને મંડળીમાં સભાસદો અને કમિટી સભ્યોને પુરતો રસ ન હોવાથી છેલ્લા ત્રણ વર્ષથી મંડળી ખોટમાં જતી હોઇ તેનો ઓડીટ વર્ગ પણ 'ડ' ચાલે છે. મંડળીની તા. ૨૬-૫-૮૯ની પેટા-સભાના ઠરાવ નં. ૩થી મંડળીને ફડચામાં લઇ જવા ઠરાવ થયેલ ઉપરોકત તમામ સંજોગોને ધ્યાને લેતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(ક)

અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો ઉપરોકત સંદર્ભ-૧થી ફડચાનો હુકમ કરવામાં આવેલ આ કામે મંડળી તરફથી તા.૭-૧-૯૦ના રોજ કરવામાં આવેલો ઠરાવ અને તા. ૨૬-૫-૮૯નો ઠરાવ મંડળીની સાધારણ સભાએ રદ કર્યો છે. જેના કારણમાં જણાવેલ છે કે નવા વર્ષે ગુજરાત સરકારે તથા કેન્દ્ર સરકારે તમાકુ પકવતા ખેડુતોના હિતમાં નવી નીતી જાહેર કરી છે જેથી ભવિષ્યમાં ફેડરેશન ખરીદી કરે તે માટે મંડળીને ચાલુ રાખવી જરૂરી છે તેવી માંગણી અને રજૂઆત મંડળીના પ્રમુખશ્રી તરફથી અત્રે કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ વિગતોને ધ્યાનમાં લેતાં સરકારશ્રીની હાલની ફેરફાર થયેલ નીતી અનુસંધાને અને અન્ય વાપણ મંડળી જો કાર્યરત થતી હોય તો સહકારી પ્રવૃત્તિના વિકાસમાં જરૂરી સમજાય છે અને તેથી સદરહુ સંસ્થાને વધુ એક મોકો આપવામાં આવે તો વાધાં સરખું જણાતું નથી જેથી અત્રેથી કાઢવામાં આવેલ ફડચાનો હુકમ ત્રણ માસ માટે મોકુફ રાખવામાં આવે છે અને મંડળી ફરીથી કાર્યરત થાય તે માટે તક આપવામાં આવે છે અને તેને અત્રેના અવલોકનમાં રાખવામાં આવે છે અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું બી. એ. લુહાર જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ પ્રાપ્ત સત્તાની રૂએ નમીસરા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. નમીસરા તા. સાવલીને ફડચામાં લઈ જતા વચગાળાનો હુકમ હાલ પુરતો મોકુફ રાખવાનો હુકમ કરૂં છું.

વડોદરા, તા. ૮-૮-૯૦.

વંચાણે લીધા :-

(૧) અત્રેના તા. ૨-૬-૯૦ના પત્રાંક : વહટ/૦૧/ચ-૧/૮૬૪ થી આપેલ કારણદર્શક નોટિસ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :-

ક્રમાંક : ફડચ/૦૧/ચ-૧/૧૧૧૮/૯૦. - ધી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. ઈંટોલા તા. વડોદરા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૭૦૧૭ તા. ૧૩-૫-૧૯૧૩ છે. જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

શ્રી સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ (૪) વડોદરા તરફથી ઉકત મંડળીનું તા. ૧-૭-૮૭ થી ૩૦-૬-૮૮નું ઓડીટ હાથ ધરવામાં આવેલ અને ઓડીટ દરમ્યાન જણાઈ આવેલ વહીવટી ક્ષતિઓના કારણો હેઠળ વ્યવસ્થાપક સમિતિને બરતરફ કરી વહીવટદાર નિમવા દરખાસ્ત રજુ થયેલ, જેના અનુસંધાને મંડળીના કાર્યવાહકોને સંદર્ભ-૧થી કારણદર્શક નોટિસ આપી રજુઆત કરવાની તક આપવામાં આવેલ જેના મુદ્દા નીચે મુજબ છે.

(૧) મંડલીના સને ૧૯૮૬-૮૭ના વર્ષની ઓડીટ નોંધમાં ઓડીટરશ્રીએ જણાવેલ ક્ષતિઓની મંડળીએ દુરસ્તી કરી દુરસ્તી રીપોર્ટ મોકલવામાં આવેલ નથી. ઓડીટશ્રીએ કરેલ સુચનોનું પાલન કરવામાં આવતા નથી. સને ૧૯૮૬-૮૭ ના વર્ષની ખામીઓ સને ૧૯૮૭-૮૮ના ઓડીટ વખતે ચાલુ જ છે તેથી પેટા નિયમ ૪૪(૨૨) તથા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૫નોં ભંગ થયો છે.

ક્રમાંક સામા/૨૪૯૭/૯૦.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી સેખલીયા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ મોટા સેખલીયા તાલુકો ખેડબ્રહ્મા જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૩૦-૭-૧૯૯૦.

ક્રમાંક સામા/૨૪૯૬/૯૦.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી વાત્રક જલાગાર મત્સ્ય ઉછેર ઉત્પા. સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ માલપુર તાલુકો માલપુર જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૩૦-૭-૧૯૯૦.

ક્રમાંક ખે/૨૯૬૪/૯૦.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી છીકારી પિયત સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ છીકારી તાલુકો મેઘરજ જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૧૧-૯-૧૯૯૦.

INDEX

ક્રમાંક ઉ/૯૪૪૯/૯૦.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી જયસવગુણ ગૃપ હાથવણાટ વણકર સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ વાઘરોટા તાલુકો પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૧૧-૯-૧૯૯૦.

ક્રમાંક ઉ/૯૪૪૮/૯૦.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી ભાવપુર વણકર ઔદ્યોગિક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ ભાવપુર તાલુકો હિંમતનગર જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૧૧-૯-૧૯૯૦.

ક્રમાંક સે/૨૫૧૨૯/૯૦.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી સરદાર વલ્લભભાઈ પટેલ રીજીયોનલ ઓઈલ સીડઝ ગ્રોઅર્સ કો. ઓ. યુનીયન કર્મ. ઘિનેગ્રા સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ ઈડર તાલુકો ઈડર જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૧૧-૯-૧૯૯૦.

ક્રમાંક ખે/૨૯૬૩/૯૦.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી બાદરપુરા પિયત સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ બાદરપુરા તાલુકો બાયડ જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૧૧-૯-૧૯૯૦.

(આર. જે. બારભાયા)
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ સા. કાં. જિ. પં.
હીંમતનગર વતી.

જા. નં. જિ. પં. સહકાર/વહટ/ધ. ૧૨૨૦૭/૯૦.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે વૃંદાવન કો.-ઓ. હાઉસીંગ સોસાયટી લી. મુ. પનીયારી તાલુકો વ્યારા જિલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૧-૬-૧૯૯૦.

જા. નં. જિ. પં. સહકાર/વહટ/સે. ૨૨૭૩૦/૯૦.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે આર. પી. એલ. એમ્પ્લોયઝ કો.-ઓ. કન્ઝુમર્સ સોસાયટી લી. મુ. તા. જિલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૬-૭-૧૯૯૦.

જા. નં. જિ. પં. સહકાર/વહટ/ઉ. ૯૫૬૭/૯૦.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે દક્ષિણ સોનગઢ વિભાગ વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. સોનગઢ તાલુકો સોનગઢ જિલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૪-૫-૧૯૯૦.

જા. નં. જિ. પં. સહકાર/વહટ/ખે. ૩૨૩૭/૯૦.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે કાદીઆ વિભાગ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી. મુ. કાદીઆ તાલુકો મહુવા જિલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૭-૯-૧૯૯૦.

નોંધણી ક્રમાંક : ઉ. ૯૫૬૮/૯૦.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે નિઝર તાલુકા સર્વાંગી વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. બારકપુર તાલુકો નિઝર જિલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૬-૭-૧૯૯૦.

નોંધણી ક્રમાંક : ઉ. ૯૫૭૧/૯૦.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે નવરત્ન મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. નિઝર તાલુકો નિઝર જિલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૭-૮-૧૯૯૦.

INDEX

નોંધણી ક્રમાંક : ભ. ૩૮૦૯/૯૦.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે નવી ભીલ ભવાલી વિભાગ ગ્રાહક સહકારી મંડળી લી. મુ. ભીલ ભવાલી તાલુકો નિઝર જિલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩૧-૮-૧૯૯૦.

નોંધણી ક્રમાંક : ધ. ૧૨૨૦૮/૯૦.– મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે ધી કોઠવા કો.-ઓ. હાઉસીંગ સોસાયટી લી. મુ. કોઠવા તાલુકો માંગરોલ જિલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩૧-૮-૧૯૯૦.

(કે. એમ. વ્યાસ)
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સ. મં. જિ. પં. સુરત.

INDEX

REGISTERED No. G-BA—14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

(PUBLISHED BY AUTHORITY)

Vol. XLI] THURSDAY, NOVEMBER 23, 2000 / AGRAHAYANA 2, 1922 [No. 47

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	2670-2685
Part I-A	Orders and Notifications (Other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	48
Part	I-B—Government Notifications published under Land Acquisition Act only.	524-531
Part-I-L	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	6893-7161

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ કરફ્યુ હુકમ નંબર ઉ / ગપક / ૫૦૫ / ૨૦૦૦,તારીખ ૧૭ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજના કાઢેલ કરફ્યુમાં છુટછાટ :—

નંબર ઉ / ગપક / વિ. શા. / ૫૧૭/૨૦૦૦.— અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમથી દરીયાપુર પો. સ્ટે. વિસ્તારમાં તંગ પરિસ્થિતીના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતાં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે પગલાં લીધેલ, તે-- વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજવસ્તુઓ મેળવી શકે તે માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનો મને ઈસ્ટ જણાય છે.

INDEX

જેથી હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશ્નર, આમદાવા શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મેં જાહેર કરેલા કરફ્યુ હુકમ નંબર ઉ / ગપક / ૫૦૫/ ૨૦૦૦, તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૦થી દરીયાપુર. પોસ્ટે. વિસ્તારમાં સામે જણાવેલ સમય દરમિયાન તમામ માટે કરફ્યુ અમલમાં છુટછાટ આપવાનુ ફરમાવું છું.

	છુટછાટનો સમય— તારીખ
વિસ્તાર : દરીયાપુર પોલીસ સ્ટેશન-વિસ્તારમાં હાલમાં કરફ્યુ અમલમાં છે તે તમામ-- કરફ્યુગ્રસ્ત વિસ્તાર.	તારીખ ૨૭--૯--૨૦૦૦ સ.ક. ૬-૦૦ થી રા. ક. ૨૩-૦૦ સુધી.

નોંધ :— દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તમામ માટે કરફ્યુ અમલમાં છુટછાટ આપવામાં આવી છે.

આજ તારીખ ૨૬ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ :—

નંબર ઉ / ગપક / વિ. શા. / ૫૧૯/૨૦૦૦.— તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ પોલીસ કમિશ્નર આમદાવાદ શહેરની હકૂમત હેઠળના વિસ્તાર પૈકી આમદાવાદ મ્યુ. કોર્પોરેશન તથા આમદાવાદ જિલ્લા અને તાલુકા પંચાયત તેમજ ૭૪, શહેરકોટડા વિધાનસભા મત વિભાગની પેટા ચૂંટણીની મત ગણતરી વખતે જુદાં જુદાં પક્ષો ના લોકો આ મત ગણતરીની જગ્યાએ એકઠા થાય તે વખતે એક- બીજા પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની તથા અશાંત વાતાવરણ પેદા થવાની અને લોકોની સુલેહ શાંતી જોખમાય તેવી સંભાવના છે. જેથી નીચે જણાવેલ વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાંડે, પોલીસ કમિશ્નર, આમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના કલાક ૭--૩૦ થી મત ગણતરી પૂરી ન થાય ત્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં. કોઈ સુત્રોચ્ચાર કરવા નહીં માઈક વગાડવું નહીં. તેમજ લાગણી દૂભાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં. અને મત ગણતરી સ્થાને બીન અધિકૃત માણસોએ પ્રવેશવું નહીં.

વિસ્તાર :— આમદાવાદ શહેરમાં આવેલ.

(૧) નવરંગપુરા એલ. ડી. એન્જીનીયરીંગ કોલેજ.
(૨) નવરંગપુરા પોલીટેકનીક કોલેજ.

(૩) એલીસબ્રીજ ગુજરાત લો કોલેજનો કંપાઉન્ડ તથા આજુ બાજુનો ૧૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ. :— આ હુકમ જે માણસ સરકારી કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના ૪૫ માં અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬ માહે સપ્ટેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યાં.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૬ (ગ) (ઘ) મુજબ :

નંબર ઉગપક / વિ. શા. / ૫૨૩ / ૨૦૦૦— પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં દરીયાપુર વોર્ડ નંબર ૩ મા થનાર ફેર મતદાનની ચૂટણી અંગે નિયુકત કરેલ મતદાન મથકોએ તારીખ ૧૭ મી ઓકટોબર. ૨૦૦૦ ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામા મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સભવ છે, જે સ્થળોએ મતદાન થનાર છે. તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમા તારીખ ૧૭ મી ઓકટોબર, ૨૦૦૦ ના રોજ અડચણ થતી અટકાવવા પગલા લેવા જરૂરી છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના અધિનિયમની કલમ ૩૬ (ગ) (ઘ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સરઘસ ચુંટણી મતાધિકાર આપનાર તામામ મતદારોએ—

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશસ્થાન પાસે એક લાઈનમા ઉભા રહેવું અને જો સ્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમ તેણી ઉભી રહેશે,

(૨) મતદારે મતદાન મથકમા અનુક્રમ મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું,

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારોમાથી ચાલ્યા જવું આ હુકમ તારીખ ૧૭ મી ઓકટોબર ૨૦૦૦ ના દિવસ માટે અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર :—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તાર પૈકી દરીયાપુર વોર્ડ નં ૩ માં થનાર ફેર મતદાનની ચુંટણી થનાર વિસ્તાર.

આજ તારીખ ૧૬ મી ઓકટોબર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબ :

નંબર ઉ / ગપક / વિ. શા. / ૫૨૪/૨૦૦૦.— તારીખ ૧૯મી- ઓકટાબર, ૨૦૦૦ ના રોજ પોલીસ કમિશ્નર, આમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તાર પૈકી આમદાવાદ મ્યુ. કોર્પોરેશન, દરીયાપુર

INDEX

વોર્ડ નં. ૩ ના ફેરમતદાનની ચુંટણીની મતગણતરી વખતે જુદા જુદા પક્ષીના લોકો આ મત ગણતરીની જગ્યાએ એકઠા થાય તે વખતે એકબીજા પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની તથા અશાંત વાતાવરણ પેદા થવાની અને લોકોની સુલેહશાંતિ જોખમાય તેવી સંભાવના છે., જેથી નીચે જણાવેલ વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાંડે, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૬(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ૧૯ મી ઓક્ટોબર, ૨૦૦૦ ના ક્લાક ૦૯--૦૦ થી મતગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં, કાઈ સુત્રોચ્ચાર કરવા નહીં. માઈક વગાડવું નહીં તેમજ લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહીં. અને મતગણતરી સ્થાને બીન અધિકૃત માણસોએ પ્રવેશવું નહીં.

વિસ્તાર :—અમદાવાદ શહેરમાં આવેલ સીવીલ ડ્રોઈંગ હોલ, એલ. ડી. એન્જી. કોલેજ કમ્પાઉન્ડ તથા આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર,

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી કામગીરીમાં હોય તેમ જ હોમગાર્ડઝ, જેઓ ફરજ ઉપર હોય તેઓ ને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭ મી માહે ઓક્ટોબર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યા.

———

જાહેરનામુ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) મુજબનો.

નંબર /ઉ/ગ૫ક/વિ. શા. /૫૨૫/૨૦૦૦.—અમદાવાદ શહેરની પરિસ્થિતી લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર, હકુમત નીચેના વિસ્તારોમાં બનતા ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાંડે, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારો માં તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૦ થી ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર, તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈપણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી આણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો, અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો, અથવા સાધનો, લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલો કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ, તૈયાર કરવાની દેખાડવાની, અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની,

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપર અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવાં કે સંગીન, વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી માંગેલ હોય તો તેવી વ્યકિતઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ નંબર-૪૫ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫ માહે ઓક્ટોબર સને ૨૦૦૦ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યા.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૩) મુજબનો.

નંબર/ઉ/ગપક/વિ. શા. /૫૨૬/૨૦૦૦.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર, હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હુ પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨મા અધિનિયમની કલમ-૩૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી નવેમ્બર ૨૦૦૦ કલાક ૦/૦થી ૧૫મી નવેમ્બર ૨૦૦૦ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરી માં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૦૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ, તારીખ ૨૫મી ઓક્ટોબર ૨૦૦૦ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યા.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૮૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિ શા / ૫૨૧ / ૨૦૦૦.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું બી. જે. ગઢવી, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છં કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી ઓક્ટોબર ૨૦૦૦ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓક્ટોબર ૨૦૦૦ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં

વિસ્તાર :—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમા હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ, તારીખ ૧૨મી ઓક્ટોબર ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ. શા. / ૫૨૨ / ૨૦૦૦.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હકુમતના વિસ્તારમાં દરિયાપુર વોર્ડ નંબર-,૩, માં થનાર ફેરમતદાનની ચુંટણી અંગે તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૦ ના રોજ મતદાન થનાર છે. અને ચુંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હુ બી. જે. ગઢવી, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૦ ના કલાક ૧૭-૦૦ થી તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૦ ના કલાક ૨૦-૦૦ વાગ્યા સુધી દરિયાપુર વોર્ડ નં ૩ માં થનાર ફેરમતદાનના ચુંટણી દરમિયાન કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી મતદાન મથકથી ૧૦૦ મીટર વિસ્તારના અંદર ચુંટણી અંગે પ્રચાર કરવો નહી કે ચિન્હો રાખવા નહી.

વિસ્તાર :—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હકુમત હેઠળના વિસ્તાર પૈકી દરિયાપુર વોર્ડ નં. ૩ માં થનાર ફેરમતદાનની ચુંટણીનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો :—આ વિસ્તારના રસ્તાઓના ફૂટપાથો ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ મરણોત્તર તથા લગ્નના વરઘોડાને તેમજ જે સરઘસ અને સભા માટે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમ નં. ૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ, તારીખ ૧૨મી ઓક્ટોબર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

બી. જે. ગઢવી,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

INDEX

જાહેરનામું

પોલીસ આધિનિયમ સને (૧૯૫૧) મુંબઈની કલમ-૩૩ ની પેટા કલમ-૧-બાં હેઠળનું.

ક્રમાંક જાહેરનામું / ઉગ નક/ટફક/નરસિંહજીનો વરઘોડો / ૧૯૨૬ / ૨૦૦૦.—વડોદરા શહેરમાં દરવર્ષે ની જેમ આ વર્ષે નરસિંહ ભગવાનનો વરઘોડો તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૦ નાં રોજ કલાક ૧૭-૦૦ થી નીકળી તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૦ નાં કલાક ૦૭-૦૦ વાગે મંદિર પરત આવતો હોઈ અને જાર જનતાની સલામતિ તેમજ ટ્રાફિક નિયમનની સરળતા જળવાઈ રહે તે હેતુથી આ જાહેરનામું તાત્કાલિક બહાર પાડવાની જરૂર હોવાથી હું જે. મહાપાત્ર (આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧) નાં ૨૨ માંની કલમ-૩૩ (૧) બી. સી. બી. સી. થી મળેલ સત્તાની રૂએ તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૦ નાં કલાક ૧૪-૦૦ થી તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૦નાં સવારના કલાક ૦૭-૦૦ સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરું છું.

જાહેરનામાની વિગતો

(૧) તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૦ નાં કલાક ૧૪-૦૦ થી ૨૪-૦૦ સુધી તથા તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૦ નાં કલાક ૦૭-૦૦ સુધી માંડવી ચારે દરવાજાના અંદરનો ભાગ તથા માંડવીથી બેન્ક રોડ થઈ ચાંપાનેર દરવાજા, યાકુતપુરા નાકા થઈ અડાણીયા પુલ થઈ ફતેપુરા ચાર રસ્તા, રાજમરાજ હોટલ થઈ, ભાંઈવાડા, રાજીવનગર થઈ તુલસી મંદિર સુધી બન્ને સાઈડને "નો-પાર્કીંગ" ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે. અને આ વિસ્તારમાં નરસિંહજી ભગવાનનાં વરઘોડામાં બંદોબસ્તમાં પોલીસનાં વાહનો તથા અન્ય સેવામાં જોડાયેલાં વાહનો પ્રવેશી શકશે. અને બીજા કોઈપણ વાહનો પ્રવેશી શકશે નહીં.

(૨) તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૦ નાં કલાક ૧૪-૦૦ થી ૨૪-૦૦ સુધી તથા તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૦ નાં કલાક ૦૦-૦૦ થી કલાક ૦૭-૦૦ સુધી આર્યુવેદિક ચાર રસ્તાથી પાણીગેટ પોલીસ સ્ટેશન થઈ માંડવી તરફ તથા સંગમ ચાર રસ્તાથી માંડવી તરફનો ટ્રાફિક તથા નાની શાકમાર્કેટથી ગેંડીગેટ થઈ માંડવી આવતો ટ્રાફિક તથા લહેરીપુરા દરવાજાથી માંડવી તરફ ઉપરોક્ત સમયે કોઈપણ પ્રકારનાં વાહનો પ્રવેશી શકશે નહીં.

જાહેર જનતા માટે નીચે જણાવેલ રસ્તાઓ અવરજવર માટે ખુલ્લા રાખવામાં આવેલ છે.

(૧) પાણીગેટથી શહેર તરફ આવતા વાહનો માટે આર્યુવેદિકથી ગાજરાવાડી, પાણીના ટાંકે થઈ વિહાર સિનેમા થઈ ગંગોત્રી એપાર્ટમેન્ટ થઈ જે તમામ રસ્તો વાહનોની અવરજવર માટે ખુલ્લો રહેશે.

(૨) સંગમ ચાર રસ્તાથી વારસીયા થઈ પાણીગેટ જવાનો તમામ રસ્તો વાહનોની અવર જવર માટે ખુલ્લો રહેશે. તેવીજ રીતે સંગમ ચાર રસ્તાથી મુક્તાનંદ ત્રણ રસ્તા થઈ ઉત્કર્ષ સર્કલ ફતેગંજ સર્કલ થઈ શાસ્ત્રીબ્રીજનો તમામ રસ્તો ખુલ્લો રહેશે. તેવી જ રીતે સાવલી રોડ અને હાલોલ રોડથી આવતો ટ્રાફિક સંગમ ચાર રસ્તા સુધી આવી શકશે જે વારસીયા રીંગરોડ તથા મુક્તાનંદ ત્રણ રસ્તા થઈ જે તે તરફ જઈ શકશે.

(૩) રાવપુરા રોડથી જે ટ્રાફિક ન્યાયમંદિર માંડવી તરફ આવા શકશે નહીં. જે લહેરીપુરાથી ન્યુ રોડ થઈ બરાનપુરા થઈ નાની શાકમાર્કેટ થઈ જે તે તરફ જઈ શકશે.

(૪) એસ. ટી. બસો માટેનું વ્યવસ્થા સારું ડભોઈ તરફથી આવતી બસો પ્રતાપનગર બ્રીજ થઈ નાની શાકમાર્કેટ તરફ આવી શકશે નહીં. જેના બદલે પ્રતાપનગર બ્રીજ થઈ મકરપુરા પોલીસ સ્ટેશન થઈ લાલબાગ ફાટક થઈ શહેર તરફ આવી શકશે.

(૫) વાઘોડીયા તથા આજવા રોડથી જે ગ્રામ્ય વિસ્તારની બસો શહેર તરફ આવી શકશે નહીં. જે બાપેદ જકાતનાકા થઈ મહાવીર હોલ ચાર રસ્તા થઈ સરદાર એસ્ટેટ થઈ વી.આઈ.પી. રોડ થઈ માણેકપાર્ક ચાર રસ્તા થઈ ઉત્કર્ષ સર્કલ થઈ સ્ટેશન તરફ જઈ શકશે.

(૬) શહેર સીટીની એસ. ટી. ડેપોમાંથી ઉપડતી બસો જેવી કે માંડવી વાયા ટાવર ન્યાયમંદિર, પાણીગેટની બસો ઉપરોક્ત સમયમાં પ્રવેશી શકશે નહીં. તેના બદલે સ્ટેશનથી કાળાઘોડા થઈ નરહરી સર્કલ થઈ બુદ્ધ ઓફીસ, ઉત્કર્ષ સર્કલ થઈ મુક્તાનંદ ત્રણ રસ્તા થઈ સંગમ ચાર રસ્તા થઈ વારસીયા રીંગ રોડ થઈ પાણીગેટ તરફ આવી શકશે. અને તે જ રૂટ ઉપરથી પરત સ્ટેશન તરફ જઈ શકાશે.

(૭) શહેર સીટી એસ. ટી. ડેપોમાંથી જે મકરપુરાની બસો વાયા ટાવર, ન્યાયમંદિર, ચોખંડી ચાર રસ્તા થઈ જાય છે. તે ઉપરોક્ત સમયમાં જઈ શકશે નહીં. જે કાળાઘોડાથી જેલરોડ થઈ રાજમહેલ મેનગેટ થઈ લાલબાગ ફાટક થઈ, તરસાલી મકરપુરા તરફ જઈ શકશે.

મેં, આજરોજ તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જે. મહાપાત્રા,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટફક/૩૦૪૯/૨૦૦૦.—સુરત શહેરમાં રૂવાળા ટેકરા ચાર રસ્તા કૃષ્ણ ચોક તરફથી આવતા દરેક પ્રકારના વાહનો પીરછડીના નાકે આવેલ અલ્લાયાની વાડીના નાકેથી પ્રવેશ કરશે અને મેઈન રોડ ઉપર આવેલ મસ્કતી હોસ્પીટલની ગલીમાંથી મેઈન રોડ ઉપર નીકળશે પ્રવેશનું બોર્ડ અલ્લાયાની વાડી ઘ. નં. ૫/૬૦ ની બાજુમાં રહેશે અને પ્રવેશ બંધનો બોર્ડ ઘરનં. ૪/૧૫૮ થી બાજુમાં રહેશે. આથી આ માર્ગ એક માર્ગીય જાહેર કરતું પ્રાથમિક જાહેરનામું જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સુરતનાઓએ તેઓની કચેરીનાં જાહેરનામાં ક્રમાંક પી ઓ એલ તારીખ ૧લી જૂન ૧૯૭૨ થી જાહેર જનતાની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવેલ આ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ ની મુદતમાં જે કોઈને વાંધા સૂચનો હોય તો તે મોકલવાં જણાવવામાં આવેલ છે જે આપેલ મુદતમાં કોઈ વાંધા સૂચનો મળ્યા નથી સબબ નીચે મુજબનું આખરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જાહેરનામું

આથી હું કે.એન. શર્મા (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેરને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી થી મળેલ અધિકારની રૂએ રૂવાળા ટેકરા ચાર રસ્તા

INDEX

(કૃષ્ણ ચોક) તરફથી આવતા દરેક પ્રકારના વાહનો પીરછડીના નાકે આવેલ અલ્લાયાની વાડીના નાકેથી પ્રવેશ કરશે અને મેઈન રોડ ઉપર આવેલ મસ્કતી હોસ્પીટલની ગલીમાંથી મેઈન રોડ ઉપર નિકળશે પ્રવેશનું બોર્ડ અલ્લાયાની વાડી ઘ નં. ૪/૬૦ ની બાજુમાં રહેશે પ્રવેશ બંધનું બોર્ડ ઘ. નં. ૪/૧૫૮ ની બાજુમાં રહેશે.

ઉપરોકત જણાવેલ જગ્યાઓએ જરૂરી ચેતવણી આપતા સાઈન બોર્ડ સુરત મહાનગર પાલિકાંએ મુકવા.

આજરોજ, તારીખ ૨૩મી ઓકટોબર ૨૦૦૦ નારોજ મારી સહી સિકકા કર્યા છે.

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટફક/૩૦૫૦ / ૨૦૦૦.—સુરત શહેરમાં ભાગળથી ચોક સુધીના મેઈનરોડ ઉપર ચોક બજાર ટ્રાફિક પોઈન્ટ તરફ જતા વાહનોને (ભારે વાહનો સિવાયના) ચોકબજાર સીંધીવાડની સામેની કમાલ ગલી તરફથી સરદાર વલ્લભભાઈપટેલ મ્યુનિસિપલ મ્યુઝીયમ રોડથી લાલા લજપતરાય બાગ પાસેથી ગાંધીબાગ મકકાઈ પુલ તરફના માર્ગો પ્રવેશ (એન્ટ્રી) થવા દેવા અને ગાંધીબાગ ટ્રાફિક પોઈન્ટથી લાલા લજપતરાય બાગ અને સોરાબજી જે. જે. ટ્રેનિંગ કોલેજ વચ્ચેથી પસાર થતા માર્ગ ઉપર ગાંધીબાગ ટ્રાફિક પોઈન્ટથી વાહનોને જવા માટે પ્રતિબંધ (નો-એન્ટ્રી) મુકવા સંબંધિનું પ્રાથમિક જાહેરનામું અત્રેના ક્રમાંક ઉ/ગપક/ટફક/કમાલગલી/૮૩, તારીખ ૧૧મી મે, ૧૯૩૩થી જાહેર જનતાની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ ની મુદતમાં જે કોઈને વાંધા સૂચનો હોય તે મોકલવા જણાવવામાં આવેલ, જે આપેલ મુદતમાં કોઈ વાંધાસુચનો મળેલ નથી. સબબ નીચે મુજબનું આખરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જાહેરનામું

આથી હુ કે. એન. શર્મા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેરને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩-(૧) બી થી મળેલ અધિકારની રૂએ સુરત શહેરમાં આવેલ ભાગળથી ચોક સુધીના મેઈનરોડ ઉપર ચોક બજાર ટ્રાફિક પોઈન્ટ તરફ જતા વાહનોને (ભારે વાહનો સિવાયનાં) ચોક બજાર સીંધીવાડ સામેની કમાલ ગલી તરફથી સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુનિસિપલ મ્યુઝીયમ રોડથી લાલા લજપતરાય બાગ પાસેથી ગાંધીબાગ મક્કાઈ પુલ તરફના માર્ગે પ્રવેશ (એન્ટ્રી) થવા દેવા ફરમાવવામાં આવે છે.

તેમજ ગાંધીબાગ ટ્રાફિક પોઈન્ટથી લાલા લજપતરાય બાગ બાગ અને સોરાબજી જે. જે. ટ્રેનિંગ કોલેજ વચ્ચેથી પસાર થતા માર્ગથી કમાલ ગલી થઈ ચોક ભાગળના મેઈન રોડ તરફ જવા દરેક વાહનોને પ્રવેશવા દેવા ઉપરપ્રતિબંધ (નો-એન્ટ્રી) મુકવામાં આવે છે.

ઉપરોકત દર્શાવેલ જાહેરનામામાંથી આગ બુઝાવવાના બંબાઓ તથા એમ્બ્યુલન્સોને મુકિત આપવામાં આવે છે.

આ અંગે જરૂરી નિશાનીવાળા બોર્ડ સુરત મહાનગર પાલિકા તરફથી મુકવામાં આવશે.

આજ, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૦ ના રોજ મારી સહી-સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટફક/૩૦૫૧ / ૨૦૦૦—સુરત શહેરમાં વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે નહેરૂ બ્રીજ ઉપર સવારના કલાક ૯-૦૦ થી કલાક ૧૨-૦૦ અને સાંજે કલાક ૫-૦૦ થી ૯-૦૦ દરમ્યાન ચાર ચક્રીય વાહનો માટે વન-વે જાહેર કરવામાં આવે છે.

સવારે કલાક ૯-૦૦ થી કલાક ૧૨-૦૦ દરમ્યાન રાંદેર બાજુથી ચાર ચક્રીય વાહનો નહેરૂ બ્રીજમાં પ્રવેશ કરી ચોક બજાર જઈ શકશે. જયારે ચોક બજારથી ચાર ચક્રીય વાહનો આ સમય દરમ્યાન નહેરૂ બ્રીજમાં પ્રવેશ કરી શકશે નહિ.

સાંજે કલાક ૫-૦૦ થી કલાક ૯-૦૦ દરમ્યાન ચાર ચક્રિય વાહનો ચોક બજારથી નહેરૂ બ્રીજમાં પ્રવેશ કરી શકશે જયારે કરાંય બાજુથી ચાર ચક્રીય વાહનો નહેરૂ બ્રીજમાં આ સમય દરમ્યાન પ્રવેશ કરી શકશે નહિ.

દ્વિચક્રી અને ત્રિચક્રી વાહનો ઉપર વન-વે લાગુ પડશે નહિ, અને વન-વે ના સમય દરમ્યાન પણ બન્ને બાજુથી દ્વિચક્રી અને ત્રિચક્રી વાહનો અવર જવર કરી શકશે. જે સંબંધિનું હંગામી જાહેરનામું જાહેરનામું અત્રેના નંબર : ઉ/ગપક/ટ્રાફિક/વશી/નહેરૂબ્રીજ / ૧૦૨૮/૯૭. તારીખ ૨જી જુલાઈ, ૧૯૯૭ થી જાહેર જનતાની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ હંગામી જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ ની મુદતમાં જે કોઈને વાંધા-સુચનો હોય તે મોકલવા જણાવવામાં આવેલ જે આપેલ મુદતમાં કોઈ વાંધા-સૂચનો મળ્યા નથી સબબ નીચે મુજબનું આખરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જાહેરનામું

આથી હુ કે. એન. શર્મા, આઈ.પી.એસ, પોલીસ કમિશનર, સુરત શહેરને મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)-બી થી મળેલ અધિકારની રૂએ સુરત શહેરમાં આવેલ નહેરૂ બ્રીજ ઉપર સવારના કલાક ૯-૦૦ થી કલાક ૧૨-૦૦ અને સાંજે કલાક ૫-૦૦ થી ૯-૦૦ દરમ્યાન ચાર ચક્રી વાહનો માટે વન-વે જાહેર કરવામાં આવે છે.

સવારે કલાક ૯-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન રાંદેર બાજુથી ચાર ચક્રી વાહનો નહેરૂબ્રીજમાં પ્રવેશ કરી ચોકબજાર જઈ શકશે. જયારે ચોકબજારથી ચાર ચક્રી વાહનો આ સમય દરમ્યાન નહેરૂબ્રીજમાં પ્રવેશ કરી શકશે નહિ,

સાંજે કલાક ૫-૦૦ થી ૯-૦૦ દરમ્યાન ચાર ચક્રી વાહનો ચોક બજારથી નહેરૂબ્રીજમાં પ્રવેશ કરી શકશે ત્રયારે રાંદેર બાજથી ચાર ચક્રી વાહનો નહેરૂબ્રીજમાં આ દરમ્યાન પ્રવેશ કરી શકશે નહિ.

દ્વિચક્રી, ત્રિચક્રી વાહનો ઉપર વન-વે લાગુ પડશે નહિ વન-વે ના સમય દરમ્યાન પણ બન્ને બાજથી દ્વિચક્રી, ત્રિચક્રી વાહનો અવરજવર કરી શકશે.

ઉપરોકત પ્રતિબંધીમાંથી એમ્બ્યલન્સ, આગ બજાવવાનાં બંબાઓને મૂકિત આપવામાં આવે છે.

ઉપરોકત જણાવેલ જગ્યાઓએ જરૂરી ચેતવણી આપતા સાઈન બોર્ડ સુરત મહાનગર પાલીકાએ મૂકવા.

આજ રોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૦ નાં રોજ માર સહી સિક્કા કર્યા છે.

INDEX

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટફક/૩૦૫૨ / ૨૦૦૦.—સુરતની શહેરની વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે તથા અકસ્માતોના નિવારણ માટે નાનપુરા વિસ્તારનાં ટ્રાફિક સર્ક્યુલેશન માટે ક્રમાંક : ઉ/ગપક/ટફક/ કાદરશાની નાળ / મક્કાઈપુલ / ૧૪૧૬ / ૯૭, તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૭ થી પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે જે પ્રાથમિક જાહેરનામા અંગે પ્રસિધ્ધ થયા તારીખથી વાંધા-સુચનો મળેલ ન હોય સબબ નીચે મુજબનું આખરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જાહેરનામું

આથી હું કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર, સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી મુજબ મળેલ અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરું છું.

કાદરશાની નાળનો રસ્તો, મક્કાઈ પુલથી એચ. લતેશ એપાર્ટમેટ પાસે નીકળે છે. ચોક બજાર તરફથી આવતા તથા નાનપુરા તરફ જવા માંગતા ટ્રાફિક પૈકી ફકત "ભારે વાહનોને" નાનપુરા મેઈન રોડ તરફથી એન્ટ્રી માટે બંધ કરવામાં આવે છે.

અઠવાગેટ, ટી એન્ડ ટી. વી. હાઈસ્કુલ, ટીમલીયાવાડ, ત્રિષીકેશ ત્રિવેણી એપાર્ટમેન્ટવાળો રસ્તો તથા એચ. લતેશ એપાર્ટમેન્ટ સુધીનો રસ્તો ટુ વે કરવામાં આવેલ છે..

મક્કાઈ પુલથી જતો ટ્રાફિક કાદરશાની નાળ તરફના રસ્તે તથા ડચ ગાર્ડન તથા લોન્લેવલ બ્રીજ તરફ જઈ શકશે.

ઉપરોક્ત જગ્યાએ જરૂરી ચેતવણી આપતા સાઈનબોર્ડ સુરત મહાનગર પાલીકાએ મુકવા.

આ જાહેરનામાનો ભંગ કરનાર બી. પી. એકટ કલમ-૧૧ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કા કર્યા છે.

જાહેરનામું

ક્રમાંક : ઉ/ગપક/ટફક/૩૦૫૩ / ૨૦૦૦.—સુરત શહેરમાં હાલમાં રસ્તાઓ પહોળા બનાવવામાં આવેલ છે. તેમજ હાલના આધુનિક વાહનોના વાહન ચાલકો પોતાના વાહનો વધુ પડતી ગતિથી હંકારે છે, જેના કારણે અવારનવાર નાના મોટા અકસ્માતના બનાવ બને છે. આ રીતે થતા અકસ્માતના બનાવ નિવારણ માટે સુરત શહેરમાં ચાલતા વાહનોની ગતિ ઉપર મર્યાદા મુકવી જરૂરી છે રસ્તાઓ ઉપર વાહનોની ગતિ ઉપર અંકુશ મુકવા સંબંધે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરતના ક્રમાંક : પી ઓ એલ /ગતિ મર્યાદા તરીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૭૮ થી કાયમી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તથા પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના ક્રમાંક : ઉ/ગપક/ટફક/સી.બી -૨ / ૨૧૬૪ / ૮૭, તારીખ ૨૪મી જૂન, ૧૯૮૭ થી પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવેલું તેમજ નંબર : ઉ/ગપક/ટફક/ગતિ મર્યાદ / ૧૨૯૫/૯૭, તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૭ થી પ્રાથમિક ધોરણે જાહેરનામું બહાર પાડવામાં આવેલું ઉપરોક્ત બે પ્રાથમિક જાહેરનામાં પ્રસિધ્ધ થયાની દિન-૩૦ ની અંદર કોઈપણ વાંધા સુચનો મળેલ નથી. ગતિ મર્યાદ અંગે આ રીતે એક કાયમી અંને બે પ્રાથમિક જાહેરનામાં હોઈ ઉપરોક્ત ત્રણે જાહેરનામાંઓને સંકલિત કરી ગતિ મર્યાદા અંગેનું એક આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

જાહેરનામું

આથી હું કે, એન. શર્મા, આઈ.પી.એસ, પોલીસ કમિશ્નર સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩-(૧) બી મુજબ મળેલ અધિકારની રૂએ નીચે દર્શાવેલ માર્ગો ઉપર વાહનોની ગતિ મર્યાદા નિયત કરવામાં આવે છે.

અ. નં.	માર્ગ વિસ્તારનું નામ	વાહનનો પ્રકાર	ગતિ મર્યાદા કિ.મી.માં
૧	દિલ્હી ગેટ રીંગરોડ થઈ અઠવાગેટ બહુમાળી થઈ ચોકબજાર પોઈન્ટથી હોડી બંગલા, કતારગામ દરવાજા, ગોટાલાવાડી, લાલદરવાજાથી દિલ્હી-ગેટના રસ્તાઓ સિવાયના સુરત શહેરના અંદરના તમામ રસ્તાઓ ઉપર.	ભારે વાહનો બીજા વાહનો મધ્યમ અને હળવા પ્રકારના	૩૦
૨	સુરત શહેરના રીંગરોડ તથી તેની બહારના	ભારે વાહનો	૪૦
	સુરત શહેરના તમામ રસ્તાઓ ઉપર	બીજા વાહનો	૫૦

ઉપરોક્ત પ્રતિબંધ નીચેના વાહનોને લાગુ પડશે નહિ. (૧) ફાયર-બ્રીગેડ (૨) એમ્બ્યુલન્સ વાહન.

શહેરના રસ્તાઓ ઉપર જરૂરી નિશાનીવાળા સાઈનબોર્ડ સુરત મહાનગરપાલિકા તરફથી મુકવામાં રહેશે.

આજ રોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૦ ના રોજ મારી સહી-સિક્કા કર્યા છે,

---

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટફક/૩૦૫૪ / ૨૦૦૦—સુરત શહેરના નવાપુરા ગોલવાડ વિસ્તારમાં પૂર્વ તથા પશ્ચિની આશરે ૨૩ શેરીઓ આવેલી છે આ શેરીઓમાં ઉત્તાર દક્ષિણના સામસામે રહેણાંકના મકાનો આવેલા છે. જેમાં આશરે ૩૫ હજાર જેટલા રાણા જ્ઞાતિના માણસો રહે છે. જેમનો મુખ્ય વ્યવસાય જરી ઉદ્યોગનો છે તેઓ પાસે ઘર દીઠ ત્રણ થી ચાર ટૂ વ્હીલર ગાડીઓ છે જે વાહનો તેઓના ઘર આગળ પહેલાથી જ મૂંકતા આવેલા છે. આ મહોલ્લાના સામેના મકાનો વાળાઓ વચ્ચે વાહન પાર્કીંગ અંગે અવારનવાર બોલાચાલી ડાસ્ઓ થાય છે અને ઘણી વખતે મહોલ્લા વાસીઓ એક સંપ ઝઘડા સંઘર્ષમાં ઉતરે છે. તથા શેરીઓમાં જેમેતેમ આડેધડ પાર્કીંગ હોવથી નવાપુરા ગોલવાડમાંથી સહેલાઈથી વાહનો લઈ પસાર થઈ શકાતું નથી જે અંગે અત્રેના નંબર : ટ્રાફિક / પાર્કીંગ/નવાપુરા ગોવલડ / ૧૯૩૦, તારીખ ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૯ થી પ્રાથમિક

INDEX

જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ જે જાહેરનામાના પ્રસિધ્ધ એક માસની મુદત દરમ્યાન વાંધા-સુચનો આવેલ ન હોય સબબ જાહેરનામાની નીચે પ્રમાણે આખરી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.

જાહેરનામું

આથી હુ કે. એન. શર્મા, આઈ.પી.એસ; પોલીસ કમિશ્નર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી અને કલમ-૨ (૬) થી મળેલ સત્તાની રૂએ સુરત શહેરનું-નવાપુરા ગોલવાડ વિસ્તારમાં આવેલ શેરીઓમાં વાહનો પાર્કીંગ અંગે નીચે મુજબનું આખરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

નવાપુરા ગોલવાડની નીચે જણાવેલ શેરીઓમાં મહિનાની એકી તારીખે ઉત્તરમાં અને બેકી તારીખે દક્ષિણમાં વ્યવસ્થિત વાહનો પાર્કીંગ કરવા જણાવવામાં આવે છે.

(૧) ગલકા શેરી નં. ૧, (૨) લીમડા શેરી નં. ૧ (૩) નવો પુલ, (૪) અમદાવાદી શેરી નં. ૩, (૫) કમળાફઈ શેરી, (૬) હનુમાન ટેકરી નં. ૨, (૭) હનુમાન ટેકરી નં ૧, (૮) કાંટાની વાડ (૯) નવીસડક, (૧૦) કણબી શેરી (૧૧) નાગરદાસની શેરી (૧૨) ગલકા શેરી નં. ૨, (૧૩) લીમડા શેરી નં. ૨, (૧૪) પરબીયા શેરી (૧૫) અમદાવાદી શેરી નં. ૨, (૧૬) પીપરડી શેરી (૧૭) વચલી શેરી નં ૨, (૧૮) વચલી શેરી નં. ૧, (૧૯) અમદાવાદી શેરી નં. ૧, (૨૦) અલીનો ટેકરો (૨૧) માછીપુરા શેરી નં. ૨, (૨૨) માછીપુરા શેરી નં ૧,

તેમજ નીચે જણાવેલ શેરીઓ ઉત્તર દક્ષિણની હોય, મહોલ્લા વાસીઓએ એકી તારીખે પૂર્વમાં તથા બેકી તારીખે પશ્ચિમમાં પાર્કીંગ કરવાં.

(૧) નવ હંદ ચંડીકા શેરી (૨) પઠાણવાડનો ટેકરો.

ઉપરોક્ત જાહેરનામા સબંધે જરૂરી સાઈનબોર્ડ સુરત મહાનગર-પાલિકા તરફથી મૂકવામાં આવશે.

આજરોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૦ના રોજ મારી સહી-સિક્કા કરવામાં આવેલ છે.

જાહેરનામું

ક્રમાંક : ઉ/ગપક/ટફક/૩૦૫૫ / ૨૦૦૦.—સુરત શહેરમાં સ્ટેશન વિસ્તારમાં બસ સ્ટેન્ડ તથા રેલ્વે સ્ટેશન નજીક હોય, અને ત્યાંથી સુરત બહાર ગીચ વસ્તીવાળા વરાછારોડ તરફ જવાનો રસ્તો હોય, આ વિસ્તારમાં ટ્રાફિકનું પ્રમાણ ઘણું રહે છે. અને ઘણી વખત નાના મોટા તથા જીવલેણ અકસ્માતો પણ થાય છે આ વિસ્તારમાં અશ્વીનીકુમાર સીટી બસ સ્ટેન્ડથી જૈન ધર્મશાળાનાં કોર્નર સુધી વન-વે જાહેર કરવામાં આવેલ છે અને આ વન-વે માં આયુર્વેદિક ગરનાળા તરફથી આવતો ટ્રાફિક જૈન ધર્મશાળા થઈને અશ્વીનીકુમાર સીટી બસ સ્ટેન્ડ તરફ જાય છે. જેનાં કારણે આયુર્વેદિક ગરનાળા તરફથી સ્ટેશન તરફનો મેઈન ટ્રાફિક તથા સ્ટેશન તરફથી આયુર્વેદિક ગરનાળા તરફ જતાં ટ્રાફિકને અવરોધ થાય છે અને અવાર-નવાર ટ્રાફિક જામ થઈ જાય છે જૈન ધર્મશાળા થી અશ્વીનીકુમાર તરફનો ટ્રાફિક નહીવત રહે છે જેથી ઉપર મુજબની ટ્રાફિક સમસ્યા નિવારવા આ વન-વે રદ કરીને જૈન ધર્મશાળા થી અશ્વીની-કુમાર સીટી બસ સ્ટેન્ડ થી જૈન ધર્મશાળા તરફ વાહનો જઈ શકશે. જે અંગેનું જાહેરનામું અત્રેનાં નં : ઉ/ગપક / વન-વે / ટ્રાફિક / ૧૩૩૯ / ૨૪૩૯૭ / ૯૬, તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૬ થી જાહેર જનતાની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવેલ આ હંગામા જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ની મુદતમાં જે કોઈને વાંધા, સુચનો હોય તે મોકલવા જણાવવામાં આવેલ જે આપેલ મુદતમાં કોઈ વાંધા સુચનો મળ્યા નથી સબબ નીચે મુજબનું જાહેરનામું આખરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જાહેરનામું

આથી હું, કે એન શર્મા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેરને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩-(૧) બી થી મળેલ અધિકારની રૂએ સુરત શહેરમાં આવેલ સ્ટેશન વિસ્તારમાં જૈન ધર્મશાળા થી અશ્વીનીકુમાર સીટી બસ સ્ટેન્ડ તરફ જતાં વાહનોની અવર-જવર પર "પ્રતિબંધ" મુકવામાં આવે છે. અશ્વિનકુમાર સીટી બસ સ્ટેન્ડ થી જૈન ધર્મશાળા તરફ વાહનો જઈ શકશે.

ઉપરોક્ત પ્રતિબંધમાંથી એમ્બ્યુલન્સ, આગ બુઝાવવાના બંબાઓને મુકિત આપવામાં આવે છે.

ઉપરોક્ત જણાવેલ જગ્યાઓ જરૂરી ચેતવણી આપતાં સાઈન બોર્ડ સુરત મહાનગર પાલિકાનો મુકવા.

આજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૦ નાં રોજ મારી સહી-સિક્કા કર્યા છે.

જાહેરનામું

ક્રમાક ઉ/ગપક/ટફક/૩૦૫૬/૨૦૦૦.—સુરત શહેરમા ભાગળ ચાર રસ્તાથી દિલ્હીગેટ જવાનો રાજમાર્ગ જે કુલ ૧૩ કિ.મી. નો છે આ રાજમાર્ગ ઉપર ટ્રાફિકની દષ્ટિએ વાહન ચાલકોને રાહત મળી રહે તે માટે તેમજ વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે હું, કે એન શર્મા, આઈ.પી.એસ. પોલીસ કમિશ્નર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના કાયદાની કલમ-૩૩(૧)-બી મુજબ મને મળેલ સત્તાની રૂએ જણાવ્યા મુજબ કાયમી જાહેરનામું પ્રસિધ્ધ કરૂં છું.

ભાગળ ચાર રસ્તાથી દિલ્હીગેટ જવાનો રાજમાર્ગ ટુ વ્હીલર તથા થ્રી વ્હીલર વાહનોને અવર-જવર માટે મુકત કરવામાં આવે છે અને ચાર ચક્રીય વાહનોને કલાક ૨૩-૦૦ થી ૫-૦૦ વાગ્યા સુધી અવર-જવર માટે મુકિત આપવામા આવે છે.

ઉપરોક્ત પ્રતિબંધમાંથી એમ્બ્યુલન્સ, આગ બુઝાવવાનાં બંબાઓને મુકિત આપવામાં આવે છે.

ઉપરોક્ત જણાવેલ જગ્યાએ જરૂરી ચેતવણી આપતાં સાઈન બોર્ડ સુરત મહાનગર પાલીકાએ મુકવા.

આજ રોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૦ નાં રોજ મારી સહી સિક્કા કર્યા છે.

INDEX

જાહેરનામું

ક્રમાંક : ઉ/ગપક/ટફક/૩૦૫૭ / ૨૦૦૦.—સુરત શહેરમાં વાહન વ્યવહારની સવલત તથા જાહેર સવનની સવલત માટે કાંસકીવાડ ચાર રસ્તાથી ભાજીવાળી પોળ આગળ ભાગળ પોઈન્ટ તરફ આવતા કોઈપણ વાહનોને (સાયકલ સહિત) કાંસકીવાડ ચાર રસ્તાથી ભાગળ તરફ ભાજીવાળી પોળ થઈ જવા માટે મનાઈ ફરમાવવામા આવે છે.

ટાવર તરફથી ભાગળ તરફ આવતા વાહનોને પારસીશેરી થઈ રૂવાળા ટેકરા તરફ જવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે. સદરહુ વાહનો સીધા ભાગળ થઈ રાઈટટર્ન લઈ ભાગળ બજાર થઈ રૂવાળા ટેકરા તરફ જઈ શકે છે. સવારે કલાક ૮-૦૦ થી કલાક ૨૦-૦૦ વાગ્યા સુધીનું હંગામી જાહેરનામું બહાર અત્રે નંબર : ઉ/ગપક/એલ બી / વશી / ૨૬૩ / ૧૧૮૧૩/ભાગળ / ૯૪, તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૪ થી બહાર પાડવામાં આવેલ જેમાં નીચે મુજબનો સુધારો કરી કાયમી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જાહેરનામું

આથી હું, કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેરને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩-(૧) બી મુજબ મળેલ અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

સુરત શહેરમાં વાહન વ્યવહારની સવલત તથા જાહેર જીવનની સવલત માટે કાસકીવાડ ચાર રસ્તાથી ભાજીવાળી પોળ ભાગળ પોઈન્ટ તરફ આવતા કોઈપણ વાહનોને (સાયકલ સહિત) કાસકીવાડ ચાર રસ્તાથી ભાગળ ભાજીવાળી પોળ જવા મનાઈ ફરમાવવામાં આવેલ. જે રદ કરવામા આવે છે.

સુરત ટાવર મેઈનરોડ તરફથી ભાગળ તરફ આવતા વાહનોને પારસી શેરી થઈ રૂવાળા ટેકરા તરફ જવા મનાઈ ફરમાવવામાં આવે છે. સદર વાહનો સીધા ભાગળ થઈ રાઈટ ટર્ન લઈ ભાગળ બજાર થઈ રૂવાળા ટેકરા તરફ જઈ શકશે નહી પરંતુ સદરહુ વાહનો ભાગળ થઈ લેફ્ટ ટર્ન (ડાબી તરફવાળી) લઈ એર ઈન્ડીયા ચાર રસ્તાથી અથવા મહારાણા પ્રતાપ ચોક સર્કલથી જમણી બાજુવાળી કોટસફીલ રોડ થઈ ભાગળ આવી રૂવાળા ટેકરા તરફ, કાસકીવાડ તરફ જઈ શકશે.

ઉપરોક્ત જગ્યાએ જરૂરી ચેતવણી આપતા સાઈનબોર્ડ સુરત મહાનગર પાલીકાએ મુકવા.

આજ રોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કા કર્યા છે.

જાહેરનામું

નં. : ઉ/ગપક/ટફક/૩૦૫૮ / ૨૦૦૦.—સુરત શહેરમાં મક્કાઈ પુલ સર્કલનો સુંદર વિકાસ થયો હોય, આ સર્કલની આસપાસ આઠ રસ્તાઓ પડતા હોય, તમામ રસ્તાઓ ઉપર ટાફિક ભારે પ્રમાણમાં રહેતો હોય મક્કાઈ પુલ સર્કલથી નાનપુરા મટન માર્કેટ તરફ જવા માંગતા વાહનોને મેઈન રોડ ઉપર આવી થોભવું પડે છે. જેના કારણે ટ્રાફિક સરળતાથી ચાલી શકતો નથી અને અકસ્માત થવાનો સંભવ રહે છે આથી જાહેર જનતાની સલામતી જળાવાય રહે અને વાહન વ્યવહાર સરળતાથી ચાલે તે માટે હું, કે. એન. શર્મા, આઈ.પી.એસ. પોલીસ કમિશ્નર, સુરત શહેરને મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબનું કાયમી જાહેરનામું આથી બહાર પાડવામાં આવે છે.

નાનપુરા માછીવાડ, કાદરશાની નાળ, નાનપુરા બજાર, ડચ ગાર્ડન વિવેકાનંદ બ્રીજ તરફથી આવતા વાહનો સીધા નાનપુરા મટન માર્કેટ તરફ જઈ શકશે નહિ પરંતુ હોમીયોપેથિક દવાખાના પાસે થઈ ગાંધીજીની પ્રતિમા પાસેના સર્કલ પાસેથી રાઈટ ટર્ન લઈ જતી સીવીલ બસ સ્ટેન્ડ પાસેના રસ્તે થઈ જઈ શકશે.

પ્રવેશબંધનું બોર્ડ જૈન મંદિરની દક્ષિણ તરફની દિવાલ પાસે રહેશે જરૂરી ચેતવણી આપતું સાઈન બોર્ડ સુરત મહાનગરપાલીકાએ મુકવાનું રહેશે.

આ અંગે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત નામાઓએ તેઓશ્રીની કચેરીના જાહેરનામા ક્રમાંક : પી ઓ એલ, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૭૮ થી પ્રસિધ્ધ કરેલ જાહેરનામું રદ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કા કર્યા છે

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટફક/૩૦૫૯/૨૦૦૦:—સુરત શહેરના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં ટ્રાફીક નિયમનમાં પડતી મુશ્કેલીઓ નિવારવા અને ટાફિક નિયમનને સરળ બનાવવાના હેતુથી તે વિસ્તારના રસ્તા એક માર્ગીય કરવા નીચે મુજબનું કાયમી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૬૧ ની કલમ ૩૩ (૧) ની પેટા-કલમ (બી) થી મને મળેલ અધિકારની રૂએ હું, કે. એન. શર્મા, આઈ. પી. એસ. પોલીસ કમિશ્નર, સુરત શહેર સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક નિયમન કરવામાં પડતી મુશ્કેલીઓ ધ્યાને લઈ ટ્રાફિક નિયમન સુધારવા માટે નીચે મુજબનું કાયમી જાહેરનામું બહાર પાડું છું.

(૧) અભિષા હોટલ ચાર રસ્તાથી સ્ટેશન જતો રસ્તો એક માર્ગીય કરવામાં આવે છે. જેનો પ્રવેશ અભિષા હોટલ ચાર રસ્તાની કરવાનો રહેશે અને સ્ટેશનથી ચુનીલાલ મીઠાઈવાળાની દુકાનથી પ્રવેશ બંધ રહે.

(૨) સ્ટેશન દિલ્હીગેટ જતો રસ્તો એક માગી ય કરવામાં આવે છે જેનો પ્રવેશ ફકત રેલ્વે સ્ટેશન આઉટ ગેટ તરફથી કરવાનો રહેશે અને સંત કબીર મંદિર દિલ્હીગેટથી પ્રવેશ બંધ રહેશે.

(૩) ગોદી પોઈન્ટ જંકશન પાસેથી વાહનો જમણી બાજુ વાળી શકાશે નહી એટલે કે ગોદી પોઈન્ટથી કોઈપણ વાહન જમણી બાજુ ટર્ન લઈ રેલ્વે પોલીસ સ્ટેશન થઈ રેલ્વે સ્ટેશન જઈ શકશે નહી તથા યુ ટર્ન" લઈ લંબે હનુંમાન રેલ્વે ગરનાળા તરફ પણ જઈ શકશે નહી.

(૪) ઓમકાર ચેમ્બરથી અમિક્ષા હોટલ તરફ વાહનો પ્રવેશી શકશે નહી.

આ જાહેરનામાં અંગે અગાઉ પોલીસ કમિશ્નરશ્રી, સુરત તરફથી બહાર પાડેલ તારીખ ૨૮મી માર્ચ ૧૯૯૦ નું જાહેરનામું નંબર ઉ/ગપક/ટફક/રિલ્લેસ્ટેશન/૧૦૭૫૬/૯૦નું રદ કરવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૨૩મી ઓકટોબર ૨૦૦૦થી અમલમાં આવશે.

INDEX

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટફક/૩૦૬૦/૨૦૦૦:—સુરત શહેરમાં નાનપુરા બહુમાળી બીલ્ડીંગના કમ્પાઉન્ડમાં જાહેર જનતાની સગવડ તથા સહી સલામતી તથા વાહન પાર્કીંગની સવલત માટે બહુમાળી બીલ્ડીંગના કમ્પાઉન્ડમાં વાહન વ્યવહારનું તાત્કાલીક નિયમન કરવાનું ઉચીત જણાતાં નીચે મુજબનું પાર્કીંગ તથા નો પાર્કીંગનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આથી હું કે. એન. શર્મા, આઇ. પી. એસ. પોલીસ કમિશ્નર, સુરત શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (સી) થી મને મળે અધિકારની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું.

પાર્કીંગની જગ્યાઓ	વાહનોના પ્રકાર તથા નિયત કરેલ જગ્યા
નાનપુરા બહુમાળી બીલ્ડીંગ "બી" તથા "સી" બ્લોક	"બી" તથા "સી" બ્લોકના પાછળના પૂર્વ તરફના ભાગે સાયકલ, સ્કુટર રીક્ષા તથા ચાર ચક્રીય વાહનોનું પાર્કીંગ.
નાનપુરા બહુમાળી બીલ્ડીંગ "એ" બ્લોક	એ બ્લોકની પુર્વે ચાર ચક્રીય વાહનોનું પાર્કીંગ.
બહુમાળી બીલ્ડીંગોના વચ્ચેના ભાગે તથા આસપાસ	મધ્યમાં આવેલ પાર્કીંગની જગ્યાએ ટુ વ્હીલર વાહનો તથા પાર્કીંગ સ્થળની રેલીંગ ફરતે વાહનોને અવર જવર માટે અડચણ ન થાય તે રીતે ચાર ચક્રીય વાહનોનું પાર્કીંગ.

નાનપુરા બહુમાળી બીલ્ડીંગ "એ" બ્લોક, "બી" બ્લોક "સી" બ્લોક તથા કલેક્ટર કચેરી તેમજ બહુમાળી બિલ્ડીંગ વિસ્તારમાં જે જગ્યાએ સરકારી વાહનોના નંબર લખેલ છે. અથવા ભવિષ્યમાં લખવામાં આવે તે જગ્યા તે નકકી કરેલ વાહનો સિવાય અન્ય વાહનોને પાર્કીંગ કરવાની મનાઇ ફરમાવવામાં આવે છે.

આ પાર્કીંગ ના જાહેરનામાં અંગે અગાઉ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત તરફથી બહાર પાડેલ તારીખ ૨૪મી જુલાઇ ૧૯૭૯નું જાહેરનામું નં. પી.ઓ.એલ. નું રદ કરવામાં આવેલ છે.

આ જાહેરનામું તારીખ ૨૩મી ઓકટોબર ૨૦૦૦ થી અમલમાં રહેશે.

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/ટફક/૩૦૬૧/૨૦૦૦.—સુરત શહેરમાં સાયકલ, ઉંટગાડીઓ બળદગાડા, જેવા ધીમે ચાલતા વાહનોની પાછળના ભાગે લાઇટ, રીફ્લેક્ટર નહી હોવાના કારણે રાત્રીના સમયે અકસ્માત સર્જાય છે. જો આવા વાહનોની પાછળના ભાગે લાઇટ, રીફ્લેક્ટર, લગાડવામાં આવે તો આવા અકસ્માતો નિવારી શકાય જેથી સુરત શહેરની હદમાં ફરતી સાયકલો બળદગાડા ઉંટગાડાની પાછળ લાઇટ રીફ્લેક્ટર લગાડવા અંગેનું પ્રાથમિક જાહેરનામું નંબર ઉ/ગપક/ટફક/એલબી/વશી/૧૧૩૫/૧૯૭૯/૮૮, તારીખ ૨૭મી જુન ૧૯૮૮ થી બહાર પાડવામાં આવેલ. આ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ ની મુદતમાં કોઇ વાંધા અગર સુચનો આવેલ નથી. સબબ નીચે મુજબનું આખરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જાહેરનામું

આથી હુ કે. એન. શર્મા, આઇ. પી. એસ. પોલીસ કમિશ્નર, સુરત શહેરને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) થી મળેલ અધિકારની રૂએ સુરત શહેર વિસ્તારમાં સાયકલો, ઉંટગાડી, બળદગાડા જેવા ધીમે ચાલતા વાહનોની પાછળના ભાગે લાઇટ રીફ્લેક્ટર લગાડવાનું ફરમાન કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૩મી ઓકટોબર ૨૦૦૦ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ મા) ની કલમ ૪૩ (૧) મુજબ.

ક્રમાંક પીઓએલ / કાર્તીકી પુનમ / મેળો / વશી / ૧૭૭૫ થી ૧૭૮૭/૨૦૦૦ — પાટણ જિલ્લાના સિધ્ધપુર મુકામે કાર્તીકી પુનમનો મેળો તારીખ ૯ મી નવેમ્બર ૨૦૦૦ થી ૧૪ મી નવેમ્બર ૨૦૦૦ સુધી ભરાનાર છે. આ મેળામાં આજુબાજુના વિસ્તાર ઉપરાંત દૂર-દૂર થી મોટી સંખ્યામાં લોકો એકઠા થાય છે જેથી જાહેર જનતાની તંદુરસ્તી અને જાહેર આરોગ્ય જળવાય તે સારું સાવચેતીના પગલાં લેવાની ખાસ આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું હિમાશું શેઠ, જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૪૩ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ સિધ્ધપુર મુકામે સુધરાઈ વિસ્તારમાં અને મેળામાં આવતા જતા તમામ ઈસમોને તારીખ ૯ મી નવેમ્બર ૨૦૦૦ થી તારીખ ૧૪ મી નવેમ્બર ૨૦૦૦ સુધી બન્ને દિવસો સુધ્ધાંત નીચેના નિયમોનું ચુસ્ત પાલન કરવા હુકમ કરુ છું.

(૧) કોઈપણ વ્યકિતએ નદીના પાણીનો ઉપયોગ પીવા માટે કરવો નહી.

(૨) કોઈપણ વ્યકિતએ કુવામાંથી પાણી ખેંચવા માટે ફરજ ઉપર હાજર હોય તે માણસ આપે અગર કુવા ઉપર પુરૂ-પાડવામાં આવે તે વાસણ સિવાય પોતાની પાસેનું કોઈપણ વાસણ પાણીમાં બોળવું નહીં અથવા વાસણ થી પાણી ખેંચવું નહીં.

(૩) કોઈપણ વ્યકિત જે સ્થળે મેળો ભરાવવાનો હોય તે સ્થળે નિયત કરેલી જગ્યા સિવાય ઝાડા પેશાબ કરવા નહીં.

(૪) ગંધાતા વાસી ઉતરી ગયેલા અથવા માનવ ખાદ્ય માટે ઉપયોગમાં ન આવે તેવા ફળ-ફળાદી પીણાં ખોરાક કોઈએ વેચવા સારૂ રાખવા નહીં અથવા રાખેલા હશે તો તે જપ્ત કરવાને પાત્ર થશે અને ફરજ ઉપરના સેનેટરી ઈન્સ્પેકટરશ્રી તથા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ અધિકૃત કરેલા કર્મચારીઓ જપ્ત કરી શકશે.

INDEX

(૫) ખાન--પાનની દુકાનની હોટલો રેસ્ટોરન્ટ તથા ફળ--ફળાદી વિગેરેની દુકાનો તથા મનોરંજનના સ્થળોએ ફરજ પરના સેનેટરી ઈન્સ્પેક્ટર જાહેર તંદુરસ્તી અથવા સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જે સુચનાઓ આપે તેનો અમલ કરવો.

(૬) ફરજ પરના વૈદકીય અધિકારીશ્રી તેમજ આરોગ્ય તપાસણી અધિકારીશ્રી અથવા કોઈપણ અધિકારી જાહેર સ્વચ્છતાની દ્રષ્ટીએ જરૂર જણાય તો મેળામાં આવનાર કોઈપણ યાત્રીઓની તપાસ કરી શકાશે અને કોઈપણ વ્યક્તિ જો પ્લેગ શીતળા, કોલેરા અથવા સ્વાસ્થની ખાતર જરૂર જણાય તો આવા ઈસમોને મેળામાંથી ઈલાયદા રાખવામાં આવશે.

જો કોઈપણ વ્યકિત ઉપરના નિયમોનો કોઈ પણ ખંડનો ભંગ કરે અથવા તેમ કરવામાં કોઈપણ મદદગારી કરશે તો તે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૯ પ્રમાણે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪ થી નવેમ્બર ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

હિમાશું શેઠ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ (ઉ. ગુ.)

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નં. ડીસી/પીઓએલ/એમએજી/ એસ.આર.૩૭/૨૦૦૦.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી નવેમ્બર ૨૦૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર ૨૦૦૦ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્ત્રો. દંડા, તલવાર, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનું હોય તેવુ ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતુ અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવુ છું. તેમજ લાકડી લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની. ગીમો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર-ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નક્લ કરવાથી તથા નિશાનીઓ જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવા થી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવાં કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી ઓકટોબર ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એચ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે :

ક્રમાંક એમએજી-વશી-૬૬૨૮.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માં,' ની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૨મી ઓક્ટોબર, ૨૦૦૦ નાં દિવસે સવારનાં ૬ ૦૦ વાગ્યાથી તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૦ નાં રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો".

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦નાં ૪૫ ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ઓક્ટોબર, સને ૨૦૦૦ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામુ

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧)(એમ) અન્વયે.

ક્રમાંક એમએજી/વશી-૬૭૮૨.—ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે તારીખ ૯મી નવેમ્બર ૨૦૦૦ થી તારીખ ૧૪મી નવેમ્બર ૨૦૦૦ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તેમા સમગ્ર અન્ય રાજ્યોમાંથી પણ ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રિત થાય છે. તથા શુકલતીર્થ મુકામે આવેલ નર્મદા નદીના ઘાટ પર સ્નાન કેરે છે. નર્મદા નદીમાં પાણી ઉંડા હોવાથી તેમજ નદીમાં ખાડા પડેલ હોવાથી અકસ્માત થવાની શકયતા છે. જેથી નર્મદા નદીમાં અમુક વિસ્તારમાં સ્નાન કરવા પર નિયમન કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (એમ) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તારીખ ૯મી નવેમ્બર ૨૦૦૦ થી તારીખ ૧૪મી નવેમ્બર ૨૦૦૦ સુધીના સમયમાં (બંને દિવસો સહિત) શુકલતીર્થ, કબીરવડ તથા મઢી મુકામેના નર્મદાનદીના ઘાટથી ગ્રામ પંચાયત તથા પોલીસ ખાતા તરફથી નક્કી થયેલ હદની અંદર જ લોકોએ સ્નાન કરવું. તથા નિયત ઘાટની હદની બહાર સ્નાન કરવા પર પ્રતિબંધ મુકવા આદેશ કરૂં છું.

આ હુકમનુ ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા લેવામાં આવશે.

આજ તારીખ ૪થી નવેમ્બર-૨૦૦૦ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક /એમએજી-વશી-૬૭૮૩.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાની મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૭મી નવેમ્બર ૨૦૦૦ નાં દિવસે સવારના ૬.૦૦ વાગ્યાથી તારીખ ૨૧મી નવેમ્બર ૨૦૦૦ના રોજ સાંજના ૨૪.૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધા)ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો."

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦નાં ૪૫ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી નવેમ્બર ૨૦૦૦ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને-૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) : અન્વયે.

ક્રમાંક પીઓએલ-વશી-૬૭૮૫—ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે કાર્તિકી પુનમનો મેળો તારીખ ૯મી નવેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૦ સુધીના સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં સમુદાય એકત્રિત થશે. જેથી મેળામાં હાથલારીઓમાં માલસામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧ નાં અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તારીખ ૯મી નવેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૦ સુધીના સમયગાળામાં (બંને દિવસો

INDEX

સહિત) શુકલતીર્થ ગામના મેળામાં કોઈપણ ઈસમે પોતાની હાથ લારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહિ. પરંતુ પોલીસ ખાતા અગર ગ્રામ પંચાયત તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવાના રહેશે.

આજ તારીખ ૪થી નવેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

જાહેરનામું

ઉપરના સંજોગો ધ્યાને લેતા ઉકત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા આથી આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું શ્રી પી. એન. દેસાઇ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી (રૂરલ) અમદાવાદ મને મળેલ અધિકારની રૂઇએ ધી અમદાવાદ જિલ્લા કો. ઓ. હા. સો. લી. ફેડરેશન મુકામ અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક બ-૧૯૫૭ તારીખ ૧૫મી માર્ચ ૧૯૫૭ છે તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ના કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂ છું અને આજ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારીને શ્રી એસ. આર. શુકલ લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારીમંડળી (રૂરલ) અમદાવાદની ફડચા અધિકારી તરીકે નિયુકત કરૂ છું આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઇ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી

INDEX

કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત મૌખીક રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉકત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો કે રજુઆત થશે નહી તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૨૧મી ડીસેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંક પરચ/૧૭૯૧૧૫૬/બ.
(૨) મંડળીની નોંધણી રદ/વિસર્જન કરવા બાબત દરખાસ્ત તેમજ વાર્ષિક ખાસ સાધારણ સભામાં નોંધણી વિસર્જન કરવા થયેલ ઠરાવ.
(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ કલમ-૨૦ અન્વયે જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. ધરમ/ચ-૩/૪૯૬૨/૧૯૯૪:—ઉકત વંચાણે લીધા ક્રમાંક (૧) અન્વયે માર્ગ અને મકાન વિભાગના તારીખ ૨૯મી જુન, ૧૯૮૮ અને ૨૩મી જાન્યુઆરી ૧૯૯૦ ના ઠરાવ અન્વયે સરકારી કર્મચારીઓને ગાંધીનગર ખાતે વિના હરાજીએ જમીન ફાળવવા થયેલ નિર્ણય અનુસાર કલેકટરશ્રી, ગાંધીનગર દ્વારા તેમની તારીખ ૨૯મી ડીસેમ્બર ૧૯૮૯ ના પત્રથી માર્ગ અને મકાન વિભાગના ઠરાવમાં જણાવ્યા મુજબ સહકારી મંડળી કે વ્યકિતગત બન્ને માટે એક સરખા ભાવ જણાવવામાં આવેલ. જે અન્વયે સોસાયટીના દરેક સભ્યને વ્યકિતગત રીતે અલગ હુકમ તથા સનદ આપવામાં આવેલ હોઈ જે સરકારી કર્મચારી અધિકારીઓને વિના હરાજીએ જમીન રાહત દરે ફાળવવામાં આવેલ છે તેઓ મંડળી રદ કરવા ઈચ્છતા હોય તેઓ વાર્ષિક ખાસ સાધારણ સભામાં મંડળી રદ કરવા ઠરાવ કરી દરખાસ્ત સાદર કરવાની રહે જે અન્વયે વંચાણમાં લીધા ક્રમાંક (૨) અન્વયે ગૃહ મંડળી તરફથી મંડળીનું વિસર્જન કરવા નોંધણી રદ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. આ અંગે મંડળીની વાર્ષિક સાધારણ સભામાં ઠરાવ કરવામાં આવેલ છે. આમ મંડળી સહકારી મંડળી તરીકે ચાલુ રહેવા માગતી ન હોઈ સહકારી કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવા સારૂ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી પી. એન. દેસાઈ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી (રૂરલ) અમદાવાદ સહકારી કાયદાની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ધી ઉજ્જવલ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ તાલુકો જિલ્લો ગાંધીનગર નોંધણી ક્રમાંક ચે-૧૪૪૪૮, તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૮૮ થી થયેલ નોંધણી રદનો હુકમ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૪.

પી. એન. દેસાઈ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ),
અમદાવાદ.

નંબર ઉખસ/નધણ/સે-દુધ/૨૬૯૬૦/ખ/૮૦૪/૧૯૯૪:— જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી હનુમાનપુરા (મા.) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી; મર્યાદિત સ્થળ હનુમાનપુરા (મા.) તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદા ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૨૨મી જુન, ૧૯૯૪.

વંચાણે લીધા :
(૧) સબ—ઓડીટર સહકારી મંડળીઓ, દિયોદરનો તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૩ સુધીના ઓડીટનો તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૩ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ.
(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૭મી મે ૧૯૬૮ના ઠરાવ નંબર ઘ(ખ)/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી.
(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.
(૪) અત્રેની તારીખ ૨૫મી મે, ૧૯૯૪નો [illegible]નો વચગાળાનો હુકમ નંબર ફડચ/ગ/૧૦૯૨/૯૪.

હુકમ

પત્ર ક્રમાંક ફડચ/ગ/૧૨૯૬/સને ૧૯૯૪-ફડચા નંબર ૯૪૯૪.—ધી થરાદ તાલુકા ઉન ઉત્પાદક અને ઘેટાં ઉછેર સહકારી મંડળી લી; મુકામ થરાદ તાલુકો થરાદ જિલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી પંચાયત, પાલનપુરના તારીખ ૧૫મી માર્ચ, ૧૯૭૯ના નોંધણી ક્રમાંક સે-૧૬૧૪૫ નોંધાયેલી સહકારી સંસ્થા છે. તેને ફડચામાં લઈ જવા આ મુજબ ૧માં દર્શાવેલ ઓડીટરશ્રીએ, અહેવાલ કરેલ તેના અનુસંધાનમાં આમુખ-૪માં દર્શાવેલ હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો. આ હુકમથી મંડળીની વ્યવસ્થાપક કમીટી સભ્યોને મંડળીને ફડચામાં લઈ જવા કોઈ વાંધો હોય તો એક માસમાં રજુ કરવા જણાવેલ, પણ મંડળી તરફથી આજ દિન સુધીમાં કોઈજ રજુઆત થયેલ નથી. આથી એવું માનવાને રહે છે કે મંડળી ચલાવવામાં તેના સભ્યોને રસ નથી. આથી મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ, સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચાનો અંતમ આદેશ કરવામાં આવે છે. અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધકારી (ફડચા) પાલનપુર ની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે ફડચા ફી અંગેના રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી ગુજરાત રાજ્ય અમદાવાદના તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૬૮ના પરિપત્ર મુજબ ફડચા ફી આપવાની આકારવાની રહેશે. તેમજ ફડચાની કામગીરી ૨ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૪.

નં. નધણ/સે. ૨૬૪૮૫/ખ/૮૪૨/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી ખીમાણા બચત અને ધિરાણ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ખીમાણા, તાલુકો કાંકરેજ, જિલ્લો બનાસકાંઠા. સને ૧૯૬૨નો ગુજરાત કાયદા ગુજરાત સહકારી મંડળીઓના કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૪.

નં. ઉખાસ/નધણુ/સે-દૂધ/૨૬૯૬૧/ખ/૮૯૭/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી તનવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ તનવડ, તાલુકો દિયોદર, જિલ્લો બનાસકાંઠા. સને ૧૯૬૨નો ગુજરાત કાયદા ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સબ-ઓડીટર, સહકારી મંડળીઓ (દુધ) પાલનપુરનો તા. ૧લી જુલાઈ ૧૯૯૧થી તા. ૩૦મી જુન ૧૯૯૨ સુધીના ઓડીટનો તા. ૧લી સપ્ટેમ્બર ૧૯૯૨થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૭મો મે, ૧૯૬૮ના ઠરાવ નંબર : ઘ(ખ) ૨૭૭ ડી.ડી.સી/ ૧૧[illegible]/૧૮૪૯૬/બી.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) અત્રેનો તા. ૯મી મે ૧૯૯૪નો ફડચાનો વચગાળાનો હુકમ નંબર ફડચ/ગ/૩૬૦/૯૪.

હુકમ

પત્ર ક્રમાંક ફડચ/ગ/૧૪૫૨/૯૪.—ફડચા-૯૪ નંબર-૯૪૯૫-૯૪.—ધી સામછી (રા) દૂધ ઉત્પાદક સહકરી મંડળી લી. મુ. સામછી(રા) તા. પાલનપુર, જિ. બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. /સ્ટેટ પાલનપુરના તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૭૬ના નોંધણી ક્રમાંક ૧૪૨૫૭ નોંધાયેલી સહકરી સંસ્થા છે. તેને ફડચામાં લઈ જવા આ મુજબ ૧માં દર્શાવેલ ઓડીટરશ્રીએ, અહેવાલ કરેલ તેના અનુસંધાનમાં આ મુજબ આમુખ-૪માં દર્શાવેલ હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો. આ હુકમ-૧ મંડળીના હોદેદારોને બજવણી થવા છતાં, મંડળીને ફડચામાં નહીં લઈ જવા અંગે મંડળીના હોદ્દારો તરફથી લેખિત છે કે મૌખિક રજુઆત આજદિન સુધી થયેલી નથી. આથી એવું માનવાને રહે છે કે મંડળી ને ચલાવવામાં તેના હોદેદારોને કોઈ રસ નથી. આથી મંડળીને ફડચા માં લઈ જવી આવશ્યક હોઈ, સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) નવી જગ્યા-પાલનપુર ની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. ફડચા ફી અંગેના રજિસ્ટ્રારશ્રી, સ. મં., ગુજરાત રાજ્ય, અમદાવાદના તા. ૧૫મી નવેમ્બર ૧૯૬૮ના પરિપત્ર મુજબ ફડચા ફી આપવાની રહેશે. આકારવાની રહેશે. તેમજ ફડચાની કામગીરી વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૨૮મી જૂલાઈ, ૧૯૯૪.

વંચાણમાં લીધા :—

(૧) ફડચા અધિકારી ધી સુઈગામ ગૃપ ઘેટાં -ઉછેર સહકારી મંડળી લી. તાલુકો : વાવ, જિલ્લો : બનાસકાંઠા તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૪ના પત્ર ક્રમાંક : સઅફ/ફડચ/૧૫૭/૯૪.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અને કલમ-૨૦ (૧) ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/૧૪૮૨ / સને ૧૯૯૪.–ફડચા હુકમ નંબર ફ-૮૬૮૫, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧.—ધી સુઈગામ ગૃપ ઘેટાં ઉછેર સહકારી મંડળો લી. મુકામ : સુઈગામ, તાલુકો : વાવ, જિલ્લો : બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (પંચાયત), પાલનપુરના તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૭૯ના નોંધણી ક્રમાંક : ૧૭૦૨૭થી નોંધયેલ હતી અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં, પાલનપુર ના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧ ના હુકમ નંબર : ફડચ-૮૬૮૫ થી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી. હતી અને તેના ફડચા અધિકારી અને આમુખ-૧ ના પત્રથી સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઈ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪-(૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથોસાથ આજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૪.

નં. નધણુ/ઘ/૧૦૬૬૮/ખ/૯૨૬ /૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે ધી અબુંદા એપાર્ટમેન્ટ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી; મર્યાદિત સ્થળ: પાલનપુર, તાલુકો : પાલનપુર, જિલ્લો : બનાસકાંઠા.

સન ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૪.

એમ. આર. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

નં. નધણુ/ઘ/૧૦૬૬૯/ખ/૧૦૨૪ /૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રાર, આથી જાહેર કરે છે કે, ધી લીમ્બાચીયા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : ઠે. જામપુરા, પાલનપુર, તાલુકો : પાલનપુર, જિલ્લો. બનાસકાંઠા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૪.

નં. નધણ /સે-૨૬૪૮૬/ખ/૧૦૩૧/ ૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી સરસ્વતી હાઈસ્કૂલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., પાલનપુર, મર્યાદિત સ્થળ : ઠે. ઢઢિયાવાડી, પાલનપુર, તાલુકો : પાલનપુર, જિલ્લો : બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા, સ્પેશ્યલ ઓડિટરશ્રી, સ. મં., પાલનપુરન તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૩ ના પત્રથી સામેલ થઈ આવેલ સબ-ઓડિટર સ. મં. (પ્રમાણિત) પાલનપુરનો પત્ર તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૩ સુધીના મંડળીના ઓડિટનો તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૩ નો મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) સબ-ઓડિટર, (પ્રમાણિત) પાલનપુર એ મંડળીના હોદ્દેદારોને મંડળી સ્થગિત હોવા બાબતે તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૩ ના રોજ આપેલ હાફમાર્જીન અને તે બાબતે મંડળીના પ્રમુખશ્રીએ મંડળીને ફડચામાં લઈ જવા કરેલ સ્પષ્ટતા.

(૩) મદદનીશ સહકારી અધિકારી (બજાર) લગત જિલ્લા રજિ. સ. મં. પાલનપુરનો મંડળીની મુલાકાતનો તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૯૪ નો અહેવાલ તથા તે સાથે બિડેલ મંડળીના પ્રમુખશ્રીનું તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪નું નિવેદન.

(૪) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૭મી મે, ૧૯૬૮ ના ઠરાવ નંબર : ચે (ખ) ૨૭૭-ડી.ડી.સી. / ૧૧૬૮ / ૧૮૪૯૬/બી.

(૫) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

આમુખ

પત્રાંક : ફડચ/ ૨/ ગ / ૧૫૮૯ / ૯૪.—ધી રત્નદીપ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ-તાલુકો : ડીસા, જિલ્લો : બનાસકાંઠા કે જેની મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., પાલનપુર તારીખ ૧૪મી એપ્રિલ, ૧૯૮૦ ના નોંધણી ક્રમાંક : ઘ-૯૯૫૬ થી નોંધાયેલી રહેઠાણ પુરાં પાડનારી સહકારી મંડળી છે. તેને ફડચામાં લઈ જવા આમુખ-૧માં દર્શાવેલ ઓડિટરશ્રીએ તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૩ના ખાસ અહેવાલથી ભલામણ કરેલ હતી. આ અહેવાલની ચકાસણી કરતાં, મંડળીના તારીખ ૩૦મી જૂન, ૧૯૯૩ ના સરવૈયામાં જમીન ફાળો રૂા. ૫૨,૪૫૬.૨૫ બોલે છે. તેની સામે જમીન ખરીદી તેટલીજ રકમની છે. સભાસદ બાંધકામ ફાળો રૂા. ૪,૧૩,૫૦૦ બોલે છે. તેની સામે બાંધકામ ખર્ચ રૂા. ૪,૩૮,૬૦૩.૦૯ પૈસાનું બોલે છે. આમ મંડળી ખરેખર સ્થગિત નથી પણ કયા કારણસર સ્થગિત થયેલ છે. તેના કારણોની તપાસ કરી મંડળીને પુન : જિવીત કરવા માર્ગદર્શન આપવા, અત્રેના મદદનીશ સહકારી અધિકારી (બજાર) ને રૂબરૂ મુલાકાત લેવા અત્રેના તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૪ ના પત્રથી જણાવતાં, તેઓએ મંડળીની તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪ ના રોજ મુલાકાત લીધેલ, અને તેનો અહેવાલ કચેરીનાં તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૯૪ ના રોજ આપેલ, જે નિગાહે લેતાં મંડળીના સભ્યોને લોન ન મળવાના કારણે સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી. તેમજ ૧૯૮૫ રહેલાં મંડળીના ૨૬ પ્લોટોનું પ્લીન્થ લેવલ સુધી બાંધકામ કરી, સભ્યોને પ્લોટ એલોટ કરેલ હતા. કુલ ૨૬ પ્લોટ પૈકી ૧૪ સભ્યોએ પોતાના ખર્ચે મકાનો તૈયાર કરેલા છે. હાલના તબકકે બાકી મકાન પૈકીનો કોઈ સભ્ય બાંધકામ ફાળો આપવા તૈયાર નથી. તેમજ મંડળીની સાધારણ સભામાં પણ કોઈ સભ્ય હાજરી આપતા નથી. મંડળી છેલ્લા ૭-૮ વર્ષથી સ્થગિત છે. જેથી મંડળી પોતાના ઉદ્દેશો પરિપૂર્ણ કરી કાર્યક્ષમ યુનિટ બની શકે તેમ ન હોઈ, ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. વધુમાં મંડળીની તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૧ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ સુધીના ઓડિટ દરમ્યાન, મંડળી સ્થગિત હોઈ ફડચામાં, લઈ જવા ભલામણ કેમ ન કરવી ? નામદાર ઓડિટરના તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૩ ના હાફમાર્જીનમાં પણ મંડળીના પ્રમુખ શ્રી પ્રવિણચંદ્ર વાઘજીભાઈ શાહે, મંડળી સ્થગિત છે. સભ્યો નિરસ હોઈ, ફડચામાં લઈ જવાની સ્પષ્ટતા કરેલ છે. તે પછીના મદદનીશ સહકારી અધકારી (બજાર) ની મુલાકાત વેળાએ તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪ ના રોજ આપેલ નિવેદનમાં પણ શ્રી શાહે આજ રજુઆત કરી છે. આમ મંડળીએ ૧લી જુલાઈ, ૧૯૯૧ થી ૩૦મી જુન, ૧૯૯૩ સુધીના સમય દરમ્યાન વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક કમીટીની બેઠક ભરેલ નથી. આ સમયમાં મંડળીમાં કોઈ બાંધકામ કરેલ નથી. વળી ભવિષ્યમાં બાંધકામ પૂર્ણ થાય તેવાં સંકેતો નથી. ટુંકમાં મંડળી ૧૯૮૬ થી સ્થગિત છે. તેને કાર્યવંત કરવાના અત્રેથી પ્રયાસો કરવામાં આવેલ પણ મંડળી તરફથી સહકાર ન મળવથી કાર્યવંત થાય તેમ નથી અને મંડળીના હોદેદારો અને સભાસદો પણ મંડળી ચલાવવા કરતાં ફડચામાં જાય તેને પ્રાધાન્ય આપતા હોવાથી મંડળી કાર્યવંત થઈ શકે તેમ નથી. આથી મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક બનતી હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

નંબર : **૯૪૯૬, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૪.**—ધી રત્નદીપ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુ. તાલુકો ડીસા, જિલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., પાલનપુરના તારીખ ૧૪મી એપ્રિલ, ૧૯૮૯ ના નેધણી ક્રમાંક : ઘ-૯૯૫૬ થી નોંધાયેલી હાઉસીંગ મંડળી છે. સદરહું મંડળીને ઉપરોકત જણાવેલ વિગતે ફડચામાં લઈ જવી જરૂરી હોઈ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુરને સરકારશ્રીના હુકમોથી અને હોદ્દાની રૂએ મળેલ સત્તા અન્વયે સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ મુજબ ધી રત્નદીપ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ-તાલુકો : ડીસા જિલ્લો : બનાસકાંઠાને ફડચામાં લઈ જવાનો હુકમ કરૂં છું. અને મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) પાલનપુરની નિમણુંક કરૂં છું. ફડચા ફી અંગેના વડી કચેરીના તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૬૮ ના પરિપત્ર મુજબ ફડચા ફી આકારવાની રહેશે. તેમજ ફડચાની કામગીરી ૨ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૪.

વંચાણમાં લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, ધી જેતલપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકો : રાધનપુર, જિલ્લો : બનાસકાંઠાના તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૪ના પત્ર ક્રમાંક : સઅફ/ફડચ/૧૭૨/૯૪.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અને કલમ-૨૦ (૧) ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/૧૫૯૧ / સને ૧૯૯૪.—ફડચા હુકમ નંબર : ફ-૯૪૪૪, તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૩.—ધી જેતલપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ જેતલપુરા, તાલુકો રાધનપુર જિલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (પંચાયત) પાલનપુરના તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૭૯ ના નોંધણી ક્રમાંક : ૧૬૧૨૦ થી નોંધાયેલ હતી અને જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., પાલનપુરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૩. ના હુકમ નંબર : ફડચા-૯૪૪૪ થી કાયદાની કલમ-૧૦૮ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ-૧ ના પત્રથી સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઈ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથોસાથ આજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૪.

INDEX

વંચાણે લીધા :

(૧) સબ ઓડીટર સહકારી મંડળીઓ, (દુધ) થરાદ નંબર-૧નો તારીખ ૧લી જુલાઇ ૧૯૯૧ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૨ સુધીના સમયનો મંડળીના ઓડીટનો તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૨ નો મંડળીને ફડચામાં લઇ જવાનો ખાસ અહેવાલ.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૭મી મે ૧૯૬૮ના ઠરાવ નંબર ઘ(ખ) ૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૪) અત્રેની તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૭૨/૯૩ થી મંડળીના હોદ્દેદારોને આપેલ કારણદર્શક નોટીસ.

(૫) મંડળીના મુખ્ય પ્રયોજકશ્રીએ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૩ના રોજ રૂબરૂમાં કરેલ રજુઆત તથા તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૩ નો પત્ર તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૪ના રોજ રૂબરૂમાં આપેલ નિવેદન તથા તારીખ ૧૦મી જુલાઇ ૧૯૯૪ નો પત્રથી કરેલ રજુઆત.

(૬) અત્રેનો તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૩નો પત્ર તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૩ નો પત્ર તથા તારીખ ૧૬મી જુન ૧૯૯૪ નો વચગાળાનો આદેશ.

(૭) મેનેજીંગ ડીરેકટર બનાસકાંઠા જિલ્લા દુધ ઉત્પાદક સંઘ લી. પાલનપુર નો તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૬ નો પત્ર.

આમુખ

જા.નં.ફડચ/૦૧/ગ/૧૬૧૭/૧૯૯૪:—ધી ટેલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી મુકામ ટેલી તાલુકો કાંકરેજ જિલ્લો બનાસકાંઠા કે જેની મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી પાલનપુરના તારીખ ૩૦ની ડીસેમ્બર ૧૯૮૯ના નોંધણી ક્રમાંક ૨૨૮૪૯થી નોંધાયેલી દૂધ સહકારી મંડળી છે. તેને આમુખ-૧માં દર્શાવેલ વિગતે ઓડીટરશ્રીએ તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૨ ના ખાસ અહેવાલથી નીચેના કારણોસર ફડચામાં લઇ જવા ભાલામણ કરેલ હતી (૧) મંડળી નોંધાયાથી આજદિન સુધી તેના પેટા નિયમના ઉદ્દેશો મુજબની બિલકુલ કામગીરી કરતી નથી (૨) મંડળીની આર્થિક સ્થિતિ ખૂબજ નબળી છે. (૩) મંડળીનો ઓડીટ વર્ગ "ડ" છે (૪) મંડળી સ્થગીત અવસ્થામાં છે આ ચાર કારણો જણાવી મંડળીના હોદ્દેદારોને નોટીસ આપી હીયરીંગ માટે અત્રે તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૩ ના રોજ હાજર રહેવા જણાવતાં મંડળીના મુખ્ય પ્રયોજકશ્રી આ તારીખે હાજર થઇ નિવેદનથી જણાવેલ કે અમો મંડળી ચાલુ કરવા સંમત છીએ પણ દૂધ સંઘ તેની મર્યાદિત દૂધ એકત્રિત કરવાની શકિતના કારણે અમારૂ દૂધ લેતી નથી તેઓની રજુઆતના સંદર્ભમાં દૂધ સંઘનો તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૨ નો પત્ર રજુ કર્યો વધુમાં જણાવ્યું કે અમો દૂધ ભરાવી શકીએ તેમ હોઇ ડેરીનો બીજો પ્લોટ શરૂ ના થાય ત્યાં સુધી અમારી મંડળીને ચાલુ રાખવા વિનંતી છે, મંડળી તરફથી થયેલ રજુઆતને ધ્યાને લઇ દૂધ સંઘને લખાણ કરતાં દૂધ સંઘના તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૩ ના પત્રથી અત્રે જણાવેલ કે ટેલી એ ઉણ ગામનું પરૂ છે. અને આ મંડળી હાલની સીઝનમાં દૈનિક ૧૦૦ લીટર દૂધ આપવાની શકયતા ધરાવે છે. ઉણની મંડળીથી આ મંડળી સુધીનું બે ટાઇમનું રોજનું ૨૦ કી. મી. નું અંતર હોવાથી દૈનિક રૂા. ૫૦/- દૂધ પરિવહન ખર્ચ સંઘે ભોગવવાનું થાય તેમજ સંઘની દૂધ નિકાલની ક્ષમતા કરતાં દૂધ આવક વધુ હોઇ, નવીન મંડળીઓ ચાલુ કરવાની કોઇ શકયતા ન હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા અભિપ્રાય આપેલ છે. દૂધ સંઘના આ જવાબથી મંડળીના હોદ્દેદારોને અત્રેના તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૩ ના પત્રથી વાકેફ કરી રજુઆત માટે તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૩ ના રોજ બોલાવતાં મંડળી તરફથી બીજી મુદતની માંગણી થતા તારીખ ૨૭મી ડીસેમ્બર ૧૯૯૩ અને તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૪ ની આપેલ એ જે મુજબ મંડળીના મુખ્ય પ્રયોજકશ્રીએ હાજર થઇ નિવેદન દ્વારા જણાવેલ કે અમો મંડળી કાર્યવંત કરવા પ્રયત્નશીલ છીએ પણ દૂધ સંઘ અમારૂ દૂધ સ્વીકારવા તૈયાર નથી તેમ છતાં વધુ પ્રયત્નો કરી શકીએ તે માટે છ માસની મુદત આપવા વિનંતી આમ મંડળીને ચાલુ કરવા માટે હોદ્દેદારોએ માગ્યા પ્રમાણે નો સમય અને મુદત આથવા આપવા છતાં આ દિશામાં કોઇજ નક્કર કામગીરી કરેલ ન હોઇ મંડળીને ચાલુ રાખવાનો કોઇ અર્થ રહેતો ન હોવાથી મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક બનતી હોઇ અત્રેના તારીખ ૧૬મી જૂન ૧૯૯૪ ના હુકમથી ફડચાનો વચગાળાનો હુકમ મંડળીને ફડચામાં લઇ જવા વાંધો હોય તો તે લેખિત એક માસમાં રજુઆત કરવાના શેરા સહ મંડળીના હોદ્દેદારોને રજી. પોસ્ટ એ. ડી. થી રવાના કરતાં મંડળીના મુખ્ય પ્રયોજકશ્રીએ તારીખ ૧૦મી જુલાઇ ૧૯૯૪ ના પત્રથી રજુઆત કરેલ તેમાં પણ મંડળીને ચાલુ રાખવા વિનંતી કરેલ છે. અને દુધ સંઘને જ દુધ ભરાવવા આગ્રહી છે, આમ મંડળી દૂધ સંઘને દૂધ આપવા અને દૂધ સંઘ આ મંડળીનું દૂધ ન સ્વીકારવા આગ્રહી છે, તેના ફળ સ્વરૂપે મંડળી સ્થગિતજ રહેલ છે, અને પેટા નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી કરી અર્થક્ષમ યુનિટ બની શકે તેમ ન હોઇ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના હુકમને બહાલ રાખી, અંતિમ હુકમ કરવાનું ઠરાવવામાં આવે છે.

હુકમ

નંબર ૯૪૯૭, તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ ધી ટેલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી તાલુકો કાંકરેજ જિલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી પાલનપુરના તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૮૯ ના નોંધણી ક્રમાંક ૨૨૮૪૯થી નોંધાયેલી દુધ ઉત્પાદક સહકારી મંડળી છે, સદરહું મંડળીને ઉપરોકત જણાવેલ વિગતે ફડચામાં લઇ જવી આવશ્યક હોઇ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાલનપુરને સરકારશ્રીના હુકમોથી અને હોદ્દાની રૂએ મળેલ અધિકાર અન્વયે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ મુજબ ધી ટેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી તાલુકો કાંકરેજ જિલ્લો બનાસકાંઠાને ફડચામાં લઇ જવાનો વચગાળાના આદેશને બહાલ રાખી અંતિમ આદેશ કરૂં છું. અને કલમ-૧૦૮ (૧) ની જોગવાઇઓ મુજબ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) પાલનપુરની નિમણુંક કરૂં છું ફડચા ફી અંગેના વડી કચેરીના તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૭૮ ના પરિપત્ર મુજબ ફડચા ફી આકારવાની રહેશે. તેમજ ફડચાની કામગીરી ૧ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી સહકારી મંડળી પાલનપુરના તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૩ ના પત્રથી સામેલ થઇ આવેલ સબ ઓડીટર સહકારી મંડળી (પ્રમાણીત) પાલનપુરનો તારીખ ૧લી જુલાઇ ૧૯૮૬ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ સુધીના સમયનો મંડળીના ઓડીટનો તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૩નો મંડળીને ફડચામાં લઇ જવાનો ખાસ અહેવાલ.

(૨) સબ ઓડીટર (પ્રમાણીત) પાલનપુર એ મંડળીના હોદ્દેદારોને મંડળી સ્થગીત હોવા બાબતે તારીખ ૧૩મી જુલાઇ ૧૯૯૩ના રોજ આપેલ વાહુ માંગીન અને તે અંગે મંડળીના પ્રમુખ અને મંત્રીએ મંડળીને ફડચામાં લઇ જવા કરેલ સપષ્ટતા.

INDEX

(૩) મંડળીએ તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૪ ના પત્રથી સાદર કરેલ તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૪ ની મંડળીની ખાસ સાધારણ સભાનો ઠરાવ નં. ૫ ની નકલ.
(૪) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૭મી મે ૧૯૬૮ના ઠરાવ નંબર(ઘ)(ખ)૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી
(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

આમુખ

પત્ર ક્રમાંક ફડચ/ગ/૧૬૨૯/૧૯૯૪:—ધી જલારામ પાર્ક કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ તાલુકા પાલનપુર જિલ્લો બનાસકાંઠા કે જેની મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી પાલનપુર તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૮૩ના નોંધણી ક્રમાંક ઘ-૩૮૪૯ થી નોંધાયેલી રહેઠાણ પુરા પાડનારી સહકારી મંડળી છે. તેને ફડચામાં લઇ જવા આમુખ-૧ માં દર્શાવેલા ઓડીટરશ્રીએ તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૩ ના ખાસ અહેવાલથી ભલામણ કરેલ હતી. તેની ચકાસણી કરતાં મંડળીના તારીખ ૩૦મી જુન ૧૯૯૩ ના સરવૈયામાં જમીન ફાળો રૂા. ૨૬,૦૦૦ બાંધકામ ફાળો રૂા. ૬૫,૦૦૦ બોલે છે તેની સામે જમીન ખરીદી રૂા. ૨૮,૦૦૦ અને બાંધકામ ખર્ચ રૂા. ૬૫,૧૪૨/- બોલે છે. આમ મંડળી ખરેખર સ્થગીત નથી પણ કયા કારણોસર સ્થગીત થયેલ છે. તેની વિગતો માંગતા મંડળીએ તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૪ ના પત્રથી મંડળીની યોજાયેલ તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૪ની ખાસ સાધારણ સભાની કાર્યવાહીની ઝેરોક્ષ નકલ અત્રે મોકલી આપેલછે. જે ઠરાવો પૈકીનો ઠરાવ નંબર ૫ વંચાણે લેતા મંડળીનું પ્લીંથ લેવલ સુધીનું બાંધકામ થયેલ છે. અને ત્યારબાદનું બાંધકામ પુર્ણ કરવાની સભાસદની આર્થિક સ્થિતિ નથી વળી બાંધકામ માટે લોન મળવાની શકયતાઓ ન હોવાથી મંડળી તેના પેટા નિયમના ઉદેશો મુજબની કામગીરી કરી આર્થક્ષમ યુનીટ બની શકે તેમ નથી મંડળીના સભ્યો આર્થિક કારણોસર વધુ નાણા રોકી બાંધકામ પુર્ણ કરી શકવા શકિતમાન ન હોઇ મંડળી સ્થગીત છે. વળી ઓડીટરશ્રીએ પણ મંડળીને ફડચામાં લઇ જવાના કારણોમાં (૧) મંડળીએ ઓડીટ સમય દરમ્યાન કોઇ બાંધકામ કાર્ય કરેલ નથી (૨) પેટા નિયમ મુજબ વાર્ષિક સાધારણ સભા અને વ્યવસ્થાપક કમીટીની બેઠક મળેલ નથી (૩) મંડળીને છેલ્લો ઓડીટ વર્ગ "ડ" છે. (૪) મંડળી સ્થગીત છે. વળી ઓડીટરશ્રીએ મંડળીના તારીખ ૧લી જુલાઇ ૧૯૮૬ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ સુધીના ઓડીટ દરમ્યાન મંડળી સ્થગીત હોઇ ફડચામાં લઇ જવા ભલામણ કેમ ન કરવી.? તારીખ ૧૩મી જુલાઇ ૧૯૯૩ ના હાફ માર્જીનમાં પણ મંડળીના પ્રમુખ મંત્રીઓ સભ્યોને આર્થિક સહાય ન મળતા બાંધકામ થયેલ નથી જેથી. મંડળી ચાલુ રાખવા નરવસ હોઇ મંડળીને ફડચામાં લઇ જવાની વિનંતી કરેલ છે. આ મંડળી સ્થગીત છે. સાથોસાથ મંડળી કાર્યવંત થાય તે માટે સભ્યો નિરુત્સાહી અને નિરસ છે વળી ભવિષ્યમાં પણ મંડળી અર્થક્ષમ યુનીટ બની શકે તેવા કોઇ સંજોગો નથી અને મંડળીને ફડચામાં લઇ જવા ખાસ સાધારણ સભામાં બહુમતીથી ઠરાવ કરેલ હોઇ મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક બનતી હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

નંબર-૯૪૯૮ તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ : ધી જલારામ પાર્ક કો. ઓ. હા.સો. લી., મુકામ તાલુકા પાલનપુર જીલ્લા બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી પાલનપુર ના તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૮૩ ના નોંધણી ક્રમાંક ઘ-૩૮૪૯ થી નોંધાયેલી હાઉસીંગ મંડળી છે. ઉપર જણાવેલ વિગતે સદરહું મંડળીને ફડચામાં લઇ જવી જરૂરી હોઇ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાલનપુરને સરકારશ્રીના હુકમોથી અને હોદાની રૂએ મળેલ અધિકાર અન્વયે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ મુજબ ધી જલારામ પાર્ક કો. ઓ. હા. સો. લી., મુકામ તાલુકો પાલનપુર જિલ્લો બનાસકાંઠાને ફડચામાં લઇ જવાનો હુકમ કરૂ છું અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરૂ છું. ફડચા ફી અંગેના વડી કચેરીના તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૬૮ના પરીપત્રથી ફડચા ફી આકારવાની રહેશે તેમજ ફડચાની કામગીરીમાં ૨ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪.

નંબર નધણ/સ/૧૩૮૬/ખ/૧૦૬૫/૧૯૯૪:—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાલનપુર, આથી જાહેર કરે છે કે, ધી પાલનપુર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પાલનપુર, તાલુકો,પાલનપુર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સબ ઓડીટર, સહકારી મંડળી, રાધનપુરનો તારીખ૧લી જાન્યુઆરી ૧૯૮૫ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ સુધીના સમયની મંડળીના ઓડીટની ઓડીટ નોંધ.
(૨) મંડળીએ તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪ ના પત્રથી સાદર કરેલ તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૪ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નંબર-૬ની નકલ તથા મંડળીને ફડચામાં લઇ જવાની વિગતવાર દરખાસ્ત.
(૩) મંડળીના હોદ્દેદારોએ તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ રૂબરૂમાં કરેલ રજુઆત
(૪) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૭મી મે ૧૯૬૮ ના ઠરાવ નંબર ઘ(ખ) ૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૮૪૯૬/બી.
(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

આમુખ

પત્ર ક્રમાંક ફડચ/ગ/૧૬૭૦/૧૯૯૪.—ધી શારદા કો. ઓ. હા. સો. લી. મુકામ તાલુકા રાધનપુર જિલ્લો બનાસકાંઠા કે જેની મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી (પંચાયત) પાલનપુર ના તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૬૪ના નોંધણી ક્રમાંક ઘ-૧૧૩૩ થી નોંધાયેલ રહેઠાણ પુરા પાડનારી સહકારી મંડળી છે તેને આમુખ-૧માં દર્શાવેલ ઓડીટરશ્રીએ મંડળીની ઓડીટ નોંધમાં ફડચામાં લઇ જવા ભલામણો કરેલ હતી. જેમાં નીચેના કારણો દર્શાવેલ હતા.

(૧) મંડળી નોંધણી થયે ઘણો લાંબો સમય થયો હોવા છતાં હજુ સુધી કોઇ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.
(૨) મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી.
(૩) મંડળીનો ચાલુ તેમજ છેલ્લા પાંચ વર્ષમાં ઓડીટ વર્ગ "ડ" છે.

વળી મંડળીનું તારીખ ૩૦મી જૂન ૧૯૯૪નું સરવૈયું ચકાસતાં શેરભંડોળ ખાતે રૂા. ૪૨૫૦/- જમીન ફાળા ખાતે રૂા. ૭૬૫૦/- અને રિઝર્વ ફંડ ખાતે રૂા. ૫૭/- બોલે છે તેની સામે જમીન ખરીદી

રૂા. ૮૬૫૯/૫૭ બેંક શેર રૂા. ૨૫/- અને બેંક ચાલુ ખાતે રૂા. ૫/૬૯, અને ખોટ રૂા. ૩,૨૬૬/૭૪ બોલે છે. મંડળી ખાનગી રીતે દસ્તાવેજથી જમીન ખરીદી તેમાં ૧૭ પ્લોટો પાડેલ છે. આ પ્લોટો દરેક સભાસદને વ્યકિતગત રીતે દસ્તાવેજો કરી આપેલ છે આમ મંડળી સ્થગીત નથી પણ કયા કારણોસર સ્થગિત થયેલ છે તેની વિગત મંડળીએ રજુ કરેલ તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૪ ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નંબર-૬માં ઉલ્લેખ થયેલ છે કે મંડળી ઘણાં સમયથી સ્થગીત છે જેના પ્લોટો પર બાંધકામ થઇ શકે તેમ નથી તેમજ બાંધકામ કરાવવા માટે કોઇ સભ્ય ઉત્સાહી નથી આથી મંડળીને ફડચામાં લઇ જવા અત્રેની કચેરીને વિનંતી કરેલ છે. આમ મંડળીના સભ્યો અને કાર્યવાહકો મંડળીને કાર્યવંત બનાવવા નિ:રસ અને નિરૂત્સાહી હોઇ, મંડળી તેના પેટા નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી કરી અર્થક્ષમ યુનીટ બની શકે તેમ નથી વળી ઓડીટર-શ્રીએ પણ મંડળીને ફડચામાં લઇ જવા ભલામણ કરેલ છે અને તે ભલામણને મંડળીના તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪ ના પત્રથી અને તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૪ ના વાર્ષિક સાધારણ સભાના ઠરાવથી સમર્થન મળે છે આમ મંડળી સ્થગીત છે તે એક હકીકત છે. અને તે કાર્યવંત થાય તે માટે સભ્યો અને કાર્યવાહકો નિ:રસ અને નિરૂત્સાહી છે આથી હાલના તબકકે અને ભવિષ્યમાં પણ મંડળ અર્થક્ષમ યુનીટ બની શકે તેવા કોઇ સંજોગો નથી તે પણ એક સ્વીકારવા લાયક હકીકત છે. ઉકત વિગતોની મંડળીના હોદ્દેદારોએ રૂબરૂમાં રજુઆત કરેલ હોઇ મંડળીને ફડચામાં લઇ જવી જરૂરી બનતી હોઇ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ.

નંબર ૯૪૯૯-તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૪:—ધી શારદા કો. ઓ. હા. સો. લી., મુકામ તાલુકા રાધનપુર જિલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળી (પંચાયત) પાલનપુરના તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૬૪ના નોંધણી ક્રમાંક ઘ-૧૧૩૩ થી નોંધાલેયેલી રહેઠાણ પુરા પાડનારી સહકારી મંડળી છે સદરહું મંડળીને ઉપરોકત વિગતે ફડચામાં લઇ જવી જરૂરી હોઇ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી પાલનપુરને સરકારશ્રીના હુકમોથી અને હોદાની રૂએ મળેલ અધિકાર મુજબ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ મુજબ ધી શારદા કો. ઓ. હા. સો. લી. મુકામ તાલુકા રાધનપુર જિલ્લો બનાસકાંઠાને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂ છું. અને કલમ-૧૦૮ ની જોગવાઇઓ મુજબ તેના ફડચા અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરૂ છું.

કચેરીના તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૬૮ના પરિપત્ર મુજબ ફડચા ફી આકારવાની રહેશે અને ફડચાની કામગીરી એક વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૪.

એલ. પી. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
પાલનપુર.

નંબર નધણ/સ/૨૩૮૭/ખ/૧૧૨૩/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાલનપુર આથી જાહેર કરે છે કે ધી ડીસા તાલુકો ટેક્ષી ઓનર્સ એન્ડ ઓપરેટર્સ કો. ઓપ. સોસયટી લી., મર્યાદિત સ્થળ ડીસા, તાલુકો ડીસા, જિલ્લો બનાસકાઠા

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાનો ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

નંબર નધણ/ઉખસ/સે-દૂધ/૨૬૯૬૨/ખ/૧૧૪૧/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રાર સહકારી, મંડળીઓ પાલનપુર, આથી જાહેર કરે છે કે ધી ઘેસડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ઘેસડા, તાલુકો થરાદ, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણમાં લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી ધી જામરૂ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી જામરૂ તાલુકા દાંતા જિલ્લા બનાસકાંઠા તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પત્ર ક્રમાંક સઅફ/ફડચ ૧૯૭/૯૪

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૨ ની કલમ ૧૪૪ (૨) અને કલમ-૨૦ (૧) ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/૧૭૮૯/સને ૧૯૯૪.—ફડચા હુકમ નંબર ફ-૯૪૯૦ તારીખ ૩જી મે ૧૯૯૪ ધી જામરૂ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી; મુકામ જામરૂ તાલુકો દાંતા જિલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી (પંચાયત) પાલનપુર ના તારીખ ૧૩મી માર્ચ ૧૯૭૭ ના નોંધણી ક્રમાંક ખે-૨૮૨૮થી નોંધાયેલ હતી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી પાલનપુરના તારીખ ૩જી મે ૧૯૯૪ ના હુકમ નંબર ફડચા/૯૪૯૦ થી કાયદાની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ-૧ના પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી કાર્યવાહી પૂર્ણ કરી નોંધણી રદ થવાની દરખાસ્ત સાર કરેલ હોઇ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે સાથોસાથ આજ આજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરવા હુકમ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણમાં લીધા :

(૧) ફડચાઅધિકારીશ્રીકારીશ્રી ધી ભગવતી ગ્રાહક સહકારી ભંડાર લી. તાલુકા વડગામ જિલ્લો બનાસકાંઠા તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પત્ર ક્રમાંક/સઅફ/ફડચ/૧૯૮/૯૪

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૧૪ (૨) અન્વયે કલમ-૨૦ (૧) ની જોગવાઇઓ.

હુકમ

જા.નં. ફડચ/ગ/૧૭૯૦/સને ૧૯૯૪.—ફડચા હુકમ નંબર ફ-૮૬૬૧-તારીખ ૨૯મી ડીસેમ્બર ૧૯૮૯ ધી ભગવતી ગ્રાહક સહકારી ભંડાર લી. મુકામ છાપી તાલુકો વડગામ જિલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી (પંચાયત) પાલનપુરના તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૮૩ ના નોંધણી ક્રમાંક ભં-૩૩૮થી નોંધાયેલ હતી અને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી પાલનપુરના તારીખ ૨૯મી ડીસેમ્બર ૧૯૮૯ ના હુકમ નંબર ફડચા/૮૬૬૧ થી કાયદાની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ-૧ના પત્રથી સદરહુ મંડળીની

INDEX

ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ, ગુજરાત સહકારી મંડળી ઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથોસાથ આજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સબ-ઓડીટર સહકારી મંડળીઓ (પ્રમાણિત)-- લગત જિલ્લા સ્પેશીયલ ઓડીટર, પાલનપુરનો તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૩નો ખાસ અહેવાલ.

(૨) નામ. સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૭ મી મે, ૧૯૬૮ ના ઠરાવ નં. ઘ (ખ) ૨૭૭ ડી.ડી.સી.-૧૧૬૮ / ૧૮૪૯૯બી.

(૩) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭, ૧૦૮ સને ૨૦ (૧) ની જોગવાઈઓ.

(૪) મંડળીની તારીખ ૨૪ મી એપ્રિલ, ૧૯૮૯ ની વાર્ષિક સાધારણ સભાનો ઠરાવ નં. ૧ તથા મંડળીના પ્રમુખશ્રીએ સબ ઓડીટરના હાફ માર્જીનમાં તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૩ ના રોજ કરેલ ખુલાસો.

આમુખ

જાવક નંબર ફડચ / ગ / ૧૮૧૫/૯૪.— ધી સરદાર પટેલ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ઠે.-- ગુરૂનાનક ચોક, પાલનપુર કે જેની મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, પાલનપુર ના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૬૫ના નોંધણી ક્રમાંક ધ-૭૯૨ થી નોંધાયેલી રહેઠાણ પુરાં પાડનારી હાઉસીંગ સોસાયટી છે. આ મંડળીઓ તારીખ ૨૪ મી એપ્રિલ, ૧૯૮૯ની વાર્ષિક સાધારણ સભામાં મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવ કરેલ છે. તેમજ આમુખ ૧ માં જણાવેલ ઓડીટરશ્રીએ પણ મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ અત્રે રજુ કરેલ છે. ખાસ અહેવાલ સાથે બિડેલ હાફ માર્જીનમાં પણ મંડળીના પ્રમુખશ્રીએ મંડળીને ફડચામાં લઈ જવા સ્પષ્ટતા કરેલ છે. મંડળીનું તારીખ ૩૦ મી જુન, ૧૯૯૩ નું સરવૈયું શુન્ય છે. અને મંડળીએ તેના પેટા નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી પરિપુર્ણ કરેલ છે. મંડળીનું તારીખ ૩૦ મી જુન, ૧૯૯૩ નું સરવૈયું શુન્ય હોઈ તેના કોઈ દેવાં પુજીનો નિકાલ કરવાનો રહેતો ન હોવાથી મંડળીની નોંધણી રદ કરવાનું ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી સરદાર પટેલ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ગુરૂનાનક ચોક, પાલનપુર, તાલુકા પાલનપુર, જિલ્લો બનાસકાંઠા કે જેની મદદનીશ જીલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુરના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૬૫ ના નોંધણી ક્રમાંક ૭૯૨ થી નોંધાયેલી હાઉસીંગ મંડળી છે. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૨૦ (૧) અન્વયે રદ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

નંબર ઉખસ / નધણ / સે. દૂધ / ૨૬૯૯૩ / ખ / ૧૯૨/૧૯૯૪.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી અનાપુરગઢ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અનાપુરગઢ, તાલુકો ધાનેરા, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

નંબર નધણ / સે. ૨૬૪૮૭ / ખ / ૧૨૬૯/૧૯૯૪.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી સરદાર કૃષિનગર બચત અને ધિરાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મુકામ સરદાર કૃષિનગર, તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ૧૪ મી ઓકટોબર, ૧૯૯૪.

નંબર નધણ / સે. નં. ૨૭૩૯૪ / ખ / ૧૨૭૧/૧૯૯૪.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી ગાંજીસર જૂથ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ગાંજીસર, તાલુકો સાંતલપુર, જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૪.

નંબર ઉખસ / નધણ / સં દૂધ / ૨૬૯૯૪ / ખ / ૧૨૭૭/૧૯૯૪.— જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે, ધી દેલાણીયાપરા (ઘરપડા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ દેલાણીયાપરા, તાલુકો ડીસા, જિલ્લો બનાસકાંઠાં.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૪.

નંબર નધણ / સે. ૨૬૪૮૮ / ખ / ૧૩૩૩/૧૯૯૪.— જિલ્લા-રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર આથી જાહેર કરે છે કે-ધી બનાસ તેલીબિયાં સંઘના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક, સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ પાલનપુર, તાલુકો પાલનપુર જિલ્લો બનાસકાંઠા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાલનપુર, તારીબ ૨૫મી ઓકટોબર, ૧૯૯૪.

એમ. આર. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLI] THURSDAY, DECEMBER 21, 2000 / AGRAHAYANA 30, 1922 [No. 51

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	2824-3079	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	594—607
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	52	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	8004-8252

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સી. આર. પી. સી. કલમ-૨૫૮ મુજબનું :

જા. નં. ઉ/ગપક/૨૦૯૬/૨૦૦૦.—આથી મે. નામદાર કોર્ટનાં મે. જ્યુ. ફ. ક. મેજિસ્ટ્રેટ સા. શ્રીનાં હુકમ મુજબ અત્રેની વડોદરા શહેર ટ્રાફિક શાખાની કચેરીથી સી. આર. પી. સી. કલમ-૨૫૮ મુજબ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે કે,

નીચે જણાવેલ આર. ટી. ઓ. રજિસ્ટ્રેશન થયેલ નંબરવાળા જાહેર હરાજી નામદાર ટ્રાફિક કોર્ટનાં હુકમ મુજબ હરાજી કરવામાં આવનાર હોઈ જે કોઈપણ હિત ધરાવતી વ્યકિત કે, જે આ વાહનો સંબંધે હક્ક દાવો છે. તેવા ઈસમોએ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૯૦ માં મદદનીશ પોલીસ કમિશનરશ્રીની કચેરી ટ્રાફિક શાખા વડોદરા શહેર ખાતે રૂબરૂમાં આવી લેખિતમાં વાહનની કાગળો સાથે જાણ કરવાની રહેશે. જો કોઈ વ્યકિત સદરહુ વાહનો સબંધે હક્કદાવો રજુ કરવામાં નહીં આવે તો નિયત સમયે સદરહુ વાહનોની નિયમ અનુસાર કોર્ટનાં હુકમ મુજબ હરાજી કરવામાં આવશે. જે અંગે જાહેર જનતાએ નોંધ લેવી.

વાહનોની ઓળખ દર્શાવતી વિગતો

અ. નં.	વાહનનો પ્રકાર	રજિસ્ટ્રેશન નંબર	ચેસીસ નંબર	એન્જિન નંબર
૧	હિરો હોન્ડા	... નથી	નથી	નથી
૨	સન્ની મોપેડ	... જીજે-૬/અં—૫૦૧૮	૧૮ એફ / ૯૫ બીબી-૪૬૭૭૩	૧૮ એક /૯૫ બી૪૪૩૦૪
૩	યામાહા મોટર સાયકલ	... આર. જે. ૧૪—૧૪૨૪	૯૫ સી/૧એલ ૧-૫૦૪૨૩૨	૧ એલ/૧૫૦—૪૨૩૨
૪	લ્યુના મોપેડ	... જી. આર. એમ.—૩૬૦૧	નથી	નથી
૫	સુઝુકી મોટર સાયકલ	... નથી	૯૬૦૮-એફ-૬૮૩૨૫૪	૯૬૦૮

વડોદરા શહેર, તારીખ ૪થી ડિસેમ્બર ૨૦૦૦.

.જે. મહાપાત્ર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

BY DISTRICT JUDGE

Notification

No. C -1518 of 2000.—In accordance with para 625, Chapter-XXXI of the Civil Manual, Volume-I, 1960, the District Judge, Vadodara is pleased to notify the following days as Holidays to be observed the Year-2001. The District Court, Vadodara and all the Courts subordinate to it in the Judicial District of Vadodara shall remain closed on these days.

Sr. No. 1	Name of the Holidays 2	Date according to Gregorian Calendar 3	Day 4
1	Republic Day	.. 26th January, 2001	Friday
2	Mahashivratri	.. 21st February, 2001	Wednesday
3	Bakri-Id (Id-ul-aza)	.. 6th March, 2001	Tuesday
4	Holi-2nd day Dhuleti	.. 10th March, 2001	Saturday
5	Cheti Chand	.. 26th March, 2001	Monday
6	Ramnavmi	.. 2nd April, 2001	Monday
7	Moharram	.. 5th April, 2001	Thursday
8	Mahavir Jayanti	.. 6th April, 2001	Friday
9	Good Friday	13th April, 2001	Friday
10	Dr. Baba Saheb Amberkar's Birthda	.. 14th April, 2001	Saturday
11	God. Shri Parshuram Jayanti	25th April, 2001	Wednesday
12	Id-e-Millad-Un-Nabi	.. 5th June, 2001	Tuesday
13	Raksha Bandhan	.. 4th August, 2001	Saturday
14	Independent Day	.. 15th August, 2001	Wednesday
15	Parsi New Year Day (Parsi Shenshahi)	.. 21st August, 2001	Tuesday
16	Samvatsari	.. 22nd August, 2001	Wednesday
17	Mahatma Gandhi's Birthday	.. 2nd October, 201	Tuesday
18	Dussehra	.. 26th October, 2001	Friday
19	Sardar Vallabhbhai Patel's Birthday	.. 31st October, 2001	Wednesday
20	Diwali (Extra)	.. 12th November, 2001	Monday
21	Diwali (Extra)	13th November, 2001	Tuescay
22	Diwali	14th November, 2001	Wednesday
23	Diwali (Extra)	.. 15th November, 2001	Thursday
24	(1) New Year Day (2) Bhai-Bij	.. 16th November, 2001	Friday
25	Diwali (Extra)	.. 17th November, 2001	Saturday
26	Guru Nanak's Birthday	.. 30th November, 2001	Friday
27	Ramzan-Id (Id-Ul-Fitra)	.. 17th December, 2001	Monday
28	Christmas Day	.. 25th December, 2001	Tuesday

Note : (1) The following days have not been notified as public holidays as they fall on Sunday.

(1) Makarsakranti — 14th January, 2001
(2) Janmashtmi — 12th August, 2001

INDEX

(2) In addition to the Holidays, notified above, Government Servants may avail of maximum of any two holidays on the festival occassions at their option and irrespective of their reiligious denomination out of the list optional holidays declared *vide* Government Notification No. GAD No. GS / 2000-41-JSR-102000-3672-GH, dated 1st November, 2000 should however, be applied for in advance and will normally be granted by the Officer competent to grant Casual Leave with the due regards to exigencies of Goverment work. This leave of two days taken by Government servants at their option on the festival of their choice will not be debited to their casual leave account.

(3) If any of the Muslim festival notified above, does not fall on the day notified, the Muslim servants of Government who choose the particular holiday may be granted as optional holiday on the day on which festival actually falls in lieu of a holiday on the day notified.

Vadodara, 4th December, 2000.

C. D. PATEL,
District Judge.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

નંબર સીબી/૧૫૧૮ / ૨૦૦૦.—સિવિલ મેન્યુઅલ ૧૯૬૦ ભાગ-૧ ના ૩૧માં પ્રકરણના પેરા-૬૨૫ અન્વયે સને ૨૦૦૧ ના વર્ષ માટે વડોદરા જિલ્લાના ન્યાયાધીશશ્રી નીચે જણાવેલી રજાઓ પાળવાનું જાહેર કરે છે. તે દિવસોએ જિલ્લામાંની જિલ્લા ન્યાયાલય અને તાબાના બધા ન્યાયાલયો બંધ રહેશે.

ક્રમાંક	રજાનું નામ	ગ્રેગોરીયન કેલેન્ડર પ્રમાણે તારીખ	દિવસ
૧		૨	૩
૧	પ્રજાસત્તાક દિન	... ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧	શુક્રવાર
૨	મહા શિવરાત્રી	... ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૧	બુધવાર
૩	બકરી—ઈદ (ઈદ—ઉલ—અઝા)	... ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૧	મંગળવાર
૪	હોળી-બીજો દિવસ—ધૂળેટી	... ૧૦મી માર્ચ ૨૦૦૧	શનિવાર
૫	ચેટીચાંદ	... ૨૬મી માર્ચ ૨૦૦૧	સોમવાર
૬	રામનવમી	... ૨જી એપ્રિલ ૨૦૦૧	સોમવાર
૭	મહોરમ	... ૫મી એપ્રિલ ૨૦૦૧	ગુરૂવાર
૮	મહાવીર જયંતિ (જન્મ કલ્યાણક)	... ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૦૧	શુક્રવાર
૯	ગુડ ફ્રાઈડે	... ૧૩મી એપ્રિલ ૨૦૦૧	શુક્રવાર
૧૦	ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન	... ૧૪મી એપ્રિલ ૨૦૦૧	શનિવાર
૧૧	ભગવાન શ્રી પરશુરામ જયંતિ	... ૨૫મી એપ્રિલ ૨૦૦૧	બુધવાર
૧૨	ઈદ-એ-મિલાદ-ઉન-નબી (મહંમદ પયગંબર સાહેબનો જન્મદિન)	... ૫મી જુન ૨૦૦૧	મંગળવાર
૧૩	રક્ષાબંધન	... ૪થી ઓગષ્ટ ૨૦૦૧	શનિવાર
૧૪	સ્વાતંત્ર્યદિન	... ૧૫મી ઓગષ્ટ ૨૦૦૧	બુધવાર
૧૫	પારસી નૂતન ર્ષ દિન (પારસી શહેનશાહી)	... ૨૧મી ઓગષ્ટ ૨૦૦૧	મંગળવાર
૧૬	સંવત્સરી (ચર્તુથી પક્ષ)	... ૨૨મી ઓગષ્ટ ૨૦૦૧	બુધવાર
૧૭	મહાત્મા ગાંધીનો જન્મદિન	... ૨જી ઓક્ટોબર ૨૦૦૧	મંગળવાર
૧૮	દશેરા	... ૨૬મી ઓક્ટોબર ૨૦૦૧	શુક્રવાર
૧૯	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન	... ૩૧મી ઓક્ટોબર. ૨૦૦૧	બુધવાર
૨૦	દિવાળી (એક્સ્ટ્રા)	... ૧૨મી નવેમ્બર ૨૦૦૧	સોમવાર
૨૧	દિવાળી (એક્સ્ટ્રા)	... ૧૩મી નવેમ્બર ૨૦૦૧	મંગળવાર
૨૨	દિવાળી	... ૧૪મી નવેમ્બર ૨૦૦૧	બુધવાર
૨૩	દિવાળી (એક્સ્ટ્રા)	... ૧૫મી નવેમ્બર ૨૦૦૧	ગુરૂવાર

૧	૨		૩
૨૪	(૧) નૂતનવર્ષદિન	... ૧૬મી નવેમ્બર ૨૦૦૧	શુક્રવાર
	(૨) ભાઈબીજ	... ૧૭મી નવેમ્બર ૨૦૦૧	શનિવાર
૨૫	દિવાળી (એક્સ્ટ્રા)	... ૩૦મી નવેમ્બર ૨૦૦૧	શુક્રવાર
૨૬	ગુરૂ નાનકનો જન્મદિન	... ૧૭મી ડિસેમ્બર ૨૦૦૧	સોમવાર
૨૭	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	... ૨૫મી ડિસેમ્બર. ૨૦૦૧	મંગળવાર
૨૮	નાતાલ		

નોંધ :—૧. નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે જાહેર રજાના દિવસો તરીકે જાહેર કરેલી નથી.

૧. મકરસંક્રાંતી ... ૧૪મી જાન્યુઆરી ૨૦૦૧

૨. જન્માષ્ટમી ... ૧૨મી ઓગષ્ટ ૨૦૦૧

નોંધ :—૨. ઉપર જાહેર કરેલી રજાઓ ઉપરાંત સરકારના કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક સંપ્રદાયના બાધ વિના સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧લી નવેમ્બર ૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક : ગસ-૨૦૦૦-જસર-૧૦૨૦૦૦-૩૬૭૨-ગખ માં જણાવેલા તહેવારોના પ્રસંગોએ વધુમાં વધુ કોઈપણ બે મરજીયાત રજાઓ ભોગવી શકશે. આવી મરજીયાત રજાઓ ભોગવવા અંગે પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈએ અને સામાન્ય રીતે પરચુરણ રજા મંજૂર કરનાર યોગ્ય અધિકારી કોર્ટના કામકાજની અગત્યતા તથા કોર્ટના કામકાજને કોઈપણ અસર ના થાય તે જોઈને પરવાનગી આપશે. સરકારી કર્મચારીઓએ તેમની પસંદગી પ્રમાણે આ બે તહેવારોની લીધેલી રજા પરચુરણ રજા તરીકે ગણવામાં આવશે નહિ અને તેમની પરચુરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહિ.

નોંધ :—૩. ઉપર જાહેર કરેલ મુસ્લિમોની કોઈપણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લીમ કર્મચારીઓને મરજીયાત રજા આપી શકશે.

વડોદરા, તારીખ ૪થી ડિસેમ્બર ૨૦૦૦.

સી. ડી. પટેલ,
જિલ્લા ન્યાયાધીશ, વડોદરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબ

ક્રમાંક ડીસી/બીપીએ/૩૩(૧)/(ખ)/જાહેરનામું/૭૦૧૧/૨૦૦૦.—ગુજરાત સ્ટેડીયમ મોટેરા ખાતે તારીખ ૫મી ડીસેમ્બર ૨૦૦૦ ના રોજ ભારત અને ઝીમ્બાબ્વે વચ્ચે એક દિવસીય ક્રિકેટ વનડે મેચ સરદાર પટેલ ગુજરાત સ્ટેડીયમ મોટેરા ખાતે રમાનાર છે સદર મેચ વખતે ગુજરાત સ્ટેડીયમ મોટેરા ખાતે વાહનોનો ધસારો ચારેય બાજુથી મોટા પ્રમાણમાં થવાની શકયતા છે. જેથી ક્રિકેટ મેચ સમયે સ્ટેડીયમ ખાતે તેમજ આજુબાજુના હાઈવે રોડ ઉપર ટ્રાફીકના પ્રશ્નો ઉભા થાય નહી જેથી કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની જરૂરીયાત છે. જેથી કાયદો વ્યવસ્થાનો ભંગ ન થાય તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈપોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(ખ) તેમજ મોટર વાહન નિયમન નિયમો ૧૯૮૯ ના નિયમ ૧૮૪ થી મળેલ સત્તાની રૂએ તથા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ-૧૬૨ (૨) માં થયેલ જોગવાઈ મુજબ હું જયશ્રી દેવાંગન અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર નીચે દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૫મી ડીસેમ્બર ૨૦૦૦ ના કલાક ૭-૦૦ થી કલાક ૧૯-૦૦ સુધી નીચે જણાવ્યા મુજબ વાહનોની અવર જવર કરવાનું ફરમાવું છું.

૧. અડાલજ તરફથી ક્રિકેટ મેચ જોવા મોટેરા સ્ટેડીયમ તરફથી આવતા વાહનો સિવાયના વાહનો વિસત પેટ્રોલ પંપથી આવે નહી અને ક્રિકેટ મેચ જોવા આવનાર સિવાય નો તમામ ટ્રાફીક અડાલજથી સરખેજ તરફ વાળવામાં આવે;

૨. કોબા સર્કલ તરફથી ક્રિકેટ મેચ જોવા મોટેરા સ્ટેડીયમ તરફથી આવતા વાહનો સિવાય બીજા વાહનો સ્ટેડીયમ તરફથી આવે નહી.

૩. કોટેશ્વર ટી જંકશન તરફથી ક્રીકેટ મેચ જોવા મોટેરા સ્ટેડીયમ તરફથી આવતા વાહનો સિવાયના બીજા કોઈ વાહનો મોટેરા સ્ટેડીયમ તરફથી આવે નહી;

૪. ઉપરોકત રસ્તા ઉપર મેચ જોવા આવે તે વ્યકિતએ કોઈપણ પ્રકારનું ભારે વાહન કે પશુ દ્વારા ખેચતા મનુષ્ય દ્વારા ધકેલાતા (ધીમીગતી) વાહનો સાથે આવે નહી;

સદરહુ જાહેરનામું ઉલ્લંઘન કરનાર કોઈપણ શખ્સને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ (૪) માં જણાવેલી શિક્ષાને પાત્ર ઠરશે તેમજ મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ-૧૮૩ (૧) તથા (૨) માં થયેલ જોગવાઈ અનુસાર દંડને પાત્ર ઠરશે.

અપવાદ :

૧. સરકારી ફરજ સાથે સંકળાયેલ કર્મચારી/અધિકારીશ્રી, ધારાસભ્ય શ્રી, સંસદ સભ્યશ્રી, પદાધિકારીશ્રીઓ તથા આમંત્રિતોને લઈ જતા વાહનને સદર જાહેરનામું લાગુ પડશે નહી.

૨. એસ. ટી. ના વાહનોને તાત્કાલીક સારવાર માટે દર્દીને લઈ જતા એમ્બ્યુલન્સ તથા અગ્નિશામક વાહનોને સદર જાહેરનામું લાગુ પડશે નહી.

આજ તારીખ ૩૦મી નવેમ્બર ૨૦૦૦ ના રોજ મારા સહી સિક્કા કર્યા.

જયશ્રી દેવાંગન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part I, should be *read* to have been published in Issue No. 51 *Gujarat Government Gazette*, Part I, dated 21st December, 2000 and for pages VAD-885 to VAD-936 and RJT-1 to RJT-200 (in 2 set) *read* page No. 2828 to 3079.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજયના રાજયપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૧મી ડિસેમ્બર ૨૦૦૦ના ગુજરાત રાજયના રાજયપત્ર ભાગ-૧ ના અંક ૫૧ માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું, અને પાના વીએડી ૮૮૫ થી વીએડી-૯૩૬ અને આરજેટી-૧ થી આરજેટી-૨૦૦ (૨-ભાગમાં) ને પાન નંબર ૨૮૨૮ થી ૩૦૭૯ વાંચવા.

Vadodara, 21st December, 2000.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૨૦૮૬/ક-૨/ ૮૩૧/૭૫૧૨ / ભં. ૮૬૫૧/ ૯૫.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી કેન્દ્રીય કનઝ્યુમર્સ કો. ઓપ. સોસાયટી લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવલ છે.

અમદાવાદ, તા. ૨૭–૬–૧૯૯૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૨૦૭૫/ક-૨/૮૩૪ / ૭૦૮૮/ચ / ૧૭૧૮૫ / ૯૫.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સુમેરૂએન (સાબરમતી) કો. ઓ. હા. સો. લિ., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૨)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦–૬–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા ખાસ અન્વેષક શ્રી, શ. મ. (શહેર) અમદાવાદના તા. ૧૪–૧૦–૯૪ નો પત્રક ક્રમાંક અષણ/૦૧/ગ-૨/ ૬૯૬૩/૯૪.

(૨) અત્રેની કચેરીએથી તા. ૧–૪–૯૫ ના રોજ ગુજરાત સમાચાર દૈનિકપત્રમાં આપેલ જાહેર નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૨૦ અન્વયેની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/ધ-૨/૭૬૫/૧૦૮૨/૧૯૯૫.—શ્રી સંકલિતનગર મજુર કામદાર સ. મં. લી. અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ ૯ અન્વયે રજીસ્ટ્રેશન નંબર ઉ-૮૧૭૪ તા. ૧૦—૬–૮૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

સદર મંડળીનું સને ૩૦–૬–૯૦ ના વર્ષનું ઓડીટ અંગે ઉપલબ્ધ સરનામે ઓડીટ હાથ ધરવા અંગે પત્રો લખતાં મંડળી તેનાં નોંધાયેલ સરનામે કામ કરતી નથી. મંડળીના સરનામેથી પત્રો પરત આવે છે. જેથી મંડળી તેના ઉદ્દેશો મુજબ કામ કરતી નહોઈ, મંડળીએ નોંધણી બાદ કામકાજ શરૂ કરેલ જણાતુ ન હોય મંડળીની નોંધણી રદ કરવા માટે જિલ્લા રૂપે. ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૪–૧૦–૯૪ ના પત્રથી અત્રેની કચેરીને દરખાસ્ત કરવામાં આવેલી, જેના સંદર્ભમાં મંડળીને સાંભળવી જરૂરી હોઈ મંડળીને સંદર્ભ–૨ ની તા. ૧–૪–૯૫ ના રોજ ગુજરાત સમાચાર દૈનિકપત્રમાં જાહેર નોટીસ આપી મંડળીની નોંધણી રદ કેમ ન કરવી? તે બાબતે કારણો દર્શાવવા જાણ કરવામા આવેલ હતી. ઉક્ત મુદ્દતે મંડળી તરફથી મંડળીના કાર્યવાહકો હાજર રહી જરૂરી રજુઆત કરેલ નથી. તેમજ મંડળીના કાર્યવાહકોએ ઉકત બાબતોએ લેખિત યા મૌખીક રજુઆત આજદિન સુધી કરેલ નથી. જેથી મંડળીને આ અંગે કાંઈ કહેવાનું રહેતુ નથી તથા મંડળી તના નોંધાયેલ સરનામે કામ કરતી નથી. તથા મંડળી તેના ઉદ્દેશો મુજબ અને તેના પેટા નિયમ અને સહકારી કાયદાની કલમો અનુસાર મંડળીની નોંધણી થઈ ત્યારથી આજ દિન સુધી કામગીરી શરૂ કરેલ નથી. તેમ માનવાને પુરતા અને વજુદવાળા કારણો રહે છે.

ઉકત વિગતો જોતાં મંડળીએ નોંધાયા બાદ સભ્યોને રહેઠાણ માટે મકાનો પુરા પાડી ઉદ્દેશો મુજબની કામગીરી શરૂ કરેલ ન હોઈ, મંડળી તેના નોંધાયેલ કે ઉપલબ્ધ સરનામે કામ કરતી ન હોઈ, મંડળીની નોંધણી રદ કરવા બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ ૨૦ ની સત્તાની રૂએ ધી સંકલિતનગર મજુર કામદાર સ. મં. લી. અમદાવાદ કે જેનો નોંધણી નંબર ઉ-૮૧૭૪, તા ૧૦–૬–૮૩ છે. તેની નોંધણી રદ કરૂં છું.

અમદાવાદ, તા. ૩૦–૬–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા ખાસ અન્વેષકશ્રી, સહકારી મંડળી (શહેર) અમદાવાદના તા. ૧૪–૧૦–૧૯૯૪નો પત્ર ક્રમાંક અષણ/૦૧/ગ-રી/ ૪૯૬૩/૧૯૯૪.

(૨) અત્રેની કચેરીથી તા. ૧–૪–૧૯૯૫ના રોજ ગુજરાત સમાચાર દૈનિક પત્રમાં આપેલ જાહેર નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦ અન્વયેની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

જા. નંબર સહક/૦૧/ધ–૨,૭૬૬/૧૯૯૫ — ધી ઈલાવતી પાર્ક કો–ઓ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૯ અન્વયે રજીસ્ટ્રેશનથી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

સદર મંડળીનું તા. ૩૦–૬–૧૯૯૩ સુધીનું વર્ષનું ઓડીટ અંગે ઉપલબ્ધ સરનામે ઓડીટ હાથ ધરવા અંગે પત્રો લખતાં મંડળી તેના નોંધાયેલ સરનામે કામ કરતી નથી. મંડળીના સરનામેથી પત્રો પરત આવે છે. જેથી મંડળી તેના ઉદ્દેશો મુજબ કામ કરતી ન હોઈ, મંડળીએ નોંધણી બાદ કામકાજ શરૂ કરેલ જણાતું ન હોય મંડળીની નોંધણી રદ કરવા માટે જીલ્લા રજી. ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૪–૧૦–૧૯૯૪ ના પત્રથી અત્રેની કચેરીને દરખાસ્ત કરવામાં આવેલી, જેના સંદર્ભમાં મંડળીને સાંભળવી જરૂરી હોઈ મંડળીને સંદર્ભ–૨ની, તા. ૧–૪–૧૯૯૫ના રોજ ગુજરાત સમાચાર દૈનિક પત્રમાં જાહેર નોટીસ આપી મંડળીની નોંધણી રદ કેમ ન કરવી ? તે બાબતે કારણો દર્શાવવા જાણ કરવામાં આવેલ હતી. ઉક્ત મુદતે મંડળી તરફથી મંડળીના કાર્યવાહકો હાજર રહી જરૂરી રજુઆત કરેલ નથી. તેમજ મંડળીના કાર્યવાહકોએ ઉક્ત બાબતોએ લેખિત યા મૌખિક રજુઆત આજ દિન સુધી કરેલ નથી. જેથી મંડળીને આ અંગે કાંઈ કહેવાનું રહેતું નથી. તથા મંડળી તેના નોંધાયેલ સરનામે કામ કરતી નથી. તથા મંડળી તેના ઉદ્દેશો મુજબ અને તેના પેટા નિયમ અને સહકારી કાયદાની કલમો અનુસાર મંડળીની નોંધણી થઈ ત્યારથી આજદિન સુધી કામગીરી શરૂ કરેલ નથી. તેમ માનવાને પુરતા અને વજુદવાળા કારણો રહે છે.

ઉક્ત વિગતો જોતાં મંડળીએ નોંધાયા બાદ સભ્યોને રહેઠાણ માટે મકાનો પુરા પાડી ઉદ્દેશો મુજબની કામગીરી શરૂ કરેલ ન હોઈ, મંડળી તેના નોંધાયેલ કે ઉપલબ્ધ સરનામે કામ કરતી ન હોઈ મંડળીની નોંધણી રદ કરવા બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ; (શહેર) અમદાવાદ, મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦ની સત્તાની રૂએ ધી ઈલાવતી પાર્ક કો–ઓ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ કે જેનો નોંધણી રદ કરૂં છું.

અમદાવાદ. તા. ૩૦–૬–૧૯૯૫.

વંચાણ લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૩–૧–૯૫નો પત્ર ક્રમાંક ધરમ/૦૧/બ–૧/૨૧/૯૫.

(૨) અત્રેની કચેરીનો તા. ૨૦–૩–૯૫નો જા. નં. ફડચ/૦૧/ધ–૨/૯૫નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ અન્વયેની જોગવાઈઓ,

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ–૨/૭૬૭/૯૫.—ધી મણીલક્ષ્મી નગર ઓઢવ કો. ઓ. હાઉસીંગ સોસા. લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૧ની કલમ–૯ અન્વયે નોંધાયેલ ગૃહ સહકારી મંડળી છે

સદર મંડળી કસ્ટોડિયન હેઠળ હતી અને આ મંડળીને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૯ અન્વયે ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પોરેશન લી. ની નિમણૂંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડિયનની મહત્તમ અવધિ વિતિ ગયેલ હોવા છતાં. સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા મંડળીનાં સભાસદો ઇચ્છતા નથી, તથા કસ્ટોડિયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંકલિત થઇ શકતી નથી, જેથી સંસ્થાને ફડચામાં લઇ જવા અંગેનો સંદર્ભ–૨ ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ એક માં કરવાની તક આપવામાં આવેલ, છતાં મંડળી તરફથી આજદિન સુધી કોઈ લેખિત/મૌખિક રજુઆત કરવામાં આવેલ નથી જેથી મંડળીનો નીચે મુજબનો ફડચાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

(૩) સંસ્થાની વ્યવસ્થાપક કમીટીની મીટીંગો સને ૧૯૮૭-૮૮ના વર્ષમાં માત્ર-૨ મળેલ છે. એટલે કે પેટા નિયમ અનુસારમળેલ નથી. એટલે જોડાયેલ સદસ્યો મંડળીના કામકાજમાં બિલકુલ રસ ધરાવતા જણાતા નથી. ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ગ-૧-૨-૪ હેઠળ મંડળીને ફડચામાં લઇ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓ લગત વાંધો કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા મંડળીને જા. નં. ખવમ/૧/ગ/૨૩૫૫ તા. ૩૦-૧૧-૮૯ થી વચગાળાનો આદેશ આપી દિવસ-૩૦ માં કચેરીએ વાંધાઓ/ખુલાસોઓ કરવા જણાવવામાં આવેલ હતું. પરંતુ જેના અનુસંધાને મંડળીના કાર્યવાહકો તરફથી કોઇ વાંધો/ખુલાસો કરેલ નથી. આમ મંડળીમાં જોડાયેલ સભાસદોને કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી. તથા સંસ્થા સ્થગિત અવસ્થામાં રહેતી હોઇ તથા નોંધાયેલા ઉદ્દેશો મુજબનો હેતુબર આવે તેમ નહીં જણાતાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

–: હુકમ :–

ધી બાલીસણા ફળ અને શાકભાજી ખરીદ વેચાણ સહકારી મંડળી લી. મુ. બાલીસણા તા. પાટણ જી. મહેસાણા જે નોંધણી નં. જી.પં.સે./૧૮૭૩૩ તા. ૨-૫-૮૭થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) ગ-૧-૨-૪ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો નં. ૧, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૧૬-૨-૯૦.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ ઉખસ/ફડચ/૦૧/છ/૨૮૮૩ તા. ૮-૧૧-૮૯.

(૨) સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૬ તા. ૨-૧-૯૦.

પ્રસ્તાવના :–

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૩૧/છ/૪૩૦/૯૦ :– ધી બલાસર ગોપાલન અને ગણોતીયાની સહકારી મંડળી લી. મુ. બલાસર તા. કડી એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. એફ/૫૧૧ તા. ૧૫-૩-૫૬થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. આ સંસ્થાનું શ્રી સબ ઓડીટર, સહકારી મંડળીઓ કડી તરફથી તા. ૧-૭-૮૭ થી ૩૦-૬-૮૮ સુધીનું અન્વેષણ પુર્ણ કરેલ છે તે અન્વેષણમાં અંકિત કરવામાં આવેલ મુદ્દાઓ આ પ્રમાણે જણાયા છે.

(૧) છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ મેમાનો દુરસ્તી કરેલ નથી.

(૨) છેલ્લા પાંચ વર્ષ ઉપરાંતના વર્ષોથી વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી કે હિસાબો મંજુર કરાવેલ નથી.

(૩) છેલ્લા પાંચ વર્ષ ઉપરાંતના વર્ષોથી મંડળી સ્થગિત હાલતમાં છે. અને કોઈ જાતની નાણાંકીય લેવડ દેવડ થયેલ નથી.

(૪) મંડળીએ પાંચ વર્ષથી ઓડીટ ફી ભરેલ નથી.

(૫) સરકારશ્રી તરફથી મંડળીને જમીન મળેલ છે. પરંતુ વ્યક્તિગત ખાતે છે તેથી ગણોત વસુલ કરવામાં આવતુ નથી. સભાસદોને મંડળી ચાલુ રાખવામાં રસ નથી.

(૬) છેલ્લા પાંચ વર્ષથી મંડળી 'ડ' વર્ગમાં છે.

ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના અધિનિયમની ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) ગ-૧-૨-૪ હેઠળ મંડળીને ફડચામાં લઇ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓ લગત વાંધો કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને જા.નં. ઉખસ/ફડચ/૦૧/છ/૨૮૮૩ તા. ૮-૧૧-૮૯ ના રોજ વચગાળાનો આદેશ આપી દિન-૩૦માં આ કચેરીને વાંધો/ખુલાસો કરવા જણાવવામાં આવેલ હતુ.

INDEX

પરંતુ જેના અનુસંધાને મંડળીના કાર્યવાહકો તરફથી કંઇ રજુઆત અત્રે થયેલ નથી. તથા સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/છ/૯૦ તા. ૨-૧-૯૦ થી સદર મંડળીનો ચાર્જ મેળવી લીધેલ હોઇ સદર મંડળીને ફડચામાં લઇ જતો નીચે મુજબ હુકમ કરૂં છું.

-: હુકમ :-

ધી બલાસર ગોપાલન અને ગણોતીયાની સહકારી મંડળી લી. મુ. બલાસર તા. કડી જી. મહેસાણા જે નોંધણી નં. એફ/૫૧૧ તા. ૧૫-૩-૫૬થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ ૧૦૭ (૧) ગ-૧-૨-૪ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે ફડચો- ૧, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૧૬-૨ -૯૦.

વાંચ્યો :-

(૧) ધી સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણા પત્ર ક્રમાંક ફડચ/૨/૫૮/૯૦ તા. ૮-૨-૯૦થી ધી દવાડા સેવા સહકારી મં.લી. મુ. દવાડા તા. વિસનગર (ફડચામાં) ની નોંધણી રદની દરખાસ્ત.

-: હુકમ :-

ક્રમાંક ઉખસ/ફડચ/૧૭૯૬/છ/૪૨૯/૯૦ દવાડા સેવા સહકારી મંડળી લી. મુ. દવાડા તા. વિસનગર જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૧૭૯૬ તા. ૨૭-૧૨-૮૨થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૧૬-૨-૯૦.

વાંચ્યો :-

(૧) ધી સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણા પત્ર ક્રમાંક ફડચ/૦૩/૭૩૮ તા. ૧૩-૧૨-૮૯થી મહેસાણા ડ્રાયવર્સ અને ઓટો કારીગરોની સહકારી મંડળી લી. મુ. મહેસાણા તા. મહેસાણા (ફડચામાં) ની નોંધણી રદની દરખાસ્ત.

-: હુકમ :-

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/છ/૪૨૮/૯૦ ધી મહેસાણા ડ્રાયવર્સ અને ઓટો કારીગરોની સહકારી મંડળી લી. મુ. મહેસાણા તા. મહેસાણા જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૯૭૧ તા. ૨૧-૩-૮૮થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૧૬-૨-૯૦.

વાંચ્યો :-

(૧) ધી સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણા પત્ર ક્રમાંક ફડચ/૦૩/૭૩૯ તા. ૩૦-૧૨-૮૯ થી ધીવટા જિલ્લા ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. પાટણ તા. પાટણ (ફડચામાં) ની નોંધણી રદની દરખાસ્ત.

-: હુકમ :-

ક્રમાંક ઉખસ/ફડચ/૮૫૦૬/છ/૪૨૭/૯૦ ધીવટા જિલ્લા ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. પાટણ તા. પાટણ જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૮૫૦૬/૦૧/જ/૧૮૦૦ તા. ૧૭-૪-૮૮થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૧૬-૨-૯૦.

INDEX

વંચાણે લીધા :—

(૧) આ કચેરીની કારણ દર્શક નોટીસ ક્રમાંક ખવમ/૦૧/ગ/૧૯૬૭/ તા. ૧૯-૧૦-૮૯.

(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ ક્રમાંક ખવમ/૦૧/ગ/ ૨૪૦૪ તા. ૪-૧૨-૮૯.

પ્રસ્તાવના :—

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૩૨/છ/૫૦૯/૯૦ :— ધી નાગવાસણા બટાટા શાકભાજી ઉત્પાદક પછાત વર્ગની સહકારી મંડળી લી. મુ. નાગવાસણા તા. સિદ્ધપુરએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. ૩૫૯૬ તા. ૧૪-૧૧-૭૭થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. આ સંસ્થાનું તા. ૧-૧-૮૮ થી ૩૧-૧૨-૮૮ સુધીનું અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણા (નવી જગ્યા-૧) તરફથી કરવામાં આવેલ છે અને આ અન્વેષણ નોંધમાં જણાવેલ મુદ્દાઓ નીચે મુજબ છે.

(૧) મંડળીએ છેલ્લા બે વર્ષના અન્વેષણ અહેવાલમાં જણાવેલ ક્ષતિઓના ચુસ્તપણે અમલ કરી તેનો દુરસ્તી અહેવાલ મોકલવામાં આવેલ નથી.

(૨) સંસ્થા ૧૯૭૭માં નોંધાયેલ છે. નોંધણી થયા બાદ કોઈ કામગીરી કરેલ નથી.

(૩) સંસ્થાની વ્ય. કમીટીની મીટીંગો પેટા નિયમ અનુસાર મળેલ નથી.

(૪) સંસ્થાએ તેના ઉદ્દેશો પ્રમાણે સભાસદોની શાકભાજી એકત્ર કરી પોષણક્ષમ ભાવો મળી રહે તેની કોઇ કાર્યવાહી કરેલ નથી.

ઉપરના મુદ્દાઓ સંબંધે મંડળીને ફડચામાં લઇ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓ લગત વાંધો કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે તા. ૪-૧૨-૮૯ના રોજ વચગાળાનો આદેશ આપી દિન-૩૦માં કચેરીએ વાંધાઓ ખુલાસાઓ કરવા જણાવવામાં આવેલ હતુ. જેના અનુસંધાને મંડળીના સભાસદો તથા કાર્યવાહકો તરફથી કંઈ વાંધો કે ખુલાસો કરેલ નથી. આમ સદર મંડળીના 'દો તથા કાર્યવાહકોને કોઈ રસ નથી તથા સંસ્થા સ્થગિત અવસ્થામા હોઈ ી ચાલુ રાખવી હિતાવહ નહી જણાતાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

—: હુ કમ :—

ધી નાગવાસણા બટાટા શાકભાજી ઉત્પાદક પછાત વર્ગની સહકારી મંડળી લી. મુ. નાગવાસણા તા. સિદ્ધપુર જી. મહેસાણાને નોંધણી નં. જી. પં. સે./૩૫૯૬ તા. ૧૪-૧૧-૭૭થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) ગ-૨-૪ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી ફડચો-૨, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨૦-૨-૯૦.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ નં. ઉખસ/ફડચ/૦૧/છ ૩૨૪૫ તા. ૬-૧૨-૮૯.

(૨) સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/ ૦૧/૨૪૩/તા. ૩-૨-૯૦.

પ્રસ્તાવના :—

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૩૭/છ/૫૨૫/૯૦ :—ધી ડાભલા તેલિબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ડાભલા તા. વિજાપુરએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧હેઠળ નોંધણી નં. ૨૦૦૮૨ તા. ૭-૪-૮૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. આ સંસ્થાનું ઓડીટ તા. ૧-૧-૮૮ થી ૩૧-૧૨-૮૮ સુધી ઓડીટર, સહકારી મંડળીઓ, કલોલ તરફથી કરવામાં આવેલ છે. તે અન્વેષણમાં અંકિત કરવામાં આવેલા મુદ્દાઓ આ પ્રમાણે ઉપસ્થિત થયેલ જણાયા છે.

(૧) છેલ્લા બે વર્ષનો ઓડીટ વર્ગ 'ડ' છે.

(૨) સંસ્થાએ તેના ઉદ્દેશો પ્રમાણેની કામગીરી હાથ ધરેલ નથી. એટલે કે સ્થગિત અવસ્થામાં છે.

(૩) સંસ્થાએ અગાઉના વર્ષના ઓડીટ નોંધની ખામીઓની દુરસ્તી કરેલ નથી.

(૪) સને ૧૯૮૮ની વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.

(૫) ઓડીટ સમય દરમ્યાન વ્યવસ્થાપક સમિતિની મીટીંગો મળેલ નથી.

(૬) તા. ૩૧-૧૨-૮૮ના સરવૈયા મુજબ રૂા. ૯૦૯/- ખોટ છે.

ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓ લગતા વાંધા કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને જા. નં. ઉખસ/ફડચ/૪૩૪૫/ચ/૨૮૧૨ તા. ૫-૧૦-૮૯થી વચગાળાનો આદેશ આપી વાંધો કે ખુલાસો કરવા જણાવેલ હતો. પરંતુ આ અંગે કોઈ રજુઆત થયેલ નથી અને સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૪૩ તા. ૩-૨-૯૦થી સદર મંડળીને ફડચાનો ચાર્જ મેળવી લીધેલ હોવાથી હું નીચે મુજબનો હુકમ કરૂં છું.

—: હુ ક મ :—

ધી ડાભલા તેલિબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ડાભલા તા. વિજાપુર જી. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. ૨૦૦૮૨ તા. ૭-૪-૮૪થી નોંધવામાં આવેલ હતી ઉક્ત જણાવેલ કારણો ધ્યાનમાં લઈ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) સી-૧, ૨ અન્વયે ફડચામાં લઈ જવા હુકમ કરૂ છું સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨૮-૨-૯૦.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ મંડળીને આટોપી લેવા બાબત.

ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/છ/૫૧૯/૧૯૯૦ :– ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ કાજીમતીયાસણા જુથ તેલિ.. ઉત્પાદક સહકારી મંડળી લી. તા. વિસનગર નોંધણી નંબર ૨૨૨૬૧ તા. ૫-૫-૮૬થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. આ સંસ્થાનું ઓડીટ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, વિસનગર તરફથી તારીખ ૧-૭-૮૭ થી ૩૦-૬-૮૮ કરવામાં આવ્યું હતું. આ અન્વેષણ દરમ્યાન નીચેની વિગતે મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) મંડળીએ નિયમ મુજબની કઇ કામગીરી કરેલ નથી એટલે કે સ્થગિત અવસ્થામાં છે.

(૨) ઓડીટ સમય દરમ્યાન પેટા નિયમ અનુસાર વ્ય. કમીટીની મીટીંગો એક પણ મળેલ નથી.

(૩) સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષની ઓડીટ દુરસ્તી કરેલ નથી.

ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓ લગત વાંધો કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને નં. ફડચ/૦૧/ગ/૨૪૨૭ તા. ૩-૧૦-૮૯ના રોજ કારણ દર્શક નોટીસ આપી દિન-૧૦માં આ કચેરીએ લેખિત વાંધાઓ/ખુલાસાઓ કરવા જણાવવામાં આવેલ હતુ. પરંતુ કારણ દર્શક નોટીસની સામે આજ દીન સુધી કંઇ વાંધો કે ખુલાસો કરાયેલ ન હોવાથી ઉપરોક્ત કારણોસર મંડળીને ચાલુ રાખવામાં આવે તો મંડળીનું અહિત થતું જણાતાં હું નીચે મુજબનો હુકમ કરૂં છું.

—: વ ચ ગા ળા નો હુ ક મ :—

ધી કાજીમતીયાસણા જુથ તેલિ.. ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. કાજીમતીયાસણા તા. વિસનગર જિ. મહેસાણા જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડલીઓ, મહેસાણા નં. ૨૨૨૬૧ તા. ૫-૫-૮૬થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) સી-૧-૨ અન્વયે વચગાળાના ઠરાવથી ફડચામાં લઇ જવાનો હુકમ કરૂ છું.

મંડળીના ફડચા અધિકારી તરીકે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૮(૧) હેઠળ સહકારી અધિકારી ફડચો-૨ મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેસાણા, તા. ૨૨-૨-૯૦.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૨૬/૯૨ તા. ૧૬-૧-૯૦.

હુકમ : અશંત સુધારો :–

આ કચેરીનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૨૬/૯૨ તા. ૧૬-૧-૯૦થી વારાહી મજુર સહકારી મંડળી લી. મુ. વારાહી તા. કડીને ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવેલ હતો જેમાં મુ. વારાહી મજુર સહકારી મંડળી લી. મુ. વડુ તા. કડી તથા હુકમની લાઇન ત્રણમાં "કલોલ" ને બદલે કડી વાંચવું.

મહેસાણા, તા. ૨૨-૨-૯૦.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીની કારણ દર્શક નોટીસ જા.નં. ખવમ/૦૧/ગ/૧૯૬૮/ તા. ૧૯-૧૦-૮૯.

(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ જા. નં. ખવમ/૦૧/ગ/૨૪૨૪ તા. ૭-૧૨-૮૯.

પ્રસ્તાવના :–

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૩૪/છ/૫૨૧/૯૦ :–ધી સિદ્ધપુર બટાટા શાકભાજી ફળફળાદી ઉગાડનાર વાઘરીઓની સહકારી મંડળી લી. મુ. સિદ્ધપુર તા. સિદ્ધપુરએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી નં. ૧૬૧૪ તા. ૨૨-૧-૭૬થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. આ સંસ્થાનું તા. ૧-૭-૮૭ થી ૩૧-૧૨-૮૮ સુધીનું અન્વેષણ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, સિદ્ધપુર તરફથી કરવામાં આવેલ છે. અને અન્વેશણ નોંધમાં જણાવ્યા અનુસાર નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ હતા.

(૧) મંડળીનો તપાસણી વર્ગ 'ડ' છે.

(૨) મંડળી તરફથી ગત અન્વેષણ અહેવાલમાં જણાવેલ ક્ષતિઓ ચુસ્તપણે અમલ કરી તેનો દુરસ્તી અહેવાલ મોકલમાં આવેલ નથી.

(૩) સને ૧૯૮૭-૮૮ના વર્ષમાં પેટા નિયમ અનુસાર વ્ય. સમિતિની બેઠક મળેલ નથી.

(૪) સંસ્થાએ પેટા નિયમ અનુસાર તપાસણી સમયમાં કોઇ કામગીરી કરેલ નથી એટલે કે સ્થગિત અવસ્થામાં છે.

(૫) તા. ૩૧-૧૨-૮૮ના સરવૈયા મુજબ સભાસદ જમીન મહેસુલ બાકી રૂા. ૩૩૯૦૬-૨૬ વસુલ કરવાની બાકી છે. જે વસુલાત માટે પગલાં હાથ ધરેલ નથી.

ઉપરના મુદ્દાઓ સંબંધે મંડળીને ફડચામાં લઇ જવાનું આવશ્યક જણાતાં તે તે સામે રજુઆત કરવા માટે જા. નં. ખવમ/૦૧/ગ/૨૪૨૪ તા. ૭-૧૨-૮૯ના વચગાળાનો આદેશ આપી દિન-૩૦માં આ કચેરીએ રજુઆત કરવા જણાવવામાં આવેલ હતુ. જેના અનુસંધાને મંડળીના કાર્યવાહકો તરફથી કોઇ રજુઆત કરેલ નથી પરંતુ કારણ દર્શક નોટીસની સામે સદર મંડળીના પ્રમુખશ્રીના પત્ર તા. ૧૧-૧૨-૮૯થી રજુઆત કરવામાં આવેલ છે. કારણ દર્શક નોટીસમાં જણાવેલ સમય સુધી રજુઆત કરેલ ન હોવાથી અત્રેની કચેરીએથી ૭-૧૨-૮૯ના રોજ વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો ત્યારબાદ કારણ દર્શક નોટીસનો જવાબ આપેલ છે. જવાબનો સ્વીકાર કરવામાં આવતો નથી. કારણ કે સદર મંડળીના ઉદ્દેશો પ્રમાણે કામગીરી કરેલ નથી. લગભગ પાંચ વર્ષથી મંડળી સ્થગિત અવસ્થામાં છે અને મંડળીને ચલાવવા માટે સભાસદો નિષ્ક્રિય જણાય છે. આથી મંડળીને ચલાવવા માટે હિતાવહ ન હોવાથી નીચે મુજબનો હુકમ કરૂં છું.

INDEX

-: હુ ક મ :-

ધી સિદ્ધપુર બટાટા શાકભાજી ફળફળાદી ઉગાડનાર વાઘરીઓની સહકારી મંડળી લી. મુ. સિદ્ધપુર તા. સિદ્ધપુર જી. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. ૧૬૧૪ તા. ૨૨-૧-૭૬થી નોંધવામાં આવેલ હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ગ-૨-૪ અન્વયે ફડચામાં લઈ જવા હુકમ કરૂ છું.

સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ફડ્યો-૨, મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨૨-૨-૯૦.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીની કારણ દર્શક નોટીસ ફડચ/૦૧/૮/૧૯૮૯/ તા. ૧-૧૨-૮૮.

(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ નં. ઉખસ/ફડચ/૦૧/છ/ ૨૨૪૯ તા. ૩૧-૧૨-૮૮.

(૩) સંયુક્ત રજીસ્ટ્રારશ્રી (ધિરાણ) સ.મં.ગુ.રા. ગાંધીનગરનો પત્ર અ.સ.નં. ફડચ/૦૧/૫૪૪૭ તા. ૨૯-૧૨-૮૯.

પ્રસ્તાવના :-

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૩૫/છ/૫૨૨/૯૦ ધી કાંસા સેવા સહકારી મંડળી લી. મુ. કાંસા તા. પાટણએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી નં. ૧૫૪૪૬ તા. ૩૦-૧૦-૫૯થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉક્ત મંડળીનું ઓડીટ તા. ૧-૭-૮૭ થી ૩૦-૬-૮૮ સુધીનું અન્વેષણ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, પાટણે કરેલ છે. અને જેમાં ઉપસ્થિત થયેલ મુદ્દાઓ નીચે મુજબ છે.

(૧) મંડળી છેલ્લા ચાર વર્ષથી સ્થગિત છે.

(૨) પેટા નિયમ મુજબ વ્ય. કમીટીની મીટીંગ નિયમિત મળતી નથી.

(૩) બેંક લોન રૂા. ૧૪૭૫૦૦/- ભરપાઈ કરવાની મુદતવીતી બાકી છે.

(૪) સભાસદ ધિરાણ રૂા. ૧૩૨૩૭૧/- વસુલાત કરવાનું મુદતવીતી બાકી છે. જે વસુલાત માટે કોઇ કાનુની પગલાં હાથ ધરેલ નથી.

(૫) મંડળીનો ઓડીટ વર્ગ 'ડ' છે તથા મંડળીનો વહીવટ પેટા નિયમ મુજબ ચાલતો નથી.

ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓ લગત વાંધો કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને નં. ઉખસ/ફડચ/૦૧/છ/૨૨૪૯ તા. ૩૧-૧૨-૮૮ના રોજ વચગાળાનો આદેશ આપી દિન-૩૦માં આ કચેરીએ વાંધો કે ખુલાસાઓ કરવા જણાવવામાં આવેલ હતુ.

ઉપરદર્શાવ્યા અનુસાર વચગાળાના આદેશની બજવણી થતાં મંડળીના પ્રમુખ તથા માનદ્ મંત્રી શ્રી તરફથી તા. ૨૮-૧-૮૯ના પત્રથી રજુઆત કરવામાં આવેલ છે. વચગાળાના આદેશમાં જણાવેલ મુદ્દા નં. ૧ થી ૫ સામે મંડળીના પ્રમુખશ્રીએ જણાવેલ છે કે ૧ થી ૫માં જણાવલ મુદ્દા છેલ્લા ત્રણ વર્ષથી ઉપરા-ઉપરી આવેલ દુષ્કાળને લઈને ઉભા થયેલ છે. આથી મંડળીએ ચાલુ વર્ષમાં તા. ૧-૭-૮૮ થી ધીરાણ વસુલાતની કામગીરી ચાલુ કરેલ છે અને વસુલાત સીઝનમાં પાક ઉત્પન્ન થયેલ વેચાણ કરી ભરી દેવામાં આવશે તેમ જણાવેલ હતું. પરંતુ અત્રેની કચેરીએથી માંગેલ તા. ૩૧-૧૨-૮૯ સુધી હિસાબી પત્રકો ઉપરથી તપાસતાં સદર મંડળીએ બેંક લોન તથા સભાસદ ધીરાણ અંગે કોઈ કાનુની પગલાં ભરેલ જણાતા નથી. તથા મંડળી પ્રતિદિન ખોટ રૂા. ૩૯૪૦૬-૦૯ કરેલ છે. આથી સદર મંડળીને ચાલુ રાખવા માટે સભાસદોનું અને મંડળીનું હિત જોખમાય તેમ જણાતાં તથા મંડળી પોતાના ઉદ્દેશો મુજબ કામગીરી નહીં કરવાથી બંધ અવસ્થામાં છે તેવું પ્રતિતિ થતાં મારા હોદ્દાની રૂએ હું નીચે મુજબનો હુકમ કરૂં છું.

ધી કાંસા સેવા સહકારી મંડળી લી. કાંસા તા. પાટણ જી. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી નં. ૧૫૪૪૬ તા. ૩૦-૧૦-૫૯થી નોંધવામાં આવેલ હતી. ઉક્ત જણાવેલ કારણો ધ્યાનમાં લઈ હું આર.એન. જોશી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણા, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) ક-ગ-૧-૨-૪ અન્વયે ફડચામાં લઈ જવા હુકમ કરૂ છું. સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ પાડવાનું રહેશે.

મહેસાણા, તા. ૨૨-૨-૯૦.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીની કારણ દર્શક નોટીસ અષણ/૦૧/ગ/૧૯૭૦/ તા. ૧૯-૧૦-૮૯.

(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ જા. નં. ખવમ/૦૧/ગ/ ૨૩૫૬ તા. ૩૦-૧૧-૮૯.

પ્રસ્તાવના :-

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૩૬/છ/૫૨૩/૯૦ ધી લક્ષ્મીપુરા શાકભાજી તથા ફળફળાદી ઉગાડનારાઓની અને વેચાણ કરનારી સહકારી મંડળી લી. મુ. લક્ષ્મીપુરા તા. સિદ્ધપુરએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. ૧૫૮૦૯ તા. ૨૭-૬-૭૮થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉક્ત સંસ્થાનું ઓડીટ તા. ૧-૭-૮૭ થી ૩૦-૬-૮૮ સુધીનું તે જ કાયદાની કલમ-૮૪ હેઠળ સબ ઓડીટર સહકારી મંડળીઓ, ખેરાલુ તરફથી કરવામાં આવેલ છે. અને અન્વેશણ નોંધમાં જણાવ્યા અનુસાર નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ હતા.

INDEX

(૧) મંડળીનો ઓડીટ વર્ગ છેલ્લા ત્રણ વર્ષથી 'ડ' પ્રાપ્ત થયેલ છે.

(૨) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષના અન્વેષણ અહેવાલમાં જણાવેલ ક્ષતિઓની ચુસ્તપણે અમલ કરી તેનો દુરસ્તી અહેવાલ મોકલી આપેલ નથી.

(૩) સંસ્થાએ તેના ઉદ્દેશો પ્રમાણેની કામગીરી હાથ ધરેલ નથી એટલે કે સ્થગિત છે.

(૪) સંસ્થાની વ્ય. કમીટીની મીટીંગો સને ૧૯૮૭-૮૮ના વર્ષમાં માત્ર-૨ મળેલ એટલે કે પેટા નિયમ અનુસાર મળેલ નથી. એટલે જોડાયેલ સદસ્યો મંડળીના કામકાજમાં બિલકુલ રસ ધરાવતા નથી.

(૫) તા. ૩૦-૬-૮૮ના સરવૈયા મુજબ શેરભંડોળ રૂા. ૧૦૫૦/- જે સામે રૂા. ૬૬૭/-ની ખોટ છે.

ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) ગ-૨-૪ હેઠળ મંડળીને ફડચામાં લઇ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓ લગત વાંધો કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને જા. નં. અષણ/૦૧/ગ/૧૯૭૦ તા. ૧૯-૧૦-૮૯ના રોજ વચગાળાનો આદેશ આપી દિન-૩૦માં આ કચેરીએ વાંધો/ખુલાસાઓ કરવા જણાવવામાં આવેલ હતુ.

પરંતુ જેના અનુસંધાને મંડળીના કાર્યવાહકો તરફથી કોઇ વાંધો કે ખુલાસો કરેલ નથી. આમ મંડળીમાં જોડાયેલ સભાસદો તથા કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં નિષ્ક્રિય જણાતા હોય નીચે મુજબનો હુકમ કરૂં છું.

—: હુકમ :—

ધી લક્ષ્મીપુરા શાકભાજી તથા ફળફળાદી ઉગાડનારાઓની વેચાણ કરનારી સહકારી મંડળી લી. મુ. લક્ષ્મીપુરા તા. સિદ્ધપુર જી. મહેસાણા જે નોંધણી નં. ૧૫૮૦૯ તા. ૨૭-૬-૭૮થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) ગ-૨-૪ અન્વયે ફડચામાં લઇ જવા હુકમ કરવામાં આવે છેં. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી, ફડચો-૨, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨૨-૨-૯૦.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીની કારણ દર્શક નોટીસ નં. અષણ/૪૩૪૫/છ/ ૧૯૮૯ તા. ૨૭-૭-૮૯.

(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ નં.ઉખસ/ફડચ/૪૩૪૫/ ચ/૨૮૧૨/૮૯ તારીખ ૫-૧૦-૮૯.

પ્રસ્તાવના :—

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૩૩/છ/૫૨૦/૯૦ :— ધી કસ્બા મજુર કામદાર સહકારી મંડળી લી. કલોલ તા. કલોલએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી નં.ઉ/૫૨૭૪ તા. ૨૦-૯-૮૫થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉક્ત સંસ્થાનું ઓડીટ ૧-૧-૮૮થી ૩૧-૧૨-૮૮ સુધીનું તે જ કાયદાની કલમ-૮૪ હેઠળ અન્વેષણ ઓડીટર, ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કલોક તરફથી કરવામાં આવેલ છે. આ અન્વેષણ નોંધમાં નીચેના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

(૧) મંડળીનો નોંધણી નં. ઉ./૫૨૭૪ તા. ૨૦-૯-૮૫થી નોંધાયેલ છે. નોંધણી થયે ૩ વર્ષ જેટલો સમય પસાર થવા છતાં ઉદ્દેશો હેઠળ સંસ્થામાં જોડાયેલ સભાસદોને રોજી રોટી પુરી પાડવાની કાર્યવાહી કરેલ નથી. જેથી મંડળી કામકાજ કરતી બંધ થઇ છે.

(૨) મંડળીના સ્વિકારેલા પેટા કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવેલ ઉદ્દેશો હેઠળ સભાસદોને રોજી રોટી પુરી પાડવાને બદલે ઉદ્દેશો વિરીદ્ધ મંડળીએ જમીન ખરીદ વેચાણની કામગીરી હાથ ધરેલ છે.

(૩) મંડળીની વ્યવસ્થાપક કમીટીએ તા. ૩-૪-૮૮થી પ્લોટના વેચાણની કિંમત દર ચોરસ મીટરે રૂા. ૮૪/-નો દર નક્કી કરવામાં આવેલ છે તેના બદલે દર ચો. મીટરે રૂા. ૬૫/-ના દરે જમીનનું વેચાણ કરેલ છે. દર ચો.મીટરે રૂા. ૧૯/-ના નુકશાનની કામગીરી હાથ ધરેલ છે.

(૪) મંડળીએ પેટા નિયમ અને ઉદ્દેશો વિરૂદ્ધની કામગીરી હાથ ધરવાથી રોજી રોટીને બદલે રોકાયેલ મુડીમાં નુકશાનનું પગલુ હાથ ધરેલ છે.

ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓને લગત વાંધો કે વિરોધ હોય તો તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને નં. ઉખસ/ફડચ/૪૩૪૫/ચ/૨૮૧૨/ તા. ૫-૧૦-૮૯ના રોજ વચગાળાનો આદેશ આપી દિન ૩૦માં આ કચેરીએ મૈખિક કે લેખિત વાંધાઓ/ખુલાસાઓ કરવા જણાવવામાં આવેલ હતુ.

ઉપર દર્શાવ્યા અનુસારની વચગાળાના આદેશની બજવણી થતાં મંડળીના પ્રમુખશ્રીએ સ્વીકાર કરેલ છે. અને વચગાળાના આદેશના સંદર્ભમાં મુદ્દાઓ સંબંધે રજુઆતનો પત્ર તારીખ ૧-૧૧-૮૯ના રોજ મોકલી આપવામાં આવેલ છે. કરેલ રજુઆત મંડળીએ સ્વીકારેલા પેટા નિયમ ઉદ્દેશો સિવાયની જમીનની ખરીદી અને તે જમીનમાં રહેઠાણ મકાનો બાંધવાની કામગીરી હાથ ધરેલ નથી અને મંડળીના ઉદ્દેશો પ્રમાણે કામગીરી કરેલ ન હોઇ તા. ૧-૧૧-૮૯ની મંડળીની રજુઆત સ્વીકારવા પાત્ર જણાતી નથી.

INDEX

મંડળી ચલાવવાનો મુખ્ય ઉદ્દેશ છુટક મજુરી મેળવવા મજુરોને કાયમી ધોરણે મજુરી મળે અને તે દ્વારા પોતાના કુટુંબના ગુજરાન ચલાવી બચતો દ્વારા આર્થિક રીતે સદ્ધર થાય. આ ઉદ્ધાર થવાના મનસુબા સાથે રચાયેલ મંડળીના જોડાયેલ સભાસદોને મંડળીએ છેલ્લા ચાર વર્ષથી રોજી રોટી પુરી આપી શકેલ નથી. અને સ્થગિત અવસ્થામાં છે. મંડળીને ચાલુ રાખવામાં આવે તો જોડાયેલ સભાસદોને આ મંડળી રોજી રોટી પુરી પાડી શકે તેમ નથી. તેના ૪ વર્ષના અનુભવથી પ્રતિતી થતાં નીચે મુજબ હુકમ કરૂ છું.

-: હુકમ :-

ધી કલોલ કસ્બા મજુર કામદાર સહકારી મંડળી લી. કલોલ તા. કલોલ જી. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. ઉ/૫૨૭૪ તા. ૨૦-૯-૮૫થી નોંધવામાં આવેલ હતી. ઉક્ત જણાવેલ કારણો ધ્યાનમાં લઇ હું આર.એન. જોશી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) ક-ગ-૧-૨-૪ અન્વયે ફડચામાં લઇ જવા હુકમ કરૂ છું. સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૨, મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ પાડવાનું રહેશે.

મહેસાણા, તા. ૨૨-૨-૯૦.

વંચાણે લીધા :-

(૧) શ્રી ઓડીટર સ.મં. મહેસાણા (નં. જ-૧)ના પત્ર ક્રમાંક ફડચ/ ૦૧/૧૫/૯૦ તા.૧-૧-૯૦નો ફડચામાં લઇ જવાનો અહેવાલ.

(૨) શ્રી પીલુદરા પિયત સ.મં.લી. મુ. પીલુદરા તા. મહેસાણાની સાધારણ સભાનો ઠરાવ.

પ્રસ્તાવના :-

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૩૯/છ/૫૫૦/૯૦ :-ધી પીલુદરા ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મુ. પીલુદરા તા. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧હેઠળ નોંધણી નં.જિ.પં.ખે./૧૧૦૮ તા. ૨૯-૬-૭૭થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉક્ત સંસ્થાનું અન્વેષણ ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણા (નં.જ.-૧) તા. ૧-૭-૮૮ થી ૩૦-૬-૮૯ના સમયનું કરેલ છે. તે સમય દરમ્યાન નીચેની વિગતે મુદાઓ ઉપસ્થિત કરેલ છે અને ફડચામાં લઇ જવા માટે ભલામણ કરેલ છે.

(૧) મંડળીમાં પાણીનો પુરવઠો બંધ થતા સ્થગિત છે.

(૨) મંડળીને ચાલુ રાખવામાં મંડળીના હોદ્દેદારો તેમજ વ્ય. કમીટીને રસ નથી. પેટા નિયમો મુજબ વ્યવસ્થાપક કમીટીની મીટીંગો પણ મળેલ નથી. પેટા નિયમો મુજબ કામગીરી પણ હાથ ધરતી નથી.

(૩) છેલ્લા પાંચ વર્ષથી મંડળી સ્થગિત તેમજ ઓડીટ વર્ગ 'ડ' છે.

(૪) મંડળીમાં તા. ૩૦-૬-૮૯ના અંતે એકંદર નુકશાન રૂા. ૨૧૬૬૪-૪૫ થયેલ છે. જે જોતાં મંડલીને ફડચામાં લઇ જવી હિતાવહ છે.

(૫) ભવિષ્યમાં મંડલી સ્થગિત હોવાથી નુકશાન જવા સંભવ છે. જેથી મંડળીના અન્ય ફંડો ખોટમા મુકાઇ જવાનો ભય સેવાય છે.

(૬) મંડળીને ફડચામાં લઇ જવા અંગે મંડળીના હોદ્દેદારોએ તા. ૨૫-૧૨-૮૯ના રોજ અરજી તેમજ વા.સા. સભાના ઠરાવ અનુક્રમે નં. ૩ તા. ૫-૭-૮૮થી મંડળીને સ્વૈચ્છીક રીતે ફડચામાં લઇ જવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે, અને મંડળીને ચાલુ રાખવા બાબતે કોઇ પણ જાતની કાર્યવાહી કરવામાં આવશે નહીં તે સાધારણ સભામાં સર્વાનુમતે ઠરાવ કરેલ હોવાથી સભાસદોની અને કાર્યવાહકોની સદર મંડળી ચલાવવા બાબતે બીલકુલ રસ ન હોવાથી તથા તા. ૨૫-૧૨-૮૯ના ઠરાવ ઉપરથી હું નીચેના મંતવ્ય ઉપર આવેલ હોઈ મળેલ અધિકાર પરત્વે હુકમ કરૂ છું.

-: હુકમ :-

ધી પીલુદરા ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મુ. પીલુદરા તા. મહેસાણા જી. મહેસાણાનો નોંધણી ક્રમાંક જિ.પં.ખે./ ૧૧૦૮ તા. ૨૯-૬-૬૭થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧)-ક-ગ-૨-૩-૪ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨-૩-૯૦.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ ઉખસ/ફડચ/૦૧/છ/૨૩૭૦/ તા. ૨૫-૯-૮૯.

(૨) સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાનો જા. નં. ફડચ/ ૦૩/૭૩૪ તા. ૨૭-૧૨-૮૯નો રીપોર્ટ.

પ્રસ્તાવના :-

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૩૮/છ/૫૫૧/૯૦ ધી સમી તાલુકા સહકારી ગોપાલક સંઘ લી. મુ. સમી તા. સમીએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉક્ત સંસ્થાનું ઓડીટ ઓડીટર, સહકારી મંડળીઓ, હારીજ તરફથી તા. ૧-૧-૮૮થી ૩૧-૧૨-૮૮ સુધીનું અન્વેષણ કરેલ છે જેમાં નીચેની હકિકત જણાઈ આવેલ છે.

(૧) મંડળીએ સ્વીકારેલા પેટા નિયમ પ્રમાણે કામગીરી કરેલ નથી.

(૨) છેલ્લા ત્રણ વર્ષથી કોઇ કમીટી સભા મળતી નથી.

(૩) છેલ્લા આઠ વર્ષના ઓડીટ મેમાની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી કે દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી.

(૪) સંસ્થાની આર્થિક સ્થિતિ સારી નથી

(૫) સરકારશ્રીની ઓડીટ ફી રૂા. ૩૫૦/ બાકી છે.

(૬) સંસ્થાનો છેલ્લા આઠ વર્ષના ઓડીટ વર્ગ 'ડ' છે.

(૭) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.

INDEX

ઉપરોક્ત કારણોસર મંડળીને ચાલુ રાખવી સભાસદોના હિતમાં ન હોઇ મંડળીને ફડચામાં લઇ જવા માટે અત્રેની કચેરીથી તા. ૨૫-૯-૮૯થી વચગાળાનો આદેશ કાઢવામાં આવેલ હતો. તેની સામે વાંધો કે ખુલાસો કરવા માટે દિન-૩૦ની મુદત આપેલ હોવા છતાં આજ દિન સુધી વ્ય. કમીટી કે સભાસદો તરફથી કંઇ રજુઆત કે વાંધો-ખુલાસો કરવામાં આવેલ હોઈ સદર સંસ્થા ચલાવવા માટે સભાસદોને રસ જણાતો નથી. અને સદર મંડળીનો ચાર્જ સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાનો તા. ૨૬-૧૨-૮૯થી ચાર્જ મેળવી લીધેલ હોવાથી સદર મંડળીને ચાલુ ન રાખતાં મારા હોદ્દાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

—: હુ ક મ :—

ધી સમી તાલુકા સહકારી ગોપાલક સંઘ લી. મુ. સમી તા. સમી જી. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. સે./૧૩૮૯૪ તા. ૧૮-૧૨-૭૬થી નોંધવામાં આવેલ હતી.ઉક્ત જણાવેલ કારણો ધ્યાનમાં લઇ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) ક-ગ-૨-૩-૪ અન્વયે ફડચામાં લઇ જવા હુકમ કરૂ છું. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ પાડવાનું રહેશે.

મહેસાણા, તા. ૨-૩-૯૦.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીની કારણ દર્શક નોટીસ ક્રમાંક સપવ/૧૦૮૯/ચ/ ૨૯૬૧ તા. ૨૧-૧૨-૮૯.

(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ નં. ઉખસ/ફડચ/ચ/૩૩૯ તા. ૩૦-૧-૯૦.

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૪૦/છ/૭૨૦/૯૦ :— ધી ગણવાડા સેવા સહકારી મંડળી લી. તા. સિધ્ધપુરએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉક્ત સંસ્થાનું ઓડીટ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, ખેરાલુએ તા. ૧-૧-૮૮ થી ૩૧-૧૨-૮૮ સુધીનું અન્વેષણ કરેલ છે. જે આધારે તેઓના ખાસ અહેવાલના પત્ર ક્રમાંક : અષણ/ફડચ/૪૫૧/તા. ૧૮-૧૨-૮૯ અન્વયે નીચે જણાવ્યા અનુસારના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ હતા.

(૧) સંસ્થાનો છેલ્લા પાચ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' ધરાવે છે.

(૨) સંસ્થાએ છેલ્લા અગ્યાર વર્ષના ઓડીટ અહેવાલની વાસ્તવિક દુરસ્તી કરી દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી.

(૩) તા. ૩૧-૧૨-૮૮ના રોજ રૂા. ૨૨૧૩૦/-ના શેર ભંડોળ સામે રૂા. ૨૩૧૬૩-૩૫ની ચોખ્ખી ખોટ કરેલ છે.

(૪) બેંક લોન ટુંકી મુદત રૂા. ૧૨૩૪૦૦/- અને મધ્યમ મુદત રૂા. ૩૧૦૦૦/- એમ કુલ રૂા. ૧૫૪૪૦/- ભરપાઇ કરવાનું બાકીમાં છે.

(૫) સસ્થામાં તા. ૩૧-૧૨-૮૮ અંતે ટુંકી મુદત ધીરાણ રૂા. ૧૦૭૩૫૭/- મુદતવીતી બાકી પડેલ છે. જે છેલ્લા દશ વર્ષથી બાકીમાં છે. જેથી વસુલાત કરવા કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૬) સસ્થામાં તા. ૩૧-૧૨-૮૮ અંતે મધ્યમ મુદત ધીરાણ રૂા. ૩૧૦૦૦/- બાકી છે. જે પ્રમુખશ્રી તેમજ વ્ય. કમીટી સભ્યશ્રીએ લીધેલ છે જે મુદતવીતી બાકીમાં છે.

(૭) મંડળીને સને ૧૯૭૬-૭૭ થી સને ૧૯૮૭-૮૮ સુધી બાર વર્ષની ઓડીટ ફી રૂા. ૫૦૬૮-૮૫ ભરપાઈ કરવાની બાકી છે.

(૮) સંસ્થાએ સ્વીકારેલા પેટા કાયદા મુજબ કામકાજ કરેલ નથી.

ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના અધિનિયમ ૧૦૭(૧) હેઠળ મંડળીને ફડચામાં લઇ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓને લગત વાંધો કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ચ/૩૩૯ તા. ૩૦-૧-૯૦ના રોજ વચગાળાનો આદેશ આપી દિન-૩૦માં આ કચેરીએ લેખિત વાંધાઓ કે ખુલાસાઓ કરવા જણાવવામાં આવેલ હતુ.

ઉપર દર્શાવ્યા અનુસારનો વચગાળાના આદેશ બજવણી અર્થે મંડળીને મોકલતાં હોદ્દેદારોએ સ્વીકાર ન કરવાથી પરત મળેલ છે.

મંડળી રચવાનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય કક્ષાએ ખેડૂત ખેત મજુર વર્ગને ખેતી વિષયક જરૂરીયાતો અર્થે જીવન જરૂરીયાતો બાબતે શાહુકારો દ્વારા એ વેપારી વર્ગ દ્વારા થતા શોષણમાંથી મુક્તિ માટે અને પરસ્પર સહકારની ભાવનાથી ખેડૂત સમાજ જીવન જીવવા કેળવાય તેમજ આર્થિક ઉત્કર્ષ સાધી શકવાનો સામાન્ય પણે હોઇ શકે છે.

ઉદ્દેશો હેઠળ રચાયાલ મંડળી કામકાજ સંતોષકારક કરતી ન હોઇ તેમજ સંસ્થાના કાર્યવાહકોએ પ્રગતી અંગે કોઇ કામકાજ કરેલ ન હોઇ મંડળીને ચાલુ રાખવાથી પણ કોઇ મુળભૂત હેતુ સિદ્ધ થતો ન હોઇ નીચે પ્રમાણે હુકમ કરૂં છું.

—: હુ ક મ :—

ધી ગણવાડા સેવા સહકારી મંડળી લી. મુ. ગણવાડા તા. સિધ્ધપુરએ જી. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. સે./૧૫૦૭ તા. ૩૦-૬-૬૨થી નોંધવામાં આવેલ હતી ઉક્ત જણાવેલ કારણો ધ્યાનમાં લઇ હું આર. એન. જોશી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ ૧૦૭(૧) ક, ગ, ૧, ૨, ૪, અન્વયે ફડચામાં લઇ જવા હુકમ કરૂ છું. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ પાડવાનું રહેશે.

મહેસાણા, તા. ૧૨-૩-૯૦.

INDEX

વંચાણે લીધા :–

(૧) આ કચેરીની કારણ દર્શક નોટીસ ક્રમાંક નઘવ/૦૧/જ/૧૮૨૬ તા. ૧૦-૭-૮૯.

(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ નં. ઉખસ/ફડચ/૦૧/છ/૨૮૪૧ તા. ૧-૧૧-૮૯

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૪૨/છ/૭૪૨/૯૦ :– ધી પાટણ મરચન્ટ કો. ઓ. એન્ડ વેર હાઉસીંગ લી. મુ. પાટણ તા. પાટણએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. તા. ૧-૭-૮૬ થી ૩૦-૬-૮૬ સુધીનું તે જ કાયદાની કલમ-૮૪ હેઠળ એડી.ઓડીટર, સહકારી મંડળીઓ, પાટણ તરફથી અન્વેષણ કરવામાં આવેલ હતુ. તે અન્વેષણમાં નીચે મુજબની ક્ષતિઓ ઉપસ્થિત થયેલ હતી.

(૧) મંડળીએ શરૂઆતની તા. ૧-૧૧-૭૬થી આજ સુધીના ઓડીટ મેમાની દુરસ્તી કરી નથી.

(૨) છેલ્લા ૧૦ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' રહેલ છે.

(૩) સસ્થાએ પાંચ વર્ષથી કોઇ પણ જાતની પ્રવૃતિહાથ ધરેલ નથી કે બાંધકામ થયેલ નથી.

(૪) સંસ્થાના સંચાલકોની મીટીંગ છેલ્લા પાંચ વર્ષમાં ફક્ત ૬ વખત મળેલ છે. જે પરથી ફલિત થાય છે કે સંસ્થાના સંચાલકોને સંસ્થા ચલાવવામાં રસ નથી.

ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) હેઠળ મંડળીને ફડચામાં લઇ જવાનું આવશ્યક જણાતાં તે ક્ષતિઓ લગતા વાંધા કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને જા. નં. ઉખસ/ફડચ/૦૧/છ/૨૮૪૧ તા. ૧-૧૧-૮૯થી વચગાળાનો આદેશ આપી દિન-૩૦માં જે કંઇ રજુઆત કરવી હોય તો લેખિત કે મૌખિક કરવા જણાવેલ હતુ. છતાં આજ દિન સુધી મંડળી તરફથી રજુઆત ન થતા સદર મંડળીને ચલાવવા માટે વ્યવસ્થાપક કમીટી અને સભાસદોને રસ નથી. તેવું ફલિત થતાં હું નીચે મુજબનો હુકમ કરૂં છું.

–: હુ ક મ :–

ધી પાટણ મરચન્ટ કો. ઓ. એન્ડ વેર હાઉસીંગ લી. મુ. પાટણ તા. પાટણ જી. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. સે./૧૫૮૧ તા. ૮-૫-૭૪થી નોંધવામાં આવેલ હતી ઉક્ત જણાવેલ કારણો ધ્યાનમાં લઇ હું આર. એન. જોશી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) ક-ગ-૧- ૨-૩-૪ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરૂ છું.

સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૨, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ પાડવાનું રહેશે.

મહેસાણા, તા. ૧૩-૩-૯૦

J-118-48.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીની કારણ દર્શક નોટીસ ક્રમાંક ખવમ/૦૧/ગ/૧૯૬૯/૮૯ તા. ૧૯-૧૦-૮૯.

(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૨૩૫૭ તા. ૩૦-૧૧-૮૯

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૪૧/છ/૭૪૧/૯૦ :–ધી સિધ્ધપુર તાલુકા ઉમિયા કૃષિ બિયારણ અને ગ્રામોદ્યોગ ખરીદ વેચાણ સંઘ લી. મુ. ઉંઝા તા. સિધ્ધપુરએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉક્ત મંડળીનું ઓડીટ તા. ૩૦-૯-૮૮ સુધીનું તે જ કાયદાની કલમ-૮૪ હેઠળ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણા (નવી જગ્યા-૧) તરફથી કરવામાં આવેલ છે. આ અન્વેષણ નોંધમાં જણાવ્યા અનુસારના નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ હતા.

(૧) સંસ્થાની નોંધણી નં. ૨૨૨૯૮ તા. ૨૬-૫-૮૭ થી થયેલ છે. નોંધણી થયા બાદ ૩૦-૬-૮૮ સુધીમાં કોઇ કામગીરી હાથ ધરેલ નથી. પરંતુ માત્ર રૂા. ૩૧૪૮૯/-ની ૧૯-૮-૮૯ના ખાતર વેચાણની પ્રવૃતિ કરેલ છે. આમ સંસ્થાએ ચેના ઉદ્દેશો મુજબ કોઇ સક્રિય કામગીરી હાથ ધરેલ નથી એટલે કે સ્થગિત છે.

(૨) વ્યવસ્થાપક સમિતિની બેઠકો પેટાનિયમ અનુસાર મળેલ નથી.

(૩) મંડળી તરફથી ગત અન્વેષણ અહેવાલમાં જણાવેલ ક્ષતિઓનો ચુસ્તપણે અમલ કરી તેનો દુરસ્તી રીપોર્ટ મોકલવામાં આવેલ નથી.

(૪) તા. ૩૦-૬-૮૯ના સરવૈયા મુજબ રૂા. ૨૪૮૭૫/- ના શેર ભંડોળ સામે રૂા. ૫૨૨૧/-ની ખોટ છે.

ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) ગ-૨-૪ હેઠળ મંડળીને ફડચામાં લઇ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓ લગત રજુઆત કરવા માટે મંડળીને ક્રમાંક : ખવમ/૦૧/ગ/૨૩૫૭ તા. ૩૦-૧૧-૮૯થી વચગાળાનો આદેશ આપી દિન-૩૦માં આ કચેરીએ ખુલાસાઓ કરવા જણાવવામાં આવેલ હતુ.

વચગાળાના આદેશ સામે મંડળીના કાર્યવાહકો તરફથી તા. ૧૮-૧૨-૮૯ના રોજ રજુઆત કરવામાં આવેલ હતી જે રજુઆત સ્વીકારવામાં આવેલ નથી કારણ કે મંડળીએ તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરતી ન હોઇ મંડળી સ્થગિત અવસ્થામાં હોવાથી મંડળી ચાલુ રાખવાનો હેતુબર આવે તેમ નહી જણાતાં નીચે મુજબ હુકમ કરૂં છું.

–: હુ ક મ :–

ધી સિધ્ધપુર તાલુકા ઉમિયા કૃષિ બિયારણ અને ગ્રામોદ્યોગ ખરીદ વેચાણ સંઘ લી. મુ. ઉંઝા તા. સિધ્ધપુર જી. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. ૨૨૨૯૮ તા. ૧૬-૫-૮૭થી નોંધવામાં આવેલ હતી ઉક્ત જણાવેલ કારણો ધ્યાનમાં લઇ હું આર. એન. જોશી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) ગ- ૨-૪ અન્વયે ફડચામાં લઇ જવા હુકમ કરૂ છું. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ પાડવાનું રહેશે.

મહેસાણા, તા. ૧૬-૩-૯૦

INDEX

વંચાણે લીધા :–
(૧) આ કચેરીની કારણ દર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/જ/૧૨૨૪ તા. ૨૫-૪-૮૯.
(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ નં. ઉખસ/ફડચ/૦૧/છ/૨૯૮૫ તા. ૮-૧૧-૮૯

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૪૩/છ/૭૪૩/૯૦ :– ધી લક્ષ્મી પિયત ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મુ. ફત્તેપુરા(પી) તા. વિજાપુરએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉક્ત મંડળીનું ઓડીટ ઓડીટર, સહકારી મંડળીઓ, વિજાપુર તરફથી તા. ૧-૭-૮૭ થી ૩૦-૬-૮૮ સુધીનું કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની હકિક્ત જણાઈ આવેલ છે.

(૧) સભાસદ સંસ્થા ફક્ત ૧૨ છે. સરવૈયા મુજબ મંડળીની આર્થિક પરિસ્થિતિ બિલકુલ સારી નથી.
(૨) શેર ભંડોળ ફક્ત રૂા. ૫૦૦ નું છે. સહકારી કાયદાની કલમ ૧૦૭(ગ) (ક) મુજબ મંડળીને ફડચામાં લઇ જવી જરૂરી છે.
(૩) મંડલીએ છેલ્લા ત્રણ વર્ષમાં પેટા નિયમ મુજબ કોઇ કાર્યવાહી કરેલ નથી. મંડળી સ્થગિત અવસ્થામાં છે.
(૪) તા. ૨-૬-૮૪ પછી મંડળીની વાર્ષિક સાધારણ સભા તેમજ વ્યવસ્થાપક કમીટીની બેઠક મળેલ નથી.
(૫) મંડળીનો છેલ્લા ૩ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' છે.
(૬) ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી.

ઉપરના મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) હેઠળ મંડળીને ફડચામાં લઇ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓ લગતા વાંધો કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે મંડળીને જા. નં. ઉખસ/ફડચ/૦૧/છ/૨૯૮૫ તા. ૮-૧૧-૮૯થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો તે સામે આજ દિન સુધી કોઇ વાંધાઓ કે ખુલાસાઓ કે રજુઆત કરવામાં આવેલ નથી આથી મંડળીના કાર્યકરોને મંડળી ચલાવવા માટે રસ ન જણાતા અને મંડળીએ તેના ઉદ્દેશો મુજબ કામકાજ કરતી ન હોઇ હું આર. એન. જોશી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબ વચગાળાનો આદેશ કરૂં છું.

–: હુ કમ :–

ધી લક્ષ્મી પિયત ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મુ. ફત્તેપુરા(પી) તા. વિજાપુર જી. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી જી. પં. ખે./૨૧૭૫ તા. ૮-૪-૮૨થી નોંધવામાં આવેલ હતી ઉક્ત જણાવેલ કારણો ધ્યાનમાં લઇ હું આર. એન. જોશી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) ક-ગ- ૨-૪ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરૂ છું. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૨, મહેસાણાની નિમણુંકકરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ પાડવાનું રહેશે.

મહેસાણા, તા. ૧૬-૩-૯૦

વંચાણે લીધા :–
(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ નં. ઉખસ/ફડચ/ગ/૨૩૬/૯૦ તા. ૨૩-૧-૯૦.

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૪૪/છ/૭૪૪ :– ધી ટુંડાવ સેવા સહકારી મંડળી લી. તા. સિધ્ધપુરએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓ બાબતના નિયમો ૧૯૬૫ તથા મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબ તેના ઉપર નાખવામાં આવેલ ફરજો અને મળેલ અધિકારોનો ઉપયોગ કરેલ નથી જે નીચે દર્શાવેલ હકિક્ત ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) સંસ્થાને તા. ૧-૧-૮૪ થી ૩૦-૬-૮૫ અને તે અગાઉના ઓડીટ અહેવાલની દુરસ્તી કરવામાં આવેલ નથી.
(૨) સહકારી વર્ષ પુર્ણ થતા કાયદા હેઠળ કરેલ મુદતમાં હિસાબો તૈયાર કરીને મંજુર કરવા સભાસદોને એજન્ડાઓની બજવણી કરી આ સભાસદોની વાર્ષિક સાધારણ સભાઓ ભરવામાં આવતી નથી.
(૩) સ્વીકારેલા પેટા કાયદા હેઠળ મંડળીના કામકાજ સંબંધે દર ત્રણ માસે વ્યવસ્થાપક કમીટીની બેઠકો યોજવામાં આવેલ નથી જેના પરિણામે મંડળીની કામકાજની સમીક્ષા કરવામાં આવેલ નથી.
(૪) મંડળીના સભાસદો પાસે ૧૯૮૫-૮૬ રૂા.૧૦૭૧૩૬-૦૦નું ધીરાણ બાકી પડે છે. તે ધિરાણ વસુલ કરવામાં આવેલ નથી તેમજ નવીન ધીરાણ કરવામાં આવેલ નથી.
(૫) મંડળીના હિસાબી કર્મચારીઓ પાસે મંડળીના હિસાબો નિયમિત લખાવી લખાયેલા હિસાબો સહકારી કાયદાની કલમ-૮૪ હેઠળ નિમાયેલ ખાતાના ઓડીટરશ્રીને રજુ ન કરવાથી મંડળીનું તા. ૧-૭-૮૫ થી ઓડીટ થવા પામેલ નથી.
(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૯૩ હેઠળ તપાસ કરવામાં આવેલ છે. આ તપાસના પરિણામમાં મંત્રી શ્રી મણીલાલ શંકરલાલ ઓઝાને રૂા. ૬૦૦૦૦/-નું ધીરાણ તેમજ સિલકનું વ્યાજ રૂા. ૪૯૯૫/- તેમજ તપાસ ફીના રૂા. ૫૦૦/- કુલ રૂા. ૬૫૪૯૫/- બાબતે કસુરદાર ઠરાવેલ છે. કસુરદાર પાસેથી આ નાણાં વસુલ કરવા કોઇ કાર્યવાહી કરેલ નથી.
(૭) મંડળીમાં સસ્તા અનાજના વેપારમાં ગેરરીતીઓ કરવાને પરિણામે તેમના વિરુધ્ધ કલેકટર કચેરી, પુરવઠા શાખાના નંબરઃ સપ/તપસ/અસપ/૪૮ તારીખ ૩૦-૮-૮૮એ તપાસ હાથ ધરી છે અને મંત્રી શ્રી મણીલાલ શંકરલાલ ઓઝાને પી.બી.એમ. ધારા હેઠળ અટકાયત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કારણોસર મંડળીને ચાલુ રાખવી સભાસદોના હિતમાં ન હોઇ મંડળીને ફડચામાં લઇ જવા માટે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ગ/૨૩૬ તા. ૨૩-૧-૯૦થી વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને તેની સામે દિન-૩૦માં જે કંઇ લેખિત વાંધો કે ખુલાસો કરવા માટે મુદત આપેલ હતી. પરંતુ આજદિન સુધી વચગાળાના આદેશ સામે કંઇ રજુઆત કરવામાં આવેલ નથી.

INDEX

મંડળી રચવાનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય કક્ષાએ ખેડૂત/ખેત મજુર વર્ગને ખેતી વિષયક જરૂરીયાતો અર્થે જીવન જરૂરીયાતો બાબતે શાહુકારો દ્વારા એ વેપારી વર્ગ દ્વારા થતા શોષણમાંથી મુક્તિ માટે અને પરસ્પર સહકારની ભાવનાથી ખેડૂત સમાજ જીવન જીવવા કેળવાય તેમજ આર્થિક ઉત્કર્ષ સાધી શકવાનો સામાન્ય પણે હોઇ શકે છે તે ઉપરના બનાવોથી સિધ્ધ થવાનો અવકાશ જણાતો નથી. તેવું મને પ્રતીતી થતા નીચે મુજબ હુકમ કરૂં છું.

—: હુ ક મ :—

ધી ટુંડાવ સેવા સહકારી મંડળી લી. મુ. ટુંડાવ તા. સિધ્ધપુર જી. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. ૧૫૦૩૭ તા. ૧૯-૬-૫૦થી નોંધવામાં આવેલ હતી ઉક્ત જણાવેલ કારણો ધ્યાનમાં લઇ હું આર. એન. જોશી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ ૧૦૭(૧) ક, ગ, ૧, ૨, ૪, અન્વયે ફડચામાં લઇ જવા હુકમ કરૂ છું. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાની નિમણુંક કરૂ છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ પાડવાનું રહેશે.

મહેસાણા, તા. ૧૬-૩-૯૦.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૮૬૧૯/૦૧/છ/ ૨૮૮૭ તા. ૮-૧૧-૯૦

(૨) ફડચા અધિકારી ધી વિજાપુર વિભાગ બાંધકામ કારીગર સ.મં. લી. મુ. વિજાપુર તા. વિજાપુર અને સહકારી અધિકારી ફડચો-૨, મહેસાણાના જા.નં. ફડચ/૨/૨૭૬/૯૦ તા.૧૩-૩-૯૦થી આવેલ મંડળીને પુનઃજીવીત કરવાની દરખાસ્ત તથા મંડળીના સભ્યોની અરજી તથા ઠરાવની નકલ.

પ્રસ્તાવના :—

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/છ/૭૫૪/૯૦ ધી વિજાપુર વિભાગ બાંધકામ કારીગર સહકારી મંડળી લી. મુ. વિજાપુર તા. વિજાપુર મહેસાણાને આમુખ નં. ૧ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી અને તેને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૨, મહેસાણાને નિમણુંક કરવામાં આવેલ હતી જે આધારે તેઓએ મંડળીના દફતરનો હવાલો સંભાળી લીધેલ હતો અને તેઓશ્રીએ તેમના પત્ર ક્રમાંક : ફડચ/ ૨/૨૭૬/૯૦ તા.૧૩-૩-૯૦ની વિગત સહ પુનઃજીવીત કરવા દરખાસ્ત આ કચેરીને મોકલી આપેલ છે.

મંડળીને પુનઃજીવીત કરવા સભાસદએ લેખીત માંગણી કરેલ છે. મંડળી પી. ૨૪૨૯ તા. ૧૫-૧૦-૫૪થી નોંધાયેલ સહકારી મંડળી છે. પરંતુ મંડળી છેલ્લા ચાર-પાંચ વર્ષથી કોન્ટ્રાક્ટ વગેરેના કામો મેળવી શકેલ ન હતી જેથી છેલ્લા ૩-૪ વર્ષથી સ્થગિત થયેલ હતી. મંડળીના સભાસદો તરફથી પણ અત્રેની કચેરીએ રજુઆત કરેલ છે કે મંડળી હરીજન એવા પછાતવર્ગના સભ્યોની બનેલી મંડળી છે. અને મંડળી જો બંધ થાય તો તેમનો રોજી રોટીનો પ્રશ્ન વિકટ બને છે. મંડળીના જોડાયેલ તમામ સભ્યોએ અરજી કરી તથા જરૂરી ઠરાવ કરી બાંહેધરી આપેલ છે કે મંડળીએ હાલમાં નામ. સરકારશ્રીની યોજનાઓ અન્વયે મજુર મંડળીઓને કોન્ટ્રાક્ટના કામો વગેરે આપવાના ધોરણો હળવા બનાવેલ છે અને આવી મંડળીઓને કામો પણ મળવા લાગેલ છે.

આમ આ મંડળીના જોડાયેલ સભાસદોની અરજીમાં જણાયેલ વિગતો તથા સભામાં કરેલ ઠરાવોની વિગતો જોતાં મંડળીના સભ્યો મંડળીમાં રસ લઇને મજુરો તથા જોડાયેલ સભાસદોને રોજી રોટી મળી શકે અને મજુરોના કામો મેળવવા માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. ફડચા અધિકારીશ્રી દરખાસ્તમાં પણ સદર મંડળીને ઉપરોક્ત કારણોસર પુનઃજીવીત કરી આપવા માટે ભલામણ કરેલ છે તે મુજબ મજુરો વિગેરેને રોજીરોટી પુરી પાડવા માટે વધુ તક આપી પુનઃજીવીત કરવા યોગ્ય જણાતી હોઇ તથા મંડળીની અરજી અને સાધારણ સભામાં કરેલ ઠરાવની વિગતોને ધ્યાનમાં લઇ મંડળી પુનઃજીવીત કરવા બાબતે હુકમ કરવા અભિપ્રાય છે તે મુજબ હું નીચે મુજબ હુકમ કરૂં છું.

—: હુ ક મ :—

આથી હું આર. એન. જોશી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૯ અન્વયે ધી વિજાપુર વિભાગ બાંધકામ સહકારી મંડળી લી. મુ. વિજાપુર તા. વિજાપુરને ફડચાને ફડચાનો હુકમ રદ કરી આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાનમાં લેતાં મંડળીને પુનઃજીવીત કરૂ છું.

આ મંડળીનો નોંધણી નંબર અને તારીખ ચાલુ રાખવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૯-૩-૯૦.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીની કારણ દર્શક નોટીસ ક્રમાંક : ખવમ/૦૧/ગ/ ૨૧૫૫/૮૯ તા. ૭-૧૧-૮૯.

(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ ક્રમાંક : ખવમ/૦૧/ગ/ ૧૭/૮૯ તા. ૪-૧-૯૦.

પ્રસ્તાવના :—

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/છ/૭૭૧/૯૦ ધી વિસલવાસણા શાકભાજી તથા ફળફળાદી ઉગાડનાર ખરીદ વેચાણ સહકારી મંડળી લી. મુ. વિસલવાસણા તા. પાટણ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉક્ત મંડળીનું ઓડીટ તા. ૧-૧-૮૭ થી ૩૧-૧૨-૮૮ સુધીનું ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણા તરફથી કરવામાં આવેલ છે. આ અન્વેષણ નોંધમાં જણાવ્યા અનુસારના નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ હતા.

(૧) આ મંડળી નોંધણી નં. ૧૮૭૨૯ તા. ૨૩-૧-૮૬ થી નોંધાયેલ છે પરંતુ નોંધાયા બાદ ઉદ્દેશો પ્રમાણેની કોઇ જ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી એટલે કે સ્થગિત છે.

(૨) સંસ્થાની વ્યવસ્થાપક કમીટીની મીટીંગો પેટા નિયમ અનુસાર મળેલ નથી.

(૩) મંડળી તરફથી ગત અન્વેષણ અહેવાલમાં જણાવેલ ક્ષતિઓનો ચુસ્તપણે અમલ કરી તેનો દુરસ્તી રીપોર્ટ મોકલવામાં આવેલ નથી.

ઉપરના મુદ્દાઓ સંબંધે મંડળીને ફડચામાં લઇ જવાનું આવશ્યક જણાતાં તે સામે રજુઆત કરવા માટે મંડળીને અત્રેની કચેરીના જા.નં. ખવમ/૦૧/ગ/૧૭ તારીખ ૪-૧-૯૦થી વચગાળાનો આદેશ આપી જેની સામે વાંધો કે ખુલાસો કરવા માટે દિન-૩૦ની મુદત આપવામાં આવેલ હતી. પરંતુ વાંધા કે ખુલાસાઓ માટે આજ દિન સુધી કાર્યવાહકો તરફથીરજુઆત કરેલ નથી. આમ મંડળીમાં જોડાયેલ સભાસદો તથા કાર્યવાહકો તરફથી રજુઆત કરેલ નથી. આમ મંડળીમાં જોડાયેલ સભાસદો તથા કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં નિષ્ક્રિય જણાતા હોઇ તથા મંડળી સ્થગિત અવસ્થામાં હોઇ ચાલુ રાખવી હિતાવહ નહી જણાતાં હું નીચે મુજબનો હુકમ કરૂં છું.

-: હુ કમ :-

ધી વિસલવાસણા શાકભાજી તથા ફળફળાદી ઉગાડનાર ખરીદ વેચાણ સહકારી મંડળી લી. મુ. વિસલવાસણા તા. પાટણ જિ. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં. ૧૮૭૨૯ તા. ૨૩-૧-૮૬થી નોંધવામાં આવેલ હતી ઉક્ત જણાવેલ કારણો ધ્યાનમાં લઇ હું ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) ગ- ૨-૪ અન્વયે ફડચામાં લઇ જવા હુકમ કરૂં છું. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરૂં છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ પાડવાનું રહેશે.

મહેસાણા, તા. ૨૦-૩-૯૦

વાંચ્યો :-

(૧) ફડચા અધિકારી, વધાર સેવા સહકારી મંડળી લી. મુ. વધાર તા. ખેરાલુ જિ. મહેસાણાની નોંધણી રદની દરખાસ્ત તેમના પત્ર ક્રમાંક ફડચ/૨/૨૭૮ તા. ૧૫-૩-૯૦વંચાણે લીધો.

-: હુ કમ :-

ઉખસ/ફડચ/૦૧/છ/૭૯૦/૯૦ ધી વધાર સેવા સહકારી મંડળી લી. મુ. વધાર તા. ખેરાલુ જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૭૮૮૪/છ/૧૬૯ તા. ૧૫-૨-૮૩થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૨૯-૩-૯૦.

વાંચ્યો :-

(૧) સહકારી અધિકારી ફડચો-૨, અને પ્રતાપપુરા ઈંટલા જુથ વિ.કા.સ.મં. લી. મુ. પ્રતાપપુરા (ઈ) તા. કલોલની નોંધણી રદની દરખાસ્ત ક્રમાંક ફડચ/૨/૧૪૩/૯૦ તા. ૧-૨-૯૦નો વંચાણે લીધો.

-: હુ ક મ :-

ઉખસ/ફડચ/૦૧/છ/૭૮૮/૯૦ પ્રતાપપુરા ઈંટલા જુથ વિ.કા.સ.મં. લી. મુ. પ્રતાપપુરા (ઈ) તા. કલોલ જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૮૫૪૮/ખ તા. ૫-૧૨-૮૮થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૨૯-૩-૯૦.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીની કારણ દર્શક નોટીસ ક્રમાંક ફડચ/૦૧/છ/૨૧૭૯ તા. ૨૯-૮-૮૯.

(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ નં. ઉખસ/ફડચ/૦૧/છ/ ૧૩૬ તા. ૨૯-૧-૯૦.

ક્રમાંક ઉખસ/ફડચ/૮૬૪૬/છ/૮૯૫ :- ધી દેઉસણા સેવા સહકારી મંડળી લી. મુ. દેઉસણા તા. કડીએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉક્ત મંડળીનું ઓડીટ તા.૧-૧-૮૮ થી ૩૧-૧૨-૮૮ સુધીનું તે જ કાયદાની કલમ-૮૪ હેઠળ ઓડીટર સહકારી મંડળીઓ, મુ. કડી તરફથી અન્વેષણ કરવામાં આવેલ હતુ. તેમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) સંસ્થાએ અગાઉના વર્ષના ઓડીટ નોંધની ખામીઓની દુરસ્તી કરેલ નથી.

(૨) સસ્થાએ તેના ઉદ્દેશો પ્રમાણેની કામગીરી હાથ ધરેલ નથી બિલકુલ બંધ હાલતમાં છે એટલે કે સ્થગિત અવસ્થામાં છે.

(૩) બેંક લોન ઓવરડ્યુ અગાઉના વર્ષોથી રૂા. ૫૮૦૮૭-૧૩ ભરવાના બાકી છે.

(૪) છેલ્લા ચાર વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' આવેલ છે.

INDEX

(૫) વ્યવસ્થાપક કમીટીની મીટીંગો નિયમિત મળતી નથી.
(૬) સરકારશ્રીની ઓડીટ ફી છેલ્લા ત્રણ વર્ષની મળીને રૂા.૧૨૫૦-૭૦ ભરવાના બાકી છે.
(૭) તા. ૩૧-૧૨-૮૮ના સરવૈયા મુજબ રૂા. ૫૨૫૮૨-૨૧ ખોટ છે.

ઉપરોક્ત મુદ્દાઓ સંબંધે સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) હેઠળ મંડળીને ફડચામાં લઇ જવાનું આવશ્યક જણાતાં તે મુદ્દાઓ સંબંધે વાંધા કે વિરોધ હોય તે સંબંધમાં સ્પષ્ટતા કરવા માટે અત્રેની ક્ચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/છ/૧૩૬ તા. ૨૯-૨-૯૦થી વચગાળાનો આદેશ આપવામાં આવેલ હતો. પરંતુ તેની સામે મંડળીના કાર્યવાહકોએ આજ દિન સુધી કંઇ વાંધો કે વિરોધ દર્શાવેલ નથી આથી સદર મંડળીને ચલાવવામાં કાર્યવાહકોને રસ જણાતો નથી અને સદર સંસ્થા સ્થગિત રહેતી હોઇ સંસ્થા ચલાવવા માટે સભાસદોના હિતમાં ન હોઇ તેવો મારો અભિપ્રાય થતાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

-: હુ ક મ :-

ધી દેઉસણા સેવા સહકારી મંડળી લી. મુ. દેઉસણા તા. કડીએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધણી નં.૧૫૦૮૨ તા. ૯-૮-૧૯૪૧થી નોંધવામાં આવેલ હતી ઉક્ત જણાવેલ કારણો ધ્યાનમાં લઇ હું આર. એન. જોશી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) ક-ગ-૧- ૨-૩-૪ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરૂ છું. સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૨, મહેસાણાની નિમણુંક કરૂં છું.

મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ પાડવાનું રહેશે.

મહેસાણા, તા. ૧૭-૪-૯૦

વાંચ્યો :-
(૧) સહકારી અધિકારી ફડચો-૩, અને લોટેશ્વર સેવા સ. મં. લી. (ફડચામાં) મુ. લોટેશ્વરની નોંધણી રદ કરવાની ફડચા અધિકારીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૭૬ સને ૧૯૯૦ તા. ૧૫-૧-૯૦થી આવેલ દરખાસ્ત વંચાણે લીધી.

-: હુ ક મ :-

ઉખસ/ફડચ/૦૧/છ/૮૧૨/૯૦ ધી લોટેશ્વર સેવા સહકારી મંડળી લી. મુ. લોટેશ્વર તા. સમી જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૭૪૮૭/છ/૧૯૦ તા. ૧૭-૨-૮૩થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૩૧-૩-૯૦.

વાંચ્યો :-
(૧) ફડચા અધિકારીશ્રી, ધી મોદીપુર સેવા સ. મં. લી. મુ. મોદીપુર તા. જિ. મહેસાણાની નોંધણી રદની દરખાસ્ત તેમના પત્ર ક્રમાંક ફડચ/૨/૩૩૮/૯૦ તા. ૨૨-૩-૯૦ની વંચાણે લીધી.

-: હુ ક મ :-

ઉખસ/ફડચ/૦૧/છ/૮૧૪/૯૦ ધી મોદીપુર સેવા સ. મં. લી. મુ. મોદીપુર જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૭૪૯૨/છ/૧૮૫ તા. ૧૭-૨-૮૩થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૩૧-૩-૯૦.

વાંચ્યો :-
(૧) ફડચા અધિકારીશ્રી, ધી ચાણસ્મા વિભાગ ગોપાલક વિ. સ. મં. લી. મુ. ચાણસ્મા જિ. મહેસાણાની નોંધણી રદની દરખાસ્ત તેમના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૨૭/૨૫૬ તા. ૯-૩-૯૦ની વંચાણે લીધી.

-: હુ ક મ :-

ઉખસ/ફડચ/૦૧/છ/૮૧૩/૯૦ ધી ચાણસ્મા વિભાગ ગોપાલક વિ. સ. મં. લી. મુ. ચાણસ્મા તા. ચાણસ્મા જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૭૬૫૪/છ/૫૦૭ તા. ૧૩-૭-૮૩થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૩૧-૩-૯૦.

વાંચ્યો :-
(૧) ફડચા અધિકારીશ્રી, ધી ગવાડા સેવા સ. મં. લી. મુ. ગવાડા તા. વિજાપુર જિ. મહેસાણાની નોંધણી રદની દરખાસ્ત તેમના પત્ર ક્રમાંક ફડચ/૨/૨૭૭ તા. ૧૩-૩-૯૦ વંચાણે લીધી.

-: હુ ક મ :-

ઉખસ/ફડચ/૦૧/છ/૭૮૯/૯૦ ધી ગવાડા સેવા સહકારી મંડળી લી. મુ. ગવાડા તા. વિજાપુર જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફીસના જાવક નંબર ઉ/ફ/૭૪૩૦/૧૨૫ તા. ૩૧-૧-૮૩થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ "૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ" ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૨૯-૩-૯૦.

INDEX

વાંચ્યો :-

(૧) આ કચેરીનો વચગાળાનો આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/છ/૧૩૮ તા. ૨૯-૧-૯૦.

(૨) સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાનો પત્ર ક્રમાંક : ફડચ/૦૩/ /૯૦ તા. ૧૫-૨-૯૦થી લીધેલ ચાર્જ રીપોર્ટ.

પ્રસ્તાવના :-

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/છ/૮૬૪૭/૯૨૪/૯૦. -ધી માંડોત્રી ઘેટા ઉછેર સહકારી મંડળી લી. મું. માંડોત્રી તા. પાટણ એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી નં. સે-૧૭૧૩૭ તા. ૨૮-૧-૮૦થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ઉકત મંડળીનું ઓડીટ એડીશ્નલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાટણ તરફથી તા. ૧-૧-૮૮ થી ૩૧-૧૨-૮૮ સુધીનું અન્વેષણ કરેલ છે. તેમાં નીચે મુજબના મુદ્દાઓ અંકિત કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

(૧) મંડળીએ પેટાનિયમ-૩ મુજબ ઉદેશો પુર્ણ કરવા કોઇ કાર્યવાહી હાથ ધરેલ નથી.

(૨) પેટા નિયમ-૯ મુજબ છેલ્લા બે વર્ષથી એક પણ વખત વ્યવસ્થાપક કમીટી મળેલ નથી.

(૩) પેટા નિયમ ૧૦ મુજબની ફરજો બજાવવામાં વ્ય. કમીટી નિષ્ફળ ગઇ છે.

(૪) છેલ્લા છ વર્ષથી સંસ્થાનો ઓડીટ વર્ગ 'ડ' છે.

